ओमृतत्सत् ।

आर्यधर्मप्रकाश.

ARYA-DHARAMA-PRAKASH

पुस्तक १६ मुं

संवत् १९४४

वसंततिलका.

हेते विचार कर मानसकीर वीर,
शाणा तने सुखद आज मळ्यु शरीर,
आशा तजी अवर एक लगाड लक्ष,
आ आर्यधर्म धरतीपर कल्पवृक्ष

છપાવી પ્રકટ કરનાર

वेदधर्मसभानी कार्यभारमंडळी

Bombay

BUDODHA PRAKASH PRESS

સન ૧૮૮૮ ઈસવી

मूल्य १॥ रुपियो



શાર્દૂલવિક્રીડિત.

જેના તેજવડે પ્રકાશ કરતા સૂર્યાદિ સર્વે ગ્રહો,
જે બાજીગર એક આ જગતમાં આશ્ચર્ય આપે અહો;
તે વિશ્વેશ્વર ચિત્તની ચપળ જે, તે ચાંપને ચાંપજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમય ને સદ્ધર્મને આપજો.

કેશવલાલ હરિરામ,
આર્યધર્મપ્રકાશ તંત્રી.



वर्णानुक्रमणिका

	પૃષ્ઠ
।શિક્ષાનુભૂતિ ભાષાંતર	૩-૪૯-૧૪૫-૧૮૪-૨૩૩-૨૪૭
પણા બાળકોની કેળવણીવિષે બે બોલ	૮૦
રપ્રાર્થના (સાખી તથા પદ)	૧-૪૮-૨૪૧-૨૧૭
દયોનો વિવાદ	૮૫-૯૮
સભાનો રિપોર્ટ	૪૭
ન અથવા જપવિષે બે બોલ	૧૨૧-૨૧૧
ગ્યની રીતિ	૧૦૪
તિવિષે (પદ)	૧૯૩
અને તેના રક્ષણની આવશ્યકતા	૧૯૮-૨૧૭-૨૦૪
વિવેચન	૯૩-૧૧૭-૧[illegible]-૧૮[illegible]
તની સ્વપ્નસાથે સમાનતા	૧૭૦
વ્રતવિષે બે બોલ	૫૮
નોની પણ આવશ્યકતા	૩૭
ના યોગ્ય કારણ	૧૦[illegible]
કરવાવિષે	૧૧૧-૧૨
વયવિષે	૧૫
પની પાત્રતાનો સદુપયોગ	૧૫૧
પાર્યવિષે	૧૩
તકની પહોચ	૨૪-૨૧૪-૨૩૯-૨૬૪-૨૮૫
જીવની વિચિત્રતા ઉપર એક વાત (અપૂર્ણ)	૨૦૬-૨૩૭-૨૫૩-૨૮૧
પ્રાર્થના (પદ)	૭૨
મિત્રના વિશ્વાસુપણાની વાત	૪૧
રસતણા ભોગિયા વિષે (પ)	૨૪
પાનેમાટે બે બોલ	૨૨૬-૨૪૪
ન અથવા વહેમ	૧૨૭
નો વૈભવ	૨૨૧

ભાસેહો અને વિદ્વાનોએ આપેલા આશ્રયથી હું મારી શક્તિપ્રમાણે ક્રમે કરીને સેવા બજાવ્યે આવું છે, તે સર્વ જાણે છે. કાળની ગતિ અકલિત છે. મારૂં પાલણ-પોષણ કરનારાઓનો અને મારો જે શુભ ઉદ્દેશ છે તેમાં હજી તો જે કાંઇ જોવામાં આવે છે તે પેહેલું પગથીયું છે. કાળ અનુકૂળ છે અને ઇશ્વરકૃપા છે તો ધારેલું કોઇ દિવસ પણ પાર પાડી મારો જન્મ અને જીવિત સફળ કરીને મારા ઉત્પન્ન કરનારાઓને સંતોષ ઉપજાવી અમર થઇશ. આજસુધીની અવસ્થામાં વચમાં વચમાં આંચકા લાગ્યા છતાં અને મને જોઇએ તેટલો ખોરાક નહિ મળ્યા છતાં પણ હું આજસુધી જીવું છુ એનેમાટે ઇશ્વરનો ઉપકાર માનું છું. હવે મારે વધારે પ્રૌઢતા રાખવાનો સમય આવેલો છે અને કામનો ભાર પણ વધારે વેઠવાનો છે. તે રાયણું આવીને આવી સ્થિતિમાં ઇશ્વર રાખશે તો હું સર્વને દેખાડી આપીશ. ઘણા ઘણા સંભાવિત ગ્રહસ્થોની અને વિદ્વાનોની મને સહાયતા છે. અને એ સહાયતાથી મારી જન્મથી નબળી રેહેતી આવતી પ્રકૃતિને આશા છે કે ઘણી સારી સ્થિતિમાં સુધારી લઇશ. પરતુ તેને માટે વિશેષ બોલવું આ પ્રસંગે ઉપયોગનું નથી.

લોકોને ધર્મ નીતિ અને વ્યવહારનો બોધ થાય એટલામાટે મારો જન્મ અને જીવિત છે પરતુ ખેદની વાત એ છે કે કલિકાલના પ્રતાપથી તેઓના સાંભળી શકતા કાન મારૂ નામ સાંભળી ચમકે છે, જોઇ શકતી આંખ મારૂં નામ વાંચતાં વિચાઇ જાય છે. અને વિચાર કરી શકતુ મન મારા નામથી કાદવી મારી જાય છે. આવી લોકોની વૃત્તિઓ થઇ ગઇ છે દશોપનિષદ્ શ્રીમદ્ભાગવત શ્રીમદ્ભગવતગીતા અને યોગવાસિષ્ટ જેવાં સંભાવિત પુસ્તકો બહાર પાડી લોકોના જ્ઞાનમાં વધારો કરવાનું પ્રયત્ન કર્યું છે અને તેમાંથી કાંઇ કમાણી થાય તો ધર્મનાં પુસ્તકો છપાવવામાં તથા સભાની પાઠશાળા ચાલુ રાખવાના કામમાં તથા બીજા આર્યલોકોના બાળકો સ્વધર્મ પાળે તેવા ઉપાયોમાં વપરાય એવી ગોઠવણ રાખી છે. એ સર્વ મારાંજ કર્તવ્ય છે એમ સમજવું. અને એ સર્વ થાય છે તે વેદધર્મસભાનીજ સત્તાથી થાય છે. એ સભાને સારી સ્થિતિમાં રાખવા જે સુજન ગ્રહસ્થો આશ્રય આપ્યે જાય છે, તેઓનું આ લોકમાં અને પરલોકમાં બેય ઠેકાણે કલ્યાણ છે. કેમકે આર્યધર્મ ઉત્તેજન પામે એવાં કામ કરવાનોજ સભાનો પવિત્ર હેતુ છે, જે અનુક્રમે પ્રજાના જાણવામાં આવશે. અનેક પ્રકારના વિષયોની વાતોથી, ભોગવિલાસોથી અને નઠારા સગથી અવળે માર્ગે ચડી ગયેલા કેટલાક લોકોને નહિ ગમતું હોય તોપણ માતા જેમ છોકરાંને પરાણે સુમાર્ગે ચડાવે છે

તેમ હુ તેને મારી માતાના શુભ ઉદ્દેશ ધ્યાનમા રાખી સુમાર્ગે ચઢાવીશ પણ આ વિષયમા કાળગતિ મને બોલતુ બધ કરે છે

આજસુધી છપાયેલા વિષયોમા કેટલાક વિષયો ઘણા સારા લખાયા છે કે જેમાનો થોડોપણ બોધ કોઇ ગ્રહણ કરી તે પ્રમાણે વર્તે તો તેમનુ કલ્યાણ થાય હવે પછી પણ તેવાજ પ્રકારના નાના મોટા વિષયો આપી પ્રજાની સેવા બજાવના ધાર્યું છે

જેના પ્રતાપથી હુ આટલી શક્તિ ધરાવુ છુ, તે પૈસાની સહાયતા કરના સભાના સભાસદોનુ તથા વિષય લખવી સહાય આપનારા વિદ્વાનોનુ અને તેનો અનુભવ કરનારાઓનુ કલ્યાણ થાય એમ ઇશ્વર પાસે માગુ છુ સર્વ જગતનુ પાલણ પોષણ કરનારા પરમેશ્વર મને સહાય કરો અને સર્વ, આર્યલોકોને ઐક્ય રાખી તેમના મનમા ધર્મની અભિવૃદ્ધિ થાય તેવી પ્રેરણા કરો (તથાસ્તુ)

समयसूचकता

લેખક શીવલાલ [illegible]

સમયને બરાબર સમજીને વર્તવુ તેનુ નામ સમયસૂચકતા કહેવાય છે સ સારવ્યવહારના સઘળા કામોમા અને સઘળા પ્રકારના આહાર વિહારમા તેમજ શરીરસબધી આચરણોમા પણ એ ગભીર ગુણ બહુ ઉપયોગી છે સમયસૂચકતા એ કાઇ નાનોસુનો ગુણ નથી પરતુ અતિ મોટો ગુણ છે સારી સ્થિતિ આપવામા, યશ વધારવામા અને પોતાનુ ધારેલુ સાધી આપવામા, એજ ગુણ ઉત્તમ છે એ ઉત્તમ ગુણ આવ્યા છતા પણ જો તેને વાપરતા ન આવડે તો તેમાથી કોઇ વાર અનર્થ થઇ જાય છે વ્યવહારમા રહીને પરમાર્થ વિચાર કરવો હોય તો તેમા અને મુખ્યત્વે વ્યવહારમા એ ગુણનો વધારે ઉપયોગી છે જેના હર્ષ શોક કે રાગ દ્વેષ ટળી ગયા હોય એવા યોગીના જેવી દશા સમયસૂચકતા વાળા માણસની થઇ જાય છે જેમ સેવાધર્મ તરવારની ધાર ઉપર ચાલવા જેવો કઠણ કહેવાય છે તેમ કેટલાક ભાગમા આ ગુણ પણ તેવોજ કઠણ અથવા આકરો છે અને તેવો આકરો હોવાથી પોતે મોટી મહત્તા પામેલ છે સમયસૂચકતા આવવી કે રાખવી એ પણ કાઇ સેહેલી વાત નથી મને તો એમ લાગે છે કે સઘળી જાતના સ્વભાવો જેમ ઇશ્વર દત્ત અથવા સ્વાભાવિક હોય છે તેમ આ સમય સૂચકતા પણ સ્વાભાવિક અથવા ઇશ્વર દત્ત જેને હોય તેનેજ હોય છે આમ છતા પણ તે ગુણ પ્રયત્નથી નથી આવતો એમ નથી પ્રયત્નથી જાળને

ઠેકાણે સ્થળ કરી શકાય છે તો ગુણ ગ્રહણ કરવો એ કાંઇ એ પ્રમાણે કઠણ નથી. દીન અને અનાથ લોકો રાજ્યપદ જેવા અધિકારને પામી પંકાય છે તે તેજ ગુણથી. આખી પૃથ્વીના અધિપતિ છતાં દીન અને અનાથ જેવા થઇ ગયા છે તે પણ તે ગુણના અનાદરથીજ. વિશેષ તો શું કહું પણ સમયસૂચકતા આગળ બીજી બધી વિદ્યા અને કળાઓ કોઇવાર ઝાંખી પડી જાય છે. કેમકે એ ગુણ એક મોટામાં મોટી વિદ્યા અને મોટામાં મોટી કળા છે. એટલામાટે સાધારણ માણસથી માંડીને મહારાજાસુધી સર્વને એ ગુણની અવશ્યકતા છે. જેમાં એ ગુણ સાવ ન આવ્યો તે પૂરેપૂરો અભાગી હોય છે. સમયસૂચકતાથી, વિદ્યા વધે છે, કીર્તિ પસરે છે, લક્ષ્મી પ્રાપ્ત થાય છે અને વ્યવહાર સુધરે છે; પરંતુ તેનો ખરો ઉપયોગ કરતાં આવડવો જોઇએ. વ્યવહારમાં કેટલાક લોકો તેની સાથે કપટને ભેળવીને તેનું શુદ્ધ સ્વરૂપ બગાડી દે છે તેથી એ ગુણનો ખરો ચમત્કાર કોઇના જાણવામાં આવતો નથી. પણ લોકો ક્યાં તેનો વિચાર કરે છે? ગુણદોષને ન વિચારીને તથા પાપ-પુણ્યને ન વિચારીને ઉપરથી સારૂં લાગે તેટલુજ માત્ર ગ્રહણ કરે છે. પરંતુ તેઓ નથી જાણતા કે ઈંદ્રિવારણાના ફળને ગ્રહણ કરવા જેવું તે થાય છે. તે ખબર ત્યારે પડે કે જ્યારે પુણ્યનો ક્ષય થવાથી તેનો પ્રત્યક્ષ અનુભવ થાય.

કેહેવાનું એ છે કે શુદ્ધ અંતઃકરણે વર્ણાશ્રમના ધર્મ પાળતાં અને સદાચરણ સાચવતાં સમયસૂચકતાપ્રમાણે ચાલવું જોઇએ. જેઓ દીર્ઘસૂત્રી એટલે એક ઘડીના કામનેમાટે આખો દિવસ ગાળી નાખતા હોય તેવા અથવા જેઓ આળસુ એટલે હમણાં શું ઉતાવળ છે પછી વાત એમ કરી કાળનો ભય નહિ રાખતાં ઉંઘ્યા કરતા હોય તેવા હીનભાગ્ય લોકોને સમયસૂચકતા વરતી નથી એતો સાહસિક, તીક્ષ્ણબુદ્ધિવાળા અને સમયને ઉપયોગી લેખનારાઓનેજ વરે છે. સમયસૂચકતાથી, ધર્મ કર્મ આદિ સઘળું સચવાતાં પરમ સુખની પ્રાપ્તિ થાય છે. આ ગુણ કાંઇ એકજ ટાણે અથવા એકજ સમયમાં ઉપયોગી છે તેમ નથી પણ ક્ષણેક્ષણે અને પળેપળે તેનો ઉપયોગ છે. તેની મનુષ્યમાં જેટલી ન્યૂનતા હોય તેટલી પોતાના મનુષ્યપણાની ન્યૂનતા સમજવી રાજા પ્રજા વિગેરેના સઘળા ધર્મોમાં, અને પિતા પુત્ર વિગેરેના સાંસારિક ધર્મોમાં સમયસૂચકતા રેહેવી જોઇએ. એ ગુણ જ્યાં જેવો સમય, જ્યાં જેવો પ્રકાર, જ્યાં જેવુ કામ, જ્યાં જેવું પાત્ર, જ્યાં જેવી યોગ્યતા અને જ્યાં જેવો સંબંધ તેપ્રમાણે બહુરૂપે દેખાય છે તે જાણે કેમ બહુ રૂપવાળો કોઇ ઇશ્વરાવતાર હોય. આ પંચભૂતનું શરીર હોય ત્યાં-

સુધી જ્ઞાનીઓને પણ એ ગુણની ગરજ રહે છે દુર્જનો નિંદે નહિ અને મ જજનો હસે નહિ એ પણ સમયસૂચકતાવિના બનતુ નથી અંતઃકરણની નિર્મળતાવાળી સમયસૂચકતા પરમેશ્વરને પ્રસન્ન કરવાનું ઉત્તમ સાધન છે અને અંતઃકરણમા મલિનતાવાળી સમયસૂચકતા હોય તો પરમેશ્વરનુ અપરાધી થવાય છે સમયસૂચકતાનો અર્થ શરીરના વર્તનના યથેષ્ટ ચરણમા લોકો ભેળી દે છે એટલે તેનુ ખરેખરુ મૂલ પરીક્ષકવિના કોણ જાણી શકે? જેઓ વિદ્યા દેવીના ઉપાસક હોય છે તેઓજ તે ગુણરૂપ રત્નના પરીક્ષક (ઝવેરી) બને છે ઇશ્વ ગવતાર જેનાને પણ સમયસૂચકતા જોઇએ છિયે તો મનુષ્યવર્ગને જોઇએ એમા શુ આશ્ચર્ય? રઘુવંશતિલક રામચંદ્રજીએ કેટલી બની સમયસૂચકતાથી પોતાનુ જન્મચરિત્ર શોભાવ્યુ છે તે વાલ્મીકિરામાયણ આદિ ઇતિહાસ સાભળનારાઓથી અજાણ્યુ નથી શ્રીકૃષ્ણાવતારે પણ સમયસૂચકતાથી લોકોના મન અપૂર્વ રીતે હરિ લઇ પોતાનુ જન્મચરિત્ર શણગાર્યું છે જેને જેને જેટલા જેટલા જે, જે સમયે જે જે પ્રકારના લાભ થયા છે તે સમયસૂચકતારૂપ કલ્પલતાના ફળરૂપ સમજવા અને હાનિ થઇ છે તે તેના અનાદરરૂપ અપરાધનુ પ્રાયશ્ચિત્ત સમજવુ ઐશ્વરી સૃષ્ટિના રસાયનના પ્રયોગો અને કાળક્રમથી થતા જતા ઇશ્વરી પ્રયોગો પણ સમયસૂચકતાના ઉત્તમ દાખલા આપે છે માટે સઘળા ગુણ સાથે સઘળા વર્તનમા પવિત્ર સમયસૂચકતા રાખવી જોઇએ જે સર્વ સુખના સાધનરૂપ છે તેવા ઉત્તમ ગુણનો અનાદર કરનારાઓ ઉપહાસતાપના ભોગરૂપ થઇ પડ્યા છે સમયસૂચકતા એ દુઃખને દૂર કરનારી, ક્લેશને કાપનારી, ઉદ્યોગને વધારનારી, ઉત્સાહને આપનારી અને દેશનુ ભલુ કરનારી છે દીન દશામા પણ એ ઉત્તમ ગુણ ઉદય પામવામા સહાય થાય છે દુઃખના વખતમા આ ચારે પુરૂષાર્થોને સપાદન કરી આપનાર શરીર સ્વસ્થ રહે અને મનને ધૈર્ય રહે તેવા પ્રસગમા આ ગુણનુ દર્શન વિશેષ થઇ શકે છે પાડવોએ વિરાટને ત્યા રહી સમયસૂચકતા સાચવી છે, હરિશ્ચદ્રે નીચને ઘેર રહી સ્વધર્મ પાળવા વિગેરેથી સમયસૂચકતા સાચવી છે, શ્રીકૃષ્ણ પરમાત્માએ મથુરામાથી નીકળી ગોકળમા રહી બાલલીલા કરી, યવનથી ભાગી દ્વારકા નામ કર્યા, પ્રતિજ્ઞા લીધા છતા મહાભારતના યુદ્ધમા ચક્ર ઉપાડ્યુ અને પારધિના હાથથી પોતાના ચરણારવિંદને બાણ વાગવા દીધુ એ સઘળુ સમયસૂચકતાવિના બીજુ શુ કહેવાય? સ્વાભાવિક રીતે સમયસૂચકતા સર્વમા હોય છે તે ન હોય તો જગતનો એક પણ વ્યવહાર સિદ્ધ થાય નહિ જમના વખતે જમવુ, હસવ

ટાણે હસવું, રોવા ટાણે રોવું, સુવાની વેળાએ સુવું, અને ઉઠવાને કાળે ઉઠવું, એ બધાં એનાંજ અંગ છે પણ તે સામાન્યરૂપમાં ગણાય છે. જેઓ એ વિશેષ સમયસૂચકતાવાળા હશે તેઓનું વર્તન, તેઓની સ્થિતિ, તેઓના વિચાર અને તેઓની ક્રિયાઓ સાધારણ નહિ હોય. માટે એમ વિચારી સમયસૂચકતાને સંપાદન કરવી. અરેરે પશુ સમાન સ્થિતિમાં રેહેવું કેમ તમોને ગમે છે ? પશુઓ પણ કેટલીક સમયસૂચકતા સમજે છે તો પછી આપણે તેનાથી અધિક શું કર્યું ? વ્યવહાર પક્ષમાં કોઇ મહાત્મા કહે છે કે—

मौने मौनी गुणिनि गुणवान् पंडिते पंडितो सौ
दीने दीनः सुखिनि सुखवान् भोगिनि प्राप्त भोगः।
मूर्खे मूर्खो युवषु च युवा वाङ्मिषु प्रौढवाङ्मि
धन्यः कोपि त्रिभुवनजयी योवधूतेऽवधूतः ॥

(મૂંગાપાસે મુગો, ગુણવાનપાસે ગુણવાન્, પંડિતપાસે પંડિત, દીનપાસે દીન, સુખિયપાસે સુખિયો, ભોગીપાસે ભોગી, યુવાનમાં યુવાન, વાણીને નિયમમાં રાખનારપાસે વાણી નિયમમાં રાખનાર, અને અવધૂતનીપાસે અવધૂત થઇને જે ત્રિભુવનને જીતનાર હોય તે પુરૂષને ધન્ય છે.) સારાંસ એ કે સમયસૂચકતાવાળાને બહુરૂપીનીપેઠે બધું આવડવું જોઇએ. તો આ ઉપરથી ચૌદ વિદ્યા અને ચોસઠ કળા જાણનાર માણસ સમયસૂચકતા મેળવી શકે એમ નકી થયું. એવા અભ્યાસી લોકો જગતમાં ઘણા નહિ પણ લાખમાં એક પણ માંડ મળી શકે. પશુઓના કરતાં આપણે વિશેષ જાણીએ છિયે એમ કેહેવામાં અચકાવું પડે, કેમકે વ્યવહારની સમયસૂચકતામાં બહુ પાછળ છિયે કે જે આપણી અને આપણા દેશની સ્થિતિ ઉપરથી પ્રસિદ્ધ જણાઇ રહે છે. આમ હોય ત્યાં પરમાર્થ વિષયમાં તો વાતજ શી કરવી ખાવા ટાણે ખાધું, સુવા ટાણે સુતા કે રમવા ટાણે રમ્યા એમાં કોઇ આપણુ પરાક્રમ નથી. શોક કરવાનું તો એ છે કે આ મનુષ્યજન્મ જેવો દેહ પ્રાપ્ત છતાં તેની યોગ્યતા આપણે જાણી નહિ, સદ્ગુણ મેળવ્યા નહિ, અને ફરીને ભવસાગરનાં દુઃખ દૂર થવા ઇશ્વરને ભજ્યા નહિ. આ ઉપરથી સહજ સર્વના જાણવામાં આવશે કે આપણે સમયસૂચકતાનો ખરેખરો અનાદર કરિયે છિયે. અરેરે આયુષ્યની ખબર નથી તેમ છતાં ઇશ્વરભજનની વાત તો દૂર રહી પણ ઉલટા સદાચરણ મેલીને લોકો દેખાદેખીથી કાંઇ વિચિત્રજ થઇ ગયા છે. સમયસૂચકતામાં જો જોવા જાઇએ તો ઇંગ્રેજી રાજ્ય છે માટે ઇંગ્રેજી ભણવું, માથાં બોડાવી ફીરંગીના જેવા વાળ રાખવા, બૂટમોજા પેરવાં, કાળા કોટ

પેરવા, મોંઘા સ્નાન પડચા મેલવા, અને ગમે તેમ વરતવુ, એટલુજ માત્ર લોકો સમજતા જણાય છે આના પ્રસગમા આ અમૂલ્ય દેહની યોગ્યતા, તે મેળવ્યા પછી કરવાના કામ અને તેથી પ્રાપ્ત થવાનો પરમ લાભ કોણ સમજાવે ? કાનમા આગળીયો ઘાલીને વ્યવહારમા ઘાણીના બળદ નીપેઠે ભ્રમ કરનારાઓ તો ગ ખના નાદ કરવાથી પણ સાભળે તેમ નથી તોપણ સુજ્ઞ લોકોએ ઉત્તમ માર્ગને એમનેએમ ચલાવ્યે રાખવો મનુષ્યથી ન ગણી શકાય એટલા કીટ પતગ આદિકના અવતારો ભોગવ્યાપછી કાઇક પુણ્યના યોગથી આ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે કે જે ઇશ્વરને ઓળખવાના સમયરૂપ છે માટે બુદ્ધિમાને તે બરા બર સમજી સમયસૂચકતાનો ગુણ ગ્રહણ કરવો બુદ્ધિની અને મનુષ્યજન્મની યોગ્યતા એથીજ થાય છે તેમ નહિ તો જન્મ તો અનેક પ્રાણી પશુઓના થાય છે અને તેમા પણ તેવા પ્રકારનુ જીવન હોય છે પણ તેથી શુ ફળ? કાઇ નહીં આ વિષે જુના નવા ઘણા ઇતિહાસો સાભળ્યા છે કે જેમા મનુષ્યજન્મરૂપ સમયને સમજી કોઇપણ પ્રકારની ભક્તિથી ઇશ્વરારાધન કરી, ઘણા જીવ તરવો અને મારવો સસારના સકટમાથી મુક્ત થયા છે આટલામાટે ઉત્સાહ રાખી તે ગેય નોકને સુધારનારી સમયસૂચકતા સહુએ સપાદન કરવી, કે જેવી પરમેશ્વર પ્રસન્ન રહે

सौह्रदसपादक सस्कृतपत्रनु भाषातर

પ્રિયમિત્ર ! આ અસાર સસારમા ઉતરેના લોકોએ શુ કરવુ જોઇએ એ વિષયમા તો હાલમા ઘણુ કરીને આપણા આર્યાવર્તની સૃષ્ટિ સ્વપ્નમા પણ દૃષ્ટિ રતીજ નથી પૂર્વે આજ આર્યાવર્ત આર્યોને ઘટે તેના કાર્યોના ઉપદેશ કરવામા આચાર્યરૂપ ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત સત્કૃત્ય જાણનારાઓમા અગ્રેસર ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત વિદ્વાનોમા આગળ પડતો ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત ધૈર્યવાળામા ધુરન્ધર ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત બુદ્ધિમાન લોકોમા પ્રથમ ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત સુશીલ પુરૂષોમા વખાણવા યોગ્ય ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત ઐક્યમત્ય (સપ) મા અદ્વિતીય (એકો) ગણાતો હતો પૂર્વે આજ આર્યાવર્ત આખા જગતનુ હિત કરનાર પુરૂષોમા અગ્રેસર ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત વિદ્વાનરૂપી રત્નોનો રત્નાકર ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત કવિવરરૂપ હીરાની ખાણરૂપ ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત શૂરવી પણાથી શોભતા પુરૂષના સીમાડારૂપે

ગણાતો હતો, પૂર્વે આજ આર્યાવર્ત સઘળા પ્રકારની સંપત્તિઓને રમવાના ઘરરૂપ હતો. પૂર્વે આજ આર્યાવર્ત અભ્યુદયનો પાત્ર હતો. ઘણું શું પણ રત્નો જેમ રત્નાકરથી નીપજે છે. સઘળા પ્રકારનાં પુષ્પો જેમ વસંત ઋતુમાં ઉત્પન્ન થાય છે, સઘળી જાતિનાં કમળો જેમ મોટા તળાવમાં ઉપજે છે. અને તારાઓ જેમ આકાશમાં ઉગે છે. તેમ ઉત્તમોત્તમ સઘળી વસ્તુઓ પૂર્વે આજ આર્યાવર્તમાંથી ઉત્પન્ન થતી હતી. પૂર્વે આજ આર્યાવર્ત ભગવતી સરસ્વતી દેવીએ પોતાના પુત્રતુલ્ય ગણ્યો હતો. પૂર્વે આજ આર્યાવર્તને ધૈર્ય ઔદાર્ય દયા આદિ સદ્ગુણમાં લોભવાળાં ભગવતી મહાલક્ષ્મીએ શોભાવ્યો હતો. પૂર્વે આજ આપણા આર્યાવર્તને અનુપમ પ્રેમથી જયલક્ષ્મીએ સ્વયંવરની માળા અર્પણ કરી હતી, એ કોણ નથી જાણતુ? હાલમાં તો પ્રારબ્ધના પરિણામની પ્રબળતાથી સઘળુ વિપરીતજ થઇ ગયું છે. ઘણા કાળના નિવાસનેલીધે અનાદરથી જાણે બીતા હોય તેમ અભ્યુદયની સપત્તિને સંપાદન કરવાવાળા સદ્ગુણોએ આપણા આર્યાવર્તને છોડી દીધો છે, અને પડતી દશાને સંપાદન કરવાવાળા સઘળા દુર્ગુણોએ બીજા આશ્રયો છોડી પોતાના આશ્રયરૂપ કર્યો છે. એજ કારણથી જે આર્યાવર્તમાં એક સમયે આખા પૃથ્વીમંડળને કુટુંબરૂપ ગણનારા વિદ્વાનો ભુવનોને શોભાવતા હતા તેજ આર્યાવર્તમાં આજે માતાપિતાને પણ તજી દેનારા માણસો વિદ્વાનોની ગણતીમાં ગણાય છે. જે આર્યાવર્તમાં એક સમયે જગતના સઘળા બાળક જુવાન અને વૃદ્ધોમાં પુત્ર ભાઇ અને પિતાતુલ્યબુદ્ધિ રાખનારા બુદ્ધિરૂપ ધનવાળા પુરૂષો લોકોને આનંદ ઉપજાવતા તેજ આર્યાવર્તમાં પોતાના સોદર ભાઇઓસાથે પણ લેશ પણ સ્નેહ નહિ રાખનારા માણસો માન મેળવે છે. જે આર્યાવર્તમાં એક સમયે જુદા જુદા વિચારવાળા અન્યદેશી પામર પુરૂષોને નિરંતર એકવિચારવાળા, મન-વચન-કર્મથી સરખી રીતે ચાલનારા મનુષ્યરૂપ મણિઓ ઘડી કાઢતા હતા તેજ આર્યાવર્તમાં આજે પોતાના કુટુંબસાથે પણ વિષમ વિચારવાળા માણસો બીજાઓને હસવાનું પાત્ર થાય છે. જે આર્યાવર્તમાં એક સમયે સર્વ મનુષ્યો એકપત્નીવ્રતથી પવિત્ર અંતઃકરણવાળા હતા તેજ આર્યાવર્તમાં આજે પરસ્ત્રીઓને જોવામાં વ્યસનવાળા વાનર જેવા નરો ચારે કોર ભટકે છે. જ્યાંના દેશવાસીઓ સર્વ ઉદયના સાધનમાં આગળ પડતા હતા ત્યાંના દેશવાસીઓ સઘળા વિષયમાં પાછળ પડતા જાય છે. જ્યાંના લોકો પારકી પીડા શમાવવા માટે તત્પર રહેતા હતા ત્યાંનાજ લોકો પરને પીડવામાં પ્રયત્ન કરતા જણાય છે. જ્યાંના લોકો સત્ય સરલતા અને સુશીલતાને રહેવાના

વરરૂપ હતા ત્યાનાજ લોકો અસત્ય કુટિલતા અને દુ શીલને નાગણ કરવામા ધુરધરપણુ વગાવે છે જ્યાના લોકો ૧૭ શાસ્ત્ર પુરાણો અને ઇતિહાસોના રચના રાઓ હતા ત્યાનાજ લોકો શાસ્ત્ર પુરાણ અને ઇતિહાસોમા સ્વપ્નમા પણ મન જોડયાવિના તેનુજ ખડન કરવાને માટે આડમ્બર કરી પોતાની મોટાઇ દેખાડે છે પ્રિયમિત્ર! જો કે આ સમયમા સઘળા સદ્ગુણોની દુર્દશાજ દેખાય છે તો પણ દીન સૌહાર્દની, નિરાશ થયેલ હિતાહિત જાણનાપણાની અને મદ ભાગ્યવાળી માનવરત્નપરીક્ષાની તો અત્યત દુર્દશા છે એમ મને લાગે છે આ વિષયમા આપણાવિના બીજા કોને ઠપકો દેવો, બીજા કોને ઉપદેશ કરવો અને બીજા કોને અપરાધનુ કારણ ગણવો, એ આપણેજ વિચારવાનુ છે જ્યારે ગુરૂચરણની ઉપાસના કરનાર આપણેજ સૌહાર્દની સભાળ નહિ લઇએ, હિતાહિતજ્ઞાતૃતાને વિસારી દેશુ અને માનવપરીક્ષા ઉપર ઉદાસી રાખશુ ત્યારે જેણે લક્ષ્મણજીનુ પવિત્ર ચરિત્ર નથી સાભળ્યુ, જેણે ભીમ અર્જુન નકુલ અને સહદેવનુ સૌહાર્દ નથી સાભળ્યુ, જેના કાન ઉપર શ્રીહર્ષનુ ચરિત્ર નથી આવ્યુ, જેઓ ભરતચરિત્ર નથી ભણ્યા, અને જેઓ સાસરિયાના મનુષ્યોને પોતાના અત્યતરૂ સ્નેહી ગણતા હોય તેઓ શુ સૌહાર્દની સભાળ લઇ શકશે ? પથ્યને છોડીને અપથ્યને આચરનાર, સત્સગ છોડીને દુ સગનો આદર કરનાર, હિતોપદેશ આપનારા સદ્ગુરૂને મેલીને અસત્ય અહિત પ્રિય બોલનારને પ્રિય ગણનાર શુ હિતાહિતજ્ઞાતૃતાની સભાળ લઇ શકશે ? હાથી અને પાડાનુ, ઘોડા અને ગધેડાનુ મણી અને કાચનુ સરખુ મૂલ ગણીને પોતાને પરીક્ષક માનનારા, પડિત માનનારા અને ધન્ય માનનારા શુ માનવરત્નપરીક્ષાને આખથી પણ આશ્વાસના કરી શકશે ? કદી નહિ જ્યારે આમ છે ત્યારે આપણે અભ્યુદયરૂપ સપત્તિને સપાદન કરનાર સદ્ગુણોનો ફરીથી અભ્યુદય કરવામાટે કેડ બાધવી જોઇએ એજ આપણો ઉત્તમ ધર્મ છે, એજ આપણુ ઉત્તમ તપ છે, એજ આપણુ જન્મનુ કર્તવ્ય છે, અને એજ આપણા જીવવાનુ સફળપણુ છે કે જે સર્વના અભ્યુદયને માટે મન વચન કર્મથી પ્રવૃત્ત થવુ સર્વપ્રકારના અભ્યુદયનુ મૂલ ઐકમત્ય (સપ) જ છે અને તે થવુ એ આપ જેવા માણસોના વચનને આધીન છે એમ હુ માનુ છુ પ્રિયમિત્ર ! આ લાબા વખાણથી, પ્રવૃત્તિથી પરતત્ર થયેલા આપને આ માણસે પ્રયાસમા નાખવાનો જે અપરાધ કર્યો છે તે ક્ષમા કરશો એવી આશા છે હાલમા આપને જે કારણથી પરિશ્રમ આપેલ છે તે પ્રકટ કરૂ છુ

---

૧ ભાઈઓનો સ્નેહ ૨ હિત અને અહિત જાણનારપણુ ૩ અતરના સ્નેહી

આપે ઘણી વેળા સ્નેહસહિત સરલતાસહિત આંખમાં હર્ષતાં આંસુ લાવતાં કહેલ છે કે "આખા જગતનું ભલુ ઇચ્છનારમાં શિરોમણિ, ઉદાર ચરિત્રવાળા લોકોમાં ચક્રવર્તી, અને મન-વચન-કર્મથી સર્વ પ્રાણીઓનું હિત કરનારા આપણા આર્ય ભાઇ *******ની બરાબરી કરનાર અને પૃથ્વીના ઘરેણારૂપ મનુષ્યમણિઓ આખા ભૂમંડલમાં વિરલજ છે." એટલુંજ નહિ પણ આપ સ્વભાવથીજ આર્યભાઇવિષે પિતાતુલ્ય ભક્તિ ગણો છો, અને મન-વચન-કર્મથી તેનાજ અંતઃકરણને સંતોષ આપવા ઇચ્છો છો, તે કાંઇ આ માણસનું અજાણ્યુ નથી. માટેજ કાંઇ કેહેવાનું, શીખવવાનું કે લખવાનું નથી, તોપણ મારો સ્વભાવજ મને નીચે પ્રમાણે લખવાને પ્રેરે છે.

પરમ દયાળુ અને વિદ્વત્તાને રમવાના મેહેલરૂપ આપણા પિતાજી જ્યારે કૈલાસવાસી થયા ત્યારે આપણે અજ્ઞાનીઓમાં અગ્રેસર, પ્રમાદી લોકોમાં પ્રથમ ગણવા યોગ્ય, આળસને નાચવાના ઘરરૂપ, શુ સત્ય ને શુ અસત્ય, શુ કૃત્ય ને શું અકૃત્ય, શુ હિત ને શુ અહિત, શુ હેય ને શુ ઉપાદેય, તે સમજવામાં અજાણ્યા હતા ત્યારે જેઓએ સ્નેહથી ભિંજાયેલાં હૃદયનેલીધે પુત્રતુલ્ય, હૃદયતુલ્ય અને જીવિતતુલ્ય આપણને ગણીને આપણું લાલન પાલન અને પોષણ કરવાથી આપણે નિશ્ચિત ચિત્તવાળા થઇ, ક્લેશનો લેશ પણ ન આવતાં પિતાજીના ચરણવિયોગનું દુઃખ ભુલી જઇને જે ભણવુ જોઇએ તે ભણ્યા, જે જાણવું જોઇએ તે જાણ્યું, જે સેવવુ જોઇએ તે સેવ્યુ; જેનો ત્યાગ કરવો જોઇએ તે ત્યાગ કર્યુ, જેને પૂજવા જોઇએ તેને પૂજ્યા, જેને માનવા જોઇએ તેને માન્યા અને જે ગ્રહણ કરવુ જોઇએ તે ગ્રહણ કર્યું તેથી ઉત્તમ કીર્તિ અને અભ્યુદયને મેળવનાર થયા છિયે. તેમજ આપણી કીર્તિ, આપણી વિદ્યા અને આપણો ઉદય આર્યભાઇના પુણ્યપ્રતાપથી ઉત્પન્ન થયેલ છે એમ નિઃશંકપણે જાણીએ છિયે. જેને બીજા પ્રકાશની અપેક્ષા નથી એવાં શાસ્ત્રરૂપી નેત્રથી જોઇએ તો જેવી રીતે નિમિત્તરહિત, સ્વાભાવિક અને અનુપમ પ્રેમથી પૂર્ણ અંતઃકરણ હોવાનેલીધે. પિતાજીના અનૃણી થવા દેવતાના જેટલા આયુષ્યથી પણ આપણે શક્તિમાન નથી, તેમ દેવતાના જેટલા આયુષ્યથી આર્યભાઇના પણ અનૃણી (ગુણ ઓશિગણ) થવાને આપણે શક્તિમાન નથી. પણ જીવિતપર્યંત મન-વચન-કર્મથી તેના મનને અનુકૂલ આચરણ કરીને એમનાં અંતઃકરણને સંતોષ ન કરાવિયે. ત્યારે આપણા જીવવાથી પણ શું અને ન જીવવાથી પણ શું, આપણને વિદ્યા પ્રાપ્ત થઇ તોપણ શું અને ન થઇ તોપણ શું, આપણે સદ્ગુણી થયા તો

પણ શુ અને ન થયા તો પણ શુ ? કાઇજ નહીં એમના અંત:કરણને સતોષ ન કરનિયે ત્યા તો વિદ્યાભ્યાસનો શ્રમ વ્યર્થ ગયો, સત્સગનો લાભ વૃથા થયો, અને આપભાઇએ આપણા ઉપર કરેલો સ્વાભાવિક સ્નેહ નિષ્ફળ થયો મનથી ધણીવાર વિચારવુ જોઇએ કે અજાતશત્રુ મહારાજને સતોષ આપવામાટે ભરતભૂમિના અલકારરૂપ ભીમ, અર્જુન, નકુલ અને સહદેવે શુ આચરણ નથી કર્યું અને કેવા કેવા દુ ખો સહન નથી કર્યા ? એકપત્નીવ્રત આદિ અનેક સદ્ગુણોના આગારરૂપી શ્રીરામચદ્રજીના મનના સતોષમાટે રઘુકુળરૂપી વનના શુભ ફળરૂપ ભરત લક્ષ્મણ અને શત્રુઘ્ન જેવા જેવા અનુજ (નાના) ભાઇઓએ કરવા યોગ્ય કૃત્યો નથી કર્યા ? રાજાને ઘટે તેવા સઘળા સદ્ગુણોના પાત્રરૂપ પોતાના આપભાઇ મહારાજા વર્ધમાનને સતોષ કરાવવા આખા જગતમા જેનો પ્રતાપ વિખ્યાત છે એવા શ્રીહર્ષ રાજાએ નાના ભાઇને કરવા યોગ્ય શુ શુ નથી કર્યું ? સર્વ દેવગણોએ શિરોમણીનીપેઠે જેની આજ્ઞા માથે ચડાવાય છે એવા પોતાના આપસગુ ઇન્દ્રના મનોરથ પૂર્ણ કરવા માટે લક્ષ્મીપતિનુ અભિમાન છોડીને સગા જેવા અથવા તેથી અધિક એવા માગવાના દુ ખને ન ગણીને અને વામનરૂપ ધારણ કરીને ત્રણ લોકની લક્ષ્મીના આપનાર મહાપરાક્રમી શ્રીત્રિવિક્રમે માણસોને નાના ભાઇએ મોટા ભાઇવિષે વર્તવામા શુ શુ નથી શીખવ્યુ ? ભગવાન્ શ્રી રેવતીરમણ (બળરામ) ને સતોષ પમાડવા માટે ત્રિલોકીના વિખ્યાત કીર્તિવાળા શ્રીકૃષ્ણચદ્રે અનુજ ભાઇનો કયો કયો ધર્મ નથી દેખાડયો ? માટે આપણે આપણા ભાઇના મનને સતોષ કરે તેવાજ આચરણો કરવા જોઇએ પોતાના પ્રાણ અર્પણ કરવા સુધીપણ કાર્યો કરીને આર્યબધુઓને ઉપજાવેલો સતોષ લાઇપ્રિકા નિન્દવા યોગ્ય નથી એમ પ્રાચીન વિદ્વાનો કહી ગયા છે માટે મોટા મોટા દુ ખોને સહન કરીને અને નિરૂપમ સુખનો પણ ત્યાગ કરીને આપસગુઓના અંત:કરણને સતોષ પમાડવાને માટેજ આપણે તત્પર થવુ જોઇએ સઘળા જગતનુ ભલુ કરનાર આપણા આ ર્યબધુઓ *** ધનથી, માનથી, ભોજનથી, વસ્ત્રોથી, પૃથ્વીથી કે વિદ્યાથી સતોષ નથી માનતા પણ કેવળ એકાગ્રતત્ત્વથી (સ્વરૂપથી) અને પ્રાણીમાત્રના હિતમા મન તથા કર્મની પ્રવૃત્તિથીજ સપૂર્ણ સામ્રાજ્ય રાજ્યની પ્રાપ્તિ કરતા અધિક સતોષ માને છે તે આપનુ અજાણ્યુ નથી અનુજ બધુઓવિષે જેવી રીતે વર્તવુ જોઇએ એ પણ આપનુ અજાણ્યુ નથી આ માણસપાસે આપેજ ઘણી વેળા કહેલ છે ઘણુ એ મારા આર્યબધુ અમારેવિષે જેવો અનુપમ પ્રેમ રાખે છે તેવો પ્રેમ ઔરસપુત્ર

ઉપર પણ રાખનારા પિતાઓ વિરલ હશે. અને અમારા અનુજ બંધુઓ * * * * ના સૌજન્ય સૌશીલ્ય અને સૌહાર્દ આદિ ગુણોની અવધિજ નથી." આપણા આર્યાવર્ત દેશની સઘળી દુર્દશા જેવી લખી તેવીજ છે તોપણ કલિકાલના મેલથી પણ જેની કાંતિનો પ્રભાવ લોપાયો નથી, એકપત્નીરૂપ શરાણના ચક્ર ઉપર ચડવાથી જેમાં અમૂલ્યપણું આવેલું છે એવાં નિરૂપમ સજ્જનરત્નો હજી જગતમાં કોઇ કોઇ સ્થળે ચળકે છે. જેના પવિત્ર ચરિત્રરૂપ પ્રકાશથી જારજનરૂપી ઝેરી મેઘનાં વાદળાંઓથી અંધકારરૂપ થઇ રહેલ, ચારેકોર ચાલતા બે જીભાના કુળથી ભયંકર, વિદ્વાનરૂપી રાજહંસને તર છોડનાર. કુલીનજનરૂપી કમળાકરને કરમાવનાર, દુર્જનરૂપી દેડકાંઓને વાચાલ કરનાર, ધુતારાઓરૂપ બગલાઓને રાજી કરનાર, અને સઘળા તેજસ્વીના તેજને નાશ કરનાર આ દુસ્તર કલિકાલરૂપ વર્ષાકાળમાં કોઇ પ્રકારનો પરાભવ ન પામતાં ઉપર લખેલ મનુષ્યના સહાયવાળો વ્યગ્ર થયાવગર સુખેથી ચાલી શકે છે. એમ આપ સર્વે સહોદરો પણ આ કલિયુગથી જેની કાંતિનો પ્રભાવ લોપાયો નથી, આપણા વંશોમાં ઉત્પન્ન થયેલા મુક્તામણિરૂપ છો માટે કેના હૃદયમાં લોકોત્તર શોભા ઉત્પન્ન નથી કરતા ? કેના નેત્રોને આનંદ નથી આપતા અને કેના મનને સંતોષ નથી આપતા ? આપમાં કોઇપણ નિર્ગુણ, અસદ્વૃત્ત, નિષ્પ્રતિભ દોષવાળો કે ગૌરવવિનાનો મુક્તામણિ નથી કે જે લોકના નેત્રોને આનંદ ન ઉપજાવે. જેને લોકો હૃદયમાં ધારણ ન કરે અને જેને માટે લોક પ્રશંસા ન કરે. એવી રીતે સુજ્ઞ અને સજ્જન લોકોએ વખાણવા યોગ્ય ગુણવાળા અમૂલ્ય મનુષ્યમણિ આપ સહોદરો પરસ્પર સંપ કરીને પોતાના કુટુંબમાં, પોતાના ઓરમાઇઓમાં અને પોતાના સગાસંબંધીઓમાં સૌહાર્દને નહિ સ્થાપન કરો, આપજ જ્યારે પરસ્પર એક સંપ કરી હિતાહિતજાણવાપણાને સ્વસ્થ નહિ કરો, આપજ જ્યારે એકમત થઇને પોતાના કુટુંબમાં માનવરત્નની સંભાળ નહિ લેશો. ત્યારે આ અમા આર્યાવર્તમાં સૌહાર્દના ઉદયની. હિતાહિતજાણવાપણાના વિજયની અને માનવરત્નની સંભાળના અભ્યુદયની આશાજ શી રાખવી ? અને આપણા અભ્યુદયની આશા પણ શેનીજ ? તેમ થાય ત્યારે તો મનોરથરૂપી રથના સર્વે માર્ગો ભાંગી ગયા. એમ ગણવું જોઇએ. માટે હે મિત્રમણિ ! પ્રથમ આપણાજ કુટુંબમાં હિતાહિત જાણવાપણારૂપ અને માનવરત્નની પરીક્ષારૂપ બે ધર્મપત્નીઓ સહિત સૌહાર્દરૂપ રાજાને નિષ્કપટ અને સત્યવાણીરૂપ તીર્થના જળથી રાજ્યાભિષેક કરો. પોતાની ધર્મપત્નીઓસહિત સૌહાર્દરૂપ મહારાજનો અભિષેક થતાંજ પરમેશ્વરની દયા.

દ્દષ્ટિરૂપ અમૃતની વૃષ્ટિઓ આપણી ઉપર પડવાની પછીથી ક્રમેક્રમે આપણા સુહૃદ્વર્ગો આપણા સ્નેહિઓ, આપણા જાતિભાઇઓ અને નાતિભાઇઓ, સઘળા બ્રાહ્મણો, સઘળા ક્ષત્રિયો, સઘળા વૈશ્યો, સઘળા શૂદ્રો સૌહાર્દ મહારાજાને વશ થઇ જશે અને થોડા દિવસોમા આખા આર્યાવર્તમા સૌહાર્દનું એકસરખુંજ રાજ્ય જામશે જ્યારે સૌહાર્દનું અધિપતિપણુ થશુ ત્યારે આપણે કે જેઓએ પ્રેમથીજ સૌહાર્દને વશ કરી લીધેલ છે તેઓનો ઉદય થવામા શકાજ શાની હોય? જો કે એવી રીતે અભ્યુદયની સિદ્ધિ આપણા હાથમાજ જણાય છે તોપણ સૌહાર્દ રૂપ રાજાના રાજ્યાભિષેકના મોટા ઉત્સવને નહિ સહન કરનારા હજારો શત્રુઓ છે તેઓને ઉખેડી નાખવામાટે આપણે કોઇ મહાવ્રતને ધારણ કરવુ જોઇએ જેથી તેઓ વિઘ્ન કરી શકે નહીં તે વ્રત એજ કે આપણે સઘળાઓએ માતા પિતાને વિષે દેવ જેવી ભક્તિ રાખવી જોઇએ, આર્ય ભાઇઓને વિષે પિતાતુલ્ય ભક્તિ રાખવી જોઇએ, નાના ભાઇઓને વિષે પુત્રતુલ્યબુદ્ધિ રાખવી જોઇએ, પરસ્ત્રિયો વિષે માતૃતુલ્યબુદ્ધિ રાખવી જોઇએ, સ્વપ્નમા પણ પારકો દ્રોહ ન કરવો જોઇએ, સ્વપ્નમા પણ પારકુ દ્રવ્ય ન ઇચ્છવુ જોઇએ, સ્વપ્નમા પણ પારકા અંત કરણને પીડવા ન જોઇએ, અને સ્વપ્નમા પણ પારકી નિંદાનો એક પણ અક્ષર ન બોલવો જોઇએ આપણો એક પણ નિમેશ કે એક પણ ઉન્મેષ પરમેશ્વરના સ્મરણ રહિત ન જવો જોઇએ ઇશ્વરના થતા જતા ઉપકારોનુ વિસ્મરણ ન થવુ જોઇએ, ઓંકાર આદિ કલ્યાણ કરનારા મહામંત્રોની અધિક આસ્થાથી ઉપાસના કરવી જોઇએ, નિષ્કપટ ભક્તિથી પરમેશ્વરનુ ભજન કરવુ જોઇએ, રાત, દિવસ, પહોર, ઘડી, અને ક્ષણ ક્ષણ પ્રત્યે જગતના સર્વ પરમ દયાળુ પરમેશ્વર પાસે આખા જગતનુ કલ્યાણ ઇચ્છવુ જોઇએ મન વચન કર્મથી જેમા પરિણામમા આખા જગતનુ હિત થતુ હોય તેનાજ સત્કાર્યોમા પ્રવર્ત રહેવુ એથી બીજુ કલ્યાણ કરનાર અને સૌહાર્દનો અભ્યુદય કરનાર કાંઇ મને ભાસતુ નથી ઉપર લખેલા સાધનોથી સૌહાર્દના સઘળા શત્રુઓ શાંત થઇ જશે અને તેનું અચળ રાજ્ય થશે એટલામાટે તેના તેના મહાપ્રયત્નો કરવામા અરધો ક્ષણ પણ વાર ન લગાડવી જોઇએ એવી સર્વ સન્મિત્રો પ્રત્યે મારી પ્રાર્થના છે

पुरुषार्थविषे

લે. ડા. ૧ [illegible]

પુરૂષાર્થ એમા બે શબ્દો રહેલા છે તેનો અર્થ એમ થાય છે કે, પુરૂષ એટલે મનુષ્ય અને અર્થ એટલે કામના, અર્થાત્ પુરૂષની કામના જેથી પૂર્ણ થાય તેનુ

નામ પુરૂષાર્થ. પુરૂષની અનેક કામનાઓ પ્રયત્ને કરી સિદ્ધ થાય છે માટે સદુદ્યોગ એજ પુરૂષાર્થ છે. અને તેથીજ તન, મન, ધન, વિદ્યા, કળાકૌશલ્ય, સદ્‌ગુણ અને શરીરસંપત્તિ એ સઘળુ પ્રાપ્ત થાય છે. માટે સર્વ સુખનું સાધન તથા જીવનદોરી પુરૂષાર્થ છે એમ સર્વ પ્રમાણથી સિદ્ધ થાય છે.

પ્રત્યેક મનુષ્યની સારી અથવા માઠી સ્થિતિ તેના સારા અથવા માઠા પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે. ઊંચ પંક્તિનો મનુષ્ય નઠારા ઉદ્યોગથી અને નઠારી સોબતથી નઠારી સ્થિતિને પામે છે, અને હલકા કુળનો મનુષ્ય પોતાના સદુદ્યોગથી તથા સત્‌સંગથી ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત થાય છે. આ વાર્તા સર્વના અનુભવથી સિદ્ધ છે માટે પુરૂષાર્થના અનુભવવિષે વધારે વિવેચન કરવાની જરૂર નથી.

પૃથ્વીમાં નાનામાં નાનો જે ગ્રીસ દેશ, આખી દુનિયામાં ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામેલો છે, તેનું મૂલકારણ પણ ત્યાંના લોકોનો પુરૂષાર્થજ છે, એ દેશના ઘણા વિદ્વાનોની કીર્તિનું કથન અદ્યાપિપર્યંત કરાય છે. અને રોમન લોકો કે જેમણે એક વખત આખી પૃથ્વીનું ઉપરીપણુ ધારણ કર્યું હતું, તથા અંગ્રેજ લોકો કે જે પૂર્વે જંગલી અવસ્થામાં જગલમાં ભટકતા તથા દિગંબર અવસ્થામાં ફરતા તેઓ આજ લગભગ પૃથ્વીના ત્રણ ચતુર્થાંશ ભાગના ઉપર રાજ્યસત્તા ભોગવે છે અને જેનાં કળાકૌશલ્ય ને વિદ્યા આખી પૃથ્વીનાં સર્વોત્તમ ગણાય છે, તેનું સબળ કારણ તેમનો પુરૂષાર્થ છે. સારાંશ કે કોઇપણ વાત પુરૂષાર્થવિના સિદ્ધ થતી નથી. માટે પ્રત્યેક મનુષ્યે અવશ્ય પુરૂષાર્થ ગ્રહણ કરવો જોઇએ.

આપણા આર્યાવર્ત્તની પ્રાચીનકાળમાં તેના પૂત્રોના પરમ પુરૂષાર્થથી અત્યુત્તમ સ્થિતિ હતી એમ સઘળા દેશી તથા વિદેશી વિદ્વાનોના વિચારો ઉપરથી, તથા પ્રાચીન ઇતિહસો ઉપરથી આપણને ખાત્રી થાય છે. એવી ઉત્તમ સ્થિતિ બદલાઇ હાલ આપણી દયાજનક સ્થિતિ આવી પડી છે તેનું કારણ શું ? તેનો આપણે વિચાર કરીએ તો સેહેજ જણાશે, કે પ્રાચીન આર્યોમાં જેવો પુરૂષાર્થ હતો તેનો અંશ પણ આપણામાં હાલ જોવામાં આવતો નથી આ વાત એકાએક આપણને સમજવામાં આવવી કઠણ છે. માટે પ્રાચીન આર્યજનો પોતાનો પુરૂષાર્થ કયા પ્રકારે મેળવતા અને અર્વાચીનકાળમાં આપણે કેવો પ્રકારે મેળવિએ છીએ, એ બંનેની સવિસ્તર સરખામણી કરવા ઉત્કઠા ઉત્પન્ન થાય છે. અને તે પાર પડવાને આર્યલોકોની પ્રાચીન અવસ્થા, ધર્મ અને પુરૂષાર્થ ટુંકામાં ટાંકી બતાવું છુ જેથી સર્વ સજ્જનોના લક્ષમાં આવશે.

પ્રાચીનકાળમા આપણા આર્યોમા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર, એના ચાર વર્ણ હતા આ વર્ણવિભાગ માત્ર પ્રકૃતિ અને ગુણકર્મ ઉપરથી વિદ્વાનોએ કર્યા હતા સૃષ્ટિના સ્થાવરજગમાત્મક સર્વ પ્રાણીના અંત કરણ ત્રિગુણાત્મક માયા કે જેને પ્રકૃતિ કહે છે તેમાથી ઉત્પન્ન થયેલા છે એ ત્રણ ગુણ જેના નામ સત્વ, રજ, તથા તમ, તેમાથી જેના અંત કરણમા સત્વગુણ વધારે હોય અને સાત્વિક વૃત્તિઓની પ્રબળતાના કર્મો જેનાથી વધારે થાય એવી જાતિનુ નામ બ્રાહ્મણ ઠરાવેલુ હતુ બ્રાહ્મણોના મુખ્ય કર્મો શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ગીતાના અઢારમાં અધ્યાયમા કહ્યા છે

शमो दमस्तप शौच शातिरार्जवमेव च ।
ज्ञान विज्ञानमास्तिक्य ब्रह्मकर्मस्वभावज ॥

અર્થ—શમ એટલે વિષયોથી મનનો નિગ્રહ કરવો તે, દમ એટલે ઇન્દ્રિયોના ગણને પોતપોતાના ગોલકમા સ્થાપન કરી વિષયમા ન જવા દેવા, તપ એટલે કૃચ્છ્ર ચાન્દ્રાયણાદિ વ્રતો, શૌચ એટલે બાહ્યાભ્યંતર પવિત્રતા, ક્ષાંતિ એટલે પારકા અપરાધ કરે તોપણ નહિ ગણતા માફ કરવો, આર્જવ એટલે નિષ્કપટીપણુ, જ્ઞાન એટલે પરમાત્માનુ પરોક્ષ સ્વરૂપ જાણવુ, વિજ્ઞાન એટલે પરમાત્માના અપરોક્ષ સ્વરૂપનો અનુભવ અને આસ્તિક્ય એટલે ઈશ્વરાસ્તિકમા તથા પરલોક હોવાપણામા શ્રદ્ધા આટલા સ્વાભાવિક બ્રાહ્મણોના કર્મ છે એ સિવાય મૈત્રી એટલે સર્વપ્રાણીમાત્રનુ હિત ઇચ્છવુ, કરુણા એટલે સર્વના ઉપર દયા રાખવી, મુદિતા એટલે સર્વની સપત્તિ જોઇ આનદ પામવો, ઉપેક્ષા એટલે જ્યા પોતાનુ કહ્યુ ન ચાલે ત્યા અનાદર રાખવો, એવી સાત્વિક વૃત્તિઓનો જેના અતરમા વાસ હોય તેનુ નામ બ્રાહ્મણ યજ્ઞોપવિત ધારણ કરી કપાળમા ચદન લગાવવાથી તેમજ બ્રાહ્મણના કુળમા ઉત્પન્ન થયાથીજ બ્રાહ્મણત્વ આવતુ ન હોતુ ઇતિહાસોમાથી જણાય છે કે, આગળના કાળમા ક્ષત્રિયને પણ બ્રાહ્મણત્વ આવતુ હતુ ગાધિ રાજાના પુત્ર વિશ્વામિત્ર ક્ષત્રિયના કુળમા ઉત્પન્ન થયા છતા ઉપર લખેલી સાત્વિક વૃત્તિઓ ધારણ કરવાથી રાજર્ષિ કહેવાયા છે સ્મૃતિમા પણ કહ્યુ છે કે —

जन्मना जायते शूद्र सस्काराद्द्विज उच्यते ।
विद्याभ्यासाद् भवेद्विप्रो ब्रह्म जानाति ब्राह्मण ॥

અર્થ—જન્મથકી દરેક મનુષ્ય શૂદ્રતુલ્ય છે, અને યજ્ઞોપવિતાદિ સસ્કારથી દ્વિજ કહેવાય છે વેદાધ્યયન કરવાથી વિપ્ર અને બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ કહેવાય છે સાગરાંશ કે એક પિતાના ચાર પુત્ર હોય તેમાથી જે જાતિના ગુણક

કર્મોને જે ધારણ કરે તે તે જાતિમાં ગણાતો. લંકાનો રાજા રાવણ બ્રાહ્મણ છતાં પોતાનાં તે જાતિથી વિરૂદ્ધ ગુણકર્મોને લીધે રાક્ષસ પદવીને પામ્યો હતો. આવા ઘણા દાખલા પ્રાચીન ગ્રંથોમાં મળે છે પરંતુ લંબાણના ભયથી થોડા દર્શાવ્યા છે.

હવે બ્રાહ્મણને ત્યાં પુત્ર જન્મે ત્યારથી તેને કેવા પ્રકારે સંસ્કારો કરતા તથા કેવા પ્રકારે તેને કેળવણી મળતી અને બ્રાહ્મણત્વ તેઓને શી રીતે મળતુ તે જોઇએ:—બ્રાહ્મણના બાલકને ઘણો તીવ્ર બુદ્ધિવાળો હોય તો પાંચમે વર્ષે અને નહિકર આઠમે વર્ષે વેદવિધિપ્રમાણે યજ્ઞોપવિત આપવામાં આવતુ અને તદનન્તર તેને બ્રહ્મચારીનું પદ આપી ગુરૂને ત્યાં વેદાધ્યયન કરવા મોકલતા. ત્યાં બારવર્ષ સુધી બ્રહ્મચર્યવ્રત પાળી, ભિક્ષાશન કરી, એક નિષ્ઠાથી તેઓ અભ્યાસ કરતા. ચાર વેદ, વેદાંગો, શિક્ષા, કલ્પ, વ્યાકર્ણ છંદ, અને જ્યોતિઃષશાસ્ત્રો. તથા ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વેદાંત, મીમાંસા અને પૂરાણાદિનો, સર્વ પોતાની રૂચી અનુસાર. અસહ્ય પ્રયત્નથી અભ્યાસ કરતા, અને જ્યારે બારવર્ષ પૂરાં થાય ત્યારે ગુરૂ પાસેથી આજ્ઞા લેઇ પોતપોતાને ઘેર જતા. આ સમયે તેમની ઉમર ૨૦ વીશ વર્ષની થતી. ઘેર ગયા પછી સુલક્ષણી સુંદર રૂપવતી, કુલવતી ભણેલી નિરોગી આશરે ૧૧–૧૨ વર્ષની કન્યાસાથે તેનું પાણીગ્રહણ કરવામાં આવતું. હવેથી તેઓ ગ્રહસ્થાશ્રમમાં દાખલ થતા. પારાશર સ્મૃતિમાં ગૃહસ્થ બ્રાહ્મણોનાં કર્મ આપ્રમાણે લખેલાં છેઃ—

संध्या स्नानं जपो होम देवतातिथिपूजनं ।
आतिथ्यं वैश्वदेवश्च षट्कर्माणि दिने दिने ॥

અર્થ.—ત્રિકાળ સંધ્યા, નાહાવુ, ગાયત્રીજપ, અગ્નિહોત્ર, દેવતા તથા અતિથિનું પૂજન ને ભોજન કરાવવુ, ને વૈશ્વદેવ, એટલાં છ કર્મ ગૃહસ્થ બ્રાહ્મણે નિત્ય કરવાં વળી બીજા પણ ગૃહસ્થ બ્રાહ્મણનાં છ કર્મ છે. અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન, યાજન, આવી રીતે સત્કર્માચરણ કરી સુખથી પોતાના કુટુંબસાથે પોતાના દિવસ નિર્ગમન કરતા. અન્ય જાતિના મનુષ્યોને, સત્કર્મ, સદાચરણ અને સત્શાસ્ત્રનો તથા ઇશ્વરજ્ઞાનનો બોધ આપી તેના બદલામાં જે દ્રવ્ય ધાન્ય મળતુ તેમાંથી પોતાના કુટુંબનું પોષણ કરતા. આજનીપેઠે ઘેર ઘેર ભિક્ષા માગીને કે ખોટા મંત્ર જંત્ર, દોરા, ધાગા અને જન્મોત્રી પ્રશ્નોત્રી ખોટી સાચી કહી, પોતાનો નિર્વાહ ચલાવવાની તેઓને છૂટ નહોતી, એ વિષે પારાશર સ્મૃતિમાં કહ્યુ છે કે—

अव्रता ह्यनधीयाना यत्र भैक्ष्यचरा द्विजा' ।
त ग्राम दडयेद्राजा चौरभक्तप्रदो हि स ॥

અર્થ—બ્રહ્મચર્યાદિ વ્રત પાળતા ન હોય, અને વેદ ભણતા ન હોય, એવા દ્વિજ લોકો જે ગામમા ભિક્ષા માગતા હોય તે ગામને રાજાએ દડ કરવો, કારણ કે તે ગામ ચોરને અન્ન આપે છે

તેઓ ૧૦ ઘડી રાત્રી બાકી હોય ત્યારે ઉઠતા અને પોતાના કાળના વિભાગ કરી નિરતર ધર્મ, અર્થ, કામ અને મોક્ષસબધી ક્રિયાઓ કરતા સવારમા તેઓ સ્નાન સધ્યા તર્પણ વૈશ્વદેવ કરી ભોજન કરતા અને ત્યારપછી પોતાના શિષ્યોને અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા તથા ઇશ્વરજ્ઞાન નીતિ તથા ધર્મસબધી પુસ્તકો રચતા, અને રાજ્યદરબારમા ન્યાયાસન ઉપર બીરાજી ન્યાય (ઇનસાફ) પણ કરતા

પોતાના પુત્રને ઘેર પુત્ર થાય ત્યારે તેઓ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમ ધારણ કરતા અને વનમા વાસ કરી પોતાનો કાળ ઇશ્વરના સ્મરણમા કાઢતા આ સમયે તેઓ ઘણા ઉપયોગી ગ્રથોપણ લખતા, તથા મોક્ષ મેળવવાને માટે ઘણા સત્કર્મો કરતા છેવટ પોતાની અવસ્થાનો ચોથો ભાગ રહે ત્યારે તેઓ ચોથો આશ્રમ જેને સન્યસ્ત કહે છે તે ધારણ કરી વેદાતવિચારપૂર્વક ઉપનિષદ્ આદિ ગ્રથોનુ નિરતર અવલોકન તથા આત્માનાત્મનો વિચાર કરી પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી મોક્ષ સુખને મેળવતા

અત કરણમા રજોગુણનો અશ પ્રધાન હોવાથી રાજ્યપ્રવૃત્તિના ગુણ તથા કર્મો કરવાને પ્રબળ લાગણીવાળી જાતિને ક્ષત્રિય કહેતા ક્ષત્રિયના ગુણ કર્મો, આપ્રમાણે ગીતામા તથા પારાશરસ્મૃતિમા વર્ણવેલા છે

शौर्य तेजो धृतिर्दाक्ष्य युद्धे चाप्यपलायन ।
दानमीश्वरभावश्च क्षात्र कर्म स्वभावज ॥
क्षत्रियो हि प्रजा रक्षन् शस्त्रपाणि प्रदडवान् ।
निर्जित्य परसैन्यानि क्षितिं धर्मेण पालयेत् ॥

અર્થ—પરાક્રમ, તેજ, ધીરજ, ડાહ્યાપણુ, યુદ્ધમા સામે પગલે ચડવુ, દાન દેવુ, ઇશ્વરભાવ, આટલા કર્મો ક્ષત્રિઓને સ્વભાવથી ઉત્પન્ન થાય છે શસ્ત્ર ધરનાર ક્ષત્રિએ હાથમા દડનુ ધારણ કરી પ્રજાનુ રક્ષણ કરવુ અને પારકા સૈન્યથી જીત મેળવી પૃથ્વીનુ ધર્મવડે પાલન કરવુ

ક્ષત્રિઓને ૧૨ મે વર્ષે જનોઇનો અધિકાર હતો અને તેઓને પણ બ્રાહ્મણોની પેઠે ઘણા શાસ્ત્રોનો અભ્યાસ જેમા યુદ્ધસબધી વણી બાબતોનુ વર્ણન કરેલુ

છે એવી ધનુર્વિદ્યા પૂર્વક કરવો પડતો. અસ્ત્ર શસ્ત્રો કેમ વાપરવાં, વ્યૂહો કેમ રચવા, સંગ્રામ શી રીતે કરવો અને સંધિ અથવા નિગ્રહદશામાં કેમ વર્તવું અને શત્રુઓના હાથથી પોતાના સૈન્ય તથા પ્રજાનું રક્ષણ કેવા પ્રકારથી કરવું ઇત્યાદિ ઘણીક બાબતોનું તેમને જ્ઞાન આપવામાં આવતું હતું. તેઓ રાજનીતિ દંડનીતિ અને ન્યાયશાસ્ત્રમાં તથા સમયોચિત કાર્યો કરવામાં ઘણા કુશળ હતા. બ્રાહ્મણો નીપેઠે તેઓ પણ પ્રાત કાળમાં ઉઠી સંધ્યા, સ્નાન, તર્પણ, વૈશ્વદેવ વગેરે સત્કર્મો કરવામાં સમય રોકતા અને ભોજનાંતર રાજ્યપ્રકરણી વિષયઉપર તથા અર્થશાસ્ત્ર ઉપર લક્ષ આપતા.

બ્રાહ્મણોને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યસ્ત એ ચાર આશ્રમમાં અધિકાર છે. તેમ ક્ષત્રિને નહોતો પણ પેહેલા ત્રણમાંજ હતો. તે પ્રમાણે પોતાની રૂચિને અનુસાર સત્કર્મોમાં પોતાના અધિકાર પ્રમાણે આશ્રમ પાળતા હતા અને યોગ્ય કીર્તિ સંપાદન કરતા હતા.

અંતરમાં રજોગુણ તથા તમોગુણની પ્રધાનતા હોવાથી તે બે ગુણનાં ગુણ-કર્મવાળી જાતિને વૈષ્ય કહેતા. વૈષ્યનું મુખ્ય સ્વાભાવિક કર્મઃ—

कृषिगोरक्ष्यवाणिज्यं वैष्यकर्म स्वभावजं।
लाभकर्म तथा रत्नगवां च परिपालनं ॥
वाणिज्यं कृषिकार्यं च वैष्यवृत्तिरुदाहृता ॥

અર્થ—ખેતી, ગાયોનું રક્ષણ કરવું, વ્યાપાર કરવો, એ વૈષ્યનાં સ્વભાવસિદ્ધ કર્મો છે. લાભ થાય તેવાં કર્મ, રત્ન અને ગાયોનું પાલન, વ્યાપાર, અને ખેતી એ વૈષ્યની વૃત્તિ કહેલી છે.

પ્રાચીન વૈષ્યો પોતાના પૂત્રોને, અર્થશાસ્ત્ર, કૃષિવિદ્યા, અને રાજવલ્લભાદિ શિલ્પશાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન કરાવતા, તથા પોતાનાં સત્કર્મનું આચરણ કરતા. તેઓ પોતાના વ્યવહારમાં છળ ભેદ કે માલનો અદલો બદલો કરી વધારે પૈસો મેળવતા નહી. પોતાની ખેતીનો છઠ્ઠો ભાગ રાજાઓને આપતા અને બાકીની નિપજમાંથી બ્રાહ્મણ વગેરેને અર્થે તથા ધર્મના કામસારૂ રાખી પોતાના કુટુંબનું પોષણ કરતા. તેઓ હુન્નરકળામાં ઘણા પ્રવિણ હતા. તેમનાં કરેલાં દેવાલયો, સરોવરો વગેરે મોટાં કામો અદ્યાપિ પર્યંત આર્યાવર્તમાં દ્રષ્ટિએ પડે છે. તેનો ભવ્ય દેખાવ, વિચિત્રપ્રકારનાં ચિત્રો, કોતરકામ તથા રમણિય બાંધકામ જોઇને યુરોપના હુન્નરકળામાં પકાતા પંડિતો પણ સાનંદાશ્ચર્ય પામે છે અને ઘણા ઉત્સાહથી તેઓની પ્રશંસા કરે છે.



અત કરણમા તમોગુણ અધિક હોવાથી તે ગુણના ગુણ કર્મવાળી જાતિને શૂદ્ર કહેતા શૂદ્રોનુ મુખ્ય કર્મ —

परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजं ॥

અર્થ—સેવા કરવી એજ શૂદ્રોનુ સ્વભાવસિદ્ધ કર્મ છે બ્રાહ્મણ, ક્ષત્રિય, તથા વૈશ્યના ગૃહસબધી કર્મના, નાતિના, તથા સાસારિક કાર્યોમા સહાયતા આપી સેવા કરવી એ શૂદ્રોનો મુખ્ય ઉદ્યોગ હતો સેવાના કામમા એવા તો તેઓ પ્રમાણિક હતા કે પોતાના જીવને જોખમ થાય તોપણ પોતાના ધણીની સપત્તિનુ સરક્ષણ કરતા તેઓ પોતાના પાલકના પુત્ર પુત્રીઓને તથા સ્ત્રી અને સબધીઓને સારી રીતે માન આપી નાતિથી વર્તતા સારાશ કે સેવકના જે જે ધર્મો છે તેમા તેઓ ઘણા કુશળ હતા એ પ્રકારે ચારે વર્ણની સ્થિતિ હતી તે ટુકામા જણાવી

એ ચારે વર્ણના લોકો પોતાના પુત્રોનુ પરાક્રમ વધારવા સારૂ તથા પ્રજા સમર્થ થવા સારૂ બને ત્યાસુધી ૨૦ વીશ વર્ષે તેમને પરણાવતા અને પોતાના સ્વધર્મમા તેઓને કુશળ કરતા પોતાની પુત્રીઓને પણ સારી કેળવણી આપી ગૃહ કર્મોમા કુશળ બનાવતા તેના દાખલા શાસ્ત્રમાથી ઘણા મળી આવે છે, તેઓમા ઈર્ષ્યા દ્વેષ તથા કુસપ આજના જેવો નહોતો ન્યાયથી ધન સપાદન કરતા અને ધર્મ પ્રમાણે સદ્વ્યય કરતા પોતાના પુત્ર પુત્રીને સુધારવા સારૂ ઘણો પ્રયત્ન કરતા અભણ અને દુરાચરણીજનોને ધિક્કારતા અને સદ્ગુણી જ્ઞાની વિદ્વાનોને ઘણુ માન આપતા આ વાત જેમણે પ્રાચીન ગ્રથોનુ અવલોકન કર્યું હશે તેને સહેજ ધ્યાનમા આવી હશે તથા પરદેશી વિદ્વાનોએ આર્યાવર્તના ઇતિહાસો લખ્યા છે તે જેના વાચવામા આવશે તેના ધ્યાનમા આવશે

ઉપર પ્રમાણે આપણા વડીલો પોતાનો પુરૂપાર્થ મેળવતા તેથી તેઓ તન મન ધનથી સુખી હતા તેમનાજ પુત્રો આપણે આજ કેવી દયાજનક દશામા આવી પડયા છીએ તે વાત અનુભવમા આવવા સારૂ ગોઠવું છુ તે નકામુ નહિ ગણાય

આગળ ચાર વર્ણ હતા તેના હાલ (ઘણા) ચોરાસી થયા છે તેમા ગુણ કર્મની તો ગણનાજ ક્યાથી હોય હાલના સમયમા બ્રાહ્મણને ઘેર પુત્ર અવતરે કે તેને આશિષ દેવામા આવે છે કે, "એક ભીખારી વધ્યો" સાધારણ રીતે જોતા આ આશિષ આપણને ઘણી હાનિકારક લાગતી નથી પરતુ યથાર્થ જોતા બિચારો બાળક જન્મે ત્યારથીજ તેના પુરૂપાર્થ ઉપર તાળુ દેવા જેવુ છે જન્મે ત્યારથી જીવતાસુધી ભીખારીજ રહે એવો આ આશિષનો અર્થ નીકળે છે

છ સાત વરસનો પુત્ર થાય કે તેનો પિતા પોતાની સાથે ભિક્ષા માગવા લેઇ જાય છે. જાણે કે ભિક્ષાનો મહાવરો કરાવી કેળવણી આપતો ન હોય? કે જેથી તેને આગળ જતાં દુઃખથી દાહાડા કાઢવા ન પડે!! ભિક્ષા માગી રહ્યા પછી અવકાશ મળે ત્યારે નિશાળે મોકલે છે અથવા ઘેર થોડા બાળબોધ અક્ષર શીખવે છે અને પ્રથમ તો ટીપણું વાંચી ગ્રહદશા કેહેતાં શીખવે છે. નિશાળે જઇને પણ કેળવણીનો લાભ કેવે પ્રકારે લે છે તેનો વિચાર કરીએ. નિશાળના વખત પ્રમાણે બે શીખ તો કોઇવાર સીખે નહી અને શીખે તો યજમાનોમાં જમવાનું તથા દક્ષિણા લેવાની રજા લેઇ ઘેર આવવું પડે છે. ઘેર તો ચોપડી પકડવાના સમજ ખાધા હોય છે અને જો પકડે તો જમવા જવાનાં તથા ભિક્ષા માગવાનાં વિઘ્નો આડાં પડે છે. આવી હાલતમાં ચાર પાંચ વરસ નિશાળમાં જઇ ચાર પાંચ ચોપડી શીખે છે એટલે કેળવણી સંપૂર્ણ થાય છે. સારા અક્ષર લખતાં, મોટા હિસાબ ગણતાં કે વ્યવહારિક કામમાં વિદ્યાનો ઉપયોગ કરતાં બરાબર આવડતુ નથી એટલામાં તો કેળવણીનો વખત પૂરો થઇ પરણવાનો વખત આવે છે. અને પરણ્યા પછી કેળવણીમાં મોટી ખામી એ પડે છે કે ભાઇ સાહેબ નિશાળે જતાં શરમાય છે. અને તેનો પિતા પણ તેમની સ્ત્રી દેખતાં શિક્ષા કરી નિશાળે મોકલતાં સંકોચ પામે છે એટલે પછી ઘેર અભ્યાસ કરાવવાનું શરૂ કરાવે છે. પચાંગમાં જોઇ બાર રાશીઓ અને નવ ગ્રહનાં નામો, ચંદ્રનું ઘર, યોગ, દશાશૂલ, યોગિની, વૈધૃત, વ્યતિપાત વગેરે જોતાં તથા મૂહૂર્તો શુકન અપશુકન કેહેતાં અને તિથિવારની હકીકત કેહેતાં આવડે એટલે જ્યોતિષશાસ્ત્રની કેલવણી પૂરી થઇ. આથી પણ વધારે કેળવણીની ખંત હોય તો એકાદ વૃત્તિ વ્યાકરણની, બે ત્રણ સર્ગ રઘુ વંશાદિ કાવ્યના અને શ્રીમદ્‌ભાગવત, એટલુ શીખતાં પૂરી વિદ્વાનની પંક્તિમાં આવ્યા એમ ગણાય છે. એટલામાંથી ઇશ્વરકૃપાથી અને પોતાના નિરંતરના સહવાસથી પ્રજાનો વધારો થવા માંડે છે તેથી તેનું પોષણ કરવાની ચિંતામાં રોકાવું પડે છે. અને આખી જીંદગીપર્યંત અનેક પ્રકારનાં સંકટ વેઠી પોતાના કુટુંબનું પોષણ કરવું પડે છે.

ક્ષત્રિયપુત્રો નાનપણથીજ દુરાચરણી અને હલકી જાતના ખવાસ ગોલાની સોબતથી અનેક પ્રકારનાં વ્યસન દારૂ, ભાંગ, હુક્કો, અફીણ તથા જૂગટુ રમતાં, ગાન-તાનમાં તથા નાયકાઓનાં નૃત્ય અને તેની સાથનાં કૃત્યથી કૃતકૃત્ય થઇ, પોતાના ભૃત્યવર્ગની સોબત સિવાય બીજુ કંઇ દેખતા નથી. બ્રાહ્મણ વગેરે વર્ણોનીપેઠે તેમને કુટુંબનિર્વાહ કરવાની ચિંતા કશી પ્રકારની હોતી નથી, તેથી

કેળવણી સામી દૃષ્ટિ પણ કરતા નથી તેમનુ પોષણ કરનાર પ્રજા છે, ગામગરાસ છે, એટલે તેને ભણીને શુ કરવુ છે? શુ વ્યાપાર કરવો છે? કે શુ શાસ્ત્રો વાચી ધર્મોપદેશક થવુ છે? નામુ માડનાર સાવારણ લખી વાચી જાણનાર એકાદ બે મેહેતા હોય તો બસ છે, કે જે લોકોને તથા ઠાકોરને ઊંધુ ચતુ સમજાવી સાત પાપાની ત્રણ પાણ વદિ પ, અને સાત વિશે સો ગણીને પ્રજાના પૈસા લૂટી યોગ્ય લાગે તે પોતાના ઘરમા મુકી બાકીનુ ગામેતીના ચોપડામા જમે કરે છે ઠાકોર સાહેબને સહી કરતા ન આવડે એ મોટી માનની વાત ગણાય છે આવી સ્થિતિ ક્ષત્રિયવર્ગની થઇ ગઇ છે શેહેરના રેહેનાર લોકોને કદાચ આ વિષયનો અનુભવ નહિ હશે પરતુ જે ખડીઆ સસ્થાનોમા ફરેલ હશે તેને ઉપરનો ચિતાર અનુભવમા આવ્યો હશે આપણા દેશના વ્યાપારીવર્ગની સ્થિતિવિષે તથા કેળવણીવિષે વિચાર કરીએ, તો જાણવામા આવશે કે ઘણાખરા વ્યાપારીઓ તો પોતાના બાળકોને ગામઠી નિશાળે સોળ આક કક્કો સિદ્ધો ખત કાગળ અને નામ લખતા તથા પલાકા મેળતા આવડયા એટલે કેળવણી પૂર્ણ થઇ ચુકી એમ માને છે અને કહે છે કે સરકારી નિશાળમા એથી કઇ વધારે શીખવવામા આવતુ નથી એવો મનમા પક્કો વિચાર બાની પોતાના છોકરાને કાઇની વખારે બે ચાર કોરીના પગારથી કે મફત નામુ લખવા બેસાડે છે કે ત્યા નામુ લખતા તથા લેવડદેવડની માહિતી મેળવતા શીખે કેટલાક તો હળદર, મરચા, જીરૂ, લસણ, તમાકુ, બીડી વગેરે સાહિત્યો છોકરાને આપી નાની દુકાન ભાડે લઇ વ્યાપાર કરવા બેસાડે છે એવી રીતે સાધારણ વ્યાપારીવર્ગની કેળવણી છે અને જે ઉચ્ચવર્ગના વ્યાપારી ગૃહસ્થો છે, જેના દેશ પરદેશ સાથે મોટા વહિવટ છે જેના વાહણો સમુદ્રમા સફર કરે છે, તેમના પુત્રોની પણ કેળવણીનો વિચાર, કરીએ તો કઇપણ જોવામા આવતી નથી કેટલાકના પુત્રો તો નાનપણથીજ મોજશોખમા કુછદમા તથા વ્યસનમા પડી જાય છે તથા જે ભણે છે તે પણ બે ત્રણ ચોપડી અગ્રેજી શીખે છે તથા તાર વાચવાનુ અને નામો તથા આકડા વાચવા લખવાનુ અગ્રેજી સાધારણ જ્ઞાન મેળવી પૂર્ણાહુતિ કરે છે જેના મોટા અગ્રેજો આડતીયા હોય અને જેનો અગ્રેજી લખાણસાથે ઘણો વ્યવહાર હોય તેને મેહેતા રાખી તેમનીપાસે કામ ચલાવવુ પડે છે પણ પૂરતી અગ્રેજી કેળવણી મેળવતા નથી અને મહા ઓશીયાળુ રેહેવુ પડે છે એ કેવુ ડાહાપણ?

આપણા દેશના કડીઆ, સુતાર, લુહાર, સઇ, મોચી, વગેરે કારીગરોની સ્થિતિપણ ઘણી દયા આણવા જોગ છે તેઓ કેળવણી તો ભાગ્યેજ લેતા હશે

સાધારણ રીતે પોતાનો ઉદ્યોગ આવડ્યો કે તેમાં સંતોષ પામી દુઃખથી દહાડા કાઢે છે. પણ બીજા દેશમાં કારીગરી કેવી છે? તે લોકો સંપત્તિવાન કેમ થાય છે? આપણી આવી સ્થિતિ કેમ રહી છે? એ બાબતનો તેઓ ખ્યાલપણ મનમાં લાવતા નથી. કેમકે તેઓ ઘણાખરા વાંચવા લખવાથી અજાણ્યા છે. અને અડધડની પેઠે ઊંધું ઘાલી પોતાનાં હલકાં કામ સિવાય બીજાઉપર લક્ષ આપતા નથી.

આ ઉપરથી આપણા દેશની પ્રાચીન તથા અર્વાચીન સ્થિતિ જાણવી. તેથી સુજ્ઞ પુરૂષોના જાણવામાં આવશે કે પોતાનો પુરૂષાર્થ નબળો પડવાથી આ ફેરફાર થયો છે. આ નબળો પુરૂષાર્થ પાછો સબળતાને પકડે અને સ્વદેશી લોકો વિદ્યા, કળાકૌશલ્યતાને મેળવે તો આપણા દેશની ઉન્નતિ થયાવિના રહે નહી તેમ થવા આ પ્રમાણે પૂરતું લક્ષ આપવાની સર્વને જરૂર છે.

પોતાના બાળકોને ૨૦ વર્ષનું પૂરતું વય થયાવિના પરણાવવા ન જોઇએ. અને તેટલા કાળમાં તેને સ્કુલમાં વ્યવહાર, નીતિ અને ધર્મસંબંધી કેળવણી આપવી અને તેના અભ્યાસમાં સંસારની સઘળી ખટપટથી તેને દૂર રાખી તેની કેળવણી ઉપર સારા સદ્ગુણી વિદ્વાનની દેખરેખ રાખવી. આવી રીતે જ્યારે તેમને કેળવણી મળશે ત્યારેજ વ્યવહારમાં શી રીતે વર્તવું? ઉદ્યોગ કેમ ચલાવવો? મોટા થયા પછી બાળકોને કેમ કેળવવાં? કઇ જાતિના ઉદ્યોગમાં મને લાભ વા હાની છે? અને તેને માટે મારે કયાં કયાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવવુ? એ સર્વ તેમના જાણવામાં આવશે. ધર્મસંબંધી કેળવણીથી પરમાત્મસંબંધી તથા નીતિસંબંધી તત્વો તેના મગજમાં ઠસવાથી પાપ, રાગ, દ્વેષ, ઇર્ષ્યા વગેરે દુર્ગુણોની અંતઃકરણમાંથી જડ ઉખડી નિર્મલતા આવશે અને જ્યારે અંતઃકરણ નિર્મળ થશે ત્યારેજ સન્માર્ગે વર્તતાં તેને વિઘ્ન નડશે નહી. આવી રીતે ધર્મ નીતિ ને વ્યવહારસંબંધી પૂરતાં જ્ઞાનથીજ પુરૂષ કેળવાયેલા ગણાય છે અને પોતાનો માનવધર્મ કયા પ્રકારનો છે તે સમજે છે.

કન્યાઓને પણ નાનપણથી બારવર્ષસુધી અભ્યાસ કરાવવો જોઇએ. તેમાં તેમને નીતિ વ્યવહાર ને ધર્મનો બોધ મળવો જોઇએ. તેટલા કાળ પછી તેને સદ્ગુણી વિદ્યાવાનના વ્યવહાર કુશલ ૨૦ વર્ષના વરસાથે પરણાવવી જોઇએ. તેમને મુખ્ય જ્ઞાન પતિસાથે કેમ વર્તવું, બીજાં સબંધીની મર્યાદા કેમ રાખવી, બાલકોનું રક્ષણ કેમ કરવું, પ્રસૂતિસમયે કેવી સાવધાની રાખવી, ઘરની વ્યવસ્થા કેમ કરવી એ વગેરે સારી રીતે સમજણ મળે અને તે સાથે ધર્મ અને નીતિનાં મૂલ તત્વો તેના હૃદયમાં ઠસે ત્યારેજ સ્ત્રીકેળવણી પૂરી થયેલી ગણાય.

બાળકો તથા બાળકીઓ એ સંસારવૃક્ષના મૂળ છે જ્યારે એ બે મૂળો સુધરે ત્યારેજ સંસારવૃક્ષને સુધરતા વાર લાગતી નથી સઘળા સદ્ગુણો જેવા કે ન્યાય, દયા, શૌર્ય, સ્વદેશાભિમાન, પરોપકાર, વિવેક, એ શુદ્ધ કેળવણી ઉપર આધાર રાખે છે માટે શુદ્ધ કેળવણી પ્રાપ્ત થાય તો ઉપર લખેલા સઘળા સદ્ગુણો સ્વાભાવિક રીતે પ્રગટ થતા વાર લાગતી નથી

હાલ જે કેળવણી આપવામા આવે છે તે સંપૂર્ણ તો નથીજ પણ આરંભમા ઠીક છે કેમકે પ્રત્યેક કામનો આરંભ એવાજ પ્રકારનો હોય છે જેમ ખેતરને સુધારવા સારૂ પ્રથમ ખેડી તેમા ખાતર પૂરવામા આવે છે તેમ ઉપર લખેલી કેળવણીનો માર્ગ દેખાડવાને શુભ સંસ્કારરૂપ હાલની કેળવણી છે પણ પૂરેપૂરૂ ફળ આપનાર તો ઉપર જણાવેલી કેળવણીજ છે આમ કરવાનેવાસ્તે જેમ બને તેમ આપણા અનેક ખોટા રીવાજ અને રૂઢીઓનુ મૂળ ઉખેડવાને આપણે પરમ પુરૂષાર્થ સાધવો જોઇએ અને તેમ કરવાથીજ આપણી સત્ય સુધારણાનો જય થવાનો પૂરતો સંભવ છે આપણા દેશમા ઇશ્વરકૃપાથી અનુકૂળ અને સુખ શાંતિવાળુ રાજ્ય છે તેથી જાનમાલ જાળવવાને આપણે નિશ્ચિત છીએ આપણને પરદેશી વિદ્વાનોએ અનાદિ કાળની અજ્ઞાનરૂપિ રાત્રીમા ઉંઘતા જાગૃત કરી જ્ઞાનસૂર્યના દર્શન કરાવ્યા છે તેનો ઉપયોગ કરવો આપણા હાથમા છે નઠારી રૂઢીઓ દિનપ્રતિદિન ઘટતી જાય છે તે હજીપણ ઘટશે તેમ વળી આપણા દેશના પ્રાચીન વિદ્વાનોના વિચારને શ્રવણ કરી તે પ્રમાણે સુધારણામા પ્રયત્ન કરવુ કે ઇશ્વર આપણા સદ્ઉદ્યોગને સફલ કરશેજ

આ લોક તથા પરલોકમા સુખ પ્રાપ્ત થવાનુ સાધન વિદ્યા નીતિ ને ધર્મ છે તેમ જાણી આપણે પુરૂષાર્થ પણ તે મેળવવાને કરવો કેમકે વિદ્યાથી આ લોક સંબધિ સુખ મેળે છે અને નીતિ ધર્મથી આ લોક તથા પરલોક સંબધી સુખ અને સુકીર્તિ પ્રાપ્ત થાય છે

હે પરમ દયાળુ પરમેશ્વર! તમે સર્વના હૃદયમા સદ્બુદ્ધિના પ્રેરક છો માટે અમારા આર્ય બંધુઓના અંતરમા સન્માર્ગ સતધર્મ નીતિ અને સદ્જ્ઞાનની પ્રેરણા કરી સત્કાર્યના વિઘ્નોને દૂર કરતા સર્વના પાપ બાળી શુદ્ધ બુદ્ધિ આપો કે જેથી શુભ પુરૂષાર્થમા અને તમારી શુદ્ધ ભક્તિમા નિરંતર તત્પર રહે અને સાંસારિક તથા પારલૌકિક સુખ મેળવવાને તત્પર થઇ તમારી પ્રીતિને પાત્ર થઇ અમૂલ્ય સુખનો લાભ લે (તથાસ્તુ)

पुस्तकोनी पहोंच.

प्रेमजीवन આ નામની એક ચોપડી કર્તા તરફથી મળી તે ઉપકાર સાથે માન્ય રાખી છે. પ્રેમસબંધી પેહેલાં થોડીએક જુદા જુદા ઢપની કવિતાઓ છે. એ કવિતાઓઉપર પછીથી અનુક્રમે ટીકા લખીને કવિતાના અર્થની સુગમતા કરી છે. જો આપ્રમાણે ટીકા કરવામાં આવી ન હોત તો કવિતા શા હેતુઉપર રચાઇ છે અને તેમાં કેવું સારસ્ય છે તે જાણવું કઠણ હતું. કવિતાની ઉત્પત્તિ ટીકાએજ સફળ કરી કહીએ તો અત્યુક્તિ જેવું નથી. ભાષાની છપ અને લખાણની શૈલીઉપરથી માલતીમાધવના ભાષાંતર કર્તાની રચના હોય એમ અનુમાન થઇ શકે છે. પ્રેમસંબંધી લેખમાં કવિતાની ટીકા અધિકારીવર્ગને વાંચવા યોગ્ય છે.

गुजरात गेझेट નામનો એક પત્રનો પેહેલો અંક અમને મળ્યો છે. આ પત્ર પ્રથમજ આ વખતે જન્મ પામેલ છે. ભાષા અને સમાચારો ઠીક છે. આગળ જતાં તે પોતાની ભાષામાં, કદમાં અને વિષયોમાં બીજાનીપેઠે પ્રજાને વધારે સંતોષ ઉપજાવનાર થાય એવું અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

અમેરે બ્રહ્મરસતણા ભોગીયા.

(જંગલો.)

"જનની જીવોરે, ગોપીચંદની" (એ રાગ.)

અમેરે બ્રહ્મરસતણા ભોગિયા, બ્રહ્મરસપર ભાવ જી;
રાતને દિવસ હૃદયવિષે, અન્ય રસનો અભાવ જી. અમેરે. ૧
રૂચિ થાતાં બ્રહ્મરસતણી, ખટ રસપર ખેદ જી;
પરમ મુનિજન પારખે, બ્રહ્મરસતણો ભેદ જી. અમેરે.
રસ મસ છે બ્રહ્મરસવિષે, જેને રસની છે જાણ જી,
તલ ભાર પણ બ્રહ્મરસતણી, શઠ જનને ન સાન જી. અમેરે. ૩
બ્રહ્મરસના જે જે ભોગિયા, તેના તનમાં ન તાન જી;
તૃષ્ણા વિષયસુખ ત્યાગીને, કેવળ ઇચ્છે કલ્યાણ જી. અમેરે ૪
કલ્પના મૂકીને જે કરે, પ્રેમે વિષયનું પાન જી;
જીવનમુક્તિ તો તેને જડે, ધરવું ન પડે ધ્યાન જી. અમેરે. ૫
ભવાની બ્રહ્મરસપીને ભાવથી, ભુલ્યા શરીરનું ભાન જી;
સુખડું ગમે ન સંસારનું, ગમે નહિ ગાન-તાન જી. અમેરે.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૬ મું | માર્ગશીર્ષ, સંવત્ ૧૯૫૪ | અંક ૭ મો

॥ यतोधर्मस्ततोजय ॥

अपरोक्षानुभूति

श्रीहरिं परमानन्दमुपदेष्टारमीश्वरम् ।
व्यापकं सर्वलोकानां कारणं तं नमाम्यहम् ॥ १ ॥

પરમ આનંદરૂપ, ઉપદેશ કરનારા, સર્વને નિયમમાં રાખનારા, સર્વમાં વ્યાપી રહેલા અને સર્વના કારણરૂપ એવા શ્રી હરિને હું નમન કરૂં છું.

अपरोक्षानुभूतिर्वै प्रोच्यते मोक्षसिद्धये ।
सद्भिरेव प्रयत्नेन वीक्षणीया मुहुर्मुहुः ॥ २ ॥

આ અપરોક્ષાનુભૂતિ (તરત આત્માનું અપરોક્ષ જ્ઞાન કરાવે તેનો ગ્રંથ) મોક્ષની સિદ્ધિને માટે કહેવાય છે તે સત્પુરુષોએ (નિત્યાનિત્ય વસ્તુ વિવેક આદિ ચારે સાધન યુક્ત મુમુક્ષુઓએ) વારંવાર જોવી (ગુરૂમુખથી સાંભળી ને વિચારવી)

स्ववर्णाश्रमधर्मेण तपसा हरितोषणात् ।
साधनं प्रभवेत्पुंसां वैराग्यादिचतुष्टयम् ॥ ३ ॥

પોતાના વર્ણાશ્રમના ધર્મ પાળવાથી, કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ તપથી, પરમેશ્વરને પ્રીતિ ઉપજાવે એવા દયા ભરેલા કર્મથી, વૈરાગ્ય જેમાં મુખ્ય છે એવા ચાર સાધન પુરૂષને થાય છે

ब्रह्मादिस्थावरान्तेषु वैराग्यं विषयेष्वनु ।
यथैव काकविष्ठायां वैराग्यं तद्धि निर्मलम् ॥ ४ ॥

સત્યલોકથી માંડીને મનુષ્યલોક સુધીમાં જેટલા વિષયો છે તે સઘળામાં જેમ કાગડાની વિષ્ટામાં ગ્રહણ કરવાની ઈચ્છા ન થાય તેમ ગ્રહણ કરવાની ઈચ્છા ન થાય તેનું નામ નિર્મળ વૈરાગ્ય કહેવાય

---

૧ પ્રથમ શ્લોકથી ગ્રંથ નિર્વિઘ્ને પૂર્ણ થવાના હેતુથી મંગળાચરણ કરે છે. ૨ ગ્રંથ રચવાનો હેતુ કહે છે. ૩ વૈરાગ્ય આદિ ચાર સાધનો કેમ થાય તેનું પ્રમાણ કહે છે. ૪ વૈરાગ્યાદિ ચાર સાધનો ... શ્લોકથી વસ્તુતાના ... નિરૂપણ કરે છે.

नित्यमात्मस्वरूपं हि दृश्यं तद्विपरीतगं ।
एवं यो निश्चयः सम्यग्विवेको वस्तुनः स वै ॥ ५ ॥

આત્મસ્વરૂપ નિત્ય એટલે અવિનાશી છે અને દૃશ્ય (અનાત્મસ્વરૂપ) આત્મસ્વરૂપથી જુદું એટલે નાશવાળુ છે એમ જે સારી રીતે નિશ્ચય થાય તેનું નામ વસ્તુનો વિવેક કેહેવાય.

सदैव वासनात्यागः शमोयमिति शब्दितः ।
निग्रहो बाह्यवृत्तीनां दम इत्युच्यते बुधैः ॥ ६ ॥

નિરંતર વાસનાનો ત્યાગ થવો તે શમ કેહેવાય છે અને બહારની વૃત્તિ જે શ્રોત્રાદિક ઇંદ્રિયો તેનો નિગ્રહ એટલે નિષિદ્ધ વૃત્તિમાં તિરસ્કાર થવો તે દમ કેહેવાય છે.

विषयेभ्यः परावृत्तिः परमोपरतिर्हि सा ।
सहनं सर्व दुःखानां तितिक्षा सा शुभा मता ॥ ७ ॥

વિષયો થકી જે નિવૃત્તિ કેહેતાં અનિત્યપણાં આદિ દોષ દીઠાથી ગ્રહણ કરવાની ઇચ્છા ન થવી તેનું નામ ઉપરતિ કેહેવાય અને સર્વે ટાઢ તડકા આદિ-દુ:ખોને સહન કરવાં તે સુખ આપનારી તિતિક્ષા કેહેવાયેલ છે.

निगमाचार्यवाक्येषु भक्तिः श्रद्धेति विश्रुता ।
चित्तैकाग्र्यं तु सल्लक्ष्ये समाधानमिति स्मृतं ॥ ८ ॥

વેદનાં અને આચાર્યનાં વાક્યોને વિષે ભક્તિ થવી તે શ્રદ્ધા કેહેવાય છે. અને પ્રત્યગ્ અભિન્ન બ્રહ્મને વિષે ચિત્તની એકાગ્રતા થવી તેનું નામ સમાધાન કહ્યું છે.

संसारबंधनिर्मुक्तिः कथं मे स्यात्कदाविधे ।
इति या सुदृढा बुद्धिर्वक्तव्या सा मुमुक्षुता ॥ ९ ॥

હે દૈવ! ક્યારે અને કઇ રીતે સસારનાં બંધનથી મારી મુક્તિ થશે એવી રીતે અતિ દૃઢ બુદ્ધિ થવી તેનું નામ મુમુક્ષુતા કેહેવાય.

उक्तसाधनयुक्तेन विचारः पुरुषेण हि ।
कर्त्तव्यो ज्ञानसिद्ध्यर्थमात्मनः शुभमिच्छता ॥ १० ॥

---

૫ વૈરાગ્યને ઉત્પન્ન કરનારા વિવેકનું નિરૂપણ કરે છે ૬ વિવેકને નિરૂપણ કરી વૈરાગ્યથી થનાગં કાર્ય દમ આદિને ત્રણ શ્લોકથી નિરૂપણ કરે ૭ ઉપરતિ તથા તિતિક્ષા કહે છે. ૮ શ્રદ્ધા અને સમાધાન કહે છે. ૯ વૈરાગ્યથી થનાગ શમાદિકાર્ય કહીને હવે આ શમાદિકથી થનારી મુમુક્ષતાનું નિરૂપણ કરે છે. ૧૦ હવે ઉપરના સાધનો કહ્યા તેની શુ કરવાનુ છે તે કહે છે.

ઉપર કહેલા સાધનોવડે યુક્ત તથા પોતાનુ ભલુ ઇચ્છનારા પુરૂષે આત્મ જ્ઞાન સિદ્ધ થવા માટે વિચાર કરવો

नोत्पद्यते विनाज्ञान विचारेणान्यसाधनै ।
यथा पदार्थभान हि प्रकाशेन विना क्वचित् ॥ ११ ॥

જેમ સૂર્યાદિના પ્રકાશવિના પદાર્થોનુ ભાન થતુ નથી તેમ વિચારવિના બીજા કોઇ સાધનોથી જ્ઞાન થતુ નથી

कोहं कथमिद जात कोवै कर्तास्य विद्यते ।
उपादान किमस्तीह विचार सोयमीदृश ॥ १२ ॥

હુ કોણ છુ એટલે મારૂ શુ સ્વરૂપ છે, આ સ્થાવર જંગમમય જગત્ શા માટે થયુ, આ જગત્નો ઉત્પન્ન કરનાર કોણ છે, તથા આ જગત્નુ ઉપાદાન કારણ શુ છે આવા પ્રકારનો જે વિચાર તેજ વિચાર કહેવાય

नाहं भूतगणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षण कश्चिद्विचार सोयमीदृश ॥ १३ ॥

પંચ મહા ભૂતનો સમૂહ સ્થૂળ દેહ હુ (પ્રત્યગાત્મા) નથી તથા શ્રોત્રાદિક ઇંદ્રિયોનો સમુદાય સૂક્ષ્મ દેહ હુ નથી, એ બેય દેહથી વિપરીત ધર્મવાળો હુ છુ આવા પ્રકારનો વિચાર તે વિચાર કહેવાય

अज्ञानप्रभव सर्वं ज्ञानेन प्रविलीयते ।
सकल्पो विविध कर्ता विचार सोयमीदृश ॥ १४ ॥

સર્વ નામ રૂપાત્મક જગત્ અજ્ઞાન થકી થયુ છે, જ્ઞાન વડે કરીને લય થઇ જાય છે તથા નાનાપ્રકારનો જે સકલ્પ છે તે આ જગત્નો કર્તા છે એમ જે વિચાર કરવો તે વિચાર કહેવાય

एतयोर्यदुपादानमेक सूक्ष्म सदव्यय ।
यथैव मृद्घटादीना विचार सोयमीदृश ॥ १५ ॥

જેમ ઘટાદિ પદાર્થોનુ ઉપાદાન કારણ માટી છે તેમ અજ્ઞાન અને સકલ્પનુ ઉપાદાન કારણ ત્રણ કાળમા જેનો બાધ નથી એવુ બ્રહ્મ છે કેમકે તે ક્ષયરહિત છે, સજાતીય આદિ ભેદરહિત છે અને મન વાણીથી અગોચર છે એમ વિચાર કરવો તેનુ નામ વિચાર કહેવાય

---

૧૧ વિચાર વિના જ્ઞાન નથી થતુ તેનિરૂપણ કરે છે ૧૨ હવે પાચ શ્લોકથી વિચારનુ સ્વરૂપ નિરૂપણ કરે છે ૧૩ હુ કોણ એમ કહુ તેનો નિર્ણય કરે છે ૧૪ આ જગત કેમ થયુ તેનો નિર્ણય કરે છે ૧૫ જગતનો કર્તા કોણ તેનો નિશ્ચય કરે છે

[૧૬]अहमेकोपि सूक्ष्मश्च ज्ञाता साक्षी सदव्ययः ।
तदहं नात्र संदेहो विचारः सोयमीदृशः ॥ १६ ॥

હું એક છું એટલે સજાતીયાદિ ભેદ રહિત છું, સૂક્ષ્મ છું એટલે ઇંદ્રિયોથી અગોચર છું, જાણનારો છું, સાક્ષી છું, અને સર્વ વિકાર રહિત છું, એટલા માટે-તે (અહ પ્રત્યયથી જાણવામાં આવતું સત્યજ્ઞાન આદિ લક્ષણવાળુ) બ્રહ્મ હુ છું એમાં કાંઇ સદેહ નથી, આવો વિચાર કરવો તે વિચાર કેહેવાય.

[૧૭]आत्मा विनिष्कलो एको देहो बहुभिरावृतः ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञानमतःपरं ॥ १७ ॥

આત્મા અવયવવિનાનો છે અને એક છે તથા લિંગદેહ છે તે શ્રોત્રઆદિ ૧૭ તત્વના સમુહવાળો છે તેમ છતાં તે આત્મા અને લિંગદેહનું એકપણું જુવે છે એનાથી બીજું કયુ અજ્ઞાન છે?

[૧૮]आत्मा नियामकश्चांतर्देहो बाह्यो नियम्यकः ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञानमतःपरं ॥ १८ ॥

આત્મા નિયંતા છે અને પચકોશની માંહે રેહેનારો છે તથા દેહ છે તે નિયમમાં રાખ્વા યોગ્ય અને બહાર છે. તે બેયનું એકપણું જુવે છે એના કરતાં બીજું કયુ અજ્ઞાન છે?

[૧૯]आत्मा ज्ञानमयः पुण्यो देहो मांसमयोऽशुचिः ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञानमतःपरं ॥ १९ ॥

આત્મા જ્ઞાનમય કેહેતાં પ્રકાશસ્વરૂપ છે અને શુદ્ધ છે તથા સ્થૂળદેહ માંસમય છે તેમ છતાં તે બેયનું એકપણુ જુવે છે એનાથકી બીજુ કયુ અજ્ઞાન છે?

आत्मा प्रकाशकः स्वच्छो देहस्तामस उच्यते ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञानमतःपरं ॥ २० ॥

આત્મા સૂર્યાદિકની પેઠે સર્વને પ્રકાશકરનાર અને સ્વચ્છ છે તથા ઘડાઆદિની પેઠે જડ છે એ બેયનું એકપણુ જુવે છે એનાથી બીજું કયુ અજ્ઞાન છે?

[૨૧]आत्मा नित्यो हि सद्रूपो देहो नित्यो ह्यसन्मयः ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञानमतःपरं ॥ २१ ॥

---

૧૬ જગતનુ ઉપાદન કારણ કોણ તેનો નિશ્ચય કરે છે ૧૭ જીવ-બ્રહ્મના અભેદપણાના નિરૂપણરૂપ વિચાર ૧૮ હવે પાચ શ્લોકથી અજ્ઞાન નિરૂપણ કરીને જીવ-બ્રહ્મનુ એકપણુ દેખાડે છે અને દેહ આત્માનુ વિલક્ષણપણુ દેખાડે છે. તેમા પ્રથમ સૂક્ષ્મ દેહ સાથે વિલક્ષણપણુ કહે છે ૧૯ સ્થૂળ દેહસાથે આત્માનુ વિલક્ષણપણુ સુચવે છે ૨૧ અનેક પ્રકારથી દેહસાથે આત્માનુ વિલક્ષણપણુ દૃઢ કરે છે

આત્મા નિત્ય છે અને વસ્તુ દેશ કાળનો જેને માન નથી એનો છે તથા દેહ અનિત્ય (ક્ષણે ક્ષણે નાશનારો) અને અસત્ કેતા વસ્તુ દેશ કાળના માનવાળો છે માટે તે બેયનુ એકપણુ જુવે ? તેનાથી બીજુ કયુ અજ્ઞાન છે ?

आत्मनस्तत्प्रकाशत्व यत्पदार्थावभासन ।
नाग्न्यादिदीप्तिवद्दीप्तिर्भवत्यान्ध्य यतो निशि ॥ २२ ॥

ઘટ પટ આદિ પદાર્થોનુ જે ભાન થાય તેનુ નામ આત્માનુ પ્રકાશપણુ જાણવુ આત્માનો પ્રકાશ અગ્નિના પ્રકાશ જેવો (ઉત્પત્તિ વિનાશઆદિ વિકાર વાળો) નથી કેમકે રાત્રિયે (એક ઠેકાણે અગ્નિ હોય તો પણ બીજે ઠેકાણે લોકને) અધપણુ થાય છે એટલે રૂપને જોવામા અસમર્થ પણુ થાય છે

देहोहमित्यय मूढो धृत्वा तिष्ठत्यहो जन ।
ममायमित्यपि ज्ञात्वा घटद्रष्टेव सर्वदा ॥ २३ ॥

ઘડાનો જોનારો જેમ આ ઘડો મારો છે એમ સર્વદા જાણે છે તેમ માણસ આ દેહ મારો છે એમ (સાધારણ રીતે) જાણે છે તોપણ આ દેહ છે તે હુ છુ એમ ધારીને (દૃષ્ટાનુ ને દૃશ્યનુ એકપણુ કરીને) અજ્ઞાની માણસ રહે છે (સર્વ કરી ચૂક્યો એમ માની કાઇ કરતો નથી) એ આશ્ચર્ય છે

ब्रह्मैवाह सम शात सच्चिदानदलक्षण ।
नाह देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधै ॥ २४ ॥

હુ સર્વમા સરખો, વિક્ષેપાદિ વિકાર વગરનો, સત્ ચિત ને આનદ જેનુ લક્ષણ છે એવો છુ, અસત્ એટલે બાધ પામનારો દેહ હુ નથી એમ જાણવુ તેને તત્વજ્ઞાનિઓ જ્ઞાન કહે છે

निर्विकारो निराकारो निरवद्योहमव्यय ।
नाह देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधै ॥ २५ ॥

જેને જન્મ મરણાદિ વિકાર નથી, જેને દેહાદિ આકાર નથી, જેમા અધ્યાત્મ આદિક તાપ નથી, અને જેનો નાશ નથી એવો હુ આત્મા છુ, અસત્ એવો દેહ હુ નથી એમ જાણવું તેને વિદ્વાનો જ્ઞાન કહે છે

निरामयो निराभासो निर्विकल्पोहमातत ।
नाह देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधै ॥ २६ ॥

---

૨૨ આત્માનુ પ્રકાશ પણુ નિરૂપણ કરે છે ૨૪ હવે આ ત્રણ શ્લોકથી જ્ઞાનનુ નિરૂપણ કરે છે

હું નિરામય એટલે રોગ રહિત છું. નિરાભાસ છું (વૃત્તિ વ્યાપીપણા છતાં ફલ વ્યાપીપણારહિત અર્થાત્ ચિદાભાસરહિત) કલ્પના વગરનો છું અને વ્યાપક છું: અસત્ એવો દેહ હું નથી. એમ જાણવું તેને તત્વજ્ઞાનિઓ જ્ઞાન કહે છે.

निर्गुणो निष्क्रियो नित्यो नित्यमुक्तोहमच्युतः ।
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥ २७ ॥

હું ગુણરહિત છું. ક્રિયારહિત છું. નાશરહિત છું. નિરંતર મુક્ત એટલે ત્રણ કાળમાં બંધનરહિત છું. અને અચ્યુત એટલે સત્ ચિત અને આનંદ સ્વભાવનો છું: અસત્રૂપ એવો દેહ હું નથી, એમ જાણવું તેને તત્વજ્ઞાનિઓ જ્ઞાન કહે છે.

निर्मलो निश्चलोनंतः शुद्धोहमजरोमरः ।
नाहं देहो ह्यसद्रूपो ज्ञानमित्युच्यते बुधैः ॥ २८ ॥

હું અવિદ્યા અને તેનાં કાર્ય લક્ષણરૂપ મેલરહિત છું, આકાશની પેઠે નિશ્ચળ છું, દેશ-કાળ-વસ્તુના પરિચ્છેદરહિત છું: શુદ્ધ, જરા વગરનો, અને મરણ વગરનો છું; અસત્ એવો દેહ હું નથી, એમ જાણવું તેને તત્વજ્ઞાનિઓ જ્ઞાન કહે છે.

स्वदेहे शोभनं संतं पुरुषाख्यं च संमतं ।
किं मूर्ख शून्यमात्मानं देहातीतं करोषि भोः ॥ २९ ॥

પોતાના શરીરનેવિષે પુરૂષ જેનું નામ છે એવો, મંગળરૂપ, શ્રુતિવાક્યે બ્રહ્મરૂપે વર્ણવેલો અને સર્વ વ્યવહારના આધારરૂપ દેહથી જુદો આત્મા તેને હે મૂર્ખ! શૂન્ય (અત્યંત અભાવરૂપ) કેમ કરે છે? અર્થાત્ આત્માનું શૂન્યપણું ન માનવું.

स्वात्मानं शृणु मूर्ख त्वं श्रुत्या युक्त्या च पूरुषं ।
देहातीतं सदाकारं सुदुर्दर्शं भवादृशैः ॥ ३० ॥

હે મૂર્ખ એટલે દેહને આત્મા માનનારા! પુરૂષરૂપ, દેહથી જુદો, સાકાર આકારવાળો અને તારા સરખા (નાસ્તિકોએ દેખી ન શકાય એવો) પોતાનો આત્મા તેને શ્રુતિથી અને યુક્તિથી સાંભળ.

---

૨૯ આત્મા દેહ નથી માટે તેને શૂન્યપણું થશે એવી શંકા આવે તો તેનું નિરાકરણ કરે છે
૩૦ આત્મા દેહ નથી તે વિષે આ૬ શ્રુતિથી સિદ્ધ કરે છે

अहशब्देन विख्यात एक एव स्थित पर ।
स्थूलस्त्वनेकता प्राप्त कथ स्याद्देहक पुमान् ॥ ३१ ॥

હુ એવા શબ્દથી પ્રસિદ્ધ, એક, પર, એવો આત્મા સ્થૂળ અને અનેક પણાને પામેલો દેહ કેમ હોય ?

अहं द्रष्टृतया सिद्धो देहो दृश्य तया स्थित ।
ममायमिति निर्देशात्कथ स्याद्देहक पुमान ॥ ३२ ॥

હુ એવા શબ્દથી જણાતો આત્મા દ્રષ્ટાપણાથી એટલે શબ્દાદિક વિષયોને પ્રકાશ કરનારપણાથી પ્રસિદ્ધ છે તથા દેહ દૃશ્યપણાથી એટલે શબ્દાદિક વિષયોની પેઠે પ્રકાશ કરવા યોગ્ય છે તેમજ આ મારો દેહ છે એમ કહેવાય છે માટે આત્મા દેહ કેમ હોય ?

अह विकारहीनस्तु देहो नित्य विकारवान् ।
इति प्रतीयते साक्षात्कथ स्याद्देहक पुमान् ॥ ३३ ॥

હુ શબ્દથી જણાતો આત્મા વિકાર વગરનો છે અને દેહ નિરતર વિકારવાળો છો એમ પ્રત્યક્ષ જણાય છે ત્યારે આત્મા દેહ કેમ હોય ?

यस्मात्परमिति श्रुत्या तया पुरुपलक्षण ।
विनीर्णित विमर्देन कथ स्याद्देहक पुमान ॥ ३४ ॥

यस्मात्पर એ શ્રુતિથી અર્થાત્ જે થકી પર અને અવર કાઇ પણ નથી, એ આદિ શ્રુતિ છે તે શ્રુતિવડે ચતુર પુરુષોએ આત્માનુ લક્ષણ નકી કરી રાખેલુ છે, માટે આત્મા દેહ કેમ હોય ?

सर्व पुरुष एवेति सूक्ते पुरुपसज्ञिते ।
अप्युच्यते यत श्रुत्या कथ स्याद्देहक पमान् ॥ ३५ ॥

સર્વ આ આત્માજ છે એ રીતે પુરુષ સૂક્તમા કહેલુ છે માટે શ્રુતિથી આત્મા દેહ કેમ હોય ?

असग पुरुप प्रोक्तो बृहदारण्यकेपि च ।
अनतमलसश्लिष्ट कथ स्याद्देहक पुमान् ॥ ३६ ॥

બૃહદારણ્યક ઉપનિષદ્મા પણ આત્માને અસગ કહ્યો છે અને દેહ તો અનત મેલથી ભરેલો છે માટે આત્મા કેમ હોય ૩૬

---

૩૨ પ્રથમ યુક્તિથી દેહ આત્માનુ વિલક્ષણપણુ દેખાડે છે ૩૪ હવે શ્રુતિથી દેહાત્માનુ વિલક્ષણપણુ બતાવે છે

तत्रैव च समाख्यातः स्वयंजोतिर्हि पूरुषः ।
जड.परप्रकाश्योसौ कथं स्याद्देहकः पुमान् ॥ ३७ ॥

તેજ બૃહદારણ્યકમાં આત્માને સ્વયજ્યોતિ એટલે પોતાની મેળે પ્રકાશમાન્ વર્ણવ્યો છે માટે આ જડ અને બીજાથી પ્રકાશથનાર દેહ આત્મા કેમ હોય?

प्रोक्तोपि कर्मकांडेन ह्यात्मा देहाद्विलक्षणः ।
नित्यश्च तत्फलं भुक्ते देहपातादनंतरं ॥ ३८ ॥

કાર્મકાંડે પણ આત્માને દેહ થકી વિલક્ષણ કહ્યો છે કે, દેહ પડયા પછી કર્મના ફળ ભોગવે છે માટે નિત્ય છે. ૩૮

लिंगं चानेकसंयुक्तं चलं दृश्यं विकारि च ।
अव्यापकमसद्रूपं तत्कथं स्यात्पुमानयं ॥ ३९ ॥

અનેક પ્રકારના સ્થૂળ દેહના સંબંધથી યુક્ત અથવા શ્રોત્ર આદિ ૧૭ કળાથી યુક્ત, ચંચળ, મારો કાન મારૂં મન એવી મમતાથી જાણવાના વિષયરૂપ, વિકારવાળું, એક ઠેકાણે રેહેનારૂં, અને જ્ઞાનથી લય થનારૂં લિંગ શરીર તે આ આત્મા કેમ હોય?

एवं देहद्वयादन्य आत्मा पूरुष ईश्वरः ।
सर्वात्मा सर्वरूपश्च सर्वातीतोहमव्ययः ॥ ४० ॥

એ પ્રમાણે સ્થૂળ અને સૂક્ષ્મ દેહથી જુદો, શરીરમાં રહેલો, ઇશ્વર, સર્વના આત્મારૂપ, સર્વરૂપ, અહ શબ્દથી અનુભવમાં આવતો અને વિકાર વગરનો આત્મા છે.

इत्यात्मदेहभागेन प्रपंचस्यैव सत्यता ।
यथोक्ता तर्कशास्त्रेण ततः किंपुरुषार्थता ॥ ४१ ॥

એ પ્રમાણે આત્મા અને દેહનો વિલક્ષણપણાથી વિભાગ પાડતાં તર્કશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રપંચનુંજ સત્યપણું થયું અને તે પ્રપંચના સત્યપણાથી અવળો પુરૂષાર્થ કરવાપણું થયું?

इत्यात्मदेहभेदेन देहात्मत्वं निवारितं ।
इदानीं देहभेदस्य ह्यसत्त्वं स्फुटमुच्यते ॥ ४२ ॥

---

૩૮ કર્મ કાંડના અભિપ્રાયથી દેહાત્માનુ વિલક્ષણપણુ. ૩૯ લિંગ દેહના અનાત્મપણાનુ નિરૂપણ ૪૦ સ્થૂલ સૂક્ષ્મ દેહથી આત્માનુ વિલક્ષણપણુ ૪૧ આત્મા અને દેહના જુદાપણામા શંકા ૪૨ દેહભેદના અસત્યપણાના નિરૂપણની પ્રતિજ્ઞા.

લોકયાત્રામા કેમ વર્તવુ ?

લે/ ડેંકરલાલ હરિરામ

યાત્રા શબ્દથી કોઇપણ આપણે અજાણ્યા નથી જે સ્થળમા જઇ સ્નાન દર્શન વિગેરે કરવાથી દોષ ટળી જવાનેનીધે અત કરણ નિર્મળ થઇ પવિત્ર થવાયછે તે સ્થળ વિગેરેને આપણે તીર્થ કહિયે છિયે અને તીર્થને માટે કોઇ લોકો પોતાનુ વતન છોડી દૂર જાય ત્યારે તેને તીર્થયાત્રા કરવા ગયા એમ કહિયે છિયે દ્વારકા, કાશી, જગન્નાથ, બદ્રીકેદાર, હરદ્વાર, રામેશ્વર વિગેરે અને તે શિવાયના બીજા નાના નાના ઘણા સ્થાનકો યાત્રાના છે કે જેમા અધમોદ્ધારિણી ગગા, યમુના, સરસ્વતી, નર્મદા વિગેરે મહા નદિઓ પણ આવી જાય છે એ તીર્થની યાત્રા કરવાનો આરભ કરવા માડતા તેમા કેવી કેવી પવિત્ર રીતિથી વરતવુ અને કેમ તીર્થયાત્રા કરવી તેની આપણને કાળજી રહે છે આ એક નાની તીર્થયાત્રા છે તેમા આપણે સઘળુ લક્ષ રાખિયે છિયેપણ મોટી તીર્થયાત્રાનો ક્યારે આપણે વિચાર કર્યો છે? આપણે આ મનુષ્યલોક કે જે દેવતાઓને પણ દુર્લભ છે તેમા યાત્રા કરવામાટે આવ્યા છિયે એ યાત્રા કવી પવિત્ર રીતિથી વરતીને પૂર્ણ કરવી તે જાણવાની વિશેષ જરૂર છે તીર્થયાત્રા જેમ આપણે આ લોક પરલોક સુધારવા અથવા પાપ ટળી જઇ પુણ્ય થવા માટે કરિયે છિયે, તેજપ્રમાણે આ મહાયાત્રા પણ કરવાની છે આપણે એને યાત્રારૂપ નથી સમજતા અને એને માટે વિચાર પણ નથી કરતા એ આપણી ભૂલ છે મોટા મોટા સમર્થ વિદ્વાનો આ લોકયાત્રામા કેમ વર્તવુ તેનો વિચાર કરે છે મહા ધર્મજ્ઞ યુધિષ્ઠિર જેવા પવિત્ર રાજાએ પોતાના પિતામહ ભીષ્મને લોકયાત્રામા વર્તનાની રીત પુછી ત્યારે તેપે બાણશય્યામા સૂતા સૂતા એવો ઉપદેશ આપ્યો છે કે,—

कायेन त्रिविध कर्म वाचा चापि चतुर्विध ।
मनसा त्रिविध चैव दशकर्मपथास्त्यजेत् ॥

ત્રણ પ્રકારની ક્રિયા શરીરવડે મેની દેવી, ચાર પ્રકારની ક્રિયા વાણીવડે મેની દેવી ત્રણ, પ્રકારની ક્રિયા મનવડે મેલી દેવી, એમ દશ પ્રકારની ક્રિયાનો ત્યાગ કરવો

જે લોકયાત્રામા આવેલો હોય તેણે આપ્રમાણે દશ કર્મ છોડી દેવા હવે તે દશ કર્મનો ભેદ પાડી દેખાડવા તેમાના પહેલા ત્રણવિશે આપ્રમાણે કહે છે

प्राणातिपात स्तैन्य च परदारानथापि च ।
त्रिणि पापानि कायेन सर्वत परिवर्जयेत् ॥

પ્રાણીના પ્રાણનો નાશ કરવો એટલે હિંસા કરવી તે, ચોરી કરવી તે, અને પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિથી જોવું. તે ત્રણ પાપને સર્વ રીતે ત્યાગ કરવાં.

એરીતે શરીરનાં ત્રણ પાપનો ત્યાગ કરતાં વાણીનાં ચાર પ્રકારનાં કયાં પાપ ત્યાગ કરવાં તે આ પ્રમાણે કહે છે.

असत्प्रलापं पारुष्यं पैशुन्यमनृतं तथा ।
चत्वारि वाचा राजेंद्र नजल्पेन्नानुचिंतयेत् ॥

ખોટું બોલવું, કોઇને દુઃખ લાગે તેવું બોલવું. ચાડી કરવી અને અસત્ય બોલવું, એ ચાર પ્રકારનાં પાપ વાણીવડે બોલવાં પણ નહિ અને ચિંતવવાં પણ નહિ.

આ પ્રમાણે વાણીનાં ચાર પ્રકારનાં પાપ ત્યાગ કરતાં મનનાં ત્રણ પ્રકારનાં પાપ ત્યાગ કરવા કહે છે તે આ પ્રમાણે

अनभिध्या परस्वेषु सर्वसत्वेषु सौहृदं ।
कर्मणां फलमस्तीति त्रिविधं मनसा चरेत् ॥

પારકા ધનાદિકપર ધ્યાન ન દેવું, સર્વ પ્રાણી ઉપર પ્રેમ રાખવો અને કર્મનું ફળ મળે છે એવી આસ્થા રાખવી એ પ્રમાણે મનનાં ત્રણ પ્રકારનાં પુણ્યાચરણ પાળવાં; અર્થાત્ પારકા ધનની ઇચ્છા કરવી, પ્રાણીમાત્ર ઉપર દ્વેષ કરવો કે તેનું ભુડુ ઇચ્છવું અને વેદાદિકવિષે નાસ્તિક થવું, એ ત્રણ પ્રકારનાં મનનાં પાપ તજી દેવાં.

લોકયાત્રામાં પ્રવાસ કરનારા સર્વ પ્રવાસીનો અને સર્વે વર્ણનાં સ્ત્રીપુરૂષોનો આ ધર્મ છે. જેમ પુણ્યવગર તીર્થયાત્રામાં પ્રીતિ થાતી નથી તેમ પુણ્યવગર આ પવિત્ર મૃત્યુલોકમાં પણ અવાતું નથી. આમાં અવાયાપછી ઉત્તમ કુળજાતિમાં જન્મ થાય, વિદ્યા મળે, ધન મળે, સુજન મળે અને આયુષ્ય મળે એ કાંઇ થોડા પુણ્યની વાત ન સમજવી. એટલું મળ્યા છતાં અજાણમાં મન-વચન-કર્મનાં પાપોનો ત્યાગ ન થાય તો પછી આ લોકની યાત્રા કરી તે ન કર્યા જેવી સમજવી. તીર્થમાં જઇને સદાચરણથી ન ચલાય તો તીર્થયાત્રા ફોકટ થાય છે તેમ આ લોકમાં પુણ્ય સંપાદન કરવા આવ્યા છતાં કાંઇ ન થાય તો આ લોકની યાત્રા વૃથા ગયા બરાબર છે. સારાંશ એ છે કે આ લોકયાત્રામાં આવેલા પંથિએ સૌ પ્રાણી ઉપર પ્રેમ રાખવો, કોઇને દુઃખ થાય તેવું કશું કરવું નહિ અને સર્વપર સમાનદૃષ્ટિ રાખી કોઇનું કશું લેવું નહિ. વાગ્ભટપણ કહે છે કે,—

हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृते ।

सभिन्नालापव्यापादमभिध्याद्दग्विपर्ययं ।
पाप कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥

પ્રાણીનો ઘાત ચોરી અને અન્યથા કામસેવા એ ત્રણ પ્રકારના કાયા સબધી પાપકર્મ, તથા બીજાઓમા કુસપ થાય એવી ચાડી કરવી તે, કઠણ બોલવુ તે ખોટુ બોલવુ તે અને સબધ વગરનુ બોલવુ એ ચાર પ્રકારના વાણીસબધી પાપકર્મ, તથા પ્રાણીઘાતનુ ચિંતવન, પારકા ગુણ સહન ન થવાપણુ (અદેખાઇ), અને ઊંધી નજર અર્થાત્ શાસ્ત્રાદિક ઉપર અશ્રદ્ધા એટલે નાસ્તિકપણુ એ ત્રણ મનના પાપકર્મ, એમ દશ પ્રકારના પાપકર્મનો શરીર વાણી અને મનથી ત્યાગ કરવો

આ પ્રમાણે આયુર્વેદના કર્તા પણ કાયા વાણી અને મનથી દશ પ્રકારના પાપ ત્યાગ કરવાનુ કહે છે કાયાથી જે ત્રણપ્રકારના પાપ થવાનો સભવ છે, વાણીથી જે ચાર પ્રકારના પાપ થવાનો સભવ છે અને મનથી જે ત્રણ પ્રકારના પાપ થવાનો સભવ છે તે મળીને દશ પ્રકારના પાપને લોકયાત્રા કરનારાએ દૂર કરવાની આજ્ઞા કરી છે તે સિવાયના કાયા મન અને વાણીના બીજા જે જે પાપો થાય છે તે સઘળા દૂર કરીને પુણ્યાચરણથી વર્તવુ જોઇએ બીજા પાપોની સખ્યા ન ગણવાનુ કારણ એ કે તે સર્વ આ દશ પ્રકારના પાપોના પેટામા આવી જાય છે અને ધારો કે નહિ આવતા હોય તોપણ તે સઘળાને દૂર કરીને વર્તવુ એમ કરવાથી લોકયાત્રા સફળ થાય છે ઇશ્વરકૃપાથી યાત્રા કરવાનુ તો મળ્યુ પણ એ યાત્રા કેટલા કાળસુધી આપણા ભાગ્યમા લખાણી છે તે વાતથી આપણે અજાણ્યા છિયે માટે આ લોકયાત્રામા આટલુ પછીથી કરશુ એમ ઉધાર વાત રાખવી નહીં જેટલુ હાથે તેટલુ સાથે એમ જાણી રાખવુ તીર્થયાત્રાએ નીકળતા લુચ્ચા લોકો કે વાટપાડુઓથી ડરતુ ચાલવુ જોઇએ અને પોતાના સરસામાન લાજમર્યાદા જાળવવા જોઇએ તે પ્રમાણે આ લોકયાત્રામા પણ કામ ક્રોધાદિક ટાઢા શત્રુઓ ઊંદરની પેઠે ફુકી ફુકીને દેખતા દેખતામા સર્વ હરી લે છે માટે એ લોકયાત્રામા ચોરનુ કામ કરનારા તેઓનો વિશ્વાસ કરવો નહિ અનેક ઉપાયોથી તેને નબળા પાડી નાખવા અને ચોર લોકોને ચોરી ભુલાવવા જેમ બીજો રૂધો સવ લોકો બતાવે છે તેમ કામાદિકને પણ સદાચરણરૂપ અન્ય માર્ગ દેખાડવો જેથી તે લોકયાત્રામા આપણને લુટવા તૈયાર થાય નહિ એમ થયા પછી શીલ, મર્યાદા, ધર્માચરણ અને સદાચાર એ ચાર પ્રકારનુ દ્રવ્ય સારી રીતે સાચવવુ પ્રતિ દિવસ તેની વૃદ્ધિ થાય તેમ કરવુ પણ તેમા ઘટાડો થાય તેમ કરવુ નહિ તીર્થયાત્રામા જેમ પોતાના માણસો અને ચાકરો વિગેરે આધીન રા

ખવાં જોઇએ તેમ લોકયાત્રામાં શરી મન અને ચિત્તને આધીન રાખવાં જોઇ. વાગ્ભટ કહે છે કે,—

आर्द्रसंतानता त्यागः कायवाक्चेतसां दमः ।
स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तमिति सद्व्रतम् ॥

સર્વપર દયાળુ થવું, ધન દેવું, કાયા વાણી અને મનને વશ રાખવાં, અને પારકા પ્રયોજનમાં સ્વાર્થબુદ્ધિ કરવી, એટલાં વાનાંથી સદ્વ્રત સમાપ્ત થયું. અર્થાત્ એ પ્રમાણે ચાલવું એ ઉત્તમ વ્રતની સીમા છે. માટે લોકયાત્રામાં એ પ્રમાણે વર્તવું. તીર્થયાત્રામાં જેમ જે પોતાના પરિચયમાં આવે તે ખરાસંબંધી છે અને તેજ કામ લાગે છે તેમ લોકયાત્રામાં પણ જે પાસે હોય તે સંબંધી છે અને તેજ કામ લાગે છે. માટે સૌની સાથે હળી મળી ચાલવું. અસંતોષ થાય તેવું કશું કારણ બનવા દેવું નહીં. લોકયાત્રાનો સમય બહુ લાંબો લાગે છે પણ તે વીતી ગયા પછી એક ક્ષણ કરતાં પણ ઓછો લાગે છે. એટલા સહવાસને માટે થઇને કોઇને કશું દુઃખ થાય એવું શામાટે કરવું જોઇએ. વર્ણાશ્રમોના ધર્મો યથાવિધિ પાળવા તે સાથે પુત્રધર્મ, સ્ત્રીધર્મ, શિષ્યધર્મ વિગેરે વ્યાવહારિક ધર્મો સહુએ સહુની યોગ્યતા પ્રમાણે પાળવા. જ્યાંસુધી લોકયાત્રા પૂરી થાય ત્યાંસુધી આ લોક પરલોકમાં સુખ થવામાટે એજ પ્રમાણે વર્તવુ જોઇએ. આપણી સાથે પરિચય રાખનારા બીજાઓ પણ લોકયાત્રાના પ્રવાસી છે તો તેઓ સાથે જે પ્રકારનો સંબધ બધાયેલ હોય તે સંબંધ પ્રમાણે વર્તીને સર્વને સંતોષ આપવો. આ લોકયાત્રારૂપ મહાયાત્રામાં અંતર્ગત માતાપિતાના સેવન વિગેરે નાના નાના તીર્થોનું સેવન છે કે જેમાં કાંઇપણ શ્રમ થયાવિના પુણ્ય થાય છે. એ તીર્થોનો પણ અનાદર કરવો નહિં. જે જે ધર્મો શાસ્ત્ર પુરાણો અને વૃદ્ધજનો બતાવે તે તે ધર્મોમાં શ્રદ્ધા રાખીને વર્તવું. તેમ કર્યાવિના યાત્રા સપૂર્ણ થતી નથી. આ લોકયાત્રામાં જે જે ઉત્તમ રીતિથી વર્તવુ જોઇએ તે રીતે ન વર્તાય તો તેથી આ ફેરો ફોકટ જાય છે એટલુંજ નહિ પણ ઉલટો તેને માટે દંડ વેઠવો પડે છે, કે જે દંડ બીજી પશુ પક્ષી વિગેરે જાતિમાં જન્મ લઇને ભરી આપવો પડે છે. પરમેશ્વરે આપણને આ લોકયાત્રાના પ્રવાસી બનાવ્યા અને તેમાં વર્તવાને ઉત્તમ યોગ આપ્યો તો તે પ્રમાણે વર્તી ઇશ્વરને રાજી કરવા; તે એટલેસુધી કે ફરીને તે આ લોકયાત્રામાં આવવાને આશા કરેજ નહી. જો તે નારાજ થાય છે તો ફરી ફરીને જેમાં કશું પણ કલ્યાણ ન થાય એવી યાત્રાઓ (કાશી દીઓ) કરાવ્યા કરે છે. માટે સહુએ કાયાથી વાણીથી અને મનથી ઉપરના દશ પ્રકાર વગેરે જેટલાં પાપકર્મ

હોય તેટલા દૂર કરી પુણ્યકર્મ કરતા આ લોકયાત્રા કાળપ્રમાણે પૂરી કરવી અને કરીને યાત્રા કરી પવિત્ર થવાપણુ ન રહે તે રીતે ઇશ્વરને પ્રસન્ન કરવા એ જ કર્તવ્ય આ જન્મનુ છે બુદ્ધિવાનને માટે વધારે શુ કહેવુ ?

दुर्जनोंनी पण आवश्यकता

જગતમા જે જે સારા પ્રાણી પદાર્થ અને સ્વભાવો થાય છે તે તે પ્રાણી પદાર્થ અને સ્વભાવોને વિદ્વાન લોકો પ્રેમની દૃષ્ટિએ જુવે છે તેઓ જ્યારે સારા પ્રાણી પદાર્થ અને સ્વભાવોથી વિપરીત પ્રાણી પદાર્થ અને સ્વભાવો જુવે છે ત્યારે કેટલીકવાર તેઓ અંતરદૃષ્ટિ કરી જાય છે અને તેઓનુ હૃદયકમળ શોકથી કરમાઇ જાય છે નઠારા પ્રાણી પદાર્થ અને સ્વભાવના દર્શન કરતા પોતાનુ મરણ પણ ઉત્તમ માનનારાઓ ઇશ્વર પાસે નઠારા પ્રાણી પદાર્થ અને સ્વભાવથી સિંહથી બીએ તેમ બીયે છે અને ગમે તેવા સમર્થ છતા પણ કાચબો પોતાના અંગો અંદર લઇને જેમ ગોટવાઇ રહે છે તેમ સઘળી શક્તિ અંતરમા ઉતારી દઇ ગોટવાઇ રહે છે "પરમેશ્વરને એવી શી પંચાત પડી હશે કે સારાની સામે માઠુ અને માઠાની સામે સારુ એમ દ્વંદ્વધર્મવાળા પ્રાણી પદાર્થ અને સ્વભાવો જગતમા કર્યા હશે" એમ વિચારીને સુજન લોકો મોટો નિસાસો નાખી ગાલપર હાથ દઇ એક કોરે બેસી રહે છે કોઇને કોઇ પ્રાણી પદાર્થ અને સ્વભાવ સારો લાગે તથા કોઇને કોઇ પ્રાણી પદાર્થ તથા સ્વભાવ માઠો લાગે એવી ઘટમાળ તો મનુષ્યમા ચાલીજ આવે છે એટલે આ ઠીક અને આ અઠીક એવો નિશ્ચય નિરંતર રહી શક્તો નથી આમ છતા પણ જગતના હિતૈષી સત્વગુણી વિદ્વાનોએ પોતે પરીક્ષક બનીને પ્રાણી પદાર્થ તથા સ્વભાવ વિગેરેમા સારા માઠાનો ભેદ પાડી દેખાડેલ છે આ ભેદ વિદ્વાન લોકો જો ઇશ્વરે ભેદ પાડેલો છે તોજ પાડી શકે છે અને એ ભેદ પાડીને તેમાથી અનેકવિધ પ્રકારનો આપણને બોધ આપે છે જગતમા જનમંડળને વિષે આવી રીતે ચાલવુ તે લાભકારક કે યશકારક છે અને આવીરીતે ચાલવુ તે હાનિકારક કે અપયશ આપનારુ છે એ ઉપરના ભેદથીજ બુદ્ધિમાન વર્ગ સમજે છે કેટલાકને પરમ પદ પામ્યા સાભળીયે છિયે, કેટલાકને કીર્તિમંત સાભળિયે છિયે, કેટલાકને સરલ શાંત સ્વભાવવાળા સાભળિયે છિયે, કેટલાકને માન મેળવતા સાભળિયે છિયે, કેટલાકના નામ અજર અમર થઇ ગયાછે તે પણ માઠા ભેદની સામે કોઇ સારો ભેદ

છે ને ભેદને અંગીકાર કરી તેનું વર્તન થાય છે તેથીજ સાંભળીયે છિયે. અગ્નિની ઉષ્ણતાથી હીમની શીતતા અનુભવાય છે ને હીમની શીતતાથી અગ્નિની ઉષ્ણતા અનુભવાય છે, શૃંગારરસથી શાંતરસની સત્તા સમજાય છે અને શાંતરસથી શૃંગારરસની સત્તા સમજાય છે. સૂર્યના તાપથી ચંદ્રની શીતલતાનું માપ કરી શકાયછે અને ચંદ્રની શીતલતાથી સૂર્યના તાપની તીક્ષ્ણતાનું માપ કરી શકાય છે. જળની ઉત્પત્તિથી સ્થળનો ઉપયોગ જાણવામાં આવે છે અને સ્થળની ઉત્પત્તિથી જળનો ઉપયોગ જાણવામાં આવે છે, તેજના સમૂહથી અંધારાનો અવગુણ જાણવામાં આવે છે અને અંધારાના સમૂહથી અજવાળાનો ગુણ જાણવામાં આવે છે, હર્ષનો સમય પ્રાપ્ત થવાથી શોકનું સ્વરૂપ સમજાય છે, અને શોકનો સમય પ્રાપ્ત થવાથી હર્ષનું સ્વરૂપ સમજાય છે, રાગનો રંગ દ્વેષના દર્શનથી અંતરમાં ઓળખાય છે અને દ્વેષનો દોષ રાગના રંગથી ઓળખાય છે મીઠાશનો મહિમા કડવાશના અનુભવથી જણાય છે, અને કડવાશનો મહિમા મીઠાશના અનુભવથી જણાય છે. અમૃતનું મૂલ્ય હાલાહલ કરાવે છે અને હાલાહલનો ભયંકર સ્વભાવ અમૃત ઓળખાવે છે તૃપ્તિથી ભૂખની પીડા અનુભવાય છે અને ભૂખની પીડાથી તૃપ્તિનો આનંદ અનુભવાય છે. આવા એકબીજાથી વિરૂદ્ધ સ્વભાવના ગુણ સ્વભાવાદિક ઉત્પન્ન થવાથીજ આ ઉપયોગી છે, આ ઉપયોગી નથી, આ સારૂં છે, આ માઠું છે, ઇત્યાદિક વિચારથી લોકો પોતાનું લક્ષ સુમાર્ગે જોડે છે. ઇશ્વરનીજ એમ કરવાની પ્રથમથી ઇચ્છા હશે નહિ તો સ્ત્રી-પુરૂષ એવા ભેદની સૃષ્ટિજ શા માટે કરે. સર્પ વીંછીના ભયથી ઘરમાં સ્વચ્છતા રાખીયે છિયે ને ઉઘાડે પગે ફરતા નથી, ચોરની બીકથી માર્ગે ચાલતાં વળાવુ (સીપાઇ સાથે) રાખીયે છિયે, તેમજ માર્ગે ચાલતાં લાકડી વિગેરે સાધન પશુ આદિક બાધ ન કરે તેને માટે રાખીયે છિયે. એ બધું પોતાના સુખને માટે આપણે પોતાની મેળે નથી કરી શકતા પણ તે કરાવે છે તોજ કરી શકિયે છીયે. એક મહારાજા અસંખ્ય સેનાની તૈયારી કરી રાખી તેનું નિરંતર ખર્ચ ઉપાડે છે તે શામાટે? બીજા મહારાજા તરફથી પોતાના રાજ્યને પરાભવ થાય તો તે ન થવા દેવાને માટેજ. આ ઉપરથી એમ નક્કી થાય છે કે ઇશ્વરે એકબીજાથી વિરૂદ્ધ ગુણસ્વભાવના પદાર્થની ઉત્પત્તિ પોતાની તેમ કરવાની ઇચ્છાથી કરી છે અને તે અંતે ઉપયોગી છે એમ અનુભવથી જણાય છે. નાસ્તિકની ઉત્પત્તિ જગતમાં છે તો આસ્તિકની ઓળખાણ પડેછે અને આસ્તિકની ઉત્પત્તિ છે તો નાસ્તિકની ખબર પડે છે. એકનો આવિર્ભાવ થતો હોય તો બીજાના તિરોભાવની ખબર પડે છે અને એકનો તિરોભાવ થતો હોય તો બીજાના

આવિર્ભાવની ખબર પડે છે એકમા ગુણ હોય તો બીજાના દોષની ખબર પડે છે અને એકમા દોષ હોય તો બીજાના ગુણની ખબર પડે છે રાવણાદિક જેવા રાક્ષસો ન થયા હોત તો રામચદ્રજી જેવાના સુચરિત્રને કોણ સભારત? અને રામચદ્રજી જેવા ન થયા હોત તો રાવણાદિક જેવાને કોણ ધિક્કાર આપત? પ્રાણીમાત્રનો જન્મ થાયછે તો મૃત્યુનુ રૂપ સમજાયછે અને મૃત્યુ થાયછે તો જન્મનુ રૂપ સમજાયછે સ્વજનસયોગના અનુભવથી વિયોગદુખજન્ય તાપનુ આકરાપણુ જાણવામા આવે છે અને વિયોગદુખજન્ય તાપનો અનુભવ છે તો સયોગજન્યસુખનો આનદ ઓળખાય છે ઓળખાણ અનુભવ કે સમજણ એક વસ્તુની સામે તેથી વિરૂદ્ધ ગુણ સ્વભાવની વસ્તુ હોય તોજ પડે છે કાળ ન પડે તો સગાળ કેમ ઓળખાય અને સગાળ ન હોય તો કાળ કેમ ઓળખાય? આજે જો ઉતાવળી ચાલનારી આગબોટો અને આગગાડીયો થઇ છે તો ગાડાને અને ગાડીયોને ધીરી ચાલના આ પણ જાણીયે છીયે ગ્યાસના અને વિજળીના દીવા થયા છે તો તેલના દીવાને થોડા પ્રકાશના દીવા જાણીયે છીયે આમ સારી માઠી પરીક્ષા સામા પદાર્થ ઉપરથી થાય છે અને પછી ઇચ્છાપ્રમાણે અનુકૂળ હોય તે ગ્રહણ કરાય છે અનુકૂળતા પણ જાતિ ગુણ સ્વભાવ ઉપર આધાર રાખે છે પરતુ એટલુ તો ખરૂ કે સર્વ ગુણસ્વભાવવાળા પદાર્થો જગતમા ઉપયોગી છે અને તેથીજ નિર્માણ થયેલા છે ટાઢ તડકો અને વરસાદથી રક્ષણ થવા સારૂ રક હોઇએ તો ઝુપડા બધાવિયે છિયે અને લક્ષ્મીવાન હોઇએ તો અસખ્ય ધન ખરચી મેહેલ બધાવિયે છિયે તેના ઉપયોગની તેના ગુણની કે તેના મૂલ્યની તડકો ટાઢ કે વરસાદ ન હોય તો કેમ ખબર પડે? ખારા રસની ઉત્પત્તિ જો ન હોય તો મિઠા રસની મીઠાશનુ માપ શાથી થઇ શકે? આપ્રમાણે જો દુર્જનોની ઉત્પત્તિ હોયજ નહિ તો પછી સજ્જનોની પરીક્ષા શી રીતે થઇ શકે? પરીક્ષા તો શુ પણ સુજન શબ્દની ઉત્પત્તિ પણ સભવે નહિ પરમ દયાળુ પરમેશ્વરે એ કાઇ અલૌકિકજ ગોઠવણ કરી છે એમ સૂક્ષ્મદૃષ્ટિથી જણાય છે દુર્જનોથી લોકોને વિનાકારણે પણ ઘણુ ખમવુ પડે છે તેથી અત્યત દુખ થતુ હશે પરતુ તેવિષે એટલુ વિચારવાનુ છે કે એમ થવાથી પોતાના પાપનો ક્ષય થાય છે અને વિશેષમા આપણા ગુણની સહજમા પરીક્ષા થાય છે અને તેમ કદિ નહિ થયુ તો હજાર આખવાળો ઇશ્વર તેનો સાક્ષી છે આટલામાટે, દુર્જનોને સદૈવ આશીવાદ આપવો કે તેઓ સદૈવ કુશળ રહે દુર્જનોના દુખથી પીડાએલુ સુજન મનુષ્ય કુવાડેથી કપાયેલુ ચદન જેમ વધારે સુગધ આપે છે તેમ વધારે

સદ્‌ગુણી લાગે છે. શરાણ ઉપર ચડીને ઘસાયા વગર હીરા રત્ન વિગેરે ઝવેરાત ચળકતી નથી તેમ દુર્જનોરૂપ સરાણના ઝપાટા લાગ્યા વગર સજ્જનરૂપ ઝવેર ચળકતાં નથી. સજ્જનોની શરાણ ખરેખર દુર્જનોજ છે. જેમ જગતમાં રત્નોને મૂલ્યવાળાં કરવામાં શરાણનો ઉપયોગ છે તેમ સુજનોને મૂલ્યવાળા થવામાટે દુર્જનોનો ઉપયોગ પણ છે. એક અનુભવી વિદ્વાન તો પોતાના ગ્રંથારંભમાં દુર્જનને નમસ્કાર કરવારૂપ મંગળાચરણ કરે છે. તેનો ભાવાર્થ એવો જણાય છે કે સુજનને પ્રકાશ આપનાર પ્રથમ દુર્જન છે માટે તેનેજ નમવું જોઇએ. આ એક અલંકાર છે. આ ઉપરથી સમજવાનું એ છે કે દુર્જનોથી સુજનોને ઘણું ઘણું દુઃખ થાય છે અને સમયે મરણાંત સુધીની સ્થિતિ આવી જાય છે તોપણ સાર્વજનિક રીતે જોતાં સંસારમાં તે દુર્જનો પણ મોટા ઉપયોગની વસ્તુ છે. ભૂંડામાં ભૂંડો પ્રાણહર પદાર્થ ઝેર છે તો તે ઝેરનો પણ જગતમાં ઉપયોગ છે ત્યારે દુર્જનો તો મનુષ્ય પ્રાણી જેવી જાત છે તે ઉપયોગી કેમ ન હોય? તેઓ ગમે તેટલો વિરોધ કરે, ગમે તેટલું દુઃખ આપે તોપણ સુજનોએ તેને સદૈવ પોતાના પ્રકાશક ગણવા. અજવાળાનો પ્રકાશ જેમ અંધારાથી થાય છે તેન સજ્જનનો પ્રકાશ દુર્જનોથી થાય છે એ વાત લોકપ્રસિદ્ધજ છે.

આ ઉપરથી એમ જણાયુ કે દુર્જનો એ પણ અતિ ઉપયોગની વસ્તુ જગતમાં છે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ હોય, બ્રાહ્મણ હોય કે ક્ષત્રીય હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય. અમૂક જાતિમાં, અમૂક કુળમાં કે અમૂક ગોત્રમાંજ દુર્જન ઉત્પન્ન થાય છે એવો કાંઇ નિયમ નથી. પરંતુ ગમે તે કુળજાતિમાં દુર્જન થાય છે. કેટલુંક દુર્જનપણું સ્વાભાવિક ગણવામાં આવે છે અને કેટલુક કુસગથી થયેલું માનવામાં આવે છે. એકલા કુસંગથી પણ માનવાને અડચણ નથી. જ્યાં જેવો પ્રસંગ ત્યાં તેમ માનવું પડે છે. કુસંગથી સઘળી ખરાબી થાય છે એ વાત વધારે માન્ય કરવા જેવી છે અને એટલામાટેજ મહાન પુરૂષો સુજનોનો સંગ કરવાની ભળામણ કરી ગયા છે. દુર્જનો અતિ ઉપયોગી વસ્તુ છે માટે તે સમાગમ કરવા યોગ્ય કે અનુકરણ કરવા યોગ્ય છે એમ ન માનવું. તે ઉપયોગી માત્ર સુજન દુર્જનની પ્રતીતિ થવા જેટલા સંબંધમાંજ છે. શિવાય તે કાંઇપણ ઉપયોગી નથી કેમકે તેનાથી કોઇનું ભલું નથી થતું, જેને તેને તે પીડચા કરે છે અને એક હોય તો તેમાંથી વળી બીજા વધારે થાય છે. આમ છે તોપણ તેની ઉપર સમાનદૃષ્ટિ રાખવી; પરતુ તેનો પરિચય કે સહવાસ કરવો નહીં. કેમકે ભૂતની ભાઇબંધાઇમાં જીવનું જોખમ થવા જેવું છે.

દુર્જનોની પરીક્ષા શી રીતે થાય કે તેના સંગથી દૂર રહેવાય ? એવી શંકાનું સમાધાન એ છે કે, જગતમાં મનુષ્યોના ગુણસ્વભાવ વિચિત્ર હોવાથી કોઈ કોઈને દુર્જન લાગે અને કોઈ કોઈને સજ્જન લાગે એથી કોઈને મૂળ લોકોના વ્યવહારમાં સુજનો પણ કોઈ કોઈ કારણમાં દુર્જનોની ગણતીમાં આવી જાય છે આવો વિચિત્ર વ્યવહાર છે તોપણ સમજુ દુર્ગણીની ગંધ કાંઈ છાની રહેતી નથી એ વાત ઓળખવાને કાંઈ પ્રયત્ન કરવું પડતું નથી તેમજ દુર્જનો પગ પોતાના દુરાચરણથી એની મેળે બહાર પડે છે એ અનુભવસિદ્ધ વાત છે જગતમાં મનુ સુજન હોય એનો ભાગ ઘણોજ થોડો હોય છે મધ્યમ ભાગ તેથી વધારે અને દુર્જનનો ભાગ એથીપણ વધારે હોય છે, કેમકે સારૂ થવું એજ કઠણ છે નઠારા થતાં કાંઈ કઠણાઈ નથી ઘર બાંધતાં કેટલી વાર લાગે છે ? પણ તેજ ઘર જો પાડી નાખવું હોય તો કાંઈ વાર લાગતી નથી હવે તે ગમે તેમ હોય સમજવાનું એ છે કે સંસારમાં ઉપયોગી વસ્તુ દુર્જનની પણ ઘણી જરૂર છે એટલે તે કોઈ પ્રકારે અપમાનનું પાત્ર નથી પરંતુ તેના સંગથી પરિચયથી કે પ્રસંગથી દૂર રહેવામાટે સુજનોએ સાવચેતી રાખવી સાપ કે સર્પ ગમે તેવા રંગીન સ્વભાવના હોય તોપણ તેથી ડરવું જોઈએ તેમ દુર્જન ગમે તેવા રંગીન સ્વભાવનો હોય તોપણ તેથી ડરતા રહેવું જોઈએ એવાઓ અપરાધ કરે તો માફી લેવા, કેમકે એમ કરવું એ સુજનના ધર્મમાં સમાયેલું છે દુર્જનોએ કરેલા અપરાધનો બદલો વાળવાની પણ ઇચ્છા ન રાખવી, કેમકે હારવાપણું અપમાન, હાનિ એ સર્વ સુજનોને છે, દુર્જનોને નથી એટલામાટે એમના તો છેટેથી દર્શન કરી સદૈવ દૂરજ રહેવું વિશેષ સુખનો માર્ગ એ છે કે, આપણે સુજન તો સર્વ મનુષ્યો સુજનજ છે, એટલે પછી દુર્જન કોઈ છેજ નહિ પછી સારૂ માઠું શું રહ્યું ?

બે મિત્રના વિશ્વાસુપણાની વાત

લે ક ૧૧૦ ... ૧ ૮ ૨ ૫

એક નગરમાં બે બ્રાહ્મણ રહેતા હતા એ બ્રાહ્મણને પરસ્પર ગાઢ મિત્રાઈ હતી તે પ્રત્યેકને યોગ્ય અવસ્થાએ એકેક પુત્ર ઉત્પન્ન થયો એ પુત્રને પોતાના કુળસ્વભાવ પ્રમાણે એ બેય બ્રાહ્મણે ભણાવી ગણાવી કુશળ કર્યા પોતાના પિતા એકબીજાઉપર જે પ્રેમ અને પરિચય રાખતા તે ઉપરથી તેના છોકરાઓ પણ એકબીજા પરસ્પર પ્રેમથી વર્તવા લાગ્યા પોતાના પિતાની મિત્રાઈ કરતા આ બે જણની મિત્રાઈ મર્યાદાપૂર્વક વધવા માંડી એકબીજાનો

સ્વભાવ અને એકબીજાના ઉદ્દેશો સર્વ મળતા આવતા હતા. આવી રીતે પોતાના પુત્રો પરસ્પર મિત્રભાવથી વર્તે છે એમ જાણવામાં આવતાં તેના પિતાઓને પરમ સંતોષ થયો અને કાળેકરી છોકરાઓ યોગ્ય થતાં તેઓ સંતોષપૂર્વક મરણ પામ્યા. તેના છોકરાઓ તો પોતે પરસ્પર મિત્રભાવથી મોટાં મોટાં દુઃખ-સુખમાં ભાગ લેવા લાગ્યા. વર્તમાનકાળમાં જેમ મિત્ર કે દોસ્ત શબ્દ બોલાયો કે જાણે સ્ત્રીસબંધી ખાનગી વાતોનું પાત્રજ તે શબ્દ લેખાય છે અને ઘણું કરીને કેટલેક ઠેકાણે તેવુંજ હોય છે, પણ આ બે બ્રાહ્મણના પુત્રોને તેમ નહોતું. તેઓએ તો પોતાની મિત્રતાનો ઉપયોગ વ્યાવહારિક અને પારમાર્થિક મહાન કાર્યોમાં સહાયતા મેળવવામાં અને એકબીજાની અડચણ એકબીજાએ ભાગવાના કામમાંજ કર્યો હતો. આવી ઉત્તમ પ્રકારની મિત્રતાવાળા કેટલુ સુખ પામે છે તે બીજાથી જાણી શકાતુ નથી. એક સમયે એ બન્નેની મિત્રાઇનો છેડો આનવાના કારણ જેવુ બન્યુ. એ બન્ને મિત્ર તીર્થયાત્રા કરવાના મિશથી પરદેશમાં નીકળ્યા. ફરતાં ફરતાં કોઇ સરોવરને કાંઠે વડના ઝાડ નીચે બેય જણા આરામ લેવાને ઉતર્યા. એક જણ તો ત્યાંની સુંદર શીતલતાનેલીધે નિદ્રાવશ થયો અને બીજો જણ પીવાનું પાણી ભરી આવી પોતાના ઉતારાતરફ વળતો હતો, આટલા સમયમાં એક મોટો નાગ તેના જોવામાં આવ્યો કે જે પોતાના ઉતારાતરફ દોડયો જતો હતો. આવડો મોટો નાગ પોતાનો મિત્ર ઊંઘે છે તે તરફ જતો જોઇ હડી હાડીને લાકડી લઇ તેને આડો ફર્યો. આમ કરવાથી નાગ બીજી કોરે ભાગી જશે એવી તેના મનમાં ધારણા હતી પણ તેમ ન થયું નાગે તો ફણ ચડાવીને તેની સામે જોર કરવા માંડ્યુ તે ઉપરથી આ મિત્રના મનમાં એમ થયુ કે હવે તો તેને અહીંથી આની કોર જવા દેવાયજ કેમ? આ નાગ પણ ખસે નહિ અને આ બ્રાહ્મણનો છોકરો પણ આડોથી ખસે નહીં છેવટ નાગે મનુષ્યવાણીથી કહ્યું કે જે તારો મિત્ર ઊંઘે છે તેણે મને બહુ દુઃખ દીધું છે. માટે તેના ગળાનું લોહી પીધા પછી હું આંહીથી જાઇશ. આ બ્રાહ્મણના પુત્રે હિંમત રાખીને પોતે પોતાને કરડવા કહ્યુ પણ તેને ના કહી. છેવટ ઘણી આજીજી બ્રાહ્મણના છોકરાએ કરી ત્યારે નાગે કહ્યુ કે તેના ગળાનું લોહિ જો તુ પોતે કાઢી આપ તો તે ચાખીને પછી હુ પાછો જાઉં આ મિત્રે તો પ્રાણ બચાવવા માટે તે વાત માન્ય કરી. ઉતારે આવી પોતાના નિર્દોષ સ્થિતિમાં સુતેલા મિત્રની છાતીઉપર ચડીને હાથમાં પાળી લીધી. આ સમયે સુતેલા મિત્રની આંખ ઉઘડી ને જુવે છે તો શ્રમથી થાકી ગયેલા

મુખનાળો અને ઘણુંક આંખમાં પાણી આવતાં ગયાના પોતાનો મિત્ર ચોકી પાસે લઈને ગરતાપ બેઠો જોયો જોતાંવેંત પાછો તણે આંખ વાંચો ... ધા તને જાગતા ... થઈ છે, તું થાકી કેમ ગયો આંખમાં પાણી કેમ આવે છે અને પાછો નહિને શરીરે કેમ બેઠો છે તણે જણાવ્યું કે ગ મારા છાતી ઉપર કાંઇ પણ ... ગ મમમાટે બેઠો હશે આ મ વીંચ્યાનો લાગ જોઇ હળવેથી તેના મિત્રે તેના ગળાની ઉપરની ચામડામાંથી ગોળો કાઢીને સર્પ આગળ નાખ્યું ત ગોટો સર્પ ખાનનો થયો આ પ્રમાણે સર્પ પાછો વળતા પેના મિત્રને થાક ઉતરી ગયો અને પ્રકૃતિ સ્વસ્થ થઈ ગએ પાણીના ... લાગેલાં તેન ... કર્યો ત્યાં ખ ...રે હું નીકળી ગયું જાગતો મિત્ર તો ... ભયની શંકાથી વિચાર કરતો બેઠો હતો ત્યાં ઊંઘનો મિત્ર એ તણ કનાકે આળસ મરડીને બેઠો થયો પોતાની ડોકે હાથ ફેરવ્યો ત્યાં ખરે હું વગેર લાગ્યું, પણ પોતે કાંઇ બોલ્યો નહિ ને પછી તે સ્થ ઊભા થઈ ચાલતા થયા

એક વહાણે ફરતાં ફરતાં બનેજણા એક નદીને કિનારે મધ્યાહ્ને સ્નાન કરવા બેઠા તે સમયે પેના ઊંઘનારા મિત્ર પોતાને ગળે હાથ ફેરવતા ત્યાં સુનાએના ધાતુ ભીગડું હાથમાં આવ્યું આ ... મિત્રે તેને પુછ્યું કે એ શું છે? ત્યારે તેણે જવાબ દીધો કે તમે જાઓ ... જાગનાર મિત્રે પુછ્યું કે તમારી છાતી ઉપર હું ચડી બેઠો હતો તે ખબર છે? ... જાગનાર મિત્રે પુછ્યું છાતીઉપર ઉઘાડી ... બેઠો અને ગળું ... તૈયાર થયેલો મને જોયા છતાં તને કેમ શંકા ન આવી? ઊંઘનારાએ જવાબ દીધો કે ને તને જોયો નિત જોયું તના ... હેતુ જોયો હતો મને એમ લાગ્યું કે એ જે કંઇ છે તે મારા હિતનું છે, એમ જાણી હું આંખ્યો મીંચી ગયો અને થયું પણ તેમજ છે એમ મને નિશ્ચય છે જાગનાર મિત્રે આંખમાં જળ ... લાવી કહ્યું મિત્ર! જેમ તને ઇશ્વરે પ્રાણી મુક્યો તેમજ છે આટલું કહી સર્પની સઘળી હકીગત કહી સંભળાવી જે ઉપરથી પેલો ઊંઘનારો મિત્ર જન્મસુધી પોતાના ચતુરમિત્રનો આભારી રહ્યા આવી જાતિના પરિચય જગતમાં બંધાય તો શું શું કામ ન થઇ શકે? એ ... પૃથ્વીને પણ ઉથલાવી નાખી શકાય તો ગને, પણ આવા પરિચયના મનુષ્યો જગતમાં વિરલજ મળે છે એક બાળમિત્રનો કેટલો વિશ્વાસ અને તેની કેટલી વીરતા!! આવા માણસો જગતમાં હોય તો તને ધન્ય છે

યુગ વિષે.

સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ, આવાં નામ આપણે ઘણીવાર વાંચ્યા અને સાંભળ્યાં છે. એ યુગો ગાડાના પૈડાની પેઠે ફર્યા કરે છે એટલે એનાએ નામના યુગો અનુક્રમે આવ્યા કરે છે. (સત્યયુગનું પ્રમાણ ૧૭૨૮૦૦૦ નું. ત્રેતાનું પ્રમાણ ૧૨૯૬૦૦૦ નું, દ્વાપરનું પ્રમાણ ૮૬૪૦૦૦ નું, અને કલિનું પ્રમાણ ૪૩૨૦૦૦ નું કેહેવાય છે*) તે તે યુગના ધર્મપ્રમાણે લોકોની વૃત્તિયોપણ ફરતી જાય છે. આ એક ઐશ્વરી માયાનો વિચિત્ર ખેલ છે કે જેનો વિચાર કરતાં મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર સ્તબ્ધ બની જાય છે.

સત્યયુગમાં સત્ય, દયા, તપ અને અભયદાન, એ ચાર પાયાવાળો ધર્મ પ્રવર્તે છે.' તે યુગના ઘણા ખરા લોકો સંતોષી, દયાળુ, સર્વ પ્રાણિઓના મિત્રસરખા, શાંત, જીતેંદ્રિય, દુ:ખાદિકનું સહન કરનારા, આત્મારામ, સમદૃષ્ટિવાળા અને આત્મજ્ઞાનનો પરિશ્રમ કરનારા હોય છે.

ત્રેતાયુગમાં મિથ્યા ભાષણ, હિંસા, અસંતોષ, અને કજિઓ, એ ચાર અધર્મના પાયાઓનેલીધે ધીરે ધીરે ધર્મના ચાર પાયામાંથી ચોથો ચોથો ભાગ ઓછો થવા માંડે છે. તે યુગના લોકો ઘણાખરા ક્રિયા અને તપમાં નિષ્ઠાવાળા, ઘણી હિંસા નહિ કરનારા, વિષયોમાં અલંપટ. ધર્મ અર્થ ને કામ સુખમાં લાગેલા, અને જેઓમાં બ્રાહ્મણો સર્વોત્તમ ગણાય છે એવા હોય છે.

દ્વાપરયુગમાં અસંતોષ, હિંસા, મિથ્યા ભાષણ અને દ્વેષ, એ ચાર અધર્મના પાયાનેલીધે તપ, દયા, સત્ય અને દાન એ ચાર ધર્મના પાયામાંથી અરધો અરધો ભાગ ક્ષીણ થાય છે. તે યુગના લોકો ઘણા ખરા, યશસ્વી, મોટા ગ્રહસ્થ, વેદ ભણવામાં પ્રીતિવાળા, ધનવાળા, કુટુંબી, આનંદવાળા, અને જેઓમાં ક્ષત્રીઓ તથા બ્રાહ્મણો ઉત્તમ ગણાય છે એવા હોય છે.

કલિયુગમાં અધર્મના પાયાઓ વધવાનેલીધે ધર્મના પાયાઓનો ચોથો ભાગ અવશેષ રહે છે. અને અંતે તે પણ ક્ષીણ થતાં નાશ પામે છે. તે યુગના લોકો ઘણાખરા લોભી, દુરાચરણી, નિર્દય, વૃથા વૈરવાળા, દુર્ભાગ્ય, ઘણી તૃષ્ણાવાળા, અને જેઓમાં શૂદ્ર તથા દાસ લોકો ઉત્તમ ગણાય એવા હોય છે.

---

* ૪૯૯૯ વર્ષ કલિયુગના ગયાને બાકી જવાના છે એમ કેહેવાય છે ૧ ક્યાંઇ એમપણ લખ્યું છે કે ધર્મના તપ, પવિત્રતા, દયા તથા સત્ય એ ચાર પગ છે (ગર્વ, આસક્તિ, અને મદરૂપ અધર્મના પાયાથી પ્રત્યેક યુગમા ધર્મનો એકેક પાયો નાશ થતા ધર્મનો એક પાયો સત્ય રહે છે. તે પણ છેવટ કલિમા નાશ થાય છે.)

સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પુરૂષમાં દેખાય છે અને તેઓ કાળની ગતિનેલીધે ચિત્તમાં ફર્યા કરે છે જ્યારે મન, બુદ્ધિ અને ઇંદ્રિયો સત્વગુણમાં બહુજ વર્તે ત્યારે સત્યયુગ જાણવો કે જેથી જ્ઞાન અને તપમાં રૂચિ થાય છે જ્યારે પ્રાણીઓને સકામ કર્માદિકમાં પ્રીતે થાય ત્યારે રજોગુણપ્રવૃત્તિવાળો ત્રેતાયુગ જાણવો જ્યારે લોકોને લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર, અને સકામ કર્મોમાં પ્રીતિ થાય ત્યારે રજોગુણ તથા તમોગુણની પ્રધાનતાવાળો દ્વાપર યુગ જાણવો જ્યારે લોકોમાં કપટ, મિથ્યાભાષણ, આલસ્ય, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય, અને દીનતા થાય ત્યારે તમોગુણની પ્રધાનતાવાળો કલિયુગ જાણવો

આ પ્રમાણે પ્રાચીન વિદ્વાનો લખી ગયા તે ઉપરથી આપણે સમજી શકીયે છિયે કે ટાઢ પડે તે સમયે શીયાળો હોવો જોઇએ અને શીયાળાનુ સ્વરૂપ ટાઢ છે તાપ અને ઘામ લાગે ત્યારે ઉનાળો હોવો જોઇએ અને ઉનાળાનુ સ્વરૂપ તાપ અને ઘામ છે વરસાદ વરસે ત્યારે ચોમાસુ હોવુ જોઇએ અને વરસાદ એ ચોમાસાનુ સ્વરૂપ છે આ રીતિ પ્રમાણે સત્યયુગ આદિના, સ્વભાવથી થયેલા ધર્મો છે, તે ધર્મો તે તે યુગનુ સ્વરૂપ છે અને પ્રત્યેક યુગમા તે તે યુગના ધર્મની પ્રવૃત્તિ થવીજ જોઇએ શીતકાળ વગેરેનુ આવાગમન જેમ સૂર્યની ગતિ ઉપર છે તેમ સત્યયુગ વગેરે યુગોનુ આવાગમન મહાસમર્થ કાળના ચાલતા પ્રવાહ ઉપર છે યુગ વગેરેની ગણતરી કરવાનું તો મુખ્ય સાધન ભગવાન સૂર્યનારાયણજ છે; એની ગતિથી જેમ દિવસ આદિની ગણતરી થાય છે તેમ યુગની પણ થાય છે સર્વે ઋતુઓમા જેમ હીન મિથ્યા કે અતિયોગ કાળના વિચિત્ર મહિમાથી થાય છે તેમ યુગધર્મોમા પણ તેમ થવાનો સંભવ છે સત્યયુગમા સત્ય, દયા, તપ અને અભયદાન એ સંપૂર્ણ રીતે હોય છે, ત્રેતાયુગમા તેમાથી ચોથો ભાગ ઓછો થાય છે, દ્વાપરમા અર્ધો ભાગ ઓછો થાય છે અને કલિયુગમા પોણો ભાગ ઓછો થાય છે અને જે ચોથો ભાગ બાકી રહે છે તે પણ ક્રમે ક્રમે લોપ થઇ જાય છે એટલે ધર્મ ક્યાંઇ જોવામાજ આવતો નથી ત્રેતામા પા ભાગ અધર્મ પેસે, દ્વાપરમા અરધો ભાગ પેસે, અને *કલિયુગમા પોણો ભાગ પેસતા આખોય અધર્મ પેસી જાય છે જે જે યુગમા જેટલો અધર્મ અને જેટલો ધર્મ

---

* કલિયુગમા મોટો ગુણ એ છે કે ભગવાનનુ કીર્તન કરવાથી મનુષ્ય બંધનમાથી છુટી પરમ પદ પામે છે સત્યયુગમા ભગવાનનું ધ્યાન કરવાથી, ત્રેતામા યજ્ઞોવડે પૂજન કરવાથી અને દ્વાપરમાં સેવન કરવાથી જે ફળ થાય છે તે ફળ કલિયુગમા કીર્તન કરવાથી થાય છે

તે તે યુગમાં તેટલાં દુરાચરણ અને તેટલાં સદાચરણ લોકોમાં હોય છે. યુગનું અનુમાન અથવા પરીક્ષા લોકોની વૃત્તિ ઉપર રહી છે અને લોકોની વૃત્તિગુણની પ્રબળતા ઉપર રહી છે. જે કાળમાં સત્વગુણની પ્રબળતા હોવાથી જ્ઞાન અને તપ વિગેરેમાં સર્વની પ્રવૃત્તિ થતાં સત્ય. દયા. શાંતિ. શ્રદ્ધા. તિતિક્ષા. સમાનદૃષ્ટિ, જીતેંદ્રિયપણુ ચારે કોરે જોવામાં આવે છે. તે કાળ સત્યયુગરૂપ હોય છે.
(અપૂર્ણ)

शेठजी ठा. रतनसी खींमजीनो स्वर्गवास.

આ ખેદકારક ખબર ગયા અંકમાં અમે આપી ગયા છિયે.

ભાટીયા ગૃહસ્થ શેઠ રતનશી ૧૯૦૧ ની શાલના પોષ વદી ૮ શુકરવારે જન્મ્યા હતા. તેમણે પોતાના પિતાની છાયામાં રહી વિદ્યા અને વ્યાપારસંબંધી ઉત્તમ પ્રકારનું જ્ઞાન મેળવ્યું હતું. પોતાના પિતા ખીમજી ઓધવજી જ્યારે ૧૯૩૨ ની શાલના જેઠ માસમાં સ્વર્ગવાસી થયા ત્યારથી પોતે પોતાના પિતાનો ધંધો માથે ઉપાડી લીધો. તે પેહેલાંપણ પોતાના ભાઇઓ સહિત પોતે પોતાના પિતાને સારો સંતોષ ઉપજાવ્યો હતો. અને ૧૯૩૧ ની શાલથી તો તમામ કામ કાજ પોતે ઉપાડી લીધું હતુ. ખીમજી શેઠ ઘણા કુશળ અને ભલા સ્વભાવના ગૃહસ્થ હતા. તેમની પ્રજા એ પ્રમાણે ઉત્તમ પ્રકારની થવી જોઇએ શેઠ રતનશીએ પોતાની ચાલાકીથી સર્વમાં સારૂ માન મેળવ્યું હતુ. તેઓ ૧૯૪૩ ના આશુ વદી ૧૧ ને રોજ આશરે ૪૨ વર્ષની નાની ઉંમરે સ્વર્ગવાસી થવાથી એમનાં કુટુંબને મોટી હાની થઇ છે. તેઓ સ્વભાવે માયાળુ અને નરમતાવાળા હતા. તેમના કુટુંબનો સંપ જોઇ લોકો તારીફ કરે છે. ધર્મ ઉપર એમને સારો આદર હતો. અને પોતાના યોગ્યતાથી હિંદુસ્થાન-વેસ્ટર્ન મીલોમાં ભાગીયા થયા હતા. સવત ૧૯૧૯ ની શાલમાં તથા ૧૯૩૨ની શાલમાં જાત્રા કરી આવ્યા હતા. માધુપુરમાં ૧૯૩૯ ની શાલથી નવુ સદાવ્રત એમણે ચાલુ કરેલુ છે. પોરબંદરમાં પણ ઘણા વર્ષથી એમનું સદાવ્રત ચાલે છે. એઓ પોતાની પાછળ પોતાના પાંચ ભાઇ તથા એક પુત્ર તથા ૪ પુત્રીને મેલી ગયા છે.

કાળની ગતિ વિચિત્ર છે અને દૈવના કર્તવ્યની ખબર પડતી નથી. માટે હવે ધૈર્ય ધરી તેમના કલ્યાણમાં મન જોડવું અને તેના ગુણ સંભારી આંસુ પાડવાં એ શિવાય કશુ બની શકે તેમ ન હોવાથી એમના કુટુંબને અનેક સદ્વિચારમાં મન વાળવા ભલામણ કરિયે છિયે.

सोभाग्यवती जयाकुवर व्हेनो स्वर्गवास

લખવાને ખેદ ઉપજે છે કે બાઈ જયાકુવર પોતાની ૨૧ વર્ષની નાની અવસ્થાએ વાગા દિવસના મંદવાડથી ૧૯૪૪ના ફાગણ વદી ૧૦ ગુરુવારે રાતના ૧૨ વાગે સ્વર્ગવાસ કર્યા છે.

વૈ. જય જટાશંકર વિઠલજીને ઘેર આ બાઈ ૧૯૨૨ ની સાલમાં જામનગરમાં જન્મ્યા હતાં. માતાપિતાની ઉત્કંઠાને લીધે તે બાઈએ ગુજરાતી શાળામાં ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારપછી વૈ. રાજ પ્રભુરામ જીવનરામના પુત્ર રા. પોપટ પ્રભુરામની સાથે સં. ૧૯૩૪ માં મુંબઈમાં વિવાહ થયો હતો. વિવાહ થયા પછી પણ તેમણે વાંચન વિગેરેમાં પોતાનું જ્ઞાન વધાર્યું હતું એટલું જ નહિ પણ ગુણવતા નમ્રતા માયાળુપણું વિવેકીપણું વિગેરે સદ્ગુણો વડે તેઓ પિયરમાં અને સાસરામાં માન પામ્યા હતા. જે તેના સ્મરણથી જણાતું છે તે તેમના ગુણની બહુ તારીફ કરે છે. એમના જવાથી એમના સાસરા તથા પિયરને જે ખોટ પડી છે તે પુરાય તેવી નથી. ઈશ્વરની ગતિ વિચિત્ર અદ્ભુત છે. સારું નરસું નાનું મોટું કે રાજા રંકનો કાળને હિસાબ નથી એટલે એ નિયમમાં જે શોક એ કરવો તે વૃથા છે. મનુષ્યથી બની શકે તો માત્ર એટલુંજ કર્તવ્ય છે કે તેમના શુભ સભાગ્તા તેમના કલ્યાણના કાર્યમાં મન જોડવું અને મદિરાથી મનને સન્માર્ગે વાળવું.

एक सभानो रिपोर्ट

જામનગર શ્રી સદ્ધર્મબોધક સભાનો ૧૮૮૬-૮૭ નો રિપોર્ટ પહોંચ્યો. તે ઉપર વિચાર કરતા પ્રતિદિવસ એ સભાના સારું કામ ચાલતું જણાય છે. લગભગ ત્રણ વર્ષ થયાં એ સભા સ્થપાઈ છે અને તે સભામાં દિવસોદિવસ ટકી રહેવાની અમે ઉત્કંઠા રાખિયે છિયે.

રીપોર્ટમાં એક શ્રી નીતિની વર્તે એવો સભાનો હેતુ જણાવે છે દર બુધવારે એટલે આઠ આઠ દિવસે મેળા પાંચ વાગાસુધી ન સભા ભરાવાનો નિયમ જણાવે છે, પ્રાચીન આખ્યાનો અને તત્વ વિગેરે જોડતી મેળવણી સહિત ભાષણ કરવાના વિષયો જણાવે છે, તેઓને સંતોષ ઠીક આપી શકાય એવું પ્રયોજન આ પ્રમાણે પણ કરવાનું કારણ જણાવે છે, અને જ્યાંસુધી આ કો[illegible] ભાષણ કરનાર

નથી ત્યાંસુધી પોતે ભાષણ કરે છે એવું જણાવે છે. તેમાં પ્રથમના કરતાં સંખ્યામાં કાંઇક ઘટાડા શિવાય બાકી કામ પ્રથમ પ્રમાણેજ ચાલ્યું આવ્યું જણાય છે.

વિચારી જોતાં એ સભાના સ્થાપનાર રા. શંકરલાલ જેઠાભાઇને ઘણું માન ઘટે છે. તેઓ આ કામમાં ઘણીકાળજીથી રાતદિવસ મેહનત કરે છે અને એની મેહનતથીજ આ સભા આજસુધી કાયમ રહીને પ્રસિદ્ધિ પામી છે. એમનેએમ આ કામ ચાલુ રહેવા માટે અમે અંતઃકરણથી ઇચ્છિયે છિયે. સ્ત્રીસુધારણા એજ દેશસુધારણાનો મૂળ પાયો છે. હવે તે કેવી રીતે કયા પ્રમાણ ઉપર અને કેટલા અધિકારસુધી થવી જોઇએ એ વિષે પ્રત્યેકના ઘણું કરી ભીન્ન ભીન્ન મત પડે છે તોપણ કાળેકરીને જે સમયે જેમ બની આવે તે સમયે તેમ તેવી ઇશ્વરેચ્છાથી તે અનુકૂળજ માનવું જોઇએ.

આ સભા અમે પ્રત્યક્ષ પણ જોઇને ઘણો સતોષ પામ્યા છિયે તે ઉપરથી કહી શકિયે છિયે કે મેહેતાજી રા. શકંરલાલનું એ વિષે અત્યંત અપૂર્વ પ્રયત્ન છે કે જેનો જામનગરની પ્રજાએ મોટો ઉપકાર માનવો જોઇએ.

વેદધર્મસભાને બક્ષીસ.

રા. રા. વૈદ્ય પ્રભુરામ જીવનરામે પોતાના નાના પુત્ર રા. પોપટનાં ૨ સૌભાગ્યવતી જયાકુવરનો સ્વર્ગવાસ થતાં તેની પાછળ ધર્મ પ્રીત્યર્થ રૂા. ૧ દસ વેદધર્મસભાના અનામત ધર્માઉ ફંડમાં બક્ષીસ આપ્યા છે.

પદ.

(રાગ ઝીંઝોટી વગેરે તાલ દાદરો)

પ્રણતપાલ આપ એક, શરણ છો અમારૂં,
ધરણીધર ધરતીપર, અન્ય હું ન ધારૂં;— પ્રણ૦
ધન જન તન ધામ ધરા, નોબત નગારૂ,
પુત્ર મિત્ર કે કલત્ર, સર્વ છે તમારૂ;— પ્રણ૦
આ ભવાબ્ધિમાં અનાદિ, ઇશ હું ઉતારૂ,
કર્ણધાર આપ એક, કેમ હું વિસારૂં;— પ્રણ૦
સંકટ સહુ દૂર જાય, થાય સર્વ સારૂં,
ચપલાપતિ ચિત્તમાં ન, એ વિના વિચારૂં;—પ્રણ૦
માનવતનરૂપ કોહિનૂર હું નહારૂં,
કમલાપતિ કેશવ છે, એ અભિષ્ટ મારૂં — પ્રણ૦



आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મુ | પોષ સંવત્ ૧૯૮૪ | અંક ૩ જો

॥ यतोधर्मस्ततोजय ॥

अपरोक्षानुभूति

(અંક ૧ પાને ૨૦ થી)

એ પ્રમાણે આત્માને દેહથી જુદો પાડવાથી દેહનું અનાત્માપણું બતાવ્યું, પ્રસિદ્ધ રીતે દેહભેદનું અસત્યપણું એટલે આત્માની સત્તા વિના બીજી સત્તા રહિતપણું કહેવાય છે

[1] चैतन्यस्यैकरूपत्वाद्भेदो युक्तो न कर्हिचित् ।
जीवत्वं च मृषा ज्ञेयं रज्जौ सर्पग्रहो यथा ॥ ४३ ॥

ચૈતન્ય એકરૂપ છે માટે કોઈપણ અવસ્થામાં તેનો ભેદ સંભવતો નથી અને જીવપણું પણ દોરીમાં સર્પની ભ્રાંતિનીપેઠે ખોટુંજ જાણવું

[2] रज्ज्वज्ञानात्क्षणेनैव यद्वद्रज्जुर्हि सर्पिणी ।
भाति तद्वच्चितिः साक्षाद्विश्वाकारेण केवला ॥ ४४ ॥

દોરી છે એવું જ્ઞાન ન થવાથી ક્ષણમાત્રમાંજ જેમ દોરી સાપણરૂપ જણાય છે તેમ અજ્ઞાનથી સાક્ષાત્ કેવળ ચૈતન્ય પ્રપંચને આકારે ભાસે છે

[3] उपादानं प्रपञ्चस्य ब्रह्मणोऽन्यन्न विद्यते ।
तस्मात्सर्वप्रपञ्चोऽयं ब्रह्मैवास्ति न चेतरत् ॥ ४५ ॥

બ્રહ્મથી બીજું પ્રપંચનું ઉપાદાન કારણ નથી માટે આ સર્વ પ્રપંચ બ્રહ્મજ છે બીજું કંઈ નથી

[4] व्याप्यव्यापकता मिथ्या सर्वमात्मेति शासनात् ।
इति ज्ञाते परे तत्त्वे भेदस्यावसरः कुतः ॥ ४६ ॥

વ્યાપક અને વ્યાપ્યપણું મિથ્યા છે અને સર્વ આ બ્રહ્મ છે એમ શ્રુતિ પણ કહે છે માટે એ પ્રમાણે પરમ તત્ત્વ જાણ્યું એટલે ભેદ કરવાનો અવકાશજ ક્યાં છે

---

૧ દેહભેદનું અસત્યપણું ૨ નિત્તિનું નિરૂપણ ૩ દોરીના ઉપાદાન કારણ ... ૪ પ્રપંચનું ઉપાદાન કારણ બ્રહ્મ ભેદનું મિથ્યાપણું

श्रुत्या निवारितं नूनं नानात्वं स्वमुखेन हि ।
कथं भासो भवेदन्यः स्थिते चाद्वयकारणे ॥ ४७ ॥

શ્રુતિએ પોતાને મુખે નાનાપ્રકારપણું નક્કી નથી એમ કહ્યું છે ત્યારે અભિન્નનિમિત્તોપાદાનકારણરૂપ બ્રહ્મ છે ત્યાં આ બહાર ને આ અંતર એવો આભાસ કેમ હોય ?

[1] दोषोपि विहितः श्रुत्या मृत्योर्मृत्युं स गच्छति ।
इह पश्यति नानात्वं मायया वंचितो नरः ॥ ४८ ॥

શ્રુતિયે દોષ પણ કહ્યો છે કે જે બ્રહ્મમાં નાનાપ્રકારનો ભેદ જુએ છે તે માયાથી છેતરાયેલો માણસ જન્મમરણ પામ્યા કરે છે.

[2] ब्रह्मणः सर्वभूतानि जायंते परमात्मनः ।
तस्मादेतानि ब्रह्मैव भवंतीत्यवधारयेत् ॥ ४९ ॥

પરમાત્મા બ્રહ્મથકી સર્વ ભૂત ઉત્પન્ન થાય છે. માટે એ ભૂત પ્રાણીમાત્ર બ્રહ્મરૂપ છે એમ જાણવું.

ब्रह्मैव सर्व नामानि रूपाणि विविधानि च ।
कर्माण्यपि समग्राणि बिभर्त्तीति श्रुतिर्जगौ ॥ ५० ॥

અનેક નામ રૂપ અને કર્મ એ સઘળાંને બ્રહ્મજ ધારણ કરે છે, એમ શ્રુતિએ કહ્યું છે.

सुवर्णाज्जायमानस्य सुवर्णत्वं च शाश्वतं ।
ब्रह्मणो जायमानस्य ब्रह्मत्वं च तथा भवेत् ॥ ५१ ॥

સુવર્ણથકી થયેલા પદાર્થનું સુવર્ણપણું નિરંતર છે તેમ બ્રહ્મથી થનારાં જગતનું બ્રહ્મપણું નિરંતર છે.

[3] स्वल्पमप्यंतरं कृत्वा जीवात्मपरमात्मनोः ।
यः संतिष्ठति मूढात्मा भयं तस्याभिभाषितं ॥ ५२ ॥

જીવાત્મા અને પરમાત્મામાં જરાપણ ભેદ કલ્પીને જે મૂઢાત્મા રહે છે, તેને શ્રુતિએ ભય એટલે જન્મમરણ થવાનું કહેલું છે.

[4] यत्राज्ञानाद्भवेद्द्वैतं इतरस्तत्र पश्यति ।
आत्मत्वेन यदा सर्वं नेतरस्तत्र चाण्वपि ॥ ५३ ॥

---

૧ ભેદ જોનારને દોષ ૨ સર્વનું બ્રહ્મરૂપે નિરૂપણ નાનુ શ્લોકથી ૩ ભેદ દર્શીને ભય ૪ અવસ્થાભેદથી દ્વૈતાદ્વૈતનું એક અધિકરણ

જે અવસ્થામાં અજ્ઞાનવડે દ્વૈત ભાસે તે અવસ્થામા પોતાને અને આત્માને જુદો દેખે છે અને જે અવસ્થામા આત્મરૂપપણે સર્વ ભાસે તે અવસ્થામા આત્માથી જુદુ જરાપણ કાંઈ દેખતો નથી

[1] यस्मिन्सर्वाणि भूतानि ह्यात्मत्वेन विजानत ।
न वै तस्य भवेन्मोहो न च शोकोऽद्वितीयत ॥ ५४ ॥

જે જ્ઞાનકાળમા સર્વભૂત પ્રાણીમાત્રને જે આત્મારૂપ જાણે છે, તે જ્ઞાન કાળમા તે અધિકારીને અદ્વૈતપણુ હોવાથી શોક કે મોહ થાય નહી

[2] अयमात्मा हि ब्रह्मैव सर्वात्मकतया स्थित ।
इति निर्धारित श्रुत्या बृहदारण्यसस्थया ॥ ५५ ॥

સર્વાત્મકપણાથી રહેનો આ આત્મા બ્રહ્મજ છે એમ બૃહદારણ્યકની શ્રુતિએ સૌ જાણે તેમ કહ્યુ છે

[3] अनुभूतोप्ययं लोको व्यवहारक्षमोपि सन् ।
असद्रूपो यथा स्वप्न उत्तरक्षणबाधत ॥ ५६ ॥

આ પ્રપચ અનુભવમા આવેનો છે અને વ્યવહારમા પણ સમર્થ છે તોપણ જ્ઞાનકાળમા તે ટળી જાય છે માટે તે સ્વપ્નની પેઠે જુઠો છે

[4] स्वप्नो जागरणेऽलीक स्वप्नेपि जागरो नहि ।
द्वयमेव लये नास्ति लयोपि ह्युभयोर्न च ॥ ५७ ॥

જાગરણ અવસ્થામા સ્વપ્ન અવસ્થા મિથ્યા છે (નથી), સ્વપ્ન અવસ્થામા જાગરણ અવસ્થા નથી, સુષુપ્તિ અવસ્થામા જાગ્રત અને સ્વપ્ન બેય નથી તેમજ સુષુપ્તિ અવસ્થા પણ જાગ્રતઅવસ્થામા અને સ્વપ્ન અવસ્થામા નથી

त्रयमेव भवेन्मिथ्या गुणत्रयविनिर्मित ।
अस्य द्रष्टा गुणातीतो नित्य ह्येकश्चिदात्मक ॥ ५८ ॥

એ ત્રણે અવસ્થા એ પ્રમાણે ત્રણગુણથી એટલે માયાથી કલ્પાયેલી હોવાથી મિથ્યા છે અને એ અવસ્થાનો દ્રષ્ટા ગુણ થકી પર, નિત્ય, એક અને ચૈતન્યરૂપ સત્ય છે

[5] यद्वन्मृदि घटभ्रान्ति शुक्तौ वा रजतस्थिति ।
तद्वद्ब्रह्मणि जीवत्व वीक्ष्यमाणे न पश्यति ॥ ५९ ॥

૧ અદ્વૈતજ્ઞાનની સીમાનો સભાર ૨ શ્રુતિની સિદ્ધ આત્માનુ બ્રહ્મપણુ ૩ પ્રપચનુ અસત્યપણુ ૪ અવસ્થાનુ મિથ્યાપણુ અને આત્માનુ નિત્યપણુ એ શ્લોકથી ૫ જીવપણુ બ્રહ્મમા કલ્પિત

જેમ માટીમાં ઘડાની કલ્પના કરે છે. અને છીપમાં રૂપાની ભ્રાંતિ કરે છે તેમ બ્રહ્મમાં જીવપણું કલ્પેલુ છે. પણ માટીનું અને છીપનું ખરૂ જ્ઞાન થવાથી ઘડાપણું અને રૂપાપણુ દેખાતુ નથી તેમ બ્રહ્મ સાક્ષાત્કાર થવાથી જીવપણુ દેખાતું નથી.

यथा मृदि घटो नाम कनके कुंडलाभिधा ।
शूक्तौ हि रजतख्याति र्जीवशब्दस्तथापरे ॥ ६० ॥

જેમ માટીમાં ઘડો એવુ નામ કલ્પેલુ છે, સોનાનાં કુંડળ એવું નામ કલ્પેલું છે, અને છીપમાં રૂપું એવું નામ કલ્પેલું છે. તેમ જીવ શબ્દ પરબ્રહ્મનેવિષે કલ્પેલો છે.

[1] यथैव व्योम्नि नीलत्वं यथा नीरं मरुस्थले ।
पुरुषत्वं यथा स्थाणौ तद्वद्विश्वं चिदात्मनि ॥ ६१ ॥

જેમ આકાશમાં કાળાશ. જેમ ખારી જમીનમાં પાણી, અને જેમ થાભલામાં માણસપણું નામમાત્ર છે તેમ ચૈતન્ય આત્માનેવિષે જગત નામમાત્ર છે.

यथैव शून्ये वैतालो गंधर्वाणां पुरं यथा ।
यथाकाशे द्विचंद्रत्वं तद्वत्सत्ये जगत्स्थितिः ॥ ६२ ॥

જેમ ઉજડ જગામાં ભૂતાદિક, જેમ ગંધર્વનગર અને જેમ આકાશમાં બે ચંદ્રમાંનું દેખાવું કેહેવામાત્ર છે તેમ સત્યરૂપ બ્રહ્મમાં જગત્ કેહેવામાત્ર છે.

(અપૂર્ણ)

યુગવિષે.

જે કાળમાં રજોગુણની પ્રબળતા હોવાથી સર્વની પ્રવૃત્તિ સકામકર્માદિમાં થતાં, કાંઇક નિર્દયતા. ક્રિયામાં અને તપમાં નિષ્ઠા, ધર્મ અર્થ અને કામસુખમાં પ્રીતિ, અને બ્રાહ્મણની ઉત્તમતા ચારે કોર જોવામાં આવે છે તે કાળ ત્રેતાયુગરૂપ હોય છે. જે કાળમાં તમોગુણની પ્રબળતા હોવાથી સર્વની પ્રવૃત્તિ. સકામ કર્મોમાં થતાં લોભ. અસંતોષ. માન, દંભ. મત્સર, અને બ્રાહ્મણ-ક્ષત્રિયની ઉત્તમતા ચારે કોર જોવામાં આવે છે તે કાળ દ્વાપરયુગરૂપ હોય છે. જે કાળમાં તમોગુણની પ્રબળતા હોવાથી સર્વની પ્રવૃત્તિ અન્યથાકામ કર્મોમાં થતાં કામ, ક્રોધ, લોભ, મદ. મત્સર, દુરાચરણ. નિર્દયતા, વૃથાવૈર. હિંસા. કઠોરતા. દુર્ભાગીપણું, ઘણીજ તૃષ્ણા, અનાચાર અને શૂદ્રાદિકની ઉત્તમતા ચારે કોર જોવામાં આવે તે કાલ કલિયુગ હોય

---

[1] જીવપણુજ કલ્પિત નહિપણ સઘળુ વિશ્વ બ્રહ્મમા કલ્પિત કહે છે.

છે કલિયુગના વધો દોષો છે કે જેનો પાર આવતો નથી આ યુગમા ભગવાનના કીર્તનથી મનુષ્ય મરનથી છુટે છે એજ એ શ્રેષ્ઠ ગુણ છે આ ઉપ થી ભગવાન કાળનો એવો અનિર્વચનીય મહિમા છે તે જણુનામા આવને પળ, ઘડી, મુહૂર્ત, ચોવડીયુ, પ્રહર, દિવસ, રાત, યા માડીને ઠેઠ યુગસુધી જે કાઇ ગણત્રીના નામો ઓળખવામા આવે છે તે સઘળા એ ભગવાન કાળના સ્થૂળ અગો છે તે ચક્રની પેઠે આવાગમન કરે છે તેમ છતા જે ગયા હોય તેનાતે પાછા આવતા નથી ઇશ્વરનુ સ્થૂળરૂપ જેમ જગતની રચનારૂપ છે તેમ કાળનુ સ્થૂળરૂપ પણ જગતની રચનારૂપ છે ઇશ્વ જેમ નિરાકાર છે તેમ કાળપણ નિરાકાર છે ચાલતા પ્રવાહ સિવાય બીજુ કયુ એવુ ચિન્હ છે કે જે ઉપરથી કાળનુ સ્વરૂપ ઓળખાય છે? છેવટ તો કાળ એ ઇશ્વર અને ઇશ્વર એ કાળ છે એમ કહેવામા કાઇ અત્યુક્તિ નથી ઘણે ઠેકાણે ઇશ્વરની સત્તા અને કાળની સત્તાનુ સમાનપણુ બતાવેલુ જોવામા આવે છે, એટલુજ નહિ પણ કાળને ઇશ્વરરૂપ પણ માનવામા આવે છે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચદ્ર વિગેરે કાળના ભયથી પોતપોતાનુ કામ નિયમિત રીતે કર્યે જાય છે એજ કાળની મોટી ઇશ્વરતાને સૂચવનાર છે દૂરદૃષ્ટિ કરવાની શી આવશ્યકતા છે, ક્ષણે ક્ષણે અને પલે પલે તે કાળની મહત્તા અને અનિર્વચનીય શક્તિ અનુભવવામા પ્રત્યક્ષ નિરતર આવ્યા કરે છે તે વિદ્વાન વર્ગથી કાઇ અજાણી નહિ હોય સઘળી વિચિત્રતા કાળનીજ છે અને સર્વને ગળી જનારો પણ સમર્થ કાળજ છે એને કોઇ અદ્ભુત જાદુગરની અને મોટા જુના અજગરની ઉપમા આપી હોય તો યોગ્ય છે આ પ્રમાણે અદ્ભુત ચરિત્ર અને શક્તિવાળા કાળના પ્રવાહમા જે કોઇ બને તે સઘળુ સભવિતજ છે એમા કોઇથી ના કહેવાય

ઋતુઓમા ઘણીવાર હીન મિથ્યા યોગો થાય છે, તેમ યુગોમા પણ તે યોગ થવાનો સભવ છે પરતુ ઋતુઓના સઘળી ઋતુમા તે યોગો હાનિકારકજ હોય છે તેમ યુગોમા તે યોગો હાનિકારકજ હોય એમ પૂર્ણ રીતે માની શકાતુ નથી માટે એમ અનુમાન થઇ શકે છે કે ત્રેતા દ્વાપર અને કલિયુગમા જો સત્યયુગના ચિન્હો દેખાય તો તે મિથ્યા યોગ કહેવાય પરતુ તે યોગ હાનિ કરનારો નથી, પરતુ સત્યયુગમા ત્રેતા, દ્વાપર કે કલિનુ ચિન્હ જણાય તો તે મિથ્યા યોગ હાનિકારક થઇ પડે છે આમ માનવુ એ કાળના નિયમથી બહુ છે એમ કોઇ માને તો તેનો ખુલાસો એ છે કે કાળમા જે કાઇ કલ્પના કરવી તે અસભવિત નથી પ્રથમ હાનિ અને લાભજ કલ્પિત છે તો પછી વધારે

તર્ક કરવાનો ક્યાં અવસર છે? કલિયુગનેવિષે હીન યોગ થાય તો તેના દોષોનો પણ હીનયોગ થાય એટલે એ હીનયોગ હાનિકારક ન ગણાય. દ્વાપર અને કલિમાં તેના કેટલાક ગુણોની જોઇએ તે કરતાં વૃદ્ધિ થઇ જવાથી તે થયેલો તે યુગનો અતિમાત્ર યોગ પણ લાભકારક કેમ ગણાય? આ હીન, આ મિથ્યા, અને આ અતિયોગ થયો એમ જાણવુ એ પણ તે તે યુગોના ચાલતા સ્વાભાવિક ધર્મોના પ્રવાહની ગતિ અને તેની વધઘટ ઉપર છે.

વળી વધારે સૂક્ષ્મતાથી જાણવાનું એ છે કે, એ ચારે યુગોમાં પ્રત્યેક યુગોનો કાંઇ કાંઇ ભાગ રહેલો હોય છે. શરીરમાના સત્વ, રજ અને તમ ગુણવડે અને વાત, પિત્ત, તથા કફ દોષવડે તે અનુમાન કરી શકાય છે. એક યુગનું પ્રાધાન્ય તો બીજા યુગનું કાંઇક તેમાં મિશ્રણ હોય. પાંચ ભૂતનું પંચીકરણ પણ એજ રીતનું જોઇએ છિયે. પ્રત્યેક યુગમાં જો બીજા યુગનો લેશ પણ ન હોય તો એક યુગમાંથી બીજા યુગની પ્રવૃત્તિ સંભવે નહી. સત્યયુગના કાળમાં ત્રણ ભાગ સત્યયુગ અને ચોથો ભાગ ત્રેતા. એ ચોથા ભાગના ચાર વિભાગ પાડતાં ત્રણ ભાગ ત્રેતા અને એક ભાગ દ્વાપર. એ એક ભાગના ચાર વિભાગ પાડતાં ત્રણ ભાગ દ્વાપર અને ચોથો ભાગ કલિ. ત્રેતાયુગના કાળમાં ત્રેતાના ૪ ભાગ કરતાં ત્રણ ભાગ ત્રેતા અને ચોથો ભાગ સત્ય. એ ચોથા ભાગના ચાર વિભાગ પાડતાં તેના ત્રણ ભાગ દ્વાપર અને ચોથો ભાગ કલિ. દ્વાપરના કાળમાં તે યુગના ચાર ભાગ પાડતા ત્રણ ભાગ દ્વાપર અને ચોથો ભાગ ત્રેતા. એ ચોથા ભાગના ચાર ભાગ કરતાં ત્રણ ભાગ ત્રેતા અને ચોથો ભાગ સત્ય. એ ચોથા ભાગના ચાર વિભાગ પાડતાં ત્રણ ભાગ સત્ય અને ચોથો ભાગ કલિ. કલિના કાળમાં તેના ચાર ભાગ પાડતાં ત્રણ ભાગ કલિ અને ચોથો ભાગ દ્વાપર. એ ચોથા ભાગના ચાર વિભાગ પાડતા ત્રણ ભાગ દ્વાપર અને ચોથો ભાગ ત્રેતા. એ ચોથા ભાગના ચાર ભાગ કરતાં ત્રણ ભાગ ત્રેતા અને ૪ થો ભાગ સત્ય. ચોકસ આમજ એમ તો નહિ પણ આવા પ્રકારની કાંઇક કાળની વિચિત્રતા જોવામાં આવે છે એ વિચિત્રતા જો ન હોય તો તેતે ગુણનાં ચિન્હો જગતમાં જોવામાં આવે છે તે વૃથા થાય. ઘણા વિદ્વાનો અંગીકાર કરે છે કે માણસ જાતિ ક્ષણમાં દેવ અને ક્ષણમાં દાનવ બને છે અને તેજપ્રમાણે ક્ષણમાં સત્વગુણી, ક્ષણમાં રજોગુણી અને ક્ષણમાં તમોગુણી થાય છે. આ રીતિ પ્રમાણે ઘણીવાર મનુષ્યમાં કોઇવાર સત્યયુગના ધર્મો, કોઇવાર ત્રેતાના ધર્મો અને કોઇવાર કલિના ધર્મો જણાય છે. આથી એમ તો નિશ્ચય છે ખરો કે સત્યયુગ ચાલતો હોય તો બીજા યુગના ધર્મો ઓછી સંખ્યામાં થોડીવાર આવે છે અને એજપ્રમાણે બીજા યુગનું ઘટિત રીતે વિચારી લેવું.

આ ઉપરથી એમ માનવાનો આધાર મળે છે કે જે દેશમાં, જે સ્થળમાં, જે માણસમાં, જે સમયમાં જેટલા પ્રમાણમાં સત્ય, દયા, તપ અને દાનાદિકને આશ્રય આપનારા શાન્તિ, જીતેન્દ્રિયપણું, સમદૃષ્ટિ, દયા, [illegible] ત્યાગ, તિતિક્ષા અને આત્મજ્ઞાન વિગેરે ગુણો નિવાસ કરતા હોય ત્યાં તેટલા પ્રમાણમાં સત્યયુગ સમજવો, જે દેશમાં, જે સ્થળમાં, જે માણસમાં, જે સમયમાં, જેટલા પ્રમાણના સત્ય, દયા, તપ અને દાનાદિકને [illegible] ઓછો આશ્રય આપનારા ક્રિયા અને તપમાં નિષ્ઠા, [illegible] ક્રિયા, વિષયમાં અલંપટપણું, ધન અને કામસુખમાં આસક્તિ અને [illegible] સન્માન વિગેરે ગુણો નિવાસ કરતા હોય ત્યાં તેટલા પ્રમાણમાં ત્રેતાયુગ સમજવો, જે દેશમાં, જે સ્થળમાં, જે માણસમાં, જે સમયમાં જેટલા પ્રમાણમાં સત્ય, દયા, તપ અને દાનાદિકનો અર્ધ ભાગ ઓછો આશ્રય આપનારા કીર્તિ, ઉત્સાહ, [illegible] પ્રીતિ, [illegible], [illegible]પણું, માન અને ક્ષત્રિય [illegible] ઉત્તમતા વિગેરે ગુણો નિવાસ કરતા હોય ત્યાં તેટલા પ્રમાણમાં દ્વાપર યુગ સમજવો. જે દેશમાં, જે સ્થળમાં, જે માણસમાં, જે સમયમાં, જેટલા પ્રમાણના, સત્ય, દયા, તપ, અને દાનાદિકને પોણો ભાગે ઓછો આશ્રય આપતા અને તેટલો આશ્રય પણ આગળ જતાં લોપ થતા કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, દુરાચાર, નિર્દયપણું, વૈરભાવ, દુર્ભાગીપણું, આશા, તૃષ્ણા, અને શુદ્રાદિકની ઉત્તમતા વિગેરે ગુણો નિવાસ કરતા હોય ત્યાં તેટલા પ્રમાણમાં કલિયુગ સમજવો.

આ સિવાય બીજી સત્વગુણના કાર્ય ગુણ અને સ્વભાવ જ્યાં જેવે પ્રસંગે જેટલા પ્રમાણમાં જોવામાં આવે ત્યાં સત્યયુગ, રજોગુણના કાર્ય ગુણ અને સ્વભાવ જ્યાં જેવે પ્રસંગે જેટલા પ્રમાણમાં જોવામાં આવે ત્યાં ત્રેતાયુગ, રજોગુણ તમોગુણના કાર્ય ગુણ અને સ્વભાવ જ્યાં જેવે પ્રસંગે જેટલા પ્રમાણમાં જોવામાં આવે ત્યાં દ્વાપરયુગ, અને તમોગુણના કાર્ય ગુણ અને સ્વભાવ જ્યાં જેવે પ્રસંગે જેટલા પ્રમાણમાં જોવામાં આવે ત્યાં કલિયુગ સમજવો.

આગળ, ઉતરતા યુગોના [illegible] યુગોનો અનુક્રમ [illegible] હોય તો સત્ય યુગના ચાર ભાગમાંના ત્રણ ભાગ સત્યયુગ અને ચોથા ભાગ ત્રેતા [illegible] ચોથા ભાગના ચાર ભાગમાં ત્રણ ભાગ ત્રેતા અને ચોથો ભાગ દ્વાપર [illegible] ચોથા ભાગના ચાર ભાગમાં ત્રણ ભાગ દ્વાપર અને એક ભાગ કલિ. ત્રેતાના ચાર ભાગ કરતાં ત્રણ ભાગ ત્રેતા અને ચોથો ભાગ દ્વાપર, એ ચોથા ભાગના ચાર [illegible] ના ત્રણ ભાગ દ્વાપર અને ચોથો ભાગ કલિ [illegible] ચાર ભાગ [illegible] ત્રણ ભાગ દ્વાપર અને એક ભાગ કલિ. કલિના ચાર ભાગના [illegible] કલિરૂપ [illegible] જાણી પણ જોવામાં અને કરવામાં આવે.

આ વાતમાં મુખ્ય એ છે કે ક્રમથી યુગભેદ ગમે તેમ હોય તોપણ અમુક યુગમાં અમુક યુગનો અંશ નજ હોય એમ અનુમાનમાં આવતુ નથી અને ઉતરતા યુગોમાં મનુષ્યો વિગેરેનાં ગુણ-સ્વભાવ-કર્મથી તે વધારે સિદ્ધ થાય છે આને માટે પ્રત્યક્ષ પ્રમાણો સર્વ લોકનીદૃષ્ટિ આગળજ છે કેમકે આજ પણ કલિયુગનાં ૪૯૯૯ વર્ષો વીત્યા છતાં હજી કાંઇક, દયા, અહિંસા, દાન, ઇત્યાદિક દેખિયે છિયે અને તેમાં બીજા યુગોના ધર્મો વધારે જણાય છે. આ સઘળું ગુણની પ્રબળતા અથવા કાળની પ્રબળતા ઉપર આધાર રાખે છે એમજ બોલવા વગર ચાલતું નથી. જુઓને આ જગતમાં ઋતુઓનો ફેર ફાર પણ એજ પ્રમાણે અનુભવવામાં આવે છે. આમ હોય ત્યાં બીજો શો નિશ્ચય કરવો. જ્યારે સઘળા યુગોનો અંશ આજ પણ છે ત્યારે આપણે, આ અધમ કલિકાલથી ડરવા જેવું કશું રહ્યુ નથી,- કેમકે બીજા યુગોના ગુણો આપણે ગ્રહણ કરવા એટલે કલિના દોષો બિચારા એની મેળે દૂર જતા રેહેશે.

जीवितविषे बे बोल.

લે જેઠાલાલ હરિદાસ

જન્મથી માંડીને મરણકાળ સમયની મધ્યમાં રેહેનારો કાળ પ્રાણીઓના જીવિતરૂપે ગણવામાં આવે છે. સ્થાવર અને જંગમ એવા પ્રત્યેક પ્રાણીને જીવિત પ્રાપ્ત થાય છે. પરંતુ જંગમોને માટે તે વધારે પરિચયવાળું થયેલું જણાય છે. શરીર અને જીવનો યોગ તે જીવન એમ આયુર્વેદમાં પ્રસિદ્ધ છે. એ જીવન જળવાઇ રહે તેટલી અવસ્થાને જીવિત શબ્દમાં મેલી શકાયછે. જગમ પ્રાણીઓમાં બે ભેદ છે. તેમાં એકમાં મનુષ્ય અને બીજામાં બાકીના બધાનો સમાવેશ થાય છે. જીવિત વધારવામાટે માત્ર મનુષ્ય પ્રાણીજ પ્રયત્ન કરે છે. બીજા પશુઆદિક પણ પ્રયત્નો તો કરે પરંતુ તે પ્રયત્નો બુદ્ધિપૂર્વક થતાં ન હોવાં જોઇએ; કેમકે એમને આપણે બુદ્ધિવગરનાં લેખીયે છિયે જીવિત જળવાય છે કે નહી એ નિશ્ચય તો દૂર છે પરતુ તેને જાળવવા માટે પ્રયત્નો તો સહુકોઇ સ્વાભાવિકરીતે કર્યાજ કરે છે કોઇ ઘણી ચતુરતાથી કરે છે અને કોઇ જેવીતેવી રીતે કરે છે. પરંતુ કોઇ નથીજ કરતું એમ તો કહીજ શકાય નહી. નાનાપ્રકારનાં ધર્મશાસ્ત્રો અને વૈદ્યકના ગ્રંથો પણ જીવિત વધારવામાં અનુકૂળ કેહેવામાં આવે છે. જીવિત વધારીને શું કરવું એવો વિચાર ભાગ્યેજ કોઇને આવતો હશે અને આવતો હોય તોપણ ભાગ્યેજ તેનો

નિશ્ચય થતો હશે બાકી એમ તો સ્પષ્ટ જણાય છે કે સર્વ પ્રાણીઓને સુખપ્રાપ્તિની આશા હોય છે અને તે જીવિતથી મળી શકે એમ સર્વના વાગવામા હોય છે સમજુ અણસમજુ સર્વને જીવિત પ્રિય છે તેથી એમ તો જણાય છે કે તેમા કાઇક અનિર્વચનીય સુખ રહેલુ છે જો અગે કશી પીડા નહિ હોય તો ગમે તે સ્થિતિનો માણસ જીવિતને ઓછુ થવાનો કદીપણ ઇચ્છા કરશે નહી અતિ રોગથી પીડાતુ માણસ પણ પેહેલા તો રોગશાંતિનીજ ઇચ્છા રાખશે આથી જીવિતમા સુખ છે એમ દેખાઇ રહે છે સુખ દેખાવાથી થતુ સુખ અને સંતોષ દર્પણ ન હોય તો કેમ થાય? નજ થાય તેમજ અતર્યામી આનંદરૂપ આત્માનો અતઃકરણમા પડતા પ્રતિબિબનો જે સુખરૂપ સતોષ થાય છે તે જીવિત હોય તોજ થઇ શકે એને લીધે જીવિત પ્રિય થઇ પડે તો તે યુક્ત છે જીવ અજર અમર છે એટલે તે પોતાના મન સાથે એકતા કરી પોતાના સ્વભાન પ્રમાણે ઇચ્છા કરે તો તે પણ સભવિત છે જીવિતની ઇચ્છા તો આમ સર્વસ્થળે જોવામા આવે છે શરીર તો કેવા મલીન પદાર્થોનુ પાજરૂ છે તે સર્વ જાણે છે એવુ શરીર કશી અચિત્ય વસ્તુથી ચૈતન્યવાળુ બની જીવિતનો અનુભવ કરે છે તે વાત જાણવી અતિ કઠણ છે ઐશ્વરી સૃષ્ટિનો એક હલકો પદાર્થ લઇને તેની ઉત્પત્તિ, તેનો ઉપયોગ અને તેની ક્વાકાવચ્યતાવિષે વિચાર કરિયે તો દિઙ્મૂઢ બની જવાય છે, તો આ વિષયમા તેમ થાય એ આશ્ચર્યની વાત નથી કોઇ કહે છે કે જીવન લોહીમા છે, કોઇ કહે છે કે સાતમી ધાતુમા છે, કોઇ કહે છે કે પ્રાણમા છે, કોઇ કહે છે કે રસમા છે, એમ નોખી નોખી વસ્તુમા જીવન કલ્પે છે* અને કોઇક તેને બનેલા દાખલા જોતા એમ ભાસે પણ ખરું વળી કોઇ અન્નમા કોઇ જળમા કોઇ પવનમા અને કોઇ હવામા જીવન માને છે અને તેને અનુકૂળ કેટલાક દાખલા દેખવાથી એમ ભાસે પણ ખરૂ આમ છતા જ્યારે આપણે તેથી વિરુદ્ધ દાખલાઓ જોઇએ છિયે ત્યારે આપણને મનમા સદેહ પડે છે કોઇવાર તો આશામા કાઇક જીવન રહેલુ હોય એમ પણ બનેના દાખલા ઉપરથી ઘણીવાર જાણવામા આવે છે જે સમયે કોઇ ધોરી નસ વિગેરેમાથી ઉડા ઘાનેલીધે લોહી બધ ન થતા મરણ નીપજે છે ત્યારે લોહી સાથે જીવન જતુ રહ્યુ એમ સમજાય છે લોહીથી ભરપુર

* સ્થૂળ શરીરમા બીજુ જે સૂક્ષ્મ શરીર (દશ ઇન્દ્રિય અને એક મન) છે તેજ જીવનરૂપ છે એમ વિદ્વાનોના અભિપ્રાય ઉપરથી જણાય છે તે નાશ પામતુ નથી પણ સ્થળથી તેનો વિયોગ થાય છે એટલે આ ક્રમને પ્રતિકૂળ નહિ થાય

શરીર લોહી વધારે થવાથી કે બીજા કારણથી પડે છે ત્યારે લોહીમાં માનેલું જીવનપણું શિથિલ થઇ જાય છે. આનમી ધાતુનો ક્ષય થવાથી જ્યારે શરીર પડે છે ત્યારે તેને જીવનરૂપ મનાય છે. પરંતુ તે ધાતુનો ક્ષય ન છતાં શક્તિવાળે માણસ યમરાજનો પરોણો થાય છે ત્યારે તેમાં માનેલું જીવનપણું શિથિલ થાય છે. રસમાં માનેલું જીવનપણું શરીરમાં સર્વ રસોની ભરતી છતાં અને રસોની પુષ્ટિ છતાં જ્યારે મરણ થાય છે ત્યારે શિથિલ થાય છે અન્નવિના નથી ચાલતું તેથી અને વખતે ભૂખ લાગવાથી શરીર પડી જાય છે તેથી અન્નને જીવનરૂપ માનવામાં આવે છે પરંતુ તેજ અન્ન પેટમાં ભર્યા છતાં મરણ પામે છે તેથી અથવા અન્નવિના યતિઓ જીવે છે તે જોતાં અન્નમાં જીવનપણું ધારવામાં આવેલું મિથ્યા થઇ જાય છે પાણીવિના ક્ષણવારમાં પ્રાણ નીકળી જતા જોતાં પાણીમાં જીવન રહેલું જણાય છે. પરંતુ જ્યારે પાણી પીતાં છતાં પ્રાણ જતા રહે છે અથવા પાણીવગર ઘણા યોગીઓ ચલાવી લે છે ત્યારે તેનું પણ જીવનપણું શિથિલ થઇ જાય છે. વાયુ બંધ થવાથી કે પ્રાણ જતા રહેવાથી જીવન ગયું જણાય છે પરંતુ જ્યારે વાયુ બંધ ન છતાં અથવા સર્વવ્યાપક વાયુ શરીરમાં વ્યાપ્ત છતાં જીવન તુટે છે ત્યારે વાયુનું જીવનપણું શિથિલ થાય છે એજ પ્રમાણે હવાનું પણ સમજી લેવું. શરીરના પ્રત્યેક ભાગ જુદા જુદા કરી જોતાં ભૌતિક પદાર્થો શિવાય બીજું કાંઇ દેખાશે નહી. એ જીવિતને આપનાર વસ્તુ એવી સૂક્ષ્મ અને વ્યાપક છે કે તે મન-વાણીથી ઇશ્વરની પેઠે અગોચર કહીયે તો અતિશયોક્તિ નથી. અમુક પ્રકારના શરીરમાં, અમુક બળવાળા શરીરમાં. અમુક સુખવાળા શરીરમાં. કે અમુક અવસ્થાવાળા શરીરમાં અમુક સમય સુધીજ જીવન રહી શકે એનો પણ નિશ્ચય નથી જન્મે ત્યારથી તે માણસના આયુષ્યનાં ગણતીનાં વર્ષો સુધીમાં ગમે તે વખતે જીવિત તુટે છે. એક સુંદર ઉપયોગી શરીર કોઇ ધારેલી આશા તુટી જવાથી કે પ્રિયજનના વિયોગથી આશા ભંગ થવાથી મરણ પામે ત્યારે આશામાં જીવનપણું લાગે પરંતુ જ્યારે સર્વ આશા સંપૂર્ણ થયેલ છતાં મરણ પામે અથવા અનેક આશાઓ તુટી જતાં છતાં આયુષ્ય ભોગવે ત્યારે આશામાં માનેલું જીવનપણું મિથ્યા થઇ જાય છે. રોગી માણસના શરીરનાં લોહી બળ, બુદ્ધિ વિગેરેનો તો ક્ષય થતો માનિયે પરંતુ સહજ ઉપદ્રવથી મરણની પથારીએ ગુનેગારમાં કશુએ ઓછું હોતુ નથી. આમ છતાં એક કમાનવાળુ રમકડું કમાન ઉતરી જતાં કુદતું બંધ પડી જાય છે તેમ મનુષ્ય શરીર સર્વ સમાજ જોતાં છતાં અને વિવિધ ઉપચારો કરતાં છતાં ક્ષણવારમાં

ચૈતન્ય વગરનું થઈ જાય છે ચેતન્ય વગરનું થયું કે પછી । ઠ । ચામડાનું માત્ર અવશેષ રહે છે, કે જેને જોવાથી ગમે તેવું પ્રથમ પ્રિય હતા પણ બિભત્સતા ઉપજે છે ચેતન્ય વગરના નળીમાં બહારની સમાન્ય પવન હોય તોપણ શ્વાસ ચાલતો નથી આના નળિયાની જેવા શરીરમાંથી જીવન શી રીતે જતું? શરીરમાં પ્રાણ વાયુ છે તે જીવિત ગયું કે નહી ગયું તેને ઓળખવાનું માત્ર સાધન છે પ્રાણ ચાલતા બંધ થાય અને લોહીનું ફરતું બંધ થાય એટલે જીવ ગયું એમ માનવામાં આવે છે, બીજો કશો ભાગ ઓછો થયેલો જણાતો નથી પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, એ પાંચ ભૂત, ઇંદ્રિયવર્ગ, કે મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર એ બધાનો જાતે જડ છે એ બધા પચીશ તત્વોના સમાવેશ થાય છે તત્વોનો ઘાટ બને પણ તત્વોમાં ચેતન્ય ઉત્પન્ન થતું નથી, એટલે એકેય તત્વ જીવિતનું કારણ કહી શકાય તેમ નથી ભાવના નવા શોધ પ્રમાણે એમ કહેવાય છે કે મગજ જે કાંઈ નરમ પદાર્થ જેવો ભેજાના ભાગ છે તેના જ્ઞાનતંતુ અને અંતઃકરણના લોહીનો સંબંધ એ બેને પરસ્પર સંબંધ એ જીવનરૂપ છે એ બેમાંથી એક તરફનું બંધ કે સબંધ ઓછો થાય એટલે જીવન તુટવાની નકી ગણાય આમ માનતા પણ આપણા વિચાર પ્રમાણે એ જડ પદાર્થ જીવનરૂપ કેમ થઈ શકે? એ બન્ને પદાર્થનો સંબંધો સમવાય ટકાવી રાખે એવી જીવન કોઈ અદ્ભુત વિચિત્ર વસ્તુ હોવી જોઈએ એમ આ ઉપરથી પણ અનુમાન સહેજ થઈ શકે વ્યાવહારિક ગોવથી ઉપરનું ન જણાય કેમકે એપણ વિદ્વાનોનો શોધ છે પરંતુ જ્ઞાનતંતુ વિગેરેનું કે મગજનું ચેતન્યપણું મનાય તેમ નથી કારણ કે એપણ એક જડ વસ્તુનો ભાગ છે, કે જે શરીરના મુખ્ય આધારરૂપ માની શકાય વિદ્વાનો વિચિત્ર કલ્પનાઓ કરી ગયા છે અને હજી કરે છે પણ જીવન વસ્તુ આકૃતિવાળી નથી પ્રત્યક્ષ દેખાતા નથી અને દેખાય પણ ક્યાંથી અને જ્યાં ન દેખાય ત્યાં બુદ્ધિ બહારી કલ્પનાનો પણ પાર આવે તેનું નિરાકરણ રહેલ છે

ઈશ્વરની કારીગરીને વડાવાગ જુનાની? એની કારીગરી કરનાર કારીગરી આજે મળીઆવે છે આજકાલ જગતનો ભાગ ઉત્પત્તિકાળ પણ માનવામાં આવ્યા છે આના પ્રસંગમાં પણ જીવન વસ્તુ કોઈને હાથ લાગી હોય એમ જણાતું નથી ઈશ્વર મનુષ્યપ્રાણીને અતુલ પરાક્રમ અને અપૂર્વ બુદ્ધિ આપે છે, પરંતુ તેને અપૂર્ણ પણ એટલું બધું રાખે છે કે સૂક્ષ્મ દૃષ્ટિના તે કંઈ નથી જાણતું એ ન બોલવામાં અતિશયોક્તિ નથી અમુક રસાયનના અમુક પ્રયોગથી આમ બને છે એમ કદી અનુભવથી વિદ્વાનોના મગજમાં સિદ્ધ થાય પરંતુ એ વસ્તુ એના શુ

ણુસ્વભાવવાળી કેમ બની એ વિચાર કરવાને અંતઃકરણ આગળ ચાલતું નથી. બહુ બોલનાર હોય તો એમ તરત કહી દે કે એ સ્વાભાવિકરીતે બન્યું. સારાંશ કેહેવાનો એ છે કે મનુષ્ય પ્રાણી જેમ ઘણા વિષયમાં ઐશ્વરી રચનાને કલ્પના શિવાય બીજી રીતે અનુભવી શકતું નથી, તેમજ જીવનના સંબંધમાં પણ છે. કાળામાથાનો માનવી શું ન કરે? એવી એક કહેવત ગુજરાતીમાં ચાલે છે. એ જાણે કેમ ખરી હોય તેમ જીવનના સંબધમાં પ્રાચીન આર્યોએ કાંઇક ઉત્તમ કલ્પનાથી તેનો જે નિશ્ચય કર્યો છે તે સુગમ છે, એમ કહી શકાય ખરૂં. માટીના શોધન કરેલ કોઇ ભાગમાંથી કાચ બને છે. તે કાચને કલઇ ચડાવ્યા પછી ખાપીયાં વિગેરે નાંખી અરીસો બનાવે છે. એ અરિસો જો ઉપર રજ ન પડી હોય કે મેલો ન થયો હોય તો તેમાં પોતાનું પ્રતિબિંબ દેખાય છે. આ રીતિ પ્રમાણે આ માટીના વિકારથી મનુષ્ય શરીર બન્યું એ લાકડાનાં ખાપીયાં ઠેકાણે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર નામનાં અંતઃકરણને કાચને ઠેકાણે. એમાં ઐશ્વરી સત્તા એ કલઇને ઠેકાણે અને એ વસ્તુમાં સામાન્ય રીતે વ્યાપક ચૈતન્યનું પ્રતીબિંબ પડે તે મુખને ઠેકાણે સમજવું. સમજવાનું એ છે કે એવો કોઇ ભાગ નથી કે જે ચૈતન્યથી ખાલી હોય. શરીર થઇને તેમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનો રસાયની યોગ થાય એટલે તેમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડવુંજ જોઇએ. એમ થવાથીજ ચૈતન્યનું વિષેશ ભાન થાય છે. એમાં કાંઇ મલિનતા પ્રાપ્ત થાય છે કે જેમ મેલા અરિસામાં મોઢું ન દેખાય તેમ બુદ્ધિ વિગેરેમાં ચૈતન્ય વસ્તુનું પ્રતિબિંબ-પડે નહી. આમ થયુ એટલે પ્રતિબિંબથી જીવતો ગણાતો હતો તે સંધાત મરેલો ગણાય છે. આ કેટલી બધી ગુચવાડાની વાત છે? આમાં પણ તર્ક વિતર્ક અનેક થાય છે. પણ આ કલ્પના પ્રમાણે બુદ્ધિરૂપ અરીસામાં ચૈતન્યનું પ્રતિબિંબ જ્યાંસુધી રહ્યું ત્યાંસુધી જીવન રહ્યું માટે એજ જીવનરૂપે જણાય છે. શરીર અને જીવનો સંયોગ પણ એજ કેહેવાય. બીજા સઘળા પદાર્થમાં ચૈતન્ય ભાગ છે, પણ તે શરીરની પેઠે ૨૫ તત્વથી બની તેમાં બુદ્ધિ વિગેરે પ્રાપ્ત નહિ થવાથી તેમાં આપણને વધારે અનુભવ નથી થતો.

પણ આની સાથે આ વાત એક વધારે સમજવાની છે. તે એક જીવનરૂપ કાંઇ અનિર્વચનીય વસ્તુ એકદેશી નથી કે એક પદાર્થમાં નથી અને બીજામાં છે એમ કેહેવાય. આકાશવગર કોઇ ભાગ જેમ ખાલી નથી તેમ જીવનવગર કોઇ ભાગ ખાલી નથી, અને એ દાખલા પ્રમાણે અન્ન, પાણી, વાયુ વિગેરે સર્વમાં જીવન છે. અને એમ હોવાથી કોઇ લોહિમાં, કોઇ સાતમી ધાતુમાં, કોઇ પા-

ણીમા, કોઇ અન્નમા, એમ નોખા નોખા પદાર્થમા જીવન માને છે તે અસત્ય
નથી અને એટલામાટેજ તે સર્વ ઉપયોગી છે તેમા માત્ર ફેર એટલોજ છે કે સ
ર્વમા જીવન છે તે વાત તેઓ લક્ષમા લેતા નથી એનો યોગ કેવી રીતે જળવાઇ
રહે છે અને કેવી રીતે નથી જળવાતો એ વાત મનવાણીથી અગોચર છે એટલે
રી કલ્પના કરવી જીવન વસ્તુ સર્વમા છે તો પછી તેથી વિપરીત રોગ આવ
વી નજ જોઇએ એવી પણ કલ્પના થાય પરંતુ ત્યા પેલા અરીસાનો દાખલો
નજરમા લેવો પડે છે જીવન સર્વત્ર છે પરંતુ યોગ્ય રસાયની ક્રિયાના સંઘાત
રૂપ સામગ્રિવિના તે પ્રત્યક્ષ થતુ નથી અનંત શક્તિવાળા ઇશ્વરની કેવી મહાન
શક્તિ કે જેણે એક સોયના નાકા જેટલી પણ જગા જીવનવગર ખાલી રાખી
નથી અને એમ છતા એ જીવન વસ્તુને અતિ અમૂલ્ય, અતિ મોંઘી અને અ
સાધ્ય કરી મેલી છે કે તેને માટે કલ્પના શક્તિવિના બીજુ કંઇ કામ લાગતુ
નથી બુદ્ધિમા પડતુ પ્રતિબિંબ કેમ પડયુ, કેમ બંધ થયુ, પાછો તેનો યોગ કેમ
અને કયારે બને એ મનુષ્યની કલ્પનામા આવે એવી વાત નથી બાકી તેમ થાય
છે એટલી કલ્પના કરવાને મનુષ્યની કલ્પના સમર્થ જણાય છે આ વાત જો મ-
નુષ્યને આધીન હોય તો પછી ઇશ્વરૂપ ને ભોગવનાર કોઇ અનિર્વચનીય સત્તા
હોવાનો અસંભવ થઇ પડે એ વાત પ્રસિદ્ધજ છે ઇશ્વરને કે ઐશ્વરી રચનાને
કોઇ પહોંચી શકતુ નથી એમ અમારી ધારણા છે તોપણ ઉત્તમ સ્થિતિને
પહોંચેલા લોકોપણ ઇશ્વરપ્રેરણા શિવાય કશી કલ્પના કરી શકતા નથી એમ મારી
પ્રાચીન આર્યોએ કોઇ કોઇ વિષયમા ઉત્તમ કલ્પનાવાળા સિદ્ધાતો કર્યા છે તે
અતિ ઉત્કૃષ્ટ અને ગ્રહણ કરવા યોગ્ય અમે માનિયે છિયે અને એ ઉપરથી એમ
કહિ શકિયે છિયે કે જીવન કે જે ઐશ્વરી ચૈતન્યરૂપ છે તેને આર્યશાસ્ત્રોમા ગંભીર
યુક્તિથી ઓળખાવવા પ્રયત્ન કર્યુ છે તે વિષયમા જગતના વિદ્વાનોનો થોડો ઘણો
ભાગજ અજાણ્યો હશે

હવે જીવનની બાબતમા ઉપરપ્રમાણે છે તો પણ તેને જાળવવા માટેના ઉપ
રના ઉપાયો પણ આર્યોએ બહુ ઉત્તમ લખ્યા છે તે પાળવા જોઇએ તે બરાબર નથી
પળાતા તો તે જીવનને અસ્થિર કરવામા સહાયભૂત થાય છે, એમ ઘણીવાર આપણા
જોવામા આવ્યુ છે ધર્મશાસ્ત્ર અને આયુર્વેદના ઉત્તમ ઉપદેશો એ જીવન સાચવવાની
અનુકૂળતારૂપજ છે એમ ઘણીવાર આપણે અનુભવ્યુ છે તો અતિ અમૂલ્ય વસ્તુ

જે જીવન છે તેને જાળવવા કોણ અજ્ઞ માણસ પ્રયત્ન નહિ કરે ? સહુ કોઇ કરશે. મુખ્ય જીવનનો આવિર્ભાવ અંતઃકરણમાં ચૈતન્યના પ્રતિબિંબ ઉપર આધાર રાખે છે. બાકીનાં સાધનો એના અંગભૂત છે એમ અનુભવથી જાણવાનું છે. એ રસાયની યોગ જ્યાંસુધી રેહેવો હશે ત્યાંસુધી રેહેશે એમ કરીને ઉપેક્ષા કરવાની નથી. જીવન ગયું એટલે સર્વ ગયું અને જીવન હોય ત્યાંસુધી સઘળું છે એ આપણે પ્રત્યક્ષ પ્રમાણોથી જાણીયે છિયે તો પછી તે જીવન સાચવવાસાટે કેમ કાળજી ન રાખવી ? જે કાંઇ લાંબાલાંબા વિચારો આપણે બાંધિયે છિયે તે સર્વનો આધાર જીવન ઉપર છે એ કોઇનું અજાણ્યું નથી માટે તેને અમૂલ્ય, અલભ્ય, ચચલ, અને અતિ ઉપયોગી સમજી તેનો અતિપય આદર રાખવો એ આપણી સમજણનો સદુપયોગ છે.

વેદાંતાદિક શાસ્ત્રો પણ એ અભિપ્રાયથી વિપરીત નથી. તેમ છતાં કોઇના જોવામાં એમ આવે તો તે ઓછા અનુભવની વાત છે, એમ કેહેવામાં અતિશયોક્તિ નથી.

સ્રીધર્મબોધના સંબંધમાં.

જે રે૧૭૯૮. નં ૨૫

નિરતર ધર્મની રીતિથી સ્ત્રીએ પતિનું સેવન કરવું જોઇએ કેમકે કુલવાન સ્ત્રીઓને પોતાનો પતિ સર્વદા ઇષ્ટદેવરૂપ, શરણરૂપ, સર્વોત્તમ સંપત્તિરૂપ, સુખ ધારનાર, ધર્મ આપનાર, ઉત્તમ આભૂષણરૂપ, પ્રીતિ આપનાર, સારમાં સારરૂપ છે અને બધુઓમાં ઉત્તમ બંધુરૂપ છે. એની ઉત્તમ પ્રકારની સેવાથીજ કુલીન પતિવ્રતાઓ આ લોક પરલોકમાં કલ્યાણનું પાત્ર થઇ અજર અમર થયેલીઓ છે. સ્ત્રીના સર્વ સુખનો, તેની સર્વ શોભાનો, તેના શુભ સૌભાગ્યનો અને સર્વ પ્રકારની માન્યતાનો આધાર પોતાનોપતિજ છે. એની પ્રીતિનું પાત્ર અને એના માનનું પાત્ર જે સ્ત્રી ન થઇ બની તેમાં અમૂલ્ય જન્મ નિષ્ફળ થઇ અંતે અંત્યત નરકયાતનાનાં દુઃખો ભોગવે થતો. બધુઓમાં પતિ જેવો કોઇ સ્ત્રીને બંધુ નથી. ભરણ કરવાથી ભર્તા, પાલેક પાલણ કરવાથી પતિ, શરીરનો ધણી હોવાથી સ્વામી, કામના પૂરવાથી કાંત, સુખની વૃદ્ધિ કરવાથી બધુ, પ્રીતિ આપવાથી પ્રિય, ઐશ્વર્ય આપવાથી ઇશ, પ્રાણનો ધણી હોવાથી પ્રાણનાથ અને એવાં બીજા વિશેષણો તેના ગુણને અનુસરીને કહેવાય છે. આવા સર્વ સુખને અને ગુણને આપનાર પતિની સેવા શિવાય સ્ત્રીનું આ લોક પરલોકમાં કલ્યાણ

થતુ નથી પરન્તુ અ૦૫ાપાજ થાય છે જે નગુણી ભાગ્યશાળી કુલીન સ્ત્રી હોય તેજ અતિ ઉત્તમ અને પ્રૌઢતા ભ૦નુ પતિનુ ગૌરવ જાણી શકે છે અને જે જાણી શકે છે તેજ આ જગતમા ખરેખરી ભાગ્યશાળી છે આ હાડકા ચામડાનો દેહ એની સમજણથીજ મહા પવિત્રતાને પાત્ર થાય છે એ સર્વ શાસ્ત્રસિદ્ધ વાત છે સઘળા તીર્થોમા સ્નાન કરવુ, સઘળા યજ્ઞોમા દાન આપવી, પૃથ્વીની પ્રદક્ષિણા કરવી, સઘળા તપ કરવા, સઘળા વ્રતાદિક કરવા, મોટા મોટા દાન કરવા, પવિત્ર ઉપવાસ કરવા, ગુરુની સેવા કરવી, બ્રાહ્મણની સેવા કરવી, અને તેની સેવા આદિ જેજે પુણ્યો કહેલા છે તે સઘળા કુલીન કાંતાઓને પતિની પરિચર્યા કરવામાજ સમાયેલા છે ગુરુ, ઉત્તમ બ્રાહ્મણો અને સર્વ દેવતાઓથી પોતાનો પતિ છે તે પતિવ્રતા કુલીન સ્ત્રિયોને અધિક માન્ય છે માટે મન વચન કર્મથી સેવા કરતા તેની છાયાની પેઠે અનુસરી ઉત્તમોત્તમ કલ્યાણ સપાદન કરી લેવુ આ પ્રમાણે વર્તી ભાગ્યશાળી સ્ત્રીઓ સુખ પરંપરાને પામી પોતાનો મહિમા જગતમા રાખી ગઈ છે એના દાખલારૂપી એક નાનોજ ઇતિહાસ નીચે લખેલ છે

એક મહા તેજસ્વી શાડિલી નામની સ્ત્રી પોતાના પુણ્યના પ્રતાપથી વિમાનમા બેસી દેવતાઓની પેઠે આકાશમા ફરતી હતી તેનો કૈકેયીને સમાગમ થયો સ્વર્ગમા મળેલા શાડિલીને કૈકેયીએ વિનયથી પુછ્યુ કે હે દેવી, કયા પ્રકારના વ્રતથી અને કેવા આચરણથી તમે પાપ સર્વને તોડી નાખી આ સ્વર્ગમા આવ્યા છો? પોતાના તેજથી પ્રકાશ કરતી અગ્નિની શીખા સરખા અને જાણે ચદ્રમા[illegible]થી પ્રકટ થયેલા હો એવા આપ પોતાની કાંતિથી આ સ્વર્ગમા આવ્યા છો [illegible] નમાથી ખે જતો રહ્યો છે એવા (આન ભરેલા) અને શુદ્ધ વસ્ત્રો વાગણ [illegible] પ વિમાનમા બેઠા હજાર ગણા તેજથી શોભો છો થોડા તપથી થોડા [illegible] થોડા નિયમથી કાંઈ આ લોકને તમે નથી પામ્યા (ઘણા તપથી, ઘણા દાનથી અને ઘણા નિયમ પાળવાથી પામ્યા છો) માટે તમે તે તત્વ મને કહો

આ [illegible] મનવાળા કૈકયિએ આમ મધુર વચનથી પુછતા શાડિલી હસતે મુખે ભારે વચન બોલ્યા આરભના બોલતા તેણે જણાવ્યુ કે હીરાગલ વસ્ત્રો પેરીને કે ઝાડના છાલના લુગડા પેરીને કે કેશ કાઢી નાખીને કે માથે જટા ધારણ કરીને (એવા પ્રકારના તપથી) દેવપણાને પામી નથી (શાથી પામીછુ તેનો સાર કહુ છુ) સાવધાન રહેનારી હુ જેમા કઈ ઉચિત ન હોય એવા અને સર્વ જાતિની કઠોરતાવાળા વચનો સાગ પતિને કહેતી નથી સાવધાનપણાથી સાસુ અને સસરાની, આશ્રમમા રહેનાર હુ દેવતા, પિતૃ અને અતિથિઓનુ પૂજન કરુ છુ

વાટધાટમાં ઉભી રેહેતી નથી અને ઘણું બોલ બોલ કરતી નથી. ખોટી રીતે હસતી નથી કે કાંઇ અહિત કામ કરતી નથી કે છાનું છતરાડું કાંઇ કરતી નથી. મારા પતિ કાંઇ કામકાજ માટે બહાર ગયા હોય તોપણ તે ઘેર આવે ત્યારે આસન આપીને સાવધાન રહી સન્માન કરૂં છું. જે અન્નને મારા પતિ જાણતા નથી અને જે તેને ગમતું નથી તે અન્ન ભક્ષ્ય કે લેહ્ય સર્વનો ત્યાગ કરૂં છું. કુટુંબનેમાટે જે કાંઇ આણેલું હોય તેનો પણ ત્યાગ કરૂં છું. મારા પતિ જો કોઇ કાર્યથી પરદેશ જાય તો હું એક મંગળસૂત્રજ ધારણ કરૂં છું. (બીજા અલંકારો પેહેરતી નથી.) આંખ આંજવી, સુગંધી ચોળવી, નાહવું, ચંદન પુષ્પ ધરવાં, કેશ ઓળવા, એટલાં વાનાં કરતી નથી. સુખમાં સુતેલા પતિને નિરતર જગાડતી નથી અને કુટુંબને કાજે પણ નિરતર પતિને શ્રમ આપ્યા કરતી નથી. સઘળાં અંગો મર્યાદાથી ઢાંકું છું અને મર્યાદાપૂર્વક હું બેસું છું."

આ પ્રમાણે શાંડિલીનાં વચન સાંભળી કૈકેયી પ્રસન્ન થઇને પોતાને સ્થાનકે ગયાં. યુધિષ્ઠિર પાત્રદ્વારા ઘણીવાર આવા ધર્મો મહા સમર્થ વ્યાસજીએ પુછાવ્યાછે અને બાણશૈય્યામાં સૂતેલા ભીષ્મપિતામહ પાત્રદ્વારા તેના ઉત્તર અપાવ્યા છે. આ ઉપરથી અને બીજાં અનેક વચનો અને ઇતિહાસો ઉપરથી એમ પ્રસિદ્ધ રીતે જાણવામાં આવે છે કે સ્ત્રીઓનું કલ્યાણ અને તેની સારી ગતિ પતિવ્રતાપણામાંજ રહી છે, માટે તે વ્રતને અખંડ રાખવા પોતાના પતિને પ્રસન્ન રાખતાં અને તેમને ઇશ્વર સમાન જાણતાં અનેક સદાચરણો પાળવાં જોઇએ. આગળ સતી શબ્દની સમજણમાં અને બીજા પ્રસગોમાં તે સદાચરણો લખાઇ ગયાં છે, તો પણ ટુંકામાં કહિયે છિયે કે સ્ત્રીએ બાલક હોય (વિવાહ ન થયો હોય) ત્યાંસુધી માતાપિતાની આજ્ઞામાં રહીને જે કામકાજ શીખવે તે શીખવાં અને તેની સારી શીખામણ પ્રમાણે વરતવું. પોતાની યોગ્ય અવસ્થા સુધી તેમને પોતાનાં શુભ આચરણથી સંતોષ ઉપજાવી જે યોગ્યસ્થળે પોતાનો વિવાહ કરે તે ઘરમાં જઇ નવા પરિચયવાળાં સર્વ સબધિઓની સાથે યથાયોગ્ય મર્યાદા અને સ્નેહથી વર્તવું. અને જે જે માતા-પિતાને ઘેર શીખ્યાં હોઇએ તેનો આહીં ઉપયોગ કરવો. સાસરાંની ગરીબ સ્થિતિ હોય તો તેપ્રમાણે અને તવંગર હોય તો તેપ્રમાણે યોગ્ય રીતે વર્તવું. નિરતર સાસુસસરાને સન્માન આપવું અને જેઠજેઠાણી વગેરેનો તથા નણંદ વિગેરેનો યથાયોગ્ય આદર રાખવો. દેરદેરાણી વગેરેને ભાંડરૂ પ્રમાણે લેખી તેમની સરભરા રાખવી. પોતાના શિરચ્છત્ર પતિને પ્રત્યેક સમયે સાવધાન રહી પ્રસન્ન રાખવા. તેની જેમ છાયા હોઇએ તેમ સુ-

ખમા સુખી અને દુ ખમા દુ ખી થઇ વર્તવુ, સર્વ કામમા તેને સહાય કેહેવુ, સેવાના કામમા દાસી થઇને તથા વિચારના કામમા મંત્રી થઇને રેહેવુ, એને ન ગમે તેવુ કોઇપણ આચરણ કરવુ નહી, સર્વનાતે તેની સંભાળ રાખવી અને મદિરાથી કાળ ઝાઢવો કોઇને કઠણ વચન કેહેવુ નહિ, હિતને પ્રિય હોય તેવુજ બોલવુ, પગપર પગ ચડાવી બેસવુ નહિ, ઘરની વાતો ઉઘાડી કરવી નહીં, સત્ય ઉપર પ્રેમ રાખવો, સથા ાપર મમતા રાખવી, આચારને આદર આપવો, ઇશ્વર ઉપર આસ્થા રાખવી, હર્ષ શોકમા સમાન રેહેવુ, કોઇનુ પણ સારૂ થાય તેવુ કામ કરવુ, પુણ્યમા પ્રીતિ રાખવી, પરોપકારમા પ્રવીણ રેહેવુ, માતાપિતાને તીર્થરૂપ માનવા, અને યથા શક્તિ સઘળુ ઘરનુ કામકાજ ઉપાડી લેવુ સ્ત્રીઓને ઘણી મર્યાદા રાખવાની જરૂર છે અને એ મર્યાદા સઘળી સદાચરણ અને શીલમા સમાઇ જાય છે ઇર્ષ્યા, દ્વેષ, પારકાપણુ, સ્વાર્થ, મલિનતા, કઠિનતા અને આળસુપણુ એ આદિ કેટલાક સ્વાભાવિક દોષો જડમૂળમાથી જતા રેહેના જોઇએ સત્સંગતિ અને સારા પુસ્તકોનો પરિચય થવાથી ઉપરના દોષો દૂર થઇ સદ્ગુણો આવે છે તેમા પણ મુખ્ય બાળકોને સુધરવાનો આધાર માતાપિતા ઉપર અને સ્ત્રી થયા પછી સુધરવાનો આધાર પતિ તથા સાસુ ઉપર છે એમા પણ કોઇ ઉચ્ચ બુદ્ધિનુ માણસ સત્સંગવિના અને સહાયવિના પણ મહા ગંભીર સ્વભાવ અને સદ્ગુણવાળુ નીવડી આવે ત્યા તે મહાભાગ્યશાળી સમજવુ પણ એમ કાઇ સઘળે ઠેકાણે હોતુ નથી માટે સદ્ગુણો મેળવવામાટે શુભ પ્રયત્નની જરૂર છે સ્ત્રીઓ સદ્ગુણી થઇ પોતાના પતિની પ્રીતિ મેળવી સુખી થાય એ વાત સર્વથા ખુશી થવા જેવી છે તેમા કેટલીક ગુરૂજનો તરફ અમર્યાદા વપરાય છે અને કેટલીક કુળમર્યાદાને દૂર કરી છુટ લેવાય છે તેમા કેટલોક ભાગ અયોગ્ય છે પતિની ગમે તેટલી સેવા કર્યા છતા ગુરૂજનોનુ અપમાન થયુ હોય તો અથવા અનાદર થયો હોય તો એટલો સદાચરણમા ન્યૂનતા છે અને ગુરૂજન (સાસુસસરો) વિગેરેનુ માન સચવાતુ હોય તો પણ પતિની સેવા અને તેનો પ્રેમ સંપાદન ન થયો હોય તો તે ગુરૂજન ઉપર રાખેલુ માન મિથ્યા થાય છે એમ જાણવુ જોઇએ કે જે પતિને પરમેશ્વર માનિયે છીયે, જેને સર્વસ્વ માનિયે છિયે, અને જેના ઉપર જગતના કેહેવાતા સુખનો આધાર છે તે પતિને જન્મ આપનાર એ પતિ કરતા કેટલાવધારે માનપાત્ર અને સેવા કરવા યોગ્ય છે એવી અનભ્ય વસ્તુ જેના હાથ નીચે ઉછરી મોટી થઇ મળી તેનો જે ઉપકાર માનવો અને જે સેવા કરવી તે થોડીજ

છે. સો વરસે પણ તેના ગુણનો બદલો વળી શકે નહીં. આવો વિચાર રાખીને સર્વ પ્રકારનો સ્ત્રીએ સંસારમાં યશ મેળવવો. માન અપમાન સબંધી કે પોતાના ગુણદોષ સંબંધી કે પોતાના સુખદુખ સંબંધી વાત કોઈને પણ કરવી નહીં. કામ ક્રોધ લોભ મોહ મદ મત્સરને વશ કરવા, મનને સ્વાધીન રાખવું. ગુરૂજનો પતિ અને બાલકોને સુવારીને પોતે સુવું. તેના ઉઠયા પેહેલાં ઉઠી પોતાનું સર્વ શરીરકૃત્ય કરી શુદ્ધ પવિત્ર થઇ પછી બીજા કામમાં જોડાવું, આશા તૃષ્ણા અળગી કરવી, વિશ્વાસ પોતાના પિયુનો રાખવો. કાંઇ અપરાધ થઇ જાય તો નિવેદન કરી ક્ષમા માગી લેવી. દુખને વખતે યોગ્ય રીતે મધુર વચનથી સાંત્વના કરવી. ઘર સાચવવું. અને જન્મ ધરીને શું કર્ત્તવ્ય કરવાથી ઇશ્વર રાજી રહેશે તેનો વિચાર રાખવો. આ મનુષ્યજન્મ ફરી ફરીને મલશે નહીં. ઇશ્વરે આજ શુભ અવસર આપ્યો છે માટે તે વાતનો વિચાર કરી સુધર્મ પાળી અજરઅમર થવું એજ આ જન્મનું સફલપણું છે. સ્ત્રીઓ આવી વાત સમજીને વર્તવા માંડે તો પ્રજા પ્રતિદિવસ સુધરતી આવે અને આખા દેશનો ચમત્કારિકરીતે થોડા સમયમાં ઉદય થાય એમ અમારૂં માનવું છે બાકી કાલના મહિમાની ખબર પડે નહીં.

યૌવનવિષે વિચાર.

લે. કેશવલાલ હરિરામ

પાંચ વર્ષસુધીમાં કુમાર અવસ્થા. દશ વર્ષ સુધીમાં પૌગંડ અવસ્થા અને પંદર વર્ષ સુધીમાં કિશોર અવસ્થા વીતી ગયા પછી જે અવસ્થાનો આરંભ થાય છે તેને યુવા અવસ્થાના નામથી વિદ્વાનો ઓળખાવે છે. આખી અવસ્થાના ત્રણ ભાગ લેખિયે તો યુવાવસ્થાની પેહેલાંની ત્રણ અવસ્થા મળીને એક બાલ્યાવસ્થા, બીજી યુવાવસ્થા અને ત્રીજી વૃદ્ધાવસ્થા એમ ત્રણ ભાગે વેચી શકાય છે. ઘણા વિદ્વાનોએ શરીરની એ ત્રણે અવસ્થાને નિંદિત ગણી છે. આ પાંચ મહાભૂતનું શરીર આખું નિંદિત ગણ્યું છે તો પછી તે શરીરની સઘળી અવસ્થા નિંદિત ગણાય એમા કાંઇ આશ્ચર્ય નથી. વિદ્વાન લોકોએ જ્યાં અનર્થનાં સાધનો ગણાવેલાં છે ત્યાં યૌવનને પેહેલુ સાધન ગણેલુ છે તે યથાયોગ્ય છે કેમકે ધનસંપત્તિ, પ્રભુતા ને અવિવેક એ ત્રણેના કરતાં યૌવન અનર્થમાં પેહેલુ ઉતરે છે. ધનસંપત્તિ પ્રભુતા અને અવિવેક જેમ જેટલા પ્રમાણમાં યૌવનવિના નિર્બળ થઇ જાય છે તેમ તેટલા પ્રમાણમાં યૌવન એ ત્રણેયવિના નિર્બળ જણાતું નથી. બીજી

સઘળી અવસ્થાઓ કરતાં દુઃખનું અને અનર્થનું પાત્ર એ યુવાવસ્થાનેજ મનન ગણાવામાં આવી છે એ માત્ર નિરાધાર નથી.

કવિચક્રચક્રવર્તી પ્રખ્યાત કવીશ્વર બાણકવિએ કાદંબરી નામના અપ્રતિમ કાવ્યગ્રંથમાં, પોતાના પુત્ર ઉપર ક્રોધ પામેલ શુકનાશ નામના પ્રધાનપ્રત્યે તારાપીડ રાજાના મુખથી જે વિચારો યૌવનવિષે જણાવેલ છે તે પણ તે અવસ્થાની દુષ્ટતા દેખાડી આપનાર છે તે વાંચતાં જણાઈ રહેશે.

પોતાનો પુત્ર વૈશંપાયન રાજકુમાર ચંદ્રાપીડને એકલો મૂકીને દિગ્વિજયમાંથી અચ્છોદ સરોવરના કિનારા પાસેના નિકુંજમાં દૂર જેવો થઈ રોકાઈ રહ્યો એ વાત સાંભળી પ્રથમ મહારાજા તારાપીડે પોતાના પ્રિયપુત્ર ચંદ્રાપીડવિષે અવિવેકની કલ્પના કરી ને તેને ઠપકો આપ્યો. તે સાંભળી પ્રધાન શુકનાશે કહ્યું કે મહારાજ! જો ચંદ્રમામાં ગરમી હોય, જો અગ્નિમાં શીતળપણું હોય, જો સૂર્યમાં અંધકાર હોય, જો રાત્રિમાં દિવસ હોય, જો સમુદ્રમાં સુકાવાપણું હોય, જો શેષનાગમાં પૃથ્વી ધારણ કરવાપણું ન હોય, જો સાધુજનોમાં પરોપકારમાં ઉદ્યમવાળાપણું ન હોય, અને જો સ્વજનના મુખમાંથી અપ્રિય વચનો નિકળ્યાં હોય તો આ યુવરાજવિષે દોષ હોય; માટે એ વૈશંપાયનનોજ દોષ છે. એમ કહી પોતાના પુત્ર વૈશંપાયનને શુકનાશે શાપ આપ્યા પછી મહારાજા તારાપીડે તેને કહ્યું છે કે "પવિત્ર પ્રધાન શુકનાશ! આપ જેવાને અમ જેવાએ કાંઈ બોધ કરવો તે દીવાથી અગ્નિને પ્રકાશ કરવા જેવું છે, દિવસથી સૂર્યને પ્રકાશ કરવા જેવું છે, ઝાકળના પાણીથી ચંદ્રમાને આન ઉપજાવ્યા જેવું છે, મેઘના છાંટાથી સમુદ્રને પૂરવા જેવું છે, અને પંખાના પવનથી પવનને રીઝવ્યા જેવું છે. પણ જ્યારે કોઈ ભારે સંકટ માણસ ઉપર આવી પડે છે ત્યારે તે જેમ વરસાદનું પાણી સરોવર તળાવને ડોળી નાખે છે તેમ ગમે તો બુદ્ધિમાન્ હોય, ગમે તો ઘણું સાંભળનાર હોય, ગમે તો વિવેકી હોય, ગમે તો ધીરજવાળો હોય, કે ગમે તો બળવાળો હોય, તો પણ તેના મનને ખરેખર ડોળી નાખે છે. અને મન ડોળાય છે ત્યારે આ હું શું કરૂં છું, તે જ્ઞાન રહેતું નથી, ચિત્ત કાંઈ જોતું નથી, બુદ્ધિ કાંઈ જાગતી નથી, વિવેક સારાસારનું વિવેચન કરી શકતો નથી. એટલામાટે હું બોલું છું. જો આપ ઉપર આ સંકટ ન આવી પડ્યું હોય તો લોકરીતિને અભ્યાસ કરતાં આપજ વિશેષ જાણો છો. આ લોકમાં શું કોઈપણ એવો પુરૂષ છે કે જેનું યૌવન નિરંકુશપણે નિર્ગમન થયું હોય? જ્યારે યૌવન પ્રાપ્ત થવા માંડે છે ત્યારે બાળકપણાની સાથેજ ગુરૂજન વિષેનો સ્નેહ ગળતો જાય છે, અવસ્થાની સાથેજ નવી પ્રીતિ વધતી જાય છે, છા

હોય તેપણ વાપરતાં ન આવડે તો ઝેરરૂપ થાય છે. યૌવનની બાબતમાં પણ એજ રીતે બનવાથી અતિ ઉત્તમ પદને યોગ્ય યૌવન નીચમાં નીચ પદવીનું અધિકારી ગણાઇ ગયું છે. પરમાર્થ અને સ્વાર્થ સબંધી ઉદ્યોગમાં અથવા ધર્મ અર્થ કામ અને મોક્ષ પુરૂષાર્થોમાં યુવાવસ્થાથી જે થાય છે તેજ થાય છે. ઉત્સાહ, બલ, પરાક્રમ, સુંદરતા, સાહસ, અને દુર્ધર્ષપણું એ સર્વ ગુણો યુવાવસ્થાનેજ વરેલા છે. સર્વ પ્રકારની સંપત્તિવાળુ યૌવન શું શું ન કરી શકે? જે જે ધારે તે કરી શકે એમ કેહેવુ તે અત્યુક્તિવાળુ નથી. પૃથ્વીને ઉથલપાથલ કરી નાખનારા મહા પરાક્રમી રાજાઓનાં પરાક્રમો અને મહા વિદ્વાનોની વિદ્વત્તાના દાખલાઓ પણ યુવાવસ્થાનીજ પ્રસાદી છે એમ સમજવું. આમ છતાં પણ એ લાભ પાછળ રહી જઇને યુવાવસ્થા નરકનું, જન્મ-મરણનું કે અનર્થનું પાત્ર થાય છે તેનું કારણ એટલુંજ જણાય છે, કે તે અવસ્થાના આરંભમાં બે પ્રકારના માર્ગ હોય છે, તેમાં એક સારો અને એક નરતો. જો સારો સંગ અને શાસ્ત્રસંગતિની પ્રબળતાથી સારે માર્ગે એ અવસ્થામાં ચડાય તો ક્રમે ક્રમે ઉદયનાં સાધનો થતાં જાય છે અને તેથી અવળો સંગ થાય તો નઠારે માર્ગે ચડાયાથી અનર્થનાં સાધનો થવા લાગે છે. કોઇ દૈવી માયાથી કે કોણ જાણે શાથી પરંતુ સારો માર્ગ હાથ લાગવો એ અતિ કઠણમાં કઠણ વાત છે જેને ઇશ્વર સાનુકૂલ હોય, અને પ્રારબ્ધ સારાં હોય તેનેજ યુવાવસ્થાના આરંભમાં સન્માર્ગ મળે છે. સન્માર્ગે ચડયા પછી પછે ઝાઝી હરકત આવતી નથી જગતનો એવો નિયમ છે કે કાળું હોય તે પેહેલું દેખાય અને મનનો એવો દુષ્ટ ધર્મ છે કે કાળું હોય તે પેહેલાં ગ્રહણ કરે. આમ હોવાથી આરંભમાંજ જો કાળી બાજુ તરફ વલણ થાય તો યુવાવસ્થા જે સર્વ ઉદયનું સ્થાન છે તે સર્વ અનર્થોને આપનાર થઇ પડે છે એટલામાટે એ અવસ્થાને જાળવીને ઉત્તમ માર્ગે ચાલતી કરવી. આ અવસ્થામાં જે સત્કર્મ થયું તેજ થયુ પછી કાંઇ થાય છે એમ માનવું એ ભુલ ભરેલુ છે. મનની અને શરીરની શક્તિ આ અવસ્થામાંજ ખીલતી અને બલિષ્ટ હોય છે એમાં જ્યારે કાંઇ આપણો ઉદય આપણે ન કરી શક્યા ત્યારે પછી ક્યારે થવાનો હતો? બાલ્યા અવસ્થા તો સાવ અણસમજમાં જાય છે અને વૃદ્ધાવસ્થામાં અશક્તિ તથા ચિંતાનું પ્રબલ વધે છે. તો તેથી કરીને તે અવસ્થા તો કશા ઉપયોગની નથી. સર્વ પ્રકારના ઉદયનું, સુખનું અને કલ્યાણ સંપાદન કરવાનું મુખ્ય સ્થળ આ અવસ્થાજ છે. માટે જેને આ નવી ઉત્તમ અવસ્થા આ સદ્વિચાર કરવાને મળી હોય તેણે ઇશ્વરનો અત્યંત ઉપકાર

માની તેની ભક્તિમા તત્પર થવુ જોઇએ સર્વ યોનીઓમા મનુષ્યનો અવતાર એ સર્વોત્તમ છે મનુષ્યના અવતારમા પણ ઉચ્ચ વર્ણ તથા ઉચ્ચ કુળમા જન્મ એ સર્વોત્તમ છે ઉચ્ચ વર્ણ તથા ઉચ્ચ કુળમા જન્મ આવ્યા પછી પણ સર્વ પ્રકારની યોગ્યતા સાથે યુવાવસ્થા આવવી એ સર્વોત્તમ છે અને તે અવસ્થા આવ્યા પછી તેનો સદુપયોગ થવો કે કરવો એ પણ સર્વોત્તમ છે ઈશ્વરકૃપાથી આપણે જ્યારે આ યુવાવસ્થાને પામ્યા છિયે તો તેને અતિ ઉત્તમ રીતે ઉજાળવી જોઇએ જે જે કામો કરવા હોય તે આજ અવસ્થામા કરવા જોઇએ મન જેમ નિવૃત્ત રહી શકે નહિ તેમ યુવાવસ્થા પણ નિવૃત્ત રહી શકે નહી પેહેલેથી તેને સારે માર્ગે સત્કર્મ કરવામા જોડી હોય તો પછી તે પોતાનાજ બળથી ધોમધોકાર તેનેતે માર્ગ ચાલી જાય છે અને પ્રથમમાજ જો અવળે માર્ગે અવળા કર્મમા જોડાઇ તો પછી તેનુ ઠેકાણુ ન રહેતા આખુ જીવિત મિથ્યા કરી નાખે છે વ્યવહારમા યશ મેળવવો, કીર્તિ મેળવવી, પરોપકાર કરવો, વિદ્યા મેળવવી, સપત્તિ મેળવવી, અને કુટુબને સુખી કરવુ એ સઘળુ યુવાવસ્થાથી બને છે અને જન્મ મરણ મટાડી પરમ પદ પામવુ એ પણ યુવાવસ્થાથી થાય છે એ એવુ ઉત્તમ સાધન છે તેને આપણે શી રીતે અનર્થનુ પાત્ર કહિ શકિયે ? એટલામાટે કારણને લઇને નિંદાનુ પાત્ર ઠરેલી યુવા અવસ્થાને તેમા થઇ શકતા ઉત્તમ સાધનોને લીધે વન્યવાદ આપવો જોઇએ ઉત્તમ કુલીન સ્ત્રીનુ યોગ્ય સન્માન ન થાય તો તેને અપમાન થવાથી તે ઉદાસ રહે છે તેમ પ્રાપ્ત થયેલા યુવાવસ્થાનુ યોગ્ય સન્માન ન થાય તો તે ઉદાસ રહે છે અને એની ઉદાસીથી સર્વ પ્રકારના ઉદયનો નાશ થાય છે જ્યા ગ્રાહ્ય અજાણુ ત્યા ગ્રાહ્ય અનાદર હોય છે એ રીતી પ્રમાણે આવી ઉત્તમ સત્તાવાળી આ યુવાવસ્થા છે તો તેને ઉત્તમ નહિ રેહેવાને નડનારા વિઘ્નો પણ અસખ્ય છે પણ એ વિઘ્નોનો નાશ કરી યુવાવસ્થાને અતિ નિર્મળ રાખી વિદ્વાનોએ કહેલી નિંદાને મિથ્યા કરી પરમ સાધન સપાદન કરી લેવુ એ આપણુ મનુષ્યજાતિનુ કામ છે અને એમ જો ન થયુ તો પછી આ મનુષ્યજન્મજ માત્ર વૃથા છે નળ, યુધિષ્ઠિર, રામચદ્ર, કૃષ્ણ અર્જુન વિગેરે મહાત્માઓએ પણ યુવાવસ્થાની સહાયતાથી સર્વોત્તમ સાધનોથી કીર્તિ સપાદન કરી અજર અમર પદ મેળવેલુ છે એજ પ્રત્યક્ષ દાખલો આપણી નજરે છે જેઓએ એ અવસ્થાને અવળે માર્ગે જોડેલી હતી તેના અભાગી લોકો અમુલ્ય મનુષ્યશરીર નિરર્થક કરી સહાયનેમાટે અપકીર્તિના પાત્ર થઇ સર્વ પ્રકારે દુ ખી થઇ નરકયાતનાના અધિકારી બન્યા છે એના પણ કેટલા

ખલાઓ પ્રત્યક્ષ છે અને વર્તમાન કાળમાં પણ તેવા દાખલાઓ મળી આવશે. માટે સાર એ લેવાનો છે કે સર્વ પ્રકારના અનર્થનું અને નિંદાનું પાત્ર એવી યુવાવસ્થા ગણાય છે તેને સર્વ પ્રકારના ઉદયનું અને સ્તુતિનું પાત્ર કરવી કે જેથી આ મનુષ્ય જન્મ સફળ થઇને ઉત્તમ સુખ ભોગવાય. આપણું આ જીવતર દુઃખ ભોગવવા માટે નથી પણ આજ અને હવે પછી નિરંતર સુખ ભોગવવા માટે છે. એમ છતાં જો ભુલથી ન સમજાયુ તો પછી મહાદરિયે પડેલા વાહાણની પેઠે એક કિનારો મળવો નથી.

હરિ ભજવાવિષે પદ.

રાગ કાનડો, ભૈરવ સોહણી વગેરે.

હરિનામ સુધારસ પીલે, મન શું બેઠુ મુખ ઢીલે,—હરિ૦ ટેક૦
ધામ ધરા સુત સંપત દારા,-રૂપ ખરેખર ખીલે;
બધાઇ તું દૃઢ બંધનમાં, ચાલ ન અવળે ચીલે;—હરિ૦
નામસુધારસની શીતલતા, તનના તાપ હરી લે;
શાંતપણું આપે અંતરમાં, દુઃખ રહે નહિ ડીલે;—હરિ૦
નૌતમ નાવ નકી તરવાનું, કરમાં એજ કરી લે;
ભયકારક ભવસાગર ભારે, અંતર તરત તરી લે,—હરિ૦
કુંદનરૂપ સમજતું કાયા, ઓપ ચડે શુભ શીલે;
હીરો હરિનું નામ નિરંતર, આજ જરૂર જડી લે,—હરિ૦
કર જપ તપ કે યોગ સમાધિ, બેશ જઈને બીલે,
કેશવ કોઇ ન એને તોલે, કહુ હુ તેજ કરી લે,—હરિ૦

પ્રભુપ્રાર્થનાવિષે પદ.

(ભૈરવી વિગેરેમા)

હરિ હુ ભલો ભુડો પણ તારો, ભલો ભુડો પણ તારો; હરિ૦ ટેક.
તું મારી માતા હું બાલક, બહુ દુખ પામુ બિચારો; હરિ૦
દીનદયાલ થઇ દીનબંધો. બંધન વિવિધ વિદારો; હરિ૦
માતાની માફક સેવકપર, ભૂધર ભાવ વધારો, હરિ૦
પૂજું આપતણાં પદ એવું, સ્વાંત સદૈવ સુધારો, હરિ૦
કેશવ પ્રભુ હું કાંઇ ન માગું, નરકનિવાસ નિવારો, હરિ૦

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૨૬ મુ, માઘ, સવત્ ૧૯૪૪ અંક ૪ થો.

॥ यतोधर्मस्ततोजय ॥

काफी

વિચાર ચાલ સખા તું, યૌવનના દિન ચાર; ટે૦
ચિત્તવિષે નહિં ચેત ચતુર જો, તો દુઃખ થાશે અપાર,—વિચારી૦
સમય મળ્યો આ સરને આજે તું લક્ષ લગાડ લગાર,—વિ૦
વય વીત્યુ પાછુ નહિ આવે, એ નિશ્ચય નિરધાર,—વિ૦
મન ઇન્દ્રિયે નિજને વશ રાખી, પુણ્ય પવિત્ર વધાર—વિ૦
વર્ણાશ્રમના ધર્મ અને શુભ, કર્મવિષે કર પ્યાર,—વિ૦
શિથિલ નથી મન ઇન્દ્રિય તારા, એ પ્રભુનો ઉપકાર,—વિ૦
ખબર નથી ક્ષણની પણ પડતી, અચલ નથી ઘરબાર,—વિ૦
મેલ પ્રપંચ પાપને પડતા, કર પરનો ઉપકાર,—વિ૦
કેશવહરિનુ રટણ કરીને, આ શુભ જન્મ સુધાર,—વિ૦

वाणीनो व्यवहार

અહો વાણીની કેટલી બધી સત્તા છે આખા જગતનુ મંડાણ એક વાણી ઉપર છે એક જો વાણી ન હોય તો પછી ધર્મ અર્થ કામ કે મોક્ષ એમા કોઇ પુરૂષાર્થ તો શુ પણ લેશમાત્ર પણ વ્યવહાર કે સસારનુ સુખ મેળવી શકાય નહીં અને તેનાવિના જેવી પશુ પક્ષીની સ્થિતિ આપણા જોવામા આવે છે તેવીજ આપણી સ્થિતિ હોય એકલી વાણીજ કાઇ કરી શકે તેમ નથી તે અમે તો જાણે ખરી છે પરંતુ બીજાની સહાયથી પણ વાણી જે કાઇ કરી શકે છે તે બીજા એક ઇન્દ્રિયથી થાય તેમ નથી સઘળી જાતના સુખ દુઃખ, રાગ દ્વેષ, હર્ષશોક, હાનિલાભ, અને સર્વના ઉપાયો એ વાણીથી જણાય છે વાણી જો કે આત્મક છે તો પણ હવે તે સંકેતાત્મક લાગે એમ રહ્યુ નથી સઘળી જાતિના

હાર છે. વાણી આપવી અને લેવી. જે પ્રસગે જે સમયે જેવા કાર્યનો પ્રસંગ તે સમયે તેવા કાર્યના પ્રસંગપ્રમાણે તેની લેવડ દેવડ થાય છે, અને તેની કિંમત પણ તે સમય અને પ્રસંગને અનુસરતી હોય છે. એ વાણી તો કોઇ કોઇ વાર કાંટાનું (ત્રાજવાંનું) રૂપ ધારણ કરે છે. અને જેમાંથી પોતે નીકળતી હોય તે પદાર્થનું તોલ, જોખવાના શ્રમ વગરજ કરી આપે છે. આવી ચમત્કારિક વસ્તુ બનાવનાર ઇશ્વરની અચિંત્ય શક્તિનો કેમ પાર આવે? અંતઃકરણમાં કેમ અંકુર ઉપજે અને એ અંકુરને અનુસરી કેમ વાણી બોલાય તેનો શોધ કરવાનાં સાધનો મનુષ્ય પાસે નથી પરંતુ અંતઃકરણના ઉદ્ગારરૂપ વાણીનો વ્યવહાર શુભરીતે ચલાવવાને માણસોમાં યોગ્યતા છે. એ યોગ્યતાનો ઉપયોગ કરીને રૂપાંતરવાળી કે વગર રૂપાંતરવાળી વાણીના વ્યવહારથી સર્વ અર્થો વિવેકી લોકોએ સંપાદન કરી લેવા જોઇએ. વાણીનો વ્યવહાર સુધરે તોજ સઘળું જન્માદિક સુધરે છે, અને એ જો બગડે તો સઘળું બગડે છે એ વાત આ જગતમાં છાની નથી. જે વાણીનો વ્યવહાર પોતાનું કે પરનું અભિષ્ટ સંપાદન ન કરી આપે તે વાણીનો વ્યવહાર વ્યર્થ શ્રમની બરાબરજ કેહેવાય, પછી ગમે તો શુદ્ધરૂપમાં હોય કે રૂપાંતરમાં હોય. પોતાના કોઈ કામ પ્રસંગનેમાટે ઉચ્ચારરૂપ વાણી ઉદય પામી હોય તો તે વાણી તે પ્રમાણે ન થાય અથવા વેલું મોડું થાય તો કાંઇ વિશેષ હાનિકારક થતી નથી. જેમકે કાલે અમુક ગામ જવાને તૈયાર થવું છે અથવા અમુક પદાર્થ મારા ઉપયોગ માટે લેવો છે એમ કહી રાખ્યું હોય તેમાં કાંઇ ફેર પડે તો તેનો ભાર પોતાને માથે હોવાથી જગતમાં તે વિષે છીટ નથી જણાતી. પરંતુ જે બીજાના ભલામાટે ઉચ્ચારરૂપ વાણીનો ઉદય થયો હોય તેમાં ફેરફાર કે વેલું મોડું થાય તો જગતમાં તે વિષય ચરચાય છે. જેમ કે અમુક માણસને પૃથ્વીદાન આપવાનું કહ્યું હોય અથવા અમુક પદાર્થ અમુક સંખ્યાના ધનથી આપવાને કહ્યો હોય તેમાં કાંઇ ફેરફાર થાય છે તો હાસ્યનું અને અપકીર્તિનું પાત્ર થવાય છે. દાનવિષયમાં તો આવિષે બહુ સૂક્ષ્મતા વર્ણવેલી છે. એટલામાટે દાનના પ્રસગમાં વાણીનો વ્યવહાર વિદ્વાનો ઘણી ચતુરતાથી કરે છે. અક્ષરના સંકેતમાં વાણી લખાય છે તે તેનું રૂપાંતર છે. એમાં પણ પોતાનેમાટે અને પરને માટે લખાયેલ હોય તેમાં ઉપર પ્રમાણેજ ભેદ રહે છે. તે વાત વ્યવહારમાં કોઇથીજ અજાણી હશે. માટે સર્વ પ્રકારે પોતાનું અને પરનું ભલું થાય તથા કીર્તિ વિગેરે પ્રાપ્ત થાય તેવો વાણીનો વ્યવહાર બુદ્ધિમાને રાખવો જોઇએ. ગમે તે પ્રકારની વાણી હોય પછી તે રૂપાં-

તરમા હોય કે શુદ્ધ રૂપમા હોય પરતુ તે ભાવ સાચી, પ્રિય લાગે તેવી, થોડા વિસ્તારવાળી, કોમળ, બહુ અર્થવાળી, માગ માનવાળી, દાનતા વગરની, તરત અભિપ્રાય જણાય એવી, કોઇથી લઇ જઇ શકાય નહિ એવી, વિનયવિવેકવાળી, વિચિત્ર પ્રકારવાળી, નાતતા ભરેલી, શાતિને વધારનારી, આનદને દેખાડનારી, સદેહ વગરના અને સ્ફુટ વર્ણવાળી હોવી જોઇએ એવી વાણીજ વિદ્વાન મડળમા માર્ગ કરે છે, અને ગામદુધાની પેઠે સર્વ કામનાઓ પુરે છે જેની પાસે એવી વાણી હોય તેને વનની, વામની, લક્ષ્મીની કે બીજા કશાની ગરજ રહેતી નથી રૂપાતર થઇ પુસ્તકના આકારમા ગોઠવાઇ પોતાપાસે રહીહોય અથવા તેની વાણી કોઇ બીજાપાસે સચવાઇ રહી હોય તો પણ તે વાણી વનના ભડાર કરતા પણ અધિક સમૃદ્ધિરૂપ થાય છે કે જેથી તેને કશાની જરૂર પડતી નથી રામાયણ, મહાભારત, વિગેરે અતિ પ્રૌઢ વિચારના પુસ્તકો એ પણ રૂપાતર પામેલી મહા કવિઓની મારાર વાણી છે એ ઉપરથી એનો ઉચ્ચાર કરનાર તો ભાગ્યવાળી હતા એમ આપણે જાણીયે છિયે પણ તેના એ પ્રાસાદિક ઉચ્ચારને સઘરી રાખનારને પણ ઘણા ભાગ્યવાળી જાણીયે છિયે કે જેને વાણીરૂપ ભડાર માથી મળેના રત્નો અતુલ સુખ આપનાર થઇ પડે છે, તે માતાનોજ જન્મ સફળ છે કે જે સુપુત્રને જન્મ આપે છે તેમ તે વાણીનેજ વન્ય છે કે જે પોતાનુ અને પરનુ, બનેનુ ભલુ કરે છે, એ મહા કવિયો અને ત્યારપછીના નીતિમય હિતોઉપદેશ કરનારા કવિજનો કે સત્યવક્તાઓ થઇ ગયા હોય તેનીજ વાણીના વ્યવહારને વન્ય છે અને તેજ સૂર્ય ચદ્ર રહે ત્યાસુધી અથવા નિરતર ઉત્તમ પદના અધિકાર છે આપણી વાણીનો વ્યવહાર તો કાઇ કામનો નથી એક વચન બોલીયે ત્યા દશને દુ ખ ઉત્પન્ન થાય, વીસને નરસુ લાગે, ચાળીશના ચિત્ત ચમકી જાય અને અનેકને આસુ પડે એની આપણ સરખાની વાણીનો ઉદય પામતા અસ્ત થઇ જાય એજ સારૂ છે રોગી હવા જેમ તરત નાશ પામે તેમ લાભ છે તેમ અપણા જેવાની નઠારી વાણી ઉદય પામતાજ નાશ પામી જાય એ જગતને લાભ કારક છે અને જો તે વાણી પોતાનુ તથા પરનુ કલ્યાણ કરનારી કરી શકીયે તો પછી આપણે પણ મહાત્મઓની પક્તિમા આવી શકીયે આ વાત બહુજ કઠણ છે, પણ તેથી આળસ કરીને બેશી ન રહેતા ઉદ્યમથી તેની યોગ્યતા મેળવવાનુ પ્રયત્ન ચાલુ રાખવુ ઇશ્વરે અત કરણના ઉદ્દગારો બહાર લાવવાનુ સાધન જે વાણી છે તે સર્વને સરખી આપી છે પરતુ તેનો ઉપયોગ કરવાનુ ઇશ્વરે સૌની ઉપર રાખ્યુ છે જેનો ઉપયોગ કરે તેવા ફળને

ગુણ સ્વભાવ તથા વિદ્યા વિગેરે જોઇને ગુરૂ કરવામાં આવતા એમ વૃદ્ધલોકો કે-છે. તેનું કારણ એમ જણાય છે કે અક્ષરજ્ઞાન કે શબ્દજ્ઞાન શિવાય ગુરૂના ગુણ-સ્વભાવનું પણ જ્ઞાન વિદ્યાર્થિમાં થાય. આ વાત ખરેખરી છે. આજ પણ જે વિદ્યાર્થિ જેની પાસે શીખ્યો હોય તેનાજેવા તેના ગુણ-સ્વભાવ થઇ જાય છે. આનું કારણ ઘણા કાળનો પરિચયજ છે. હવે વિચારો કે હાલની શાળાઓ વિગેરેમાં કયા કયા વર્ગને કેવો પરિચય રહે છે. અને એ પરિચયથી કેવા કેવા ગુણ-સ્વભાવ બાલકોમાં આવે છે. વિદ્વાનવર્ગ અથવા માબાપો બાલકોના ગુણ-સ્વભાવથી સંતોષ જ્યારે નથી પામતા ત્યારે ખેદ કરી માથે હાથ દઇને બેસે છે. પરંતુ કેવી સ્થિતિમાં આપણે બાળકોને કેળવિયે છિયે તે વિચાર કરતા નથી. યોગ્ય રીતે નહિ કેળવાયેલાં બાળકો ધર્મની અને કુળની મર્યાદાને ધકો લગાડે છે એથી કેળવણી દુષિત થાય છે. આપણે તેમાં સંપૂર્ણ પ્રયત્ન કરિયે અને ત્યાર-પછી પણ તેવોનેતેવો પાક થવા લાગે ત્યારે પછી કાળનો મહિમા સમજવો. પણ જ્યાંસુધી આપણે આંખ્યો વિચીને ઉંઘીયે છિયે અને બાળકો અને બાળ-કીયો કેમ ખરી કેળવણી પામે એનો સ્વપ્નમાં પણ વિચાર નથી કરતા ત્યાંસુધી જે કાંઇ બને છે તે કાળનો મહિમા છે એમ કેમ માની બેસાય.

મર્યાદાપૂર્વક આખા દેશનો ઉદય કરવો હોય તો સદ્ગુણની કેળવ-ણીની જરૂર ઘણી છે. સામાન્ય રીતે કેળવણી લેનારા વિદ્યાર્થી લોકોમાં એક ભાગ બાળકોનો અને બીજો બાળકીયોનો છે. માટે પ્રથમ તે બેય ભાગને માટે કેળવણી નોખનોખા પ્રકારની હોવી જોઇએ અને શીખવવાની રીત પણ નોખનોખી હોવી જોઇએ, કેમ કે સૃસ્ટિના આરંભથીજ પુરૂષ અને સ્ત્રીજા-તિના વર્ગમાં કેટલાક પ્રકારની યોગ્યતામાં ભિન્નતા ચાલી આવે છે. ભણનારા-ઓના બે ભાગ પછી સામાન્યરીતે વિદ્યાના ભણતર સાથે સદ્ગુણનું ભણતર આવવું જોઇએ કે જે બેય વર્ગને પોતપોતાની યોગ્યતા અને સંસારમા રેહેવાની સ્થિતિ પ્રમાણે હોવુ જોઇએ. સદ્ગુણના ભણતર સાથે સ્વધર્મનું ભણતર આ-વવું જોઇએ. સ્વધર્મમાં બે ભાગ પાડતાં એક વિશેષધર્મ અને બીજો સામાન્ય ધર્મ કેહેવાય. એ બન્ને ધર્મ કેળવણી લેનારા ઉપરના બેય વર્ગમાં સૌસોની યો-ગ્યતા પ્રમાણે આવવા જોઇએ. આ પ્રમાણે દીર્ઘદૃષ્ટિથી ગોઠણ થાય તો પછી કોઇને કોઇ દિવસ ઉંડા નિશાસા નાખવા પડે તેવો વખત આવે નહી. જે વર્ગ નિશાળો વિગેરેમાં અભ્યાસ કરતો ન હોય તે વર્ગને અક્ષરજ્ઞાન સાથે સ-દ્ગુણ અને સ્વધર્મનું દેશકાળ અને વય પ્રમાણે જ્ઞાન આપતાં રેહેવું જોઇએ

અને નિશાળ વિગેરેમા અભ્યાસ કરતા ન હોય તેને પણ સદ્ગુણ અને સ્વધર્મનુ દેશ કાળ અને વય પ્રમાણે જ્ઞાન આપવુ જોઇએ બાળકોનેમાટે નિશાળોમા તેની ગોઠવણો થવી જોઇએ અને જ્યાસુધી તેની ગોઠવણો ન થાય ત્યાસુધી માબાપોએ બાળકોને નિરંતર બોધ આપ્યા કરવો જોઇએ આપણા લોકો ધનવાન ધનુક હશે અને તેઓ લાખો પૈસા નાચ તમાસામા કે મકાનો બનાવવામા વાપરતા હશે પરતુ તેને બદલે સદ્ગુણ અને સ્વધર્મના બોધનેમાટે એકાદ નિશાળ કાઢે કે બીજા કોઇ યોગ્ય ધધા શીખવવામાટે નિશાળ કાઢે તો કેટલો બધો દેશને લાભ થાય પણ એમ નથી થતુ તેથી નિશાળ કે કોલેજમાથી નીકળેલ બાળક ભૂત જેવુ રહે છે અને કઈ કાઇ શિખ્યુ હોય તો વિદ્યાર્થી ખુમારીથી સૌને તિરસ્કાર કરવા તથા પોતાનુ સઘળુ અનખોડવા શીખ્યુ હોય છે બાળકીઓમાટે શાળાઓ જુદી થઇ છે તે આનંદની વાત છે પરતુ તેમા અધ્યાપક લોકો શુ કરી શકે તેમ છે તેમા ભાષાજ્ઞાન બાળકોને અપાય છે, પરતુ તેની ભવિષ્યની સ્થિતિમા તને જે ઉપયોગી છે તેનુ જ્ઞાન તેને મળવુ જોઇએ અને તે સાથે સદ્ગુણ અને સ્વધર્મનો બોધ થવો જોઇએ આ બે તો પેહેલા શિક્ષકમા હોય તો વિદ્યાર્થીમા આવી શકે છે સ્વધર્મ અને સદ્ગુણનો બોધ નહિ થયો હોય તો મોટા મોટી ચોપડીઓના પાના ઉથલાવ્યાથી જેમ બાળકોને કાઇ વળવાનુ નથી અને સુખ સપાદન થવુ નથી તેમ બાળકીઓને પણ સદ્ગુણ અને સ્વધર્મના જ્ઞાન વગર કાઇ વળવાનુ નથી અને સુખ સપાદન થવુ નથી આવા કેળવણીના ઉદયમા મા દીકરાની લડાઇઓ, સાસુ વહુના ઝગડાઓ, વળી ધણીઆણીના અણબનાવો, ભાઇ ભાઇઓમા અભાવાઓ, વિગેરે ન થવા જોઇએ તેવા અનર્થો જોવામા આવે છે તે સદ્ગુણ અને સ્વધર્મના બોધની ન્યૂનતાથીજ થાય છે એમ (નક્કી સમજવુ,) અને નીતિન્યાયની ન્યૂનતા જોવામા આવે છે એનુ કારણ પણ એજ છે આપણે (આર્યો) ક્યા એવિશે કાઇ અભિમાન રાખીયે છિયે? તે શિવાયના બીજા ઘણી જાતના લોકો પોતપોતાના ધર્મની વૃદ્ધિનેમાટે ખાનગી નિશાળો કાઢી બાળકોને સ્વચ્છદ થતા અટકાવે છે તો આપણી આપણે ઉત્તમતામાટે શામાટે સમયનો લાભ ન લેવો જોઇએ હાલનો સમય એવો છે કે જે કરવુ હોય તે થઇ શકે તેમ છે અને કાઇ ન બને તો બબે ઘડી છોકરાઓને ભેળા કરી વિનોદ થાય તેવી રીતે સદ્ગુણ અને સ્વધર્મનો બોધ આપતા શુ હાનિ થાય છે? પુરૂષોને અવકાશ ક્યાથી મળે એમ જો કોઇ કહે તો વિચારવાનુ એ છે કે જે દિવસ નિશાળો ન હતી તે દિવસ લોકો શી રીતે બાળકોને ભણાવતા

હશે. તે વાત કદિ મેલી દઇએ તો ગ્યાસલાઇટના દીવાને અજવાળે ચોપાટ કે પાટલીએ રમવાનો વખત તથા હવા ખાવા જવાનો વખત મળે અને પોતાનાં બાળકોને કેળવવાનો વખત ન મળે એ હસવા જેવું છે. પરંતુ જ્યાં મનમાંથીજ એ વાતનો સર્વને અનાદર ત્યાં પીપુડીનો નાદ કોણ સાંભળે. વખત મેળવે તો મળી શકે તેમ છતાં નથી મળતો એમ ધારિયે તો સ્ત્રિયોને ઘરમાં ક્યાં થોડો વખત મળે છે. પોતાના બાળકોને તેની સ્થિતિ પ્રમાણે અને બાળકીઓને તેની સ્થિતિ પ્રમાણે સહજ બબે ઘડી બોધ આપે તો શી અડચણ છે? પણ પેહેલાં વાંધો એજ આવતો હશે કે પોતે સદ્ગુણ અને સ્વધર્મ શું એ જાણતાં હોય ત્યારે બાળકોને બોધ આપે કે? કદિ જાણતાં હોય તો પણ આળસમાં આંખ આડા કાન કરીને ઉધ્યા કરે છે પણ છોકરાંનો સ્વાર્થ બગડે તેનો વિચાર કરતાં નથી, તો તેમ ન થવું જોઇએ. જગતમાં સઘળી પ્રવૃત્તિ સુખમાટે છે તેમ છતાં તે સુખ કેવા પ્રકારથી મળે તેનો વિચાર ન કરિયે તો કેવળ તેમાં આપણોજ દોષ છે. બાળકો કે બાળકીયો સદ્ગુણી અને સ્વધર્મમાં પ્રવીણ થાય તેને માટે જ્યાંસુધી બીજાં પ્રબળ સાધનો જગતમાં નથી ત્યાંસુધી પોતાની માતા એજ બાળકોને સુધરવાનું દ્વાર છે. એટલામાટે અમારૂં કેહેવું એમ છે કે મુખ્ય સ્ત્રીવર્ગનેજ સદ્ગુણ અને સ્વધર્મના જ્ઞાનની જરૂર છે કે જેના અંશો બાળકોમાં અનાયાસે આવી શકે. વર્તમાન કાળમાં પણ જે બાળકીઓ અભ્યાસ કરે છે તે જ્યારે માતાની યોગ્યતાને પામશે ત્યારે જેવા સંસ્કારો આજથી તેના અંતરમાં લાગ્યા હશે તેવા સસ્કારોનો અંશ તેના બાળકોમાં આવશે. માટે કેવળ શાળાઓ ઉપરજ ભરોસો ન રાખતાં યોગ્ય વય થતાંસુધી બાલકીઓને માતાએ શીખવવું. યોગ્ય થઇને સાસરે ગયા પછી પતિએ અને સાસુએ શીખવવું જોઇએ કે જેથી તેની પ્રજા પણ પાછો તે ઉત્તમ લાભ લઇ સદ્ગુણી થાય. હાલમાં ચોપડીઓ વાંચતાં આવડે તેવા જ્ઞાનને લોકો ભણતર કહે છે. એ ભણતર જેટલું બાલકોને ઉપયોગી છે તેટલું બધું બાળકીઓને ઉપયોગી નથી. અને તેમાં પણ જેની સાથે ભવિષ્યમાં સંબંધ બંધાવાનો હોય તે પતિના કરતાં સ્ત્રીમાં જો કેહેવાનું ભણતર વિશેષ હોય તો તે લાભ તો ત્યાં રહ્યો પણ મહા હાનિકારક અને પતિપત્નીને દુઃખરૂપ થાય છે. પરંતુ અમારા સદ્ગુણનું અને સ્વધર્મનું ભણતર તો એટલું બધું ઉત્તમ છે કે તે પુરૂષમાં અધિક હોય તો આનંદની વાત છે પરંતુ તેમ નહિ ને સ્ત્રીમાં વધારે હોય છે તોપણ તે અતિષય લાભકારક અને સુખદાયક થઇ પડે છે. એટલામાટે સર્વ આર્ય પ્રજાએ સદ્ગુણ અને સ્વધર્મનું ભણતર ભણાવવામાં

મેઠ બાંધવી જોઇએ સદ્ગુણ અને સ્વધર્મનુ જેને જ્ઞાન હશે તેને ભાષાક અક્ષરનુ જ્ઞાન સુખદાયક ફળ આપનાર થઇ પડશે અને જેને સદ્ગુણ અને સ્વધર્મનુ ભણતર નહિ આવડતુ હોય તને અક્ષરજ્ઞાનનુ ભણતર દુખદાય થઇ પડશે જે ભણતર પોતાને દુખદાયક થાય એ ભણતરથી બીજાને પણ શી રીતે સુખ ઉપજાવી શકાય સદ્ગુણ અને સ્વધર્મનુ ભણતર ભણેની બાળકીને અક્ષરજ્ઞાન ન આવ્યુ હોય તો તે કાઇ હાનિ કરનાર નથી પરંતુ અક્ષરજ્ઞાનવાળી બાળકીને સદ્ગુણ અને સ્વધર્મનુ જ્ઞાન ના થાય તો તે હાનિકારક થાય છે આર્યશાસ્ત્રમા સત્સગતિ રાખવાનો ચારેકોર બોધ લખવામા આવે છે તેનુ કારણ પણ પ્રજા સદ્ગુણી અને સ્વધર્મ પાળનારી થાય એજ છે દેશ કાળ અને રાજ્યનો પ્રભાવ તો જાણે લાગ્યાવગર રેહેતો નથીજ તો પણ કાળજી રાખીને મધ્યમ માર્ગે ચાલ્યા જતા ધ્યાન રાખવામા આવે તો તેથી ઘણુ સતોષ કારક પરિણામ આવી શકે છે ચારે કોર નજર કરતા સદ્ગુણ અને સ્વધમ સબધી બોધ બાળકોના કોમળ મનપર નહિ પડતા અમર્યાદા અધિક અધિક વધતી જતી જોવામા આવે છે એ અમર્યાદાનો અત લાવવાનુ સાધન સદ્ગુણ અને સ્વધર્મનો બોધ બાળકોને મળે તેવી ગોઠવણ ગમે તેમ કરી દેવી એજ છે એમ જ્યાસુધી નથી થયુ ત્યાસુધી અમર્યાદા (છુટ) રૂપ રાક્ષસીના પજામા પકડાએલા બાળકો કદિપણ સતોષ આપે એવા નીકળવાની આશા રાખવી એ પથ્થરને પલાળવા જેવુ છે જો કેળવણી કહિયે તો તો એજ છે કે બાલકો સદ્ગુણી અને ધર્મથી ચાલનારા થઇ સુખ આપે તથા પોતે ભોગવે એમ ન થાય તો પછી કેળવણીને કેળવણી નહિ પણ સુકવણીજ કેહેવી જોઇએ વિચાર કરવાનો સમય પણ સમજુ વિદ્વાનવર્ગમાટે આજ છે માટે ભવિષ્ય ઉપર આધાર ના રાખતા વિદ્વાનોએ, એવિષે પ્રયત્ન કરવુ જોઇએ હમણા થોડુ પણ કામ થશે તો કાળે કરીને તે વૃદ્ધિ પામી અતિ સતોષ કારક નીવડશે એમ નકી સમજવુ જોઇએ

इंद्रियोनो विवाद

લે કેશવલાલ હરિરામ

મનુષ્યમાત્રને પોતામા રહેવા ડહાપણનેમાટે બહુજ અભિમાન હોય છે અને તે અભિમાનથી પોતપોતાને પોતે સર્વ વાતે અથવા કેટલીક વાતમા અધિક માને છે સર્વનુ માનવુ એકસરખી રીતે ખરૂ હોતુ નથી પરતુ તે પરિચય અને

પ્રસંગ પ્રાપ્ત થવાથી બીજાઓના જાણવામાં આવે છે. એકવાર ઇન્દ્રિયોને પણ પોતપોતાની યોગ્યતાનું અભિમાન આવતાં વાદવિવાદનો સમય આવી ગયો. ઘણા વિસ્તારવાળાં કુટુંબનાં મનુષ્યો ભેળાં રહેલાં હોવાથી દુર્ભાગ્યની પ્રબળતાથી જેમ વિચાર્યા વગર નજીવી વાતમાં લડી પડે છે તેમ ઇન્દ્રિયોને પણ એવો પ્રસંગ પ્રાપ્ત થયો. ભેળાં થયેલાં સઘળાં ઇન્દ્રિયમાંથી શ્રોત્ર ઇન્દ્રિયે ઉચ્ચો સ્વર કરી કહ્યું કે તમે પોતપોતાની મોટાઇ શામાટે વખાણો છો? મારી સત્તા આગળ તમારી સત્તા કાંઇ કામ આવતી નથી. હુ જો ન હોઉ તો જગતમાં સાંભળવાનો વ્યવહાર અને એ વ્યવહારથી સિદ્ધ થતી સઘળી સમજણો નાશ પામી જાય છે. હર્ષના શોકના રાગના દ્વેષના શબ્દો હુંજ પોતે મેળવી લઇને હૃદયને જણાવું છું. હુ સાંભળું છું તો મારા સાંભળવા પ્રમાણે મન પોતે જાણી લઇ સર્વ ઇન્દ્રિયોને યથાયોગ્ય કામમાં જોડે છે વિદ્યા અને કલાની વૃદ્ધિ સાંભળવાથી થાય છે. સાંભળવું બંધ થાય તો સઘળું બંધ થાય છે. જો મારી ઉત્પત્તિજ ન થઇ હોત તો સાંભળવાથી વૃદ્ધિ પામેલો સર્વ વ્યવહાર સ્વપ્નમાં પણ કોઇ જાણત નહિ. એમ થવાથી કેવી દશા જગતની થાત તે વાત સહજમાં જણાય તેવી છે. એક પલવાર પણ સાંભળ્યા વગર ચાલતું નથી, તો હું ન હોવાથી બીજાં બધાં ઇન્દ્રિયો પોતપોતાનું કામ કરી શકત નહીં. સારૂં માઠું જે સાંભળું તે હુ મનને જણાવું છું પછી તેનો તે ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરે છે: મારૂં સ્થાન સર્વથી ઉચું છું. અને સુંદર આકૃતિથી શરીરને હું શોભાવું છું. મારૂં કામ એટલું બધું કઠણ છે કે બીજાં કોઇ ઇન્દ્રિયથી એક નિમિષમાત્ર પણ ચલાવી શકાય નહિ તેમ બીજાં ઇન્દ્રિય ન હોય તો પણ મારો વ્યવહાર અટકતો નથી. એટલામાટે હું સર્વ કરતાં શ્રેષ્ઠ છું. ઘણા ભક્તજનો મારો આશ્રય કરીને ઇશ્વરના પદને પોચી ગયા છે. શ્રી શુકદેવજીએ વ્યાસજી પાસેથી ભાગવતસંહિતા સાંભળી અને તેણે પરીક્ષિતને કહી તેથી પરીક્ષિત રાજા શ્રવણભક્તિથી ઇશ્વરના ગુણ સાંભળી મોક્ષ પામ્યા. એટલુંજ નહિ પણ બીજા ઘણા ભક્ત લોકો પરમગતિ પામ્યા છે તે મારીજ સત્તાથી પામ્યા છે. એ મારો કેટલો બધો ઉપકાર. મારા વગર કાનનાં છિદ્રો તો કોડિયાં જેવાંજ સમજવાં. સાત સ્વરથી ઉઠેલા અનેક રાગ, વાજિત્રો, મૃદંગો અને હજારો રૂપીયાની કિંમતનાં ધા, વા અને ધસરકાનાં વાંજાઓ, જો હું અંતર્ધ્યાન થઇ જાઉ તો નિરર્થક થાય છે. હું ન હોઉ તો ક્ષણમાત્ર પણ સુખ વળે નહિ. આકાશના સાત્વિક અંશથી મારી ઉત્પત્તિ થઇ છે. ઇશ્વરના સ્વરૂપનો જો અંત આવે તોજ આકાશનો અંત આવે. અકાશના નિર્લેપ નિરાકારઆદિ ગુણો ઇશ્વરની સાથે એ-

કર્તા કરે છે। આકાશ છે તો સર્વ વિનાસો છે। આકાશ ન હોય તો કાંઈ પણ હોવાનો સંભવ નથી. આવા આકાશથી મારી ઉત્પત્તિ હોવાથી હું કેટલા બધા માનને પાત્ર છું તે કોઈથી છાનું નથી. મારી અધિષ્ઠાતા દેવતા દિશા, પણ જેનો અંત ન આવે એવી વિસ્તારવાળી છે. મારી દેવતા મને મેલીને જાય નહિ ત્યાંસુધી મારી જેવી બીજી એકે ઇન્દ્રિય બળવાળી નથી. ॥ ॥ ॥

॥ આટલાં વચન સાંભળી અસહનપણાથી ત્વચા ઈંદ્રિયે કહ્યું કે એટલું બધું તું અભિમાન શાનું કરે છે? મારી યોગ્યતા તમે વિચારો તો તમારૂં સર્વનું અભિમાન ઉતરી જાય તેમ છે. ટાઢું, ઉનું, કુણું, કઠોર વિગેરે પારખી શકવાની શક્તિ મારામાં અદ્ભુત છે. જો હું ઉત્પન્નજ ન થઈ હોત તો જગતમાં આજસુધીમાં વૃદ્ધિ પામેલા મારા સંબંધી વ્યવહારો જે વિસ્તાર પામ્યા છે તે પામતજ નહિ અને કશા ટાઢ-તડકા વરસાદથી રક્ષણ થાય તેવા પદાર્થોની જરૂર પણ રહેત નહિ. આજ જો અંતર્ધાન થઈ જાઉં તો સઘળા રેશમના અને સુતરના વિચિત્ર રંગ અને આકૃતિના ઓઢવા પહેરવાના તથા પાથરવાના પદાર્થો સાવ નિરર્થક થઈ જાય અને પ્રાણીઓ પાણીમાં સડી જાય, અગ્નિમાં બળી જાય કે વાયુમાં સુકાઈ જાય તો પણ ખબર પડે નહિ. સ્પર્શ વિષયના વિવિધ પદાર્થોનું જે અપૂર્વ સુખ છે તેનો અનુભવ મારાથકીજ અંતઃકરણ કરે છે. બીજી સઘળી ઈંદ્રિયો જે આનંદ આપે છે, તેના કરતાં મારી સત્તાનો આનંદ અધિક છે. હું છું તો માણસો મહેલ ચણાવી કે ઝુંપડાં બાંધી વાસ કરે છે, નિકર વગડામાં ફરતા હોય. હું છું તો માણસો હીરાગલ જરિયન કે સાદાં લુગડાં પેરે નિકર પશુની પેઠે ફરતા હોય. સ્પર્શ વિષય કાંઈ જેવો તેવો તમારે ન જાણવો. ક્ષણવાર પણ મારું વિસ્મરણ કોઈથી થઈ શકતું નથી અને તેથી લોકો પ્રતિદિન ઉપરના સુખના સાધનોમાં નવા નવા ઉપાયો કરતા રહે છે. મને ઉત્પન્ન કરનાર મહાભૂત પણ મહાબળવાન છે કે જે વાયુના નામથી ઓળખાય છે. વાયુ ન હોય તો આખા જગતનો અંત આવી જતાં વાર ન લાગે. ઇશ્વરની પેઠે એ સર્વવ્યાપક અને પ્રાણીઓને જીવાડનાર છે. એનાથકી જેનો જન્મ હોય તેની મહત્તા પણ કેવી મહાન હોય તે તમારેજ વિચારી લેવું. મારી અધિષ્ઠાતા દેવતા પણ એ મહાબળવાન વાયુજ છે અને એની સત્તાથી હું સર્વને સ્પર્શ વિષયનો ભોગ આપું છું. આ ભોગ ઉપરથીજ સુખરૂપ સ્પર્શને તજી અથવા ટાઢ તડકા વિગેરે સહન કરી ઘણા તપસ્વીઓ તપ કરીને ઉત્તમ લોક મેળવે છે. આટલી બધી મારી યોગ્યતા મારામાં હોવાથી હુંજ સર્વમાં

શ્રેષ્ઠપણું પામવા યોગ્ય છું. વિચાર તો કરો કે આખા શરીરમાં કયો ભાગ મારી સત્તા વગરનો છે.

આ વચન સાંભળતાં ચક્ષુ ઈંદ્રિયે ચીડાઇ જઇને કહ્યું કે, તમે શું પોતાની ખોટી મોટાઇ ગાયા કરો છો ? મારા સામર્થ્યની તમને શું ખબર છે ! મારી જો પ્રથમથી ઉત્પત્તિજ ન થઇ હોત તો બીજાં સઘળાં ઈંદ્રિયોના વ્યવહારોનો આજસુધી અભાવજ રહેત. મનમાં જે કાંઇ ભાવ થાય તે દૃષ્ટિએ જોયા પછી થાય છે. તેજ દષ્ટિ ન હોય તો પછી કાંઇપણ ભાવના થાય નહિ અને ભાવનાનો નાશ થયો એટલે સર્વ એનીમેળે નાશજ થયું. મારાં દ્વાર બંધ કરી જુવો તો ખરાં કે શું દેખાય છે. અંધારા શિવાય કાંઇ પણ બીજું દેખાશે નહિં. એવા અંધારામાં શી રીતે કોઇપણ ધર્મ અર્થ કે કામની ભાવના થાત. ભલેને કરોડ સૂર્ય ઉગે તો પણ હું નહોઉ તો તે કરોડે સૂર્યનું ઉગવું જગતમાં કામનું નથી. સારૂ-માઠું, હર્ષ-શોક, પ્રિય-અપ્રિય વિગેરે અંતઃકરણ મારી સહાયતાથી જાણી શકે છે. રાતા પીળા રંગો અને તે રંગોવાળા પદાર્થો જોવાથી થતો આનંદ હુંજ આપુ છું. મન ન પોચે એટલે દૂરસુધી માણસ મુસાફરી કરે છે તેમાં પણ મુખ્ય મારી સહાયતા જોઇએ છિયે. હું ન થઇ હોત તો કોઇપણ વ્યવહાર (દૃષ્ટિને અભાવે) થાત નહીં અને આજ પણ હું ન હોઉ તો કોઇપણ વ્યવહાર થાય નહિ. દિવેલ વગર જો દિવો બળે તોજ મારા વગર માણસને ચાલે છે. તમારા (બીજાં બધાં ઇન્દ્રિયના) વિષયો-પણ મારાવિના લેશ પણ આનંદ આપી શકે નહિ. એટલુંજ નહિ પણ તમે બધાં પોતપોતાના વિષયોને મેળવવામાં પણ હીન ભાગ્ય થઇ જાઓ. મારૂ રેહેવાનું ગોળક ઉચું અને શોભાવાળું છે. પંચમહાભૂતમાનાં તેજરૂપ તત્વના સાત્વિક અંશથી હું ઉત્પન્ન થયેલ છું. એ તેજમાં સ્થૂલરૂપ અગ્નિ અને ચંદ્ર વિગેરે તમારે સમજવાં. વિચાર કરો કે એ સર્વે ઉપયોગી અને જગતનું રક્ષણ કરનાર તેજ ન હોય તો જગત્ પણ અંધકારમયજ થઇ જાય અને આજે જે સ્થિતિ જગતની જોવામાં આવે છે તે માહિલું કાંઇ હોય નહિ. એ તેજના પિંડરૂપ સૂર્યનારાયણ એ મારા દેવતા છે. એની સત્તાથી તમે ક્યાં અજાણ્યાં છો. એ જગતને પ્રકાશ આપતા અને નિયમિત રોને ફર્યા કરતા દેવ કાળનું પ્રમાણ અપે છે. આ દેવતાના આશ્રયથી હું શું શું ન કરી શકું ? લેવું દેવું, ખાવું પીવું, ઓઢવું-પેહેરવું, લાજ-મર્યાદા, સારૂં-નરતું, ધોળું-કાળું વિગેરે વ્યવહાર સિદ્ધ કરવામાં સૌ પેહેલાં મારી ગરજ છે. માટે હુંજ સર્વથી ઉત્તમ તથા શ્રેષ્ઠ છું. મારૂં કામ કોઇથી થઇ શકે એમ નથી માટે તમોએ સહુએ

વિવાદ ફેર કરી મનેજ શ્રેષ્ઠ ગણવી જોઇએ મારે અભાવે મારૂં સ્થાન તો
કોડીની કિંમત જેટલું નથી હેતુ પણ આખું શરીર પણ નકામું થઇ જાય છે
માટે મને કોઇએ ખોટું અભિમાન કરીને રીસાવવાનું પ્રયત્ન કરવું નહિ નિકર
તમારી વાત તમે જાણ્યા

આપ્રમાણે ચક્ષુઇન્દ્રિયનો ચડભડાટ સાંભળી બોલવામાં કુશળ જીભ્હા
ઇન્દ્રિયે ઉત્તરરૂપે પોતાની પ્રૌઢતા ગાના માંડી તેણે જણાવ્યું કે તમે એકબીજા
પોતાની ચતુરાઇનું દેખાડો છો માનાનગર તમે કાંઇપણ કરી શકવાના નથી
પરમેશ્વરે મને મૂળથીજ ઉત્પન્ન ન કરી હોત તો સર્વ ષડ્રસોના પદાર્થોનો લોપ
થઇ જાત અથવા તેઓ નિરર્થક જાત અને જગતમાં કોઇપણ જાતની કળાકુશળતા
વિના કે પરસ્પરનો સુખ વ્યવહાર મારી સહાયતાથી વાણીએ રાખ્યો છે તે
રહેત નહિ હું રીસાઇને જતી રહું તો કાંઇપણ બોલાય નહિ અને બોલ્યાવ
ગર તો ક્ષણવાર પણ ચાલે નહિ રસની પરીક્ષા મારાવગર ન થઇ શકવાથી
સ્વાદનો નાશ થાય અને સ્વાદનો નાશ થતા શરીરના પોષણનો નાશ થાય હું ખાવા
વાનો પદાર્થ સારો છે કે નહી એમ પરીક્ષા કરાનેજ પેટમાં જવા દઉં છું એ મારૂં
કામ સર્વોપરિ છે મારા વગરનો સુખરૂપ ગોખનો કરો ગુણકારક રહેતો નથી વાણી
ઇન્દ્રિય જે ઉત્તમ અધિકારને યોગ્ય માણસને કરે છે તે મારાવિના થઇ શકે તેમ
નથી મારી પાસેથી નીકળતું અમૃત અન્નને ગળે ઉતરાવી પાચન થવામાં સહા
યરૂપ થાય છે ખરૂં જોતા તમસર્વને પોષણ થવામા હુંજ સાધનરૂપ છું હું
રીસાઇ બેસું અને અન્ન પાણી પેટમા ન પેસવા દઉં તો તમે બધા નરમ શેમરા
જેવા થઇ જાઓ મારૂં સ્થાન સર્વ કરતા ઉત્તમ અને શ્રેષ્ઠ ગણાય છે સર્વ જગ
તના જીવનરૂપ જળ નામના મહાભૂતના સાત્વિક અંશથી મારી ઉત્પત્તિ થઇ છે
એ જળ છે તોજ જગતનું જીવન સચવાય છે અને ઉત્પત્તિ પણ તોજ થાય છે
રસરૂપ પદાર્થો સઘળા જળની સત્તાથી રહે છે અને જળથી પોષણ પામે છે તો
એનાથી ઉત્પન્ન થયેલી હું કેટલી બધી સમર્થ છું તે તમારે વિચારી જોવું
મારા દેવતા કે જેની સત્તાથી હું મારૂં કામ કરવા સમર્થ છું તે દેવતાનું નામ
વરૂણ છે સમુદ્રને ક્ષોભ પમાડી જગતનો પ્રલય કરવાને સમર્થ એવા વરૂણ દે
વજ જગતને જીવાડે છે એમ નામાટે ન માનવું એની આજ્ઞાને અનુસરીનેજ હું
કામ ચલાવુંછું અને વાણી જે કર્મ ઇન્દ્રિય છે તેને તેના કામમાં સાધનભૂત થઇ શ
રીરને શોભાવું છું મારૂં આ મોટું કામ તમારા કોઇથી બની શકે તેમ નથી
જો તમો વધારે મને ચીડાવશો તો એમાથી કાંઇ સારૂં ફળ મેળવશો નહી

તમને બધાયને એટલું કહુંછું કે સર્વ કરતાં હું મોટી છું માટે તમારે કોઇએ આજથી ખોટી ચર્ચા ન કરતાં મને આધીન થઇને રેહેવું.

જીહ્વા ઇન્દ્રિયનું જોર જોઇને ઘ્રાણ ઇન્દ્રિયે ઉત્તર આપતાં જણાવ્યું કે મારા સરખું તો કોઈપણ જગતમાં મોટું નથી. જગતમાં પસરેલા સારા માઠા ગન્ધની પરીક્ષા મારાથીજ થઇ શકે છે આ પદાર્થ ગ્રહણ કરવા યોગ્ય છે કે નહિ તેની પેહેલાંથી હું ખબર આપુ ત્યારપછીજ બીજી ઇન્દ્રિયો તેને ગ્રહણ કરે છે. હું નહોઉ તો અતિ સુગંધિ પદાર્થોની ઉત્પત્તિ નિરર્થક થાય. મારૂં રેહેવાનું સ્થાનક નાસિકા સર્વ કરતાં શ્રેષ્ઠ અને આગળ છે. શરીરની સર્વપ્રકારની શોભા મારા નાના પણ મૂલ્યમાં મોટા સ્થાનથી જળવાઇ રહે છે. મારી ગરજ ન રાખીને મને સારો માઠો ગંધ ઓળખવા ન દેવાને મારૂં દ્વાર બંધ કરો તો પછી સર્વને ખબર પડે કે મારામાં પરાક્રમ છે કે નહિ. જગતમાં કોઇપણ પદાર્થ એવો નથી કે જેમાં કોઇપણ પ્રકારનો ગંધ ન હોય અને ગંધને ઓળખવાની શક્તિ મારા શિવાય કોઇપણ ઇન્દ્રિયમાં નથી. પૃથ્વી નામના મહાભૂતના સાત્વિક અંશથી મારી ઉત્પત્તિ થઇ છે. એ મારી માતા પૃથ્વી છે તેજ સ્થાવર-જંગમ પ્રાણીઓને ધરી રાખનાર છે. સઘળો જગતનો વ્યવહાર પૃથ્વીની સત્તાવિના અસંભવિતજ છે. એવી મહા સત્તાવાળી પૃથ્વીના પરાક્રમથી હું જે અભિમાન કરૂં તે થોડું છે. સારાંશ એ કે મારી બરાબરી કરી શકનાર કોઇ ઇન્દ્રિય છે નહિ માટે તમારે ખોટી મોટાઇ લઇ બેશીને બબડવું નહિ. જેનાથી હું સત્તાવાળી છું તે મારા દેવતા અશ્વનીકુમાર કેહેવાય છે. નિરંતર જોડાઇ રહેનારા એ દેવો પોતાની વૈદ્યવિદ્યાથી દેવતાઓનાં પણ દુઃખ ટાળવામાં સમર્થ છે. એના સમર્થપણાથી હું શરીરમાં શોભાદાયક નાસિકારૂપ સ્થાનકને પામેલ છું. એ સાધનથી પ્રાણના શ્વાસોચ્છ્વાસ શરીરમાં આવજા કરે છે. અજપા ગાયત્રી મારા સ્થાન દ્વારા યોગીજનો જપી શકે છે એ કાંઇ બીજી ઇન્દ્રિયથી બનતું નથી તમે ગમે તેવાં શ્રેષ્ઠ કે પરાક્રમી હો તોપણ મારૂં કામ કોઇથી થઇ શકે તેમ નથી માટે ખોટી મોટાઇ કરીને કોઇએ મને માઠું લગાડવું નહિ.

આપ્રમાણે પોતપોતાના અભિમાનથી વિવાદ કરવામાં તત્પર થયેલાં જ્ઞાનેંદ્રિયોનો જગડો સાંભળવામાં કર્મેન્દ્રિયો પાસે હતાં. માણસો જેમ જેવો પ્રસંગ હોય તેવી વૃત્તિવાળાં થઇ જાય છે તેમ કર્મેન્દ્રિયોને પણ થયું. વાતપર વાત નીકળતાં જ્ઞાનેન્દ્રિયો સાથે અને પોતપોતામાં જગડો કર્મેન્દ્રિઆને ઉઠયો. જ્ઞાનેન્દ્રિયોને તેઓએ એવુ કહ્યુ કે તમે એકબીજાં ખોટી માથાફૂટ શામાટે કરોછો. તમ

સર્વ કરતા અમારો જયો ઉત્તમ અને ઉપયોગી છે તો તમે પરસ્પર નોખા પડી એ બીજાવી રીતે શ્રેષ્ઠ થઇ શકશો ' પરમેશ્વર પૂજ્યા હોય તો છાનામાના બેસી રહોને અમે જ્યાસુધી જગતમા છિયે ત્યાસુધી તમોએ તમારી મોટાઇની આશા છોડી દેવી કર્મેન્દ્રિયોનો આ ઉત્તર સાભળી જ્ઞાનેન્દ્રિયો ચમકી ગયા, માહોમાહે લડતા હતા ત્યાસુધી ઠીક હતુ પણ આતો નચમા અવળુ વેતરાયા જેવુ થતુ જોઇ સવળા એક થઇ જ ઉત્તર આપવા વિચાર કરે છે એટલામા કર્મેન્દ્રિયો,એકબીજામાજ ચડભડવા લાગ્યા આગળ ચાલતા વાક્ ઇન્દ્રિયે કહ્યુ કે તમે સહુ ફોકટની મોટાઇ શામાટે લઇ બેઠા છો ' તમારો શો એવડો બધો અ વિકાર છે ' જે કાઇ આધાર છે તે જગતમા મારા ઉપર છે જે ઉદય અને જે વ્ય વહાર જોનામા આવે છે તેનુ કારણ હુ છુ મારા વગરનો કોઇ ભાગ ખાલી નહિ હોય જે કાઇ નામરૂપ ઓળખાય છે તે મારો પ્રતાપ છે અર્થશાસ્ત્ર, વૈદ્યશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને સઘળી વિદ્યા મારા વ્યવહારથીજ થયેલ છે કયુ કામ એવુ છે કે વાણીની સત્તા વગરનુ હોય કળા સઘળીની સમજણમા પણ વાક્ ઇન્દ્રિયની મુખ્યતા છે વિચાર કરો કે અનાદિ કાળથી ચાલ્યો આવતો વ્યવહાર ઉદયભરેલી સુખરૂપ દશામા જોવામા આવે છે તે મારી ઉત્પત્તિ ન થઇ હોતતો ક્યાથી હોત ' મારા દેવતા અગ્નિ દેવ છે એના પરાક્રમથી કોઇ અજાણ્યુ નથી એની સત્તાથી હુ મારો સર્વોપરિ અધિકાર ભોગવુછુ અત કરણના ભાવો બહાર દેખાડવાને અને બીજાના જાણવાને મારા શિવાય બીજુ કોણ સમર્થ છે જીહ્વાને તો શુ પણ આખા શરીરને મૂલ્યવાન હુ બનાવુ છુ સર્વ ઇન્દ્રિયોના તિલકરૂપ હુ છુ વિશેષ હુ મારી મોટાઇ શુ વખાણુ તોપણ કહુ છુ કે તમે સઘળા મારી સત્તાથી સુખ ભોગવો છો માટે મારાથી મોટુ કોઇ નથી

આ વાક (વાણી) ઇન્દ્રિયનો તરકડાટ સાભળી પાણિ (હાથ) ઇન્દ્રિયે કહ્યુ કે તમારે કોઇએ ખોટુ અભિમાન કરવુ નહિ લેવા દેવા વગેરે સર્વ ક્રિયાઓ અને જગતની અદ્ભુત કારીગરીઓ મારાવિના વતીજ નથી જે કાઇ કૃત્રિમ આકૃતિઓ છે તે સઘળી હુજ બનાવુ છુ હુ ન હોઉ તો કોઇ પદાર્થ બને નહિ કોઇ ક્રિયા બને નહિ અને સઘળી કળાઓનો અત આવે શરીરને સર્વ સુખના સાધનમા સહાય થનાર તો હુજ છુ વિવિધપ્રકારના વિષયભોગો મારી સત્તાવિના ભોગવીજ શકાતા નથી શત્રુનો સહાર કરવામા અને શરીરનુ સરક્ષણ કરવામા હુજ શ્રેષ્ઠ છુ જે વખતે પરદેશના મહારાજાનુ સૈન્ય સ્વદેશ ઉપર ચડી આવે ત્યારે મારાવિના કયા ઇન્દ્રિયથી સામુ લડવા જઇ શકાય છે સર્વ કામમા

હું આગળ પડું છું અને સર્વને હું સાચવું છું. ધર્મ અર્થ કામ કે મોક્ષ મારી સહાયતા વગર માણસ શી રીતે મેળવી શકત? માટે હુંજ સર્વોત્તમ છું. મારા દેવતા ઇન્દ્ર દેવને તમે નહિ ઓળખતાં હો. એની કૃપાથી જગતમાં મારો સદૈવ ઉદય છે. માટે મારી આગળ તમારે ખોટી મોટાઇ ગાવી નહીં.

આ વાત સાંભળી પાદ (પગ) ઇન્દ્રિયે કહ્યુ કે તમારા કરતાં મારૂં પરાક્રમ કાંઇ ઓછું છે? કયો પુરૂષાર્થ કે ઉદ્યમ મારો આશ્રય લેતો નથી? માણસ આદિ પ્રાણીઓ મારા વડે હજારો ગાઓની મુસાફરી કરે છે અને ઇચ્છામાં આવે ત્યાં જાય આવે છે. જવા આવવા સંબંધી સઘળી ક્રિયા મારાવગર બનતીજ નથી. હું ન હોત તો દૂરનું જે કાંઇ આપણે આજે જાણીયે છિયે તે જાણત નહીં. સર્વની ઝાડના જેવી કે પર્વતના જેવી દશા થઇ જાત તો પછી જગતનો ઉદય કેમ થાત? મારા દેવતા સાક્ષાત્ વિષ્ણુ છે. સર્વ દેવમાં વિષ્ણુ પૂજા કરવા યોગ્ય છે ત્યારે હું પણ સર્વને પૂજા કરવા યોગ્ય શામાટે નહિ. જો હું અટકી જાઉ તો મારૂં કામ કોણ કરી શકે તેમ છે. માટે મારી બરોબર તમારાથી કોઇથી થવાય તેમ નથી.

આવો બડબડાટ સાંભળી ચોથી * * ઇન્દ્રિયે કહ્યુ કે સર્વ કરતાં તો હુંજ ઉત્તમ છું. શરીરમાં ભરાતાં અન્ન-પાણીના મળને જો હુ ત્યાગ કરી આપું છું તો બીજા પોષણકારક પદાર્થો ખાઇ શકાય છે અને એ ખાઇ શકાય છે તોજ સર્વ ઇન્દ્રિયો પોતપોતાના કામમાં શક્તિમાન્ થાય છે. હુ ન હોત તો કોઇપણ ઉદ્યમની આવષ્યકતા રેહેત નહિ કેમકે સઘળા ઉદ્યમો ખાવા સારૂ અને ઉઘવા સારૂં છે; તે ખાવું પણ બંધ થાત અને ખાવું બધ થતાં ઉંઘપણ બંધ થાત. આમ થાત તો કેવી દશા જગતની હોત. મારા દેવતા યમરાજની મોટાઇથી કોઇ અજાણ્યું નથી. એ યમરાજ જો કોપ કરે તો માણસથી જેરવાતો નથી તેમ મારો કોપપણ માણસથી જેરવી શકાતો નથી. હુ જે કાંઇ કરી શકુ છુ તે બીજા કોઇથી બની શકે તેમ નથી. શ્રોત્ર ચક્ષુ પાણિ અને પાદ વિગેરે ઇંદ્રિયો ન હોય તો ઘણીવાર ચાલ્યું જાય છે પણ મારા વગર કોઇ દિવસ ચાલતુ નથી એટલામાટે હુ સર્વ કરતાં શ્રેષ્ઠ છું.

આ ઇંદ્રિયના બોલવાથી વ્યાકુલ થયેલી પાંચમી ઇંદ્રિયે પોરસાઇને કહ્યું કે તમે બધાં શામાટે કલકલ કરો છો. આખા જગતમાં સૌ કરતાં મારો અધિકાર મોટો છે. પ્રાણીઓની ઉત્પત્તિ અને તેઓનો વધારો મારાવિના થતોજ નથી. જગતના ઇશ્વરના જેટલી શક્તિ હુ ધરાવુંછું. મને જો ઇશ્વરે ઉત્પન્ન ન કરી હોત તો જગતમાં ઉત્પત્તિના માર્ગજ બધ થઇ જાત અને એમ થાત તો આજે જે આવડો બધો પ્રપંચ દેખાય છે તે દેખાત નહિ. (અપૂર્ણ.)

ગ્રંથવિવેચન.

*સરસ્વતી ચદ્ર ભાગ ૧

સારી છપાઇનું, વિચિત્ર રંગથી સુશોભિત પુઠાનું, આ પુસ્તક સર્વને દર્શનથી મોહમા ખેચી, સ્વરારીગમા ગોઠવાએલ વિવિધ પ્રકારની રચનામા મનને ખેચે છે પુસ્તક ઉઘાડી પ્રથમના, કર્તા અને ગ્રંથના નામ દર્શક પૃષ્ઠો ફેરવી, વધુ પણ પ્રૌઢ, ઈંગ્લિશ અને ગુર્જર ભાષામા લખાએલી પ્રસ્તાવનાઓ વાચી તેમા જણાવેલા વિચારો ઉપર વધારે વિચારો દર્શાવ્યા વિના, તેમજ મગલાચરણરૂપે લખાએલી અર્પણપત્રિકા વાચી, અનુભવી, આપણે કથાભાગમા પ્રવેશ કરીએ

પ્રથમ પ્રકરણમા કર્તા આપણને પશ્ચિમ સમુદ્રના કોઇ બંદરને કાંઠે આવી પડેલા વહાણ ઉપરથી ઉતરતા એક પુરૂષને દેખાડે છે આ પુરૂષનુ વર્ણન અને નવુ ધારણ કરાવેલુ નામજ (ગ્રંથારંભે લખેલ નામને મળતુ હોવાથી) વાચનારના મનમા વિચાર ઉત્પન્ન કરે છે, કે આ મનુષ્ય કોઇજ નહીં પણ કથાનો નાયક જ હોવો જોઇએ અને અતે તેમજ નિવડે છે આપણે એ પુરૂષને નાયક કહી શકશુ ? બને પક્ષમા વિવિધ કારણો છે પ્રથમ ભાગ ઉપર દૃષ્ટિ રાખતા આ પુરૂષને નાયક કહેવો એ, આ કથામા આવતા બીજા પુરૂષને અન્યાય કરવો જેવુ છે જો એને જ નાયક કહીએ તો એ નાયક બહુ વિચિત્ર છે ઇગ્લિશ કવિ ગોલ્ડસ્મિથના "ચાઇનીસ લેટર્સ" માહેલા ચાઇનીસના જેવો આ પુરૂષ જણાય છે સ્વગૃહનો ત્યાગ કર્યા પછી આ પુરૂષે ઉપર લખેલ પુરૂષના પરિમાણે એટલુ બધુ આપણુ ધ્યાન ખેચ્યુ નથી, કે આપણે તેને બહુ ઉચા પદે મુકીએ પ્રથમ ભાગની અપેક્ષાએ, આખી કથાનો એ નાયક હોવા છતા પણ, બુદ્ધિધનને આપણે નાયક કહિશુ તો એ અયોગ્ય નહિ કહેવાય આ વિષયમા વિશેષ બોલવુ એ, જ્યા સુધી દ્વિતીય ભાગના દર્શન નથી થયા ત્યાસુધી અનુચિત છે

આ **સરસ્વતીચદ્ર** અથવા આપણી દૃષ્ટિમર્યાદામા ઉભેલો **નવીનચદ્ર**, સુવર્ણપુરનો અતિથિ, નૌકામાથી ઉતરી, વિચાર કરતો રાજેશ્વર મહાદેવના મંદિરમા પ્રવેશ કરેછે મદિરનુ વર્ણન સામાન્ય છે તે વર્ણનમા આપણી દૃષ્ટિ આગળ તે મદિરનુ સ્વરૂપ સાક્ષાત્કાર કરાવનાની શક્તિ નથી કરણઘેલો અથવા ગણકદેવીના

---

*બુદ્ધિધનનો કારભાર, રચનાર રા રા ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

આ પુસ્તક અમારા હાથમા વહેલુ આવ્યુ હતુ, પરતુ તેનુ વિવેચન કરવાનુ એક ગ્રહસ્થે પોતે માથે લીધાથી અને તે વિવેચન અમારા પત્રના પ્રમાણમા મોટુ લાગવાથી અમારે આટલુ મોડુ ઓછુ ટુકામા આકારમા લેવુ પડયુ છે આ. ધ. મ. તત્રી.

કર્તા આ વિષયમાં આ કર્તા ઉપર જય મેળવે છે. અસરકારક વર્ણન કથાની રસિકતા લાવણ્ય અને વાંચનારની ઉત્કંઠાને અધિક કરે છે; તેમાં કર્તા અને કાવ્યનું સાફલ્ય છે. અંદર પ્રવેશ કરતાં **સૂર્ખદત્ત** તપોધન (!) નાં દેવ-સહવર્તમાન દર્શન થાય છે. **મૂર્ખદત્ત** ઘણે ઠેકાણે અને સમયે પોતાનું મૌર્ખ્ય દેખાડે છે તથાપિ તે મૂર્ખ નથી; એમ કર્તાના લેખ ઉપરથી જણાય છે.* હશે. આ પ્રવેશ પછી કથા-ભૂમિ ઉપર આ પુરૂષનું ક્વચિત જ દર્શન થાય છે; માટે આપણે પણ તેને વિષે અહિ જ પૂર્ણાહુતિ કરીએ. એ સાંપ્રત સ્થિતિના પૂજારીનું યથાસ્થિત ચિત્ર છે, એમ કહેવામાં અસત્ય નથી; પરંતુ હજી એ વર્ણનમાં કાંઇક ન્યૂનતા જણાય છે. કર્તાનો લેખ આપણને વધારે જાણવા અને આનંદ લેવા ઉત્સાહી કરે છે, પણ તે ઉત્સાહમાં તણાતાં આપણે ઠગાઇએ છીએ.

બીજા પ્રકરણમાં આપણી દૃષ્ટિ મર્યાદા આગળ ત્રણથી ચાર યુવતીઓ આવે છે. નવીનચંદ્ર—સરસ્વતીચંદ્ર, કલ્પાએલો નાયક, અહિઆંથી લગભગ છ પ્રકરણસુધી તટસ્થ રહે છે. અજ્ઞાત મનુષ્ય કોઇ જાણતું એ નથી અને કોઇને જાણવાની ઇચ્છાએ નથી કે તે કોણ છે. ડા. પિટર્સન જેવા ટીકાકારને આવી સંકલનામાં કદાચિત્ વધારે આનંદ આવે; પરંતુ બાણ મહાકવિને એ ઠીક નથી લાગ્યું. "પ્રથમથી† નાયિકા (નાયક) નો પ્રવેશ કરાવિને થોડીવાર તટસ્થ વા શૂન્ય જેવી (વો) દર્શાવવી (વો) તે કરતાં યોગ્ય અવસરે પ્રવેશ કરાવી સમાપ્તિ પર્યન્ત પ્રત્યક્ષ રાખવી (વો) એ ઠીક." હશે. આ પ્રકરણ ઉપર વધારે ટીકા કરવા જેવું કાંઇ નથી. **બુદ્ધિધન**ના કુટુંબમાંના જનોની સામાન્ય ઓળખાણ કરાવવા વિના પ્રકરણ કાંઇ બીજું ઉપયોગી જ્ઞાન આપતું નથી. પ્રમદા **અલકકિશોરી** અને બાલા પણ પ્રૌઢા **કુમુદસુંદરી** વિષે વિવેચન કરતાં તેમનાં માત, તાત અને સગા સંબંધિઓ વિષે કાંઇક જ્ઞાન મળે છે. **બુદ્ધિધન**માટે આપણે ઘણું જાણવાનું છે અને યોગ્ય સ્થલે કર્તાએ સંપૂર્ણ જ્ઞેય જણાવ્યું છે. **કુમુદસુંદરી**નાં પિયરીઆં વિષે, તેની પોતાની સદ્ગુણી વૃત્તિનેલીધે, કાંઇક જીજ્ઞાસા થાય છે, અને જીજ્ઞાસાના પ્રમાણમાં જેવું જોઇએ તેવું જ્ઞાન મળે છે. તે આપતાં **વિદ્યાચતુર** અને તેની સ્ત્રી વચેના આલાપમાં સ્ત્રીસુધારણા વિષે કાંઇક નોંધ કરી કર્તા પાછો પોતાની મુળવાત ઉપર આવી જાય છે. વાત કરતાં **કુમુદસુંદરી**નો પ્રથમ સબંધ કેમ થયો હતો અને તે કેવી રીતિથી તુટયો, વિગેરે જ્ઞાન સંક્ષેપમાંજ આપે છે. આગળ સરસ્વતીચદ્ર વિષે બોલતાં ફરી બોલવું પડશે માટે હાલ એટલુંજ ઠીક.

---

* જુની વાર્તાઓમા આવા દાખલાઓ નીકળી આવે છે.

† રા. છગનલાલ હરિલાલ પંડ્યા. કાદમ્બરી ભાષાંતરની પ્રસ્તાવના.

અલક અને કુમુદ હજી મંદિરમાં આવી પ્રવેશ કરે છે તેટલામાં કોઇ અનુચરવર્ગમાંથી આવી, બુદ્ધિધન અને રાણાજી (સુવર્ણપુરના અધિપતિ) આવવાની ખબર કહે છે સૌ યોગ્ય સ્થળે જતાં રહે છે, અને રાણાજી તથા બુદ્ધિધન શિવલિંગ સામે પોઠિયા આગળ સોનેરી ગાલીચા ઉપર બિરાજે છે

અહિંથી આ વાતનો સંબંધ બંધ થાય છે પરન્તુ સંકલના ઉપરથી અનુમાન થાય છે, કે સંકલના લેખિનિના ઉપયોગ અગાઉ થઇ નથી કર્તાએ મન-તુરગને બરાબર કાબુમાં રાખી ચલાવેલ નથી તેને તેની સ્વેચ્છા પરિમાણે જવા દઇ અજ્ઞાતમાર્ગે જાય છે એમ જણાતાંજ રશ્મિ ખેંચી, પાછો વાળી, મહાયત્નને બીજે માર્ગે ચલાવે છે

બુદ્ધિધન ઉચ્ચ, પણ દુર્દૈવથી નિર્ધન, કુળમાં જન્મેલો પુરૂષ છે "પુત્રના લક્ષણ પાલનામાંથી જણાય" એ નિયમ પ્રમાણે બુદ્ધિધનની બુદ્ધિનો પ્રભાવ તેની બાલ્યાવસ્થામાંથી દીપે છે, પરંતુ તેમાં નિર્ધનતાનું વાદળું આવરણ કરે છે પોતાની નિર્જીવ મોટાઇમાં મગ્ન રહેતા નિષ્પાપ, નિષ્કપટ, પિતાના મુખમાંથી, આગળ થઇ ગએલા વડીલોની મોટાઇ વિષેની વાતો સાંભળતો, અને સદ્ગુણી, સ્વ અવસ્થાની પૂર્ણ જ્ઞાતા થએલા અસ્તથી ખિન્ન થતી અને ઉદયની ઇચ્છામાં લીન થએલી, માતાના ઉત્સાહક સદુપદેશના વચનો સાંભળતો, આ બુદ્ધિબાલક શાલામાં પોતાનું અધ્યયન કરે છે ઐશ્વરી નિયમને અનુસાર વા અનનુસાર, આપણે જોઇએ છીએ, કે કેટલાક પુરૂષો જેમની વિદ્યાર્થી અવસ્થા મંદ હોય છે, તે પ્રૌઢાવસ્થામાં ઘણા દીપ્તિમાન થાય છે આવા પુરૂષોની સંખ્યા બહુ નાની હોય છે, પરંતુ આ નાની સંખ્યાનો ઘણો ભાગ યશસ્વી થયાવિના રહેતો નથી એ વર્ગમાંનો બુદ્ધિધન, પોતે ઉચ્ચ સ્થિતિમાં કેમ આવે, લોકો પોતાની સ્તુતિ કેમ કરે, પોતે લોકમાન્ય તેમ રાજમાન્ય કેમ થાય, એ આદિ વિચારમાં લીન થાય એ સ્વાભાવિક છે વયની પહેલી વિશીમાંથી નિસરી બીજી વિશીમાં પ્રવેશ કરતો પુરૂષ સદાય વિચિત્ર વિચારોમાં લીન હોય છે એ સમય અનિશ્ચિતાવસ્થાનો છે પૂર્ણ સુખની બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાનો ત્યાગ કરી યુવાવસ્થારૂપિ નાવમાં બેશી, સંસારસમુદ્ર તરવાની તજવીજ કરતો પુરૂષ, સદાય, ભવિષ્યમાં તેને કેવા તોફાનો નડશે, તેનું શું થશે, નિર્વિઘ્ન પાર જવાશે કે નહીં, દુર્જનરૂપી મગરમત્સ્યાદિકથી દુઃખ થશે કે નહીં, એ આદિ ઘણા વિચારોએ પરિવૃત હોય છે ગર્ભશ્રીમંતોને તથા અતિનીચ પંક્તિના પુરૂષો, જેઓ સેવા કરીનેજ પ્રાણયાત્રા કરવામાં તત્પર હોય છે, તેવાને આ જાતના પુરૂષોને વિચારરૂપી ગુલાબના કાંટાની થતી પીડાનો અનુભવ થવો અશક્ય છે મુંબઇ જેવા મ

હાન્ શેહેરમાં રાજમાર્ગે પ્રાતઃકાલમાં દશઘંટા સમયે ઉભા રહી જોતાં ઘણા પુરૂષો હાથમાં છત્રી, પગમાં સામાન્ય પણ અતિકાળાં ઉપાન અને ઘણુકરી ચકરી પાઘડી પેહેરેલા, હસતા હસતા ચાલતા દ્દષ્ટિગોચર થશે **બુદ્ધિધનના** અંતઃકરણને પીડા કરતા વિચારમાનો એક પણ વિચાર તેમને પીડતો નથી. તેઓ કંટક સમીપ જોતા પણ નથી; કારણ તેમણે ગુલાબ શું છે તે જાણ્યું નથી, અથવા જાણ્યું છે તો તે મેળવવા જેવા પોતાને યોગ્ય ગણતા નથી. આવા પુરૂષોને **બુદ્ધિધનની** આરંભ થતી યુવાવસ્થાની સ્થિતિનો અનુભવ ન થાય તો આપણે આશ્ચર્ય થવા જેવું નથી. આ વિદ્વાન્ કર્તાનો લેખ વાંચી કેટલા પુરૂષોએ પોતાના હ્દય ઉપર હસ્ત મુકી સ્વગત કહ્યું હશે કે "હા! **બુદ્ધિધન** તે હુંજ?" ઘણા થોડાએ, પણ એ થોડાને સાક્ષાત્ અનુભવ થયો હશે અને જરા સંભાવન પણ થયુ હશે, કે તેના પોતાના જેવા પુરૂષોનું ચિત્ર આપતાં કવિઓએ તેવી સ્થિતિનો સામાન્ય રીતિએ સંભવ છે એમ દર્શાવ્યુ છે ઘણી થોડી પણ તેવી થોડી પણ બુદ્ધિધનની પ્રતિમાઓને આપણે શુ જોતા નથી! સાંપ્રત સમયમાં એવા પુરૂષોના મોટા સમુદાયની જરૂર છે; પરંતુ સર્વ કાલમાં અને સર્વ દેશમાં તે થોડા જ મળે છે અર્થાત્ એમ જણાય છે કે તેમનો મોટો સમુદાય વિશ્વની અંદર ઉત્પન્ન કરવો એથી વિશ્વનાથના ઘડી રાખેલા સંસારચક્ર ચલવવાના નિયમોમાંથી કોઇનો ભંગ થતો હશે. અસ્તુ અમે હાલ એ વિચાર કરવા બેઠા નથી; નહિ તો વળી કાંઇ યુક્તિથી તેમ થવું યોગ્ય છે, એમ દર્શાવત

આ વૃત્તિના એક પુરૂષનું વર્ણન લખતાં એક વિદ્વાને ઘણી ક્ષમર્થસૂચકતા અને સાવધાનપણું રાખવું જોઇએ; અને તેમ ઘણે પ્રસંગે થયું છે એમ જોઇ અમને આનંદ થાયછે. આખા પ્રકરણમાં વૃદ્ધ પણ બુદ્ધિમાન્ માતાની બુદ્ધિ પણ આનંદ આપતી રહે છે. આગળ ચાલતાં વૃદ્ધ પિતા પંચત્વ પામે છે. અને પુત્ર તથા માતાના દુઃખમાં આધિક્ય થાય છે. શાસ્ત્ર ઉપર આસ્થા રાખનાર ધાર્મિક પુત્ર પિતાની યથાયોગ્ય ઉત્તરક્રિયા કરી, પિતાના ઋણમાંથી પોતાને મુક્ત થયો સમજતાં, સુવર્ણપુરના વ્યાપારીઓના ઋણમાં બંધાય છે. ઘરમાં માબાપ વિનાની, વગર પરણેલી વધૂ સાસુને કાર્યાદિકમાં સહાય કરે છે. ભાવિ પતિપત્નીનો અનાયાસે મિલાપ થતાં, મનોભવ તેમને પોતાના પાશમાં લેવા મથે છે, એમ જણાતાં ઇષ્ટાનિષ્ટ સમજતી માતા તેઓનાં લગ્ન કરી દે છે. વ્યાપારીઓના ઋણબંધનની એક અધિક ગાંઠ લગ્નની ગાંઠ સાથેંજ બંધાય છે. આવીરીતે બંધાએલો પુરૂષ વધારે ચિંતામગ્ન થતાં, માનસિક રોગ સાથે દેહના રોગને ઉત્પન્ન કરી પોતાના જીવિતને સંશયવાળુ કરે છે. (અપૂર્ણ.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મું   ફાલ્ગુન સંવત્ ૧૯૪૯.   અંક ૫ મો.

॥ यतोधर्मस्ततोजय. ॥

१ संसारना दुःखदपणाविषे काफी *

ખરેખર ખેદ કરાવે, આ સંસાર અસાર,—ટેક
ધન જન યૌવન મૃગજલ જેવા, સાંપડે લેશ ન સાર,—ખરે૦
જન્મ મરણ ભય શોક હર્ષનો, માથે પડે છે માર,—ખરે૦
ક્ષણભંગુર તન જાય વયાતુ, નાયુ ન થાય વરાર,—ખરે૦
તાપ ત્રિવિધ તન નિત્ય તપાવે, લક્ષ રહે ન લગાર,—ખરે૦
સ્વપ્ને પણ સુખની નહિ આશા, આધિ ઉપાધિ અપાર,—ખરે૦
પળ પળમાં પગલે પગલે પણ હાનિયો હોય હજાર,—ખરે૦
કાલ કઠણ વિષયો પણ વેરી, કોઈ કરે નહિ વાર,—ખરે૦
દેખાય કાંઈ અને હોય કાંઈ, એનો પમાય ન પાર,—ખરે૦
કેશવ ઓસડ એ દુઃખ માટે, વિનય વિવેક વિચાર,—ખરે૦

२ विनय विवेक करी लेवाविषे काफी †

કરી લે કુશળપણાથી, વિનય વિવેક વિચાર,—ટેક૦
ઉત્તમ જન્મ સમય બહુ સારો, વેળવા કેમ વિસાર ?—કરી લે૦
હું કોણ ક્યાંનો અહીં કેમ આવ્યો, કોણ પ્રકટ કરનાર ?—કરી લે૦
કોણ પિતા માત જન્મ મરણ શું, સંબંધમાં શો સાર ?—કરી લે૦
વામ ધરા ધન યૌવન કોના, કોના આ ઘરબાર ?—કરી લે૦
ખબર નથી પલની પણ પડતી, આગળ કેની ઉગાર ?—કરી લે૦
અંતરપટ અળગું થઈ જાતાં, આનંદ થાય અપાર,—કરી લે૦
કેશવપ્રભુ ભજનાનું સાધન, માનવ તન નિરધાર,—કરી લે૦

---

* આ કાફી ગાર પર (તિગેર?) રાગમાં અને એક જાતિની દેશીમાં ચાલે ટેકમાંથી "ખરે" એટલા અક્ષર કાઢી નાખવાથી પછી ટેક થતાં પદમાં એક રાગમાં ગવાય છે

† આ કાફીમાં પણ કુશળપણાથી એના ટેકમાંથી અક્ષર કાઢી નાખતાં એજ પ્રમાણે

ઇંદ્રિયોનો વિવાદ.

(સબંધ પાને ૭૨ થી)

મૂળ ન હોય તો પછી શાખાનો શો સભવ? સઘળાં ઇન્દ્રિયોના આનંદ કરતાં પ્રાણીને મારો આનંદ વધારે પ્રિય છે. જો હુ કોપ કરૂ તો પ્રાણીઓને મહા બંધનમાં નાંખી દઉ છુ અથવા સર્વ સુખથી રહિત કરૂ છુ. મારા બળની કાંઇ સીમા નથી પ્રજાપતિ નામના મારા દેવતાની મને સહાયતા છે. વધારે કેહેવામાં શુ ફળ છે? મારી બરોબરી કરી શકે કે મારૂ કામ કરી શકે એવુ કોઇ પણ જગતમાં છે નહિ માટે ખોટી મોટાઇ કોઇએ કરવી નહિ.

આ પ્રમાણે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો પોતપોતામાં અને એકબીજા સામાં-સામાં પોતપોતાના ગુણ ગાવા અને બીજાના દોષ દેખાડવા લાગી ગયાં. માંહિ માંહિ જ્યારે વાંધો ઉઠે ત્યારે બહારના લોકોની વાતપર માણસનું મન જાય છે, અને ત્યાં વિશ્રામ કરે છે. ઇન્દ્રિયોના બન્ને વર્ગમાં પણ એમ થયુ. પ્રત્યેક જ્ઞાનેન્દ્રિય-માનાં ચાર અને પ્રત્યેક કર્મેન્દ્રિયમાનાં ચાર પોતપોતાના વર્ગસાથે અસતોષ પામીને પોતાના વર્ગ ઉપર દોષદૃષ્ટિ કરી સામાવર્ગની વાત સાંભળવા લાગાં. આથી એવુ પરિણામ આવ્યુ કે પ્રત્યેક જ્ઞાનેન્દ્રિયે પોતપોતાને અનુકૂળ પડી તે કર્મેન્દ્રિયની સાથે સમાનતા ગણી. પોતાના વર્ણ જાતિનું ન હોય તેની સાથે જરા અનુકૂળતા થઇ કે પછી ધીરે ધીરે વિશ્વાસ બેસતાં બધુ અનુકૂળ લાગે છે, અને તેમ લાગવાને કાંઇ ખરૂ કારણ પણ હોય છે. આવીજ રીતે પોતપોતાના વર્ગમાં થોડોક અભાવો કે ઉદાસી આવે કે પછી તેમાં વધારો થતાં જતાં સાવ અભાવ થઇ જાય છે આનું પણ કારણ તો હોય છે પણ તે કારણ પછી પાછળથી દેખાતુ નથી. વાદાવાદના પ્રસગમાં *શ્રોત્ર અને †વાક્‌ને, *ત્વક્ અને †પાણિને, *ચક્ષુ અને †પાદને, તેમજ જીહ્‌વા નામની ચોથી જ્ઞાનેંદ્રિય અને ૪ થી કર્મેન્દ્રિયને એકબીજાનો મત ગમ્યો તેથી તેઓ એકબીજાને એકબીજાના કાર્યમાં પૂર્ણ સહાયતા કરવા લાગ્યાં અને પોતપોતાના વર્ગની સહાયતા કરવાનું તેમણે સમાપ્ત કર્યું. કાન વાણીને સહાય થાય છે અને વાણી કાનને સહાય થાય છે ત્વચા હાથને સહાય થાય છે અને હાથ ત્વચાને સહાય થાય છે. આંખને પગ સહાય થાય છે અને પગને આંખ સહાય થાય છે. તેમજ જીહ્‌વાને તેજ નબરનું અગ સહાય થાય છે અને તે અગને જીહ્‌વા સહાય થાય છે. સારાંશ કે એક-

* જ્ઞાનેંદ્રિય † કર્મેન્દ્રિય

બીજાના કાર્યોને પાર્ષપાર્ષનો મ ગ ૧ થયો અને એ બીજાને એ ગી તની ગરજ વ ડ એક કુળમા થયેલા લોકોના ગુણસ્વભાવ જેમ ઘણા જ મળતા આવે છે અને ક્યા- ક જ વિરોધ ન થતા સંપ રહે છે તેમ જ્ઞાનેન્દ્રિયો પચમહાભૂતના ન્ય ભાગમાથી થયેલા છતા માંહોમાહિ તેમને સંપ થયો અને કર્મેન્દ્રિયો કે જેઓ રજસ અંશથી થયા છે તેની સાથે તેમને અનુકૂળતા આવી. કર્મેન્દ્રિયો પણ પો તાના વર્ગમા વિક્ષેપ કરી જ્ઞાનેન્દ્રિયને મળતા થઇ બેઠા તે આવીજ પ્રત્યક્ષ જણાઇ રહે છે. આટલુ પરિણામ આવ્યા છતા પણ સાથી ઉત્તમ કોણ એ વાતનુ છેવટ ન્યાય કર્યા વિના આવ્યુ નહિ. પ્રાણવાયુને ખબર પડી એટલે ઇન્દ્રિયોનુ સ માધાન કરવાને તે ગયા. તેને આવતા જોઇ સઘળા જ્ઞાનેન્દ્રિયોએ તો રસ્કાર કર્યો કે અમારી વાતમા તમારે આડુ પડવુ નહિ, અમે ગમે ત્યા અમારો ન્યાય કરાવશુ. તમે અમારા કરતા કેવાક પરાક્રમી છો કે કાણ પણ ડોળના આ વ્યા. આવી રીતે પ્રાણોનુ અપમાન થયુ તેથી તેઓ પોતાને સ્થાને જઇ બેઠા આ વાતની અંત કરણને ખબર પડી એટલે તેનણે ઇન્દ્રિયોને નિ ર્માર કરો કરવો યોગ્ય નથી એવુ સમજાવવાનો શ્રમ કર્યો. ત્યારે જ્ઞાનેન્દ્રિયોએ કહ્યુ કે અમે તો તમારુ કહ્યુ માનિયે પણ આ કર્મેન્દ્રિયો માને તેમ નથી અને તેને અને અમારે પરસ્પર સબધ થઇ ગયો છે માટે નિ પક્ષપાત સ્થળ બતાવો કે ત્યા જઇને અમે સમાધાન મેળવીએ. અંત કરણે બ્રહ્માની પાસે જવાનુ કહેતા સ વળો સમુદાય માંહોમાંહે પોરશાતો જગતપિતા બ્રહ્મા પાસે ગયો. બ્રહ્માએ સ વને તપાસ્યા તેમા જે પ્રમાણે પ્રથમ બોલ્યા હતા તેજ અભિપ્રાયનુ અહી પણ બોલી ગયા. સર્વનુ બોલવુ સપૂર્ણ સાભળી પછી બ્રહ્માએ ઉત્તર આપ્યો કે,

જગત્મા કોઇ નાનુ પણ નથી અને કોઇ મોટુ પણ નથી. તેઓના અધિ કાર પ્રમાણે, સહુ નાના છે અને સહુ મોટા છે. જે કામ જે કરી શકે છે તે કા મમા તે મોટુ છે અને જે કામ જે નથી કરી શકતુ તે કામમા તે મોટુ શી રીતે કહેવાય ? એટલામાટે મોટાપણુ અને નાનાપણુ પ્રત્યેકને પ્રાપ્ત થાય છે. આવા કારણથી સામાન્ય અધિકારમા ઉત્તમ છે એમ વિચારી પોતપોતાને માર્ગ ચા લ્યુ જવુ એ ઉત્તમ માર્ગ છે. તમે સમજો છો કે જગતમા અભિમાન કોઇનુ રહ્યુ નથી મારુ પણ અભિમાન રહેતુ નથી તો પછી તમારી શી વાત કરવી ? એ ટલામાટે ઇશ્વરના કરેલા સઘળા પદાર્થોપર સમાનદૃષ્ટિ રાખી એકબીજાએ મ નમાથી અભિમાન છોડી દેવુ જોઇએ. વિનાકારણે વૃથા કલહ કરવાથી એમા એ બીજાની ક્ષીણતા સિવાય બીજુ કાઇ ફળ નથી. ખડ અને દેખ પણ પોતાને

સમયે શ્રેષ્ઠ છે અને હીરા મોતી પોતાના સમયવિના શ્રેષ્ઠ નથી. સારાંશ કે સર્વ સમાજની નાના-મોટાપણાની ગણતરી ઈશ્વર એના અંતરમાં સમજતો હોવો જોઇએ; તેથી પણ આંહી વાદ કરીને ક્લેશ કરવામાં કશો સાર નથી. માટે સહુએ આવા નમાલા વિષય ઉપર ન ઉતરતાં પોતપોતાનો અધિકાર શોભાવવો. આટલો ઉત્તર સાંભળી જીહ્વા ઇન્દ્રિએ વિજ્ઞપ્તિ કરી કે આપ સર્વશક્તિમાન્ મહાન પિતાની પાસે અમે સર્વે આવ્યાં છિયે એ અમારા ભાગ્યનો ઉદય થયો છે. અમારે કશો આપની કૃપાથી વિરોધ રેહેવો ન જોઇએ, તોપણ જ્યારે આપનાથી પણ ખરેખરો નિર્ણય નહિ થતાં એમનેએમ રેશે ત્યારે આટલો બધો અમારો અને આપનો પરિશ્રમ મિથ્યા થશે પછી જેવી આપની ઇચ્છા. આપના ચરણ આગળ અમારો આપની ઇચ્છાને અનુકૂળ વર્તવું એટલોજ અધિકાર છે.

બ્રહ્માજીએ આ પ્રાર્થના સાંભળી કહ્યું કે, કાલે હુ તમારો સંશય મટાડીશ માટે આજે તમે પોતપોતાને સ્થાનકે જાઓ. ઇન્દ્રિયોએ જાણ્યું કે બ્રહ્માજી પણ આપણને ઉત્તર આપતાં વિચારમાં પડી ગયા છે માટે જરૂર આપણામાંથી કોકને પણ ઉત્તમ અધિકાર મળશે. આટલો વિચાર કરી ઇન્દ્રિયો પોતપોતાને સ્થાનકે ગયાં. બ્રહ્માજીએ તો એકને કાન નહિ તો, બીજાને આંખ નહિ તો ત્રીજાને નાક નહિ, અર્થાત્ તે તે સ્થાનનાં ઇન્દ્રિય જેનાં ઉઠી ગયાં છે તેવાં મનુષ્યોને ભેળાં કરી રાખ્યાં. બીજે દિવસે ઇન્દ્રિયો આવ્યાં એટલે બ્રહ્માજીએ કહ્યું કે તમારે માટે એવી સરસ યુક્તિ શોધી કાઢી છે કે, તમારો ઉત્તર તમને પોતાની મેળે મળી જાય. આટલુ કહીને જે સ્થાનકે પેલાં એકેક ઇન્દ્રિયની ન્યૂનતાવાળાં માણસો એકઠાં કરી રાખ્યાં હતાં તેની ઓરનો પડદો ઉઘડાવી નાંખી આંગળી ચીંધીને કહ્યુ કે જુઓ આ ઠેકાણે નોખીનોખી દશે ઇન્દ્રિયો વગરનાં દશ મનુષ્યો છે. તેમાંથી સૌએ પોતપોતાનો અંશ જેમાં ન હોય તે માણસને જોઇને પરીક્ષા કરી લેવી કે તે તે અંશવગર તેનો વ્યવહાર ચાલે છે કે નહિ? આટલું સાંભળી ઇન્દ્રિયો તો એકઆંખે જોઇ રહ્યાં અને કાંઇ બોલી ન શકતાં એકબીજાં સામું જોવા માંડ્યુ. બ્રહ્માજીએ કહ્યું કે, આજનો દિવસ હું તમોને વિચારવાનો સમય આપું છું માટે સવારે સહુ નિષ્પક્ષપાતે કહી જજો કે તમારામાંથી કોણ મોટુ છે. હવે કાંઇ મારે ઉત્તર દેવાનો રહ્યો નથી. આ પ્રમાણે આજ્ઞા થતાં ઇન્દ્રિયોએ તે દિવસે તે વાતનો અનુભવ કર્યો તો સર્વને જણાયું કે આપણમાનું ગમે તે ન હોય તોપણ પ્રાણીનો વ્યવહાર બંધ પડતો નથી માટે આપણનું એકેનું અધિકપણું રેહેતુ નથી ત્યારે શામાટે લડિ મરિયે

છિયે ? બીજે દિવસે બ્રહ્માજીની સભામાં તેઓ સર્વે આવી ઉભા રહ્યા તે સર્વેને માન આપી તેમણે પુછ્યું કે કહો હવે તમે તમારી મેળે તમારી શંકાનો ઉત્તર સમજ્યા કે નહિ ? આ પ્રશ્નનો ઉત્તર સહુ શરમાઇ ગયા તેથી કોઇએ આપ્યો નહિ, એટલે બ્રહ્માજીએ પ્રત્યેકને કહ્યું કે, હે ઇન્દ્રિયો ! તમે શરીરમાં સર્વ સુખ લેવાના સાધનરૂપ છો અને સર્વે માનપાત્ર છો પરંતુ કોઇએ પોતાના મનમાં હું ઉત્તમ છું એમ માનવું નહી કેમકે તમારામાનું કોઇએક ન હોય તો શરીરનો વ્યવહાર અટકતો હોય એમ આજસુધી જોવામાં આવ્યું નથી જે ન હોવાથી શરીરના સર્વ વ્યવહારો બંધ થાય તેની સત્તાવાળું જે હોય તે ઉત્તમ છે એટલા માટે હું જણાવું છું કે પ્રાણ છે તેજ તમારા સર્વેના કરતા ઉત્તમ છે એ કર્મેન્દ્રિયનું અસાધારણ કારણ છતાં એમાં ઇશ્વરે એટલી બધી યોગ્યતા મેલી છે તમારા પ્રત્યેકના વગર પ્રાણીને ગમે તેમ પણ ચાલ્યું જાય એના લાખો દાખલા તમે પોતે જોયા હશે પણ પ્રાણવગર ચાલે એનો જગતમાં કયો દાખલો તમે દીઠો છે ? પ્રાણ જો જાય તો તમારૂં કુશળપણું કાંઇ કામ લાગતું નથી પ્રાણ હોય ત્યાંસુધીજ તમે તમારી યોગ્યતાનું કામ કરી શકો છો શરીરમાં તમે સઘળા મનને આધીન છો તમે સુષુપ્તિમાં હો ત્યારે તમારો વ્યવહાર જોવામાં આવતો નથી પ્રાણ તો સદૈવ જાગ્યાજ કરે છે તમે તેના સહાયકારક ખરા પણ તમારૂં જીવતર તેને આધીન છે માટે તેથી તમે કોઇ વિનાકારણે માંહો માંહિ વઢશો નહિ હું પ્રથમ કહિ આવ્યો છું કે સહુસહુના કામમાં સહુ શ્રેષ્ઠ છે તે પ્રમાણે જે શ્રેષ્ઠતા છે તે તમારામાં પણ છે માટે તમારે ઉદાસ થવાનું પણ કાંઇ કારણ નથી પ્રાણ છે તેજ પ્રાણીઓનું જીવન છે ઝાડવાઓ વિગેરે સ્થાવરમાં તમારામાની એકેય ઇન્દ્રિય દેખાતી નથી તોપણ તે પ્રાણથી જીવે છે એમ વિદ્વાનો કહે છે આ ઉપરથી તમે સર્વ વાત સમજી જશો આટલો ખુલાસો સાંભળી જીહ્વા બોલી કે, પ્રાણનું અધિકપણું અમે સર્વે વાતે જાણ્યું છે પરંતુ એ પ્રાણતો કર્મેન્દ્રિયનું અસાધારણ કારણ છે કર્મેન્દ્રિયો કરતા જ્ઞાનેન્દ્રિયો ઉત્તમ ગણાય છે, માટે એનું અસાધારણ કારણ જે મન છે તેને આપે સર્વોત્તમ કહ્યું હોત તો અયોગ્ય ન હતું, કેમકે દશ ઇન્દ્રિયનું અધિપતિ મનજ કહેવાય છે સૂક્ષ્મ દેહ જે કહેવાય છે તે એક મનજ છે અને ઇન્દ્રિયો સર્વ તો તેની અંદર સમાઇ જાય છે બ્રહ્માએ કહ્યું કે આ પ્રસંગ બીજો છે, તે તમારે આ સમયે વચમાં ન લાવો અને આટલી વાતથી તમારે સંતોષ રાખવો કે પ્રાણને ઉત્તમ કહું છું તેથી મનની જે યોગ્યતા છે તે કાંઇ જતી રહેતી નથી

જન્મમરણનાં બંધન પણ મનથી થાય છે અને તેમાંથી છુટવાનું સાધન પણ તેથી થાય છે. તમારો જે માર્ગ ઉપર વિવાદ હતો તે માર્ગ પ્રમાણે પ્રાણ તમારા કરતાં શ્રેષ્ઠ છે. બાકી ઇશ્વરે જે મનને અધિકાર આપ્યો છે તેને હુ છીનવી લેતો નથી. પણ આટલુ મને યાદ રાખવું કે મારા આ બોલ ઉપરથી પોતાના ગૌરવનું અભિમાન રાખવું નહી કેમકે અભિમાનનું ફળ ઉત્તમ હોતું નથી. હું તમારી પ્રૌઢતા જળવાય એટલામાટે વધારે નથી બોલ્યો પરંતુ પ્રસંગ આવ્યો માટે કહુ છું કે તમે દશેઇન્દ્રિયો પ્રાણીનું શુ ભલુ કરો છો? શ્રવણ ઇન્દ્રિય નઠારે માર્ગે લઇ જનારા વિષયોવાળાં અનર્થકારક ગીતો સંભળાવી બંધનમાં નાંખે છે, સ્પર્શઇન્દ્રિય, તેવાજ અનર્થકારક વિષયોનો સ્પર્શ કરાવી બંધનમાં નાંખે છે, ચક્ષુ ઇન્દ્રિય તેવાજ અનર્થકારક વિષયોને દેખાડી બંધનમાં નાંખે છે, જીહ્વા ઇન્દ્રિય તેવાજ અનર્થકારક વિષયોને ચખાડી બધનમાં નાંખે છે, ઘ્રાણ ઇન્દ્રિય તેવાજ અનર્થકારક વિષયોને સુઘાડી બધનમાં નાંખે છે: જેમ પાંચ જ્ઞાનેન્દ્રિયો એવી રીતે પ્રાણીને બધન આપી યમયાતનામાં નાંખો છે, તેમ કર્મેન્દ્રિયો પણ નાંખે છે વાણી ઇન્દ્રિય નઠારે માર્ગે લઇજનારા વિષયોવાળી અનર્થકારક વાણી બોલાવી બંધનમાં નાંખે છે, પાણિ ઇન્દ્રિય તેવાજ અનર્થકારક વિષયોવાળાં કામ કરાવી બંધનમાં નાંખે છે, પાદ ઇન્દ્રિય તેવાજ અનર્થકારક વિષયોને લેવા ગતિ કરાવી બધનમાં નાંખે છે. બીજી બેને માટે હવે નથી બોલતો. વિચારો કે તમે શુ પ્રાણીનું ભલુ કરો છો. કર્મેન્દ્રિયો કરતાં પણ જ્ઞાનેન્દ્રિયોને હું વધારે અપરાધી ગણુ છુ. પણ એ વાત હવે જવા દઊં છું તમસર્વનું ઉપરિ મન છે. તેના તાબામાં તમે રહી આ પ્રમાણે તેને ગમતા વિષયો સપાદન કરવામાં લાગી જઇને તમારા આશ્રયમાં પડેલા જીવને બધન આપો છો તેથીજ તમારી ઉત્તમતા તો ત્યાં રહી પણ અધમતા જણાઇ જાય છે. માટે વધારે બોલશો તેમાં સાર નથી. તમે સારા વિષયોને ગ્રહણ કરી તો પ્રાણીને બધનમુક્ત કરો છો, પણ એવા દાખલા મારા જોવામાં થોડા છે. વધારે જોવામાં આવશે તે સમયે હુ વિચાર કરી લઇશ આ સમયે જે મેં પ્રાણને ઉત્તમતા આપી છે. તેમાં પણ મે તમારૂ અતરગતહિત જાળવ્યુ છે, એમ સમજી તમારે સંતોષ રાખવો. આટલુ સાંભળી સર્વ ઇન્દ્રિયો પોતપોતાના અવગુણનો વિચાર કરતાં વિવાદ છોડી દઇ નરમાશથી સપ કરી પોતપોતાને સ્થાનકે ચાલ્યાં ગયાં

આમ વાત થતા કેટલાક દિવસ પછી પ્રાણવાયુના મનમા અભિમાન આવ્યુ કે મારાવગર કોઇ જીવતુ નથી માટે સર્વને જીવાડનાર હુ છુ આવા અભિમાનથી તેણે મનની ખણખોદ કરવા માડી ઘણા દિવસ આમ ચાલ્યા ગયા ત્યારે મને જઇને પાછી બ્રહ્માજીપાસે રાવ ખાધી બ્રહ્માએ સર્વ સઘાતને તેડાવીને ભાન આપતા પ્રાણને કહ્યુ કે, હે પ્રાણ, મે તો સર્વ ઇન્દ્રિયો કરતા શ્રેષ્ઠ કહ્યો છે તોપણ તે અધિકારને તુ જાળવી શકતો નથી તને જે અભિમાન થયુ છે તે મારા કહેવાથી થયેલુ છે તો આજે તારૂ તે અભિમાન તોડવા, તારો જે કારભાર જે અધિકાર તને અપાયો છે તે નહિ તોડતા જણાવુ છુ કે જેમ બીજો સઘળો સઘાત જડ છે તેમ તુ પણ જડ છે સર્વવ્યાપક ચૈતન્યની સર્વોપરિ સત્તાથી તમે સર્વ પોતપોતાનો ધર્મ બજાવી શકો છો એનાવિના ઘડી જેટલુ પણ તમારૂ મૂલ નથી તમે મન સઘાત ઐક્યમત થઇ રહો છો તોજ તે ચૈતન્ય તમારામા આવિર્ભાવ થયેલુ જણાય છે એ ચૈતન્યથી તમારા ગુણો પ્રકાશે છે પ્રાણથી જીવાય છે એમ લોકો કહે છે અને મરણ સમયે પણ પ્રાણ ગયા કહેવાય છે ચૈતન્યતો સર્વવ્યાપકપણાથી જતુ નથી આમ વિચાર તમોને આવશે તોપણ હુ કહી શકુ છુ કે પ્રાણમા જે પ્રાણપણુ છે તે ચૈતન્યનુ છે, એ તમારા માનવા ઉપરથીજ સિદ્ધ થઇ જાશે જે ચૈતન્યની સત્તાથી તમે છો, દેખાઓ છો, અને પોતપોતાના અધિકાર સભાળો છો તેનેજ હવેથી મન સઘાત સર્વોપરિ માનજો એટલે કોઇને વાદો રહેશે નહિ બ્રહ્માજીના આ ઉત્તરથી પ્રાણનુ મોઢુ પડી ગયુ અને પછી સર્વ સઘાત પોતપોતાના અધિકાર ઉપર ગયો અને પછી કોઇ દિવસ કોઇએ વિવાદ ન કર્યા અને ઇન્દ્રિયો સઘ મનને મોટાઇ આપીને તેને અનુકુળ રહીને નિરતર વર્ત્યા

માણસોએ આ ઉપરની વાતમાથી ઇન્દ્રિય વિગેરેની યોગ્યતા જાણ્યા પછી સમજવાનુ એ છે કે કોઇએ પણ અભિમાન રાખવુ નહિ અને કજીયો પણ કરવો નહિ અભિમાન ઇશ્વરનુ પણ રહેતુ નથી અને કજીયાથી કોઇનુ કલ્યાણ થતુ નથી જગતમા સહુસહુના અધિકારપ્રમાણે સહુનો ખપ પડે છે અને સહુ સહુના કામ વખતે સહુ શ્રેષ્ઠ છે અન્ય ગૌણતા હોય છે ખરી પણ કામના પ્રસગમા તે દૂર રહિ જાય છે રાજાના કામમા રાજાની, પ્રજાના કામમા પ્રજાની, શેઠના કામમા શેઠની, ચાકરના કામમા ચાકરની, સ્ત્રીના કામમા સ્ત્રીની, પુરૂષના કામમા પુરૂષની, મનુષ્યના કામમા મનુષ્યની, પશુના કામમા પશુની, જડના કામમા જડની, ચૈતન્યના કામમા ચૈતન્યની, એમ સર્વ પ્રાણી પદાર્થની યોગ્યતા

અને કુશળતા સર્વોપરી ગણી શકાય છે અને તે વાત અનુભવથી સર્વને પ્રત્યક્ષ છે માટે હુંજ આમ કરૂં છુ અને મારાથી આમ ચાલે છે એવું અભિમાન કરવું નહિ. એક ઘર ચણવામાં કેટલા પદાર્થો ભેળા થઇ જાય છે? એમાં કોની શ્રેષ્ઠતા વધારે ગણીએ? ચુનો, પાણા, લાકડાં, પાણી, એ સર્વ તેમાં કામે લાગ્યાં હોય છે એમાં સહુના કામમાં સર્વની યોગ્યતા ગણીએ ત્યારેજ મેળખાય તેવુ છે. સંપથી વ્યવહાર ચલાવવો અને પરસ્પરની સ્પર્ધા નહિ કરતાં અનુકુળ થઇ સહાયતા કરીને પરસ્પરનું સુખ વધે તેમ કરવું એજ સર્વ સમજણનો સાર છે. એમ કરીને એ સમજણના ઉત્પન્ન કરનાર ઇશ્વરને ઓળખી ફરીને જન્મ-મરણના ફેરામાં ન પડવું પડે તેવાં સાધનો કરી લઇ જન્મ સફળ કરવો એ સર્વોપરી સાર સમજવાનું સફળપણું છે.

कर्तव्यनी रीति.

पूर्वे वयसि तत्कुर्याद्येन वृद्धः सुखं वसेत् ।
यावज्जीवेन तत्कुर्याद्येनामुत्र सुखं वसेत् ॥

(પેહેલી અવસ્થામાં તેવું કરવું કે જેનાથી વૃદ્ધ થતાં સુખે રેહેવાય અને જીવતાંસુધીમાં એવુ કરવું કે પરલોકમાં સુખે વસાય.)

આ જગતમાં જન્મ ધારણ કર્યા પછીથી મરણ પર્યંતનો જે કાળ છે તેને આયુષ્ય અથવા જીવતર કેહેવું જોઇએ અને એના કાળને યોગે થતા ફેરફારથી વિદ્વાનોએ જે ભાગો કલ્પેલા છે તેને વય એટલે અવસ્થા કેહેવી જોઇએ. માણસોનું કલિયુગમાં ગણવાનું આયુષ્ય સો (૧૦૦) વર્ષનું કહેવાય છે. એમાં કેટલાક વિદ્વાન્ લોકો બાલ્યા, યુવા અને વૃદ્ધા એમ ત્રણ ભેદ કલ્પે છે. કેટલાક તેમાં મધ્યા અવસ્થા ઉમેરીને ૪ ભેદ પણ કરે છે. કેટલાક કૌમાર, કિશોર અને પૌગંડ એવી રીતે ત્રણ અવસ્થાનો સમાવેશ બાલ્યાવસ્થામાં કરે છે. આ બધુ તે તે હેતુનો વિચાર કરતાં સંભવે છે પણ અહીંતો માત્ર આખા જીવતરના બેજ ભાગ કલ્પેલ છે. તેમાં એક પૂર્વ ભાગ અને બીજો ઉત્તર ભાગ. આ પૂર્વ ભાગ કે ઉત્તર ભાગનો આરંભ અને અંત કેટલા વર્ષનો થશે તે નિશ્ચય આપણાથી થાય તેમ નથી પરંતુ સો વર્ષનું આયુષ્ય ગણીયે તો પચાસ વર્ષસુધી પૂર્વ વય કેહેવાય અને ત્યારપછીનું સઘળુ ઉત્તર વય કેહેવાય. કોઇને એથી ઓછું પણ વયનું પ્રમાણ થાય છે પણ તે પાછળથી સમજવામાં આવે છે. ઊંડો વિચાર કરવા

જાઇએ તો તો કાળની અકળિત ગતિ હોવાથી, શરીર ક્ષણભંગુર હોવાથી અને સચિતની વાત અચિંત્ય હોવાથી આયુષ્યનો કોઇ પ્રકારનો ભરોસો નથી એટલે અવસ્થાની રીતે વ્યવસ્થા થાય આવી રીતે જનારને તો ગમે તે અવસ્થા પણ છેવટની અવસ્થા છે પણ આ વિષય ઉદ્યમના માર્ગમા આડા લેવો ન જોઇએ 'अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च साधयेत्' (ડાહ્યા માણસે અજર અને અમર હોઇએ તેમ વિદ્યા અને અર્થને સાધી લેવા) એવો અનુભવિયોનો મત છે અહિં આપણે પણ કર્તવ્ય ઉપર બોલવાનુ છે તે ઉદ્યમનો અંશ છે, અને એટલામાટે સો વર્ષનુ આયુષ્ય સમજીને વિચાર કરવાનો છે —જ્યારથી 'આ હુ, આ મારા સંબંધી, મારે અમુક ઉદ્યમ કરવો જોઇએ અને મારે આવા પ્રકારનુ સુખ સંપાદન કરવુ છે' એવી સમજણ થવા લાગે ત્યારથી મોટા થતા થતા ભવિષ્યની જે અવસ્થા અનુક્રમે વર્તમાનમા આવતી જાય છે તે અવસ્થા પણ ચાલતી અવસ્થાની અપેક્ષાએ વૃદ્ધાવસ્થા લેખીયે તો લેખી શકાય એમ લેખીને સમજવાનુ એ છે કે વર્તમાન સમયમા એવુ કામ સારૂએ કરવુ જોઇએ કે ભવિષ્યના કાળમા તે અવ પ્રકારે સુખ પ્રાપ્ત થાય એ નિયમથી વ્યવહાર ચાલે તોજ માણસ મોટો ઉદય મેળવે છે અને જ્યારે પછી ખરેખરી વૃદ્ધા અવસ્થા આવે છે ત્યારે તે અવસ્થા અત્યંત સુખમા ગાળે છે નીતિના વચનો પણ એજ બોધ આપે છે કે દિવસે એવુ કામ કરવુ કે જેથી રાત્રિયે સુખમા રહેવાય, ઉનાળામા અને શિયાળામા એવુ કામ કરવુ કે ચોમાસામા સુખમા રહેવાય, પૂર્વ અવસ્થામા એવુ કામ કરવુ કે જેથી ઉત્તર અવસ્થામા સુખમા રહેવાય અને આખા જીવતથી એવુ કામ કરવુ કે તે પછી પ્રાપ્ત થવાની સ્થિતિમા સુખમા રહેવાય સમજણ આવ્યા પછી અનુક્રમે જે જે આહાર, વ્યવહાર, વિદ્યા, હુન્નર અને બીજા સર્વ પ્રકારના ઉદયના કામો કરવામા આવે તે સર્વનો પૂર્વભાગ અને ઉત્તરભાગ લેખવો પડે છે એ સર્વનો અનુક્રમે પૂર્વભાગ એવો ઉત્તમ લાવવો જોઇએ કે તેનો ઉત્તર ભાગ સુખરૂપ થાય સર્વ કાર્યમા એમ નજ હોય તોપછી અત્યંત ઉદયની આશા રાખવી તે મિથ્યા છે કેટલાક કામો એવા હોય છે કે તે દેખવામા જુદા હોય પરંતુ તે બીજા કામના હેતુરૂપ અથવા બીજારૂપ અથવા અંગભૂત હોય છે વિદ્યા એ એક કર્તવ્ય છે એનો પૂર્વભાગ જો સંપૂર્ણ કાળજીથી સારો થતો ગયો હોય તો ઉત્તરભાગ મેહેનતથી શીખવાથી અતિમાન આવે છે આરંભ કરવા માંડિયે ત્યાથી આવતો જતો ભાગ તે ઉત્તરભાગજ છે ઘર ચણાવા માંડતા પાયો નાખવો પડે છે એ પાયો નાખવો એ પૂર્વભાગનો આરંભ છે એ

આરંભથીજ ઉત્તરોત્તર એવી ગોઠવણ કરતાં જવી પડે છે કે તેની ઉપર જેટલા માળ કરવા હોય તેટલા થાય અને જેટલા વર્ષ તે નભાવવાં હોય તેટલાં નભે. મૂળ પાકું ન હોય તો તે કેમ બને? એજ પ્રમાણે વિદ્યાનું છે એ વિદ્યા પોતે જુદુ કાર્ય છે પરંતુ આગળ જતાં કરવાના ઉદ્યોગનું અને મેળવવાના સુખભોગનું અગ છે. એટલામાટે સઘળી વિદ્યાને પણ પાછી એક પૂર્વભાગમાં લેખીયે તો લેખાય અને તેથી મેળવવાના ઉદ્યમોને ઉત્તરભાગમાં લેખીયે તો લેખાય. એમનેએમ સર્વ વાતનાં વિનયપૂર્વક વિચારી લેવું જોઇએ. ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગ પુરૂષાર્થ કેહેવાય છે. ધર્મનો પૂર્વભાગ એવો હોવો જોઇએ કે તેનો ઉત્તરભાગ સુખરૂપ થાય. અર્થ પુરૂષાર્થ ઉપર નજર કરિયે ત્યાં ધર્મ છે તે આખોય અર્થનો હેતુ હોવાથી પોતે પૂર્વભાગમાં આવી જાય છે એટલે એ ધર્મ પુરૂષાર્થ એવો થવો જોઇએ કે અર્થના પૂર્વભાગને ને ધર્મને સુખરૂપ થાય. અર્થનો પૂર્વભાગ પણ એવો હોવો જોઇએ કે તેનો ઉત્તરભાગ સુખરૂપ થાય. કામ પુરૂષાર્થ ઉપર નજર કરિયે ત્યાં ધર્મ અને અર્થ એ બેય કામ પુરૂષાર્થના હેતુરૂપ અથવા અંગરૂપ છે અને એ હેતુથી તેના પૂર્વભાગ જેવા છે, માટે એ પુરૂષાર્થો એવા હોવા જોઇએ કે જેથી કામના પૂર્વભાગમાં સુખ આપનાર થાય. કામનો પૂર્વભાગ એવો હોવો જોઇએ કે તેનો ઉત્તરભાગ સુખરૂપ થાય આમ એ ત્રણેય અનુક્રમે એવા થવા જોઇએ કે એક પછી એક બીજાની સહાયથી સુલભ અને સુખ આપનારા થાય અને એ ત્રણેયથી એવુ થવુ જોઇએ કે જેથી મોક્ષ પુરૂષાર્થ પ્રાપ્ત થાય. સર્વ કાર્યનો સમાવેશ માણસના જીવતરમાં થાય છે એટલામાટે ટુંકામાં એટલુ જ કેહેવામાં આવે છે કે વૃદ્ધ અવસ્થામાં સુખી થવાય તેવું પેહેલી અવસ્થામાં કામ કરી લેવું. આમાં રાજાથી માંડીને રાંકસુધીનાં સર્વનાં કામો આવી જાય છે. અને બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય તથા શૂદ્રનાં કામો પણ આવી જાય છે. સહુએ પોતપોતાની અનુકૂળતા, યોગ્યતા અને સમય પ્રમાણે પૂર્વ અવસ્થામાં એવું કર્ત્તવ્ય કરવું કે ઉત્તર અવસ્થા અનુક્રમે સુખરૂપ થાય. એક કામનો આરંભ કર્યો તે કામ પુરૂ થઇ રહે તે પછીનો જે સમય હોય તેનું નામ પણ કાર્યપરત્વે તેનો ઉત્તરભાગ અર્થાત્ ઉત્તર કાળ ગણાય છે. એ સર્વનો હેતુ કોઇ પણ પ્રકારે સુખ સપાદન કરી લેવાનો છે. સઘળી અવસ્થામાં, સઘળા સમયમાં અને સઘળા ઉદ્યમમાં ક્લેશ કે દુઃખજ રહ્યા કરે તો પછી તે અવસ્થા, સમય અને ઉદ્યમો નિરર્થક થાય છે. જગતમાં મેળવવાનો પદાર્થ આરામ અથવા સુખ છે અને તે મેળવવાનેમાટે આદિથી અંતસુધી સઘળાં પ્રયત્નો છે. આરંભથી અંતસુધી

વિષયપરત્વે ઘણા પ્રકારના સુખો છે તે અનુક્રમે મળતા મળતા છેવટ મહા સુખ મળવાનો સમય આવે ત્યાં કૃત્યકૃત્ય થવાય છે સુજનમાં અને સ્વજન પર ત્વોમાં પ્રીતિ મેળવી સુખમાં ખાવું અને સુવું હેતુ એમાં સુખ માનવામાં આવ્યું છે અને તેથી વધારે લેખીયે તો એવી સ્થિતિમાં જો પોતાના બાળકોને સુખમાં નિરખતા, ઈશ્વરનું ભજન કરતા મૃત્યુની વાટ જોવી એ સુખમાં લેખાય છે આ સ્થિતિ પૂર્વસ્થિતિમાં જો સચિત રહી આળસ મેલી દઇ ઉદ્યમ કર્યો હોય તોજ પ્રાપ્ત થાય છે માણસ તો શું પણ પ્રાણીમાત્ર પ્રારબ્ધથી પરતંત્ર છે માટે આપણે શું કરી શકીયે એમ ગણાય તે વાત ખરી છે અમે પણ એ વાતને આડા પડતા નથી પણ યોગ્ય સાધનો અને યોગ્ય સમય મળ્યા છતા એવો વિચાર કરીને બેસી રહેવામાટે હેતુ પ્રયત્ન કર્યા પછી જો ફળ ન થાય તો પછી કોઇનો દોષ નહી મહા કરૂણાવાળા વસિષ્ઠજી તો કહે છે કે કર્મ કે પ્રારબ્ધ એ કાંઇ વસ્તુજ નથી પોતાનો ઉદ્યમ છે તેજ ખરો છે અને એ ઉદ્યમને અજ્ઞાનથી આપણે બીજા નામથી બોલાવિયે છિયે કોઇ પણ ઠેકાણે લાહ્ય લાગી હોય તે લાહ્ય થોડી હોય તો ચાર કોશથી પાણી નાખતા ઠરી જાય છે પરંતુ કોઇ ભારે લાહ્ય લાગી હોય અને તેમા પાણીના બે ચાર ઘડા નાખ્યા હોય તો તે પાણી ઉલટું બળ જાય છે અને લાહ્ય ઠરતી નથી એ ઉપરથી એમ સમજવાનું કે જેટલું સામું જોર હોય તેટલો ઉપાય જો થાય તો ધારેલું ફળ મેળવાય છે પ્રથમનો કરેલો આપણો ઉદ્યોગ સારો નહિ હોય તો તેને મટાડવા માટે તેથી બમણો સારો ઉદ્યમ કરવો જોઇએ તે ન કરીને માથે હાથ દઇ રોયા કરિયે તો પછી કોઇ શું કરે આટલામાટે ગમે તેમ માનોને પણ સુખનેમાટે પ્રયત્ન કરવું તે યોગ્ય છે કેટલાક આળસુ લોકો ઉદ્યમ વગરજ સુખની આશા રાખીને ઉંઘ્યા કરે છે તેથી તેઓ સ્વાભાવિક જે ઉંઘનું સુખ છે તે પણ આગળ જતા જતા ખોઇ બેસે છે માટે જે જે ઉદ્યમ પોતાને સુજતો જાય તે અજર અમરની પેઠે કરતા જતા અને તેનું ફળ મેળવતા જતા પરિણામે સુખની આશા રાખતા સંતોષ લીધેજવો એ માણસનું કામ છે ધર્મકર્મ પણ સઘળા એ સાથેજ સમાયા છે એમ સમજવું કેટલાક લોકો તો વૃદ્ધ થઇ ગયા પછી મૃત્યુની આણી સુધી પણ ઉદ્યમનેમાટે વલખા માર્યા કરે છે અને આજસુધી પોતે કરેલા ઉદ્યમોનો અને મળેલા સારા ફળોનો લાભ લેતા નથી એ એમની પૂર્ણ મૂર્ખતા છે એવા માણસો પોતાનું પરલોકનું સુખનું સાધન પણ ખુવે છે આખા આયુષના બે ભાગ પાડતા પૂર્વભાગમા એવું કરવું જોઇએ કે ઉત્તર ભાગ

નમવા યોગ્ય છે. જેઓ વનમાં ફળ-મૂલ ખાતાં તપ કરે છે, સચય કરી રાખતા નથી, અને નિરૂદ્યમ રેહેતા નથી તેઓ નમવા યોગ્ય છે. જેઓ ચાકર લોકાને પાળવાને સમર્થ છે, જેઓ નિરંતર અતિથીની સેવા કરે છે, અને જેઓ દેવતાનું પ્રસાદી અન્ન જમે છે તેઓ નમવા યોગ્ય છે.

જેઓ વેદ મેળવીને ઉન્મત્ત નથી થતા, વાણી નિયમમાં રાખે છે, બ્રહ્મચર્ય પાળે છે, તથા નિરંતર યજ્ઞ કરાવે છે ને વેદાદિક ભણાવે છે, તેઓ નમવાને યોગ્ય છે. જેઓ સર્વ જંતુઓ ઉપર પ્રસન્ન હૃદયવાળા રહે છે, અને મધ્યાન્હ થાય ત્યાંસુધી સ્વાધ્યાય (બ્રહ્મયજ્ઞ) કર્યા કરે છે તેઓ નમવા યોગ્ય છે. જેઓ ગુરૂને પ્રસાદ મેળવવામાં અને સ્વાધ્યાયમાં સ્થિરવ્રત થઇને યત્ન કરે છે, જેઓ સેવા કરી જાણે છે અને જેઓ ઇર્ષ્યા કરતા નથી તેઓ નમવા યોગ્ય છે. જેઓ સારા વ્રતવાળા, વાણી નિયમમાં રાખનારા, સત્યગરવાળા અને હવ્ય કવ્યના આપનારા (દેવતાઓ અને પિતૃઓને તૃપ્ત કરનારા) છે તેઓ માનવા યોગ્ય છે. જેઓ ભીક્ષા માગી ઉદર પૂરનારા, દુબળા, ગુરૂકુલને આશ્રય કરનારા. સુખ વગરના,અને ધન વગરના છે, તેઓ નમવા યોગ્ય છે જે મમત્વ રહિત, સુખ-દુ:ખ વગરના,દીગબર, પ્રયોજન વગરના,વેદ ભણીને પણ ઉદ્ધત નહિ થયેલા, વાણી નિયમમાં રાખનારા, બ્રહ્મવેત્તા, અહિંસામાં પરાયણ, સત્યવ્રત પાળનારા, ઇન્દ્રિયોને આધીન રાખનારા, અને મનને વશ નહિ થનારા છે, તેઓ નમવા યોગ્ય છે. જેઓ ગૃહસ્થ થઇને દેવતા અતિથીના પૂજનમાં યુક્ત છે અને થોડુ થોડુ એકઠું કરીને પેટ ભરતાં સગ્રહ નથી કરતા, તેઓ નમવા યોગ્ય છે, જેઓનાં કામોમાં ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થો આવે છે ને વધતા જાય છે, અને શિષ્ટાચારમાં પ્રવૃત્ત હોય છે તેઓ નમવા યોગ્ય છે. જેઓ બ્રાહ્મણ હોય, વેદભણેલા હોય, ધર્મ અર્થ કામ ને સાધ્યા કરતા હોય, લોલુપતા ન કરતા હોય, અને પુણ્યરૂપ શીલવાળા હોય, તેઓ નમવા યોગ્ય છે. જેઓ પાણી પીને રેહેનારા હોય, વાયુ ભક્ષણ કરી રેહેનારા હોય, વૈશ્ય દેવ કરીને જમનારા હોય, અને અનેક પ્રકારનાં વ્રતો કરતા હોય તેઓ નમવા યોગ્ય છે. જેઓ પરણેલા ન હોય (બ્રહ્મચર્ય વ્રત પાળતા હોય) જેઓ ગ્રહસ્થાશ્રમી અને અગ્નિ હોમનારા હોય, વેદના આશ્રયરૂપ હોય, અને સર્વ ભૂતાત્મા ભગવાનની ભક્તિ કરતા હોય તેઓ માનવા યોગ્ય છે. જેઓ લોકને કરનારા ઋષિઓ હોય, લોકમાં મોટા હોય, કુલમાં મોટા હોય, અજ્ઞાનને ટાળનારા હોય, અને લોકમાં પ્રકાશ કરનારા હોય તેઓ નમવા યોગ્ય છે.

આ પ્રમાણે અનેક ગુણ, વર્ણ આશ્રમ અને વિચાર યુક્ત માણસો નમવા યોગ્ય છે અને તેઓને બીજા સર્વ પાત્રો નમન કરવા યોગ્ય છે. આમાં સામાન્ય રીતિથી વર્ણન કરેલું છે એટલે નોખા પાત્ર ગણાવેલા નથી તોપણ તેમાંથી તે પાત્રો જુદા પાડી શકાય છે. જેમકે સુકુલની સાધ્વી સ્ત્રીએ પતિ નમવા યોગ્ય છે, સત્પુત્રે માતા પિતા નમવા યોગ્ય છે, સાચા શિષ્યોએ સદ્ગુરુ નમવા યોગ્ય છે, સદ્ગૃહસ્થોએ સંન્યાસીઓ નમવા યોગ્ય છે, ચાકરોએ શેઠ નમવા યોગ્ય છે, પ્રજાએ રાજા નમવા યોગ્ય છે, નિર્બળે બળિયો નમવા યોગ્ય છે, નિર્ધને ધનવાન નમવા યોગ્ય છે, મૂર્ખ વિદ્વાન નમવા યોગ્ય છે, નિરુદ્યમીએ કળાવાન નમવા યોગ્ય છે, અનધિકારીએ અધિકારી નમવા યોગ્ય છે, પ્રતાપ વગરનાએ પ્રતાપી નમવા યોગ્ય છે, નાનાએ મોટા નમવા યોગ્ય છે, અને છેવટ બીજી રીતે તો સુજનોએ દુર્જનો પણ નમવા યોગ્ય છે. એમ ઘણી જાતના નમવા યોગ્ય પાત્ર નીકળી આવે છે. લોકનો વ્યવહાર એ રીતિને અનુસરવાથી ઉત્તમ પ્રકારનો ચાલે છે. સંસારનો ક્રમ એવો છે કે કેટલાક પ્રકારમાં નમવા યોગ્યને નમન કરવાથી પોતે પણ પાછું નમવા યોગ્ય થવાય છે અને એ ક્રમથી જગતનો વ્યવહાર ચાલ્યો જાય છે. એમાં જેટલી ન્યૂનતા હોય તેટલે અંશે દેશમાં દુઃખનો વધારો અને સુખભોગનું ઓછાપણું સમજવું. આપણે જો કાંઈ પણ આજ દેશની અવ્યવસ્થા, નિર્બળતા, નિર્ધનતા, પરાધીનતા કે લોકમાં અસ્થિરતા જોતા હોઈએ તો નમવા યોગ્યને નહિ નમવાથી થતા અવિવેકરૂપ વૃક્ષનાં એ ફળો છે એમ માનવું જોઈએ. બન્ને પાત્રોએ યોગ્યતા ન જળવાતી હોય તો સ્ત્રી, પુત્ર, બાળક, પ્રજા, અભણ શિષ્ય, ગરીબ, અને સેવક તો અવશ્ય પોતે નમવા યોગ્યને નમવું જોઈએ. એમાં જ્યાંસુધી ઓછાપણું હોય ત્યાંસુધી પરસ્પર અને આગળ વધતાં આખા દેશની દુર્દશા થાય છે.

निंदा न करवाविषे

न निंदति न द्विषति तेनाप्मानोपि देवता ।

(નિંદા અને દ્વેષ નથી કરતા તેથી પાપીઓ પણ દેવતા છે)

લોકોનો હેવા એવો પડી ગયો છે કે કોઈની નિંદા તો કોઈનો દ્વેષ કર્યા કરે છે. કેટલીક વાર તો [illegible] મળી આવે છે અને કેટલીક વાર તો તેમ કરવાનું કારણ પણ જણાતું નથી પરંતુ એટલું તો નક્કી થાય છે કે પોતાના

ગુણ-સ્વભાવને મળતું જે ન આવતુ હોય. જે પોતાના કરતાં ધનથી કે વિદ્યાથી અધિક હોય. જે પોતાના ઉદયમાં આડો આવતો હોય. જે પ્રતિષ્ઠિત થઇને લોક-રીતને અનુસરી ન ચાલતો હોય, જે ધનબળ કે જનબળથી લોકોની ગરજ ન રાખતાં સ્વેચ્છાથી ચાલતો હોય, તેમની, પોતપોતાના અનુભવ અને વિચાર પ્રમાણે પોતાનું નહિ તપાસતાં માણસ નિંદા કરે છે કે દ્વેષ કરે છે. જગતમાં જેણે મોટાઇ મેળવી હોય તેની સ્પર્ધા કરવાની ઇચ્છા રાખનાર સર્વ વાતે યોગ્ય માણસને પણ નિંદે કે દ્વેષ કરે એવુ ઘણીવાર જોવામાં આવ્યું છે. જગતમાં ઘણાં પવિત્ર માણસો પણ નિંદા અને દ્વેષના પાત્ર થયેલા આપણે સાંભળીયે છીયે. તેમાં તેઓનો તો શો દોષ હોય પરતુ નિંદા અને દ્વેષ કરનારાઓનોજ દોષ સમજવો જોઇએ. જેટલાં મનુષ્યો જગતમાં છે તેટલાં સારાંજ છે એમ વિચારી બેશી રહીયે તોપણ એવું જણાય છે કે ગુણસ્વભાવની કે પરસ્પરના સ્વાર્થની પ્રબળતાથી કોઇ કોઇને અને કોઇ કોઇને સારૂ લાગે છે. સર્વ મનુષ્યો સર્વને સારાં લાગતાં નથી. જે મધુર રસ ઘણા માણસોને પ્રિય છે તેજ મધુર રસ કેટલાકને સાવ ભાવતો નથી.* કડવો રસ કે જે ઘણાને ખાવો ગમતો નથી તેને ઘણા લોકો મધુર રસની પેઠે ખાય છે. એટલે આ વાત ગુણસ્વભાવ ઉપર નમતી રહેતી હોય એમ જણાય છે. માણસને જેનાથી પોતાની ગરજ સરી હોય, જેણે પોતાને સહાય કરી હોય, જેની સાથે પોતાને બનતુ હોય અને જે પોતાની જ્ઞાતિમાનો ન છતાં સર્વમાં પ્રતિષ્ઠિત હોય અને તેની ઉપર સ્પર્ધા ન થતી હોય તો તેની નિંદા કે દ્વેષ કરતા નથી. લોકોએ ઉડાડેલી વાતો ઉપરથી તપાસ કર્યાવિના પણ કોઇવાર કેટલાક અવિચારી લોકો કોઇની નિંદા કે દ્વેષ કરે છે. કેટલીકવાર આપસ્તુતિ પણ થાય છે ખરી પરતુ એવો પ્રસગ કોઇવારજ બને છે. પણ નિંદાનો પ્રસંગતો નિરંતર બને છે. ઘણું કરીને લોકોમાં બે વિભાગ હોય તે તેમાં એક વિભાગ પ્રતિષ્ઠિત માણસોની નિંદા કે તેનો દ્વેષ થઇ શકે તેવાં કારણોજ શોધ્યા કરે છે અને બીજો ભાગ એવો હોય છે કે કોઇની પણ નિંદા કે તેનો દ્વેષ ન થાય તેવાં કારણોજ માત્ર જોયા કરે છે. આમાં પણ નિંદા કે દ્વેષનાં કારણો ગોતે એવો ભાગ ઘણો મોટો હોય છે. અને તેજ પ્રમાણે સામા લોકોમાંથી પણ જેની નિંદા કે સ્તુતિ થાય તેવો ભાગ જગતમાંથી વધારે નીકળશે. સૃષ્ટિના આરંભથીજ માણસોમાં રાગ-દ્વેષ અને કામ-ક્રોધાદિક રહેલ છે એટલે તેના પ્રતાપથી નિંદા અને દ્વેષ થયા વિના રેહેતાં નથી જ્યારે

* દંતકથા છે કે ગધેડાને સાકર આપવાથી તે મરી જાય છે

આમજ છે ત્યારે એમ કોઇ શંકા કરે કે "માગીગીતે ચાવનારાને, કાઇ લોકો નિંદા કે દ્વેષના પાત્ર ન કરે એવું બનતું નથી માટે તે પ્રમાણે વર્તવું તે મિથ્યા છે" તો તેવી શંકા ન કરવી સારાનું પરિણામ નિરંતર સારૂંજ આવે છે અને નરતાનું નિરંતર નરતુંજ આવે છે કોઇપણ પોતાના મનના કારણથી સારાની પણ નિંદા કે દ્વેષ કરનારા માણસો તેના ગુણવિષે મનમાં પુરેપુરા સમજતા હોય છે, એટલે તેમણે કરેલી નિંદા કે દ્વેષ કાંઇ બગાડો કરતા નથી સૌવ કવક વગર રહેવાય એવું તો જગતમાં બનતુંજ નથી અને જો તેવું બનવાની કોઇને ઇચ્છા હોય તો તે માર્ગ અતિશય વિષમ છે સઘળા મહાભારત કામો જગતમાં માણસો કરી શકે છે, પરંતુ પોતાનો દ્વેષ ન થાય તેવા પ્રયત્નો તેઓ કરી શકતા નથી, કેમકે ઝાડ કે પાણાના જેવું તેમાં જડ થઇ જવું જોઇએ છિયે કોઇ પણ મનુષ્યને મોટાઇ મેળવવાની ઇચ્છા હોય તો તે પ્રમાણે જડપણું પ રહેવાથી મળે છે જગતમાં પાણો એ હલકો પદાર્થ છે કોઇપણ માનને તે મનુષ્યની પેઠે યોગ્ય નથી તેમ છતા તેની મૂર્તિઓ થઇને તે પૂજ્ય છે એનું કારણ એકે તેઓ કોઇની નિંદા કે દ્વેષ કરતા નથી આ એક અલંકાર છે પરંતુ તેમાં સારાશ એ છે કે જગતમાં જે નિંદા કે દ્વેષ કરતું નથી તે દેવતાની પેઠે પૂજ્ય છે આવી રીતે વર્તવું એ મનુષ્યોમાં જગમપણું હોવાથી કઠણ છે આ મારૂં, આ તારૂં, એના મમત્વમાં સુઝાઇ રહેલા માણસો રાગદ્વેષ, હર્ષશોક, સુખદુઃખ એ આદિ દ્વંદ્વધર્મો છે તેથી છુટી કેમ શકે? હાલતા, ચાલતા, બોલતા, લેતા, દેતા, કામ કરતા, સુતા, બેસતા વિગેરે સર્વ પ્રકારના વ્યવહારમાં દ્વંદ્વધર્મો આવ્યા વિના રહેતા નથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરપણું સર્વ પ્રસંગમાં હાજર હજુરજ રહે છે એ સર્વ જેમ પાણામાં કે લાકડામાં દેખવા સાંભળવામાં નથી આવતા તેમજ મનુષ્યમાં દેખવા સાંભળવામાં ન આવે તો પછી મનુષ્ય તે મનુષ્ય નહિ પણ તે ખરેખર દેવ જ છે દેવતાઓમાં પણ તે રાગ દ્વેષ અને કામ ક્રોધ વિગેરે હોય છે, તેથી કાંઇ દેવતામાં એટલી બધી સરસતા નથી, પરંતુ સમજવાનું એ છે કે, પાષાણ જેવી હલકી વસ્તુ પણ પૂજ્ય છે તો માણસ જેવું ઉત્તમ રારીર એ પ્રમાણે રાગદ્વેષ અને કામક્રોધાદિકથી રહિત હોય તો પૂજ્ય એમાં આશ્ચર્ય નથી એવી સ્થિતિ જ્યારે થઇ જાય ત્યારે પછી નિંદા કે દ્વેષ સ્વપ્નમાં પણ ક્યાથી આવે? પાણા જેવું કાંઇ મુ[illegible] નવાનું નથી અને રાગ દ્વેષ વિગેરે થયા વગર રહેતા નથી એવો જગતનો અથવા જનસમૂહનો સ્વભાવ છે, ત્યારે ઉત્તમતા કેમ પમાય એવી શંકા ન કરવી જોઇએ,

કારણ કે મનુષ્ય પ્રાણી ન કરી શકે એવું શું છે? જે ધારે તે કરી શકે છે. એટલું તો ખરૂં કે આજકાલ વરાળયંત્રો, વિજળીના અને હવાના દિવાઓ તથા અગ્નિ, પાણી, પવન, વિજળી અને સૂર્ય વિગેરેની સહાયથી થતાં ઉદયયંત્રબંધી કાર્યો ઘણાં કઠણ છે તો તેપણ માણસો કરે છે પણ આ કામ તો નાનું છતાં એ ઉદયનાં કામો કરતાં એવું કઠણ છે કે તે લાખમાં એકથી પણ માંડમાંડ બની શકે છે. તોપણ તે મનુષ્યથી થઇ શકે એમ કેહેવાને કાંઇ અડચણ નથી. જગતમાં જો પોતાની નિંદા કરાવવાનો અને પોતાનો દ્વેષ કરાવવાનો વિચાર હોય તો બીજાની નિંદા અને બીજાનો દ્વેષ કરવો. પરંતુ જો પોતાની સ્તુતિ અને પોતાનું હિત કરાવવાનો વિચાર હોય તો બીજાની સ્તુતિ અને બીજાનું હિત કરવું. આ વાત સાવ ઉઘાડીજ છે અને આવા પ્રકારનો વ્યવહાર કાંઇક ચાલતો હોય એવું લાગે પણ ખરૂં. પણ કોઇ તેમાં વિઘ્ન નાખનાર હેતુ આવી પડે છે તો કામ બગડે છે. એટલામાટે બુદ્ધિમાન માણસોએ નિંદા અને દ્વેષનાં કારણ આવી પડે તોપણ તે કારણોને અળગાં રાખી મનને સ્થિર રાખવું. આ પ્રમાણે જગતમાં વરતી શકે તેણેજ જન્મ સફળ કર્યો અને તેજ જગતમાં જય પામ્યો એમ સમજવું. સામો કરે તેવું ભુડું કરી દેખાડવું કે સામો બોલે તે કરતાં વધારે ભુડું બોલવું એમાં શું મોટી વાત છે? ધોબીયે ધોબી થવું એ તો જગતમાં એની મેળે થાયજ છે. પરંતુ બીજા અપરાધ કરે તોપણ ગુણ લેવો એ જગતમાં નથી થાતું, માટે તેને માટે જેટલું બને તેટલું પ્રયત્ન કરવું જોઇએ. આજ સમજણવાળા અવતારમાં તે બને તેમ છે. એ સમય ચૂક્યા તો પછી આવવાનો નથી. આવી રીતે કરવામાં મનને સરલ અને શાંત કરી નાંખવું જોઇએ છિયે. જગતમાં તેવી રીતે ચાલનારને વધારે પ્રહારો વાગે છે પણ તે પ્રહારોથી, કમંડળને લગાડવા ટીપવામાં આવતી રાળ જેમ હથોડાના ઘાથી વધારે વધારે નરમ થાતી જાય છે અને કાચના બારણાંમાં નાંખવામાં આવતી લાંબી જેમ ટીપવાથી વધારે વધારે નરમ થાતી જાય છે તેમ નરમ કરતાં રેહેવું. ઉપરના બેય પદાર્થમાં તેલ હોય છે તેમ આંહી મનને નરમ થાવામાં પૂર્વપૂણ્યના યોગથી વિવેક જોઇએ. વિવેક હોય તો જોઇલ્યો પછી કે કેવો મનમાનતો ઘાટ બને છે. સમજેલા મનને પછી એવો વિચાર આવે છે કે 'સારૂં કોણ છે? એક પૃથ્વી સારી છે કે સર્વનાં છિદ્રો ઢાંકે છે; બાકી તો શું લઇ જાવું છે કે વૃથા કોઇનું સારૂં આડું બોલવું. આપણે સારા તો આખું જગત્ સારૂં છે. શામાટે કોઇનો દ્વેષ કે નિંદા કરવી જોઇએ.' આવા વિચારવાળું મન થયું એટલે બહાર પણ આચરણ

તેનોજ થાય છે અને તે ઉપરથી લોકો તેવા પ્રકારના માણસને ઇશ્વરની પેઠે માન આપે છે આટલા અધિકાર ઉપર આવેલો માણસ પછી મનને અભ્યાસે કરી ઇશ્વરમા જોડી દે છે કે જેથી ફરીને બંધનમા પડવાનો સમય આવે નહિ આવા પ્રકારની જેને સ્થિતિ પ્રાપ્ત થાય તેને ધન્ય છે અને તેજ ખરા ગાત તથા ાત છે નિરંતર ઇશ્વર પાસે માગવુ જોઇએ કે કોઇનો આપણે દ્વેષ કે કોઇની નિંદા ન કરીએ, અને બીજા કોઇ આપણી નિંદા કે આપણો દ્વેષ ન કરે એવો સદાય આપણને સમય આપે એજ સુખનુ, સર્વ વ્યવહારની સિદ્ધિનુ, અને કલ્યાણનુ સાધન છે, એમ અમને સૂઝે છે માટે જેનાથી જેટલુ બને તેટલુ તેમા પ્રયત્ન રાખી મનુષ્યપણુ સાર્થક કરવા ઉત્સાહ રાખવો

ઉપર લખ્યા કરતા વધારે ઝીણી નજરથી જોતા એવુજ સિદ્ધ થાય છે કે જો કે બીજા લોકો આપણી નિંદા કરે તોપણ આપણે તેની નિંદા ન કરવી આવિષે આપણા આન્હિકમા એવુ લખ્યુ છે કે —

'अतिथिश्चापवादी च द्वावेतौ मम बान्धवौ ।
अपवादी हरेत्पापमतिथिर्मोक्षदायक ॥'

(અતિથી અને નિંદા કરનાર એ બે જણ મારા બંધુ છે, કેમકે નિંદા કરનાર પાપને હરે છે અને અતિથી મોક્ષને આપે છે)

જેમ આપણી નિંદા કરનાર આપણુ પાપ લઇ જાય છે તેમ આપણે કોઇની નિંદા કરિયે તો તેનુ પાપ આપણને આવે છે માટે જાણી જોઇને પારકુ પાપ લેવાના કારણરૂપ નિંદા કોણ કરે? એક ઇતિહાસમા એવી કથા છે કે,

એક કોઇ બ્રાહ્મણ દંપતીએ પોતાના પિતાના શ્રાદ્ધને દિવસે ઘણીજ શ્રદ્ધાથી બ્રાહ્મણોને જમવાને નોતર્યા તેઓને જમવામાટે રાતે સાકરનો દુધપાક કરી રાખ્યો, બેય સ્રી-પુરૂષનુ બીજા કામમા ધ્યાન હતુ એટલામા તેમા એક સર્પે પોતાનુ ઝેર નાખ્યુ આ વાત બેય માણસના જાણવામા નહિ હોવાથી તે દુધપાક બ્રાહ્મણોના જમવામા આવ્યો પરિણામે તે દુધપાક જેના જમવામા આવ્યો તે બ્રાહ્મણો મરણ પામ્યા આ વાતતો કોઇની અજાણી નથી કે ધર્મરાજની સભામા મોટા મોટા રાજર્ષિઓ બ્રહ્મર્ષિઓ અને દેવર્ષિઓ સભ્ય તરીકે રહે છે અને જ્યારે વિવાદની વિચારવા યોગ્ય વાત આવે છે, ત્યારે તેઓ સર્વે મળી નિર્ણય આપે છે આ દુધપાક ખાઇને મરણ પામેલા બ્રાહ્મણોની બ્રહ્મહત્યા કોને લાગે તેવિશે ધર્મરાજની સભામા વિચાર ચાલ્યો જમાડનારની ઉપર તે બ્રહ્મહત્યા ગણે તો તેણે ભક્તિભાવથી ભોજન કરાવેલુ અને

તેને તે વાતની ખબર ન હતી માટે નિર્દોષને દોષ કેમ ઘટે ? જો સર્પ ઉપર તે દોષ નાંખે તો સર્પને પુણ્યપાપનું જ્ઞાન નથી અને બુદ્ધિપૂર્વક તેણે નાંખેલ નથી, તેના સ્વભાવથી તેમાં ઝેર આવેલ છે માટે તેપણ ન સંભવે. આથી બ્રહ્મહત્યાના પાપનો ભોક્તા કોણ થાય તેનો નિશ્ચય થઇ શક્યો નહિ. જેમ યમલોકમાં બન્યું તેમ આ લોકમાં તે દંપતીનું આપ્તપણું, ધર્મનિષ્ટપણુ, અને બ્રાહ્મણભક્તિ પ્રસિદ્ધ હોવાથી તે દંપતી ઉપર કોઇને પણ દોષદૃષ્ટિ આવી નહિં. આમ કેટલાંક વર્ષો નીકળી ગયા પછી એક દિવસ બ્રાહ્મણની સ્ત્રી પાણી ભરીને ચાલી આવતી હતી અને માર્ગ વાળનાર ઝાડુવાળી માર્ગ વાળતી હતી. એ વાળનારીને થોડુંક ખમવાનું કેહેતાં તેણે પોતાના નીચ સ્વભાવને અનુસરીને કહ્યુ કે " જા જા બ્રહ્મહત્યા કરનારી, તુ અમારાથી શું ચોખ્ખી છો ?" આ વચન સાંભળતાં તે બ્રાહ્મણી તો લાજથી નીચું જોઇ ખેદ પામતી પામતી ચાલી ગઇ. (આમ માણસને નીચનો કરેલો તિરસ્કાર મરણ કરતાં પણ અધિક લાગે એ કોનું અજાણ્યું છે ?) પણ જે વખતે તે વાળનારી બોલી તેજ વખતે ધર્મરાજની સભામાં ચિત્રગુપ્તે ધર્મરાજને હાથ જોડી પ્રાર્થના કરી કે 'જે બ્રહ્મહત્યા વિષે આપણે તકરાર ચાલતી હતી તેનો છેડો આજ આવ્યો છે' આ વાત સાંભળતાં સભાસદોએ આશ્ચર્યપામી ચિત્રગુપ્તને પુછ્યુ કે 'એ બ્રહ્મહત્યાનો ભોક્તા કોણ ઠેરે છે કે તેનો છેડો આવ્યો" ઉત્તરમાં ચિત્રગુપ્તે જણાવ્યુ કે 'તેના ગામની વાળનારી છે તેજ તે બ્રહ્મહત્યાના દોષને ભોગવનારી છે. કેમકે તેણે તે નિર્દોષ દંપતીને દૂષિત ઠરાવીને પવિત્ર મનવાળાની નિંદા* કરી.' આમ ચિત્રગુપ્તના વાક્યથી સર્વાનુમતે તે બ્રહ્મહત્યા તે વાળનારી ઉપર ઠેરી.

જુઓ નિંદાનો કેવો પ્રભાવ છે ? નિંદાના થોડા અક્ષરો બોલવાથી તે વાળનારી બ્રહ્મહત્યાને ભોગવનાર થઇ પડી. એટલામાટે આપણે કોઇની નિંદા ન કરવી જોઇએ. આવાં ઉદાહરણો સાંભળી અને બનતા બનાવો જોઇને આપણે સમજીએ અને ઇશ્વરકૃપાથી એમ વરતીએ પરંતુ બીજાઓ આપણી નિંદા કરે તે જો કે આપણું પાપ લઇ લે છે એમ જાણીએ તોપણ તે સહન થવું એ ઘણું કઠણ છે. ચારૂદત્તની ઉપર નીચ લોકોએ ખોટો આરોપ મેલી ફાસીની શિક્ષાએ પોચાડયો તે વખતે તેણે કહ્યું છે કે—

न भीतो मरणादस्मि केवलं दूषितं यशः ।
विशुद्धस्य हि मे मृत्युः पुत्रजन्मसमः किल ॥ (અપૂર્ણ.)

---

* નિર્દોષ માણસ ઉપર વગર વિચારે દોષનુ આરોપણ કરવુ તે નિંદા કહેવાય.

ग्रथविवेचन

सरस्वतीचन्द्र—भाग ? लो

(સાથ પાને ૯ થી)

આ પ્રસંગના સમય માટે લખવું તે કેટલાક કવિઓના લેખ કસોટી છે. આ પરીક્ષામા કર્તા સારી રીતે જયવંત થયા છે. કરૂણારસ જેવો જોઈએ તેવો ... ભેદક કરવામા સારો યત્ન કર્યો જણાય છે અને તે યત્ન સફળ છે. તેમજ આ લેખ કેટલાક કવિઓના લેખની પેઠે મહાયત્ને ગોઠવેલો જણાતો નથી, પરન્તુ સરળ અને રસિક છે. ... મ નાડના સમયનું વર્ણન, મળવા આવતા દુષ્ટ જનોની ચેષ્ટા, વિરલ ... જનોના મર્મભેદક અને ... વચનો ઇત્યાદિ વાચતા આપણને સમાન સ્થિતિના ઘણા કુટુંબોનું ચિત્ર સ્મરણમા આવે છે. આની સંભવિત સંભાવના કરવી તે કેટલાકોને સહજ જણાતિ હશે, પરંતુ અમારા વિચાર પ્રમાણે જેની તે સહજ જણાય છે તેવી સહજ નથી. વૃદ્ધ વિધવા માતા પ્રાતઃકાળમા એકાકી, છપતી છપતી, વૈદ્યરાજને ઘેર જાય, ત્યાથી અનાદર થતા પાછી વળે, દુષ્ટ પણ દૈવી દયાના પ્રતાપથી અથવા પોતાના પૂર્વના પુણ્યથી ... ને ઘેર ... અપમાન સહન કરતી, અધિકની એક ... પામેથી દુર્વચનો સાભળે, એ આ ... પુરૂષને મનના દુઃખ ન થાય? પરતુ પતિ પત્ની ... એકના છે તે સમયનો પ્રવેશ આના કરતા પણ વધારે દુઃખ છે. દુઃખી પતિને જોઈ, અસંભવિત સંભાવના કરતી બાના મનમા શોકમય ગીતિનો પ્રચાર કરતી, એકાએક હૈયુ ભરાઇ આવવાથી અશ્રુ સારતી, પતિના પગ ઉપર માથુ મુકી ઊંચે સ્વરે રડવા માડે, એ અતિસંભવિત વસ્તુ છે.

"હુ શુ નકામી! મારૂ ... એ નકામુ! તમને ન ખપે, હાય, હાય! નર્ધાસન ગયુ, તો ગયુ—મળ્યુ એ પડ્યુ! તમારે કામે ન આવે તો મારે પણ ન આવે. મારે શુ કામ હતુ એનુ?" એમ કહી ... ઘરેણા કાઢી સામી ભીત ભણી રીસ કરી જોરથી ... 'હુ તો માત્ર તમારૂ આવુ શરીર અને આવુ મો જોવાનેજ સરજી છુ? આ નથી જોવાતુ રે મારા નાથ!"

કેવુ કરૂણમય! પતિ પત્નીના સંવાદમા આવા વિશેષ શોકમય અનુભવ કરાવવો એતો અમને અશક્ય લાગે છે. કરૂણમય લેખનો આનંદ અનુભવતા ચિત્ત એટલુ તો શોકગ્રસ્ત થઇ જાય છે કે આનંદને ન ગણતા અન્યને થોડો વખત પણ મનસંયુક્ત ચક્ષુની દૃષ્ટિથી બહાર રાખ્યા વગર ચાલતુ નથી. પાતિવ્રત્યને આભૂષણ શોભાવતા નથી પણ આભૂષણને પાતિવ્રત્ય શોભાવે છે, એનુ પ્રત્યક્ષ ... જનસમાજમા મળવુ બહુ જનને અશક્ય લાગતુ ... કવિની કલ્પનાશક્તિ સામાન્ય કલ્પનાની સીમા મુકી જાય એ સંભવિત છે, પણ આ ગ્રંથમા ... કતા સીમા બહાર જાય એમ ધારવુ એ અયોગ્ય લાગે છે. સૌભાગ્યદેવીના ચિત્રો જનસમાજમા વિરલ હશે, પણ એનો અભાવ કહેવો એ સંભવતુ નથી.

"મારૂં સૌભાગ્ય તમારાવિના બીજે ક્યાં છે? મારે ઘરેણાંસાથે કંઇ સગપણ નથી. તમારા મોંની તેજી ક્યાં! ઇશ્વર હશે તેનોજ હશે; હું શું કરૂં રે ઇશ્વર! તમે સુઇ જાઓ, તમારી નબળાઇ વધશે. અરે, આ વખતે પણ હું તમને દુ:ખ-દેવાને સરજી છું." **સૌભાગ્યદેવી** ખરેખરી તું દેવી, દેવી. તારામાં દેવીત્વ ને સતીત્વનું સંમેલન કરાવી અને તે સાથે સૌભાગ્યને જોડી તારાવિષે ક-લ્પના કરનાર કવિઓએ કેટલી સદ્ગુણી સ્ત્રીઓને આનંદમય અને સામાન્ય સ્થિતિની સ્ત્રીઓને શોકમય કરી છે? ખરેખર તું તો દેવી અને સતી, સતી અને સતીજ! ધન્ય છે તારાં માતપિતાને કે તેમણે આવાં ઉત્તમ રત્નને સંસારમાં સતીત્વનું મહત્વ દેખાડવાને જન્મ આપ્યો. ધન્ય છે તારા સાસુસસરાને કે તે-મણે બાલ્યાવસ્થામાં ઉપદેશ પય પાઇ તને ઉછેરી. ભાગ્યશાળી તારો પતિ કે જેને આવી નિર્ધન અવસ્થામાં પણ આવું અમુલ્ય રત્ન હાથમાં આવ્યું. સ્ત્રીઓ જો તમારે આ લોક અને પરલોકમાં યશની ઇચ્છા હોય, તો તેવા યશની ઇચ્છાવિના પણ **સૌભાગ્યદેવી**નાં આચરેલાં આચરણોનું અનુકરણ માત્ર પણ કરો તો બહુ છે.

કોઇ સહૃદય પુરૂષ આ વાત, કિંચિત્ માત્ર અશ્રુપાત કર્યા વિના, વાંચી જાય એ માનવું અશક્ય છે. કરુણમય લેખોમાંના શ્રેષ્ટ લેખોની પંક્તિમાં આને મુકવાથીજ અમને સંતોષ થશે. રોગી **બુદ્ધિધન**ને આ સર્વ અનાદરની જાણ થતાં ઉશ્કેરાઇ વેર લેવાની ઇચ્છા જણાવે છે. આ સમયે પણ સ્વાભા-વોક્તિની સીમા આવી રહી છે. કર્તા એક ડગલું આમ કે આમ ન જતાં યોગ્ય સ્વાભાવોક્તિનું દર્શન કરાવે છે; એ એનામાં એક ખુબી છે. આ **બુદ્ધિધ-નનાં** ચરિત્રમાં જેટલો સમય આપણે જાણીએ છીએ તેટલાના આપણે ત્રણ વિભાગ કરીએ તો અહીંઆં તેનો પ્રથમ વિભાગ પૂર્ણ થાય છે.

પ્રકરણ પાંચમાંથી આપણે **બુદ્ધિધન**ના જન્મચરિત્રનાં બીજા પ્રકરણનો આરંભ કરીએ. ગરીબ, વૈરની ઇચ્છામાં ધુંધવાતો **બુદ્ધિધન**, કાર્યભારીને ઘેર ધક્કા ખાતો અનાયાસે **ભૂપસિંહ** ગરાશીયાને મળે છે. ગરાશીયો બરાબર કા-ઠીયાવાડી ગરાશિયોજ છે. કાંઇ કારણથી પોતાનો ગરાસ રાજ્યમાં જપ્ત થએલો છે, તે લેવાની ઇચ્છાએ કાર્યભારીને ત્યાં ધક્કા ખાય છે. બેયને, સમાનશત્રુ હોવાથી, સ્નેહ બંધાય એ સ્વાભાવિક છે. **બુદ્ધિધન**, સાંપ્રતમાં બીજો પ્રસંગ ન હોવાથી નિર્વાહસ્થાન મળ્યુ, અને દૈવી ઇચ્છાથી **ભૂપસિંહ**ના કાર્યમાં જય મેળવે તો કીર્તિ અને ધનલાભનુ દ્વાર પણ મળ્યું, એમ સમજી, તેનો સહાયક થાય છે. આ-ગલ થોડા દિવસ જતાં, શરીર કીર્તિ અને નિર્ધન અવસ્થાનું જુજ ધન ખોવાની

શંકા પડવાથી સુવર્ણપુર મુકી **લીલાપુર** નામના સરકારી વાણાવાળા ગામમાં જઇ રહે છે પડે જાતે ચચળ, મળતા સ્વભાવનો અને સાધારણ પણ વિદ્યાપાત્ર હોવાથી, સિરસ્તેદાર વિગેરેમાં મળી જઇ, સાહેબની પ્રીતિ મેળવી, વકિલાતની સનદ મેળવે છે અહિંઆથી તે રાજકીય ખટપટમાં પડવાનો આરંભ કરે છે **સદાશિવપંત** નામના એક દક્ષિણી સિરસ્તેદાર સાથે ભૂપસિંહનો સબંધ કરાવે છે, પરંતુ તેમ કરવામાં જાઇ સ્વાર્થ સાધવાની તજવીજ રાખતાં પોતાનો ભૂપસિંહ સાથેનો સબંધ તુટેલાજેવો થઇ જાય છે સદાશિવ ભૂપસિંહને પોતાના જેવો વ્યસની અને દુરાચારી કરે છે આમ થતાં ભૂપસિંહનાં દર્શન પણ બુદ્ધિધનને દુર્લભ થઇ પડે છે આ સમયમાં તેને ઘેર જતાં બુદ્ધિધનને રાજબા સાથે વાતચીતમાં ઉતરવું પડે છે જેવા પુરૂષનાં આચરણ તેવા સ્ત્રીનાં થાય તેવો સંભવ છે તે પ્રમાણે રાજબાની વૃત્તિમાં ફેર પડે છે, અને અનાયાસે એક દિવસ બે જણ એકલાં બેઠેલાં હોવાથી, સદ્‌ગુણી અને નિષ્પાપ બુદ્ધિધન પરસ્ત્રીની જાળમાં સપડાય છે થોડીવારમાં કોઇ શબ્દ સભળાય છે મોહનિદ્રામાં પડેલાં બે પ્રાણી જાગૃત થાય છે, અને પુરૂષ સ્ત્રીને આવતી કાલે આવવાનું વચન આપી નીકળી જાય છે આ એક ધીરોદાત્ત નાયકમાં મોટો દોષ એ વસ્તુ સંભવિત છે, પરંતુ એ સંભવિત વસ્તુની પણ સંભાવના કરતાં સદ્‌ગુણીના મનને કલંકિત કરવાનો વિધાતાને શિર દોષ મેલાય છે આમાં કર્તાએ યથાર્થ દોષ દર્શાવ્યો છે પણ તે યોગ્ય રીતે ન મુકવાથી, સામાન્યવિચારી પુરૂષો સદ્‌ગુણી મનને દોષિત કરશે એવી શંકા રહે છે "કાલ આવીશ" એ શબ્દો બુદ્ધિધનની બુદ્ધિમાં પ્રવેશ કરે છે, એ આશ્ચર્ય જેવું છે સૌભાગ્ય અને પાતિવ્રત્યની દેવીનો પતિ સૌભાગ્યવાળી અને ચલિત મનની બીજી સ્ત્રીના શબ્દ અથવા શબ્દોથી ચલિત થાય એ દુ ખદ છે ગૃહસ્થતાની સર્વ શોભામાં આટલો એક કલંક ન મુક્યો હોત તો અમને વધારે આનંદ આવત પાછળથી પશ્ચાત્તાપરૂપી જળથી કલંક ધોવાનો પ્રયત્ન થાય છે, પરંતુ સ્વચ્છપટઉપર પડેલો કલંક નિસરવો કઠિન છે

ભૂપસિંહ સદાશિવપંતના ઘરમાં સીલપટ થઇ પડ્યો છે તે સદાશિવને ખબર પડતાં, તે અતિ ખિન્ન થાય છે, અને બુદ્ધિધનની ગૂઢ અને પ્રાપંચિક બુદ્ધિની સલાહ લઇ ચાકરી છોડી સ્વદેશ જાય છે તેની જગા બુદ્ધિધનને મળે છે હવે સુવર્ણની સર્વ બાતમીઓ તેને મળે છે જુના કારભારી શઠરાયના અંગના મનુષ્યને તે ફોડે છે, તેનું ધન હરે છે અને તેજ ધનનો ઉપયોગ કરી તેને પછાડે છે શઠરાય બુદ્ધિધનની સહાયતાથી પર્વતસિંહ (ખોટો ઉભો કરેલો જડસિંહનો

પુત્ર જે શઠરાયને નડે છે તે, નો અંત આણે છે. તેમાં બન્નેનું અભીષ્ટ છે. આ સર્વ સમયમાં ભૂપસિંહને બુદ્ધિધન છુપી રીતે સહાય કરતો રહે છે. વિગેરે વિગેરે. આવી રીતે આ આખું પ્રકરણ એ ઇતિહાસરૂપક છે. તેમાં લખેલું વસ્તુ એક પણ અસંભવિત નથી. અને એ સર્વ વસ્તુઓ સત્ય હોય; એમ માનીએ તોપણ તેમાં આશ્ચર્ય જેવું નથી. ગુજરાતના તેમાંપણ મુખ્યત્વે કાઠીયાવાડનાં ઘણાં ખરાં બધાં રાજ્યોમાં આવી ખટપટ ચાલતી આવી છે; એમ લોકવાણી છે. અને લોકવાણી ઉપરજ આધાર રાખીએ તો ઘણા બુદ્ધિધન, શઠરાય, જડસિંહ, ભૂપસિંહ વિગેરે પુરૂષો આપણી દૃષ્ટિમર્યાદામાં આવે છે. કર્તાએ આવો કોઇ ઇતિહાસ સ્મરણમાં રાખી લખ્યું છે. કે પોતાની કલ્પનાથી, એ કહેવું અશક્ય છે. પરંતુ સ્મરણથી લખ્યું હોય તો તેમાં આશ્ચર્ય જેવું નથી. અમે આ વિષે સાંપ્રતમાં કાંઇ કહી શકતા નથી. ઐતિહાસિક વાતો માટે પણ તેની સત્યતાવિષે જુદા જુદા મત મેળવી વિચાર કરી નિશ્ચય કરવાનો સમય વિદ્વાનોએ ઓછામાં ઓછો બસો વર્ષનો ધાર્યો છે કાઠીયાવાડ અને ગુજરાતમાં એજંસીઓ સ્થપાઓ હજી તેટલો સમય થયો નથી તેથી, અમે પણ અમારો વિચાર આગલ લખાવતા નથી. વિશેષ વિવેચન યોગ્ય આ પ્રકરણમાં કાંઇ નથી. અહીઆં બુદ્ધિધનના ચરિત્રનું બીજું પ્રકરણ સમાપ્ત થાય છે.

હવે આપણે મૂળ અનુસંધાનથી રાજેશ્વરનાં મંદિરમાં આવી રાણા ભૂપસિંહ અને તેના અમાત્ય બુદ્ધિધનને મસલત કરતા જોઇએ. કર્તાનું કહ્યું માની ભૂતકાળને ભૂલી વર્તમાનકાળની વાર્તામાં ડુબવા છઠા પ્રકરણના પ્રવાહમાં વહ્યા જઇએ.

રાજેશ્વરના મંદિરમાં પોઠીઆ સમીપ મસલતમાં અસંભવિત વાતો થતી નથી. તેમાં રાણાના રજપૂત સ્વભાવને યોગ્ય, ઉત્સાહી મનનું અધીરાપણું અને પ્રસંગસૂચક, શાન્ત સ્વભાવના અમાત્યનું ધૈર્ય એ બેય એક બીજા ઉપર જયની ઇચ્છા રાખતાં દીપી નીકળે છે. પ્રાતઃકાલમાં ઉદય પામતો શીતરશ્મિ શુક્ર અને તેને અનુસરતા પ્રચંડ સૂર્યનો સંવાદ ચાલતાં ધૈર્યવાન્ અને શાન્ત તેજના શુક્રનું પ્રચંડ સૂર્ય પ્રભાથી ઢાંકી દેતો પણ, અનુસરણજ યોગ્ય ધારે છે.

રાજકીય પ્રપંચમાં એ વિષયથી અજ્ઞ જન, અસંભાવ્ય સંભાવનાનો વિચાર કરશે. પરંતુ તે વિષયમાં પલોટાયલા પુરૂષને તેમાં અઘટિત દર્શનની સંભાવના થાય તો બહુ આશ્ચર્યની વાત, વારંવાર કર્ણગોચર થતી વાર્તાઓ નિર્દોષ નિર્મૂલ હોય એ માનવામાં મન અને બુદ્ધિને યોગ્ય સ્થિતિમાં રાખનાર અંતઃકરણને અયોગ્ય લાગશે. (અપૂર્ણ.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મુ.　　ચૈત્ર, સવત્ ૧૯૪૪　　અક ૧ લો.

॥ यतोधर्मस्ततोजय ॥

ऐक्यमत्य अथवा संपविषे बे बोल

(સબંધ ગયા વર્ષને પાને ૨૬૧ થી)

દપતીઓમા એટલે પતિપત્નીના જોડલાઓમા તો નિરતર સપ હોયજ છે એવિષે તો આપણા મિત્ર સપવિરૂદ્ધ ચર્ચાપત્રના લખનાર વિરૂદ્ધ નહિજ હોય તોપણ જ્યારે તે મિત્ર એમજ કહે છે કે 'સપ કાઇ વસ્તુજ નથી' ત્યારે પછી પતિપત્નીમા પણ એના લખવા પ્રમાણે પરસ્પર સપ ન હોવો જોઇએ અમારા ધારવા પ્રમાણે એમ નથી પ્રાચીન સમયથી માડીને અર્વાચીન સમયસુધી તપાસ કરી જોતા ઘણા ભાગમા પતિનો અને પત્નીનો સપ પરસ્પર અતિ ઉત્તમ રીતે જોવામા આવે છે

શ્રી રામચદ્રજીપ્રત્યે સતી સીતાજીનુ અપ્રતિમ પ્રેમ અને સતી સીતાજી પ્રત્યે શ્રી રામચદ્રજીનુ પ્રેમ, મહાસતી સતીપ્રત્યે શ્રી સદાશિવનુ પ્રેમ અને શ્રી સદાશિવપ્રત્યે મહાસતી સતીનું પ્રેમ, શ્રીકૃષ્ણપ્રત્યે રૂક્મિણીજીનુ પ્રેમ અને અને રૂક્મિણીજીપ્રત્યે શ્રીકૃષ્ણનુ પ્રેમ, રાજકુમાર સત્યવાનપ્રત્યે સાવિત્રીનુ પ્રેમ અને સાવિત્રીપ્રત્ય કુમાર સત્યવાનનુ પ્રેમ, રાજકુમાર ઋતુધ્વજપ્રત્યે મદાલસાનુ પ્રેમ અને મદાલસા પ્રત્યે રાજકુમાર ઋતુધ્વજનુ પ્રેમ, મહારાજા નલપ્રત્યે દમયતીનુ પ્રેમ અને દમયતીપ્રત્યે મહારાજા નલનુ પ્રેમ, કવીશ્વર જયદેવપ્રત્યે પદ્માવતીનુ પ્રેમ અને પદ્માવતીપ્રત્યે જયદેવનુ પ્રેમ, મહારાજ વત્સરાજપ્રત્યે વાસવદત્તાનુ પ્રેમ અને વાસવદત્તાપ્રત્યે વત્સરાજનુ પ્રેમ, અર્વાચીન કાલમા પણ પૃથ્વીરાજ ચહવાણપ્રત્યે સયોગતાનુ પ્રેમ અને સયોગતા પ્રત્યે પૃથ્વીરાજનુ પ્રેમ, ચાપરાજ હાડાપ્રત્યે સોનરાણીનુ પ્રેમ અને સોનરાણીપ્રત્યે ચાપરાજનુ પ્રેમ, રાણા ઉદારસિહપ્રત્યે નિમનાદેવીનુ પ્રેમ અને નિમનાદેવીપ્રત્યે રાણા ઉદારસિહનું પ્રેમ અને એશિવાય બીજા પણ પ્રાચીન

અર્વાચીન પતિપત્નીનો પ્રેમ પુસ્તકોમાં વાંચી સાંભળી અનુભવિયે છિયે તે પ્રેમજ પતિપત્નીમાં સંપૂર્ણ સંપ આગળ હતો, આજ પણ છે અને હવે પછી પણ હશે એવું સિદ્ધ કરી આપે છે.

નીચેનું પદ્ય પણ સાહિત્યમાં વાંચવામાં આવ્યું હશે તોપણ ફરી દૃષ્ટાંત કરવા ઉદાહરણ તરીકે લખું છું.

"यामि न यामीति धवे गदति पुरस्तात्क्षणेन तन्वंग्याः ।
गलितानि पुरो वलयान्यपराणि तथैव दलितानि ॥"

(પ્રવાસ કરવા જવાને તૈયાર થયેલા પતિએ પોતાની પત્નીને કહ્યું કે 'હું જાઉં છું.' આ અક્ષરો સાંભળતાં ભાવિ વિરહના દુઃખના વિચારથી થતી દુર્બળતાને લીધે, તે સ્ત્રીના હાથમાંથી આગળનાં કંકણો નીકળી ગયાં કે તરત તેની તેવીસ્થિતિ જોઇને 'હું નથી જાતો,' એટલા અક્ષર તેના પતિએ કહ્યા કે તરત રહેવાના સંયોગના આનંદથી થતી પુષ્ટતાનેલીધે બાકીનાં હાથમાં રહેલાં કંકણો ફાટીને નીકળી ગયાં *)

આ ઉદાહરણ પણ વાંચવામાં આવ્યું હશે કે,—

छाडि होइ पटको ग्रह्यो, सुनि प्रभात प्रियजान ।
छुटत छुटत यों छुट गये, उत पटको उत प्रान ॥

(ભાવાર્થઃ—એક સ્ત્રીએ પોતાનો પતિ આજ સવારે પરદેશ જાય છે એવું સાંભળ્યુ તેથી સવારમાં ઉઠીને ચાલવાને તૈયાર થએલ પતિનો પોને છેડો ઝાલી રાખ્યો. કાંઇ જરૂરનું કામ હોવાથી પતિએ સમજાવી સમજાવીને ધીરે ધીરે છેડો છોડાવવા માંડ્યો અને એમ ધીરે ધીરે છેડો છુટતાં છુટતાં છુટ્યો કે તે સાથે તે સ્ત્રીના પ્રાણ પણ છુટી ગયા.)

પરસ્પરના અત્યત પ્રેમમાં આમ બને એ સંભવિત છે. કદિ આ ઉદાહરણોને કોઇ અલંકારિક લેખમાં લેખી ધ્યાનપર લે નહિ તો આગળના વૃદ્ધોએ ઘણાં સ્ત્રીજનોને પોતાના પ્રાણપ્રિય પછવાડે અગ્નિની પ્રજ્વલિત જ્વાલામાં પોતાના દેહની આહુતિ દેતાં નજરે જોએલ છે તે તેઓમાંના કેટલાક વર્તમાન હોય તો તેમને મોઢેથી સાંભળીયે છીએ આ સમયમાં અંગ્રેજ સરકારનું રાજ્ય હોવાથી તે વાત બંધ પડી ગઇ છે તેથી તેમ બનતું ધ્યાનમાં ન આવે તો અહિચ્છત્રપ્રયોગ નાગરની જ્ઞાતિમાં બનેલો દાખલો આપું છું.

* પ્રસગને દૃઢ કરવાના આ ઉદાહરણમા 'સમાગમ થઇ ગયા એવો ભાવ હોય તો ગુણના સબંધમા વિશેષ શોભા આપનાર થઇ પડે' એમ કેટલાકનો મત છે

સાવર કુંડલાના રહેનારી ભટ્ટ ચમરજી જેઠાના પુત્રી બાઈ રવન જામનગરના રહેવાશી ભટ પ્રેમશંકર ગોકળજીના શાપુજ થાય તે બાઈનો વિવાહ જુનાગઢમા ભટ્ટ હરિનંદ પિતામ્બરના પુત્ર દામોદર વેર થયો હતો આજથી આશરે દશ વર્ષે ઉપ ભટ્ટ દામોદર જાતિ નાગાત થતા કોઈ કોઈ પ્રસંગમા વૃદ્ધ લોકોને તે બાઈએ સતી કેમ થવાય તે વિષયમા પુછવા માંડ્યુ પણ આ સરકારી રાજ્યમા કોઈથી સતી થવાતુ નથી એવો સનનો પ્રત્યુત્તર મળવાથી તે ચુપચુપ બેસી રહ્યા પોતાના પતિને અંતનો સમય આવ્યો ત્યારે તેને નીચે લેવામા પણ તે બાઈ સામેલ હતા જ્યારથી મંદવાડનો આરંભ થયો ત્યાથી સૌભાગ્ય સુચક કુંકુમનો ચાંડલો અખંડ રહેવા દીધો હતો પોતાના પતિએ પ્રાણ છોડ્યા કે તરત તે બાઈ બીજા ઓરડામા કુટવા માંડ્યા તે ગડબડમા કોણ જાણે ક્યા ચાલ્યા ગયા કે કોઈને ખબર પડી નહિ છેવટ આશ્ચર્ય પામતા શોધ કરવા લાગ્યા તો એક વાનના પાણીમાથી તેનુ શબ મળી આવ્યુ આવુ સાહસ પતિ ઉપરના પ્રેમવિના *બને? નજ બને કેટલીક કુલીન સ્ત્રિયો પોતાને પ્રાણ ત્યાગનો સમય આવે તે સમયે પોતાના પતિને બીજી કન્યા અપાવવાની છાની ભળામણો પણ કરી જાય છે એના દાખલાઓ ઉપરની જાતિમા બનેલા છે એપણ અપૂર્વ પ્રેમનુ એ નાણુ છે, એમ સ્પષ્ટ જણાઈ રહે છે (અપૂર્ણ)

નિંદા ન કરવાવિષે

(સાર પાને ૨૧ થી)

(હુ મૃત્યુથી બીહીતો નથી પરન્તુ કેવળ વચને દૂષણ લાગે છે તેથી બીહુ છુ હુ નિર્દોષ થયા પછી મારૂ મૃત્યુ થાય તો તેપણ મને પુનર્જન્મની પેઠે સુખકારક છે)

આવા અનેક ઉદાહરણોથી જણાય છે કે નિંદા ન કરવી એ કઠણ કામ છે, તે કરતા પણ બીજાઓ પોતાની નિંદા કરે તે સહન કરવી એ તો એથી પણ વધારે કઠણ કામ છે આમ છતા પણ વિદ્વાન અને વિવેકી માણસોનુ એજ કામ છે કે પોતાના મુખથી બીજાઓની નિંદા ન કરવી અને બીજાઓ પોતાની

* આ પ્રસંગ માટે શા હેતુમા ગોતાય છે તે સાવધાન રાખવા ધારણ રાખવુ જેથી વાચનાર સમજાય

નિંદા કરે તે સાંભળી ઉદ્વિગ્ન ન થાવું. સંસારમાં સર્વ વાતે સાર શોધનારા વિવેકીઓ એવું વિચારે છે કે—

"मन्निंदया यदि जनः परितोषमेति नन्वमयत्नसुलभोयमनुग्रहो मे ।
श्रेयोर्थिनो हि पुरुषाः परतुष्टिहेतोः कष्टार्जितान्यपि धनानि परित्यजंति ॥"

(મારી નિંદાવડે જો માણસો સંતોષ પામતાં હોય તો તે વગરપ્રયત્ને તેમનો મારી ઉપર અનુગ્રહ થયો એમ હું માનું છું. કેમકે પોતાના કલ્યાણને ઇચ્છનારા પુરૂષો, લોકોનાં અંતઃકરણના સંતોષનેમાટે ઘણે કષ્ટે એકઠાં કરેલાં ધનને પણ તજી દે છે.)

સારાંશ કે દ્રવ્ય એકઠું કરવામાં ઘણા ક્લેશો સહન કરવા પડે છે અને તેજ દ્રવ્ય સઘળા વ્યવહારોનું મૂળ છે. તેમજ પ્રાણ કરતાં પણ અધિક પ્રિય લાગે તેવું તે છે. તેવાં દ્રવ્યને કલ્યાણની ઇચ્છા કરનારા લોકો બીજાઓને સંતોષ આપવામાટે તજી દે છે. (આપી દે છે) અને મારે તો તેમ કર્યાવિનાજ માત્ર મારી નિંદા કરવાથી લોકો સંતોષ પામે છે, તો મારે પ્રયત્ન વગરજ એ લોકોનો મારા ઉપર અનુગ્રહ થાય છે એ મહા સંતોષની વાત છે. કેમકે પ્રયત્નવગર અને ખર્ચવગર શ્રેય સંપાદન થાય એ કાંઇ થોડા હર્ષની વાત નથી.

સિદ્ધ દશાને પોચેલા પુરૂષોને કશો પણ દ્વૈતભાવ હોતો નથી તો પછી તેને નિંદા કે સ્તુતિનો સંભવજ ક્યાંથી હોય. પરંતુ જેઓને આ સારૂં અને ગ્રહણ કરવા યોગ્ય છે એવું ભાન હોય તેને વૈરાગ્ય, વિવેક, શમ, દમ, શ્રદ્ધા તિતિક્ષા વિગેરે સાધનોરૂપ સુવર્ણપિંડને નિંદા એ એક કસોટીરૂપ છે. એ સાધનો શુદ્ધ રીતે પ્રાપ્ત થયાં છે કે નહી તે નિંદારૂપ કસોટી દેખાડી આપે છે

આથી કાંઇક ઉતરતી પંક્તિના નિર્દોષ માણસને નિંદા એ મનને શુદ્ધ કરવાનું સ્થળ અને સુમાર્ગે ચાલવામાં સહાયક થાય છે. એ ઉપરથી એમ સમજવાનું છે કે નિંદા એ નિંદારૂપે જેને લાગે છે તેને તે નિંદા પોતાના વિવેકથી ગુણકારક થઇ પડે છે; અને એવી રીતે ભાસે એ પણ ઓછું તપ નથી અથવા ઓછા તપનું ફળ નથી. કેટલાક ઇતિહાસોમાં એવું સાંભળવામાં આવે છે કે બુદ્ધિમાન માણસ અંતઃકરણથી શુદ્ધ રેહેતાં, પોતાના પાપનો ક્ષય કરવામાટે ઉપરથી નિંદા થાય તેવાં આચરણ કરીને લોકોપાસે નિંદા કરાવે છે. આવી ધારણાવાળા માણસો પણ સંખ્યાબંધ હોતા નથી.

એક ધનપાત્ર સદ્ગુણી માણસ કોઇ દિવસ ઉદાસીમાં પોતાના ઘર આગળ બેઠો હશે. તે સમયમાં કોઇ સાધુ આવીને ઉભો રહ્યો કોઇ કાળયોગથી કે સં-

ચિત યોગથી કે ભાવિની પ્રબળતાથી તે બાવાના ભિક્ષા પાત્રમા બે લાદના લીંડા તે માણસે નાખ્યા તે લેઇ સાધુ ચાલતો થયો પરીક્ષિત રાજાને જેમ ઋષિના ડોકમા મરેલો સવ નાખી ઘેર ગયા પછી પશ્ચાત્તાપ થયો હતો તેમ આ માણસને પણ તે સાધુ ચાલી નીકળ્યા પછી ઘણો સતાપ થયો કે આ મે શુ કર્યું દૈવેચ્છાથી અતકાળ આવતા તે માણસને યમપુરીમા લઇ જવામા આવ્યો એ સ્થળમા કરેના કર્મો ભોગવવાની યમરાજ તરફથી આજ્ઞા થાય છે પૃથ્વી ઉપર જે કાઇ અપાયેલુ હોય તે પરલોકમા હજારગણુ થાય છે, એ કેહેવત પ્રમાણે પેલા બાવાને આપેલા લીંડા બેના બે હજાર થઇ પડયા યમરાજ તરફથી તે બે હજાર લીંડા ખાવાને આજ્ઞા થઇ ત્યારે તે વિવેકી માણસે હાથ જોડી એવી રીતે માગણી કરી કે હે મહારાજ ! મારા બીજા જે કાઇ પુણ્ય છે તે પુણ્યને ભોગવવા માટે આપ મને ઉત્તમ જન્મ આપરો તે સાથે હુ એટલુ માગુ છુ કે મને તે જન્મમા સ્મૃતિ રહે અને આ લીડા મારે ન ખાવા પડે તેવુ ઉત્તમ સાધન હુ કરી લઉ યમરાજા તરફથી તેને ફરીને રાજાનો જન્મ આપતા ઉત્તરમા એવુ કેહેવામા આવ્યુ કે તુ રાજાના શરીરથી પૃથ્વીમા જઇ પુણ્યનુ ફળ ભોગવ અને તે સાથે તારી નિંદા થાય એવુ આચરણ કર કે જેથી તારે ખાવાના લીડા નિંદા કરનારાઓને ખાવા પડશે, એટલે તારે નહિ ખાવા પડે આ આજ્ઞાપ્રમાણે તે માણસે પૃથ્વીપર આવી સવ સુખ ભોગવતા અને અત કરણથી અતિપવિત્ર રેહેતા ઉપરથી નિંદા થાય તેવા કાઇ કાઇ આચરણ કરવા માડયા તેથી ગામના સભાવિત લોકોએ પણ મૂળ તપાસ્યાવિના તેની નિંદા કરવા માડી જે લોકોએ નિંદા કરી તેઓને ખાતે પેલા લીડા ચડતા જતા માત્ર બે બાકી રહ્યા એ બે પણ બાકી ન રહે તો ઠીક એમ વિચાર કરી તે માણસ એક ભાવિક દરજી પાસે ગાવાને વેશે જઇ પોતાની નિંદા કરવા લાગ્યો પણ દરજી કાઇ સાધારણ દરજી નહતો મહા ચતુર હતો તેણે કહ્યુ કે તમે કહો છો તે હુ જાણુ છુ તમારા બે લીડા વધેલા છે તે કાઇ હુ ખાવાવાળો નહિ આ વાક્ય સાભળતા પેલા માણસ (રાજા) આશ્ચર્યપામી ચાલતો થયો કે અહો આના પણ ભેદ જાણનારા લોકો જગતમા પડયા છે ત્યારપછી તે માણસે યમરાજ પાસે જઇ પ્રાર્થના કરી કે મહારાજ, હવે તો કોઇ મારી નિંદા નથી કરતુ માટે શુ કરવુ ? ત્યારે યમરાજાએ પેલા બે લીડા જેટલો દોષ માફ કર્યો

આ કાઇક હસવા જેવી વાત લાગશે પરતુ તેમાથી આપણે તો સાર ગ્રહણ કરવાનો છે ધનની હાનિ કે પ્રિયજનની હાનિ માણસ સહન કરી શકે

પણ પોતાની નિંદા સહન કરી શકતુ નથી. તે સહન કરવાનો અભ્યાસ પરે તે અતિ લાભકારક છે. પેહેલાં તો વ્યવહારમાં રેહેનાર માણસે કોઇપણ પ્રકારે નિંદા થાય તેવું એક આચરણ કરવું નહિ. એ વાત પોતાને સ્વાધીન છે પણ સઘળાં સ્વચ્છ આચરણ છતાં પણ સુજનોની નિંદા દુર્જનો વિનાકારણે કર્યા કરે છે. એટલે તેઓ તેમ ન કરે તે વાત સ્વાધીનની નથી. માટે નિંદા સહન કરવાનો અભ્યાસ ઉપયોગી છે. ઉપરના લખાણથી એમ ન સમજવું કે નિંદા થાય તેવું આચરણ કરવું તે યોગ્ય છે. નિંદા ન થતો હોય તો પરાણે કરાવવી એવી વર્તણુક ગમે તે પ્રકારે વખાણવા યોગ્ય હોય તોપણ તે વ્યવહારને ઉપયોગી ગણી શકાય તેમ નથી. માટે સાર એ લેવાનો છે કે આપણે કોઇની નિંદા કરવી નહિ, બીજા આપણી રખે નિંદા કરે એમ ડરતાં રહેવું, અને આપણી પવિત્રતાને નહિ જાણનારા અજ્ઞાનીઓ નિંદા કરે તે સહન કરવી. આમ કરવું એ કાંઇ જેવું તેવું સાધારણ તપ નથી. માણસ કદિ કઠણ હૃદયનું હોય તો તરવારની ધારાનો પ્રહાર ખમી શકે છે પણ નિંદાનું વાક્ય ખમી શકતુ નથી. તો આવી તીક્ષ્ણતાવાળાં વચનો સહન કરવાં એ થોડી સહનશીલતા નથી. એ તપના પ્રભાવથી ઉત્તમ કીર્તિ અને ઉત્તમ સુખ મળવાનો સંભવ છે. જગતમાં માણસોની બુદ્ધિ સરખી હોતી નથી. આકાશમાં ઉડનારા પક્ષીઓ પોતપોતાની શક્તિ પ્રમાણે ઉડે છે તેમ માણસો પોતપોતાની શક્તિ અને યોગ્યતા પ્રમાણે બોલે છે તો તેમાં તેઓનો દોષ વિદ્વાનો લેખતા નથી. પરંતુ સર્વ પ્રકારે જગતમાં શુદ્ધ કેહેવાઇએ અને નિંદક લોકો પણ અંતઃકરણમાંથી 'વાહવાહ' બોલી જાય ત્યારે આપણે બરોબર ચાલી શકયા એમ સમજવું. જગતમાં જો કે એકને સર્વે લોકો સ્તુતિપાત્ર ગણે એમ બનતુ નથી તો પણ ઘણું ભાગે એકને સર્વે લોકો સ્તુતિપાત્ર ગણે એમ બને છે, તો તેવા પ્રકારની પંક્તિમાં આપણે બેસવા યોગ્ય થવું નિંદા એ મોટામાં મોટુ પાપ છે અને મહા અનર્થની કરનારી છે. એ નિંદા આપણને સ્પર્શ કરે એવું જ્યારે આપણે ન ઇચ્છીએ ત્યારે પછી પરની નિંદા આપણે કરીએજ કેમ ? અને એમ થાય એ અતિ ઉત્તમ ફળ આપનારૂં આચરણ છે. જીભ જેવી ઉત્તમ ઇન્દ્રિય આપણને મળી છે તેને નિરૂપયોગી અક્ષરો બોલવામાં વાપરવી એના જેવી એકે હાનિ નથી. માટે વિદ્વાનવર્ગે એ વાત વિચારીને ચાલવુ જોઇએ. અહંમમત્વ મટી ગયા પછી અને સિદ્ધ દશા પ્રાપ્ત થયા પછી કશો વિધિનિષેધ છે નહિ, કેમકે પછી તો ભાનવિના પ્રારબ્ધના ભોગો શરીર ભોગવતું આયુષ્ય હોય ત્યાં

સુધી છતે કે આ લોકો ગોળખાઇ બેનાની પેઠે સેરે ની નથી માટે સા માન્યરીતે એ સ્મરણ રાખવુ કે કદિ કારણ કાઇ જોવામા આવે તોપણ તે ખરાખોટાની ખબર આપણને ન હોવાથી નિંદા કોઇની કરની નહિ. અને આ પ્રમાણે સદાચરણે ચાલતા છતા કોઇ અન્યથા વિચારથી નિંદા કરે તો તેવાઓ ઉપર રીસ ન કરતા તે સહન કરવી એમ કરવુ એ / સત્ય પ્રકારનુ નિદાન થવાનુ અને કરનારને શિક્ષા થવાનુ સાધન અથવા ઉપાય છે જગતમા જેણે નિંદા કરી નહી અને જેની નિંદા થઇ નહિ તેજ ખરેખર છતેનો છે નિંદા કોઇની ન કરવી અને પોતાની થાય તે ન ગણવી એ અતિ કઠણ તપ છે એ તપનુ ફળ ઇશ્વર ઉત્તમ રીતે આપે છે અને પ્રત્યક્ષ પણ તેમા ગુણો દેખાઇ રહે છે કેમકે એ સાધનથી આ માટીના વિકારરૂપ શરીર અતિ માનને પાત્ર થાય છે

ભ્રાંતિ અથવા વેહમ

(સબ ન ગયા ૧૫ન માર્ચ ૨૫૪ થી)

ભ્રાંતિ દેવીએ સઘળે ઠેકાણે પોતાના વિજયના વાવટા ચડાવી દીધા તો પણ તેને હજી સંતોષ થયો નહી તેણે હવે દંપતીના જોડલા ઉપર પણ ચડાઇ કરવા માંડી દંપતી એટલે સ્ત્રીપુરૂષનુ જોડલુ તેનો પરસ્પર કેવો ધર્મ છે તે તો સઘળા શાસ્ત્રોમા પ્રસિદ્ધ છે એ બન્નેનો જ્યારે અગ્નિસાક્ષિક સબંધ બધાય છે તે સમયે તે બેય એવી પ્રતિજ્ઞા કરે છે કે 'ધર્મ અર્થ કામમા હુ કદી પણ વ્યભિચાર કરીશ નહિ' તેમ છતા કોઇ સ્વકૃત વેહેમથી ને કોઇ પરકૃત વેહેમથી પોતાની પ્રાણપ્રિયા ઉપર જુદા જુદા પ્રકારના વેહેમ લઇ ગયા છે ને હાલમા પણ તેવુ ચાલે છે પુણ્યશ્લોક નળરાજાનુ ચરિત્ર કોઇનુ અજાણ્યુ નથી જે સમયે નિષધ દેશના મહારાજા વીરસેનને નળ એવે નામે સત્પુત્રરત્નનો જન્મ થયો હતો તેજ સમયે વિદર્ભદેશના મહારાજા ભીમ રાજાને દમયંતી એવેનામે પુત્રીરત્નનો જન્મ થયો હતો એ બન્નેએ સદ્ગુરૂની સેવામા રહી સદ્વિદ્યાનુ સંપાદન કરી પોતાનુ બાલ્યવય નિર્ગમન કર્યા પછી સ્વાભાવિકરીતે નળને યોગ્ય સ્ત્રીમેળવવાનો અને દમયંતીને યોગ્ય પતિ મેળવવાનો ઉત્સાહ ઉત્પન્ન થયો તેટલામા એક સમયે રાજા નળ મૃગયા કરવા ગયા હતા ત્યાથી વળી એક શાલના ઝાડ નીચે બેસી વિશ્રામ લેતા હતા તેટલામા કોઇ તીર્થયાત્રિક આવ્યો તેણે વાતના પ્રસંગમા જણાવ્યુ કે,

હે રાજા, સઘળા દેશોમાં દક્ષિણ દેશ ઉત્તમ છે. દક્ષિણ દેશમાં પણ વિદર્ભમંડલ ઉત્તમ છે અને વિદર્ભમંડલમાં પણ વરદા નદીના તીરના મંડનરૂપ એટલે અલંકારરૂપ કુંડિનપુર નામનું નગર ઉત્તમ છે. ત્યા હું તીર્થયાત્રાના પ્રસંગથી ગયો હતો તે સમયે એક રાજકન્યા મારા જોવામાં આવી હતી. તેનાં રૂપ ગુણવિષે હું એક મુખથી શું કહું ? હું સહસ્ર મુખવાળાથી પણ કહી શકાય તેમ નથી. તે કોણ છે, કોની પુત્રી છે અને તેનું શું નામ છે, તે કાંઇ હું જાણતો નથી. પણ દક્ષિણ દેશમાં તે કન્યા સઘળા લોકોના લોચનને ચંદ્રિકાની પેઠે આનંદ આપે છે અને આ દિશામાં આપ ચદ્રની પેઠે લોકોના લોચનને આનંદ આપો છો. એટલુ વચન સાંભળતાંજ જો કે નળરાજા કોણ કન્યા, કોની પુત્રી અને તેનું શું નામ તે જાણતા ન હતા તોપણ તે ઉપર તેની વૃત્તિ બંધાણી જેથી સર્વ સુખભોગ તેને દુઃખરૂપ જણાવા લાગા. એમ કેટલીક કાળ નિકળી ગયા પછી શરદ્ ઋતુમાં નલરાજા એક ઉપવનમાં રહેલાં તળાવ પાસે ફરતા હતા. તેટલા કેટલાક હંસો આકાશમાંથી ઉતરી તે તળાવના તીર ઉપર બેસી ગયા. જેઓને જોઇ રાજાએ એક ઉત્તમ હસને ઝાલી લીધો. હંસ નલરાજાના હાથમાં આવતાંજ પોતાને છોડી મેલવા પ્રાર્થના કરવા લાગ્યો પણ તેના રૂપમાં અને સુવર્ણ જેવા રંગમાં મોહ પામેલા રાજાએ તેને છોડયો નહી, ત્યારે હંસે કહ્યું કે હે પુણ્યશ્લોક નલ! જો તમે મને છોડી મેલો તો દમયંતીનું મન તમારામાં લોભાવી તમારી સાથે મેલાપ કરાવો આપુ. દમયતી એવું નામ સાંભળતાંજ.—

प्रायः सैव भवेदेषा पांथादश्रावि या मया ।
युगायितं विनीद्रस्य यत्कृते मे त्रियामया ॥

(જે મેં તીર્થયાત્રિક પાંથ પાસેથી સાંભળી હતી અને જેને માટે નિદ્રા ન આવવાથી એક રાત્રિ પણ મને જુગ જેવડી ગઇ હતી તેજ આ ઘણું કરી દમયંતી હશે.) એમ વિચારી હંસને છોડી અભયદાન આપી એક લતામંડપમાં તેડી જઇ દમયંતી કોણ છે, કયા દેશમાં છે, કોની પુત્રી છે, કેવા તેના ગુણો છે, કેવુ તેનું રૂપ છે અને કેવું તેનુ શીલ છે વિગેરે વિગેરે પુછ્યું. જેના ઉત્તરમાં હંસે ઘણા વિસ્તારથી દમયંતીનું વર્ણન કરી બતાવ્યું. વર્ણન સાંભળતાં નલને એમજ થયું કે જો લગ્ન કરવું તો દમયંતી સાથેજ કરવું. પછી હંસ ત્યાંથી રાજાની રજા લઇ ઉડી વિદર્ભ દેશની રાજધાની કુડનપુરમાં કન્યાના અંતઃપુરના ઉપવનમાં આવ્યો. ત્યાં પણ તેનું રૂપ રગ જોઇ દમયતીએ તેને ઝાલી લીધો એટલે તેણે

તેની પાસે રાજા નલના વખાણ કરવા માંડ્યા જેથી દમયંતીનું મન નલમાંજ બ-
ધાઇ ગયું છેવટ મયંતીની રજા લઇને ચાલવા ટાણે હંસ નીચેપ્રમાણે બોલ્યો

ससाराम्बुनिधौ तदेतदजनि स्त्रीपुसरत्नद्वय
नारीणा भवती नृणा पुनरसौ सौभाग्यसीमा नल' ।
भाग्यर्योग्यसमागमेन युवयोर्मानुष्यमाणिक्ययो
श्रेयानस्तु विधेर्विचित्ररचनासकल्पशिल्पश्रम ॥

(આ સંસારરૂપી સમુદ્રમાં બે રત્ન ઉત્પન્ન થયેલ છે સ્ત્રીયોમાં તું રત્ન છો અને પુરૂષોમાં સૌભાગ્યની સીમારૂપ રાજા નલ રત્ન છે માટે માનુષ્યમાણિક્યરૂપ તમે બે જણનો સમાગમ થવાથી વિધાતાની વિચિત્ર રચનાની ચતુરાઇનો શ્રમ સફળ થાઓ)

એમ કહી તે હંસ ચાલી નીકળ્યો અને દમયંતીને તો હવે નલવિના બધું શૂન્ય દેખાવા લાગ્યું જમવામાં કે રમવામાં, ભણવામાં કે ગણવામાં, કાઇપણ તેને ગમતું ન હતું વારંવાર શ્વાસ નિશ્વાસ નાખતી અને આંખમાંથી આંસુડાં વર્ષાવતી—

धातस्तात न किं धत्से हसस्येवाधुना मम ।
पक्षौ पक्षिवदुड्डीय येन पश्यामि तन्मुख ॥

(હે પિતા વિધાતા! જેમ હંસને પાંખો આપી છે તેમ આ સમયે મને પણ પાંખો શું કરવા નથી આપતો કે જેથી પક્ષીની પેઠે ઉડીને હું નલનું મુખ જોઉં) ઇત્યાદિ અનેક પ્રકારના વિલાપ કરવા લાગી દમયંતીના પિતા મહારાજા ભીમને તેની સખીઓ તરફથી ખબર મળી કે દમયંતી અત્યંત ઉદાસ રહે છે તેથી તેણે તેનો સ્વયંવર કરવા સઘળા દેશોમાંથી રાજકુમારોને તેડાવવા કુંકુમપત્રિકા મોકલાવી તે સમયે નિષધ દેશ તરફ જનાર બ્રાહ્મણને દમયંતીએ ઘણીજ ભલામણ કરી કે ગમે તે પ્રકારે કરીને પણ નલ આહીં આવે તેવું કરજો દમયંતીનો એટલો સંદેશો લઇ બ્રાહ્મણ નિષધ દેશમાં ગયો ને રાજા નલને ઘણે ઘણે પ્રકારે સમઝાવી સ્વયંવરમાં આવવા કહ્યું નલ રાજાને તો એ વાત પ્રિયજ હતી તેથી તરત ત્યાં જવા તૈયારી કરીને કેટલીક સેનાસહિત તે પોતાના દેશથી કુંડિનપુર જવા નીકળ્યા રાજા નલ દમયંતીનો સ્વયંવર કરવા જાય છે અને દમયંતી દેવકન્યાને પણ હરાવી કાઢે તેવા સ્વરૂપવાળી છે એવું સાંભળવાથી ઇંદ્ર, યમ, વરુણ, અને કુબેર એ ચાર લોકપાળ પણ દમયંતીના લોભથી કુંડિનપુર આવવા નીકળ્યા કેટલાક દિવસે કુંડિનપુર પાસે આવ્યું તેટલામાં રાજા નલને દેવતાઓ

મળ્યા અને જણાવ્યું કે અમે દેવ છિયે અને દમયંતી અમને વરે એવી આશાથી સ્વયંવરમાં આવિયે છિયે માટે અમને આશા છે કે તમે અમારૂં દૂતપણું કરી દમયંતી અમને વરે તેવું કરી આપશો નલ પોતે દમયતીને ઘણાં વર્ષો થયાં ઇચ્છતો હતો ને સ્વયવરનો સમય સાભળી ત્યાં જાતો હતો પણ દેવતાઓએ જ્યારે ઉપર પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે મહાત્માઓ પોતાનો સ્વાર્થ છોડી પારકોજ સ્વાર્થ સાધે છે, તે પ્રમાણે નલે દમયતી જેવું કન્યારત્ન લેવાની આશા દૂર કરી ચાર દેવમાંથી એકપણ દેવને દમયંતી વરે એવું કરવા કમ્મર કશીને દૂતપણું કરવું પણ કબુલ કર્યું. ધન્ય છે મહારાજા નલની માતાને અને પિતાને કે પોતાની થયેલી દમયંતીને છોડી દેવામાં કાંઇપણ હકડક રાખી નહીં એટલુંજ નહિ પણ દમયંતીને સમઝાવવાનું કામ પણ પોતેજ માથે લીધું. આવી પરોપકારી બુદ્ધિનેલીધેજ તે પુણ્યશ્લોક ગણાયા છે, અને

ऋतुपर्णस्य राजर्षेर्दमयंत्या नलस्य च।
कर्कोटकस्य नागस्य कीर्तनं कलिनाशनं ॥

(ઋતુપર્ણરાજા, દમયંતી, રાજાનલ, અને કર્કોટકનાગ, એટલાનું કીર્તન પણ કલિનો નાશ કરે છે.) એવું ઇતિહાસોમાં લખેલ છે તે પણ નલના ઉપરના પરોપકારિપણાનેલીધેજ એમ હું માનું છું. નલરાજા કુંડિન પુરની સમીપમાં આવ્યા એવું સાંભળી રાજા ભીમ સામૈયું કરી ઘણા આનંદથી પોતાના નગરમાં તેડી લાવ્યા. આખો દિવસ નોખાનોખા કાર્યના પ્રસગમાં નિર્ગમન થઇ ગયો રાત્રિ પડતાં અંધકાર ચારેકોર ફેલાવા લાગ્યું તેને દૂર કરવા ચદ્રમાએ ચારે કોર પોતાના કિરણોનો પ્રસાર કર્યો. તે સમયે નલ પોતે એકાએક કન્યાના અતઃપુરમાં જવા નીકળ્યા. તેને દેવોએ વરદાન આપ્યું હતુ કે અંતઃપુરમાં દમયતી વિનાતુને બીજું કોયપણ દેખશે નહી તેથી તે નિર્વિઘ્ને ચાલ્યા ગયા ને કોઇએ તેને દીઠા નહિ. કન્યાના અંતઃપુરમાં હજારો બીજી કન્યાઓ તથા દાસીઓ હતી પણ કોયના જોવામાં તે આવ્યા નહિ. માત્ર દમયતીની પાસે આવ્યા ત્યારે તેને દમયંતીએ જોયા. જોતાં વેત આશ્ચર્યમાં મગ્ન થઇ ગઇ કે આવા રાત્રિના સમયમાં કન્યાના અંતઃપુરમાં પુરૂપ ક્યાંથી? અને તે પણ અદૃષ્ટપૂર્વ એટલે જેને કોય દિવસે જોયો ન હોય તેવો ક્યાંથી? આને બીજી કોય દેખતી કેમ નથી? એવું વિચારી કાંઇક ભય, કાંઇક સભ્રમ, કાંઇક હર્ષ, કાંઇક, આશ્ચર્ય એમ નોખાનોખા મનોવિકારમાં તે મગ્ન થઇ ગઇ. તરત નલે કહ્યું કે રાજપુત્રિ! કાંઇજ ભય પામવા જેવું કે સભ્રમ કરવાજેવું છેજ નહી. હું એક માણસ છું ને

દેવતાઓએ મને દૂત કરીને તમારી પાસે મોકલેલ છે તે દેવોના વરદાનથીજ મને તમારા વિના બીજુ કોય દેખતુ નથી એમ કહી ઘણે ઘણે પ્રકારે દેવતાઓને વરવામાટે દમયતીને સમજાવી પણ દમયતીએ તે વાત કબુલ કરી નહિ છેવટ જ્યારે બધુ કહ્યુ ત્યારે દમયતીએ કહ્યુ કે હુ તો મનમાથી નલને વરી ચુકી છુ ત્યારે નલે કહ્યુ કે હુ નલ છુ ને હુ પોતે કહુ છુ કે તમે દેવને વરવાથી જે સુખ મેળવશો તેનો હજારમો ભાગ પણ તમને ભૂલોકમા મળવાનો નથી માટે મારી પ્રાર્થના માનીને દેવને વરો એવુ કહ્યુ ત્યારે દમયતીએ નીચે પ્રમાણે કહ્યુ

भवति हृदयहारी कोपि कस्यापि कश्चित् ।
न खलु गुणविशेष प्रेमबधोपयोगी ॥
किशलयति वनाते कोकिलालापरम्ये ।
विकसति न वसते मालती कोत्र हेतु ॥

(જગત્મા કોયપણ કોયનો મનનો હરનાર થઇ પડે છે કોય પણ ગુણે પ્રેમબધનને ઉપયોગી નથી અર્થાત્ પ્રેમબધન આવા ગુણોથીજ થાય એવો નિયમ નથી જુઓ કે કોકિલોના શબ્દોથી સુશોભિત વસતમા સઘળા વન પ્રકાશ પામે છે પણ માલતી પ્રકાશ નથી પામતી તેનુ શુ કારણ હશે? અર્થાત્ પ્રેમમનાનામા ગુણનુ કારણજ નથી) માટે દેવમા ગમે તેવા ગુણો હોય તોપણ મારે તે ઉપર પ્રેમ નથી પછી મારો શુ અપરાધ ને હુ કેમ તેઓમાથી એકને પણ વરી શકુ? તોપણ સ્વયવરના મડપમા સુખેથી દેવો પણ આવે પછી મારી ઇચ્છા થાશે તો હુ તેમાથી કોયને વરીશ

ઇત્યાદિ વાતચિત કરી નલે નિષ્કપટપણેથી જે વાત દેવતાઓને વરવામાટે કહી તે દેવતાઓ અતરીક્ષ રહી સાભળતા હતા તેથી તેઓ નલ ઉપર બહુ પ્રસન્ન થયા નલ પોતાને ઉતારે આવી દેવોને કહ્યુ કે મેં આપને વરવામાટે કોનામા ન્યૂનતા રાખી નથી તોપણ દમયતીના મનમા તે વાત આવી નથી છેવટ જ્યારે મે બહુ કહ્યુ ત્યારે તેણે કહ્યુ છે કે દેવતાઓ સ્વયવરમડપમા આવે પછી મને જેના ઉપર ઇચ્છા થાશે તેના ગળામા સ્વયવરની માલા હુ અર્પણ કરીશ એટલુ કહી નલ બોલતા રહી ગયા પછી દેવતાઓએ કહ્યુ કે રાજા! તમે તમારા શ્રમમા ન્યૂનતા રાખી નથી તેને માટે અમે તમારી ઉપર પ્રસન્ન છિયે, કાલ્યે અમે સ્વયવરમા આવશુ એમ કહી દેવો અતધાન થઇ ગયા, બીજે દિવસ સ્વયવરમડપમા હજારો રાજાઓ, રાજકુમારો આવીને બિરાજ્યા તે સમયે દેવતાઓ પણ નલને રૂપે નલરાજાનેજ એ પડખે બેશી ગયા દમયતી સ્વયવરની

માલા હાથમાં લઇ મંડપમાં આવ્યાં તે સમયે પ્રત્યેક રાજાનાં વંશ, નામ, ગુણ, દમયંતીની સખીએ વર્ણવવા માંડયાં. ક્રમે ક્રમે જ્યારે નલ પાંસે આવ્યાં ત્યારે પાંચ નલ તેના જોવામાં આવ્યા ને દમયંતીની સખીના મુખમાં દેવતાઓના કેહેવાથી સરસ્વતી આવીને રહ્યાં જેથી તે સખીએ જે વર્ણન કરવા માંડયું તેમાં ઇંદ્ર, યમ, વરૂણ અને કુબેરના વર્ણન સાથે નલનું પણ વર્ણન થવા લાગ્યું. તેથી નલ કોણ અને દેવ કોણ તે ઓળખવું કઠણ થઇ પડયું. તે સમયે દમયંતીએ ચાર દેવની શરણે જઇ કહ્યું કે આમાં જે દેવો હોય તે મારે પૂજ્ય અને માન્ય છે ને હું તેની પુત્રી છું માટે મારી ઉપર કૃપા કરી મને નલ કોણ છે તે બતાવજો, કેમકે હું ઘણા વર્ષો પેહેલાંથીજ મારા મનથી નલને વરી ચુકી છું. આવું દમયંતીનું શુદ્ધ અંતઃકરણ જોઇ દેવોએ પ્રસન્ન થઇ તેને નલરાજા બતાવ્યો ને ચારેય દેવતાઓ દમયંતીને અને નલને વરદાન આપી ચાલી નીકળ્યા અને દમયંતીએ નલના ગળામાં પુષ્પની માલા અર્પણ કરી જેથી પુષ્પની વૃષ્ટિ થઇ અને આનંદનો કોલાહલ થઇ રહ્યો. એમ દમયંતી જેવાં સ્ત્રીરત્નને મેળવી રાજા નલ પોતાની રાજધાનીમાં આવ્યા અને સુખપરંપરા ભોગવવા લાગા. નલરાજાને દમયતી જેવું સ્ત્રીરત્ન મળવાથી સુખ અને આનંદનો પારજ રહ્યો નહી. પણ

कस्यैकांतं भजति हि सुखं दुःखमेकांततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥

(નિરંતર સુખનોજ અનુભવ કોણ કરે છે, તેમ નિરંતર દુઃખનોજ અનુભવ કોણ કરે છે? કોય નહી, કેમકે ચક્રના પાટાની પેઠે દશા કોય વેળાયે નીચી આવે છે ને કોય વેળા ઊંચી આવે છે.) એ કેહેવત પ્રમાણે રાજા નલને નબળી દશા આવવાથી કલિયે તેના હૃદયમાં પ્રવેશ કર્યો જેથી તેને પ્રથમ જુગટું રમવામાં પ્રીતિ લાગી. પોતાની ધર્મપત્ની પતિવ્રતાશિરોમણિ દમયંતીએ ઘણી ઘણીવાર સમજાવી જુગટું રમવાની ના પાડી તેમ છતાં તેનું એક પણ વચન તેણે માન્યુ નહિ પરિણામે રાજ્ય સર્વસ્વ હારી ચુકા ને વનમાં ચાલી નીકળવાનો વખત આવ્યો. તે સમયે તેની ધર્મપત્ની દમયંતી પોતાનાં બાલક પુત્ર પુત્રીને છોડી વનમાં સાથે ગયાં. વનમાં ભટકતાં ભટકતાં ત્રણ ચાર દિવસે તેની નજરે એક સરોવર આવ્યું તેમાં ઘણાં મત્સ્યો હતાં તે જોઇ નલે તળાવમાં પડી તેમાંથી બે ચાર પકડી લઇ દમયંતીના હાથમાં આપ્યાં ને બીજાં મત્સ્યો ઝાલવા વધારે ઉંડાં પાણીમાં તે ગયા. પણ બીજું કોઇ મત્સ્ય તેના હાથમાં આવ્યું નહીં. દમયંતીના હાથમાં જે મત્સ્ય સોપ્યાં હતાં તે માયારૂપ હતાં તેથી જીવતાં થઇ પાછાં તળાવમાં જતાં

રહ્યા. નળે આવીને દમયંતીને કહ્યું કે મેં ઘણો ઘણો શ્રમ કર્યો પણ એકે મત્સ્ય હાથમાં આવ્યા નહિ, માટે વાળો દૈવે જે હાથમાં આવ્યા છે એટલાથીજ નિર્વાહ કરવાનો. દમયંતીએ હાથ જોડીને વિનતી કરી કે પ્રાણનાથ! એ મત્સ્યો તો જે સમયે આપ ઉંડા પાણીમાં ગયા તે સમયે જીવતા થઈ મારા હાથમાંથી ઉછળીને પાણીમાં જતા રહ્યા. આ વચન સાંભળતાંજ રાજા નળના મનમાં વહેમ ઉત્પન્ન થયો કે રાંધી મુકેલા મત્સ્યો જીવતા થાયજ નહિ પણ ભુખને લીધે પોતે ખાઈ ગયેલ હશે ને મને ખોટું સમજાવે છે. હા, આવી દશામાં પણ ભાગ્યથી જુદા પડેલ એમાં નવાઈ નથી? એ ખાઈ ગઈ તેનું મારા મનમાં દુઃખ નથી, વાતું પણ તે મારી પાસે ખોટું બોલે છે તેથીજ મારા મનમાં દુઃખ આવે છે. ત્યારબાદ અનેક વિચાર કરી વિશેષ વિશેષ વહેમમાં પડતા ગયા. થોડે આગળ ચાલતા કેટલાક ચકલા તેના જોવામાં આવ્યા તેને મારી ખાવાને પોતાના પહેરવાના વસ્ત્રનો છેડો નાખ્યો કે એકદમ ચકલાનું ટોળું તેનું વસ્ત્ર લઈ ઉડી ગયું. તે સમયે પતિવ્રતા દમયંતીએ પોતાનું અર્ધ વસ્ત્ર પોતે પહેરી રાખ્યું અને અર્ધ નળને પહેરાવ્યું તો પણ નળના મનમાંથી વહેમનું ભ્રાંતિરૂપી ભૂત ખસ્યું નહિ. જેથી દિવસે ભટકવાથી થયેલા શ્રમને લીધે રાત્રિએ ભરનિદ્રામાં પડી રહેલી પોતાની પતિવ્રતા ધર્મપત્ની દમયંતીનું અર્ધું વસ્ત્ર ફાડી લઈ તેને નિર્જન વનમાં એકલી છોડી દઈ નળરાજા ચાલી નીકળ્યા. જુઓ! ભ્રાંતિરૂપ ભૂતનો પ્રભાવ. નળ જેવા પુણ્યશ્લોક રાજાને એમ પણ મનમાં વિચાર ન આવ્યો કે જે દમયંતીએ પોતાના પણ ત્યાગ કરી મારો આશ્રય લીધો અને જે પોતાના પ્રાણપ્રિય માતાપિતાનો તથા રાજ્યસુખનો ત્યાગ કરી મારા દુઃખમાં ભાગ લેવા વનમાં આવી છે તેને કાંઈ મારા કરતાં માછલાં વધારે પ્રિય નહિ હોય, માટે આમ વહેમ લાવી તેનો ત્યાગ કરવો એ ઘટિત નથી. પણ એમાં નળનો દોષ નથી; ભ્રાંતિ દેવીનો એવો પ્રભાવ છે કે તે જેના મનમાં એકવાર પેસે છે તે ગમે તેવો બુદ્ધિમાન હોય, ગમે તેવો વિચારશક્તિવાળો હોય અને ગમે તેવો વિદ્વાન હોય તોપણ તેની બુદ્ધિ બહેર મારી જાય છે, તેની વિચારશક્તિ નષ્ટ થઈ જાય છે ને તેનું વિદ્વાનપણું નિષ્ફળ થઈ જાય છે. ખરી રીતે જોતાં આ સર્વ કૃત્ય કલિનું હતું. એ રાજાને પણ કલિ થયો હતો, ચકલારૂપ પણ કલિ થયો હતો અને વસ્ત્ર કાપતી વેળાએ છરી રૂપે પણ કલિજ થયો હતો પણ તે વિચાર ન કરતાં રાજા નળને દમયંતી ઉપર અયોગ્ય વહેમ આવ્યો એટલુંજ નહિ પણ તે વહેમને આધારે દમયંતીનો ત્યાગ પણ કર્યો. આ શું ઓછું વહેમનું બળ ગણાય?

(અપૂર્ણ)

समजवा जेवा विचारनो एक पत्र.

सौजन्यसुधासमुद्र ~ * * * * * ~ * * * *ની સેવામાં.

બાળક ખેંચે વાળ પણ, કદી ચડે નહિ કાળ,
આળ કરે અજ્ઞાન જન, દિનદિન તોય દયાળ.

પરમ દયાળુ પરમ પવિત્ર પરમેશ્વરે આ જગતનો પ્રપંચ કેવા પ્રકારનો રચ્યો છે તે મોટામોટા મુનિવરોના પણ જાણવામાં આવ્યું નથી, ત્યારે મારા સરખો ક્ષુદ્ર માનવી તે જાણવાને કોણ માત્ર છે? વધારે ડાહાપણ કરીને ડોળવા જઇએ તો તેમાં આપણેજ ડોળાઇને મુંઝાઇ જઇએ એટલોજ માત્ર તેમાં લાભ થાય છે. આવો જગતનો વ્યવહાર છે તેમાં માત્ર પૂર્વજન્મના પુણ્યથી, પૂર્વકૃત કર્મથી, સારા ઉપદેશોથી, સારી સંગતિથી અને આપણા શાસ્ત્રમાં કહેલા કેટલાક ધર્મોથી એટલું તો ધારી શકાય છે કે જે સારૂં તે સારૂંજ છે અને નરતું તે નરતુંજ છે. સોનું તે સોનુંજ અને કથીર તે કથીરજ કહેવાય એ વિષે કોણ નથી સમજતું? આવી રીતે જાણવાને પરમેશ્વરે જ્યારે કાંઇપણ શક્તિ આપી હોય ત્યારે તે શક્તિનો યથાર્થ રીતે ઉપયોગ થવો જોઇએ. આ સંસારનો એવો ઘણો ભાગ ભર્યો છે કે કોઇપણ જાતનાં આવરણથી તેને સારાં-નરતાંની, ખરાં-ખોટાંની અને હેય-ઉપાદેય ભાગની ખબર પડતી નથી આપણે ભાગ્યશાળી છિયે કે આપણને એ સમજવા જેટલો બોધ મળ્યો છે તો તેને સફળ કરવો એ આપણું કર્તવ્ય કર્મ છે.

જેને એવા પ્રકારની ખબર નથી પડતી તેઓ અનેક આપત્તિઓરૂપી આકાશમાં ઉડતા હશે અને નિરંતર દુઃખદાયક દર્શનોમાં એકબીજાની બરોબરી કરવા બેસતા હશે. ગમે તેવા માઠા પરિણામવાળા વિચારો તેનામાં આવતા હશે તોપણ તે સાચા છે એવું ઠરાવવાને અને કરવાને તન-મન-ધનથી પ્રયત્ન કરતા હશે. આમ કરવામાં આ ક્ષણભંગુર શરીરની અમૂલ્યતાની તેને કાંઇપણ ખબર નહિ પડતી હોય કે જે શરીર સર્વ પ્રકારની સંપત્તિઓનું મૂળ છે. અને તેને જાણ્યાવગર જવા દે તો તેવું શરીર ફરીને પાછું મેળવવાને એકે ઉપાય લાગુ પડે નહિ. આમ થયા પછી કેટલો પશ્ચાત્તાપ થતો હશે તે તેના ભોગવનારવગર બીજા કોના અનુભવમાં આવી શકે? અમૂલ્ય રત્ન સરખા શરીરની હાનિ સાથે બીજી હાનિ એ થાય છે કે કાળ પણ મિથ્યા થાય છે. શરીરનું

* વિચાર નહિ ફેરવતાં માત્ર તેમાં ભાષામાં અને શબ્દમાં ફેરફાર કર્યો છે

આયુષ્ય જેમ ગયુ પાછુ આવતુ નથી તેમ કાળ પણ ગયો તે કદીપણ પાછો આવતો નથી પરમ દયાળુ પરમેશ્વર આપણી ઉપર ઉપકાર કરનાર છે પરતુ આયુષ્યની પેઠે કાળ આપવામા એવા લોભી બને છે કે એકેકો ક્ષણ આપતા જાય છે અને તે ક્ષણ વીતે ત્યારે બીજો આપે છે તેમા પણ જે ક્ષણ ગયો તે તો કદીપણ પાછો આપતા નથી આ પ્રમાણે જોતા કાળ એ મહા અમૂલ્ય વસ્તુ છે તેને અમૂલ્ય આયુષ્યની પેઠે મૂર્ખ માનવીઓ વૃથા જવા દે છે એ ઐશ્વરી પ્રપચની કેવી આશ્ચર્યકારક વાત છે!

પણ આપણે જ્યારે આ પ્રમાણે સમજવાની શક્તિવાળા થયા છિયે એવો કાઇપણ અતરમા અનુભવ થતો હોય ત્યારે ચાલે ત્યાસુધી સારુ થવાનેમાટે પ્રયત્ન કરવુ જોઇએ તે યોગ્ય છે એમ લાગે છે આપણે સારુ કર્યું હોય તો તે સબધી કીર્તિ આપણી સમક્ષ અને આપણી પછવાડે કાર્ય અને સત્તાના પ્રમાણમા ફેલાય છે આ દેહ તો ક્ષણભગુર છે, પણ જગતમા જો કીર્તિ જામી જાય તો એ અમર દેહ બરાબર છે જગતમા કેહેવાય છે કે જેની કીર્તિ છે તેજ અમર છે આ વાત જાણવામા આવ્યા છતા કાઇપણ જો ન બને તો આગળ લખેલા પુરુષોની પક્તિમાથી પણ પડતી સ્થિતિના થવુ પડે એમા સદેહ નથી જાણતા છતા સભ્રમ આવી જાય ત્યારે એક જાતિની ઐશ્વરી માયાનુ આવરણ આપણી ઉપર આવ્યુ એમ માનવાને કશી અડચણ નથી

આપના જાણવા બહાર નહિ હોય કે આ જગતનો સઘળો ભાગ સ્વાર્થરૂપ પાશથી સકળાયેલો છે અને તે સ્વાર્થરૂપ પાશ છુટતા તે એવો તો વિખરાઇ જાય છે કે કોઇ દિવસપણ સયોગ થવાનો સમય આવતો નથી સ્વાર્થ એ સકળ જગતની ઉત્પત્તિમા આરભથીજ આકાશની પેઠે વ્યાપી રહ્યો છે કોઇપણ પ્રકારના વ્યવહારમા તે નહિ હોય એમ તો હશેજ નહિ કેટલા એને હલકામા હલકા અધિકારનો ગણે છે પણ ઝીણી નજરથી જોતા તેમ નથી કેમકે તે ઉચામા ઉચી પક્તિનો પણ હોય છે, તે તેના ત્રણ ભેદ પાડવાથી બરાબર જણાઇ રહે છે જાણે કે ઉત્તમ મધ્યમ અને અધમ એ તેના ત્રણ ભેદ થયા એ ત્રણમા પેહેલો ઉત્તમ ભેદ શ્રેષ્ઠ ગણાય છે, બીજો મધ્યમ ભેદ બરાબર અથવા સામાન્ય ગણાય છે અને ત્રીજો અધમ ભેદ લોકમા હલકામા હલકો ગણાય છે પોતાનુ અહિત થતુ હોય તો પણ તન મન ધનથીઅન્યનુ સારુ કરી પ્રીત અને પુણ્ય મેળવવા એ ઉત્તમ સ્વાર્થ છે કોઇપણ જાતના સુખની સામાપાસેથી આશા હોય અથવા બદલો મળે તેમ હોય તો બીજાનુ હિત કરવુ કે સહાય કરવો અને પરસ્પરના લાભને જોઇ હાનિ ન થાય

અને અન્યવર્ગને પણ કાંઇ હાનિ ન પોચે એ મધ્યમ સ્વાર્થ છે. જેમતેમ માર પછાડ કરી બીજાનું બગાડીને પણ પોતાના ઉદરમાટે અથવા સુખમાટે પ્રયત્ન કરવું અને જે જોઇએ તે મેળવવું તે અધમ સ્વાર્થ છે. છેલા અધમ સ્વાર્થનો ભેદ જગતના ઘણા ભાગમાં રહેલો જોવામાં આવે છે. એનો એટલો બધો વિસ્તાર થઇ ગયો છે કે લોકો ઉત્તમ સ્વાર્થમાં આવી શકે એવી આશા પણ રાખવી એ સંદેહ ભરેલુ થઇ પડે છે. મધ્યમ સ્વાર્થ મધ્યમ રીતે પસરેલો છે. જગતનો જે સામાન્ય વ્યવહાર ચાલ્યો જાય છે તે એ મધ્યમ સ્વાર્થથીજ ચાલે છે. એ મધ્યમ ભેદ ન હોય તો જગતનો વ્યવહાર માત્ર ન હોય એમ અનુમાન થાય છે. ઉત્તમ સ્વાર્થવાળા લોકો આ જગતમાં આ કાળમાં ઘણા થોડા હોય છે. એવા લોકો પોતાના મનથી અને ઐશ્વરી ન્યાયથી દુઃખ પામતા નથી. એટલુ જ નહિ પણ પરનું હિત થતુ હોય તો પોતાને પડતાં દુ:ખને પણ સુખરૂપ માને છે. એવા પુરૂષોને ધન્ય છે! આમ સ્વાર્થવિનાનો તો કોઇ ભાગ ખાલી નથી પરંતુ બને ત્યાંસુધી તો ઉત્તમ ભેદમાં ભળવાનું પ્રયત્ન રાખવું જોઇએ. તેમાં જેટલું બન્યુ તેટલું કરવું. એમ કરતાં નીચે ઉતરીયે તો પછી મધ્યમ ભેદ જે આગળ કહ્યો તે મધ્યમ ભેદના સ્વાર્થમાં તો મનુષ્યને અવશ્ય રેહેવુંજ જોઇએ કેમકે તેવા પ્રકારનો સ્વાર્થ સાધતાં કોઇને હાનિ થતી નથી પણ ઉલટો આપણો અને બીજાનો વ્યવહાર સુખરૂપ થાય છે. અધમ સ્વાર્થ ઇંદ્રવારણાંના ફળ જેવો ઉપરથી કદિ સારો લાગતો હશે પરતુ તેનુ પરિણામ ઘણું વશમુ આવે છે. માટે એવા સ્વાર્થની સામુ પણ માણસોએ જોવું ન જોઇએ.

પણ ખેદની વાત એછે કે આ વાત નહિ સમજાતાં જગતના પ્રપચમાં પરોવાયેલા લોકો આ અમૂલ્ય શરીર સપાદન કરી શુ કર્તવ્ય છે તે લેશપણ જાણતા નથી. માત્ર પોતાનું પેટ ભરાણુ એટલે થઇ ચુકું એમ માને છે, ત્યારે પરોપકારી. પરમેશ્વર પ્રસન્ન રહે તેવાં ઘણાં સાધનોમાંથી જે જે બને તે સંપાદન કરવાની વાત તો ધ્યાનમાં પણ ક્યાંથી આવે અને ન આવે ત્યારે પરમ સુખની પ્રાપ્તિ પણ શી રીતે થાય.

બીજી બધી વાત દૂર રાખિયે પણ પ્રાપ્ત થયેલા સેવ્યસેવકધર્મને અનુસારે પોતાને જન્મ આપનારાં માતાપિતાવિષે તો જાણવું જોઇએ કે તે શી વસ્તુ છે? લોકો તો ગમે તેમ જાણતા હોય પરંતુ માતાપિતા એ એવી વસ્તુ છે કે એનું મૂલ્યજ થાય નહિ જગતમાં ભારે ભારે મૂલ્યના પદાર્થો અનેક છે. તે સઘળા આપી દેતાં પણ એ વસ્તુ હાથમાંથી ગઇ તો ફરીને મળતીજ નથી. જન્મથી

મોડીને જયાસુધી સયોગ રહે ત્યાસુધી તે કેવી કેવી વિપત્તિમા સહાય થાય છે તે કોઇથી પણ અજાણ્યુ નથી, કેમકે તે વાત તો પ્રત્યક્ષ છે જે અજ્ઞાનિયો એના સ્વરૂપને ઓળખતા નથી, તે આ લોકમા દુઃખ પામે છે એટલુજ નહિ પણ પરલોકમા પણ તે નરકનુ દુઃખ ભોગવવાના અધિકારી થાય છે સર્વ બા" ળકો ।। જીવિતનો આધાર એ માતાપિતા ઉપરજ છે અને તેની યોગ્યતા જાણી નહિ તો આ લીધેનો મનુષ્યજન્મ વૃથા છે સ્ત્રીએ જેમ પોતાનો પતિ પૂજવા યોગ્ય છે તેમ પુત્રોએ માતાપિતા પૂજવા યોગ્ય છે એમ આપણા શાસ્ત્રો પણ ઘણા ઉદાહરણો આપીને જણાવી આપે છે તે આપણાથી અજાણ્યુ નથી માતા પિતાના માનનેમાટે જે બોલિયે તે થોડુ છે કેમકે એમના કરેલા ઉપકારોનો સો વરસે પણ બદલો વળી રાકે એવી શક્તિ કોઇનામા નથી આમ હોવાથી થોડી ઘણી જે બંને તે સેવા કરવી જોઇએ તે ન થાય તો દોષ લાગે છે પણ થાય તો કાઇ તેનો પાડ ગણાય નહિ કેમકે સેવા કરવી એ તો પુત્રોનો ધર્મજ છે જેમ માતાપિતા પૂજના અને માનવા યોગ્ય છે તેમ આર્યભાઇઓ પણ તેવી યોગ્યતાને પાત્ર છે જેને પાલણ પોષણ કરનારા માતાપિતા હોય તેણે પરમેશ્વરનો મોટો પાડ મા નવો જોઇએ, કેમકે જેને પાળનારા માતાપિતા નહિ હોય તેને કેવી કેવી ચિતાઓ થતી હશે એ અનુભવમા આવે તેવી વાત નથી આમ છે માટે ઇશ્વરે આપેલા માતાપિતાનુ બને તેટલુ સેવન કરવુ જોઇએ કોઇપણ દિવસે તેના મનમા લેશ પણ ઉદાસી ન થાય તેને માટે સત્પુત્રોએ સાવધાની રાખવાની જરૂર છે, કેમકે માતાપિતા છે તે પ્રત્યક્ષ દેવ છે યોગ્ય અવસ્થા થતા ધર્મ અર્થ અને કામને માટે એક સ્ત્રીનુ પુરૂષ પાણિગ્રહણ કરે છે પાણિગ્રહણ થયા પછી ઐશ્વરી નિયમાનુસાર સ્ત્રીપુરૂષને પરસ્પર પ્રેમ બધાય છે પુરૂષોના સર્વ સુખનો આધાર જાણે કેમ તેના ઉપરજ હોય એવો આભાસ થાય છે પણ આ સ્થિતિએ પોચવાને યોગ્ય શાથી કેમ થયા કે જો માતાપિતાએ પાળી પોષી મોટા કર્યા તોજ

પાણિગ્રહણ કરી લાવેલી સ્ત્રી યુવાવસ્થામા તનમનથી આપણુ હિત કરે છે ઇશ્વરની સૃષ્ટિ એક સરખીજ હોય અને સૌને સરખે સરખુજ મળી રહે એવો કાઇ નિયમ નથી જેનુ જેનુ ભાગ્ય તે પ્રમાણે સ્ત્રીરત્ન મળી રહે છે પૃ થ્વીમાનો ખોટો હીરો પણ જો સરાણનો સસ્કાર લાગે તો સાચા જેવો થઇ જાય છે તેમ કદા ખોટા સ્વભાવનુ સ્ત્રીજન મળ્યુ હોય તો પણ તે કેળ વણીરૂપી સરાણના સસ્કારથી સારા સ્વભાવવાળાના જેવુ થઇ જાય છે એમ વિદ્વાનો માને છે અને ક્યાઇ ક્યાઇ અનુભવપણ થાય છે પણ આવા

ઘણા દાખલાઓ જોવામાં આવતા નથી માટે પ્રથમથી માવતરોએજ ધ્યાન રાખવાનું છે કે પોતાનાં બાળકોમાં કોઇ પણ જાતની નઠારી ટેવ આવે નહિ. કેમકે બાલક હોય તેમાંથી અનુક્રમે મોટાં થાય છે. આમ જો માતાપિતાઓ સંભાળ રાખે તો સારા સ્વભાવનાં બાળકો મોટાં થઇને અત્યંત સંતોષ આપનાર નીવડે એમાં સંશય જેવુ નથી લાગતુ. બાલપણમાં જોઇએ તેટલી સારી કેળવણી નહિ મળવાથી મૂર્ખ રહેલુ અથવા સ્વભાવથીજ જડ રહેલું સ્ત્રી જન કદી ભાગ્યયોગથી કોઇને મળી ગયું તો પછી ઉદાસીનો માર્ગ પકડવાથી કાંઇ ફળ નથી થતું. માટે ઈશ્વરાધીન વાત સમજી યુક્તિ, વિનય અને વિવેકાદિથી આપણી સારી બુદ્ધિનો ભાગ કોઇ પ્રકારે તેના હૃદયમાં ઉતારવો જોઇએ. એમ કરી એકબીજાની અનુકૂળતા સચવાય તેવું થવું જોઇએ કેમકે તેમ થયાવિના જન્મવારો વૃથા ગયા જેવું થાય છે. આનેમાટે પ્રથમ પ્રયત્ન મા બાપો પોતાનાં છોકરાંને કેળવે તેજ છે એમ મને લાગે છે. હવે ઉપર પ્રમાણે તો બને ત્યારે ખરૂં પરતુ જેનો આધાર એક આપણી ઉપરજ હોય અને જેને સુખદુઃખ થવાથી આપણને સુખદુઃખ થતુ હોય તેને તરછોડીને ક્લેશ ઉત્પન્ન કરવાથી પણ સુખરૂપ પરિણામ આવતુ નથી. તેજ પ્રમાણે જેમની ઉપર આપણો સર્વ આધાર હોય તેને પણ તરછોડવાથી કાંઇ સુખરૂપ પરિણામ આવતું નથી માટે બુદ્ધિમાન મનુષ્યે આવિષે વિચારીને ચાલવું જોઇએ

આટલા દિવસસુધી આપને મારે કાંઇ કેહેવું પડે એવો સમય ન હતો. હમણા તે સમય પ્રાપ્ત થયો છે. જે કાંઇ કેહેવા ધારૂ છું તેમાં અપરિચયરૂપ મોટો અંતરાય છે અને આપની આગળ બોલવું એ પણ સૂર્યપાસે દીવાનું અજવાળું દેખાડવા જેવું હાસ્યકારક છે, પરંતુ અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ તાપથી તપેલાં તન-મનને શી રીતે શાંત કરવું તેનો વિચાર કરતાં બીજો કોઇ માર્ગ ન મળવાથી આ લખાણરૂપ લતામંડપનો આશ્રય કર્યો છે તો જરૂર સુખ શાંતિ થશે. મારે મારા વિચારો આ પ્રસગે દર્શાવવા તે ઉપર પ્રમાણે હાસ્યાસ્પદ છે એટલુંજ નહિ પણ મને તો નિર્મર્યાદપણું પણ લાગે છે પરંતુ આપના નિરૂપમ સ્નેહથી, વાત્સલ્યથી, અને દયાદૃષ્ટિથી મારી અંતર્વૃત્તિજ બોલવાને બહાર પાડે છે. માટે આ વિષયમાં કાંઇ વધારે પડતું હોય તે બાળક જાણીને તેટલો અપરાધ ક્ષમા કરશો એવી આશા છે. બાળકના ગાડાં ઘેલાં બોલવાંથી જેમ માતાને કંટાળો ન આવે તેમ મારાં પણ ગાંડાંઘેલાં બોલવાંથી આપને કંટાળો નહિ આવે એમ મારી ધારણા છે, કેમકે એમ જો ન હોય તો અતરાત્માજ મને આ સમયે બોલવાની બુદ્ધિ શામાટે આપે? નજ આપે. અને આમ છે માટે જણાય છે કે

કોઇપણ અડચણ વગર ખુલાસો મેળવવા માટે મનોવિચાર દર્શાવવાનો આ સુગમ ઉપાય છે હવે તે ઉપર ધ્યાન આપી યોગ્યાયોગ્ય વિચાર કરવો એ આપનો ધર્મ છે એમ ધારૂ છુ

આ અવનીમા હાલાહલ આદિ તીક્ષ્ણ પ્રાણહર પદાર્થો ગમે તેટલા હશે અને તેને ગમન કરવાના પણ જગતમા હજારો ઉપાયો કામે લગાડવામા આવતા હશે પ્રાણીઓને બાળી નાખનાર દાવાનળને પણ ગમાનવાના સાધનો વખતે ઇશ્વરકૃપાથી મળી આવતા હશે પરતુ કુટુબરૂપ ક્યારામા કલેશરૂપ બીજ રોપી કુસપરૂપ કાટો થવા દઇ પ્રપચરૂપ પાણીથી તેને ઉછેરવા દેવો એ આખા કુળનુ કાશળ કાઢનાર છે, કેમકે ઉત્પન્ન થયા પછી તેને ગમાવવાનુ સાધન જગતમા જડતુજ નથી ઝેર તો માત્ર સ્પર્શ કરનારનેજ નાશ કરે છે પરતુ કુસપરૂપ ઝેરી ઝાડ તો ભાગરૂપ કોમળનતાને પોતે નિરાકાર છતા પણ હિમની પેઠે બાળી નાખે છે અગ્નિ જેમ ઘાસને બાળી નાખે તેમ આખા કુળને બાળનાર કુસપરોપનો તે એકવાર ઉત્પન્ન થયા પછી કાઇ ઉપાય લાગુ પડતો નથી, પરતુ પ્રથમથી તેને ઉત્પન્ન ન થવા દેવાને તો એવા ઉપાયો છે કે કલેશરૂપ બીજ બળી જતા કુસપરૂપ રોપાના કોઇ દિવસ દર્શનજ ન થાય આપ સર્વ શાસ્ત્ર અને વ્યવહાર જાણો છો માટે તે સાધનો કાઇ આપનાથી અજાણ્યા નથી ઇશ્વરને જે વાત ગમતી હોય તે મિથ્યા થવાની નથી એમ લોકો કહેતા હોય તો તે ખરૂ છે પરતુ તેમા આપણુ જે કર્તવ્ય હોય તે ન કરિયે તો ઉલટા વધારે દુ ખને અને દોષને પાત્ર થઇએ છિયે ઘણા પુણ્યના યોગથી આ મનુષ્ય શરીર મળે છે તે હાથમાથી ગયા પછી પાછુ આવતુ નથી આવુ અમૂલ્ય શરીર કાઇ કુસપનો અનુભવ કરવા સરજાયેલુ ન હોય એમ તો સહજ અનુમાનથી જણાઇ રહે તેવુ છે એમ છતા પણ તેનુ શરીર કુસપને અનુભવવાનુજ પાત્ર કરિયે ત્યારે એમા આપણો પોતાનોજ અપરાધ આપણે પોતે કરિયે છિયે એમ ઠરે જેમ સાયકાળે એક વૃક્ષમા રાત રેહેવાને આવતા જુદા જુદા પક્ષીઓ એકઠા થઇ જાય છે તે સવારે પડે એટલે સહુ સહુની દિશાએ ઉડી જાય છે તેજ પ્રમાણે આ સસારરૂપ એક વૃક્ષ છે તેમા આપણા જીવરૂપ જુદા જુદા પક્ષીઓ વસવા માટે એકઠા થઇ ગયા છે સહુ સહુનો સમય થશે ત્યારે સહુ ઉડવા લાગશે આમ છે ત્યારે હળીમળીને સુખ લેવુ એજ પરમ લાભરૂપ છે જગતમા જ્યાસુધી રેહેવુ ત્યાસુધી સારી રીતે ચાલી સત્કીર્તિ મેળવવી એજ કામનુ છે અને તેનેમાટે જે પ્રયત્ન કરવુ તે ઓછુ છે મ મધના વિષયમા એમ છે કે -

आवश्यक परिणतौ सह येन साधि
नौ वेमनस्यमपि तेन पुरो विधेयम् ।

नो वै मनस्त्रुटितमेति कदापि संधिम्
संधिं दधाति गुणवद्घटितं कथंचित् ॥

(પરિણામે જેનીસાથે સંધિની આવશ્યકતા હોય તેનીસાથે પ્રથમથી ઉદાસી ન કરવી, કેમકે ત્રુટેલુ મન કદી પાછું સધાતું નથી. કદી સંધાય છે તો તેમાં દોરાની પેઠે ગાંઠ પડી જાય છે).

મન એ અતિ કોમળ પદાર્થ છે. એમાં કોઇપણ જાતિનો અપ્રિય વચનરૂપી ઘા લાગે છે ત્યારે તે વ્યથિત થઇ જાય છે. માટે પ્રથમથીજ તેવો પ્રસંગ ન આવવા દેતાં સંપરૂપ કલ્પવૃક્ષનો વિસ્તાર કરી દેવો જોઇએ કે જેની અમૃત જેવી છાયાથી સદૈવ સુખ શાંતિ ભોગવાય. સ્નેહરૂપી ગાંઠ જો હૃદયરૂપી ક્યારામાં પ્રથમથી બંધાણી હોય તો પછી તે કોઇ દિવસ છુટતીજ નથી અને બીજી ગાંઠો પણ બંધાતી નથી. કદી બળાબળ થઇ જવાથી બીજી ગાંઠ બંધાય તો તે વધારે જોર કરી શકતી નથી. અને ગમે તેમ હોય તોપણ અંતે એવો વિચાર આવે છે કે ગમે તો સારાં કે નરતાં, સુખદાયક કે દુઃખદાયક મારાં સંબંધીઓ ને સ્નેહીજનો જ્યાં હોય ત્યાં સુખમાં રેજો. આવી રીતે દૂરથી પણ સારા સારા વિચાર આવે છે, તો સહવાસમાં એકબીજાનેમાટે એકબીજા ઓછા ઓછા થાય એમાં આશ્ચર્ય નથી. મૂર્ખતા એ સ્ત્રીઓમાં અને પુરૂષોમાં બેયમાં હોય છે પરંતુ સ્ત્રીવર્ગમાં તે સજાતીય હોવાથી વિશેષ રહે છે. તેથી સપસંબંધી સઘળાં સુખોમાં સ્ત્રીજનો વિઘ્નરૂપ થાય છે, કેમકે સર્વ પ્રકારે તેનું પ્રબળ અધિક હોય છે. એનું પ્રબળપણ રેહે અને સંપના ઉત્તમ સુખોનો પણ અનુભવ થાય એવો માર્ગ શોધવો એ આપ જેવા શાસ્ત્રજ્ઞથી અજાણ્યું નહિ હોય. જેઓ અજાણ્યા હોય તેઓ અવળે માર્ગે ચડી જાય તેમાં તેઓ દૂષિત ગણાતા નથી પણ જેઓ જાણતા હોય તેઓ અવળે માર્ગે ચડી જાય તો દૂષિત ગણાઇને જગતમાં દાખલારૂપ થઇ પડે છે.

જેનીઉપર આપણો આધાર હોય અને જેનો આધાર આપણી ઉપર હોય તેને એકરસ સંધાઇ જાવું એમ હુ આગળજ જણાવી ગયો છુ, કેમકે સંસારનાં સુખની સંપૂર્ણતા એમાંજ સમાયેલી છે, સ્ફુટ બોલિયે તો અબળા જાતિને આપણોજ આધાર છે. એનાવિના આ સંસાર અસાર ગણાય છે; અને ધર્મ અર્થ તથા કામ પુરૂષાર્થ સંપાદન કરવામાં તે સહાયભૂત થાય છે માટે એ વર્ગને સારી રીતે રાખવો તે આપણી જાણબહાર નથી. સંબંધમાં પેહેલો સંબંધ એજ જગતમાં દેખાય છે ત્યારે તેનું સારૂ પરિણામ આવે તેમાંજ સર્વનું સારૂં છે. વિશેષ એવિશે શું કેહેવું? આ વિચારની સાથે સહોદરની સાથે શો સંબંધ છે,

એ કેવી વસ્તુ છે, અને એનુ શુ મૂલ્ય છે તે જાણવાની જરૂર છે એ વિશે જેઓને ખરેખરો વિચાર આવ્યો હોય તેઓને હુ ઘણા પુણ્યભાગી ગણુ છુ આપની કૃપાથી ભાઈઓ એ શી વસ્તુ છે એ હુ કાઇક કાઇક જાણુ છુ "હજાર હાથવાળો પણ ભાઇની સનાથ ન હોય તો તે નબળો છે" એવા વાક્યો મે મારા હૃદયમા કોતરી રાખેલા છે સ્ત્રીઓની યોગ્યતા હુ લખી ગયો છુ તેમ છતા મારા મનમા મારે માટે ભાઇઓની યોગ્યતા એથી ઘણા ઉચા પ્રકારની લાગે છે શાસ્ત્રોપણ સુચવન કરે છે કે આર્યભાઇઓ પિતા સમાન છે અને નાનાભાઇઓ પુત્ર સમાન છે સ્ત્રીવર્ગમાપણ તેવોજ સબધ છે પરતુ તે જાણવાને ઇશ્વરે તેને બુદ્ધિના ખાસ્દાન કર્યા છે અને તેથી દુખ ક્લેશ વગેરે સુખમા અતરાય કરે છે એમા કોક સારા ભાગ્યે સમજુ થાય છે પરતુ તેવા દાખના થોડા મારા હૃદયમા મને એટલોજ શોક થાય છે હુ ખરો વમ જાણુ છુ તે વર્ગ જેને જાણવાની જરૂર છે તેના જાણવામા નહિ આવે અથવા બીજાના બળાપાવી અતરના ભાવપ્રમાણે બહાર નહિ બનાવી શકુ તો આ મારો અમૂલ્ય દેહ વૃથા થશે આપણા તીર્થરૂપ પિતાજીનુ મને ઘણીવાર સ્મરણ થઇ આવે છે અને એ સમયે મને ખેદ થાય છે કે એની સેવાનો મે કાઇપણ લાભ લીધો નહિ પણ આર્યભાઇઓ તરફ દૃષ્ટિ કરતા કાઇક સતોષ વળે છે કે એપણ તીર્થરૂપસમાન છે માટે એમની સેવાનો તો લાભ લેનારોજ આપણા માતાવિશે પણ મને ખેદ રહે છે કે એ બિચારા કેટલોક શોક કરતા ઇશ્વરેચ્છાથી દેહ ત્યાગ કરી દેશે ત્યાસુધી પણ કોઇ જાતિનો સતોષ તેમને ઉપજાવ્યાવિનાના દિવસો વૃથા વહ્યા જશે અને પછી તીર્થરૂપનેમાટે જેમ થાય છે તેમ તેને માટે પણ ખેદ થયા કરશે પણ શો ઉપાય ? કેમકે મારા એકલા શરીરથી જે બને તે બને બાકી બનવુ મારા હાથમા નથી એ આપ જાણો છો જ્યાસુધી સેવ્યસેવકધર્મ જાણ્યો ન હોય, જ્યાસુધી સત્સગતિપૂર્વક બાળપણ વીજ માતાપિતા તરફથી કેળવણ ન મળી હોય, અને જ્યાસુધી ઇશ્વરકૃપાની અનુકૂળતા ન હોય ત્યાસુધી માણસના વિચારો સુધરવાની આશા રહેતી નથી, પરતુ પ્રેમ સ્ત્રીઓ તો પતિનો પ્રસાદ મેળવી શકે તો ગમે તેમ હોય તોપણ પરમ પદ પામી શકે છે પણ બીજી અનુકૂળતાવિના તે પરમ પદ મેળવે છે કે નહિ તે વાત પ્રત્યક્ષ થાય તેવી નથી

આગળ વધતા જણાવવાનુ કે સસારના બારે ઝપાટાવાળા માર્ગમા કોઇ અપરાધ વગરનુ ઉછરતુ માણસ કેળવણી લેવાના સમયમાજ બીજાઓની અજ્ઞતાથી અપરાધી ઠરે, ત્યારે પછી તેને સારી કેળવણી લેવાનુ અને નિરપરાધી થવાનુ એક સાધન જોવામા આવતુ નથી માટે એનેમાટે આવા પ્રસગમા શો

કરે તેમ હોય તો પછી તેને નોખાં કરી નાખવાં એ પણ એક માર્ગ છે એમ કેટલાક કેહે છે. આ સિદ્ધાંત કેટલીક વાતે યોગ્ય પણ છે અને અયોગ્ય પણ છે. માટે એ નિશ્ચયને વળગવામાં કાંઇ બહુ ચતુરાઇ હું નથી સમજતો, કેમકે હાથ કે પગ બગડેલો હોય તો કદી જુદો પાડી શકાય પણ માથું બગડેલું હોય તો તેને જુદુ શી રીતે પાડી શકાય? અને કદી જુદુ પડાય તો તેમાંથી શુ ફળ થાય તે ઉઘાડુંજ છે. અર્થાત્ એમ કે એ બધી વાતો વિચિત્ર છે. તેમાં સાર એ છે કે સુખ સંપાદન કરવાના સર્વ ઉપાયો કરવા જોઇએ. સુખ અને દુઃખ એ તો એક જાતિની છાયા છે. એ કાંઇ નિરંતર સરખી રીતે રેહેતાં નથી અને સર્વને સરખી રીતે પ્રાપ્ત થતાં નથી. તેમ એ ઐશ્વરી નિયમ આગળ માણસનું કાંઇ જોર પણ નથી. આવા કારણથી ભવિષ્ય ઉપર છેવટ આધાર મેલી સંતાપને સમયે આશુડાં પાડતાં મનને જેમ તેમ વાળવું પડે છે. પણ આ ઉપાય સર્વ ઉપાયોથી છેલો છે, પેલો નથી. મનુષ્ય જે કરે તે કરવા સમર્થ છે એ વાત ઉપર પેહેલાં ધ્યાન રાખી પરસ્પર સુખ સંપાદન થાય તેવા ઉપાયો જણાવશો. મારે મારી ભક્તિ પ્રમાણે ચાલ્યો જાઉ છું તેમ ચાલ્યું જવું એમ વિચાર છે, પણ મનને શાંત પાડવા એક ફેરે ગડબડગોટો કરી અંતરનો ઉભરો શાંત કરવાનો વિચાર નિરતર આવતાં હતો તેથી છ મૈના વિચાર કરી ભેંશનાં શીગડાંમાં માથુ નાખવા જેવું આ મે કામ કર્યું છે. એમાં કેળવણી ન પામવાથી પ્રાપ્ત થયેલી બીજાઓની અણસમજણથી મારા મનને થયેલો પરિતાપજ ઠબકાને યોગ્ય છે. માટે તે વિષે ક્ષમા માગતાં છેવટ એટલુંજ કે કેટલાક અવિચારી કવિયો સહોદર જેવી અમૂલ્ય અને ઇશ્વરની પેઠે માનવા તથા સેવા કરવા યોગ્ય વસ્તુને સહજ શત્રુરૂપ ભલે ગણો પણ હું બાળભારતના કર્તાના મનને અનુસારે પૂજવાને માનવાને, અને સેવવાને તેજ આર્ય ભાઇઓને ગણુ છે અને તેજ પરમ મિત્ર તથા પરમ સુહૃદરૂપ છે. ઇશ્વરપાસે પણ નિરંતર એજ માગું છું કે ગમે તો શરીર પોતે પડી જાય એવા દુઃખની સ્થિતિ આવી જાય તોપણ મારૂં અંતઃકરણ જેવા નિશ્ચયવાળુ અને જેવી ભક્તિવાળું છે તેવું ને તેવું સદૈવ રહે કે જેથી મારા જન્મનું સફલપણું થાય આ સર્વનો સાર એ છે કે સહુએ મળી સારૂં કેહેવાય અને સુખ મળે તેવા ઉપાયો ચાલુ રહે તેમ કરવામાં એકમત રેહેવું, અને સંસારના પ્રપંચને સ્વાધીન કરી લેવો.

આપે મારી ઉપર જે પૂર્ણ પ્રેમ રાખેલ છે અને જે પુત્રભાવ દેખાડેલ છે તેણેજ મને આટલો અવિવેક કરાવ્યો છે માટે ન્યૂનાધિક હોય તો તેનું દીર્ઘદૃષ્ટિથી કારણ વિચારી જોઇ. તે વિષે ક્ષમા આપવી વિશેષ શું લખું? અહીં સર્વ આપના આશીર્વાદથી આનંદમાં છે હાલારી સં. ૧૯૩૨, અશાડ શુદી ૫ બુધવાર. ત્વરયા.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મું.　　વૈશાખ, સનત્ ૧૯૪૪　　અંક ૭ મો.

॥ यतोधर्मस्ततोजय ॥

अपरोक्षानुभूति

(સન્ગ્ર પાને ૫૨ થી)

यथा तरगकल्लोलैर्जलैमव स्फुरत्यलम् ।
पात्ररूपेण ताम्र हि ब्रह्मांडौघैस्तथात्मता ॥ ६३ ॥

જેમ પાણીના મોજાવડે ચોખી રીતે પાણીજ દેખાય છે, તથા પાત્રરૂપે કરીને જેમ ત્રાબુ દેખાય છે, તેમ બ્રહ્માડના સમૂહથી આત્માપણુજ સ્ફુરે છે (એવી વ્યતિરીક્ત કંઇ નથી) ૬૩

घटनाम्ना यथा पृथ्वी पटनाम्ना हि ततव ।
जगन्नाम्ना चिदाभाति ज्ञेय तत्तदभावत ॥ ६४ ॥

જેમ ઘડાના નામથી માટી ભાસે છે, તથા જેમ લુગડાના નામથી તતુઓ ભાસે છે, તેમ જગતના નામથી ચૈતન્યરૂપ પરમાત્મા ભાસે છે માટે જેમ ઘડો એ નામના અભાવે જ્ઞેય વસ્તુ માટી છે તથા જેમ લુગડુ એ નામના અભાવે જ્ઞેય વસ્તુ તતુઓ છે તેમ જગત્ એ નામને અભાવે જ્ઞેય વસ્તુ બ્રહ્મજ છે, બીજુ કાઇ નથી ૬૪

* सर्वोपि व्यवहारस्तु ब्रह्मणा क्रियते जनै ।
अज्ञानान्न विजानति मृदेव हि घटादिकम् ॥ ६५ ॥

સઘળો વ્યવહાર લોકોએ બ્રહ્મથી કરાય છે, પણ ઘડો આદિ પદાર્થો માટીજ છે તેમ છતા અજ્ઞાનથી જાણવામા નથી આવતુ તેમ તેપણ અજ્ઞાનથી જાણવામા નથી આવતુ ૬૫

† कार्यकारणाता नित्समास्ते घटमृदोर्यथा ।
तथैव श्रुतियुक्तिभ्या प्रपचब्रह्मणोरिह ॥ ६६ ॥

* બ્રહ્મથીજ વ્યવહાર થાય છે તે યુક્તિથી દેખાડે છે

† તેમ થવાનો હેતુ દ્દષ્ટાંત સહિત કહે છે

જેમ ઘડાનું કાર્યપણું અને મૃત્તિકાનું કારણપણું નિરંતર છે, તેમજ શ્રુતિથી અને યુક્તિથી, પ્રપંચનું કાર્યપણું તથા બ્રહ્મનું કારણપણું નિરંતર છે. (સારાંશ કે કાર્યરૂપ ઘડો જેમ કારણરૂપ મૃત્તિકાજ છે તેમ કાર્યરૂપ પ્રપંચ તે કારણરૂપ બ્રહ્મજ છે, એથી વ્યતિરિક્ત કાંઇ નથી તેથીજ સઘળો વ્યવહાર ચાલે છે) ૬૬

[2] गृह्यमाणे घटे यद्वन्मृत्तिकायाति वै बलात् ।
वीक्ष्यमाणे प्रपंचेपि ब्रह्मैवाभाति भासुरम् ॥ ६७ ॥

જેમ ઘડો ગ્રહણ કરતાં બલાત્કારથી (પરાણે) માટી ગ્રહણ થઇ જાય છે, તેમ પ્રપંચને જોવા જતાં પણ પરાણે સ્વયપ્રકાશ બ્રહ્મજ દેખવામાં આવે છે. (સારાંશ કે દૃશ્યમાત્ર દેખાય છે તે બ્રહ્મથી વ્યતિરિક્ત નથી, તેરૂપજ છે. કેમકે તેની સત્તાથીજ તેનું દેખાવું છે.) ૬૭

[3] सदैवात्मा विशुद्धोस्ति ह्यशुद्धो भाति वै सदा ।
यथैव द्विविधारज्जुर्ज्ञानिनोऽज्ञानिनोऽनिशम् ॥ ६८ ॥

જેમ જ્ઞાની અને અજ્ઞાનીને દોરી નિરંતર બે પ્રકારની (જુદા જુદા રૂપે) જણાય છે, (અર્થાત્ દોરીને દોરીરૂપે જાણનાર સમજુને દોરીમાં સર્પની ભાવના નહિ હોવાથી તેનાથી ઝેર આદિનો ભય થતો નથી અને દોરીને સર્પ જાણનાર અણસમજુને દોરીમાં સર્પની ભ્રાંતિ થવાથી ઝેર આદિનો ભય થાય છે. સારાંશ એ કે આ પ્રમાણે પાત્ર અથવા અવસ્થાના ભેદથી એક દોરી બે રીતે ભાસે છે.) તેવીજ રીતે જ્ઞાની કે જે બોધવાન્ છે તેને આત્મા સદૈવ શુદ્ધ (અજ્ઞાન અને તેના કાર્યરૂપ પ્રપચ રહિત હોવાથી પ્રપંચવગરનો) છે અને અજ્ઞાની કે જે બોધવાન્ નથી તેને આત્મા ખરેખર સદા અશુદ્ધજ (પ્રપચરૂપે)છે એમ ભાસે છે.[3] (સારાંશ એ કે જ્ઞાની અને અજ્ઞાની એવા અવસ્થાના ભેદથી ઉપર પ્રમાણે જ્ઞાનીને બ્રહ્મ ભાસે છે અને અજ્ઞાનીને પ્રપંચ ભાસે છે. એ ભેદ બ્રહ્મમાં નથી) ૬૮,

[4] यथैव मृन्मयः कुंभः तद्वद्देहोपि चिन्मयः ।
आत्मानात्मविभागोयं मुधैव क्रियते बुधैः ॥ ६९ ॥

---

૧ હેતુરૂપ કાર્ય કારણતાનું અનન્યપણુ દૃષ્ટાંતથી સ્ફુટ કરી દેખાડે છે

૨ એમ છે સારે પ્રપચ ભાસવોજ ન જોઇએ પણ અવસ્થા ભેદથી બ્રહ્મ અને પ્રપચ બેય ભાસે છે તે દૃષ્ટાંત સહિત દેખાડે છે..

૩ બ્રહ્મ સ્વયપ્રકાશ હોવાથી સદૈવ ભાસમાન છે પરતુ વૃસારઢપણાથી પુરૂષાર્થને ઉપયોગી છે એમ બોધવાનને જણાય છે. અબોધવાનને એમ જણાતુ નથી.

૪ દેહાત્મભેદના વર્ણનનુ વ્યર્થપણુ દેખાડે છે.

આત્મા અને અનાત્મા (દેહ)નો આ વિભાગ વિદ્વાનોએ વૃથા કરાય છે કેમકે જેમ ઘડો છે તે માટીમયજ છે તેમ દેહ છે તે પણ ચૈતન્યમયજ છે (માટે આ દેહ, આ આત્મા એવો ભેદ વિદ્વાનોને માટે વૃથા છે) ૬૯

सर्पत्वेन यथा रज्जू रजतत्वेन शुक्तिका।[1]
विनिर्णीता विमूढेन देहत्वेन तथात्मता ॥ ७० ॥

જેમ મૂઢ માણસ દોરીને સર્પપણાથી નકી કરી દે છે અને છીપને રૂપા પણાથી નકી કરી દે છે તેમ અવિવેકી માણસે આત્માપણુ દેહપણાથી નકી કરી લીધુ છે (સારાંશ કે જેમ અજાણ્યો માણસ દોરીને સર્પ માની લેછે તથા છીપને રૂપુ માની લેછે તેમ અવિવેકી કે જેને બોધ પ્રાપ્ત નથી થયો તે આત્માને દેહ માની લેછે) ૭૦

घटत्वेन यथा पृथ्वी पटत्वेनैव तंतवः ।
विनिर्णीता विमूढेन देहत्वेन तथात्मता ॥ ७१ ॥

જેમ અણસમજુ માણસે પૃથ્વી ઘડાપણાથી માની લીધી છે તથા તંતુઓ વસ્ત્રપણાથી માની લીધા છે તેમ અજ્ઞાની માણસે આત્માપણુ દેહપણાથી માની લીધુ છે ૭૧

कनकं कुंडलत्वेन तरंगत्वेन वै जलम् ।
विनिर्णीता विमूढेन देहत्वेन तथात्मता ॥ ७२ ॥

જેમ અજાણ માણસે સોનુ કડાઆદિ અનકારપણાવડે માની લીધુ છે તથા પાણી તરંગપણાથી માની લીધુ છે તેમજ બોધ વગરના માણસે આત્માપણુ દેહપણાથી માની લીધુ છે ૭૨

पुरुषत्वे यथास्थाणुर्जलत्वेन मरीचिका ।
विनिर्णीता विमूढेन देहत्वेन तथात्मता ॥ ७३ ॥

જેમ મૂઢ માણસે સ્થંભ (થાંભલો) પુરૂષપણે માની લીધો છે તથા મરીચિકા (ઝાંઝવાનુ પાણી) પાણીપણાવડે માની લીધેલ છે તેમજ અજ્ઞાની માણસે આત્માપણુ દેહપણાવડે માની લીધુ છે ૭૩

गृहत्वेनैव काष्ठानि खड्गत्वेनैव लोहता ।
विनिर्णीता विमूढेन देहत्वेन तथात्मता ॥ ७४ ॥

જેમ જડ માણસે લાકડા ઘરપણાથી નકી કરી લીધેલ છે તથા લોઢાપણુ ખડ્ગપણાવડે નકી કરી લીધેલ છે તેમજ મૂર્ખ માણસે આત્માપણુ દેહપણાથી નકી કરી લીધેલ છે ૭૪

---

1 અવિવેકીએ દેહ કલ્પિને તેમાં તાદાત્મ્ય કર્યું છે તે દૃષ્ટાંત સહિત દેખાડે છે

यथा वृक्षविपर्यासो जलाद्भवति कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ७५ ॥

જેમ કોઇને પાણીથી વૃક્ષોનું અવળાપણું લાગે છે અર્થાત્ ઝાડવાંઓ ઉંધાં દેખાય છે તેમ અજ્ઞાનના યોગથી આત્માનેવિષે દેહપણું દેખે છે. ૭૫

पोतेन गच्छतः पुंसः सर्वं भाति वनं चलम् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ७६ ॥

જેમ વાણથી ગતિ કરનારો માણસ (કાંઠા ઉપરના) વનને ચાલ્યું જતું દેખે છે તેની પેઠે અજ્ઞાનના યોગથી આત્મામાં દેહપણું દેખે છે. ૭૬

पीतत्वं हि यथा शुभ्रे दोषाद् भवति कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ७७ ॥

જેમ કોઇને કમળા વિગેરે દોષથી ધોળા પદાર્થમાં પીળાશ દેખાય છે, તેનીપેઠે આત્મામાં દેહપણું અજ્ઞાનના યોગથી દેખે છે. ૭૭

चक्षुर्भ्यां भ्रमशीलाभ्यां सर्वं भाति भ्रमात्मकम् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ७८ ॥

જેમ (માણસ ફુદડી ફરવાથી) ફેરવાળી થયેલી આંખોથી બધુ ફરતુ હોય એવું દેખે છે, તેનીપેઠે અજ્ઞાનના યોગથી આત્મામાં દેહપણું દેખેછે. ૭૮

अलातं भ्रमणेनैव वर्तुलं भाति सूर्यवत् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ७९ ॥

જેમ ફેરવવાનેલીધે ઉંબાડીયું સૂર્યની પેઠે ગોળાકાર દેખાય છે, તેવી રીતે આત્માનેવિષે દેહપણું અજ્ઞાનના યોગથી દેખે છે. ૭૯

महत्वे सर्ववस्तूनामणुत्वं ह्यतिदूरतः ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८० ॥

જેમ સર્વ વસ્તૂના મોટાપણાવિષે ઘણે દૂરથી (દૂરપણાનાં કારણથી) નાનાપણું દેખે છે, તેવીરીતે અજ્ઞાનના યોગથી આત્મામાં દેહપણું દેખે છે. ૮૦

सूक्ष्मत्वे सर्व भावानां स्थूलत्व चोपनेत्रतः ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८१ ॥

જેમ સર્વ પદાર્થના સૂક્ષ્મપણામાં ઉપનેત્ર (ચશ્માં) થી સ્થૂલપણું દેખે છે તેમજ આત્માનેવિષે દેહપણું અજ્ઞાનથી દેખે છે. ૮૧

---

૧ આમ ખોટો નિશ્ચય થવાનુ કારણ અજ્ઞાનજ છે તે દેખાડે છે.

काचभूमौ जलत्वं वा जलभूमौ हि काचता ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८२ ॥

જેમ કાચની ધરતીમાં પાણીપણુ અથવા પાણીની પૃથ્વીમાં કાચપણુ (ભ્રાંતિથી) દેખે છે, તેવી રીતે અજ્ઞાનના યોગથી આત્મામાં દેહપણુ દેખે છે ૮૨

यद्वदग्नौ मणित्वं हि मणौ वा वन्हिता पुमान् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८३ ॥

જેમ અગ્નિ (ના તણખા) મા મણિપણુ અથવા મણિમા અગ્નિ (ના તણખા) પણુ માણસ દેખે છે, તેમ આત્માનેવિષે દેહપણુ અજ્ઞાનના યોગથી દેખે છે ૮૩

अभ्रेषु सत्सु धावत्सु सोमो धावति भाति वै ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८४ ॥

જેમ વાદળાઓ (આકાશમા) દોડ્યા જવાથી ખરેખર ચદ્રમા દોડે છે એમ જણાય છે, તેવી રીતે આત્મામા દેહપણુ અજ્ઞાનના યોગથી દેખે છે ૮૪

यथैव दिग्विपर्यासो मोहाद्भवति कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८५ ॥

જેમ કોઈને મોહથી દિશાનો ભુલાવો (દિઙ્મૂઢપણુ) થઈ જાય છે, તેવી રીતે અજ્ઞાનના યોગથી આત્મામા દેહપણુ દેખે છે ૮૫.

यथाशशी जले भाति चञ्चलत्वेन कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥ ८६ ॥

જેમ કોઈ માણસને ચદ્રમા (અને સૂર્ય આદિ પદાર્થો) પાણીમા ચચળ પણાથી દેખાય છે, તેવી રીતે આત્મામા દેહપણુ અજ્ઞાનના યોગથી દેખે છે ૮૬

[1] एवमात्मन्यविद्यातो देहाध्यासो हि जायते ।
स एवात्मपरिज्ञानाल्लीयते च परात्मनि ॥ ८७ ॥

એવી રીતે અવિદ્યાને લીધે આત્મામા દેહાધ્યાસ થાય છે તેજ દેહાધ્યાસ આત્માના બોધથી (બ્રહ્મ આત્માના એકપણાનો સાક્ષાત્કાર થવાથી) પરમાત્માને વિષે એટલે અજ્ઞાન અને તેના કાર્યરહિત પ્રત્યગ્ અભિન્ન બ્રહ્મનેવિષે લય પામે છે (બ્રહ્મ સ્વરૂપે રહે છે) [2]

---

૧ ઉપરના ૧૨ શ્લોકમા કરેલા અર્થનો ઉપસહાર કરે છે

૨ અધિષ્ઠાનવિના આરોપિતનુ જુદું સ્વરૂપ નથી અધ્યાસ લય થતા તેનુ કારણ અજ્ઞાનપણુ લય થાય છે એમ સમજવુ કેમકે અજ્ઞાન લય ન પામે તો અધ્યાસનો લય સભવે નહીં

सर्वमात्मतया ज्ञातं जगत्स्थावरजंगमम् ।
अभावात् सर्वभावानां देहस्य चात्मता कुतः ॥ ८८ ॥

સ્થાવર જંગમ (ચરાચર) જગત્ સર્વ આત્મપણાથી જાણ્યું. આમ જગત્ આત્મારૂપે જણાયાથી સર્વ પદાર્થોનો અભાવ થાય છે. અને સર્વ ભાવો (પદાર્થો) નો અભાવ હોવાથી દેહને આત્માપણું ક્યાં રહ્યું ? ૮૮.

*आत्मानं सततं जानन्कालं नय महाद्युते ।
प्रारब्धमखिलं भुंजन्नोद्वेगं कर्तुमर्हसि ॥ ८९ ॥

હે મહાદ્યુતિ ! (કામાદિકનો પરાભવ કરવો તે થકી પોતાના હિતના સાધનમાં સાવધ રહેનાર !) તું, પ્રત્યક્ અભિન્ન આત્માને નિરંતર (મરણ પર્યંત) જાણતો (વેદાંત વાક્યથી વિચારતો) કાળને ઉલ્લંઘન કર. (વિચારસાધ્ય જ્ઞાન થયા પછી) સઘળાં પ્રારબ્ધને (મનુષ્ય દેહ આપનારાં કર્મને) ભોગવતો (સુખ દુઃખના આભાસના અનુભવથી ઓછું કરતો) ઉદ્વેગ કરવાને યોગ્ય નથી. ૮૯.

[1]उत्पन्नेऽप्यात्मविज्ञाने प्रारब्धं नैव मुंचति ।
इति यच्छ्रूयते शास्त्रे तन्निराक्रियतेऽधुना ॥ ९० ॥

આત્માનો બોધ થયા છતાં પણ પ્રારબ્ધ કર્મ છોડતું નથી એમ શાસ્ત્રમાં સંભળાય છે તેનું હવે નિરાકરણ કરાય છે. ૯૦.

(અહીં આવી પ્રક્રિયા છે કે લૌકિકી, એટલે લોકની દૃષ્ટિમાં આવે તેવી, શાસ્ત્રીયા એટલે શાસ્ત્રમાં વર્ણવી હોય તેવી, અને અનુભાવિકી એટલે અનુભવમાં આવે તેવી, એમ ત્રણ પ્રકારની જગતની પ્રતીતિ છે. તેમાં પહેલી જે કહી તે પ્રતીતિ સાવ સાચી લાગે તેવી છે, બીજી સાચી નહિ ને ખોટી નહિ એવી છે, અને ત્રીજી ઝાઝવાના પાણીના જેવી દેખવામાત્ર છે.)

(એ ત્રણ પ્રકારની પ્રતીતિમાં પેહેલી વેદાંતના શ્રવણ-મનન-નિદિધ્યાસ-નથી, બીજી આત્માના સાક્ષાત્કારથી અને ત્રીજી પ્રારબ્ધકર્મનો ક્ષય થવાથી નિવૃત્ત થાય છે. અને આ આચાર્યજીએ લીધેલો પ્રસંગ બીજી પ્રતીતિના અભિપ્રાય પ્રમાણે છે એમ જાણવું)

---

* માટે આત્મવિચારથી કાળ ગાળવા વિષે કહે છે.

૧ ખરું જોતા પ્રારબ્ધજ નથી એટલે ભોગ ક્યાથી હોય, ભોગનો અભાવ હોવાથી ઉદ્વેગનું કારણ પણ કેમ હોય અને ઉદ્વેગ ન હોય એટલે તેના નિષેધનો ઉપદેશ શા માટે જોઇએ. એવુ વેદતાં શાસ્ત્રનું રહસ્ય કેવામાટે આચાર્યજી પ્રતિજ્ઞા કરે છે. અર્થાત્ પ્રારબ્ધનુ નિરાકરણ કરે છે.

तत्वज्ञानोत्पत्यादूर्ध्वं प्रारब्धं नैव विद्यते ।
देहादीनामसत्वात्तु यथा स्वप्नो विबोधतः ॥ ९१ ॥

જેમ જાગ્યા પછી સ્વપ્ન ખોટું છે, તેમ તત્વજ્ઞાન થયા પછી દેહાદિ પદાર્થોનુ અસત્યપણુ હોવાથી પ્રારબ્ધ છેજ નહિ (સારાંશ કે જ્ઞાનવડે વ્યવહારના કારણરૂપ અજ્ઞાન ટળી જતા પ્રારબ્ધનો અભાવ થાય છે) ૯૧

कर्मजन्मांतरीयं यत् प्रारब्धमिति कीर्तितं ।
तत्तु जन्मांतराभावात् पुंसो नैवास्ति कर्हिचित् ॥ ९२ ॥

આગળના જન્મમા જે કર્મ કરાયુ હોય તે પ્રારબ્ધ એવા નામે કહેવાયુ છે પણ તે પ્રારબ્ધ તો બીજા જન્મનો અભાવ હોવાથી પુરૂષને કોઇ દિવસ નથી (સારાંશ એ છે કે સંચિત ક્રિયમાણ અને પ્રારબ્ધ એમ કર્મના ત્રણ ભેદ છે તેમા થવાના દેહનો આરંભ કરનારૂં તે સંચિત, વર્તમાન દેહના નિર્વાહ માટે કરવામા આવે તે ક્રિયમાણ, અને વર્તમાન દેહનુ આરંભક તે પ્રારબ્ધ કહેવાય છે આગળના જન્મમા કરેલુ સંચિત કર્મ કહેવાય છે તો પણ તે થવાના દેહનુ પ્રારબ્ધજ છે આ ઉપરથી સિદ્ધ એમ થયુ કે આત્માને પોતાને કર્તાપણુ ન હોવાથી ત્રણેય કાળમા જન્મ નથી એટલે પછી તેને કર્મ ક્યા રહ્યુ ?) (અપૂર્ણ)

परस्परनी पात्रतानो सदुपयोग थवाना साधनो विषे

દ કેશવલાલ ...

સંબંધ, સ્નેહ, પરિચય, પ્રેમ, મિત્રતા, વિગેરે ઘણે સ્થળે સર્વને હોય છે એ વિનાનો લોકોનો વ્યવહાર હોતો નથી આ સંબંધ, સ્નેહ, પરિચય, પ્રેમ અને મિત્રતા અંત કરણમા બરાબર હોય તોપણ અંત કરણમા તે બરાબર છે કે નહિ તેને દેખાડી આપનાર ઉપરના હાવભાવો તથા ઉપરની ક્રિયાઓ હોય એમ લાગે છે

સબંધને યાવજ્જીવિત નભાવવો હોય, સ્નેહને નભાવવો હોય, પરિચયને નભાવવો હોય, પ્રેમને નભાવવો હોય અને મિત્રતાને નભાવવી હોય તો અંત-કરણમા હોય તે પ્રમાણે અથવા તેથી ચાર કે આઠ ગણુ આચરણ બહારથી કરવુ પડે એ સામાન્ય રીતિજ છે ઉપરના હાવભાવો કે આચરણ ન હોય તો પણ ખરો ભાવ હોય તો તે જણાયા વગર રહેતો નથી એમ ઘણા વિદ્વાનોનુ માનવુ છે, તો તે સિદ્ધાંતથી અમે ઉલટા નથી, પરંતુ આટલા બધા ભાવવાળુ અંત કરણ જગતમા લાખમા એકપણ મળવુ કઠણ થઇ પડે એમ કહેવાને કાંઇ

શંકા નથી. અંતઃકરણમાં જે પ્રકારનો સંબંધ હોય તે પ્રકારનો બહાર આભાસ થાય છે એમ કેટલાકનું માનવું છે તે ખોટું નથી. કેમ કે ઘણા સુખદુઃખના પ્રસગમાં તે પ્રત્યક્ષ જણાયઇ રહે છે; તેમ છતાં પણ કેટલાક વિષયોમાં ઉપરની ક્રિયાની આવશ્યકતા રહે છે. ઘાટા સંબધમાં અતિ સ્નેહ, અતિ પરિચય, અતિ-પ્રેમ કે અતિ મિત્રતા થઇ ગયેલ હોય તો સામા પક્ષના ઉપરના હાવભાવો કે આચરણો ને સમજુ માણસ ઇચ્છતો નથી, તોપણ એટલું તો મનમાં આવે છે કે આ પ્રસગમાં આણે આમ કરી દેખાડયું હોત તો ઠીક હતું. કદિકને ઉપરનો હાવભાવ કે ઉપરની ક્રિયા ન જોવામાં આવે તો દુનિયાની રીતથી ઉલટું લાગીને પણ અતઃકરણમાં ઓછું આવે છે, પણ બંધન દૃઢ હોવાથી અંતઃકરણમાં આવેલો ખેદ સદ્વિચારથી કેટલાક ટાળી નાંખે છે. પણ આવાં શુદ્ધ પાત્રો જગતમાં શોધવા જાઓ તો મળવાં કઠણ છે એમ આ સંસારના વ્યવહાર ઉપરથીજ સિદ્ધ થાય છે. સઘળા સબંધોમાં પરસ્પર સેવ્યભાવ કે પરસ્પર સેવકભાવ હોતો નથી, પરતુ ઘણું કરી એકમાં સેવ્યભાવ અને બીજામાં સેવકભાવ હોય છે અને કાળે કરીને ઘણી સમાનતા થઇ જતાં પણ સેવ્યસેવક ભાવ સાવ આળશી જતો નથી. મૂળ તપાસીએ તો સઘળા સંબધોનું કાંઇપણ કારણ હોય છે સગાઇ વગરના બીજા સંબધો સમાન ગુણ-સ્વભાવથી કોઇને કોઇસાથે અને કોઇને કોઇસાથે બંધાય છે અને સગાઇનો સંબધ તો પ્રારબ્ધયોગથી જે સાથે જેમ થવો હોય તેમ થઇજાય છે. અથવા બધામાં પ્રારબ્ધને જોડીએ તોપણ એમાં કાંઇ બાધ નથી, પરતુ કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. પછી વખતે તે કારણ પેહેલાં દેખાય, વચમાં દેખાય, અંતે દેખાય કે કાર્ય સાથે એકતા થઇ જવાથી ન પણ દેખાય; એનો નિશ્ચય નહિ. સાવ નિષ્કારણપણું સિદ્ધ કરવા જતાં સઘળા વ્યવહાર અને સબંધનું મિથ્યાપણું થઇ જાય છે માટે આનેમાટે આટલેથીજ અટકવું જોઇએ.

જેમ દંભીલોકો અંતઃકરણમાં દુર્ગુણ ભરેલા હોય તો પણ જગતમાં માન મેળવવા સદ્ગુણીના જેવાં ઉપરથી આચરણ કરે છે કે જે અજાણ લોકોને પ્રથમ [illegible]યમાં જાણવામાં આવે નહિ. જનસ્વભાવની વાત બહુ વિચિત્ર છે. કોઇ [illegible] માટે આત્મવિશ્વાસના કપટની વાતની મરણ થતાં પણ ખબર નથી પડતી. આવો [illegible] ખરું જોતા પ્રારબ્ધગતમાં ભલા માણસો બીજાએ સ્વાર્થથી રચેલા શોભિતા [illegible]રણ પણ કેમ હોય અને ઉદ્વેગ [illegible]ખ પામે છે. એવાજ સ્વાર્થના પાશમાં સબંધ, સ્નેહ, [illegible]સ્નું રહસ્ય કેવામાટે આચાર્યજી [illegible]ાનો ઉપયોગ ઘણે સ્થળે ઉપરનાં આચરણોથી દેખાડ-

વામા આવે છે * પાપનો ઘડો ફુટયાવગર રેતો નથી તેથી છેવટ તેની પરીક્ષા થઇ જાય છે અને પરીક્ષા નથીજ થતી એમ માનિયે તો તેવાની સાથે વ્યવહાર રાખતા તેઓ ગમે તેટલુ વહાલ દેખાડે તોપણ અતર શકિત રહે છે કોઇ દૈવ યોગથી અતર પણ વિશ્વાસ કરે તો તેથી દુખરૂપ પરિણામ આવે, પણ તેવુજ ભવિષ્ય હોય તો તેમ થવુ એ પણ માયામા સભવિત છે ।

આના સ્થળમા, સબધ તે સબધ ન કેહેવાય, સ્નેહ તે સ્નેહ ન કેહેવાય પરિચય તે પરિચય ન કેહેવાય, પ્રેમ તે પ્રેમ ન કેહેવાય અને મિત્રતા તે મિત્રતા ન કહેવાય कदाचित् कुपित मित्र सर्वं गुह्य प्रकाशयति।(મિત્ર કદિ કોપે તો સર્વ છાની વાત બહાર પાડી દે છે) આવા વચનો સાભળીને અમને બહુ કટાળો આવે છે કેમકે એ ગુહ્ય એવુ કેવુ હોય કે બીજાના જાણવાથી હાનિ થાય, અને ધારો કે તેવુ હોય તો એ મિત્ર પણ શાનો કેવાય કે તે કારણ મળવાથી એ પ્રમાણે અમિત્રતા કરે પરતુ આપણને એટલો બોધ મળે છે કે સબધમા કાઇપણ સ્વાર્થરૂપ હેતુ રહેલો છે સત્વ રજ અને તમ એ ત્રણ ગુણવાળી પ્રકૃતિઓ હોય છે એ ત્રણ ગુણ સબધ, સ્નેહ, પરિચય, પ્રેમ, અને મિત્રતાના વ્યવહારમા પોતાનુ રૂપ દેખાડે છે બેય પાત્રો સત્વગુણી સ્વભાવના હોય તો સબધ સ્નેહ વગેરે મહા ગભીર રૂપ પકડે છે અને પરસ્પર અતિશય આનદ પ્રાપ્ત થાય છે આ પ્રમાણે હોવાથી કયાઇ કયાઇ પરસ્પર સેવકભાવ પણ દેખાય છે જ્યા ગુણનુ સમાન પણુ હોય ત્યા વિચિત્ર દેખાવો થાય છે એ દેખાવો ઉપરથી દેખવા માત્ર હોય છે પરતુ અતરમા ખરેખરો ભાવ હોય છે તેથી પરિણામ એકસરખુ ચાલ્યુ જાય છે આમ અનેક પ્રકારના પાત્રોમા અનેક પ્રકારના ભાવોના દર્શન થાય છે પરતુ તેથી સ્નેહ પરિચય વગેરેમા ઉપરના આચરણોની તો આવશ્યકતા પ્રાપ્ત થાયજ છે સમય પરત્વે તેમ ન બને તો પછી સબધ, સ્નેહ, પરિચય, પ્રેમ કે મિત્રતા થયાનુ ફળ શુ ? કાતો આ લોકનો કાઇ સ્વાર્થ હોય અને કાતો પર લોકનો હોય આમા પરલોકના સ્વાર્થ કરતા આ લોકનો સ્વાર્થ વિશેષ જણાય છે માટે તે પ્રમાણે તેની વ્યવસ્થા થવી જોઇએ માણસો કહે છે કે જેવુ માહી હોય તેવુ ઉપર દેખાય એ વાત ખરેખરી છે વખતે હોય તેટલુ દેખાય છે

---

* જગતમા એવા ઘણા કામ છે કે જે દભથી પણ થાય છે અને સાચી રીતે પણ થાય છે ઈશ્વર આરાધન વિગેરે કોઇપણ જાણીને હાનિ ન થાય તેવી રીતે કરવાના કામમા સાચ ન થતા હોય તે કરતા દભમા થાય તોપણ ન થતા હોય તે કરતા ઠીક ઠીક છે કેમકે આરા કામ દભથી કરતા પણ અભ્યાસને લીધે દભ છુટી જઇ તેમા સત્યતા આવી જાય છે અને તેવા કામની ઉત્તમ સિદ્ધિ થાય છે

અને વખતે કાંઇ દેશ કાળ વગેરેના કોઇ પ્રતિબંધથી અથવા કાંઇ બીજાં અનિર્વચનીય કારણથી અંતરમાં હોય તેટલું બહાર દેખાતુ નથી, તો તે પાત્ર પ્રમાણે દર્શાવવાને ગુણજ્ઞ માણસે આળસ ન રાખવું જોઇએ.

શ્રી કૃષ્ણ અને અર્જુન પરસ્પર સંબંધી હતા તેમાં તેમને મિત્રતા બંધાણી હતી. એમણે અંતઃકરણનો પરસ્પર પૂર્ણ ભાવ છતાં ઉપરનાં કેટલાં બધાં સાધનો કર્યાં હતાં તે ઇતિહાસ ઉપરથી આખુ જગત્ જાણે છે ભાઇઓનો દાખલો જોવો હોય તો શ્રીરામ-લક્ષ્મણ વગેરેનો ઇતિહાસ કાંઇ અજાણ્યો નથી. લક્ષ્મણજી રામચદ્રની સાથે પધાર્યા અને ભરતજી મોટા ભાઇ પાછા પધારે ત્યાંસુધી નદીગ્રામમાં જઇને પાદુકા સેવતા વસ્યા જુવો અંતઃકરણના ભાવને કેટલો બધો બહાર દેખાડયો? પણ આમાં કૃત્રિમપણુ લેશ પણ નથી એજ માત્ર અતિ આનંદનું કારણ છે. પિતા-પુત્રના દાખલામાં શ્રવણનું આખ્યાન કોઇથી અજાણ્યું નથી. પત્ની અને પતિના સબંધમાં સીતા કે જે અણવાણે પગે રામચદ્રજી સાથે ચાલી નીકળ્યાં તેનો અને રણસંગ્રામમાં પાપી રાવણને રોળનાર રામચદ્રનો ઇતિહાસ તથા નળદમયંતી કે જેને કલિયુગે પરીક્ષા લેવા સારૂ ઘણુ દુઃખ દીધુ હતુ તો પણ પરસ્પરનો અચળ પ્રેમ છેવટસુધી ટકી રહ્યો હતો તેનો ઇતિહાસ પણ પ્રસિદ્ધજ છે. એવી રીતે ઐતિહાસિક જેટલા દાખલાઓ જોઇએ તેટલાઓ સંબંધ, સ્નેહ, પરિચય, પ્રેમ અને મિત્રતાના વિષયમાં ઉપરની ક્રિયાને દેખાડનારા મળી આવે અને આજ પણ કોઇ કોઇ ઠેકાણે મળી આવે એમાં એટલુ તાર્તમ્ય છે કે એની મેળે ભાન વગર જે ભાવ થાય તે અત્યુત્તમ છે. અને જે કાંઇક ભાનપૂર્વક થાય તે અતિ ઉત્તમ નથી. કેમકે એટલી પ્રેમ વગેરેની ન્યૂનતા પરખાય છે

સબંધ, સ્નેહ, પરિચય, પ્રેમ અને મિત્રતાનાં સઘળાં પાત્રોને ત્રણ ભેદમાં મેલવાથી કાંઇક વ્યવસ્થા થાય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ, એમ એના ત્રણ ભેદ કલ્પાય. જેઓનાં અંતઃકરણ એકબીજાના મનને જાણનાર અને સંધાઇ ગયેલાં હોય, જેઓને ઉપરનાં આચરણોની કે ક્રિયાની આવશ્યકતા ન હોય અને જેઓનાં શરીર માત્ર ભિન્ન હોય તથા ચદ્ર ચકોરમાં મોહિત હોય તેમ સહજ સ્વભાવથી એકબીજામાં મોહિત હોય તેવાંઓને ઉત્તમ ભેદમાં મેલવાં. જેઓનાં અંતઃકરણો પરસ્પર જણાયા છતાં ઉપરનાં આચરણ પણ ગમતાં હોય અને જેઓ એકબીજાની ન્યૂનતા જણાય તો તે દબાવી રાખીને ઉદાસ રહેતાં હોય તેવાંઓને મધ્યમ ભેદમાં મેલવાં. અને જેઓ પોતાના અમુક સ્વાર્થ માટેજ ઉપરથી પ્રેમ પરિચય વિગેરે દેખાડતાં હોય અને તે સર્યા પછી અથવા નહિ

સર્વે એવુ લાગ્યા પછી બીજા રૂપના થઇ જતા હોય તેઓને કનિષ્ઠ ભેદમા મે
લવા આથી બીજા પ્રકારના જેટલા ભેદ કલ્પિએ તેટલા કાર્ય અને સ્વભાવ પ
રત્વે કલ્પિ શકાય

ક્યાઇ ગુરૂશિષ્યના રૂપમા પ્રેમ કે સ્નેહ હોય, ક્યાઇ પિતાપુત્રના રૂપમા
હોય, ક્યાઇ સહોદર ભાઇના રૂપમા હોય, ક્યાઇ સમાન મિત્રના રૂપમા હોય,
ક્યાઇ પતિપત્નીના રૂપમા હોય, ક્યાઇ રાજા પ્રજાના રૂપમા હોય તેમા પાત્
પાત્રનો ભેદ બહુ હિ નય છે, કેમકે સઘળા પાત્રો એકસરખા નીવડતા નથી
સોનુ રૂપુ, કથીર, માટી વિગેરે જુદા જુદા પ્રકારના અને મૂલ્યના પાત્રો
હોય તેમ મનુષ્યમા પણ તેના જુદા જુદા મૌલ્યના પાત્રો હોય છે, તેથી
તે પાત્રો પોતાની જેની યોગ્યતા હોય તેની જગતને જણાવી આપે છે તે
ઉપરથી શોધક વૃત્તિના વિદ્યાર્થિઓએ સાર સપાદન કરવો જોઇએ

પરતુ એટલુ તો નકી છે કે અતઃકરણ એ કાચની પેઠે પારદર્શક વસ્તુ
નથી કે તેમા જેવો ભાવ હોય એવો દેખાઇજ રહે એ ભાવને જણાવનાર તો વાણી
અને ક્રિયા એ બેજ છે * શ્રદ્ધા એ એક જાતનો ગુણ અતઃકરણમા થાય છે એ
શ્રદ્ધા ક્યાઇ પરસ્પર સરખી હોય, ક્યાઇ પરસ્પર ન્યૂનાધિક હોય અને ક્યાઇ પર
સ્પર એકમા હોય અને બીજામા સાન ન હોય એ શ્રદ્ધા જ્યારે પરિચયનેલીધે
અતિશય દૃઢ થઇ જય છે ત્યારે પછી ઉપરના હાવભાવો, ક્રિયાઓ કે વાણી ઉપર
લક્ષ રેહેતુજ નથી જે કોઇ ભાવો થતા હોય તે પ્રસગે સીમામા અને સીમા
બહાર થઇ પણ જાય છે, પરતુ તે ભાવોનુ કાઇ પરસ્પર ભાન હોય કે બાકી રહે
એવુ કદાચિતજ બને છે કેમકે સાગમા અમુકનો અમુક ભાવ થયો અને ન
થયો એવુ ભાન થવુ એ પણ સબધ, સ્નેહ, પરિચય, પ્રેમ, અને મિત્રતાનુ ભેના
પણુ જણાવનાર છે આમ છે ખરૂ પણ જગતની વાત તો સામાન્ય રીતે જોતા
વિચિત્રજ છે એક ઠારે સબધ અને એક ઠારે સ્નેહ, પરિચય, પ્રેમ અને મિ
ત્રતા એ ચાર છે સગાઇના સબધનો પ્રકાર જુદો છે અને સ્નેહનો પ્રકાર જુદો
છે જેને જેને સાથે જેટલો સબધ હોય તેણે તેની સાથે સસાર વ્યવહારના કા
મોમા ઉપરના ભાવો દેખાડવાની જરૂર પડે છે જરૂર પડે છે તે પોતાની યો
ગ્યતા દેખાડી આપવાનેજ નહિ પણ સામાને ઓછુ ન લાગે તથા બેટી અન્યથા
કલ્પના ન કરે તેને માટે પડે છે સબધના સબધમા વખતે દૃઢતાની ન્યૂનતા

* અતઃકરણમા રહેલ તટનો અભિપ્રાય ભાવ વાણી અને ક્રિયા જણાવી શકતા નથી પણ તેના તે
કરતા ઘણે ભાગે ઓછો જણાવી શકે છે

હોય તો વિક્ષેપ પડી જાય છે અને એ વિક્ષેપ સુખને ઓછું કરે છે. પણ સંબંધમાં પાછો સ્નેહ રહ્યો છે. તે સ્નેહ જો ખરેખરો રહેલો હોય તો પછી તેવા સ્થળમાં ધોખો લાગતો નથી અને ઓછું પણ લાગતુ નથી.

જો મૂળ વિચાર કરિયે તો સાધન વગર કોઇપણ દશા સિદ્ધ થતી નથી. સંબંધ, પ્રેમ, સ્નેહ, પરિચય, મિત્રતા વગેરે કાંઇ જન્મથીજ કોઇને હોય નહિ. સમજણ આવ્યા પછી થાય છે. જ્યારે એ થાય છે ત્યારે તે થવાનાં કાંઇપણ સાધનો માણસ પાસે હોય છે એ સાધનો કામ સિદ્ધ થયા પછી મેલી દેવાં એ કાંઇ યોગ્ય નથી વિદ્યાથી વિભૂતિ મળે છે તેથી વિભૂતિ મળ્યા પછી વિદ્યા તજી દેવી એવું કોઇ પણ કેશે નહિ. તેવીજ રીતે પરિચય, પ્રેમ, સ્નેહ, મિત્રતા વિગેરેનાં સાધનો હોય તે સાધનોનો અનાદર કરવો યોગ્ય છે એમ તો કોઇપણ કેશે નહિં પોતાનેમાટે નહિ તો લોકોને શીખવવા અથવા લોકોને દેખાડી આપવા પણ સાધનો રાખવાની જરૂર છે. કારણકે છોડી દેવું એ તો લોકોને સેહેલું લાગે છે પરંતુ છોડી દેવા જેવી અથવા છુટી જાય એવી સ્થિતિએ કેમ પોચવું તે કાંઇ તેઓ જાણે નહિં.

એક બાળકને ઘડીયે ઘડીયે સભાળવું, ભીનામાંથી સુકામાં કરવું, તેને હસાવવું, રમાડવું, તેની ખાધા પીધાની તથા જોઇતી વસ્તુની સભાળ રાખવી, એને દુઃખ થઇ જાય તો તેને દુઃખે તેટલુજ દુઃખી થવું તથા કુછંદી ન થવા દેવું વિગેરે દેખાવો જો કે સ્વાભાવિક છે તોપણ તે લોકોના જાણવામાં ન આવે તો માતાપણું બીજી શી રીતે જણાય અને લોકોને શી રીતે શીખાય? મોટા થઇ માતાની આજ્ઞામાં રેહેવું, તેની અવસ્થાની યોગ્યતા પ્રમાણે સેવા કરવી, અને વૃદ્ધપણામાં તેની ચાકરી કરવી વગેરે દેખાવો સ્વાભાવિક છે તોપણ તે લોકોના જાણુમાં ન આવે તો પુત્રપણું બીજી શી રીતે જણાય અને લોકોને શી રીતે બોધ મળે? એવીજ રીતે પત્નીએ પતિપ્રત્યેના પોતાના ધર્મોના હાવભાવો તથા પતિએ પત્નીપ્રત્યેના પોતાના ધર્મોના સુખદ હાવભાવો પ્રકટ કરવા જોઇએ. પિતાએ પુત્ર પ્રત્યેના ધર્મના સુખદ હાવભાવો સર્વ પ્રસંગમાં પ્રકટ કરવા જોઇએ અને પુત્રે પિતા પ્રત્યેના પોતાના ધર્મના સુખદ હાવભાવો પ્રસગોપાત્ત પ્રકટ કરવા જોઇએ મોટા ભાઇએ નાનાભાઇ પ્રત્યેના ધર્મોના સુખદ હાવભાવો પ્રસંગોપાત્ત પ્રકટ કરવા જોઇએ અને નાનાભાઇએ પોતાના મોટાભાઇ પ્રત્યેના ધર્મોના સુખદ હાવભાવો પ્રસગોપાત્ત પ્રકટ કરવા જોઇએ મિત્રોએ પરસ્પર એકબીજાના ધર્મોના હાવભાવો પ્રસગોપાત્ત પ્રકટ કરવા જોઇએ એમ સંસારનાં સર્વ પાત્રોએ પોતપોતાના ધર્મ

પ્રમાણે પરસ્પરના સઘળા ભાવો પ્રકટ કરવા જોઇએ એમા કેટલાક ભાવો એક બીજાના અતરને સતોષ આપે એવા જ હોય છે અને કેટલાક લોકોના લોચને ઉપયોગી હોય છે વિવાહ એનુ નામપડે ત્યાહ્ રૂ યમા અતિશય આન થાય છે પરન્તુ તે આનન્દને પ્રકટ કરવા માટે, નોબત નગારા વગડાનના, મડપારોપણ કરાવના, હાડી ઝુમર વગેરેના અજવાળામા નાચરગ કરાનના લાગ સાગ નમ ભૂષણ ધરવા અને મિષ્ટાન્ન પાન લેના વિગેરે ઉપરના માનનો સર્વે કરવા પડે છે એ દ્ષ્ટાત પ્રમાણે સ્નેહ વગેરેમા સાધનોની જરૂર પડે છે એ જરૂર પરસ્પર બરાબર લક્ષમા ન રહેવાથી અચિત યોગથી કે દવયોગથી બ નાયેના સમનમા, સ્નેહમા, પરિચયમા, પ્રેમમા અને મિત્રતામા ક્યાક પક્ષાઘાત થઇ જાય છે પક્ષાઘાત એટલે એમ કે એક ટોરનુ પાત્ર બરાબર પૂર્ણરીતે શ્રદ્ધાપૂર્વક ભરેલુ હોય અને બીજી ટોરનુ પાત્ર અપૂર્ણ, અથવા અશ્રદ્ધાનાળુ અથવા અના રવાળુ હોય તો તેથી રસાભાસ થઇ જાય છે એ રસાભાસ અનુભવનારને અને તટસ્થ રહી જોનારને બેયને ખેદજનક થાય છે સર્વને સુખની ઇચ્છા હોય છે તેવી સહુ પોતપોતાને અનુકુળ વિચાર કરીને ત્યારે સ્મરણ દેવાની શી જરૂર છે એમ શકા ઘણા કરે છે પણ એમ જો હોત તો ધર્મશાસ્ત્રો વગેરેના ઉપદેશો નિર્ર્થકજ ગણાત માટે લોકોમા પરસ્પરના સમધમા સુખનો વધારો થાય તે વિષયમા વિચાર આપવાની બહુ આવશ્યકતા છે માટે જગત્મા જે જે સમનમા જે જે પાત્ર હોય તેમણે પોતપોતાની પાત્રતા પ્રમાણે પાઠ ભજવવો જોનો એમા ન્યૂનતા જેટલી થાય તેટલી પરસ્પરના સુખમા ન્યૂનતા થાય છે એમ સમજવુ બાકી અમારો અતરનો ખરો સિદ્ધાતતો એવો ખરો કે જ્યા ખરેખરો સમધ, પ્રેમ, પરિચય સ્નેહ, મિત્રતા વિગેરે દેવનો આવિર્ભાવ થયો હોય ત્યા સાધનો એની મેળે થાય તે ભલે બાકી કૃત્રિમ સાધનો કરવા પડે તો તે સમધ, પ્રેમ, પરિચય, સ્નેહ, મિત્રતા એ શુદ્ધ નથીજ અને જ્યા સાધનોવિના વિક્ષેપ થતો હોય ત્યા તો તેનુ નામ પણ નથી

અમે ઇચ્છીયે છિયે કે પરમેશ્વર જગતમા સદ્ભાવ વધારે અને લોકો પરસ્પરનો સમધ, પરિચય, સ્નેહ, પ્રેમ, મિત્રતા વગેરેમા પરમ સુખ મેળવી સસારને સાર્થક કરી આ લોક તથા પરલોક સુધારે

નિશ્ચય વિષે.

જગતના વિચિત્ર દેખાવો, વિચિત્ર સંબંધો, તથા વિચિત્ર કાર્યો ઉપરથી લોકો 'આ ઠીક છે કે અઠીક છે.' અથવા 'આ સારૂં છે કે માઠું છે' એવો નિશ્ચય પોતાની સમજણને અનુસરીને કરે છે. અનુભવમાં જે આવે છે તેવિષે આ બરાબર સમજાયું છે કે નહિ તેનો વિચાર કરવાનો ઘણું કરી સ્વભાવ હોતો નથી 'અક્કલ અંધારે વેચાણી છે' એવું એક કેહેવત છે ને પ્રમાણે પોતાની બુદ્ધિમાં આવે તે બરાબર સમજે છે. તે વિના સંસારમાં સ્થિતિ પણ કેમ થઇ શકે? નિશ્ચય સામાના ગુણદોષ અને ક્રિયા ઉપરથી થાય છે તેમાં એમ પણ છે કે આપણા હૃદયમાં પ્રથમથી જેવો આભાસ થયો હોય તેવો નિશ્ચય સામાના ગુણદોષવિષે થાય છે. એમ ન હોય તો એક સારો માણસ એકસરખી રીતે બધા લોકોમાં એકસરખું માન પામવો જોઇએ, પણ તેમ નથી થતુ. પોતાની પાત્રતા ઉપર પણ નિશ્ચયનું ત્રાજવું નમે છે પોતાનામાં કાંઇ રાગદ્વેષ વિગેરે હોય અથવા ગુણકર્મની પરીક્ષા ન હોય તો સામાનેમાટે તે પ્રમાણે નિશ્ચય બંધાઇ જાય છે. વધારે ચમત્કાર એ છે કે એ થયેલો નિશ્ચય પણ સત્ય છે કે નહિ તે જાણવાને કાંઇ સાધન મળતુ નથી. જેટલા માણસો, તેની જેટલી મનોવૃત્તિઓ, તે પ્રમાણે નિશ્ચયની પણ સખ્યા સમજવી. કોઇ કોઇ વાર કોઇ કોઇ નિશ્ચય પરમ સુખનું કે પરમ લાભનું કારણ થાય છે અને કોઇ કોઇ વાર દુઃખનું અને હાનિનું કારણ થાય છે પણ તેમ થયા પછી પણ કરેલો નિશ્ચય અઘટિત હતો એમ જાણવામાં આવે તો નિશ્ચયનું નિશ્ચયપણું રહે નહિ. તેથી કે કોણ જાણે બીજા કારણથી પણ તે જાણવામાં નથી આવતું ન્યાય, વ્યાકરણ, વેદાંત એ પણ વિદ્વાનોના નિશ્ચયનાં દર્પણો છે તેમજ બીજા પણ વિવેકીઓએ પોતાના વિચારરૂપ દર્પણો જગતને જોવા રાખ્યાં છે. તેઓએ જગતને લાભ કર્યો છે. પરંતુ આ ઉપરથી માયાનો ચમત્કાર કેવો વિચિત્ર છે તે નિશ્ચયના જુદાપણાથી જોવાનું છે વિદ્વાનોનું કેહેવત એમ છે કે શાસ્ત્ર પુરાણો વિગેરેમાં જે નિશ્ચયોમાં વિરૂદ્ધતા છે તે તેમાં નથી પણ આપણી સમજણમાંજ છે એનો તો નિશ્ચય એકસરખો છે આ તેઓનું બોલવું માન્ય રાખી બીજી બાબતનો વિચાર કરીએ તો તે બાબતમાં સર્વના નિશ્ચયો ભિન્ન ભિન્ન આપણને ભાસે તે જો કે આપણા હૃદયની લાગણી ઉપર છે તોપણ તે સર્વ એકસરખા છે કે ખરા છે કે ખોટા છે એમ કહી શકવા આપણે સમર્થ થવાય નહિ. નિશ્ચયની કાંઇ સખ્યા નથી કે આટલાજ હોય, કેમકે મનુષ્યોની અને

તેના મનોવૃત્તિની પણ સખ્યા નથી માટે એ નિશ્ચયો માત્ર પોતાના મગજમાં ક્ષણભર વ્યવહારમા કામ આવે છે પછી ગમે તો રાગમા કામ આવે કે ગમે તો દ્વેષમા કામ આવે માણસનુ આચરણ પોતાની મનોવૃત્તિને અનુસારે થાય છે પરન્તુ તે ઉપરથી કેટલાક સમયસુધી તેના નિશ્ચયની ખબર પડતી નથી કોઇ કોઇ વાર તો એના ખુલાસો થાય છે કે મરણ પર્યત પણ કેટલાકના નિશ્ચયની ખબર પડતી નથી આવી માત્ર નિશ્ચયો હોય ને અજાણમા જાય તો જગતને હાનિ છે, અને ખરાબ નિશ્ચયો હોય ને અજાણમા જાય તો જગતને લાભ છે પ્રારબ્ધયોગ, દેશકાળ, સત્સગ, વિદ્યાભ્યાસ, ચાલતો વ્યવહાર, અને અનુભવ ઉપરથી સુખરૂપ, દુ ખરૂપ નિર્ણય નિશ્ચય બધાય છે માટે જે નિશ્ચય થાય છે તે ખરા ખોટા એમ બે પ્રકારે બધાય છે જગતમા બે જાતિની સૃષ્ટિ સતત જોવામા આવે છે એટલે નિશ્ચયની પણ બે જાતિની ઉત્પત્તિ હોવી જોઇએ સારા પાત્રમા કોઇ કાળયોગથી વિપરીત નિશ્ચયો બધાઇ જાય છે તે ઝેરી લતાની પેઠે અત્યત અપાય કરે છે કેટલાક નિશ્ચયો ખોટા હોય છે તોપણ તે ચાલતા વ્યવહારમા થોડી હાનિ કરે છે અને કેટલાક નિશ્ચયો ખરા લાગતા હોય તોપણ તે ચાલતા વ્યવહારમા બહુ હાનિ કરે છે, પણ એ નિશ્ચયોની ગણના કરવા બેસિયે તો આયુષ્ય પૂર્ણ થતા પણ તેની ગણના થઇ ન રહે તોપણ તેમાના થોડાક તપાસીયે કેટલાક લોકો જગત સાચુ છે, એવો નિશ્ચય કરી બેસે છે અને કેટલાક ખોટુ છે એવો નિશ્ચય કરી બેસે છે વ્યવહાર બેયનો સરખો ચાલે છે પરન્તુ સાચુ માની બેસનારને કોઈ પદાર્થના નાશથી હાયવોય થાય છે અને ખોટુ માનનારને સહજ દુ ખ થઇ તરત શમી જાય છે કેટલાક ઇશ્વરનુ અસ્તિત્વ છે એવો નિશ્ચય કરી બેસે છે અને કેટલાક નથી એવો નિશ્ચય કરી બેસે છે જે ઇશ્વરના અસ્તિત્વનિશ્ચયવાળા છે તે સસારમા નીતિમાર્ગપર આચરણ રાખે છે અને જેઓ ઇશ્વરનુ અસ્તિત્વ નથી એવા નિશ્ચયવાળા છે તેઓ નીતિમાર્ગપર ચાલવુ ઇચ્છામા આવે તોજ આચરણ કરે છે, કેમકે તેઓને આપણુ કર્યુ કોઇ જુવે છે એવો ભય રહેતો નથી આપણા નિશ્ચયને અનુસરીને જોઇયે તો ઇશ્વરના અસ્તિત્વના નિશ્ચયવાળાને લાભ થાય છે અને અસ્તિત્વ નથી એવો નિશ્ચય રાખનારાને પરિણામે હાનિ થાય છે કેટલાક કર્મ છે એવો નિશ્ચય રાખે છે અને કેટલાક કર્મ નથી એવો નિશ્ચય રાખે છે કર્મ છે એમ માનનાર દુ ખમા ધીરજ રાખીને ફરીને સુખની આશામાટે સત્કર્મ કરે છે અને કર્મને નહિ માનનાર પડેલા દુ ખને માટે પોતાને ઉપાલભ આપતા ફરીને સુખ પામવાના હેતુથી યત્ના કરતા નથી આથી અને આ

પણ઼ે નિશ્ચય તપાસીયેતો કર્મ નહિ માનનારાને સારૂં પરિણામ આવતુ નથી. કેટલાક કર્મ સત્ય માની બેસે છે અને કેટલાક ઉદ્યમ સત્ય માની બેસે છે. કર્મ સત્ય માની બેસનારા કાંઇક આળસુ રહે છે અને ઉદ્યમ સત્ય માનનારા આળસુ નથી રેહેતા. એ બેયના કરતાં કર્મ અને ઉદ્યમ એ બેયને સત્ય માનનારા વધારે લાભ મેળવે છે. એ શિવાય વ્યવહાર સબંધી, ધર્મ સંબધી, પુરૂષની યોગ્યતા સબધી, સ્રીની યોગ્યતા સંબધી ઘણા નિશ્ચયો હોય છે.

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ. અને ઐતિહ એ છ પ્રમાણોથી કોઇ પણ વિષયનો માણસ નિશ્ચય કરે છે. એ સઘળાં પ્રમાણો નિશ્ચય કરવા પેહેલાં સારો નિશ્ચય બધાવા માટે અને નઠારો નહિ બધાવામાટે ઉપયોગમાં લેવામાં આવે તો તો ઘણુ જ સારૂં થાય છે. પરંતુ તેજ પ્રમાણો નઠારો નિશ્ચય બધાયો હોય કે બધાવાનો હોય તેનેજ સહાયભૂત થાય છે તેથી તે પ્રમાણો પણ અવિવેકીને પોતાનાં હથિયારો પોતાના પ્રાણ લે તેનીપેઠે પોતાનેજ કુનિશ્ચય કરાવવામાં સહાયભૂત થાય છે. કેમકે बुद्धिः कर्मानुसारिणी (પ્રારબ્ધ પ્રમાણે બુદ્ધિમાં સ્ફુરણા થાય છે.) તથા सहायास्तादृशास्तस्य यादृशी भवितव्यता। (જેવું થવાનું હોય તેવા સહાયકારક મળે છે) અથવા ईश्वरेच्छा बलीयसी (ઇશ્વરની ઇચ્છા બળવાન છે અર્થાત્ ઇશ્વરની ઇચ્છાથી બનવુ હોય તેમ બને છે) એટલે થવાનો નિશ્ચય ખરેખરો લાગવાથી સઘળાં પ્રમાણો ગમે તેવા નિશ્ચયને સિદ્ધ થવા ટાણે એત્ર થઇ જવાંજ જોઇએ. પ્રમાણો પણ સારા માઠા નિશ્ચયરૂપ મનોભાવનાં ...નો છે તેથી અમુક જાતનો નિશ્ચય થાય ત્યારેજ તે સહાય થાય તે શિવાય ...ં ...ય એમ ક્યાંઇ અનુભવમાં આવતું નથી. એ પ્રમાણો તો સઘળા પ્રકારના નિશ્ચયમાં સહાયે...ય છે. પછી મનુષ્ય ગમે તેમ તેનો ઉપયોગ કરે. લેખણ સુધારવા લીધેલી છરી લેખણુ કરવા પણ સહાય થાય અને આંગળી પણ વાઢે છે. કેમકે એ બીચારી જડ છે. તેમ પ્રમાણો બીચારાં જડ છે. એને તો અતઃકરણની સહાયતાથી જેવીરીતે મનુષ્ય ઉપયોગમાં લે તેવીરીતે તેઓ ઉપયોગમાં આવે છે, એટલે તેઓનો કાંઈ તેમાં દોષ નથી. વિપરીત કાંઇ થાય તો તેમાં પ્રમાણોને જોડનારનોજ દોષ છે એમ સૂક્ષ્મ વિચાર કરતાં જણાય રહે છે. અને તે પણ અમે અમારા ... નિશ્ચયને આધારે બોલિયે છિયે પછી તે ખરૂં ખોટું હોય તો તેનોપરીક્ષક ઇશ્વર છે. ... નકી કરવાના પક્ષોમાં એક પક્ષ હાનિ કરે તેવો હોય અને બીજો લાભ કરે તેવો હોય ... છે. હાનિ કરે તેવા પક્ષને અનુસરી બહારથી આચરણ કરવામાં ન આવે તો તે નિ...શ્ચય કાંઇ

વ્યવહારને નડતો નથી સત માણસો એમ તો એકમતે કબુલ કરે છે કે સહુએ સુખ મેળવવુ જોઈએ, પણ જ્યારે પ્રાપ્ત થયેલા વ્યવહારમા નિશ્ચયો ગાળી બેસે છે ત્યારે તે તેમનો મત ઉભો રહેતો નથી કેમકે નિશ્ચય બાનતા કોઈવાર ઘણો ભુલે ખાઇ જવાય છે જગતસબધી કે જગતના પદાર્થોની રચના સબધી નિશ્ચયો ગમે તેના ખરા ખોટા હોય તે વ્યવહારમા બાધક નથી થતા પણ એ બીજાના પરિચયમા થતા કામોમા અને એકબીજાના ગુણ સ્વભાવોમા જ નિશ્ચયો બનાય છે તે નિશ્ચયો લાભ હાનિ કરનારા થઇ પડે છે નિશ્ચય તો મનુષ્યને થાય પણ તે નિશ્ચય પ્રમાણે કરી દેખાડવાનુ સ્થળ છે કે નહિ એમ જેમને વિવેકબુદ્ધિ ન હોય તેને પોતાના નિશ્ચયો હાનિ કારક થાય છે સત નિશ્ચયોમા કાળે રાગને પ્રાપ્ત થયેલો ભ્રાતિજન્ય નિશ્ચય છે તે ઘણો નઠારો છે ભ્રાતિજન્ય નિશ્ચય વ્યવહારના અને પરમાર્થના માર્ગમા થાય છે વ્યવહારમા ભ્રાતિજન્ય નિશ્ચય, મિત્રમા શત્રુબુદ્ધિ, માતાપિતા ઉપર અપૂજ્ય ભાવ ભાઇઓ ઉપર વેરભાવ, સ્ત્રી ઉપર અપ્રિયતા, અને બીજા સર્વ સબધી વિગેરે ઉપર અવિશ્વાસ ઉપજાવે છે, અને તેથી તેઓ બોલે તો સારૂ હોય તોપણ વિપરીત લાગે છે, તેઓ આચરણ કરે તે હિતનુ હોય તો પણ અહિતનુ લાગે છે, અને તેઓની સઘળી ક્રિયાઓ પણ આપણા અહિતમા અને આપણને દુ ખ દેવામાજ લાગે છે આથી એવુ થાય છે કે જે પેહેલવેલુ ખરૂ સુખ સબધીયોના સહવાસનુ છે તે જતુ રહે છે અને નિરતર અત કરણમા બળતરા થયા કરે છે તથા અહિત કરનારા જેઓ લાગે છે તેઓને પાછા પોતાને લાગતા હોય તેટલા પરાભવ કરવામા તનમન પરોવાય છે અરે આ ભ્રાતિજન્ય નિશ્ચયનો કેવો પ્રતાપ! શુ સસારમા સબધ પ્રાપ્ત થયો અને મનુષ્યદેહ મળ્યો તેનુ આજ ફળ હશે? ભ્રાતિનો નિશ્ચય એકવાર થોડોક બનાયો કે પછી તે દૃઢ થતો જાય છે, એ પણ તેનુ જેવુતેવુ પરાક્રમ નથી આટલાસારૂ થઇને બહુ બુદ્ધિમાન અને સમજુ લોકો ભ્રાતિ થાય તોપણ નિશ્ચય બાવતા નથી, પરતુ થયેલી ભ્રાતિને પોતાની ભૂલરૂપ સમજી તેને ટાળવામાટે ઉદ્યમ કરે છે આનો ઉત્તમ ઉપાયરૂપ ગુણ, લક્ષ્મીથી, વિદ્યાથી, મોટાઇથી, કુળથી, શીલથી, કે બીજા કશાથી મળતો હોય એમ નથી એ તો કોઇ દૈવી કૃપાથી અથવા ઐશ્વરી અશથીજ મળે છે આપણે એના પ્રકારનો અભ્યાસ કરીયે તો અભ્યાસના બળથી આપણે પણ એ લાભ મેળવી શકિયે, કેમકે મનુષ્યને કોઇપણ વસ્તુ અલભ્ય નથી વળી એવુ સ્મરણ છે કે તેમા જ

નિશ્ચયની છાપ પ્રથમ પડે છે તે છાપ પછી મરણપર્યંત ટળતી નથી માટે પેહે-લાંથી સારા નિશ્ચયની છાપ તેમાં પડવા દેવી. વ્યવહારમાં પણ પાસેપાસેના સબંધોની વાતોમાં વિક્ષેપ થાય તેવા નિશ્ચયો મનમાં લાવવા નહિ. કોઇ કોઇ ખરાં કારણો પણ ખોટાં સમજીને તેને જતાં મેલવાં તો તેથી પરિણામ બહુ સારૂં આવે છે. અને કાંઇ પ્રતિકૂળતા ભાસે તો આપણમાં અવગુણ હોવાથી આપણી મુર્ખતાથીજ એમ ભાસે છે એમ માનવું તો સંસારનું પૂર્ણ સુખ મળે છે. ઇશ્વરે આપેલો સબંધ સબંધરૂપ ન ગણીને પોતાનું એકલુ શરીરજ સુખી રેહે તેવા ઉપાયો તો કાંઇ કઠણ નથી કેમકે એતો પશુઓમાં પણ પ્રાપ્ત છે. માણસ એવું નામ પડ્યું એટલે હળી મળી રહી એકબીજાના સુખદુઃખમાં ભાગ લેવાનું એની મેળે પ્રાપ્ત થાય છે. જે માણસ પોતાના કુટુંબમાં હળી મળી રહિ તેઓના સુખદુઃખમાં ભાગ ન લહે તે જગત્‌ને બીજાના શા ઉપયોગમાં આવે? અને બીજાના સુખદુઃખમાં શું ભાગ લહે? કાંઇ નહિ. પથ્થર પણ કોઇ દિવસ કામમાં આવે પરંતુ એકલપેટા લોકો એક પોતાના શરીર શિવાય બીજાને કામ આવતાજ નથી. આવે છે એમ માનિયે તો જ્યાંસુધી કુળ, જાતિ, વિગેરેને અનુક્રમે સંતોષ કે સુખ આપનારા ન થયા તો પછી ગામ, કે દેશ, કે વિદેશને કાંઇ લાભજનક થયા તોપણ ન થયા બરાબર છે. પણ આ બધું જો પેહેલાંથી ભ્રાંતિજન્ય ખોટો નિશ્ચય હૃદયમાં પેશી ન ગયો હોય તો કાંઇ બનતું નથી કાંઇક કદિ વિપરીત ભાવ દૃષ્ટિયે પડે તો જગત્‌માં એમજ રીત છે એમ ધારી લઇ પોતાનું શ્રેષ્ઠ પ્રયત્ન છોડવુ નહિ જોઇએ. મહત્તા સુખ ભોગવવામાં નથી, પણ પોતાના અને પછી પારકાને માટે દુઃખ ભોગવવામાં અને પોતે દુઃખ ભોગવી તેઓને સુખ આપવામાં છે એમ જગતમાં ઘણા દાખલા ઉપરથી જણાય છે આટલામાટે અમારો મત એવો છે કે વ્યવહારમાં કોઇપણ જાતનો નિશ્ચય ભ્રાંતિથી બાંધવો નહિ. ભ્રાંતિથી થયેલા નિશ્ચયોથી કોઇરીતે વ્યવહારમાં સુખ થતુ નથી. પરમાર્થ વિષયમાં પણ જન્મમરણાદિ દુઃખો ભોગવવાં પડે છે તે ભ્રાંતિજન્ય નિશ્ચયથીજ ભોગવવાં પડે છે. માટે પરમાર્થ વિષયમાં પણ ખોટો નિશ્ચય દેહની સત્યતા વિગેરે જે બંધાય છે તે ન બંધાવા દેતાં, જગત્‌ના સ્વરૂપનો શોધવો. અને ઇશ્વરનો ખરેખરો નિશ્ચય બાંધવો જેથી ફરીને ભ્રાંતિજન્ય સંસાર પ્રાપ્ત થાય નહિ. આ સઘળુ એક મનવડે થાય છે. એ મહા સર્વજ્ઞ; અતિ ચપળ, અને બંધ મોક્ષ આપવામાં સહાય થનારૂં મન વશ રાખવું

જોઇએ, અને તેની મૂર્છિત દશા કરી નાખવી જોઇએ કેમકે मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो: (મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ મનજ છે) એમ મહાત્માઓ નિરંતર સાક્ષી આપે છે અનુભવ કરતાં પણ એમજ સિદ્ધ થાય છે જગત્‌માં વશ કરવાના પદાર્થો અનેક છે ક્રૂરમાં ક્રૂર પ્રાણીમાં સિંહ જેવા પ્રાણીઓ પણ માણસો આશ્ચર્ય થાય એવી રીતે વશ કરે છે પણ એક પોતાનું મન વશ કરી રાખતા નથી તેમ એ વશ કરવું ઘણુંજ કઠણ છે, એ પણ આપણે આપણા અનુભવથી અને શાસ્ત્રના બોધથી જાણિયે છિયે તોપણ તેને વશ કરવાની પણ કળ હોય છે કળથી જે કામ થાય છે તે બળથી નથી થતું શમ દમ વિગેરે સાધનોએ મન વશ કરવાની ઉત્તમ કળ છે એ ઉત્તમ સાધનરૂપ કળથી તેને નિર્બળ કરી પોતાને સ્વાધીન કર્યું એટલે પછી જ્યાં જાશે ત્યાં સઘળા ઉત્તમ નિશ્ચયોજ કરવામાં આગળ પડશે શમ, દમ, શ્રદ્ધા, ઇશ્વરભજન વગેરે પવિત્ર સાધનોરૂપ કળ પૂર્વપુણ્ય અને ઇશ્વરકૃપા સાથે સદ્વિચારથી સુઝે છે અને તે પ્રમાણે જે તે શ્રેષ્ઠ સાધનોરૂપ કળ નથી સુજતી તો તે મહા નીચ સ્વભાવનું મન મનુષ્યમાત્રને પછી ગમે તો વિદ્વાન હોય કે મૂર્ખ હોય પણ સર્વને ખોટા નિશ્ચયો ઉપર લઇ ગયાવગર રેહેતું નથી મન મૂર્છિત થવું એ પરમ પુણ્ય વિના બનતું નથી તેથી જગત્‌માં અવળા નિશ્ચયો નિરંતર નજરે પડે છે એ વાત આ ઉપરથી પ્રત્યક્ષ જણાઇ રેહે છે માટે ઇશ્વર પાસે હવે પ્રાર્થના કરિયે છિયે કે હે દીનબંધો ! સર્વ પ્રાણીઓના મના અંતઃકરણ કરો કે જેથી તેઓના નિશ્ચયો પોતાને અને સર્વને વ્યવહાર તથા પરમાર્થમાં સુખ આપનારા થાય

સંસાર સાગરના સંબંધમાં પ્રભુપ્રાર્થના

૧

રુચિરા છંદનો ઢાળ *

નામળિયા લંઠ તુટી જાતાં, તરણી¹ જાય તણાતી રે,
ભવસાગરના ભર દરિયામાં, હાલકડોલક થાતી રે,—૧૦
મેઘાડંબરવાળું અંબર, ચિત્ત ચપલ આ ચમકે રે,

---

* જય નારાયણ જય પુરૂષોત્તમ એ ચાળામાં લાવણી ઠુમરી, દેશી ગરબો, વિગેરેમાં અનેક રાગમાં ગવાય છે ૧ તરણી એટલે હોડી સમજવી

આવેલા પાન્થનું પુસ્તક લઇ બુદ્ધિધનને આપે છે. અમાત્ય પાન્થને બોલાવે છે. પાન્થ આવતાં તે સાથે થતો આલાપ સરસ્વતીચંદ્રની મહત્તા દેખાડે છે.

"હું બોલ્યાવગર જોઇ શકું છું. કાને સાંભળેલું મનમાં રાખી શકું છું. જાતે રંગાયાવિના રંગ જોઇ શકુછું" આ ઉત્તરમાં કેટલું ગાંભીર્ય છે તેમહાવિદ્વાન્ અથવા તે વૃત્તિને અનુભવનારજ જાણી શકે. એક "અનુભવાર્થી" ના મુખમાં આજ શબ્દો અને મનમાં આજ દૃઢ વિચાર શોભે. આપેલા ઉત્તરો ઉપરથી બુદ્ધિધન જેવા ચતુરે જાણી લીધુજ હોવું જોઇએ કે આ નવીન, નવીનચંદ્ર કોઇ સારો વિદ્વાન, નિષ્કપટ, નિષ્પાપ, સીધો અને સદ્ગુણી પુરૂષ છે. આટલું જાણવા પછી તે, વધારે પ્રશ્ન કરતાં આ સમાનજ ઉત્તર મળશે જાણી, પ્રશ્ન ન કરે તો તે સંભવિત છે તેની પરીક્ષા કરવાને આટલો આલાપ પૂર્ણ છે.

અમાત્ય અને કાર્યભારીના ઘરની પરોણાગતની સરખામણી પણ બેય પુરૂષોમાં કેટલી ભીન્નતા છે તે દર્શાવે છે. નવીનચંદ્ર પોતાના થતા સત્કારથી આનંદ પામતો, પોતાની વિદ્યાનો પટ તેમના મન ઉપર બેસારે છે. યજમાનો તેની વિદ્વત્તાથી આનંદ પામી તેને ધર્મશાલામાં જવાને બદલે ઘરમાં રહેવા આગ્રહ કરે છે. તે કબુલ કરે છે.

હવે અનુભવાર્થી, અનુભવાધ્યયનનો પ્રથમ પાઠ લેવાને રાત્રિસમયે અમાત્યના ઘરમાં એક ઓરડામાં બેસે છે. બે પાસેથી બે મંડળ ભિન્ન ભિન્ન પાઠ આપે છે. નવીનચંદ્ર જેવા વિદ્વાન જ બે પાઠનું સાથે અધ્યયન કરી અવધાન કરી શકે. સામાન્ય શક્તિના મનુષ્યની શક્તિની સીમાને ઉલ્લંઘન કરનાર આ કાર્યછે. પુરૂષમંડળ રાજ્યખટપટનો પાઠ શિખવે છે. શઠરાયની દુષ્ટતાદર્શક પ્રવેશ, આ પ્રવેશ જેવો, બીજો મળવો કઠિન છે. કર્તાએ લેખિનીને સારી પેઠે કબજામાં રાખી યોગ્ય રીતિએ છુટ આપી છે દેશી રજવાડાઓના કાર્યભારીઓ વચેનો સંબંધ કેવો હોય છે, વૈરભાવ તેમનામાં કેટલુ પ્રબળ રાખે છે, અને એકબીજાનો અંત આણવા કેવી યુક્તિ પ્રયુક્તિ થાય છે તેનુ આ યથાયોગ્ય ચિત્ર છે. એક મનુષ્ય એક અંગનો રેહી બીજાને અંગનો છુ એમ, નહિ હોવા છતાં કેવી રીતે દર્શાવે તથા કેવો પ્રીતિપાત્ર થાય એ નરભેરામનું પાત્ર ઘણી સારી રીતે બતાવે છે. આ પુરૂષનું ચિત્ર પાડવામાં પણ કર્તા એ ઘણી ચતુરાઇ દેખાડી છે ભૂપસિંહ વિશ્વાસ પાત્ર મનુષ્ય કહેવાય કે નહી? અંતે એક ટેકી નીકળે છે, પરંતુ સાંપ્રતમાં બુદ્ધિધનને શકા થાય છે; અને આવા વિષમના સમયમાં શકા થાયજ. નરભેરામ અમાત્યને ઘેરથી

ગયા પછી અમાત્યની સ્થિતિનુ ચિત્ર તે આ પાઠનુ મનન છે મનન થતા રા જ્યાનુ સ્વરૂપ આવી, નિઃાપ તથાપિ દોષ નકાયુક્ત મનને ઠીક પશ્ચાત્તાપ કરાવે છે મજ્જનને ઉપદેશ લેવા યોગ્ય આ વસ્તુ છે, કારણ દોષયુક્ત દુર્જન આ અવસ્થાને પોચે એ માનવુ અશક્ય છે બુદ્ધિધનના મનના સર્વ ઉદ્વેગ દેવી પાસે આવતા શાંત થાય છે, અને તે સાથે અનુભવાર્થીનો અનુભવાધ્યયનનો પ્રથમ પાઠ પૂરો થાય છે વિષય નવો અને શિક્ષ તે વિષયમા બહુ પલોટાયલો હોવાથી, તથા અર્થીને અધ્યયનમા લાગતી કઠિનતાનો અનુભવ તેને ન હોવાથી, ઘણી વાત થોડામા સમજાવે છે આમ થવાથી શિખનારને વિષયગ્રહણમા બહુ યત્ન કરવો પડે છે, પરતુ અતે કેટલીક શકાને નકારૂપેજ રહેના દઇ પાઠ પૂરો કરે છે

૬ હવે બીજો પાઠ શરૂ કરીએ શિખનારને પ્રથમ પાઠ બહુ કઠણ લાગ્યો પણ બીજો તેવો નહી લાગે, કારણ તે પાઠ કાઇક સરલ છે તેમ પોતે તે પાઠ ક્યાંઈ વાચ્યો હોય તેવો આભાસ પણ શિખનારમા રહેનો છે શિખનાર જાણે છે એમ વારી કતાએ આ પાઠ આટલો ટુકો કર્યો? ધ્તો ધારત તો એને પણ પ્રથમ પાઠ જેટલોજ લાબો કરી શકત, પણ જેવી એનો ઇચ્છા વિષય શિખનારને કાઇક જાણિતો હોવાથી અને શિક્ષકની શિખવવાની શૈલી સારી હોવાથી થોડામા ઘણુ સમજાય છે આ વિષે વિશેષ વિવેચન કરવા જરૂર નથી, કારણ પ્રફુલ્લિત માનસિક સ્થિતિવાળા પ્રત્યેક મનુષ્યને આ વિષયનુ અધ્યયન કોઇ નહિ તો તેનુ પ્રારમ્ભજ કરાવે છે

આ વિષયોનુ મનન કરતા કરતા **નવીનચદ્ર** નિદ્રાવશ થાય છે ત્યારપછીના બનાવનુ ચિત્ર જોતા જરા વિચારમા ઉતરવુ પડે છે "ગામ ત્યા ઢેઢવાડો હોયજ" એ કહેનત આપણે બહુવાર સાભળીએ છીએ પ્રાચીન કવીઓ અલકારિક લખાણમા ચદ્રને કલકિત ઠરાવી તેના કલકિતત્વનો ઉપયોગ કરવામા બહુ આનદ માને છે, પણ મનને મથી ઉડો તર્ક કરતા એમ જણાય છે કે "સર્વ વસ્તુમા ન્યૂનાધિક પણ કલક અથવા દોષ હોય છે" એ રીતે વ્યાપ્તિ વાક્ય ધારી શકાય નહી ઘણે અશે તેમ છે, પણ ઘણે અશે લાગુ પડતો નિયમ સર્વાશે લાગુ પાડવો એ યોગ્ય ન કહેનાય કદાપિ કોઇ વિદ્વાન્ બહુ મથન કરી સ્વકીય વિચાર મર્યાદામા આવતા સર્વ વિષયોમા દોષ દર્શન કરાવે તો તે શક્ય છે પરતુ તે વિદ્વાનની મર્યાદામા આવતા વિષયોનો સમૂહ જગત્‌મા સર્વત્વને પામ્યો થાય એ માનવુ અશક્ય છે આ રીતે તેની વિચાર મર્યાદાની બહાર ર

હેલા વિષયોમાં કોઈ નિષ્કલંક નહિ હોય એમ કેમ મનાય. તે શેષ રહેલા વિષયોમાં કોઇએક નિષ્કલંક હો અથવા ન હો તે શંકાસ્પદ છે. ત્યારે આ શંકાનો લાભ કલંકત્વને આપવો અને નિષ્કલંકત્વને ન આપવો, એટલો મોટો પક્ષપાત વિદ્વાનોને શામાટે જોઇએ? ઉપર લખેલી થોડીક લીટીયોમાં જેનું ખંડન કર્યું, તે દોષને મંડનરૂપે ગણી ચર્ચા ચલાવતા કેટલાક વિદ્વાનો (!!!) પ્રત્યે આટલું બોલવું યોગ્ય ધારી હવે આપણે આ ગ્રંથમાં કનિષ્ઠ અને વિદ્વાન વર્ગને અનિષ્ટ લાગે તેવા પ્રકરણ ઉપર વિચાર કરીએ. તે પ્રકરણ પાને ૯૪ ઉપર "અમાત્યનાં ઘરમાં કલાક એક સુધી * * * *" ત્યાંથી આરંભ થઇ નવમા પ્રકરણની સમાપ્તિએ સમાપ્ત થાય છે. આ પ્રકરણ વિશે ટીકા કરતાં એક વિદ્વાન્ ટીકાકાર કહેછે કે એ પ્રકરણ આ ગ્રંથમાં નિરર્થક છે, અમે તેને ઘણે અંશે મળતા થઇએ; પણ કર્તાએ ગ્રંથમાં દાખલ કરી સાર્થક ગણેલા વિષયને નિરર્થક કહીને બેશી રહેવું એમાં ટીકાકારની સાર્થકતા નથી. સામાન્ય જન ગ્રંથની યોગ્યતામાટે વિદ્વાનોનાં મત ઉપર આધાર રાખે છે, પરંતુ કાંઇક વિદ્યાના અંશવાળા અને કેટલેક અંશે તર્ક શક્તિ ધરાવનારા પુરૂષો, વિદ્વાનોએ જણાવેલાં મતને તેજ વિદ્વાનોના તે મતની પુષ્ટીમાં જણાવેલા વિચારો જાણવા ઉત્કંઠા રાખે છે. આ તેમની ઉત્કંઠા સફલ કરવી એ સર્વ વિદ્વાનોનું કામ છે. (આમ લખી આ લખનાર પોતે એ પ્રકરણ ઉપરના પોતાના વિચાર લખે તો તે પોતાને વિદ્વાન્ ઠરાવવાની ઇચ્છાથી નહીજ, પરંતુ પોતાના વિચારો સ્પષ્ટ જણાવી થોડું બોલનારા વિદ્વાનો પાસે પોતાના વિચારોની યોગ્યાયોગ્યતાનું પરીક્ષણ કરાવવા માટેજ)

આ પ્રકરણ ગ્રંથની મધ્યમાં મુકી કયા પાત્રનો જનસ્વભાવ દર્શાવવાની ઉત્કંઠા હશે તે જાણવુ અશક્ય છે. એમાં મુખ્ય ભાગ લેનાર પાત્રો, અલકકિશોરી શઠરાયનો સિપાઇ જમાલ, નાયક નવીનચંદ્ર, અને બુદ્ધિધન એટલાંજ છે. તેની સહાયતામાં આવતાં પાત્રોનું વિવરણ કિંચિત્ માત્ર પણ થતું નથી. ઉપર કહેલાં ચાર પાત્રોના સ્વભાવનું પણ વિવરણ કરવામાં આ પ્રકરણની જરૂર ગણવી કે નહિ એ શંકા છે. પ્રથમ અલકકિશોરી માટે વિચાર કરીએ. સૂર્ય પોતે તેજસ્વી છતાં પાછલ રહે છે, અને તેના તેજથી તેજસ્વી થતો અરૂણ મહત્વને પામવા જતાં તેના તેજમાં ઢંકાઇ જાય છે. તેમ શુદ્ધ, સત્વગુણી, પવિત્ર, દેવીમાંથી ઉત્પન્ન થએલું તેજ દેવીની મહત્તાને પણ એક કોરે મુકી પોતામાંજ મગ્ન રહે છે. તેનો મદ ભાંગવા આ પ્રકરણની જરૂર પડી હોય. (અપૂર્ણ)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૬ મુ | જ્યેષ્ઠ, સવત્ ૧૯૪૪. | અંક ૮ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

गौरक्षणाविषे पद

ગૌરક્ષણપર પ્રીતિ, કરો જન ગૌરક્ષણપર પ્રીતિ ટેક
અન્ય કરો સાધન જે સુખના, તે ભૂલો છો ભીત — કરો
આ અવનીમા ગાય ન હત તો, સુખપય ક્યાથી પ્રીત — કરો
દક્ષિણ ગૌરક્ષણમા ન રહ્યા, તેથિ થયા ભયભીત, — કરો
વન બળ બુદ્ધિ ગયા કરમાથી, હિતથી નિત્ય રહીત, — કરો
પરવશતા પામ્યા સહુમિ ડે, નબળી થઇ ગઇ નીતિ, — કરો
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર મહુ, રાજા રંક અતીત, — કરો
એનુ રક્ષણ હોત થયુ તો, યમકિંકર પણ ભીત, — કરો
હાવ હજી છે સમય તમારો, પામો ઉદય અમિત, — કરો
કેશવ ગૌરક્ષણ ન થયુ તો, હોય દશા વિપરીત — કરો

शिखरिणी

हरिहरनु ध्यान करवा विषे

ખુવી બાલ્યાવસ્થા અણસમજમા ખોઇ અમથી,
યુવાવસ્થા પ્રીતી યુવતિજનમા એકમનથી,
પ્રિયાની ચિંતાએ નિશદિન રહે ચિત્ત ફરતુ,
હવે તો હેતેથી હરિહરતણુ ધ્યાન ધર તુ ૧
સુખે ખાવુ પીધુ ખરચ પણ ખાતે બહુ કર્યું,
પ્રયત્ને પ્રેમેથી પ્રિયજનતણુ પેટજ ભર્યું,
ત્રિવા તાપે તારુ તન મન રહે છે ઉતરતુ,
હવે તો હેતેથી હરિહરતણુ ધ્યાન ધર તુ ૨

કર્યાં કૂડાં કર્મો કૃપણ પણ તેં પેટ ભરવા,
ન શીખ્યો તું શાણા ભવજલધિને ભાઈ તરવા;
નકામાં કામોમાં નરતન કર્યું સાવ નરતું,
હવે તો હેતેંથી હરહરિતણું ધ્યાન ધર તું. ૩
વિચારી જો વાલા વિષયવિષથી શું સુખ થયું,
અરે અંધારામાં નરતન સખા નિષ્ફળ ગયું;
નથી સુતાંસૂતાં શ્રમ વગર તો કામ સરતું,
હવે તો હેતેંથી નરહરિતણું ધ્યાન ધરી તું. ૪
ફરીને આ આવું નરતન ગયું તે નહિ મળે,
વળે શું આ વિશ્વે ધન-જન-બળે કે તનબળે;
સગું કે સંબંધી નથિ સુખ કશું કોઇ કરતું,
હવે તો હેતેંથી હરિહરતણું ધ્યાન ધર તું; ૫
વિવેક વૈરાગ્યે સકલ મનનો દોષ વિસરી,
સદાચારે ચાલી સુખ સરસ સપાદન કરી;
અહંતા ત્યાગીને તરત મનને રાખ તરતું,
હવે તો હેતેંથી હરિહરતણું ધ્યાન ધર તું; ૬
અરે આ માયામાં મૃગજલવિષે મોહ કર માં,
અરે અજ્ઞાનેથી વગર મરણે મૂર્ખ મર માં;
નથી જન્મ્યું કોઇ નથિ સમજણે કોઇ મરતું,
હવે તો હેતેથી હરિહરતણું ધ્યાન ધરતું. ૭

जाग्रतनी स्वप्न साथे समानता.

આ સ્થાવર-જંગમ જગત્ અથવા તેમાંના નામ-રૂપવાળા પ્રાણી-પદાર્થો અને અનેક ચમત્કારો વિગેરેના અદ્‌ભૂત ભાવો (આપણે પણ તેમાં હોવા છતાં) જેવા હોય તેવા દેખિયે છિયે. જગતની સ્થિતિનેવિષે અનિર્વચનીયતા છે અર્થાત્ તેને સત્ય કે અસત્ય એમ એક રીતે ઠરાવી દેવાય તેમ નથી, અને જગતનું એ પ્રમાણે થતાં તેમાં જે જે કાંઇ સમાયેલુ છે તેની સ્થિતિ પણ તેથી કાંઇ નોખી કલ્પાય નહિ. પણ અહીં વિચારવાનું છે કે એ સઘળું આપણી દૃષ્ટિ આગળ ક્યાં સુધી છે? જ્યાંસુધી આપણી આંખ વીંચાણી ન હોય ત્યાંસુધીજ

છે પછી કંઈ હોય તોપણ નથી અને ન હોય તોપણ નથી જેમકે "सम्मिल्ने नयनयोनहि किंचिदस्ति (આંખનું મીંચાવું થતાં કાંઇપણ નથી) લોકમાં પણ બોલાય છે કે 'આપ ગયે સબ ડુબ ગઇ દુનિયા' જવું શું, આવવું શું, જગત્ ક્યાં? એ વાતો તો ઘણી ઉંડી છે આપણે કોણ અને દેખાય છે શું, તેનો નિર્ણય પણ વાટકામાં શીરામણની પેઠે સેહેલો નથી પણ અહીં તે વિચાર ઉપર દૃષ્ટિ કરવાની નથી અહિં તો જે થાય છે તે 'થાય છેજ' એમ આપણને લાગે છે માટે તે સઘળું કેવા પ્રકારનું સાચું છે તે ઉપર લક્ષ આપવાનું છે

પેહેલા તો એ વિચારી જોવાનું છે કે આપણે ઊંઘી ગયા પછી કોઇ કોઇ વાર જે સ્વપ્ન (સોણું) આવે છે, તેમાં જાગતા જે જોઇએ છિયે તેથી ઓછું દેખિયે છિયે કે વધારે? જે જે જાગ્રતમાં થતા ભય શોક રાગ દ્વેષ હર્ષ ઇર્ષ્યા કામ ક્રોધ લોભ લાલચ વગેરે વિકારો છે તે સઘળા સ્વપ્નમાં થાય છે અને જાગ્રતના જેટલોજ પ્રભાવ દેખાડે છે કે કેમ? હા, જેવી જાગ્રતમાં સ્થિતિ છે તેવીજ સ્વપ્નમાં છે અને જે જાગ્રતમાં અનુભવ થાય છે તેજ સ્વપ્નમાં થાય છે તેમ છતાં જાગ્રતને સ્વપ્નના જેવું કહિયે તો સમજુઓને પણ ગળે ઉતરતું નથી એને એમ થાય છે કે "અરે આતો આપણે પ્રત્યક્ષ અનુભવિયે છિયે અને અનુભવથી થતા ભાવોના સુખ દુઃખ ભોગવિયે છીયે તે, અને સ્વપ્નનો ખોટો દેખાવ, એ બરાબર કેમ હોય? સ્વપ્ન તો એક લેજવાર આવીને આંખ ઉઘડી જાય કે સુષુપ્તિ થાય એટલે પછી ક્યાં રેહે છે? અને આતો નિરંતર આપણે દેખીયે છિયે અને તે સબંધી પ્રસંગે પ્રસંગે વિવિધ પ્રકારનો અનુભવ કરિયે છિયે" આવી રીતે તેની સમજણ હોય છે પણ તે પોતાના નિશ્ચયમાં ખરૂં ખોટું શું છે અથવા તેનું પરિણામ શું છે તે જો શોધકભાવથી વિચારે તો સ્વપ્નમાં અને જાગ્રતમાં કાંઇ પણ ભેદ લાગે નહિં જાગતા જોઇએ તે સાચું એ આપણું માનેલું છે અને ઊંઘમાં જોઇએ તે ખોટું એ પણ આપણું માનેલું છે, તે ઉપરથી સાચું ખોટું અથવા તે બેયની અસમાનતા જે આપણે માની બેઠા છીયે તે મિથ્યા છે એમ શામાટે નહિં? કદિ એમ શંકા થાય કે જાગ્રતમાં ઘણો કાળ છે અને સ્વપ્નમાં થોડો છે તો તેપણ શંકા બરાબર નથી, કારણકે એક ક્ષણમાં કોઇવાર વર્ષ જેટલા કાળનો અનુભવ થાય છે અને એક વર્ષ જેટલા કાળમાં ક્ષણનો અનુભવ થાય છે એ પણ ઐશ્વરી માયાનો મહિમાજ છે ત્યારે સ્વપ્ન છે તે ક્ષણમાત્ર છે એમ શા ઉપરથી કેહેવાય? જેમ જાગ્રત જીવતાંસુધી છે તેમ સ્વપ્ન શું જીવતા સુધી નથી? એ પણ જીવતા સુધી છે આમ છતાં જાગ્રતને જેમ સાચું માનવામાં આવે છે

તેમ સ્વમને શામાટે સાચું માનવામાં આવતુ નથી? અને એમ જ્યારે બન્નેને સરખો લાભ નથી આપવામાં આવતો ત્યારે બનેને ખોટાં ઠરાવવામાં કે માનવામાં શું હાનિ છે? પણ આ વાત જ્યાં કરિયે છિયે ત્યાં લોકોને બહુ આશ્ચર્ય થાય છે અને આપણને ગાંડામાં ગણી કાઢે છે. પરંતુ બને છે એમ કે તેઓ પોતેજ માયાના નિશાથી ગાંડા બની ગાંડાઇને ભોગવે છે. જેમ નિશાવાળાને કોકનેજ પોતે નિશામાં ભોગવેલી ગાંડાઇની ખબર પડે છે તેમ આ ગાંડાઇની પણ કોકનેજ ખબર પડે છે. જ્યાંસુધી આપણને પણ સ્વપ્ન અને જાગ્રતમાં ભેદ જણાતો હોય ત્યાંસુધી આપણે પણ એ વર્ગથી જુદા પડી શકીયે નહિ એ નિર્વિવાદ છે.

માતા-પિતા, ભાઇભોજાઇ, પુત્રકલત્ર વિગેરે સંબધીઓની ખબર પડે છે. સંબંધી સ્નેહી, અને મિત્રનો યથાયોગ્ય કામમાં આશ્રય લઇએ છિયે. આ આપણે બાળક છિયે, યુવા અવસ્થામાં છિયે, અને વૃદ્ધ અવસ્થામાં છિયે; અહીં આપણે લાભ થયો, અહીઆં હાનિ થઇ, આનીસાથે મળ્યા, આજે આ કામ કર્યું, આ વિવાહ થયો, આટલુ ભણ્યા, આટલું કમાણા, આ ઘર, આ કુટુંબ, આ સાચું, આ ખોટું, આ સુખ, આ દુ:ખ, આ હર્ષ, આ શોક, અને આ સર્વ સાચું છે, વિગેરે અનુભવ જે જાગ્રતમાં થાય છે, તેજ પ્રમાણે સ્વમમાં શું નથી થતા? જાગ્રતમાં જાગ્રતના જેજે પદાર્થ વિગેરે હોયછે તેતે સમયના વ્યવહારમાં કામ લાગે છે અને સ્વમમાં સ્વમના પદાર્થ વિગેરે કામ આવે છે: પ્રિય અપ્રિય, કોમળ કઠણ વગેરે સાંભળવાના વિચિત્ર શબ્દવિષયો, ટાઢા-ઉના, કુણા-કઠણ, ખરસટ-લીસા, વિગેરે વિચિત્ર સ્પર્શવિષયો, સુઘડ-બેડોળ, રાતા પિળા, નાનામોટા, કાળા-ધોળા વગેરે રંગબેરંગી જોવાના રૂપના વિચિત્ર વિષયો, ખાટા-મિઠા, મોળા-ખારા, કડવા-કષાયા, વિગેરે વિચિત્ર ચાખવાના રસના વિષયો અને એજપ્રમાણે વિચિત્ર પ્રકારના સારા માઠા સુંઘવાના વિચિત્ર ગંધના વિષયો જાગ્રતમાં જ્ઞાનેન્દ્રિયો ગ્રહણ કરીને જે પ્રમાણે તૃપ્તિ પામે છે તેજપ્રમાણે સ્વમમાં પણ તે તે વિષયોને મેળવીને જ્ઞાનેદ્રિયો તૃપ્તિ પામે છે. કર્મેદ્રિયોનાં કાર્યોપણ કર્મેન્દ્રિયો જાગ્રતમાં જેવા પ્રકારથી કરીને સંતોષ મેળવે છે તેજપ્રમાણે સ્વમમાંપણ મેળવે છે. મરવું, જીવવું, મારવું, હરાવવું, હર્ષ, શોક, રાગ, દ્વેષ, ઇર્ષ્યા, પ્રીતિ, આશા, તૃષ્ણા વગેરે ભાવો જે કામ જાગ્રતમાં કરે છે તેજપ્રમાણે સ્વમમાં કરે છે. જાગ્રતમાં જાગ્રતના પદાર્થો કામ આવે છે અને સ્વમમાં સ્વમના કામ આવે છે. એક-બીજી અવસ્થાના પદાર્થો એકબીજી અવસ્થામાં જતા નથી પણ તે તે અવસ્થામાં

તે તે પદાર્થો અને તેમા થતા વર્તનો કોઇપણ પ્રકારે જુદા પડતા નથી સૂર્ય, ચદ્ર, તારા, પહાડ, પાણી, પર્વત, સમુદ્ર, ઝાડ, પાન, અને સૃષ્ટિસૌંદર્યમાદિ જે જે કાઇ જોઇએ છિયે તે જાગ્રતના પ્રમાણેજ સ્વપ્નમા ક્યા નથી અનુભવતા? વિચિત્ર પ્રકારના પ્રાણિયોના સ્વભાવો પણ જાગ્રત જેટલાજ સ્વપ્નમા દેખાય છે આમ છે ત્યારે સ્વપ્ન અને જાગ્રત સરખા કેમ કેહેવાતા નથી? જો એમ કેહેવામા આવે કે સ્વપ્નમા જોયેલુ જાગ્રતમા નથી કામ લાગતુ માટે ખોટુ છે તો તેનો ઉત્તર એ છે કે જાગ્રતનુ જોયેલુ સ્વપ્નમા ક્યા કામ લાગે છે? સ્વપ્નમા એક નવીજ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે કોઇ એમ શકા કરે કે સ્વપ્ન તો ક્ષણિક છે અને જાગ્રત તો નિરતર છે તો તેનો ઉત્તર એ છે કે એ શકા ખરી છે એમ શા ઉપરથી જનાય? કેમકે જાગ્રતની અપેક્ષાએ જેમ સ્વપ્ન ક્ષણિક લાગે છે, તેમજ સ્વપ્નની અપેક્ષાએ જાગ્રત ક્ષણિક લાગે છે જેમ જાગ્રત અવસ્થામા 'આ જાગ્રત અવસ્થા ખરી છે' એમ જાણિયે છિયે તેમ સ્વપ્નમા પણ અનુભવાતી જાગ્રત અવસ્થા એ સ્થિતિમા ખરીજ છે એમ જાણિયે છિયે જાગ્રતમા જેમ ઘણા વર્ષોનો અનુભવ થાય છે તેમ સ્વપ્ન થયા પછી પણ ઘણા વર્ષોનો અનુભવ થાય છે જન્મના જન્મ વીતી ગયા તેવો પણ અનુભવ સ્વપ્નમા થાય છે શુ જાણિયે કે જેને આપણે જાગ્રત માનિયે છિયે તેજ કદિ સ્વપ્ન હશે તો? કેમકે સ્વપ્નમા 'આ સ્વપ્ન છે' એમ અનુભવ નથી થતો પણ 'આ ખરેખર જાગ્રત અવસ્થા છે' એમ અનુભવ થાય છે, અને સ્વપ્નમા જાગ્રત છે એમ નિશ્ચયની સાથે વળી આ મને સોણુ થયુ, આ જાગી સ્વપ્ન અવસ્થા થઇ, એમ એક અવસ્થામા બીજી અવસ્થા ભાસે છે આની માયાની વિચિત્રતામા જે જાગ્રતને આપણે જાગ્રત અવસ્થા લેખિયે છિયે તેજ અવસ્થા સ્વપ્ન અવસ્થા હશે તો તેનો ઈશ્વર વગર બીજો કોણ સાક્ષી છે?* કેમ કે બેય અવસ્થામા સર્વ પ્રકારના પદાર્થ અને ઉત્પન્ન થતા ભાવો એકસરખા હોય છે સ્વપ્ન ક્ષણિક માનવુ તો જાગ્રતપણ સ્વપ્ન થયુ એટલે ક્ષણિકજ છે, કેમકે સ્વપ્નની જાગ્રતનો નાશ થાય છે એકબીજી અવસ્થા એકબીજી અવસ્થાનુ નિરતરપણુ મટાડે છે, માટે એકને ક્ષણિકતા છે તો બીજીને પણ ક્ષણિકતા પ્રાપ્ત થાય છે બે અવસ્થામા જેને આપણે ખોટી સ્વપ્ન અવસ્થા ગણી છે તેજ અવસ્થા જેવી આ અવસ્થા પણ છે, એ પ્રત્યક્ષ છે સ્વર્ગવાસી થયેલા સ્નેહીઓ, સબધીઓ અને ઓળખીતા માણસો સ્વપ્નના માણસો જેમ કામે લાગે નહિ

* જેમ સ્વપ્નમા જાગ્રત છે એમ ભાસ થાય છે તેમ જાગ્રતમા આ સ્વપ્ન છે એમ પણ કોઇ વેળા ભાસ થાય છે

તેમ કામ લાગતાં નથી. એતો મરેલાંની વાત કહી પણ હયાત રહેલાં સ્નેહી સંબંધી વગેરે માણસો પણ દેશ-કાળના અંતરાયથી ક્યાં કામ લાગે છે? કામે લાગવું તો રહ્યું પણ સ્મરણમાત્ર પણ તેઓનું ક્યાં નિરંતર થાય છે? કહો ત્યારે સ્વપ્નમાં અને આમાં શો ફેર? આ નિરંતર, આ ક્ષણિક અને આ જાગ્રત તથા સ્વપ્ન આપણેજ કલ્પી લીધેલું જણાય છે. બાકી ખરૂં જોતાં કાંઇ નથી અને જો છે એમ ધારો તો અનિર્વચનીય છે. ત્યારે જાગ્રતને સત્યમાની બેશીને શામાટે બંધનમાં પડવું જોઇએ. સ્મરણશક્તિ પેહેલાં તો ચક્ષુમર્યાદામાં જે જે કાંઇ પ્રિય-અપ્રિય પ્રાણી-પદાર્થ હોય તેનું સ્મરણ આપે છે. અને વધારે બોલિયે તો જે કાંઇ હાથ વગેરે અંગોથી કરવામાં આવતી ક્રિયાઓ હોય તે ક્રિયાના અંગમાં આવતા પ્રિય-અપ્રિય પદાર્થોનુંજ સ્મરણ કરાવે છે. સ્મરણ એટલે જે પદાર્થ પાસે ન હોય તેમ છતાં તે પદાર્થ હૃદયારૂઢ થાય તેનું નામ સ્મરણ કહેવાય છે. પારો હોય તે હૃદયથી ખશી ન જાય તે તો સ્મરણશક્તિ જેવીજ ધારણાશક્તિ છે. એક વસ્તુ કે વિચાર મનમાં હોય ત્યાંસુધી બીજો આવતો નથી અને બીજો આવે ત્યારે પ્રથમ હોય તે જતો રહે છે. ક્યાંઇ ક્યાંઈ એકસાથે વિવિધ વિચારો આવ્યાનો ભાસ થાય છે એ અસભવિત છે, પણ આવેલા વિચારો બુદ્ધિબળથી થોડી વાર એકઠા રાખી શકાય છે તેથી એવી ભ્રાંતિ થાય છે. આપણે એમ કહિયે કે અમુક પદાર્થ નિરંતર પ્રિય અને ઉપયોગી છે; પણ તેનું નિરતર પ્રિયપણું અને ઉપયોગીપણું નિરંતર નથી, પણ તેને સમયે તેનું પ્રિયપણું અને ઉપયોગીપણું છે અને તે અસખ્ય દાખલાથી જણાઇ રેહે છે. આપણે હાથમાં લેખણ લઇને પાળીથી તેની ટાંક કાંપતા હોઇએ તે સમયે આપણી સ્મરણશક્તિ આગળ લેખણ આંગળી અને પાળી એ ત્રણ પદાર્થ શિવાય કાંઇપણ અંતઃકરણમાં સ્ફુરતું નથી. જેનાવિના પ્રાણ ધારણ કરવા કઠણ થઈ પડે એવો પદાર્થ પણ તે સમયે સ્મરણમાં હોતો નથી, ત્યારે પછી નિરંતરપણું ક્યાં રહ્યું? જે પદાર્થ વિગેરે પાસે ન હોય તેનું પ્રસંગે સ્મરણ થાય તે સ્વપ્ન બરાબર છતાં લોકો તેમ માનતાં અચકાય છે. સ્વપ્નમાં દીઠેલાં સંબંધી જાગ્રતમાં કામ નથી લાગતાં તેમ જાગ્રતનાં સંબંધી જાગ્રતમાંપણ પાસે ન હોય તો કામ લાગતાં નથી,ત્યારે સ્વપ્નમાં અને જાગ્રતમાં શો ફેર પડયો? એક અરણ્યમાં ચાલ્યા જતાં ગ્રીષ્મ ઋતુના તાપથી મૂર્છા આવી જતાં કોઇ વટેમાર્ગુ આવીને પવન નાંખે કે પાણી પાય એ વખતે વહાલામાં વહાલાં સંબધી કે સ્નેહીયો સ્મરણમાં કદિ આવે તો પણ સ્વપ્નનાં સબધીઓથી વધારે શું કામ આવે? સ્વર્ગવાસી થયેલાં સંબધીઓનું

સ્મરણ થાય ત્યારે તેઓ હયાત નથી એવુ ધારી ખેદ કરિયે છિયે અથવા તે હવે સ્મરણ કરવામાત્ર છે એમ સમજીયે છિયે અને જેઓ આયુષ્યવાળા છે તેમનુ સ્મરણ થાય ત્યારે તેઓ વર્તમાન છે એમ માની સતોષ પામિયે છિયે આમ આપણે માનિયે છિયે ખરા પણ તે બન્ને પાસે ન હોવાથી સ્મરણનેજ પાત્ર હોવાથી એ સમયે સમાનજ સ્થિતિના છે, પણ તે સૂક્ષ્મ વિચાર કર્યાવગર જણાતુ નથી આયુષ્યવાળા સ્નેહીઓ સબધીયો છે અને તેને ફરી મળવાની આકાક્ષા છે એટવે એ ધારણાથી તેમા સત્યપણુ ભાસે છે પણ તે પણ પાસે ન હોવાથી સ્વપ્નમા જોયેલા સબધી જેવાજ સબધી કેમ નહીં? આ જે કાઇ જોવાય છે અને જેને આપણે જાગ્રત સ્થિતિ માનિયે છિયે તે સ્વપ્નજ છે અથવા સ્વપ્ન જેમ અસત્ય અને ક્ષણિક છે તેમ આ પણ અસત્ય અને ક્ષણિક છે જન્મથી માડિને સમજણા થયા ત્યારથી નોખાનોખા પ્રસગમા વિચિત્ર પ્રકારના અનેક સુખ ભોગવ્યા હોય અને અનેક લાવો લીધા હોય તે આજે સ્મરણ કરી જોતા સ્મરણમાત્રજ છે એ તો શુ પણ કાલે લીધેલો લાભ કે અનુભવેલુ સુખ પણ સ્મરણમાત્ર છે એથી વધારે વિચાર કરિયે તો એક નિમિષ પેહેલા લીધેલો ગમે તેવા સુખનો અને ભારે દુ ખનો પણ અનુભવ તે સ્થિતિ વીતી ગયા પછી સ્મરણમાત્રજ છે આવા કાળના અનિર્વચનીય મહિમાનેલીધે સઘળુ જે કાઇ છે તે સ્વપ્ન સરખુજ પ્રતીત થાય છે, આમ છતા પણ લોકો જાગ્રત સ્થિતિને સત્ય માની અધિક અધિક સુખ ભોગની તૃષ્ણા બાધતા રહે છે પણ જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ સવ અનુભવો 'કાઇ નથી' એવી સ્થિતિમાં સ્મરણરૂપે રહે છે ત્યારે જે કાઇ આશાઓ બાધી દુ ખના પાત્ર થવુ એ ક્યા પ્રકારનુ ચતુરપણુ કેહેવાય તે સમજાતુ નથી અહો ઐશ્વરી માયાનો પ્રભાવ કેવો અનિર્વનીય છે કે આદિમા મધ્યમા અને અતમા જે કાઇ દેખાય છે અને જે કાઇ થાય છે તે સ્વપ્ન સમાન હોવા છતા તે સત્યરૂપ ભાસે છે, અને સત્યરૂપ ભાસવાનેલીધે પ્રાણીઓને અનેક પ્રકારના બધનો થાય છે એ બધનો પણ સ્વપ્નના બધન જેવા ગણવામા આવે તો તો હજી પણ ઠીક પણ તે બધનો પણ સત્યભાવનાથી થયેના હોવાથી સત્યરૂપ લાગે છે જાણે કે કાવરાજ એક મોટા સુશોભિત મડપમા મુખ્ય આસન ઉપર આપણે બીરાજી સર્વ વિદ્વાન વર્ગો તરફથી મોટુ માન મેળવ્યુ છે અને તે ધામધુમ થઇ રહ્યા પછી રાત્રીમા જાણે કે કોઇ રાજ્યાસનનો અધિકાર મળ્યો છે એ બેય વાતોનો હમણા વિચાર કરિયે તો બેય વાતો સ્મરણમાત્રજ સત્ય છે જે કાળમા સારો માઠો કે ગમે તે પ્રકારનો અનુભવ થાય છે તે અનુભવ તે વખ-

તેજ પોતામાં રહેલી સત્તા પ્રમાણે હર્ષ શોક અથવા જે કાંઇ તે પ્રસંગને ઘટતું અનુભવાવવું જોઇએ તે અનુભવાવે છે. તે વેળા વીતી એટલે જાગ્રત કે સ્વપ્નના અનુભવ થયેલા પ્રસંગનું સ્મરણમાત્રજ નહિ જેવું રહે છે. અનુભવેલા અનુભવનો પછી શતાંશ પણ અનુભવમાં આવતો નથી, અને એમ હોવાથીજ સુખ ભોગવવાની તૃષ્ણા મનુષ્યને મટતી નથી તથા તૃપ્તિ થાતી નથી અને દુઃખ ભોગવતાં થાકી જતાં નથી. ચમત્કાર તો જુવો કે એક સો વર્ષસુધી પ્રતિદિવસ ભોગવેલાં નવાં નવાં દુઃખો પણ જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ અનુક્રમથી સ્મરણમાત્ર થતાં જાય છે અને કાંઇક સુખ મળે છે કે તે સર્વ ભુલાઇ જવાય છે, અને સુખના સમયમાં સુખજ સર્વ સ્થળે દૃષ્ટિએ પડે છે. તેજ રીતે સો વર્ષ ભોગવેલું વિવિધપ્રકારનું સુખ જેમ જેમ કાળ વીતતો જાય તેમ તેમ અનુક્રમે ભુલાતું જવાય છે અને અચાનક કાંઇ સહો દુઃખ આવી પડે તો તે ભોગવેલું સુખ નહિ સ્મરણમાં આવતાં દશેદિશા દુઃખરૂપજ લાગે છે. એ દુઃખ પણ અને સુખ પણ ક્ષણે ક્ષણે વિસરાતું જવાય છે. અને સમય પ્રમાણે નવું નવું અનુભવાતું જવાય છે અને તે પણ ભુલાતું જવાય છે. એમાંથી સાર શોધતાં સર્વવાતે અનિત્યતા શિવાય બીજું કાંઇ અનુભવમાંજ આવતું નથી. કહો હવે આ જાગ્રતનો ખેલ આપણે જોયો તેજ પ્રમાણે સ્વપ્નમાં છે કે કાંઇ ફેર છે? એમાં પણ એમજ છે. ફેર માત્ર આપણા માનવામાત્ર છે. કેમકે એક સ્થિતિને આપણે ખરી અને બીજીને ખોટી ઠરાવિયે છિયે આપણે ધારિયે તો બેયને ખરી અથવા બેયને ખોટી શામાટે ન માની શકિયે? માયાનો મોટો પ્રભાવ તો એ છે કે ફળપ્રાપ્તિ સઘળી માનવા ઉપરથી થાય છે. દુઃખ ન હોય ને દુઃખ ભોગવવું પડે છે એમ લાગે અને સુખ ન હોય તેમ છતાં સુખ મળે છે એમ લાગે એ પણ માનવાનું પરિણામજ છે બીજું શું? કેમ માનવાથી લાભ છે તે કાંઇ બીજેથી જાણવાનું નથી. શંકા સમાધાન બધું પોતાપાસેથીજ મળી શકે છે એવી અદ્ભુત રચના છે. સ્વપ્ન અને જાગ્રતની સમાનતા દેખાડીને જે કર્તવ્ય છે તે કાંઇ વ્યવહારને બગાડવાનું નથી પણ સુધારવાનું છે. પરતુ તેટલી સ્થિતિ સુધી પોહોચી શકવું જોઇએ. જાગ્રત એ સ્વપ્ન અવસ્થા સમાન થતાં અને દેખાય છે તે સર્વ સ્વપ્ન સમાનજ થતાં આ શરીર પણ સ્વપ્નના શરીર સમાનજ થશે. એટલે પછી વ્યવહારમાં કેમ ઉપયોગ કરી લેવો તે બુદ્ધિમાનને બતાવવું પડે તેમ નથી. કાંઇ નથી અને સર્વ નિત્ય લાગે છે, અસત્ય છતાં પણ સર્વ સત્ય લાગે છે અને પાછું તે પ્રમાણે આપણું વર્તન થાય છે એ કોઇ અદ્ભુતજ ખેલ

છે કારણનામાટે સૂક્ષ્મ વિચાર કરતા મનવાણી અટકી રહે છે આ વિષય ઉપર વિદ્વાનવર્ગ કે વણિકવર્ગ ઘણુ કરી ઉતરતો નથી, કેમકે એ વિષય કાઇ સુગમ નથી તેમ આરભમા તે વિષય પ્રીતિ ઉત્પાદન ન કરતા નિરસ અને કંટાળાભરેલો લાગે છે પણ જો यत्तदग्र विषमिव परिणामेमृतोपमम् । तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ।' (મનના નિગ્રહને આધીન હોવાથી જે સુખ આરભમા વિષ જેવુ લાગે છે તથા પરિણામે અમૃત જેવુ લાગે છે, તે રજોગુણ અને તમોગુણ રૂપ મેલ રહિતપણાથી થયેલુ સુખ સત્વગુણી કહેવાય છે) એવુ જાણવામા આવે તો અભ્યાસના બળથી આ નિરસ વિષય પણ સર્વ કરતા સરસ લાગે અને જે કાઇ પેહેલા સરસ લાગ્યુ હોય તે પાછળથી નિરસ થઇ જાય પણ કોણ જાણે માયાના બળથી કે કોણ જાણે પ્રારબ્ધના યોગથી કે કોણ જાણે કો૦ અનિર્વચનીય કારણથી સર્વ વિદ્વાન અવિદ્વાન લોકોને પરિણામ ઝેર જેવુ છતા આરભમા અમૃતતુલ્ય લાગે એવુ રજોગુણી વિષયાદિકનુ સુખ કે જે સર્વત્ર (આ લોક પરલોકમા) દુ ખરૂપ થાય છે તે પ્રિય લાગે છે અને નિદ્રા આલસ્ય વિગેરેનુ આદિ અને અંતમા મોહ કરનારૂ તમોગુણી સુખ પ્રિય લાગે છે તેથી આ અમે બરાબર વિચાર કરિયે છિયે કે નહિ તે ધ્યાનમા આવતુ નથી જળનો પ્રવાહ જેવો ચમત્કારિક છે નદીમા જે પાણી દેખાય છે તે એનુએ હોય એમ દેખાય છે પણ વિચારી જોતા અવિચ્છિન્ન પ્રવાહથી એનુએ જણાય છે પણ એનુએ હોય નહિ તેમ કાળ પણ રોજ આપણને એનોએ જણાય છે તે તેના અવિચ્છિન્ન પ્રવાહથી જણાય છે બાકી કાળ કાઇ એનોએ નથી જે કાળ ગયો તે ગયોજ છે અને તે કાળની સાથે અનુભવાયેલો જાગ્રત સ્વપ્નના સુખ દુ ખનો અનુભવ પણ ગયોજ છે જે અનુભવ કાળની સાથે ગયો તે કાઇ ફરી આવતો નથી એ પણ કાળના મહિમામા સમાઇ જાય છે અને આ સવ સમજણ પણ નહિ જેવી અથવા સોણા જેવીજ છે આ વખતે આ અક્ષરો લખાય છે તેથી વર્તતો વિચાર અને અનુભવ અક્ષર કાઢી લેતા અનુક્રમે એનોએ નહિ રહેતા સ્મરણમાત્ર રહી નાશ પામી જાય છે અને બીજો નવો અનુભવ થતો જાય છે કે જે તે પણ તેજ પરિણામવાળો છે જે કાઇ છે તે આ પ્રમાણે સ્વપ્ન જેવુ અથવા સ્વપ્નરૂપ છે અથવા જાગ્રત એ સ્વપ્ન અને સ્વપ્ન એ જાગ્રત હોય તો અનિર્વચનીય છે અને એનુ અનિર્વચનીયપણુ પણ કહી કહિ શકાય એવુ ન હોવાથી કાઇ અલૌકિકજ છે અને આપણે પણ તેની અંદર છિયે માટે એવિષે તદ્રૂપ થઇ મહિમા કરી સસારમા વ્યવહાર ચલાવતા સુખ દુ ખ, રાગ દ્વેષ, હર્ષ શોક, એ આદિ દ્વંદ્વોને

પણ તેરૂપ સમજી તેના પરાભવનું પાત્ર થવું નહિં. અને કદિ પૂર્ણ રૂપને ન પોચાયુ હોય તો એટલું તો સમજી રાખવું કે એ પણ સ્વપ્નની સમાનતાથી અહાર નથી. અર્થાત્ જે કાંઇ જે અવસ્થામાં દૃદધર્મ અનુભવાય છે તે સર્વ કાંઇ નથી પણ કહેવામાત્ર છે અને એમ સમજાયું એટલે પછી સત્ય વસ્તુની પ્રાપ્તિ થયેલીજ પડી છે એ નિર્વિવાદ છે.

स्त्रीपुरुषना अधिकारनी न्यूनाधिकताविषे.

જ્યાં જ્યાં પુરૂષોના સબંધમાં લખાયું છે ત્યાં ત્યાં પુરૂષોનો અધિકાર અધિક જણાવેલો છે અને જ્યાં જ્યાં સ્ત્રીઓના સંબધમાં લખેલું છે ત્યાં ત્યાં સ્ત્રીઓનો અધિકાર અધિક જણાવેલો છે. વિદ્વાનવર્ગ પણ બે પક્ષના થઇને બેય પાત્રને જુદાં જુદાં અધિક અધિકારવાળાં ગણે છે. આ વાત પણ બરાબર છે. સ્ત્રીના સબધમાં જોઇએ તો તેનો અધિકાર પણ ઓછો નથી અને પુરૂષના સંબંધમાં જોઇએ તો તેનો અધિકાર પણ ઓછો નથી, કેમકે સ્ત્રી પુરૂષનું અર્ધાંગ છે અને પુરૂષ સ્ત્રીનું અર્ધાગ છે. સૃષ્ટિનો આરભ જેથકી થયેલો કહેવાય છે તે ઐશ્વરી સત્તા પણ પ્રકૃતિ અને પુરૂષ એવા નામથી કલ્પાયેલ છે. એ પ્રકૃતિપુરૂષવિષે સૂક્ષ્મ નજરથી જોશો તો બેયનો અધિકાર એકબીજાના કાર્યમાં અધિક છે. પ્રકૃતિ પુરૂષવિના નિરર્થક છે અને પુરૂષ (ઇશ્વર) પ્રકૃતિ (માયા) વિના નિરર્થક છે. એ ઉપરથી બેયનો અધિકાર અધિકતા મેળવે છે. આ ઉપરથી સ્ત્રી-પુરૂષના વિષયમાં પણ ધડો લેવાય છે, કે એ બેમાંથી કોની અધિકતા છે. સૌસૌના કાર્યપરત્વે સૌમાં અધિકતા છે. અધિકતા કલ્પતાં જે કાર્યમાં જેની અધિકતા તે કાર્યમાં બીજાની ગૌણતા આવી જાય છે ખરી પણ પુરૂષના સબંધમાં તે ગૌણતા આવતી નથી, કેમકે સ્ત્રીમાં સેવકભાવ છે અને પુરૂષમાં સેવ્યભાવ છે. ઇશ્વરની માયા કહેવાય પણ માયાનો ઇશ્વર કહેવાય નહિ એ વાત અનાદિસિદ્ધ છે. તેમ પુરૂષની સ્ત્રી કહેવાય પણ સ્ત્રીનો પુરૂષ કહેવાય નહિ. એ ઉપરથી સેવ્ય-સેવકભાવ સિદ્ધ થઇ જાય છે, અને જગતમાં પ્રત્યક્ષ રીતે અનુભવમાં પણ આવે છે પણ આથી કરીને પરસ્પરનું અર્ધાંગપણુ લોપ પામતુ નથી.

આમ છતાં હાલમાં ઘણે ઠેકાણે લોકો સ્ત્રીઓના અધિકાર માટે બોલવાને બહાર પડેલા છે. તેઓ એમ સમજી બેઠા છે કે 'સ્ત્રીઓને પુરૂષના જેટલો અધિકાર નથીજ માટે તેમને પુરૂષના જેટલો અધિકાર મળવો જોઇએ' આ સમજણને

અનુસારે સામાના હૃદયમા લાગણી કરાવના સ્ત્રીવર્ગભાવે પડતા કેટલાક દુ ખોને પૂર્ણતાની દેખાડે છે, કે જે ખરેખર હૃદયમે ક થઈ પડે તેના હોય છે પરતુ એમ ગાળા ચાલવાથી કે દુ ખ રડવાથી પુરુષના અધિકારની, બરોબર સ્ત્રીઓનો અધિકાર શી રીતે કરી શકાશે? અથવા સ્ત્રીઓને અધિકાર કે દાડે નથી કે હાલના લોકો નવો આપવાના તૈયાર થયા છે? આ બે વાતનો કોઇએ પૂર્ણ વિચાર કર્યો હોય એમ અનુમાનમા આવતુ નથી વિદ્વાન અને સમજુ વર્ગે વિચારવુ જોઇએ કે જેમ પુરૂષોની યોગ્યતા પકાતી આવી છે તેમજ સ્ત્રીઓની યોગ્યતા પણ અનાદિકાળથી વખણાતી આવી છે વર્ણાશ્રમના ધર્મોનુ બધારણ આદિથી ગુણ કર્મથી થયેલુ છે અને તે ધોરણ પ્રમાણે આજસુધી વર્ણનો અનુક્રમ ચાલે છે, તોપણ આજ કોઇ હલકા કર્મનો કરનારો હોય તો તે ઉચ્ચવર્ણનો છતા ઉચો ગણાતો નથી, અને સારા કર્મ કરનારો હલકો હોય તોપણ તે સારો ગણાય છે, માત્ર યુગપરત્વે વર્ણપણામા ભેદ કરાતો નથી, બાકી નઠારા કર્મનુ ફળ તો અવશ્ય મળ્યા વગર રહેતુ નથી કહેવાનો સાર અહીં એ છે કે ગુણ કર્મ સ્વભાવ વિગેરેથી સ્ત્રીવર્ગની સર્વ વાતે પુરૂષ સાથે સમાનતા અને સેવકતા પ્રાપ્ત થઇ છે હવે એમા ન્યૂનાધિકપણુ જે થાય છે તે સ્ત્રી અને પુરૂષમા ગુણ સ્વભાવની સારી માઠી વિચિત્રતાથી થાય છે એટલે અધિકતા કે ન્યૂનતા કોઇની કરેલી નથી પરતુ પોતાના ગુણ દોષથીજ તે પાત્રપ્રમાણે સર્વને મળી છે અને મળતી જાય છે પુરૂષોના કાર્યોમા અને સ્ત્રીઓના કાર્યોમા ઐશ્વરી નિયમાનુસારે આદિથી ફેર ચાલ્યો આવે છે તેમ છતા ઘણીવાર સ્ત્રી વર્ગ પુરૂષના અધિકારનુ કામ કરતો હોય એમ આપણે સાભળીયે જોઇએ છિયે અને તે સાથે પુરૂષવર્ગને સ્ત્રીઓના અધિકારનુ કામ કરતો પણ જોઇએ છિયે * આ વાત સ્થિતિ ઉપર અને દેશકાળ ઉપર રહી છે પણ તેથી સ્ત્રીપુરૂષના અધિકારમા ભેદદૃષ્ટિ કરવા જેવુ નથી સેવકભાવમા રહીને પણ અધિક માનને યોગ્ય થયેલી સ્ત્રીઓ ઇતિહાસમા આપણે ક્યા નથી સાભળી? ઘણીએ સાભળી છે તો એ ઉપરથી સમજવાનુ એ છે કે "અધિકાર અધિકાર" એમ પોકાર કરવાથી કાઇ ફળ વળવાનુ નથી, પણ સ્ત્રીઓને અધિકાર ન હોય ને અપાવવો હોય તો તેની યોગ્યતામા વધારો થાય તેમ કરવુ જોઇએ કે જે યોગ્યતાથી તે સદ્ગુણવડે પુરૂષને વશ કરી જય મેળવે આ માર્ગશિવાય ઉપર અધિ

---

* પણ ઐશ્વરી સત્તાના સ્વાભાવિક કેટલાક કાર્યો એકબીજાના એકમીલાથી બનતા નથી અને બન્નેના ભેગાપણાથી જે કાર્યો થાય છે તે જુદા પણાથી બનતા નથી

કાર રાખવાનો બીજો એક માર્ગ નથી. કદિ પ્રથમથી અધિકાર છે એમ મન્નું માનવું છે તો તે અધિકાર છીનવાઇ ન જાય તેનેમાટે સ્ત્રીવર્ગમાં યોગ્યપણું જળવાઇ રહે તેવાં સાધનનો પ્રવાહ ચાલુ રાખવો જોઇએ. માર્ગ દ્વારકાનો પકડીને કાશિયે જવાની ઇચ્છા રાખવી એ સાવ ઉલટું છે. અને કદિ પૃથ્વી ગોળ ધારીને એક વસો સુલટું માનો તો આયુષ્ય પૂર્ણ થતાંસુધી પણ તે માર્ગેથી ધારેલે સ્થળે પોચી શકાય નહિ. તે પ્રમાણે આ અધિકારની વાત છે સ્ત્રીઓ યોગ્યતા મેળવી પુરૂષની આગળ માનપાત્ર થાય એ સુગમ માર્ગ છે. પણ યોગ્યતા મેળવ્યાવિના અધિકારમાટે સ્ત્રી કે પુરૂષોએ બરાડાં પાડવાં એ સુગમ માર્ગ નથી. એ તો કોઇપણ માણસ સમજી શકે તેવી વાત છે. પુરૂષનો અધિક અધિકાર અનાદિકાળથી મનાયો છે તેમ છતાં સ્ત્રીને આધીન થયેલા ઘણા પુરૂષો સ્ત્રીને પોતાથી અધિક દેખાડનારા થઇ પડ્યા છે. આમાં જો સ્ત્રીઓના સદ્ગુણથી આમ બન્યું હોય તો સ્ત્રીનો અધિકાર વધે છે તે સાથે પુરૂષનો ઘટતો નથી. અને દુર્ગુણોથી બન્યું હોય તો સ્ત્રીનો અધિકાર અધિક હોય તે વૃથા છે અને પુરૂષનો ગૌણ હોય તો તેમાં તે અપરાધી નથી. ઉત્તમ વર્ણની જાતિના વર્ગમાં ગુણ કર્મ સ્વભાવ અને ડાબા જમણા અંગનો કેહેવાવા માત્ર શિવાય બાકી પુરૂષ કરતાં જરા પણ સ્ત્રીનો અધિકાર ઓછો નથી પરતુ બરાબર છે. અને એમ બરાબર છતાં પણ કેટલીક વાતે સ્ત્રીવર્ગ પુરૂષ વર્ગને જીવવામાં અથવા વ્યવહારમાં સહાય થઇ પડવાથી પોતાની યોગ્યતાને શોભાવી અધિક માનને પાત્ર થાય છે. પણ એ માનને પાત્ર થતાં પુરૂષનો અધિકાર ઉલટો વધારે છે પણ ઘટાડતી નથી. આંબા આદિ પરોપકારી વૃક્ષોમાં ફળ આવે છે તેથી તેઓ નીચાં નમે છે. એ એનું નીચું થવું એની નીચાઇને દેખાડતું નથી પણ મોટાઇને દેખાડે છે કે આવી રીતે જ્યારે મોટાઇ આવે ત્યારે માણસોએ નમીને ચાલવું જોઇએ. સારાંશ એ કે સ્ત્રીઓમાં જો યોગ્યતા આવે છે તો પોતાનો અધિકાર બરાબર મેળવતાં સ્વામીના અધિકારને ઉલટો વધારે શોભાવે છે. ક્યાંઇ સ્વભાવના દોષથી સદ્ગુણી સ્ત્રીવર્ગ દુઃખ પામતો હશે અથવા લોકો ધારે છે તેમ ગુલામગીરીમાં ગણાઇ ગયો હશે એ વાત ખોટી નથી. પુરૂષવર્ગને પણ ક્યાંઇ ક્યાંઇ તેવું દુઃખ હોય છે પણ તે કાંઇ સભામાં ભાષણો કરવાથી મટવાનું નથી. એનેમાટે નિરંતર વિનય-વિવેકને આપે તેવી વિદ્યાની વૃદ્ધિ થવાની જરૂર છે. એ વિદ્યાવૃદ્ધિ બરાબર થયા પછી સ્ત્રી અને પુરૂષો પોતપોતાના સદ્ગુણોનો પરસ્પર અનુભવ કરી પોતપોતાનો અધિકાર જે પ્રમાણે હશે તે પ્ર

માટે સહજમા સભાળી લેગે; પછી આનો અધિકાર અધિક કે, આનો ઓછો એમ બોલવા લખવાની જરૂર, રેશે નહિ. અધિકાર મેળવવાના માગ કયા એ ખરા જોવા નથી. જેઓ વિદ્યાભ્યાસ કરે છે, તેઓ આ સમયમા મોટી મોટી પદવીઓ મેળવે છે તેમ જે વર્ગ અધિકારમાટે સદ્ગુણને માર્ગે પ્રયત્ન કરે છે તે અધિકાર મેળવે છે તોપણ સ્મરણમાત્ર એટલુ સહુએ રાખવુ કે ઘણા કારણોથી અનાદિથી ચાલતુ આવતુ સ્ત્રીપુરૂષમા જે સેવ્યસેવકપણુ પ્રાપ્ત છે તે કોઇ કાળે મટવાનુ નથી. એ ઇશ્વરની ઇચ્છાથી મર્યાદાનો ક્રમ એવો તો ઉત્તમ અને બન્ને વર્ગને લાભકારક છે કે તેનુ એક જીભથી વર્ણન થઇ શકતુ નથી. જેઓ પૂર્ણ રૂપને નથી સમજતા તેવા લોકો એમા બકરીનો વાઘ કરી મેલે છે પણ જો તેઓને ઇશ્વરકૃપાથી બોધ થાય તો તે વાઘની બકરી દેખે તેવુ છે. અમે જે વિદ્યાવાનાને ઇસારે કરિયે છિયે તે અક્ષરવિદ્યા એકલી નહિ. ખરી વિદ્યા તો સદ્ગુણ છે. એ સદ્ગુણ ન હોય તો બીજી વિદ્યા તો ઉલટી અવિદ્યારૂપ થઇ પડે છે. પરસ્પર સુખની આશા સદ્ગુણથી બધાય છે, માટે ભણતર અને સદ્ગુણ એ બેય મળીને મનુષ્યો કેળવાય તેને અમે વિદ્યા સમજીએ છિયે. જગતમા સદ્ગુણને પ્રતાપે સુખ ભોગવતા ઘણા દંપતી વસે છે. જેઓ નામાંકિત અને મોટા રાજ્યપ્રસગમા આવેલા હશે તેઓના તો નામ થોડા ઘણામા અજરઅમર થઇ ગયા છે. પણ તેવા પ્રસગમા નહિ આવેલા ઘણા દંપતીઓ સુખ ભોગવતા એમનેએમ ચાલ્યા ગયા છે, ચાલ્યા જાય છે અને ચાલ્યા જશે. દુર્ગુણથી દુ:ખ પામનારા પણ જેઓ જગતના પ્રસગમા આવ્યા તેઓ નિંદાને પાત્ર થઇ ચાલ્યા ગયા છે, અને જેઓ પ્રસગમા નહિ આવેલા તે એમનેએમ અજાણમા ચાલ્યા ગયા છે, ચાલ્યા જાય છે અને ચાલ્યા જશે. એટલે કેટલાનુ એ કે જેમ સ્ત્રીઓના દુ:ખથી કેટલાક પુરૂષવર્ગનો ભાગ દુ:ખી છે તેમ પુરૂષના દુ:ખથી સ્ત્રીવર્ગનો કેટલોક ભાગ પુરૂષ કરતા અધિક દુ:ખી છે. તો એવાઓના દાખલા, વિદ્વાન વર્ગમા મેલવા એ શોભે નહિ. કેમકે એમ કરવાથી ઉચા વર્ગમા ખોટી લાગણી થાય પણ નીચા વર્ગને કાઇ લાભ થાય નહિ. એટલામાટે વિદ્યા અને સદ્ગુણના પરિશીલનથી, સમજુ વર્ગે પરસ્પર સુખ સતોષ લેવો અને તેથી રહિત વર્ગ જે હોય તેને, તેવા બનાવી દઇ તેને પણ સુખ સતોષ લેવરાવવો એજ મુખ્ય કર્તવ્ય છે. કોઇ કેહેતુ હોય કે, સ્ત્રીનો અધિકાર પુરૂષ કરતા અધિક છે તો તેની સાથે, વાધો લેવાની શી જરૂર છે? કોઇ એમ કેહેતુ હોય કે સ્ત્રીનો અધિકાર પુરૂષની બરાબર છે તેની સાથે તકરાર કરવાનુ શુ કારણ છે? કોઇ એમ

કેહેતું હોય કે પુરૂષનો અધિકાર સર્વોત્તમ છે સ્ત્રીનો નથી, તેની સાથે પણ વાદાવાદ કરવાનું શું પ્રયોજન છે? કેમકે જગતમાં જેમ કલ્પના કરી માનિયે તેમ માનો શકાય છે અને તે સઘળું જગતમાં અણઘટતું કહી શકાય નહિ. બાકી જે પ્રસંગે જે પાત્ર જે સમયે જેવો વધારે ઘટારે અધિકાર કે સુખ-દુઃખ ભોગવે છે તે સૌ સૌનું અંતઃકરણ જાણે છે માટે આપણે જેટલો તેવિશે બોલવાનો શ્રમ લેઇએ તેટલો શ્રમ દીવો બાળીને કોતરા ખાંડવાના શ્રમની પેઠે અફળ જાય છે. દુર્ગુણ જગતમાં થયા છે તે કાંઇ સ્ત્રીવર્ગને બાધ કરે અને પુરૂષને ન કરે તેમ નથી. તેઓ બેયને બાધ કરે છે, પરંતુ તેનાં પાત્રપરત્વે કાંઇક ભેદ હોય છે. ઘણીવાર એવું પણ જણાય છે કે પુરૂષવર્ગ કરતાં સ્ત્રીવર્ગને દુર્ગુણો વધારે બાધ કરે છે, પછી તેનું કારણ તો ગમે તે કલ્પવામાં આવે. આમ હોવાથી સ્ત્રીવર્ગ વધારે દુઃખી દેખાય એ પણ સંભવિત છે પણ તેથી પુરૂષવર્ગ સુખ ભોગવે છે એમ સિદ્ધ થઇ જાતું નથી. આવો ગડબડગોટો શી રીતે મટે તેનેમાટે ખરો ઉપાય શોધવો એ ઘણુજ કઠણ કામ છે અને તે નથી જડયો ત્યાંસુધી બેય વર્ગમાં સદ્ગુણસાથે વિદ્યા વધે તેવું પ્રયત્ન સમજુ લોકોએ કર્યા કરવું. આરંભ થશે તો કોઇક દિવસ પણ તેનાં સારાં ફળ પાછળની પ્રજા ચાખશે. સુધરેલા વર્ગમાં સ્ત્રીવર્ગ અને પુરૂષવર્ગપ્રત્યે અમારૂં એજ બોલવું છે કે સહુએ સદ્ગુણ સંપાદન કરી પોતપોતાના સ્વધર્મ પ્રમાણે સેવ્યસેવક ભાવથી ચાલ્યું જવુ અને કોઇએ કોઇ પ્રકારનું અભિમાન ન કરતાં પરસ્પર અનુકૂળ રહી વ્યવહારનાં સુખ સંપાદન કરવા સહાયતા કરવી તો પછી અધિકારનું પુછવુંજ શું? અધિકાર વધારે ઘટારેની વાત તો કેવળ અજ્ઞાનદૃષ્ટિનીજ છે.

સ્ત્રીવર્ગની પુરૂષવર્ગ સાથે કેટલાક અધિકારમાં સામાનતા જગત્પ્રસિદ્ધ છે તોપણ પુરૂષ સેવ્ય અને સ્ત્રી સેવક એમ સાંસારિક ક્રમ હોવાથી તેટલે અંશે માત્ર સમાનતા નથી. પણ અનુકૂળનાયકો તેની તે ન્યૂનતાને ઢાકી દેઇ અધિક માન આપે છે. અનુકૂળ નાયકો એમ અધિકાર વધારે પરંતુ તે પ્રમાણે પાત્ર થવું એ સ્ત્રીવર્ગના હાથમાં છે. કેટલીક વાતો વિચારતાં સ્ત્રીઓની અસમાનતા તો કેહેવામાત્ર રેહે છે, કેમકે સુશીલ અને સદ્ગુણી થાય તો અનુકૂળનાયક તેને આધીન થઇને રહે છે અને દુર્ગુણી કે દુરાચારી થાય તો તે આધીન કરીને રાખે છે. અને કયાંઇ કયાંઇ પુરૂષનોજ સ્ત્રૈણ થઇ જવાનો સ્વભાવ હોય છે તેથી પણ તે પુરૂષનો અધિકાર અધિક છતાં સ્ત્રીનો અધિક હોય એવો પણ ભાસ થાય છે. સદ્ગુણપાત્ર સુશીલ સ્ત્રીઓ કેટલી બધી મોટાઇ મેળવીને પોતાના પતિઓને

પણ પ્રસિદ્ધ કરી ગઇ છે તે કાઇ કોઇથી અજાણ્યુ નથી ગંગાની પેઠે જેનુ નામ લઇને પવિત્ર થઇએ છિયે એવા સદ્દગુણી સતીજનો દમયતી, અરૂધતી, લોપામુદ્રા, સાવિત્રી મદાલસા, સીતા, દ્રૌપદી વગેરેએ પોતાના પ્રાણનાથપ્રત્યે સેવકભાવથી વર્તી પોતાનો અધિકાર કેટલો બધો વધારેલો છે તે તેના ઇતિહાસથી જણાઇ રહે છે આજ પણ અનુકૂળનાયકની સદ્દગુણી સ્રીઓ પોતાના પતિને અનુકૂળ રહી, સેવકભાવથી અનેક પ્રકારનુ માન પામતી હોય તો તે ટાણ ઢીનવી લે છે પરતુ તેવી પ્રસિદ્ધિમા સ્રીવર્ગને અધિકતા કે સમાનતા આપી શકાતી નથી કેમકે આપણો આપેલો અધિક અધિકાર એ સાચવી શકે કે કેમ તે વાત સદેહભરેલી છે એટલામાટે એમ રાખવુ જોઇએ કે સ્રીવર્ગ ભલે પોતાની મેળે યોગ્ય થઇ મર્યાદાથી માન મેળવે એ વિષયમાં વિદ્વાનવર્ગની અપ્રસન્નતા નથી

જે માણસ પોતાના ધર્મમા રહી સેવકભાવ બરાબર બજાવે છે તેને તેનો સદ્દગુણી સેવ્ય સાચી સેવ્યતા દેખાડી તેનુ માન વધારી તેના સુખમા વધારો કરે છે, એ જુના નવા ઇતિહાસોથી સર્વના જાણવામા આવ્યુ છે માટે જો અધિકાર મેળવવાનુ મન થતુ હોય તો એ માર્ગેથી મેળવવાથી મોટો લાભ થાય છે પોતાના ધર્મપ્રમાણે સેવકભાવથી વર્તતા છતા કોઇ કાળયોગથી કે પ્રારબ્ધ યોગથી સામુ પાત્ર અપાત્ર મળતા સર્વ વૃથા થાતુ હોય તોપણ તેને તે માર્ગથી આખર સુખ મળે છે એવા પણ ઘણા દાખલાઓ નજરે આવે છે પણ આમ વણુ કરીને બનતુ જ નથી, કેમકે પુરૂષવર્ગ સર્વ સ્થળમા અધિક બુદ્ધિનો ગણાય છે અનાદિથી મળેની સેવ્યતાનો ખોટો ઉપયોગ કરનારા કેટલાક હોય છે તેઓ પોતાની અયોગ્યતાનુ કનેગરૂપ ફળ ચાખ્યાવિના રહેતા નથી તે પ્રમાણે ખોટુ અભિમાન લઇ ભાગેલા સ્રીવર્ગને પણ તે પ્રમાણે ફળ થયાવિના રહેતુ નથી માટે એ વાત ઉપર દૃષ્ટિ પણ ન કરતા સહુએ પોતપોતાની યોગ્યતા પ્રમાણે વર્તીને સર્વોત્તમ સુખ સપાદન કરવુ અધિકાર મેળવીને શુ કરવુ જ્યાત્યાથી સુખમા વધારો થાવે એ કામ છે જ્યા પુરૂષવર્ગ અડબોથ હોય અને સ્રીના સુલક્ષણ હોય ત્યા પુરૂષવર્ગને સ્રીવર્ગે સૌમ્ય ઉપાયોથી-સુધારી લઇ પોતાની યોગ્યતા શોભાવવી અને જ્યા સ્રીવર્ગ અડબોથ હોય ત્યા પુરૂષ વર્ગે સ્રીવર્ગને સુધારી લઇ પોતાની યોગ્યતા શોભાવવી અને કદિ અત્યત પ્રારબ્ધની કઠિનતાથી તે પ્રમાણે કરતા છતા ન્યૂનતા રહિ જાય તો તે ધ્યાનમા નહિ લેતા લીધેલો વેશ જેમતેમ સુખ માની લઇ પૂરો કરવો એમાજ ચિત્તની ચતુરતા રહેલી છે પછી દેશ, કાળ, પાત્ર અને દ્રવ્યના યોગે જે કાળે જે બનાવ થાય તે ખરો

अपरोक्षानुभूति.

(સબંધ પાને ૧૫૧ થી)

स्वप्नदेहो यथा ध्वस्तस्तथैवायं हि देहकः ।
अध्यस्तस्य कुतो जन्म जन्माभावे हि तत्कुतः ॥ ९३ ॥

સ્વપ્નમાં દીઠેલો દેહ જેમ (છે નહિ તોપણ કલ્પિત) માની લીધેલો છે તેમજ આ (જાગ્રતમાંનો સ્થૂલ) દેહપણ (કલ્પિત) માની લીધેલો છે. જે (કલ્પિત) માની લીધેલ હોય તેને જન્મ ક્યાંથી હોય અને જન્મ ન હોય એટલે પ્રારબ્ધ પણ ક્યાંથી હોય ? નજ હોય. ૯૩.

[1] उपादानं प्रपंचस्य मृद्भांडस्येव कथ्यते ।
अज्ञानं चैव वेदांतैस्तस्मिन्नष्टे क्व विश्वता ॥ ९४ ॥

(નિમિત્ત અને ઉપાદાન એવા ભેદથી કારણ બે પ્રકારનાં છે. તેમાં નિમિત્ત કારણ એટલે માત્ર ઉત્પત્તિ કરનારૂં અને ઉપાદાન કારણ તે તો ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારૂં છે. તે બેય કારણોમાં माया तु प्रकृतिं विद्यात् અર્થાત માયાને પ્રકૃતિ જાણવી ઇત્યાદિ વાક્યોવડે) વેદાંતશાસ્ત્રોએ માટીના ઠામનું જેમ ઉપાદાન કારણ માટી કહેવાય છે તેમ પ્રપચનું ઉપાદાન કારણ અજ્ઞાનજ કહેલ છે. એ ઉપાદાન કારણરૂપ અજ્ઞાન ટળી ગયું એટલે દેહાદિ પ્રપંચ કે જગતપણું ક્યાં છે ? ક્યાંઇ નથી. ૯૪.

(અહીં એવો ભાવ છે કે કેવળ બ્રહ્મજ જગતનું કારણ નથી કેમકે તે નિર્વિકાર છે. તેમ કેવળ અજ્ઞાનપણ જગતનું કારણ નથી કેમકે તે જડ છે. માટે સત્ય અને અનૃત એમ બેય મળીને જગતનું કારણ થાય છે. શ્રુતિ પણ કહે છે કે सत्यानृते मिथुनी करोति સત્ય અને અનૃત પ્રપંચ કરે છે. માટીનો પીંડ અહીં દષ્ટાંતરૂપ છે. તે પીંડ એકલી માટીથી કે એકલા પાણીથી નથી થતો પણ બેયથી થઇને પાત્રો બને છે. તે રીતે અહીં જલને સ્થાનકે બ્રહ્મ છે અને માટીને સ્થાનકે અજ્ઞાન છે. તેમાં બ્રહ્મનું અવિનાશીપણું હોવાથી બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાન નાશ થતાં જીવ-ઇશ્વરાત્મક જગત્ ક્યાં છે ? ક્યાંઇ નથી.)

[2] यथा रज्जुं परित्यज्य सर्पं गृह्णाति वै भ्रमात् ।
तद्वत्सत्यमविज्ञाय जगत्पश्यति मूढधीः ॥ ९५ ॥

---

१ यतो वा इमानि भूतानि जायते (જે બ્રહ્મથકી આ ભૂત પ્રાણીઓ ઉત્પન્ન થાય છે) ઇત્યાદિ શ્રુતિથી સત્યસ્વરૂપ બ્રહ્મથકી દેહાદિ પ્રપચતુ થવાપણું છે ત્યારે તેની પ્રતીતિ કેમ ઘટે ? તો ત્યા અજ્ઞાનથી પ્રતીતિ અને જ્ઞાનથી નિવૃત્તિ દૃષ્ટાંતવડે કહી દેખાડે છે.

૨ મિથુનીભાવ એટલે જોટાપણાનુજ જગતના કારણપણું છે તે દૃષ્ટાન્તથી કહે છે.

જેમ મૂર્ખ માણસ ભ્રમથી દોરીને મેની દષ્ટિને સર્પને ગ્રહણ કરે છે તેમ મૂઢ બુદ્ધિવાળો માણસ સત્યને નહિ જાણીને જગતને દેખે છે   ૯૫

[1] रज्जुरूपे परिज्ञाते सर्पखंड न तिष्ठति ।
अधिष्ठाने तथा ज्ञाते प्रपंच शून्यता गत ॥९६॥

દોરીનુ રૂપ જાણવામા આવ્યુ એટલે સર્પનુ શરીર ઉભુ રહેતુ નથી તેનીજ રીતે અધિષ્ઠાન બ્રહ્મ જાણવામા આવ્યુ એટલે પ્રપચ (જગત) શૂન્યતા પામ્યો છે (એમ સમજવુ અર્થાત્ બ્રહ્મનો બોધ થતા જગત્ રેહેતુજ નથી)   ૯૬

देहस्यापि प्रपचत्वात् प्रारब्धावस्थिति कुत ।
[2] अज्ञानिजनबोधार्थं प्रारब्ध वक्ति वै श्रुति ॥९७॥

દેહનુ પણ પ્રપચપણુ હોવાથી પ્રારબ્ધની સ્થિતિ ક્યા રહી? સાવ રહી નહિ માત્ર અજ્ઞાની લોકોના બોધનેમાટે શ્રુતિ પ્રારબ્ધને કહે છે (અજ્ઞાનીના બોધમાટે એમ કે જ્ઞાનથી સર્વ વ્યવહારના કારણરૂપ અજ્ઞાન નાશ થયા છતા જ્ઞાનિને વ્યવહાર કેમ રહે છે, એમ અજ્ઞાની આક્ષેપ કરે તો તેને એમ જણાવવા માટે કે 'પ્રારબ્ધથી')   ૯૭

[3] क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ।
बहुत्व तन्निषेधार्थं श्रुत्या गीत च यत्स्फुटम् ॥९८॥

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वे सशया । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावर ।
"તે પરાવર દેખતા અર્થાત્ સાક્ષાત્ બ્રહ્મનો બોધ થતા તે જ્ઞાનીને હૃદયની ગાઠ ભેદાઇ જાય છે, સર્વ સશયો છેદાઇ જાય છે, અને તેના કર્મો ક્ષય પામી જાય છે" એમ શ્રુતિએ પ્રસિદ્ધ રીતે કર્મનુ બહુ વચન કહેલ છે તે પ્રારબ્ધના નિષેધનેમાટેજ છે

(કર્મ શબ્દથી સચિત અને ક્રિયમાણ એમ બેજ કર્મ લેવાનુ કહ્યુ નથી બહુ વચનથી ત્રણે કર્મ સમજી લેના માટે બ્રહ્મ આત્માના સાક્ષાત્કારવડે

---

૧ હવે જ્ઞાન થયુ એટલે ક્યા પ્રપચ જગત ક્યા છે? એમ જે કહ્યુ છે ને વધુનતા પૂર્વે કહેલા પ્રારબ્ધના અભાવનો ઉપસહાર કરે છે

૨ જીવન મુક્ત જ્ઞાનીને પ્રારબ્ધ છે નહિ ત્યારે अत्र ब्रह्म समश्नुते। (અહીં બ્રહ્મને પામે છે) ઇત્યાદિ શ્રુતિ શામાટે પ્રારબ્ધ છે એવુ દેખાડે છે તો તેનુ કારણ અજ્ઞાનીના બોધ માટે પ્રારબ્ધ કહે છે

૩ ત્યારે જ્ઞાનિના બોધ માટે શ્રુતિ શુ કહે છે એમ શકા થાય તો કહે છે (શ્રુતિનો અર્થ નીચે મૂળમાં લીધો છે)

ચિજ્જડ ગ્રંથિના ભેદનથી સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ ત્રણ પ્રકારના કર્મના ક્ષયને અંતે પરમ પુરુષાર્થ (મોક્ષ) જ્ઞાનિના બોધમાટે શ્રુતિ કહે છે. એમ અહીં ભાવ સમજવો.) ૯૮

[1] उच्यतेऽज्ञैर्बलाच्चैतत् तदानर्थद्वयागमः ।
वेदांतमतहानं च यतो ज्ञानमिति श्रुतिः ॥ ९९ ॥

આ પ્રારબ્ધ અજ્ઞાની એટલે શ્રુતિના તાત્પર્યને નહિ જાણનારાઓએ બળથી એટલે અવિવેકના જોરથી કહેલ છે. અર્થાત્ ખરાપણાથી પ્રતિપાદન કરેલ છે. અને અદ્વય આત્માને જોતા નથી તો બે અનર્થ એટલે બે દોષ આવે છે. (તેમાં પ્રારબ્ધરૂપ દ્વૈતનો અંગીકાર કરવાથી મોક્ષ ન થાય એ એક દોષ તથા મોક્ષ ન થાય એટલે જ્ઞાનના સંપ્રદાયનો ઉચ્છેદ થઇ જાય એરૂપ બીજો દોષ. કેવળ એ બે દોષ આવે છે એટલુંજ નહિ પણ) પ્રારબ્ધ-ગ્રહણરૂપ દ્વૈતના યથાર્થપણાથી વેદાંતમતનો પણ ત્યાગ થશે. (ત્યારે અહિ સિદ્ધ કરવાનું શું છે તો તે એ છે કે) 'જેના થકી જ્ઞાન થાય છે' એવા પ્રકારની શ્રુતિ ગ્રહણ કરવી. ૯૯[2]

[3] त्रिपंचांगान्यथो वक्ष्ये पूर्वोक्तस्य हि लब्धये ।
तैश्च सर्वैः सदा कार्यं निदिध्यासनमेव तु ॥ १०० ॥

હવે પૂર્વોક્ત એટલે સ્વરૂપાદિ સ્થાન એજ છે લક્ષણ જેનું એવા મોક્ષની સિદ્ધિનેમાટે પંદર અંગો કહું છું. તે હવે કેવાશે એવાં સર્વે અંગોવડે નિદિધ્યાસનજ કરવું (ગુપચૂપ ન રહેવું.) ૧૦૦

---

૧ પ્રારબ્ધને અંગીકાર કરવામા દોષ કહે છે

૨ તે શ્રુતિ આ પ્રમાણે तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मण नानुध्यायाद्बहूञ्छब्दान् वाचो विग्लापनं हि तत् ॥ (બ્રહ્મ થવાની ઇચ્છા કરનારો વિવેકી તેનેજ એટલે વેદાંતપ્રસિદ્ધ આત્માને પ્રથમ ઉપદેશથી અને શાસ્ત્રથી જાણીને પછી શાસ્ત્ર-આચાર્યોએ ઉપદેશ કરેલ હોય તેજ જેનો વિષય છે એવી, અપરોક્ષ અનુભવસુધી પોચે એવી અને જાણવાની ઇચ્છાને પૂર્ણ કરે એવી બુદ્ધિ કરવી બહુ એટલે કર્મ ઉપાસનાને પ્રતિપાદન કરનારા શબ્દોને અને વાક્યના સબંધોને વિચારવા નહિ. કેમકે તે દ્વૈત શાસ્ત્રનું પઠન કરવું તે નકી વાણીને શ્રમ આપનારું છે

૩ આટલા ગ્રંથના સંદર્ભથી મુખ્ય અધિકારીને વૈરાગ્ય આદિ ચાર સાધન પૂર્વક વેદાંતવાક્યનો વિચાર એજ પ્રત્યગઅભિન્ન બ્રહ્મના અપરોક્ષ જ્ઞાન દ્વારા મુખ્ય મોક્ષનું કારણ છે એટલુંજ કહ્યું હવે વારંવાર વિચારીને પણ બુદ્ધિનું મંદપણું અને વિષયવિષે આસક્તિ આદિ પ્રતિબંધથી જેને અપરોક્ષ જ્ઞાન નજ થાય તે મંદ અધિકારીને નિર્ગુણ બ્રહ્મનું ઉપાસન કરવું એજ મુખ્ય સાધન છે એવો અભિપ્રાય લઈને સાધન સહિત ધ્યાનયોગ શ્રી આચાર્યજી કહે છે (રાજયોગના ૧૫ અંગ અને તેનું પ્રયોજન કહે છે)

[1] नित्याभ्यासादृते प्राप्तिर्न भवेत्सच्चिदात्मनः ।
तस्माद्ब्रह्म निदिध्यासेज्जिज्ञासुः श्रेयसे चिरम् ॥ १०१ ॥

નિરંતર અભ્યાસ ધ્યાનવિના સચ્ચિત્ આત્માની પ્રાપ્તિ થતી નથી માટે જીજ્ઞાસુ માણસે કલ્યાણનેમાટે ઘણા કાળ પર્યંત બ્રહ્મનો નિદિધ્યાસ કરવો ૧૦૧

[2] यमो हि नियमस्त्यागो मौनं देशश्च कालता ।
आसनं मूलबन्धश्च देहसाम्यं च दृक्स्थितिः ॥ १०२ ॥
प्राणसंयमनं चैव प्रत्याहारश्च धारणा ।
आत्मध्यानं समाधिश्च प्रोक्तान्यङ्गानि वै क्रमात् ॥ १०३ ॥

યમ, નિયમ, ત્યાગ, મૌન, દિશા, કાલ, આસન, મૂલબંધ, દેહસામ્ય, દૃષ્ટિસ્થિતિ, (૧૦૨) પ્રાણસંયમ, પ્રત્યાહાર ધારણા, આત્મધ્યાન અને સમાધિ એ ક્રમથી અંગો કહ્યા છે ૧૦૩

[3] सर्वं ब्रह्मेति विज्ञानादिन्द्रियग्रामसंयमः ।
यमोऽयमिति संप्रोक्तोऽभ्यसनीयो मुहुर्मुहुः ॥ १०४ ॥

સર્વ આકાશ આદિથી દેહપર્યંત જે કાંઇ છે તે બ્રહ્મ છે એવા બોધથી (નિશ્ચયથી) ઇંદ્રિયોના સમૂહનુ જે નિયમમાં રહેવું અર્થાત્ વિષયો નાશવાન્ અને દુઃખદ છે એવી દોષદૃષ્ટિથી તેનું નિવારણ કરવું એ 'યમ' એમ કહેવાય છે (કેવળ અહિંસા એજ કાંઇ યમ નથી) માટે વારંવાર તેનો અભ્યાસ કરવો ૧૦૪

[4] सजातीयप्रवाहश्च विजातीयतिरस्कृतिः ।
नियमो हि परानन्दो नियमात्क्रियते बुधैः ॥ १०५ ॥

પ્રત્યગભિન્ન પરબ્રહ્મ સજાતીય કહેવાય, તેમાં એકાકાર વૃત્તિરૂપ પ્રવાહ રહેવો અથવા હું અસંગ છું, અવિકારી છું, ઇત્યાદિ પ્રત્યગઅભિન્ન બ્રહ્મના નિશ્ચયનું અવિછિન્નપણું, અને વિજાતીય એટલે બ્રહ્મ તથા આત્માથી વિલક્ષણ જગત્ અર્થાત્ પૂર્વસંસ્કારથી થયેલી જગદાકાર વૃત્તિ, તેનો તિરસ્કાર એટલે દોષ સંભારીને અધિક ઉપેક્ષા કરવી, તે નક્કી 'નિયમ' કહેવાય છે (કેવળ શૌચાદિ ક્રિયા તે નિયમ નથી) એ નિયમથી વિદ્વાનોએ પરમ આનંદ પ્રાપ્ત કરાય છે ૧૦૫

---

૧ તેમા પ્રથમ મંદાધિકારીએ સગુણ ઉપાસના અને વિચારરૂપ સાધન અને મને મેળવી શ્રદ્ધાથી આચાર્યે કહ્યુ હોય તે પ્રમાણે નિર્ગુણ બ્રહ્મનું નિરંતર ચિંતન કરવું અર્થાત્ નિદિધ્યાસન કરવું તે કહે છે ૨ ત્યારે જેની સાથે નિદિધ્યાસન કરવું તે અંગો કયા, તો તેના ૫ંદર નામ કહે છે એનો અર્થ અનુક્રમે વિવેચનમાં સમજાશે
૩ પંદરમા પહેલુ અંગ યમ એ તે શું તે કહે છે ૪ બીજુ અંગ નિયમનું લક્ષણ કહે છે

¹ त्यागः प्रपंचरूपस्य चिदात्मत्वावलोकनात् ।
त्यागो हि महतां पूज्यः सद्यो मोक्षमयो यतः ॥ १०६ ॥

નામરૂપવાળો પ્રપંચ 'આ ઘડો આ લુગડું' ઇત્યાદિ નામરૂપથી જેનાવડે પ્રકાશ પામે છે. તે પ્રપંચરૂપ અર્થાત્ સર્વાધિષ્ઠાનરૂપ પદાર્થનું સ્ફુરણ, તેનો ચિદાત્મપણાના અનુસંધાનનેલીધે એટલે સ્વયંપ્રકાશ બ્રહ્મસ્વરૂપપણાના અનુસંધાનનેલીધે, જે ત્યાગ કેહેતાં નામરૂપની ઉપેક્ષા કરવી, તેજ 'ત્યાગ' કેહેવાય. શ્રુતિ પણ કેહે છે કે ईशावास्यमिद. અર્થાત્ આ સર્વ ઇશ્વરથી ઢંકાયેલું છે. તે ત્યાગ તત્કાળ એટલે બ્રહ્મના અનુસંધાન સમયેજ પરમાનંદસ્વરૂપ સ્થિતિરૂપ છે, માટે તે મહાન પુરૂષોએ માન આપવા યોગ્ય છે. સારાંશ કે આત્મતત્વને જાણનારાઓને પ્રિય હોવાથી આ ત્યાગ અતિ પ્રસિદ્ધ છે. ૧૦૬

² यस्माद्वाचो निवर्तंते अप्राप्य मनसा सह ।
यन्मौनं योगिभिर्गम्यं तद्भवेत् सर्वदा बुधः ॥ १०७ ॥

(શબ્દની પ્રવૃત્તિ થવાના નિમિત્તરૂપ જાતિ ક્રિયા આદિનો અભાવ હોવાથી) જે થકી મન સહિત વાણી (તેને) પહોચ્યાવિના પાછાં ફરે છે, અર્થાત્ જે મન-વાણીથી અગોચર છે, જે મૌન વર્ણવી ન શકાય એવું (બ્રહ્મ) છે, અને એમ છતાં પણ જે જ્ઞાનયોગિઓએ પ્રત્યગભિન્નપણાવડે પમાય એવુ છે, તેજ (બ્રહ્મરૂપ) મૌનરૂપે વિવેકીએ થવું. સારાંશ કે તે મૌનરૂપ બ્રહ્મ હું છુ એમ નિરંતર અધ્યાસ રાખવો. ૧૦૭

³ वाचोयस्मान्निवर्तंते तद्वक्तुं केन शक्यते ।
प्रपंचो यदि वक्तव्यः सोपि शब्दविवर्जितः ॥ १०८ ॥

જે થકી વાણી પાછી વળે છે અર્થાત્ જેને વાણી પોચતી નથી તેને (આવા પ્રકારનું છે એમ) કોણે કહી શકાય છે. કદી પ્રપંચ આવો છે એમ કેહેવાય તેવો હોય તો તે પણ શબ્દ વગરનો છે. અર્થાત્ આવોજ છે એમ કહી શકાતો નથી. સારાંશ કે શબ્દની પ્રવૃત્તિરૂપ નિમિત્તના અભાવથી બ્રહ્મ જેમ વાણીનો વિષય નથી તેમ નામ રૂપ જાતિ આદિ પ્રપંચ પણ સદ્ છે કે અસત્ છે એમ નકી કહી શકાતો નથી માટે વાણીથી અતીત છે, તેથી સર્વથા મૌનજ પ્રાપ્ત થયું. ૧૦૮

---

૧ ત્રીજુ અંગ ત્યાગનુ લક્ષણ. ૨ ચોથુ અંગ મૌનનું લક્ષણ હવે કહે છે,

૩ કદી પ્રત્યગભિન્ન બ્રહ્મનું અનુસંધાન તો ધ્યાનરૂપ ૧૪ મું અંગ કેહેવાય એમ શંકા થાય તો બીજા પ્રકારથી મૌનને કહી દેખાડે છે.

(અપૂર્ણ.)

ग्रथविवेचन

मरस्वतीचद्र अथवा बुद्धिधननो कारभार

(સબધ પાને ૧૬૮ થી)

જેવુ આ પ્રકરણ નિરર્થક તેવોજ તે પ્રયત્ન પણ નિરર્થક પોતાના શીલત્નનુ અભિમાન રાખતી **કિશોરીને**ા મદ તોડવા જતા આવુ સામાન્ય જનને કદાચિત્ વિપરીત માર્ગે દોરનારૂ, સજ્જનને ગ્લાનિ પમાડનારૂ અને સ્ત્રીસમાજને માટે આ ગ્રથને અયોગ્ય કરનારૂ આ દુષ્ટ પ્રકરણ દાખલ કરીને પણ કર્ત્તાએ **કિશોરીને** પૂર્ણ શીલવતી રાખી નથી જે સમયે "બેન **કિશોરી** હુ તમારો ભાઇ થાઉ હો" એ વચન **નવીનચદ્ર**ના મુખમાથી બોલાવવા પડયા તે સમયે કર્ત્તાના મસ્તકમાથી શુ આ આખા પ્રકરણનો વિચાર લુપ્ત થઇ ગયો હતો? આ પ્રતિના ગ્રથ કર્ત્તાએ આમ સામાન્ય બાબતોમા પ્રમાદી રહેવુ એ યોગ્ય નથી બીજુ પાત્ર **નવીનચદ્ર** કદાચિત્ આ પાત્રનુ શૌર્ય જણાવવાને આ પ્રકરણ હોય, પણ શુ એને માટે આવા શિવાય બીજો યોગ્ય પ્રસગ ન મળત? મળી શકતજ, અને તે કેમ તે આપણે વિચારશુ ત્રીજુ પાત્ર **બુદ્ધિધન** આ પાત્રમા, આ પ્રકરણ તે પાત્રના શાતિ ધૈર્ય આદિ જે ગુણો આપણે જાણીએ છીએ તેથી વિશેષ મુકતુ નથી અર્થાત્ એ પાત્રને અગે પણ એ પ્રકરણ નિરર્થક છે ચોથુ પાત્ર હલકી સ્થિતિનો, સેવાથીજ નિર્વાહ કરનાર અને તે પણ વળી કહેવાતા ઉચ્ચ પણ વસ્તુત નીચ કુળમાજ સેવાને પાત્ર થએલો તુડ મીજાજી નીચ વૃત્તિનો સિપાઇ જમાન છે આની દુષ્ટતા વિશે જે થોડુ આગલ કહેવાયુ છે તે કદાચિત્ પરિપૂર્ણ ગણાત તથાપિ જો કર્ત્તાએ એમજ ધાર્યું કે તેના સ્વભાવનુ વિશેષ વિવેચન કરવુ જોઇએ તો શુ બીજા પ્રસગથી ન થાત? **અલકકિશોરી** ઉપર કુદૃષ્ટિ કરવાથી એના નીચતા અધિક થતી નથી, કારણ કે પોતાના સ્વામી શઠરાયના ઘરમા તેનુ વર્તન તેને આ કરતા પણ અધિક નીચ સ્થિતિમા મુકે છે **બુદ્ધિધન** એવો પુરૂષ છે કે જેની સાથે તેનો સબધ નથી પણ **શઠરાયે** તો તેની ઉપર કેટલેક અશે ઉપકાર કરેલ છે આ રીતે આ પ્રકરણ નિરૂપયોગી છે

હજીપણ વિચાર કરતા તેને ઉપયોગી કરવાનુ એક દ્વાર ઉઘાડુ છે તે એજ કે **જમાલ** સિપાઇનુ અમાત્ય **બુદ્ધિધન**ના ઘરમા આવવુ, ત્યા ભોયરામા તેનુ કેદ થવુ, તે ભોયરામાથી કાણ જાણે શી રીતે ગુમ થઇ જવુ અને પાછુ થોડા દિવસ પછી રાજા ભૂપસિહને મારી નાખવાને રચેલા કાવત્રાના યોગે દરબારના મહેલના છુપા ભોયરામાથી તેનુ નીસરવુ આ સર્વ બાબતને **બુદ્ધિધન**ના કારભાર અને તેની ભવિષ્યની સ્થિતિના સાથે બહુ ગૂઢ સબધ હોવો જોઇએ, પણ તે આપણે જાણતા નથી અને બીજો ભાગ વાચ્યા અગાઉ પૂર્ણ રીતે જાણી શકીએ પણ નહિ એ જ્ઞાનના અભાવે આપણે કદા

વિષયમાં આ ભાગ, આગળ કોઇ નવીન આશ્ચર્યકારક પરિણામ દર્શાવતો ન હોવાથી, જમાલના પ્રકરણ કરતાં પણ વિશેષે કનિષ્ઠતાને પ્રાપ્ત થાય છે. જો કોઇ પણ નિરર્થક ભાગ આ ગ્રંથમાં હોય, તો તે આજ હશે.

બુદ્ધિધનના ગૃહનીસ્થિતિનું વર્ણન તેમજ તેની પોતાની માનસિક સ્થિતિનું ચિત્ર યથાયોગ્ય સમયાનુસાર અને આનંદદાયક સ્વાભાવોક્તિનું દર્શન કરાવે છે.

પ્રકરણ બારમામાં દરબારનો પ્રવેશ સામાન્ય રીતે વાચક વર્ગને ઠીક આનંદ આપે એવો છે. પ્રથમમાં રાજેશ્વરના મદીરના વર્ણનવિષે બોલતાં અમે એમ કહ્યુ હતું કે કર્ત્તામાં સ્થાનકનાં ચિત્ર આપવાની ઉત્કૃષ્ટ શક્તિ નથી. ત્યારપછી અંતઃકરણને આકર્ષણ કરે એવું આ એકજ ચિત્ર આવ્યું છે. આ સ્થાનકે વિચાર કરતાં કહેવું જોઇએ કે વર્ણન કરવાની શક્તિ તો કર્ત્તામાં ઉચ્ચ પ્રતિની છે. સંસ્કૃત કાવ્યોના અતિ અભ્યાસનું પરિણામ દૃષ્ટિમર્યાદામાં આવે છે. અલંકારાદિકનો ઉપયોગ કરવામાં કોઇ કોઇ સ્થાનકે કાદબરીની શૈલીનું ગ્રહણ કરવામાં આવ્યું છે. આમ છતાં પણ તેની અંદર સ્થાનકનું ખરેખરૂ સ્વરૂપ દૃષ્ટિમર્યાદા આગળ ખડું કરવાની શક્તિ નથી. આ પ્રકરણમાં નવીનચદ્રના તર્ક-વિતર્ક વાચકનું ધ્યાન સારી રીતે આકર્ષે છે. **બુદ્ધિધન, શઠરાય** વગેરે એકબીજાના અપ્રતિમ શત્રુઓ હોવા છતાં કેવો નિકટ સબધ જણાવે છે, તેનું આ અનુભવાર્થીને મનન થવા માંડયુ. આગળ ચાલતાં દરબાર ભરાય છે, નાયકાઓ નૃત્યે તથા સગીતનો આરભ કરે છે. એટલા સમયમાં આ અનુભવાર્થી પોતાના ત્રીજા અનુભવાધ્યયનના પાઠનાં મૂલતત્વ સમજી લે છે. તત્ક્ષણે કળીઓ આવી પુષ્પ ઉઘડયાં. રામભાઉ આવ્યો. ખટપટ શરૂ થઇ. કારાગ્રહમાં પડેલા વણિગ્ને કાઢવા **તર્કપ્રસાદ** અને **રામભાઉ** ચાલ્યા. ટચાક પણ ટેકી નરભેરામે દુષ્ટરાયને તેના પોતાના અંગની દુષ્ટતા દેખાડી સંતાપાગ્નિમાં બાળ્યો. ઘણા સમયનો ઘા ખાઇ રીઢું થઇ ગએલું પાપી શઠરાયનું ખોખુ કપતાં કપતાં પણ હિમ્મત રાખી રહ્યું. ખવાસે રાણાના હાથમાં કાગળ મુક્યા. તાત્કાલીક રજપૂતસ્વભાવ દર્શાવતો રાણો ગાજ્યો. રાડ નાખી. કોઇ દિવસ ન ધારેલુ સ્વરૂપ ધારણ કર્યું. ખવાસને કેદ કર્યો અને ઉભય પક્ષને કંપાવ્યા. રાણી ઉપર વિશ્વાસ દર્શાવતો રાણો તેની જુબાની લેવા ઉઠયો. થોડું ચાલતાં ચરણ નીચેની ધરણીએ માર્ગ આપ્યો. ભોંયરૂં નીકળ્યું. રાણો ચમક્યો. બુદ્ધિધનની આંખ ફાટી. શઠરાયનું હૃદય ચીરાયું. આ સર્વ ઉપર વિચાર કરતો **નવીનચંદ્ર** જે તર્ક-વિતર્ક કરે છે તે જરૂર વાંચવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે. (અપૂર્ણ.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૬ મુ | આષાઢ, સંવત્ ૧૯૪૪ | અંક ૯ મો.

॥ यतो धर्मस्ततो जय. ॥

[1]स्वार्थी सगपणविषे

સ્વાર્થતણું સગપણ સંસારે, મમતામાં મન લોભે રે,
ઇશ્વરની અનભેની માયા, એમાં સઘળું શોભે રે,— ટેક
પુત્ર કલત્ર મિત્ર છે કોના, ક્યાં અભિમાન રહે છે રે,
ક્યાં ઘરબાર જનક ને જનની, શું સંતાપ સહે છે રે? સ્વા
બંધાયો સંબંધ જગતમાં, તે ઠેનટ છે ખોટો રે,
સમજી આગ નકાય ન સાચો, એવો ગડબડ ગોટો રે,— સ્વા
સઘળું પ્રિય પોતાનેમાટે, તેથી સ્નેહ રહે છે રે,
સ્વાર્થે જન્મ-મરણના મોટા, સઘળાં દુ:ખ સહે છે રે,— સ્વા
ધન યૌવન અહિંયાં રહેનાં, આખર જ્યારે આવે રે,
સ્નેહ અને સંબંધ બધાનો, રગ રગ રૂદન કરાવે રે,— સ્વા
રંગ વિચિત્ર જગતમાં લાગે, તે કાગળ પણ તેનું રે,
કેશવ હરિના ભજન વિના તો, તેમાં સુખ તે શેનું રે?— સ્વા

[2]कर्मगतिविषे पद

કર્મતણી ગતિ ન્યારી, કોન કર્મતણી ગતિ ન્યારી, ટેક
અઘટિત ઘટનાજેવી રચના, જાન કહે અપ્રધારી,— કો
દુ:ખ શોક ભય જન્મ મરણમાં, પરવશ સહુ સંસારી,— કો
આધિ વ્યાધિ ઉપાધિ વધારી, નિત્ય રડે નરનારી,— કો
કોઇ હસે તો કોઇ રડે છે, કોઇ કુરાગ અધિકારી,— કો
કોઇ વસે વશમાં વગડામાં, કોઇ સુખી ઘરબારી,— કો
ભાવ્યાં ભોજન કોઇ જમે છે, કોઇ કનેગી ખારી,— કો

---

૧ ગીતમાં, રામડાગા ભ ૮ ૨મા અને બીજે ઘણા રાગમા ચાલે છે ૭ રચિગની ચા ।
૨ અનેક રાગમા ગવાય લો વધાર તાથી ઉ ૨ ૨ ગાણે ૭ ગ થઇ ગ ૧ ૧ ૯

કોઇ ધરે જરિયન હીરાગલ, કોઇક કથાધારી;— કે.
કોઇ વિભૂતિ ધરે નિજ અંગે, કોઇક ભૂષણ ભારી;— કે.
સુજનતણી ગતિ નિત્ય નઠારી, દુર્જનની ગતિ સારી;— કે.
વિદ્યાવાન વસે વનમાં જઇ, મૂર્ખ બને દરબારી,— કે.
નિત્ય અજન્મા નિર્વિકાર હરિ, થાય વિચિત્ર વિકારી,— કે.
પશુ આદિકમાં પોતે જન્મે, સહુ જનને સુખકારી,— કે.
કેશવ ઈંદ્રિ જાળ આ જોઇ, મન વાણી હરિ હારી,— કે.
પાર ન પામે કોઇ કળાથી, એ તારી બિલહારી — કે.

वेदधर्मसभानी एक बेठक.

સં૦ ૧૯૪૪ ના જેઠ શુદી ૮ ને રવિવારને રોજ આ સભાની એક બેઠક પાઠશાળામાં ભણતા વિદ્યાર્થિઓની પરીક્ષાના પરિણામમાં ઇનામ (પારિતોષિક) આપવાના સંબંધમાં સભાના મંત્રી શેઠજી વસનજી ખીમજી તથા રા. રા. પ્રભુરામ જીવનરામ વૈદ્યના આમંત્રણથી બ્રહ્મનિષ્ઠ પંડિતજી જયકૃષ્ણ જીવનરામના અધ્યક્ષપણા નીચે તેમનાજ માળામાં સાંજના ચાર વાગાને સમયે થઇ હતી. તે પ્રસંગે રા. રા. ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક, શેઠજી ખીમજી જીવા ,શેઠજી વિસનજી ખીમજી, મહામહોપાધ્યાય શાસ્ત્રીજી રાજારામ, શેઠજી પુરૂષોત્તમ ઓધવજી, રા રા. પ્રભુરામ જીવનરામ વૈદ્ય, શાસ્ત્રીજી ભોળાનાથ ભગવાનજી, શાસ્ત્રીજી શામજી વાલજી, શેઠજી નરુભાઇ, રા. રા. બાલાજી કાશીનાથ, શેઠજી પુરૂષોત્તમ જસરાજ, શાસ્ત્રીજી પુરૂષોત્તમ ઇશ્વરજી, રા. રા. મંગેશ પુરૂષોત્તમ, વગેરે શાસ્ત્રી વર્ગ અને ગ્રહસ્થવર્ગ આશરે દોઢસો બસો એકઠા થયા હતા. આરંભમાં પ્રમુખે વિદ્યાર્થિઓને તપાસી જોવાનો આરંભ કર્યો. તેમાં કાવ્ય વ્યાકરણ વિષે અભ્યાસાનુસાર કેટલુંક પુછવામાં આવ્યું અને છેવટ વેદમંત્રો બોલાવ્યા. ત્યારપછી પ્રમુખને હાથે ઇનામો માધ કુમાર વિગેરેનાં યોગ્યતા પ્રમાણે આપવામાં આવ્યાં. ઇનામ વેચાઇ રહ્યા પછી પ્રથમ નંબરના એક ચંચળ છોકરાને રા. પોપટ પ્રભુરામ તરફથી રૂા. ૩) તથા બીજા બેને એકેક રૂપીયો આપવામાં આવ્યો હતો. ત્યારપછી સભાસદોની આજ્ઞા લઇ તંત્રી કેશવલાલ હરિરામે સભા સંબંધી હકીગત જણાવતાં કહ્યું, કે—

અત્રે વેદધર્મસભાના સભાસદો અને કેટલાક ગૃહસ્થ લોકોથી મળેલી સભાને જોઇ અતિ સંતોષ થાય છે જે સભાની પાઠશાળાના વિદ્યાર્થીઓને આજ ઇનામ આપવાનો મેળાવડો થયો છે, તે વેદધર્મસભા લગભગ ૧૬ વર્ષથી અત્રે સ્થપાયેલ છે એનો ઉદ્દેશ અને મુખ્ય હેતુ એજ છે કે સ્વધર્મની વૃદ્ધિ થાય એનેમાટે આપતા ઉપાયો લેવામાં નાણાની ગરજ પડે છે। પરંતુ સુધરેલા દેશની પેઠે એવા ધર્મસંબંધી કામના વિષયોમાં અસંખ્ય નાણાં વાપરવાનો આપણા દેશમાં ચાલ ઓછો છે અથવા સાન નથી આમ હોવાથી આ સભા તરફથી એવો માર્ગ લેવામાં આવ્યો છે કે ધર્મસંબંધી પુસ્તકો છપાવવાથી લોકોને ધર્મ વિગેરેનો બોધ પણ થાય અને ખર્ચ કાઢતા કાંઇ વધે તો તે સીલકમાં રહે આ ધારણા પ્રમાણે કામ ચાલે તો નાથો પ્રમાણે થઇ શકે સંભાવિત ગૃહસ્થોના જાણવામાં આ વાત આવવાથી કેટલાક આ કામમાં ઉત્તેજન દેવાના હેતુથી સભાના સભાસદ થઇ વાર્ષિક લવાજમથી અને કેટલાક એકદમ રકમ આપીને આશ્રય આપવા લાગ્યા છે આ વાત અતિ સંતોષકારક છે અને એવી રીતે પ્રીતિ દર્શાવનારનો સભા ઉપર અને આર્યધર્મ ઉપર આભાર થયો છે આજ ૧૬ વર્ષથી આર્યધર્મ-પ્રકાશ નામનું માસિક ચોપાનિયું પ્રકટ થાય છે તે સાથે શ્રીમદ્ ભાગવતભાષાંતર, ભગવતીભાગવત, યોગવાસિષ્ઠ વિગેરે બહાર પડયા છે અને બીજાં હજી પડવાના છે। આ સર્વ આપ સભાસદોની સહાયતાથીજ બન્યું છે। કર્તવ્ય હજી ઘણું મોહું છે તે અહીં કહેતાં પાર આવે તેમ નથી એ વિષે એટલુંજ કે સઇશ્વરકૃપાથી પાર પડશે એને લગતી સભા તરફથી એક પાઠશાળા સ્થાપનામાં આવી છે. એ શાળામાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ સભાને જોઇતો સંતોષ આપે એ બાબતને હજી વાર છે, તોપણ યથાશક્તિ પાઠશાળાનું કામ ચલાવવામાં સભા સમર્થ થઇ છે એ સર્વ આપ સદ્‌ગૃહસ્થોએ આપેલા આશ્રયનું પરિણામ છે હવે પછી પણ પાઠશાળાની વૃદ્ધિનેમાટે અને સુબોધક પુસ્તકોનેમાટે પ્રયત્ન નિરંતર ચાલુ રહેશે. જેમ આજે સભા મળી છે તેજ રીતે ગયા વર્ષમાં પણ આ પ્રમાણે સભા મળી હતી તે સમયે સર્વ ગૃહસ્થજનોએ પધારી શોભા આપી હતી તે સમયથી આજસુધીમાં શાળામાં હજી જોઇએ તેવા ઉંચી પંક્તિનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી મળ્યા નથી એનું કારણ તો એજ છે કે સંસ્કૃત ભાષાનો પ્રચાર ઘટી જવાથી લોકો તેમાંથી તાત્કાલિક લાભ લેવાનું જોતા નથી બીજું એ કે બ્રાહ્મણના છોકરા ભીખ માગી પેટ ભરવાનું મળે તેવી નવરા થતા નથી અને તેવી તેને કાંઇક લાલચ આપીને ન ભણાવાય ત્યાંસુધી તે ભણે નહીં પણ એટલી રાજ્ય

હજી સભામાં આવી નથી. તોપણ હુ ધારી શકુ છું કે જેમ જેમ આર્યલોકોનો ઉત્સાહ વધારે વધારે વધતો જશે તેમ તેમ તે તરફ વધારો થઇ શકશે. ગાયો વિગેરે ઉપયોગી પશુનું સંરક્ષણ નથી થતું કે ગરીબોની સંભાળ નથી લેવાતી વગેરે જે જે દેશનો ડાટ વાળનારા દુર્ગુણો લોકોમાં પેઠા છે એ પણ ધર્મવૃદ્ધિનો નાશ થવાથીજ પેઠા છે માટે ધર્મના સંરક્ષણની ઘણી જરૂર છે. જેનો કોઇ દિવસ નાશ ન થાય તથા આ લોક પરલોક સુધરે એવી વસ્તુ તે એક સ્વધર્મજ છે. એ સ્વધર્મનેમાટે હવે જો સચિંત રહેવામાં નહિ આવે તો આ આર્યનું નામમાત્ર પણ આર્યદેશમાં રેહેવાને કઠણ થઇ પડશે. આજકાલ, પરધર્મીઓનું પ્રયત્ન કેટલું બધું વધી ગયું છે તે લોકોથી અજાણ્યું નથી. તો આવા મામલામાં સ્વધર્મના સંરક્ષણમાટે આર્યલોકોએ આગ્રહી રેહેવું એ જરૂરનું છે. સ્વધર્મના સંરક્ષણથી સંપ વધે છે, લક્ષ્મી વધે છે, દેશ આબાદ થાય છે, વિદ્યા વધે છે, અને તેજ પ્રતાપ વધે છે. માટે એવા સ્વધર્મમાટે કોણ પછાત રેહેશે? જે ગૃહસ્થોએ સભાનો આ ઉત્તમ ઉદ્દેશ સમજી લઇ આશ્રય આપ્યો છે તેમનો ઇશ્વર સદાય જય કરશે. હવે પછી સભાનું શું શું કર્તવ્ય છે તે મોઢે કહી દેખાડવું એ શરમ જેવું છે અને કાળગતિ કેવો પરિણામ આપશે એ અતર્ક્ય છે એટલામાટે યથાશક્તિ જે કાંઇ કરવાનું છે તે નાણાંના અને વિદ્યાના તથા ગૃહસ્થના આશ્રય પ્રમાણે પોતાનું કર્તવ્ય કરતી જશે તે પ્રસિદ્ધિમાં આવ્યેથી જેમ આજસુધી જાણવામાં આવેલ છે તેમ હવેપછી સર્વના જાણવામાં આવશે. ખેદ માત્ર એટલો છે કે હાલમાં લોકોની પ્રીતિ કલિકાલના પ્રબલથી આવા વિષય ઉપર થોડી ઉતરે છે એટલામાટે ઇશ્વરપાસે વિનયપૂર્વક વિનતિ છે કે આર્ય લોકોનાં અંતઃકરણો રાગ દ્વેષ અને વિરૂદ્ધ ધર્મો ઉપર ન ઉતરી જવા દેતાં પોતપોતાના સ્વધર્મ ઉપર અને નીતિ ઉપર ઉતારે કે જેથી આ આર્યદેશનો અને તેના નિવાસીઓનો અપૂર્વ ઉદય થઇને આ લોક તથા પરલોક સુધરી જાય.

ગયા વર્ષની વાર્ષિક પરીક્ષામાં એક સદ્ગૃહસ્થે સર્વ ખર્ચ પોતાને માથે ઉપાડી લીધું હતું અને પોતાનું નામ જાહેરમાં મેલવામાં પોતાની ના પસંદગી જણાવી હતી. તેજરીતે આ વખતે પણ સભાના એક સખી સભાસદે આજના ખર્ચનો ભાર પોતાને માંથે ઉપાડી લેતાં પોતાનું નામ જાહેરમાં મેલવા નાપસંગી દેખાડી છે. એ બંને સાહેબોનો આ વખતે સભા તરફથી અત્યંત આભાર માનવામાં આવે છે. આવી રીતની ધર્મ ઉપર અંતઃકરણની પ્રીતિ લોકોની તાજી થતી જાય છે, અને ધર્મના ઉદયની ઇચ્છાનો અંકુર કાંઇક કાં-

ઇક લોકોના મનમા ફુટવા લાગ્યો છે તો આશા રહે છે કે, આર્યધર્મનો થોડા કાળમા પૂર્ણોદય થશે તથાસ્તુ

રા રા ઝવેરીલાલ ભાઈએ જણાવ્યુ કે 'આવા મુમ્બઈ જેવા પ્રવૃત્તિવાળા શેહેરમા આપ્રમાણે એક વર્ષે આવો મેનાવડો થાય એ પણ સંતોષ કારક છે આવા મેનાવડાની ધર્મસંરક્ષણમાટે ઘણી જરૂર છે હમણા તમોએ કહ્યુ તે પ્રમાણે જેમ ખાના પીવા માટે વેપાર વિગેરે અનેક ધનાની આપણને જરૂર લાગે છે તેટલી તો શુ પણ તેથી પણ વધારે ધર્મસંબંધી પ્રવૃત્તિની જરૂર છે માટે આવા કામમા લોકોએ પ્રીતિવાળા થઇને જરૂર આશ્રય આપવો જોઇએ આપણે જાણી શકશુ કે વેદધર્મસભા પાઠશાળા ચલાવવા શિવાય બીજુ હજી કાઇ કરી શકી નથી તોપણ ભાગવત વિગેરે પુસ્તકોના ભાષાંતર વિગેરેનો લોકોને લાભ આપ્યો છે અને હજી તે આપણી નજરે લીધેલા આ માર્ગેથી પોતાની શક્તિ વધારતી જશે તે આપણે જોવાને ઉત્કંઠિત છિયે સ્વધર્મથી આપણુ કલ્યાણ અને ઉદય છે અને તેનેમાટે આ કાળમા વધારે સચિંત રહેવાનો પ્રસંગ છે, તે હુ તમને બે દાખલા ટુકામા કહિશ તેથી સમજાશે મદ્રાસની ક્રીશ્ચન કોલેજમા એક સુબ્રહ્મણ્યશાસ્ત્રી નામનો છોકરો અભ્યાસ કરતો હતો તેની વૃત્તિ કાઇક ચંચળ હોવાથી ક્રીશ્ચનધર્મી થવાને લલચાયો તે વાતની સર્વ બીજા વિદ્યાર્થિઓને ખબર પડી એટલે પાદરી લોકોને એના માબાપ આવે ત્યાસુધી અટકાવીને તેના માબાપને તાર મેલી તેડાવ્યા અને તે છોકરાને સમજાવીને પોતાના ધર્મમા રાખ્યો આમ એકનેમાટે એટલા બધા બાળકોને ધર્મમાટે સારી અસર થઇ ગઇ એ વાત કોઇનાથી અજાણી નથી આ પ્રમાણે એકેકારે લોકોને પોતાના ધર્મપર પ્રીતિ વધતી જાય છે તેમ બીજી બાજુ જોતા પરધર્મીઓ કેવા કેવા પ્રયત્ન કરે છે તે આપણથી અજાણ્યુ નથી આશરે સો વર્ષથી એ ધર્મના આગ્રહીઓએ બીજા લોકોને પોતાના ધર્મમા વાળવા મોટી નાણાંની સખ્યાઓ રોકવી આપણા આ દેશમાં પાદરી લોકોએ નિશાળોમા અને બીજી તજવીજોમા ઘણુ પ્રયત્ન કર્યુ પણ કેટલાક હલકા વર્ણને ભોળવ્યા શિવાય બીજુ કાઇ ઘણુ કરી શક્યા નથી—વચમાં-વચમા કાઇ ગડબડ જેવુ હતુ પણ તે ગડબડ થોડા કાળમા શમી ગઇ અને લોકો સમજી ગયા એ લોકોએ હવે નવો માર્ગ લીધો છે તે એ કે દેશ બદલ્યાનીસાથે પોતાનો વેશ તથા રીત ભાત તેણે બદલી નાખી છે જે લોકો બુટ મોજા ન હોય તો મોટુ અપમાન સમજે છે તેજ લોકો આપણા સાધુના જેવો વેશ કરી લોકોને વિશ્વાસ બેસરાવવા

માથે ફેંટા અને ભગવે વેશે ઉઘાડે પગે ફરે છે. એમ પોતાના ધર્મમાં બીજાઓને લાવવામાટે જ્યારે આટલુ બધું તેઓ સાહસ કરે છે ત્યારે આવા પ્રસંગમાં આપણે માત્ર આપણા ધર્મનું સંરક્ષણ કરવાની ઘણી જરૂર છે. અને એટલામાટે હુ આ સભાને સૂચવું છું કે અનુકૂળતા જોઇને અનુક્રમે સારા ધર્મબોધક તૈયાર કરવા જોઇએ, કે જે આપણા ધર્મમાં રેહેવાને લોકોને બોધ કરે. [illegible]

આવા અભિપ્રાયનું બોલવું સમાપ્ત થતાં રા. પ્રભુરામ વૈદ્યે ટૂંકામાં જણાવ્યું કે આપણે આર્યલોકોએ ધર્મ રક્ષણમાટે જરૂર આગ્રહી રેહેવું જોઇએ. કેટ[illegible] લોકો વ્યવહારની જંજાળનેલીધે કંટાળી જતા હશે પણ આ કલ્યાણની વાત ક[illegible] ભલું ન જોઇએ કાંતો કામ ઉપાડવુંજ નહિ અને ઉપાડવું ત્યારે ધન સ્વધર્મ[illegible] હાનિ થાય તોપણ તે કામ પાર પાડવું જોઇએ. માટે હું આ સભાના સંરક્ષ[illegible] આરંભ કર્યો છે માટે અંતસુધી તે કામ પાર પાડવાની વિનંતિ કરૂં છું, અને [illegible] આપણુંજ છે તે આપણે ન કરિયે તો કોણ કરે. આપણા લોકોને ધર્મ જે ગૃહ[illegible] નીસાથે પરધર્મનું પ્રયત્ન હવે કેટલું બધું વધી ગયું છે તે રા. રા. જનો [illegible] બોલવાથી આપણે જાણ્યુ. મેં તો ત્યાંસુધી સાંભળ્યું છે, કે તેઓને દેખાડવું [illegible] અને ટીલાં ટપકાં વિગેરે જોઇને બિચારા ગામડાના ભોળા વિશ્વાસે, એટલામાં [illegible] વાનું પણ કેતા હશે. આપણે અહીંના લોકો સર્વ જાણીએ છિયે ? ગૃહસ્થના [illegible] રેહેનારા લોકો આવી જાતના પ્રયત્નને બિચારા જાણતાજ નથી. [illegible] બધુઓ! જો તમારે તમારૂં કલ્યાણ કરવું હોય તો સ્વધર્મના રક્ષણમાટે પછાત જરા પણ પડશો નહીં. આપણે બીજા કોઇના ધર્મનું કાંઇ કામ નથી. આપણે માત્ર આપણા સ્વધર્મનું રક્ષણ કરવું એજ કર્તવ્ય છે. અને તેનેમાટે હવે આળસ રાખવું યોગ્ય નથી. અને એમ થાશે ત્યારે સભા પોતાનું કામ યથાયોગ્ય બજાવી શકશે. આ સમયે આટલા ગ્રહસ્થોએ આવીને જે પોતાની યોગ્યતા દર્શાવી છે, તેથી સર્વનો હું આભાર માનું છું.

આવા અભિપ્રાયનું બોલ્યા પછી ફુલ-ગુલાબ વેંચવામાં આવ્યાં અને આશરે ૬ાવાગે સભા વિસર્જન થઇ હતી.

गाय अने तेना संरक्षणनी आवश्यकता.

ગાય શબ્દનો ઉચ્ચાર થયો ત્યાં પછી તેની ઓળખાણ આપવાનું પ્રયોજન રેહેતું નથી એવી રીતે તે આખા જગતમાં પ્રસિદ્ધ છે. એની ગરીબાઇ

એની મોટાઈ, એના ઉપયોગો અને એની પવિત્રતા બીજા એક પ્રાણીમાં આજસુધી આપણે જોઈ સાંભળી નથી આર્ય લોકોમાં તે કામદુધાના વર્ગમાં ગણાય છે અથવા તો કામદુધારૂપજ મનાય છે જેમ બાળકોએ માતા પિતા, શિષ્યે ગુરુ અને સ્ત્રીએ પતિ પૂજવા યોગ્ય છે તેમ સર્વ આર્યોએ ગાય એ પૂજવા યોગ્ય વસ્તુ છે અને તેથી ગૃહસ્થધર્મ બરાબર પાળનાર વિવેકીઓ ગાયનું પૂજન કરે છે પશુજાતિમાં તેનો અવતાર છતાં મનુષ્યજાતિના બ્રાહ્મણોની સાથે તેની પવિત્રતા પૂજ્યતા વિગેરેમાં સમાનતા ગણાય છે. જગતનો ઉપકાર કરનારી એવી જાતિનું ક્ષત્રિયો ઉત્તમ સંરક્ષણ કરતા તે ઉપરથી આજ પણ 'ગોબ્રાહ્મણ પ્રતિપાલક' એવું વિશેષણ ક્ષત્રિય રાજ્યવંશીઓને વિદ્વાનવર્ગથી અપાય છે જુના સમયમાં ગાય એજ ઉત્તમ ધન ગણાતું અને વનવાસ કરીને ઈશ્વર ભજનમાં લાગેલા લોકો પણ સર્વ છોડે તોપણ ગાયને છોડતા નહિ યજ્ઞ વિગેરેની સિદ્ધિ ગાયવિના થઈ શકતી નહિ એમ ઇતિહાસો પણ કહે છે સુધી આટલો જગતનો ઉદય જોવામાં આવે છે, તે સર્વનો ગાયના ઉપકાર છે આગળના મહાત્મા રાજાઓ એકલા શું પણ મહાજનો પણ ગાયોનું સંરક્ષણ કરતા અને એની કૃપાથી ઉત્તમ સુખ મેળવતા. એની પૂજા અને પવિત્રતા અનાદિ કાળથીજ ચાલી આવે છે એ કોણ અજાણ્યું છે વ્યાસજી તેની યોગ્ય વર્ણના કહે છે કે,—

मातरः सर्वभूतानां गावः सर्वसुखप्रदा ।
वृद्धिमाकांक्षता नित्यं गावः कार्याः प्रदक्षिणाः ॥

ગાયો સર્વ પ્રાણીઓની માતા છે અને સર્વ સુખને આપનારી છે જે માણસ નિરંતર ઉદયની ઈચ્છા રાખતો હોય તેણે ગાયને પ્રદક્ષિણા કરવી

અહીં પ્રદક્ષિણા ઉપરથી તેની ઈશ્વરના જેટલી યોગ્યતા દેખાડી માતા જેમ બાળકને સુખ આપનારી છે તેમ ગાય સર્વ પ્રાણીને સુખ આપનારી જે સુખ આપનાર હોય તેજ ઉદય કરવામાં સહાયક થાય છે. કેટલીક ચીજો એવી છે કે એક જાતનોજ ઉદય કરી શકે છે પણ ગાય માતા તો સર્વ પ્રકારના ઉદયનું કારણ છે અભાવવાન લોકોના બોધને અર્થે વ્યાસજી એવું કહે છે કે,—

संताड्या न तु पादेन गवां मध्ये न तु व्रजेत् ।
मंगलायतनं देव्यस्तस्मात्पूज्याः सदैव हि ॥

ગાયોની વચમાં જવું નહિ અને તેને પગથી સ્પર્શ કરવો નહિ સર્વ પ્રકારના મંગળોનું સ્થાનકરૂપ તે દેવીઓ છે માટે નિશ્ચય નિરંતર તે પૂજવા યોગ્ય છે

અહીં કેટલી બધી તેની મોટાઇ વર્ણવી છે. દેવતાને કે ગુરૂજનને પગને સ્પર્શ થઇ જાય તો મહાદોષ લાગે છે તેમ ગાયને પણ સ્પર્શ થાય તો દોષ લાગે એવા હેતુપૂર્વક તે તેની પવિત્રતા અને મોટાઇ દેખાડી છે. મંગળનું સ્થાનક હોય તેની એવીજ યોગ્યતા હોવી જોઇએ.

વળી આગળ ચાલતાં તેનાં સરક્ષણની આવશ્યકતા જણાવતાં કહે છે કે—

प्रचारे वा निवाते वा बुधो नो द्वेजयेत गाः ।
तृषिता ह्यभिविक्ष्यंतो नरं हन्युः सबांधवं ॥

ચાલવામાં કે દોડવામાં, અને બેસવામાં ગાયને ઉદ્વેગ થાય તેવું ન કરવું. નજર કરતી તરશી ગાયો બંધુસહિત માણસનો નાશ કરે છે.

અહીં એવું જણાવ્યું કે ગાયને ચાલવા બેસવામાં અડચણ ન કરવી અને તરશી પણ ન રેહેવા દેવી. આવા કારણથીજ આગળના ક્ષત્રિય રાજાઓ વનનાં વન ગાયોના ચરામાટે રાખતા અને પાણીના પીયાવાઓ બંધાવતા. આજ પણ કોઇ ધર્માત્મા હોય તો તેમ કરે છે. એતો શું પણ સર્વ સુખને આપનાર અને ઉત્તમ ધનરૂપ ગાયમાટે જે કરે તે થોડું છે.

ગાયમાંથી થનારા દૂધ, દહી, ઘી, છાણ, અને ગોમૂત્ર એ પાંચનું નામ પંચગવ્ય કેહેવાય છે. એ પદાર્થો અતિ પવિત્ર અને મનુષ્યને અતિ ઉપયોગી છે, એ અનાદિ કાળથી સિદ્ધ છે. એવું બીજું કયું પ્રાણી છે કે સર્વ વાતે પ્રાણીઓને જીવવામાં સહાયભૂત રહી પોતામાંનાં મળમૂત્રથી સર્વને પવિત્ર કરે છે. શ્રી વ્યાસજી કેહે છે કે—

पितृसद्मानि सततं देवतायतनानि च ।
पूयंते शकृतात् यासां पूतं किमधिकं ततः ॥

દેવતાઓનાં અને પિતૃઓનાં સ્થાનકો જેના છાણથી પવિત્ર થાય છે તો આથી પવિત્ર બીજું વધારે શું પવિત્ર છે?

આપ્રમાણે સર્વ પ્રકારથી પવિત્ર ગાય, જેનું દૂધ આખા જગતને પોષણ આપનારૂં તથા રૂપાંતર થઇને પણ સ્વાદ બલ તેજ વગેરે આપનારૂં છે તથા તેની મોટાઇ અને પવિત્રતા જે અનાદિ કાળથી લોકોના હૃદયમાં વાસ કરી રહી છે તેને માટે વધારે શું બોલવું. કોઇપણ ધર્મસંબંધી ક્રિયા એવી ભાગ્યે હશે કે જેમાં ગોમયનો ઉપયોગ હશેજ નહિ. દેવ.પિતૃ અને મનુષ્ય સંબંધી સર્વ કાર્યોમાં તેનો ઉપયોગ છે. જે જે ઠેકાણે ગાયનું સન્માન થાય છે, તે દેશ, તે નગર, તે ઘર સદૈવ સમૃદ્ધિથી અને શોભાથી યોગ્ય રહે છે. જે જે ઠેકાણે ગાયોનું સન્માન થાય છે

તે તે દેશમા નગરમા કે ઘરમા દુર્ભિક્ષ એટલે કાળનો પરાભવ થતો નથી જગતમા ઘણા ઘણા પદાર્થો ઉત્પન્ન થાય છે પરન્તુ સર્વ પદાર્થોમા સર્વ કામનાને પૂરી કરે એવો કોઇ પણ પદાર્થ નીકળશે નહિ, પરન્તુ અનાદિકાળથી સિદ્ધ થયુ છે કે જગતમા ત્રણ પદાર્થો સર્વ કામનોને પૂરનારા છે તે નીચેના વ્યાસજીના વાક્યથી જણાઇ રહે છે

'तुल्यनामानि देयानि त्रीणि तुल्यफलानि च ।
सर्वकामफलानीह गाव पृथ्वी सरस्वती ॥'

જેના સરખા (એક જાતના) નામ છે, જેના સરખા ફળ છે, અને જે સર્વ કામનાઓને સફળ કરે છે એવા ત્રણવાના છે તે એજ કે ગાયો, પૃથ્વી, અને સરસ્વતી

આ ઉપરથી જણાયુ કે જગતમા સર્વ સુખ આપનારા એ ત્રણ પદાર્થો છે જે સર્વ સુખ આપનારા પદાર્થો છે, તેજ પુણ્યને અને જીવિતને વધારી આપનારા છે જયા જયા એ ત્રણ પધાર્થો છે ત્યા કોઇ વાતની ઓછ રેહેતી નથી અને જયા તે ત્રણ પદાર્થો નથી ત્યા સર્વ વિપત્તિઓ સમાયેલી હોય છે ખરેખર ઉદય એ ત્રણ વસ્તુની સાથે રહેલો છે અને અસ્ત પણ એ વસ્તુના અભાવની સાથે રહેલો છે આ ત્રણ વસ્તુમા ગાય શબ્દને પેહેલો મૂકવામા તેનું સર્વોત્તમપણુ દેખાડયુ છે પૃથ્વી અને સરસ્વતી કરતા પણ ગાય છે તે અધિક છે, અને સૂક્ષ્મ નજર કરતા તે વાત યથાયોગ્ય છે જગતમા જો ગાય છે, તો પૃથ્વી અને સરસ્વતીની સભાળ લેવાને આપણે જીવતા રહ્યા છિયે જો કે એકબીજી વસ્તુનો ઉ ય એકબીજી વસ્તુને આધારે હોય છે, તોપણ રાયથી રકસુધી, સર્વને સરખી રીતે સુખ આપનારી કલ્પવૃક્ષરૂપ પ્રથમ ગાય છે, પછી પૃથ્વી છે, અને પછી વિદ્યા છે એટલામાટે વિવેકી આર્યોએ ગાયનુ તન મન ધનથી ભક્તિપૂર્વક પાલણ પોષણપૂર્વક સરક્ષણ કરવુ જોઇએ પૃથ્વીનુ પણ પૃથ્વીની યોગ્યતા પ્રમાણે સરક્ષણ કરવુ જોઇએ, ને સરસ્વતી (વિદ્યા) નુ પણ સરક્ષણ કરવુ જોઇએ એમ અનુક્રમે સરક્ષણ કરવાથી ઉદયરૂપ સિદ્ધિ મળે છે જગતમા જો ધન વસ્તુ કાઇ હોય તો અમે એ ધનરૂપ આ ત્રણ વસ્તુને લેખિયે છિયે 'સોનાના કે રૂપાના કટકોને ધનરૂપ' લેખતા નથી કેમ કે ગાય, પૃથ્વી અને સરસ્વતી ન હોત તો દાલમા જેને લોકો ધન માને છે તે ધન સપા ન થાત નહિ પુણ્ય થવાના હેતુથી દાન કરવાના જે જે ઉત્તમ પ ર્થો ગણવામા આવે છે તેમા પણ ગાય, પૃથ્વી અને સરસ્વતી એ ત્રણ પ ાર્થો સવથી ઉત્તમ ગણાય છે જે ગુરૂ શિષ્યને વિદ્યા આપે છે તે પૃથ્વી અને ગાયનુ ાન આપ્યા જેટલુ ફળ

પામે છે એમ માહાત્માઓએ નિશ્ચય કર્યો છે. તે સાથે ગાયની ઉત્કૃષ્ટતા વિશેષ દેખાડી છે. દાનના પ્રસંગમાં પિતામહ પાત્રદ્વારા વ્યાસજી કહે છે કે,—

'तथैव गाः प्रशंसंति न तु देयं ततः परम् ।
संनिकृष्टफलास्ताहि लघ्वर्थाश्च युधिष्ठिर ॥'

તેજ રીતે ગાયોને (વિદ્વાનો) વખાણે છે એથી આપવાનું બીજું કાંઇ પણ રેહેતું નથી. હે યુધિષ્ઠિર! ગાયો છે તે તરત ફળ આપનારી તથા થોડો ખર્ચ થાય તેવી છે.

આ પ્રમાણે ગાયો સર્વ સુખને આપનારી અને પણ સર્વની માતા બરોબર છે. તે કાંઇ એકલું અહીંજ સુખ આપે છે એમ નથી પણ આ લોક અને પરલોક એમ બેય લોકમાં સુખ આપનારી છે અને એટલા માટેજ ઘણે પ્રસગે એ અમૂલ્ય વસ્તુનું દાન સત્પાત્રે આપવામાં આવે છે. જે સારી ગાયનું દાન* આપનાર છે તેને માટે કહ્યું છે કે.—

'यावंति रोमाणि भवंति तस्याः तावद्वर्षाण्य श्नुते स्वर्गलोकं ।' (જેટલાં તે ગાયનાં રૂવાણાં હોય છે તેટલાં વર્ષો સ્વર્ગને ભોગવે છે.)

આ પ્રમાણે સર્વ વાતે સુખ વધારનારી તથા કલ્યાણ કરનારી ગાયોનું પ્રાચીન ધર્મજ્ઞ રાજાઓ અને બ્રાહ્મણો પાલણ-પોષણથી સંરક્ષણ કરતા. જેમ સ્ત્રી, પુત્ર, મિત્ર, વિગેરેનું સરક્ષણ સહજ હોય છે તેમ તે ગાયોનું સંરક્ષણ સહજ હતું અને વિશેષે પુત્રનો જેમ માતા પિતા ઉપર પૂજ્યભાવ હોય તથા પત્નીનો જેમ પતિ પ્રત્યે પૂજ્યભાવ હોય તેમ ગાયો ઉપર પૂજ્યભાવ રેહતો અને ગાયો પણ તેવા સમયમાં કલ્પવૃક્ષ કરતાં પણ અધિક સુખ આપનારી થતી; એમ ઘણા ઇતિહાસોથી આપણે જાણી શકીયે છિયે. નિર્ધન હતા તેજ ગાયો રાખતા એમ કાંઇ નથી. નિર્ધન અને ધનવાન્ સઘળા લોકો ગાયો રાખી તેનું સંરક્ષણ કરતા; કેમ કે ઇશ્વરની પૂજાના અધિકારી નિર્ધન છે અને સધન નથી એવો કાંઇ નિયમ નથી. યાજ્ઞવલ્ક્ય ઋષિ સધન હતા તે ગાયોનું સરક્ષણ કરતા કેમ કે બ્રાહ્મણનું દૈવત ગાય છે અને સર્વ ધર્મકર્મની સિદ્ધિ પણ એથી સિદ્ધ થાય છે. જેઓ ચક્રવર્તી રાજાઓ થઇ ગયા છે તેઓએ પણ ગાયોનું સંરક્ષણ કરેલું છે અને સંરક્ષણથી તથા દાનથી આજસુધી અજર-અમર રહેલા છે.

---

* ગાયો ઉપર ક્ષમા રાખે તેવો હોય, ગાયો જેને શરણે જાવા યોગ્ય હોય, આજીવિકાવાળો હોય અથવા આજીવિકાથી ઉદાસ ન હોય એવો બ્રાહ્મણ ગાયનું દાન આપવાને પાત્ર એટલે યોગ્ય ગણાય છે.

નગ રાજા અસખ્ય ગાયોનુ રક્ષણ કરતો હતો અને નિરતર અસખ્યનુ દાન પણ કરતો હતો દીલીપ રાજા પણ ગાયનો ભારે ભક્ત થઇ ગયેલ છે આપણો પડછાયો જેમ આપણે વર્તીએ તેમ વર્તે તેજ રીતે તે રાજાએ ગાય જાય ત્યા જાવુ, ગાય બેસે ત્યા બેસવુ, ગાય ખાય ત્યા ખાવુ, અને એની પાછળ પાછળ ચાલીને રક્ષા કરવી, એવી રીતે વ્રત પાળ્યુ હતુ અને તે વ્રત પાળતા એક સિંહ આવી ચડ્યો તેની આગળ પોતાના શરીરનો ભોગ તેણે આપ્યો અને છેવટ તે સિંહ માયાનો હોવાથી જતો રહ્યો અને ગાય માતા તેની ઉપર પ્રસન્ન થયા તથા તેને પુત્રની ઇચ્છા હતી તેથી પુત્ર આપ્યો કે જેનુ નામ રઘુરાજા પડ્યુ મર્યાદા પુરૂષોત્તમ રામચદ્રજી એજ રઘુના વશમા થયા છે શ્રીકૃષ્ણ પરમાત્માએ નદરાયજીને ઘેર રહી ગાયોનુજ સરક્ષણ કરી અને ગિરિરાજનો મખ કરીને આપણુ સર્વસ્વ ગાયજ, છે એમ સિદ્ધ કરી આપેલ છે જગતનુ પાવન કરનાર, જગતના પિતા, અને સર્વના અતર્યામિ શ્રીભગવાન્ પણ જેની પૂજા કરે એની કેટલી પવિત્રતા અને કેટલી બધી મોટાઇ આપણે સમજવી જોઇએ માયાવિગ્રહ પ્રભુ શ્રીકૃષ્ણ કે જેણે ગૌબ્રાહ્મણનેમાટે જન્મ લીધો હતો તે રોજ ગાય અને બ્રાહ્મણની પૂજા કરીને પ્રસાદ લેતા અરે ખેદની વાત એ છે કે તેજ પવિત્ર પ્રાણીઓ આજે ઠેકાણે ઠેકાણે દુ ખ ભોગવતા જોવામા આવે છે આમ છે ત્યારે પછી દેશનો ઉદય કે આત્માનુ કલ્યાણ ક્યાથી થવાનુ ?

અનાદિ કાળથી માન મેળવી આવતી ગાયનુ સરક્ષણ ગાયોના ગુણ અને તેની પવિત્રતાજ કરાવે છે - તે દેખવામા પશુ છે પણ લોકોનુ હિત તથા રક્ષણ કરવામા દેવ છે એના ઉપકાર વગરનો પૃથ્વીનો કોઇ ભાગ પણ ખાલી નથી એમનુ મહાત્મ્ય એક જીભે અમે શુ વર્ણવિયે

ભીષ્મ પિતામહ પાનદ્વારા વ્યાસજી કહે છે કે,

'गाव प्रतिष्ठा भूताना गाव स्वस्त्ययन महत्।
गावो भूत च भव्य च गाव पुष्टि सनातनी ॥
गावो लक्ष्म्यास्तथा मूल गोपु दत्त न नश्यति।
अन्न हि परम गावो देवाना परम हवि ॥
स्वाहाकार वषट्कारौ गोपु नित्यप्रतिष्ठितौ ।'

સર્વે પ્રાણિયોની પ્રતિષ્ઠા છે તે ગાયો છે અર્થાત્ ગાયનેલીધે તે જીવે છે અને ગાયોનેલીધે તેની મોટાઇ છે, 'કલ્યાણનુ મોટુ ઠેકાણુ ગાયો છે, જે થઇ ગયુ અને થવાનુ તે ગાયો છે, અનાદિ કાળથી પુષ્ટિ આપનારી ગાયો છે,

प्रारब्धनी विचित्रता उपर एक वात.

આ જગતમાં કોઇપણ ભાગ એવો નથી કે જે કોઇપણ પ્રકારના પ્રાણીઓ વિનાનો હોય. જેટલાં સૂક્ષ્મ પ્રાણીઓ છે તેટલાં દૃષ્ટિગોચર થતાં નથી, જેઓ સ્થૂલ પ્રાણીઓ છે તે દૃષ્ટિગોચર થાય છે. પ્રાણીઓની સ્થાવર અને જંગમ એવી બે જાતિ છે. તે બે જાતિમાં જેટલાં જંગમ (ચાલનારાં) પ્રાણીઓ છે તે સર્વમાં મનુષ્યપ્રાણી સર્વોત્તમ કહેવાય છે. એ મનુષ્યોમાં પણ કોઇ ઉચ્ચ વર્ણ, કોઇ નીચ વર્ણ, કોઇ રોગી, કોઇ નિરોગી, કોઇ રાજા, કોઇ રંક, કોઇ ઘરબારી, કોઇ જંગલવાસી, કોઇ સચિંત, કોઇ નિશ્ચિંત, કોઇ આળસુ અને કોઇ ઉદ્યમી, કોઇ કુરૂપ અને કોઇ સુરૂપ; કોઇ સર્વ વાતે ઇચ્છિત મેળવતો અને કોઇ સર્વ વાતે પચ્છાત પડતો જતો, કોઇ રડતો અને કોઇ ગાન કરતો, કોઈ કેદખાને અને કોઇ રાજ મેહેલમાં, કોઇ મૂર્ખ અને કોઇ વિદ્વાન્; કોઇ ધનિક અને કોઇ નિર્ધન, કોઇ પ્રપચી અને કોઇ નિષ્પ્રપચ, કોઇ ગમે તેટલા સુખથી પણ સંતોષ નહિ માનનાર અને કોઈ જંગલમાં પણ સંતોષ માનનાર, કોઇ વાંઢો અને કોઇ પરણેલો, કોઇ વાંઝીઓ અને કોઇ પ્રજાવાળો, એમ વિચિત્ર દેખાવ જગતમાં સર્વના જોવામાં આવે છે. જેઓ સુખિયા અને વધતા જતા લોકો હોય છે તે "અમે સુખિયા છિયે અને અમારો ઉદય થયો છે" એમ માની મુછે તાર દેતા ઉજળાં લુગડાં પેહેરીને આમતેમ આથડે છે. જેઓ દુખિયા અને નબળા થતા જતા લોકો હોય છે તેઓ "હાય હાય આપણે દુઃખ ભોગવિયે છિયે અને દશા પડતી આવતી જાય છે" એવો ખેદ કરતા અને નિશ્વાસ નાખતા આમતેમ આથડે છે. પણ તેઓ એમ નથી વિચારતા કે અમે તે તેજ અને તેજ તે અમેજ છિયે; કેમ કે સર્વમાં અહપણું તો એકજ છે. જે કહેશે તે હું સુખી કે હું દુઃખી એમ કહેશે. ત્યારે આપણે સુખી તો તે સુખી અને આપણે દુઃખી તો તે દુઃખી છે એમ માની દુઃખિયા લોકો કેમ સંતોષ નહિ પામતા હોય અને સુખિયા લોકો કેમ કાંઇ દેખતા નહિ હોય!

દુઃખ મળવું કે સુખ મળવું તથા ઉદય થવો કે અસત થવો એ જો કે ઉદ્યમથી થઇ શકે છે એમ જણાય છે તોપણ કોઇના સ્વતંત્રમાં એ વાત છે એવો નિશ્ચય થતો નથી. કેમ કે કેટલાક એમ પણ કહે છે કે જેવી ભવિતવ્યતા હોય તેવીજ બુદ્ધિ આવે છે અને ઉદ્યમ પણ તેવોજ કરવાનું મન થાય છે. ઘણીવાર આપણે જોઇએ છિયે કે જેના આચરણનેમાટે આપણને પૂર્ણ વિશ્વાસ

હોય છે તેનાઓ પણ કોઇ વાર જગતમા હસવા જેવા કામ કરીને પાછળથી પ સ્તાય છે કેટલીક વાર જેનામાટે આપણે કાઇપણ આશા ન બાધી શકતા હોઇએ તેવા માણસો મોટા અધિકારને પાત્ર થઇને કીર્તિ સપાદન કરીને જગતમા જન્મ્યાનો લ્હાન લે છે , ઘણી વાર વિદ્વાનલોકો વિપત્તિના પાત્ર થઇ મહા દીનદશામા રખડી રઝળીને કોઇને ખબર ન પડે તેમ આ લોકમાથી અદૃશ્ય થાય છે ઘણી વાર એવુ પણ જોવામા આવે છે કે મૂર્ખતાની પરમ સીમારૂપ અને જેના હાથના કોઇ બોર પણ ન ચાખે એવા માણસો ઘણી સુખપરપરામા આયુષ્યને ગાળીને સર્વની નજરે વાહવાહ ફેરવાવતા સ્વર્ગમા જાય છે કોઈ કાણા કોઇ આનળા, કોઇ બેરા કોઇ લુના, કોઇ પાગળા, કોઇ પલિયલ, કોઇ ભીખારી, કોઇ બળીવાન, કોઇ વિકલ, કોઇ ઉન્મત્ત અને કોઇ પશુ આદિકના અવતારોમા પીડાતા પ્રાણીઓ ઘણી વાર અત કરણમા અત્યત કમકમાટ આપે છે કોઇ કોઇ વાર આવી સ્થિતિના લોકોને દેખીને અથવા જેઓ પુષ્પની પથારીમા પોઢે અને ચદ્રમા સરખા શ્વેત વસ્ત્ર ઓઢે એવા ભાગ્યશાળી લોકોને પાણા પણ દેખે તો ફાટી પડે એવી વિપત્તિ આવી પડતી જોઇને અને વિદ્યા તથા ધર્મમય ની પૂર્ણ સદ્ક્રિયાઓમા મગ્ન રહેનારા સાધારણ પણ સતોષથી સ્વર્ગતુલ્ય સુખ માનનારાને મનના સર્વ વિચારો આકાશમા ઉડી ગયા જેવી સ્થિતિ આપે છે ત્યારે "અરે આ તે શુ" એમ આપણને થઇ જાય છે એક વાર ઉપરમાના કેટલાક દેખાવોથી અત કરણ પીગળવાનેલીધે એક કુળવાન્ વૃદ્ધ વિદ્વાન્ કે જે પોતાના વૃદ્ધપણાથી અને કુટુબમા આગળ પાછળ કોઇ પરિવાર નહિ હોવાથી રેતીના મેદાનમા શાલ્મલીના ઝાડની પેઠે એકલો પડેલો, એક સાધારણ જુની ઝુપડીમા આસનપર બેઠો બેઠો કાંઇ ધ્યાનમાં લાગ્યો હતો તેને જઇને અમારા મિત્રમડળે નમસ્કાર કર્યા તેણે આખો ઉઘાડી અમતદૃષ્ટિથી અમારી સામુ જોઇ આવકાર આપ્યો થોડીવાર તેના પગસામુ અમે જોઇ રહ્યા અને તે અમારા મુખ સામુ જોઇ રહ્યો તે વૃદ્ધ માણસે પછી ધીરેથી અમને પુછ્યુ કે કેમ ભાઇઓ ! તમારૂ મડળ આજ શો વિચાર કરીને અહી આવ્યુ છે ? સનમાથી હુ આગળ પડી બોલ્યો કે, મહારાજ ! અમને લોકની વિચિત્ર સ્થિતિ અને તેના વિચિત્ર ફેરફારો જોઇ ઘણો ખેદ થાય છે અને વખતે અમારી ઉન્નતિથી અમને અભિમાન પણ આવી જાય છે માટે અનુભવીની પાસે તેવિષેનો કાઇ વધારે અનુભવ લેવા આવ્યા છિયે

" વૃદ્ધ વિદ્વાને કહ્યુ કે બહુ સારી વાત છે ' જગતમા અનુભવનુ ભણતર છે તેજ સર્વ કરતા મોટુ છે જુવો ભાઇઓ, પ્રાણીઓના સુખદુ ખવિષે તથા

તેની ચડતી પડતી વિષે શું કારણ છે, તેનો નિશ્ચય કરવો એ પૃથ્વી અને આકાશ એક કરવા જેવું કઠણ કામ છે. તોપણ આગળના વિદ્વાન્ અનુભવિયો તેના કારણના રૂપને ગાઇ ગયા છે. આગળનાં કર્મ અને હમણાંનાં કર્મ એ બેય મળીને સારી-માઠી સ્થિતિ બંધાય છે. પૂર્વકર્મને પ્રારબ્ધના નામથી આપણે બોલિયે છિયે. ઉદ્યમ કે જેને ક્રિયમાણ કર્મ કહિયે તો ચાલે તે ઉદ્યમથી સારી-માઠી સ્થિતિ થાય છે એમ પણ ઘણા લોકોનું માનવું છે. તેથી આપણે ઉલટું થઇ શકાય એમ નથી પણ એમ માનવા જતાં એકસરખો ઉદ્યમ કરનારા સરખો ઉદય પામતા નથી તથા સુખનેમાટે ઉદ્યમ કરતાં તેમાંથી દુઃખરૂપ ફળ પણ મેળવે છે, તેથી એનીમેળે ઉદ્યમની ગૌણતા પ્રાપ્ત થઇ જાય છે. કદી ધારિયે કે બલબુદ્ધિની હીનતાથી કે કોઇ બીજા કારણથી ઉદ્યમ બરાબર સિદ્ધ નહિ થતો હોય તો તે બલબુદ્ધિની હીનતા પણ શાથી પ્રાપ્ત થઇ એમ શંકા થયાવગર રહે નહિ. વિદ્વાનવર્ગ તો એમજ નિશ્ચય બાંધે છે કે 'बुद्धिः कर्मानुसारिणी।' (બુદ્ધિ કર્મને અનુસરનારી છે.) સારાંશ એ કે જેવાં પૂર્વનાં કર્મ અથવા સંચિત હોય તે પ્રમાણે બુદ્ધિ થાય છે. અને જેવી બુદ્ધિ થાય તેવું સારૂં-માઠું કર્મ કરવામાં આવે છે. વિચિત્ર પ્રકારનાં વર્તનોમાં અને સારાં માંઠાં કામમાં કર્મપર દોષ નાખ્યાવિના બીજો એ કે માર્ગ માણસને સુજતો નથી. બનવાકાળ, ભાવિ, દૈવેચ્છા, કે સ્વભાવ એ સઘળાં પ્રારબ્ધને ઠેકાણે બોલવાંનાં નામો છે. એ પ્રારબ્ધ અથવા કર્મનેજ જો પુરૂષાર્થ માનિયે તો તેમ પણ બને છે, કેમકે કર્યાવગર કાંઇ કર્મ થતાં નથી. માટે જ્યારે કાંઇ કરવા માંડિયે ત્યારે તે પુરૂષાર્થ છે. એક પુરૂષાર્થને કેટલાક વિદ્વાનો એવી રીતે વર્ણવે છે કે પુરૂષાર્થથી કાંઇ નથી થતું એવું છેજ નહિ અર્થાત્ જે ધારિયે તે થઇ શકે છે. આ વાત પણ કેટલાક દાખલાઓ જોતાં અને વિચાર કરતાં ખરી લાગે તેવી છે. આમ હોવાથી તમે સમજ્યા હશો કે પ્રાણીઓની સારી-માઠી સ્થિતિમાં કે સુખ દુઃખમાં એકલા પ્રારબ્ધને કે એકલા ઉદ્યમને અપરાધી ઠેરવી શકાય તેમ નથી. બન્નેને એકરૂપ ગણિયે તો તે વાત નોખી છે બાકી જુદા જુદા રૂપમાં ગણિયે તો જે કાંઇ અપરાધ હોય તે તે બેયની ઉપર છે. નામ ઉપર દોષ પછી પ્રસંગ પ્રમાણે દેવાય છે. તોપણ એટલું તો ખરૂં કે કાંઇ માઠું થાય ત્યારે લોકો કર્મ કે પ્રારબ્ધનો દોષ કાઢે છે અને સારૂં થાય ત્યારે ઉદ્યમનો સત્કાર કરે છે, પણ સમદૃષ્ટિથી જોતાં બધું સરખું છે અથવા કાંઇ નથી. તકરારની વાતજ આ નથી અને ઉંડો વિચાર કરવાથી કાંઇ હાથમાં પણ આવતું નથી. બ્રહ્માજીએ હું ક્યાંથી થયો એમ વિચારી કમળના નાળવામાં પોતાનું મૂળ શો-

ધ્રુવા ગયા તો કોઇ છેડો જ આવ્યો નહિ તેમાં આ પણ છેડો આવે એવી વાત નથી એજ તેની વિચિત્રતાનું મોટું ચિન્હ છે. હું તમને એક પ્રમાણ પ્રસંગ આવ્યો છે માટે, નાની સરખી વાત કહીશ તે તમે સાંભળીને ઘટતો બોધ લેજો.

પાસેના રાજનગરમાં કોઇએક કંગાળ સ્થિતિના બ્રાહ્મણના જોડાએ આવીને ઉદર પોષણને માટે નિવાસ કર્યો. યજુર્વેદી માધ્યન્દિની શાખાના આ હરિદત્ત બ્રાહ્મણને ભીખ માગતાં પણ પૂરી નહિ આવડવાથી જે મળે તેમાંથી પોતાની કર્કશાના જેવી સ્વભાવની સ્ત્રીને અને લુલા પાંગળા છોકરાને ખવરાવી પોતે કડાકા કરતો. રોજ સવારમાં ઉઠીને તે ગામથી બે કોશ રાજેશ્વર મહાદેવનું મંદિર હતું ત્યાં પૂજન કરવા જવાનો તેણે નિયમ લીધો. આ સમયે રાજા ભૂપતસિંહ રાજ્ય કરતા હતા. વરસ છ મહિના થઇ ગયા પછી મહારાજા ભૂપતસિંહે મહાદેવનો પરચો કાંઇક જણાવાથી તેજ પૂજા કરનાર ભોળા બ્રાહ્મણને નિમનોક કરી દીધો. આમ થયા પછી તો બ્રાહ્મણને આનંદમંગળ થયો. કોઇ કોઇ વાર મહાદેવને દર્શને રાજા આવે તેને નિર્માલ્ય આપી આશિર્વાદ દેતો. બ્રાહ્મણની દીનતા અને તેની અશક્તિથી રાજાને તેની ઉપર દયાભાવ થવાથી એકાદ ખેતર તામ્રપટ લખી આપ્યું. આમ કરતાં બે ચાર વર્ષ નીકળી ગયાં. એક દહાડો ચૈત્ર વૈશાખના તડકામાં મહારાજાની સવારી સાવજનો શોધ કરવાને નીકળી ફરતાં ફરતાં બપોર થઇ જવાથી પોતાના સાથીઓને પાછા વળવાનું કહી પોતે રાજેશ્વર મહાદેવના મંદિર તરફ વળ્યા. માર્ગમાં જે ઘોડાઉપર પોતે સવારી કરી હતી તે ઘોડો કોઇ અચાનક કારણથી ચમકી ઉઠતાં એટલો તો ઉતાવળે આડે માર્ગે દોડવા લાગ્યો કે રાજાજીના હાથમાં લગામ રહી નહિ. થનાર વાત હશે તેથી આવતાં આવતાં જે મંદિરમાં પેલો હરિદત્ત બ્રાહ્મણ પૂજા કરવા જતો હતો તે મંદિર આગળ ઘોડાને ઠોકર વાગતાં તે પડ્યો. તેમાંયે રાજા પણ પડી ગયા. આ ટાણે ઘોડાના પડતાંવેંત પ્રાણ નીકળી ગયા અને મહારાજાને મૂર્છા આવી ગઇ. પણ અહીં કોણ રોય? બનવા કાળ છે તે પૂજારી બ્રાહ્મણની સ્ત્રી ગર્ભવતી છતાં પોતે લાકડાં છાણાં વીણવા ગયેલ તેને પીડ થવાથી માંડ માંડ તે રાજેશ્વરના મંદિરમાં આવીને પડેલી. ત્યાં તેનો પતિ તેને રોજના નિયમપ્રમાણે નહિ આવેલી જાણી ખબર કાઢવા નીકળ્યો અને વચમાં મહાદેવનાં દર્શન કરવાનું તેને સ્ફુરી આવ્યું. મંદિરપાસે આવે છે ત્યાં મહારાજાને મૂર્છિત અવસ્થામાં પડેલા જોઇ પોતે ધ્રુજતો ધ્રુજતો પાસે ગયો અને હાથમાંથી રતાંબર કરી અને ટરમાળા ફેંકી દઇ, પોતાની નાની સરખી તુમડીમાંથી મહારાજાના મોંઢા ઉપર

પાણી છાંટી ખાખરાના પાદડાં તોડી પવન નાંખવા લાગ્યો. પેલી સ્ત્રી મંદિરમાં પડી હતી તેને મંદિરની શીતળ હવાથી પેટમાં કાંઇક સુખ થયું એટલે તે બહાર નીકળી. એનો ધણી જ રાજાપાસે પોતાની સ્ત્રીની વાટ જોઇ બેઠો હતો તેણે છેટેથી તેને ઓળખી એટલે પોતાનીપાસે બોલાવી. બેય જણાએ શ્રમ લઇ પોતાની વાતચિત કરતાં રાજાની મૂર્છા ઉતારી. મૂર્છા ઉતરી ગઇ ત્યાં જુવે છે તો રાજાએ પેલા પૂજારી અને તેની સ્ત્રીવગર બીજા કોઇને દીઠું નહિ. પોતાનો ઘોડો તો પાસે પ્રાણવગરનો થઇને પડેલો જોયો. બ્રાહ્મણે હાથ જોડી પ્રાર્થના કરી કે મહારાજા! હવે સ્વસ્થ થાઓ અને આજ્ઞા કરો. રાજાએ જવાબ દીધો કે મને આ મહાદેવના મદિરમાં સુવારી તમે મારા પ્રધાન રાજવર્મને ખબર આપી સુખપાલ મોકલાવો. આ સમયે તમે જ મારે માથે ઉપકાર કર્યો છે તે હું ભુલનાર નથી. હરિદત્ત બ્રાહ્મણે રાજાને મંદિરમાં ખેવડાના ખડ ઉપર પોતાની કામળી પાથરી પથારી કરી આપી સુવાર્યા અને પછી સ્ત્રી-પુરૂષ બેય અતિ ઉતાવળે નગરમાં ગયાં. બ્રાહ્મણે જઇ પ્રધાનને ખબર આપ્યા એટલે ત્યાંથી પ્રધાન રાજવર્મ પાંચ પચીશ માણસો તથા સુખપાલ લઇ આવી એકદમ રાજાને રાજ્યધાનીમાં તેડી ગયા. દરબારમાં જઇને રાજાએ કારભારીમંડળને તથા પોતાના ઔરસ પુત્ર કુમાર મનુભાને પાસે બોલાવી પેલા બ્રાહ્મણને તેડું મોકલ્યું. બ્રાહ્મણને ઘેર ગર્ભવતી તેની સ્ત્રીને પુત્રનો જન્મ થયેલો તેને રાખ કરી દેવામાં લાગ્યો હતો ત્યાં રાજાનું માણસ આવી ઉભું રહ્યું તેથી જેમતેમ પાગડી પેરતો બીચારો સભામંડપમાં ગયો. રાજાને આશીર્વાદ દઇ તે ઉભો એટલે તેને બોલાવી મહારાજા ભૂપતસિંહે કહ્યું કે મહારાજ! આજથી તમે મારા રાજ્યના હિતૈષી તથા આ કુમારની સંભાળ રાખનાર છો, અને તેના બદલામાં હું તમને પાંચ હજારની પેદાશનું એક ગામ આપું છું. એમ કહી અમાત્યને તેવિષે બંદોબસ્ત કરવા કહ્યું. કારભારીમંડળને આશ્ચર્ય તો થયું પણ એ પ્રતાપી સ્વતંત્ર રાજાની આગળ કોઇ બોલી શક્યા નહિ. રાજાને પછડાટ ઘણી વાગેલી તેથી એક રાખેલી સ્ત્રીએ દીકરો લેવાની ગોઠવણ માટે આશાની વાત ઉડાડી પણ ઇશ્વરકૃપાથી રાજા તો ૧૫ દિવસે સારી પેઠે સારા થઇ ગયા. બ્રાહ્મણનું ભાગ્ય ખુલું થયું તેથી વિદ્યા ન છતાં તેની બુદ્ધિ સૂક્ષ્મ થવા લાગી, રાજાનો અને કુવરનો સ્નેહ વધવા માંડયો અને ઘરમાં પણ લક્ષ્મી સુસ્વભાવ અને તેજ વધવા માંડયાં. ફાટલ લુંગડાં અને તુલસીની માળા જાતી રહી, રોજ જારની રાબ ઉકાળીને પણ પીવાને માંડ મળતી તે દિવસો વીતી ગયા, તેલના વાંધાથી કાલાનાં કોશીયાં બાળી

સંપવિરૂદ્ધ અર્થો લખનાર મિત્ર જો સૂક્ષ્મ નજરથી જુવે તો મનુષ્યમાં તો મભ હોયજ પણ પશુ-પક્ષીઓમાં પણ પ્રેમરૂપ સંપની લાગણી છે એ પ્રત્યક્ષ જણાય છે. જુવો સારસ નામના પક્ષીના જોટામાંથી જો એક નોખું પડશે તો બીજાનો પ્રાણ ઉડી જશે. હંસમાં પણ તેવુંજ પ્રેમાકર્ષણ છે. એક હરણ પણ ગ્રીષ્મ ઋતુના ભયંકર તડકાના સમયમાં એક જલાશય ઉપર આવી પોતાની સહચરીને પ્રથમ જલ પીવા પ્રેરણા કરતો હોય એમ દૂર ઉભો રહે છે એવું આપણે નજરે જોઇએ છિએ. ટુંકામાં એવાં એવાં ઘણાં ઉદાહરણો છે કે પશુ-પક્ષિયો પણ પ્રેમના અપ્રતિમ પાશમાં બધાઇ રહેલાં છે. પણ તે વાત ઘણી ઝીણી છે, તેથી તરત સમજવામાં ન આવે. આગળ પતિવ્રતાઓ અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, વિગેરે પ્રેમના આવેશથી કરતી તેવિષે લખાઇ ગયેલ છે. તેમાં આસ્તિક લોકોની શ્રદ્ધા બેસે પરંતુ હાલના સુધરેલા જુવાનીઆઓ તે વાતને પણ ધ્યાનમાં ન લે માટે એક આધુનિક ઉદાહરણ તેઓનાં મન મનાવવામાટે અહીં સાંભળ્યા પ્રમાણે ઉતારવામાં આવ્યું છે.

એક સારા કુલમાં જન્મ પામેલી અંગ્રેજની કન્યાએ સ્વયંવર કરવાનો વિચાર કર્યો. ઘણા ઘણા અંગ્રેજોને તે મળી પણ તેનું મન કોઇની પણ વિદ્યામાં. કોઇના પણ ઉત્તમ કુલવિષે, કોઇની પણ સમૃદ્ધિમાં, કોઇની પણ કલાકુશલતામાં. કોઇના પણ રૂપમાં, કોઇના પણ ગુણોમાં, કોઇની પણ પ્રતિષ્ઠામાં અને કોઇના પણ અધિકારવિષે લલચાયું નહિ. તેનું મન છેવટ એક શૂરવીર ઉત્તમ કુલના અંગ્રેજ ઉપર લલચાયું. તેણે મહાભારત જેવી અનેક લડાઇયોમાં મેળવેલો જય અને તેથી મળેલાં અનેક માનપત્રો એ અંગ્રેજની કુલીન કન્યાના મનરૂપી લોહની માછલીને આકર્ષણ કરવામાં ચુંબક મણિરૂપ થઇ પડયાં. તે વખત તેણે તેનું શું કામ છે, તેની કેવડી અવસ્થા છે, તેને કેટલી સમૃદ્ધિ છે, વિગેરે કાંઇજ જોયું નહિ ને તરત પોતાનો અભિપ્રાય તે શૂરા સરદારને જણાવ્યો. તે શૂરા સરદારે સંભ્રમ ન પામતાં ધીરજ રાખીને પોતાનાં કુલ ધંધો તથા સંપત્તિવિષે તેને જાણીતી થવાને સૂચવતાં તે બાઇનાં સ્થિતિ ધંધો વગેરે ઉત્તમ અને પોતાનાં સ્થિતિ ધંધો વગેરે હલકાં જણાવી પોતાની તેની સાથેના સ્વયંવરની અયોગ્યતા જણાવીને તેને તેના યોગ્ય સ્થળ શોધવાને ભળામણ કરી. તોપણ તે સરદારનો ગમે તેવો ધંધો વંશ કે સ્થિતિ હોય તોપણ તેની ઉપરજ તે બાઇનો પૂરો આગ્રહ હતો તેથી તે સરદારે તેની સાથે લગ્ન કર્યું.

લગ્ન થયા પછી આશરે એક ત્રપ વીતી જતા એક મોટી લડાઈ થાતી હતી તેમા જવામાટે સરકારથી હુકમ આવતા તે સર ૧૨ જાના તૈયાર થયો તેની પ્રેમ વાળી સ્ત્રીએ સાથે આનવાનુ સૂચવ્યુ પણ તે વાત તે શૂર સરદારે માન્ય રાખી નહિ લડાઇમા સ્ત્રીઓકોથી આવી શકાયજ નહિ માટે તમે રોજ રહો, હુ થોડા સમયમા પાછો આવીશ, એમ કહી તેનો પતિ યુદ્ધ કરવા ચઢી ગયો એ વાતને આશરે ચાર પાચ માસ થયા પછી એક દિનસ પ્રાત કાલમા એ ખુરશીમાસે અગ્રેજની પુત્રી પોતે પ્રાણરહિત થઇને પડી હતી, જે જોઈ સવને આશ્ચર્ય થયુ કે એકાએક આને શુ થયુ હશે ધણા ડાક્તરોને તેડાની એનુ શાથી મૃત્યુ નિપજ્યુ છે તે તપાસવા માડયુ, પણ કોઇ ડાક્તરોના સમજવામા ન આવ્યુ કે અમુક કારણથી મરણ થયુ છે ન કોઈ દરદ દેખાય, ન કોઈ વિષનુ ચિન્હ દેખાય, ન કોઇ ઝેરી જનાવરનો દશ દેખાય, કે ન કોઇ બીજુ કશુ કારણ દેખાય પછી તેનુ શબ ઉપાડતા તેના પડખામાથી વતમાનપત્ર નીકળ્યુ જેમા તેનો પતિ લડાઇમા ગુજરી ગયાના ખબર હતા તે વાચવા ઉપરથી સર્વ ડાક્તરોએ એકમતે કહ્યુ કે આના પ્રાણ એના પ્રાણપ્રિયના મરણના દુ ખદાયક ખબર વાચતાજ ઉડી ગયા છે ને થયુ હતુ પણ તેમજ નિરતર પોતાના પતિના ખબર જાણવામાટે તે વર્તમાનપત્ર વાચતી ને તે દિવસના વતમાનપત્રમા પતિનુ મરણ વાચતાજ તેના ખુરશીઉપર જ પ્રાણ ઉડી ગયા હતા જુઓ સ્ત્રીઓનો પુરૂષપ્રત્યે પ્રેમરૂપ સપનો પ્રભાવ જેમ સ્ત્રીઓનો પુરૂષપ્રત્યે પ્રેમ હોય છે, તેમજ પુરૂષોનો પણ સ્ત્રીઓપ્રત્યે પ્રેમ હોય છે, તેના ઉદાહરણો પ્રાચીન અને અર્વાચીન ઘણાજ છે તોપણ એક તાજો દાખલો કહુ છુ મુબઇના એક ચુનીલાલ કરીને વિશળનગરના નાગર હતા તેની સ્ત્રી બાઈ દીવાળી એવે નામે સુશીલ અને ભણેલી હતી. તે એક કન્યાશાળાની અધ્યક્ષ હતી દૈવયોગથી તે બાઇ ક્ષયરોગ થવાથી ગુજરી જતા તેના છ મહિના કે આઠ મહિનાની અન્દર માસ્તર ચુનીલાલ પણ માત્ર તેના વિયોગના દુ ખથીજ ગુજરી ગયા, એ કેટલાક પ્રત્યક્ષ દીઠુ છે માટે સ્ત્રીઓનો પુરૂષોપ્રત્યે અને પુરૂષોનો સ્ત્રિયોપ્રત્યે સપૂર્ણ સપ હોયછેજ એવુ સિદ્ધ દેખાય છે. (અપૂર્ણ)

મરણાવસ્થા સુધીની શા દેખાડવાનુ કારણ પ્રેમની દૃઢતા દેખાડવી એજ છે માટે એ સાર ગ્રહણ કરી લેવા પરિણામ ઉપર નજર કરવી નહિ એ પ્રેસ ગર્ભાર્ટ ફરીમ ઓનરુ


સંતોષ ઉપજે છે. આ વિષય ગૌસંરક્ષણનો છે માટે તે ઉપર સર્વ આર્યોએ એકાગ્ર ચિત્ત થવું જોઇએ. પરધર્મીઓ પણ આ વિષય ઉપર પ્રીતિવાળા થાય છે ત્યારે આપણે ઉંધું ઘાલી બેસી રહિયે એથી શરમ જેવું કે નિર્બળતા જેવું શું છે.

वंदे खुदानी अरज—આ નામનો એક કાગળ ઉપરના ગ્રહસ્થ તરફથી મળ્યો છે. એમાં એક મુસલમાન મોલવીએ ગાયોનું રક્ષણ થવું જોઇએ અને કુરાનોમાં પણ તેની રક્ષા કરવાનું ફરમાન છે વિગેરે પ્રમાણો સહિત લખેલુ છે. જેને આપણે આપણા ધર્મના નથી ગણતા તે લોકો પણ ગૌરક્ષણમાં એટલો બધો સંતોષકારક અભિપ્રાય આપે તે જાણી પ્રૌઢ વિચાર કરવો ઘટિત છે. આ બહાર પડેલા મોલવી સાહેબને સારૂં માન ઘટે છે.

उद्योगथी थता लाभ अने आळस्यथी थती हानि विषे निबंध—આ નિબધ સઘવી નગીનદાસ પુરૂષોત્તમે પ્રગટ કર્યો છે. એમાં સમાયેલો વિષય સર્વ વિદ્યાર્થી વર્ગને વાંચવા યોગ્ય છે તે તેના નામ ઉપરથીજ જણાઇ રહે છે. દાખલા વિગેરેથી લખાણ અસર કારક થવા પ્રયત્ન ઠીક કર્યું છે. પ્રસ્તાવનામાં પુસ્તક પરીક્ષક ઉપર કટાક્ષ લખેલો છે તેનું કારણ કાંઇ જણાતું નથી. જગતના સર્વ પ્રાણીઓ પોતપોતાની શક્તિના પ્રમાણમાં સ્વતંત્ર છે, એટલે અમારે બોલવાની કાંઇ જરૂર નથી તોપણ સામાન્ય રીતે અમને એમ સૂજે છે કે આ અભિમાનનો પ્રસંગ મિથ્યા છે. પરીક્ષકોના સંબંધમાં જે કાંઇ લખવામાં આવ્યું છે તે યથાસ્થિત છે, તે કોણ નથી સમજતું પણ તે વાત મનમાં સમજવાથીજ લાભ છે. કિંમત છ આના. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ઇનામથી આ નિબંધ રચાવેલ છે.

संगीत सुभद्राहरण नाटक—રા. ઝવેરીલાલ ધનસુખરામ દિક્ષિત તરફથી આ નાટક મળ્યું છે. તેમાં તેના નામને અનુકૂળ વિષયજ ગદ્ય-પદ્યમાં લીધેલો છે અને દીવાન બહાદૂર મણિભાઇ જસભાઇને તે અર્પણ કરેલું છે. ભાષા સાદી અને કવિતા સેલાઇથી વંચાય તેવી છે અને નોખા નોખા રાગોથી તે શોભાવાળી કરેલ છે. આના કર્તાએ બીજાં પણ કેટલાક પુસ્તકો લખેલ છે તેથી તેનો આ વિષય ઉપર વિશેષ શોખ લાગે છે. આશા રાખીયે છિયે કે તે પોતાના કામમાં પ્રતિષ્ઠા મેળવે. કીમત આઠ આના. મુ. વડોદરા,

सौराष्ट्र दर्पणना—ત્રણ અંકો સાથે મળ્યા છે. આ નવી વ્યવસ્થામાં ચોપાનિયાની સ્થિતિ સંતોષ કારક દેખાય છે. તેની ... ઉદય પામતું જોવાને અમે ઇચ્છિયે છિયે.



आर्यधर्मप्रकाश.

પુસ્તક ૩ જુ | શ્રાવણ સવત્ ૧૯૪૪ | અંક ૧૦ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

પદ (ભૈરવી વગેરે અનેક રાગમા)

અમારે નિર્ધનને ધન રામ —ટેક

એ વરાધીશ જન ધામ નરા, એજ કુશળ શુભ કામ, —અમારે
સુત ગ સપત પણ એ છે, અખિલેશ્વર અભિરામ, —અમારે
યૌવન યશ બન બુદ્ધિ વર્મ પણ, એ નટવર નિષ્કામ, —અમારે
જરિયન કનક જવાહિર સુદર, એ નરહરિનુ નામ, —અમારે
ધ્યાન દાન જપ તપ શુભ સાધન, અનુપમ અમર વિરામ—અમારે
વિદ્યા વિનય વિચાર ચતુરતા, સુખ દાયક એ શામ, —અમારે
જન્મ અને જીવિત જગદીશ્વર, એ દૈવત એ દામ, —અમારે
અવર કશાની ગરજ ન માગે, થાય ભલે વિધિ વામ,—અમારે
શુભ સર્વસ્વ એક અતરમા, શ્રીનિવાસ સુખધામ, —અમારે
સીતાકાત કૃપાધન કેશવ, રઘુકુલ તિલક લલામ, —અમારે

गाय अने तेना सरक्षणनी आवश्यकता

(સબધ પાને ર ૪ થી)

વિશેષ વર્ણન કરતા ભગવાન્ વ્યાસજી શુ કહે છે તે જુઓ

गावो यज्ञस्य हि फल गोषु यज्ञा प्रतिष्ठिता ।
गावो भविष्य भूतं च गोषु सर्व प्रतिष्ठित ॥

યજ્ઞનુ ફળ પ્રસિદ્ધ રીતે ગાયો છે, યજ્ઞો સર્વ ગાયોને આધારે રહેલા છે, થઇ ગયુ અને થવાનુ તે ગાયો છે, તથા જે કાઇ છે તે ગાયોનેવિષે રહેલુ છે । આ પ્રમાણે ગાયોનો અતિ મોટો મહિમા ગવાયો છે તે એના પવિત્ર ગુણો અને એમના આપણી ઉપર થતા ઉપકારોથીજ ગવાયો છે જ્યા પૃથ્વી

गावो लोकान्तारयंति क्षरंत्यो गावश्चान्नं संजनयंति लोके ।
यस्तं जानन्न गवां हार्दमेति स वै गंता निरयं पापचेता ॥

ગાયો પોતે ક્ષણભંગુર શરીરવાળી છતાં લોકોને દુઃખથી તારે છે અને લોકમાં જેટલા પ્રકારનું અન્ન છે તેને ગાય ઉત્પન્ન કરે છે. જે માણસ એ જાણતાં છતાં તેમનું પાલણ-પોષણ નથી કરતો તે પાપી ચિત્તવાળો નરકમાં જાય છે.

આવી રીતે તે પવિત્ર અને ઉપકારક પ્રાણીની સેવા નથી થતી તો એ સ્થિતિ મળે છે. તેમજ આ લોકમાં આપણી કેવી સ્થિતિ થાય છે તે પ્રથમ કહે વાઇ ગયું છે. માટે આપણા હાથનાં સાધનોથી લઇ શકાય તેવું સુખ શામાટે જવા દેવું જોઇએ? સર્વ આશ્રમોને યથાયોગ્ય સત્કાર આપવો એ જેમ ગૃહસ્થાશ્રમની યોગ્યતા અને શોભા છે; સ્ત્રીઓનું સન્માન અને લાલન-પાલન કરવું એ જેમ ગૃહસ્થની યોગ્યતા અને શોભા છે; તેમ ગો-બ્રાહ્મણનું લાલન-પાલન થવું એ બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ ત્રણે આશ્રમની યોગ્યતા અને શોભા છે એ ગાયનું દાન પણ સુપાત્રે કરવામાં આવ્યું હોય તો પૂર્વાપર સાત પેઢીનો ઉદ્ધાર કરે છે એમ શાસ્ત્રો કહે છે. એ ગાયોનેમાટે તો એવું અંતઃકરણમાં નિરંતર રાખવું જોઇએ કે.—

गावो पश्याम्यहं नित्यं गावः पश्यंतु मां सदा ।
गावोस्माकं वयं तासां यतो गावस्ततो वयम् ॥

ગાયો નિરંતર મને જુવો અને હું નિરંતર ગાયોને જોઉં. અમે ગાયોના અને ગાયો અમારી છે; કેમકે જો ગાયો છે તો અમે છિયે (અથવા જ્યાં ગાયો છે ત્યાં અમે છિયે. અથવા ગાયો હોય ત્યાં અમે હોઇએ).

આવી રીતે જો ગાયો ઉપર ભક્તિ રાખવામાં આવે તો આર્યનું આર્યપણું અતિ શોભી નીકળે. જગતમાં ખરી ભક્તિ વગર કાંઇ પણ કામ મનમાનતો લાભ આપતું નથી તો વધારે તો ક્યાંથી આપે? જગતમાં એકગણું દાન અને સહસ્રગણું પુણ્ય અર્થાત્ તેનો બદલો મળે છે એમ કહેવાય છે તે અમે ગાયોમાં પ્રત્યક્ષ દેખિયે છિયે. હજારગણું તો શું પણ અસખ્યગણું ફળ ગાયોથી થાય છે એ આપણે પ્રત્યક્ષ પ્રમાણોથીજ જાણી શકીયે છિયે. ભગવાન્ વ્યાસજી કહે છે કે.—

न किंचिद् दुर्लभं लोके गवां भक्तस्य भारत ।

ગાયના ભક્તને લોકમાં કાંઇપણ દુર્લભ નથી. આ વાત યથાર્થ છે. તે એ સહજમાં મળવાના સુખનો માર્ગ આપણે ભુલી જઇએ તો કોનો વાંક? આ-

પણો પોતાનોજ બીજાં કોઇનો નહિ આગળના એવા ભાવિક લોકો થઇ ગયા છે કે પોતાના શરીરનો પણ ગાય તથા બ્રાહ્મણના રક્ષણમાટે ભોગ આપીને દેહ શનુ તવા પોતાનુ કલ્યાણ કરી ગયા છે ત્યારે આપણે માત્ર પોતાથી બનતી મ ભાળથી પાલણ પોષણ કરવુ એમા શુ કઠણ છે? જે જે ઉપાયો છે તે જગતમા પ્રત્યક્ષ છે અને બુદ્ધિના બળથી તે ગ્રહણ કરવા કઠણ નથી માટે તેનેમાટે વખાણ નથી કર્યું માત્ર એટલુ કહિયે છિયે કે ઉશીનર, વિશ્વગશ્વ, નગ, ભગીરથ, યૌવ નાશ્વ, માધાતા, મુચકુદ, ભૂરિદ્યુમ્ન, નૈષધ, સોમક, પુરૂરવા, ભરત, ભગતના સઘળા વંશજો, દશરથના પુત્ર રામ, દીલીપ, એ આદિ ઘણા કીર્તિમત મહા પ્રતાપી અને કેટલાક ચક્રવર્તી રાજાઓ જેમ પોતે રાજા છતા એ અવશ્ય કર્મ સમજી ગૌરક્ષણમા આ લોક પરલોક સુધારી ગયા છે તેમ આપણે પણ સર્વ રાજા-પ્રજાએ આ લોક પરલોક સુધારવા પવિત્ર શ્રમ લેવો જોઇએ. વિશેષ શુ બોલવુ હોય વિદ્વાનો કહે છે કે —

शरणागतरक्षार्थ स्त्रीगोद्विजाहिताय च।
स्वाम्यर्थ यस्त्यजेत्प्राणान् तस्य लोका सनातना ॥

અર્થાત્ જે શરણે આવેલાની રક્ષા કરવામાટે તથા સ્ત્રી ગાય અને દ્વિજનુ હિત કરવામાટે તેમજ પોતાના સ્વામીના હિતનેમાટે પોતાનુ આયુષ્ય જવા દે છે, અથવા પોતાની જીદગી ગાળે છે તેને પવિત્ર લોક મળે છે

માટે ગોસરક્ષણ એ આપણુ સત્યચરણ સમજી તેનેમાટે અમૂળ જતો સમય વાપરવો કે જેથી આપણે કલ્યાણના પાત્ર થઇએ. એટલુજ નહિ પણ સર્વ લોકને પરમ લાભ થાય

મનનો વૈભવ

લે. પુ વૈષ્ણ ... [illegible]

પરમ કારણરૂપ પોતાના સ્વરૂપના અજ્ઞાનમેલીધે ચિતવન કરવા યોગ્ય પદાર્થનુ ચિતવન કરનાર, અને ચિંતવન કરવાથી કલના (કલ્પના,) નામને ધારણ કરનાર ચિત્ (ચૈતન્ય) નાનાપ્રકારના રૂપના વિચિત્રપણાથી મલીનપણાને પામેલ છે. આ પ્રમાણે વસ્તુતાએ કરી ન હોવાથી, તેમજ અજ્ઞાનમાથી ઉપજ વાતેલીધે સર્વથા મિથ્યારૂપ, અને પ્રથમ ન છતા પાછળથી વૃદ્ધિ પામેલ, જુદા જુદા પદાર્થોની જુદા જુદા જ્ઞાનરૂપ મોહમા ચૈતન્ય સકલ્પવિકલ્પાત્મક મનરૂપ તુચ્છપણાને પામી જાય છે મનોવૃત્તિ કે જે અસત્ તથા અજ્ઞાન છે, તે બાળક જે પ્રમાણે ભૂતનો વિસ્તાર કરે તે પ્રમાણે, હજારો દોષથી દુખનો વિસ્તાર

પદાર્થનું જીભથી ચર્વણ કરતો હોય તોપણ તે પદાર્થના સ્વાદની તેને ખબર પડતી નથી. મનેકરી જે પદાર્થ જોયો તેજ ખરેખર જોયો કહેવાય પણ મનથી ન જોયેલ પદાર્થ જોયો કહેવાય નહિ; કારણ કે અંધકારમાં જોયેલ પદાર્થની પેઠે મને ન જોયેલ પદાર્થના રૂપની ખબર પડતી નથી. ઇન્દ્રિયેકરી મન દેહવાન્ છે, તથા મનેકરી ઇંન્દ્રિયો દેહવાન્ છે. એવી રીતે મન તથા ઇન્દ્રિયોનું પરસ્પર સરખાપણુ છે તોપણ મનમાંથી ઇન્દ્રિયો ઉત્પન્ન થયેલી છે, પણ ઇન્દ્રિયોમાંથી મન થતું નથી તેથી મનને ઉત્કૃષ્ટતા છે. ચિત્ત અને શરીર જોકે અત્યંત ભિન્ન છે તોપણ જે મહાત્મા તેની એકતા માને છે તે પંડિતો નમસ્કાર કરવા યોગ્ય છે. મનવિનાના માણસને, પુષ્પના સંભારથી શોભીતા કેશવાળી, તથા વિલાસથી સુંદર કટાક્ષ કરનારી અંગના પણ ભીતની પેઠે વિકાર કરી શક્તિ નથી. વીતરાગ એ નામના કોઇ મુનિનું મન બીજે સ્થળે લાગેલું હતું તે સમયે વનમાં રાક્ષસ તેનો હાથ ચાવી ગયો તેની પણ તેને ખબર પડી નહિ. મુનિની મનોભાવના દુઃખને સુખરૂપ કરવાને તથા સુખને દુઃખરૂપ કરવાને સુખેથી સમર્થ થાય છે. માણસનું મન જ્યારે અન્ય વસ્તુમાં લાગેલું હોય, ત્યારે તેની પાસે પ્રયત્નથી કહેવાતી કથા પણ, પરશુથી કાપેલી લતાની પેઠે કપાઇ જાય છે. એટલે કે મારી પાસે શું વાત કરી તેની પણ તેને ખબર પડતી નથી. સ્વભાવ પ્રમાણે, મન જ્યારે પર્વતના તટ ઉપર ચડેછે,ત્યારે સ્વચ્છ આકાશમાં પણ ગુફાની ભ્રાંતિથી દુઃખનો અનુભવ થાયછે. મનના ઉલ્લાસરૂપી સ્વપ્નમાં, આકાશના જેવા વિસ્તારવાળા હૃદયમાં, પ્રત્યક્ષ જણાતા પર્વતો પણ પોતપોતાનું કામ કરવાને સમર્થ થાય છે. ચલિત થયેલો સમુદ્ર મોજાનો વિસ્તાર કરે તેવી રીતે વિક્ષેપવાળુ મન પોતાનેવિષે, પર્વત તથા પુરની પંક્તિનો વિસ્તાર કરે છે. સમુદ્રની અંદર રહેલા જળમાં જેવી રીતે તરગ તથા મોજા રહેલા છે, તેવી રીતે દેહની અંદર રહેલ મનમાં સ્વપ્નરૂપ પર્વત તથા પુરની પંક્તિ રહેલી છે. પત્ર, લતા, પુષ્પ તથા ફળ એ જેમ અકુરની શોભા છે તેવી રીતે જાગ્રત તથા સ્વપ્નના વિભ્રમની ભૂમી એ મનની શોભા છે. સુવર્ણની પ્રતિમા એ સુવર્ણથી જુદી નથી, તેવી રીતે જાગ્રત્ તથા સ્વપ્નક્રિયાની લક્ષ્મી ચિત્તથી જુદી નથી. જળધારા, જળકણ, મોજા તથા ફીણ એ જેમ જળમાં જણાય છે તેમ નાનાપ્રકારની વિચિત્રતાના વૈભવ ચિત્તમાં જણાય છે. નટ જેમ નાનાપ્રકારના વેષનો અંગીકાર કરે છે તેમ, શ્રૃંગાર વગેરે રસના આવેશથી, ચિત્તવૃત્તિ, સ્વપ્ન તથા જાગૃત દશાના ઉદયનો અંગીકાર કરે છે. લવણ રાજાને મનના પ્રતિભાસથી ચંડાળપણું પ્રાપ્ત થયું હતું તેવી રીતે આ બ્રહ્માંડ

મનના મનનમાત્ર છે મનમા જેવુ જેવુ સવેદન થાય છે તેવો તેવો અનુભવ થાય છે, માટે જેમ ઇચ્છામા આવે તેમ કરો નાનાપ્રકારના નગર, નદી, તથા પર્વતના રૂપને પામીને, મન જાગ્રત તથા સ્વપ્નમય આ જગતનો વિસ્તાર કરે છે લવણ રાજાની પેઠે મનના પ્રતિભાસથી દેવતામાથી દૈત્યપણુ તથા હાથીમાથી પર્વતપણુ પમાય છે જેવી રીતે નરપણામાથી નારીપણુ, પિતામાથી પુત્રપણુ પ્રાપ્ત થાય છે, તેવી રીતે મન સકલ્પથી ઇચ્છિત પદાર્થપણાનેપામે છે મરણ તથા જન્મ પણ સકલ્પથીજ થાય છે અને મનનના ઘણા અભ્યાસથી શૂન્ય આકાર પણ જીવપણાને પામેછે મનનથી મોહવાળી વાસના જેમા પ્રાપ્ત થયલ છે એવુ મન, સુખ, દુ ખ, ભય તથા અભયરૂપ જન્મસ્થાનને પામે છે, તલમા જેવી રીતે તેલ રહેલુ છે, તેવી રીતે સુખ અને દુ ખ મનમા રહેલા છે અને દેશકાળનેલીધે તેમા વધ ઘટ થાયછે તલને દબાવવાથી તેમાથી તેલ સ્ફુટ જણાય છે, તેવી રીતે મનને મનનના સગથી સુખ દુ ખ સ્ફુટ જણાય છે દેશ કાળના અભિધાનથી સકલ્પ છે તેજ મનના મનનથી દેશ કાળની સ્થિતિને પામે છે શાત થવુ, ઉલ્લાસ થવો, જવુ, આવવુ, આનદ થવો તથા નાચવુ એ બધુ મનરૂપી શરીરનો સકલ્પ ફળવાન્ થવાથીજ થાય છે સાધ્વી સ્ત્રી અત પુરના આગણામા નાચે તેવી રીતે, સકલ્પથી કલ્પિત નાના પ્રકારના ઉલ્લાસથી મન દેહમા નાચે છે જે માણસ પોતાના મનને વિષયના અનુસધાનમા અવકાશ આપતો નથી તે માણસનુ મન ક્ષય થાય છે રણસગ્રામમા સ્તભનાસ્ત્રથી શત્રુ જેમ ચલાયમાન થઇ શકતો નથી, તેમ જે માણસનુ મન ચલાયમાન થતુ નથી તેજ ખરેખર પુરૂષ સમજવો અને બાકીના ગારાના કીડા છે એમ સમજવુ જે માણસનુ મન ચપળ ન થતા એક સ્થળે સ્થિર રહે છે તે માણસ ધ્યાનથી ઉત્તમ પત્નીને પામે છે મદરાચળ પર્વત સ્થિર થવાથી ક્ષીરસાગર સ્થિર થયો હતો તેવી રીતે મન નિયમમા રાખવાથી સસારના વિભ્રમ શાત થાય છે ભોગ તથા સકલ્પના વિભ્રમથી જેટલી જેટલી મનની વૃત્તિયો છે, તે સર્વે સસારરૂપી વિષવૃક્ષનુ ઉત્પત્તિસ્થાન છે મદ અને મોહથી મદ થયેલ પુરૂષરૂપી દુષ્ટ ભ્રમર, સસારરૂપી વૈતરણીમા તણાતા ચિત્તરૂપી કમળમા વીટાઇને, જડપણાના પ્રવાહરૂપી જળના વેગમા, વાયુની ધુમરીની પેઠે, પ્રબળ ચિતાથી વિખાઇ જઇને, પોતાના દેહ સહિત ચિતારૂપી ચક્રસમાન ઘુમરીમા પડે છે

ब्राह्मणनेमाटे बे बोल*

અહો, કાળનો કેવો મહિમા છે!! એક કાળમાં જગતના પ્રાણીઓની જેવી સ્થિતિ હોય તેના કરતાં કાંઇ વિચિત્રજ પ્રકારની સ્થિતિ બીજા કાળમાં જોવામાં આવે છે. કાળે કોને કોને વિસ્મરણ નથી કરાવ્યા, કોને કોને નથી ફેરવ્યા. અને કાળે કોને કોને નથી ગળ્યા? જે કાંઇ દુર્દશા, કે દીનતા પ્રાપ્ત થઇ છે તે પણ કાળની સત્તાથી નોખી નથી. સત્યયુગ, દ્વાપર, ત્રેતા કે કળિયુગની કલ્પના પણ કાળની બહાર જાતિ નથી. સૌ કરતાં સમર્થ અને ઇશ્વરાવતારને પણ વશ્ય રાખનાર કાળજ છે. અને એજ કાળની દાઢમાં સર્વ જગત્ આજસુધી ચવાતું આવ્યું છે. જગત્ ચવાતું ગયું તેનીસાથે તેમાંનું સઘળું ચવાઈ ગયું એટલે પછી શેનેમાટે શોક કરિયે અને શેનેમાટે ન કરીએ? આજકાલ આગળના જેવી આપણી યોગ્યતા, તપશ્ચર્યા, મહત્વ, શક્તિ અને આપણી પવિત્રતા વિગેરે ક્યાં જોવામાં આવે છે? એ પણ સર્વ કાળનો પ્રતાપ માન્યા વગર મન વાળવાનું બીજું શું સાધન છે? અરે બ્રાહ્મણો! આપણી ઉત્પત્તિ વિરાટ્ સ્વરૂપ ભગવાનના મુખથી થયેલ છે તેથી આપણે વર્ણમાં મુખ્ય ગણાઇએ છિયે. લીલાવિગ્રહ અવતારો આપણને નમતા અને આપણું પાલન કરતા. સર્વની કુશળતા અને ઉદય આપણાથી થતો. અરે રે, એનોએ વર્ણ છતાં દૈવયોગથી આવો સમય આપણો ક્યાં જતો રહ્યો? આપણે ધર્મપ્રમાણે ચાલી ન્યાયના સિંહાસનપર બેશી ન્યાય આપતા, અને રાજા-પ્રજા આપણને ઇશ્વરપ્રમાણે માન આપતી. એ દશા આપણી ક્યાં ગઇ? આપણે સંગ્રહ કશો નહિ કરતા પણ સર્વ સંગ્રહ કરનારાઓ આપણી કૃપાદૃષ્ટિને ઇચ્છતા, તથા સર્વે વિદ્યા-કળાઓ આપણે જાણતા તે બીજાને શીખવતા એ દિવસો આપણા ક્યાં ગયા? કાળના મહિમાથી બધું થાય છે એમ આગળ કહ્યું એ તો માત્ર આંસુ લુવાનાં વેણ છે. કાળ બિચારો શું કરે? એ કોઇને સારોમાઠો માર્ગ પ્રત્યક્ષ થઇને બતાવતો નથી, ત્યારે એ નિર્દોષને દોષ દેવામાં શું ફળ છે? આપણેજ ક્રમે ક્રમે હલકી સ્થિતિના થતા જઇને કાળને કલંકવાળો કર્યો છે, પણ એથી શું ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે?

આપણી સ્થિતિ આજે, ઘણીજ શોકજનક અને ખેદ ઉત્પન્ન કરે એવી દેખાય છે. આપણે કોણ? આપણે પૃથ્વીમાંહેના દેવતા જેને કહિયે તે. એવી દેવતાની પદવીનો સહસ્રાંશ પણ કેટલેક ઠેકાણે જોવામાં આવતો નથી. અથવા

* બીજા વર્ણોનેમાટે પણ સૂચના છે, માટે સહુએ પોતપોતાના ધર્મમા તત્પર રહેવું.

સાવ નથી કહિયે તોપણ ચાને સ્નાન, સંધ્યા, જપ, પાઠ, પૂજન, અતિથીનો સત્કાર, વૈશ્યદેવ વિગેરે કર્મોના તથા સત્ય, દયા સભ્યતા વિગેરે ગુણોના દર્શન થતા નથી એ સમગ્ર તો શુ પણ પેહેલા તો સ્નાનમાત્રની પણ આશા ન રખાય એવો કાળ પ્રાપ્ત થઇ ગયો છે, તો બીજી વાત શી કરવી ? ઉદય-અસ્ત સમયે દિવસ રાતની સંધિ તે સંધ્યા, દાતણ પાણી કરવુ તેજ અથવા ખાવાટાણે પગપર પાણી નાંખવુ કે બે કળશીયા પાણી ખભેથી ચોપડી લીધુ તેસ્નાન અને ભોજન એજ કર્મ શિવાય બીજુ નજરે શુ આવે છે ? અને આવતુ હોય તો જેમતેમ રખડી રઝળી પેટ ભરી ભુંડની પેઠે પ્રજા ઉત્પન્ન કરવાશિવાય બીજુ શુ આવે છે ? બહુ રત્ના વસુંધરા હોવાથી ખરાખર ધર્મ પાળનારા, શાંત, દાંત અને ધર્મનિષ્ઠ હશે પણ તેની આપણે અહીં વાત કરતા નથી અહિ તો સમુદાયની વાત છે આપણી કંગાળ સ્થિતિ પણ ઘણી શોકજનક છે કપાળમા ખોટા ટીલા કાઢી ફાટલ લુગડે હાથમા વાટકો લઇને કે ઝોળી લઇને ઘેર ઘેર ભાટકીએ છિયે કોઇ ગાળ દે, નડે, મારે, તરછોડે કે જે અપમાન કરે તે પાણાઉપર પાણાની પેઠે (જાણે કેમ તિતિક્ષાવાન હોઇએ તેમ) સહન કરિયે છિયે આ શિક્ષા કયા પાપની હશે તે કેમ ખબર પડે ? સ્વધર્મકર્મનો નાશ થઇ ગયો એજ પાપની નહિ ત્યારે બીજા શેની ? જેણે સર્વ લોક ઉપર એક વાર સર્વોપરી સત્તા મેળવી હોય તે સર્વ કરતા હલકી સ્થિતિમા આવી જઇ નીચુ મોઢુ કરી કોકપાસે હાથ ધરે કે નીચ પદનીમા ગણાઇ જાય એ કેની હલકાઇની અને શરમની વાત છે કદિ આપણામાંથી કોઇને અભિમાન થાય કે 'સુખિયા લોકો પણ ઘણા છે' પરંતુ ધર્મકર્મથી ભ્રષ્ટ થઇને સુખિયુ થવુ એ કાંઇ ખરૂ સુખ નથી પૈસાથી માનેલુ સુખ કે ચાલતી ભાષામા પ્રવીણ થઇ કોઇ વધામાથી મેળવેલુ સુખ શુ બીજાને નથી મળતુ ? એક શૂદ્રને પણ તે સુખ મળે છે એમા ને આપણમા ત્યારે શો ફેર ? તો પણ એટલુ ખરૂ કે ભીખનો ધંધો નીકળી જઇને કાંઇક સ્વતંત્રતા મળી હોય તો સારૂ ખરૂ કદી વકીલ બારીષ્ટર કે ડાક્તર થયા, રોજ સાબુ ઘસાડીને નાહ્યા, સુગંધી પદાર્થોને શરીરને લગાડી નકામા કર્યા, ઉની ઉની રોટલી પોતાની પ્રિયાના હાથની એકલા એકલા પાટલે બેશીને ખાધી, કોટ પાટલુન કે ટોપી પેરીને ગળે ગળપટા બાંધીને ફર્યા, કે ગમે તેમ મોટાઇથી ફરૂ આર્યા, પણ તેથી શુ થયુ ? કદી ઘેર વાડી ગાડીની સાહેબી થઇ તો પણ તેથી બ્રહ્મત્વથી મળતી મોટાઇ એમા નથી કેમ કે એ તો બીજાઓ પણ ઉદ્યમથી મેળવી શકે છે ધર્મકર્મનો તો લોપ થયો પણ દેખાવનો પણ ફેર પડી જવાથી આ કઇ જાતિ

છે એમ પણ આપણને કોઇ ઓળખતું નથી. આપણે દેવની પૂજામાંથી પ્રસાદી થયેલું ચંદન પણ કપાળે લગાડતાં શરમાઇએ છિયે, જાણે કેમ એણેજ આપણને ભીખ માગતા કે ઉતરતી પક્તિના કર્યા હોય. જનોઇના દોરા ડોકમાં આપણને ગમતા ન હોય પણ તેતો લોકલાંજમાટે રાખવા પડે. શીખાની તો વાત પણ શી કરવી ? ઘણુંકરીને માથે તો ફીરંગી લોકોની ફેશનનો મુંડોજ હોય, ચોર લોકોને જેમ હજામત વધી હોય ને વાળ છવરાઇ રહે છે તેમ બબે તસુના વાળ માથે છવરાઇ રહ્યા હોય, મુંડો ન હોય તો મીયાણાના જેવા ચોટલા કે પઠાણના જેવાં જુલ્ફાં હોય. માથે મનગમતી ટોપી કે પેની સુધી છોગાં રાખીને વળદાર આંટીયાળા ફેંટા ધરાવ્યા હોય. અંગરખાની ફેશન તો વળી જુદીજ. કોઇ મોલવીના જેવી ચાર હાથ સમાઇ જાય તેવી પકતી બાં કરાવે, તો કોઇ હાથપણ ન પેસે એવી સાકડી ફુડકવાળી બાંહ કરાવે અને બગલમાં બખિયા તથા ખભાની પાછળ કેવડા કરાવે. ધોતિયાં પેહેરવાં તો ગમેજ નહિ પણ ચસોચસ પાટલુન કે પાયજામો પેરવો ગમે. કદી ધોતિયાં પેરવામાં આવે તોપણ જેવી કહિયે તેવી નિર્લજ રીતે મર્યાદા ન સચવાય તેમ પેરાય. દેવદર્શન, ધર્મ કર્મ કે શ્રદ્ધા-તિતિક્ષાની વાતજ નહિ. એ તો ઢોંગ-ધતુરા લાગે ! આવી સ્થિતિમાં બ્રહ્મત્વની બહારની નિશાની શોધી કાઢવી એ પણ કઠણ થઇ પડે છે. આ દશા થવામાં બીજા કોનો દોષ કાઢીયે ? લોકના કલ્યાણનેમાટે દેહ ધરનાર ઇશ્વરના અવતારો પણ 'अविद्यो वा सविद्यो वा ब्राह्मणो मामकी तनुः' (વિદ્વાન હોય કે અવિદ્વાન્ હોય તોપણ બ્રાહ્મણ મારી મૂર્તિ છે) એમ કેહેતા. એ આપણી કેવી મોટાઇ. એ મોટાઇ આપણા હાલના ઉપરના જેવા દેખાવની સમજશો નહિ. એ મોટાઇ તો પ્રભુને પ્રસન્ન કરનારાં આપણાં ધર્મકર્મની અને પ્રભુની પોતાનીજ સમજવી. સર્વ પ્રાણીઓ કરતાં આ મનુષ્યદેહની પ્રાપ્તિ ઉત્તમ છે. અને તેમાં પણ બ્રાહ્મણનો દેહ તો અતિ ઉત્તમ ગણેલો છે. એ એની ઉત્તમતા જો ધર્મકર્મ બરાબર પળાય તોજ છે અને તેમ ન થાય તો બીજા સઘળા પ્રાણીઓ કરતાં બ્રાહ્મણનું શરીર નિરર્થક છે. જેને જે અધિકાર મળ્યો તે અધિકાર પ્રમાણે તે ન ચાલે તો ભલે કદી તેને કોઈ કેહેનાર ન હોય તોપણ તે અપરાધી છે, અને ઉત્તમ અધિકારને પછી યોગ્યજ રેતો નથી. એજ પ્રમાણે આપણને ઉત્તમ અધિકાર મળ્યો છે એમ અનાદિ કાળથી સિદ્ધ છે ત્યારે તે અધિકાર મૂર્ખતાથી આપણે આપણા હાથમાંથી ખોઇએ એ પછી શું કેહેવાય ? આપણે કદી કોઇ ચાકરી કે ધંધાથી વ્યવહારમાં ધનિક કેહેવાતા હશું તો પણ બીજું કાંઇ આપણને સુજતું

નથી માત્ર વાડી, સ્ત્રી, ધન, છોકરા અને ભાતભાતના ભોજનનુ નિરતર અગપુ છે પૂજા પાઠ ઢોગ, સધ્યા સ્નાન ઢોગ, શ્રાદ્ધ-વૈશ્વદેવ ઢોગ, એમ બધુ ઢોગ રૂપજ લાગે છે માત્ર વિષયસુખોજ વૃત્તિમા આવ્યા તે ખરા માનવામા આવે છે ગરીબ હોઇએ તો હાથમા વાટકો કે કાચલી હોય અને ઘરમા હાડલા ખાલી ખડખડતા હોય તોપણ સ્વધર્મ ઉપર ક્યા નિષ્ઠા થાય છે ? કા તો ચોરી કે જુગટુ કરવા શીખિયે, કા તો પાણી ભરવા રહિયે, કાતો વાસણ માજવા અને શુદ્રોના ધોતિયા ધોવા રહિયે, કા તો રસોઇ કરવા રહિયે અને કા તો બીજી નોકરીમા રહિએ, પણ ત્યાસુધી પણ આપણી વાસના વિષયાદિકના સુખોમાથી ટળતી નથી પણ અરે આ અમુલ્ય દેહ એવા વિચારો કરવાને નથી કેમ કે તેવા સુખો તો પશુ પક્ષી આદિના અવતારમા એનીમેળે પ્રાપ્ત થાય છે કે જેમા આદિ મધ્ય અને અતમા દુ ખરૂપજ પરિણામ છે મનુષ્ય દેહની યોગ્યતામાટે ભગવાન્ વ્યાસજી શુ કહે છે તે પ્રત્યક્ષ છે

नाय देहो देहभाजां नृलोके क्लिष्टान्कामानर्हते विड्भुजां ये ॥

આ મનુષ્યલોકમા સર્વ પ્રાણીઓમા આ (મનુષ્ય) દેહ છે તે ક્લેશરૂપ વિષયોને ભોગવવા યોગ્ય નથી, કે જે વિષયો ભુડ જેવા પ્રાણીયોનેજ યોગ્ય છે

સારાશ કે સ્વધર્મથી ચાલી આ લોક પરલોક સુધારવો એજ મનુષ્યદેહનુ સાર્થક છે હવે તેમા પણ આપણે તો બ્રાહ્મણના દેહના અભિમાની છિયે તેનેમાટે શુ એવા ગ્રામ્ય માર્ગો યોગ્ય છે ? બ્રાહ્મણના દેહની યોગ્યતામાટે કહે છે કે,—

ब्राह्मणस्य तु देहोय क्षुद्रकामाय नेष्यते । कृच्छाय तपसे चेह प्रेत्यानन्तसुखाय च॥

બ્રાહ્મણનો આ દેહ હલકા કામો કરવાને યોગ્ય નથી તે દેહ કચ્છ અને તપનેમાટે અહીં છે અને પરલોકમા અનત સુખનેમાટે છે

સારાશ કે અહીં પોતપોતાના સ્વધર્મથી પુણ્ય અને કીર્તિ સપાદન કરી આ માડ માડ મળેલો ઉત્તમ દેહ સફળ કરી પરલોક સુધારવો એનેમાટે આ બ્રાહ્મણનો દેહજ યોગ્ય છે અને એવા ઉત્તમ માર્ગનેલીધેજ 'न ब्राह्मणैस्तुलयेभूतमन्यत् અર્થાત્ બીજા પ્રાણી સાથે બ્રાહ્મણની તુલના ન કરવી,' એવા વાક્યોની સાક્ષીઓ પડે છે બ્રાહ્મણનુ મુખ્ય ધન પોતાનો સ્વધર્મ છે અને એ સ્વધર્મથીજ સર્વ રાજાઓ તો શુ પણ પરમેશ્વરના અવતારો પણ તેને દેવ માનતા આમ છે ત્યારે આપણે આપણા સર્વોત્તમ ધર્મની સેવાને શામાટે વીસારી દેવી, અને હાથે કરીને હાનિ શામાટે વોરી લેવી ? જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ ધર્મ-કર્મ આદિ વ્યવહારમા ફેર પડતો જાય છે માટે મધ્ય સ્થિતિમા ર-

હીને આપણે આપણા ધર્મપ્રમાણે ચાલવું જોઇએ. જો થોડે થોડે આરંભ થવા માંડશે તો ક્રમે કરીને સ્વધર્મની ઉદયદશા આવી જશે. સ્વધર્મનો ઉદય છે તેજ આપણો ઉદય અને સ્વધર્મનો અસ્ત એજ આપણો અસ્ત છે. સર્વ સહાયતા કાંઇ કામ નથી આવતી માત્ર ધર્મની સહાયતા છે તેજ કામ લાગે છે, એ વાત કોઇથી અજાણી નથી. બ્રાહ્મણનાં નિત્ય નૈમિત્તિક કર્મો એટલાં બધાં છે કે બે ઘડી રાત હોય ત્યાંથી કરવા માંડીયે તો રોંઢા સુધી પણ માંડ માંડ થઇ રહે. પણ એટલામાટે મુઝાઇ બેસવાનું જરૂર નથી. આજકાલ તો શૂદ્રાચાર સર્વ ઠેકાણે પસરી ગયો છે તો તેવી અવસ્થામાં જે થોડું થશે તે પણ ઘણું છે. જેવો દેશ-કાળ તે પ્રમાણે વર્તવું પણ સાવ વિમુખ થઇ બેસવું એ તો અતિ હાનિ છે. જેઓ સાવ ધર્માચરણ ન કરતા હોય તે થોડું થોડું કરવા માંડે તોપણ તેથી હાનિ નથી. 'अकरणान्मंदकरणं श्रेष्ठं અર્થાત્ સાવ ન કરવા કરતાં થોડું કરવું તે પણ શ્રેષ્ઠ છે.' એમ બુદ્ધિમાનો કહે છે. થોડો પણ ધર્મ મોટા ભયમાંથી ઉગારનાર છે, માટે નિત્ય પોતાનો સ્વધર્મ પાળવો જોઇએ. સ્વધર્મ પાળતાં કોઇ પણ જાતનો લાભ ન લાગે તોપણ તે પાળવાથી ઘણો લાભ છે. શ્રી ભગવાન્ કહે છે કે 'स्वधर्मे निधनं श्रेयः અર્થાત્ પોતાના ધર્મમાં વર્તતાં નિધન (નાશ) પણ કલ્યાણરૂપ છે.' આવી રીતે સ્વધર્મનો મહિમા છે માટે આપણે બ્રાહ્મણજાતિને અનુસરતો આપણો ધર્મ બરાબર પળાય તેવી કાળજી રાખવી જોઇએ. જે પ્રીતિથી કરવામાં આવે છે તેનેમાટે ગમે તેમ સમય મળે છે. આપણે કાળયોગથી ગમે તે ધંધા-રોજગારમાં લાગતા હશું તોપણ જો આપણને આપણા સ્વધર્મ ઉપર ખરે ખરી પ્રીતિ હશે તો ગમે તે સમય આપણને સ્વધર્મના આચરણમાટે મળશે. મુખ્ય આપણને તેમાં ખરેખરી પ્રીતિ જોઇએ. 'સમયનું રૂપ ફરી જવાથી જ્યાં જોઇએ ત્યાં ધર્મસંરક્ષણ થતું હોય એવો પ્રકારજ જોવામાં આવતો ન હોય, એટલે આપણી બાળક મતિને આ ધર્મ અને આ અધર્મ એમ કોણ બતાવે?' એવી શકાઓ મેલી દેવી. એવો કાળ હતો ત્યારે જેમ બન્યું તેમ ખરૂં, પણ હવે તો જ્યારે આપણને સમજ આપનારા મળે ત્યારે શામાટે ઉઘવું જોઇએ? મનુષ્યજન્મ અમુલ્ય છે એ આગળ કહેવાઇ ગયું છે. તે કેવળ પેટનું પોષણ કરવાના કામમાંજ નીકળી ગયો તો પછી પશુ આદિકના દેહમાં ધર્માચરણની વાત કેમ સુજશે? આ જન્મમાં બુદ્ધિનો ઉપયોગ ન થયો તો પછી પશુ-પક્ષીના અવતાર કે જેમાં બુદ્ધિ હોવાનો અસંભવ છે તેમાં પછી 'આમ કરૂં એ મારો ધર્મ છે અને આમ કરાવથી મારૂં કલ્યાણ થાશે' એ શી રીતે સુજશે અને કેમ બનશે? માટેજ જે કરવું તે આ

જન્મમા કરવુ એનેમાટે વાટ જોઇને પણ બેસી ન રેહેવુ, કાળની કેને ખબર પડે છે? માટે સારા કામ તો કર્યાં સારા કાલ કરવાનુ આજ કરવુ એમ વિદ્વાનો કેહે છે* માટે તે ઉપર દૃષ્ટિ રાખવી

જાગીએ ત્યાથી સવાર એ કેહેવતને અનુસારે સ્વધર્મપર નેષ્ટા બાવની 'હાય હાય આપણે કાઇ ન કર્યુ, હવે તો શી રીતે તરાય,' એવો વિચાર કરીને હારી જવુ નહિ એટલુ તો ખરૂ કે ભૂલ તો થઇ ખરી અને તેથી સમજુ હોય તેને પશ્ચાત્તાપ પણ થવો જોઇએ, તોપણ હવે પછી પણ જે કાઇ સ્વધર્મ આચરનામા આવશે તેથી પશ્ચાત્તાપ રેશે નહિ, એમ ધારીને પણ સ્વધર્મથી અટકવુ નહિ

આગલા દિવસ ધારો કે અજાણ હતા, તો હવે કેટલીક હકીગતથી જાણીતા થયા, માટે હવે તો ઉલટો ઉત્સાહ અને શ્રદ્ધાની પ્રતિદિવસ વૃદ્ધિ થવી જોઇએ '' દેશ કાલને અમૂક ધર્માચરણ યુક્ત નથી અથવા થઇ શકે એવુ નથી' એમ કર્યા પેહેલા અનુભવ વગર નિશ્ચય કરી બેસવુ એ બુદ્ધિવગરનુ કામ છે, હુ હમણા નીચે લખુ છુ તે ઘણી સારી રીતે થઇ શકે તેમ છે

સવારમા નિરતર બે ઘડી રાત હોય ત્યારે ઉઠવુ ત્યારપછી શરીરચિંતાથી દૂર થઇને સકલ્પપૂર્વક (દેશ કાળ સભારીને) સ્નાન કરવુ ત્યારપછી આગલે દિવસ સુકાવેલુ લુગડુ (ધોતિયુ) પેહેરી એક અગવસ્ત્ર ખભે નાખી સધ્યાવદન કરવુ, સધ્યાના અતમા ગાયત્રીનો જપ યથાશક્તિ કરવો બ્રાહ્મણનુ દૈવત, તેજ, પ્રતાપ અને તપ એ સવ ગાયત્રી મંત્રમા છે શ્રદ્ધાપૂર્વક જપાએલો તે મત્ર સાક્ષાત્ બ્રહ્મવર્ચસને વધારનાર છે ગાયત્રી દેવીનો જપ કરનાર બ્રાહ્મણ પાપથી લેપાતો નથી અર્થાત્ નિર્મળ અને નિર્દોષ રહે છે તથા તેની પાપમા વૃત્તિ જતી નથી એવા ઘણા પ્રમાણો મળે છે

આ પ્રમાણે બ્રાહ્મણપણુ આપનાર ગાયત્રીના અનતર પુરૂષસૂક્ત વિગેરેથી પ્રતિમાપૂજન કરવુ જેને શિવપૂજન હોય તેણે શિવપૂજન અને જેને વિષ્ણુપૂજન હોય તેણે વિષ્ણુપૂજન કરવુ શકરપૂજનના સ્થળમા લખ્યુ છે કે —

ब्राह्मण सर्वसिद्ध्यर्थं कुर्याच्छकरपूजन ।
ब्रह्मविष्ण्वादिदेवानां पदमाप्नोति पूजया ॥

---

* ग्रहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् — (જે પકડેલા હોય તેની પેઠે ધર્માચરણ કરવુ

अष्टैश्वर्यं सुरत्वं च पदं गांधर्वपूर्वकं ।
सार्वभौमत्वमीशस्य पूजयैव हि सिद्ध्यति ॥
मनोहराः स्त्रियः सौख्यं कल्याणभवनानि च ।
अपर्यंतं धनं चापि पूजया शुलिनः खलु ॥

બ્રાહ્મણે સર્વ પ્રકારની સિદ્ધિનેમાટે શંકરનું પૂજન કરવું, કેમકે એની પૂજાથી બ્રહ્મા વિષ્ણુ આદિ દેવતાના પદની પ્રાપ્તિ થાય છે, આઠ પ્રકારનું ઐશ્વર્ય, ગંધર્વપદ પૂર્વક દેવતાપણું, ચક્રવર્તીપણું, એ સર્વ શંકરના પૂજનથી સિદ્ધ થાય છે. મનોહર સ્ત્રિયો, સુખરૂપ ઘરો, અઢળક ધન, એ સર્વ શ્રી સદાશિવની પૂજાથી થાય છે.

આ શિવાય બીજાં ઘણાં ફળો દેખાડીને છેવટ ભવસાગરથી તે પાર ઉતારે છે એવો એનો મહિમા લખ્યો છે. વિષ્ણુના પૂજનનો પણ એવોજ મહિમા છે. આચમન, અર્ઘ્ય, સ્નાન, ચંદન, પૂષ્પ. ધૂપ, દીપ, નૈવેદ્ય, નિરાજન, અને પુષ્પાંજલિનો ટુંકામાં વિધિ હોય તે પાઠેકરી લઇ વિધિથી પૂજન કરવું. વેદપાઠ કે બીજો જે પાઠ હોય તે કરવો. અતિથિ (કોઇ અભ્યાગત) આવ્યો હોય તેનો અન્નથી સત્કાર કરવો. પિતૃ તર્પણ કરવું વૈશ્વદેવ કરવો. આ સર્વ નિત્યકર્મને અંતે દેવને ધરેલાં નૈવેદ્યનો પ્રસાદ લેવો. આમાં દેવપૂજન પછીનું પિતૃતર્પણાદિ કર્મ બપોરે જમવાની પેહલાં નાહિને મધ્યાન્હસંધ્યા પછી થઇ શકે છે.

આ સામાન્ય રીતિ કહી, તેમાં જે જે અવસ્થામાં જે હોય તેમણે તે તે અવસ્થાને અનુકૂલ વર્તન રાખવું. બાલકપણામાંથી બહુ નહિ તો થોડો વેદાભ્યાસ, અને પૂજનપ્રકાર શીખી લેવો જોઇએ. જેઓ ન શીખ્યા હોય તેમણે હવે પછીના બાલકો આસ્તિક થઇને થોડું થોડુ સમય પ્રમાણે શીખે તેવી યોજના રાખવી. પેહેલાં બ્રહ્મચર્ય આશ્રમ પળાય છે, પછી યોગ્ય વય થયા પછી ગૃહસ્થના ધર્મપણાય છે, પછી વાનપ્રસ્થ આશ્રમ પળાય છે અને ત્યારપછી સન્યાસ આશ્રમનું અધિકારી થવાય છે. એ ચારે આશ્રમમાં યોગ્ય એવાં ધર્માચરણો બતાવતાં શ્રીકૃષ્ણપરમાત્મા કહે છે કેઃ—

शमोदमस्तथा शौचं क्षांति रार्जव मेवच ।
ज्ञान विज्ञानमा स्तिक्यं ब्रम्हकर्म स्वभावजं ॥

(અપૂર્ણ.)

अपरोक्षानुभूति

(અનુવ પા૦ ૧૮૮ થી)

इति वा तद्भवेन्मौनं सतां सहजसंज्ञितम् ।
[1] गिरा मौनं तु बालानां प्रयुक्तं ब्रह्मवादिभिः ॥ १०९ ॥

આ પ્રમાણે બ્રહ્મ અને જગતના વિવાદના ત્યાગરૂપ મૌન કે જે 'સહજ સ્થિતિ' નામથી પ્રસિદ્ધ છે, તે સત્પુરુષને થાય છે.

વાણીનું મૌન એટલે વાણીને બંધ રાખવી એ તો બ્રહ્મવેત્તાઓ બાળક (અજ્ઞાની)નું મૌન (મૂંગાપણું) કહે છે. અર્થાત્ વાણીથી મૂંગા રહેવું એ તો બાળકનું કે અજ્ઞાનીનું મૌન કહેવાય. ૧૦૯

[2] आदावन्ते च मध्ये च जनो यस्मिन्न विद्यते ।
येनेदं सततं व्याप्तं स देशो विजनः स्मृतः ॥ ११० ॥

આદિમાં, અંતમાં અને મધ્યમાં જેનેવિષે મનુષ્ય નથી અને જેનાવડે આ જગત્ નિરંતર વ્યાપ્ત છે તે 'નિર્જન (માણસ વિનાનો) દેશ' કહેવાય છે.

સારાંશ એ કે માણસને ત્રણ કાળનો અભાવ પોતાની પ્રતીતિથી જણાય એવો છે. લૌકિકી કે શાસ્ત્રીય પ્રતીતિથી જણાય તેવો નથી. કેમ કે આ બેયથી જણાય એવો કહિયે તો 'પોતાની પ્રતીતિથી જણાય તેવો છે' એ વાતને વિરોધ આવે, માટે સમજવાનું એ છે કે ત્રણે કાળનો અભાવ જે પોતાના અનુભવસ્વરૂપથી અનુભવાય છે તે બ્રહ્મથી અભિન્ન પોતાનું સ્વરૂપ 'નિર્જનદેશ' છે. ૧૧૦

[3] कल्पनात्सर्वभूतानां ब्रह्मादीनां निमेषतः ।
कालशब्देन निर्दिष्टो ह्यखण्डानन्द अद्वयः ॥ १११ ॥

નિમેષ એટલે મટકું મારવું ત્યાંથી માંડીને બ્રહ્માઆદિ સર્વ પ્રાણીઓના
૭ ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના આધારપણાથી અખંડ આનંદરૂપ અને જેનાથી કોઇ બીજો નથી તેને 'કાળ' એમ કહેવાય છે. ૧૧૧

[4] सुखेनैव भवेद्यस्मिन्नजस्रं ब्रह्मचिंतनम् ।
आसनं तद्विजानीयान्नेतरत्सुखनाशनम् ॥ ११२ ॥

---

૧ વાણીનો નિયમ રાખવો એ જ પ્રસિદ્ધ મૌન છે એમ કહે શંકા થાય તો કહે છે.
૨ હવે પાંચમા અંગ દેશનું લક્ષણ કહે છે. ૩ હવે છઠ્ઠા અંગ કાળનું સ્વરૂપ કહે છે.
૪ હવે સાતમા અંગ આસનનું લક્ષણ કહે છે.

જે સુખસ્વરૂપ બ્રહ્મનેવિષે કર્તવ્ય-અકર્તવ્યનો વિચાર ન થાય તે, ત્રણ કાળમાં જેનો બાધ નથી એવાં બ્રહ્મને 'આસન' જાણવું સુખને નાશ કરનારૂં બીજુ જે આસન હોય તે આસન ન કેહેવાય. ૧૧૨

[૧] सिद्धं यत्सर्वभूतादि विश्वाधिष्ठानमव्ययं ।
यस्मिन् सिद्धाः समाविष्टास्तद्वै सिद्धासनं विदुः ॥ ११३ ॥

જે પ્રથમ કહેલુ છે તે અથવા જે સિદ્ધનું આસન છે, સર્વ ભૂત પ્રાણીને જે આદિ છે, જે જગતના આધારરૂપ છે, જે નાશ રહિત છે, અને જેનેવિષે સિદ્ધલોકો રહેલા છે તેજ બ્રહ્મ 'સિદ્ધાસન' કેહેવાય છે. ૧૧૩

[૨] यन्मूलं सर्वभूतानां यन्मूलं चित्तबंधनं ।
मूलबंधः सदा सेव्यो योग्योऽसौ राजयोगिनाम् ॥ ११४ ॥

આકાશ આદિ સર્વ ભૂતોનું જે મૂલ છે, (આદિકારણ છે,) અને ચિત્તને બંધન કરનારૂ મૂલ અજ્ઞાન પણ (તેની નોખી સત્તા ન હોવાથી) જેને આશ્રયે છે, તે બ્રહ્મ નિરંતર 'મૂલબંધ' કેહેવાય છે; અને તે રાજયોગિયોને એટલે જ્ઞાનની પરિપાક દશાવાળાને યોગ્ય છે. ૧૧૪

[૩] अंगानां समतां विद्यात्समे ब्रह्मणि लीयते ।
नोचेन्नैव समानत्वमृजुत्वं शुष्कवृक्षवत् ॥ ११५ ॥

સમાન બ્રહ્મનેવિષે (હાથ-પગ વિગેરે) અંગો (કે જે બ્રહ્મનેવિષે આરોપિત છે અને સ્વભાવે વિષમ છે, તેઓ) નું (અધિષ્ઠાન બ્રહ્મના સમપણાની દૃષ્ટિથી) સમાનપણું જાણવુ. જો સમાન બ્રહ્મમાં (અંગોનું વિષમપણું) લય ન થાય તો સુકલ ઝાડની પેઠે સરલપણાં (અને અચળપણા) રૂપ જે સમાનપણું છે તે થાતું નથી.

અર્થાત્ સુકલ ઝાડ જેમ સરખું ને સરલ ન થાય તેમ અંગો પણ સરખાંને સરલ ન થાય. સારાંશ એકે બ્રહ્મ સમાન હોવાથી તેનેવિષે આરોપિત અંગો સમાન છે. તે વિના બીજી રીતે અંગોનું સમાનપણું થતું નથી. કેમ કે સ્વભાવેજ તે વિષમ (અસમાન) છે. ૧૧૫

[૪] दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येत् ब्रह्ममयं जगत् ।
सा दृष्टिः परमोदारा न नासाग्रावलोकिनी ॥ ११६ ॥

---

૧ બીજા પ્રકારથી આસનનુ વર્ણન કરે છે ૨ આઠમા અંગ મૂલબંધનુ લક્ષણ કહે છે.
૩ નવમુ અંગ દેહસામ્ય (દેહનુ સામાન) પણું વર્ણવે છે,
૪ દસમુ દૃગ્સ્થિતિ (દૃષ્ટિનો સ્થિતિ) એ નામનુ અંગ કેહે છે.

દૃષ્ટિ એટલે અંતઃકરણની વૃત્તિને જ્ઞાનમય કરીને—અર્થાત્ બ્રહ્માકાર કરીને સર્વ જગતને બ્રહ્મમય જોવું, અર્થાત્ આ સર્વ બ્રહ્મ જ છે એવી વૃત્તિ કરવી આ પ્રમાણેની ઉદાર દૃષ્ટિ તે શ્રેષ્ઠ છે. નાકના અગ્રભાગને જોવાની દૃષ્ટિ શ્રેષ્ઠ નથી.

द्रष्टृदर्शनदृश्यानां विरामो यत्र वा भवेत् ।
दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥ ११७ ॥

દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રિપુટીનો જે બ્રહ્મને વિષે વિરામ થાય છે તે (પ્રપંચથી પર એવા) બ્રહ્મને વિષે દૃષ્ટિ કરવી. દૃષ્ટિ એટલે અંતઃકરણની વૃત્તિ પરોવવી તેનું, એનું નામ 'દૃષ્ટિ' છે. નાકના અગ્રભાગને જોવાથી તે દૃષ્ટિ ન કહેવાય. ૧૧૭

चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात् ।
निरोधः सर्ववृत्तीनां प्राणायामः स उच्यते ॥ ११८ ॥

ચિત્ત આદિ લઈને જે જે ભાવો છે તે ભાવોને વિષે બ્રહ્મપણાની ભાવના કરવાથી સર્વ વૃત્તિનો નિરોધ થવો (નિરોધ થવું) તેને પ્રાણાયામ કહેવાય છે. (પ્રાણને રોકવા એ પ્રાણાયામ નહિ.)

અહીં કહેવાનો આશય એ છે કે પ્રાણ છે તે મનને આધીન છે માટે મનનો નિરોધ થવાથી જ પ્રાણનો નિરોધ થાય, પણ પ્રાણનો નિરોધ કરવાથી કેવળ જડના મતો અનુસારે મનનો નિરોધ ન થાય, કેમ કે પ્રાણ છે તે મનને આધીન છે. ૧૧૮

निषेधनं प्रपञ्चस्य रेचकाख्यः समीरणः ।
ब्रह्मैवास्मीति या वृत्तिः पूरको वायुरीरितः ॥ ११९ ॥
ततस्तद्वृत्तिनैश्चल्यं कुम्भकः प्राणसंयमः ।

દૃશ્ય પ્રપંચનો નિષેધ કરવો તે રેચક પ્રાણાયામ, 'હું બ્રહ્મ જ છું' એવી વૃત્તિ થવી તે પૂરક પ્રાણાયામ (૧૧૯), અને ત્યાર પછી તેવા પ્રકારની વૃત્તિનું અચળ રહેવાપણું તેનું નામ કુંભક પ્રાણાયામ, આમ ત્રણ ભાગનો પ્રાણાયામ છે.

अयं चापि प्रबुद्धानामज्ञानां घ्राणपीडनम् ॥ १२० ॥

આ પ્રાણાયામ બુદ્ધ એટલે નિઃસંદેહ અપરોક્ષ જ્ઞાનવાળા બોધવાનોને યોગ્ય છે. જેઓ તેવા બોધવાળા નથી તેને નાક દબાવીને કરવાનો (પૂરક કુંભક ને રેચક પ્રકારનો) પ્રાણાયામ યોગ્ય છે. ૧૨૦

[1] विषयेष्वात्मतां दृष्ट्वा मनसश्चिति मज्जनम् ।
प्रत्याहारः स विज्ञेयोऽभ्यसनीयो मुमुक्षुभिः ॥ १२१ ॥

શબ્દ આદિ વિષયોનેવિષે અથવા ઘડાઆદિ પદાર્થોનેવિષે (અન્વય-વ્યતિરેકવડે) આત્માપણું જોઇને અર્થાત્ સત્તા, સ્ફુરણ અને પ્રિયપણું ધ્યાનમાં લઇને મનનું એટલે અંતઃકરણનું ચૈતન્યમાં લીન થવું, અર્થાત્ નામ રૂપ ક્રિયાના અનુસંધાનથી રહીતપણાવડે ચૈતન્યરૂપપણાથી રેહેવું, તેનું નામ 'પ્રત્યાહાર' કેહેવાય. અને તે મુમુક્ષુઓએ અભ્યાસ કરવા યોગ્ય છે ૧૨૧

[2] यत्र यत्र मनो याति ब्रह्मणस्तत्र दर्शनात् ।
मनसो धारणं चैव धारणा सा परा मता ॥ १२२ ॥

જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં બ્રહ્મ જોવાથી એટલે જે જે પદાર્થમાં મન જાય તે તે પદાર્થમાં નામ-રૂપનો ત્યાગ કરી સત્ ચૈતન્ય અને આનંદરૂપ બ્રહ્મનું ધ્યાન કરવાથી મનનું જે ધારવું અર્થાત્ બ્રહ્મમાંજ મનનું સ્થિર કરવુ, તેનું નામજ 'ધારણા' કેહેવાય છે. તે ધારણા શ્રેષ્ઠ છે. (બીજી ધારણા પાતંજલના મતને અનુસરતા પ્રાણાયામની પેઠે શ્રેષ્ઠ નથી) ૧૨૨

[3] ब्रह्मैवास्मीति सद्वृत्त्या निरालंबतया स्थितिः ॥
ध्यानशब्देन विख्याता परमानंददायिनी ॥ १२३ ॥

'હું બ્રહ્મ છુ' એવી સારી એટલે બીજા પ્રમાણોથી બાધ ન પામે એવી વૃત્તિથી, નિરાલંબપણાવડે એટલે દેહ આદિના સ્મરણથી રહિતપણાવડે જે રેહેવું તેનું નામ ધ્યાન કેહેવાય છે. અને તેજ 'ધ્યાન' ઉત્તમ આનંદ આપનાર છે.૧૨૩

[4] निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः ।
वृत्तिविस्मरणं सम्यक् समाधिर्ज्ञानसंज्ञकः ॥ १२४ ॥

નિર્વિકારપણાવડે એટલે વિષયના સ્મરણથી રહિતપણાવડે વૃત્તિનું તરતજ બ્રહ્માકારપણાવડે સારી રીતે વૃત્તિ-વિસ્મરણ એટલે પ્રપચના સસ્કાર રહિત ધ્યાતા અને ધ્યેય એવા આકારવાળી વૃત્તિનું શૂન્યપણુ અર્થાત્ દ્વૈત ટળી જવુ તેનું નામ 'સમાધિ' કેહેવાય.

(વૃત્તિનું વિસ્મરણ એ અજ્ઞાનપણું છે માટે તે સમાધિરૂપ કેમ થાય એવી શકા થાય તો, બ્રહ્મ-આત્માની એકતારૂપ બોધને અભાવે કેવળ વૃત્તિના વિસ્મરણનું અજ્ઞાનપણું છે, તો પણ બ્રહ્મજ્ઞાનવાળાને તેમ નથી. એમ દેખાડવા કેહે છે કે) તે સમાધિનું નામ જ્ઞાન છે આર્થત્ બ્રહ્માકારપણાવડે સ્ફુરણરૂપ છે. ૧૨૪ (અપૂર્ણ.)

---

૧ બારમા અગ પ્રત્યાહારનું લક્ષણ લખે છે. ૨ તેરમા ધારણા અગનુ લક્ષણ કહે છે. ૩ ચૌદમા અગ (આત્મ) ધ્યાનનું લક્ષણ કહે છે. ૪ હવે છેવટનુ પદરમુ અગ સમાધિ કહે છે.

प्रारब्धनी विचित्रता उपर एक वात

(લબધ પાને ૨૨૧ થી)

આ ઉપરથી રાજાની રાખેની શ્રી તેજબાને સતોષ થતો નહિ તેથી તેમણે રાજાના કેટલાક હજુરીઓને દામ આપવાની લાલચ આપીને કુવર પર અરુચિ થાય તેવી યોજના કરાવવા માડી નઠારા માણસો શુ નથી કરતા ? હજુરીઓના નિત્યના બોધથી રાજાને પોતાના કુવર ઉપરથી પ્રેમ તો ઓછો ન થયો પણ પ્રસારની વિચિત્રતાથી તેનુ મન સદેહિત રેહેવા માડયુ અને એ પ્રસગ જોઇને તેજબા કે જેમણે આશાની વાત ઉડાણી હતી તેણે પોતાના કરેલા પુત્રને રાજાની હજુરમા મોકલવા માડયા રાજાએ તેને પણ આવકાર દેવા માડયો કાળયોગથી વાત એવી બની કે અખાત્રીજને દિવસે જન્મગાઠના સમયમા મોટો દરબાર ભરાયો, તેમા પધારવાને શણગાર સજતા વાર લાગવાથી, હાજર રહેલા વિરૂદ્ધ પક્ષના હજુરીઓએ રાજાના કાનમા એવી ફુક મારી કે 'સાહેબ! એ કુમાર મનુભાને રાજ્ય ભોગવવાનુ મન થાય છે તેથી જ્યારે ત્યારે આની રીતે દરબારમા પધારતા શરમાય છે જેમ માતુશ્રી શીખવતા હશે તેમ કરતા હશે ' આ વાતથી મહારાજાને ઘણો ક્રોધ ચડી ગયો તેથી બોલી ઉઠયા કે, 'જેટલા મારા નોકર છે તેમાથી થોડાક વિના બાકી બધા નિમકહરામ છે, એમ મારા જાણવામા આવ્યુ છે આમાથી કોઇ દિવસ આખા રાજ્યને વેઠવા લાગશે હુ આજથી કહી રાખુ છુ કે જ્યાસુધી હુ કોઇને કાઇ પુછુ નહિ ત્યાસુધી કોઇએ પણ મારી આગળ કોઇ પણ કપટની વાત ઉચ્ચારવી નહિ અને સહુએ નીતિથી પોતપોતાનુ કામ કરવામાજ ધ્યાન રાખવુ એમા સૌનુ શ્રેય છે કુવર હમણા પધારશે માટે વારા પ્રમાણે ભલે દરબારનુ કામ ચાલવા દેવુ ' એમ કહી મહારાજા અદરથી મડપના ભાગમા પધારી સિહાસનપર બીરાજ્યા

છડી દારે ધારા પ્રમાણે અમીર ઉમરાવની સલામ કરાવી તેટલામા કુમારને તેડીને મત્રી હરિ દત્ત સભામડપમા હાજર થયા અને કુમાર વારા પ્રમાણે નમન કરી સિહાસનપર બેઠા નાટારભ થવા લાગ્યો અને બીજીકોરે કસુબાના અને પાનગુલાબની ધામધુમ મચી રહી જે તેજબાના કુવર હેયા હતા તેનુ નામ ભીમભા હતુ તે પણ કચેરીમા આવી બેઠા ભીમભાના નટખટ માણસોએ પાનગુલાબ અપાતા ગડબડ કરી તેથી મનુભા ટિલાત કુવરને માઠુ લાગ્યુ દિવસના ૧૧ બજે કેસર કસુબા છટાઇ રહી સભા વિસર્જન થઇ તેટલામા તો મનુભા પોતાની આખમા પાણી ભરાતા નમન કર્યું ન કર્યું ને લાજથી ઉઠી જઇ પોતાની માતાને આવાસે જઇને પોઢી ગયા સભા વિસર્જન થતા સૌ સૌને ઘેર ગયા

પછી મત્રી હરિદત્ત મહારાજને બોલાવીને મહારાજા ભૂપતસિંહ થાળી જમવા પધાર્યા. પાસેથી માણસોને દૂર કરી કચેરીમાં થયેલી વાતવિષે સઘળું કહી સંભળાવ્યું. હરિદત્તે ઉત્તર આપતાં જણાવ્યું કે 'અન્નદાતા ! કોઇ દિવસ નહિ ને આજ આપને એ સુલક્ષણા કુવરના સહજ આચરણ ઉપર કારણવિના શકા થઇ એથી જાણુ છુ કે રાજયખટપટરૂપ દવાનળ આપણા રાજયમાં લાગી ચુકો છે. આપનું મન ઘણા દિવસથી આવી વાતોથી પૂરાઇ ગયું જણાય છે મનુભા સાહેબનો કાંઇ પણ અપરાધ નથી અને જ્યાંસુધી મારા હાથમાં છે ત્યાંસુધી હું તેને અવળે માર્ગે નહિ ચડવા દઉ, એ જો મને આપ ખરો મંત્રી અને હિતૈષી જાણતા હો તો વિશ્વાસ રાખો આજે પાન-ગુલાબની વખતે આપના હજુરી લોકોએ (ભીમભાનાં માણસોએ) મનુભાની વૃત્તિને માઠું લાગે એવું કર્યું છે પણ આપની વૃત્તિ તે વેળા વજીર દોલતસિહને કસુબો પાવામાં તથા ભૈરવીના તાનમાં લાગી હતી એટલે આપના ધ્યાનમાં નથી. અન્નદાતા! મને સલાહકારી ઠરાવ્યો છે તો મારૂ વચન એક વાર ખરૂં માનો.' ભુપતસિંહ મહારાજાએ કહ્યુ કે 'એ મનુભા મને પ્રાણ કરતાં પ્યારા છે. મને એનાવિષે આશંકા હોયજ નહિ. પરતુ આનેમાટે મને એમ સુજે છે કે એને હમણાંથી રાજ્યાભિષેક કરી દઇએ. અને ભીમભાને તેના દબદબા પ્રમાણે થોડો ભાગ કાઢી આપિયે'. હરિદત્તે જવાબ દીધો કે 'રાજાધિરાજ! મનુભાને સોળમુ વર્ષ બેસવા ઘો પછી આપની મરજી પ્રમાણે આપણે સઘળી ગોઠવણ કરશુ.' ભૂપતસિંહ મહારાજા, થાળી જમી આરામ લેવાને પધાર્યા અને હરિદત્ત વિચાર કરતાં પોતાને ઘેર ગયા. અહી રાજાએ એકાંતમાં પોતાનાં પટરાણી રાજબાને બોલાવ્યાં. રાજબાએ આવીને પ્રણયથી પ્રણામ કર્યા કે તરત ભૂપતસિહ મહારાજાએ તેને પલગપર બેસવા આજ્ઞા કરી ઉનાળાના દિવસ હોવાથી ચોતરફ બારીઓમાં વાળાની લટીઓ બાંધી ગુલાબજળ છાંટી દીધાં હતાં, બહારના ચોકની અગાશીમાં ફુવારા છુટા મેલી દીધા હતા અને મોગરાનાં ફુલની માળાઓ જાળીયાંમાં ટાંગી દીધી હતી. કાળને અનુકુળ છતાં પણ મર્યાદાવાળાં અમુલ્ય વસ્ત્ર પેહેરીને બેઠેલાં પટરાણીએ વાળાનો સુવર્ણજડિત પંખો લઇને પવન નાખતાં કુમારશ્રી મનુભા મોટા થયા તેથી તેના વિવાહવિષે વાત ચલાવી પરંતુ રાજાજીનું મન કાઇક જુદાજ વિચાર ઉપર ઘોળાતુ લાગવાથી વાત પડતી મેલીને આરામ લેવા વિનતિ કરી. મહારાજા ભૂપતસિહે કહ્યું કે, 'એ સર્વ વાત મારા ધ્યાનમાં છે. ઇશ્વર કરે ને બે વર્ષ નીકળી જાય તો તેને માથે મારે રાજ્યનો ભાર નાંખવો છે, એટલામાટે હમણાથી તેને યોગ્ય રાજકુવરીની શોધમાં હું રહીશ. આજ મારૂં મન જ્યારથી ખટપટી લોકોનો વાત સાંભળી

છે ત્યારથી ઉદાસ થઇ ગયુ છે માટે સમય કેવો આવશે તે વિચાર કરૂ છુ ' ગજબા બોલ્યા કે ' જો એ વાતનો સાર મને કહી શકાય એવો હોય તો હુ સાભળવાની ઇચ્છા રાખુ છુ ' રાજાએ કહ્યું કે 'સાર સાભળવામા કાઇ સાર નથી તેનો ભાવ એ છે કે કુવરને રાજ્ય ભોગવવાની ઇચ્છા થાય છે '

ગજબાએ, વિહ્વળતાથી હાથ જોડી વિનતિ કરી કે 'મહારાજાધિરાજ ! હુ વિશેષ આપને કાઇ નથી કહેતી પરતુ એટલુ વિનવુ છુ કે આપ તો સર્વ રાજ્યના રૂપથી જાણીતા છો તેમ મહાગભીર રાજ્યરમતોના ઇતિહાસો આપના સાભળવામા હશે, માટે આવા વિષયમા બહુજ ઝીણી દૃષ્ટિથી જોવાનુ છે આપ મહા ભાગ્યશાળી છો કે આપણા રાજ્યમા હજીસુધી કોઇપણ જાતની ખટપટ થઇ નથી હુ આપને એટલુ વચન આપુ છુ કે આ આપની મહાશયની દાસીના ઉદરથી જો એ બાળક જન્મ્યો છે તો એ કદી પણ આપના મનને અસતોષ આપશે નહિ શુ જ્યોતિષીઓએ તેમની જન્મપત્રિકા વાચી હતી તે આપ વિસરી ગયા " એમ વાતચિત કરે છે ત્યા દાસીએ ખબર આપ્યા કે કુમાર મનુભા માતા પિતાના સાથે દર્શન લેવા પધારે છે રાજા રાણી સાવધ બેઠા કુમાર મનુભા આવી પહેલા પિતાજીને નમ્યા પિતાએ 'પધારો બા' એમ આવકાર આપ્યો પછી માતાને પગે લાગ્યા તેણે 'ઘણુ જીવો કહી મીઠડા લીધા એટલામા તો દાસીએ નાખી દીધેલી ખુરશી ઉપર બેઠા મનુભા આજ થાળ જમતા વેળાએ પાસે ન હતા તેથી ભૂપતસિહ મહારાજાએ પુછ્યુ કે 'બાપુ ' આજ તમારા માતુશ્રીની સાથે જમવાનુ મન થયુ તેથી વેહેલા જતા રહ્યા હતા શુ " આટલુ પુછતા તેની આખમાથી દડ દડ આસુની ધાર પડવા લાગી રાજમાને આ વાતની હમણા ખબર પડવાથી આશ્ચર્ય અને બાપપણ ઠ થઇ કુવરને ગોદમા લીધા આ વેળા અહી રહેનાર ત્રણ જણના અતઃકરણમા કાઇક ખેદના તાપથી જાણે કેમ અતઃકરણનો પ્રેમ ઉભરાઇ બહાર નીકળતો હોય તેમ આખમાથી પાણી પડયા (અપૂર્ણ)

पुस्तकोनी पहोंच

वृद्धचाणाक्य नीतिदर्पण—આ નામની ચોપડી રચનાર રા ભટ્ટ વનજી રત્નેશ્વર તરફથી મળેલ છે ચાણાક્યનીતિના શ્લોકો ઘણા સરલ અને મનને આનદ આપે એવા સેહેલા તથા બોધક છે આવા નીતિના વચનોનો વિસ્તાર થવાની જગતમા જરૂર છે, તેથી તેનુ ગુજરાતીમા ભાષાતરનુ પ્રયત્ન યોગ્ય છે હેતુના બોધ વગર અને પૂર્ણ જ્ઞાન વગર નાટક ચેટકના કડતીયા કરનારાઓના શ્રમથી થતો ખેદ આવા પુસ્તકો જોઇ કાઇક દૂર થાય છે આની ભાષા સેહેલી છે ક્યાઇ

ક્યાંઇ વધારે સુધારો કરવાની જરૂર છે તે બીજી આવૃત્તિમાં થઇ જશે. આ પુસ્તક શ્રીમન્ કચ્છના મહારાજાના ખાનગી સેક્રેટરી રા. રા. છોટાલાલ ભાઇને અર્પણ કર્યું છે. કીમત આઠ આના મુ. મુદ્રા.


સંયોગતાહરણ નામનું નાટક ઠાકોર દોલતસિંહજી હરિસિંહજી તરફથી મળેલ છે. આ ઉછરતા લખનારની હોંશ સારી જણાય છે. આટલેથીજ સંપૂર્ણતા સમજવી નહિ. સયોગતાના વિષયમાં બીજી ઘણી યોગ્યનો સમાવેશ થવો જોઇએ એવી ઉત્કંઠા થાય છે. આવી બાબત નાટક કરતાં વારતામાં લખવી તે સારી, કેમકે નાટક એ વારતાના કરતાં ઉછરતા લખનાર માટે કઠણ છે એમ વિદ્વાનો કહે છે. ભાષા સમજાય તેવી છે. અને અધિકારીને ઉપયોગી છે. કવિતા સેલી છે પણ બહુ સંતોષકારક નથી. કીમત ૧૨ આના વધારે છે. મુ૦ બાટવા. આ પુસ્તક રોહાના ઠાકોરશ્રી વેરીશાલજીને અર્પણ કર્યું છે.

ઋતુવર્ણન આ નામનું પુસ્તક ગુજરાતી ભાષાની કવિતામાં રા. શુકલ નથુરામ સુંદરજી તરફથી મળ્યું છે. બીજી ભાષાના કવિયોના કાવ્યનું તેમાં ઉતારણ કર્યું જણાય છે. કવિતાની ઝડપ ઠીક જણાય છે, પરંતુ શબ્દોની અશુદ્ધતા કે જે ભાષાની કવિતામાં દરેક ઠેકાણે દરગુજર કરવામાં આવે છે તે આ માંપણ દેખાય છે. સ્ત્રીવર્ણનનો પ્રસંગ આવે એટલે ઋતુવર્ણનના લક્ષણની સમાપ્તિ થઇ ચુકી, એ સમજણને અમે આદરથી જોઇ શકતા નથી. જુવાન લોકોને રાજી કરવા પ્રથમ પ્રયત્ન અવસ્થાને અનુકુળ રહીને કર્યું તો ઠીક નહિ, તો હવે આ લખારને તેમનો કવિતાનો શોખ ઇશ્વરભજનમાં વાપરવાને ભલામણ કરિયે છીયે. કીમત ૭ આના વધારે છે. મુ૦ વાકાનેર. આ પુસ્તક અંકેવાળીયાના રાણા શ્રી સુરજમલ્લજીને અર્પણ કરેલ છે.

નેત્રદુઃખ નિવારણ—આ ચોપડી વીરપુરના પ્રાઇવેટ માસ્તર રા. દયારામ પ્રેમજી દ્વીવેદીએ રચી પ્રસિદ્ધ કરી છે. એમાં આંખ ।। ગોળકનાં જુદાં જુદાં દરદો અને તેના જુદા જુદા ઉપાયો દેખાડવામાં આવ્યા છે, તે પ્રસગે ઉપયોગી હોય એમ લાગે છે. તેના ખરા ગુણદોષ તે વિષયના અનુભવિયો જાણી શકે. કીંમત ૮ આના. આ પુસ્તક વીરપર દરબાર શ્રીસુરસીહજીને અર્પણ કર્યું છે.

---

૯ મા અંકનાં પેહેલા પેજમા નોટની બીજી લીટીમા લેતું સ્વરૂપ છે સમજવો અને ઢળ ને બદલે ઢાળ સમજવો.



आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૬ મુ ભાદ્રપદ, સંવત્ ૧૯૪૪. અંક ૧૧ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

[1]सदुपदेशविषे झूलणा छंद

સર્વ સંસારનો સાર તુ સમજજે, વાગ શાને કરે વીર મારા,
નીતિની રીતિથી ચાલ તુ પ્રીતિથી, આદરી સર્વ સત્સંગ સારા,
પુત્ર પરિવાર સંબંધ સાચો નહીં, બંધનુ રૂપ ધન ધામ દારા,
વિષયના વિષતણો વિષમ પરિણામ છે, દુઃખ દેનાર સુખભોગ ભારા
સરલતા સહનતા સંપ શમ દમ ખરા, સર્વ સંસારથી તારનારા,
શીલ સંતોષનુ ખડ્ગ કરમા લહી, સર્વ સહાગ તુ શત્રુ તારા,
પુણ્યના પંથપર ચાલ તુ પ્રેમથી, ધર્મના કર્મના પાળ ધારા,
કેશવ પ્રભુ સદા હૃદયકમળે વસે, એજ હરિ રામ પરિપૂર્ણ પ્યારા

*પદ ઇશ્વરપ્રાર્થનાવિષે

વિસારો તો નહિ ચાલે નાથ,—
શરણાગત સેવકને કરજો, સાબ સદૈવ સનાથ,—ટેક
ધામ ધરા ધન જન સુત દારા, એ સુખનો સહુ સાથ,—વિસા૦
થાકયો હુ ભવસાગર તરતા, નરહરિ પકડો હાથ,—વિસા૦
છૂટે નહિ નટવર હૃદયેથી, બળિયા લીધી બાથ,—વિસા૦
કેમ ઘટે રહિ જાવો કેશવ, અંતર્યામિ અનાથ,—વિ૦

---

[1] ઘણા રાગમા અને ચચરી તાલમા ચાલે છે
* ભૈરવી વિગેરે ગમે તે બંધ બેસતા રાગમા અને તાનમા ચાલે છે

मन जीतवाना उपायविषे.

લે ડે૨૧૧૯૦૯ [illegible]

આ ચિત્તરૂપી મોટી વ્યાધિને મટાડવાનું ભાવે અને થઇ શકે એવું ઔષધ કેહેવામાં આવે છે તે સાંભળો. પ્રિય વસ્તુનો ત્યાગ કરી સદ્વિચારરૂપી પોતાના ઉદ્યમથી પ્રયત્નેકરી ચિત્તરૂપી ભૂત જીતાય છે. જે માણસ ગમતી વસ્તુનો ત્યાગ કરી, રાગ-દ્વેષ વિગેરે ચિત્તના રોગથી રહિત થઇને રહે છે તે માણસ, દાંત વિનાના હાથીને દાંતવાળો હાથી જીતે તેવી રીતે મનને જીતી શકે છે. એટલામાટે ચિત્તરૂપી બાળકને અવસ્તુમાંથી બહાર કાઢી પોતાના સદ્વિચારરૂપી પ્રયત્નથી વસ્તુમાં જોડીને બોધ કરવો. નહિ તપેલું લોઢું ઉનાં (તપાવેલ) લોઢાંને કાપી નાખે તેવી રીતે શાસ્ત્ર તથા સત્સંગથી ધીરજવાન અને શાંત ચિત્તેકરી ચિંતાથી તપી ગયેલ ચિત્તને કાપી નાખવું. બાળકને જેવી રીતે પ્રીતિ તથા ભય વિગેરે ઉપાયથી દેખાડવા સારે માર્ગે જોડી શકાયછે, તેવી રીતે ચિત્તરૂપી બાળકને પણ સારે માર્ગે જોડવામાં શ્રમ નથી; એટલામાટે સંસારમાં આસક્ત થયેલ મનને, પોતાના પુરૂષાર્થથી ઘણાક ઉદયને આપનાર સત્કર્મમાં ચિદાત્માની સાથે જોડી દેવું. જેનું મન પોતાને સ્વાધીન, કેવળ હિતનેજ વિચારનારૂં, તથા પ્રિય વસ્તુનો ત્યાગ કરવામાં વૈરાગ્યવાળુ નથી થઇ શકતું તેવા પુરૂષરૂપી કીડાને ધિઃકાર છે. મલ્લ જેવી રીતે યુદ્ધમાં બાળકને શ્રમવિના જીતે છે, તેવી રીતે વિષયમાં આસક્ત થયેલ મનને શમાદિક સાધનો અને સર્વત્ર બ્રહ્મભાવનાથી શ્રમવિના જીતાય છે. એ પ્રમાણે પુરૂષાર્થરૂપી પ્રયત્નથી ચિત્તને જીતાય છે, અને ચિત્ત જીતાયા પછી પ્રયત્નવિના બ્રહ્મપ્રાપ્તિ થાય છે. પોતાને સ્વાધીન તથા જીતી શકાય એવાં ચિત્તને જે માણસ જીતવાને સમર્થ થતો નથી તેવા પુરૂષમાં જંબુક જેવા (બીકણ) માણસને ધિઃકાર છે. પ્રિય વસ્તુના ત્યાગરૂપી પુરૂષાર્થથી થઇ શકે એવી મનની શાંતિ થયાવિના ઉત્તમ ગતિ નથી. આત્મબોધથી થઇ શકે એવું માત્ર મનનું મરણ થવાથી આ જીવન્મુક્ત દેહમાં, મોહ વિગેરે શત્રુથી રહિત, અચળ, તથા આદિ-અંતથી રહિત સ્વારાજ્યસુખની (બ્રહ્માનંદની) પ્રાપ્તિ થાય છે. મોક્ષના સાધનરૂપ મનની શાંતિ થયાવિના, ગુરૂનો ઉપદેશ, શાસ્ત્રનો અર્થ, મંત્ર તથા બીજાં સાધનો પણ તૃણરૂપ (નકામાં) છે. અસંકલ્પરૂપી શસ્ત્રથી, મૂલ સહિત ચિત્તનું જ્યારે છેદન થાય છે ત્યારે, સર્વ સર્વગત, તથા શાંત બ્રહ્મની પ્રાપ્તિ થાય છે પોતાના ચિંતનથી થતા અનર્થનો નાશ કરવામાં, શાંતિ વિગેરે સાધન તૈયાર છે તે છતાં. આ શરીરે કરી જીવન્મુક્ત થવામાં પુરૂષને શું ક્લેશ છે? માટે દૈવનો અનાદર કરી, પુરૂષાર્થે કરી સંકલ્પથી કલ્પિત ચિત્તને

અચિત્તપણાને પમાડવુ, અને પરબ્રહ્મરૂપી કોઇપણ મહા પદવીને પામી ચિત્તને ચૈતન્યમા લય કરી ચિત્તથી પર થઇને રહેવુ પ્રથમ ચૈતન્યની ભાવના કરવી અને તેની સ્થિરતામાટે પરમ સાવધાનવાળી બુદ્ધિથી યુક્ત થવુ, અને ત્યાર પછી ચિત્તનો લય થવાથી અન્યથતાથી આત્માનુ ધારણ કરવુ પરમ પુરૂષાર્થનો આશ્રય કરી, ચિત્તને અચિત્તપણાને પમાડી જે સ્થળે નાશ નથી એવી મહાપદવીને પામવી દિઙ્ મૂઢ દશામા અવળી થયેની બુદ્ધિને પણ પ્રયત્નથી પુરૂષ જીતી શકે છે તેવી રીતે મનને પણ પુરૂષાર્થથી જીતી શકાય છે અનુદ્વેગ એ લક્ષ્મીનુ મૂળ છે, અને અનુદ્વેગથીજ મનને જીતાય છે, કે જેના જીતાવાથી ત્રૈલોક્યને જીતવુ એ પણ તૃણરૂપ છે રાજ્ય મેળવવામાટે (રાજ્યસુખસારૂ) યુદ્ધ કરવામા શસ્ત્ર વિગેરેથી ઉત્પાત થાય છે, તથા સ્વર્ગસુખમા પણ, પુણ્ય પૂરા થયે પડવુ પડશે એની પીડા રહે છે, પણ મનને જીતી લઇને બ્રહ્મસુખ સંપાદન કરવામા કાંઇ પણ ક્લેશ નથી જે અધમ માણસો પોતાના મનમાત્રને પણ જીતી શક્તા નથી તે વ્યવહાર દશામા કેમ વ્યવહાર કરી શકશે? મારૂ મરણ થયુ હુ જીવુછુ, તથા મારો જન્મ થયો એવી કુદૃષ્ટિ, ચપળ ચિત્તમાથી ઉત્પન્ન થયેલ અસત્ વૃત્તિનેલીધે થાય છે, પણ ખરૂ જોતા કોઇનુ મરણ પણ થતુ નથી તેમ જન્મ પણ થતો નથી મરણ પામેલુ પોતાનુ મનજ બીજા લોકને જુવેછે અહીંથી પરલોકમા મન જાય છે અને ત્યા અન્યપણાથી સ્ફુરણા પામેછે તથા મોક્ષપણાને પામે છે માટે મરણનો ભય શા માટે રાખવો? માણસનુ મન આ લોકમા આ લોકપણે તથા પરલોકમા પરલોકરૂપે રહેછે એવી રીતે મોક્ષ થતા સુધી ચિત્તવિના બીજી કાઇ પણ વસ્તુ નથી ભાઇનુ અથવા કોઇ સંબંધીનુ મરણ થવાથી વૃથા ક્લેશ કરે છે, તે પણ ચૈતન્યથી બહિર્મુખ મનવાળી ચિત્તનીજ વૃત્તિ છે એમ જણાય છે અહિંથી ઉપરના લોકમા નીચેના (પાતાલ) લોકમા તથા બીજા દ્વીપાન્તરમા પણ, અન્યની અપેક્ષાથી રહિત, સર્વને હિતરૂપ, માયાની મલિનતાથી શૂન્ય તથા શ્રુતિએ ઓળખાવેલ આત્માનેવિષે ચિત્તની શાંતિ થયાવિના મુક્તિનો અન્ય ઉપાય નથી, એમ તત્વવેત્તા મુનિઓએ વિચાર કરી નિશ્ચય કર્યો છે મનની શાંતિ થયા પછી, હૃદયમા શુદ્ધ બોધ થવાથી મનના લયમાત્રથી વિશ્રાંતિ ઉત્પન્ન થાય છે એટલામાટે વિસ્તારવાળા હૃદયાકાશમા ચૈતન્યરૂપી ચક્રની ધારાથી મનને મારી નાખવુ જેથી તેથી થનારા આધિનુ બંધન થશે નહિ નાનાપ્રકારના સંસારના વિષયો કે જે ઉપરથી મનોહર લાગે છે તેમા દોષદૃષ્ટિ કરવાથી જ્ઞાનવૃદ્ધિ કરી

જ્યારે અમનોહરપણું આપણા જાણવામાં આવે ત્યારે તે વિષયોનાં અંગ પણ કપાઇ જશે. 'આ હું તથા આ મારૂં' એવી બુદ્ધિ થવી એજ મન છે. તથા શરદ્‌ઋતુમાં આકાશનેવિષે વાંદળાનો ઘેરો વાયુથી શુદ્ધ થાય છે તેવી રીતે અહતામમતાના અભાવથી મન શુદ્ધ થાય છે. જે ઠેકાણે શસ્ત્ર, અગ્નિ અથવા પવન હોય ત્યાં ભય હોય, પણ સ્વાધીન, કોમળ, તથા સ્વચ્છ મનના સ્થિરપણામાં ભય માત્ર નથી. "આ કલ્યાણ તથા આ અકલ્યાણ" એ બાબત બાળકથી વૃદ્ધ પર્યંત પ્રસિદ્ધ છે. બાળક દીકરાને જેમ પિતા કલ્યાણના માર્ગમાં જોડે તેમ મનને પણ કલ્યાણના માર્ગમાં જોડવું. કોઇથી નાશ ન થાય તેવા તથા ચિત્તરૂપી જુવાન સિંહને જે પુરૂષ મારે છે તે સર્વ કરતાં શ્રેષ્ઠ થઇને રહે છે. મરૂ દેશમાં મૃગજલ ઉત્પન્ન થાય તેવી રીતે મનના સંકલ્પથી ભયંકર ભય ઉપજાવનાર વિપત્તિઓ ઉત્પન્ન થાય છે. માટે ગમેતો કલ્પાંત સમયનો પવન વાવા લાગે, ગમે તો સમુદ્ર બધા એક થઇ જાય તથા ગમે તો બાર સૂર્ય સાથે તપવા લાગે તો પણ મન વિનાના માણસને કાંઇ હાનિ નથી. સુખ, દુઃખ, શુભ તથા અશુભ અને આ સાત લોકરૂપી જેનાં પાંદડાં છે એવા આ સસારરૂપી વનના સમૂહો મનરૂપ બીજમાંથીજ ઉત્પન્ન થાય છે. પરમ પદવીરૂપી સિંહાસનનો આશ્રય કરી, અસંકલ્પથી સાધ્ય તથા સકલ સિદ્ધિને આપનાર અસકલ્પરૂપી સામ્રાજ્યમાં (ચક્રવર્તી રાજ્યમાં) સુખેથી રહેવું. લાકડું બળીને ઠરી ગયા પછી ભસ્મ થયેલો અંગારો જેવી રીતે તાપની શાંતિ કરે છે (તાપ આપતો નથી) તેવી રીતે ક્રમે કરી શાંત થઇ ગયેલું મન ઉત્તમ આનદને આપેછે (તાપ આપતું નથી). મન પોતાના સકલ્પથી ઇચ્છા કરે તો એક અણુમાં પણ લાખો બ્રહ્માંડ ઉત્પન્ન કરી શકે. માટે સંકલ્પમાત્રના વૈભવથી અનર્થ કરનાર તથા અર્થને પણ સિદ્ધ કરનાર મનને, અસંકલ્પરૂપી સંતોષમાત્રના વૈભવથી જીતીને સર્વથી શ્રેષ્ઠ પદવીને પામવું. પરમપવિત્ર મનરહિતપણાએ કરી તથા આત્મવેત્તાએ માનેલ સમતાએ કરી, તથા અમિત (ક્ષણિક) અહંતાની શાંતિએ કરી, જન્મ વિગેરે વિકારથી રહિત અવશેષ રહેલ પરમ પવિત્રપદ પ્રાપ્ત થઇ શકે છે.

બ્રાહ્મણનેમાટે બે બોલ.

(સબંધ પાને ૨૩૨ થી.)

શમ (મનનો નિગ્રહ), દમ (ઇંદ્રિયોનો નિગ્રહ), પવિત્રતા (બહારની શુદ્ધિ), ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકપણું એ બ્રાહ્મણોનું સ્વાભાવિક કર્મ છે.

આ કર્મો સ્વાભાવિક એટલે અભ્યાસ અને સંસર્ગથી સ્વભાવની સાથે મળી જવા જોઇએ બીજા વાક્યો પણ આ પ્રમાણે જણાવે છે

शमो दमः स्तथा शौचं संतोषः क्षांतिरार्जवं ।
मद्भक्तिश्च दया सत्यं ब्रह्मप्रकृतयस्त्विमाः ॥

શમ (મનનો નિગ્રહ), દમ (ઇંદ્રિયોનો નિગ્રહ), પવિત્રતા (બાહ્ય શુદ્ધિ અથવા આચાર), સંતોષ, ક્ષમા, સરલતા, મારામાં ભાવ (આસ્તિકપણું), દયા, સત્ય, એ સર્વ બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ છે

આ ધર્મરૂપ કર્મો પણ સ્વભાવની સાથે બ્રાહ્મણમાં હોવા જોઇએ અભ્યાસથી જો ખરેખરી ભક્તિથી તે સંપાદન કર્યા હોય તો વ્યવહારને કશીપણ અડચણ ન નડતા અને વ્યવહાર સારી રીતે સુધારતા પ્રાપ્ત થઇ શકે છે પણ અંતઃકરણમાં ખરેખરી લાગણી વિના થઇ શકતા નથી વળી જોઇતો

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहं चैव, ब्राह्मणानामकल्पयत् ॥

ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, કરાવવો, દાન દેવું, દાન લેવું, એ બ્રાહ્મણોની વૃત્તિ વિધાતાએ કલ્પી છે

કેટલાક સામાન્ય ધર્મો છે અને કેટલાક વિશેષ ધર્મો છે તેમાં કેટલાક નિત્ય કર્મરૂપ હોય છે અને કેટલાક નૈમિત્તિક કર્મરૂપ હોય છે તે સર્વમાં દેશ કાળ અને શક્તિથી ભક્તિ રાખવી ઘણા ખરા આચરણો બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમને અનુકૂળ આવે એવાજ હોય છે માટે બ્રાહ્મણે તેને સંપૂર્ણ આદર આપવો જોઇએ નમુના દાખલ નીચે લખેલ વાક્યો કેવા સુંદર છે તે જુવો —

शौचमाचमनं स्नानं संध्योपासनमार्जवं ।
तीर्थसेवा जपोऽस्पृश्याभक्ष्यासंभाष्यवर्जनं ॥
सर्वाश्रमप्रयुक्तोऽयं नियमः कुलनंदन ।
मद्भावः सर्वभूतेषु मनोवाक्कायसंयमः ॥

સ્નાન, સંધ્યા, આચમન, પવિત્રતા, (અંતરની શુદ્ધિ તથા બહારની શુદ્ધિ), સંધ્યોપાસન, સરલતા, માતાપિતાની સેવા, ગાયત્રીનો જપ, જે સ્પર્શ કરવા યોગ્ય ન હોય, જે ખાવા યોગ્ય ન હોય, જે ભાષણ કરવા યોગ્ય ન હોય તેનો ત્યાગ, સર્વ પ્રાણીમાં ઇશ્વર છે એવો ભાવ, અને મન વાણી તથા શરીરનો નિગ્રહ, હે રાજા! આ નિયમ સર્વ આશ્રમને પાળવા યોગ્ય છે

તે શિવાય બીજા પણ ઉત્તમ ધર્મ નિત્ય પાળવાના છે જેમ કે —

अहिंसा सत्यमस्तेयमकामक्रोधलोभता ।
भूतप्रियहितेहा च धर्मोयं सार्ववर्णिकः ॥

મન વાણીથી કોઈનું અહિત ન કરવું, સત્ય બોલવું અને વર્તવું, કોઇનું કાંઇ ચોરવું નહિ, કામ, ક્રોધ ને લોભ ન આવવા દેવા, સર્વ પ્રાણિયોના ભલામાં ઇચ્છા રાખવી, આ ધર્મ સર્વ વર્ણને ઉપયોગી છે.

સારાંશ એ કે આ સર્વ વર્ણને પાળવાનો ધર્મ પણ બ્રાહ્મણને મુખ્ય પાળવો આવશ્યક છે. કેમકે બ્રાહ્મણ વર્ણ સર્વ વર્ણને મુખ્ય છે માટે ઉપદેશનું પાત્ર પણ તેજ મુખ્ય છે. અને ધર્મ પાળવા-પળાવવાનો અધિકાર પણ તેનેજ પ્રાપ્ત છે

આ થોડાંક વાક્યોથી જે કેહેવામાં આવ્યું તે ટુકામાં છે, પણ સમજવાનું એ છે કે જેટલાં સદાચરણ અને બ્રાહ્મણના આશ્રમભેદ સહિત જેટલા ધર્મો તે સર્વ તેમાં સમાઇ જાય છે. માટે શ્રદ્ધા રાખીને મધ્યમ દેશ કાળની રીતે ઢપ-છપ રાખી, પોતાને માર્ગે ચાલ્યું જવું. સસારના અનેક છળભેદ, પાખંડ માર્ગો, નીચની સેવાઓ, અને નીચ કર્મોની સામું પણ ન જોતાં, સદાચાર, પવિત્રતા, સત્ય, બ્રહ્મચર્ય, તપ, ઇશ્વરારાધન, ઇન્દ્રિયનો નિગ્રહ, પવિત્રતા, દયા, દાન, કરૂણા, ઉદારતા, એ સર્વનો જેટલો જેટલો અંશ સમાય તે હૃદયમાં રાખવો. કોઇને ધર્મ પાળવાનું કહી તેના ધંધાથી ચુકાવવાનો અમારો હેતુ નથી પણ તેનો આ લોક તથા પરલોક સુધરે એજ અમારો હેતુ છે. જેને કશી ખબર ન હોય ઓએ, જે કાંઇ જાણતા હોય તેવાઓની સંગતિથી સદ્વૃત્તિ રાખવા શીખવું જેથી એમાંથી સત્સંગતિને પ્રતાપે અંતઃકરણ નિર્મળ થતાં પરમ સુખની પ્રાપ્તિ થશે. કોઇએ એમ દુઃખ ન લગાડવું કે અમે તો જે થઇ શકે છે તે કરિયે છિયે તેમ છતાં નથી કરતા એવો આરોપ શામાટે મેલે છે? પરતુ આનું કારણ એમ છે કે કરેછે એવો ભાગ ઘણો થોડો છે અને ન કરે એવો ભાગ ઘણો છે. તેને કરવાનું મન થાય અને કરતો હોય તેને વધારે દૃઢતા થાય તેનેમાટે આ અમારૂં બોલવું છે. માટે તે ગાડુ ઘેલું કે અપૂર્ણ હોય તોપણ તેમાંથી જે કાંઇ બે અક્ષર બોધના લાગે તે ગ્રહણ કરીલેવા એવી બ્રાહ્મણવર્ગ પાસે અમારી વિનતિ છે. આપણે ઉત્તમ છિયે. માટે ઉત્તમ રેહેવાને અને ઉત્તમ પદ પામવાને આપણા હાથમાં જે અમુલ્ય સાધન છે તેને ભીંલડી જેમ મુક્તાફળ નાંખી દે તેમ નાખી ન દેવું. ઇશ્વરે બુદ્ધિ આપી છે માટે તેનો સદુપયોગ કરવો, એટલી નિરંતનેમાટે આમારો પ્રાર્થના છે. આપણે ભૂદેવો કેહેવાઇએ છિયે, પણ જયાંસુધી આપણાં ધર્મકર્મ અને સ્વ-

ભાન પ્રમાણે બરાબર વરતી શક્યા ન હોઇએ ત્યાસુધી એ અર્પણ વિશેષણ માત્ર બોલવાનુજ છે માટે ભાઇઓ, તમારૂ સદાચરણ, તમારો ધર્મ અને તમારી સર્વ યોગ્યતા તમે વહાલી કરો અને આગ્રહ રાખો આળસ અને ઉંઘ મેલી દ્યો, તથા પોતાના ભલાનેમાટે અથવા હવે પછીની પ્રજાના ભલાનેમાટે જાગ્રત થાઓ વિશેષ તમે વિચાર કરવાને શક્તિમાન છો માટે શુ કહેવુ સર્વનુ ઇશ્વર કલ્યાણ કરો

अपरोक्षानुभूति.

इमं चाकृत्रिमानंदं तावत्साधु समभ्यसेत् ।
वश्यो यावत्क्षणात्पुंसः प्रयुक्तः संभवेत्स्वयम् ॥ १२५ ॥

આ અકૃત્રિમ આનંદ એટલે સ્વરૂપભૂત આનંદરૂપ નિદિધ્યાસનો અભ્યાસ ત્યાસુધી સારી રીતે કરવો કે જ્યાસુધી પુરૂષને યત્ન કરતા તે એનીમેળે વશ થઇ જાય ૧૨૫

ततः साधननिर्मुक्तः सिद्धो भवति योगिराट् ।
तत्स्वरूपं न चैतस्य विषयो मनसो गिराम् ॥ १२६ ॥

ત્યારપછી સાધન કરવાથી છુટેલો મોટો યોગી સિદ્ધ થાય છે તે યોગીનુ તે સ્વરૂપ મનનો અને વાણીનો વિષય નથી અર્થાત્ તે વેદાંતપ્રસિદ્ધ બ્રહ્મજ છે કે જેને મન વાણી પોચતા નથી ૧૨૬

समाधौ क्रियमाणे तु विघ्नान्यायांति वै बलात् ।
अनुसंधानराहित्यमालस्यं भोगलालसम् ॥ १२७ ॥
लयस्तमश्च विक्षेपो रसास्वादश्च शून्यता ।
एवं यद्विघ्नबाहुल्यं त्याज्यं ब्रह्मविदा शनैः ॥१२८॥

સમાધિ કરવા જતા તો બલાત્કારથી (વચમા) વિઘ્નો આવે છે જેવા કે ચિત્તની એકાગ્રતા નહોવાપણુ, આળસ, ભોગમા લોલુપતા, લય એટલે નિદ્રા, તમ એટલે કાર્ય અકાર્યનો વિવેક, વિક્ષેપ એટલે વિષયોનુ સ્ફુરણ, રસાસ્વાદ એટલે હુ ધન્ય છુ એવી આનંદાકારવૃત્તિ થઇ જવી તે અને શૂન્યતા એટલે રાગે

---

૧ હવે આ પંદર અંગસહિત નિદિધ્યાસન જે સાર કહ્યુ છે તે કહે છે ૨ એ રીતે અભ્યાસ કરવાનુ હવે ફળ કહે છે ૩ અખંડ એકરસ બ્રહ્મરૂપપણાવડે રહેવુ એજ જેનુ લક્ષણ છે એવો મોક્ષ ફળ આપનારો સમાધિ અંગસુધીનો યોગ જેને ગુરૂનો અનુગ્રહ હોય તેને સુલભ છે તોપણ એમ માનીને તેનો અનાદર ન કરવો કેમકે એમા વિઘ્ન ઘણા છે, તે વાત કહે છે

દ્વેષ આદિ તીવ્ર વાસનાવડે ચિત્તનું સ્તબ્ધ બની જવું અથવા ડોળાઇ જવું એ રૂપ ચિત્તનો દોષ, એ પ્રમાણે જે ઘણાં વિઘ્નો છે, તે હળવે હળવે બ્રહ્મવેત્તાએ તજવાં જોઇએ. ૧૨૭-૨૮

[1] भाववृत्त्या हि भावत्वं शून्यवृत्त्या हि शून्यता ।
ब्रह्मवृत्त्या हि पूर्णत्वं तथा पूर्णत्वमभ्यसेत् ॥ १२९ ॥

ભાવવૃત્તિથી ભાવપણું એટલે આ ઘડો છે એવી વૃત્તિથી તેરૂપપણું થાય છે, શૂન્યવૃત્તિથી શૂન્યપણું એટલે કાંઇ નથી એવી અભાવવૃત્તિથી તેરૂપપણું એટલે જડપણું થાય છે, તે લોકમાં પ્રસિદ્ધ છે; તેમ બ્રહ્માકારવૃત્તિથી પૂર્ણપણું થાય છે એ વિદ્વાનોથી અજાણ્યું નથી, માટે પૂર્ણપણાનોજ અભ્યાસ રાખવો. ૧૨૯

[2] ये हि वृत्तिं जहत्येनां ब्रह्माख्यां पावनीं परां ।
ते तु वृथैव जीवंति पशुभिश्च समा नराः ॥ १३० ॥

એ બ્રહ્માકારવૃત્તિ કે જે અત્યંત પવિત્ર કરનારી છે તેને જે લોકો તજી દે છે તેઓ પશુના સરખા લોકો અમથા જીવે છે. ૧૩૦

[3] ये हि वृत्तिं विजानंति ज्ञात्वापि वर्द्धयंति ये ।
ते वै सत्पुरुषा धन्या वंद्यास्ते भुवनत्रये ॥ १३१ ॥

જે બ્રહ્માકારવૃત્તિને જાણે છે અને જાણીને તેને જે વધારે છે તેજ સત્પુરૂષોને ધન્ય છે અને તેજ ત્રિલોકીમાં નમવા યોગ્ય છે. ૧૩૧

[4] येषां वृत्तिः समा वृद्धा परिपक्वा च सा पुनः ।
ते वै सद्ब्रह्मतां प्राप्ता नेतरे शब्दवादिनः ॥ १३२ ॥

જેઓની બ્રહ્માકારવૃત્તિ સારી રીતે થઇ હોય, તે વધી હોય અને ફરીને તે પાછી પરિપક્વ (દૃઢ) થઇ હોય તેઓજ સત્ય બ્રહ્મપણાને પામેલા છે, હું બ્રહ્મ છું એમ બોલનારા બીજાઓ બ્રહ્મપણાને નથી પામ્યા. ૧૩૨

[5] कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्यज्ञानितया नूनं पुनरायांति यांति च ॥ १३३ ॥

બ્રહ્માકારવૃત્તિ જેની નથી થઇ એવા અને તેમ છતાં બ્રહ્મની વાતો કરવામાં ડાહપણવાળા પરંતુ રાગ-દ્વેષથી ભરેલા અથવા સંસારમાં પ્રીતિવાળા તેઓ અજ્ઞાનપણાથી વારવાર જાય છે અને આવે છે. અર્થાત્ જન્મ અને મરણ પામ્યા કરે છે. ૧૩૩

---

૧ હવે વૃત્તિ છે તેજ બંધ-મોક્ષનું કારણ છે એમ દેખાડે છે ૨ બ્રહ્મવૃત્તિની સ્તુતિના હેતુથી તેવી વૃત્તિ તજનારની નિંદા. ૩ બ્રહ્મવૃત્તિની વૃદ્ધિમાટે બ્રહ્મવૃત્તિવાળા પુરૂષોની સ્તુતિ ૪ બ્રહ્મવૃત્તિવાળાને બ્રહ્મપ્રાપ્તિરૂપ ફળ કહે છે. ૫ શબ્દવાદી (ઉપરથી બોલનારા) ને નિંદે છે.

[1] निमेषार्द्धं न पश्यति वृत्ति ब्रह्ममयीं विना ।
यथा तिष्ठति ब्रह्माद्या सनकाद्या शुकादय ॥ १३८ ॥

બ્રહ્માઆદિ દેવો જેમ અર્ધો નિમેષ પણ બ્રહ્માકારવૃત્તિ વિના રેહેતા નથી તેમ સનકાદિક ઋષિયો પણ તેવી વૃત્તિ વિના રેહેતા નથી અહી સારાશ એ કે આમ બ્રહ્માદિકે સેવવા યોગ્ય હોવાથી અતિશ્રેષ્ઠ એવો આ સમાધિઅગ સુધીનો રાજયોગ મુમુક્ષુએ સદાય સેવવા યોગ્ય છે

[2] कार्ये कारणता याता कारणे न हि कार्यता ।
कारणत्व ततो गच्छेत्कार्याभावे विचारत ॥ १३९ ॥

કાર્યનેવિષે કારણપણુ આવેલ છે, પણ કારણમા કાર્યપણુ નથી એ પ્રસિદ્ધ છે એટલામાટે કાર્યનો અભાવ થયો કે કારણપણાનો પણ વાયજ

ઘડો કે લુગડુઆદિ વિકાર એ કાર્ય છે, કારણપણુ કે જે માટી કે તતુઆદિ સર્વ વિકારના અધિષ્ઠાનપણારૂપ છે તે, તે વિકારરૂપ કાર્યમા આવેલ છે પરતુ સર્વ વિકારના અધિષ્ઠાનરૂપ માટી કે તતુ વિગેરે પદાર્થો કારણ છે કાર્ય કે જે ઘડો લુગડુ વિગેરે વિકારરૂપ છે તે માટી કે તતુ વગેરે તે કારણમા આવેલ નથી, એ પ્રત્યક્ષ જોવામા આવે છે એટલાસારૂ વિચારથી ઘડા વિગેરે કાર્યનો અભાવ થયો કે કારણપણાનો પણ અભાવ થઇ જાય છે

એવીજ રીતે આ 'આકાશ ભાસે છે' વગેરે વ્યવહારના હેતુભૂત સત્ય જ્ઞાનાદિરૂપ બ્રહ્મનુ કારણપણુ, કાર્યરૂપ આકાશ આદિમા આવેલ છે, પરતુ કારણરૂપ બ્રહ્મમા આકાશ આદિ કાર્યપણુ નથી આવ્યુ એ પ્રત્યક્ષ છે એટલા માટે પરમાર્થ દૃષ્ટિથી આકાશઆદિ કાર્યનો અભાવ થયો કે બ્રહ્મના કારણપણાનો પણ અભાવ[3] છે

[4] अथ शुद्ध भवेद्वस्तु यद्वै वाचामगोचर ।
द्रष्टव्य मृद्घटेनैव दृष्टातेन पुन पुन ॥ १३६ ॥

---

૧ એવી રીતે સસાર (જન્મ મરણ) થાય માટે બ્રહ્માકારવૃત્તિનીજ હેતુ જોઇએ, તે બતાવનારો બ્રહ્માદિના ઉદાહરણો છે   ૨ એ પ્રમાણે પોતાને ગમતો અગ સહિત રાજયોગ કહીને હવે પ્રથમ આરભેલા વેદાતવિચારનો પાચ શ્લોકથી ઉપસહાર કરે છે   ૩ જે જે વિકારો જેને જેને આધારે અથવા જેને લઇને થાય અથવા ભાસે તે તે વિકારનુ તે તે વસ્તુ અધિષ્ઠાન કેહેવાય ૪ તેપછી શુ રહ્યુ તો તે કહે છે

એમ કાર્ય અને કારણભાવ નિવૃત્ત થઇ જતાં પ્રસિદ્ધ રીતે જે શુદ્ધ અને મન-વાણીથી અગોચર* વસ્તુ અવશેષ રહે તે વસ્તુને માટી અને ઘડાના દૃષ્ટાંત-વડેજ વારંવાર જાણ્યા કરવું.[1]

સારાંશ કે ઘડો માટીનું કાર્ય છે. માટી ઘડાનું કારણ છે. કાર્યરૂપ ઘડાનો અભાવ થયો એટલે માટીમાં રહેલું કારણપણું રેહેતુ નથી. એટલે માટીમાં કાર્ય અને કારણતા નથી તેમ શુદ્ધ બ્રહ્મમાં કાર્ય અને કારણતા નથી એમ વારંવાર અનુભવ્યા કરવું.

[2] अनेनैव प्रकारेण वृत्तिर्ब्रह्मात्मिका भवेत् ।
उदेति शुद्धचित्तानां वृत्तिज्ञानं ततःपरम् ॥ १३७ ॥

આ ઉપર જે પ્રકાર કહ્યો તે પ્રકારથીજ શુદ્ધ ચિત્તવાળાઓને વૃત્તિજ્ઞાન ઉદય પામે છે અને ત્યારપછી બ્રહ્માકારવૃત્તિ થાય છે.

[3] कारणं व्यतिरेकेण पुमानादौ विलोकयेत् ।
अन्वयेन पुनस्तद्धि कार्ये नित्यं प्रपश्यति ॥ १३८ ॥

માણસ પ્રથમ કારણને વ્યતિરેકવડે એટલે કાર્ય વગરનું વિચારે તો ફરીને તેજ કારણને અન્વયવડે કાર્યમાં નિરંતર દેખે છે. ૧૩૮

[4] कार्ये हि कारणं पश्येत्पश्चात्कार्यं विसर्जयेत् ।
कारणत्वं ततो गच्छेदवशिष्टं भवेन्मुनिः ॥ १३९ ॥

અથવા પ્રથમ કાર્યનેવિષે કારણને વિચારવું અને પછી કાર્યવસ્તુનો ત્યાગ કરવો. એમ કાર્યને ત્યાગ કરવાથી કારણપણુ પોતાની મેળે ટળી જાય છે. એમ કાર્ય અને કારણ તજવાથી મુનિ (મનનશીલ) જે અવશેષ સચ્ચિન્માત્ર વસ્તુ રહી તેરૂપ થાય છે. ૧૩૯

[5] भावितं तीव्रवेगेन यद्वस्तु निश्चयात्मना ।
पुमांस्तद्धि भवेच्छीघ्रं ज्ञेयं भ्रमरकीटवत् ॥ १४० ॥

---

* यतो वाचो निवर्तन्ते ० (જે થકીવાણી પાછી વળે છે) એ શ્રુતિના વચન છે. તે પ્રસિદ્ધ છે એમ वै શબ્દનો અર્થ થાય છે. ૧ બુદ્ધિનુ ક્ષણિકપણુ છે તેથી કદી એકવાર તેવા વિચાર કર્યા છતાં પણ વળી તેમનેતેમ ભાસે છે, એવી શંકા થાય તો તેવા દૃષ્ટાન્તની પેઠે અનુભવ કરવાનુ બતાવ્યુ છે. ૨ આ વિચાર કેવળ જ્ઞાનના સાધનરૂપ છે એટલુંજ નહિ પણ ધ્યાનના સાધનરૂપ પણ છે તે કહે છે ૩ એજ વિચારને બે શ્લોકથી સ્ફુટ કરે છે. ૪ બીજો પ્રકાર કહે છે. ૫ વિચારથી થયેલા અપરોક્ષ જ્ઞાનવડે મુનિને બ્રહ્મપણું ભલે થાય પણ પરોક્ષ જ્ઞાનીને (બીજે ક્યાંક ઈશ્વર છે એવા બોધ વાળાને) કેમ થાય એમ શંકા થાય તો તીવ્ર ભાવનાથી એવાને પણ બ્રહ્મપણું થાય, તે દૃષ્ટાન્ત સહિત કહે છે

(જોકે પરોક્ષ જ્ઞાનથી પ્રમાતામા રહેલુ આવરણ નિવૃત્ત થાય છે તોપણ પ્રમેયમા રહેલુ આવરણ નિવૃત્ત થાતુ નથી, તથાપિ) નિશ્ચયાત્મા એટલે નિશ્ચય વાળી બુદ્ધિવાળા પુરૂષે ભ્રમર[1] અને કીડાના ન્યાયે જે સચ્ચિદાનદ બ્રહ્મ વસ્તુ તીવ્ર વેગથી એટલે નિરતર બ્રહ્માકારવૃત્તિથી વિચારેલુ હોય તે જ્ઞેય એટલે અપરોક્ષથી જાણવા યોગ્ય વસ્તુ બ્રહ્મરૂપ, પુરૂષ તરત થઇ જાય સારાશ કે પ્રત્યગભિન્ન ભાવનાથી પુરૂષ બ્રહ્મરૂપ થઇ જાય છે

[2] अदृश्य भावरूप च सर्वमेव चिदात्मकम् ।
सावधानतया नित्य स्वात्मान भावयेद्बुध ॥ १४१ ॥

બુધ એટલે અદ્વૈત જ્ઞાનમા નિષ્ઠાવાળાએ સાવધાનપણાથી એટલે સ્થિર વૃત્તિથી પોતાના આત્માને તથા અદૃશ્ય એટલે પરોક્ષ અને ભાવરૂપ એટલે પ્રત્યક્ષ સર્વ જગત્‌ને અથવા અદૃશ્ય એટલે દૃષ્ટારૂપ, ભાવરૂપ એટલે દૃશ્યરૂપ અને દર્શનરૂપ આ સર્વે ત્રિપુટીમય જગત્‌ને (ભ્રાંતિથી આત્માથકી ભિન્નપણાવડે ભાસે છે તો પણ) એ ચૈતન્યમય એટલે નિર્વિશેષ સ્ફુરણમાત્ર સ્વરૂપ છે એમ નિરતર જાણવુ સારાશ કે હુ અને આ સર્વ જગત્ બ્રહ્મજ છે એમ નિરતર જાણવુ

[3] दृश्य ह्यदृश्यता नीत्वा ब्रह्माकारेण चिंतयेत् ।
विद्वान्नित्यसुखे तिष्ठेद्धिया चिद्रसपूर्णया ॥ १४२ ॥

દૃશ્ય વસ્તુ જે ઘડાઆદિક તેને અદૃશ્યપણાને એટલે અધિષ્ઠાન ચૈતન્યરૂપ પણાને પમાડીને બ્રહ્માકારવડે કરીને અર્થાત્ કલ્પિત એટલે પરિચ્છિન્ન એવા નામરૂપ આદિની નિવૃત્તિપૂર્વક મોટા આકારથી એટલે અપરિચ્છિન્નરૂપથી ચિતવન કરવુ (એમ કરવાથી) વિદ્વાન્ ચિદ્રસ કહેતા ચિદાનદવડે પૂર્ણ બુદ્ધિથી નિત્ય સુખ એટલે અવિનાશી સુખમા રહે

[4] एभिरगै समायुक्तो राजयोग उदाहृत ।
किंचित्पक्वकषायाणा हठयोगेन सयुत ॥ १४३ ॥

---

૧ ભ્રમર કીડાને ઉપાડી જઈ ઝીંગાનો દરમા મેલી ચટકો ભરી ઉડી જાય છે પછી કીડાને વેદનાનેલીધે તે ભ્રમર (ભમરી) નુજ તીવ્ર સ્મરણ રહ્યા કરવાથી કીડો તે ભ્રમરરૂપ બની જાય છે તે વાત પ્રત્યક્ષ છે તે દૃષ્ટાત પ્રમાણે પુરૂષ બ્રહ્મરૂપ થાય છે ૨ જો આગળના શ્લોકના દૃષ્ટાતમા ભાવનાના બળથીજ આ સર્વ અન્યપણુ હોય તો બ્રહ્મના ચિંતનપણાથી બ્રહ્મરૂપ જગતની બ્રહ્મભાવનાથી તેરૂપપણુ થાય તો તેમા શુ કહેવુ એવી શકા થાય તો તે આશકાવડી અનુભાવના કરે છે ૩ એનોજ વિસ્તાર કરીને ફરી કહે છે ૪ હવે પોતે કહેલા યોગનો ઉપસહાર કરે છે

ઉપર કેહેવાયેલાં ૧૫ અંગવાળો આ રાજયોગ (વેદાંતમાં કહેલો યોગ) જેના રાગાદિક દોષો કાંઇક કાંઇક બળેલા હોય તેઓને કરવાના હઠયોગ સહિત કેહેવામાં આવ્યો છે.

[1] परिपक्कं मनो येषां केवलोयं च सिद्धिदः ।
गुरुदैवतभक्तानां सर्वेषां सुलभो जवात् ॥ १४४ ॥

જેઓનું મન પરિપક્વ એટલે રાગાદિ દોષ રહિત થઇ ગયું હોય તેઓને અર્થાત્ જેઓએ કામાદિક છ શત્રુઓ[2] જીતેલ હોય એવા મહાન પુરૂષોને કેવળ (પાંતજલના યોગની જરૂર નહિ રહેતાં) આજ રાજયોગ સિદ્ધિ આપનારો એટલે પ્રત્યગભિન્ન બ્રહ્મના અપરોક્ષ જ્ઞાનદ્વારા પોતાના સ્વરૂપમાં સ્થિતિરૂપ મુક્તિને આપનારો છે. અર્થાત્ બીજા જેઓ રાગાદિક દોષવાળા હોય તેવા કાચા યોગિયોને સિદ્ધિ આપતો નથી. તેમાં પણ જેઓ ગુરૂ * એજ જેનું દૈવત છે એવા ભક્તો છે તે સર્વને[3] આ યોગ વિલંબ વગર સુલભ થાય છે.

આ શ્લોકનો એ ભાવ થયો કે નિર્મળ મનવાળાને પણ જે ઘણી મેહેનતે માંડમાંડ થઇ શકે તેવાં સાધનો ગુરૂદૈવતવાળા ભક્તોને તરત થઇ શકે છે માટે ગુરૂરૂપ દૈવતનું નિરંતર સેવન કરી સર્વ સાધનસંપન્ન થઇ પરમસિદ્ધિ પામવી.

इतिश्री परमहंसपरिव्राजकाचार्य-श्रीमच्छंकराचार्य-भगवता
विरचितापरोक्षानुभूतिः समाप्ता ।

અપરોક્ષાનુભૂતિ સમાપ્ત.

---

૧ સર્વ ગ્રથનો હવે ઉપસંહાર કરે છે. ૨ કામ, ક્રોધ, લોભ. મોહ, મદ, મત્સર એ છ શત્રુ.

* મન રાગાદિકથી રહિત થવુ એ અતિ કઠણ છે એવી શકા કોઇને રહી જાય તો તે સાધનનુ ગુરૂભક્તિરૂપ અતરંગ સાધન સૂચવવાસાર ગુરૂદૈવતવાળા ભક્તોને તેની સુલભતા સૂચવી ૩ સર્વને સુલભ છે એમ કહ્યુ તેથી વર્ણાશ્રમની અપેક્ષાવિના સર્વનેમાટે ગુરૂદૈવતપણાથી સુલભતા સૂચવી. શ્રુતિ પણ કહે છે કે " જેને દેવનેવિષે અને દેવ પ્રમાણે ગુરૂનેવિષે ઉત્તમ ભક્તિ છે ને મોટા મનવાળાને કહેવામા અવેલા અર્થો પ્રકાશ પામે છે " તેમજ સ્મૃતિપણ કેછે કે –
"ગુરૂને શરણે જવાથી શ્રદ્ધાવાળો માણસ જ્ઞાન પામે છે એમ જાણ"

प्रारब्धनी विचित्रता उपर एक वात

(સબંધ પાને ૨૩૫ થી)

પછી થોડીવાર ભીતમા આળખેના ચિત્રની પેઠે સ્તબ્ધ રહ્યા પછી મહારાજાને દિશા જવાની ઇચ્છા થઇ રાજમા હાજર રહ્યા અને કુમાર પોતે સાજની થાળી વખતે મહારાજા સાથે જમવાનુ વચન આપી પોતાના આવાસમા ગયા મહારાજાને હમણા જે દિશાની શકા થઇ હતી તે કોઇ જુદા પ્રકારની હતી એક ઉપર બે ને ત્રણ દસ્ત થયા કે તરત મત્રી હરિદત્તને તેડવા માણસ પહોચ્યુ તેણે માણસને ઉતાવળો શ્વાસ ભરતા તેડવા આવવાનુ કારણ જાણી વિચાર્યું કે ભ્રાતિ દેવીનુ પ્રબળ હવે બરાબર થવા માડ્યુ છે, પણ ઇશ્વર કરે તે ખરૂ મત્રી હરિદત્ત આવ્યા ત્યા મહારાજાને વશમુ વધારે લાગતુ હતુ રાણી આગતા સ્વાગતામા હતા મહારાજાએ આ સમયે હરિદત્તને અદર આવવા રજા આપી અને બીજા બે ચાર વિશ્વાસુ દાસીજન પણ હાજર થઇ ગયા એટલામા તો પ્રપચી વગને ખબર પડી ગઇ તેથી એક છોકરીની સાથે મહારાજા ઉપર એક આવી ચીઠી લખી મોકલી "મહારાજાધિરાજ! અમારી ઉપર આપ નામદારને પૂર્ણ વિશ્વાસ નથી આવતો તોપણ અમે જે વાત જાણી છે તે ઉપરથી આપને ખબર દઇએ છિયે કે આજે આપની થાળી જમવા વખતે કાઇ પણ દગો થયો છે કુમાર મનુભા આજ સાથે જમ્યા નથી એ આપ જાણો છો માટે ઇશ્વર આપને સો વરસના કરો, પરતુ આપની પ્રકૃતિ સુધારવા તજવીજ કરાવશો" આ ચીઠી છોકરીએ આપી તેવી રાજાની આજ્ઞાથી મત્રી હરિદત્તે વાચી, કે જે સાભળતા રાણીને મૂર્છા આવી ગઇ પેલી છોકરીએ આ સ્થિતિ જોઇને પ્રતિપક્ષીને ત્યા કહી અહીં ચીઠી વાચીને મત્રી હરિદત્તે કહ્યુ કે કૃપાનાથ! આ વાત સર્વ ખોટી છે દાસીઓએ રાણીને આશ્વાસના કરી એટલામા રાજાએ કહ્યુ કે 'તે વાત ગમે તેમ હોય પરતુ હમણા એટલુ તમે તરત કરો કે મારા પરમ પ્રાણરૂપ મનુભા અહીંથી બે કોશ ઉપર રાજ્યવાડી છે તેના બગવામા જઇને રહે ને હુ જ્યારે હુકમ કરૂ ત્યારે અત્રે આવે 'એમ કરવામા એને બહુ લાભ છે' આ પ્રમાણેની મહારાજાની આજ્ઞા પ્રમાણે કરવામા અને લાવશ કરવૈ ને બોલાવીને આ ઉઠેના રોગનો ઉપાય શોધાવવામા પટરાણી રાજબા અને હરિદત્ત મત્રી આ ટાણે સમય ઓળખી સામેલ થયા કુમારને હુકમ થવાથી તે એકદમ મહારાજાના કહેવા પ્રમાણે રાજ્યવાડીએ જઇને રહ્યા અને તે વાત તેને મનગમતી થઇ અત્રે વૈદરાજે

તપાસ કરી જણાવ્યું કે અન્નદાતા! કશી ચિંતા કરશો નહિ. આજ આપે જે ભેંશનું દૂધ ખાધું છે તે દૂધમાં વિકાર હોવાથી અને તે વધારે જમાવાથી આમ થયું છે. સાંજ પડશે એટલે સર્વ પ્રકારે શાંતિ થશે. આ વાતથી રાજાને, રાણીને અને હરિદત્ત મંત્રીને ધારણા આવી અને સાંજ પડી ત્યાં સર્વને સંતોષ થાય તે પ્રમાણે થયું. મહારાજા સાવધ થયા. લાલશંકર વૈદ્યને ૫૦૦ રૂપીયાનું ઇનામ અને પોશાક આપી વિદાય કર્યા. પછી હરિદત્ત મંત્રીને કહ્યું કે કુમારને હવે પાછા બોલાવો. આજ્ઞા થતાંજ ઘોડેસવારને તેડવા મોકલ્યો. પણ તેની સાથે નહિ આવતાં કુમારે એક ચીઠી લખી મોકલી કે "મારી તબીયત સારી ન હોવાથી હું આવ્યો નથી. ઇશ્વરનો ઉપકાર માનું છું કે મારી લાજ રાખી છે. જ્યારે આપ બોલાવશો ત્યારે હજુર માંજ છું એમ આપે સમજવું." આ ચીઠી ઘોડેસ્વારે લઇ આવી રાજાજીને મોકલાવી. તે મહારાજાએ વાચી સંદેશો રાણીજીને કેવરાવ્યો. રાજબાએ કુવરને બાનડી સાથે કેવરાવ્યું કે તમે મારા પુત્ર હો તો કોઇ જાતના અપમાનથી મનમાં દુઃખ ન લાવતાં વિરૂદ્ધ પક્ષના લોકો પણ વખાણ કરે એવું વર્તન રાખજો. હવે અહીં રાજ્યમાં સર્વ ઠેકાણે શાંતિ વરતતી હતી. મંત્રી હરિદત્તને રાજબાએ કેવરાવી મોકલ્યું કે 'રાજ્યમાં ખટપટ ઉઠી ચુકી છે, માટે કુમાર કદી હમણાં બાગમાં રહે તો સારૂં. પણ કદી દૈવેચ્છાથી કોઇ વિપત્તિ આવી પડે તો તમે મારા પિતા છો અને એ કુવરને હું તમારે ખોળે મેલું છું, કેમ કે મારૂં અંગનું માણસ આ સમયે તમેજ છે.' મંત્રીએ કેવરાવ્યું કે 'આપ મારાં માતુશ્રી છો. એ વિષયમાં આપે નિશ્ચિંત રેહેવું.' હવે યોગ એવો બન્યો કે વિરૂદ્ધ પક્ષના લોકોએ કેટલાક લુચ્ચા લોકોનું ટોળુ ઉભું કર્યું. તેની સાથે એવો ઠરાવ કર્યો કે કુમાર મનુભાને તે રાજવાડીમાંથી એકદમ પકડી લઇને કોઇ અજાણ્યા દેશમાં મેલી આવે. આ ઠરાવ પ્રમાણે પેલા લોકો સો સો ગાઉને અંતરે સાંઢડીઓ રાખીને કુમાર પાસે દોસ્તી બાંધવાને મીશે દાખલ થયા. રાતનો સમય થયો એટલે તેના ખાણામાં ઉંઘનું ઓસડ આપી દીધું તેથી મનુભા લોથ જેવા થઇ પડયા. આ તક જોઇ માણસો આઘાં-પાછાં થયાં એટલે એકદમ પાંચ, દસ લોકોએ આવીને બીજાં માણસોને એક ભાગમાં પુરી દઇ કુવરને ઉપાડી જઇ સાંઢડી ઉપર નાંખી લઇ ગયા. સવાર પડયું ત્યાં માળી દોડતો રાજ્યધાનીમાં ગયો અને સલામ સાથે કેવરાવ્યું કે "મહારાજા! જે તજવીજ કરવી હોય તે કરજો. કુમાર મનુભા બાગમાં નથી અને બીજાં માણસો બધાં ઊંઘે છે." આ વાત સાંભળતાં રાજા ચમકયા. પ્રધાન રાજવર્મ, અને મંત્રિ હરિદત્તને બોલાવી, મહારાજા ભૂપતસિંહે

આ વાત કહીને કુમારની શોધમા પાકા માણસોને મોકલી ચારે દિશા તરફ શોધ કરાવી પોતે પણ હથિયાર બાધી આસપાસ શોધવા નીકળ્યા પણ સઘળુ પ્રયત્ન નિષ્ફળ ગયુ કુવર જડયા નહિ રાજ્યમા હાહાકાર થઇ રહ્યો રાણી રાજબાએ આસુ ભરેલી આખે વિલાપ કર્યો કે "હે કુમાર! તુને શુ થયુ ? એકજ રાજ્યમાતાના કુવરની આ શી દશા અને કેવી વિપત્તિ! જ્યારે આવાજ દિવસ આપવા હતા ત્યારે હે ઇશ્વર! એ સદ્દગુણી બાળકને જન્મજ શીદ આપ્યો ? અને મને આ મેહેલનો અધિકાર પણ શીદ આપ્યો" આમ વિલાપ કરી વિચાર કર્યો કે હુ શામાટે શોક કરૂ છુ ? કેમ કે શોકથી જે કર્તવ્ય છે તે રહી જાશે મહારાજ અત પુરમાં આવ્યા અને રાજબા તથા તેમણે પરસ્પર વાતચિત કરી એક એવો ઢંઢેરો કાઢવાનુ નકી કર્યું કે 'જે કુવરનો શોધ કરીને આવે તેને એક લાખ રૂપીયાનુ ઇનામ તથા રાજ્યની આબાદી સુધી દસ હજારનુ એક ગામ મળે' દિવસો જતા જતાં રાજાનુ મન ઉદાસ થતુ ગયુ અને પોતાને એમ પણ થયુ કે ભીમભા તરફના પક્ષનુ આ કાવતરૂ હશે આથી કરી કુમારના દર્શન થવાની આશા છોડી દીધી તેથી દિવસે દિવસે તેનુ મન રાજ્યમાથી ઉઠી ગયુ મત્રી હરિદત્તે ઘણી સમજણ આપીને તેના મનને ધારણામાટે કહ્યુ કે 'મહારાજ ! આમ શરીરને ગાળી નાખવાથી કુમાર કાઇ હાથ લાગવાના નથી, માટે રાજ્યકાજ ઉપર ધ્યાન આપો, પ્રયત્ન ચાલુ રાખો અને કુમાર ભીમભા ઉપર અમીની નજરે જુવો ઇશ્વર સારૂ કરશે' આજથી ભીમભા સનામે આવવા લાગ્યા કેટલેક દિવસે મહારાજા ભૂપતસિહ સ્નાન કરી શિવપૂજનમા બેઠા હતા ત્યા એકાએક બગાસુ આવતા મૂર્છા આવી ગઇ બાનડી નિત્યના નિયમ પ્રમાણે રાજાને રાજાજીના દર્શનમાટે પધારવાની આજ્ઞા લેવા આવે છે ત્યા કાઇ વિપરીત જોવામા આવ્યુ તેથી અન્તપુરમા દોડી ગઇ અને રાજબાને તેડી લાવી તેણે પણ આવી જોયુ તો દશા વિપરીત દીઠી તરત ગભરાતે હૃદયે પોતાના ખોળામા લઇ કસ્તુરી અમરની માત્રા આપી શરીરને શુદ્ધિ આવવા પ્રયત્ન કર્યું તે સર્વ નિષ્ફળ ગયુ, કેમકે આ મૂર્છા કાઇ સાધારણ મૂર્છા ન હતી રાજ્યનો સ્તભ પડયો, આશાઓ બધી અધવચ રહી અને રાજધાની રઠાણી રાણીએ ચોધારા આસુથી ઉચે સ્વરે વિલાપ કરતા જે હૃદયભેદક બોલો કહ્યા તે ખરેખર પાણાને પણ પીગળાવી નાખે "અહો શિરછત્ર! આપના શત્રુનુ શુ ભુડુ થયુ ? પ્રાણાધાર ! આપે આપના દીનજનોને કોને સોપ્યા ? માથાના મુકુટ ! આપને કાઇ થશે તો, અરેરે આ નગરી નિરાધાર થઇ, નિર્મળપણાનો નાશ થયો, દયાળુપણાનો ડાટ વળ્યો, કુલીનપણાનો લય

થયો, ઉદારતાનો અસ્ત થયો, વિદ્વત્તા વિધવા થઇ, વિચારશક્તિ વંઠી ગઇ, શૂરાતન સુકાઇ ગયું અને સર્વ રાજ્ય પાયમાલ થયું. જેની ઉપર મારો અને આપનો આધાર હતો એવો મણીસરખો પુત્ર હજીસુધી મે ખોયો છે તો પ્રાણનાથ! હવે હું આ અસાર સંસારમાં કોનેમાટે રહુ? અરેરે! આ બિચારી કશળીબાને હવે કોને સોપું. એ બિચારી શું જાણશે કે મારાં માતા-પિતા કેવાં હતાં? અરે પ્રભુ! આ શો ગજબ, આ શો એકાએક ફેરફાર." એમ વિલાપ કરતું મૂર્છા પામી પડી જાય છે અને દાસીજનો રૂદન કરે છે ત્યાં અમાત્ય રામવર્મ, મંત્રી હરિદત્ત અને કારભારી તથા હજુરી મંડળ સર્વ શોકજનક પોકારો કરતું હાજર થયું. અંતઃપુરમાંથી મહારાજનું શરીર બહારના ભાગમાં મેલ્યું અને તેને શણગારવાનું કામ દબદબાભરેલી રીતે ચાલ્યું. ગામમાં ફેફાટી ગઇ. કોઇ કહે દગો થયો, કોઇ કહે રોગ થયો, કોઇ કહે મોતે મૃત્યુ થયું, કોઇ કહે મનુભાનાં માણસો ખુટયાં, કોઇ કહે ભીમભાનાં માણસો ખુટયાં, કોઇ કહે અંગનાં માણસો ખુટયાં પણ એક દૈવ વગર આ વખતે કોઇપણ ખુટયું ન હતું. ગામમાં ચારેકોર શૂન્યકાર થઈ રહ્યો. દિશાઓ શૂન્ય થઇ ગઇ. ચારેકોર હડતાળ દેવાઇ ગઇ. જ્યાં જોઇએ ત્યાં આખમાં પાણી લાવતી પ્રજા 'હાય હાય બહુ ભુડુ થયુ' એમ બોલતી રડતી હતી. સર્વ રાજ્યધાનીનો સરંજામ પણ આ ટાણે નિસ્તેજ હતો. દિવસ ઝાખો થઇ ગયો, અને શોકળકળવિના કાંઈ બીજું દેખાવા સાંભળવામાં આવતુંજ ન હતું. મહારાજાનું શરીર લઇ જવાની તૈયારી હતી ત્યાં અ નઃપુરમાં પાંચ વરસની પુત્રીને મેલીને રાજબા પણ પતિનો પાછળ તૈયાર થયાં, એથી પછી શોકજનક દેખાવમાં શું બાકી રહે? છેવટ મોભાદાર રાજ્યમંડળનાં માણસો અને પ્રજાએ ઉત્તર ક્રિયા તરફ વલણ કર્યું. રાજબા બેભાન થતાં ગભરાટમાં વધારે ગભરાટ, દુઃખમાં વધારે દુઃખ અને જે ભયકારક સ્થિતિ હતી તેમાં વધારે ભયકારક સ્થિતિ થઇ પડી; પણ અહીં જે બને તે સહન કર્યા શિવાય બીજું કાંઇ સૂજે તેમ ન હતું. આટલી વારમાં એક બીજો નવો બનાવ બન્યો. કાળની કેવી ગતિ! એક વિશ્વાસુ બાનડી હડી કાઢતી મંત્રી હરિદત્ત અને પ્રધાન રામવર્મ પાસે આવી. માણસો સર્વ દૂર થઇ જતાં તેણે જણાવ્યું કે 'બાઇસાહેબનું શરીર જરા ગરમ થયું છે અને તેને પ્રસવ થવાનો સમય થયો હોય એમ જણાય છે તેથી તેમને એકાંતવાસમાં લઇ ગયાં છિયે. ત્યાં માત્ર જમનાબાઇ (મંત્રીની સ્ત્રી), દેવકુવર (રામવર્મની સ્ત્રી) તથા મારી મા પાસે છે, અને બીજા વિશ્વાસુ ચાકરોને બહાર રાખ્યા છે.' આટલુ સાંભળતાં હવે શું કરવું એવો વિચાર થઇ પડયો. હર્ષને ખેદ એકસાથે

ઉભરાઇ જવા લાગ્યા આટલી વાર સર્વ નિરાશ થઇ બેઠેલા તે લોકોને પગમા જોર આવ્યુ નગરશેઠ અને બીજા વિશ્વાસુ હજુરીને રાજાના શબ પાસે રાખી તેઓ રાણીના આવાસ પાસે ગયા ત્યા બાળકનો અવાજ કાને પડયો ખબર પુછતા બાનડીએ જણાવ્યુ કે 'કુવર જન્મ્યા છે પણ રાજબાને શરીરે ક સર વધતી જાય છે' સર્વ બનાવો સતાપજનક છતા આશાના અકુરનેલીધે પ્રધાન અને મત્રીના મનમા કાઇક ધારણા આવી તરત રાજવાડીમા સેના-પતિને હુકમ કરાવી ચોકી બેસરાવી અને તાવદાનમા બાઇશ્રીને પધરાવી કોઇ ભારે દબદબાથી ત્યા લઇ ગયા આ ગડબડમા દરબારમા થોડી વાર લુટાલુટ ચાલી આ ગોઠવણ થઇ ગઇ તેમા વિરુદ્ધ લોકોને ખબર પડી નહીં અભ્યતરમડળનો વિચાર એમ હતો કે જો દરબારમા રેશે તો ગડબડ થશે તેથી રાજવાડીમા મુકામ રખાવ્યો થોડી વારે ગામમા સર્વે ઠેકાણે વાત ફેલાઇ ગઇ કે 'કુવર જન્મ્યા છે' તેથી વિરુદ્ધ પક્ષ કાઇક નબળો થઇ ગયો પ્રધાન અને મત્રીએ સર્વ અધિકારીવર્ગને બદોબસ્ત રાખવા ભળામણ કરી અને ત્યારપછી રાજાના શબને શોકના પોકારસાથે સોનાને ફૂલે વધાવાતુ સ્મશાનમા લઇ જવામા આવ્યુ અહીં રાજવાડીમા રાજમા બે ઘડીના મેમાન હતા તેણે છેલ્લી ઘડીયે જમનાબાઇને ગળે વળગી કહ્યુ કે 'ગમે તે સ્થિતિમા પણ આ કરાળીબા તમને સોપુ છુ અને હુ મારૂ મન ઇશ્વરમા જોડુ છુ' એટલાજ અક્ષરો તેને દૈરે છા એ બોલાવ્યા રાજબાની આખ મીચાતા એ ખબર લઇને પ્રધાન પાસે માણસ ગયુ કાળમા અધિક માસ આવ્યા જેવુ આ દુઃખ થયુ અરધા માણસો સાથે લઇને મત્રી હરિદત્ત રાજવાડીએ ગયા કેટલોક શોકનો કલ્પાત થયા પછી રાજમાના શરીરને ત્યાજ દહન કર્યું સર્વ પ્રજા રોતી કળકળતી દરબારમા આવી ને ત્યાથી સૌ સૌને ઘેર ગયા ભીમભાના માતા તેજમાએ પ્રધાનને કેવરાવ્યુ કે 'જે આપણા નસીબમા હતુ તે થયુ હવે આ કુવર તમારે ખોળે છે વધુ જીવો મારા મીઠા મનુભા જગ બા એને ત ત ભેટાડે પરતુ જ્યાસુધી તે પવાયા નથી ત્યાસુધી ભીમભાને તેરૂપ ગણીને સઘળુ કામકાજ જેમ ચલાવો છો તેમ ચલાવ્યા કરવુ અને રાજ્યરીતિને અનુસરીને જે ઠેકાણે જેમ ખરચ કરવુ ઘટે તેમ કરવુ તમે બેય રાજ્યના સ્થભ છો માટે હુ નિશ્ચિત છુ' આ મવરાના વચન પ્રધાને હરિદત્ત મત્રીને કહ્યા મત્રીએ વિચાર કર્યો કે ભીમભા રાજ્યગાદીને યોગ્ય નથી એ વાત હુ જાણુ છુ પણ આ ટાણે દૈવ અનુકૂળ નથી બાળરાજ બિચારો બે ત્રણ દિવસનો છે તે માતાવિનાનો જેમતેમ ઉછરી રાજ્યમા

મલામાં રાજ્યનો અધિકારી થાય એનો શો નિશ્ચય? માટે જેમ બને તેમ આ ટાણે દબદબાથી કામ લેવું યોગ્ય છે. ઇશ્વર જે દિવસો દેખાડશે તે જોવા છે. પાણી-આરાના માર્ગ ઉપર થતી વાતથી આટલે દિવસે જે મનુભાની હયાતીવિશે સાંભળ્યું છે તે પાયાદાર નથી અથવા ખોટું પણ હોય, તોપણ એનેમાટે વખતનો ભોગ આપવો જરૂરનો છે. આટલો વિચાર કરીને પોતાની યોગ્યતા પ્રમાણે કામ કરવા માંડયું. એક ઠેકાણે અંતઃપુરમાં બાલરાજનેમાટે તથા કશળીબામાટે સાવજત રેહેવાનો પાકો બંદોબસ્ત થઇ ગયો અને જમનાબાઇનું નિરંતર ત્યાંજ રેહેવું ઠેર્યું. બેય કુંવરના દરબાર નોખા નોખા થઇ ગયા. કુમાર મનુભાનેમાટે વિશેષ શોધ સાટે તજવીજ ચાલુ થઇ ગઇ. અને રાજા તથા રાણીના ઉત્તર કાર્યમાં સર્વ રાજ્ય-મંડળ લાગી ગયું. રાજ્યમાં નિરંતર કોઇ નહિ તો કોઇ પણ કારણસર બે પક્ષ બંધાઇ જાય છે તે પ્રમાણે આ રાજ્યમાં બન્યું હતું તેથી કેટલોક ભાયાતવર્ગ તથા કેટલોક અમીરવર્ગ ઉપર-હેઠલ થઇ રહ્યો હતો. પણ મરણાવસ્થામાં રાજબાને કુંવર જન્મ્યાના સમાચાર ફેલાઇ ગયા પછી હાલ તરત બધું દબદબામાં બેશી ગયું. આ વાત આટલે રાખી મનુભાને સંભારિયે

એક પંદર સોળ વર્ષનો ફુટતી જુવાનીવાળો બાળક ભરનિદ્રામાં સા-ધારણ પથારીપર સુતો હતો. તેનો રંગ ગોરો હતો. ઉંચાઇમાં સાધારણ હતો. કપાળ ભવ્ય અને મોઢું ગોળ હતું થોડો થોડો મુછનો દોરો ફુટતો હતો. સાદાં સફેત કપડાં પેર્યાં હતાં. માથે બાંધેલો પંચરંગી ફેંટો ઉખળી ગયેલો પડયો હતો. ગળામાં એક સાધારણ હાર ચળકતો હતો આંખ્યો અરધી મીંચાયેલી હતી અને પગમાં લાંબી રેખા દેખાઇ રહી હતી. તથા માથાના વાળ અ-વ્યવસ્થિત થઇ ગયા હતા. થોડીવારમાં તે આળસ મરડીને બેઠો થતાંવેત બે બાકળો થઇ ગયો. જાણે કોઇ ઉન્મત્ત કે ચિત્ત ફરેલ હોય તેમ ચારે કોર જોવા લાગ્યો. તોપણ લાલ થઇ ગયેલી આંખ્યો હજી તેની ઘેરાતી હતી. પોતે જે સ્થળમાં હતો ત્યાં તે શી રીતે આવ્યો અને કોણ લઇઆવ્યુ તેનો વિચાર કરતો હતો. તે કોણ હશે એમ જો ન ઓળખ્યો હોય તો ઓળખાવું છું કે તેજ આપણા ચોરાયેલા મનુભા હતા.

દુષ્ટ છતાં કાંઇક સદય લોકોએ તેને ઘણા ગાઉને અંતરે એક જુનું નગર હતું તેની પાસેની ઝાડીમાં એક મહાદેવનું મંદિર હતું તેમાં આ મનુભાને સુતા મેલ્યા હતા આ વખતે દિવસ ઉગવાનો સમય હતો. ખીલી નીકળેલી આ સ-મયની શોભા આ ટાણે તેના હૃદયપર આવતી નહિ હતી. આ મંદિરને ફરતી

જુના કાંટાની ભાગી તુટેલી વાડ હતી માણસની જરાય પણ આવ જાવ દેખાતી ન હતી મંદિર ઘણા કાળનુ જુનુ છતા નિવણીયાતુ જણાતુ હતુ તેના કાંગરાઓ પડી ગયા હતા તેનો ચુનો ચારે કોરથી ખરી જતો હતો વરસાદથી રંગ કાળો પડી ગયા હતો તેની ઉપર તથા આડખે પડખે ઝાડ ઉગી ગયા હતા પેસવા કરવાના કમાડ સડીને ભાગી ગયા હતા અને બારસાખો હલી ગયા હતા પોઠીયા તથા કાચબાપર ચરકા ચોટેલી હતી પારેવાઓએ અંદર માળા ઘાલ્યા હતા ધ્વજાના લાકડા ભાગી ગયા હતા પોઠીયાના શીંગડા ભાગી ગયેલા હતાં મંદિરને ફરતી રાખની બે ચાર ઢગલીઓ પડી હતી અને જનાવરોના પીછડા ઉડતા હતા. એક બે કેડી શિવાય બાકીની ધરતીમા ઘાસ ઉગ્યુ હતુ અંદરના ભાગમા સડેલા બે ચાર પાટલા પડયા હતા માતાજીને સારી પેઠે શાદોર વગરીને સફેત થઇ ગયો હતો મહાદેવની પિંડી એક વેતની હતી તેની ઉપર સુકલ બીલાપનો રે ચાર પડયા હતા જળાધારીનો એક ભાગ ખંડિત થઇ ગયો હતો આ સ્થળમા એ મનુભા કુમારને એ લોકોએ ક્ષેમકુશળ મુક્યા તેમણે એક ચીઠી લખી ખુંઝામા નાખી તેમા એવુ લખ્યુ કે "તમારી ઓરમાન માતાના કેવાથી પેટની ખાતર અમે તમને તમારા માબાપનો વિજોગ કરાવ્યો છે, એ અમારા કામને અમે ધિક્કાર કરિયે છિયે પણ આપને અમે કોઇપણ પ્રકારે હેરાન કરવા ઇચ્છતા નથી આપ પાસેના નગરમા પધારજો અને તમારા ખીસામા સોનામોર છે તેમાથી ગુજરાન ચલાવી કોઇ ફરમી માણસને ત્યા નોકર રેજો અમારો વખત આવશે ત્યારે અમેજ પાછા આપને આપના રાજ્યમા લઇ જશુ" પેલા લોકોમા એક વધારે દયાળુ માણસ નગરમા ગયો અને બીજા લોકો દેશ તરફ ગયા કુમારે ઉઠીને જોયુ તો તેને જાણે એક સ્વપ્ન જેવુ લાગ્યુ થોડી વારે બેબાકળો થઇ ગયો, હૃદય ગભરાયુ અને શુ કરવુ તે સુઝ્યુ નહિ પણ અંતરની વાત કોને કહેવી? ઇશ્વરની થોડી પ્રાર્થના કરી કે 'હે પ્રભુ! આ શુ! શુ હું ભૂપતિસિંહ મહારાજનો પુત્ર! આ શુ સ્વપ્ન છે કે ખરેખરી દશા છે? શુ એક રાજકુમારનો જન્મ આવીજ દશા ભોગવવામાટે? અરે પ્રભુ! મારૂ ગમે તે થાય, પણ મારા માતા પિતાને ક્ષેમકુશળ રાખજો, અને બીજી આ દશા કરનારાઓનુ કુશળ કરજો અરે માતા રાજબા, અરે પિતાજી ભૂપતસિંહ અને કાકા હરિદત્ત! તમે શુ જાણશો કે, મારી શી દશા છે અને હવે પછી હુ શી શી વિપત્તિ ભોગવીશ હરો જગતમાં કોઇપણ પ્રાણી એવુ નહિ હોય કે જેને પોતાના મનની મનમા નહિ રહેતી હોય' આમ બોલતા કુમાર બાનવ થઇ ખુંઝામા હાથ નાખે છે ત્યા પેલા લોકોએ

મેલેલી ચીઠી હાથમાં આવી. તે વાંચીને પોતે સર્વ વાત સમજ્યા. અણવાણે પગે નગરમાં જઇ સોનામોરવટાવી ખાવું ખાધું. ચારે કોરે જોવા યોગ્ય સ્થળો હતાં તે જોઇ સાયંકાળે પેલા મંદિર કોરે પાછા વળ્યા. એક માસ આવી રીતે કાઢયા પછી ત્યાં માર્ગમાં પેલા મંદિરમાં છોડી જનારમાંનો એક જણ નામે ગોડજી સામો મળ્યો. અજાણ્યો થઇને તેણે કુમાર મનુભાને નામ ઠામ પુછયું. તેણે જણાવ્યું કે 'ભાઇ, છું તો સિંહનું બચ્ચું પણ કાળને યોગે આટાણે તો શું કહું. ભાઇ, તમે આ ગામના તો નથી લાગતા પણ જો કોઇ સીપાઇગરીની નોકરી હોય તો બતાવશો?' પેલા માણસે ઉત્તર આપ્યો કે 'આજે તમે ગામમાં પ્રાણજીવન શેઠજીની ધર્મશાળા છે ત્યાં રાત રહો અને સવારે તમે રાવજી નામના સેનાપતિને ત્યાં જાજો. એને એક પટાવાળો જોઇએ છિયે'. રાતની રાત ધર્મશાળામાં કાઢી અને સવારે રાવજી સેનાધિપતિને ત્યાં જઇ નોકરી માગી. ગોડજીએ તેનેમાટે પ્રથમથીજ તજવીજ કરી રાખી હતી તેથી મોઢા ઉપરથીજ તથા સુકુમારતા ઉપરથી પુછપરછ નહિ કરતાં પાંચ રૂપીયાને પગારે તેને રાખી લીધો. અને ગોડજી જ્યાં ત્યાં રખડતો રહી તેની ખાંનગી સંભાળ રાખતો રહ્યો. મનુભાએ તો સેનાધિપતિની એવી સેવા બજાવવા માંડી કે દીકરા કરતાં પણ તેણે અધિક પ્યાર મેળવ્યો. બળ-બુદ્ધિ અને પરાક્રમથી કોણ વશ ન થાય? એક દિવસ વિચાર કર્યો કે આનેઆ માર્ગેથી જો ઉચ્ચો અધિકાર મળે તો કોઇ દિવસ પણ મારે મારી રાજધાનીની સંભાળ લેવી, અને નહિ તો અહીંજ દેહ ભલે પડે. કેમકે માતા-પિતાને મન તો હવે હું મરેલોજ છું. એટલામાં સેનાપતિએ બોલાવ્યા એટલે મનુભા હાજર થયા. સેનાપતિએ કહ્યું કે 'આજે બારવટીઆ લોકોએ પાસેના ગામમાંથી ઘણું ધન લઇ પાંચ ગાઉપરની ડુંગરીની ખીણમાં પડાવ કર્યો છે એવી ખબર મળી છે અને બીજી કોરે મારે રાજ્યસંબંધી કામ આવી પડયું છે તેથી રોકાયાવિના ચાલે તેમ નથી. માટે તમે આજ થોડા સવારો લઇને જાઓ. તમારાં હું ઉત્તમ ભાગ્ય દેખું છું માટે જરૂર જય મેળવી આવશો. અને એમ થયું એટલે તમને હું મોટો અધિકાર અપાવીશ.' 'ઘણું સારૂં સાહેબ' એમ કહી મનુભા ઘોડેસવારો લઇ બારવટીયા ઉપર ચડી ગયા. એક માણસને બાવાનો વેશ પેરાવી ખીણમાં જોવા મોકલ્યો અને પોતે બે કલાકમાં સર્વને અન્ન-પાણી લેવાનો હુકમ કર્યો. સવારો સર્વ પાછા તૈયાર થઇ ગયા તેટલામાં માણસે આવી ખબર દીધા કે તે લોકો આજનો દિવસ ત્યાંજ આરામ લેવાના છે. આ ખબરથી અહીંથી ટુકડી

એકદમ ઉપડી અને તે લોકોને ઘેરી લીધા ભેટાભેટ થઇ જવાથી થોડી તરવારની કાપાકાપી ચાલી પણ મુખ્ય સરદાર પકડાઇ જવાથી બાકીના જીવ લઇને નાશી ગયા આ ફતે મેળવીને મનુભા બીજે દિવસે પાછા આવ્યા તેથી ગામમા તેના વખાણ થાવા માડયા ત્યાના મહારાજા વીરસેનને કાને વાત આવી તેથી તેણે મોટી દરબાર ભરીને તેને દગદબા ભરેલી રીતે ઇનામ આપ્યુ સનામ સાથે ઇનામ લઇને મનુભા બોલ્યા કે 'રાજાધિરાજા ! માન આપની ઇચ્છા પૂર્ણ કરવા હુ તે માથે ચડાવુ છુ ' થોડીવાર નાચરગ તથા પાનગુલાબનુ કામ પૂર્ણ થતા ક ચેરી બર્ખાસ થઇ સર્વ ગયા પછી સેનાપતિએ પોતાને મળેલી ખબર સવ મહા રાજા વીરસેનને કહી, તેથી રાજા ખુશી થયા, અને તેણે સેનાપતિની સમતિથી હવે તેને હજુરમા પાસે રેહેવા કહ્યુ રાજકુમાર છે માટે કાઇ કામ તે બતાવતા નહિ તોપણ મનુભા પોતે જરાપણ મન ચોરતા નહિ ધીરે ધીરે રાજ્યના સલાહકારી વર્ગમા તેણે બેસવા માડયુ અને તેના આપેલા વિચારોથી રાજ્યને લાભ થવા માડયો આટલુ છતા પણ હજી મનુભા પોતાનુ વતન ભુલ્યા ન હતા રાજ્યમા શાળાઓનુ પ્રબળ બહુ હોય છે એ કોઇનુ અજાણ્યુ નથી અહીના રાજ્યમા બે શાળાઓ નીચ સ્વભાવના હતા તેને લાગ્યુ કે આ નવો માણસ આપણુ ચાલવા દે તેમ નથી આ કારણથી તેને માથે કોઇ ભારે આળ ચડાવી જેથી મનુભાને ગગાજમનામા જવાનો વખત આ વ્યો સેનાપતિ આ વાત સાભળી દીલગીર થયા અને વિચાર્યું કે તેના ગુણોએજ તેને બાધ્યો છે તો તેજ ગુણ તેને છોડાવશે મનુભાને વિચાર થયો કે ભાગ્ય કઠણ હોય તો ક્યાથી સુખ મળે વિનાકારણે આ કેદખાનામા ધલાઇને સ ડયા કરવુ એ પણ આ શરીરના કર્મમા માડયુ હશે જે અનુભવ થાય તે જીવતા હોઇએ ત્યાસુધી લેવો આ વખતે ચારેકોર મેઘ ચડી આવ્યો હતો આકાશમા વિજળીઓ સાથે કડાકા થાતા હતા પવનસાથે પાણી જોસમા પડતું હતુ ચારે કોર પાણી પાણી થઇ રહ્યુ હતુ અને પાણીવિના બીજો કોઇ અવાજ પણ સભ ળાતો ન હતો આવો વખત જોઇ એક હીરે રૂષ્ટપુષ્ટ કેદી બોકાનુ છોડી કાતરા ઓળતો દુવો બોલ્યો

'ભલે ભૂપ ભડ ભૂપ' ભૂપર તુ જન્મ્યો ભલે,
વિદ્યા ગુણે અનૂપ, તુ જેવો ક્યાથી મળે '

આ દુહો સાભળતા મનુભાને વતન સાભરી આવવાથી આખમા પાણી આવ્યા કોટડીમાથી પેલા માણસને પુછ્યુ કે, 'ભાઇ તમે દોહો બોલ્યા એ કોણ'

કે તમે પ્રજાએ આપેલા અધિકાર માત્રથી મોટા છો પણ શરીરે સમાનના છો, તેને કોણ સમજાવે કે સુખદુઃખમાં અને ઉત્તમ મધ્યમ તથા કનિષ્ટમાં સમાન રેહેતાં પ્રજાનું પાલન કરવુ એજ મોટા પુણ્યનું કામ છે, તેને કોણ સમજાવે કે પ્રજાએ કરેલાં પુણ્યમાંથી છઠ્ઠો ભાગ રાજાને પરલોકમાં મળે છે, પણ જો રાજા પ્રજાની રક્ષા નહિ કરતાં પ્રજા પાસેથી કર લેતો હોય તો પો[illegible] ...ણ્ય પ્રજાને જતાં પ્રજાનું પાપ હોય તે પોતાને લાગે છે. અપૂર્ણ.

पुस्तकोनी पहोंच.

सद्वर्तन—આ ચોપડી રા. રા. ગોવિંદ શંકર શાસ્ત્રી બાપટે તૈયાર કરાવી પ્રસિદ્ધ કરી છે. એમાં તેના નામને અનુસરતોજ વિષય લીધેલો છે. તેના સદાચરણનું મહાત્મ્ય. ગૃહશિક્ષા, સંગતિ, ઉદ્યોગ, ધૈર્ય, આત્મસંયમ, કર્તવ્યકર્મ, સુસ્વભાવ, ગ્રંથાવલોકન. દાંપત્ય. અને અનુભવ. એમ અગિયાર ભાગ પાડેલા છે. ટુંકામાં પણ આ વિષય ઉપર ઠીક લખવામાં આવ્યું છે. ઉદાહરણોમાં અર્વાચીન નામો આપવામાં કેટલાક એવું માને છે કે પ્રાચીન નામો જેવાં સર્વને સંમત થાય છે તેવાં અર્વાચીન થતાં નથી કેમકે તેના ગુણ-દોષ વિષે લોકોના જુદા જુદા વિચારો હોય છે. વિદેશી લોકોના દાખલા વિષે પણ વખતે એમ બને છે. ખેર સર્વ રીતે જોતાં સર્વ સ્થિતિના લોકોને સૌસોના કામમાં સમજણ આપે તેવું અને વિષેશે ઉછરતી પ્રજાને વધારે કામનું છે. પુસ્તક પ્રકટ કરવાનો હમણાં પવન ચાલવાથી નિશાળમાં શીખતા ચોથા ધોરણના વિદ્યાર્થિઓ પણ પોતાને આવડે તેવી ગોઠવણમાં વાર્તા, નાટક કે ઓપેરા બનાવી કાઢે છે. અને સુશિક્ષિતનાં પુસ્તકો કરતાં વખતે ખપતમાં આગળ પણ થઇ જાય છે!! કેમકે સામાન્ય લેખક ઘણા હોય તેસાથે તે લેખના અધિકારીઓ પણ ઘણા હોય છે. પરંતુ સુશિક્ષિત લેખકો થોડા હોય સાથે તે લેખના સુશિક્ષિત ગ્રાહકો ઘણા થોડા હોય છે. આવા પ્રસંગમાં આ સદ્વર્તન જોઇ કાંઇક સંતોષ ઉપજે છે. ગમે તેવા પણ સદ્વર્તન જેવા વિષયો લખવાની જરૂર છે. પણ ખેદ માત્ર એટલો છે કે વિવિધ ખટરાગની જેવી તેવી ભાષાની પણ વાતો કે નાટકનું નામ દઇ લખાયેલી ચોપડીયોથી પૂરાઇ ગયેલાં લોકોનાં અંતઃકરણો આવા વિષયોની સામું પણ જોવા ઇચ્છતા નથી. કેમકે સદ્ગુણ અને સદાચરણની વાતો તો ગમે તેવી કદી સારી હોય તોપણ કોરો લોટ ફાકયા જેવી લુખી લાગે છે. તેથી તેવાં પુસ્તક લખનારા એકાદ આવૃત્તિ કાઢીને માથે ખર્ચનો બોજો પડવાથી બીજીવાર લોકહિતાર્થ કામ કરી શકતા નથી. એટલામાટે સારા-નરતાના વિવેકી ધનિકોએ સદ્ગુણનાં પુસ્તક લખવામાં વિદ્વાનોને સહાય આપવી એ સરળ છે. કીમત રૂપીયો એક કાંઇક વધારે છે. મુ૦ મુંબઇ.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૨૬ મુ | આશ્વિન, સંવત્ ૧૯૮૫ | અંક ૧૨ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

सन्मित्र केवा मळवा जोइए

હરિગીત

કારણવિના સમપ બાંધી પ્રેમ પૂરા વધારતા,
આ લોક ને પરલોકના સુખરૂપ વાત વિચારતા,
ઉપદેશ આપે સદ્ગુણોનો, નિત્ય શુભ આકારમા,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમા
નિજ નાત કે કુલ જાતિમા સંબંધમા જે બેનડા
ગુણ વય અને વિદ્યાવિષે જે તગત લાગે તેનડા,
જેના સદા મન બુદ્ધિ બલ વધતા રહે વિસ્તારમા,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમા
પ્રિય મિત્રના જે પાપ તે નમ્રભાગવાજ નિવારતા,
મન જાય જો મર્યાદ મેલી તો વિનયથી વારતા,
કોટી કરે ઉપકાર પણ ભાખે ન ભાખે ભારમા,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમા
જે દુર્ગુણો કે દ્વેષ નિશદિન મિત્રમા દેખાય છે,
તેને તજાવી યુક્તિથી ગુણમા ગણીને ગાય છે,
ભ્રમ ભેદ આળસ ઊધને ખોટી કઢાવે ખારમા,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમા
સુખ દુ ખમા સાથે રહે નિજ હર્ષ શોક સમાનતા,
અપમાન કરિયે તોય પણ મનમા ન લેશે લાવતા,
હિત હોય તે હૈયે ધરી પ્રીતે કરે પલનારમા,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમા
વિદ્યા વિનયથી યુક્ત સદ્ગુણમા સદા જે લીન છે,

પૂરા પરાક્રમવાન પણ જે પ્રેમને આધીન છે;
ભાવે ભણાવે ભેદ જે ધાટે કરી ઘરબારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
તન-મનતણા જે તાપને ટાળે વળી ક્ષણ એકમાં,
હારી ગયા જો હોંશ તો ટાંકી રખાવે ટેકમાં;
પાસે રહે પોતે વળી વશમા બધા વ્યવહારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
સાચા સહોદરરૂપ શુભ નારી સમાન થઇ રહે,
કડવાં કથોરાં વેણ તે અમૃત સમાન કરી કહે;
પ્રિય હોય તે પ્રેમે કરે પલળી રહીને પ્યારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
જેને નિહાળી નયનમાંથી હર્ષનાં આસું ઝરે,
જેને મળીને હૃદય શાંત થઇ સદા સુખમાં ઠરે;
અધિકાર રૂડા મેળવે સરકાર કે દરબારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
કીર્તિ પ્રકાશે લોકમાં જેના પ્રકાશે આપણી,
જેના પ્રતાપે સાંપડે સદ્બોધરૂપ મહામણી;
મનને વળાવે વિનય રાખી અખિલ-જગદાધારમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.
શ્રીકૃષ્ણ અર્જુનને અને હનુમાન સીતાકાંતને,
વસુદેવના સુત સાંપડ્યા કેશવ સુદામા શાંતને;
ઉપકાર કરવામાં અને પાછળ નહીં પરમાર્થમાં,
એવા સકલ જનને મળો સન્મિત્ર આ સંસારમાં.

राजाविषे बे बोल.

(સબધ પાને ૨૬૪ થી.)

તેને કોણ સમજાવે કે આ સર્વ નાશવંત છે માટે જે કાંઇ બને તે પોતાને હાથે કરી લેવું, તેને કોણ બતાવે કે પ્રજાનું પાલન-પોષણ વગેરે કરવાને તમે બંધાયા છો, તેને કોણ સમજાવે કે પ્રજાપાલન કરવું એજ તમારો પ્રથમ ધર્મ

છે, તેને કોણ સમજાવે કે તમારા તરફથી કોઇપણ પ્રાણી દુખ પામવા યોગ્ય નથી, તેને કોણ સમજાવે કે ફરી ફરીને આ મનુષ્યજન્મ અને તેમા પણ રાજાઓનો દેહ તો મળવોજ દુલભ છે, તેને કોણ સમજાવે કે આ દુર્લભ દેહથી કીર્તિ સપાદન કરી જાવી એજ કર્તવ્ય છે, અને તેને કોણ સમજાવે કે આગળના રાજાઓના દાખના લઇ પરોપકારમાજ રાજાપણાનો ઉપયોગ કરવો જો સમજાવનાર મળે તો એનાજ મળે કે, પારકા વન માન, ઘરબાર અને લાજ વિગેરેને દરમારમા તાણી લાવવા અને ખાવુ પીવુ તથા મોજમજા મારવી આપણ શિવાય બીજો પૃથ્વીમા આપણને આગળી ચીધનાર કોણ છે? કે તેનો ડર હોય આવા ઉપદેશક હલકા વિચારના લોકોથી અવળી દૃષ્ટિવાળા થઇ જતા તે બિચારા જેમતેમ પરાધીન થઇ દિવસો ગાળે છે પણ બધાને કાઇ એમજ બનતુ હોય એમ માની ન બેસાય પુણ્યના યોગથી કોઇને વિદ્વાનનો, કોઇને શાસ્ત્રીનો અને કોઇને બીજો સારો સગ કાકતાલીય ન્યાયની પેઠે થઇ જાય છે, તેથી કાઇક કાઇક કોઇવાર ઠીક ઠીક સમજાઇ જાય છે તેથી એ વિષયમા સદ્બોધના વચનો લખાય તો નિરૂપયોગી ન ગણાય

બાળક સ્થિતિ નિરતર પરાધીન હોય છે તેટલા સમયમા માતા પિતાએ કરેલી યોગ્ય ગોઠવણોથી ઉછરવુ પૌગડ અને કિશોર અવસ્થા પ્રાપ્ત થતા માતા પિતાએ કરેલી ગોઠવણ પ્રમાણે વિદ્યા કળાનો અભ્યાસ કરવો એ અભ્યાસને અતે યોગ્ય અવસ્થાએ રાજ્યના અધિકારી બનવુ રાજ્ય હાથમા આવ્યેથી નોખા નોખા ખાતાના તથા પોતાના મુલકના વિભાગ પાડી સૌસૌને માટે વિદ્યા અને બુદ્ધિમત્તા પ્રમાણે અધિકારી નીમવા તે અધિકારીવર્ગો ઉપર તે બરાબર રીતે પોતપોતાનુ કામ કરે તેટલામાટે દેખરેખ રાખવી સઘળુ કામ કાઇ પોતાની જાતથીજ થઇ શકતુ નથી માટે તેનેમાટે નાના મોટા અધિકારીઓ હોય છે, અને એ ક્રમપ્રમાણે એ સર્વ અધિકારીઓ ઉપર અધિકાર ભોગવનાર એક રાજા છે રાજાએ દેખરેખ રાખવી અને જે જે સદ્વિચાર આવે તે અમલમા લાવવા અધિકારીઓને હુકમ કરી દેવો યોગ્ય સમયે યોગ્ય કુળ જાતિમા એક સ્ત્રીસાથે વિવાહ કરવો અને તેની સાથે સતોષથી ગૃહસ્થાશ્રમ ચલાવવો આ ગૃહસ્થાશ્રમથી જે પ્રજા થાય તેને પોતાના જેવી સદ્ગુણી અને સર્વ વાતે કુશળ કરવાને પ્રયત્ન રાખવુ તેને દુસગ ન થઇ જાય તે લક્ષમા રાખવુ અને સ્વાભાવિક પ્રેમથી તેનુ પાલન પોષણ કરતા વિદ્યા કળામા હોશીયાર થયે, રાજ્યના કોઇ કામમા તેની ગોઠવણ કરી દેવી પ્રજાની રક્ષા કરવી, તેઓને આજીવકા

આપવી, જુદા જુદા યોગ્ય નિયમોમાં સવને ચલાવા અને અપરાધિઓને અપ-રાધ પ્રમાણે શિક્ષા આપી લોકોમાં સુખ-શાંતિ વધારવા પોતાનું જીવિત છે એમ સમજવું. સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખીને સૂર્ય જેમ કિરણોવડે આઠ માસસુધી પૃથ્વીમાંથી જલ ખેંચે છે તેમ કરવડે કરીને ધન લેવું તથા ચો-માસામાં જેમ ખેંચેલું પાણી સૂર્ય બહુરૂપે પાછું આપે છે તેમ રાજાએ કર મીશે લીધેલું તેજ ધન પ્રજાના હિતનાં કામો કરવામાં અને દુકાળને વખતે પ્રજાને જી-વાડવામાં પ્રીતિથી વાપરવું. દુઃખ પામતાં પ્રાણીઓ ઉપર દયા રાખનાર થઇને પૃથ્વી જેમ સર્વ અપરાધો સહન કરે છે તેમ દુઃખી અને ગરીબ પ્રજાના સર્વ અપરાધો ગમે તેમ અપરાધ કરે તોપણ સહન કરવા. શક્તિ છતાં ક્ષમાવાન્ રેહેવું એજ ખરેખરૂં ભૂષણ છે. દુકાળથી કે અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિથી પ્ર-જાને પીડા ન થાય તેવી યોજનાઓ નિરતર ચાલુ રાખવી. પ્રતાપથી અત્યંત ઉગ્ર રહેતાં છતાં પણ ચંદ્રમા જેમ પોતાનાં શીતલ કિરણોથી પ્રજાને ઠડક આપે છે તેમ અમૃતદૃષ્ટિ તથા મંદ મદ હાસ્યના પ્રસંગ વગેરેથી સર્વને સંતોષ આપતાં પ્રજાને ઠંડક ઉપજાવવી. સમૃદ્ધિવગરનાં તથા વિદ્યા અને તપથી પ્રકાશતાં કુલો ઉપર પોતાની સમૃદ્ધિનું જોર કદી ચલાવવું નહીં. ધન અને ધરતીને વધારવામાં સદાય સતૃષ્ણ રેહેવું. રાજા પરમેશ્વરનો અવતાર છે એમ જાણીને પ્રજા ઘણું ઘણું માન આપે તો તે માનને હુ યોગ્ય છું એમ ન ધારી બેસતાં નમ્રતાસાથે પ્રજાને સંતોષ ઉપજાવવો, અને હું પ્રજાનું કલ્યાણ કરવા બંધાયેલો છું એમ નિરંતર જાણવું. પોતામાં જે જે ગુણો ન હોય તેનું તો શું પણ જે જે ગુણો હોય તેનું પણ પ્રજા પ્રેમથી વર્ણન કરી દેખાડે તો તેથી રાજી નહિ થઇ જતાં શરમ દેખાડવી. પ્રજા જે જે પ્રેમથી આશીર્વાદ આપે તે આપણે તેની પ્રજા હોઇએ તેમ માથે ચડાવવો. જે જે રાજ્યકર્તાઓ પોતાથી નાના અથવા મોટા હોય તેની રાજ્યનીતિ અને પ્રજાપાલન વિષયમાં સરસ થવું. પોતાના રાજ્યમાં વસનારા લોકોના ધર્મ સચવાય તેવી ગોઠવણ સાથે સર્વે વર્ણ અને આશ્રમીઓને ધર્મ પળાવવામાં તત્પર રેહેવું. ધર્મની જે જે મર્યાદાઓ હોય તેનું રક્ષણ થાય તેવી ગોઠવણ રાખવી. જે જે ધર્મવિષયના વિરોધીઓ હોય તેને શિક્ષા કરીને ધર્મનો થતો વિરોધ બંધ પાડવો. પોતામાં સમાએલી શ-ક્તિનો પ્રજાના હિતમાટે ઉપયોગ કરવો. કાર્યો કરવાં તે જુદે જુદે પ્રસગે જુદી જુદી રીતથી આ લોક પરલોક બેય સુધરે તેવા પ્રકારને વિચારીને કરવાં. જેમ જેમ પ્રસંગ પડે તેમ તેમ દેશાટન કરીને પોતાના તથા પ્રજાના હિતનું જ્ઞાન સંપાદન

કરવુ અને સારા ગુણોનુ અનુકરણ કરવુ રાજ્યમમની રચનાના કામો સિદ્ધ થયા પહેલા પ્રારબ્ધના ફળોની પેઠે જાણવામા ન આવે એવી ગભીરતા રાખવી પ્રજાનેજ ઉપયોગમા આવનારા ધનના ભડારો ભરેલા રાખી તેનુ સરક્ષણ કરવુ આખડ પૃથ્વીમા પોતાનો મહિમા વધારવો દુર્ગુણોને કાઢી દઇ સત્સગ વગેરેથી સદ્ગુણોનો વધારો કરવો ઇન્દ્રિઓને આધીન ન થતા ઇન્દ્રિયો પોતાને આધીન કરી લેવા પોતાના મનના સારા વર્તનની કે પોતાના શ્રેષ્ઠ માર્ગની પોતાનેજ ખબર હોય એમ રાખવુ પાસે છતા પણ શત્રુઓ તેજથી દૂર દેખે એવો પ્રતાપ વધારવો પોતાના શત્રુ ઉપર પણ નિરતર દયાળુ રહેવુ નિ ચાર્યાવિના અને કારણવિના નિર્બળસાથે પણ વિરોધ ન રાખવો પોતાના પરાક્રમ અને પોતા તરફના ભયથી થવાના કે થતા અપરાધથી શત્રુઓ સદૈવ ભય પામ્યા કરે એવો પ્રતાપ વધારવો ગુપ્ત ચરોથી લોકોના અદરના અને બહારના વૃત્તાત જાણી લેવા વૃત્તાત જાણીને રાજ્યમા જોઇતો સુધારો કરવો પણ રાગદ્વેષ લાવવો નહિ બીજા રાજ્યોમા પોતાના ચારલોકો મોકલી ત્યાનુ વૃત્તાત જાણી લઇ તેનાથી પોતાને પરાભવ ન થાય તેની યોજના રાખવી બળીઆ તથા નબળાઓસાથે પણ મિત્રતા વધારવી ન્યાયમા નિરતર પ્રીતિ રાખવી અન્યાયપર ચાલતા પોતાના કુમારને શિક્ષા આપવી અને ન્યાયથી ચાલનાર શત્રુને પણ શાબાશી આપવી પ્રતિપક્ષીઓ પણ પોતાના ન્યાય, નીતિ અને પરાક્રમથી મનમા વાહવાહ કરી જાય તોજ રાજ્ય કર્યુ તે સાર્થક છે એમ સમજવુ પોતાના રાજ્યમા પોતાની આજ્ઞા સર્વ લોકો યથાસ્થિત પાળે અને સમયપર બીજા રાજ્યની પ્રજા પણ પાળે તેની ગોઠવણ રાખવી પોતાના સારા અને સુખ આપનારા કામોથી સર્વ લોકને રાજી કરવા દૃઢ રીતે ઉત્તમ નિયમો પાળવા દેવ બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા અને પ્રીતિ રાખવી વૃદ્ધ ગુરૂજનોને આદર આપતા રહેવુ અને પોતાની પ્રતિજ્ઞા બરાબર રીતે પાળવી દીન પ્રાણીઓને પોતા તરફથી સુખ થાય અને આશ્રય મળે તેમ કરવુ સર્વને યોગ્યતાપ્રમાણે માન આપવુ રક ઉપર પણ અત્યત પ્રેમ તથા દયા રાખવી પરસ્ત્રીઓ ઉપર માતાસમાન દૃષ્ટિ રાખવી પોતાની સ્ત્રીને પોતાના અરધા અગ બરાબર ગણી તેનો યોગ્ય સત્કાર કરવો પારકા ધનને માટી જેવુ જાણવુ પ્રજા ઉપર જેમ પિતા વરતે તેમ પોતાના રૈયત ઉપર પિતાની પેઠે વર્તવુ જ્ઞાની આત્મવેત્તા પુરૂષોની પાસે દાસ જેવા થઇને રહેવુ સર્વ પ્રાણીઓને આત્માના જેવા પ્રિય થવુ પોતાના સ્નેહી વધારવા અને મિત્રોના સુખમા વધારો

કરવો. સમય મહા અમુલ્ય છે એમ સમજી તેને મિથ્યા રમત-ગમતમાં ન જવા દેવો. નિરંતર વૈરાગી લોકોનો સમાગમ શ્રેષ્ઠ માનવો. સ્ત્રિયોની વાતો કરનારા કે અવળે માર્ગે ચાલનારા આપસ્વાર્થી લોકોને પાસે પણ આવવા ન દેવા. સર્વ પ્રાણીઓપર દયા રાખીને દુષ્ટ લોકોને યમરાજાના સરખો ભય ઉપજાવનાર થવું. સર્વના અંતર્યામી આત્માને એકરૂપે ઓળખવા, અને જેણે ઉત્તમ રાજ્યપદ આપી અનેક કલ્યાણનાં કાર્યો કરવાની યોગ્યતા આપી છે તેનું નિરંતર સ્મરણ કર્યા કરવું. પોતાના રાજ્યનું પાલન કરતાં લોકો ના પાડ્યા છતાં પોતાની મેળે રાજી થઇ ભેટો આપે તોપણ તેને પાછી વાળી જોઇએ તેટલીજ ગ્રહણ કરવી. પૃથ્વીમાં સારાં અન્ન પાકે તેવી ગોઠવણો કરાવવી. પાછળના વંશજો પણ પોતાના પરાક્રમને સંભારે તેમ કરવું. અનેક ધર્મનાં કર્મ કરી પ્રજાના હિતમાટે મોટાં બાંધકામો તથા પાણીનાં નવાણો વિગેરે રચાવી કીર્તિ અમર કરવી, તથા અવસ્થા થયે સઘળો કારભાર અધિકારી ઉપર નાંખીને ફરીને આ સંસારમાં ન આવવું પડે એવો મહાત્માઓ પાસેથી બોધ લેવો. આ શિવાય પણ જે કાંઈ સદાચરણો કે સારી રીતિથી રાજ્ય ચલાવનાર રાજાઓનાં દૃષ્ટાંતો જોઇએ તેટલાં આપણાં શાસ્ત્ર-પુરાણો વિગેરેમાંથી નીકળે છે. માટે જેટલો બોધ લેવો હોય તેટલો લઇ શકાય છે.

सार समजवानी एक रीत.

ઇશ્વરકૃપા હશે તેથી ઘણા ઘણા આગળ-પાછળના ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન કાળના દાખલાઓ જોઇને મારા મનમાં સમજણ આવી છે, કે જે લોમ-વિલોમ ગતે ક્રમ વગરજ મનમાંથી બહાર કાઢી નાંખું છું. આ સર્વ જગત્ પરમાત્માનું સ્વરૂપ છે, અને એની સત્તાથી ઉત્પન્ન થયા જેવું દેખાય છે. એ જગત્નો કોઇ ભાગ પરમાત્માવિનાનો ખાલી નથી. પરમાત્મા પરમેશ્વરનું સ્થૂળ રૂપ જોવાને ઇચ્છા કરિયે તો દેખવામાં આવતું આ જગતજ તેરૂપ છે. આ ઇશ્વરનું જગત્ પાણીમાં તરંગની પેઠે ઇશ્વરમાં રહેલ છે. એ પરમેશ્વરથી દેખાવામાત્ર અથવા માનવામાત્રજ ભીન્ન છે એ જગતમાં દેખવામાં આવતા પદાર્થોમાં સંબંધ અને સ્વાર્થને લઇને મન એક વળી પોતાનું જુદુંજ જગત્ ઉત્પન્ન કરે છે. દેખવામાં આવતું ઇશ્વરનું જગત્ બંધન નથી કરતું પણ મનનું જુદું માનેલુ જગત્ જેમ કે એકજ પુરૂષજાતમાં દીકરો, ભાઇ, ભા-

ણેજ એવા માનવાપણાથી તે બંધનકારક થાય છે, કેમકે તે મમતાથી થયેલુ હોય છે એ પ્રમાણે બવન કરે છે તેથી જીવને રાગ દ્વેષ, સુખ દુ ખ અને હર્ષ શોકથી થતા જન્મ મરણરૂપ સસાર થાય છે તે સસારમા બધ કે મોક્ષ એ પોતાના મનના દૃઢનિશ્ચય ઉપરથી થાય છે, માટે મનમાથી ઉત્તમ પ્રકારના દૃઢનિશ્ચયો બાધવા આ સસારમા કોઇ કોઇને કોઇ પ્રકારે કામ લાગતુ નથી પોતાનુ મનજ પોતાને કામ લાગે છે અને ખરી સહાયતા કરનાર અથવા વિવેકવિચાર ન હોય તો મહાવિપત્તિ આપનાર મનજ છે જેમા પોતાને સુખ થાય તેમાજ મન પ્રિયપણુ માને છે પોતાને જે પ્રિય ન લાગે તેમા પ્રિયપણુ માનતુ નથી એ સત્ય પ્રિયપણુ અતરમા પરમાત્માનુજ છે જેમ નિરાટરૂપે ભાસતા જગતનુ દેખાવાપણુ અને તેમા બનતા અસખ્ય વ્યાપારો એ પરમાત્માની સત્તાથી સ્ફુરે છે તેમજ આ શરીરના વ્યાપારો અને સબધો પણ એનીજ સત્તાથી સ્ફુરે છે શીખા વગરના દીવાની પેઠે એકાગ્ર રહેવા મનમા સુખરૂપ આત્માનો અનુભવ થાય છે તે સમયે ભેદભાવ રેહેતો નથી મન ચ ચળ હોય તો અથવા બીજા વિકારોથી ડોળાઇ ગયુ હોય તો તેમા આત્માના આનદનો અનુભવ થતો નથી હલતા પાણીમા સૂર્યનુ પ્રતિબિબ અને મેલા અરીસામા આપણુ મોઢુ કેમ દેખાય ? જે સર્વવ્યાપક પરમાત્મા છે તેજ સર્વમા એકરૂપ રહેલો છે, માટે પોતામા અને પરમા સમાનદૃષ્ટિ રાખવી કોઇને દુ ખે દુ ખી અને કોઇને સુખે સુખી થવુ પોતાને લાગે તેવુજ પરને લાગે છે માટે કોઇને પણ દુ ખ થાય તેમ કરવુ નહિ સર્વમા સમાનપણુ જોવુ એજ ખરૂ દેખનાપણુ છે આ જગતમા આ પથ્થર, પાણી, મનુષ્ય વિગેરે ભેદ બુદ્ધિમા આવે છે ત્યાસુધી સર્વ પ્રાણીઓપર દયા અને પરોપકાર નિરતર કરવો જોઇએ જે બીજાનુ ભલુ તેજ પોતાનુ ભલુ અને જે બીજાનુ ભુડુ એજ પોતાનુ ભુડુ સમજવુ જોઇએ જો નથી તો કાઇ નથી અને છે તો જે કહીયે તે છે કાઇ નથી એવી દૃષ્ટિ થઇ જવાની દશા બહુ કઠણ છે ત્યાસુધી સમગ્ર છે એવી દૃષ્ટિથી, દાન, દયા, ઇશ્વરારધિન, વિગેરેમા ભાવ રાખવો જોઇએ સારા નરસાનો તથા ખરા ખોટાનો વિવેક રાખીને સદાચરણ શુ કેહેવાય તે ઓળખીલઇ તે પ્રમાણે ચાલવુ નીતિ ઉપર નિરતર પ્રીતિ રાખવી કામ, ક્રોધ, લોભ વિગેરેમા મનને જવા દેવુ નહિ સસારના સબધમા શરીરના સબધ પ્રમાણે મમતા બાધીને શરીરસબધી ધર્મો યથાર્થ પાળવા શરીરનો સબધ, ઉત્પત્તિ અને સ્વસ્થતા નિષ્ફળ કરવામાટે મળેલ નથી જે સમજણ પોતાને અને પરને લાભ કરે તેજ ખરી સમજણ છે બીજી સમજણ એ

અણસમજણજ છે. સઘળા લોક કાંઇ આ પ્રમાણે નથી સમજતા તેથી બીજા તરફથી તથા આરંભોમાં વૃત્તિને હર્ષ શોક થવાનો સંભવ રહે છે તો તેવા પ્રસંગે ઇશ્વરેચ્છા માનીને વૃત્તિને વ્યથિત થવા દેવી નહિ. પ્રાણી-પદાર્થ કલ્પ્યા તો તેને પછી પ્રારબ્ધ વિગેરેથી પરતન્ત્રતા તો છેજ. એ પરતંત્રતાથી થતાં દુઃખોમાં દુઃખિત થવું નહિ અને સુખોમાં આસક્ત થવું નહિ. ભમરાની પેઠે સર્વમાંથી સાર લેતાં સદુપદેશ અને શાંતિના ઉપાયો શોધતાં રેહેવું સદાચારમાં, સદ્વિચારમાં, પરોપકારમાં, ધર્માચરણમાં અને ઇશ્વરમાં જેવી રીતે કીડો ભમરીમાં એકવૃત્તિ થઇ જાય છે તેમ એકવૃત્તિ થઇ જવું. જેને યોગ્યતા અને સદ્વિચાર પ્રાપ્ત થયેલ છે તે મનુષ્યને કર્તવ્ય ઘણું છે કે જે આખા આયુષ્યમાં પૂરૂં થઇ ન શકે, માટે આળસ મેલીને પોતાના કર્તવ્યમાં કુશળ રેહેતાં લોકોપયોગી થવું. સંસારના સારા-માઠા ગણાયેલા પદાર્થો, અને શરીરના સારા-માઠા ગણાયેલા વિકારો, એ એકેય નિરૂપયોગી નથી માટે તેનો સદુપયોગ કરતાં શીખવું એ આપણુંજ કામ છે. પોતે પોતાની મેળે સુમાર્ગ શોધવો. પોતે પોતાને તારનાર હોવાથી બીજાનો આશ્રય નકામો છે જે કાંઇ સારા-માંઠા ભાવો દેખવામાં આવે તેમાં હર્ષ-શોક કાંઇ રાખવો નહિ પણ વાયુની પેઠે સમાન રેહેવુ. કદિ શરીરના કે અંતઃકરણના ધર્મથી થાય તોપણ અનાસક્તિથી થયેલા હોવાથી અતિ હાનિ કરતા નથી. જ્યાંસુધી આસક્તિવિના પણ હું અને તમે એવી ઓળખાણ છે ત્યાંસુધી પ્રારબ્ધ અને ઉદ્યમ બેયને અંગીકાર કરી આળસને છોડી દેવું. જે કાંઇ છે તે મિથ્યા છે, તોપણ પોતાના શરીરનું પોતાને ભાન છે ત્યાંસુધી, ઇન્દ્રિયોને પોતાને આધીન રાખવાં. મન કે જે વાંદરાંના જેવું ચંચળ છે તેને સદ્વિચારરૂપ ખીલે બાંધી રાખવુ. કોઇ કોઇ પ્રકારનું દુઃખ આપે તે સહન કરવું. પવિત્રતા રાખવી. પોતામાં સર્વ પ્રકારની શક્તિ હોય તોપણ અપરાધી ઉપર ક્ષમા રાખવી, આપણી નિંદા કરીને કોક ભલે રાજી થાય પરંતુ આપણે કોઇની નિંદા ન કરવી. જગતના સઘળા વૈભવો સ્થિર રેહેવાના નથી. તેમાં આપણું પોતાનું આપણે ભોગવિયે એટલુંજ છે બાકી તો જે ભોગવે તેનું છે. પરિણામે તો શરીર પણ ક્યાં આપણું છે. આપણે આપણી મમતાથીજ સર્વ આપણું માન્યુ છે વ્યવહારદૃષ્ટિમાં આ આપણુ અને પારકું એમ માનવુંજ પડે. પરમાર્થદૃષ્ટિમાં આપણું પારકું કાંઇ નથી. પરમાર્થદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિની કલ્પનાઓ અવિવેકીઓ એક કરી દે છે પણ સમજુ માણસે તેમ કરવું યોગ્ય નથી. વ્યવહારદૃષ્ટિમાં જે જે વ્યાવહારિક આશાઓ બાંધવામાં આવે છે તે સર્વ માણ-

સોની એ નગખી ીને પૃ ી નતીન નવી કોઇની ગોડાક પૃ ી થાય છે અને કોઇની આવ અધુરી રહે છે અનુ ા રહેની અને ગનનચ હૃદયની આ ાઓ ગોપ વગર ાા પણ સદૃસ્ય આ ામને ગ ામુક્તીનુ કારણ થઇ પડે છે અને ગો ાના ા આ ામને વંગ થવુ કાર ા થ પડે છે એ વિષય પરાધીનતાનો અથવા પ્રારબ્ધ ન પડે તેનો છે તથા ભવિતવ્યતામા મનુષ્યપ્રયત્ન કા ાગ નથી લાગતુ તેમ વર્મ તથા અર્થ મ ગ ની ગાધના મુનિચાગે પણ સ્વમ ગાન થ જાય છે તો તે ા તેને સ્વમ ગાન નમજી ગમ ાના ન લાવવા એ સિવાય બીજો કો ઉપાય નથી, કેમકે આત્મસમ્માન નુ નથી વ્યવહારના કામોમા વ્યવહારદૃષ્ટિની જરૂર છે અને પરમાર્થના કામોમા તથા મહાઆપત્તિને નમયે પરમાર્થદૃષ્ટિની જરૂર છે છેવટ વિચારી જોતા પરમાર્થ અને વ્યવહાર કેટલેક અંગે આપણને આધીન છે જેટલે અંગે આધીન હોય તેટલે અંગે તેને સુધારી લેવા એ આપણુ કામ છે જે શક્તિ આ અવતારમા મળી છે તે શક્તિ ફરીને નવી મળવાની, ા ે તેનો યથાર્થ ઉપયોગ કરીને સફળ ક ની સર્વ કોઇ આપ ાા હિત ગગાગ છે પણ આપ ાા કોઇ વિરોધી નથી એટલામાટે અને તેટલી આખા જગતના કલ્યાણમાટે પણ નિરતર કાળજી રાખની સર્વ પ્રકારના સાર આચરણોથી પોતાનુ કલ્યા ા મેળવી લેવાનું છે એ કલ્યાણ આત્માનિનાશ જે બીજા અસત્ પદાર્થો છે તેમાં વૈરાગ્ય અને નિર્ગુણ નિર્વિકાર જે આત્મા છે તેમા પ્રીતિ ખ્યાવિ ા બીજા કોઇ ઉપાયોથી થઇ શકતુ ાી એમ પ્રત્યક્ષ જણાય છે આને માટે ર્વ સગનો ત્યાગ અને શાસ્ત્રસગ તથા સત્સગની આવશ્યકતા છે એમા પણ મનની િ ાળતાની જરૂર છે સર્વ સમુદાયમા રહેતા છતા પણ મન એકાગ્ર થાય તો ાિ ગ થવાય અને એકાતમા રહેતા છતા મન વિક્ષેપવાળુ રહેતો સગવાળુ થવાય છે નાગન કે મન નિર્વિકારી થઇ જાય એવુ વ્યાખ્યાનના બળથી કરી લેવુ જોઇએ મન િવિ ારી થયુ તેને પોતાના નિજસ્વ સ્વરૂપની પ્રાપ્તિ દૂર નથી ધર્મના કામોના અને ઇશ્વરની ભક્તિના શ્રદ્ધા ખવાથી, જે ગજી રહે તેના ધર્મ પાળવાથી, જ્ઞાનમાર્ગ ાા નના વિચાર જ્ઞાનાના ા ખવાથી, બોધ થ ાના સાધનોમા નિષ્ઠા ખવાથી, યોગી લોકોની સેવાથી, પરમેશ્વરના અવતારોની પવિત્ર કથા નિત્ય સાભ ાથી, ધન અને કામનાના લાગેવાગોની સાથે સમાગમની ઇચ્છા મૂકી દેવાથી, ધન અને વિષયાદિકના આસક્તિ છોડી દેવા ાી, એકાત સ્થળમા રહેવાની પ્રીતિ રાખવાથી, પોતામાજ સતોષ રાખવાથી, કોઇને પણ પીડા નહિ ક વાથી, વૃત્તિમા શાતિ વગેરે સુજ્ઞ ગુણોનુ સપાદન કર

વાથી, પોતાનાં હિતનો વિચાર કરવાથી, ભગવાનની લીલાનું સ્મરણ કરવાનાં સુખથી, નિષ્કામપણે યમ અને નિયમ પાળવાથી, કોઇની પણ નિંદા નહિ કરવાથી, યોગક્ષેમનેમાટે ઉદ્યમ કરવાનું છોડી દેવાથી, સુખદુઃખાદિક જોડાયેલા ધર્મો સહન કરવાની ટેવ પાડવાથી, અને ભક્તોના કાનને આનંદ આપનારૂ ભગવદ્ગુણનું વર્ણન થતાં વધતી જતી ભક્તિથી કાર્યકારણરૂપ સઘળા જડ પદાર્થોમાં વૈરાગ્ય અને નિર્ગુણ સ્વરૂપમાં પ્રીતિ અનાયાસે થાય છે. ગુરૂની સેવા કરનાર પુરૂષને પરમાત્મામાં સાચેસાચી પ્રીતિ થાય ત્યારે અરણીથી ઉત્પન્ન થતા અગ્નિથી અરણીની પેઠે જ્ઞાન અને વૈરાગ્યના જોરથી તેના પંચભૂતરૂપ અને અવિદ્યા વિગેરે પાંચ ક્લેશરૂપ[1] લિંગશરીર પાછો કોંટો ન ફુટે એવી રીતે બળી જાય છે. લિંગ શરીરનો નાશ થવાથી તેના કર્ત્તાપણું અને ભોક્તાપણું વગેરે સઘળા ગુણો છુટી જતાં દૃશ્ય અને દ્રષ્ટાનો ભેદ જે પ્રથમ જણાતો હોય તે મટી જાય એટલે પુરૂષ, જાગેલો જેમ સ્વપ્ન અવસ્થાના પદાર્થોને પણ દેખે નહિ તેમ પોતાથી બહારના ઘટાદિક પદાર્થોને અને અંદરના સુખદુઃખાદિક પદાર્થોને પણ દેખે નહિ. દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ અંતઃકરણનેલીધેજ જણાય છે, કેમ કે જાગ્રત અને સ્વપ્નમાં અંતઃકરણ હોવાથી પોતે જોનાર, જોવાના પદાર્થો અને તેઓનો સંબંધ કરનાર અહંકાર જોવામાં આવે છે, પણ સુષુપ્તિમાં અંતઃકરણ નહિ હોવાથી તે કશું જોવામાં આવતું નથી. દૃષ્ટાંત જોઇએ તો જગતમાં પણ પાણી કે આરીસો વગેરે હોય તોજ પોતાનો અને પોતાના પ્રતિબિંબનો ભેદ જોવામાં આવે છે, પણ પાણી કે અરીસો વગેરે ન હોય તો તે ભેદ જોવામાં આવતો નથી. વિષયોનું આસક્તિથી સ્મરણ કરનારાઓની ઇંદ્રિયોને વિષયો ખેંચી જાય છે અને ઇંદ્રિયો મનને ખેંચી જાય છે અને મન, બુદ્ધિમાંથી વિચાર કરવાની શક્તિને હરી લે છે. કાંઠે ઉગેલું દર્ભ વગેરેનું થુંબડું પોતાનાં મૂળેકરીને જલાશયમાંથી પાણીને ખેંચતું જાય છે પણ તે વાતની જેમ અવિવેકી માણસને ખબર પડતી નથી, તેમ ઉપર કહેલું ઇંદ્રિય વગેરેનું ખેંચાણ થવાની પણ ખબર પડતી નથી. બુદ્ધિમાંથી વિચાર કરવાની શક્તિ હરાઇ જાય એટલે તેને પછવાડે આગળ-પાછળનું સ્મરણ જતું રેહે છે અને તે સ્મરણ જાય એટલે

---

૧ અવિદ્યા, અસ્મિતા રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાચ ક્લેશ કેહેવાય છે, સ્વરૂપનું વિસ્મરણ થવું તે અવિદ્યા. દેહને હું છુ એમ માનવુ એ અસ્મિતા. દેહાભિમાનથી દેહને અનુકૂલ પદાર્થોમા પ્રીતિ તે રાગ પ્રતિકૂલ પદાર્થો ઉપર અપ્રીતિ તે દ્વેષ. અનુકૂલ પદાર્થોનો નાશ થતા પોતાનો નાશ માની બેસવાનુ અભિમાન તે અભિનિવેશ.

જ્ઞાન પણ જતુ રહે છે એ પ્રમાણે થવા દીધુ એટલે પોતાને હાથેજ પોતાની ખરાબી કરી કહેવાય છે જે આત્મા ઉપરના પ્રેમનેલીધે બીજુ સઘળુ પ્રિય લાગે છે તે આત્માની પોતાને હાથેજ ખરાબી કરનાથી જે સ્વાર્થની હાનિ થાય છે તેના જેવી બીજી કોઇપણ જગતમા સ્વાર્થની હાનિ સમજવી નહિ ધન અને કામની તૃષ્ણા રાખવી એ મનુષ્યોના સઘળા પુરૂષાર્થની હાનિ છે એમ સમજવુ, કેમ કે એ તૃષ્ણા રાખવાથી શાસ્ત્રનુ જ્ઞાન અને સ્વરૂપનો અનુભવ ભ્રષ્ટ થઇ જતા અજ્ઞાનનો અવતાર આવે છે તીવ્ર સસારરૂપ અધારામાથી પાર પામવાને ઇચ્છનારા પુરૂષે સગ કે જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરૂષાર્થોને અત્યત નાશ કરનાર છે તે કદીપણ કરવો નહિ જોઇએ એ ચારે પુરૂષાર્થોમા પણ મોક્ષ સર્વોત્તમ પુરૂષાર્થ ગણાય છે, કેમકે બાકીના ત્રણમા નિરતર કાળનો ભય રહ્યા કરે છે સૃષ્ટિમા આપણાથી તે છેક બ્રહ્માદિક સુધી જેઓ ઉત્પન્ન થએલા છે તેઓના મનોરથને કાળ તોડી નાખે છે તેથી કોઇને પણ ખરૂ સુખ નથી અનાત્મ (જડ) વસ્તુમા આસક્તિ રાખવાથી અનર્થ થાય છે એટલામાટે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, બુદ્ધિ અને અહકારથી વીંટાએલા સ્થાવર જગમોમા અતર્યામીરૂપે પ્રત્યક્ષ અને દેશ, કાળ તથા વસ્તુના માપથી રહિત જે પ્રકાશે છે અને અતવૃત્તિથી જે જણાય છે તે ચૈતન્ય હુ છુ એમ જાણવુ વિવેક પ્રાપ્ત થતા ટળી જનારુ આ ઉચ નીચ અને કાર્ય કારણરૂપ જગત્ જેમ માળામા સર્પની પેઠે ખોટુજ દેખાય છે તે પરબ્રહ્મ કે જે નિત્ય મુક્ત, શુદ્ધ, જ્ઞાન સ્વરૂપ સત્ય, અને કર્મથી મેલી થએલી માયાનો પરાભવ કરનાર છે તેને તે સ્વરૂપે રહેલ છે જેમા છ ઇન્દ્રિયોરૂપ ગ્રુડ છે એવા આ સસારરૂપ સમુદ્રને જેઓ યોગાદિક સાધનથી તરી જવાને ઇચ્છે છે તેઓને ઘણો પરિશ્રમ પડે છે, એટલામાટે ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યને વહાણરૂપ કરી આ દુસ્તર અને દુ ખરૂપ સસારસમુદ્રને તરી જવુ

માપમા ન આવે એવા દેવ પરમેશ્વર કે જેમની આજ્ઞાને બધા લોકપાલ અને સદાશિવ પણ પરતત્રપણાથી માથે ચડાવે છે, એ ઇશ્વર ધાર્યુ છે તેને તપથી, વિદ્યાથી, યોગના જોરથી, બુદ્ધિના બળથી, ધનથી, ધર્મથી, પોતાથી કે કોઇના આશ્રયથી તોડવાને કોઇપણ પ્રાણી સમર્થ નથી ગીત જન્મને માટે, મરણને માટે, કર્મ કરવાને માટે, તથા નિરતર શોક, મોહ, ભય, સુખ અને દુ ખ ભોગવવાને માટે ઇશ્વર જેવો આપે છે તેવોજ દેહ જીવને ધારણ કરવો પડે છે પણ તેમા ફેરફાર કરી શકાતો નથી, માટે દેહની પ્રાપ્તિ થવામા પરતત્ર છે કર્મ કરવામા પણ પરતત્ર

છે; કેમ કે સઘળા તેમની વેદવાણીરૂપ દોરીમાં ગુણ અને-કર્મ ઉપરથી ઠરેલી બ્રાહ્મણાદિક જાતિઓના દૃઢ અભિમાનથી બંધાઇને નાથેલા બળદો જેમ ખેડુની મરજી પ્રમાણે કામ કર્યા કરે તેમ આપણે ઇશ્વરની મરજી પ્રમાણે કામ કરીએ છિયે. ભોગમાં પણ આપણે પરતંત્ર છિયે, કેમ કે ઇશ્વરે ગુણ અને કર્મના અનુસારથી આપણને જે દેહ આપ્યો છે તે માન્ય રાખીને તે ઉપરાંત પણ, દેખતા માણસે દોરી જવાતા આંધળાની પેઠે સુખ અથવા દુઃખ-જે ઇશ્વર આપેછે તે પણ આપણને કબુલ રાખવું પડે છે. આ સઘળું અજ્ઞાનીને વાસ્તેજ છે પણ બ્રહ્મવેત્તાનેવાસ્તે નથી એમ સમજવું નહિ; કેમ કે જીવન્મુક્ત પુરૂષને પણ પ્રારબ્ધ ભોગવવાસારૂ જ્યાંસુધી પ્રારબ્ધકર્મ હોય ત્યાંસુધી દેહ ધરી રાખવો પડે છે. જેમ જાગેલા માણસને સ્વપ્નમાં દીઠેલા પદાર્થનું સ્મરણ રહે પણ તેમાં અભિમાન થાય નહિ તેમ જીવન્મુક્તને પણ માત્ર આ દેહનું સ્મરણ રહે પણ તેમાં અભિમાન બંધાય નહિ અને એ જીવન્મુક્ત ભોગની વાસનાથી બીજો દેહ આપનારાં કર્મ પણ કરે નહિ. ઘરનો ત્યાગ કરી વનમાં જવાથીજ મોક્ષ થાય છે એમ કાંઇ નથી; કેમકે ગાફલ માણસ વનમાં ભટક્યા કરતો હોય તોપણ તેને ઇન્દ્રિયોરૂપી છ શત્રૂઓ ભેળાજ હોવાથી વિષયોના સંગરૂપી ભય પ્રાપ્ત થાય છે, અને જે વિદ્વાન-માણસ જિતેંદ્રિય તથા આત્મારામ બનીને ઘરમાં રેહે તેનું ગૃહસ્થાશ્રમ પણ શું બુડુ કરે છે? (કશુંય બુંડું કરતો નથી.) જેને, ઇન્દ્રિયોરૂપી છ શત્રૂઓને જીતવાની ઇચ્છા હોય તેણે પ્રથમ ઘરમાં રહીને તે વાતનું યત્ન કરવું જોઇએ; કેમકે કીલ્લાના આશ્રયથી જે રહ્યો હોય તે મોટા શત્રુઓને પણ જીતી શકે છે. ઇન્દ્રિયોને વિષયોમાં જતી એકદમ રોકીએ તો તેમાં ઘણી અડચણ પડે પણ અનુક્રમથી રોકીએ તો સુગમ પડે. એ અનુક્રમથી રોકવું ઘરમાં રહીનેજ બની શકે માટે ઘરમાં રહી ધીરે ધીરે ઇન્દ્રિયોને વશ્ય કરતાં તે પરિપૂર્ણ રીતે વશ્ય થઇ જાય એટલે પછી શત્રુઓ ક્ષીણ થઇ જતાં રાજા જેમ ઇચ્છામાં આવે ત્યાં ફરે તેમ વિદ્વાન માણસ પણ લોકોમાં અથવા વનમાં ગમે ત્યાં વિચરે. આ ઘરરૂપી કિલ્લાનો આશ્રય કરવાનું કહ્યું તે પામર માણસોને વાસ્તેજ છે પણ ભગવાનના ચરણારવિંદરૂપી કિલ્લાના આશ્રયથી ઇન્દ્રિયોરૂપી છ શત્રુઓને જીતનારાવાસ્તે નથી. તોપણ ઇશ્વરે આપેલા વૈભવ ભોગવીને પછી સંગમાત્રનો ત્યાગ કરી સ્વરૂપમાં સ્થિતિ કરવી યોગ્ય છે.

सौजन्य अथवा सुजनता

સૌજન્ય એનો ઉચ્ચાર થતાંજ સદ્ગુણ કોઇ તેનું સ્વરૂપ જાણી શકે છે. આ સામાન્ય શબ્દાર્થ તેનો સારમાણસાઇ એટલો થાય છે. એ શબ્દમાં ઘણા ગુણનો સમાવેશ થાય છે અને તેનું અધિકારી મનુષ્ય પ્રાણી છે. જગતમાં જે જે પદાર્થો અને ગુણો સમજાયેલા છે તેમાં સારો અને નરસો એવા બે ભેદ હોય છે. તેમાં જે સારો ભેદ હોય છે તેની નિરંતર દુર્લભતા હોય છે અને નરસો ભેદ હોય છે તેની સુલભતા હોય છે. અહીં મથાળે લખેલા સૌજન્ય અથવા સુજનતાવિષે વિચાર કરિયે તો તેને સર્વપ્રકારે શ્રેષ્ઠ ગુણ ગણવામાં આવ્યો છે અને તેનાથી વિરુદ્ધ ગુણ દૌર્જન્ય અથવા દુર્જનતા એ નઠારો ગણવામાં આવ્યો છે. જે જે ગુણ અથવા પદાર્થ થોડે પ્રયત્ને સહજમાં મળી શકે તે સુલભ કહેવાય છે અને ક્રમેકરી ઘણે પ્રયત્ને પણ માંડમાંડ મળી શકે તે દુર્લભ કહેવાય છે. આમ છતાં પણ કોઇ કોઇ સમયે સુલભ ગુણ પદાર્થો કોઇ કોઇને દુર્લભ થાય છે અને દુર્લભ ગુણ પદાર્થો પણ સુલભ થાય છે. આ તો માયાની વિચિત્રતા છે. માટે સર્વ ગુણ પદાર્થોની નિરંતર સુલભતા કે દુર્લભતા ગણી લેવાય નહિ. એટલું તો ખરૂં કે સારા ગુણ પદાર્થોની સુલભતા લાભકારક છે, પરંતુ નઠારા ગુણ પદાર્થોની તો દુર્લભતાજ લાભકારક છે. આ વાત આપણા સ્વાધીન થી નહિ હોવાથી જે સમયે જેનો ઉદય અસ્ત તે સમયે તેનો અનુભવ કરતા રહેવું પડે છે. જેવી રીતે જગતના પદાર્થો એકબીજાથી ચડીયાતા અને દુર્લભ હોય છે તેમતેમ તેનું મૂલ વધારે હોય તેવી રીતે જગતમાંહેના ગુણો પણ જેમજેમ એકબીજાથી ચડીયાતા અને દુર્લભ હોય છે તેમતેમ તેનું મૂલ પણ વધારે હોય છે. સાર્વજનિક રીતે જે દુર્લભ અને મૂલવાન્ છે તેજ ખરેખર દુર્લભ અને મૂલવાન સમજવું. મનુષ્ય પ્રાણીના સઘળા ગુણોમાં સૌજન્યતારૂપ સદ્ગુણ સર્વોત્તમ છે, પરંતુ સર્વને માટે તે ઘણોજ દુર્લભ છે. કોઇ મહા ભાગ્યશાળી હોય તેનેજ તે સુજનતા પ્રાપ્ત થાય છે. તે સુજનતા જેને મળી તેજ ભાગ્યશાળી, તેજ વિદ્વાન તેજ સત્કુળ જન્મવાળો અને તેજ પરમ પવિત્ર છે. સુજનતા પ્રાપ્ત થાય છે ત્યારે કીર્તિ, તેજ, પ્રતાપ કે વિચારને જોઇને પ્રાપ્ત નથી થતી, પણ સુજનતાને પછવાડે તે ગુણો તણાઇ આવે છે. અમુક કુળ, જાત અથવા કે વર્ણમાંજ સુજનતા નિવાસ કરે એવો પણ કાંઇ નિશ્ચય નથી. ઘણું કરીને તેને એકાંતમાં રહેવાનુંજ બહુ ગમતું હોય તેમ કોઇ ખુણે ખોચકે રહેનાર સાધનમાત્ર તે વાસ કરે છે. તેથી તે

પ્રસિદ્ધમાં ક્યારેકજ આવે છે. જગતમાંહેના ગમે તે મનુષ્ય પ્રાણીના ભાગ ઉપર દૃષ્ટિ કરશું તો સુજનતાની ચારેકોરે ન્યૂનતા દેખાશે. દેશકાળના પ્રબળથી ક્યાંઇ તે ગુણનો વધારો-ઘટારો જણાય છે તોપણ ઘણુકરીને સર્વસ્થળે તેની ખોટજ સમજવી. સત્વગુણ તેને બહુ વાલો હોવાથી સાત્વિકી વૃત્તિના માણસમાં રેહેવાનું પસંદ કરે છે અને તે ગુણવાળાની ન્યૂનતા હોવાથી તેની પણ ન્યૂનતા રહે છે. રૂપું, સોનું, માણેક, મોતી અને હીરા વગેરે મહા મૂલ્યના પદાર્થો ઘણા ઉદ્યમોથી વખતે મેળવી શકાય છે પરંતુ સુજનતા તો એવી દુર્લભ છે કે ગમે તેટલા ઉદ્યમથી પણ મેળવી શકાતી નથી. આમ હોવાથી મોંઘામાં મોંઘા પદાર્થો કરતાં પણ તે મોંઘી અને દુર્લભ છે. કાળજાતુટ મેહેનત કરવાથી માણસ કેળવાઇને કળાવાન્ કે વિદ્વાન્ હજી પણ બની શકે છે, પણ સુજનતા તો તેમ કરવાથી પણ પ્રાપ્ત થતી નથી. તેથી જાણે સ્વભાવની સાથે મળેલી હોય એમ ભાસે છે વિદ્યાકળા અભ્યાસથી ક્રમેકરીને પ્રાપ્ત થાય છે. તે વિના તો મનુષ્યનું મનુષ્યપણું નથી રેહેતું, પરતુ તેમાં પણ જો સુજનતા હોય તો દુધમાં સાકર ભળ્યા જેવું થાય, પણ સુજનતા વિદ્યા-કળાને જોઇને પણ ક્યાં લલચાય છે? અનુભવી કહે છે કે '—

प्रकाममभ्यस्यतु नाम विद्या सौजन्यमभ्यासवशादलभ्यम् ।

વિદ્યા ખુશીથી ભણો પણ સુજનતા તો અભ્યાસથી પણ દુર્લભ છે, સારાંશ કે, અભ્યાસ કરવાથી વિદ્યા-કળા આવી શકે પણ સુજનતા આવી શકે નહિ. આમ થવાથી જગતમાં એક વધારે સંકટ પ્રાણીઓને પડયું, તે એજ કે સુજનતાની ન્યૂનતાથી દુર્જનતાની વૃદ્ધિ થવા લાગતાં અભ્યાસથી પ્રાપ્ત થયેલાં વિદ્યા-કળા દુર્જન લોકોને સુજનોના પરાભવમાટે ભારે હથીયારરૂપ થઇ પડયાં. આનેમાટે કાંઇ દાખલા જોવા જવા પડે એમ નહિ હોય. ઘણા વિદ્વાન્ અને કળાવાન્ આપણા કાને સાંભળિયે છિયે અને દેખિયે કે જેમાંના કેટલાકને પ્રજામાં જાહેર રીતે કોઇ ભાગ્યયોગથી માન મળતુ હશે કે તેનું નામ અમર રેખાતું હશે. તેવાઓ ગુપ્ત રીતે દુરાચારી, નાસ્તિક, ડોળઘાલુ, ધર્મકર્મથી ભ્રષ્ટ, સ્વતંત્ર બીજાજના, મહાક્રોધી, લોભી, દંભી, કુટુંબમાં ક્લેશ કરનારા, સંપનું ઉચ્છેદન કરનારા, અને ગુણમાં દોષ આરોપણ કરનારા હોય છે, કે જેને અપરિચિત લોકો ભાગ્યેજ જાણતા હોય છે. આ ઉપરથી સહજ જણાય છે કે વિદ્યા-કળા વગરે જેમ અભ્યાસથી આવે તેમ તે સુજનતા અભ્યાસથી નથી આવતી, નિકર એવા અભ્યાસીઓ એમ કોરા કેમ રહી જાય? આ ઉપરથી એમ શંકા

થાય કે સત્સગ કરવાથી મનુષ્ય સુજન છે, એ પ્રબળ વાક્ય નિરર્થક થશે તો તેમ ન સમજવુ અહી એમ સમાધાન કરી લેવુ કે જેમ માણસને મોત આવ્યુ હોય તો ગમે તેવા ઉપાયો કરતા પણ ઉત્પન્ન થયેલો રોગ મટતો નથી, પણ જો સાજો થવાનો હોય તો યોજેલા ઉપાયો તેમા સહાય કરે છે, તેજરીતે જો સુજનતા આવવાની હોય તો સત્સગ અને વિદ્યાવગેરે તેને સાધનરૂપ થાય છે પણ જો ન આવવાની હોય તો તે સાધનો ઘણીવાર નિષ્ફળ પણ જાય છે પુરૂષાર્થ ઉપર નજર કરિયે તો એમ પણ મનાય કે કોઇ કામ ઘણે પ્રયત્ને થઇ શકે એવુ હોય છે અને કોઇ થોડે પ્રયત્ને થઇ શકે તેવુ હોય છે, માટે જેનેમાટે જેટલુ પ્રયત્ન જોઇએ તેટલુ લઇ શકાય ત્યારેજ તે કાર્ય સિદ્ધ થાય છે તેજપ્રમાણે સુજનતામાટે તે મળે તેટલુ પ્રયત્ન થાય તો તે મળી શકે પણ તેટલુ પ્રયત્ન ન થાય એટલે ક્યાથી મળે? આમ હોવાથી સત્સગ આદિ સાધનો દોષિત થતા નથી કદી એમ પણ થાય કે સત્સગ આદિના બળથી સુજનતા આવે છે તોપણ તે કૃત્રિમ થઇ જવાથી સ્વાભાવિકના જેવો સતોષ આપનાર કે સત્કર્મ કરનાર થતી નથી કેવળ નાટકનો વેશ ભજવવા જેવુ બને છે નાટકમા સ્ત્રીનો વેશ લેનાર માણસનો તેવાજ પ્રકારનો તેનો પતિ મરી ગયાનો દેખાવ થતા જે રૂદન કરે છે તે લોકોના દેખાવામા માત્ર તત્કાળ સત્ય લાગે છે પણ તેના અતરમા લાગણી હોતી નથી, તેમ સાધનોથી આપડેની સુજનતા પણ બહાર દેખાય છે પણ પોતાના અતરમા ખરેખરી લાગણી આપતી નથી એમ માનવુ પડે છે સદ્ગુણો પ્રયત્ન છતા પણ ખસી જાય છે અને દુર્ગુણો પ્રયત્ન વિના પણ સ્થિર રહે છે એ માયાની વિચિત્રતા છે પાણી જેમ બધ બાધવાથી અટકે છે અને બધ છુટવાથી પાછુ ચાલ્યુ જાય છે તેમ કૃત્રિમ સુજનતા અભ્યાસના નિરતરપણાથી કદી નિરતર દેખાય છે પણ અભ્યાસ મદ પડતા પાછી પલાયન કરી જાય છે ખરૂ જોતા તો સગથી સુજનતા આવેજ છે એમ નિશ્ચયથી કહેવાતુ નથી કારણ કે—

असाधुसाधुर्वा भवति खलु जात्यैव पुरुषो
न सगाद्दौर्जन्य न हि सुजनता कस्यचिदपि ।
प्ररूढे ससर्गे मणिभुजगयोर्जन्मजनिते ।
मणिर्नाहेर्दोषान्स्पृशति न हि सर्पो मणिगुणान् ॥

(માણસ સારા અથવા નરસુ જાતિથીજ થાય છે પરતુ સારા કે માઠા સગથી સુજનતા કે દુર્જનતા કોઇને પણ થતી નથી કેમકે મણી અને સર્પના પરસ્પર

જન્મથી થયેલો કોઇ દિવસ ન મટે એવો સંગ હોવા છતાં પણ મણિ સર્પના દોષને લેતો નથી અને સર્પ મણિના ગુણને લેતો નથી.)

આવાં વાક્યો તો કર્ત્રિમ સુજનતાનો પણ અભાવ કરી નાંખે છે. પણ એવા દાખલાઓથી સત્સંગથી કાંઇ નથી થતું એમ નકી કરી બેસિયે તો વળી સત્સંગની પ્રબળતાને હાનિ પોહોચી જાય છે. જોકે સત્સંગની પ્રબળતા કોઇ સારા પાત્રમાંજ જોવામાં આવે છે, વધારે પ્રબળતા તો સત્સંગ કરતાં દુઃસંગનીજ છે, તો પણ નીચેના જેવાં વાક્યો સત્સગનું અતિશય પ્રબળ બતાવે છે. જેમ કે-

सत्संगात् भवति हि साधुता खलानां साधूनां न हि खलसंगमात्खलत्वं ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते मृद्गंधं नहि कुसुमानि धारयंति ॥

(ખળ માણસોને સત્સગવડે સાધુપણું આવે છે પણ સાધુ પુરૂષોને ખલના સંગવડે ખળપણું આવતું નથી. જેમ કે પૃથ્વીપર પડેલાં ફુલની સુગધ માટી ગ્રહણ કરે છે પણ માટીનો ગંધ ફુલ ગ્રહણ કરતાં નથી.) આ પ્રમાણે ખલને પણ સાધુ કરે એવું અહીં સત્સંગનું પ્રબળ દેખાડયું તે સાધુપણાના પરિપક્વપણામાટે દેખાડયું જણાય છે. સૂક્ષ્મ વિચાર કરતાં ભાવતવ્યતા કાંઇ વિચિત્ર રંગને દેખાડે છે, એટલે પ્રસંગને લઇને સઘળા વિચારો કોઇ કોઇ સ્થળે મળતા આવતા દેખાય છે, માટે જ્યાં જેમ હોય ત્યાં તેમ સંભવિત લાગ્યાવગર રેહેતું નથી. તોપણ **विद्या सदभ्यासवशात्सुलभ्या सौजन्यमभ्यासवशादलभ्यं ।** (વિદ્યા સારો અભ્યાસ કરવાથી સુલભ થાય છે પણ સુજનતા અભ્યાસ કરવા છતાં પણ સુલભ થતી નથી.) આવાં વાક્યો સુજનતાની દુર્લભતા જણાવે છે તે જ્યાં સંસારમાં નજર કરિયે છિયે ત્યાં બરાબર અનુભવમાં આવી જાય છે. સોનું રૂપું વગેરે મહા મૂલ્યની ધાતુઓ બહુ દુર્લભ છે. તેના કરતાં પણ માણેક મોતી, હીરા વગેરે જવાહીરો વધારે દુર્લભ છે. તોપણ તેનાં દર્શન આપણને ઠેકાણે ઠેકાણે થાય છે, કેમકે તે ઘણા પ્રયત્નથી જનસમૂદાયને સુલભ થયાં છે. માત્ર પ્રયત્નના પ્રમાણમાં તેના મૂલમાંજ વધારો રહ્યો છે. વિદ્યા અને કળાઓની એના કરતાં પણ દુર્લભતા છે તો તેજ વિદ્યા-કળાઓનો અભ્યાસથી અને સ્પર્ધાથી એટલો બધો વધારો થઇ ગયો છે કે જે જે મનુષ્યની કલ્પનામાં ન આવે તેવાં કાર્યો આપણને હસ્તામલકની પેઠે થઇ રહ્યાં છે. મોટાં મોટાં વિચિત્ર યુક્તિથી કરાતાં બાંધકામો, હવાથી અગ્નિથી કે પવનથી ચાલનારા રાક્ષસી શક્તિવાળા મહાન્ યંત્રો, વિજળી, અગ્નિ, વાયુ. સૂર્ય, અને હવાથી કરાવવામાં આવતાં અદ્ભુત કાર્યો, અને ઘણે કાળે થઇ શકે એવાં કામો ક્ષણેકમાં થઇ જાય એવી યુક્તિઓ જે આપણે આજે

જોઇએ છિયે તે વિદ્યા અને કળાનુજ પરિણામ છે, કેમ કે અભ્યાસના બળથી તે આવી શકે છે, અને તેથી એ વિદ્યા કળાની દુર્લભતા પણ દૂર થાય છે માત્ર પ્રયત્નના પ્રમાણમા તેનુ ન્યૂન વધારે રહે છે પણ અરે, સુજનતા તો એવી બધી દુર્લભ છે કે કાળે કરી તેનો ઘટાડોજ થતો જોવામા આવશે જો અભ્યાસથી કે સગબળથી તે દુર્લભતા દૂર થતી હોત તો વિદ્વાન્ બળવાન્ કે ધનવાન્ લોકોમા તો તેના ક્યાક દર્શન થાત આ ઉપરથી એમ જણાય છે કે સુજનતા કોઇ જાતિના પ્રયત્નથી કે વિદ્યા કળાના યોગથીજ પ્રાપ્ત થાય છે તેમ નથી, પરંતુ તેવિના પણ ક્યાઇ અનાયાસે પ્રાપ્ત થઇ જાય છે અને તે વળી એવા અજાણ્યા સ્થળમા પડે છે કે તે છે કે નહિ તેની પણ કોઇનેજ ખબર પડે છે અને વધારે ખેદનુ કારણ એ છે કે આ દુર્લભ સુજનતા છતા વિદ્યાવાન્ કે કળાવાન્ લોકો તેનો આદર પણ બહુજ થોડો રાખે છે વળી કોઇ સમયે તો વિદ્યા કળા એજ ખરી સુજનતારૂપે મનાઇ જાય છે અથવા તો જે જેવા ગુણસ્વભાવવાળો હોય તે તેવા ગુણસ્વભાવવાળામાજ સતોષ માને એટલે ખરી સુજનતાની પછી ઇચ્છા પણ શા-માટે થાય? આ કાઇ સત્ય માણસને માટે ઓછા પરિતાપની વાત નથી સુજનતાનુ આટલુ બધુ દુર્લભપણુ વાચીને તેના ગુણો તપાસવાનુ મન થાય તો જોકે સુજનતાથી થતા સમગ્ર ગુણો તો કહી શકાય નહિ કેમ કે તે અનિર્વચનીય હોય છે તો પણ તે સઘળી થોડાક ગુણ ઉપર સૌનુ લક્ષ ખેચિયે છિયે (અપૂર્ણ)

પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત

(આધણ પાને ૨૬૨ થી.)

આટલા અક્ષર સાભળતા કુમારનુ હૈયુ ભરાઇ આવ્યુ તેને આ ટાણે આ સૈમાન તૂટી પડયુ અને તેણે શહેર નગરના થનો તાપ બહાર કાઢ્યાના માડયો પેનો કઇ કાઇ નહિ પણ પેનો ગોડજીજ કાઇ અપરાધ જઇ થતા પકડાયો હતો મનુમાએ ફરીને કાઇ નહિ પુછવાથી તે બોલ્યો કે કેમ ભાઇ! શામાટે પુછતા હતા? કુમારે ધીરથી જવાબ દીધો કે કાઇ નહિ ભાઇ, મારા તો પેટમા પીડ બહુ થાય છે, માટે પછી જવાબ દઇશ પણ મને લાગે છે કે તમે રાજનગરની આસપાસના હશો માટે મારો ત્યાં એક સગો છે તેને કોઇ રીતે કાગળ પોચે એવો ઉપાય બતાવશો? પેલા કેદીએ કહ્યુ કે જો તારૂ કામ કરવામા કાઇ ન ધારિયે એવો

બનાવ બનતો હોય તો મને કોલ આપ અને માગું તે સહાય આપ તો બતાવુ. મનુભાએ કહ્યું કે પરમેશ્વરની ખાતર કોઇ દિવસ ક્યાંઇ મિત્રાઇ ન કરી હોય તો પણ આજે મારી સાથે કર. જે ભૂપતસિંહને તું સભારે છે તેનોજ હુ સગો છુ અને તને આજથી મારો મિત્ર કરૂં છુ. બોલ હવે શુ સહાય માગે છે? કેદી ગોડજી તો ઓળખી ગયો હતો તોપણ પ્રત્યક્ષ ન થતાં બોલ્યો, કે ભાઇ! તારી પાસે છરી હોય તો આપ તો હું અહીથી નીકળવાની તજવીજ કરૂં. મનુભાએ પોતાની છરી આપી, એટલે પેલો કેદી બોલ્યો કે, ભાઇ,.જે કામ હોય તે કહો. ત્યારે મનુભાએ કહ્યુ કે અલે આ ચીઠી. ત્યાં હરિદત્ત કરીને મંત્રી છે તેને આપજે. એમ વાત કરે છે ત્યાં વિજળી પડવાથી દીવાલનો એક ભાગ ધશી પડ્યા કે તરત પેલો કેદી 'સાહેબ હું આપનો ગુલામ શું કરૂં છું તે પાછો મળીશ ત્યારે જાણશો.' એમ કહી મુઠીયો વાળીને કાન સડેલ કુતરાંની પેઠે નાશી ગયો. અને મનુભા આ કોણ હશે એમ વિચાર કરતા બિછાના ઉપર ઉંઘવા લાગ્યા. આ કુમારને આપણે અહી આરામ લેવા દઇને રાજનગર વિષે ખબર લઇએ.

એક દિવસ શિયાળાની અજવાળી રાતે ચાર ઘડી રાત ગયે એક રૂષ્ટ પુષ્ટ જુવાન મેલાં લુગડાં પેરેલો, બોકાનું ભીડેલો, ખરા ઉપાડ જોડા હાથમાં અને ખભે લાકડી લઇને જોસભર ચાલ્યો-આવતો આશાથી અનેક વિચારો કરતો તથા નગરના નવા ફેરફારને જોવાને અને મનુભાને રાજનગરમાં લાવવાને ઘોડા ઘડતો માણસ ચાલ્યો આવતો હતો. ગામ અરધો ગાઉ હતુ ત્યાંથી સીમમાંથી નગરતરફ જતા ખેડુ લોકોનો તથા ઢોરઢાંખરનો શબ્દ સાંભળતો, ગામમાં વાગતા ઢોલ, કુતરાંઓના શબ્દ અને માણસોનો ઘોંઘાટ આગળ જતાં સાંભળતો તથા ધુમાડાના ગોટાઓ અને હવેલીઓનાં ઝબકતાં શીખરોને જોતો ચાલ્યો આવે છે ત્યાં તો ગામનો દરવાજો આવ્યો તેમાં તે પેઠો. એ બીજો કોઇ નહિ પણ પેલો મનુભાપાસેથી નાસી ગયેલો ગોડજી હતો. તે ગઢની રાંગને ટુંકે માર્ગેથી પોતાના ઘરતરફ વળ્યો. ઘરનાં માણસો વાળુ કરવા બેઠાં હતાં ત્યાં જઇ ભાગેલી ખડકીનાં તેણે કમાડ ઠોક્યાં. કમાડ ઉઘાડી જુવે છે તો ગોડજી આવેલો જોઇ તેના બૈરાં છોકરાં રાજી થયાં. ખાટલો નાંખી દીધો અને તે ઉપર બેશી તેણે વિસામો ખાધો. થોડીવાર રહી છાશનો ડુસકો ખાઇને તે ચદ્રમાને અજવાળે આરામ લેતો હતો ત્યાં બીજા મિત્રોને ખબર પડી તેથી તેઓ મળવા આવ્યા. હોકાઓની ગડગડાટી ચલાવતાં થોડાં ગપ્પાં મારી સૌ લોકોને ઠેકાણે ગયા અને ગોડજી થાક્યો પાક્યો

ઘોટી રહ્યો એને અહીં ઘોટનો મેલીને રાજનગરમા મહારાજા ગયા પછી શુ થયુ તે આપણે પેહેલા કહી જાઇએ, કેમકે આ પુરૂષથી કાઇક ગભીર વાત ઉઠે છે તોપણ તેનો હમણા પ્રસગ નથી

એક રાજા જવાથી દેશની દુર્દશા થાય છે તો પછી રાજધાનીનું શુ પુછવુ? મહારાજા ભૂપતસિહની ઉત્તરક્રિયા થઇ રહ્યા પછી ગાદીએ કોણ બેસે એવિશેની ગડબડ થવા માડી હતી કુમાર ભીમભા ખગ કુવર નથી એવો ખબર હરિદત્ત મત્રીને તેજ વખતે કાઇક કાઇક પડી હતી એ વાત તેના મનમાથી ખસતી નહોતી પણ શુ કરે? તેજબાને એવા ખબર મળ્યા કે કુમાર ભીમભાના સમયમા કાઇક મલીને લઇ ગયો છે તેથી તેજબાએ સભા ધાનીને સારૂ તથા સારૂ લગાડવાને સારૂ હરિદત્ત મત્રીને બોલાવીને કહ્યુ કે, તમે રાજ્યમા વૃદ્ધ માણસ અને મોભાદાર છો એટલામાટે તમોને પુછવાનુ કે પ્રજાનો અને કારભારીમડળનો શો વિચાર ચાલે છે? બેય કુમાર રાજ્યના છે, પરન્તુ ઘણુ જીવો મનુભા એઓના પધારવાની વાટ જોવી છે કે શુ કરવુ છે? મત્રી હરિદત્તે ખરેખરી સલાહ આપતા અને પોતાને મન ગમતુ થવાનુ તેણે પુછતા જણાવ્યુ કે કુમાર શ્રી મનુભાનો પત્તો મળવો જોકે કઠણ છે તોપણ હજી તેના શોધમા આપણે નિરાશ ન થવુ જોઇએ મહારાજાના પુણ્યપ્રતાપથી તેઓ સહિસલામત આપણને મળશેજ માટે હાલ વાટ જોવાની મને જરૂર લાગે છે આમ કરવાથી આપની યોગ્યતા છે અને પ્રજાને સતોષ થશે હમણા શકુન સાચવવા માટે આપને મનમા આવતુ હોય તો મહારાજાની જે તરવાર છે તેનો રાજ્ય ગાદીપર અભિષેક કરવો આમ કરવાથી બેય વાત સચવાશે આ વાત રાજમાને ગળે ઉતરી તેથી તે પ્રમાણે સઘળી વ્યવસ્થા થઇ ગઇ મહારાજા ભૂપતસિહના નામથી, તેજબાની સમતિથી તથા મત્રી હરિદત્તની સહીથી સર્વ કામ ચાલવા માડ્યુ રાજમાતા પ્રધાનની સલાહ લઇ મત્રી કામ ચલાવતા હતા પણ તેનુ મન સ્થિર ન હતુ પેહેલી ઇચ્છા મનુભા મળે અને તેને ગાદીયે બેસારીને મરવુ અને તેમા નિરાશ થવાય તો બાલરાજને ગાદીનશીન કરીને મરવુ, એ હતી આવા કારણથી તેઓ માથે પાઘડી પેરતા નહિ બાલ્ટ્રી કસળીબાને અને બાલરાજને ઉછેરીને જમનાબાઇએ મોટા કર્યા મત્રી હરિદત્તનો નાનો પુત્ર દેવશકર પણ એની સાથેજ ઉછરીને મોટો થયો એને કેળવવા હરિદત્તે ઘણી મેહેનત લીધી રાજ્યમા આપ સ્વાર્થી લોકો ઘણા હોય છે તેણે પોતાના સ્વાર્થથી તેજમાને ઉધુ સમજાવી ધીરે ધીરે તેને કામમાથી કાઢી નાખી પેનશીન ઠરાવ્યુ પરતુ જ્યાસુધી તેઓ ગામમા

હોય ત્યાંસુધી તેની પ્રતિભાનેલીધે શું બની શકે? ગામ બહાર ચણાતું દેવળ પૂરૂં થયું તેમાં મહારાજા ભૂપતસિંહ તથા રાજબાના નામસ્મરણાર્થે મનુભાના નામનો લેખ કોતરાવ્યો તથા ભૂપેશ્વર મહાદેવની પ્રતિમાનું સ્થાપન કર્યું. મંદિરની કારીગરી તથા શોભા જોવાને ગામના માણસોનો મેળો ભરાણો. સાંજ સમયે તેજબા, ભીમભા, કશળીબા અને બાલુભાની સવારી સાથે દર્શન કરવા આવવાની હતી. ઘડી ૪ દિવસ રહ્યો ત્યાં બહાર એવી વાત આવી કે તેજબાને એકદમ પેટપીડ ઉપડી છે તેથી પોતે અને ભીમભા પધારશે નહિ અને તેનેલીધે જમનાબાઇ તથા કશળીબા પણ પધારશે નહિં. એટલામાં મંત્રી હરિદત્તને બાનડી આવીને કહી ગઇ કે કુમાર બાલુભા તથા આપ પ્રધાનને લઇને પધારો એટલે પ્રજાને સારૂં લાગે. અંદરખાને શું ખટપટ ચાલી હતી એ કોઇને ખબર ન હતી. તેજબા તરફના દુષ્ટ ખટપટી લોકોયે બાલુભા અને મંત્રી હરિદત્તને કેદ કરવાનો વિચાર કરેલો હતો પણ તે વાતની તેજબાને ખબર પડવાથી તેને કોઇ બીજો વિચાર સુજી આવ્યો તે એ કે જુલમ કરીને રાજ્ય પચાવી પાડવું તે કરતાં સારૂં દેખાડીને સત્તા રાખવી તે વધારે સારૂં છે. આમ થવાથી ખટપટીઓને તેમણે વાર્યા અને ઉઠેલો ગોટો બેસી ગયો.

હવે કશળીબાની ઉમર ૧૩ વર્ષની થવા આવી હતી. તે પોતાની માતા રાજબાને અને પિતાજી ભૂપતસિહને સભારીને ઘણીવાર આંસુ પાડતાં. જમના બા બથમાં ઘાલી તેને સમજાવતાં કે, બા સાહેબ! આ તે શું કાંઇ આપણને યોગ્ય છે. તમારા કાકાની છાયામાં અને પિતાજી ભૂપતસિંહ મહારાજની સત્તામાં આપણને શું દુઃખ છે? હવે તમે મોટાં થયાં છો. તમારા વિવાહની ગોઠવણમાટે ગંભીરતાથી પ્રયત્ન ચાલે છે. તેજબા પણ તમને ઘણું ચાહે છે. ઘડીયે ઘડીયે મનુભાને સંભારો છો તો તે દિવસ પણ ઇશ્વર આપણને દેખાડશે. આમ કહી રમતે ચડાવી તેને શાંત પાડતાં. તેજબાના મનમાં એમ હતું કે કશળીબાના વિવાહ થઇ ગયા પછી જે થાય તે ખરૂં. ત્યાંસુ કાંઇ માથુ ઉપાડવું નહિ. પાસેના શ્રીનગર નામના નગરના રાજા ઉદયસિંહની સાથે રાજરીતિ પ્રમાણે વિવાહનું નકી થયા પછી સર્વ મંડળ એક થયું અને ધામધુમથી વિવાહની તૈયારી ચાલી. દરબારમાં સઘળે હાંડી ઉલેચ ટંગાવા લાગ્યા, ચુના છંટાવા લાગ્યા, અને ગામમાં પણ તે પ્રમાણે થવા માંડયું. સઘળે ઠેકાણેથી શોક દૂર થઇ આનંદ દેખાતો હતો. રાતના દીવાળીના જેવા દીવાની હારો શોભતી હતી. લગ્નનો દિવસ માઘ શુદી ૧૫ નો ઠર્યો હતો. તે દિવસે ઓઝણું આવ્યું તેની ધામધુમમાં અને સન્માના-

દિકમા સવ મડળ લાગી ગયુ દિવસ આખો તે કામ ચાલ્યા પછી ગોધુલિક લગ્ને કશળીબાના લગ્નનો સમારભ થયો તે વિધિ સમાપ્ત થયા પછી મોટા મે હેનમા રાજસભા ભરાણી (અપૂર્ણ)

पुस्तकोनी पहोंच

सुबोध सग्रह નામની ચોપડી રચનાર રા કાનજી ધર્મસિહ તરફથી મ ળેલ છે એમા ઇશ્વરભક્તિ, નીતિ ઉદ્યોગ, સસાર સુધારો વિગેરે વિષયોપર ઠીક વર્ણન કર્યું છે કવિતારચના સરલ અને સમજાય તેવી છે આશા છે કે એ ર ચનાર એનાએ પ્રયત્ન ઉપર મડયા રેશે સ્ત્રિયોના વર્ણનો કે વિનામોના વર્ણ નોમા ઉતરવા કરતા આ માર્ગ લીધો એ ઘણુ સારૂ છે આ ચોપડી કચ્છ દેશા ધિપતિ મહારાજને અર્પણ થઇ છે તે જોઇ સતોષ ઉપજે છે કિમત ૧૨ આના મુ મુબઇ ચપારાની

स्वधर्माभिमान રા જટાશકર લીલાધર ત્રિવેદીએ રચેલુ મળ્યુ છે એમા નામને અનુસરતો વિષય છે તેના સાત ભાગ કરી ધર્મ, વેદોક્તધર્મ, આચાર વિ ચાર પુરાણની વાતો, સસાર સુધારો અને કેળવણી, અનાચારની વૃદ્ધિ, અને સ્વદેશાભિમાન વિષે લખેલુ છે આ પ્રમાણે વિષયો ચર્ચાવાની ઘણી જરૂર હોવાથી આ ચોપડી જોઇ અમે પ્રસન્ન થયા છિયે આ વિષયમા પુનરૂક્તિ વગેરે દોષો પણ ગુણરૂપ ગણાના યોગ્ય છે અહી સભાળ એટલી રાખવાની છે કે આ પણે સગ્રહ કરેલા પુસ્તકમા જો બીજા કોઇ પુસ્તકનો ઉતારો કરવામા આવે તો તેની યાદી રાખવી અને દોષનો વિષય લખવામા આવે તો તેમા ગભીર શબ્દો વાપરવા સામટીરીતે પુસ્તક ઉપયોગી છે કીમત રૂ ૧ છે મુ જામનગર

लक्ष्मणोदय નામની નવી વાર્તાની એક ચોપડી રા આણદજી વાનજી રા જગુરૂ તરફથી મળી છે એમા અવિચારથી થતુ માઠુ પરિણામ તથા લક્ષ્મણ નામના રાજકુવરના ઉદયની વાત છે ટુકામા ૨૫ પ્રકરણ કરી ઉદયમા સમાપ્તિ કરી છે કેટલીક સકલના સભવિત હોય તોપણ રૂચવી ઘટિત નથી કેમકે લોકોની ભૂલ વિચિત્ર હોય છે નિષેધ વાક્ય કરતા વિધિવાક્યનો હેતુ તરત સમજાય છે તે વાત લખનારાઓએ ધ્યાન રાખવા યોગ્ય છે ભાષારચના ઠીક છે કિમત આના ૬ છે મુ કનોદ

શેઠ નગીનદાસ દુર્લભદાસનાં સ્ત્રી બાઈ ભીખીનું દુઃખદ મરણ.

ખેદની વાત છે કે આ બાઇ પોતાની ૧૫ વર્ષની નાની ઉમરમાં પોતાના ભરેલા ઘરની અને કુટુંબીઓની માયા છોડી ૧૯૪૪ ના આ. વ.૧૩ ને રોજ નાની વયની એક પુત્રીને પાછળ રાખી સ્વર્ગવાસી થયાં છે.

એ બાઇ સં. ૧૯૨૯ ની શાલમાં દલાલ શેઠ ગંગાદાસને ત્યાં જન્મ્યાં હતાં. તેનો સબંધ શેઠ નગીનદાસની સાથે થયો હતો. એવો સારો સબંધ મળવાથી તે બાઇનો ભાગ્યનો ઉદય હતો. સં. ૧૯૪૦ માં તેમનાં લગ્ન થયાં હતા સાસરાના ઘરમાં આવી તેમણે થોડા વખતમાં સંતોષ લીધો હતો તથા પોતાના ડાપણથી પોતાના સાસરાંને સતોષ આપ્યો હતો. છેવટ કોઇ અસાધ્ય સૂતિકા રોગ લાગુ પડતાં તેમનું શરીર પડી ગયું. એમનો સ્વભાવ મળતાવડો અને ઘણો ગરીબ તથા ગૃહસ્થને શોભે તેવો હતો. શેઠ નગીનદાસને આ ત્રીજીવારનું ઘર છતાં તેમના ગુણથી તે **સંતોષી** હતા. પણ દૈવગતિ શુ કરે છે તે ખબર પડતી નથી. ઇશ્વરના ઘર આગળ મનુષ્યનું કાંઇ જોર નથી. માટે જો કરી શકીયે તો માત્ર એટલુંજ છે કે તેમના ગુણ સંભારી તેના કલ્યાણના માર્ગમાં મન જોડી વિવેકદૃષ્ટિથી કાળ વીતાડવો.

શેઠ લક્ષ્મીદાસ ખીમજીના પુત્ર નેણશીભાઈનું ખેદકારક મરણ.

આ ખેદકારક બનાવ નોધવાનો પ્રસગ દૈવગતિથી આવ્યો તેનેમાટે અમને ભારે દિલગીરી ઉપજી છે. આ ભાઇએ પોતાનો ૩૦ વર્ષની નાની ઉમરે સં ૧૯૪૪ના ભા. વ. ૪ રવિવારને રોજ સ્વર્ગવાસ કરી પોતાના કુટુબને અતિ દુઃખિત કરયું છે. શેઠજી લક્ષ્મીદાસ સદાગ્રહી આસ્તિક અને ઉદાર મનના હોવાથી વેદધર્મ સભાને લગતિ બાબતમાં આરભથીજ મદદ કરતા આવ્યા છે. તેજ રીતે ભાઇ નેણશી પણ તે પ્રમાણે લક્ષ આપતા. તે પોતાના નામાંકિત પિતાના મોટા ધંધાનો બોજો ઉઠાવી લેવાલાયક થઇ તે બાબતનું ઘણું ખરૂં કામ ઉપાડી લઇ પોતાના સ્વર્ગવાસી બીજા ભાઇઓના વિયોગને વિસારે પડાવે તેવી સમજણ ધરાવતા હતા. પરંતુ કાળયોગથી આ સમયે આ માઠા બનાવને લીધે શેઠ લક્ષ્મીદાસને અસાધારણ હાનિ થઇ છે. મરનાર ૧૯૧૩ ની શાલમાં જન્મ્યા હતા. ચાલતી કેળવણીનો તેમણે અભ્યાસ કર્યો હતો. સ્વભાવે શાંત અને મિલનસાર તથા એકમાર્ગી

હતા તેમજ મનના ઉદાર હતા ઇશ્વરે તેને વધારે લાબુ આયુષ્ય આપ્યુ હોત તો શેઠજી લક્ષ્મીદાસને ઘણુ નિશ્ચિતપણુ થાત, તેમજ તેઓ સારા કામકાજમા મદદગાર થઇ પડત એવી આશા હતી, શેઠ લક્ષ્મીદાસ જેવા દીન જનોની દાદ સાભળનાર નિરતર ઉત્સાહવાન દયાળુ ગૃહસ્થને આવુ અસહ્ય દુ ખ સભવેજ નહિ, પરતુ જ્યા ઇચ્છા બળવાન છે ત્યા કોઇનુ કાઇ ચાલતુ નથી આ દુ ખ વિસારે પડે તેવુ નથી તોપણ કાળગતિ વિચિત્ર છે, સસાર દુ ખરૂપ છે તથા જે સુખદુ ખ આવે તે સહન કર્યાવિના છુટકો નથી માટે તેમના સ્નેહી સબધીને સ્મરણ આપીયે છિયે કે હવે જો કરી શકીયે તો માત્ર એટલુજ છે કે તેમના સારા ગુણો સભારી તેમના કલ્યાણના માગમા યત્ન કરતા મન વિનય વિવેકથી સદ્વિચારમા જોડવુ

शेठ जमनादास देवीदासनो शोकजनक स्वर्गवास

લખવાને અત્યત દિલગિરી ઉપજે છે કે આ ગૃહસ્થ પોતાની ૪૧ વર્ષની નાની ઉમરે થોડા દિવસના આજારીમા એકાએક સ ૧૯૬૬ ના ભાદરવા વદી ૧૬ ને રોજ આ સસારને છોડી ગયા છે

મુબઇમા માવજી અને ખેતશી પ્રેમજી એ બેય મોટા શેઠીયા હતા તેઓ ખભાળીયાપાસે મોરપર નામના ગામમા રેહતા હતા અને ત્યા તેની સારી આબરૂ હતી થોડા વખત પછી કાઇ નબળી સ્થિતિ આવવાથી તેઓ બેય જણા રોજગારને અર્થે મુબઇ આવ્યા, ઇશ્વરકૃપા અનુકૂળ તેથી આવતાવેત વધો કરવા માડતા પ્રતિ દિવસ લાભ વધતો જતા થોડા વખતમા મોટા આબરૂદાર ધનિક ગૃહસ્થ થયા એ બેયને યોગ્ય ઉમ્મર થતા પુત્ર સતતી પ્રાપ્ત ન થઇ તેથી છેવટ શેઠ ખેતશીએ પોતાના પુત્રી બાઇ ગોકીબાઇનો સબધ શેઠ જમનાદાસ વેરે કર્યો શેઠ જમનાદાસના પિતા આ સમયમા એક સાધારણ ગૃહસ્થ હતા તે જમનાદાસને ચૌદ વર્ષના મેલી ગુજરી જતા શેઠ જમનાદાસ પોતાના કાકા નરોત્તમ નારાણદાસની છાયામા રેહતા હતા ખેતશી શેઠના પુત્રી ગોકીબાઇ સાથે સબધ થવાથી શેઠ જમનાદાસનો ભાગ્યોદય વધ્યો સ ૧૯૧૭ ની શાલમા તેના લગ્ન થયા અને શેઠ ખેતશીએ પોતાના પુત્ર હોય તે પ્રમાણે પોતાને ત્યા રાખી પોતાના વ્યવહારથી વાકેફ કર્યા બાઇ ગોકીબાઇ ડાહ્યા અને સદ્ગુણી સ્વભાવના હોવાથી તેના પતિને મુબઇનાનુ સુખ્ય સાધન થઇ પડ્યા, ત્યારથી શેઠ જમનાદાસે પોતાની લાઇ

કીથી પોતાના કાકા અને સસરાને સારો સંતોષ ઉપજાવ્યો. ખેતશી શેઠ સ ૧૯૩૧ ની શાલમાં ગુજરી જતાં તે સ્વતંત્ર થયા અને રંગીન કાપડના જથાબંધ વેપારમાં સારો લાભ મેળવતાં આવતાં આજસુધી તે પોતાનો મોભો જાળવતા આવ્યા હતા. આવા ગૃહસ્થો વધારે આયુષ્ય ભોગવે તો તે કાંઇ પણ લોક હિતાર્થ કામ કરે પણ દૈવના ઘર આગળ કોઇનું જોર નથી. સં. ૧૯૦૩ ની શાલમાં તે જન્મ્યા હતા, ચાલતી ભાષાની સાધારણ કેળવણી તેણે લીધો હતી, સ્વભાવે મિલનસાર, અને ડાહ્યા હતા ધર્મ વિષયમાં તેને આસ્તા હતી. દ્વારકામાં માવજી પ્રેમજીના નામથી ધર્મશાળા બંધાવી તથા ખંભાળીયામાં પોતાના સસરાના સ્થાપેલ કામનાથ મહાદેવના મંદિરમાં નિરંતરને માટે નોબત ચાલુ કરી. મુંબઇની વેદધર્મસભાના પણ આરંભથી તે પેલા નંબરના સભાસદ હતા પોતાની પાછળ પોતાનાં વિધવા સ્રીને, ત્રણ પુત્રીને તથા એક પુત્રને રાખી ગયા છે.

કાળગતિ દુરત્યય છે, અને મનુષ્યલોક પરતંત્ર છે માટે એમનાં કુટુંબને અમે તેમના કલ્યાણના કાર્યમાં અને સદ્વિચારમાં મન જોડવા ભલામણ કરિયે છિયે.

शेठ माधवजी मुरारजीना स्त्री बाई मोघीनुं मरण.

લખવાને અતિ ખેદ ઉપજે છે કે બાઇ મોઘી સ ૧૯૪૪ ના ભાદરવા વદી ૯ શનિવારને રોજ ૧૫ વર્ષની નાની ઉમરે વિષૂચિકાના ઉપદ્રવથી સ્વર્ગવાસી થયાં છે.

એ બાઇનો જન્મ સં. ૧૯૨૯ ની શાલમાં ઠા. રૂપજી નેણશીને ઘેર થયો હતો. દસ અગિયાર વર્ષની ઉમ્મરે શેઠ માધવજી મુરારજીની સાથે તેનાં લગ્ન થયાં હતાં. જ્યારથી તે બાઇ પરણીને પોતાના પતિના ઘરમાં આવ્યાં ત્યારથી દિવસે દિવસે સારી સ્થિતિ દેખાવા લાગી હતી. તેનો સ્વભાવ અતિ નરમ અને ગરીબાઇ વખાણવાલાયક હતાં. પોતાના ઓરમાયા પુત્ર અને પતિ વગેરે સાથે સલાહ સંપથી રહી તેમણે કુટુંબમાં સારી છાપ બેસારી હતી. પણ આયુષ્ય તુટે જ્યાં મનુષ્યપ્રયત્ન નિષ્ફળ થાય છે. કાળગતિ કેવી છે તે કાંઇ ખબર પડતી નથી. એમના પતિ પુત્ર વિગેરે કુટુંબને અમે ભલામણ કરિયે છિયે કે કાળની ગતિ વિચિત્ર છે માટે તે ઉપર વિચાર નહિ કરતાં જેમ બને તેમ તેના કલ્યાણના કામમાં લક્ષ આપી મનને સદ્વિચારમાં વાળવું.

ओम् तत्सत् ।


आर्यधर्मप्रकाश.

ARYA-DHARMA-PRAKASHA

पुस्तक १७ मुं संवत् १९४५.

वसततिलका

आव्यो अरे समय शुद्ध- मनोमयर ?
कामादि साथ लडवा कर का असूर ?
आ भोग आशिविपरूप विसार भाई,
राजी रहे सुखद ईश्वरगान गाई



છપાવી પ્રકટ કરનાર

वेदधर्मसभानी कार्यभारमडळी

Bombay

SUBODHA PRAKASH PRESS

સન ૧૮૮૮ ઈસવી

मूल्य १॥ रुपियो.

शार्दूलविक्रीडित.

જેને જન્મ જરા અને મરણ કે આદ્યંત આવે નહિ,
જેને નિશ્ચય કાલ કર્મ ગુણ કે કોઈ નચાવે નહિ;
એવા એક અખંડ દેવ અમને આનંદદાયી થજો,
સત્પ્રજ્ઞા સુવિચાર સત્સમય ને સદ્ધર્મને આપજો.

કેશવલાલ હરિરામ,
આર્યધર્મપ્રકાશ તંત્રી.

वर्णानुक्रमणिका

विषय | पृष्ठ

१	અભિનન નૌકા	૭૪
૨	અવતરી જાણ્યાએ નહિ અને માણ્યાએ નહિ (શાર્દૂલ)	૯૭
૩	અવસર ન આવવાવિષે (પદ)	૨૭૧
૪	ઈશ્વરપ્રાર્થના (પદ)	૧
૫	અંતે કાંઈ ન હોવાવિષે (સાકી)	૧૪૫
૬	અંતઃકરણ ઓળખવાવિષે (વસંતતિલકા)	૨૧૭
૭	અંતઃકરણપરીક્ષણવિષે	૨૪૨
૮	કોઈ અલૌકિક ઉત્પાત અને અકસ્માત	૩૬
૯	ગ્રંથાવલોકન (અપૂર્ણ)	૭૧–૧૩૯–૨૨૯
૧૦	ચર્ચાપત્ર (ચંદ્રપ્રભાના વિવેચન સંબંધી)	૧૨૮
૧૧	જાગ્રત વિગેરે અવસ્થા	૩
૧૨	જીભને શીખામણ (કાફી)	૭૩
૧૩	નવા વર્ષનો આરંભ	૨
૧૪	નેશનલ કોન્ગ્રેસ	૫૧
૧૫	પુસ્તકોની પહોંચ	૯૫–૧૦૯
૧૬	પુનરૂદ્વાહવિષે વિચારનો એક પત્ર	૧૬૯–૨૦૨–૨૨૫
૧૭	પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત (અપૂર્ણ)	૧૫–૨૯–૬૮–૯૮–૧૩૫–૧૬૧–૨૦૭–૨૧૮–૨૫૦
૧૮	બાલકને નહાવાવિષે	૩૩
૧૯	બુદ્ધિ	૧૧
૨૦	બોલવાનની સ્થિતિવિષે	૧૭
૨૧	ભક્તિસહિત જ્ઞાનબોધ	૪૩
૨૨	ભવિષ્ય ન મટવાવિષે (ઈંદ્રવિજય)	૧૯૩
૨૩	મણિરત્નમાલા (અપૂર્ણ)	૧૭–૫૭–૭૩–૧૧૩–૧૭૭–૨૦૯ ૨૩૩ ૨૫૭
	(પહેલા ત્રણ અંકમાં નંબરમાં ફેર છે માટે અનુક્રમે અહીં નોંધેલ છે)	
૨૪	મન ઇન્દ્રિયોના નિગ્રહવિષે	૭૮

विषय. पृष्ठ.
૨૫ મોઘાંબાઇ (શેઠ લક્ષ્મીદાસ ખીમજીનાં માતુશ્રી) નો સ્વર્ગવાસ. ૩૯
૨૬ માણેક વહુ (શેઠ પુરૂષોત્તમ ઓધવજીનાં સ્ત્રી) નો સ્વર્ગવાસ. ૧૧૨
૨૭ યોજનાને અંગે સર્વ ઉપયોગી ૧૧
૨૮ બાઇ રામકુવર (શેઠ વસનજી ખીમજીનાં પત્ની) નો સ્વર્ગવાસ... ૪૦
૨૯ વર્તમાન કેળવણીવિષે ૮૫
૩૦ વિનાશકાલે વિપરીત બુદ્ધિ (કવિતા)... ... ... ૧૭-૭૩
૩૧ વેદધર્મસભાને બક્ષીસ ... ... , ૯૬
૩૨ વ્યવસ્થાવિના કામ એકે ન થાય (ભુજંગપ્રયાત)... ... ... ૨૪૬
૩૩ સત્યમૂર્તિ હરિશ્ચંદ્રની સત્યતા. ૧૦૫-૧૨૨-૧૪૭-૧૬૪
૩૪ સૌજન્ય અથવા સુજનતા. ૬
૩૫ સૌહૃદનેમાટે શોચ. ૪૮
૩૬ સંસારમાં શો સાર ? (શાર્દુલ) ૪૧
૩૭ સંસારમાં આ સાર (શાર્દુલ). ૫૭
૩૮ સંતુષ્ટપણાવિષે (શાર્દુલ) ૧૨૧
૩૯ સંસારમાં સાર વિચારવા વિષે (કવિતા) ૧૪૬
૪૦ સાંસારિક બોધ (સ્રગ્ધરા)... ... ... , ૧૪૫
૪૧ શું બલુન એજ વિમાન હશે ? ૬૩
૪૨ શેઠ મોરારજી ડુંગરશીનો સ્વર્ગવાસ. ૯૬

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ | કાર્તિક, સંવત્ ૧૯૮૫ | અંક ૧ લો.

॥ यतो धर्मस्ततो जय ॥

ईश्वरप्रार्थना *

દીનનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશો મા,
હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો મા,—દી૦
આ મહાભવસાગરે, ભગવાન હુ ભૂલો પડયો છુ,
ચો૰નો૰નિવાસ ચપના કાન આ તક ચૂકશો મા,—દી૦
ઓય ઈશ્વર આપના સાધનવિષે સમજુ નહીં હુ,
પ્રાણપાતક પોત જોઈ, શરણ આખર મૂકશો મા,—દી૦
માત તાત સગા સહોદર, જે કહુ તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર, દાસમારૂ ચૂકશો મા,—દી૦
શરણ કેશવલાલનુ છે, ચરણ રે હરિગિર તારૂ,
અખિલનાયક આ સમય, ખોટે મને પણ મૂકશો મા,—દી૦

नवा वर्षनो आरंभ

શરદ ઋતુના રળિયામણા દિવસોમા, નોરતાની નવરંગી રાત્રિઓના અને દીવાળીના આનંદકારી દિવસોમા પરમ દયાળુ પરમેશ્વરની પૂર્ણ કૃપાથી જ મારૂ યુવાવસ્થાના આરંભનુ સોળમુ વર્ષ, પ્રાપ્ત થયેલી સંપત્તિની શક્તિના પ્રમાણમા નિર્વિઘ્ન પૂર્ણ કર્યું અને હવે આરંભ થતુ આ સત્તરમુ વર્ષ પણ સુખચેનમા નિર્ગમન થવાની આશા રાખુ છુ મન શક્તિયો પ્રકટ થવાનુ સ્થાન અને શક્તિપ્રમાણે વિચારોના તરંગો ઉત્પન્ન થતા તે તરંગોમા તણાતા તેવા તેવા પ્રસંગે પોતાની શક્તિપ્રમાણે શુભ કાર્યો કરી બતાવવાનુ સ્થાન પણ યુવાવસ્થાજ છે પરંતુ આમા પૂર્ણકામ પરમે

---

* ભૈરવી વગેરેમા ગવાય

શ્વરનીજ પૂર્ણ કૃપા હોય તો કશું અશક્ય નથી. મારા ઉત્પન્ન કરનારા અને પાળનારા વેદધર્મસભાના સભાસદોની મારી ઉપર પૂર્ણ કૃપા અને પૂર્ણ પ્રીતિ છે તેથી હું પરમેશ્વરની પૂર્ણ કૃપા છે એમ સમજી શકું છું. તોપણ તેવા સબંધ વગરના પણ અન્ય લોકો મારા ગુણવિષે આસક્ત થાય તો હું શું શું કરી શકું નહિ તે કાંઇ કેહેવાય નહિ. નિરંતર ખેદ કરવાનો પ્રસંગ એટલોજ છે કે લોકોની મનોવૃત્તિઓ વિચિત્ર પ્રવૃત્તિ અને વિષયના સુખભોગ ઉપર વળી ગયેલી હોવાથી ભાંગ્યાતુટા બોલથી પણ ઔષધની પેઠે પરિણામે કલ્યાણ કરે એવા મારા તરફના બોધ ઉપર બહુ થોડી વળતી જોવામાં આવે છે. પથ્ય ને ઔષધ કદિ ગુણકારક જાણે તોપણ થોડી બુદ્ધિવાળા લોકો ગ્રહણ કરે નહિ, તેવીજ રીતે મારા વિષયોનું બને તો તે જગતની રીતે સંભવિત છે. રજોગુણથી રંગાઇ ગયેલાં અંતઃકરણોમાં વિષયભોગની વાતો નિરંતર પ્રીતિ ઉપજાવે છે. જ્વરના જોરથી બગડી ગયેલી જીભમાં ગમે તેવા મીઠા પદાર્થો પણ કડવા અને સ્વાદ વગરના લાગે છે તેમ રજોગુણની ખટાઇથી ચડેલા વિષયભોગના રંગથી રસબસ થઇ રહેલ મનમાં નીતિની, નિવૃત્તિની કે સદુપદેશની વાતો કડવી અને સ્વાદ વગરની લાગે છે. આવા પ્રસંગમાં મારે મારૂં કામ બજાવવું કોઇ પણ રીતે સેહેલું તો નથીજ, તોપણ મારા ઉત્પન્ન કરનારા અને પાળનારાઓ વેદધર્મસભાના સભાસદોની સહાયતાથી આટલા વર્ષ આયુષ્ય ભોગવી ઉદયમાં દેખાઉ છું. અને બીજા પણ મારા ગુણપર પ્રીતિ રાખનાર અને કાંઇક પુષ્ટિ આપનારા તેમાં આશ્રયભૂત થયેલ છે તેથી તેઓ સર્વનું અનુક્રમે કલ્યાણ થાય એવું ઇચ્છું છું. આજ માર્ગેથી કોઇ દિવસ નહિ ધારેલું મોટું કામ પણ પ્રસંગપર હું કરી શકવા શક્તિમાન થાઇશ, એવી આશા રાખું છું. વેદધર્મસભાના સભાસદો પ્રવૃત્તિમાન થઇ જવાથી જોકે સભાનું એક બે વાર શિવાય વધારે મળવું થતું નથી. તોપણ સભાસંબધી કામકાજ ઠીક ઠીક ચાલ્યું રહે છે. શું શું પુસ્તકો તૈયાર થઇ ગયાં છે તે ગયા વખતમાં અને પાઠશાળાના વિદ્યાર્થિઓને ઇનામ આપવાના પ્રસંગમાં ભરાયેલી સભામાના વૃત્તાંતમાં આવી ગયેલ છે ત્યારપછી પણ હવે આ વર્ષમાં કાંઇક વખત પ્રમાણે પુસ્તક પ્રગટ કરવાનું પ્રયત્ન થશે. સદ્બોધનાં નાનાં નાનાં પુસ્તકો આર્યપ્રજા વગરમૂલ્યે વાંચી શકે એટલે સુધીની યોજના પણ મારા અંતરમાં નિરંતર રહે છે. પણ धनमूलमिदंजगत् (જગતનું મંડાણ

ધનજ છે) એ કેહેવત પ્રમાણે જે જે આશ્રય આપનારાઓ તરફથી મળે છે તે તે પ્રમાણે કામ કરાતું જવાય છે અને ભગીરથપ્રયત્નની પેઠે કોઇ દાડો તેમાથી ઉદ્ધાર થશે ગયા વર્ષમા નાના મોટા બાવન વિષયો આવ્યા છે તેમા અપરોક્ષાનુભૂતિ એ મોટો વિષય ભાષાંતરરૂપે આવેલ છે અને બીજા કેટલાક સામાન્ય બોધ આપનાર આવેલા છે આ વખતે મણિરત્નમાળા એ પ્રશ્નોત્તરરૂપે સાધારણને પણ બોધ આપે એવો અને વૈરાગ્યરૂપ સાધનને વધારનાર વિષય છે તે અધિકારીવર્ગને ઉપયોગી થવા લેવા વિચાર છે અને એકાદ આખ્યાનું પણ ભાષાંતર લેવા વિચાર છે બાકી તે શિવાય નવીન પુસ્તક પ્રકટ થાય તે ખરૂ કાળનો મહિમા અને ઇશ્વરની ગતિ વિચિત્ર હોવાથી વિશેષ સંકલ્પો કરવા ઠીક નહિ માટે કાંઇ વધારે કહી શકાતું નથી ઇશ્વર સર્વનુ કલ્યાણ કરો જે નિયંતા પ્રભુએ જન્મ અને આટલે સુધીનું આયુષ્ય આપેલ છે તેજ પરમેશ્વર સર્વના મનોરથો સિદ્ધ કરનાર છે

जाग्रत विगेरे अवस्था

પ્રથમ ગયા વર્ષના ચોપાનિયાના આઠમા અંકમા જાગ્રત અને સ્વપ્નની સમાનતાવિષે એક વિષય આપી ગયા છિયે એ વિષયની વધારે પૂર્તિમાટે રામચંદ્રને વસિષ્ઠ બોધ આપે છે તે પ્રસંગની નીચેની વિગત આપીએ છિયે તેમા અનુક્રમે સુષુપ્તિ અને તુર્યા વિષે પણ સૂચવવામા આવશે

જે ના પદાર્થોમા સ્થિરતાની પ્રતીતિ થાય છે તે જાગ્રત્ કેહેવાય છે અને જેના પદાર્થોમા અસ્થિરતાની પ્રતીતિ થાય છે તે સ્વપ્ન કેહેવાય છે સ્વપ્ન પણ જો કાલાંતરમા રહે તો જાગ્રત્ કેહેવાય અને જાગ્રત્ પણ જો કાલાંતરમા ન રહે તો સ્વપ્ન કેહેવાય એટલે એ રીતે જાગ્રત્ સ્વપ્નપણાને પામે છે અને સ્વપ્ન જાગ્રત્પણાને પામે છે સ્થિરપણા અને અસ્થિરપણાવિના જાગ્રતમા અને સ્વપ્નમા બીજો કશો ભેદ નથી કારણ કે સ્થિરપણા અને અસ્થિરપણાવિના એ બે અવસ્થાઓનો બીજો સઘળો અનુભવ સર્વત્ર અને સર્વદા સરખોજ છે સ્વપ્ન પણ સ્વપ્નના સમયમા સ્થિરતાથી યુક્ત જણાય તો જાગ્રતપણાને પામી શકે અને જાગ્રત્ પણ જો જાગ્રતના સમયમા અસ્થિર જણાય તો સ્વપ્નપણાને પામી શકે સ્વપ્ન પણ પોતાના સમયમા પોતાની સ્થિરતાથી જાગ્રત્ કેહેવાઇ શકે છે અને જાગ્રતને

પણ અસ્થિરતાથી સ્વપ્ન સમજીએ તો સ્વપ્નજ છે. જ્યાંસુધી જે સ્થિર જાણવામાં આવે ત્યાંસુધી તે જાગ્રતજ છે પણ જો ક્ષણભંગુર સમજવામાં આવે તો સ્વપ્નરૂપ થઇ જાય છે તેવિષે કહું છું તે સાંભળો શરીરની અંદર તેજ, વીર્ય અને જીવધાતુ ઇત્યાદિક નામોથી કહેવાતું જીવનતત્વ જ્યારે પ્રાણવાયુની પ્રેરણાથી હૃદયમાંથી શરીરમાં પસરે છે ત્યારે શરીર મનથી, કર્મથી અને વાણીથી વ્યવહાર કરે છે. એ જીવનતત્વ જ્યારે અંદરની નાડીઓમાં પસરે છે ત્યારે સ્વપ્ન અવસ્થા પ્રાપ્ત થાય છે એટલે જાગ્રતમાં દેખવામાં આવેલો જગતરૂપી ભ્રમ જેમાં લીન થઇ રહ્યો હોય છે એવા ચિત્તમાં જાગ્રતના સરખું સઘળું જ્ઞાન ઉદય પામે છે. એ જીવનતત્વ જ્યારે નેત્ર આદિ છિદ્રોમાં પસરે છે ત્યારે અનેક પ્રકારના આકારોથી તથા વિકારોથી ભરપુર આ જગત્ કે જે પોતામાંજ છે તેને બાહાર દેખે છે એટલે તે જાગ્રત્ અવસ્થા પ્રાપ્ત થઇ કહેવાય છે જોકે જાગ્રત્ અને સ્વપ્ન એ બન્ને અવસ્થાઓના અનુભવમાં અપરોક્ષપણું સરખુંજ છે તો પણ જેના અનુભવમાં સ્થિરપણાની કલ્પના કરી લેવામાં આવે છે તે જાગ્રત્ માની લેવામાં આવે છે. આ પ્રમાણે મે સ્વપ્નની અને જાગ્રતની પદ્ધતિ કહી. હવે સુષુપ્તિ આદિની પદ્ધતિ કહુ છું તે સાંભળો. કાયિક, વાચિક અને માનસિક એ ત્રણે જાતના વિક્ષેપ હોય ત્યારે જાગ્રત કહેવાય છે. કાયિક તથા વાચિક વિક્ષેપ મટી જઇ કેવલ માનસિક વિક્ષેપ વર્તે ત્યારે સ્વપ્ન કહેવાય છે અને માનસિક વિક્ષેપ મટી જતાં જીવનતત્વ શાંત તથા સ્વસ્થપણાથી રહે ત્યારે સુષુપ્તિ કહેવાય છે જેમ વાયુ વગરના ઘરમાં રહેલો દીવો ચલન રહિત પ્રકાશમાત્રજ કરે છે તેમ સુષુપ્તિમાં હૃદયાકાશમાં રહેલું જીવનતત્વ સમતાને પ્રાપ્ત થએલા પ્રાણવાયુથી નહિ ક્ષોભાવાનેલીધે વિક્ષેપરહિત પ્રકાશમાત્રજ કરે છે. આ સ્થિતિમાં રહેલું જીવનતત્વ નાડીઓમાં પ્રસરતું નથી તેથી તે સમયે સ્વપ્ન થતું નથી અને નેત્ર આદિ છિદ્રોમાં પ્રસરતું નથી તેથી જાગ્રત્ દશા પણ હોતી નથી તલમાં તેલની પેઠે, હિમમાં શીતની પેઠે અને ઘીમાં સ્નેહની પેઠે જીવનતત્વ સુષુપ્તિદશામાં અંદરજ સ્ફુરે છે સુષુપ્તિદશામાં જીવનતત્વનો અને બ્રહ્મનો અભેદ થઇ જતો નથી પણ એ જીવનતત્વ નામનો બ્રહ્મનો અંશ ઘણી ખરી ઉપાધિનો લય થવાનેલીધે વાયુવગરના પ્રદેશમાં રહેલા દીવાની પેઠે માત્ર પ્રકાશ કરવારૂપ સ્થિતિને પ્રાપ્ત થાય છે. ચિત્તમાંથી સઘળા વ્યવહારોનો ઉપશમ થતાં

શાસ્ત્રદ્વારા સર્વમા ચૈતન્યની એકતા જાણી વિચાર તથા એકાગ્રતા આદિ પ્રયત્નોથી જ્યારે સ્વરૂપનો સાક્ષાત્કાર પ્રાપ્ત થાય ત્યારે જાગ્રતમા, સ્વપ્નમા તથા સુષુપ્તિમા વ્યવહાર કરતા છતા પણ તુરીય અવસ્થા પ્રાપ્ત થએલી કહેવાય છે પ્રાણવાયુઓ કે જેઓ સુષુપ્તિમા સૌમ્યપણુ પામે છે તેઓ જ્યારે અદૃષ્ટના પરિપાક આદિ કારણોથી વિષમપણુ પામીને જીવનતત્વને ચલાયમાન કરે છે ત્યારે તે જીવનતત્વ તે તે ભોગોને દેનાર પૂર્વસંસ્કારો જાગ્રત થવાથી ચિત્તરૂપે ઉદય પામે છે અને તેવો ઉદય પામીને પોતાની અંદર રહેલા વિસ્તીર્ણ જગતની ખટપટને જાગ્રતના જેવા ઉત્પત્તિ તથા નાશ આદિ ક્રમોના ભ્રમો સહિત તુરત નોખી દેખે છે કે જે સ્વપ્ન કહેવાય છે જેમ યોગી બાજમા રહેલા ઝાડને યોગશક્તિથી સપૂર્ણ વિસ્તારવાળુ દેખે છે તેમ સ્વપ્નમા જીવનતત્વ પોતામાજ રહેલા જગતને જાગ્રતના જેવા સપૂર્ણ વિસ્તારવાળુ દેખે છે પ્રાણવાયુઓ જ્યારે જરાક ચલાયમાન કરે છે ત્યારે સુતેલુ જીવનતત્વ માત્ર 'હુ છુ' એટલુ જાણવા લાગે છે અને પ્રાણવાયુઓ જ્યારે અત્યત ચલાયમાન કરે છે ત્યારે તે જીવન પોતાની આકાશમા ગતિ થતી દેખે છે સુતેલો એ જીવ જ્યારે નાડીઓની અદર રહેલા કફના દ્રવથી ભીજાઇ જાય છે ત્યારે તે પોતાની અદરજ વરસાદ અથવા જલાશય આદિના સભ્રમનો અનુભવ કરે છે જેમ પુષ્પને પોતાની અદરજ પોતાના સુગધનો અનુભવ થાય છે તેમ જીવને પોતાની અદરજ સ્વપ્નમા વરસાદ આદિનો અનુભવ થાય છે જ્યારે એ સુતેલો જીવ નાડીઓની અદર રહેલા પિત્ત આદિથી દમાય છે ત્યારે પોતાની અદરજ થતા ગ્રીષ્મઋતુ આદિના ભારે આડમ્બરને જાણે તે સઘળો આડમ્બર બાહાર થતો હોય એવી રીતે અનુભવે છે જ્યારે એ સુતેલો જીવ નાડીઓના અદર રહેલા રૂધિરથી ભીજાઇ જાય છે ત્યારે પોતાની અદરજ રાતા થઇ ગએલા દેશકાળોને જાણે બાહાર દેખતો હોય તેમ દેખે છે અને રૂધિરમાજ ડુબી જાય છે પોતે અનુભવરૂપ હોવાનેલીધે તે સમયે એવા અનુભવો કરે છે પ્રાણવાયુઓએ ચલાયમાન કરેલો અને નિદ્રા પામેલો એ જીવ પોતે જે જે વાસનાનુ સેવન કરતો હોય તે તે વાસનાને જાણે ઇન્દ્રિયો આદિથી બાહાર દેખતો હોય તેમ અદરજ દેખે છે અદર દેખતા છતા આ સઘળુ બાહાર છે એવી પ્રતીતિ થાય છે જીવ સ્વપ્નનેલીધે ચક્ષુ આદિ છિદ્રોમા નહિ પોચતા પોતે અદરજ ક્ષોભ પામે છે અને તેમ થતા પોતાની જ્ઞાનશક્તિથી

પોતાની અંદરજ તુરત અનુભવ કરે છે તેથી તેની એ સ્થિતિ સ્વપ્ન કેહેવાય છે. એ જીવ જ્યારે પ્રાણવાયુથી ક્ષોભ પામી ઇન્દ્રિયોનાં છિદ્રોમાં પસરીને બહાર શબ્દ આદિ વિષયોનો અનુભવ કરે છે ત્યારે તે જાગ્રત અવસ્થાવાળો કેહેવાય છે એમ મહાત્મા મુનિઓ કેહે છે. હે રામ! હવે તમે આ વાત સમજી ચુકા છો અને તમારા મનમાં સદ્વિચાર વિસ્તીર્ણ થઇ ચુકા છે માટે હવેથી તમારે કદી પણ મિથ્યાભૂત જગતને સાચું માનવું નહિ. જગતને સાચું માનવાથી આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક નિમિત્તોને-લીધે પોતાના મરણની અને પોતામાં દોષો પ્રાપ્ત થયાની મિથ્યા સભાવના થાય છે.

सौजन्य अथवा सुजनता.

(સંબંધ પાને ૨૮૧ થી.)

સુજનતા જેમાં સ્વાભાવિક રીતે રહેલી હોય તે માણસ નિરંતર સત્ય ઉપર પ્રીતિ રાખે છે. મન, વાણી અને ક્રિયા તેનાં એકસરખા હોય છે. કોઇને પણ ખેદ ઉત્પન્ન થાય કે કોઇ પ્રકારની હાનિ થાય તેવું તેનું કામ હોતુ નથી. પારકી પીડા જોઇને તેઓનું અંતઃકરણ માંખણની પેઠે ઓ-ગળે છે, પરતુ પ્રિય કરવામાટે તેઓ પોતાના શરીર સુધાંતની પણ ઉપેક્ષા રાખે છે. એમને કોઇ ઉપર પ્રેમ કે કોઇ ઉપર દ્વેષ હોતો નથી. સર્વ ઉપર તેઓ સમાન દૃષ્ટિથી જુવે છે. ઐશ્વરી અદ્ભુત લીલાથી અંતઃકરણને ખેદ થાય તો સબાષ્પ થઇ જાય અને હર્ષ થાય તો પ્રફુલ્લિત થઇ જાય. પોતાના હાનિ-લાભ કે પોતાનાં સુખ-દુઃખ માટે તેને હર્ષ-શોક હોતોજ નથી. તેઓ વિનયથી વાણી બોલે છે. વિવેકથી આચરણ કરે છે. પારકા કલ્યાણમાંજ નિરંતર પ્રીતિ રાખે છે. તેની પવિત્રતાની સીમા જાણવામાં આવતી નથી. કામ, ક્રોધ, લોભ અને મોહાદિકમાં તે બંધાતા નથી. સંસારમાં રહી તેઓ વ્યવહાર ચલાવે છે પરંતુ તેઓનું મન વિરક્તદશામાં વિશ્રામ પામેલું હોય છે. બાળકમાં બાળક, પ્રૌઢમાં પ્રૌઢ, અને વૃદ્ધમાં વૃદ્ધ થઇ રહી તેમાંથી તેઓ સાર ગ્રહણ કરે છે. તન-મનની સઘળી મર્યાદા તેઓ બરાબર સાચવે છે. જે કાંઇ વિદ્યા-ધન વગેરે પોતાના પાસે હોય તેનું પાત્રપ્રમાણે દાન

આપે છે માતા પિતા અને ગુરૂજન વિગેરેને આદરથી સેવે છે કુટુમ્બમા સપ વધારે છે જ્યા ત્યા સર્વમાં સમાધાન કરે છે ન્યાયને અનુસરીને પોતાનુ ગુજરાન ચલાવે છે આચરણ પવિત્ર રાખે છે મન વિકાર રહિત રાખે છે અસત્ માણસના આચરણ જોઇને પણ તેની ઉપર ધ્યાન લાવી ખેદ કરે છે, પરતુ તેવાએ કરેલા અપરાધ સામુ તેઓ જોતા નથી અપરાધીઓ ઉપર ક્ષમા રાખે છે સુખ દુ ખ શરીરને પડે તો તે સહન કરે છે, કોઇની પાસે યાચના કરતા નથી વિપત્તિમા સપત્તિ જેવી સ્થિતિ રાખીને રહે છે આગળ થઇ ગયેલા મહાત્માઓની રીતિને અનુસરે છે કાઇપણ આપે તો તે કોઇને કહી દેખાડતા નથી કોઇનુ પ્રિય કરીને પણ તેઓ છાનુ રાખે છે કોઇ સત્પુરૂષ કે અભ્યાગત અતિથી આવે તો તેને દુર્લભ સમજી આગતાસ્વાગતા કરે છે કોઇ પોતાનો અપકાર કરે તો તે કોઇને કેતા નથી પોતાની ઉપર અપકાર કરનારનો પણ તે ઉપકાર કરે છે નિદાનુ તો નામ પણ તે સમજતા નથી લક્ષ્મી કે સપત્તિમા તે ઉપેક્ષા રાખે છે, સસારને નિ સાર સમજે છે પછી બીજુ શુ કેહેવુ? જેમ કોઇ ઇન્દ્રજાળને જુવે તેમ આ જગતના અનેક પ્રકારના રગો તટસ્થની પેઠે જોયા કરે છે તેને કોઇની સહાયતાની જરૂર પડતી નથી સ્વજનો સાથે સરલતાથી વરતે છે બીજાઓ ઉપર દયાદૃષ્ટિથી વરતે છે વિદ્વાનોને મળીને તે અતિ રાજી થાય છે તેઓ કીર્તિને માનને કે મોટાઇને ઇચ્છતાજ નથી કેવળ સુજનતા એજ એક ધનરૂપ માને છે દેવ, ગુરૂ, બ્રાહ્મણ વિગેરેમા તેઓને આસ્થા હોય છે ચારેકોર અહિસાધર્મ ફેલાઇ જવાને ઇચ્છે છે સન્માર્ગે ચાલ્યા જતા સકટ આવે તો આકુલ થતા નથી સપત્તિ મળી જાય તો ઉન્મત્ત થતા નથી પ્રિયજનને પ્રાણ આપવા સુધીના કામમા પણ તૈયાર થઇ જાય છે બીજાઓના ગુણોના વખાણ કરે પરતુ પોતાના ગુણ કેહેવામા તેઓ મુગા રેહે છે તેઓ સુજનોના સમાગમમાજ નિરતર ઇચ્છા રાખે છે બીજામા સદ્ગુણો જોઇ તે પ્રીતિ કરે છે વિદ્યાના વિનોદ શિવાય બીજુ કાંઇ તેઓને વ્યસન હોતુ નથી વ્યવહારમા પોતાની સ્રીપ્રત્યેજ માત્ર રતિ રાખે છે ધર્મકર્મમા નિષ્ઠા રાખે છે તેઓનુ લક્ષ ઇશ્વરમા લાગેલુ હોય છે નિ સ્પૃહ છતા લોકના અપવાદની તેઓ બીક રાખે છે આવી રીતે સુજનતાના લક્ષણનો પાર નથી એક અનુભવિ કહે છે કે

વસ્તુ મેળવવાથીજ માણસ પણ પ્રતિષ્ઠિત થાય છે. સુજનતા અતિ દુર્લભ અને મુલ્યવાન ગુણ છે તે મેળવનારની કાંઇ થોડી મહત્તા નથી. આ લોક તો ઠીક પણ પરલોકનાં શ્રેષ્ઠ સાધનો પણ સુજનતાથીજ સુધરે છે, માટે એ સુજનતાના અભ્યાસમાટે નિરતર પ્રયત્ન કરવું જોઇએ. અભ્યાસથી તે નથી આવતી તોપણ અભ્યાસના બળને અજમાવી જોવામાં પાછળ રેહેવું એ મનુષ્યની શક્તિને યોગ્ય નથી. અશક્ય અને અસંભવિત કાર્યો પણ માણસથીજ થયાં છે કે બીજા કોઇથી ? મનુષ્ય પ્રયત્નથી શું નથી કરતું ? માટે એ અશક્ય સુજનતા કાંઇ અસંભવિત નથી કે હાથપગ જોડી બેસી રેહેવું. ગમે તેટલાં સુખ ભોગવિયે, ગમે તેમ સ્વતંત્રતાથી ફરીયે, આપણે જગતના ઇશ્વર બરાબર થઇને છાતી કાઢી ચાલીયે પણ સુજનતા દેવીનું આરાધન નથી થયું ત્યાંસુધી સઘળી કુશળતા અને વિદ્યા પણ નકામી છે, એમ આબાલવૃદ્ધ સ્ત્રીપુરૂષોએ જાણવું જોઇએ. દેશી અને પરદેશી લોકોનાં વૃત્તાંતો કે ઇતિહાસો જોશું તો માંહીથી પરાક્રમી પુરૂષો શિવાય કોઇ કોઇ સુજન માણસોનું પણ નામ આવતું હશે. આપણે એના ઉપર કેવા પ્રેમની દૃષ્ટિએ જોઇએ છિયે ? એવીજ રીતે ઉછરતી પ્રજા પણ આપણા તરફ પ્રેમની નજરે જુવે, આપણાં સદાચરણથી આશ્ચર્ય પામે, તે પ્રમાણે ચાલવાનું અનુકરણ કરે અને પ્રસન્ન થઇને ક્ષણવાર વાહવાહ કહે, એવા આપણે થવાનેમાટે શામાટે બેસી રેહેવું જોઇએ ? શું આપણે મન, બુદ્ધિ, ઇંદ્રિય કે અંગો વગરના છિયે કે જાણી જોઇને પોતાના હાથમાંનો લાભ જવા દઇએ ! માટે મારા પ્રિયમિત્રોને ભલામણ કરવાની કે, દુર્લભ સુજનતાને મેળવીને તમે પણ જગત્માં દુર્લભ બનો. સદ્ગુણના સંગ્રહથી દુર્લભ થાય છે તેજ જગતમાં દુર્લભ અને ચિરંજીવ છે. આગળના મહાત્માઓ અને હમણાના ઉદ્યમી લોકો જે રીતે કરી ગયા હોય અને કરતા હોય તે રીતે પ્રયત્ન કરીને સુજનતા સંપાદન કરવી. તે કદી દુર્લભ હોવાથી પ્રાપ્ત નહિ થાય તો પણ તેમાં વૃત્તિ રેહેવાથી પણ જે લાભ થશે તે ઘણો છે. સ્મશાનવૈરાગ્ય પણ ઘણીવાર સારૂં કામ કરે છે તો સુજનતાનું થોડું સ્મરણ પણ ઘણું કામ કરનાર થશે. સુજનતા એ અમૃતવલ્લી છે. એનો આશ્રય કરનાર તો મુક્ત થાય પણ તેનો જેને પવન લાગે તે પણ અજર અમર થઇ જાય છે. માટે એ સર્વોત્તમ સુજનતા દેવીની સહુએ ઉપાસના કરવી. એ સર્વ વ્યવહારમાં, ધ-

ર્મના કામમા, ઉદ્યમમા, વિદ્યા મા, અને સંસારસાગર તરવામા તથા ભયને મટાડવામા, સર્વદા ઉપયોગી અને સહાયતા કરનારી છે ત્યારે શામાટે તેને શીખવવી જોઇએ? જેનાથી સુજનતા શીખાણી તેનાથી ભલે ને સુખી વિદ્વાન કે ધનવાન હોય તો પણ તેનાથી લક્ષ્મી, વિદ્યા, અને પરમેશ્વર શરમાણાજ છે એમ જાણવુ વિશેષ સુજ્ઞનેમાટે બોલવુ વૃથા છે તો પણ

अनेन मर्त्यदेहेन यल्लोकद्वयशर्मदम् ।
विचिंत्य तदनुष्ठेय कर्म हेयं ततोऽन्यथा ॥

આ મર્ત્ય એટલે માણસના દેહવડે જે બેય લોકમા કલ્યાણ આપે એવુ હોય તેવુ કામ વિચારીને કરવુ અને તેવિના બીજુ બેય લોકને સુધારે તેવુ ન હોય તે તજી દેવુ

વિચારી જોવાથી સુજનતા કે જે અતિશય દુર્લભ છે તેજ બેય લોક સુધારનારુ કર્મ છે માટે પ્રીતિથી સહુએ ગ્રહણ કરવુ, કેમ કે એ દુર્લભ સુજનતા પ્રાપ્ત ન કરાણી તો પછી આ ઘણા જન્મને અંતે મળેલુ મનુષ્ય શરીર પણ ક્યા સુલભ પડ્યુ છે? એ વળી સુજનતાના કરતા પણ વધારે દુર્લભ છે માટે આ દુર્લભ શરીરથી દુર્લભ સુજનતા સંપાદન કરી મળેલો યોગ સાર્થક કરવો એજ ઉત્તમ કર્તવ્ય છે

બુદ્ધિ

લેખક- કેશવલાલ હરિલાલ

સર્વવ્યાપક ઇશ્વરની સત્તા કેટલી હશે તે કોણ કહી શકે? સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારા, પૃથ્વી અને પૃથ્વીમા પશુ નદી, પર્વત, સમુદ્ર, વનસ્પતિ પશુ, પક્ષી અને માણસ, એમાની એક પણ વસ્તુ ઉપર પૂરો વિચાર કરવા બેસે તો વિચારનો અંત આવવા પહેલા આયુષ્યનો અંત આવે અર્વાચીન શાસ્ત્રકારો જણાવે છે કે ગ્રહ, તારા, વિગેરે પણ અહીંના જેવી દુનિયાનો સમૂહ છે ત્યા પણ પ્રાણિયોનો વાસ હશે, કેમ કે જગન્નિયંતાનુ કોઇ પણ, કામ નકામુ નથી પૃથ્વીઉપર પણ અસંખ્ય પ્રાણીઓની જાતો છે તેના ત્રણ મુખ્ય ભાગ પાડી શકાય, મનુષ્યવર્ગ, પશ્વાદિવર્ગ, અને વનસ્પતિવર્ગ હાલ આપણે જે વિષયનું વિવેચન કરવાનું છે તે પરત્વે તો પક્ષી, કીટ આદિ પ્રાણીઓનો પણ પશ્વાદિવર્ગમા સમાવેશ થાય છે આ ત્રણે વર્ગમા મનુષ્ય શ્રેષ્ઠ, પશ્વાદિ, મધ્યમ તથા વનસ્પતિવર્ગ કનિષ્ઠ છે

આ ફેર શાથી પડેલા છે તે વિચારવા જેવું છે. તેમાં પણ મનુષ્યવર્ગ શ્રેષ્ઠ મનાય છે તેનું શું કારણ છે? એનામાં એક એવી શક્તિ રહેલી છે કે જે બીજા વર્ગમાં થોડી જોવામાં આવે છે. તે શક્તિનું નામ બુદ્ધિ. મનુષ્યના કરતાં પશ્વાદિમાં બુદ્ધિ થોડી અને વનસ્પતિ વર્ગમાં તો તે છેક અદૃશ્યજ છે. આ શક્તિ કાંઇ મૂર્તિમાન નથી કે તેનું અવલોકન કરી શકાય; તેથી कारणाभावात् कार्याभावः[1] । એ નિયમાનુસાર આ શક્તિનું અનુમાન તેના કાર્ય ઉપરથી કરવામાં આવેલું છે. જ્યારે તેનું રૂપ પ્રતીત નહિ હોવાથી તેના અસ્તિત્વનું ભાન કાર્ય ઉપરથી થાય છે ત્યારે તો તેની ઉત્કૃષ્ટતા અને અધમતાનું અનુમાન પણ તે ઉપરથીજ થવું જોઇએ. અમુક કારણોથી વનસ્પતિમાં જીવનક્રિયાનું અનુમાન થઇ શકે છે. પણ બુદ્ધિ તો તેમનામાં જોવામાં આવતીજ નથી. આહાર, નિદ્રા, યથેચ્છ મૈથુન, આનંદયુક્ત વ્યાપાર, પોતાને કુદરતથી મળેલાં સાધનોથી પોતાનું પોષણ-રક્ષણ આદિ ગુણોથી પશ્વાદિમાં પણ બુદ્ધિ ઠરે છે. પણ માણસની અને પશુની બુદ્ધિમાં ફેર છે. પશ્વાદિ પોતાના વ્યાપારમાં ફેરફાર કરતાં આજદિવસ સુધી દેખાયાં નથી. પણ માણસની સ્થિતિ તો આજ છે તેવી પચાશ વર્ષ પહેલાં નહોતી, અને આજથી પચાશ વર્ષ પછી પણ તેવી રહેવાની નહીં. આ પ્રમાણે જનમંડળ પોતાના વ્યાપારમાં ફેરફાર કરતું જણાય છે. તેનું કારણ તર્ક. આની સાથે સ્મરણશક્તિ વળી જબરૂં કામ બજાવે છે. ભૂતકાળ ભૂલવો નહિ તે સ્મરણ; અને તે ઉપરથી ભવિષ્યનો વિચાર તે તર્ક. આ બે શક્તિઓરૂપી અશ્વની સહાયથી બુદ્ધિની ગાડી પોતાનો માર્ગ કાપી શકે છે. જેમ તે બે શક્તિઓ નબળી તેમ બુદ્ધિની ગતિ પણ ધીમી.

બુદ્ધિનું સ્વરૂપ તપાસ્યું, હવે તેના કાર્યનો વિચાર કરીએ. જે જે માણસો સુકર્મથી પ્રસિદ્ધ થઇ ગયા છે તે બધા બુદ્ધિનેલીધેજ પરાક્રમ કરી ગયા છે. મોટા તત્વજ્ઞાનીઓથી આરંભીને પશુની પેઠે ભારવેહેનાર મજુરસુધીના ધંધામાં પણ બુદ્ધિજ પ્રધાનપણે વર્તે છે. જેમ બુદ્ધિનો પ્રભાવ ઓછો તેમ તેના કાર્યમાં પણ તેટલી ન્યૂનતા. સંસારના પ્રપંચથી રહીત બાળકોની રમતમાં, તરૂણ વિદ્યાર્થિઓને વિદ્યાનો નિર્મળ સંસ્કાર કરવામાં, યુવાવસ્થારૂઢ દંપતીને પ્રેમમાં સુદૃઢ કરવામાં, વાત્સલ્યભાવ બતાવતાં માબાપોની છોકરાંને કેળવણી આપવાની રીતિમાં, અને છેવટ અનુભવી વૃદ્ધોના સર્વને

[1] કારણના અભાવથી કાર્યનો પણ અભાવ.

સન્માર્ગ દેખાડે તેવા ભાવમા બુદ્ધિજ સહાયભૂત છે ઘરવ્યવહાર, ગામવ્યવહાર, દેશવ્યવહાર અને જગત્વ્યવહાર પણ બુદ્ધિથીજ ચાલે છે, અને માણસોની તરેહતરેહની બુદ્ધિથીજ જનલોક આ સ્થીતિએ પહોચેલ છે વળી પ્રત્યેક મનુષ્યની બુદ્ધિમા અને તેના વલણમા ફેર હોય છે, કોઇની બુદ્ધિ વિદ્યામા, તો કોઇની વ્યવહારમા, કોઇની રાજનીતિમા તો કોઇની તત્વજ્ઞાનમા, કોઇની છળકપટમા, તો કોઇની સદ્વર્તનમા આનંદ માને છે એ બુદ્ધિના ત્રણ મુખ્ય ભાગ પાડી શકાય, સાત્વિકી, રાજસી, અને તામસી આ ત્રણેમા સાત્વિકી ઉત્તમ જો સર્વસ્થળે સાત્વિકી બુદ્ધિ વ્યાપી હોય તો જગત્ શાંતિથી પોતાનો વ્યવહાર ચલાવ્યા કરે જ્યારે આમજ થાય ત્યારે કલ્યાણમા પણ શી ખામી રહે? આમ ન હોવાથીજ જગત્ મનુષ્યને દુખ, ભય લાગે છે રાજસી બુદ્ધિ સ્વાર્થમા પ્રવૃત્ત રહે છે સર્વથી વધારે સુખ મેળવવાની આશામા માણસ નિરંતર મચ્યો રહે છે, પણ તેમા રાજસી બુદ્ધિ તેને આડો માર્ગ દેખાડે છે તામસી તો સ્વાર્થ કે પરમાર્થ એક પણ સાધતી નથી, એટલે બનેથી અવમ છે દુખ તો ત્રણે બુદ્ધિવાળાને જગતમા રહ્યાથી છેજ, પણ તામસીને વગરવિચારે કર્યાનો પશ્ચાત્તાપ કરવાને અવસર આવે એટલે તેને બમણુ દુખ, રાજસીને પણ પશ્ચાત્તાપ તો ખરો પણ કાંઇક વિચારીને કરેલુ એટલે થોડો, અને સાત્વિકીને તો ફક્ત દુખજ ભોગવવાનુ, પશ્ચાત્તાપ નહીં अज्ञानं तमसः फलम् (તામસી વૃત્તિનુ ફળ અજ્ઞાન,) એટલે તેનો કોઇ કાર્યમા જય નહીંજ અને કદી મળે તો તે તમોગુણનેલીધે નહીં પણ કોઇ બીજીજ રીતિથી તામસી બુદ્ધિથી તો અન્યરીતે મેળવેલ જય પણ વૃથા જાય મુસલમાનોએ તામસી વૃત્તિથીજ રાજ્ય ખોયુ છે, રાજસી બુદ્ધિ પ્રથમ સુખના દર્શન કરાવી પાછળથી દુખમા ડુબાવે છે रजसस्तु फलं दुःखम् (રજોગુણનુ ફળ દુખ) ઘણા રાજ્યકારો તામસી થવાથી પાયમાલ થયા છે રાજસી વૃત્તિવાળા બીજા રાજ્યકર્તાનો અંત પણ તેજ વૃત્તિથી આવવાનો સભવ વર્તમાન રાજ્યે સાત્વિકી ઉપર થોડુ લક્ષ આપી સંસારરૂપ પ્રપચના અદ્ભૂત ખેલ બતાવી જનમંડળને રાજસી બનાવી દીધુ છે હિંદુઓ પરંપરાથી સાત્વિક મનાયેલા છે, અને આર્યધર્મના સિદ્ધાતો ઉપરથી પણ આર્યમંડળની સાત્વિકી બુદ્ધિ ઠરે છે તેઓ પણ રાજસીને આધીન થવાથીજ પાયમાલ થયા છે વળી કાળને અનુસરીને પણ

બુદ્ધિમાં ફેરફાર થાય છે. પાશ્ચાત્ય દેશની વિદ્યાથી તથા માયિક શાસ્ત્રોથી હાલ ઘણાની બુદ્ધિ રાજસી થઇ છે, પણ હાલ તો તે ઘણાને લાભકારક દેખાય છે.

૨૫. તથા કાર્ય તપાસ્યાપછી બુદ્ધિનું વલણ કેવું હોવું જોઇએ તે વિચારવાનું છે. ખરેખર સુખી થવા ઇચ્છતો હોય તેને તો સંસાર ઉપર મોહ નજ હોવો જોઇએ. આવા વિચાર ઉપર કેટલાક એવી શંકા ઉઠાવે કે જો જગન્નિયંતાની એવીજ ઇચ્છા હોત તો આપણી બુદ્ધિને મોહમાં શામાટે પ્રવર્તાવત? આનો એટલોજ ઉત્તર ઘટે કે જો જગન્નિયંતાની એવીજ ઇચ્છા હોય તો તેમાં તમને સુખ પણ થવું જોઇએ, એટલુંજ નહીં પણ તેથી વિરૂદ્ધાચરણમાં દુઃખ પણ મળવું જોઇએ. પણ કેટલોક અનુભવ આપણને પોતાનો થાય છે તથા કેટલોક કોઇનો અનુભવ જોઇએ છીએ તે ઉપરથી સંસારમાં સુખ ઠરતુંજ નથી. બુદ્ધિ તો માત્ર સાધનરૂપે આપેલી છે. તમને જેથી અખંડ સુખ થાય તેવી રીતે તેને પ્રવર્તાવો એ તેની ઇચ્છા છે. આવું વૈરાગ્યનું જ્ઞાન તો કોઇનેજ હોય છે; ત્યારે બાકીના વ્યવહારપ્રપંચમાં મગ્ન થયેલાનું શું કરવું? તેમને તો અનુભવ, વિદ્યા, નીતિ, વિવેક તથા દયા એ અગત્યનાં છે. આમાં પણ બુદ્ધિજ જોઇએ છીએ પણ અનુભવ અને વિદ્યા તો બુદ્ધિને સારો સંસ્કાર કરે છે, તેથીજ તે અગત્યનાં છે. નીતિથી સર્વસ્થળે જય થાય છે એમ આપણો અનુભવ કહે છે. વિવેક કુકર્મ કરતાં આપણને અટકાવે છે, અને દયાથી આપણે ઘણા જણનું કલ્યાણ કરી શકીએ છીએ અને તેમની પ્રીતિ મેળવી શકીએ છીએ, જે આપણને તેમજ આખા દેશને કોઇ વખત ભારે સહાયરૂપ થઇ પડે છે. આ ઉપરનાં સર્વ અંગ સાત્વિકી બુદ્ધિનાં છે એટલે એજ ગ્રહણકરવા યોગ્ય ઠરે છે. કોઇ કહેશે કે સાત્વિકી બુદ્ધિથી માણસ નિરૂદ્યમી થઇ જાય છે, તો તે કહેવું સાવ ભૂલ ભરેલું છે, કેમકે ઉદ્યમરહિત રહેવું એ તદન ભૂલ ભરેલું છે, કેમ કે ઉદ્યમ રહિત રહેવું તે તો તામસી વૃત્તિનો ગુણ છે. ઉપર બતાવ્યાપ્રમાણે સાત્વિકીજ શ્રેષ્ઠ ઠરી માટે તેજ ગ્રહણ કરવી, અને રાજસી તામસી છોડી દઇ દુઃખ અને અજ્ઞાનથી બને તેટલાં દૂર રેહેવું.

प्रारब्धनी विचित्रता उपर एक वात

(અનુવ ગના વર્ષને પાને ૨૮૫ થી)

અનેક પ્રકારના દીવાઓની ગોઠવણી લાગી રહી હતી એક મોટી જાજમ આખા સ્થાનમા નાખી તે ઉપર મખમલનો ગાલીચો પાથર્યો હતો સામી બાજુમા બે સિહાસન નાખવામા આવ્યા હતા, જમા સોના રૂપાની જડતરનુ કામ ઝગીરહી રહ્યુ હતુ ચોતરફ અરીસાની હારો ઝુકી રહી હતી કચારી એક પછી એક ભરાઇ ગઇ એક બાજુ ભાયાત તથા અમીર ઉમરાઓ બેઠા અને બીજી તરફ મુસદ્દીવર્ગ બેશી ગયો ઉદયસિહ રાજના માણસોને આદર સહિત બેસારવામા રામવર્મ લાગ્યા હતા એટલીવારમા 'જનરખે મેહેરમાન' કરતો નકી પુકાર્યો અને ભીમભા તથા બાલુભા હાજર થયા તેઓને સહુએ યથાયોગ્ય માન આપ્યુ અને તેમણે સહુનુ યથાયોગ્ય માન લઇ સર્વેનુ માન રાખ્યુ બેય કુવરોએ તમામ જરીયનના વસ્ત્રો પેર્યા હતા, મોતીની માળાઓ તથા હીરાના હારો ધર્યા હતા, માથે શીરપેચ લગાવ્યા હતા અને રાતી મખમલના ડગલા તથા રાતી ખીનખાબના પાયજામા ધર્યા હતા, કચારી સવ બેશી ગઇ અને સભાની પડખેના દ્વારમા ચક નખાવી કુવરી કશળીબાને લઇને તેજબા પોતાના માણસો સાથે બેઠા કશળીબા બહુ વિવેકી, નરમ સ્વભાવના, દયાળુ અને સમય સમજનારા હતા તેથી તેજમાની તેની ઉપર પ્રીતિ બહુ હતી તેમજ લોકો પણ તેને જોઇ રાજબાને ભુની જતા હતા કચેરીમા નાટારભનુ કામ તથા કસુબો લેવાનુ કામ શરૂ થયુ અનેક રાગરગ અને વિનોદની વાતો પુરી થઇ રેહેતા બાર બજે કચેરી બરખાસ થઇ અને સૌ સૌને સ્થાન કે સુતા વિવાહના ઉત્સવના જેવો આનદ એકેય નથી, તેમ છતા મત્રી હરિદત્તને, આ પ્રસગમા પણ મનમા ઉભરા આવી જતા હતા બે ત્રણ દિવસ ઓઝણુ રહ્યુ - લોકો કશળીબાને આપવાનો દાયજો જોવાને ભગવા લાગ્યા કાઇ જરીયન વસ્ત્રો, આભૂષણો, સોના રૂપાના પાત્રો, વાહનો, રમકડાઓ અને બીજી અનેક ચીજો તથા હાથી ઘોડા સણગારેલા જોઇને લોકો રાજી થઇ ઘેર જતા હતા ઘેર ઘેર કશળીબાના વખાણ, ભૂપનસિહ રાજબા તથા મનુબાનુ સ્મરણ અને મત્રી હરિદત્તની રાજભક્તિ સભળાતા હતા આઠમને રોજ દસ બજાને અમને કુશળીબા સાસરે જવાને તૈયાર થયા સર્વે

સરંજામ બંધાઇ ગયો. લોકો દોડમદોડ કરવા લાગ્યા. સવારી તૈયાર થઇ અનુક્રમે ગોઠવાઇ ગઇ. કોંતલો અને ઘોડાનગારાંઓ આગળ કર્યાં. વચમાં આરબની બેરખની પછવાડે કશળીબાનો રથ અને તેને પછવાદે તેજબાનો રથ ચાલ્યો. તેની પાછળ થોડાક આરબો અને પછી ભીમભા તથા બાલરાજની ગાડી નીકળી તેમાં મંત્રી તથા પ્રધાન અને કોચમીન પાસે બે માણસો બેઠેલાં. તે પછી ભાયાતવર્ગ અમીર તથા અનુજીવી વિગેર અસંખ્ય સવારો હતા. ગાજતે વાજતે બંદુકના અવાજે સવારી ગામની બહાર નીકળીને નવા ચણાંવેલાં મંદિર આગળ ઉભી રહી. ત્યાં મહાદેવનાં દર્શન કરી સર્વ રાજકુટુબ વાહનમાં બેઠાપછી ધીરે ધીરે ચાલતાં સવારી અરધો માઇલ પોહોચી. પછી સૌને હળીમળી લેવા પોતાનો રથ ઉભો રાખી કસળીબાએ સહુને રોક્યાં. ગામની પ્રજાનાં સ્ત્રીપુરૂષો બાશ્રીને વળાવવા પાછળ ચાલી આવ્યાં હતાં. કશળીબાનો રથ એક ઝાડ નીચે છુટો અને તે પ્રમાણે તેજબા વિગેરેનાં વાહનો છુટાં. સ્ત્રીવર્ગ બાશ્રીને મળવા લાગ્યો. સહુ મળી રહ્યા પછી તેજબા મળવા ગયાં. કશળીબાનું સ્વરૂપ આટાણે અદ્દ્ભુત હતું. તેમણે સઘળાં જરિયન વસ્ત્રો પેર્યાં હતાં, લલાટમાં જડાવ ચાડલાઓનો મોર તથા મોતીની સરો સેથામાં લટકાવી હતી. કાનમાં સુંદર હીરા અને લીલમના કાપ ઝુમણાંસહિત પેર્યાં હતા. ડોમમાં મોતીની માળા, ચંદનહાર તથા દુગદુગી વિગેરે ઘરેણાં શોભતાં હતાં. તેર વરસની અવસ્થા પણ ઘણી મોટી દેખાતી હતી. જાણે મહાલક્ષ્મી હોય તેમ શોભતાં હતાં વીટીઓવાળા હાથમાં એક રૂમાલ લઇ તેજ હાથે પોતાના કપોલને સ્પર્શ કરતાં રથની એક બાજુએ બેઠાં હતાં. તેજબાએ આવી દુખડાં લીધાં એટલે પ્રકાશિત મોઢે તેને પધારો કહી માન આપ્યું. તેજબાએ કહ્યું કે દીકરા ! તમારાથી ભીમભા પણ મારે વધારે નથી માટે આ વખતે તમારૂં પધારવું થતાં મારા મનને જે ન થાય તે થોડું, તોપણ કશળાં સુખેથી પધારો અને તમારા રાજ્યમાં તમે સુખીયાં થાઓ. બાલુભાની કાંઇ ચિંતા કરશોમાં. કશળીબાએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે હા માતા ! એ સર્વ હું જાણું છું. ઇશ્વર આપની નેષ્ઠા પ્રમાણે આપનું કલ્યાણ કરશે. જો આપ રાજ્યમાં છો તો આજસુધી અમે આવડાં થઇને લાડ-ભોગવવા યોગ્ય થયાં છીયે. વારૂ હવે નગરમાં પધારો, એટલે હવે હું પણ રવાના થાઉં. તેજબા આંખમાં પાણી લાવી જરાક છેટે ઉભાં. અને પછી બે કુમારો સખીવર્ગ આવ્યા તેને કશળીબાએ દુખડાં લીધાં. (અપૂર્ણ.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મું. | માર્ગશીર્ષ, સંવત્ ૧૯૮૫. | અંક ૭ જો.

॥ यतो धर्मस्ततो जय ॥

विनाशकाले विपरीतबुद्धि

उपजाति

સુબોધમા ભાગ કશો ન લાગે, અબધમા રોજ વિશેષ જાગે,
વધે દુરાચાર ઘટે સમૃદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
થયા કરે પાપવિષે પ્રવૃત્તિ, પ્રપંચમાંથી ન મળે નિવૃત્તિ,
વિકારની થાય વિશેષ વૃદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
કુસપ ને ક્લેશ ગમે વધારે, વિપત્તિમા ધૈર્ય ન ચિત્ત ધારે,
કુકર્મથી હાય હરાય ઋદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
પોતે કરેલુ સઘળુ નિહાળે, આપ્તોતણા અંતરને ઉકાળે,
શી રીતિથી આપડશે સુબુદ્ધિ વિનાશકાલે વિપરીત બુદ્ધિ
ચડે સદા ચિત્ત વિચિત્ર ચાળે, સુખી થવાના નિયમો ન પાળે,
વિદ્યાકળા ને વણસે વિશુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
મોટાઇ ને માન મમત્વ નાસે, ભલાઇ ભૂડાઇ સમાન ભાસે,
આવે અનાચાર અને અશુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
વિદ્યા કળા કાઇ કરે ન કામ, ન સાભરે સદ્ગુણધામ રામ,
ચડે કઠોડે ચલ ચિત્તશુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ
સદા ભરેલો વિનયે વિચાર, ભલે ભણેલો નર હોય ભારે,
કરે કટાણે કથળી કુબુદ્ધિ, વિનાશકાલે વિપરીત બુદ્ધિ

बोधवाननी स्थितिविषे

લે૦ કેશવલાલ હરિ

વિચાર કરનાર, જેના ચિત્તની વૃત્તિઓ ગલિત થતી જતી હોય એવા, સમજી સમજીને વ્યવહારના અનુભવાનને ઠોકતા જતા, કાઇક

આત્માકારપણાથી ઠરેલા મનવાળા, દૃશ્ય કે જે ત્યાગ કરવા યોગ્ય છે તેને અનુક્રમે છોડતા જતા, જ્ઞાનની ભૂમિકાઓમાં ચડતા જતા, સઘળા દૃશ્યને ચિન્માત્ર જોયા કરતા, કોઇ પદાર્થને ચૈતન્યથી ન્યારો નહિ જોતા, જેમાં નિરંતર જાગ્યા કરવું જોઇએ એવા પરમતત્ત્વમાં વૃત્તિથી જાગ્યા કરતા, ઘાટા મોહમય સંસારના માર્ગમાં વૃત્તિ નહિ રાખતા, આ લોકના તથા પરલોકના ઊંચ-નીચ ભોગો કે જેઓ ભોગવવાના સમયમાંજ રમણીય છે પણ પરિણામે વિરસ છે, તેઓમાં પૂર્ણ વૈરાગ્યનેલીધે લાલચ નહિ રાખતા અને પ્રારબ્ધે પ્રાપ્ત કરેલા ભોગોમાં પણ આસક્તિ નહિ રાખતા અધિકારી પુરૂષને જ્યારે છુટું પડી ગયેલું અનાદિકાળનું અજ્ઞાન તડકામાં હિમના સમૂહની પેઠે અત્યત પીગળીને આત્મારૂપ જળની સાથે એક થઇ જાય છે; જેમ તરંગો-વાળી અને કલ્લોલોથી હાલકલોલક થતી નદીઓ શરદૃઋતુમાં શાંત થઇ જાય છે તેમ તરંગોવાળી અને કલ્લોલોની પેઠે હાલકલોલક થતી તૃષ્ણાઓ શાંત થઇ જાય છે; જેમ ઉંદર પક્ષીઓના જાળને તોડી નાખે છે તેમ બોધ સંસા-રની વાસનાઓને તોડી નાખે છે અને વૈરાગ્યના વેગથી દેહાભિમાન પોચું પડી જાય છે ત્યારે જેમ જળ નિર્મલીના ચૂર્ણને પામીને સ્વચ્છ થઇ જાય છે તેમ તે પુરૂષનું મન વિજ્ઞાનને પામીને સ્વચ્છ થઇ જાય છે. એ સમ-યમાં કામના વગરનું, વિષયોમાં ગુણોના અનુસંધાન વગરનું, સ્ત્રીઆદિના સાહિત્ય વગરનું અને બંધનથી રહિત થયેલુ મન પાંજરામાંથી પક્ષીની પેઠે મોહમાંથી નીકળી જાય છે. સંદેહોની ભુંડાઇ શાંત થતાં વાસનાઓના વિભ્રમોથી રહિત થયેલું અને આત્માનંદથી પૂર્ણ થયેલું મન પુનમના ચંદ્રની પેઠે શોભે છે. જેમ પવન શાંત થતાં સમુદ્રમાં ઉત્તમ સુંદરતાને પ્રકટ કરનારી ઊંચા પ્રકારની સમતા ઉદય પામે છે. તેમ વાસનાઓ શાંત થતાં જ્ઞાનીના મનમાં ઉત્તમ સુંદરતાને પ્રકટ કરનારી, વિનાશ નહિં પામનારી, ઊંચા પ્રકારની સમતા પ્રાપ્ત થાય છે. જેમ સૂર્યનો ઉદય થતાં તુષારની શીતલતાથી ઘેરાએલી, અંધકારમય અને જેમાં બોલ-વાનો વ્યવહાર થતો નથી એવી રાત્રિ ક્ષીણ થઇ જાય છે તેમ બો-ધનો ઉદય થતાં મૂર્ખતાથી ઘેરાએલી, અજ્ઞાનમય અને જેમાં સચ્છા-સ્ત્રનો વ્યવહાર થતો નથી એવી સસારની વાસના ક્ષીણ થઇ જાય છે. પરમાત્મારૂપી સૂર્યનું દર્શન થતાં શ્રવણ આદિના અભ્યાસોરૂપી પલ્લવોવાળી અને નિર્મલ પ્રકાશવાળી વિવેકરૂપ કમલિની પ્રફુલ્લિત થાય છે અને તે

પ્રાત કાવના આકારાની પેઠે સ્વચ્છતાથી શોભે છે મનનુ આકર્ષણ કર' નારી, સન લોકોને આનદ આપવામા સમથતાવાળી અને સત્વગુણની વૃદ્ધિથી પ્રાપ્ત થયેલી વિચારશક્તિઓ પુનમના ચદ્રની કિરણોની પેઠે વૃદ્ધિ પામે છે આ વિષયમા ઝાઝુ શુ કેહેવુ ? ટુકામા એટલુજ કેહેવાનુ કે જ્ઞેયવસ્તુને જાણી ચુકેલો મહામતિ પુરૂષ નિર્મલ આકાશના મડલની પેઠે ઉદય પણ પામતો નથી અને અસ્ત પણ પામતો નથી જેણે વિચારથી આત્મતત્ત્વ જાણી લીધુ હોય એવા મહાત્માપુરૂષને સૃષ્ટિ કરવા આદિ ધનેશામા પડેલા બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર અને શકર એઓ પણ રાક અને દયા પાત્ર જણાય છે જેમ મૃગો ઝાઝવાના પાણીને પ્રાપ્ત થતા નથી તેમ દેહ ધારી છતા પણ નિરહકાર ચિત્તવાળા એ જ્ઞાની પુરૂષને વિક્ષેપો પ્રાપ્ત થતા નથી સર્વ લોકો પોતપોતાના ચિત્તની વાસનાનેલીધેજ તરગોની પેઠે ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે એટલા માટે જન્મ અને મરણ વાસના વાળાનેજ લાગુ પડે છે પણ વાસનાઓથી રહિત થયેલા જ્ઞાનીને લાગુ પડતા નથી ઉત્પત્તિ અને નાશ એઓરૂપ મસારે તત્ત્વવેત્તાને લાગુ પડતાજ નથી એમ સમજનારો બ્રહ્મવેત્તા પુરૂષ તો જન્મને તથા મરણને એક જાતના તમાસા જેવા ગણી તેઓથી વિનો મગનો માને છે અને જે અ જ્ઞાની હોય છે તે એઓથી બનાય છે જેમ ઘડામા રહેલુ ઘટાકાશ જન્મતુ પણ નથી અને મરતુ પણ નથી તેમ દેહમા રહેલો આત્મવેત્તા જન્મતો પણ નથી અને મરતો પણ નથી દેહને કોઇ શણગારી જાય અથવા કોઇ બગાડી જાય તોપણ તેથી આત્મવેત્તાને હર્ષ શોક થતો નથી જેમ નિર્જન પ્રદેશમા ઉદય પામેલા ઝાઝવાના પાણી સાયકાને શીતલ ચદ્રનો ઉદય થતા ક્ષીણ થઇ જાય છે તેમ મિથ્યાભ્રાતિમા ઉદય પામેલા વાસના વિવેકનો ઉદય થતા ક્ષીણ થઇ જાય છે જ્યાસુધી ' હુ કોણ છુ અને આ જગત્ શુ છે' એવી રીતનો વિચાર ન કરવામા આવે ત્યાસુધી આ અધારા જેવો સસારનો આડબર સ્થિર રહે છે આ શરીર કે જે મિથ્યા ભ્રમના સમૂહથી ઉત્પન્ન થયેલુ છે અને આપદાઓના સ્થાનકરૂપ છે તેને જે પુરૂષ તત્ત્વબોધના અનુસધાનથી બાધિત દેખે તે પુરૂષનેજ દેખતો સમજવો દેશનેલીધે તથા કાળનેલીધે જે જે સુખ દુખ થાય છે તે ઓની સાથે મારે કશો સબધ નથી એમ જે પુરૂષ ભ્રમરહિતપણાથી જાણે તે પુરૂષનેજ જાણનારો સમજવો જેનો અત કે પાર નથી એવા આ

એમાં પણ તે તે દૃષ્ટિ કરનારાને એકસરખો અનુભવ ન થયો. એક સરખો અનુભવ ન થયા છતાં પણ કેટલાક વિષયમાં ગમે તે રીતે પણ એકસરખો સિદ્ધાંત કેટલાક લોકોનો થઇ ગયો, અને એ ક્રમ ઉપરથી આ કામનું અને આ નકામું એવો લોકોએ સિદ્ધાંત બાંધ્યો. જગત્‌માંહિના પ્રાણી-પદાર્થ અને ગુણવિષે આમ નિશ્ચય બંધાયા પછી પણ જે સારા પ્રાણી-પદાર્થ અને ગુણ ગણાયા તેમાં પણ બુદ્ધિમાનોમાં ભેદ પડયા કોઇએ પ્રત્યક્ષ સુખ ઉપર દૃષ્ટિ રાખી, કોઇએ પરોક્ષ ઉપર દૃષ્ટિ રાખી અને કોઇએ બન્ને ઉપર દૃષ્ટિ રાખી અને એમ કરીને વળી આનો આવો અધિકાર છે અને આનો આવો અધિકાર છે એવી જાતિની બારીઓ મેલી. સંસારના ઉપયોગી પદાર્થોને અંગીકાર નહિ કરતાં અરણ્યમાં ઇશ્વરભજન કરતાં જીવન ગાળી નાંખવું એવા વિચારના બુદ્ધિમાનો ઘણા થઇ ગયા. દક્ષ પ્રજાપતિના દશ હજાર દીકરાઓ એમજ સૃષ્ટિ કરવાનો ક્રમ છોડી દઇને ચાલી નીકળ્યા હતા, કે જે ઉપરથી દક્ષે નારદજીને શાપ દીધો હતો. ધ્રુવના વશમાં પ્રચેતા નામના રાજાઓ પણ એજ રીતે ચાલી નીકળ્યા હતા. નારદમુનિ, સનત્કુમાર, શુકદેવજી વગેરેએ તથા ઋષભદેવ તથા જડભરતે ભોગવેલી વિરક્તદશા આપણે ઇતિહાસો ઉપરથી જાણી લીધી છે. તેજ રીતે સૃષ્ટિના ક્રમને અનુસરી સંસારના સુખરૂપ મનાએલા પદાર્થોનો ઉપયોગ કરતા બુદ્ધિમંતલોકોએ સસારમાં પ્રીતિ રાખી વ્યવહાર ચલાવ્યો છે. કેટલાક આ પક્ષમાં એકમત થાય તો કેટલાક બીજા પક્ષમાં એકમત થાય, પરતુ સર્વને સુખ મેળવવા તથા સાર શોધવાની ઇચ્છા તો પરિણામે મળતી આવતી હોય છે. આમાં પણ અંતે જેણે જે રીતે સુખ મેળવવાનું માન્યું હોય તેને તે રીતિથી સુખ મળી શકતું હોય એમ પણ ઘણીવાર દેખાય છે; અને એમ થાય એ પણ અસંભવિત નથી જણાતું, કેમકે સુખ

અન

ે.કલ્પિત ભાવના ગણી શકાય છે. જગતમાં અનેક પ્રકારના

તું પણું

લીન થયાં કે ગુણો વિદ્વાનોના પરિચયમાં આવ્યા તેમાં જેનો સર્વથી તને પૂરનારા પોર્તયો નહિ અને તેથી હાનિજ દેખાવા લાગી, ત્યારે તે રહિત દેખે તેજ દેખો ગણવામાં આવ્યો. છેવટ કેટલાક આસ્તિકતા-વિવેકથી થએલા આત્મ બાંધ્યો કે ઇશ્વરે આરભેલી સૃષ્ટિમાં કાંઇપણ પુરૂપ વ્યવહારને દેખ! પ્રાણી-પદાર્થ અને ગુણને ઉત્તરોત્તર વધારે

મળતો આનતો સર્વના જાણવામાં આવ્યો અને એ ઉપરથી વિવેકીઓને એમ ભાસ્યુ કે જગતમા કાઇ પણ નકામુ નથી, પરતુ જે નકામુ લાગે છે તે આપણી ભૂલ થાય છે આવી રીતનો તેઓનો આભામ આપણને પણ કેટલેક અશે આસ્તા રાખવા યોગ્ય લાગશે આ પ્રાણી, પદાર્થ કે ગુણ સારો અને આ નરતો એવો ભેદ તો જે સર્વમાન્ય થઇ ગયો હોય તે તેમજ માનવો એ સર્વોત્તમ છે તે સાથે હવે તે નકામો છે કે કામનો છે તે તેના ઉપયોગ ઉપર આધાર રાખે છે અને એનો ઉપયોગ મનુષ્યના બન-બુદ્ધિ ઉપર આધાર રાખે છે આખુ જગત્ અને વિદ્વાન્ અને મૂખ સઘળા લોક એક ગુણ અને પદાર્થને શ્રેષ્ઠ માનતા હોય તે પણ જ્યારે એક કોઇ યોજના કરનારને નરતુ પરિણામ થયુ ત્યારે તેમા તે ગુણ કે પદાર્થનો ગો દોષ ? જો તે ગુણ કે પદાર્થ જગત્‌ની દૃષ્ટિમા નઠારો ઠરેલ હોય તો ક્ષણનાર તેનો દોષ આપપુ દેખિયે પણ તે પદાર્થ કે ગુણ સારો ગણાયો હોય તેમ છતા તેની યોજનાનુ ફળ વિપરીત થાય તો તે યોજના કરનારનોજ દોષ દેખશુ કોઇ પણ પદાથ, પ્રાણી અને ગુણને પછી તે સારો ગણાયો હોય કે નરતો ગણાયો હોય પરતુ તેને તેની યોગ્યતા પ્રમાણે યોજના કરવી એજ બુદ્ધિની સૂક્ષ્મતાનુ પરિણામ છે ઉપયોગ કરતા ન આવડે તો પછી બુદ્ધિનો બીજો શો ઉપયોગ છે અને પદાથની યોગ્યતા પણ કેમ જણાય ?

પ્રાણીઓ તો જગતમા ઘણાય છે તેમા સ્થાવર કરતા જગમ વધારે સારા કહેવાયા તે ચલનશક્તિ ઉપરથી અને જગમમા પણ મનુષ્યો શ્રેષ્ઠ કહેવાયા તે બુદ્ધિની અધિકતાને લીધેજ જો બુદ્ધિની અધિકતા ન હોય તો પશુમા અને મનુષ્યમા પછી ફેરજ શો રહ્યા પશુ તો ઘણુ ઉપયોગી પણ મનુષ્ય તો ઉપયોગી પણ નહિ આટલામાટે બુદ્ધિની અધિકતાથી મનુષ્ય અધિક ગણાયુ અધિક તો ગણાયુ પણ બુદ્ધિની બક્ષીમ સાથે પદાર્થોની યોજનાનો ઉદય પામે તોજ બુદ્ધિ મળી તે સફળ છે યોજનામા પણ સારા પદાર્થને સારી રીતે યોજવો તેતો હજી પણ થઇ શકે પણ નઠારાને સારી રીતે યોજવો એ વાત કાઇક કઠણ છે કેટલાક તો સારા પદાર્થને પણ યોજનાના વિષમપણાથી હલકામા હલકો કરી નાખે છે ત્યા એમ સમજવુ કે એમા પદાર્થનો કાઇ વાક નથી પણ યોજનારનો વાક છે કોઇ પદાથ કે ગુણ સારાજ કહેવાઇ ગયા અને કોઇ નઠારાજ કહેવાઇ ગયા તેમા યોજના એ પણ બલવાન કારણ લાગે

છે. જગત્‌માં સ્વાભાવિક રીતે વિચારતાં જે કાંઇ નામરૂપાત્મક વસ્તુ છે તે સર્વે ઉપયોગીજ કહેવાય છે, પરંતુ પદાર્થોના ગુણ-સ્વભાવ ઉપરથી તેઓનો સારા-માઠા ભેદથી વર્ગ કરેલો હોય છે; પરંતુ કેટલાય પદાર્થો એવા છે કે તે સારો છે કે માઠો એમ તેની યોજના કયા પછી તેની કયા વર્ગમાં ગણત્રી કરવી તે ખબર પડે છે; પરતુ યોજના કરનાર બરાબર ન હોય તો જોનારની સમજણમાં ભૂલ પડી જાય છે.

જુવો કે આ મનુષ્ય શરીર ક્યાંઇ મહા અપવિત્ર, મળમૂત્રનું પાત્ર, ક્ષણભંગુર અને ત્રિધા તાપનું સ્થાન છે એમ વર્ણવ્યું છે, તે યોજના કરનારાઓના અનુભવથી વર્ણવેલ છે. તેજ શરીરને, અમૂલ્ય, દુર્લભ, ઉત્તમ, અને સંસારનો પાર ઉતારનાર વહાણ સરખું તથા સર્વે સુખ-ભોગનું સ્થાન ગણ્યું છે, એ પણ યોજના કરનારની બુદ્ધિનું પરિણામ છે. આ ઉપરથી એમ માની શકાય છે કે જે જેવું પાત્ર તેને તેવી જાતિની પદાર્થની યોગ્યતા ભાસે છે. કેટલાક ગુણ-પદાર્થો એવા છે કે ગમે તે રીતે યોજવાથી તે ગુણરૂપજ થાય છે, પરંતુ કેટલાક પદાર્થો એવા છે કે ગમે તે રીતે તેની યોજના થાયજ નહિ; પરંતુ તેના ગુણ-સ્વભાવ પ્રમાણેજ સમયાનુસાર યોજના થાય. અને એમ યોજના થાય તોજ ગુણ-પદાર્થ ઉપયોગી કહેવાય. નહિ તો કહેવાય નહિ. આંજણ એ સાધારણ વસ્તુ છે. એ આંજણ નાનાં બાળકની આંખમાં શણગાર સજાવી થોડુ આંજ્યુ હોય તો સાંજને સમયે બહુ બહાર કરે છે. તેજ આંજણ જો કોઇ મોટા માણસના નાક ઉપર લગાડી દીધું હોય તો કેવું લાગે ? ખરેખર હસવા જેવુજ લાગે અને આંજણની તથા માણસની કિમતમાં પણ ઘટારો થઇ જાય. યોજનાનું કામ આવું છે. એક કોઇ બલવાન માણસે કોઇ અપરાધી ચોર લોકોને પોતે એકલાએ ચાર જણને પકડી લીધા હોય તેની ઉપર રાજી થઇને કોઇ મહારાજા તેને સેનાધિપતિ બનાવી બક્ષીસમાં તરવાર આપે અને તેજ તરવારનો ઉપયોગ સંગ્રામમાં શત્રુને સંહાર કરવામાં નહિ કરતાં કોઇ કારણનાર પોતાનાજ અંગ ઉપર વાપરે તો એમાં તરવારનો શો દોષ છે ? આ કેવળ યોજના કરનારની ક્રિયાથીજ એ ઉપયોગી પદાર્થ નિંદિત અને નાસ ઉત્પનાર થયો. સંસારમાં જેટલો વ્યવહાર કહિયે તેટલો યોજના ઉપરજ ચાલેલો જણાય છે અને સિદ્ધાંતો પણ જે નોખા નોખા બંધાયા છે તે પણ યોજના થયા પછીના પરિણામ ઉપરથીજ બંધાયા જણાય છે. અમુક

ઔષધિથી જ્વરનો નાશ થાય, અમુકથી ઉધરસનો નાશ થાય, અમુકથી અજીર્ણનો નાશ થાય એ પણ એક જાતિની યોજનાથી સમજાય છે પૃથ્વી ઉપરના મહાન ગોળો આકાશ જોઇને આપણને કેવો ચમત્કાર લાગે છે! વાયુ અગ્નિ વિજળી, જળ અને પૃથ્વીના ગુણગુણ વિગેરે પદાર્થોની યોજનાથી લોકોએ સુખના વિચિત્ર સાધનોના યંત્રો અને પદાર્થો બનાવી પૃથ્વીને ભરી મેલી છે, એ યોજનાના ક્રમથીજ બનેલુ છે જેનો યોજના કરનાર હોય પદાર્થ પણ તેવુજ પડે છે, કેમકે પદાર્થો પોતે જડ છે તેના ગુણો પણ યોજના કરનારને આધીન રહેના હોય છે

સ્વાભાવિક રીતે કોઇ ઉત્તમ ગુણ પદાર્થ પણ પોતાને યોગ્ય સ્થળે યોજવાથી તે બહુ ઉપયોગી અને શ્રેષ્ઠ ગણાય છે અને બહુ સારો, મોંઘો કે ઉત્તમ પદાર્થ પણ યોગ્ય સ્થળે યોજના નહિ થવાથી નિરુપયોગી અને નિંદ્ય અથવા ઉપેક્ષા કરવા યોગ્ય થાય છે હીરા મોતીના ઝુમખામા રહેલી મોટી કોઇ મણિ રાજાના શિરપેચમા જડાય ત્યારે કેટલી બધી ઉપયોગી થઇ પડે છે અને તેજ હીરામોતી જો શિરપેચમા નહિ નાખતા તેની રાખ કરી નાંખી વાસણ માજવાના કામમા વાપરવામા આવે તો તે કેટલુ બધુ વિપરીત થાય?

ગુણાવસ્થાવિષે આગળ અમે લખી ગયા છિયે એને વિદ્વાનોએ કેટલી બધી નિંદિત ગણી છે તે તેજ વખતે જણાવ્યુ છે એટલી બધી નિંદિત થવાનુ જો કારણ જોઇએ તો માત્ર તેની યોજનાજ છે, નહિ તો જે અવસ્થા મન સાધન કરવાનુ સ્થાન અને શ્રેષ્ઠ છે તે નિંદિત કેમ થાય? ઘણા ગુણ પદાર્થની યોજના ઉત્તમ માર્ગમા કરવી પડે છે અને અધમ માર્ગમા વગર યોજનાએ યોજના થઇ જાય છે તેથીપણ ગુણ પદાર્થની નિંદા સ્તુતિ થાય છે પણ તે પણ તે ગુણ પદાર્થને યોજના કરનારના સ્વભાવ ઉપર રહેવાથી મન ગુણદોષનુ પ્રધાન યોજના કરનાર હોય છે મણિને કોઇ સોનાને મને કથીરમા જડી દે તો જડનારની ભુલ સમજવી જોઇએ

લોકો બહુબુદ્ધિથી હીન થઇ જવાનો સંભવ જોઇને જાણે કેમ વિદ્વાનો બીતા હોય તેમ સુખરૂપ પદાર્થો પણ યોજના નહિ કરતા આવડે તો દુઃખરૂપ થશે જાણી તેને આગળથીજ દુઃખરૂપ દેખાડી ગયા તેમા તેમણે ગહન ચતુરતા વાપરી છે, એમ જણાય છે જે ઉચ્ચ બુદ્ધિવાળા મનુષ્ય થાય છે તે સઘળા લખાણનો સાર સમજી સારી યોજના કરી સ્વ ગુણ પદા

થીને સુખરૂપ કરી લે છે. એટલે આજસુધીમાં સારા ઉપયોગી લાગતા ગુણ-પદાર્થ કે નામ-રૂપમાં કોઇ મહાત્માઓએ તેને બંધનકારક કે દુઃખકારક લખ્યા હોય તો તે તેનું લખવું થયા યોગ્ય સમજવું જોઇએ; કેમકે એ લેખો તો બહુ ગંભીર બોધ આપનાર અને વિચારી ચાલનારને અતિ સુખરૂપ થઈ પડે છે.

અહીં આપણે શરીરના જે ષડ્રિપુ છે, તેવિષે સમજવામાટે આટલું બધું લખાણ કર્યું છે માટે તેને તપાસિયે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ શરીરમાંના છ શત્રુ ગણાય છે. એનો સામાન્ય રીતે અર્થ લોકો જાણી શકે છે. પંચભૂતનું શરીર બનાવીને પરમેશ્વરે તેમાં જે જે કાંઇ મેલેલું છે તેમાં કાંઇપણ અનુપયોગી, વધારે કે માણસની ક્રિયાની પેઠે અમથું મેલેલું ન હોય એમ તો સાધારણ બુદ્ધિમાન્ પણ જાણી શકે આમ છતાં કામ ક્રોધાદિકને રિપુ (શત્રુ) નું વિશેષણ શા કારણથી અપાયુ ? ખરૂં જોતાં તે ગુણો કાંઇ સ્વતંત્રનો નહિ હોવા જોઇએ, કેમકે તે દેહીને (જીવને) આધીન છે. તેમ છતાં દેહી (જીવ) તેઓને આધીન ન રાખી શક્યો માટે તે શત્રુરૂપે થઇ પડ્યા, એમાં એ ગુણોનો દોષ ન ગણાય જો ગુણોનો દોષ હોય તો સર્વત્ર એકસરખો લાગુ પડવો જોઇએ. એ ગુણો જો સ્વતંત્ર થઇ જાય છે તો શત્રુનું કામ કરે છે અને જીવના સ્વાધીનમાં રહે છે તો મિત્રનું કામ કરે છે. એટલામાટે તેને સ્વતત્ર થવા ન દેવા જોઇએ. વાઘ જેવાં ભયંકર ફાડી ખાનારાં પ્રાણીઓ જગતમાં મહા અનર્થરૂપ ગણાયાં છે. એવાં પ્રાણીઓને સ્વતંત્ર રાખવાથી તેઓ કેવાં માયાળુ અને ઉપયોગી બને છે તે કોઇથી અજાણ્યું નથી. સર્વત્ર જોઇએ ત્યાં યોજનાનીજ આવશ્યકતા છે. કામ, ક્રોધ અને લોભ એને શ્રીકૃષ્ણ પરમાત્માએ નરકના દ્વારરૂપ કહ્યા છે તે વાત ખરેખરી છે અને એટલામાટેજ તે શત્રુરૂપ છે. એ ગુણો મનમાંથી પ્રકટ થાય છે માટે મન જો વશ્ય હોય તો એ ગુણો વશ્ય રહે છે. અને વશ્ય રેહેવાથી અથવા જોઇ વિચારી તેનો ઉપયોગ કરવાથી મિત્રરૂપ થાય છે. કામ એટલે ઇચ્છા તે સારા પદાર્થની પણ થાય અને નરસાની પણ થાય. રજોગુણથી મન રંગાયેલું હોવાનેલીધે બંધનકારક વિષયોની ઉચ્છા થાય છે પણ સુખકારકની ઇચ્છા થતી નથી. એ વિષયોને ગ્રહણ કરવા જતાં કાંઇ વિઘ્નો નડે કે પ્રતિબંધ આવે તો ક્રોધ ઉપજે છે અને સહજ વાતમાં આખા કુલનું નિકંદન થઇ જતાં વાર લાગતી નથી. કામને ક્રોધનો

આવેશ જ્યારે સામેને આવે છે ત્યારે, તેઓ છતી આંખે આંધળા, છતા કાને બેરા, છતી બુદ્ધિયે જડ, વિદ્વાન છતા મૂર્ખ, અને ગાણુન છતા પશુ બને છે આમ થાય એટલે પછી તેને શત્રુ નહિ તો મિત્ર કોણ કહે? પણ આમા ભુન એ ગુણોની નથી મેળવેની વસ્તુ ઓછી નહિ થતા દેવી એ લોભ પણ સામાજિક વિષયોમા રાખવાના આવે છે પણ કાઇ દિવસ છુટે નહિ તેના સુખના સાધનમા રાખવામા આવતો નથી એવી રીતે એ સપુ ગુણો ઉની રીતે વધતા રહીવા એટલે મોહ, મદ અને મત્સર તેમાથીજ થઇને તેને નુકસાનકારી થાય છે આટલામાટે તે શત્રુ છે અને અવશ્ય તે બુદ્ધિ, બળ, વિવેક, વૈરાગ્યાદિ મનુષ્યની સંપત્તિને હરિ લઇ નરકના બારણા દેખાડનાર થાય છે એનાથી બીજો મોટો શત્રુ કોણ? જો એજ શત્રુને નિયમમા રાખી શ્રેષ્ઠ વિષયોમા ચડાવ્યા હોય તો અથવા યોગ્ય સ્થળે વાપર્યા હોય તો લક્ષ્મી, આયુષ્ય, અને ખ્યાતિને વધારે છે પરમાર્થ વિષયમા તો એને સાવ દબાવીજ દેવા જોઇએ દબાવીને પણ પરમ સુખની ઇચ્છા, તેમા નડતા વિઘ્ન ઉપર ઇર્ષ્યા અને મેળવેના સાધન વગર નહિ જવાની કોશીશ કરતા કાઇક અંશ એ ગુણોનો કામ લાગે છે કામ સિદ્ધ થયા પછી તેની પણ જરૂર નથી રહેતી વ્યવહાર વિષયમા મિત્રને જેમ વશ રાખી કામ કરાવિયે તેમ તેની પાસે કામ કરાવવાનુ છે અન્ન એ શરીરનુ પોષણ કરનાર પદાર્થ છે તે ઉપર જો ઇચ્છા જ ન થાય તો પછી કેમ વ્યવહાર થાય ને શરીર પણ કેમ ચાલે? એમ સઘળા સ્થળમા મનમા સમજી લેવુ કોઇ હાથમા હથીયાર લઇ મારવા આવે કે કોઇ નિરપરાધી પ્રાણીઓની હિંસા કરે તે સમયે જો ક્રોધ ન આવે તો પછી તે ક્રોધ શુ કામ કરે? જગતમા કીર્તિ અને મોટાઇમાટે લોભ ન રહે તો પછી તે લોભ શુ કામ લાગે? એમનેએમ સઘળા ગુણોનુ સમજી લેવુ યોજના સારી થાય તો હલકા ગુણોપણ શોભી નીકળે છે અને યોજના અયોગ્ય થાય તો સારા ગુણોપણ શોભતા નથી શણગાર નરેતા બાળકને આજણનો ચાડલો (મસો) કાન આગળ કરવામા આવે તે બહુ શોભા આપે છે, પણ તેજ જો કપાળમા કરવામા આવે કે નાકપર કરવામા આવે તો કેવો ખરાબ લાગે? પરમ દયાળુ પરમેશ્વરે જે જે પદાર્થો ઉત્પન્ન કર્યા તેને સારા માઠાની છાપ જનમમુદ્દે પાડી તે ઠીક છે, પણ એ છાપ પાડ્યા પછી પણ આચરણ કરવામા લોકોએ સૂક્ષ્મ વિચાર રાખ્યો નહિ સઘળા ગુણ પદાર્થની સંસારમા જરૂર પડે છે ઈશ્વરની

બીબાને મળવા ગયાં. આટલી વારથી ભરાઇ રહેલું મન કશળીબાએ નેત્ર દ્વારે ખાલી કર્યું. કાંઇ બોલવાનું તેને સુજ્યું નહિ ને હીબકા ભરવા લાગ્યાં. જમનાબાએ છાતી સાથે રથમાં બેશી તેને ચાંપ્યાં. અને આંખમાં આવતાં આંસુ અટકાવીને બોધ આપતાં જણાવ્યું કે દીકરા! આ મહા આનંદનો સમય છે. આપ યોગ્ય રાજકુમારને પરણીને સાસરે પધારો છો એ જોવાને અમને સમય મળ્યો છે. દૈવેચ્છાથી માતા પિતાની આજસુધી હયાતી ન રહી એ અસતોષ હવે મનમાં લાવવાથી કાંઇ ફળ નથી. બેન! આ રાજ્ય તમારૂં છે. ભાઇ ઉપર માયા રાખજો અને તમારા વૃદ્ધ કાકાની કાગળપત્રથી સભાળ લેજો. દીકરા! હવે મન ધારણાએ રાખો. આટલા દિવસ તમે દીકરી હતાં. હવે તમે રાજયપત્ની થયાં છો. તો સર્વવાતે ગભીરતા રાખતાં શીખવું. સાસરે જઇને અહીં જેજે સદ્‌ગુણથી અમારૂં મન ખેંચીને અમને બાંધી લીધાં છે તેથી સરસ સદ્‌ગુણથી તમારાં સાસુ-સસરાને પ્રસન્ન કરજો તથા તમારા શિરચ્છત્ર પતિની પ્રીતિ મેળવજો. મોટામાં મોટું એજ કામ તમારે કરવાનું છે. વિશેષ તમે સમજું ને શીખેલાંને શું કહેવું હોય! આટલા અક્ષર બોલી આંસુ વાળે મોઢે સારી પેઠે કશળીબાને મળી જમનાંબા નીચે ઉતર્યાં. કશળીબાએ પગે લાગી જણાવ્યું કે મારાં માતાપિતા તમેજ છો માટે વધારે કાંઇ નથી કેતી કેમકે મારૂં હૃદય ભરાઇ આવે છે. ત્યારપછી હરિદત્ત મત્રી બાશ્રી કશળીબાપાસે આવ્યા. બાનું મોઢું એક કોરે સાસરે જવાના આનંદમાં અને બીજી કોરે પોતાના પિતાનું ઘર છોડવાથી થતા ખેદમાં દેખી હરિદત્ત પણ તેજ સ્થિતિમાં આવ્યા. ગમે તેવું ધીરજવાળું માણસ પણ પોતાના માની લીધેલાના વિયોગમાં ધૈર્ય રાખી ન શકે, એ સ્વાભાવિક છે. જરાક હર્ષાશ્રુ પડતાં વેંત હરિદત્તે ધૈર્ય પકડ્યું. કુશળીબા રડી પડ્યાં. તેને પોતાના સોગન આપી જમનાંબાને તેની પાસે બેસાડી શીખાણ દેતાં બોલ્યા કે, બેન! આયુષ્માન મનુભા ગાદીએ બેસે એ સમય નજરે જોવાની તો વેળા આવે એવી આશા રેહતી નથી પણ આપ કશળ્યાં પરણીને સાસરે પધારો એ લાવ જોવાને મારી પૂર્ણ ઇચ્છા આજ પૂર્ણ થઇ છે. તેમજ આપને સર્વવાતે યોગ્યજ રાજ્યના રાજપુત્ર સાથે તમારો સંબંધ થયો છે તેપણ અતિ સંતોષકારક વાત થઇ છે. હવે તમે તમારા રાજ્યમાં સુખીયાં થાઓ અને કીર્તિ સંપાદન કરો એટલુંજ માત્ર તમારા તરફથી જોવાને મારે બાકી છે. આ રાજ્યમાં હવે

પછી શુ બનશે તે તો ઇશ્વર જાણે, પણ એટલુ તો કહુ છુ કે જ્યાસુધી મારા પ્રાણ છે અને જ્યાસુધી મારૂ કુટુબ હયાત છે ત્યાસુધી બાલુભાની તમારે કાઇ ચિતા ન રાખવી એ મારા તો શુ પણ આખી પ્રજાના પ્રાણ છે આટલી વાત કરી ત્યાસુધી વધારે વધારે ખેદ કરતા સર્વના હૃદય ભરાઇ આવ્યા પછી જમનાબા બાનડી પાસેથી કશળીબાને પીવાસારૂ પાણી લેવા ગયા એટલા વખતમા ફરીને હરિદત્ત બોલ્યા કે બેન ! આ વાત જાણનાથી કાઇ હર્ષ કે શોક જેવુ કારણ નથી તોપણ જણાવુ છુ કે મનુભાની શોધ માટે હુ બહુ તજવીજ કરૂ છુ આજ સવારે એક અજાણ્યો માણસ હુ પાઠપૂજા કરતો હતો તે વખતે કાઇક મર્મભેદના વેણ બોલી ગયો છે તે ઉપરથી મને ઘણા વિચારો ઉઠયા છે કે જેનુ પરિણામ ઇશ્વર કરશે તો સહુને સતોષ ઉપજાવનાર થશે વચમા કશળીબા સાવધાન થઇ બોલી ઉઠયા કે કાકા ! ઘણા સારા ખબર મે સાભળ્યા મને હમણા જે જમણી આખ ફરકી તેનુ ફળ જોયુ આ ખબરના સબધમા મારે સાસરે જઇને હુ દશ હજાર સોનામોહોર ધર્મના કામમા વાપરીશ એમ કહે છે ત્યા જમનાબા બાનડી સાથે પાણી લઇ આવ્યા તે પીને કશળીબા સ્વસ્થ થયા પછી હરિદત્ત બોલ્યા કે બા સાહેબ ! સાસરે જઇને જેવીરીતે અહી સૌને સતોષ આપ્યો છે તેવીરીતે ત્યા આપજો પુણ્યપર પ્રીતિ રાખી પ્રજાનો પ્રેમ મેળવજો રાજાને પ્રજા છે તે કામદુધા છે એટલામાટે તેને સવ વાતે સુખી રાખવી એ પ્રજા છે તોજ રાજાનુ રાજાપણુ છે હજુ તમે બાળક છો માટે મારે કહેવુ જોઇએ કે કોઇને પણ વિશ્વાસ પાત્ર કરતા પેલા ઘણી સાવચેતી રાખજો હૃદયમા વીરજ રાખજો સગત તમે તમારા ગુણની શાસ્ત્રોની અને તમારા પતિનીજ રાખજો ઉદયરાજ મહારાજ સર્વવાતે સમજુ છે તમે પણ સર્વવાતે સમજુ છો તોપણ કોઇવાર પણ રાજ્યહઠ કે સ્રીહઠમા પતિને કલેશ થાય એવુ ન કરશો સ્રીઓનુ ભૂષણ મર્યાદા, સદાચાર અને સુગ્નભાન એજ છે માટે એથીજ સદાય શોભીતા થજો હવે આજ હુ તમારે છેલા દર્શન કરૂછુ હવે પછી કયે પ્રસગે તમે પધારશો તે કહી શકતો નથી તોપણ એટલુ કહુ છુ કે કોઇ વખત તમોને વઢયો હોઇશ કે બરાબર સતોષ નહિ ઉપજાવી શક્યો હોઉ તો તે સર્વ અપરાધ મનમા ન લાવતા જે કાઇ બન્યુ તે સપૂર્ણ માની લેજો અને તમારા સર્વ ઉપર જેવી માયા છે તેથી પ્રતિદિન વધારે રાખજો તમારો નિરભિમાની સ્વભાવ, સરલતા,

સુભાગ્યતા અને મર્યાદા તમારૂં સંરક્ષણ કરશે. હવે તડકો બહુ થઇ ગયો છે. લોકો બધાં ઉદાસી મોઢે તડકે તપે છે, માટે સહુને રજા આપો. આપ પણ સિધાવવાની તૈયારી કરો. બાકી જે તમોને છેવટની શીખામણ દેવી ઘટશે તે પાછળથી લઇ મોકલીશ. કશળીબા ગળગળે સાદે બોલ્યાં કે મારાં માતા, પિતા કે ભાઇ, જે કહુ તે તમે છો. જે કાંઇ તેનાથી ન થાય તે તમે કરીને પરમેશ્વરની પ્રીતિ તથા જે પુણ્ય મેળવ્યુ છે, તે રાજ્યપ્રસગમાં કોઇકજ મેળવી શકે. ધન્ય છે તમારાં એક રગીપણાને. હું જે કાંઇ સમજતી હોઉ તે બધો તમારો પ્રતાપ છે. મને કોઇવાતે કોઇ દિવસ કાંઇ ઓછું આવ્યુ નથી માટે તે વિષે કશી ચિંતા કરશો માં. તમે મને મોટા કરીને જે કાંઇ આપ્યુ છે તે પ્રમાણે તેનો બદલો ઇશ્વરજ તમને આપી શકે તેમ છે. અને હજી પણ હું તમારા તરફથી જે મળે તે લેવાનું પાત્ર રહી છુ. રાજ્યના પિતા તમેજ છો, માટે વિશેષ આપને આપનુંજ શીખવેલુ સભળાવવું એ ખોટુ કેહેવાય સૌની સંભાળ રાખજો અને મારી ઉપર જેવું હેત છે તેવું સદાય રાખજો. અને સારે વખતે મને સભારજો. વિશેષ આ વખતે બીજુ કોઇ બોલવું મને યાદ આવતુ નથી ઢીલે મોઢે હરિદત્ત પાછા વળી વાહન પાસે આવ્યા. જમનાબા કશળીબાને મળી તે પણ પાછાં રથ પાસે આવ્યાં. સવારી પાછી રવાના થાવાને તૈયાર થઇ. કશળીબા પોતે કાંઇ કોઇને આપે તો કોઇ લે નહિ તેથી એક ચીઠીની યાદીમાં જેને જેને કાંઇ આપવું ઘટે તેને માટે લખાને હરિદત્ત મત્રીને મોકલાવી. તથા પોતાની સદાયની યાદગીરીમાટે એક મોતીનો હાર બાલુભાને ને ભીમભાને ભેટ મોકલ્યો. બાલુભા પાછા જઇ પગે લાગ્યા. બાએ દુઃખડાં લીધાં ને કહ્યું કે ભાઇ, આ મોતીનો હાર નથી. આ મારો આશીર્વાદ છે માટે તે સુખેથી ગ્રહણ કરો. એ વાતમાં ધર્મ કે વ્યવહાર વચમાં ન લાવવો. બીજી વ્યવસ્થા મે લખી છે તે પ્રમાણે આપણા કાકા જરૂર કરશે. જમનાબાએ બાલુભાને સમજાવ્યા અને તે હાર તેમણે રાખી રજા લઇ વાહનપર સવારી કરી ગામની પ્રજા અને રાજ્યમડળ સર્વ ઉભું રહ્યું તથા કશળીબા તરફની સવારી ધીરે ધીરે ચાલવા લાગી. રથ જોડયા પછી કશળીબા સૌને માન આપવા હેઠાં ઉતર્યા, એટલે તેજબા જમનાબાએ સર્વપાસે આવ્યાં અને તેને પરાણે રથમાં બેસાર્યાં અને તેના આગ્રહથી તેમણે પણ રથમાં બેસવા કબુલ કર્યું. (અપૂર્ણ.)

बालकने नहाना विषे

મનુષ્યોને નિરંતર પોતાના સુખ દુઃખ કે વ્યવહાર ઉપરથી સમજણ લઈ વર્તવાનું કોઈકનેજ મળે છે એનું કારણ કેવળ સદુપદેશની ન્યૂનતાથી રહેલું મૂર્ખપણુંજ છે અને તે જેમ પુરૂષમાં હોય છે તેમજ સ્ત્રિયોમાં પણ હોય છે આગળ એક વખત બાળકોને દુધપાનાની રીત ઉપર બે બોલ બોલી ગયા છિયે એ ઉપર જો વિચાર કરવામાં આવે તો ઘણાં બાળકો સુખી થઈ જાય તેમજ આ પ્રસંગે બાળકને પાણીથી નવરાવવાની બાબત ઉપર બોલિયે છિયે

સ્વાભાવિક અને કોઈની આપેલી સમજણ એમ બે પ્રકારે માણસમાં સમજણ આવે છે એ બેય રીતે જેને સમજણ આવે તે તો વ્યવહારમાં ઠીક ઠીક વર્તે છે પણ જેને બેય રીતે સમજણ ન આવે તે પોતાને કે પોતાનાને વ્યવહારમાં સુખ આપી શકે નહિ કેટલીક સ્ત્રિઓ ગમે તો નાના વયની હોય કે ગમે તો મોટા વયની હોય પરંતુ તેમને બીજાનું જોઈ સાર લેવાની સમજણ હોતી નથી તેથી ઘણી વાર કોમળ બાળકને દુઃખી કરે છે આ કેવો કાળ છે, કેવો સમય છે, કેવું પ્રયોજન છે, અને આને શું યોગ્ય છે તે વિચાર્યા વિના બાળકને નવરાવે છે શીયાળાના દિવસો હોય તો પોતે કપડાં પેહેરેલા હોય અને બાળકને પુરૂં ઉનું ન હોય તેવું પાણી લઈને સારું ચોળવા લાગી જાય છે ઉનાળાના દિવસો હોય તો ઉનું કળકળતું પાણી લઈ ખારથી ડીલ ચોળવા લાગી જાય છે ચોમાસાના દિવસો હોય તો રોજ રોજ ઠંડા પાણીથી ઘણીવાર સુધી બાળકને ધોયા કરે છે બાળક આ ટાણે તરસ્યું થયું હશે, આ ટાણે ભુખ્યું થયું હશે, આ ટાણે તેને ઉંઘાડવું જોઈએ, આ ટાણે તેને રમાડવું જોઈએ, આ ટાણે તેને લુગડાથી વીંટી રાખવું જોઈએ, આ ટાણે તેને હવા આપવી જોઈએ એ વિગેરે તો વિચાર આવતોજ નથી પરંતુ કેટલીક ચતુર વર્તવાને ઇચ્છતી સ્ત્રીઓ એકને બે ને ત્રણ ટાણાં પણ બાળકને નવરાવવાનું તો ભુલતીજ નથી પછી તેમાં ગમે તો બાળકને હિત થતું હોય કે અહિત થતું હોય તેનો કાંઇ વિચાર નહિ, આમ કરવાથી જ્યારે આજારી થાય ત્યારે પણ કાંઈને બે કાંઇ ઉપાયો કરવાથી અને હદથી જાદે તેની વિપરીત માવજત કરવાથી છેવટ બાળ ને ખોઈ બેસી રડાપીટ કરે છે બાળકને ગડગુમડ ન થાય તેનેમાટે તેનું ડીલ સારૂં રાખ

વાની અમે ના કેહેતા નથી, પરંતુ તે પણ ઘણી યોગ્ય રીતથી રાખવું જોઇએ. ઘણી ઠંડી ન હોય તે વખતે સાધારણ ગરમ પાણીથી જે પદાર્થ ચામડીમાં બળતર ન કરે એવો પદાર્થ અંગે લગાડી બહુ ઉતાવળથી નવરાવવું, માથું મેલું થયું હોય તો પણ ગોળ દુધ વગેરે બાળકોને માથે નાંખવાના પદાર્થો નાખી તરત માથું ધોઇ નાંખવું, તેમાં ધ્યાન એટલું રાખવું કે તેની આંખ, નાક, મોઢું અને કાન એ સ્થાનકો ઉપર પાણી પડવું જોઇએ નહિ. અમે એક સ્ત્રીને બાળકને નવરાવતી દીઠી, તેણે છ માસનાં બાળકને ગામઠી સાબુ સારી પેઠે ચોપડીને ડીલને ઘસવા માંડયું, કે જે સાબુ આપણે અંગે લગાડયો હોય તો આપણું અંગ પણ ચડચડે છે. છેવટ ઘણીવાર બાળકને ઉંધુ નાખીને ચીસો પાડતાં ચોળીને પછી એક સ્ત્રીએ તેને પકડી રાખ્યું અને બીજીએ તેનું જોરથી માથું ચોળવા માડયું, એ રાડોરાડ કરતાં બાળકની તે વખતે તે દુઃખમાંથી છુટવાની શી શક્તિ હોય ? માથાનો ઉતરતો મેલ તે બાળકની આંખમાં નાકમાં અને મોઢામાં પેસી જાતો હતો. આપણે જો આ વખતે આવી સ્થિતિમાં હોઇએ તો શું કરિયે, એ કોઇ કોઇને વિચારજ ન હતો આવતો. થોડીવાર થઇ કે મોટો કળશીયો લઇને "હરહર મહાદેવ" કહીને માથે પાણી ઢોળવા માંડયું. પાણી માથેથી એકદમ મોઢા ઉપર આવતાં છોકરૂં શ્વાસ લઇ જાય અને હેબકી જાય તેથી તેને શું દુઃખ થાય તે વાતનો નવરાવનારીને વિચાર ન હતો. "હીહીહી હઇમાં" કરીને પાણી રેડે તે વખતે બાળક હેબતાઇ જાય એટલે વળી જાણે તે રાજી થાય છે એમ જાણીને પોતે પણ રાજી થાય. પણ એમ નથી જાણતાં કે તેને મોત જેવું થાય છે. આપણે જ્યારે નાહિયે છિયે ત્યારે મોઢાપર એકદમ પાણી નાખતા નથી. અને જ્યારે નાંખિયે છિયે ત્યારે શ્વાસ ઉંચો લઇને પછી નાંખિયે છિયે એટલે આપણને જણાતું નથી. બાળક બચાને ક્યારે કેમ શ્વાસ લેવો તે પણ ખબર ન હોય અને પાણી પણ એકદમ પડે તેથી બેભાન જેવું થઇ જાય છે અને આયુષ્યના બળથીજ જીવે છે. એક દહાડો ૫૦ વર્ષની સ્ત્રી કોઇના બાળકને નવરાવતી હતી અને જેવું એકદમ પાણી માથે રેડયું તેવુંજ તે બાળકનો શ્વાસ ઘુટાઇ ગયો, તેની ખબર ન પડતાં વળી તરતજ બીજો લોટો ભરીને રેડયો એમ ઘુટાઇ ગયેલાં બાળક ઉપર વચમાં વખત નહિ મળતાં બે ચાર લોટા માથે પડયા કે બાળકના પ્રાણ પરલોકમાં પોહોંચી ગયા.

ઘડી પછી જુવે છે તો વાતમા સાર કાઇ દીઠો નહિ પછી શુ કરે? ફરીથી તેણે બાળકને નવરાવવાની વાત જીવી ત્યાસુધી કરીજ નહિ આમ અ સાવધાનપણાથી બાળકોને બહુ ખમવુ પડે છે માટે જેઓ માતાપણુ ભોગવતી હોય એવી સમજુ સ્ત્રીઓએ બાળકને સમય જોઇને તે જેમ મુઝાય કે ગુગળાય નહિ તે રીતે પાણી રેડીને નવરાવવુ એમ કરવાથી બાળક રડશે નહિ બાળક તો એક ફૂલ સરખુ કેહેવાય તો તેની ફૂલની પેઠે માવજત રાખવી જેથી તેને આવ આવે નહિ ઘણા પ્રકારના બાલકોના રક્ષણમા દુધ પાવુ, નવરાવવુ, અને બીજી ઘણી બાબતમા મોટી મોટી ભુલો થાય છે તે ન થાય તોજ બાળક સુખમા ઉછરે છે ટાઢુ, ઉનુ, વધારે, ઓછુ, કડવુ, મીઠુ, ગમતુ, અણગમતુ સહન થાય તેવુ, સહન ન થાય તેવુ, જ્યારે આપણને હોય છે ત્યારે તે બાલકને પણ પોતાની શક્તિના પ્રમાણમા ઇશ્વરદત્ત જ્ઞાનનેલીધે કેમ ન હોય? હોયજ એટલામાટે બાળકને નવરાવવા વગેરેની માવજતમા મહુજ ઝીણી નજર રાખવાની જરૂર છે એને અગે બળે નહિ તેવો, આખમા, મોઢામા કે નાકમા ન જાય તેમ પદાર્થ લગાડવો, પોચે હાથે ડીલ તથા માથુ ચોળવુ અને મુઝાઇ ન જાય તેમ ડીલે અને માથે જોઇતુજ પાણી નાખવુ, નળના ધોધવા નીચે કે પાણીના પ્રવાહમા તેને રાખવુ નહિ, તેમ એકદમ મોટી ધાર પણ તેને માથે કરવી નહિ, તેમ ટાઢનો કે તડકાનો સમય હોય તેનો પણ વિચાર કરવો બાળકને ગદુ ન રેહેવા દેવુ, સ્વચ્છતા રાખવી, પરતુ સભાળ ફૂલની પેઠે રાખવી

આમને આમ કેટલીક વખત અણવડ સ્ત્રી પોતાનુ બાળક પોતાની પાસે સૂતેલુ હોય તેને ભુખ્યુ થયેલુ પણ ઉઘમા સમજતી નથી એટલુજ નહિ પણ પોતે ઉઘમા પડખુ ફરતા તેની માથે પડે છે કે જેથી કોઇ વાર તે દબાઇને મરી જાય છે કેટલીકવાર તો રાતનુ બાળક જાગે નહિ એટલામાટે અમલ કરાવે છે અને તેમાથી યોગ્ય વખતે તે બાળક નહિ જાગતા ભુખ્યુ રેહેવાથી ઘણી હાનિ થાય છે એટલામાટે ઇશ્વરે જે સ્થિતિમા તેને મેલ્યુ છે તે સ્થિતિમા તેને સરખે માર્ગે ચાલ્યા જતા સાચવવુ જોઇએ, તોજ તે સારી રીતે ઉછરે છે આમ કરતા છતા જો તે બાલક ઉછરે નહિ તો પછી દૈવેચ્છા અથવા બીજુ કાઇ કારણ કલ્પી શકાય

कोई अलौकिक उत्पात अने अकस्मात.

અહો, કાળને યોગે આ જગત્માં કેવા કેવા ઉત્પાતો અને અકસ્માતો બને છે!! અંદર થતા રસાયન યોગોથી મોટા પર્વતો ફાટીને તેમાંથી નીકળેલા ધગધગતા રસોથી મોટાં શેહેરનાં શેહેરો દટાઇ જાય છે. અને ઘણી વાર જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઇ જાય છે. આવી વાતો આપણે આ દેશમાં માણસોને મોઢે સાંભળિયે છિયે તે શિવાય નાના નાના ઉત્પાત અને અકસ્માતો તો જુદા. હાલમાં જે ઉત્પાત અને અકસ્માત બન્યો છે તેવો લગભગ આખી સદીમાં નહિ બન્યો હોય એવું વૃદ્ધ લોકો કહે છે. ૧૯૪૫ ના કારતક વદી ૪ બુધવારેથી થોડુ થોડું વાદળાં થઇને તોફાન શરૂ થયું. તે તોફાન કાઠીયાવાડના ઘણા ખરા ભાગમાં હતું, તો પણ કાંઠા ઉપરના ગામમાં અને દરિયામાં વધારે જોરમાં હતું. સર્વ સ્થળ કરતાં પોરબંદરથી શરૂ થયેલા કાંઠાઉપર તેનું વધારે જોર જોવામાં આવ્યું હતું. કારતક વદી ૫ ગુરૂવારને રોજ વરસાદ પડવા લાગ્યો અને પવન શરૂ રહ્યો. કચ્છ માંડવીથી ઉપડેલી વીજળી નામની આગબુટ તોફાન લેતી ગુરૂવારે સાંજ સમયે પોરબંદર આવી. તે સમયે તોફાનનું જોર જોઇને કોઇપણ મછવો આગબુટ તરફ જઇ શક્યો નહિ. અને ઉતારૂ પણ કોઇ જઇ ઉતરી શક્યાં નહિ. એવુ કેહેવાય છે કે પોરબંદરની માંડવીપર રહેલા અમલદારે મછવામાં બેસી આગબુટમાં બેસવા જતાં લોકોને અટકાવ્યાં હતાં. ત્યારપછી તોફાન ખાતી આગબુટ મોટા ઘર ઘર જેવડા મોજાઓથી ઉછળી નીકળેલા દરિયામાં સામો પવન લેતી ખાડેથી ઉપડી. એ વખતે તેને જે તોફાન લાગતુ હતુ તે જોઇ શકાય તેવું ન હતુ એમ ત્યાના લોકો કહે છે. જોરમાં ચાલી જતી આગબુટ મોજાના જોરથી ઘણી હાલક-લોલક દશામાં જોવામાં આવતી હતી પણ એની એ સ્થિતિમાં પોરબંદરનો કાંઠે તેણે પસાર કર્યો કે જેનેમાટે તે બિચારીનું શું થાશે એમ લોકો ધાસ્તીમાં હતા. તોફાન તે દિવસની રાત આખી અને સવારે શુકરવારે પણ શરૂ રહ્યું. તેમાં સવારના ૮ વાગે તો વરસાદ વિના એવો પવન ચોતરફથી નીકળી પડયો કે, મોટાં મોટાં વૃક્ષો ઉથલી પડયાં, મોટી મોટી મેડીયોની આગાશીયોની ભીતો ઉડી પડી, કોઇની છાજલીયો ઉડી ગઇ, અને ભારે ઝ ઝાવાતથી લોકો પા કલાક દિઙ્મૂઢ જેવા

બની ગયા રસ્તામા ચાલતા માણસ ધારેલી જગોથી દૂર ઉડી પડયા અને ચોતરફ પવનની સુસવાટી અને ઝાડના પાન સિવાય કાઇ સભળાયુ નહિ આવુ તોફાન થોડી વાર રહ્યા પછી થોડુ થોડુ આખો દિવસ રહ્યુ હતુ આ તોફાન એ સ્થળમા નહિ પણ સર્વ દેશમા હતુ માત્ર કોઇ ભાગજ તેનાથી બચી ગયો હશે, કોઇ સ્થળે, બે ઇંચ, કોઇ સ્થળે ચાર, કોઇ સ્થળે છ અને કોઇ સ્થળે ૧૦ ઇંચ પાણી પડવાથી અનાજ વગેરેને ભારે નુકસાન થઇપડયુ, એક ઉતારૂ કહે છે કે પોરબદર તરફ એટલુ પાણી પડયુ છે કે ત્રણ દિવસ સુધી દરિયાનુ પાણી મીઠુ મટયુ ન હતુ આ ભાગે તોફાનથી ઘણા જાન–માલને હાનિ પહોચી તો પણ તે ધીરે ધીરે વિસ્મરણ થઇ શકે તેવી વાત કે મટે એવુ પ્રાણહર તોફાન પણ કેટલાકને એક ઇશ્વરી ચમત્કારના દેખાવનો નમુનો થઇ પડયુ હતુ પણ અફસોસની વાત એ બની કે ગુરૂવારે ઉપડીને શુકરવારે મુબઇ પોચવાની આગબુટ વીજળી મુબઇ પહોચી નહિ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તેવિષે ચોતરફ ખબર ફેલાઇ ગયા અને ચોતરફ તારના સદેશા સાથે શોધ શરૂ થઇ પડી પણ અરેરે છેવટ આ શોધે સવને નિરાશ કર્યા અને વીજળી આજસુધી અદૃશ્ય થઇ અરેરે આ વખતે એ બાર્કસમા બેઠેલા લોકોની કેવી દયાજનક સ્થિતિ થઇ હશે, એકબીજા સબધીયોને મળવાને ઇચ્છતા લોકો કેવો પોકાર કરતા હશે, રડતી માતાઓને ગળે વળગેલા બાળકો કેવી ચીચીઆરીયો કરતા હશે, આના મહા સકટમાથી ઉગરવાને ફાફા મારતા લોકો કેવી ઇશ્વરપ્રાર્થના કરતા હશે, અને એવી સ્થિતિમા એકદમ આગબુટ પાણીમા પેસી જતા કેવા ગુગળાઇને તેઓના પ્રાણ ગયા હશે તે જ્યા સ્મરણમા આવે છે ત્યા રૂવણા ઉભા થઇ જાય છે, આખમા પાણી આવી જાય છે અને શરીરમા કપ થાય છે અહો! એકાએક હજાર પદરસો પ્રાણીઓ આના કાળના કોપના સપાટામા કોલાહલ કરતા ગુગળાઇ મરતા ઉપજતા ત્રાસથી પરમ ચાણુ પરમેશ્વરને કેમ દયા નહિ આવી હોય!! પતિને મળવાને પરદેશ જતી અબળાઓ, પત્નીને મળવા જતા પતિઓ, પરણવાને ઉત્કઠિત થઇ ચડેલા વર રાજાઓ, કમાવાને પરદેશ જતા વેપારીઓ, પરીક્ષામા પાસ થઇ ડીગરી મેળવનારા ઇચ્છાવાળા વિદ્યાર્થિઓ, યાત્રા કરીને જન્મમરણના ફેરામાથી છુટવાને ઇચ્છાર યાત્રાળુ લોકો, અને બીજા સર્વેનો એકકાળે નાશ થવાનો યોગ

બની આવ્યો તે કેમ ફરે ? અરેરે, વિજળી તો વીજળીજ થઇ ! ! ઘણી ઘણીવાર તોફાનોમાં વહાણ વિગેરેને નુકસાન લાગે છે તો તેનો કોઇ ભાગ પણ હાથ લાગે છે અને નિશાની મળે છે. કોઇ આગબુટ લાસ જાય તોપણ કોઇ પણ ઠેકાણેથી તેની નિશાની કે કોઇ પદાર્થ મળે છે. પણ આ તો એવું આશ્ચર્ય બન્યું છે કે તે ક્યાં ગુમ થઇ તેની નિશાનિ કે કશો પત્તો પણ આજ દિવસસુધી લાગ્યો નથી. કદી એમ ધારો કે મનુષ્યમાત્રને અંદરના ભાગમાં પુરવામાં આવતાં હોય તોપણ તેમને અને બીજો કેટલો કસરસામાન તો બહાર હોવો જોઇએ કે કોઇ દિવસ પણ તરીને કાંઠે આવવો જોઇએ અને મળવો પણ જોઇએ. આતો એમાંનું કશું ન હોવાથી જોકે આશા તો નથી અને બચવાનો સંભવ પણ નથી તોપણ કોઇ કોઇ એમ શકા કરે છે કે દૈવચમત્કારનું કશું ન કેહેવાય માટે રખેને કોઇ તોફાનના સપાટાથી કોઇ મહાસાગરમાં કે અજાણ્યા કાઠામાં જઇ ચડી હોય!! અહા ! એમ હોય તોપણ એમાં ચડેલા લોકો કેવા ભાગ્યશાળી, અને આપણને કેટલો આનંદ? પણ અરે એવા ભાગ્ય આપણાં ક્યાંથી હોય? આજના શોધક લોકોએ કાંઇ તે તપાસ બાકી નહિ રાખી હોય. આ તોફાનનો આખા દેશમાં લાગેલો ઉત્પાત કોઇ અદ્ભુત હતો અને તેમાં આ આગબુટ અદૃશ્ય થઇ જવાના અકસ્માતે સર્વનાં મનને દુ:ખિત, ગમગીની ભરેલાં કરી નાંખ્યાં. વિજળી તો ખરેખર વીજળી થઇ ને કેમ જાણે વીજળીમાં મળી જાય તેવીજ રીતે અદૃશ્ય થઇ છે. અને તેની સાથે કેટલાંક મોટાં મોટાં વહાણો પણ લાસ ગયેલાં લોકોની બત્રીશીએ ચડેલા સાંભળાય છે. અરે એનાં પણ આ તોફાનમાં કમનસીબ- અરે દીનદયાળ પરમેશ્વર ! તારી પ્રજાને તુંજ ઉત્પન્ન કરીને જ્યારે આમ અચાનક અધુરી આશાએ દુ:ખ દેવા માંડીશ ત્યારે પછી આ જગત કેમ સુખ પામશે? અને એમજ કર્તવ્ય હોય તો જન્મ આપવાની માથાકુટ શામાટે કરવી જોઇએ? લોકો બિચારા અનાવૃષ્ટિથી અતિશય હેરાન હતા. તેમાં કોલેરાના રોગે આવી પડીને સર્વનું સત્યાનાશ વાળી નાંખ્યું તેમાં પણ આ આ વખતના તોફાનમાં ગુમ થએલી આગબુટે અને વહાણોએ તો આડો આંક વાળ્યો. અને કેક લોકોના ઘર ઉપર તાળાંઓ દેવાઇ ગયાં. અહો સંસામાં શુ ખબર પડે છે કે અમુક સ્થળે જન્મેલું શરીર, કયા દેશમાં ક્યારે, કઇરીતે, અને કેવા પ્રસગે પ્રાણ છોડશે? જગતમાં મનુષ્યપ્રાણી સર્વોત્તમ કેહેવાય છે. પણ મુછે તાર નાંખી ફાટી આખે ફરનારાઓ માંનો કે મોટાં મોટાં રાજ્ય-

સુખને અનુભવનારાઓમાંનો એવો કયો માણસ છે કે, આવા અકસ્માતોથી ક્ષણમાત્ર પણ રક્ષણ કરી શકે અરેરે, પોતાના ક્ષણભંગુર શરીરનું પણ સંરક્ષણ નથી થતું ત્યાં બીજી શી વાત કરવી' આજકાલ ઉદ્યોગ વધતો જાય છે અને સુખના સાધનો વધી પડ્યા છે તેસાથે લોકોની દેશ પરદેશમાં આવજાવ પણ વિશેષ થઇ પડી છે માટે તેના જાનમાલની વધારે જાળવણીમાટે સર્વોપરી સત્તાધારીઓએ તરત ધ્યાનમાં લેવું જોઇએ કે જેવી બનતા સુધી આવા દાખનાઓ ઇતિહાસને પાને નોંધાય, નહિ ગયેલો દેશ કોઇ દિવસ પાછો આપડે છે, ગયેલું વા કોઇ દિવસ પણ પાછું મળે છે, ગયેલી કીર્તિ કોઇ દિવસ પણ પાછી મળે છે, પણ આ આવી પડેલી મનુષ્યહાનિ તો કોઇ દિવસે પણ મટવાની નહિ મનુષ્યપ્રયત્ન તો સઘળા થઇ ચૂક્યા ગણાય છે, એટલે હવે તો પરમેશ્વરજ જ્યારે એ બારકમને સહિ સલામત દેખાડે ત્યારેની વાત ત્યારે છે બાકી હમણા તો તે ગયું તે સદાનેમાટે, જેનો ખેદ કોઇ દિવસ ન ભુલાય એવી રીતે ગુમ થયું છે કે જેમાં કપતાનોની કળાકુશળતા, ઈજનેરોની અકલહુશીઆરી, ખલાસીઓની ખરી મેહેનત, અને લોકોની જીવતા રહેવાને થયેલી પ્રાર્થનાઓ તથા માનતાઓ પણ તેની સાથેજ સમાઇ ગયેલ છે અહો, કેટલી આપણી પરતંત્રતા કે ક્ષણ પછી શું બનવાનું તેની પણ આપણને ખબર પડતી નથી જો ખબર પડતી હોત તો તો હજાર પંદરસો માણસના પ્રાણ એકજ સમયે, એકકાલાવચ્છિન્ન દુર્મરણથી કેમ જાત? હે પરમ દયાળુ પરમેશ્વર! ઉગરવાને એક ચિત્તથી તારી પ્રાર્થના કરતા, રોતા કળકળતા અને છેવટ ગળકા ખાઇ ગુગળાઇ મરેલા લોકોને જ્યાં હોય ત્યાં સુખમાં રાખજે એજ અમારી માગણી છે અને તે સાથે હવેપછી આવો દાખનો કાને સાભળવાને અમને કે અમારા વંશોને આપીશ નહિ જે કાંઇ લોકોના પ્રારબ્ધથી બન્યું તે બન્યું પરંતુ હવેથી જાનમાલની સભાળને માટે સત્તાધીકારીઓની તરફથી આશા રાખીયે છીયે કે હવે પછી આવા તોફાનોથી લોકોના જાનમાલ જળવાય એવી ઇજનેરો મારફત ગોઠવણ કરી સુખના સાધનો વધારે કરશે

શેઠ લખમીદાસ ખીમજીના માતુશ્રી નનીબાઈ (મેઘાબાઈ) નો સ્વર્ગવાસ

લખવાને દીલગીર છીએ કે શેઠજી લક્ષ્મીદાસના માતોશ્રી બાઇ નનીબાઇએ માગસર શુદ ૨ બુધવારે સ્વર્ગવાસ કીધો છે

તેનો જન્મ સ ૧૮૪૮ ના જેઠ માસમા તેમના પિતા દેવજી નથુને ઘેર મુંદ્રીઆલી કચ્છમા થયો હતો યોગ્ય ઉમર થયા પછી એટલે ૧૩ મે વર્ષે ભાટીયા ગૃહસ્થ શેઠ ખીમજી ગોવીંદ સાથે લગ્ન થયું હતું સાસરીઆના ઘરમા આવી પોતાના સદ્ગુણથી તેમણે સારો સંતોષ ઉપજાવ્યો હતો પરણ્યાપછી ત્રણ વર્ષે તેમણે પ્રથમ પુત્રનો જન્મ આપ્યો હતો એકંદર મળીને તેમણે સાત પુત્ર અને ચાર પુત્રીનો જન્મ આપ્યો હતો. પોતાના પહેલાના બે પુત્રોને લઈને શ્રીનાથદ્વારે છપન ભોગપર યાત્રાએ ગયા હતા ત્યા શીતલાના મરજથી તેમના તે બને પુત્રો નાની અવસ્થામા ગુજરી ગયા. ત્યારપછી નાથી શેઠ નામના ત્રીજા પુત્રનો તેમણે જન્મ આપ્યો. તે પણ સદ્ગુણી વિવેકી ને ડાહ્યા હતા ને પોતાના ધંધામા બહાર પડીને તેમણે તેને સારો દીપાવ્યો હતો પણ તે દૈવયોગથી યુવાન અવસ્થામા સ્વર્ગવાસી થયા. આ પ્રમાણે નાથી શેઠના સ્વર્ગવાસ થવાથી તેમના કુટબનુ વડીલપણુ શેઠ લક્ષ્મીદાસ ઉપર આવી પડ્યું, જે શેઠ લખમીદાસ તે બાઇના સાતમા ફરજંદ છે શેઠ લક્ષ્મીદાસ પોતાના નાની વયમાજ પોતાનુ દુકાનનુ કામ કાંઈપણ હરકત વગર આગળ ચલાવીને સારી રીત સુધારી વધારી ઓર વધારે નામના મેળવીને વધારે પ્રસિદ્ધ થયા. તેમની યોગ્યતા વિષે વધારે અત્રે લખવાની જરૂર નથી. કેમ કે તેઓ આજે પોતાની કીર્તિ, નામના અને પરાક્રમથી જગતમા જાણીતા છે. આવા ઉત્તમ પુત્રરત્નને જન્મ આપનાર માતાપિતાઓને ધન્ય છે.

બાઈ નવીબાઈ આજ દિવસ સુધી પોતાની ઉત્તરાવસ્થામા પોતાના સઘળા પરિવારને હાશીને બેઠા હતા તેમનો સ્વભાવ શાંત અને માયાળુ તેમજ ગરીબગરબા વિગેરેપર વધાર દયાવાળો હતો ઈશ્વરભક્તિમા પોતે આસ્તાવાન હતા શેઠ લક્ષ્મીદાસે તેમની વૃદ્ધાવસ્થા સુધી સારી રીતે સેવા ચાકરી કરી તેમને સંતોષ ઉપજાવ્યો છે. અંતકાળને સમયે પોતાના પુત્ર-પૌત્રાદિક પરિવારના આશરે ૧૦૦) સો બાળબચ્ચાના સમૂહમા તેઓના દેખતા પોતે સ્વર્ગ-વાસ કર્યો છે, કે જે વખતે શેઠ લક્ષ્મીદાસે તેમની આજ્ઞા પ્રમાણે સારૂ ધર્મદાન કર્યું હતુ આમ આ સંસારમા પૂર્ણ રીતે સંતોષ પામીને ૯૭ વર્ષની પુખ્ત ઉમરે સ્વર્ગવાસ કર્યો તે સંતાપકારક છે. પરંતુ ખેદ માત્ર એટલો છે કે શેઠ લખમીદાસના પુત્ર નેણુભાઈનુ ભાવિષ્ય તેમની હેયાતીમા થોડા દિવસને માટે દેખવુ પડ્યુ. દૈવઇચ્છા ને કાળગતિ બળવાન છે.

શેઠ વિસનજી ખીમજીનાં પત્ની સૌ. બાઈ રાસકુવરનો સ્વર્ગવાસ.

લખવાને દિલગિર છિયે કે ભાટિયા ગૃહસ્થ શેઠ વિસનજી ખીમજીના સ્ત્રી બાઈ રાસ-કુવર પોતાની ૨૧ વર્ષની નાની ઉમરે કારતક વદી ૧૪ રવિવારને રોજ સ્વર્ગવાસી થયાં છે

આ બાઈ સ. ૧૯૧૮ ની શાલમા જન્મ્યા હતા યોગ્ય ઉમર થતા તેમનો વિવાહ શેઠ
વિસનજી ખીમજી સાથે ૩૦ ની શાલમા થયો. સાસરાના ઘરમાં આવ્યા પછી તેમણે
પોતાની સૌજન્યતાથી સર્વની પ્રીતિ મેળવવા માંડી અને નાદતાથી પ્રખ્યાત થઈને ઘરનો ક-
ભાર ઉપાડી લીધો. એમને પરણ્યા પછી શેઠ વિસનજીનો પ્રતિ દિવસ ઉદય થવા લાગ્યો.
અને થોડાંવર્ષોમાં એ બાઈના શુભ પગલાને લીધે પોતે ઘણા ધનપાત્ર ગૃહસ્થ તરીકે પ્ર-
ખ્યાત થયા (એ બાઇના સદ્ગુણને લીધે તેમના પતિને તેમજ તેના કુટુંબીઓને તો અત્યંત
દિલગિરી થાય તે સ્વાભાવિક છે. પરંતુ જેઓ તેના પ્રસગમાં આવેલ હશે તેઓ પણ તેની
એક દુમે તારીફ કરે છે.

દૈવયોગથી કાંઈ વ્યાધિ થઇ આવતાં બે પુત્ર અને બે પુત્રીને પોતાના પતિને સોંપી
ભરેલા ઘરમાંથી નાની ઉમરમા ચાલી નીકળ્યા છે દૈવના [illegible] કોઈનુ જોર નથી
માટે હવે તેમના સંબધીઓએ તેમના કલ્યાણના માર્ગમાં [illegible] મનન વાંચવુ તે
ટલુજ બની શકે તેવુ છે.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ | પોષ સંવત્ ૧૯૭૫ | અંક ૩ જો.

॥ यतो धर्मस्ततो जय ॥

संसारमां शो सार ?

शार्दूलविक्रीडित

આપે તાપ અમાપ અંતરવિષે આવી પડી આધિયો,
દે છે દુઃખ અનેક નિશ્ચયપણે અંગે વધી વ્યાધિયો,
આવે અન્ય ઉપાધિયો પ્રતિ દિને ઊભી દિયે દ્વારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૧
કોટી કર્મ થકી થયેલ કહું શું કાયા નથી કામની,
જાતાં વાર નથી જણાય મરતે જાતે હશે જામની,
મોહે થાય મમત્વ તત્વ ન મળે માર્યો જતું મારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૨
આખું ઉત્તમ આ શરીર પણ તે છે હાડકાં ચામડાં,
લોહી લાળ પુરીષ મૂત્ર મળના ખોટા બના ખામણા,
માડ માત્ર મમત્વથી મનવિષે માન્યું મહાકારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૩
ધાર્યા જે ધન ધામ યાૈવનવિષે માયાવડે માણવા,
કાયા તે બહુ પૃથ્વી અવનિમાં એના ઘણા ધાણવા,
જાયા જાતિ પવિત્ર મિત્ર પણ છે, પીડા ઘણી પ્યારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૪
ધાર્યું થાય નહીં ધરાર સુખતો સોણે નહીં સાંપડે,
ચારે કાર કુસંપ ને કલહમાં પાણી પડે પાંપણે,
પ્યારા પુત્ર કલત્ર આખર અરે ન્યારા ઘડી વારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૫

જાવું જન્મ જરા વિપત્તિ વચમાં અંતે અરે એકલાં,
અજ્ઞાને સઘળાં જનો રડવડી શેક્યા કરે શેકલાં;
ભૂતોનો ઉપકાર ભૂતળવિષે ભારી દીયે ભારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સસારમાં? ૬
નીતિ ન્યાય રહે બધે રખડતાં રીતિ રહે વેગળી,
પ્રીતિ પ્રાણ સમાન કામ ન કરે વીતી વદું શું વળી;
જીતી કોઇ ન જાય આ જગત્માં ખોયું બધું ખારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સસારમાં? ૭
કામ ક્રોધ વિષેશ રોજ મનને સતાપ આપ્યા કરે,
આશા અતરમાં અનેક સુખની તે મોત સાથે મરે;
કોને કોણ કહે અથાગ પસર્યું અધેર આચારમાં,
વારવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૮
દાબે નિર્દયને સદૈવ બલવાન્ સ્વાર્થી ન સામું જુવે,
લોકો નિર્ધનને ગરીબ ડરતાં રે દીન શબ્દે રૂવે;
સાચું કોઇ સહાય હાય ન મળે, હીરો ગયો હારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૯
સાયંકાળવિષે મળે સહજમાં જેવાં બધાં પખિયો,
તેવાં કર્મબળે મળ્યાં સહજમાં સર્વત્ર સંબંધિયો;
આ જાયા જનની અને જનક તે જાણ્યાં અહંકારમાં,
વારવાર વિચાર થાય મનમાં શો સાર સસારમાં? ૧૦
જે જે ભાવ જણાય આ જગતના તે તે નથી આપણા,
અજ્ઞાને સઘળા બને મનવિષે સંતાપનાં તાપણાં;
લેવાને યમદૂત જીવ જનના બેઠા રહે બારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૧૧
ઇશોના અવતાર તે પણ સદા બંધાય છે બેવડા,
અજ્ઞાની અડબોથ ઠોઠ સઘળા ત્યાં આપણે કેવડા?
સારૂં કે નરતું જણાય ન કશું આધેય આધારમાં,
વારંવાર વિચાર થાય મનમાં શો સાર સંસારમાં? ૧૨

भक्तिसहित ज्ञानबोध

ભો રેવાશંકર ૬ (ર૩૫

कौमार आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह ।
दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥ १ ॥

સમજુ પુરૂષે બાળક અવસ્થાથીજ ભગવદ્ધર્મ પાળવા જોઇએ, કેમકે માણસનો અવતાર પુરૂષાર્થને આપનાર છે, તોપણ અનિત્ય છે અને દુર્લભ છે ભગવાનના ચરણને શરણે રેહેવુ એજ યોગ્ય છે, કેમકે પરમેશ્વર સર્વ પ્રાણિઓના આત્મા હોવાથી મિત્ર છે અને પ્રિય છે વિષયના સુખનેવાસ્તે પ્રયાસ કે જેથી કેવળ આયુષ્યનુ ખરચજ થાય છે તે નહિ કરવો જોઇએ, કેમકે તે કરવાથી પરમ કલ્યાણરૂપ ભગવાનના ચરણની પ્રાપ્તિ થતી નથી વિષયનુ સુખ તો, દેહ પ્રાપ્ત થવાનેલીધે પ્રાણિઓને સઘળા અવતારોમા મળે છે દુ ખ જેમ યત્ન કર્યાવગર પણ દૈવગતિથી મળે છે તેમ સુખ પણ મળે છે, માટે વિષયસુખનેવાસ્તે યત્ન કરવુ નહિ સસારમા અવતરીને આ મનુષ્યદેહ જ્યાસુધી પરિપૂર્ણ હોય અને અસમર્થ ન થયો હોય તેટલામાજ તુરત કલ્યાણનેમાટે સમજુએ યત્ન કરવુ જોઇએ અજિતેંદ્રિય પુરૂષનુ સો વર્ષનુ આયુષ્ય કેહેવાય છે તેમા પચાસ વર્ષ તો નિષ્ફળજ છે, કેમકે તેટલા વર્ષ તો નિદ્રારૂપી મહામોહમા પડીને સુઇ રેહે છે, વીશ વર્ષ, બાળક અવસ્થાના અજ્ઞાનમા અને કુમાર અવસ્થાની રમતમા જતા રેહે છે, વીશ વર્ષ, ઘડપણથી ઘેરાઇને અસમર્થપણામા જાય છે અને બાકીના વર્ષ, દુ ખ ભોગવાને ચારેકોરથી પૂર્ણ કરવામા આવતી તૃષ્ણાથી અને બળવાન્ મોહથી ઘરમા આસક્ત રેહેવાની ગફલતમા જાય છે જેણે ઇન્દ્રિયો જીતી ન હોય એવો કયો પુરૂષ ઘરમા લાગેલા અને સ્નેહના મજબુત પાશોથી બધાએલા પોતાના આત્માને છોડવી શકે? જે ધન પ્રાણ કરતા પણ પ્યારૂ છે અને જે ધનને ચોર ચાકર તથા વેપારીઓ પોતાના પ્યારા પ્રાણ જતા કબુલ કરીને પણ મેળવે છે તે ધનની તૃષ્ણાને કોણ મૂકી શકે? દીકરાઓ, સુદર દીકરીઓ, ભાઇઓ, ગરીબ માબાપ, ઘણા સુદર સામાનવાળા ઘર, કુળપરપરાની આજીવિકા, ઘણા પશુઓ તથા નોકરોના વર્ગને સભારતો, સ્નેહથી બધાએલો, લોભનેલીધે જેની તૃષ્ણા પૂર્ણ થતી નથી એવો, ઉપસ્થના તથા જિહ્વાના રમતેજ અધિક માનતો, અપાર મોહથી તેમા લાગી રહેલો અને કોશેટાનો કીડો જેમ પોતાનુ ઘર બનાવતા

નીકળવાનો માર્ગ પણ રાખતો નથી તેવી રીતે કર્મ કર્યા કરતો પ્રાણી દયાપાત્ર ગણેલી સ્ત્રીના રહસ્યસંગને અને મનોહર વિચારોને કેમ છોડી શકે? તેમજ સંબંધિઓના તથા કોમળ બોલનારાં બચ્ચાંઓના સંગને પણ કેમજ છોડી શકે? અને શી રીતે વૈરાગ્ય પામે? ગાફલ થએલો માણસ કુટુંબનાં પોષણ સંબંધી કામમાં ઓછાં થતાં જતાં આયુષ્યને અને નાશ પામતા પુરૂષાર્થને જાણતો નથી. કુટુંબમાં પ્રીતિ રાખનારો માણસ સઘળી જગોએ ત્રણ તાપથી દુઃખી થયા કરે છે તોપણ તેને દુઃખરૂપ માનતો નથી. અજિતેંદ્રિય અને જેનું ચિત્ત ધનમાંજ નિરંતર લાગી રહેલું હોય છે એવો કુટુંબી માણસ, પારકું ધન હરી લેનારને આ લોકમાં તથા પરલોકમાં જે દુઃખ થાય છે તેને જાણે છે તોપણ તૃષ્ણા નહિ શાંત થવાને લીધે ચોરી કરે છે સમજુ માણસ પણ જો એ પ્રમાણે પોતાના અને પારકામાં ભેદદૃષ્ટિ રાખીને કુટુંબનું પોષણ કરતો હોય તે, આત્મવિચાર કરવામાં સમર્થ થતો નથી પણ મૂઢનીપેઠે અહંતા મમતામાંજ ઘોળાયા કરે છે. સ્ત્રિયો કે જેઓની પુત્રપૌત્રાદિકરૂપ બેડી પડી છે તેઓની પાસે મુડાના વાનરા જેવો રાંક થઇ રેહેનાર કોઇપણ પુરૂષ, કોઇ કાળે અને કોઇપણ જગોએ પોતાના આત્માને છોડાવવા સમર્થ થતો નથી. એટલામાટે વિષયોમાં લાગી રહેલા લોકોના સગ છોડી દઇ આદિદેવ નારાયણનુંજ ભજન કરવુ જોઇએ, કેમકે સંગ છોડી દેનારા પુરૂષોએ નારાયણનાં ભજનનેજ મોક્ષરૂપ માનેલ છે નારાયણને પ્રસન્ન કરવામાં ઘણો દાખડો પડતો નથી; કેમ કે નારાયણ સર્વના આત્મા અને સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે. સ્થાવરથી તે છેક બ્રહ્મા સુધીના જીવોમાં, પંચભૂતથી બનેલા નિર્જીવ પદાર્થોમાં, પંચમહાભૂતોમાં, ત્રણ ગુણોમાં, પ્રકૃતિમાં અને મહત્તત્વાદિક વિકારોમાં પણ પરમાત્મા, ઇશ્વર અને અવિનાશી ભગવાન્ એકજ છે. જોકે એ પરમાત્મા પોતે એકજ છે, તોપણ ભોક્તારૂપથી વ્યાપક અને ભોગરૂપથી વ્યાપ્ય છે એમ કહેવામાં આવે છે. કેવળ અનુભવરૂપ આનંદજ જેનું સ્વરૂપ છે એવા એ પરમેશ્વરનું અખંડ રહેલુ પોતાનું સર્વજ્ઞત્વાદિક ઐશ્વર્ય, ગુણોની ખટપટવાળી માયાથી પોતેજ અંતર્હિત કરેલું છે એમ જણાય છે. એટલામાટે આસુરી સ્વભાવ છોડી દઇને સર્વ પ્રાણિઓપર દયા અને સ્નેહ રાખવો જોઇએ; કેમકે દયાથી ભગવાન્ પ્રસન્ન થાય છે. તે અનંત અને સર્વના આદિ ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે કશી વસ્તુ દુર્લભ રેહેતી નથી; તોપણ તેમના ચરણની સુધાનેજ સેવનારા અને તેનુંજ ગાન

કરનારા આપણ લોકોને નર્મે અર્થ કે કામનુ શુ પ્રયોજન છે? કેમકે તેઓ તો પ્રારબ્ધગતિથી પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે જેમ ધર્માદિકનુ પ્રયોજન નથી તેમ મોક્ષની ઇચ્છા રાખ્યાની પણ કંઈ જરૂર નથી ધર્મ, અર્થ અને કામરૂપી ત્રિવર્ગ, આત્મવિદ્યા, કર્મવિદ્યા, તર્કવિદ્યા, દંડનીતિ અને અનેક પ્રકારની આજીવિકારૂપી જે આ નિરૂપણ કરેલા સઘળા વિષયો, પોતાના અંતર્યામીરૂપ ભગવાનને પોતાનો આત્મા અર્પણ કરી દેનારા માનનારૂપ થાય તો તેઓને સફળ થયા સમજવા જોઇએ જન્મવુ જન્મ્યા પછી હોવુ, વધવુ, રૂપાંતર થવુ, ઓછુ થવુ, અને નાશ થવુ એ છ વિકારો દેહનેજ થાય છે, આત્માને થતા નથી પરંતુ જેમ વૃક્ષ હોય તોજ તેના ફળને એ વિભાગો થાય છે તેમ આત્મા હોવાનેલીધેજ એ વિભાગો દેહને થાય છે આત્મા નિત્ય છે અને દેહ અનિત્ય છે, આત્મા ક્ષીણ થતો નથી અને દેહ ક્ષીણ થાય છે, આત્મા શુદ્ધ છે અને દેહ અશુદ્ધ છે, આત્મા એક છે અને દેહ અનેક છે, આત્મા દેહાદિકને જાણે છે અને દેહ જડ છે, આત્મા સર્વનો આશ્રય છે અને દેહ આત્માના આશ્રયથી છે, આત્મા નિર્વિકાર છે અને દેહ સવિકાર છે, આત્મા સ્વયપ્રકાશ છે અને દેહ પરપ્રકાશ્ય છે, આત્મા સર્વનુ કારણ છે અને દેહ કાર્ય રૂપ છે, આત્મા વ્યાપક છે અને દેહ અમુક સ્થળમાજ રહે છે, આત્મા અસંગ છે અને દેહ સસંગ છે, તેમજ આત્મા કોઇથી ઢંકાતો નથી અને દેહ તો નહાના વસ્ત્રથી પણ ઢંકાઇ જાય છે આ બાર લક્ષણોની ભારે જુદાઇ ઉપરથી આત્માને બરાબર ઓળખીને, દેહાદિકના મોહથી થએલી અહંતા અને મમતારૂપ ખોટી સમજણને છોડી દેવી જોઇએ જેમ ઉપાયોને જાણનારો સોની ધમના વગેરે ઉપાયોથી ખાણના પાણાઓમાંથી સોનુ કાઢી લે છે તેમ વિવેકી પુરૂષ પણ નીચે કહેલા આત્મપ્રાપ્તિના ઉપાયોથી દેહરૂપ ક્ષેત્રોમાંથી આત્માને જુદો કાઢી લે છે (સમજે છે) માયા, મહત્તત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ આઠ પ્રકૃતિઓ ગણાય છે સત્વ, રજ અને તમ એ ત્રણ તો માયાનાજ ગુણ છે માટે માયાથી જુદા ગણાતા નથી અગિયાર ઇન્દ્રિયો અને પંચમહાભૂત મળીને સોળ વિકાર ગણાય છે એટલે આઠ પ્રકૃતિ અને સોળ વિકાર મળીને ચોવીશ તત્વ છે તેઓમા સર્વના સાક્ષીપણાના સંબંધથી આત્મા એકજ છે એ ચોવીશ તત્વોનો સંઘાત, એ દેહ કહેવાય છે તે દેહ સ્થાવર અને જંગમ એવા બે પ્રકારનો છે આ દેહમાજ આત્માને શોધી લેવો જોઇએ અને તે એ દેહેજ

થઇ શકે એમ છે; કેમકે 'આ આત્મા નહિ, આ આત્મા નહિ' એમ કહી જડ પદાર્થોને જુદા પાડતાં (જુદા સમજતાં) એ પોતાની મેળેજ નોખો જણાઇ રેહે છે. અક્ષરો શાઇથી જુદા નથી પણ શાઇ અક્ષરોથી જુદી છે, તેમ દેહાદિક આત્માથી ભિન્ન નથી પણ આત્મા એઓથી ભિન્ન છે. એવી રીતના વિવેકથી અને અંતઃકરણની શુદ્ધિપૂર્વક સૃષ્ટિ, સ્થિતિ તથા પ્રલયનું નિરૂપણ કરનારાં વેદવાક્યોનો વિચાર કરવાથી ધીરપુરૂષો આત્માને શોધી કાહાડે છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ વૃત્તિઓ બુદ્ધિની છે. એ વૃત્તિઓને જે જાણનાર છે તે સર્વનો સાક્ષી અને સર્વથી પર આત્મા છે. કર્મથી ઉત્પન્ન થએલી અને ત્રિગુણાત્મક એ બુદ્ધિની વૃત્તિઓને અનાત્માના ધર્મપણાને લીધે દૂર કરી તે ઉપરથી તેઓને જાણનાર આત્માનું સ્વરૂપ જાણી લેવું. જેમ પુષ્પના ધર્મરૂપ ગંધ ઉપરથી તેના આશ્રયરૂપ વાયુ જુદો સમજાય છે તેમ બુદ્ધિના ધર્મરૂપ ત્રણ અવસ્થાઓ ઉપરથી તેઓને જાણનાર અને અધિષ્ઠાનરૂપ આત્મા જુદો સમજાય છે. ખરી રીતે સંસારનું દ્વાર બુદ્ધિજ છે, કેમકે બુદ્ધિના ગુણ અને કર્મોથી સંસાર રચાએલો છે. એનું મૂળ અજ્ઞાન છે તેથી ખોટો છતાં પણ સ્વપ્નની પેઠે દેખાય છે. એટલામાટે તમોએ યોગ કે જે ત્રિગુણાત્મક કર્મનાં બીજરૂપ અજ્ઞાનને બાળનાર અને ત્રણ અવસ્થારૂપ બુદ્ધિના પ્રવાહને મટાડનાર છે તે કરવો જોઇએ. તેમાં જે ધર્મોથી નારાયણ ભગવાનમાં સહજ પ્રીતિ થાય તે ધર્મો પાળવા એજ હજારો ઉપાયમાં શ્રેષ્ઠ ઉપાય છે. ગુરૂનું સેવન, ભક્તિ, સઘળા મળેલા પદાર્થોનું અર્પણ સજ્જન ભક્તોનો સંગ, ઇશ્વરનું આરાધન, ભગવત્કથામાં શ્રદ્ધા, ભગવાનના ગુણ અને કર્મોનાં કીર્ત્તન, ભગવચ્ચરણારવિંદનું ધ્યાન અને ભગવન્મૂર્તિનું દર્શન તથા પૂજનાદિક, એ ધર્મો અત્યંત અંતરંગ છે. સર્વ પ્રાણિઓમાં ઇશ્વર ભગવાન્ રહ્યા છે એમ નિશ્ચય રાખી સર્વ પ્રાણિઓનો મનથી અને જોઇતા પદાર્થો આપવાથી સત્કાર કરવો. જીતેંદ્રિય પુરૂષો એ પ્રમાણેજ ભગવાનની ભક્તિ કરે છે કે જેવી ભક્તિથી ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. ભગવાનનાં કર્મ, સર્વોત્તમ ગુણ અને લીલાવતાર ધરીને કરેલાં પરાક્રમોનું વર્ણન સાંભળી અત્યંત આનંદ થાય, રૂવાડાં ઉભાં થાય, આંસુથી ગભરાઇ જાય, ગળું છૂટ મૂકી ગાવા લાગે, શબ્દ કરવા લાગે, નાચવા માંડે, જાણે ઝોડ વળગ્યું હોય તેમ કોઇ વખતે હસે, ચીસો નાખે, ધ્યાન કરે, માણસોને પગે લાગે, વારંવાર શ્વાસ લઇને 'હે હરિ! હે જગતના પતિ!

હે નારાયણ !' એમ લાજ મૂકીને બોલે ત્યારે ભગવાનમાં ખરી પ્રીતિ થઈ છે એમ જાણવું. આવી પ્રીતિ થાય ત્યારેજ માણસ સર્વ બંધનોથી છૂટી, મન તથા શરીરમાં ભગવાનની ભાવનામય થઈ, અને કર્મના બીજરૂપ અજ્ઞાન તથા વાસનાઓને બાળી નાખી મોટા ભક્તિયોગથી ભગવાનને પામે છે. ભગવાનનો મનથી સ્પર્શ થાય એજ મલિન મનવાળા પ્રાણીના જન્મમરણના ફેરાને મટાડનાર છે અને એજ મોક્ષસુખ છે એવો પંડિતોનો નિશ્ચય છે. એટલામાટે હૃદયમાં અંતર્યામિ ભગવાનને ભજવા જોઈએ. ભગવાનની ઉપાસના કરવામાં મોટો પરિશ્રમ કાંઈ નથી, કેમકે ભગવાન્ પોતાના હૃદયમાં આકાશની પેઠે રહ્યા છે, પોતાનાજ આત્મા છે અને સર્વ પ્રાણિઓના સખા છે. બાકી સર્વ પ્રાણિઓની રીતે વિષયોનું સંપાદન કરવામાં શું ફળ છે? વિષયોમાં નિષ્ઠા રાખવાથી તો કુતરા અને સુવરની બરોબર થવાય છે. ધન, સ્ત્રિઓ, પશુ, પુત્રાદિક, ઘર, પૃથ્વી, હાથી, ભંડાર, વૈભવો અને તે શિવાય પણ સઘળા અર્થ અને કામનાઓ કે જેઓ ચંચળ છે તેઓ ક્ષણભંગુર આયુષ્યવાળા મનુષ્યનું કેટલુંક પ્રિય કરે છે? યજ્ઞ કરવાથી મળવાના સ્વર્ગાદિક લોકોનું પણ એ પ્રમાણેજ છે, કેમકે તેઓ ઇર્ષ્યાદિક દોષવાળા, પુણ્યોના ફેરફારથી વધતા ઓછા સુખવાળા અને ક્ષય પામનારા છે. એટલામાટે એક ભગવાનજ કે જેમાં કોઈ પણ દૂષણ દેખવામાં કે સાંભળવામાં નથી તેનેજ પોતાના સ્વરૂપની પ્રાપ્તિનેમાટે ભજવા જોઈએ. વિદ્વાનનું અભિમાન ધરાવનાર માણસ, જે ફળ ધારીને કર્મ કરે છે તેથી તેને ઉલટુંજ ફળ મળે છે એ અવશ્ય છે. કર્મ કરનાર માણસનો સંકલ્પ સુખની પ્રાપ્તિનેવાસ્તે અને દુઃખથી છુટવાનેવાસ્તે હોય પણ કર્મ કરવાથી નિરંતર દુઃખની પ્રાપ્તિ થાય છે, અને કર્મ નહિ કરવાથીજ સુખ રહ્યા કરે છે. માણસ, સકામ કર્મ કરીને જેનેસાર સુખ ભોગવવા ચાહે છે તે દેહ તો પારકો એટલે કુતરા વગેરેને કામ આવે એવો છે, ક્ષણભંગુર છે અને જાય છે તથા આવે છે—અહંતાના સ્થાનકરૂપ દેહ પણ જ્યારે પારકો છે ત્યારે સંતાન, સ્ત્રિઓ, ઘર, ધનાદિક, રાજ્ય, ભંડાર, હાથી, કારભારીઓ, નોકર અને સંબંધિઓ કે જેઓ દેહથી છેટા અને મમતાના સ્થાનક છે તેઓ પારકા હોય એમાં તો શું જ કહેવું? આત્મા કે જે અવિનાશી આનંદના સમુદ્રરૂપ છે તેને તુચ્છ, દેહની સાથે નાશ પામનાર અને ભૂલથી પુરૂષાર્થરૂપ લાગતા એ સંતાન વગેરે અનર્થોનું શું પ્રયોજન છે? કર્મને લીધે

ગર્ભ વગેરે સ્થિતિઓમાં ક્લેશ પામ્યા કરતા પ્રાણિઓને ઉપર લખેલા પદાર્થોથી કેટલું અને કેવુંક સુખ મળે છે તે કહો? પ્રાણી પોતારૂપ માની લીધેલા દેહથી કર્મ કરયા કરે છે અને કર્મથી પાછા દેહ ધરયા કરે છે માટે સુખ ભોગવવાનો અવસર આવતોજ નથી. વાસ્તવિક જોઇએ તો કર્મ અને દેહ એ બન્ને, અજ્ઞાનથીજ થાય છે, એટલામાટે અર્થ, કામ અને ધર્મ એ સઘળા જેને આધીન છે તે ક્રિયારહિત ભગવાનને ક્રિયારહિત થઇને ભજો પોતે ઉત્પન્ન કરેલાં પંચભૂતોથી બનાવેલાં સઘળાં પ્રાણિઓના આત્મા, અંતર્યામી, ઇશ્વર અને પ્રિય ભગવાનજ છે. આપણને એ ભગવાનના ભજનમાં અધિકાર નથી એમ નહિ સમજવું; કેમ કે દેવ. અસુર, મનુષ્ય, યક્ષ કે ગધર્વ ગમે તે હોય પણ ભગવાનના ચરણનું ભજન કરવાથી તેનું કલ્યાણ થાય છે. બ્રાહ્મણપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર, ઘણું જ્ઞાન, દાન, તપ, યજ્ઞ, પવિત્રતા કે વ્રતો કોઇ પણ ભગવાનને પ્રસન્ન કરવાનેવાસ્તે સમર્થ નથી. ભગવાન્ તો કેવળ નિર્મળ ભક્તિથીજ પ્રસન્ન થાય છે; બાકી સઘળા ચાળા ચુંથવા છે એટલામાટે સર્વને પોતાની સમાન લેખી સર્વ પ્રાણિઓના આત્મા અને પરમેશ્વર નારાયણનીજ ભક્તિ કરો. દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રિઓ, શુદ્રો, નેહમાં રેહેનારાઓ, પક્ષિઓ, મૃગો અને બીજા પણ પાપી જીવો ભક્તિથી મોક્ષ પામી ગયા છે.

एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृतः ।
एकांतभक्तिर्गोविंदे यत्सर्वत्र तदीक्षणम् ॥

પરમેશ્વરની અખંડિત ભક્તિ કરવી અને સર્વમાં પરમેશ્વર છે એમ ધારવું એજ આ જગતમાં પુરૂષનો મોટો સ્વાર્થ કહેલ છે.

सौहृदनेमाटे शोच.

यदार्द्रः श्रीरामःसमरपतितं स्वीयमनुजं, विलोक्यैच्छन्मर्तुं गलितधृतिरीशोपि जगतां । कराले हा काले बलिनि बलिनां तत्किल कलौ, क यामः किं कुर्मः क्वचिदपि न सौहार्दममलं ॥ १ ॥ यदार्द्रः श्रीरामे वनमुपगते तातवचसा, हृदाप्युरीचक्रे नृपतिपदलक्ष्मीं न भरतः । अभूदाश्रीरामागमनमवधूताकृतिरिदं, क यामः किं कुर्मः क्वचिदपि न सौहार्दममलं ॥२॥ यदार्द्राः सर्वेपि प्रणयनिलयाः पांडुतनया, सधर्मो

धर्मांज्ञा क्वचिदपि न जग्मुर्नयमया । अपि द्यूतक्रीना अपि वनगता हन्त तदिद, क याम किं कुर्म क्वचिदपि न सौहार्दममल ॥ ३ ॥ जम्बूदार्यावर्ते प्रथममयमस्माकमखिल-श्रिया पात्र विद्यानिभवभवन येन सकल । महाचिंतारत्न निखिलसुखद हत तदिद, क याम किं कुर्म क्वचिदपि न सौहार्दममल ॥४॥ परिभ्राता केचित्पिशुनकथया हा वितथया, परे भ्राता केचित्कपटपटुमित्रोक्तिभिरपि । अपापा अप्यन्ये स्वजनवचनभ्रान्तमनस , क याम कि कुर्म क्वचिदपि न सौहार्दममल ॥५॥ विसदेह विश्व क्वचिदपि न सौहार्दकणिका कदाचित्सलभ्या लसति हृदि येकोदरभुवा । तथापि भ्राता स्म पिशुनवचनैरस्थिरधिय , क याम किं कुर्म क्वचिदपि न सौहार्दममल ॥६॥ न यत्प्रेम्णामश सुहृदि न कलत्रे न तनये, कथा कैवान्येषा हरिहरि न ते भ्रातर इमे । न निवासस्थान पिशुनवचनभ्रातमनसा, क याम किं कुर्म क्वचिदपि न सौहार्दममल ॥ ७ ॥ ये भ्रातर सहजसौहृदसार्द्रचित्ता स्तेष्वेव शकितधिया परकीयबुद्धि । तेषा तु येषु निजधी कुत एव तेषु, त्व तेन सौहृद सखे तव दुर्दशेय ॥ ८ ॥ नान्यागतिर्न च बल न परोऽभ्युपायस्तत्सौहृद प्रियसखेद्य धरातलेऽस्मिन् । त्वद्वृद्धयेऽस्त्यखिलविश्वहितैकनिष्ट, श्रीशकर सुकरुणासहित विहाय॥९॥स विश्वनाथ सौहार्दाभिवृद्धिं प्रतिवासर । करोतु लोके सर्वत्र शकर करुणान्वित । १०।

જે *સૌહૃદ રસમા ભીંજાઈ રહેનાથી શ્રીરામચંદ્રજીએ સંગ્રામ ભૂમિમા પોતાના નાનાભાઈ લક્ષ્મણજી મૂર્છિત થઈ પડી ગયેલા જોઈ પોતે જગતના ઈશ્વર છતા શરીર છોડી મરવાની ઈચ્છા કરી હતી, તે નિર્મળ સૌહૃદ રસ અતિ બલવાન આ કલિકાલમા ક્યાય પણ રહ્યો નથી માટે શું કરવું ને ક્યા જવું? ૧ જે સૌહૃદ રસથી ભીંજાઈ રહેનારા ભરતજીએ, શ્રીરામચંદ્રજી પિતાજીની આજ્ઞા પાળીને વનમા પધાર્યા પછી રાજ્યલક્ષ્મીને મનથી ઈચ્છી નહિ અને શ્રીરામચંદ્રજી પાછા પધાર્યા ત્યાસુધી અવધૂત વેશે રહ્યા, તે નિર્મલ સૌહૃદ રસ ક્યાય જોવામા આવતો નથી માટે શું કરવું અને

*સાહિત્ય શાસ્ત્રમા નવ રસ ઉપરાત વત્સલ સૌહૃદ અને ભક્તિ વગેરે વધારે રસ પ્રાચીન વિદ્વાનો લખી ગયા છે, તો ભાઈઓમા પરસ્પર જે રસ તે સૌહૃદ રસ કહેવાય છે

ક્યાં જવું.? ૨. જે સૌહૃદ રસમાં ભીંજાવાથી સર્વ પાંડવોએ પોતાના આર્યભાઇ યુધિષ્ઠિરની આજ્ઞાનું અપમાન કોઇપણ સમયે કરેલ નથી, (જુગારમાં પોતાને વેંચ્યા છતાં અને જુગારનેલીધે વનમાં જવુ પડયું) તેમ છતાં પણ, તે નિર્મળ સૌહૃદ રસ ક્યાંય નથી દેખાતો માટે શું કરવું અને ક્યાં જવું? ૩. જે સૌહૃદ રસરૂપી ચિંતામણિના પ્રભાવથીજ આપણો આખો આર્યાવર્ત સર્વ સંપત્તિના પાત્રરૂપ હતો તથા સર્વ વિદ્યા-વૈભવના ઘરરૂપ હતો, તે સર્વ સુખ આપનાર નિર્મલ સૌહૃદ રસ ક્યાંઇ જોવામાં આવતો નથી માટે શું કરવું અને ક્યાં જવું? ૪. અરેરે ! કેટલાક તો ચાડિઆ લોકોની ખોટી વાતોથી ભમી ગયા છે, બીજા કેટલાક કપટ કરવામાં ચતુર એવા મિત્રની યુક્તિઓથી ભરમાઇ ગયા છે, અને કેટલાક નિષ્પાપ મનવાળા માણસો પણ પોતાના સગા સંબધીના વચનથી ભમી ગયેલા છે, તથા નિર્મળ સૌહાર્દ ક્યાંઇ દેખાતું નથી માટે શું કરવું અને કયાં જવું ! ૫ આપણે નિઃસંદેહ જાણિએ છિયે કે જે સોદર ભાઇઓના હૃદયમાં સૌહાર્દ હોય છે તેની એક કણી પણ ક્યાંઇ બીજે મળવાની નથી, તોપણ અસ્થિર બુદ્ધિવાળા આપણે ચાડીયા લોકોના* વચનથી ભુલાવો ખાઇએ છિયે તેથી નિર્મળ સૌહૃદ ક્યાંઇ દેખાતું નથી માટે શું કરવું અને કયાં જવું? ૬. જેના પ્રેમનો લેશ પણ મિત્રમાં નથી હોતો, સ્ત્રીમાં નથી હોતો અને પુત્રમાં પણ નથી હોતો તે સોદર ભાઇઓ પણ ચાડીયાનાં વચનોથી મન ભમી જવાનેલીધે અવિશ્વાસનું પાત્ર થાય છે તેથી સૌહૃદ ક્યાંઇ દેખાતું નથી માટે ક્યાં જવું અને શું કરવું? ૭. જે ભાઇઓ સ્વાભાવિક સૌહૃદ રસથી ભીંજાએલ મનવાળા હોય છે તેજ ભાઇઓવિષે શંકિત મનવાળા માણસો પરપણું માને છે માટે હે સૌહૃદ! જેઓને તે પોતાના માને છે તેનેવિષે તુ ક્યાંથી હો? આમ છે તેથીજ તારી આવી દશા થાય છે. ૮. હે પ્રિય મિત્ર સૌહૃદ! આ પૃથ્વીમાં દયા સહિત સર્વ જગતના હિત કરનાર શંકર વિના તારી વૃદ્ધિનેમાટે બીજી ગતિ નથી, બીજું બળ નથી અને બીજો ઉપાય નથી, માટે પ્રતિદિવસ સર્વત્ર તે કરૂણાવાળા શંકર વિશ્વનાથ તારી વૃદ્ધિ કરે એમ હું માનું છું. ૧૦

* સ્વભાવેજ તુચ્છ બુદ્ધિની સ્ત્રી, સ્વાર્થી મિત્રો અને સ્વચ્છંદી બાલકો પણ ચાડીઆનું કામ બજાવે છે. બાકી બીજાઓ જે તેવા સ્વભાવના છે તે તો છેજ.

नेशनल कोन्ग्रेस



હાલમા કોન્ગ્રેસ, કોન્ગ્રેસ એ શબ્દ નો ધ્વનિ જ્યા જોઇએ ત્યા કાને પડતો જણાય છે, અને તેથી તેવિષે વિશેષ જાણવાની સ્વાભાવિક જીજ્ઞાસા ઉત્પન્ન થાય છે કોન્ગ્રેસ એટલે શુ, તેનો શો ઉદ્દેશ છે અને તેનું આખર પરિણામ શુ આવવાની ઉમેદ રાખવામા આવે છે તે જાણવુ અગત્યનુ છે

હિંદ પ્રજાને ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોચાડવાને ધાર્મિક, સાસારિક અને રાજકીય સુધારાની જરૂર છે, તેમા રાજકીય સુધારામા આ કોન્ગ્રેસના ઉદ્દેશનો સમાવેશ થાય છે

આ રાજકીય સભા ચારેક વર્ષ ઉપર મુંબાઇમા મળી હતી તે ઉભી કરવામા આગેવાની પ્રથમ મુબાઇ તથા કલકત્તાના કેટલાક વિદ્વાનોની હતી તે સભા પ્રથમ આ દેશનો લાભ કરે એવા કેટલાક હક સરકાર પાસે માગવાના હેતુથી મળી હતી તેમા હિંદુસ્થાનના મુખ્ય મુખ્ય સ્થળોથી પ્રતિનિધીઓ આશરે ૧૫૦ ને સુમારે હાજર થયા હતા ત્યારબાદ બીજે વર્ષે કલકત્તામા મળી હતી ત્યા લગભગ ચારસો પ્રતિનિધીઓ હાજર થયા હતા ત્યારબાદ ત્રીજી સભા મદ્રાસમા મળી હતી ત્યા ૭૦૦ પ્રતિનિધીની સખ્યા મળી હતી, અને હાલમા ચોથી સભા અલ્હાબાદમા મળી તેમા ૧૪૦૦ પ્રતિનિધીઓ ઉપરાત પાચ હજાર તમાસગીરો ખાસ જોવાને ગયા હતા તેમા કેટલાએક ખાસ વિલાયતથી ઉમરાવો પણ એ સભાનુ કામ જોવા અને તેમા ભાગ લેવા હાજર થયા હતા

દુનિયાનો નિયમ છે કે હરકોઇ નવુ કામ આરભવામા આવે છે તેમા બે પક્ષ બધાય છે, અને દરેક પક્ષવાળા પોતપોતાનુ ખેચે છે અમારો હેતુ બને પક્ષની હકીકત જણાવી તે ઉપરથી સ્વાભાવિક પરિણામ શુ ભાસે છે તે જણાવવા સિવાય બીજો કઇ નથી, પછી તે બતાવવામા કદાચ ભૂલ હોય તો તેમા અમારા વિચારનો દોષ સિવાય બીજા કોઇપણ હેતુથી લખવામા આવે છે એવુ સમજાવવાનો અમારો ઉદ્દેશ નથી

કોન્ગ્રેસના પક્ષકાર કહે છે કે આપણે આપણા હક ભોગવવાને લાયક થયાછીએ સરકારનુ રાજ્ય ગમે તેટલુ સુખશાંતિવાળુ હોય ત

થાપિ પ્રજાને શું અગત્ય છે અને શું દુઃખ છે તેમ કેટલાક આપણા ઉપર હાકમી ચલાવનાર અમલદારો પોતે સરકારના વહાલા થવાના હેતુથી કે પોતાનામાં કુદરતે મુકેલા કોઇ વિચિત્ર સ્વભાવથી આપણા ઉપર કદી ગેરવાજબી હરકતો નાંખતા હોયતો તે વાતની આપણી શાણી સરકારને આપણા તરફથી ખબર ન પડે ત્યાંસુધી તેઓ શી રીતે તે દૂર કરવાનો ઉપાય યોજે તેમાટે આપણે આપણા જાહેર વિચાર પ્રગટ કરવાની જરૂર છે. અને સરકાર પ્રજાની માગણીઓ કબુલ રાખી તેને સંતુષ્ટ રાખવામાં સરકારના અમલની દૃઢતા આ દેશમાં વધારે વખત રહેવાનો આધાર છે -

કોન્ગ્રેસના પ્રતિપક્ષીઓ કોન્ગ્રેસ એ એક ફીતુરી ટોળું છે એમ કહે છે. તેને સમસ્ત પ્રજા તરફથી કંઇ ટેકો નથી. તેઓની માગણી એવા પ્રકારની છે કે તેથી રૈયતને સરકારપ્રત્યે બેવફાદાર કરવાની કોશીશરૂપ છે. બીજાં રાજ્યો કરતાં આ રાજ્યમાં તેઓ વધારે સુખી છે એમ સમજી સરકારનો આભાર તેમણે માનવો જોઇએ સરકારી ખાતામાં મોટી સંખ્યા દેશીઓની છે. દેશી કેળવણીને ઉત્તેજન મળે છે. ન્યુસપેપરને છૂટ મળી છે આ પ્રમાણે સરકારે દેશીઓને સુખ આપ્યા છતાં કોન્ગ્રેસ મળવાથી સરકારપ્રત્યે રૈયતની રાજ્યભક્તિ કમી થાય છે.

ઉપરના પ્રતિપક્ષીનો જવાબ કોન્ગ્રેસવાળા એવો આપે છે કે સરકાર ન્યાયથી વર્તે છે એ વાત ખરી પણ હંમેશાં ન્યાય બરાબર કે સર્વને અનુકૂળ પડતો થાય છે એવો કાંઇ ચોકસ નિયમ નથી. પ્રજા ઉપર ભારે કરો નાંખવામાં પ્રજા પીડાય તે સંબંધને લઇને, મી. નોરટન જેવા બાહોશ બારીસ્ટરે મીઠા જેવી વસ્તુ ગરીબ લોકોના જીવનનું સાધન તેના ઉપર કર નાંખવો, કરોડો રૂપીઆનો ખર્ચ હિંદુસ્તાનને નામે થાય અને તેનો લાભ હિંદ પ્રજા ન ભોગવતાં છતાં તે બોજો તેને સીર પડે છે એ વિગેરે કેટલીક બાબતનો ટુંક હેવાલ મદ્રાસની ટ્રીપ્લીકેન સોસાયટી આગળ કહી બતાવ્યો હતો. દેશીઓને સરકારી નોકરીમાં દાખલ કરવાને પણ ભેદ રાખવામાં આવે છે. સર્વોત્કૃષ્ટ હોદ્દાઓ અંગ્રેજને માટે ખાસ રોકી રાખવામાં આવે છે. અને કાળી ગોરી ચામડી વચ્ચે ઘણો ફરક રખાતો જોવામાં આવે છે. નેશનલ કોન્ગ્રેસનું ધર્મ અને ન્યાય ભરેલું વર્તન જોઇને તેનો લીબરલપક્ષે પણ ઇંગ્લંડમાં પક્ષ કરવા માંડયો છે. અને હિંદુસ્થાનમાં નોર્ટન અને હ્યુમ જેવાએ પણ પોતાની સ્વતંત્રતા

કાંઇપણ સ્વાર્થ નહિ હોવાના છે ત્યાં બીજી તરફથી સરકારને વફાદાર થવા રાજા શિવપ્રસાદ અને સરસૈયદ અહમદ વિગેરે કોન્ગ્રેસ વિરૂદ્ધ બહાર પડયા છે

ઉપર પ્રમાણે આ કોન્ગ્રેસનો દેખાવ છે અને તેમાંથી કાંઇપણ શુભ પરિણામ જોવાને સર્વને ઉત્કંઠા રહે છે

ગુજરાત સભા, પુના સાર્વજનિકસભા, પ્રેસીડેન્સીએસોસીયેશન, પ્રજાહિતવર્ધક સભા વીગેરે પ્રસિદ્ધ સભાઓની તરફથી નિમાયલા પ્રતિનિધિઓ આવી સભામાં ભાગ લેતા જોઇ અમને ઘણો સંતોષ ઉપજે છે કારણ કે માથુ સારી લાયકાત વગર જનારા પ્રતિનિધીઓથી પ્રજાને કશો લાભ હાસલ થાય નહીં એ સ્વાભાવિક છે

અલબત નેશનલ કોન્ગ્રેસમાં ઘણા મોટા વિદ્વાનોએ મોટો મોટો ભાગ લીધો છે પરંતુ જે દેશી પ્રજા તરફથી તેઓ પ્રતિનિધિ તરીકે દેખાવ દે છે તે દેશી પ્રજાનો ઘણો ભાગ અજ્ઞાન છે અને તેઓ નેશનલ કોન્ગ્રેસ શું અને તેના શા હેતુ છે તે તેઓ બીલકુલ જાણતા નથી તેઓ તો ઇશ્વરે તમને જે વધો આપ્યો તેમાંજ પોતાનું હિત સમાયલું છે એમ માની સભા તે શું અને શામાં તેમના લાભ ગેર લાભ સમાયા છે તે સમજતા નથી તે સમજાવવાને આ વરસ ઠામ ઠામ સભાઓ થઇ ભાષણો થયા તેથી કેટલીક પ્રજા તેનો અર્થ સમજવા લાગી છે પરંતુ જ્યાંસુધી પ્રજાનો મોટો ભાગ તેનો હેતુ નહિ સમજે ત્યાંસુધી આવી સભાઓ મળવાથી પ્રજાને તરત લાભ સારી રીતે થઇ શકશે માટે કોન્ગ્રેસના આગેવાનોને વિનતિ છે કે તેમની તરફ પ્રતિનિધિઓની જે ચુંટણી થઇ આવે છે તેની વિદ્વત્તા, યોગ્યતા તથા જેની તરફથી તે નિમાય છે તે સોસાયટી કે મંડળીનું બંધારણ કેવું છે એ વિષે પુરાવાદાર હકીકત યોગ્ય મુદતમાં મેળવી તે ઉપરથી પ્રતિનિધિઓના વર્ગ બંધાયતો સારૂ એના વત. પ્રતિનિધિઓ ઉપર પોતાના પ્રાંતમાં વરસમાં અમુક વખત કોન્ગ્રેસના હેતુવિષે ભાષણો આપી પ્રજાના મન ખેંચી લે એવી ફરજ નાખવી જોઇએ ત્યારેજ કોન્ગ્રેસના મહત્વવિષે સરકારના ધ્યાનમાં આવશે કે હવે પ્રજાનો એક મત થયો છે, અને તેમને તેમની અમુક માગણી પ્રમાણે મળવાને તેઓ પાત્ર અને હકદાર થયા છે એમ લાગશે એટલે તમારે તે મેળવવાને હાલ જેટલી માથાકુટ અને મુશીબતો વેઠવી પડે છે તે કંઇ પણ ન થતા એની મેળેજ આવી મળશે અને તમારા ઉપર ફીતુરી ટોળીનો આરોપ મુકનાર એનીમેળે બંધ થઇ જશે

અંગ્રેજ અધિકારીઓ જે કંઇ દેશ-હિતમાં ભાગ લેછે તેઓ તમામનું અંતઃકરણ ખરૂં જાંણી શકવું એ-મુશકલ છે; કેટલાક લોકપ્રિય થવામાં પોતાનો સ્વાર્થ સમાયલો છે એમ સમજીને પણ ભાગલે એ સ્વાભાવિક છે. દરેક પ્રજા ગાડરીઆ પ્રવાહ જેવી છે. અજાણી ભૂમિમાં અજાણી ઠામનો માણસ જાય તેને તે દેશની પ્રજાનો પ્રેમ મેળવવો હોય તો તેણે તે દેશની પ્રજાના હિતમાં ભાગ લેવો, તેમ કરવાથી પોતાની ધારેલી મન કામના સપૂર્ણ થાય છે. ઓનરેબલ દાદાભાઇ નવરોજી એજ પ્રતાપથી કોઇ દિન પાર્લામેટમાં મેમ્બર તરીકે બિરાજમાન થશે.

રાજા શિવપ્રસાદ જેવાનો અતઃકરણથી ગમે તેવો ઉદ્દેશ હોય અને તેઓ શુદ્ધ બુદ્ધિથી પોતાને ઠીક લાગ્યું તેમ બોલતા હોય તો પણ તેમની અને સર સૈયદ અહમદની તેમ કરવાની નેમ, મનોવૃત્તિયો યોગ્ય નિયમમાં જાળવી ન રાખવાનેલીધે ખુલ્લી રીતે તેઓ જાણીબુજી કોન્ગ્રેસનું બધારણ નબળું કરી સરકારને પ્રિય થવાની અથવા તેથી પોતાને કંઇ ખાનગી લાભ મેળવવાની હોય એવી તેઓ પોતાની વર્તણુકથી બતાવી આપે છે એથી કોન્ગ્રેસના હેતુને વધારે મજબુતી મળે છે તેની સાથે તે સાવચેત થાય છે. કોન્ગ્રેસનો ઉદ્દેશ ઘણો ઉત્કૃષ્ટ છે પણ તેઓ તે કરવાને જે માર્ગ લેછે, તેમાં અમે બતાવ્યા મિસલનો સુધારો કરવાની જરૂર છે.

'નામદાર કેસરે હીંદનાં રાજ્યની પચાસ વર્ષની કારકીર્દિમાં હીંદુસ્તાનમાં અનેક ફેરફાર થતા આવ્યા છે તે બધાનું કારણ વખતનો ફેરફાર છે. ગયાં દસ વર્ષમાં આવી ઠામ ઠામ સભાઓ ભરવાનું લોકોને થોડું સમજવામાં આવતું; અને હાલ જેમ અમુકે દરખાસ્ત કરી અને ફલાણાએ ટેકો આપ્યો અને તે ઉપરથી સર્વાનુમતે કે વિશેષાનુમતે ઠરાવ થયો એવા શબ્દો આ દસકામાં કાંને પડવા લાગ્યા છે તે ઉપરથી જણાય છે કે આ સર્વ કાળનો મહિમા છે. તેથી અમે કોન્ગ્રેસ, તેના હીમાયતીઓ અને તેમના તમામ પ્રતિનિધીઓ અને જે મડળીઓ તરફથી તેઓ નીમાયા છે તેમને સ્મરણ આપીયે છીયે કે જે કાળના યોગથી આટલો વિચાર વિવેક બાંધવાને યોગ્યતા આવી છે તેની બલહારિ માનીને સન્માર્ગ ઉપર અવિચ્છિન્ન પ્રયત્ન રાખવું કે જેથી અમૃત સરખા મીઠાં ફળો સર્વના ચાખવામાં આવે. ઇશ્વર પાસે માગીએ છીએ કે પ્રજાનું કલ્યાણ કરવાનોજ શુભ હેતુ છે તેમાં સર્વે શક્તિમાન થાઓ. તથાસ્તુ.

प्रारब्धनी विचित्रता उपर एक वात

(સબધ પાને ૭ થી)

આજનો પડાવ રાજવાડીમા થવાનો હતો તેથી સર્વ સવારી અનુક્રમે રાજવાડીએ ગઇ સર્વ પ્રજા ગામતરફ વળી તથા જમનાબા, તેજમા અને કેટલુક મડળ રાજવાડીએ ગયુ ત્યા અનેક પ્રકારની વાતચીતો તથા વિનોદમા દિવસ આથમવા આવ્યો રાતના જમણ માટેની તયારી થઇ ગઇ હતી, તેથી સર્વમડળે ત્યા ભોજન કર્યું અને સર્વ જેને જેમ ઠીક પડે તેમ વિનોદ કરતા વેહેના વેહેના સુઇ રહ્યા

સવાર પડયુ તે સમયે મત્રી હરિદત્ત તથા બાલુભા અને ભીમભા વગેરે સવારી બાથી કશળીબાની રજા લઇ રાજનગર તરફ આવી ત્યારપછી કશળીબાની સ્વારી સર્વસરજામ સહિત ઘોડે નગારૂ નાખતી ચાલી બા કશળીબા રથમા બેઠા તેજમા જમનાબા વિગેરે સ્રીજન થોડે સુધી વળાવી પાછા ફર્યા કશળીબાની સવારી રાજવાડીથી દેખાતી બધ થઇ ગઇ ત્યાસુધી સહુ ત્યા રોકાઇ સર્વ લોકોસહિત તેજબા વિગેરે રાજનગરમા આવ્યા


વાતના રસમા થોડુ કેહેવાનુ રહી ગયુ છે કે જે કાઇક નવીન છે બાથી કશળીબાના લગ્ન સમયે જે કેદખાનામા કેદીઓ હતા તેમાના જે મુદતવાળા હતા તેમને છોડી મેલવામા આવ્યા હતા અને જન્મટીપવાળા હતા તેમને હવે પછી ૭ વર્ષની ટીપમા રાખવાનો હુકમ થયો હતો આ હુકમ થતા ઘણાખરા કેદીઓ છુટયા તેમા એક કાવર કેદી કે જે અનેક પ્રકારના તરગોથી ઘોડા ઘડયા કરતો હતો તે છુટો થઇ ઘેર ગયો તે પોતાને ઘેર જઇને મલિનતા દૂર કરી સારા કપડા પહેરી ત્રીજે દિવસે સવારના પહોરમા રાજનગરના એક રાજકીય માણસને ઘેર ગયો ડેલીમા બેચાર આરબો બેઠા હતા અને કાવાની ધુન મચી હતી ત્યા જઇ એક પટાવાળો બેઠો હતો તે પટાવાળાસાથે કેહવરાવ્યુ કે તમારા સાહેબને જઇને કહો કે કોઇ ગરાશીયા કાઇ જરૂરના કામમાટે મળવા આવેલ છે પટાવાળો અદર જઇને હુકમ લઇ આવ્યો એટલે આ માણસ ડેલીમા પેસી ચોકમા જાય છે ત્યા બેચાર નાના છોકરાઓ તાપણી તાપતા હતા ઘરમા દધિમથનના શબ્દો સભળાતા હતા જમણા હાથપગની પડશાળમા મોટી જાજમ પાથરી હતી તે ઉપર ગાદી તકીયાની બેઠક હતી તેની પાસે આવીને તે માણસ બેઠો પટવાળને

છેડે એક સુંદર ઓરડામાં શીશમના સિંહાસન ઉપર હાથમાં ફુલલઇ એક માણસ પુષ્પાંજલી ભણતો હતો. તેણે રૂદ્રાક્ષોની બેચાર માળાઓ પેરી હતી.સફેત પીતાંબર ધારણ કર્યું હતું. ખભે ધોયોલુ ઉપવસ્ત્ર નાંખ્યું હતું.પડખે એક સુંદર કોયલાની શગડી ધગધગતી હતી. તથા એક લુલો-પાગળો જણ જુદાં આસનપર બેઠેલો **साम्राज्यं भोज्यं** એ આદિ શબ્દો ધીરસ્વરે બોલતો હતો. સન્મુખમાં એક ઊંચા સ્થંદિલપર રૂપાના સિંહાસનમાં નાનકડું સુવર્ણનું કમળ હતું તેમાં ઇંગુર દ્રાક્ષાકારનું બાણ જળાધારીસહિત હતું. તે ઉપર કેસરી ચંદન તથા સુગધી ફુલ બિલીપત્ર તથા અક્ષતો ધર્યા હતા. પછવાડે એક સર્પની આકૃતિ તથા સોનાનું છત્ર ખોસ્યું હતું. આગલા ભાગમાં બે મોટી દીવિઓ તથા બે નાની દિવીઓમાં દીવા બળતા હતા એક ધૂપદાનીમાં ધૂપ તથા એક વાટકીમાં નૈવેદ્ય ધરવામાં આવ્યું હતું. બીજાપણ આરતી વિગેરે ઉપસ્કરો કળશ પંચપાત્ર ત્રભાણું વિગેરે પડયાં હતાં. નવો માણસ જઇને બેઠો કે તરત પુષ્પાંજલીનાં પુષ્પ મહાદેવ ઉપર ચડાવી નમસ્કાર તથા પ્રદક્ષણા કરીને તે પુરૂષ બહાર આવ્યો. તેની ભમરો, મુછો અને કેશ સફેદ હતા, શરીર કદાવર અને ગૌરવર્ણનું હતું અને સ્વર ગંભીર તથા ઘાટો હતો. તે માણસ કોણ હશે એ કાંઇ જાણવું અશક્ય નથી. એ પોતે આપણા હરિદત્ત મત્રીજ હતા તેણે બહાર નીકળનાં પેલા નવા માણસપર દૃષ્ટિ કરી, ત્યાં તે માણસે ઉઠીને નમસ્કાર કર્યા આવો બેસો કહીને હરિદત્તમત્રીએ તેને આ વખતે આવવાનું કારણ પુછયું. નવા માણસે જવાબ દીધો કે અન્નદાતા! મને આપે કોઇ વખત દીઠો હશે તેથી આપ મને આશ્ચર્યની રીતે જુવો છો. મને કેદખાનામાં જન્મટીપ મળી હતી તેથી મારે હજી સાત વર્ષ કેદખાનું ભોગવવું બાકી છે, પણ મને ભુલથી છોડી મેલવામાં આવ્યો છે તો કૃપા કરીને હવે મને બચાવો. એના બદલામાં હુ જે કામ આપને કરી દેખાડીશ અથવા હું જે આપને ખુશી ખબર આપીશ તેથી ખરેખર આપ એટલો ધુનો માફ કરવા સાથે મને એક મોટા ઇનામને લાયક ગણશો. હરિદત્તે કહ્યું કે તમે જે કરવા માગોછો, તે કેવી હકીગત છે તે મારે જાણવું જોઇએ. પેલા માણસે કહ્યું કે મહારાજ! હું જેવો તેવો માણસ નથી. ઘણા દિવસથી આ ગામમાં આવ્યો છું પણ કોઇ આરોપમાં પકડાઇ જવાથી આપની મુલાખાત લઇ શકયો નથી. મારૂં નામ ગોડજી છે. હુ આપની મેહેરબાની હશે તો ગમે ત્યાંથી મનુભાનો પત્તો મેળવી આપીશ એટલી મમેીહામે છે. (અપૂર્ણ)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૦ મુ.   માઘ, સંવત્ ૧૯૮૫.   અંક ૪ થો.

॥ यतो धर्मस्ततो जय ॥



संसारमा आ सार

शार्दूलविक्रीडित

પ્રેમે થાય પરોપકાર પરનો સદ્ધર્મને પાળતાં,
લાગે આત્મસમાન સર્વ મનમાં સંભાળથી ભાળતાં,
કીર્તિ પ્રાપ્ત કરાય જાય સુખમાં આયુષ્ય આ પારમાં,
વારવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં ૧
ભૂતપ્રાણિવિષે દયા પ્રતિદિને ને વશ્ય વાણી મન,
રાગ દ્વેશ તજાય થાય સહુમાં પૂરું પ્રતાપી તન,
દીનોને ધન ધામ દાન કરવા સભાર ભંડારમાં,
વારવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં ૨
વારવાર ન જન્મ કે મરણને લેવા પડે લોકમાં
નિશ્વાસો ન ભરાય અંતરવિષે સંતાપ કે શોકમાં,
પોતે ઇશ્વરમાં મળી મન રહે જે શાંત આકારમાં,
વારવાર વિચાર થાય મનમાં એ સાર સંસારમાં ૩

काफी

હવે તો હે મન મારા, તજ અંતર અભિમાન,
નિત્ય અસંગ રહી નિર્મળ તું, ધર હરિચરણે ધ્યાન,—હવે૦
વિવિધ વિષયની વાતવિષે તું, ક્યાય ન ખે કર કાન,
સાચવ શમ દમ શીલ સરલતા, મેળવ મોટપ માન,—હવે૦
પર ઉપકારવિષે કર પ્રીતિ, આપ દયાથી દાન,
જન્મ અફલ આ જાય અજાણે, ધૂળ ન કરતું ધાન,—હવે૦
સાર નહીં સમજ બધામાં, ભૂલ અભાગિ ન ભાન,
ક્યાથી દિયે દૃવ દાખિયે તોપણ, બાહુથી બાપનું થાન?—હવે૦
શાંતપણું અમૃતરસ સાચો, પ્રેમ ધરી કર પાન,
કર કેશવ હરિચરણે ચોપે, નિમન એક નિશાન,—હવે૦

मन अने इंद्रियोना निग्रह विषे.

આપણને પોતાને આધીન કરી લઇને ઘડી ઘડીમાં મૃત્યુ કરતાં પણ અધિક દુઃખનો અનુભવ કરાવનાર મન કે જે અનેક પ્રકારની દુરંત ચિંતાઓ અને આશા-તૃષ્ણાઓ બાંધ્યા કરે છે અને આત્મસુખને વિસારી દઇને જેમાંથી કશો સાર નીકળે નહિ એવા વિકટ વિષયોમાં અમથું અમથું ભટક્યા કરે છે, તેનું સ્વરૂપ પ્રત્યેક મનુષ્યોના જાણવામાં આવેલું હોવુંજ જોઇએ. અહો! તે કેવું પ્રબળ અને આશ્ચર્ય પમાડનાર છે. અનેક પ્રકારના ઘોડા ઘડવારૂપ ચચળાઇવાળું મન જે જે વાસનાનું ગ્રહણ કરે છે તે તે વાસનાને અનુસરતાં રૂપોને ગ્રહણ કરે છે એવો તેનો સ્વભાવજ છે. પવન જેમ જે ફૂલમાં રહે તે ફૂલના ગંધને ગ્રહણ કરે છે, તેમ મન જે વાસનામાં રહે તે વાસનાના આકારને ગ્રહણ કરે છે. પોતાની વાસનાથી કલ્પેલા વિષયનોજ યુક્તિયોથી નિર્ણય કરી "આ વિષય તો મારો પોતાનોજ છે" એમ અભિમાન ધારી લઇને તે અભિમાનને તૃપ્ત કરવામાટે પોતે સ્વીકારેલા તે વિષયનીજ ઘડ કર્યા કરે એવું એ આગ્રહી છે. મને જે નિશ્ચય કર્યો હોય તેમાંજ તેને સ્વાદ આવે છે અને તે સ્વાદ બરાબર બેસી જતાં શરીર અને સઘળી જ્ઞાનેંદ્રિય પણ તરૂપ થઇ જાય છે. મન વાસનામાં આરૂઢ થાય કે તુરત તેને પછવાડે તેને આધીન રહેનારો દેહ તે વાસનાને અનુસરતોજ પ્રાપ્ત થાય છે. ગંધવાળા પદાર્થની અંદર પેઠેલો પવન જેમ ગંધમય થઇ જાય તેમ વાસનાને આધીન રહેનારો દેહ વાસનામયજ થઇ જાય છે. વાસનાને અનુસરીને પ્રાપ્ત થયેલા દેહમાં જ્ઞાનેંદ્રિયો પ્રકટ થઇને પોતપોતાના વિષયમાં દોડતાં તે વિષયો મળવામાં અનુકૂલ આવે એવી ક્રિયા કરવામાટે કર્મેંદ્રિયોનો જથો પણ પોતાની મેળેજ પ્રકટ થાય છે. જેમ પવન ચપલ થાય એટલે પ્રથ્વીની રજ પણ ચપલ થાય છે, તેમ જ્ઞાનેંદ્રિયો વિષયલંપટ થતાં કર્મેંદ્રિયો પણ પોતપોતાની ક્રિયાઓમાં લંપટ થાય છે. ક્ષોભ પામેલી કર્મેંદ્રિયો પણ પોતપોતાની ક્રિયાશક્તિને પ્રકટ કરતાં વાયુમાં રજની પેઠે ઘણાં ઘણાં કર્મો ઉત્પન્ન થાય છે. આમ મનનું બીજ કર્મ છે અને કર્મનું બીજ મન છે. જેમ પુષ્પની અને પુષ્પના ગંધની સત્તા એકજ છે તેમ મનની અને કર્મની સત્તા એકજ છે. મન દૃઢ અભ્યાસનેલીધે જે જે ભાવનું ગ્-

હણ કરે છે તે તે ભાવનાને અનુસરતી ઇન્દ્રિયોના ચલનરૂપ મોટી શાખાઓ તેમાથી નીકળે છે મન પોતે જે વાસનામા લપટ થયુ તે વાસનાને અનુસરતી ક્રિયાઓને અને તે વાસનાને અનુસરતા ભોગોને અવશ્ય ઉત્પન્ન કરે છે અને તે પ્રમાણે ઉત્પન્ન કરી તેવાજ સ્વાદનો અનુભવ કરીને તુરત બધાઇ જાય છે મન જે જે વિષયને ગ્રહણ કરે તે તે વિષયને સારો માની લે છે અને તેમ થતા પકડેલો વિષય કલ્યાણરૂપજ છે એવો એને નિશ્ચય થઇ જાય છે આટલામાટે સમજુ માણસે તે મનને સ્વતત્ર નહિ રેહેવા દેતા હાથીને જેમ તીક્ષ્ણ અકુશથી વશ કરવામા આવે છે તેમ વિવિધ વિચારથી વશ કરવાની ઘણી જરૂર છે મનનુ સ્વરૂપ વધારે તપાસવા જતા પણ આશા તૃષ્ણાઓના નાના પ્રકારના સકલ્પ વિકલ્પ સિવાય બીજુ પ્રત્યક્ષ કઇ જોવામા આવતુ નથી બોરી ઝાડનો કાટો મૂળમાથી ઉખેડી નાખ્યો હોય તો પછી દુખ દેતો નથી તેમ મનના કાટારૂપ સકલ્પ વિકલ્પથી કરવામા આવતી આશાઓ મૂળમાથીજ ઉખેડી નાખવામા આવે તો મન મોટુ જ ત્યાથી થાય કે તે વૃદ્ધિ પામીને આપણને પીડા કરે જે જે માગ તે જવાને તૈયાર થાય તે તે માર્ગે નહિ જવા દેતા કલ્યાણના માર્ગમા જવાને શીખવતા શીખવતા પાશ ગ રહેલા મનને તેની ઇચ્છા પ્રમાણે થોડુ ગજી કરવામા આવે તો પણ તે ઘણો સતોષ માને છે ઉનાળાના તાપથી તપેલા એક રોપાને થોડુ પાણી પાવાથી પણ તે સહુ તાજો થઇ જાય છે, પરતુ વર્ષાઋતુમા બહુ પાણી પીને સડી ગયેલા રોપાને થોડુ પાણી પાવામા આવે તો તેથી કઇ તે તાજો થતો નથી માટે મનને કામનાની કોસનાવીને ધીરે ધીરે સ્વાધીન કરી લેવુ જોઇએ જ્યાસુધી તે નિયમમા આવ્યુ ન હોય ત્યાસુધી તેને રાજી રાખવાને માટે ગમે તે ઉપાયો કર્યા કરવા તે બધા નિષ્ફળ છે જેમ પ્રથમથી પાણીથી ભરપુર રહેલી નદિયો હોય તેમા થોડુક વરસાદનુ પાણી પડે તો તે કાઇ જણાતુ નથી તેમ મનને જો વિષયભોગથી ખુબ તૃપ્ત રાખ્યુ હોય તો પછી તેને થોડુક સુખ આપવાથી કાઇ જણાતુ નથી માટે પેહેલાથી સારી પેઠે તેનો નિગ્રહ કરીને પછી તેને થોડુક સુખ દેખાડવુ કે જેથી સતોષ પામીને સ્થિરતા ધારણ કરે જો તેને પ્રથમથીજ યથેચ્છ સુખભોગ લેવાસાટે મોકળુ મેલવામા આવ્યુ હોય તો પછી તે નિયમમા રહેતુ નથી અને થોડા સુખમા તે સતોષ પામતુ નથી આખા જગતને

ખોળી દે તેટલા પાણીવાળો સમુદ્ર જેમ બીજી નદિયોના પાણીનેપોતામાં આવવા દે છે તેમ મન પણ સઘળા વૈભવોથી પરિપૂર્ણ હોય તો પણ તુચ્છ વૈભવોની અને તુચ્છ સુખની લાલચ કરે એવું છે. પોતે પૂર્ણ છતાં બીજા લાભની ઇચ્છા રાખવી એ પામરનો સ્વભાવ છે માટે મન જેવું બીજું પામર કોણ છે? એટલામાટે પ્રથમ મનને નિગ્રહવડે બહુજ ક્લેશ ઉપજાવીને પછી થોડુંક ભોગસંબંધી સુખ આપ્યું હોય તો તે મન પ્રથમ પરિતાપ પામેલું હોવાનેલીધે તેટલા ભોગસુખને પણ ઘણું માની લે. જ્યાંસુધી કોઇ રાજા શત્રુઓથી પરાભવ પામી કેદ પકડાયો ન હોય ત્યાંસુધી પોતાના રાજ્યની ગમે તેટલી સમૃદ્ધિને પણ બહુ માનતો નથી. પણ તેજ રાજાને કોઇ બીજો બળીયો રાજા રણસંગ્રામમાં જીતી પરાભવ પમાડી પકડી લઇ કેદ કરે અને પછી દયાની ખાતર તેને છોડી દઇ થોડોક ગરાસ કે ગામ આપે તો તેથી પણ તે સંતોષ પામે છે. એજ પ્રમાણે મનને જ્યાંસુધી નિગ્રહથી દુઃખ દેવામાં ન આવ્યું હોય ત્યાંસુધી તે મન ઘણા સુખને પણ અલ્પ માની લે છે, પરંતુ પેહેલાં તેને દુઃખ દઇને પછી તેમાંથી મુક્ત કર્યું હોય તો તે થોડુંક સુખ મળવાથી પણ સંતોષ ગ્રહણ કરે છે. નિગ્રહ કરવાથી અને બોધ પામવાથી મૂલ સહિત મનને જીતવામાટે પેહેલાં તો સર્વ પ્રકારનાં પ્રયત્નોથી ઇન્દ્રિયોને જીતવાની મુખ્ય જરૂર છે. મન છે તે આ શરીરરૂપ રથનો સારથી છે અને ઇન્દ્રિયો છે તે તેના ઘોડા છે ઘોડા જો મદોન્મત્ત થઇ વશ ન રહે તેવા હોય તો સારથીને ને રથને મોટા ખાડમાં નાંખી દે છે. ઇન્દ્રિયો છે તેજ ખરેખરા શત્રુઓ બનીને મનને માઠી ગતિ કરનાર થાય છે. ઇન્દ્રિયોનું પ્રેરક મન છે પરંતુ તે મનને વશ કરવામાં પેહેલાં ઇન્દ્રિયોને જીતવાની જરૂર છે. ઇન્દ્રિયો જીતાયાથી મન જીતાવું કઠણ નથી અને મન જીતાવાથી ઇંદ્રિયો જીતાવી કઠણ નથી. કેમકે તે બેયને પરસ્પરાશ્રય હોવાથી એક જીતાએ બીજું જીતાઇ શકે છે; તોપણ પ્રથમ ઇન્દ્રિયો જીતાયાથી મન જીતાય છે. જગતમાં ઘણાં માણસો પોતાના હૃદયથી અભિમાન ધરાવી ને બીજાનો પરાજય કરવા કે રાજા હોય તો બીજા રાજાને કે શત્રુને જીતી લેવા ઇચ્છા રાખે છે. એવા વિચક્ષણ પુરૂષોએ પ્રથમ તો પોતાના હૃદયમાં રહેલા ઇન્દ્રિયોરૂપ શત્રુઓનેજ જીતવાને પ્રયત્ન કરવું જોઇએ. જેઓએ પોતાના અંદરના શત્રુનો જય કર્યો નથી ને બાહાર જય મેળવવાની ઇચ્છા કરે એ મોટા

આશ્ચર્યની વાત છે ખરા ભાગ્યશાળી, સાચા શૂરવીર, બુદ્ધિમાન્, પુણ્યવાન્ અને કીર્તિમાન તેજ પુરૂષો કહેવાય કે જેને આ જગતમા પોતાના ચચન મને વશ કરેલા હોય નહિ મન જેણે જીત્યુ છે તેણે આખુ જગત્ જીતી લીધુ છે એમ સમજવુ જીતાએલુ મન અમતરૂપ કરે છે અને નહિ જીતાએલુ મન જન્મ મરણરૂપ થાય છે, માટે ઇન્દ્રિયોને જીતી તે મનને વશ કરવુ શ્રી ભગવાન્ પણ કહે છે કે वश्ये हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता જેને ઇન્દ્રિયો વશ છે તેની બુદ્ધિ સ્થિર રહેલી છે અર્થાત્ ઇન્દ્રિયોને જીતીને મનને વશ કરવુ જેનો હૃદયરૂપી ગુફામા ઊડાણ વળી બેઠેલો મનરૂપી મોટો સાવજ અનેક વ્રતનિયમાદિકવડે વેઠના પડેલા કષ્ટથી વશ થઇ જઇ અત્યત બળવગરનો થઇ ગયો હોય તેવા નિર્મળ બોધવાન તત્વવેત્તાના જેવો જગતમા કોઇપણ ભાગ્યશાલી અમે સમજતા નથી એટલામાટે મ-નને વશ કરવુ જોઇએ માટે ધીરે ધીરે ઇન્દ્રિયોને બહારના વિષયોમાથી આસક્તિ છુટવાનો અભ્યાસ પાડી તેજ અભ્યાસની યોગ્ય પરિપાટીથી મનને સ્વાધીન કરી લેવુ એ કામ કેહેવુ સેહેલુ પણ થવુ બહુ કઠણ છે મદોન્મત્ત હાથી કે સાવજને વશ કરવો તે સેહેલો છે પરતુ ઇન્દ્રિયો કે જે અતિ ચચળ છે તેને જીતવી એ બહુ કઠણ છે અને એટલામાટેજ મનને દુર્જય કેહેવામા આવ્યુ છે વસિષ્ઠ મુનિએ શ્રીરામને બોધ કરતા જણાવ્યુ છે કે-

ઇન્દ્રિયોરૂપી શત્રુઓ કે જેઓ મોટા મોટા નરકોમા પ્રાણીઓને નાખવાના ચક્રવર્તિપણામા અભિષેક પામેલા છે, આશાઓરૂપી બાણોથી વીંધી નાખે એવા છે અને દુષ્કર્મોરૂપી મદોન્મત્ત હાથીઓવાળા છે તેઓ જીતાવા બહુ કઠણ છે ઇન્દ્રિયોરૂપી શત્રુઓ કે જેઓ કૃતઘ્ન થઇને પ્રથમ પોતાના આશ્રયરૂપ દેહનોજ નાશ કરે છે અને નીચ કર્મોના મોટા ભડારરૂપ છે તેઓ જીતાવા બહુ કઠણ છે શરીરરૂપી માળામા રેહેનારા વિષયોરૂપી માસોની લાલચવાળા અને કાર્ય તથા અકાર્યરૂપી ઉગ્ર પાખોવાળા ઇન્દ્રિયોરૂપી ગીધ પક્ષીઓ બહુ ઉત્પાત કર્યા કરે છે એ ઇન્દ્રિયોરૂપી નીચ ગીધોને જે પુરૂષ વિવેકરૂપી જાળથી પકડી લે છે તેના શાતિઆદિરૂપ અગોને તે પક્ષીઓ ફાડી શકતા નથી જેમ પકડનારા પારાધીઓએ નાખેલા પાશો હાથીઓના જથાને બાધી શકતા નથી તેમ ઇન્દ્રિયોએ નાખેલા લાલચોરૂપ પાશો વિવેકીને બાધી શકતા નથી વિષયો કે જેઓ ઉપરઉપરથી જોતા સારા લાગે છે પણ પરિણામમા અત્યત ખરાબ છે તેમા પુરૂષ રમે છે

તે પુરૂષ ઇંદ્રિયોના પાશોથી બંધાઇ જાય છે. જે પુરૂષ આ દુ
નગરમાં વિવેકરૂપી ધનનો સંચય રાખે છે તે પુરૂષ પરતંત્ર
પણ અંદર રેહેનારા ઇંદ્રિયોરૂપી શત્રુઓથી પરાભવ પામતો નથ
સ્વાધીન રાખનારા પોતાની શરીરરૂપી નગરીના રાજાઓ જેવા
છે તેવા માટીની બનેલી મોટી મોટી નગરીઓના રાજાઓ સુ
નથી. જેના ચિત્તનો ગર્વ ક્ષીણ થયો હોય અને જેણે ઇંદ્રિયો
ઓને પકડીને વશ કર્યા હોય તે પુરૂષના શુદ્ધ વિચારો જેમ વ
પુષ્પોની મંજરીઓ વધતી આવે છે તેમ વધતા આવે
પુરૂષની ભોગવાસનાઓ જેમ હેમંત ઋતુમાં કમળો ક્ષીણ થાય
ક્ષીણ થઇ જાય છે. જ્યાંસુધી બ્રહ્મતત્ત્વના દૃઢ અભ્યાસથી મન
હોય ત્યાંસુધી વાસનાઓરૂપી પિશાચણીઓ અજ્ઞાનરૂપી અંધકારથી ભરેલી હૃદયરૂપી મધરાતમાં નાચ્યા કરે છે. હું ધારૂં છું કે જ્ઞાનીને પોતાના શરીરરૂપી નગરીનું રાજ્ય ચલાવવામાં શુદ્ધ થએલું મનજ મંત્રી આદિનું કામ કરે છે. વિવેકી પુરૂષરૂપી રાજાનું મનજ ઇંદ્રિયોરૂપી શત્રુઓને દબાવવામાં સેનાપતિનું કામ કરે છે, રાજી કરવાથી સ્નેહવાળી સ્ત્રીનું કામ કરે છે, ધારેલું કામ કરી દેવાથી નોકરનું કામ કરે છે, સારાં કામો ગોઠવવાથી મંત્રીનું કામ કરે છે, પાલન કરવાથી પવિત્ર પિતાનું કામ કરે છે અને ઉત્તમ વિશ્વાસનું પાત્ર હોવાથી મિત્રનું કામ પણ કરે છે. જેમ પૂજ્યબુદ્ધિથી જોએલો અને પ્રેમબુદ્ધિથી હિતેચ્છુ માનેલો પિતા પોતે મરણ પામીને પુત્રને ધન આદિ ઉત્તમ પદાર્થ આપે છે તેમ બ્રહ્મબુદ્ધિથી જોએલો અને વિવેકબુદ્ધિથી હિતકારી માનેલો મનરૂપી પિતા પોતે નષ્ટ થઇને જ્ઞાનીને મુક્તિરૂપ પરમસિદ્ધિ આપે છે. સારીપેઠે જોએલો, સારી રીતે તપાસેલો, દૃઢતાવાળો અને સારીપેઠે નિર્મલ કરેલો મનરૂપી ઉત્તમ હીરો બ્રહ્મરૂપી શ્રેષ્ઠ હારમાં જોડાયાથી અત્યંત શોભે છે. મનરૂપ મણિ કે જે વાસનારૂપી ઘણા કાદવથી ખરડાએલો છે તેને વિવેકરૂપી જલથી ધોઇને આત્મદર્શનમાં તેના અજવાળાની સહાયતા લિયો. શુભ ઉદ્યમમાં પ્રવૃત્ત થએલા જ્ઞાનીરૂપ રાજાને મનરૂપી મંત્રી એવાં કામોની સહાયતા આપે છે કે જે કામોથી જન્મોરૂપી વૃક્ષો કપાઇ જાય અને પરિણામે નિરતિશય બ્રહ્માનંદનો આવિર્ભાવ થાય. ઘણા ઘણા ઉત્પાતોથી ભરેલી સંસારસંબંધી ભયંકર ભૂમિકાઓમાં વિવેકરહિત થઇને રેહેતો અને વાસનાઓને વશ

થએનો પામર મનુષ્ય જેમ એ ભૂમિકાઓમા પડે છે તેમ તમે પડો મા ઉદય પામેલી આ સસારરૂપી માયા કે જે સેંકડો અનર્થોથી ભરપૂર છે અને મહામોહરૂપ ઝાળક વરસાવનારી છે તેની 'એ મને શુ કરનારી છે' એવી ઉપેક્ષા ન કરો પણ જે રીતે એ માયાનુ માર્જન થાય તેમજ કરો પરમ વિવેકનો આશ્રય કરીને, બુદ્ધિથી સત્ય તત્વનો નિશ્ચય કરીને અને ઇન્દ્રિયોરૂપી શત્રુઓને સારીપેઠે જીતીને સસારરૂપી સમુદ્રને તરી જાઓ

સર્વ વાતનો વિવેક એજ ઇદ્રિયો અને પછી મનને સ્વાધીનમા રાખી પરમ સુખ સપાદન કરવાનો ઉત્તમ માર્ગ છે ખરૂ વિચારી જોએ તો આ શરીર સાવ મિથ્યા છે તેમજ સસાર પણ મિથ્યાજ છે એટલે તે સબધી દુખોપણ મિથ્યાજ હોય એમા કોઇ કહેવા જેવુ નથી, તોપણ એ મિથ્યામા પણ દૃઢ વાસના બધાઇ જાય તો બાળકના મનમા બધાયેલી ભૂતની વાસનાની પેઠે મહા અનર્થ ભય અને બધન આપનાર થાય છે માટે સત્પુરૂષોની રીતિ પકડીને નઠારી વાસનાની દૃઢતા ન થવા દેતા બુદ્ધિ સ્થિર કરીને "આ દેહાદિક હુ છુ અને આ ધન જન સવ મારા છે" એવુ અભિમાન ઉઠાડી દઇને પરમ સુખનામ ચૈતન્યસ્વરૂપનો આશ્રય કરવો એમ થયાપછી આસક્તિ રહિતપણુ પ્રાપ્ત થવાનેલીધે ખાવા પીના વગેરે વ્યવહારસબધી વર્મો બાધરૂપ થતા નથી જે આવી ઉત્તમ સ્થિતિને પોચે તેજ ધન્ય છે અને તેનુજ જન્મવુ સફળ છે

શુ બલુન એજ વિમાન હશે ?

મુબઇ ગામમા હમણા થોડા વર્ષની અદર બલુન ઉડાડવાના અનુભવની આ બીજી વારની ક્રિયા તા ૨૬–૧–૮૯ ને રોજ સવ પ્રજાના જોવામા આવી હતી બલુન એટલે શુ એ નિશાળમા ચાલતી ચોપડીઓ શીખનારા છોકરાઓ તો તેમા ભણાઇ ગએના પાઠ ઉપરથી જાણતા હશે નિશાળમા નહિ શીખેલા અને જેણે તેની વાત કાઇપણ નહિ જાણી હોય તેનાનેપણ સમજવુ ઠીક પડે તેનેમાટે ટુકી સમજણ એ છે કે દીવાળીના દિવસોમા અથવા બીજા કોઇ ઉત્સાહના પ્રસગમા કાગળનો એક મોટો કોથળો કરવામા આવે છે કે જે કોથળાને ગોબારો એવુ પણ નામ આપવામા આવે છે ચીનાઇ કાગળના ફાનસો આવે છે તેના જેવી તેની આકૃતિ

હોય છે. એ કોથળાને ઉંચો ઉડવાનું જોર દેવામાટે એક બાજુ જે ખુલ્લું મોઢું રાખવામાં આવ્યું હોય છે તે તરફ એક તેલમાં બોળેલો મોટો કાકડો સળગાવવામાં આવે છે કે જે કાકડામાંથી નીકળેલો ધુમાડો અને હવા તે કોથળામાં ભરાય છે અને તેમાં જોર આવે છે. એ જોરનેલીધે ગોબારો ઉંચો ચડે છે અને જ્યાંસુધી પેલો કાકડો સળગ્યા કરે ત્યાંસુધી ઉંચો ઉડયા કરીને કાકડો ઠરતાં વેત તેમાંની હવા બહાર નીકળી જતાં નીચે પડે છે. આ એક જોવાની રમત છે. ઘણા ખરા શોધો બાળકોની કે મોટાઓની રમવાની રમત ઉપરથીજ બુદ્ધિમાન લોકો શોધી કાઢે છે માટે સર્વ પ્રકારના માનનેલાયક એ રમતોજ ગણી શકાય છે, આપણા દેશમાં નાના નાના છોકરાઓ કોઇ નાના વાસણમાં એક લાંબા દોરાના બે છેડા બાંધીને છેટે છેટે ઉભે અને પછી વાસણમાં મો રાખીને બોલે તો એકબીજા એકબીજાના શબ્દો સાંભળે. આવા પ્રકારની રમતો આપણે ઘણી જોઇ છે તો તેજ રમતને અનુસરતો ટેલીફોનનો શોધ હવે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ અને તેમાં ગોઠવાએલી વિજળીના યોગે માણસોને વાતો કરતા અનુભવિયે છિયે. આજ પ્રમાણે પેલી ગોબારાની રમત પણ કોઇ વાર દાખલારૂપ થઇ પડવાનો સંભવ છે. જેવો ગોબારો કહ્યો તેવુંજ બલુન સમજવું. કોઇ જાતની હવા ભરાઇ શકે એવાં કપડાનો મોટા ઘર જેવડો ડબો ગોળ બનાવી તેનાપર દોરીઓનાં શીકાના જેવાં બંધન બાંધી તેનું મોઢું નીચે રાખવામાં આવે છે અને પછી તેમાં હાલમાં ચાલતા ગ્યાસના દીવાની કે એવીજ બીજી હવા ભરવામાં આવે છે. એ હવા ખુબ ભરાઇ રહે એટલે પેલો ગોળ ડબો ફૂલીને દડા જેવો થાય છે. પછી હવા જેમાં જાય છે એવું મોઢું બંધ કરીને નીચે તેને રશીયોથી બાંધી રાખ્યું હોય છે તે કાપી નાંખે કે છોડી નાંખે એટલે તેમાં ભરેલી હવાના જોરથી તે એકદમ ઉંચે ચડી જાય છે અને તેના વજનના પ્રમાણમાં કોઇ માણસ અથવા ભાર તેના નીચેના ભાગમાં રાખવામાં આવે તેનેપણ તે ઘસડી જાય છે. તે જ્યારે તેમાંથી હવા ખુટે છે ત્યારે નીચે પડે છે. આવી રીતે ઉંચે ચડેલા તે બલુન સાથે જનાર માણસનો જીવ મોટા જોખમમાં નાંખ્યા બરાબર છે.*

* જેમાંથી હવા પાછી બહાર આવતા શીશોડી વાગે એવી રબરની કે તેના જેવાં ચામડાની કોથળીયો કે જેને મોટે પીપુડી વાગે એવી નળી ગોઠવી હોય તેમાં ફુંક મારીયે તો દડા જેવુ થાય છે. એવીજ રીતે તેવાજ પદાર્થના ગાઢી હવા ભરી દડા કરવામા આવતા તે દડાને અધર મેલી દઇએ તો ઉંચા ઉડી જતા. એ દડાઓ ઘણીવાર મુંબઇમા છોકરા ઉડાડે છે

હમણા બલુનનો જે પ્રયોગ થયો તે આવા પ્રકારનો કેહેવાય છે બલુન હવા ભરાઇ રેહેતા જેવુ છોડવામા આવ્યુ તેવુજ તે ઉચુ ચડી ગયુ તેની સાથે અગવા બલુન જેવી એક છત્રી સાથે ટીગાડવામા આવી હતી કે જે છત્રી ઉચે ગયા પછી બલુનથી જુદી પાડતા બલુનમાથી પડતુ મેલવામા આવ્યુ હતુ કે જેથી થોડે અવકાશે તે છત્રી પવનના અને વેગના જોરથી ઉઘડી જતા નીચે ઉતરનાર માણસ માત્ર સહીસલામત સર્વે લોકોના દેખન્તા પૃથ્વી ઉપર આવી ઉભો રહ્યો અને પછીથી તે બલુનપણ નીચે ખેચી લેવામા આવ્યુ આ તમામ કરી બતાવીને તેમણે સારી કમાણી કરી કે હેવાય છે દેખવામા ક્રિયા કાઇ મોટી નથી લાગતી પણ એટલે દૂર એકદમ અદ્ધર ચડી જવુ અને એકદમ અધર ઉતરી આવવુ એ કામ અને તેને માટે યોજેલુ સાધન બહુજ કઠણ છે, કે જે માટે બીજાઓ બોલવાશિવાય કાઇ કરી શકે નહિ આજ ઘણા વર્ષથી બીજા શોધોની સાથે બલુનની બાબત પણ ઘણો શોધ ચાલે છે એમ કેહેવાય છે પ્રથમ અનભવિત લાગે એવા વરાળના અને વિજળીના યંત્રોથી આગગાડી,આગબોટ,તાર,ટેલીફોન, વીજળીના દીવા વગેરે શોધોનુ પરિણામ નજરે આવે છે અનેહવે તારમારફતહજારો ગાઉની સ્નેહી સબંધીના મોઢા જોઇ શકશુ એવુ પણ કોઇ દિવસ બનવાનો સભવ રખાય છે બલુનની બાબતમા હજી ઉચે ચડીને નીચે પડવા શિવાય બીજુ કશુ ફળ શોધ ચાલતા છતા પણ જોવામા નથી આવતુ અને જ્યાસુધી કોઇ પણ જાતની હવાને કાપે એવી, પવન ન નડે એવી અને જોર આપવાની ક્રિયા સાથેજ થયા કરે એવી યુક્તિઓ ધ્યાનમા આવી નથી ત્યાસુધી તે અખતરા તે અખતરાજ છે અથવા તો જીવનુ જોખમજ છે હમણા તો મેહેનત ઘણી ને ફળ કાઇ નહિ એવુ છે અગાઉના વખતમા વિમાનો હતા એ વિમાનોની સરખામણી આ બલુન સાથે લોકો કરે છે તેમા આકાશમા ચડવા શિવાય બીજી કશી સરખામણી થઇ શકતી નથી અને તે સરખામણી પણ નહિ જેવી છે આગળના વખતમા આકાશમાર્ગે વિમાન ચાલતા એવી વાતો પુરાણ વિગેરેમા લખાયેલી છે અને તેનો મુકાબલો આ બલુન સાથે કરવામા લોકો ઠીક ગણે છે પણ આપણને તો તે હસવા જેવુ થઇ પડે છે ધારો કે કોઇ ઠેકાણે અલંકારિક લખાણ હશે તો પણ તે વખતે એવી વિદ્યા કે કારીગરી હતી અને તેવા સમર્થ હોય તેજ લોકો હવામા જતા આવતા હોય એમ તો નક્કી થઇ શકે છે દાઠેની કે સાભરેલી વસ્તુ હોય તેનુજ સાર

સાકુ વર્ણન થઇ શકે છે. ન હોય એનું કાંઇ પણ થવું સંભવિત નથીજ. શાલ્વે ઘણું તપ કરી મહાદેવજીને પ્રસન્ન કર્યા અને તે મહાદેવના કેહેવાથી મયદાનવે તેને સૌભ નામનું લોઢાનું વિમાન બનાવી આપ્યું હતું કે જેમાં બેશીને ૨૭ દિવસ સુધી મનમાં આવે તેવી રીતે તે યાદવો સાથે યુદ્ધ કરી શક્યો હતો. વિચારો કે લડાઇનાં સર્વ સાધનો જેમાં હોય.એવું લોઢાનું વિમાન આકાશમાં શી રીતે ઉડી શકે ? હવે નાના પ્રકારના શોધો હાલ મનુષ્યશક્તિથી અધિક થવા માંડયાંછે એટલે,એટલુ તો નહિ માનનારાઓ પણ પરાણે માને ખરા કે કાંઇપણ તેવુ હશે ખરૂ અને તેમ હોય તો આગળનો ઉદયકાળ કોઇ જુદાજ પ્રકારનો હતો અને તે સમયની વિદ્યા કળાનો અંત હજી આપણા હાથમાં આવ્યો નથી. આગળનાં વિમાનોની સમૃદ્ધિ દેખાડવામાટે કર્દમ ઋષિની વાત સંભારિયે એ કર્દમ ઋષિ પ્રજાની કામનાથી પોતે તપ કરતા હતા તેથી ભગવાન્ પ્રસન્ન થયા અને સ્વાયંભૂવ મનુની પુત્રી દેવહૂતિ સાથે તેના લગ્ન કરવાની ગોઠવણ કરી દેતાં તે બેય સ્ત્રીપુરૂષનો વિવાહ થયો. તપ.તપ્યા કરતા ઋષિની સેવા કરતાં તે સાધ્વી સ્ત્રીને ઘણાં વર્ષો ચાલ્યાં ગયાં. વ્રત-નિયમાદિકને પાળતાં પરમેશ્વરની પેઠે સ્વામીની સેવા કરતાં એ દેવહૂતિ બહુ પ્રસન્ન રેહેતાં હતાં; ભોગસુખની તેને ઇચ્છા ન હતી. કામાદિકનો ત્યાગ કરી સદાચરણથી, પવિત્રતાથી, આદરથી, જીતેદ્રિયપણાથી, સેવાથી, વિવેકાદિકથી ભરેલી વાણીથી સ્વામીને તેણે વશ કરી લીધા હતા. સારા મનોરથવાળાં, ભક્તિ કરતાં અને નિયમ પાળતાં દેવહૂતિને એક દિવસે દુબળાં દેખીને કૃપાવડે કરીને કહ્યુ કે 'હે મનુની પુત્રી! તારી ભારે સેવાથી અને ભક્તિથી આજે પ્રસન્ન થયોછું. કેમ કે સર્વ પ્રાણીઓને પ્રિય અને સુખ ભોગવવાને યોગ્ય એવા આ દેહને પણ મારે કાજે દુબળો કરવામાં તે પાછું વાળી જોયુ નથી. હું તને દિવ્યદૃષ્ટિ આપું છુ તેથી મારા વૈભવોને જોઇ લે, કે જે નિર્ભય, શોકરહિત અને દિવ્ય વૈભવો સ્વધર્મ, તપ, સમાધિ અને ચિત્તની એકાગ્રતાથી મને વશ્ય થયા છે. અને મારી સેવા કરવાથી તને પણ સ્વાધીન થયા છે. કાળનેલીધે જેનો નાશ થઇ જાય એવા બીજા વૈભવો તો કોણ માત્ર છે ? તુ સિદ્ધ થયેલી છે, માટે પોતાના ધર્મથી પ્રાપ્ત થયેલા અને મનુષ્યોને રાજાપણાંનું અભિમાન રાખતાં પણ ન મળે. એવા દિવ્ય વૈભવો ભોગવ'. આ પ્રમાણે સઘળી સિદ્ધિઓ, અને તેની ઉપાસનામાં વિચક્ષણ પોતાના પતિનાં વચન સાંભળવાથી દેવહૂતિ

પ્રસન્ન થયા અને તેની સર્વ ચિંતાઓ મટી ગઈ પછી પ્રેમથી ગદ્દગદ્ કંઠે વિનતી કરતા પ્રાપ્ત થયેલા દૈવી વૈભવોને પણ હસી કાઢે એવુ 'સુખભોગ માટે તે સાધ્વીએ સ્થાન માગ્યું કે જે ઉપરથી પ્રસન્ન થઈને સમર્થ કર્દમે યોગબળથી એક ધારે ત્યાં જઈ આવી શકે એવું વિમાન પ્રગટ કર્યું એ વિમાનનુ વર્ણન છે ત્યા આવી રીતે લખ્યુ છે કે,

એ વિમાન સર્વ મનોરથને પુરનાર, સર્વ રત્નોથી ભરપુર, વધારે વધારે થતી જતી સમૃદ્ધિવાળુ, મણિના સ્થંભોવાળુ શોભતુ, દિવ્યસામાનવાળું, સર્વકાળમા સુખ આપનાર, વિચિત્ર પ્રકારની નાની નાની પાટીઓ અને પતાકાઓથી શણગારેલુ, જેમા ભમરાઓ મધુર ગુંજાર કરી રહ્યા છે એવી વિચિત્ર પુષ્પોની માળાઓથી અને સુતરાઉ તથા રેશમી વિગેરે અનેક જાતના વસ્ત્રોથી શોભતુ હતુ એ વિમાનના ઉપર ઉપર રહેતા મ્હેલોમા જુદી જુદી તળાઈઓ, પલંગ, વીંઝણા અને આસનો નાખ્યા ગયા હતા તેને સ્થળોમા નોખી નોખી કારીગરિઓ બનાવી હતી ઇંદ્રનીલ મણિની ભૂમિ અને પરવાળાની ઓટલીઓ હતી દરવાજામા વિદ્રુમ મણિના ઉમરા અને હીરાના કમાડ હતા ઇંદ્રનીલ મણિના બનાવેલા મેલોના શિખરો ઉપર સોનાના કુંભ હતા હીરાની ભિંતોમા જડેલા માણિક્યો આંખો જેવા ચકળતા હતા વિચિત્ર ચંદરવા અને સોનાના અમુલ્ય તોરણો લાગી રહ્યા હતા પોતાની જાતના પક્ષીઓને બનાવટના માની તે ઉપર ચડી ચડીને તે તે સ્થળમા હંસ અને પારેવા ના ટોળા બોલતા હતા વિહાર કરવાની જગા, સુવાના ઘર, આંગણા અને ઘર બહારની જગાઓ જેવી જોઈએ તેવી રચાઈ હતી તેથી કર્દમને પણ વિસ્મય પમાડે એવુ એ વિમાન બન્યુ

આ વર્ણન પછી બીજી ઘણી વાત છે પરન્તુ છેવટ એમ છે કે અનેક સ્ત્રીઓ જેની સેવા કરે છે એવા દેવહૂતિની સાથે એ મહાતપસ્વી સમર્થ કર્દમ ઋષિ એ વિમાનમા બેઠા અને એમા બેશીને પોતાની સ્ત્રીને પ્રસન્ન રાખતા આખો ભૂગોળ દેખાડીને પાછા આશ્રમમા આવ્યા

આપ્રમાણે વિમાનનુ વર્ણન વાચીને જ્યા આજના બલુન સામી નજર કરીએ ત્યા કીડીમા અને કુંજરમા જેટલો ફેર તેનાથી પણ વિશેષ ફેર જેવું લાગ્યા વગર રેશે નહિ ! જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ આપણા શાસ્ત્રોના વચનથી કે આપણા દેશના આસ્તિક વિદ્વાનોના વચનથી નહિ પણ સુધરેલા દેશના લોકોના વચનથી 'આપણામા કાઇક છે ખરૂ ' એમ હવે લોકોને

લાગવા માંડયું છે એટલે કદી આ વાત ઘડીક કાનપર લે તો લે, નિકરતો કાને લેવીપણ કઠણ; કેમ કે હવામાં ઉડનાર એ વસ્તુમાં એવી ગોઠવણી કે જે એક રાજાના મેહેલનેપણ કોરે મેલે એવી તે થઇ શકવાનો વિશ્વાસજ કેમ આવે? કયાં એની બનાવટ અને કયાં આની બનાવટ!! આ કપડાનો બનાવેલો ડબો જે માત્ર એકજ માણસને થોડો ઉચો લઇ ગયા શિવાય બીજું કશું કામ કરતો નથી તે કયાં અને જેનું વર્ણન આપી ગયા તેવું વિમાન કયાં!! માર્યાદા પુરૂષ રામચંદ્રજી લંકાપતિને મારી વિભીષણને રાજ્ય સોંપી સતીશિરોમણિ સીતાને સાથે લઇ પાછા વળ્યા ત્યારે પુષ્પકવિમાનમાં બિરાજી અયોધ્યા તરફ આવ્યા હતા, એ વાત પ્રસિદ્ધ છે. આ શિવાય દેવતાઓ તો હમેશાં વિમાનમાંજ અંતરીક્ષમાં ફરતા એમ લખાયેલું છે. આ ઉપરથી વળી એમપણ થાય ખરૂં કે વિમાન એ કોઇ જુદાજ પ્રકારનું વાહન હશે અને કોઇ મહા યોગબળથી બનતુ હશે, કે જેની નિશાનીમાટે આજ કાંઇપણ જોવામાં આવતું નથી. અને આ બલુન તો આનંદનીખાતર એક રમત જેવું છે. આમ થતાં થતાં પણ આપણી આ આંખો કોઇ દિવસ વિમાનને જોશે ત્યારે કેટલાં બધાં સુખનાં સાધનો વધી જશે! પણ તે જોવાનું બની આવવાને કેટલો લાંબો કાળ જશે તે અનુમાન થઇ શકતું નથી.

વિદ્યા, કળા, યોગ, તપ, સ્વતંત્રતા, સ્વધર્મ, આયુષ્ય અને બલ-બુદ્ધિ જો ગયાં હોય તો તેની સાથે વિમાન જેવાં સાધનો પણ ગયાં છે. અને તેઓ જો પાછાં પ્રાપ્ત થવાનાં હોય તો વિમાન જેવાં સાધનો પણ પાછાં પ્રાપ્ત થશે, એમ આશા રાખીને એ લાંબા કાળની વાટ જોઇ રેહેવી.

प्रारब्धनी विचित्रता उपर एक वात.

(સબંધ પાને ૫૬ થી)

હરિદત્તને આ વાત સાંભળતાં રૂવાડાં ઉભાં થઇ ગયાં પણ કોઇ ઢોંગી હોય એમ જાણી તેને જવાબ દીધો કે 'તે કામ તમે કરો તો અલબત તમારો ઉપકાર રાજ્ય ભુલે નહિ, પણ તમે આ ખરી વાત કહો છો એની શી ખાતરી? હું તમને ઓળખતો નથી. આજસુધી જો મનુભા ન મળ્યા તો હવે તેની શી આશા? અમારે તો ભીમભા અને બાલુભા છે તેજ મનુભા છે.' હરિદત્તનાં અહીં આવાં ઉડામણીનાં વચન લાગ્યાં તેથી ગોડજીનું

લોહી ઉકળી આવ્યુ ને તરત બોલ્યો કે, 'સાહેબ! રાજ્યમા કાઇ બધા માણસો, ચોર, કપટી, કે નીમકહરામ નથી હોતા આપને મારી પરીક્ષા નથી થતી તો લ્યો કરો ખાતરી ' એમ કહી ભેઠમાથી એક છરી સોનાના હાથાની ફગાવી નાખી હરિદત્ત હાથમા લઇ જુવે છે તો રાજા ભૂપતસિહ ના નામવાળી તે છરી હતી આ જોતાવેત હરિદત્તને બેવડી ભ્રાંતિ ઉત્પન્ન થઇ પણ વાત સુદે શી બની છે તે કેમ ખબર પડે ' પેના ગોડજીએ ખુજમા જોયુ તો કાગળની ચીઠી જે તેને મનુભાએ આપેની તે તેણે દીઠી નહી એ ટલે કાઇ બોલી ન શક્યો એટલામા હરિદત્ત બોલ્યા કે 'જો કાઇ તુ ખુશીખબર આપીશ તો તારો બદલો હુ નહિ ભુલુ હમણા મારે ઉતાવળ છે માટે હુ જાઉ છુ ઓઝણુ ગયા પછી તુ ફરીને મળજે આ છરી એટલા દિવસ મારી પાસે ભલે રહી ' આટલુ કહી ગોડજીને ચા પીવા આપી પોતે અ ર ગયા ગોડજી ત્યાથી વિચાર કરતો પોતાને ઘેર ગયો એટલામા એક બાર ચૌદ વર્ષનો બાળક સુદર વસ્ત્ર તથા અલકારથી શણગારેલો, હાથીયાર બાધેલો અને કુવર ઘોડા ઉપર બેઠેલો ઘોડો દોડાવતો ડેલીમા પેઠો એટલામા આની એક નોકરે ઘોડો પડયો એટલે માથેથી ઉતરી 'બાપુ જ્યા છે ? ' એટલુ પુછતા હાથમા રહેલી એક કાગળની ચોઠીને જોતા જોતા ઉતાવળો ઉતાવળો તે ઘરમા ચાલ્યો ગયો આની રીતે આ કોઇ અજાણ્યો માણસ પારકા ઘરમા કેમ પેઠો એવી શકા તમારે ન કરવી બાપુ ક્યા છે એમ તેણે પુછ્યુ તે ઉપરથીજ તમે જાણ્યુ હશે કે તે આપણા હરિદત્ત મત્રીનો નાનો પુત્ર દેવશકર હતો તેણે તે પોતાના હાથમાની ચીઠી પેટીમા મેલી કશળીબાને વળાવવા જવાની તજવી જમા ધ્યાન જોડયુ કશળીબા સાસરે પધાર્યા તે વાત તો પ્રથમજ હુ કહી ગયો છુ પણ કશળીબાને મોઢે મનુભાના જે કાઇક આશાવાળા સમાચાર હરિદત્ત મત્રીએ પરણીને સાસરે પધારતી વેળાએ કહ્યા તે પેલા ગોડજીના આધાર ઉપરથીજ કહ્યા હતા મત્રી હરિદત્ત બાઇશ્રી કશળીબાને વળાવ્યા તેને બીજે દિવસ એકાતના ઓરડામા બેઠા હતા તે સમયે દેવશકરે તે ઓરડામા આવીને પોતાને મળેલી ચીઠી કે જેની ઉપર ઘણો વખત જવાથી અક્ષર પણ ઉકલવા કઠણ હતા તે ચીઠી પિતાજી પાસે આવીને તેમને આપી હરિદત્ત મત્રીએ આ ચીઠી લઇને પુછ્યુ કે 'કેમ ભાઇ શુ છે ? ' દેવશકરે જવાબ આપ્યો કે 'કાઇપણ ભેદવાળી વાત છે અને જાણે કાઇ આપણો મનોરથ પૂરો થવાનો હોય

એમ જણાય છે.' હરિદત્તે કહ્યું કે 'ચીઠી તમે વાંચી સંભળાવો.' પછી દેવ શંકરે ચીઠી વાંચી તેમાં નીચે પ્રમાણે અક્ષરો વંચાયા.

"હું ધારતો હતો કે કોઇ દિવસ પણ મારા પિતાનું હું હયાત છું તો ગમે તે પ્રકારે દર્શન લઇ શકીશ. કેમ કે આપ જેવા પવિત્ર કાકાનો મારી ઉપર અપૂર્વ પ્રેમ છે. આજે કોઇ અજાણ્યા માણસ પાસેથી ભરમ ભરેલા શબ્દોમાં હું તેમને દેવ થયેલા સાંભળું છું એટલુંજ નહિ પણ માતુશ્રીને પણ દેવ થયેલાં અને તે વળી મારા વિયોગથી સાંભળી હું આજે અપાર દુઃખમાં બુડયો છું. મારૂં શું થયું છે અને હું કયાં છું એ તમે જાણતા હશો અથવા હું હવે આ સંસારમાં નથી એમ ધારતા હોતા આ કાગળ તમને પોચવાથી કાંઇ નવા સમાચાર તમે જાણશો અને એટલામાટે કહું છું કે હું પાંજરે પૂરાએલો સિંહ છું. જ્યારે સમય આવશે ત્યારે મારૂં પરાક્રમ તમે જોશો. મારે માટે ઉદ્વેગ કે ચિંતા રાખશો નહિ. માત્ર પ્રજાનું રક્ષણ કરતાં આશીર્વાદ આપ્યા કરજો. જો દેવ રક્ષા કરનાર છે તો પછી કોઇ વાતની ચિંતા નથી. જે ભાવિ હોય છે તે મટવાનું નથી, નિકર મહાત્મા પુણ્યશ્લોક નળરાજા અને ધર્માત્મા યુધિષ્ઠિર રાજા જેવા પોતાની વિપત્તિને કેમ દૂર ન કરી શક્યા ? હું કુશળ છું અને તમારી કુશળતા ઇચ્છુંછું."

આ ચીઠી ઉપરથી હરિદત્ત મંત્રીના મનમાં અતિ તરંગો ઉઠયા અને મનુભા હજી કુશળ છે તે વાતથી તેના હૃદયમાં હર્ષ માયો નહિ. તેણે દેવશંકરને પુછ્યું કે 'આ ચીઠી કયાંથી મળી ?' તેણે જવાબ દીધો કે 'કુશળીબા સાસરે પધાર્યા તે દિવસે ઘેર આવતાં મને સવારમાં માર્ગમાંથી જડી છે.' હરિદત્તે કહ્યું કે 'ભાઇ ! આ ચીઠી ઘણી જાતના તરંગો કરાવે છે. આપણા ભવિષ્યના રાજા મનુભા આ પૃથ્વીમાં જીવતા છે એમ આ ચીઠી જણાવે છે, પણ શુ જાણિયે કે આ અક્ષરો તેનાજ હોય. તે દિવસે એક અજાણ્યો માણસ થોડી વાતચિત કરી મહારાજા ભૂપતસિંહની છરી મને આપી ગે ગયો તે ઉપરથી પણ મને ઘણા તરંગો ઉઠયા હતા. જો તે માણસ ખરેખરો બાતમીદાર હોય તો તેને યોગ્ય સત્કાર આપવો અને કાંઇ કપટ કરનાર હોય તો શિક્ષાએ પહોચાડવો. એમ મારા મનમાં હતું. તે સમયે તે પોતાના માલુગડાં તપાસતો હતો અને આશ્ચર્ય પામતો હતો તેથી મને એમ થાય છે કે મી રખેને તેણેજ આ ચીઠી પાડી હોય અને તેથી બોલી ન શક્યો હોય. ભાઇ તો આજ ઇશ્વરની કૃપા થઇ છે. જાઓ તપાસ કરો કે એ માણસનું શું થયું. આ તેનું નામ ગોડજી છે. કોઇપણ પ્રકારે તેને કેદની સિક્ષાથી બચાવીને આ- પણે હવે ઘણું કરવાનું છે.

(અપૂર્ણ.)

ગ્રંથાવલોકન

(સંબંધ ગયા વર્ષ પાને ૧૮૨ થી)

પરિપૂર્ણતાએ પહોચેલ રાજનીતિવૃક્ષના ફળનો સ્વાદ ચાખી તે ઉપર વિચાર કરતો કરતો, અનુભવાર્થી નવીનચંદ્ર રાજકુવમાથી નિસરી બુદ્ધિધનને ઘેર પહોચે એટલા સમયમા, તેના વિચારરૂપે, કર્ત્તા, આપણને તે નવીનચંદ્રનો પોતાની બુદ્ધિધનના ઘરમા ગયા પછીની, સ્થિતિનું કેટલુક વર્ણન આપે છે ખરેખર ઉન્મત્તપણાનુ પરિણામ તો આજ કહેવાય મર્યાદાનો ભંગ થતા પહેલા ઉન્મત્ત પ્રમદાના મનને ઘેરી લેતા વિચારો ખરેખર મર્મભેદક છે બુદ્ધિધન અને સૌભાગ્યદેવીનીજ પુત્રીને, આ અવસ્થાએ પહોચ્યા પછી વિશેષ મર્યાદાનો ભંગ કરતા, દૈવ અટકાવી શકે પુરૂષત્વનેલીધે કાઇક વિશેષ ઉન્મત્તપણુ હોત તો વડીલોના પુણ્ય પણ આડા ન આવી શકત એનુ પ્રત્યક્ષ ઉદાહરણ પ્રમાદધન અને પદ્માનો સબંધ નહિ સબંધ નહિ એવા પુરૂષને, શરીરે ત્યાગ કર્યા પછી પણ પૂર્વકાળના સબંધના સસ્કારવાળુ મન, ઉપદેશ દઇ વામ માર્ગથી અટકાવે, એ ખરેખર અનસૂયા કુમુદવીજ થઇ શકે દોષ થવાની શંકા રાખતી બાળા એ શંકાને દૂર કરી, અર્થાત્ પોતાને અનિષ્ટ પરિણામનો ભય ન રાખતા, ઉંડી ખાયમા પડતા બે પ્રાણીને બચાવે એ તેની ખરેખરી ઉદારતા પૂર્ણ શુદ્ધ અંતઃકરણવાળા માતા અને માતા તુલ્ય સાસુનો પટ્ટાભિષેક બેઠો સામાન્ય રીતે બોલાતા શ્લોકો જરૂર પ્રસંગે કેવા ઉપયોગી થઇ પડે છે તે કેટલેક ઠેકાણે આ ગ્રંથમા બહુ સારી રીતે દર્શાવ્યુ છે

" અનુભવાર્થીને આ નિશાળમાં આનંદ આવતા મટી ગયો સઘળા શિક્ષકોની કૃપા તેના ઉપર સારી હતી પણ એક શિક્ષક, પોતાને નિર્દોષ હોવા છતા દોષિત ગણી, પોતાની ઉપર ક્રોધી દૃષ્ટિથી જોતા હતો; એ શિષ્યને સારૂ ન લાગ્યુ સબંધી વર્ગની અનુજ્ઞા વગર પલાયન કરી આવેલો તે, અહિઆવી પણ પલાયન કરવાની ઇચ્છા કરે છે

પ્રકરણ ચૌદમામા, ઘણા વિષમવી અન્યાયનુ પાન થએલુ ગુણીકુટુંબ પાછુ યોગ્ય સ્થિતિએ આવતા કટુમ્બીઓને જે આનંદ થયો જોઇએ તે દેખાડે છે વિશેષમા, અસ્ત પામતા વૈરીપ્રત્યે અપકારનો બદલો ન લેતા ઉપકારનીજ તેના દુષ્ટ કૃત્યાની શિક્ષા કરવાની સૌભાગ્યદેવીની ઇચ્છા વાચક વર્ગની અધિક પૂજ્ય બુદ્ધિ ગ્રહણ કરે છે આ વાતને આટલેથી પડતી મુકી, બુદ્ધિધનના સૂર્યને પૂર્વમાથી ઉગતો જોઇ, નવીનચંદ્રની શોધમા નીકળીએ


આ **નવીનચંદ્ર**નું મૂળ નામ **સરસ્વતીચંદ્ર** છે. તેનો પિતા મુંબઇનો એક સુપ્રતિષ્ઠિત, શ્રીમાન્, વગવાળો અને યશ અર્થેજ વિદ્યાવિનોદી છે. પોતે સુધારાનો સાથી કહેવાય છે; પરતુ પુત્રાદિકની ભવિષ્યની સ્થિતિ ઉપર વિચાર કર્યાવગર, એક સ્ત્રી પચત્વ પામતાં, નીચવૃત્તિની, અણસમજુ અને અસૂયાવાળી મૂર્ખ સ્ત્રીને પરણી, તેની સેવામાં સ્ત્રૈણ થવામાં દોષ ગણતો નથી. શેઠની સેવામાં રહેતાં મંડળના મનુષ્યોનું ચિત્ર આપતાં પણ કર્તાએ ચાતુર્ય વાપર્યું છે. આ **લક્ષ્મીનંદન** શેઠ અને તેનું મંડળ, આપણને તેવાજ એક બે શેઠ અને તેમનાં મંડળનું સ્મરણ કરાવે છે; અને એવો આભાસ થાય છે કે કર્તાએ પણ, આવા કોઇ ચિત્રને મનમાં રાખીનેજ લેખિનીપ્રચાર કર્યો છે. એડિટર ઉદ્ધતલાલ, ધમપાડે, વિગેરે નામ યથોચિત જ છે. આ કલ્પિત મનુષ્યો નથી; તેમ જુના વખતનાં નથી; તેઓ સાંપ્રતમાં પણ મુંબઇની સેવા બજાવે છે અને વાંચનાર તેમને ઓળખવા વિચાર કરશે તો તેમને શોધી કાઢતાં વાર નહિ લાગે.

સરસ્વતીચંદ્ર પોતે ચાલતી રૂઢીની કેળવણી લઇ, એમ. એ; એલ. એલ. બી. બારિષ્ટર. એટ. લા; થએલ છે. આ સ્થિતિને પામવુ, અભ્યાસની પછવાડે મડેલાને કઠિન નથી. એટલુંજ કે ગર્ભશ્રીમતમાં આ સ્થિતિનું દર્શન ક્વચિતજ થાય છે. **સરસ્વતીચંદ્ર**ની રીતિભાતિ ઉપરથી પણ એ પોતે ગર્ભશ્રીમંત હોય એમ માનવું યોગ્ય નથી લાગતું; પણ જ્યારે કર્તાને એમજ લાગ્યુ કે એને ગર્ભશ્રીમંતજ બનાવવો, ત્યારે આપણે આ કેટલેક અંશે અસભવિત લાગતાં વસ્તુને પણ માનવું પડે છે શું આ પણ કોઇ **अस्ति भाति विक्रियावान्** મનુષ્યનું ચિત્ર નથી ? આવો પુરૂષ કેવલ કાલ્પનિક હોય એ અશક્ય ભાસેછે. જે પુરૂષનું એ ચિત્ર છે, તે પુરૂષને ચિત્રમાં પણ તેની ખરી સ્થતિમાં દેખાડવા, ચિત્રની ભૂમિકામાં કેવળ કલ્પિત હવેલી, ઉદ્યાન, ગાડીઓ વિગેરે ન મુકતાં, તેની પોતાની-સ્થિતિ-યોગ્ય સામાન્ય ગૃહ અથવા મુંબઇવાસીજ કરવો હતો તો, એક ચાલીમાં બીજા અથવા ત્રીજા માળની એક સામાન્ય સ્થિતિની ઓરડીમાં રહેતાં કુટુંબનો પુત્ર કલ્પ્યો હોત તો વધારે દીપત. મનુષ્યની સાંસારિક સ્થિતિનો આધાર, બહુધા તેની માનસિક સ્થિતિ ઉપર હોય છે; એમ ઘણે અંશે સિદ્ધ છે. ધનપાત્ર થવું અથવા નહિ એનો આધાર દૈવ ઉપર રાખી શકાય; પરંતુ ધનપાત્ર અવસ્થામાં પણ, મન પોતાના ઇચ્છિત માર્ગમાંજ ભ્રમણ કરે છે. (અપૂર્ણ)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ. ફાલ્ગુન, સવત્ ૧૯૮૫ અંક ૫ મો.

॥ यतो धर्मस्ततो जय ॥



विनाशकालविषे

उपजाति

શ્રી શભુનુ સેવન દક્ષ ત્યાગે, સતી નહી જે ક્ષણ એક ત્યાગે,
તેણે તજ્યા ચંદ્રકલાનધામ, વિનાશકાલે વિધિ હોય વામ
સેવા તજે જે નહિ કોઇ ટાણે, તે બાપને ઘેર ગયા પરાણે,
યોગાગ્નિમા દેહ દહ્યો સકામ વિનાશકાલે વિધિ હોય વામ
કૈકેયિ માતા વર ન લેતા, શ્રીરામને ત્યા વનવાસ દેતા,
પામ્યા પછી અંતરમા વિરામ, વિનાશકાલે વિધિ હોય વામ
મારીચ માયામૃગ મારવાને જાણ્યા છતા શ્રીરઘુરાજ રામે,
કરી પ્રિયાધીન થઇ પ્રવૃત્તિ, વિનાશકાલે વિપરીત વૃત્તિ
હરી જશે પાછળ કોઇ નારી, માયાવડે વાત ન તે વિચારી,
હાર્યા પ્રિયાનો હઠ જોઇ રામ, વિનાશકાલે વિધિ હોય વામ
વીંધ્યુ શરે તે મૃગનુ શરીર, પાસે ગયા લક્ષ્મણ વીર ધીર,
'સૌમિત્રિ' આવો સુણિ વાક્ય આમ વિનાશકાલે વિધિ હોય વામ
સીતા મહાપુણ્ય પવિત્ર આપ, હરી ગયો રાવણ દુષ્ટ પાપ,
ચેત્યા પછી અંતર પૂર્ણકામ, વિનાશકાલે વિધિ હોય વામ
લંકા બળી આખર અગ્નિતાપે, રણે પડ્યો રાવણ એજ પાપે,
તેના ટળ્યા સર્વ સગાસ ગામ, વિનાશકાલે વિધિ હોય વામ

जीभने शीखामण

काफी

લબૂડી લબલબ કર મા, ભજ ભાવે ભગવાન,
તક આવી છે તક આ તુને, મેન મહુણી માન,—લબૂડી૦ ટેક

વિવિધ વિષયનાં વર્ણન વખતે, ભૂલ ન ભોળી ભાન;
નહિ બોલ્યામાં નવ ગુણ એનું, કેમ ન સમજે સાન!—લખૂડી૦
ષડરસ ભોજન વિષમ વિસારી, કર હરિરસનું પાન;
અવસર જાય અરે જડ અમથો, એજ ખરેખર જાન;—લખૂડી૦
પરનિંદા પિશુનાઇ પરી કર, લે તરવાનું તાન;
કૂડ કપટ છળ ભેદ ભમેલી, આખર નરક-નિદાન;—લખૂડી૦
વિનય વિવેક ભરેલાં વચનો, છે પીયૂષ સમાન;
ઇચ્છા હોય તને તો તેનું, દે લે પ્રતિદિન દાન;—લખૂડી૦
ગુણસાગર નટવરનું નિશદિન, ગુણિયલ કરને ગાન;
સારૂં-નરસું સર્વ સુણે છે, કેશવ હરિના કાન;—લખૂડી૦

अभिनव नौका अथवा एक तरता घररूप वहाण.

ઇશ્વરની અનેક કારીગિરીઓ ઉપર જ્યાં દૃષ્ટિ કરિયે ત્યાં આપણું મન મુઝાઇ જાય છે અને બુદ્ધિ બેહેર મારી જાય છે. આ દૃષ્ટિગોચર થતી સૃષ્ટિમાં નાના મોટા અનેક પદાર્થો રચાયેલા છે તેમાંનો કોઇ પણ પદાર્થ ગ્રહણ કરીને તેના જેવોજ બીજો કોઇ બનાવી શકે કે યથાર્થ વર્ણન આપી શકે એવો બુદ્ધિમાન આ જગતમાં મળવો દુર્લભ છે. મનુષ્યો બુદ્ધિબલને આધારે અનેક પ્રકારનાં ઘરો સુખશાંતિથી રેહેવામાટે બનાવે છે અને તેમાં સારા સારા વૈભવો અને સમૃદ્ધિયો હોય છે. એ રચના જ્યારે આપણે જોઇએ છિયે ત્યારે આપણને બહુ મોહ થાય છે. આપણાં આ ઘરો કે મેહેલાતો જે ઠેકાણે ઉભાં કરેલાં હોય ત્યાંજ રહે છે અને હવે પછી જેનેમાટે આપણે વાંચશું તે ઘર તો એક ઠેકાણે રહે તેવું નથી. ગારા-માટીનાં બનાવવામાં આવતાં આપણાં સ્થિર ઘરોમાં અને આ ચંચલ ઘરોમાં પ્રથ્વી આકાશના જેટલું અંતર છે. હવે પછી વર્ણવાશે તે ઘર દેખવામાં ઘર જેવું છે, પરંતુ તેનાથી કાર્ય વહાણના જેવું થાય છે માટે તેને વહાણનેરૂપે આપણે હવે ઓળખશું.

આંપણી આગબોટો અને વહાણો કોઇ મોટા મોટા કારીગરો બનાવે છે તે કારીગરોને આપણે દૃષ્ટિયે દેખિયે છીયે, પણ આ વહાણનો કારીગર પ્રત્યક્ષ કોઇ જોવામાં આવતો નથી. તેણે અદૃશ્ય રહિનેજ હાથપગ હલાવ્યાવિના નાનાં મોટાં વહાણોની જાતો બનાવી છે. તેમાં વૈભવ અને સુખાન

આદિ સાનનવાળી તો એકજ જાતિ બનાવી છે હમણાના આપણા વહાણો અને આગબોટો જેવડા આ વહાણો મોટા નથી, પરંતુ વહાણ આગબુટ જેમ દરીયામા તરે તેમ આ પણ પોતાનેમાટે સરજાયેલા સાગરમા તરે છે જેમ કાગળ લુગડુ કે કોઇ બીજા પ્રકારની હોડીયો જોકે દેખવામા તે તરતા લાગેછે પણ તે સમુદ્ર તરવામા ઉપયોગી નથી, તેમ આ અપૂર્વ કારીગરી કરનારે બનાવેલા વહાણોમા એક ઉચા પ્રકારની જાત વગરના બીજા બના તરતા દેખાય છે તો પણ તે તેનેમાટે સરજાયેલા સમુદ્રને પાર જવામા કશા કામના નથી આ વહાણોમા બેસનાર ઉતારૂ એકજ હોય છે અને તે એક વહાણ ભાગવાની અણી ઉપર આવ્યુ કે તરત તેમાથી નીકળી જઇ બીજા વહાણમા ચડી બેસેછે અને પછી તેમા ઘણાપણુ માની લઇ હનેમા હુલાવ્યા કરે છે, પણ ફરીને આનુઆ વહાણજ મળે એવી ખાતરી નહિ આ વહાણ કોણે બનાવ્યુ અને તેની શી કિમત છે, એ ઉત્તમ જાતિના વહાણના અભિમાનીમાથી માન કોકનેજ વિચાર કરવાનુ સુઝે છે બીજા મધ્યમા વહાણોમા ફરતા ફરતા જ્યારે તેનો અભિમાની આ ઉત્તમ પ્રતિના વહાણમા આવેછે ત્યારેજ પાર ઉતરવાને યોગ્ય થાયછે, પરંતુ તેમા પણ અનુકૂળ પવનની અપેક્ષા રહેછે, કેમકે તેવિના તો એવુ ઉત્તમ વહાણ પણ આડુ અવળુ ઘુમરીયો ખાતુ ખાતુ ત્યાને ત્યાજ ગુચો રહેછે નાના મોટા ગમે તે વહાણમા બેસી અભિમાન કરનારો તેજ વહાણને પ્રિય ગણે છે, તો પણ ઉત્તમ પ્રતિનુ વહાણ મળ્યા પછી સર્વ વહાણ કરતા હનેનુ વહાણ ઉત્તમ પ્રકારનુ અનુભવી અતિઆનંદ પામે છે આ જાતિના વહાણમા આવ્યા પછી પણ બીજી ગડબડમા પડી ગયેલો અભિમાની પાર ઉતરવા મન પણ કરતો નથી પણ કોઇ ભાગ્યશાળી હોય છે તે આ ઉત્તમ પ્રતિના વહાણનેપણ છેવટ તજી દેવાનુ સમજી તે હાથમા છે ત્યાસુધી પાર ઉતરી જવાનુ વિચારે છે. આવા ઉત્તમ વહાણનેપણ વણીનાર વાઝડીના ઝપાટાથી હાનિ પોચે છે આ વહાણના ટકાઉપણાનેમાટે ખાતરી રહેતી નથી અને તોફાન લાગવાનો તો સભવ છેજ, એટલામાટે ભાગ્યશાળી અભિમાની ઉતારૂ કોઇ પ્રવીણ ઉતારૂની સલાહને કે આગળના ઉતારૂના માર્ગને અનુસરે છે પ્રવીણ ઉતારૂ મળ્યા પછી પણ તે દંભી કે લુચ્ચો લફંગો હોય તો આ અભિમાની ઉતારૂને પાર કરી શકતો નથી, અને પોતે રખડતો રહી આ ઉતારૂને પણ રખડાવે છે એટલામાટે ઉતારૂએ પોતેજ પોતાનુ મનાહ

કારી બનવું અથવા સલાહકારીને તપાસીને ગ્રહણ કરવો કે જેથી જોખમમાં આવી પડવું પડે નહિ. કોઇને પેહેલવેહેલુંજ આ ઉત્તમ પ્રતિના વહાણમાં બેસવાનું મળે છે અને કોઇને પ્રથમ હલકી પ્રતિનાં વાહણમાં બેસવાનું મળે છે; એમાંથી ક્રમે ક્રમે ઉત્તમ પ્રતિના વહાણમાં બેસવાનું અધિકારી થવાય છે. આ ઉત્તમ પ્રતિના વહાણમાં બેસવાના અધિકારી થયા પછી પણ તેનો સદુપયોગ ન થાય તો કોઇ અદ્ભુત નિયામક વળી નમાલાં વહાણોમાં ઉતારૂને નાંખી દે છે.

આ વહાણને મોટા મોટા ચાર હલેસા છે, અને જુદે જુદે સમયે જુદા જુદા ઉપયોગમાટે તેમાં નવ બારણાં રાખેલાં છે. તેનો યોગ્ય ઉપયોગ કરવો એ ઉતારૂનું કામ છે: કોઇ અપૂર્વ કારીગરની સત્તાનેલીધે તેનાં બે દ્વારથી પવનની આવજાવ થાય છે, બે દ્વારથી બહારના દેખાવોની અંદર ખબર પડે છે, બે દ્વારથી બહારના અવાજોની ખબર પડે છે અને બે દ્વારથી કાટોડો અને ઉનું પાણી બહાર નીકળે છે. તથા એક દ્વારથી તેમાના અગ્નિયંત્રમાં નાખવાના પદાર્થો દાખલ થાય છે. આ નવ દ્વાર શિવાય બીજાં ચાર દ્વાર બંધ જેવાં તેમાં રચાયેલાં છે. તેમાનાં બે દ્વારનો અમુક કાલ સુધી માત્ર બીજા તૈયાર થતા વાહાણને કાજે ઉપયોગ થાય છે. આ વહાણ લાલ ગારો અને ધોળા પથરાથી બની તેમાં અનેક ધોળા પથરાનાં પેઢીયાં રચાયેલાં છે કે જેના આધારભૂત એક મોટું તેવાજ પથરાનું આડસર ગોઠવાએલું હોય છે. તેમાં નહિ સુકાય એવા મોટા મોટા નાડાઓ અને શીદરાંઓના બંધ બંધાયેલા છે. તેની શોભામાં વધારો કરવાને માટે કાળો રાતો કે ધોળો રોગાન લગાવેલો હોય છે: કાળે કરીને તે રંગની ઉપર ક્યાંઇ ક્યાંઇ ઘાસ ઉગી જાય છે. પ્રથમ તે ઘાસ શ્યામ હોય છે પરંતુ દિવસો જતાં તે સફેદ થઇ જાય છે.

આ વહાણ તેનું ભવિષ્ય હોય ત્યાંસુધી તર્યા કરે એવી શક્તિ રેહેવામાટે તેમાં અગ્નિયંત્ર ગોઠવાયેલો છે. તે પોતામાં પડેલા પદાર્થોનું પાચન કરાને તેમાંથી અદ્ભુત રસ પેદા કરી તેવડે વહાણને શક્તિ આપ્યે જાય છે. આ ઉપરથી જણાશે કે હમણાનાં આગબુટ વિગેરેમાં ગોઠવવામાં આવતાં ઈંજિનના કરતાં આ અગ્નિયન્ત્રની શક્તિ કોઇ વિચિત્રજ છે. આ વહાણ ઉત્પન્ન થતાં વેંત હોઢ વેંતનું હોય તેમાંથી વધતાં વધતાં ત્રણ ચાર હાથ જેવડું લાંબું થાય છે. આ વાણમાં મધ્ય ભાગમાં બેસવાની જગ્યા

છે ત્યા ઉતારની નજીક એક નટડી ઉતારૂ વહાણમા હોય ત્યાસુધી અનેક ભાવો કરતી નાચ્યા કરે છે, તેમા તે ઉતારૂ મોહ પામી જાય છે એ નટડીના હાવભાવ એજ આ વહાણનુ સુખાન છે અને નાવિકનુ કામ પણ તેજ કરે છે સુસ્વભાવવાળી તે નટડી હોય તો તારીને પતિવ્રતાની પેઠે પાર કરે છે અને દુષ્ટ સ્વભાવવાળી હોય તો કુલટાના પેઠે બુડાડે છે ચાલવાનો માર્ગ એક છે અને પોચવાનુ ઠેકાણુ આ વાહાણમાટે એકજ છે આકૃતિ આ વહાણની બેડોળ છે પણ તેનાથી ફરવાનુ કામ ઘણુ મોટુ છે મોટામોટા તરંગો વહાણને ઉચુ નીચુ કરે છે મોટા મોટા મગરમચ્છો બોળી દેવાને તૈયાર છે બેસવાની જગામા બીઠેલી અને નાચીને નચાવ્યા કરતી નટડીમા ઘણી ઘણી ભુતાવળ જાગે છે પ્રથમથી એક દીવો જો પ્રકટી રાખેલો હોય છે તો તે ભૂતાવળો અને તેની સાથે મગરમચ્છો વિગેરે એનીમેળે નાશ થઇ જાય છે ભૂતાવળ પ્રકટયા પછી દીવો થવાનુ ઘણુ કઠણ છે, અને અધારૂ હોય ત્યાસુધી ભુતાવળ વધારે જોર કરે છે આ વહાણને માર્ગમા ખરાબા ઘણા નડે છે અને ઝાડીયોમા અથડાઇ રહે છે તે પણ દીવાનો પ્રકાશ હોય તો ટાળી શકાય છે નાવિક નટડીએ ચોકીએ બેસારેલા ખલાસીયો દરેક દ્વારમા બેઠા તે તે દ્વારનુ કામ બજાવે છે મહાસાગરમા ઝેરી લતાના કોઇ ફુલના દડાઓ તરતા વાહાણ પાસે આવે છે અને તેના દ્વારપર બેઠેલા ખલાસીઓ તેને ઉપયોગના જાણી અદર દાખલ કરે છે સમજુ ઉતારૂ હોય તો ઉપયોગ જેટલોજ તેને આદર આપે છે અને અણસમજુ હોય તો અતિ આદર આપીને તેના નિશામા ભ્રમીત થઇ કર્તવ્ય ભુલી જાય છે વહાણને પ્રવાસ કરતા ઘણા વિશ્રામના સ્થળ આવે છે પણ નટડીના નાચમા પરવશ બનેલો ઉતારૂ હોય તો ઓળખી શક્તો નથી પોતાના જેવા બીજા ઘણા વહાણો તરતા હોય તેને પોતાના માની લઇને પોતાનુ વહાણ તેને આધીન કરી દઇ તેની સાથે હળીમળી કૃતકૃત્યતા માને છે પરતુ તેમાથી એમ બને છે કે તે વહાણો પોતે ભાગી તુટી જતા બીજાને પણ તેવીજ દશામા મેલે છે સમજુ ઉતારૂ કદિ બીજા વહાણો પરિચયમા આવે તોપણ એકની સાથે બીજુ બુડે એમ અત્યત જોડાઇ જવા દેતો નથી અને બનતાસુધી પોતાના વહાણથી પોતે પાર જતા બીજા વહાણના ઉતારૂઓને પણ હાળે હાળે પાર ઉતારી જાય છે આ વહાણનો બનાવનાર હજીસુધી કોઇના દેખવામા આવ્યો નથી વહાણ પણ જ્યાથી

કેવી રીતે થયું અને ગયું તથા ક્યાં ગયું તે ન જણાતાં માત્ર વર્તમાનકાલમાંજ દેખવામાં આવે છે. જ્યાંસુધી કોઇ જબરૂં તોફાન થઇ વહાણના યંત્રો બંધ પડી જાય નહિ ત્યાંસુધી તેનો અભિમાની ઉતારૂ તેને છોડતો નથી. જ્યાંસુધી તે ભાગી પડયું ન હોય ત્યાંસુધી તેના ટકાઉપણાને અબુદ્ધ ઉતારૂં હોય તો વિચારતોજ નથી. પવન અનુકૂળ અને નાવિક સારા સ્વભાવનો હોય તો ઉતારૂ સુખેથી પાર ઉતરે છે. ભયનો કે આનંદનો બનાવ હોય ત્યારે તેમાંથી શીશોડી પણ વાગે છે કોઇ કોઇવાર બેસવાની જગામાં લાઇ લાગવાથી તે લીલા ઘરમાંનું પાણી તપીને અંદરથી બહારનો દેખાવ જણાવી દેનારાં દ્વારમાંથી વરાળનાં પાણી બહાર પડે છે. સમજુ ઉતારૂને આવો પરાભવ થતો નથી. આ વહાણનું ટકાઊપણું વધારેમાં વધારે સો વર્ષનું છે તોપણ અધવચમાં કોઇવાર અકસ્માતથી તુટી પડે છે. એટલામાટે સમજુ ઉતારૂ હોય તેણે તેનો સદુપયોગ કરવો જોઇએ. જ્યારે નાચનારી નટડી નાચતી બંધ પડે છે ત્યારે આ વહાણની સઘળી ક્રિયાઓ બંધ થઇને સ્થિર રહે છે. ઉતારૂ અને નટડી વિગેરેને સુસ્થિત પણામાં રાખનાર અને અંદર તથા બહારના સઘળા વ્યવહારો જેની સત્તાથીજ દેખાય છે તથા થયા કરે છે, એવું અદ્‌ભૂત ચૈતન્ય આ વહાણમાં પ્રત્યક્ષ નહિ દેખાતાં પણ ઝળકી રહ્યું છે.

આ વહાણ તે કયું હશે? અમેરિકા કે ઇગ્લંડથી આવેલી આગબોટ કે બરછા નહિપણ પંચ મહાભૂતનું બનેલું શરીરજ સમજવું. ઇશ્વરકૃપાથી તે આપણને પ્રાપ્ત થયું છે.

આ શરીરનો બનાવનાર પરમેશ્વર છે અને તે નિરંજન નિરાકાર હોવાથી અને મનવાણી તેને નહિ પોચવાથી અને ઇંદ્રિયાતીત હોવાથી તે દેખાતો નથી માટે બીજા વહાણના કારીગર સુતાર લુવાર વિગેરેની પેઠે પ્રત્યક્ષ દેખવામાં આવતો નથી. ઇશ્વર અદૃશ્ય રહીનેજ પશુ પક્ષી મનુષ્ય વિગેરે શરીરો બનાવે છે તે બધાં નાનાં મોટાં વહાણ સમજવાં. હાથ પગ હલાવ્યા વિના બનાવે છે તેની સમજણ એમ છે કે પરમેશ્વરના હાથ પગ કાંઇ દેખાતા નથી. એની તો સ્ફુરણા માત્રથી આ શરીરો ઉત્પન્ન થાય છે. સઘળાં શરીરોમાં, વિવેક વિચાર સદ્‌ગુણ અને સઘળો વિચાર કરવાને બુદ્ધિ માણસના શરીરમાંજ હોય છે. બીજાં પશુ-પક્ષીમાં હોય નહિ એટલામાટે ઉત્તમ પ્રતિનું વહાણ આ શરીરજ છે. સંસારના નામથી

બોનાનુ જે કાઇ છે તે પાર ન આવે એવો દરીયો છે તેમા આ શરીર હીલોળા ખાયા કરે છે એ એનુ તરવુ છે પશુપક્ષી આદિના શરીરો કાગળ અને લુગડાના વહાણુજેવાજ છે, કેમ કે ફરીને સમારમા ન આવવુ પડે એવુ કશુ સાધન તે અવતારોમા થતુ નથી એતો માત્ર દેખવાનાજ રૂપાળા શરીરો છે આ મનુષ્યશરીરથી જો બરાબર લક્ષપૂર્વક ધ્યાન આપવામા આવે તો તે પાર ઉતારી દેછે અર્થાત્ ફરીને જન્મ મરણાદિક દુખ ખમવા પડતા નથી માટે સર્વોત્તમ વહાણ આજ છે તેમા બેસનાર ઉતારૂ જીવાત્મા એકજ છે તે એક શરીર કાળયોગે તજવાનો વખત આવે તો તરત તેને છોડી દઇ બીજા શરીરને પ્રાપ્ત થાય છે જેને સ્વરૂપનો બોધ ન થયો હોય તેને ફરી જન્મ લેવોજ પડે છે પછી જેના કાર્ય અને જેવી મતિ તે પ્રમાણે પશુ પક્ષી કે બીજી જાતિમા અવતાર આવે છે મનુષ્ય શરીર હાથથી ગયા પછી પાછુ તેનુતેજ શરીર તરત પ્રાપ્ત થાય એવી કાઇ ખાતરી નથી મનુષ્યો તો ઘણા જન્મોના છે પણ તેમા પણ આ શરીર કોણે આપ્યુ છે અને તે કેના મૂળનુ છે તે વાતનો વિચાર હજારમા એકનેજ આવે છે જીવ બીજા પશુપક્ષી આદિના અનેક અવતારોમા રખડતા પુણ્યયોગે આ મનુષ્યશરીર પામે છે ત્યારેજ તે સમારસમુદ્રને તરી જવાનો અધિકારી થાય છે ને વિના તો તરવાનો અધિકાર પણ તેને પ્રાપ્ત થતો નથી તરવાનો અધિકાર પ્રાપ્ત થતા પણ અનુકૂળ પવન એટલે ઇશ્વરની કૃપાની જરૂર છે મનુષ્યશરીર મળ્યુ એ ઇશ્વરની કૃપા માનિયે તો પૂર્વકર્મ સારા જોઇએ કે જેથી સદ્વિચાર આવે અને જન્મ સફળ કરવાનો માર્ગ લેવાય જો તેમ ન બને તો ભલે આ ગમે તેવુ તારનાર અને અમુલ્ય શરીર હોય તો પણ તે સસારના વ્યવહારો અને તેથી થતા કલેશોમા ગુચાઇ રહી આખર એમાનેએમા નાશ પામે છે પણ શ્રેષ્ઠ સાધનનો વિચાર કે સુખપ્રાપ્તિનુ સાધન કાઇ થતુ નથી અવતાર ગમે તો પશુનો પક્ષીનો કે મનુષ્યનો હોય પણ સઘળા અવતારોમા તે તે અવતાર ચાલતો હોય ત્યારે તે ચાલતા અવતારનેજ અતિપ્રિય અને સુખરૂપ માની લે છે કોઇ દૈવયોગ કે પુણ્યની પ્રબળતાથી જ્યારે મનુષ્યશરીર આવે છે ત્યારેજ પછી ખબર પડે છે કે બીજા શરીરો કરતા આ શરીર સર્વ પ્રકારે ઉત્તમ છે અને એમ જણાવાથી આનદ પ્રાપ્ત થાય તે યોગ્ય છે આ શરીરમા આવ્યા પછી અનેક વૈભવોના સુખમા અને વિષયરસમા જીવ વળગી જાય તો જન્મ ગર

ણના ફેરામાંથી છુટવાનું પછી મન પણ ન થાય એ સ્વાભાવિક છે, પરંતુ કોઇ પુણ્યવાન અને વિવેકી હોય છે તે આ શરીર પણ પોતાનું નહિ સમજી અને છેવટ નાશાત્મક સમજી તે જીવતું હોય ત્યાંસુધી સદાચરણથી ચાલી બંધનમુક્ત થવાના ઉપાયોજ કર્યા કરે છે. આવું ઉત્તમ શરીર પણ આધિ વ્યાધિ અને ઉપાધિના મારથી ઘણીવાર શિથિલ થઇ જાય છે. એક દિવસ તો શું પણ ક્ષણપણ તે હવે પછી રેશે કે નહિ એવું આ શરીર ક્ષણભંગુર છે તો તેના રેહેવાનો વિશ્વાસ કે ખાતરી કેમ રાખીજ શકાય ? આધિવ્યાધિ આદિક તોફાન તો શરીર હોય ત્યાંસુધી લાગેજ છે એટલામાટે વિશેષ પુણ્યવાન અથવા જેને ઇશ્વરની કૃપા હોય એવો જીવ કોઇ બોધવાન સારા ગુરૂની શીખામણને અથવા આગળના પ્રાચીન પુરૂષોએ બાંધેલા શાસ્ત્રરૂપ માર્ગને અનુસરે છે. અર્થાત તેના ઉપદેશો પ્રમાણે તે વર્તે છે. કોઇ શીખામણ આપનાર ગુરૂ મળે પણ તે કોઇ સ્વાર્થી ખલ માણસ હોય તો ઉલટો તેને અનુસરી ચાલનારને ખાડામાં નાંખી દે છે અને પોતે જન્મમરણના દુઃખનો અધિકારી થઇ બીજાને પણ તેવોજ બનાવે છે એથી બીજું વધારે રખડવું કયું છે ? આમ છે માટે પોતેજ પોતાનું સલાહકારી બનવું. અને તેટલી શક્તિ ન હોય તો બોધ આપનાર ગુરૂને પણ તપાસીને ગ્રહણ કરવો, કે જેથી વધારે બંધનનું પાત્ર થવાય નહિ. ઈશ્વિરકૃપા અનુકૂળ છે તો માણસ પોતાની મેળે શું કરી શકતો નથી ? શાસ્ત્ર પણ કહે છે કે મનુષ્ય પોતેજ પોતાનો મિત્ર છે અને શત્રુ પણ પોતેજ પોતાનો છે. સારાંશ કે જે કરવું તે પોતાના હાથમાં છે, માટે પોતે પોતાના મિત્ર બનીને પોતાના દુઃખનું નિવારણ કરવું. કોઇને મનુષ્યશરીર પેહેલું આવે છે અને કોઇ જીવને પેહેલાં બીજાં શરીરો ભોગવ્યા પછી મનુષ્યશરીરને યોગ્ય થવાય છે. આ ઉત્તમ શરીરના અધિકારી થયા પછી પણ પશુ-પક્ષીની પેઠે આહાર નિદ્રા અને વિષયભોગમાં લાગી રહી સદસત્ વિવેક ન થાય અને સદાચારે ન ચલાય તો જેને મનવાણી નથી પોચતાં એવો ઇશ્વર પાછા પશુ-પક્ષી કે ઝાડ-પથ્થરના અવતારમાં નાંખી દે છે.

આ શરીરમાં બે પગ અને બે હાથ મળીને ચાર નંગ થયાં તે ચાર હલેસા જેવાં છે. બે આંખ, બે નાક, બે કાન, એક મોહું અને બે મળદ્વાર એમ નવ છિદ્ર છે તે નવ બારણાં છે. તેનો જોવું, સુઘવું, સાંભળવુ, ખાવું અને મળ ત્યાગ કરવો વિગેરે કાર્યમાં ઉપયોગ થાય છે. અપૂર્વ કારીગર ઇશ્વર છે તેની સ-

ત્યાથી નાકના દ્વારથી શ્વાસોચ્છ્વાસ ચાલ્યા કરે છે એ પવનની આવજાવ સ જવી બે આંખથી બહારના પદાર્થો દેખાઇને અંદર બોધ થાય છે બે કાનથી બહારના શબ્દ વિગેરે સભળાઇ અંદર બોધ થાય છે અને બે મલદ્વારથી મળત્યાગ થાય છે તે કાટોડાનો અને ઉના પાણીનો નિકાલ સમજવો એક દ્વારથી અગ્નિમા નાખવાના પદાર્થો લેવાય છે તે મોઢુ સમજવુ, તેનાથી અન્નાદિક પદાર્થો લેવાય છે આ નવ દ્વાર શિવાય બીજા ચાર દ્વાર કહ્યા છે તે નાભી, બે સ્તન અને તાળવુ સમજવા તેમાના બે દ્વાર બીજા તૈયાર થતા વહાણના ઉપયોગમા આવે છે તે બે સ્તન છે, કેમ કે સ્ત્રીજાતિના શરીરો એ દ્વારથી થોડાક કાલસુધી બાલકોનુ પોષણ કરે છે માસ છે તે રાતો ગારો છે અને અસ્થિ છે તે સફેત પથરા છે તેનાથી આ શરીર રચાયુ છે તેમા આડાઅવળા ધોળા પથરાના પેઢીયા તે હાડકાના પાંસળા વિગેરે છે, અને તેના આધારભૂત એક ધોળાપાણાનુ આડસર તે કરોડનુ મોટુ હાડકુ છે. લોહીથી ભરેલી ધોરી નસો અને નાડીયો સદા લીલીજ રહે છે અને તેનાથી આખુ શરીર શીકળાએલુ છે તેની ઉપર રાતો, કાળો કે ધોળો રોગાન તે ચામડીજ સમજવી તે ચામડી ઉપર વાળ ઉગે છે તે ઘાસ છે તે પ્રથમ કાળા હોય છે અને પછી સફેત થઇ જાય છે ભવિષ્ય એટલે આયુષ્ય હોય ત્યાસુધી સઘળી ક્રિયા કરવાને પરમેશ્વરે તેમા જઠરાગ્નિ ગોઠવેલો છે તે અગ્નિયન્ત્રનુ કામ કરે છે તેમા અન્ન પડે છે તે પચીજઇ કચરો દૂર થઇ રસ નીકળે છે તે નાડીયોમા ચડી જાય છે તેથી શરીરમા શક્તિ રહે છે આવી શક્તિ બીજા અગ્નિયન્ત્રોમા નથી હોતી માટે હાલના આગબોટ કે વહાણો સાથે આ શરીરરૂપ વહાણની સરખામણી થાતી નથી શરીર માતાના ઉદરથી બહાર આવે ત્યારે વેત દોઢ વેતનુ હોય છે અને ક્રમે કરી બાલ્યા, યુવા અવસ્થા ભોગવી ત્રણ ચાર હાથનુ લાબુ થાય છે તેમા મધ્ય ભાગમા બેસવાની જગ્યા અંત કરણ છે ત્યા જીવાત્મા ઉતારૂની પાસે એક બુદ્ધિરૂપી નટડી અનેક ઇચ્છાઓ કરતી ચચળ રહ્યા કરે છે તે બુદ્ધિની ઇચ્છાનુકૂલ શરીરનો વ્યવહાર થાય છે માટે નાવિક એ એકલીજ છે અને તેની ઇચ્છા એ સુખાનરૂપ છે જો બુદ્ધિ વિવેકવાળી હોય તો સમજુ પતિવ્રતા સ્ત્રીની પેઠે પરમ ગતિને પોચાડે છે અને અવિવેકવાળી હોય તો કુલટાની પેઠે બુડાડે છે તે સત્ય છે, કેમ કે સઘળો માણસ નરતો વ્યવહાર બુદ્ધિને આધીન થઇને કરવામા આવે છે ચાલવાનો એક માર્ગ તે નીતિ

અથવા સદાચરણજ છે, અને પહોચવાનું ઠેકાણું તે પરમ પદની પ્રાપ્તિજ છે. આકૃતિ બેડોળ એટલામાટે કહી છે કે પાણીમાં તરતાં વહાણના જેવી કે ગારા માટીના ઘરના જેવી શરીરની આકૃતિ નથી. તેમ ખાડા ખડબા તથા ઉચાણ નીચાણ તેમાં ઘણું છે. આ શરીર નાનું છે તેના પ્રમાણમાં કામ મોટું છે તે એટલામાટે કે મહાસાગરો કરતાં પણ અપાર મોટાઇ-વાળો સંસારસાગર આ નાના સરખાશરીરથી તરવાનો છે, અને તે સર્વ સાધનોની અનુકૂલતા હોય તો થોડા કાળમાં તરી શકાય છે. આ જેવુ બીજું મોટું કામ ક્યાં વહાણથી બની શકે તેમ છે? ધન, સ્ત્રી અને પુત્રાદિકની આશા-તૃષ્ણાના મોટા મોટા વિચારો એ મોટા તરંગો છે. તે શરીરને ઉચી નીચી સ્થિતિમાં નાંખે છે અને સ્થિર ઠરવા દેતા નથી. કામ, ક્રોધ અને લોભાદિક વિકારો મગરમચ્છો જેવા છે. મગરમચ્છ જેમ વહાણને બોળી દે તેમ આ વિકારો શરીરને સંસારસમુદ્રમાં બોળી દે છે. અર્થાત્ અનીતિમાં બુડાડે છે; અથવા જન્મ-મરણના ફેરામાંથી છુટવાનાં સાધન કરવા દેતા નથી. બેસવાની જગ્યા અતઃકરણ છે, કેમકે જીવાત્માને રેહેવાનું જોકે તે આખા શરીરમાં વ્યાપક છે તોપણ મુખ્ય સ્થળ તેજ કલ્પાયેલ છે. એ અંતઃકરણમાં બુદ્ધિ છે તે નટડી છે. તે પોતે ચચળતા પામી જીવને તે પ્રમાણે ચંચળ બનાવે છે માટે તે નાચ્યા નચાવ્યા જેવુંજ છે. એમાં ભૂતાવળ જાગે છે તે રાગ, દ્વેષ, હર્ષ, શોક, ભય, ઇર્ષ્યા, અહકાર, દંભ વિગેરે દુર્ગુણો છે. તે દુર્ગુણો જો વિવેકથી થયેલો સદ્બોધરૂપી દીવો પ્રથમથીજ અંતરમાં પ્રકટે છે તો એની મેળે શાંત થઇ જાય છે. વિવેકથી થયેલો બોધ ન થયો હોય ત્યાંસુધી એ સર્વે વૃદ્ધિ પામ્યા કરે છે. દુઃસંગ દુરાચાર અને અનીતિ વગેરે સર્વ ખરાબા સમજવા. એ ઉપર વળેલું આ શરીરરૂપ વહાણ ધારેલા લક્ષને વિસરી જઇ એમાં ને એમાં આયુષ્ય પૂર્ણ થતાં પડી જાય છે. નાના પ્રકારના નઠારા વિષયો અથવા સ્ત્રી-પુત્રાદિકની મમતા છે તે ઝાડોની ઝાડી જેવી છે, કેમકે તેમાં ઘણીવાર આ શરીર અથડાઇ રહી કર્તવ્ય કર્મ ભુલી જાય છે. આ અથડાવું પણ વિવેકનો ઉદય થયો હોય તો ટાળી શકાય છે. દુર્ગુણોનો ઉદય થયા પેહેલાં થયેલો વિવેક જેવું કામ ત્વરાથી કરે તેવું થયા પછી ત્વરાથી કરી શકે નહિ. નાવિક નટડી બુદ્ધિ છે. તેણે ચોકોયે બેસારેલા ખલાસીયો તે સર્વ ઇન્દ્રિયો અને દેવતાઓ છે. તે પોતપોતાના દ્વારનું કામ જોવું સાભળવું

વગેરે કર્યા કરે છે આ સમાગસાગરમા ઝેરી લતાના તરના ફુલના દડા તે નાના પ્રકારના વિષયોના મનોહર પદાર્થો સમજવા એ પદાર્થોને ઈંદ્રિયો શરીરમાટે ઉપયોગના જાણી ગ્રહણ કરે છે બોધવાન માણસ હોય તો તેનો શરીરના વ્યવહાર જેટલોજ આદર રાખી તેથી અલગ રહે છે અને મૂર્ખ હોય તો તેમા ને તેમા આસક્ત થઇ રહી પરમ સુખના સાધન રૂપ કર્તવ્ય ભૂલી જાય છે પ્રવાસ કરતા કરતા વિશ્રામસ્થાન નાના પ્રકારના જપ તપ, આરાધન અને ઇશ્વરપૂજન આદિ સત્કર્મ તથા અનેક પ્રકારના શાંતિ દયા વિગેરે સદ્ગુણો છે પરતુ બુદ્ધિની ચચલતામા પરાધીન થયેલો અવિવેકી તે સર્વને ઓળખી શકતો નથી પોતાના જેવા બીજા તરતા વહાણો તે સમધીઓ, મિત્રો, સ્ત્રીઓ અને પુત્રો વિગેરે છે તેને પ્રાણી પોતાના માની લઇ આધીન થઇ જઇ આધળાની પેઠે તેને હળીમળી રહી સસારમા જન્મ લીધાનુ સાર્થક માની લે છે પણ છેવટ એમ બને છે કે પોતે પણ જન્મ મરણના ફેરામા પડી બીજાને પણ નાખે છે વિવેકી બોધવાન હોય તો પરિચયમા આવેલા હોય તે સર્વની સાથે ઘટિત વ્યવહાર રાખતા તેની સાથે પોતે પણ જન્મ મરણના અધિકારી થવાય તેમ નહિ જોડાઇ જતા પોતાને તરવાનો ઉપાય કરી ઉલટો તે આશ્રયે પડેલાને પણ સન્માર્ગ બતાવી તારે છે શરીરનો બનાવનાર નિરાકાર વ્યાપક પરમેશ્વર કોઇના જોવામા આવ્યો નથી શરીર પણ ક્યાથી કેવી રીતે ક્રિયા થઇને થયુ અને ગયુ ત્યારે ક્યા ગયુ તે ખરે ખરૂ જણાતુ નથી હયાતીમાજ તે જેવુ છે તેવુ દેખવામા આવેછે આધિ વ્યાધિ ઉપાધિ એ સર્વ તો ફોન છે એ સવથી જ્યાસુધી શરીરના સર્વ અવયવો અટકી ગયા નહોય ત્યાસુધી જીવ આ શરીરને છોડતો નથી જ્યાસુધી મોત આવીને શરીરનો નાશ ન થયો હોય ત્યાસુધી અણસમજુ પ્રાણી તે ક્યાસુધી જીવશે એમ જાણતો કે વિચારપણ કરતો નથી અનુકૂલ પવન તે ઇશ્વરકૃપા છે, અને નાવિક સારો તે વિવેકવાળી બુદ્ધિ છે તે જો હોય તો ભાગ્યશાળી પ્રાણી સુખેથી સસાર તરી જાયછે ભય હોય ત્યારે હાયવોયના અને આનદ હોય ત્યારે વાહવાહ કે હાશના શબ્દો મોઢામાથી નીકળે છે તે શીરોડી વાગી સમજવી બેસવાની જગ્યા એટલે અત કરણ સમજવુ અધ્યાત્મ-આદિ તાપો છે તે તેમા લાગેલી લાઇ છે એ તાપોના તાપથી ઘણીવાર આખમાથી આસુ પડે છે તે વરાળના પાણી સમજવા સમજુ વિવેકીને એ

તાપોથી આવો પરાભવ થતો નથી.* શરીરનું આયુષ્ય સો વર્ષનું ગણાયછે માટે તેટલું તેનું ટકાઉપણું કહેલુ છે. તો પણ રોગથી કે અકાળમૃત્યુથી શરીર વેહેલું પણ નાશપામે છે; એટલામાટે સમજુ વિવેકીએ શમદમાદિક સાધનપૂર્વક તેનાથી કરવાનું કર્તવ્ય જેમ બને તેમ તરત કરીલેવું જોઇએ તે તેનો સદુપયોગછે. નાચનારી નટડી બુદ્ધિ જ્યારે ઉંઘેછે, ત્યારે જાગ્રત સ્વમના વ્યવહાર સર્વ બંધ રહેછે. એ બુદ્ધિ અને જીવાત્માને જેવી છે તેવી સ્થિતિમાં રાખનાર અને અંદર બહારના સઘળા વ્યવહારો થાયછે અને દેખાયછે તેવું ચૈતન્ય તે સર્વવ્યાપક પરમેશ્વરનું ચૈતન્યજ છે. તે પ્રત્યક્ષ તો દેખાતું નથી પણ તેનાથી થતી ક્રિયા ઉપરથી તેની સત્તા પ્રત્યક્ષ જણાઇ રહેછે.

આપ્રકારનું વહાણ મળ્યું છે તેને વૃથા નહિ જવાદેતાં આ સંસારસાગર આપણે સુખેથી તરવો જોઇએ એ આપણું કામ છે. મહાત્માઓ એમજ કહે છે કે—

महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गंतुं तर यावन्न भिद्यते ॥

દુઃખરૂપી સમુદ્રનો પાર ઉતરવાને પુણ્યરૂપી મોટું મૂલ્ય આપીને તે આ કાયારૂપી નાવ વેચાથી લીધેલ છે, માટે જ્યાંસુધી તે ભાંગી પડ્યું નથી ત્યાંસુધીમાં તું તરીલે.

કેમકે શરીરરૂપ નાવ ભાગ્યા પછી તરી શકાતું નથી અને તરવું એ શું તે સમજાતું પણ નથી. જેઓ આ શરીરરૂપ વહાણથી આ સંસારને વ્યવહાર-પરમાર્થથી તરે છે તેઓજ ખરેખર પોતે પોતાનું શ્રેય સમજનારા છે. શ્રીભગવાને ઉદ્ધવજીને બોધ આપતાં કહેલ છે કે:—

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारं ।
मयानुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं न तरेत्स आत्महा ॥

સહુ કરતાં સરસ આ માણસના શરીરરૂપ સમર્થ વહાણ કે જે સુલભ છતાં પણ અતિદુર્લભ છે, ગુરુરૂપી જેનો નાવિક છે અને અનુકૂલ વાયુરૂપ હું તેણે

---

* જેને પૂર્વપુણ્યથી સર્વ સુખની જોગવાઈ છતાં અને વ્યવહારમાં વિદ્વાનપદને ધારણ કરવાનું અભિમાન છતાં ધનના ઢગલાપર બેઠેલા હોય તોપણ ઉંડા નિસાસા નાંખી નિમાણે મોઢે ફરતા અને સમયનો કાંઈ ઉપયોગ નહિ કરતા શું આપણે થોડા દેખીયે છીએ? આ સર્વ અવિવેકનુંજ ફળ છે.

ચયનશકિત આપેની છે તેમ છતા જે સસારસમુદ્ર તરે નહિ તે પોતાની મેળે પોતાની ઘાત કરનાર છે

આટલામાટે વિવેકી માણસે આવુ અનુકૂળ સાધન મળ્યુ છે તેનો સદુપયોગ કરી આ સસારસાગર સુખેથી તરવાને મળેની યોગ્યતા મેળવી કરવી જોઇએ

વર્તમાન કેળવણી વિષે

(મજેનુ)

ચાલુ જમાનામા વિદ્યા આપવાની રીતિ કેળવણીના નામથી ઓળખાય છે કેળવણી આપવા વિષે ભિન્ન ભિન્ન માણસોના ભિન્ન ભિન્ન મતો છે, તોપણ એટલુ તો સિદ્ધ થયેલુજ છે કે કેળવણીથી અભ્યાસીઓની બુદ્ધિ પ્રબળ વિચારશક્તિ ધરાવનારી થતી જાય છે અને એ રીતે અજ્ઞાનમા અંધારામાથી નીકળી આપણે જ્ઞાનાનંદમા અનુભવ લઇએ છીએ કેળવણીથી માણસને નીતિનુ વ્યવહારનુ અને તત્વજ્ઞાનનુ શીક્ષણ મળે છે તેમા નીતિનુ શિક્ષણ એ જ્ઞાનનુ પ્રથમ પગથીઉ છે અને તે પ્રૌઢ માણસના કરતા બાળકોનેજ શીખવવામા આવે તો વધારે સારૂ બાળકોનુ શરીર જેમ નરમ અને વાળી શકાય તેવુ છે તેમ તેનુ મન પણ જે માર્ગે ગ્રહણ કરાવીએ તે તરફ જાય છે મોટા માણસોના તનમન કઠણ અને પ્રથમથી લીધેલ માર્ગે ચાલ્યા જનારા હોય છે, તેમનામા ફેરફાર કરવો મુશ્કેલ છે, માટે બાળપણથીજ નીતિની કેળવણી આપવી એજ માણસને શ્રેયસ્કર છે આપણા દેશમા પણ હમણા હમણા બાળકોને નિશાળે મુકવાનો રિવાજ ચાલુ થતો જાય છે, અને કેટલાએક તો એમજ સમજે છે કે જેમ માનુ હોય તેમ સારુ નિવડે છે હવે આપણે તેમાટે આગળ બે બોલ બોલીયે

હાલમા બાળક ચાર પાચ વરસનુ હોય ત્યારથી નિશાળે મુકે છે તે ખુબ મહેનત કરતા કરતા બિચારૂ સોળથી વીસ વરસમા મેટ્રીક્યુલેશન પાસ કરે છે, ત્યારે તે કેળવાયલા સમૂહના મધ્યમ બુદ્ધિનો માણસ કહેવાય છે તેથી વધારે ભણવાની ઇચ્છા કરે તો બીજા ચારપાચ વરસ જોઇએ, ત્યારે કેળવણી ખાતામા મનાતા શ્રેષ્ઠ વર્ગમા આવી શકે એટલે કે ગ્રેજ્યુએટ થઇ શકે આમ વીશથી પચીસ વરસની અંદર માણસ સખત મહેનત કીધા પછી

સારી કેળવણી લઇ શકે. કેટલાએક તો બિચારા ત્રીસ ત્રીસ વર્ષ સુધી પરવાતાજ નથી. આમ અરધી ઉમર કહાડી નાખે છે અને પછી નોકરીનેમાટે કે કાંઇ ઉદ્યમનેમાટે બહુ ફાંફાં મારે છે. તેમને ઉદ્યમ પણ શું મળે? ઉચું માથું કર્યા વિના અભ્યાસમાં મંડયા રહેલા એટલે તે શિવાય બીજું કાંઇ તેમને આવડેજ નહીં. કોઇ ઇજનેર થયો તો તે કામ કરે, ડાક્તર થયો તો દવાની દુકાન માંડી બેસે, વકીલ થયો હોય તો કોર્ટમાં આટા ખાવા માંડે અને જો બી. એ. થયો તો સરકારી કે ખાનગી નોકરી શોધતો ફરે. બીજા ધંધા તો તેને અગમ્યજ હોય અને અર્ધી ઉમરે પહોચ્યા પછી અભ્યાસમાંથી માંડમાંડ છુટેલાને બીજું શીખવાની મરજી પણ ક્યાંથી થાય? આમ જો વિચાર કરવા બેસીએ તો જેટલા ભણેલા તેટલામાંથી કેટલાએક ડાક્તરો, કેટલાએક વકીલો, કેટલાએક ઇંજિનેરો અને કેટલાએક તો સરકારી નોકરોજ હોય. ત્યારે શું જેને બીજો ધંધો કરવો હોય તેને કેળવણી ન આપવી? કેળવણીને જો નીતિનું અને જ્ઞાનનું સાધન ગણીએ તો સર્વને કેળવણી આપવી જોઇએ. ઉપરના ધંધાવાળાનેજ નીતિની અને જ્ઞાનની જરૂર છે એમ કેમ કહેવાય? તે તે ધંધાનું વિશેષ જ્ઞાન તો ધંધો કરનારનેજ હોય તે આપણે કબુલ કરીએ છીએ પણ સૌને લેવા લાયક સામાન્ય જ્ઞાન તો સૌ કોઇને મળવુંજ જોઇએ. હાલ કેળવણી પ્રમાણે જોઇએ તો બી. એ. નું જ્ઞાન તે સામાન્ય જ્ઞાન કહેવાય. આવું સામાન્ય જ્ઞાન મેળવવામાં પચીસ વર્ષ કહાડી નાખે ત્યારે ધંધો ક્યારે શીખે? આથી એમ કરવાની જરૂર છે કે અમુક વય સુધી તેને નિશાળે મોકલી સામાન્ય જ્ઞાન આપવું, તે પછી ધંધો શીખવવાનો પ્રયત્ન કરવો. ધંધો શીખતાં પણ સામાન્ય જ્ઞાનની જરૂર હોય તેટલું નિશાળે જઇ શીખે તે એવી રીતે કે ધંધો શીખવામાં તેને અડચણ ન પડે અને તે તેને બોજારૂપ ન થઇ પડે. સરકાર પણ આવીજ તરેહની નિશાળો સ્થાપિત કરે તો સારૂં, કે જ્યાં ધંધો શીખનારા પુરૂષો બે ત્રણ કલાક આવી કાંઈ જ્ઞાન મેળવી ચાલ્યા જાય અને પોતાનો ધંધો કરે. અને જે લોકોને આગળ શીખવાની જરૂર કે શોખ હોય તે ભલે કોલેજમાં પણ શીખે. જો આમ ધંધો નહિ શીખે તો વેપાર રોજગાર બધુ બંધ થઇ જશે અને કેળવણીથી ઉન્નતિ કરવાને બદલે ઉલટી અધમ સ્થિતિ આવી જશે. હાલની કેળવણીથી તો ધંધો કરનારા પણ ધંધાથી વિમુખ થાય છે. જો સુતાર દરજી વિગેરે ધંધાવાળા લોક પણ ઇંગ્રેજી શીખ્યા તો તેમનેમાટે નોક-

રી કે ઉપરની ચારમાંથી એકાદ લાઇનિજ લાયક ગણાય છે તે તો પોતાનો ધંધો કરી શકેજ નહીં જ્યારે આમ દેશમાંથી ધંધાર્થી માણસ ઘટી જાય ત્યારે પછી દેશની સ્થિતિ શું થશે તે કહી શકવું મુશ્કેલ નથી મુંબઈ સરકારે હમણા ટેકનીકલ એજ્યુકેશન એટલે કારીગરી વધાનુ શીક્ષણ આપવા માટે સ્કુલ કહાડીછે પણ તે આગળ જતા શું વિજય કરશે તે હજી જોવાનું છે જો કેળવણી દેશને હાનિ કારક નીવડતી હોય તો તેવી કેળવણીનું આપણે કામ પણ નથી ।

આમ ધંધોજ લોપ થતો જાય છે એટલુંજ નહિ પણ સાથે ધર્મપણ લોપ થતો જાય છે તેનું શું કારણ? કારણ એજ કે ધર્મનું શીક્ષણ આપનાર કોઇજ નથી સરકારે તો ડહાપણ ભરેલુંજ કર્યું છે, કે સરકારી સ્કુલોમાં અને કાલેજોમાં ધર્મનું શીક્ષણ રાખ્યુંજ નથી ત્યારે આ શીક્ષણ તો ઘેર મળવાની આવશ્યકતા છે, કારણ કે બાળકપણમાંજ જે તરફ મન વળ્યું તે તરફ કાયમ રહે છે અને બાળકપણમાં તો ઘોડોક માબાપની પાસેજ રહે છે। જેટલી બાળકની ધર્મવિમુખતા જોવામાં આવે છે તે બધી માબાપોનીજ કસુર સમજવી જુના જમાનાવાળા એમ સમજે છે કે કેળવાએલો સમુહ સ્વધર્મથી ભ્રષ્ટ થઇ પરધર્મમાં પડે છે, પણ તે તેમની ભૂલ છે। જો એક પણ ધર્મ ગખતા હોય તો સારૂ પણ આથી તો કેવળ નાસ્તિકજ થાય છે ફક્ત ચાલ ચલગતનું અને ઉપરની ટાપટીપનુંજ અનુકરણ કરે છે, છતા કેટલાએક પરધર્મનો સ્વીકાર કરતા હશે, પણ ઉચ્ચ વર્ગમાં તે ઘણાજ થોડા જોવામાં આવે છે અને તે પણ તે લોકોના ઉપરના ભપકાથી તથા દેખીતા સુખથી મોહિત થઇને ધર્મ એ નીતિવ્યવહારનો મજબુત પાયો છે ધર્મવગરનામાં નીતિ તથા વ્યવહાર શિથીલ જોવામાં આવે છે

* विना धर्मं मनुष्याणा जायते न शुभ क्वचित्। यत्नतो धार्य्यस्तस्मात् पुरुषो धर्ममेव हि ॥ ધર્મવિના માણસનું શુભ ક્યાઇ નથી માટે માણસે યત્નથી ધર્મનુંજ ગ્રહણ કરવું આવા ઉપદેશો ધ્યાનમાં રાખવા યોગ્ય છે આપણે આપણોજ દાખલો લઇએ જો આપણા મનમાં ધર્મ વધારે પ્રબળ હોય તો આગળ થઇ ગયેલા ઋષિ મુનિઓની ઉપર માનપૂર્વક દૃષ્ટિ રહે, એમ દૃષ્ટિ રહેતાજ આપણા દેશનું અસલ સ્વરૂપ આપણા મનમાં ઠસે, સ્વરૂપ મનમાં ઠસતાજ તેની નિપૂણતાનેલીધે તેની ઉપર સ્વાભાવિક પ્રેમ ઉછળી આવે, પ્રેમ ઉછળ્યો એટલે દેશાભિમાન જાગ્રત થાય અને દેશાભિમાનથી દેશનું

હિત કરવાની શું શું લાગણીઓ અને યત્નો થાય તે અવર્ણ્ય છતાં સૌના ધ્યાનમાં બરાબર ઉતરી જાય તેવું છે. ધર્મ લોપ થવાનું બીજું પણ કારણ છે તે એ કે ખ્રીસ્તી પાદરીઓનો પોતાનો ધર્મ બોધવાનો યત્ન દિનપરદિન વધતો જાય છે, જેવામાં આપણા તરફથી ધર્મશીક્ષણનો અનાદર થતો જાય છે. સરકારે પોતાના ખાતામાં ધર્મશીક્ષણ નથી રાખ્યું તો તેઓ પોતાની ખાનગી નિશાળો તથા કાલેજો સ્થાપી વિદ્યાર્થિઓને ચાલુ જમાનાની કેળવણી સાથે પોતાના ધર્મનું શીક્ષણ પણ આપતા જાયછે. તો પણ હવે એટલું ઠીક થતું જાયછે કે સંસ્કૃતભાષાના વધતા શોખનેલીધે અસલના મહાત્માઓનું ધર્મવિવેચન અને તત્વજ્ઞાન અભ્યાસીઓના વાંચવામાં આવેછે, અને તેથી તેમની વૃત્તિ તે તરફ વળતાં જરા ધર્મ ઉપર પ્રેમ થઇ આવેછે. કેળવાએલામાંથી કેટલાએક આસ્તિક થવા લાગ્યાછે. જોકે સમયબળે જુના જમાનાવાળાને તેમની આસ્તિકતામાં કાંઇપણ ફેરફાર લાગતો હશે.

ધર્મની શિથિલતા સાથે કર્મની પણ શિથિલતાજ જોવામાં આવેછે. કાંઇપણ દુર્ઘટ કામ કરવા જતાં મન તથા તન બંને પાછાં ફરેછે તે શાથી? શરીરની નિર્બળતાથીજ. એતો દેખીતુંજ છે કે ચિંતાગ્રસ્તનું શરીર ચિંતામુક્તના કરતાં વધારે નબળું હોય. કેળવણી લેનારને કેટલી કેટલી ચિંતા હોયછે તે ફક્ત તેના અનુભવીઓજ જાણેછે. પાંચ છ વર્ષની ઉમરમાંથી એજ ચિંતા પેસે કે પાઠ નહિ આવડે તો મહેતાજી મારશે; નંબર નીચે આવશે અને પરીક્ષામાં પાસ નહિ થવાય તો ઉપલા કલાસમાં ચડાવશે નહિ. આટલી નાની ઉમરમાંથી બિચારાને ચિંતાનો બોજો વળગેલોજ છે, તેથી શરીર દિવસે દિવસે વધારે પ્રફુલ્લ અને દૃઢ થવાને બદલે સખત ચુસાવા માંડે છે, અને બી. એ. સુધી પહોચે તેટલામાં તો કેટલાએક બિચારા મહાન રોગના ભોગી થઇ જાય છે, આંખે ચશ્મા ઘાલે છે, હાલવા ચાલવાની શક્તિ હીન થઇ જાય છે, અને બધી રીતે જુવાનીમાં ઘડપણનો અનુભવ કરે છે. કેટલાએક તો બિચારા આટલી કાચી વયમાંજ દેવશરણ પોંચી જાય છે. આનું કારણ એમ પણ મનાય છે કે બાલલગ્નનેલીધે શરીર પૂર્ણ મજબુત સ્થિતિમાં આવ્યા પહેલાં સ્ત્રી-પુરૂષનો શારીરિક સંયોગ થવાનેલીધે અંગમાં નિર્બળતા અને કામ કરવામાં શિથિલતા જણાય છે. જો એજ ખરૂં કારણ હોય તો આગળના વૃદ્ધ પુરૂષો હાલના જુવાન માણસો કરતાં વધારે સબળ દેખાય છે; તેનું કારણ શું? તેમના વખતમાં પણ લગ્નનેમાટે

વખત તો એકનોએજ હતો, પણ તેમનામા ચિંતા તથા માનસિક મહેનત થોડી જોવામા આવતી હાલમા તો માનસિક અભ્યાસ પ્રબલ થતા શારીરિક સ્થિતિ લથડી જાયછે તો તેનો ઉપાય થવો જોઇએ. જો એમ ન થાય તો શરીરની સ્થિતિ બહુ ખરાબ થયાજ કરે અને તેથી પરિણામ પણ નિર્માલ્યજ થાય આ ઉપાયમા કસરતની બહુ આવશ્યતા છે આખા દિવસની સખ્ત મહેનતથી કંટાળેના મનને તેથી જરા વિશ્રાતિ મળે છે અને પછી વાર આન મા આવી સર્વ ચિંતાથી મુક્ત થવાય છે કસરતથી જે ભાગે અને સત્તા આપવાવાળો ખોરાક હોય તે પણ પચી જાય છે, હાડ તથા માંસ બધુ સુપરિપુષ્ટ થાય છે, લોહી સ્વચ્છ થાય છે અને ટુંકામા કહીએ તો જેમ માનસિક મહેનતથી મન તથા બુદ્ધિ ખીલે છે તેમજ શારીરિક મહેનતથી અંગ પ્રફુલ્લ છે અને રોગરહીત થાય છે

નવી રૂઢી પ્રમાણે કેળવાયેલા સંબંધમા એક બીજો વિચાર જોવામા આવે છે, જે આર્યનીતિરીતિને બહુ વિચિત્ર લાગે છે આ કેળવણીથી માણસ સગા સબંધાથી છુટા થઇ જાય છે ઘરમા પણ પરદેશથી પકડી આણ્યો હોય તેમ ફરે છે કોઇ કોઇને તો માબાપ ઉપર પણ તિરસ્કાર હોય છે પોતે સ્વચ્છ રીતે વર્ત્તે છે અને બીજાને અજ્ઞાની ગણે છે આનું કારણ શુ હશે એજ કે અસલની માઓ અને વૃદ્ધ માબાપો પોતાના સુધરેલા વિચારને મળતા નહિ આવવાથી તેમને બિનમાહિતગાર અને અણસમજુ સમજે છે એકને અસલની આર્યનીતિરીતિ વધારે પસંદ છે, બીજાને નવીન ગ્રહણ કરેલી ઉપરથી સુખમય દેખાતી નવી રૂઢી વધારે પસંદ આવે છે, આમ જ્યા બંનેના મન પરસ્પર વિરુદ્ધ હોય ત્યા મનના મેળાપની તો વાતજ શું કરવી? (કદિ કોઇ મેળાપ જો હોય તો પોતે પરણી લાવીને પોતાની કરીને આના સાથેની અને મંદારીના વાંદરાને નચાવે તેમ નચાવ્યા કરતી નખરાળી સ્ત્રી ઉપરજ, અથવા પોતાને મળતા વિચારના ગમે તેના તોનીમિત્રો ઉપરજ કોઇ કોઇને હોય છે) કેટલાએકને તો પોતાની સ્ત્રી પણ પસંદ નથી આવતી યુરોપીઅનોના કેળવાએલી સ્ત્રીઓ આગળ આ અભણ પણ આર્યરીતિને અનુસરતી બાળા તેને અજ્ઞાન અને અણસમજુ ઢોરજેવી લાગે છે અને તેની ઉપર તિરસ્કાર આવે છે પોતાનો વિચાર એવો કે જેની જેની સાથે સમાગમમા આવીએ તે તે બધા આપણી વૃત્તિને અનુકૂળ હોવા જોઇ

એ, પણ પોતાને તો કોઇની વૃત્તિને અનુકૂલ થઇ જતાં આવડેજ નહિ. (કદિકને આવડતું હોય તો વચમાંથી પરિચયમાં આવેલી અને પોતાની માની લીધેલી કાલુકાલુ બોલી મૂર્ખ બનાવતી સ્ત્રીની કે હિતૈષી માની લીધેલા કોઇ અન્ય વર્ગના માણસની મનોવૃત્તિને અનુકૂલ રેહેતાં આવડે પણ સહજમાં પ્રાપ્ત થયેલાં બીજા સંબંધીઓ સાથે નહિ.) આમ માબાપ પણ અણસમજુ લાગવાથી તેમની આજ્ઞામાં રહેવું પણ બહુ મુશ્કેલ છે. વગરછુટકે કરવું પડે તેટલું કરે પણ માબાપના મતને તો અનુસરેજ નહિ. આથી વધારે સ્વચ્છંદી થઇ જવાય છે, અને જુવાનીના મદમાં કોઇ કબજે રાખનાર નહિ હોવાથી કેટલીક વખત તો બહુ માઠાં પરિણામ આવે છે. આવા બનાવનું કારણ તો આર્યનીતિની અજ્ઞાનતાજ છે. જો તે નીતિરીતિનું પૂર્ણ જ્ઞાન હોય તો આવાં પરિણામ આવેજ નહિ. આમ કહેવાની મતલબ એવી નથી કે નવીન ગ્રહણ કરેલી રૂઢી ખરાબ કે ત્યાજ્ય છે. જેમ પાશ્ચાત્ય રૂઢી સુખકર લાગે છે તેમ આર્યરીતિ પણ કાંઇ નાંખી દેવા જેવી નથી; ફકત તેનું રૂપજ બગડી ગયું છે, તેનેજ જો તમે સારા રૂપમાં મુકો તો સ્વર્ગસમાન સુખ ભોગવો. પણ તેનું યથાર્થ જ્ઞાન હોય નહિ ત્યાં તેને સારા રૂપમાં મુકવાની તો વાતજ ક્યાં? આટલામાટે ઇંગ્રેજી સાથે સંસ્કૃત ભણવું પણ અવશ્યનું છે. આપણી જે જે રીતિઓ છે તે તે બધો આપણા પ્રાચીન શાસ્ત્રોમાંથી તેમજ સંસ્કૃત ગ્રંથોમાંથી નીકળેલી છે. અસલ સારી સ્થિતિમાં હશે તો આજ બગડેલી સ્થિતિમાં છે, તેને ઉત્કૃષ્ટ બનાવવી એ તમારૂં કામ છે. બંનેનું અવલોકન કરી જે જે સારી અને લાભકારક દેખાય તેનુંજ વિવેકપૂર્વક ગ્રહણ કરવું. જેવી આર્યનીતિરીતિ આપણને અનુકૂલ પડે તેવી બીજી પડેજ નહિ. જેમ ઇંગ્રેજી ભણેલાને સંસ્કૃત ભણવું અવશ્યનું છે, તેમ સંસ્કૃત ભણેલાને તથા અસલી રીવાજવાળાને ઇંગ્રેજી ભણવું અવશ્યનું છે. ઇંગ્રેજી નહિ ભણેલા સાંપ્રતકાલની રૂઢીથી કેટલા અજાણ્યા છે તે જાણવું મુશ્કેલ નથી. જે જે સમયમાં આપણે હોઇએ તે તે સમયનું પૂર્ણ જ્ઞાન હોવુંજ જોઇએ. સમયબળે ઇંગ્રેજીનું પ્રાબલ્ય બહુ વધ્યું છે તો તેથી બિલકુલ અજાણ રહેવું એ આપણનેજ હાનિકારક છે. ઇંગ્રેજી ભણેલા શું શું કરે છે તે આપણી કોન્ગ્રેસ કહી આપે છે, જેવામાં આપણો વૃદ્ધ સમૂહ હિંદુસ્તાનમાં શું શું થાય છે તેથી બિલકુલ અજાણ હશે.

આ પ્રમાણે સુખકર કેળવણી લીધા પછી સુખની અપેક્ષા રાખ નારને ઘરના સુખની જરૂર છે ઘરનો બધો આધાર સ્ત્રીજ છે તો તે મનુષ્યને કેવી રીતે સુખ આપનારી નીવડી શકે તે વિચારવુ જોઇએ કુલીન અને ગુણવાન સ્ત્રીનો પતિ જેમ સ્વર્ગસમાન સુખ ભોગવતો ઘડીએ ઘડીએ નવીન આનદમા સસારને અનુભવે છે તેમ અભણ અને કુલટા સ્ત્રીનો પતિ વારવાર સસારપ્રત્યે વિરાગ બતાવી આથી મરણ શ્રેષ્ઠ છે એમ માને છે સારી સ્ત્રીથી ઘરવ્યવહાર દીપી નીકળે છે, પ્રજા ધાર્મિક, નીતિવાળી અને શુદ્ધ અત કરણવાળી બને છે, અને આખા દિવસની મહેનતથી કટાળેલો પુરૂષ આવી કુલીન અગનાથી શોભતા ઘરમા આવી વિશ્રાતિ પામે છે આમ થવામા દપતીનો પ્રેમ એજ મુખ્ય કારણ છે અને એ અવર્ણ્ય પ્રેમ કેળવાયેલા હૃદયમા વધારે ઉદય પામે છે પ્રેમ એ સ્વાર્થ તજી પરમાર્થમા પડવાનો માર્ગ છે પોતાનો સ્વાર્થ ભૂલી જઇ, પોતાના શરીરનુ દુ ખ પણ સહન કરી પોતાના માની લીધેલાનુ શ્રેય કરવુ એ પ્રેમની પરીક્ષા છે પ્રેમ એ સ્વાર્થ અને પરમાર્થ એ બનેનુ મિશ્રણ છે સ્વાર્થ શિવાય પ્રેમ બંધાતો નથી, અને પ્રેમી માણસ સ્વાર્થ જોતો નથી આ ઇશ્વરની લીલા હજારો વિચારો કરિયે તો પણ યથાર્થ દર્શાવી શકાય તેમ નથી, છતા અનુભવી લો તેનુ ખરેખરૂ સ્વરૂપ સમજે છે સ્ત્રીના જે જે વચન પુરૂષને મીઠા લાગે છે તે તેના વચનમા મીઠાશ નથી પણ તેના પ્રેમમા છે (અથવા મમત્વ અને સ્વાર્થથી, પોતાના સુખસ્વરૂપમા રહેલી મીઠાશ તેમાથી થતી જણાય છે) અત કરણ એ કાચ જેવુ છે જેમ મલીન કાચમા પ્રતિબિબ પણ મલીન દેખાય છે તેમ મલીન અત કરણમા પ્રેમનુ સ્વરૂપ પણ મલીનજ પડે છે ત્યારે આવા શુદ્ધ પ્રેમને યોગ્ય શુદ્ધ અત કરણ કરવાનો શુ ઉપાય ? કેળવણીજ, અને તે પણ શુદ્ધ અત કરણ બનાવી પ્રેમ ખીલવે તેવીજ સ્ત્રીને આવી પ્રેમાળ કરવાનેમાટે સીતા દ્રૌપદી દ સાવિત્રી જેવી સદ્‌ગુણી સ્ત્રીઓના સચ્ચરિત્ર વચાવવાની જરૂર છે જીવનચરિત્ર જેવો બોધ આપે છે તેવો બોધ પ્રેમવિશે નિબધ લખવાથી કે તેવિશે વાતો કરવાથી આવતો નથી પુરૂષને જેમ મહાન પુરૂષના જન્મચરિત્ર વાચી તેમાથી દુનિયામા કેમ ચાલવુ તેનો બોધ લેવાનો છે, તેમ સદ્‌ગુણી સ્ત્રીને મહાપવિત્ર અબળાઓના જીવનચરિત્ર ઘરવ્યવહાર, બાલશીક્ષણ, તથા નીતિનો માર્ગ શીખવે છે તેને પુરૂષના જેવી

કેળવણી આપવી નિરર્થક છે દુનિઆમાં ઘરનું તથા બહારનું એમ બે કામ કરવાનાં છે. ઘરના કામમાં માનસિક લાગણીઓની પ્રબળતાની જરૂર છે. બહારના કામમાં શરીરની પ્રબળતાની જરૂર છે. સ્ત્રી કરતાં જેમ પુરૂષ શરીરે સબળ છે તેમ સ્ત્રી પુરૂષના કરતાં માનસિક લાગણીમાં વધારે પ્રબળ છે. હર્ષ-શોકનો ઝપાટો જેવો સ્ત્રી ઉપર અસર કરે છે તેવો પુરૂષ ઉપર કરી શકતો નથી. માટે સર્વે રીતે બહારના સંસારવ્યવહારના ઝપાટા ખમવાને પુરૂષજ સમર્થ છે. સ્ત્રીને તો તેવી બાબતમાં પરમેશ્વરે પરાધીનજ બનાવી છે. જ્યારે ઘરના રક્ષણમાટેજ સ્ત્રી યોગ્ય ઠરી ત્યારે ઘરમાં શું શું કર્તવ્ય છે? ઘરની વ્યવસ્થા, બાળકોનું પોષણ તથા કેળવણી, સગાં સબંધીઓનો સ્નેહ, તથા પતિને હરેક તરેહથી સુખી કરવો, એજ સ્ત્રીનું કર્તવ્ય છે. આ ઉપરની ચાર બાબતનું સ્ત્રીને શીક્ષણ આપવાની વધારે જરૂર છે. હાલની કેળવણીથી સ્ત્રી હોશીઆર તથા પ્રબળ વિચારશક્તિવાળી થાય છે, પણ ઉપરની ચાર બાબતના જ્ઞાનવાળી સ્ત્રીઓ ઘણા થોડાજ ઘરમાં જોવામાં આવે છે. જે સ્ત્રી તે બાબતનું જ્ઞાન ધરાવે છે તે પણ નિશાળના શીક્ષણથી નહિ પણ ઘરમાં કોઇ પણ તરેહથી મળેલી કેળવણીથીજ. સ્ત્રી-કેળવણીનું આવું પરિણામ જોઇનેજ અસલી વિચારના માણસો સ્ત્રીઓને શીખવવાથી પાછા હઠે છે, અને કેટલાએક તો આ ઉપરથી એમજ સમજે છે કે સ્ત્રીને ભણાવવી તે બગાડવા માટેજ. આર્યનીતિનું તેને જ્ઞાન નહિ હોવાથી ઘરમાં દુઃખરૂપ થઇ પડે છે, પતિની સેવા કરવી તે દાસીનું કર્તવ્ય જાણે છે, પોતાના ઘરનું કામ કરવું તે પોતાના દરજ્જાથી હલકુ ગણે છે, અને સર્વ રીતે વડીલને તથા સગાં સંબંધીને કંટાળો આપનાર થઇ પડે છે. સ્ત્રીનું ખરૂં ભણતર એ છે કે પતિને સુખ આપતાં શીખવું, છોકરાંને કેમ ઉછેરવાં તેનું શીક્ષણ લેવું તથા સગાં સંબંધીમાં માયાળુ થતાં શીખવું. આવી તરેહની કેળવણી લીધેલ સ્ત્રી ઘરમાં ઉત્કૃષ્ટ સુખ આપનારી નીવડે તેમાં ખામી શું? તેની સાથે પતિ પણ તેવોજ સમજુ હોય તો પરસ્પર બંનેને સુખ મળે. છોકરાં હોય, પૈસા હોય, કે બીજી પણ અનેક તરેહની સમૃદ્ધિ હોય પણ જ્યાંસુધી એક હોશીઆર. સદ્ગુણી અને સુસ્વભાવની સ્ત્રી ઘરમાં ન હોય ત્યાંસુધી સંસારનાં બધાં સુખ ન્યૂનજ છે.

સુધરેલી પ્રજાની સ્થિતિ ઉપર દેશની આબાદીનો પણ આધાર છે. હિંદુસ્તાન હાલ તથા અસલના વખતમાં સારી સ્થિતિમાં હતો તે સુધારાનેજ

અનાપ સુલનમાનોના વખતમા અનમ સ્થિતિમા હતા તે પણ તેનીજ ખામા આ પ્રના સુધારાનો આધાર કેળવણીરુપ જ છે અરે! કેળવણી એજ સુધારાનુ ખરુ સ્વરૂપ છે બુદ્ધિમાન અને દેશહિતકારી બંધુઓ! જો તમારે તમારી કે તમારા દેશની સ્થિતિ સુધારવાનો વિચાર હોય, સારી સ્થિતિમા આવવાની કાઇપણ ઉમેદ હોય, અમનના આર્યોનુ નામ રાખવાની કાઇ પણ આકાક્ષા હોય તો પ્રથમ તમે કેળવણી લ્યો, તમારી સ્ત્રી, બેનો, કુમારિકાઓ અને બાળકોને કેળવણી આપો બીજાને તેમ કરવા પ્રવૃત્ત કરો અને સર્વ રીતે દેશના હિતમા આપણુ હિત છે એમ સમજી તેની પ્રજામે નીતિ, વૃત્તિ અને સ્થિતિમા આવા ફેરફારો મથન કરો ૧૫ પૈડેનુ કેના પ્રકારની કેળવણી તે કેળવણીનુ કામ કરે છે તે શોધી કહાડો

पुस्तको

प्राणविनिमय —આ નામનુ પુસ્તક તેના લખનાર ગ ગ પ્રોફેસર મણિલાલ નભુભાઇ દ્વિવેદી બી એ. તરફથી મળ્યુ છે તે ઉપકાર સહિત માન્ય રાખિયે છિયે એ ગૃહસ્થને ગુજરાતી ભાષામા નવીન લાગે એવા અને સૂક્ષ્મ વિચારપર પોતાનુ લક્ષ ખેચતા જોઇ સતોષ થાય છે, આ પ્રાણ વિનિમયમા પાશ્ચાત્ય દેશોમા હાલમાં ચાલતી મેસ્મેરિઝમ નામની તત્ર વિદ્યાનુ ટુકામા સ્પષ્ટીકરણ કરેલુ છે, તથા તેની સાથે જે એનિમલ મેગ્નેટિઝમ નામના પદાર્થના પ્રભાવથી તે વિદ્યાના પ્રયોગો અને ચમત્કારો થાય છે એમ તે દેશોમા મનાય છે તે એનિમલ મેગ્નેટિઝમને, આપણે જેને પ્રાણ કહીએ છીએ તેની સાથે ગ્રંથ કર્તાએ સરખાવેલ છે - આપણામા તત્વશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર યોગશાસ્ત્ર, વગેરે એ સમની શાસ્ત્રોમા જે પ્રાણના પ્રભાવ તથા પ્રયોગોનુ વિસ્તૃત વિવેચન કરેલુ છે, તેજ પ્રાણ પોતે આ કહેવાતુ એનિમલ મેગ્નેટિઝમ છે, એમ સિદ્ધ કરી આપવાનો પ્રયત્ન મન્ય થયો છે તથા તેમ કરીને સ્પષ્ટ દર્શાવ્યુ છે, કે હાલમા કેટલીએક વિચારો તથા શોધો, જે પાશ્ચાત્ય દેશોમા નવાજ શોધી કાઢેલા મનાય છે, તે મૂળ ઘણા સમય અગાઉથીજ આપણા આર્યાવર્તમા જણાયલા છે, એટલુજ નહિ પણ તે એટલી આગળ વધેલી અને પૂર્ણ સ્થિતિમા છે, કે જેનો અશમાત્રજ તે સુધરેલા દેશોમા હજુસુધી હાથ લાગેલો છે પૂર્ણ જ્ઞાનવાળા થઇને, પણ આર્યશાસ્ત્રો

અને વિદ્યાઓનો તિરસ્કાર કરનારા લોકોને, આ બાબત પોતાના મનની ખાતરી કરવા આ ગ્રંથ અતિ ઉપયોગી છે. પ્રાણ એટલે શું, એના ગુણ, એના ઉપયોગ, પ્રાણવિનિમય એટલે શું, તે કેમ કરાય, તે કરવામાં કેવાં કેવાં સાધનોની જરૂર છે, પ્રાણવિનિમયની સાત જુદી જુદી સ્થિતિઓ, તે સાધતાં આવી પડતી અડચણો અથવા ભયોનાં નિવારણોમાટે ઉપાયો તથા પ્રાણવિનિમયની વિદ્યાનો પ્રાણીઓમાં થતા રોગોના નિવારણ અર્થે કેવી રીતે ઉપયોગ થાય છે, અને તેમાં તે કેવી અસરકારક નિવડે છે, એ વગેરેનું ઘણીજ કુશળ રીતે તેમાં સ્પષ્ટીકરણ કરેલું છે; તે ઉપરાંત પ્રાણવિનિમયના જેવી બીજી કેટલીક વિદ્યાઓ, જેવી કે, નિદ્રાજાગરણ, વિચારકલન, મસ્તિષ્કવિદ્યા, આત્મપરિક્ષા. પ્રેતાવાહન વગેરે, જેઓવિશે આપણા શાસ્ત્રોમાં ઘણાં સારાં વિવેચનો કરેલાં છે તથા જેઓની પાશ્ચાત્ય દેશોમાં હાલહાલમાં ઉત્પત્તિ થતી જાય છે તેમનું તત્વ પણ સંક્ષેપમાં તેમાં બતાવેલું છે; અને છેવટ તત્રાદિક શાસ્ત્રોનું ટુકામાં વિવેચન કર્યું છે. એ વિદ્યાસંબંધી અંગ્રેજી તેમજ તે વિદ્યાને મળતા સસ્કૃત તંત્રગ્રથોનું પરિશિલન કર્યા પછી આ ગ્રંથ લખાયો છે એમ એ લેખની પદ્ધતિ કહિ આપે છે. આપણામાં **યોગ** એ શબ્દનો ઉચ્ચાર કરતાં જોકે તેનો અર્થ કોઇ નહિ સમજતા હોય તોપણ તેનો અર્થ સમજાઇ ગયા જેવો લાગશે એવો તે પરિચિત થઇ રહેલ છે, તે યોગ અને આ પ્રાણવિનિમય એ પાસેપાસેનો સંબંધ ધરાવનાર છે. પરંતુ તેની ક્રિયા અને પરિણામમાં કેટલેક અંશે ફેર પડે છે. પ્રાણવિનિમય શબ્દથી જે કાંઇ સંતોષ ઉપજે છે તે સંતોષને મેસ્મેરિઝમ શબ્દ પાતળો પાડી દે છે, તોપણ તેના વિધાન વખતે તે સંતોષ જાગ્રત રેહેવાને કર્તાએ સારૂં પ્રયત્ન કર્યું છે. આ પ્રાણવિનિમયની વિદ્યા રૂપાંતરને લીધે હાલમાં નવીન જેવી લાગે તેમ છે. આમાં પોતે સંભાળ રાખીને બીજાના પ્રાણને વશ કરી લેવા જેવું જણાય છે અને યોગમાં પોતાના પ્રાણવશ કરવાનું છે. આમાં વિધેયતે અનુક્રમે કેટલીક દશાઓ થાય છે પરંતુ તે પરસ્વાધીન સ્થિતિની છે એમ લખનારના લેખપરથી જણાય છે, માટે તે યોગથી થનારી સ્થિતિનીસાથે બરોબરી કરી શકતી નથી. હમણાં હમણાં કાલયોગથી કે બીજા કારણથી નાસ્તિક વર્ગની વૃદ્ધિ થવા માંડી છે. આવા પ્રસંગમાં એક ગ્રાંજ્યુએટ આ જે કાંઇ છે તે ખરૂં છે એવો

હેતુ જણાવનાર પુસ્તક લખી કાઇક જુની અને કાઇક નવી વિધાનો પ્રકાશ પાડે તે ઘણુ સ્તુત્ય છે, પરતુ લખનારની ધારણાપર સમગ્ર લોક નહિ રહેતા થોડીક વેહેમની વૃદ્ધિની પણ શકા રેહે છે આ નાના પુસ્તકમા લખાયેલુ એક વિધારૂપ મોટુ કર્મ બહુજ ગહન દશામા મેલ્યુ છે એથી એમા બહુ ગભીરતા આવી છે પ્રાણને વશ કરવાનુ કામ એવુ જોખમ ભરેલુ અને કઠણ હોવુજ જોઇએ અને અમુક અમુક સદાચરણ તથા દઢસકલ્પાદિકથી તથા ચતુરાઇથી થઇ શકે એવુ હોવુજ જોઇએ, અને તેમા વિઘ્નો પણ તેટલા હોવાજ જોઇએ આ પ્રસગે આશ્ચર્ય થયાવગર નહિ રહે કે અહો પ્રાણ કેવી અસાધારણ પ્રબળ વસ્તુ છે —આ વિધાનુ પુસ્તક હાલ તરત પ્રયોગવિજ્ઞાનને વિશેષ ઉપયોગી છે અને કાઇક સિદ્ધાન્તપરથી ઉછરતી પ્રજાને આસ્થા ઉઠવા ન દે એમ છે મેસ્મેરિઝમની વાતો હાલ હાલમા કેટલાક વર્ષથી કેટલાક અગ્રેજી શીખેલા લઇ ભાગતા હતા અને પ્રયોગો અજમાવી કાઇક સફળ અને કાઇક નિષ્ફળ થઇ હાસ્યાસ્પદ થતા હતા તેમા આ પુસ્તકે અને તેમના કર્તાએ કેટલીક પ્રૌઢતા દેખાડી લોકોની મનોવૃત્તિને "કાઇક હશે" એવો વિશ્વાસ ઉપજે એમ કર્યું છે આમ છતા અમે આ લેખ લખનારના છેવટના મતને અનુસરતા આના કરતા યોગને અને તે કરતાં રાજયોગને વધારે અનુભવવા યોગ્ય ગણીએ છીયે

વિષય અતિ કઠિન છે, થોડા પુસ્તકમા સમજણ લેવાનુ વધારે છે, ભાષા પ્રૌઢ છે, સમજાવવાનુ પ્રયત્ન યથાર્થ છે, અને પાશ્ચાત્ય દેશમા પ્રચલિત હોવાથી નવા તથા અહીની વિધા સાથે સરખામણી હોવાથી જુના વિચારના લોકોમા તે પ્રસાર કરી શકે તેમ છે માત્ર વિધાવૃદ્ધિની ખાતર અમે ઉછરતા વિધાર્થિયોને આ પુસ્તક વાચવાની ભળામણ કરિયે છિયે કીમત રૂપીયા ત્રણ પુસ્તકના પ્રમાણમા વિશેષ પણ તે ગુથવાના શ્રમના પ્રમાણમા ઘણી ઓછી છે હજી પણ વિશેષ આસ્તિકતા વધારનારા પુસ્તકો લખાયેલા જોવાને અમે ઉત્કંઠિત છિયે અને તેમા આના કરતા કાઇક જુદી શૈલી જોવાને ઇચ્છિયે છિયે

પ્રશ્નોત્તરી—(ગુજરાતી ટીકા સાથે, રચનાર રા મણીશકર મગનલાલ અયાચી તરફથી મળેલી છે આ લેખકને વિદ્વાન વિષય ઉપર વધતો જતો શોખ જોઇ સતોષ થાય છે મૂળ શ્લોકોની રચના મણિરત્નમાળાના ઘાટ જેવી અને બાળવાનને સમજાય તેવી છે અને સાથે ટીકા આપવાથી સસ્કૃત નહિ

જાણનારાને પણ ઉપયોગી થઇ પડે તેમ છે. સંસ્કૃતમાં અભ્યાસ વધારીને પણ નવી અવસ્થામાં વેદાંતવિષયપર વલણ થવું એ અતિ કઠણ છે. આ નાનું પુસ્તક મુમુક્ષુઓને ઉપયોગી છે. અભ્યાસમાં વધારો કરી આ વિષયમાં આગળ વધવા એમને ભલામણ કરિયે છિયે. કીમત આના અઢી છે.

ગરબાવળી મોતી નાયક અને લુહાર શવજીની બનાવેલી છે. એમાં અંબા માતાના તથા નંદકુવરના પરચુરણ ગરબાઓ છે, તે સામાન્ય વર્ગના લોકોને ગમે તેમ છે. રચના સાધારણ છે. કિંમત આના બે છે પ્રથમપ્રયત્ન પ્રમાણે ઠીક છે, પરંતુ અભ્યાસમાં અને વિષયમાં વિશેષ લક્ષ રાખવાની જરૂર છે.

વેદધર્મસભાને બક્ષીસ.

શેઠજી ઠા. ધર્મશી પુરૂષોત્તમે પોતાનાં માતુશ્રી હીરાબાઇનો માઘ વદી ૫ ને રોજ સ્વર્ગવાસ થતાં ધર્મસંબંધી કાર્યને નિમિત્તે રૂા ૧૫) અંકે પંદર, વેદધર્મસભાને બક્ષીસ કર્યા છે તે અનામત ખાતે જમે કરવામાં આવ્યા છે. સારાં કાર્યોને પ્રસંગે, ધર્મસંબંધી સત્કાર્યોમાં સહાય શક્તિ પ્રમાણે આશ્રય આપતા રેહેવું એ યોગ્યતા અને ધનાદિકનો સદુપયોગ છે.


શેઠ મોરારજી ડુંગરશીનો સ્વર્ગવાસ.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૬૦ મું. ચૈત્ર, સંવત્ ૧૯૭૫ અંક ૬ ઠો.

॥ यतो धर्मस्ततो जय ॥

अवतरी जाण्याए नहि अने माण्याए नहि



शार्दूल

આવે રોજ વિરોધ કારણ વિના સંકોચ્ય સર્પનમાં
આશાપાશ અપાર લાલચવડે બાંધે બધે બંધમાં;
ખોટા વૈભવ ભોગ આખરસુધી ખાતે મનાયા ખરા,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરા
વિદ્યાભ્યાસ ન થાય જીવન વૃથા તે જાય જંજાળમાં,
આસ્થા અંતરમાં રખાય ન દિલે આ આર્યપાળમાં,
પુણ્યે પ્રીતિ ન થાય ને ન સુધરે ધર્મો બધા પાધરા,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરા
કામ ક્રોધ વિરોધ રોજ નડે લોભે દમે લક્ષણો,
સંસારવ્યવહારમાં મનપણે સંતાપ લાગે ઘણો,
આધ્યાત્મીદિક તાપ અંતરવિષે લાગ્યા કરે આકરા,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરા
પોતાના પુરુષાર્થ પાર ન પડે વિઘ્નોનડે તેવડે,
આધિ વ્યાધિ ઉપાધિથી અધવચે અત્યંત આવી નડે,
ભૂંડા ભોગવિલાસને વળખતાં સત્કીર્તિના કાંકરા,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરા
ઘાટાળા ઘરબાર દાર સુત તે સારા નહીં સાંપડે,
કાયા આ ઉદરમાર્ગ ભૂખ તરશે પાણી પડે પીપણે,
પાળી પિંડ સદૈવ પેટ વડિયે પૂજ્યો નહિ શ્રી હરિ,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરી
ખોયું બાળપણું બધું રમતમાં અજ્ઞાનથી આથડી,
વાતાડી વિષયોવિષે તરુણતા સ્ત્રીસંગને સાંપણી,

કાલદોષ કૂવા કરાય પરની કીધા કરી ચાકરી.
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરી.
પ્રેમે થાય પરોપકાર ન કર્યો નેષ્ટ નહીં નીતિયે.
ચિંતાએ વિકૃરેલ ચિત્ત ન રહે રાજી કશી રીતિયે;
નૌકા નૌતમ પામતાં ન પરને તારાય પોતે તરી,
આ સંસાર અસારમાં અવતરી જાણ્યા ન માણ્યા જરી.

काफी.

દયાધન હે દીન બંધો, લાજ તમારે હાથ,
જગદીશ્વર હું કાંઇ ન જાણું, એકલો આજ અનાથ;—દ૦
સ્વપ્ન સમાન જગત શું જોણી, ક્યાં સુખદાયક સાથ;
કેશવ કરૂણા લેશ કરો તો. દાસ સદૈવ સનાથ;—દ૦

प्रारब्धनी विचित्रता उपर एक वात.

(સંબંધ પાને ૭૦ થી.)

ગોકળજી તો પોતે ખોયેલી ચીઠીના પશ્ચાત્તાપથી મોહું દેખાડવા આવ્યો નહિ, પણ દેવશંકર તેની શોધમાં પડ્યો. તપાસ કરતાં જાણવામાં આવ્યું કે ગોકળજી પકડાયો છે અને તેને ફરીને કેદની શિક્ષા થઇ છે. તે સાથે વધારે નવા ખબર એ મળ્યા કે મહારાજા ભૂપતસિંહના ખરા કુંવર બાબુભા તે ખરા નથી પણ મહારાજાના મરણની ગડબડમાં ખોટા કુંવર લઇ લીધા છે. આ અફવા કોઇ સ્વાર્થના લાભમાટે તજમા નગરના માણસોએ ઘણા વખતથી ફેલાવી હતી તે પાણીઆરીઓના મોંએથી દેવશંકરે આજે સાંભળી. આ સર્વ વાત હરિદત્તને આવીને દેવશંકરે કહી. હરિદત્તમંત્રીએ જણાવ્યું કે ગમેતે પ્રકારની મગાવતથી તે માણસને ઢુંઢાવવો જોઇએ તેનેમાટે હવે તજવીજમાં રહેવું. થોડીવાર પછી હરિદત્ત દરબારમાં ગયા. દેવશંકર દિવસે દિવસે શરીર બુદ્ધિ અને ચતુરાઇમાં વિના પ્રયત્ને વધતો જતો હતો અને તેને યોગ્ય પ્રસંગ જોઇને રાજવર્ગના હાથનીચે રાખ્યો હતો. સ્થિતિ અને અધિકાર પરત્વે તેનામાં જે જે ગુણ જોઇએ તે પણ સૌમ્યતામાં પ્રાપ્ત થયો. તેણે પ્રધાનની પ્રીતિ કામકાજમાં

ભાગી મેળવી સેનાધિપતિનો અધિકાર લીધો તેજમાને પોતાના ખાનગી કારભારી કરવાનો વિચાર કેટલાક ભેખરેના કારણથી થયો પણ દેવકરે તે અધિકાર લેવાની ના પાડી એક દિવસ રાજસભાના સ્થાનમા હરિદત્ત મંત્રી કાઇ વિચાર કરતા હતા ત્યા તેજમાનુ માણસ આવ્યુ, તેથી તેની ડેઢીયે ગયા અને મનમા અનેક તરંગો કરવા લાગ્યા, તેજમા આવી નમસ્કાર કરી બેઠા એટલે હરિદત્તે પોતાને બોલાવવાનુ કારણ પુછ્યુ તેજમા એ સઘળા માણસોને આઘા પાછા કરી ઉત્તર આપવા માંડ્યુ કે ભાઇ! તમે રાજ્યના સ્થંભ છો, અને મહારાજાના એકાગ્રી મિત્ર છો. હુ ગમે તેવી તો પણ તમારા મહારાજાની દાસી છુ. આટાણે તમારા વિના, આખા નગરમા કોઇ નીતિમાન અને સાચો માણસ હુ દેખતી નથી. ઘણા વખતથી હુ તમારી પરીક્ષા કરતી આવી છુ અને તે ઉપરથી ખાત્રી થતા તમારી ઉપરથી મારો સઘળો વેહેમ દૂર થયો છે એટલુજ નહિ પણ તમે મારા હવેથી હિતૈષી છો એમ લેખુ છુ તેજમા કોઇને પણ મન આપે નહિ તેજ હુ તેજમા આટાણે મારૂ મન તમને આપુ છુ તો હવે તમારે મને યોગ્ય સલાહ આપવી એટલામાટેજ આજ તમને બોલાવ્યા છે

હરિદત્તમંત્રી બોલ્યા કે એકાએક આપના આ વચનોનો ભેદ હુ સમજતો નથી આપ જાતે રાજ્યસત્તા ધરાવો છો અને ભીમજી સરખા કુમાર આપને અનુકૂળ છે તો પછી આપને આટલા વચનો બોલવાની શી જરૂર છે? તો પણ હુ રાજ્યનો હિતૈષી હોવાથી અને આપ મહારાજાના અંગીકૃત હોવાથી રાજ્યને અંગે જે યોગ્ય સલાહ આપવી ઘટશે તેનેમાટે તૈયાર છુ.

તેજમા બોલ્યા કે ભાઇ! મનુભા ખોવાઇ ગયા પછી ભીમજીભા તરફ નજર કરીને મને સંતોષ થતો હતો, પણ તે તેના હજુરીઓના સંગથી બગડવા લાગ્યા છે, તમે બાલુભાને જેવા કરવા છે તેવા આને કોઇએ કરવ્યા નથી જ્યારે ત્યારે સામુ બોલે છે, આટલાંમાંથી અફીણનુ વ્યસન થઇ ગયું છે, અને જતે વારે રીસાય છે આજ બે દિવસથી તો પાસે પણ આવ્યા નથી આથી કરીને મને બાલુભા ઉપર વધારે પ્રેમ વધે છે હવે મારે શું કરવુ અને ભીમજીભાને કેમ સમજાવવા?

હરિદત્ત મંત્રીએ જવાબ આપ્યો કે એવિષે કાઇ ચિંતા કરવા જેવુ નથી આપે જો શુદ્ધ અંતઃકરણથી મહારાજાની સેવા કરી છે તો સર્વે સારૂ થશે અને હુ એવિશે પ્રયત્ન કરતો રહીશ. સર્વ સારે એવને સારા થઇ રહેશે

આટલા અક્ષરે કહી હરિદત્તે રજા લીધી. આ પ્રમાણે મા-દિકરાને અણબનાવ થયો તે હરિદત્તને ગમતો હતો પણ તેમાં દુઃખ એટલું હતું કે બાલુભા ખરા રાજ્યપુત્ર નથી એવી અફવા પ્રજામાં દુષ્ટ સ્વાર્થી માણસોએ ફેલાવી દીધી હતી. તેજબા જ્યારે સુઝાવા લાગ્યાં ત્યારે તેને એમ પશ્ચાત્તાપ થયો કે મેં કૃતઘ્ની થઇ મનુભાને કાઢ્યા અને બાલુભા ખરા કુંવર નથી એવી અફવા પણ મારા માણસોએ ફેલાવી દીધી. ભીમભા કાંઇ ખરા રાજકુમાર નથી તેથી એને મારી ઉપર પ્રેમ શી રીતે આવશે ? પણ જેને પુત્ર માન્યો તેને હવે શું થાય ? આટલું થયા પછી પણ હવે બાલુભાને ગાદીએ બેસારૂં તો ખરો હકદાર ગાદીએ બેસવાથી હું ઇશ્વરના ઘરની અપરાધી મટું અને ભીમભાને એથી સિક્ષા થાય. એને પણ થોડો ભાગ અપાવી દેઇશ એટલે તે પણ સુખચેનમાં રેહેશે પછી શું ? આવા વિચારથી બાલુભા ઉપર તેજબાની મમતા વધવા માંડી. હરિદત્તનું મન શંકાવાળુ રેહેતું હતું તેથી જ્યારે તેજબા પાસે બાલુભા જાય ત્યારે દેવશંકર વિના જાય નહિ. ભીમભાને ખબર પડી કે બાલુભા ઉપર પોતાની માતા વધારે વળે છે અને હરિદત્ત પણ તેમાં સહાયભૂત છે તેથી પોતે પોતાની માથી રીસાઇને કેટલાક માણસો સાથે રાજવાડીએ પોતાનો મુકામ રાખ્યો. ભીમભા જતે વાતે રીસાઇને આડા ચાલ્યા કરતા હતા તેથી તેનો રાજવાડિયે મુકામ થવાથી તેજબાને થોડીક શાંતિ વળી અને કાંઇક પોતાના ધારેલા વિચારને તેના રીસાવાથી વધારે ઉત્તેજન મળશે એમ તેને લાગ્યું. પણ ભીમભા રાજવાડિયે જઇને પણ પોતાના વેહેમનો વધારો કરવા માંડ્યા હતા. વધતાં વધતાં તેજબાને અને ભીમભાને અતિશય ઉદાસી થઇ ગઇ. ભીમભાએ પોતાના મળતીયાઓની સાથે રાજવાડીમાંજ દિવસો ગાળતાં તેજમાના અવસાનની વાટ જોવા માંડી અને પોતાના હાથમાં જો કાંઇ સત્તા આવે તો પોતાના વિરૂદ્ધ પક્ષના પોતે માનેલાઓને યોગ્ય શીક્ષા આપવાના ઘોડા ઘડવા માંડ્યા. આ તરફથી તેજબાએ પણ રાજ્યની વ્યવસ્થા સારી કરવામાટે તથા ખરા હકદાર બાલુભાનેમાટે સુયોજનાના વિચાર કરવા માંડ્યા. થોડા દિવસ જતાં વળી તેજબાને વિચાર આવ્યો કે ભીમભાને પરણાવવામાટે હમણા માગાં આવ્યાં હતાં પણ હું ઉદાસીને લીધે ધ્યાન નથી આપતી. ગમે તેવો તોપણ તે પુત્ર છે માટે તેને આ માર્ગેથી પણ અનુકૂલ કરી શકાશે માટે આ જોઠવણી કરવી યોગ્ય છે. રા-

રામવર્મને બોલાવીને ભીમબાએ કહેવરાવ્યું કે ભાઇ! તમે મારાથી ઉદાસ થાઓ છો તોપણ તમારૂં ભલું કરી દેવું એ મારી ફરજ છે. માટે હજી પણ તમે ઉદાસી છોડી મારી સલાહ પ્રમાણે વર્તો તો તમને ઘણો લાભ છે. તમારે માટે વિવાહ કરવાને માટે મેં કન્યા ઠરાવી રાખી છે પણ તમે મારાથી છૂટા જતા રહીને બીજા લોકો જાણે તેમ ભમો છો, જેથી હું દુઃખી થાઉં છું એટલે હું શું કરૂં? તોપણ તમારી મરજી હોય તો માગું આવ્યું છે તેનો હા કહું અને તમે રીસામણું મેલી દરબારમાં પધારો. મારે સહુ સરખાં છો. આટલી વાત રામવર્મ ભીમબાની સમજ્યો. તેથી તેને તે લાલચથી માતાને મળી જવા મન તો થયું પણ પ્રિય-વાનોએ તેમ તે વાત ભેદભરેલી માનતો હતો એવું સમજાવ્યું કે આપ રાજી થશો ત્યારે માગાઓની ક્યાં ખોટ છે? માટે માતાના ઉપકારમાં આવવાની જરૂર નથી. અમે સર્વ આપના છીએ તે એના કરતાં રૂપગુણવાળી કોઇ ભારે કન્યાને શોધી લાવી તેની સાથે લગન કરાવી દેશું. માટે હમણાં શી ઉતાવળ છે? ભીમબાનું મન પામનાનો ઉપર રહેલું હોવાથી તેની વાત ગળે ઉતરી. અને તેથી તેજમાને કહેવરાવ્યું કે તમારે મારે માટે કાંઇ તજવીજ કરવી નહિ. હું તમારી જાળમાં ફસાવાનો નથી. તમોએ મારી સાથે માતાપણું રાખ્યું નથી તો હું તમારો પુત્ર પણ નથી. આગળ શું બનશે તે જોઇ લઇશ. આ વચનથી તેજમાને વધારે ઓછું આવ્યું અને પોતાની ભુલનો પસ્તાવો થયો. થોડા દિવસોમાં તો રામવર્મે પણ ભીમબાની કોર વર્તણ કર્યું. આથી તેજમાને વધારે ચિંતા પેઠી. કેમકે એનો એટપટમાં પ્રથમ આધાર રામવર્મ ઉપર હતો. લોકોની વૃત્તિઓ બહુ ક્ષણિક હોય છે. રામવર્મને ભીમબા રાજી થશે તો આપણું દારિદ્ર ચૂરે કરી નાખશે. તેજમા તો આજ છે અને કાલે નથી. માટે એઓ પક્ષમાં રહી ભીમબાને અનુસરવું યોગ્ય છે. એવો વિચાર બાંધતા તો ફરી ગયા એ સંભવિત છે. જ્યારે રામવર્મની વૃત્તિના ફેરફાર વિષે તેજમા જાણી ગયા ત્યારે તેમ હવે એકરંગી હરિદત્ત ઉપર વધારે આસ્થા બાંધી અને રામવર્મને દુઃખ ન લાગે તેમ રાજ્યકાર્યની વ્યવસ્થા હરિદત્તને વચમાં રાખી થવા લાગી. ધીરે ધીરે રામવર્મની નીચે દેવશંકરને રાખી સઘળું કામ શીખવ્યું અને છેવટ સઘળો કારભાર દેવશંકરે ઉપાડી લીધો. દેવશંકર સઘળું કામ કરતો. તેથી તેજમા રાજી હતાં. એ તો આ વાત પરથી જણાય છે. પરંતુ રા

મવર્મ પણ તેથી રાજી હતા કેમકે દેવશંકર અનુકૂલ રહીને સઘળું કરતો હતો અને રામવર્મ ભીમભા પાસે મફતની મજા મારતા ફોકટ પગાર ગજવામાં મેલતા હતા. તેજબા પણ વખતની વાટ જોતાં હતાં. હરિદત્ત મંત્રી આ સમયમાં શું કરતા હશે? તે કાંઇ કામ કરતા ન હોતા તોપણ દેવશંકરને વિચારો આપવામાં અને હવે પછી મનુભાની શોધમાં નીકળવાની ચિંતામાં તે રાતદિવસ કાઢતા હતાં. તેને એવો વિચાર આવ્યો કે તેજબાનું વલણ હવે બાલુભા તરફ થઇ ચુકયું છે, દેવશંકર કામકાજ સારૂં કરી શકે છે, તેજબાનો મારી ઉપર વિશ્વાસ બેઠો છે તો હવે જાત્રાના પ્રસંગે નીકળી જઇને મનુભાની શોધમાટે પ્રયત્ન કરવાનો આ સમય છે માણસના અંતઃકરણનો છેડો ન હોવાથી મનમાં મને ધાસ્તી રહે છે તેથી દેવશંકર તથા બાલુભા વિગેરેને સર્વને તેડીને જાઉ તો વધારે સારૂં, પણ તેવી રીતે રજા મળવી મુશ્કેલ છે તેમજ એ બધાંને સાથે રાખીને મારાથી જોઇએ તે રીતે દેશાટન થઇ શકશે નહિ. આમ અનેક વિચારોથી ઘેરાએલા મંત્રી હરિદત્તે એક દિવસ દોઢીયે જઇને તેજબા પાસે યાત્રા કરવા જવાની રજા માગી. તેજબાએ જે અવ્યવસ્થા હાલ ચાલતી હતી તે વર્ણવીને કહ્યું કે ઘણે વર્ષે આટલી રજા તમે માગો છોતો હુ ના નથી પાડતી. રાજ્યનો સર્વ બંદોબસ્ત કરી તેની વ્યવસ્થા મને જણાવીને ખુશીથી જાઓ. રજા લઇ હરિદત્ત ઘેર આવ્યા તેટલામાં સુલતાનપુરથી એક ઘોડે સવારની સાથે એક કુંકુમપત્રિકા આવી જેમાં કશળીબાને સીમંત આવ્યાના શુભ સમાચાર હતા. તે પત્ર વાંચી હરિદત્તને હર્ષનાં આસુ આવ્યાં. એટલામાં દરબારમાંથી તેજબાએ કેહેવરાવ્યું કે બાઇના સીમંતનો શુભ પ્રસંગ આવ્યો છે, ત્યાં તમારે જવું પડશે માટે તમારે દોઢીએ આવીને સર્વ વિચાર કરી જવો અને યાત્રાએ જવું બંધ રાખવું. હરિદત્ત મંત્રી દોઢીયે જઇ આવ્યા. અને એવો ઠરાવ થયો કે બાલુભા મોસાળું લઇને જાય તે સાથે દેવશંકર તથા ભીમભાનાં માણસો, હરિદત્ત મંત્રીનું કુટુંબ અને કેટલીક બાનડીયો જાય. આ ઠરાવ પ્રમાણે મોસાળામાં આપવાના અલંકારો અને જરિયન વસ્ત્ર લઇ કેટલાક દબદબાસાથે બાલુભા સાથે દેવશંકર કશળીબાને સાસરે ગયા. તે સાથે જમનાબા અને પોતાના કુટુંબને પણ સાથે લઇ ગયા. કશળીબાએ પોતાના ભાઇ વિગેરેને સારૂં સન્માન આપી બરદાશ કરી પ્રેમપૂર્વક રાખ્યા. થોડા દિવસ રહ્યા પછી બાની સલામ થઇ અને વાતચિતના પ્રસંગમાં મનુભાના જે

ખબર ગોરજી મારફત મળ્યા હતા તે કહ્યા "આહીં દેવેશ ફરમાવ્યા પછી ગઢનગરમાં કાંઇ નવો ફેરફાર થયો" બાલુભાને ચાલ્યા પછી પાંચસાત દિવસે તેજબાને એકાએક તાવ ચડી આવ્યો બાનડીઓના કહેવાથી તાવ કાંઇ નવી જાતનો છે એમ હરિદત્ત મંત્રીના જાણવામાં આવતા ભીમભાને કહી મોકલ્યુ ભીમભાને આ વાત સાંભળી સહેજ ભય આવ્યુ અને આવવા તૈયાર થયા પણ તેના પ્રપંચી પાસવાનોએ વહેમ ભરાવી આવવા દીધા નહિ તેજબાને તાવના જોરમાં હોઠ ઉપર ગાંઠ ઉપડી આવેલી તેની તેને ખબર ન રહી તાવ કાંઇક હલકો પડવા લાગ્યો પણ ગાંઠની વેદના એકાએક વધી પડી ગામમાં કોઇ હકીમ રહેતો હતો તેને ઓસડ કરવામાટે પરવાનગી મળી એ ઓસડ કોણ જાણે કેવા પ્રકારથી થયુ કે વેદનામાં અને ગરમામાં વધારો થતો ગયો આ મંદવાડમાંથી તેજમા જો હવે પાછા ઉઠે નહિ તો સુખેથી રાજ્યમાં સુખે સેવાય એવા વિચારના દુષ્ટ લોકો પોતાની બનતી ગડમથલ કર્યાજ કરતા હતા એક દિવસ સવારમાં હરિદત્ત મંત્રીને બાનડી આવીને કહી ગઇ કે તેજમા બોલતા નથી હરિદત્તે ઉતાવળ જઇ તપાસ કરાવ્યો ત્યાં વાત ખરેખરી ભાસી ગામમાં ચારેકોર ખબર પડી ગઇ કોઇ કહે દગો થયો ને કોઇ કહે મોત આવ્યુ દરબારમાં રડાકૂટ થવા લાગી તેજબાએ એક મંત્રી જોગ ચીઠી લખી તેમાં એટલા અક્ષર લખ્યા હતા કે રાજના માલેક જો મનુભા હોય તો મનુભા છે અને નિકર બાલુભા છે ભીમભાને ભાગ આપીને જુદા પાડવા આ ચીઠી લોકોના હાથમાંથી પથારીમાંથી પરબારી ભીમભાને પોચી ગઇ આથી માતા ઉપર રોષ આણવાનુ કારણ ભીમભાને વધારે દૃઢ થયુ રોકળ કળની સાથે એકાએક ભીમભાની આંખ ફરી ગઇ રાજવાડીયેથી પોતાનાં માણસો સહિત ગામમાં આવ્યા અને પોતાનો હુકમ ફેરવ્યો તથા તેજબાની ઉત્તર ક્રિયા કરવાનો હુકમ કર્યો રાજરીત પ્રમાણે તેજમાની ઉત્તર ક્રિયા શરૂ થઇ હરિદત્ત મંત્રી સ્મશાને ગયા હતા ત્યાં પાછળથી તેના ઘર ઉપર ૨૫ આરબોની બેરખ મોકલી હરિદત્તની ડેલીયે પણ નિમકહલાલ આરબો થોડાક હતા તેઓને પરસ્પર ઝપાઝપી ચાલી અને હરિદત્તના થોડા માણસો મુઆ એટલામાં હરિદત્ત પ્રજા સહિત ગામમાં આવતા હતા તેને માર્ગમાંથી પકડી લેવામાં આવ્યા હરિદત્ત સમયને સમજી કાંઇ બોલ્યા નહીં, પરંતુ તેને આ અચાનક સ્થિતિનો ફેરફાર થઇ જતા મહા ચિંતા

આવી પડી કે, મનુભાને શી રીતે લઇ આવવા, બાલુભાનું શું કરવું, અને પોતાના કુટુંબની હવે શી દશા થશે? પોતાને દેવશંકરવિષે બહુ ભરોસો હતો કે એ કોઇ પરાક્રમી નીકળવાનો છે અને તેથી તેને તેના ઉપર દૃષ્ટિ જતાં ધારણા થતી હતી. ભીમભાનો વિચાર બાલુભા વગેરે સર્વને કેદ કરવાનો હતો પણ આ વખતે તે હાજર ન હોવાથી લાચાર કશળીબાને તેજબાના મરણના ખબર મોકલ્યા તે વખતે ભીમભાએ બહુ પ્રેમ બતાવ્યો. આ ખબરથી દીલગીરી ફેલાઇ પણ સૂર્ય ઉગે તે છાબડે ઢાંક્યો ન રહે. ગામમાંથી વાત ચાલતાં કશળીબાને ખબર પડી ગયા કે મંત્રી હરિદત્ત કેદ થયા છે. આથી કરી કશળીબાને અને બાલુભાને તથા દેવશંકરને વિવિધ વિચારો થયા. અહીં લડાઇ કરવી કે વસ્ટી કરવી કે શુ કરવું તે સુઝ્યું નહિ. કશળીબાએ દેવશંકરને મળી એવો નિશ્ચય કર્યો કે હમણા સહુએ અહીંજ રોકાવું અને રાજનગરમાં જઇ નવા જુની કરી નાંખવાને આકળા થઇ રહેલા બહાદૂર ગોડજીને થોડી સખાવત આપી મનુભાપાસે મોકલવો એ પ્રથમ કરવાનું છે. ગોડજીને બોલાવી દેવશંકર મારફત પાંચ હજાર મોહોર અને ૨૫ શૂરવીર માણસો સખાવતમાં આપી કશળીબાએ કેહેવરાવ્યુ કે, ગઇ વાત આપણે કાંઇ વિચારવાની નથી. તમે અહીંથી જેમ બને તેમ તરત જાઓ. અને મનુભાને તરત અહી લઇ આવો. પછી જે કરવું હશે તે થઇ રેહેશે. ગોરડજી ૨૫ સાઢડીયો તૈયાર કરાવી તેજ રાતે ત્યાંથી ઉપડી ગયો. કશળીબાએ દેવશંકરને કેહેવરાવ્યું કે આ રાજ્ય બાલુભાનું અને તમારૂં છે, માટે થોડા દિવસ ધીરજ રાખીને રહેવું. તેજબાની કાણે આપણે જવાનો પછી વિચાર રાખશું. કાકા હરિદત્તને પકડેલા છે તેની કાંઈ બીક રાખવા જેવું નથી. આજે એક પત્ર મેં લખ્યો છે તે માણસની સાથે ભીમભાને મોકલી દેવો એટલે ઘણું કરી કાકા અહીં આવશે. દેવશંકરે તે વાત બધી માન્ય રાખી. પોતાને પાંચ માણસ લહી રાજનગર જવું હતું પણ બાલુભાને એકલા મેલી જવાની અને ઉતાવળ કરવાની કશળીબાએ ના કહી અને તેમાં બીજું કારણ એ બન્યું કે જમનાબાની એકાએક પ્રકૃતિ બગડી આવી. આવા કારણથી પેલો કાગળ રાજનગર ભીમભાને મોકલ્યો અને દેવશંકરના લુલા પાંગળાભાઇઓની સંભાળમાટે વિશ્વાસુ ખાનગી માણસ ઉપર ભલામણ લખી મોકલી.

અપૂર્ણ.

सत्यमूर्ति महाराजा हरिश्चंद्रनी सत्यता

રાજ્યના સુખભોગ ભોગવતા અતિ આનંદમા કેટલોક સમય જતા એ મોટા રાજાએ રાજસૂય નામનો મોટો યજ્ઞ કર્યો અને તેમા સત્કાર પૂર્વક વસિષ્ઠ મુનિને હોતા કર્યા હતા એ મોટો યજ્ઞ પૂરો થયા પછી રાજાએ પ્રેમપૂર્વક બહુજ પૂજેલા વસિષ્ઠમુનિ સુંદર ઇંદ્રની સભામા ગયા ત્યા વિશ્વામિત્ર મુનિને તેમની સાથે સમાગમ થયો એ બન્ને મુનિઓ મળીને ઇંદ્રની સભામા બેઠા હતા ત્યા વિશ્વામિત્રે વસિષ્ઠને બહુજ પૂજા પામેલા જોઇ વિસ્મયનેલીધે તેમને પુછ્યુ કે "હે મુનિઓમા ઉત્તમ ! આ મોટી પૂજા આપને કયે ઠેકાણે પ્રાપ્ત થઇ અને કોણે કરી ? મારી પાસે સાચુ કહેજો" વસિષ્ઠ બોલ્યા કે "મહાપ્રતાપી હરિશ્ચંદ્ર રાજા મારો યજમાન છે તેણે ભારે ઉત્તમ દક્ષિણાવાળો રાજસૂય યજ્ઞ કર્યો તેમા મારી ઉત્તમ પુજા થઇ છે એનાજેવો સત્યવાદી, નિયમ પાળનાર, દાતા અને પ્રજાને રાજી રાખવામા તત્પર બીજો કોઇ રાજા નથી તમે શુ પૂછો છો ? હુ કાઇ પણ નવુ ભેળવ્યાવિના સાચુ કહુ છુ કે હરિશ્ચંદ્ર રાજાજેવો સત્યવાદી, દાતા, શૂર અને પરમ ધર્માત્મા બીજો કોઇ રાજા થયો નથી અને થશે પણ નહિ" આ પ્રમાણે વસિષ્ઠના વચન સાભળી વિશ્વામિત્ર કે જેને પોતે ત્રિશંકુના ઉપકારી છતા પોતાનુ વચન નહિ માનવાનેલીધે હરિશ્ચંદ્ર ઉપર પ્રથમથીજ કોપ હતો તેમને રીસ ચડી કે એના અતિ દુષ્ટ હરિશ્ચંદ્રના વખાણ મારી પાસે કેમ કરે છે ? આના ક્રોધથી જેના નેત્ર રાતા થઇ ગયા એવા વિશ્વામિત્રે વસિષ્ઠને કહ્યુ કે "મિથ્યાવાદી અને કપટ પર પ્યાર રાખનાર હરિશ્ચંદ્ર કે જેણે વચન આપીને વરુણદેવને પણ ઠગ્યા હતા તેના તમે આ પ્રમાણે વખાણ કરો છો, માટે જન્મ ભર તપ કરવાનુ અને વેદાધ્યયન કરવાનુ જે મારુ પુણ્ય છે અને તમારુ જે ભારે તપનુ પુણ્ય છે તેની સરત કરો હે મોટી બુદ્ધિવાળા ! તમે બહુજ વખાણેલા એ રાજાને હુ જો તુરતજ ખોટા બોલો, અત્યત અધર્મી અને મહાખળ ન કરૂ તો જન્મભરથી સચેલુ મારુ સઘળુ પુણ્ય નાશ પામે અને તેવો કરૂ તો તમારૂ સઘળુ પુણ્ય નાશ પામે એવી આપણે સરત કરીએ" પછી વિવાદ કરતા એ બે મુનિઓ પરસ્પર ઉપર મોટા ક્રોધથી એ પ્રમાણે સરત કરીને તે સમયે સ્વર્ગલોકમાથી પોતપોતાના આશ્રમોમા આવ્યા

પછી કોઇ દિવસે હરિશ્ચંદ્ર રાજા મૃગયા કરવાસારૂ વનમાં ગયો હતો ત્યાં સુંદર નેત્રવાળી કોઇ રૂપાળી સ્ત્રી રોતી હતી તે તેના જોવામાં આવી. (આ સ્ત્રી વિશ્વામિત્રની માયા હતી.) દયાળુ રાજાએ તે સ્ત્રીને પુછ્યું કે " હે કમલપત્ર સરખાં મોટાં નેત્રવાળી ! તું શામાટે રોય છે? તને કોણે અત્યંત પીડી છે? તને જે દુઃખ હોય તે તુરત મને કેહે. આ નિર્જન અરણ્યમાં તું કોણ છે, તારો પતિ કોણ છે અને પિતા કોણ છે? મારા રાજ્યમાં રાક્ષસ પણ પરસ્ત્રીને અડચણ કરી શકે નહી; માટે હે સુંદરી ! તને જે દુઃખ દેતો હોય તેને તુરત મારી નાખું. તારા દુઃખની વાત કેહે અને સ્વસ્થ થા. મારા દેશમાં કોઇ પાપી રહી શકેજ નહી." આ પ્રમાણે હરિશ્ચંદ્રનાં વચન સાંભળી મોઢા ઉપરથી આંસુ લુઇ નાખીને તે સ્ત્રીએ એ મોટા રાજાને નીચે પ્રમાણે કહ્યું.

હે રાજા ! હું સિદ્ધિ છું. મોટા મુનિ વિશ્વામિત્ર મને સ્વાધીન કરવાસારૂ વનમાં ઉગ્રતપ કરે છે. હે સારા નિયમોવાળા ! તમારા દેશમાં વિશ્વામિત્રના તપથી હું દુઃખ પામું છું. હું કે જે સુંદરી અને મન ખેંચનારી છું, તેને એ મુનિએ બહુજ પીડેલી છે.

આ વચન સાંભળી હરિશ્ચંદ્રે કહ્યું કે—હે મોટાં નેત્રવાળી ! તું સ્વસ્થ થા. તારૂં દુઃખ રેહેશે નહિ. તપશ્ચર્યામાં લાગેલા એ મુનિને હું અટકાવીશ.

આ પ્રમાણે તે સ્ત્રીની આશ્વાસના કરી તુરત મુનિની પાસે જઇ તેમને મસ્તકવતે પ્રણામ કરીને હરિશ્ચંદ્રે કહ્યું કે.

હે સ્વામી ! હે મોટી બુદ્ધિવાળા ! તમે તપ કરીને પોતાના દેહને શા માટે બહુજ પીડો છો ? આ તમારો આરંભ શામાટે છે? સાચું કહો. હે વિશ્વામિત્ર ! તમે તુરત ઉઠો ઉઠો, જે તમારી ઇચ્છા હોય તેને હું સફલ કરૂં. હવે પછી તપ કરવું બંધ રાખો. હે સર્વજ્ઞ ! મારા દેશમાં દારૂણ અને લોકોને પીડા કરે એવું ઉગ્ર તપ કોઇએ કદી પણ કરવું નહિ.

આ પ્રમાણે વિશ્વામિત્રને અટકાવીને રાજા પોતાને ઘેર ગયો અને વિશ્વામિત્ર મુનિ મનમાં તપથી અટકાવાનો ક્રોધ રાખીને બીજા સ્થાનકમાં ગયા. જઇને વિશ્વામિત્ર વિચાર કરવા લાગ્યા કે "મને તપથી અટકાવ્યો એ રાજાએ કેવું ભુંડુ કામ કર્યું. વસિષ્ઠના વખાણના પ્રમાણે એ રાજા ધર્માત્મા હોય તો મને અટકાવેજ કેમ." આવી રીતે મનમાં ક્રોધ ભરાવાનેલીધે વિશ્વામિત્રે હરિશ્ચંદ્રનું ભુંડું કરવાનો મનમાં

વિશ્વામિત્ર ગોઠવ્યો મનમાં ઘણી રીતે વિચાર કરી એક ભયંકર શરીરવાળો નંદનને સૂવર બનાવી હરિશ્ચંદ્રના દેશમાં મોકલ્યો. મોટી કાયાવાળો ઉગ્ર સૂવર ઘુરઘુ નાદ કરતો અને વાડીના રક્ષકોને ત્રાસ ઉપજાવતો રાજાની વાડીમાં ગયો. માલતી કદળી અને જુઇઓના સમૂહોને વારંવાર કપાવવા લાગ્યો. દાંતથી વસ્તીને ઉખેડવા લાગ્યો. ચંપક, કેતકી, મલ્લિકા, કરવીર, અને ઉશીર આદિ શુભ અને કોમળ વૃક્ષોને ઉખેડી નાખીને વાડીમાં કદન કરવા લાગ્યો. વાડીના સઘળા રક્ષકો હથીઆર લઇને તેના ઉપર દોડયા. અત્યંત આતુર વર્ણના માળીઓ હાય હાય કરીને બરકવા લાગ્યા. રક્ષકોએ તેને બાણોથી મારવા માંડયા, તોપણ તેઓથી ત્રાસ નહિ પામતા એ કાળસરખો સૂવર ઉલટો રક્ષકોને પીડવા લાગ્યો. તે સમયે અત્યંત ભયથી દમોએના રક્ષકો રાજાને શરણે ગયા અને અમારી રક્ષા કરો એમ ધ્રુજતાં ધ્રુજતા બોલવા લાગ્યા. તેઓને ભયભીત થઇને આવેલા જોઇ રાજાએ પુછયું કે તમોને શો ભય છે અને શાથી ભય થયો છે તે મને કહો. હું દેવથી કે રાક્ષસોથી પણ બીતો નથી, હે રક્ષકો! તમો કોણે બીવરાવવાથી અહીં આવ્યા છો તે મારી આગળ કહો. જે દુર્બુદ્ધિ ખળ પુરુષ લોકમાં મારો શત્રુ થયો હશે તે અભાગીઆને હું એક બાણથી કાપી નાખીશ. દેવ કે દાનવ ગમે તે હશે પણ તેને સર્જના પ્રાણોથી મારી નાખીશ. એ શત્રુ ક્યાં છે, તેનું કેવું રૂપ છે અને કેવું બળ છે?

રક્ષકોએ હાથ જોડી જવાબ આપ્યો કે—હે રાજા! એ દેવ, દૈત્ય, યક્ષ કે કિન્નર નથી પણ વાડીમાં મોટી કાયાવાળો કોઇ સૂવર ઉભેલો છે, એ સૂવર ફુલ ફળ ઝાડોને દાંતથી ઉખેડી નાખે છે. એણે, ભારે, વેગથી સઘળી વાડીને વીંખી નાખી છે. હે મોટા રાજા! અમોએ એના ઉપર બાણ, લાકડીઓ તથા બીજા હથીયારોના ઘા કરયા પણ તેઓથી નહિ બીતાં ઉલટો અમને મારવા દોડે છે.

આ પ્રમાણે તેઓના વચન સાંભળી ક્રોધથી વ્યાકુળ થએલો રાજા તુરત ઘોડાપર ચડીને વાડીમાં ગયો. હાથી, રથ, ઘોડા અને પ્યાદાંઓવાળું મોટું સૈન્ય સાથે લઇ ઉત્તમ વાડીમાં ગયો. ત્યાં ઘુરઘુરાટી કરતો ભયાનક મોટો સૂવર તેના જોવામાં આવ્યો. સૂવરને જોઇ તથા વાડીને ભાગી નાખેલી જોઇ ક્રોધથી વ્યાપ્ત થએલો રાજા તુરત ધનુષ ખેંચી તેમાં બાણ ચડાવીને તે સૂવરને મારવા દોડયો. ક્રોધથી વ્યાકુળ થએલા

એવો સંસ્કાર આ પુસ્તક કરાવી શકે. ત્યારે ઉદ્યમી અને બુદ્ધિમાનને કોઇ કારણથી થયેલી દલગીરી મટાડી સ્વાશ્રયથી ઉદ્યમમાં પ્રવર્તાવે એમાં કાંઇ આશ્ચર્ય નથી. બીજાં માત્ર વખતને ગુમાવનારાં અથવા તો જનસ્વભાવોના ચિતારથી આનંદ અને ઉપદેશ આપનારાં નાટકો કે વાર્તાઓના કરતાં આવા વિષયનાં પુસ્તકો જો લખવામાં આવે અને ભાષાંતર કરવામાં આવે તો તે એટલાં બધાં લાભ કારક થઇ પડે કે સીમા. આ પુસ્તક સ્વાશ્રયી લોકોના જીવનચરિત્ર જેવુંજ છે. શૂરવીર, વિદ્વાન, દેશાભીમાની, ધાર્મિક, વિગેરે મહાન પુરૂષોનાં જન્મચરિત્રો પણ એટલાજમાટે લોકને હિતકારક થઇ પડે છે કે જેનાં વાંચનથી લોકોને સ્વાશ્રયથી ઉદ્યમી થઇ આગળ પડવાની ઉત્કંઠા થાય છે. અને એમ થાય તો કોઇ નહિ તો કોઇ પડે પણ. વાચનથી પરિપૂર્ણતા આવે છે એમ જો કોઇ અનુભવિયોનો સિદ્ધાંત હોય તો તે આવાં સ્વાશ્રય કે સદ્ગુણોનાં પુસ્તકોનાં વાંચનથીજ આવે છે. જેઓનામાં બોલવા ચાલવાની અને વાંચવાની શક્તિઓ હોય તેઓને અમે, આ પુસ્તક વાંચવાની ભલામણ કરીયે છીયે. પણ એટલું યાદ રાખવું કે જેમ જેમ ઉમ્મર ઓછી તેમ તેમ વાચનમાં ફાયદો વધારે સમજવો.

આ પુસ્તકમાં ઘણા વિષયોથી ભરેલાં ૧૩ પ્રકરણો છે, તેમાં પેહેલા પ્રકરણમાં જાતમેહેનત, બીજામાં ઉદ્યોગની રણભૂમિના નાયકો, ત્રીજામાં કુંભાર જાતિના કુળદીપક, ચોથામાં અખંડ ઉદ્યોગ તથા આગ્રહ, પાંચમામાં સૃષ્ટિજન્ય પદાર્થોનાં શાસ્ત્રો પાછળ સતત ઉદ્યોગ, છઠામાં કલાકૌશલ્યના કારિગરો, સાતમામાં ઉદ્યોગ અને અમિરાત, આઠમામાં હિમ્મત અને હોંશ, નવમામાં કામના સચોટ કરવાવાળા અને સંસારવ્યવહારના વીર પુરૂષોવિષે, દસમામાં નાણું, અગીયારમાં જાતકેળવણીવિષે અથવા પોતે પોતાના પિંડને સુધારવાવિષે, તથા તેમાં કેવાં સુખ-દુઃખ આવે છે તે વિષે, બારમામાં દાખલા અને દ્રષ્ટાંતથી કેવી અસર થાય છે તેવિષે, અને તેરમામાં સદ્વર્તન વિષે. એ નામના મથાળાવડે ઘણા વિવેચનથી લખવામાંઆવ્યું છે. ભાષા સેહેલી અને સમજાય તેવી છે અને રચનારની મેહેનત પણ કાંઇ થોડી ઘણી નથી. છસો પાનાનાં પુસ્તકની કીંમત રૂા. ૩) છે. અસંતોષ માત્ર આ વખતે એટલોજ રહે છે કે આપણા દેશનાં નામ ઠામ કે દૃષ્ટાંતનું આ પુસ્તક નથી કે જેથી વધારે આનંદને આપણે પાત્ર થઇ. હવે તે પણ કાલયોગે આપણે અથવા આપણા પાછલના લોકો જોશે એવો પણ દિવસ આવશે

(તથાસ્તુ) આ વિષયના પ્રમાણ ઓ અત, રીમા રમી રહેલા હોવાથી આ પુસ્તકના લખનારજ જો હિંદુસ્થાન અથવા ગુજરાતના પ્રાચીન પુરૂષોના દૃષ્ટાત આપી આવુ એક પુસ્તક બહાર પાડશે તો ગુજરાતી પ્રજા ઉપર દ્વીગુણતર ઉપકાર થશે -

' शशिकलानाटक અ પુસ્તક તેના રચનાર ગ ગ લલુભા / નાના ભાઇ તરફથી અમને મળ્યુ છે તે ઉપકાર સહિત સ્વી ારિયે છિયે આ શશિકળાની મૂળ વાત ભગવતી ભાગવતમા આવેલી છે અને તે વાત ઉપ રથી આ નાટક બ ાાવવામા આવ્યુ છે અયોધ્યાના રાજા ધ્રુવસધીને મ નોરમા અને લીલાવતી એ બે રાણીયો હતી મનોરમાને સુદર્શન પુત્ર થયો અને લીલાવતીનો શત્રુજિત્ પુત્ર થયો ધ્રુવસધી મરણ પામતા પોતાના નાનાના બળથી શત્રુજિત રાજગાદીનો વારસ થયો અને રાજ્યના ખરા અધિકારી સુદર્શનને વનવાસ થયો વનવાસમા ફરતા ભરદ્વાજના આશ્ર મમા રહી તેણે વનચરોની દશામા માતાસહિત દિવસો ગાળવા માડ્યા એક દિવસ ભગવતીના બીજમત્રનો અનાયાસે ઉચ્ચાર થતા દેવી તેની દશા જોઇ પ્રસન્ન થયા અને ત્યારપછી તેના ઉપર તેની અનન્યભક્તિ વધતી ચાલી સુદર્શને વનમા રહી વયની સાથે વિદ્યા અને પરાક્રમ મેળવ્યા અને તે ધીરે ધીરે કાશીના મહારાજા સુબાહુના દરબારમા પોચી ગયા સુબાહુને શશિકળા નામની કુશળ કુમારિકા હતી તેના સાભળવામા આ વતા તેનુ મન સુદર્શન પર બધાયુ વિવાહયોગ્ય વય થતા સુબાહુએ સ્વય વર કરવા ધાર્યો તેને વિવેકયુક્તિથી અળમાનીને ભગવતીની કૃપાથી તે કન્યા લગ્નવિધિથી સુદર્શનને પરણી અને સુદર્શન શત્રુઓનો પરાજય કરી અયોધ્યાનો રાજા બન્યો અને પ્રજાને તથા પોતાની માતાઓને સતોષ આપનાર થયો

આ વાતનો મુદ્દો છે તેમા સુદર્શનનુ પરાક્રમ, શશિકળાની કામાતુર અવસ્થા વિગેરે પ્રસગોનુ વર્ણન આપ્યુ છે રા લલુભાઇએ પ્રથમ પ્રયત્નમા ઠીક શ્રમ લીધો છે હવે પછી એથી પણ વધારે શ્રેષ્ઠતાને યોગ્ય પુસ્તક તેના હાથથી લખવાને વાટ જોઇયે છિયે ભાષા સેટની છે, કવિતા જમાનાને અનુસરતી છે અને સર્વવાતોના સમુદાયે પુસ્તક વાચવા જેવુ છે કીંમત રૂપીયો 1

શેઠ પુરુષોત્તમ ઓધવજીનાં સ્ત્રી બાઈ માણેકવહુનો સ્વર્ગવાસ.

લખવાને ખેદ થાય છે કે આ બાઇ સં- ૧૯૪૫ના ફાગણ વદી ૨ ભોમવારને રોજ સ્વર્ગવાસી થયાં છે. એનો જન્મ સં૦ ૧૯૦૭ની શાલમાં શ્રાવણ વદી ૩૦ને રોજ થયો હતો. પોતાના માતાપિતાના હાથ-નીચે ઘરકેળવણી પામ્યા પછી યોગ્ય વય થતાં ૧૯૧૯ના માઘ વદી ૧૧ ને રોજ શેઠ પુરૂષોત્તમ સાથે તેનાં લગ્ન થયાં. શેઠ પુરૂષોત્તમ આ વખતે ઠીક ઠીક સ્થિતિમાં હતા. આ વખતે તેઓ પોતાના પિતા ઓધવજીભાઇ તથા મોટાભાઇ લીલાધરભાઇ સાથે રેહેતા હતા. કાલયોગથી બન્નેભાઇનું જુદું પડવું થયું. અને ૧૯૨૨ની શાલમાં ઓધવજી શેઠ સ્વર્ગવાસી થયા. આ વખતે માણેક વૌની ૧૫-૧૬ વર્ષની અવસ્થા હતી. તેમણે આવતાં વેંત ઘર-કામ ઉપાડી લીધું હતું અને તે પોતાના સસરાના મરણ પછી વધારે જણવામાં આવ્યુ. શેઠ પુરૂષોત્તમને માણેકવૌની હુશીયારીનેલીધે બીલકુલ ચિંતા રહી નહિ. એ બાઇ આજની પેઠે નિશાળે કેળવણી લેવા બેઠાં ન હોતાં પણ તેના પતિના પ્રયત્નથી તેમણે ઠીક ઠીક ભાષાજ્ઞાન મેળવ્યું હતું, તે તેને ઉપયોગી થતું હતું. આ બાઇ મોટાં થતાં ગયાં તેમ તેમ શેઠ પુરૂપોત્તમની પૈશા સંબંધી હાલત સુધરતી ગઇ. તે બાઇને પ્રથમ એક વલ્લભદાસ નામનો પુત્ર થયા અને તે પછી થોડે વર્ષે બીજા વસનજી નામે પુત્ર થયા. ગ્રહસ્થાશ્ર-મનું યોગ્ય સુખ લેતાં લેતાં ૧૯૪૩ શાલમાં મોટા પુત્ર વલ્લભદાસનું મરણ થતાં તેનાં માતાને તેની બહુ અસર લાગી અને તેનેલીધે તે બાઇનું શરીર વ્યાધિ-ગ્રસ્ત થયું. પુત્રનો વિયોગ એવોજ અસહ્ય છે. છેવટ એ બાઇએ એજ વ્યાધિમાં એક પુત્ર અને ત્રણ પુત્રિને પોતાના સ્વામીને સોંપી સ્વર્ગવાસ કર્યો. સર્વ કરતાં મનુષ્યની હાનિ છે તેના જેવી બીજી કોઇ નથી. પ્રથમ પુત્ર ખોયો અને પછી તેની માતા ખોઇ તેથી શેઠ પુરૂષોત્તમને ઘણી હાનિ થઇ છે.

એ બાઇ સ્વભાવે ભલાં અને માયાળુ હતાં. કામ કરવામાં તે દૃઢસં-કલ્પ હતાં. ઘરનાં નાનાં મોટાં માણસો સારાં કામમાં તેની સલાહ લેતાં. પોતે ધારેલું કામ તે બીજાને સમજાવી પાર પાડી શકતાં, ઘણાં ગરીબ સ્થિતિનાંને તે દયા કરતાં અને સૌ સાથે માયાળુ રેહેતાં. અનુકૂળ સ્વભાવનાં એ બાઇએ પોતાના મરણથી પોતાના પુત્રમરણનો સમય પણ તાજો કરી આપ્યો છે. જગતમાં સુખ છેજ નહિ અને ઇશ્વરના ઘર આગળ કોઇનું જોર નથી માટે એમનાં સબંધીને સદ્વિચારમાં મન વાલવા અને ભલામણ કરિયે છિયે.

मणिरत्नमाला

(सबंध पान २४ थी)

करवो नहि अर्थात् तेने आधीन थइ न जवु आम जो इंद्रियो नियममा रहे तो ते शत्रु छतां पण मित्रना सरखु काम करे छे

को वा दरिद्रो हि विशालतृष्ण
श्रीमांश्च को यस्य समस्ति तोष ।
जीवन्मृतो कस्तु निरुद्यमो य
को वाऽमृता स्यात् सुखदा निराशा ॥ ५ ॥

अर्थ

शिष्य—हे स्वामी ! दरिद्री कोण केहवाय ?
गुरु—जे घणी तृष्णावाळो होय ते दरिद्री केहवाय
शिष्य—लक्ष्मीवाळो कोण केहवाय ?
गुरु—जेने संतोष होय ते लक्ष्मीवाळो केहवाय
शिष्य—जीवता छता मुएलो कोण केहवाय ?
गुरु—[वस्तुनेमाटे ज] उद्यम नथी करतो ते जीवते मुवो केहवाय
शिष्य—अमृतना जेवु सुख आपनारी कोण छे ?
गुरु—जे निराशा छे तेज अमृत जेवु सुख आपनारी छे

टीका

अनेक प्रकारना सुखभोगनी लोलुपता रह्या करे ते तृष्णा केहवाय अथवा पोतानी पास धन होय तो पण तेने सग्री राखी बीजा पासेथी बीजा धननी आशा करी मागवु तथा मुदलमा वधारो करवा धंधो करवो ते स्वभावनु नाम तृष्णा केहवाय एवा अति तृष्णावाळो होय छे ते दरिद्री केहवाय छे अर्थात् जेने खावा पीवा न मळतु होय तेवा रांक भीखारी जेवो तेने समजवो जेने पोतानो निर्वाह चाले एटलु पोतापासे होय तेम छतां जे वधारे वधारे भेळु करवाने उद्यमाथी उठी आरपो चोळतो प्रभातना पो होरमा हडी काढे छे तेज दरिद्री, तेज मूर्ख अने तेज पशु जेवो समजवो एक दृष्टांत एवु छे के जेम कोइ एक कीडी केटलाक चोखाना दाणा एकठा करी लावी तथा गोळनी कांकरीओ ताणी लावी, तेवामा कोइ मरेली माखी सांभरी आवी तेथी तेने ताणी लाववा गइ जता जता कोई

माणसे पेसाब कर्यो तेमां तणाई मांडमांड तेमांथी बची तोपण फरीने मरेली मांखीने लेवा गई, पण एटलेथी अटकीने पोताना दरपासे आवी नहि. तेम सिद्धांत ए के जे माणसना घरमां छए रस संपूर्ण भर्या होय तेम छतां तेने वावर्या विना नवा नवा रस मेळववा जाय अने तेमां घणुं दुःख पामे तोपण ते तजे नहि, ते माणस नहि पण उपली कीडी जेवो समजवो. आवी रीते जे करवुं ते अति तृष्णा केहेवाय. एवी तृष्णावाळो विशाळतृष्ण केहेवाय अने तेज दरिद्री केहेवाय. जे ब्राह्मण होय तेणे तो तेवी तृष्णा राखवीज न जोइए. कह्युं छे के,

असंतुष्टा द्विजा नष्टाः संतोषी च महीपतिः ।

जे ब्राह्मणो असंतोषी एटले तृष्णावाळा छे ते नाश पामेलाज समजवा अने जे पृथ्वीनो पति संतोषी छे एटले जे होय तेमांज संतोष राखी रहे छे ने कांई वधाराने इच्छतो नथी ते नाश पामेलो छे एम समजवुं.

संतोष जेने न होय ते नाश पामेलो छे एम प्रत्यक्ष जणाई रहे छे माटे ब्राह्मणे तो घरमां एकाद दिवसनुं अन्न होय तो बीजा धंधा उपर धावु न जोईए. तेणे तो संतोष राखीने ईश्वरनुं भजन करवुं जोईए. कदि घरमा खावानुं न होय तो दिवसनो एक पहोर ईश्वरनी भक्तिमां गाळीने त्यार. पछी पेट भरवानो धंधो करवो जोईए. आप्रमाणे शास्त्रोपण आज्ञा करे छे माटे जे तेनी आज्ञा न पाळे ते नीचमां नीच केहेवाय. आ उपरथी जेने घणी तृष्णा होय ते दरिद्री एम समजीने तृष्णानो त्याग करवो अने संतोष ग्रहण करवो एम समजवानुं छे. केम के—

संतोषामृततृप्तानां यत्सुखं शांतचेतसां ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावतां ॥

संतोषरूपी अमृतथी तृप्त थयेला शांतचित्तवाळाने जे सुख छे ते सुख आमतेम दोडता धनादिकनी लालच करनाराओने क्यांथी होय?

जेने सर्व वाते संतोष छे तेज श्रीमान् (लक्ष्मीवान्) छे. जेने घणुं अन्न भर्युं होय ते अन्नने नथी इच्छतो, जेने घणां वस्त्रो बांधेलां पड्यां होय ते वस्त्र नथी इच्छतो अने जेने घणुं धन पासे होय ते धनने इच्छतो नथी ए व्यवहारनी रीतिमां संतोषी गणाय छे. पण तेनी पेठे जेने अन्न वस्त्र के धन आदि कांईपण पासे न होय तेम छतां कशी पण इच्छा न करे तेम

खरो सतापी केहेवाय तेने कोईपण वस्तुनी इच्छा थाय नहि न होय तोपण इच्छा न थाय एतो महा कठण काम छ परतु ज होय तेमां सतोप माने तोपण ते सतापीन छे इच्छा करवी ते असतोप अने इच्छा न करवी ते सतोप सतोपथी जे सुख थाय छ ते अवधी छे तेमा पण ब्राह्मणने तो ए सतोप सुखनी साथे अतिपय पवित्रता आपनार छे केम के-

शुचिर्भूमिगत तोय शुचिर्नारी पतिव्रता।
शुचि॰ क्षेमकरो राजा सतोषी ब्राह्मण शुचि॰ ॥

पृथ्वी उपर रहेतु पाणी पवित्र छे, पतिव्रता स्त्री पवित्र छे, कल्याण करनारो राजा पवित्र छे अने सतोपवाळो ब्राह्मण पवित्र छे ।

आ उपरथी अेम न मानी वेसवु के ब्राह्मणज सतोप राखी शके अने तेज पवित्र जे सतोप राखे ते राखी शके अने जे राखे ते पण ते ब्राह्मणनी पेठे पवित्रज छे, अने जे अेवा पवित्र होय ते मानने लायक छे आ उपरथी एम समजवु के सौ सतोप राखवो जोईए केमके न सतोपात् पर सुख [सतोपथी वीजु कोइ वधारे सुख नथी] परतु ब्राह्मणनेमाटे आ सद्गुण वधारे उपयोगी छे अने तेणे ते राखवानी वधारे जरुर छे खरी

ज उद्यम न करे ते जीवते मुएलो छे आही उद्यम करवा योग्य वस्तु ईश्वर समजवा ईश्वर छ तेज वस्तु छ त विना वाकी जे कांई छे ते वस्तु नथी ए इश्वरने ओळखवानो उद्यम करवो तेज खरो उद्यम छे बाकी धन कमावु घर चणाववु, दिकरा दिकरीना विवाह करवा मोटाइ मेळववा तथा नातमा नाम राखवा मोटा वरा करीने तथा लाणा करीने धामधुमथी धन वापरवु मोटा अधिकार मेळववा, दूर देशना देशाटण करवा अने ते शिवाय जे कांई जगतना प्रपच रचवा अन साचु खोटु करवु ते कांई खरो उद्यम केहेवाय नहि

श्री भागवतना एकादश स्कधमा कह्यु छे के मनुष्यने परमेश्वर पामवा कांई कठणनथी परतु द्रव्य पामवु ए घणु कठण छे केमके पेहेला तेने मेळवता दु'ख थाय छे, तेने साचवतां दु ख थाय छे, चोर चोरी जाय अथवा राजा दडी ले तेना विचारथी दु ख थाय छ, अने मोटा मोग वरा करता वरी जाय तो ओछु थयानी चिंता थाय छे एम अनेक दु ख धन मेळवना थाय छे एने मेळवता जे दुःख पडे छे ते विचारीये तो खरेखर आपणने उपर लखेलु खरु लागे॰ केटलाक तो धनना लोभनेमाटे अति दु ख देनारां अप

र्मनां काम करे छे ने पापथी डरता नथी अने परमेश्वरने पामवाने कांई पण प्रयत्न करता नथी. आवी रीते परम तत्वरूप परमेश्वर मेळववाने प्रयत्न नहि करतां बीजा प्रपंचो कर्या करे छे ते जीवते मुवा जेवाज छे माटे एवो बोध अहीं लेवो जोईए के बीजा प्रपंच नहि करतां परमेश्वरने ओळखवा प्रयत्न करवु. केम के तेने मेळवतां दुःख सर्व दूर थाय छे अने परमसुखनी प्राप्ति थाय छे.

जेनुं मन आशावगरनुं छे तेने राज्यादिकनुं सुख पण कांई गणतीमां नथी अने जे आशाना पाशमां सपडायेला होय छे तेओने गमे तेटलुं सुख छतां पण ते महादुःख भोगवे छे. जेनुं मन आशाने आधीन थयुं ते आखा जगतना गुलाम जेवो बने छे अने जेनुं मन आशावगरनुं छे ते सघळाने गुलाम बराबर गणी पोते परम आनंदमां रहेछे.

अने तेथीज निराशा ए अमृत जेवुं सुख आपनारी छे कह्युं छे केः—

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखं ।

आशा एज परम दुःख छे अने निराशा एज परम सुख छे.

निराशा एटले कोईपण पदार्थनी आशा राखी न रेहेवुं ते. पिंगळा नामनी वेश्या ज्यारे पोतानी आशा पूर्ण न थई अने घणुं दुःख पामी त्यारे तेणे उपरनां वाक्य प्रमाणे आशा छे ते परम दुःख छे तथा निराशा छे ते परम सुख छे एम निश्चय करी आशानो त्याग करी सुखथी सुती. तेम जो आशानो त्याग करे छे ते सुखे सुवे छे. आशा राखनारने आखा जगतनुं दास थईने रहेवुं पडे छे परंतु जे आशाने दासी करे छे एटले आशाने जीते छे तेने आखु जगत् दासरूप छे. अर्थात् जेणे निराशाने ग्रहण करी तेज सुखी थाय छे अने ते सुख अमृतना जेवु छे. आ उपरथी दुःख देनारी आशानो त्याग करीने निराशाने ग्रहण करवी एवो बोध लेवानो छे.

पाशो हि को यो ममताभिधानः
संमोहयत्येव सुरेव का स्त्री ।
को वा महांधो मदनातुरो यः
मृत्युश्च को वापयशः स्वकीयं ॥ ६ ॥

अर्थ

शिष्य–हे स्वामिन्! पाश कोने केहेवो?

गुरु–जेनु नाम ममता केहेवाय ते पाश जाणवो.

शिष्य–मदिरानी पेठे मोह कोण उपजावे छे?

गुरु–स्त्री छे ते मदिरानी पेठे मोह उपजावनारी छे

शिष्य–मोटो अध काण?

गुरु–जे कामदेवथी आतुर थयेलो होय ते

शिष्य–मृत्यु एटले शु केहेवाय?

गुरु–पोतानो अपयश थाय तेज मृत्यु केहेवाय

टीका

जेनु नाम ममता केहेवाय ते पाश जाणवो गळामा दोरीनो दुवो देवामां आवे छे तेने गळाटुवो अथवा गळाफासो कहे छे ए गळाफासो एटले पाश समजवो ममता छे तेज ते पाश छे आ देह हु छु, मारा जेवो कोइ जगत्मा नथी, हुज विद्यावान् छु, हुज धनवान् छु, हुज रूपवान् छु हुज मोटो छु, हुज समजु छु, आ मारु धन आ मारु, धाम, आ मारी स्त्री, आ मारा पुत्र, आ मारो परिवार अने आ मारा सगा एम मनमां मानवु, नात जातमा तड पाडवा, नीचने नमवु पण बरोबरीयाने न नमवु अने पोतानु मान राखता अति दु ख अने अडचण पडे तो पण अभिमान मेल्वु नहि तेनु नाम ममता केहेवाय छे ए ममता छे तेज खरो पाश छे माटे आ उपरथी एम सार लेवानो छे के ममताने मली देवी जगतमा ममता छे तेज दु खनु मूल छे ममत्व टळ्यु एटले सर्व दु ख क्लेशनी निवृत्ति सहजमा थाय छे ममत्वथी खोटु ते साचु लागे छे, साचु ते खोटु लागे छे अध्यात्मादितापोने आपनार पण ममत्वज छे घणा घणा महाराजाओ रणसंग्राममा मराया छे अने मोटा राज्यो बधा वली गया छे ते पण ममत्वथीज घणा घणा लोको धनादिकने मेली पोताना प्राणने पण यमपुरीना परोणा करे छे ते ममत्वथीज झाझु शु केहेवु पण आपणे जे अनेक जन्ममरणना फेरामा फसाईए छिए ए पण ममत्वथी ए ममत्व मटी गयु एटले महा सुखरूप दशानी प्राप्ति थाय छे माटे ममत्वना पाशने विवेकरूप कातरथी कापी नाखवो

स्त्री छे तेज मदिरानी पेठे मोह उपजावनारी छे. आटलामाटे मदिरा जेवी तो शुं पण मदिरारूप लखवामां पण वधारे पडतुं नथी. गोळ वगेरे पदार्थोमांथी बनती अपवित्र मदिरा घणी जातनी होय छे. ते मदिराओ जे अविवेकी लोको तेने ग्रहण करे छे तेनेज मात्र मोह उपजावे छे, परंतु स्त्रीरूप मदिराए तो आखा जगतनेज देखवामात्रमां मोह पमाडयु छे मोहमां मूर्छा पमाडी देनारा घणा पदार्थो आ स्त्रीनी आगळ हलका पडे छे. केमके ते पदार्थो खावा विगेरे उपयोगमां आव्याथीज पोतानु बळ देखाडे छे परंतु आ तो दर्शनमात्रमांज सर्वने मोहित करे छे. स्त्रीना दर्शनथी मोह पामेला, विद्वान् छतां मूर्ख बने छे, चतुर छतां भान भूले छे, मनुष्य छतां वानर थई जाय छे, देखतां छतां कांई जोई शकता नथी, श्रवणशक्ति छतां कांई सांभळी शकता नथी. मात्र खातां पीतां, उठतां बेसतां, अने सर्व व्यवहारमां ए मादक वस्तुनेज आगळ तरती जोया करे छे. आ केटलो वधो मोह छे ' खावाना पदार्थोनो मोह तो घडीये बे घडीये के एकाद दिवसे उतरे अने कोइ अपस्मार जेवा रोगथी थयेली गांडाइ बे चार दिवसे पण मटे परंतु स्त्रीना दर्शनथी लागेलो मोह तो बाळकथी मांडीने घरडा सुधी मरणपर्यंत छोडतो नथी. अरेरे एटलेथीज क्यां छुटको छे ? एना मोहना तो एवा झपाटा लागे छे के अन्य जन्ममां पण तेनी असरथी घणां घणां दुःखनुं पात्र थवुं पडे छे अने मनुष्यजन्मथी करी लेवानु शुभ कार्य रखडी पडे छे के जेनेमाटे बीजीवार वारो आववानी आशा राखी शकाती नथी. विद्वान अने मूर्ख ए सर्व ने, ए स्त्रीरूप मायाथी थयेलो मोह क्षणवार पण सद्विचार करवा दे तो एना जेवो कोई भाग्यशाळी नाहि. अहो हाडका-चामडाथी बनेलां पूतळामां आ केवी मादकता के जेणे आखा जगतने पोताना पाशमां लइ लीधुं छे ? ए वस्तुने मेळववी, तेने उपयोगमां लेवी, तेनुं संरक्षण करवुं, अने एने दुःखे दुःखी अने एने सुखे सुखी थईने कुंभारना चाकडानी पेठे फर्या करवुं एवी स्थिति आ जगतमां कया माणसनी नथी थई ? साधारणनी तो वातज नहि पण महा तपस्वी अने विचारवान पुरुषो पण ए मादक वस्तुथी क्षणवार पण मोह पाम्या छे, अने ईश्वरावतारो पण तेनाथी दूर रही शक्या नथी. वधारे दाखलानी कांई आंखे प्रसक्ष देखाती वातमां जरुर पडे तेम नथी. वधारे तो शुं पण निर्विकार परमात्मा पण पोतानी मायाशक्तिने वश थई गयेला जेवा

जणाय छे तो प्राणीवर्गनी तो वातज शी करवी ? साराश ए के स्त्रीजातना जेवो माह बीजी एके वस्तु करती नथी स्त्रीनी वात, स्त्रीना दर्शन, स्त्रीना चित्र, अने स्त्री जेमा मुख्य होय तेवा समाज विगेरेमा सर्वनी प्रवृत्ति थाय छे एटलुज नहि पण खानपान विगेरे पण ते कारण सह विसरी जवाय छे ते तेना मोहकपणाथीज मोटा राजाओ पोताना राज्यपाट खोई बेठा छ, महा तपस्वीओ पोताना तपने खोई बेठा छे, अने पतग जेम अग्निमा पडी नाश पामे तेम ए स्त्रीना ससर्गथी थयेला मोहथी मरणरूप पाशमा पडी घणा नाश पाम्या छ गृहस्थ* थया होय, तेने कार्यपरत्वे स्त्रीरूप मादकपदार्थनो अगीकार अने ते उपर प्रेम ससारमा अनुचित गणातो नथी, पण ते पक्षमा पण विवेकदृष्टिथी जोवानी बहु जरूर छे परतु तेथी व्यतिरिक्त आश्रमवाळाने तो स्त्रीसबधी वातो पण कानपर लेवानी के तेना चित्रो पण जोवानी जरूर नथी तो पछी प्रत्यक्ष जोवानी तो वातज शी करवी ? केम के ए एवो मोहक पदार्थ छे के सघळी जातनो विवेक भुलावीने जादुनी पेठे मनने खेची लइ भूल खवरावे छ आम थवानु कारण शु हशे ते जाणवु काई कठण नथी आगळ जे छ शत्रु ओ कह्या छे तेमानो पेहेलो शत्रु जे काम छे ते काम स्त्रीरूप मोहक पदार्थमा मोह करावे छे माटे ते पदार्थ उपर क्रोध नहि करता क्रूर स्वभावना कामनेज सीक्षा करी तेने गळी नाखवो अथवा तो तेने ईश्वरपदनी प्राप्ति जेवी शुभ इच्छारूप करी देवो मननी दुष्ट भावनानेलीधे सुदरता, प्रियता, अने उपयोगीपणु मानवामा जे भूल थाय छे तेमा सामी वस्तुनो शो अपराध छे ? महात्मा उदार पुरुषो आटलामाटे पोतानी कामना सर्वनो नाश करीने एवी वस्तुनी भावना करताज नथी पण अरे आवा महात्मा विवेकी पुरुषो जगतमा घणा थोडा जोवामा आवे छे केम के स्त्रीरूप मोहक मदिराए महात्माओनो पाक

---

* गृहस्थाश्रममा रहेनारे ते आश्रमना धर्म पाळवामाटे पाणिग्रहण करवु पडे छे तेने तेम थया पछी परस्पर ममता अने एकत्र थवु पडे छ ते ते आश्रम चालवाना पक्षमा सांसारिक रीतमा सुखरूप छ अने तेम थवु जोईएज पण अति आसक्ति अथवा विवेक वगर ? आम तथा तमा दु ख क्लेश अने जन्म मरण प्राप्त थाय छ तेतो प्रसिद्धज छे माटे प्रथमाश्रम वानप्रस्थ साधनसयुक्त थइ स्वरूप गृहस्थ आश्रमे धार्मिकने जीती पछी निरासक्त थई ते ससारथी छुटवानु लक्ष राखवु जोईए नहिंतर पछी आपत्ति कुवामा पड्या रह्या तो पाछो तेमाथी निकळवानो वारो क्यारे आवशे ते निश्चय नथी


घणो ओछो करी नांखेलो छे. एटलामाटे केहवानी जरूर छे के ए मोहक मदिरारूप स्त्री गमे तेवी करूपडी नीच कुलनी अने सुगामणी हशे तोपण ते भुलाव्या विना रेशे नहि तो रूपवान स्त्रीनी तो वातज शी करवी? जेओ लाज मर्यादावाळी स्त्रीओ होय छे तेओ तो बहार फरती नथी अने कोइने मुख देखाडती नथी परंतु निलज्ज अने मर्यादा वगरनी होय छे तेओ चारे कोरे भटक्या करे छे तेथी नजरे पडवानो संभव छे. तेमाटे गमे तेवी स्त्री होय ते अपवित्र मदिराना जेवी मोहक जाणी तेनी सामु पण जोवुं नहि. जेओने परिपूर्ण विवेकदृष्टिथी भेदबुद्धि टळी न होय तेओना अंतःकरणमांथी कामनाओ नीकळती नथी, अने तेनेलीधे इंद्रियोना भोगोमां अभिरुचि निरंतर वधतीज रहे छे. आवा भोगनी इच्छावाळाओ सघळु देखतां छतां अंध बनी जाय छे. आटलुंज नहि पण पोताना हृदयचक्षुने पण तेओ फोडी बेसे छे. ज्यारे हृदयचक्षु फूटयु त्यारे पछी, पाप पुण्य के सारु नरतुं कांइ तेओने सूजतुं नथी अने चारे कोरे ठेसो खाता भुंडेहाले आथड्या करे छे. आवाओ स्त्रीरूप मदिराना भाहेथी कोइ रीते बची शकता नथी. जेओ जगतनी उपर मोटो उपकार करनारा तपस्वी अने जेओ सर्व भोगोथी भरेला होय छे तेवाने पण स्त्रीरूप मदिरा मोह करी दे छे त्यारे उपरना पामर प्राणीनी शी वात? पाराशर, इंद्र, चंद्र, अने विश्वामित्र जेवाओ के जेना पराक्रमनो सहस्त्रांश पण कोईथी थाय नहि तेओनी इतिहासमां अपकीर्ति आपणे कांइक सांभळीये छिये तेपण ए स्त्रीरूप मदिराना मोहकपणाथीज. ए मोहिनीथी मोह पामेला पामर मनुष्य प्राणीओ केवां केवां पाप करे छे तेनो टुको दाखलो एक लख्यो छे.

भारतखंडमांहिना वागड देशमां एक कोई राजानो कारभारी घणोज कामी हतो. काळनी प्रबलताथी पोतानी स्त्रीने गर्भ रह्या छतां पण ए अविवेकी अंध तेना संयोगथी विराम पाम्यो नहि. एटलुज नहि पण बाळकना जन्मथी तेनी माताना स्तनमां भरायेलुं दुध धवाई जवाथी ते ग्रंथीओ उपभोगजेवी नहि रहे विगेरे हाडकाचामडाना नीच विचारोनुं निरंतर स्मरण करनार ते अभागीए प्रसूतिकालनो समय प्राप्त थतां बालकने जोर जुलमथी मारी नाखवानी फरज पाडी अने तेम नहि करे तो स्त्रीने पण त्याग करवानी बीक देखाडी, जेथी तेने आधीन थईने टुकी बुद्धिनी स्त्रीए ते नीचं काम कर्युं. शिव शिव! केवु साहस, केटलुं अज्ञान, अने केवो

(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ.	વૈશાખ, સંવત્ ૧૯૮૫	અંક ૭ મો



॥ यतो धर्मस्ततो जय ॥

अवसर न आववाविषे

पद

અવસર વીત્યો નહિ આવે,—અવ
પળની ખબર નથી પડતી આ, લોક સદા સમજાવે,—અ
બાળપણામા રમત ગમતમા, રહિ રગખાણ મચાવે,
તરુણપણામા તરુણી તુને, નૌતમ નાચ નચાવે,—અ૦
વૃદ્ધપણે પરવશતા પીડે, ચિંતા ચિત્ત તપાવે,
કાલ અકાલે આવી પડતા, કયા બન કોઇ બચાવે?—અ૦
કૂડ કપટ છળનાળા કર્મો, કોને કાજ કરાવે,
તન ધન જન બળ બુદ્ધિતણુ તુ, શુ અભિમાન ધરાવે?—અ૦
ચપળ ચિત્ત ચપળ આ કાયા, દુ:ખ અનેક બનાવે,
પથ ગ્રહણ કર પુણ્ય થવાનો, દાન દયા કર દાવે,—અ૦
માનવજન્મ અમૂલ્ય મળ્યો તે શીદ વૃથા વણસાવે,
ભય હરનાર કેશવ હરિગુણ, કેમ ભમેલ ન ભાવે?—અ૦

संतुष्टपणाविषे

शार्दूलविक्रीडित

આવ્યો ઉત્તમ જન્મ શુદ્ધ કુલમા, મત્તા મળી આપડી,
જે આનદ મદાય તે ઉરયને, આપી ગયો આપણુ,
કીધા કર્મ, કરે પવિત્રપણથી, કીર્તિ કરી લોકમા,
મોઘો માનવ જન્મ આ સફળ છે, શાને રહુ શોકમા?
પાળ્યો ધર્મ પવિત્ર મર્મ સમજી, ચાલ્યો સદાચારમા,
શીખ્યો સાર વિચાર ને વિનયથી આ શ્રેષ્ઠ સસારમા,
રાખ્યા જે પ્રિય ચદ્રચૂડ ચરણો, આ ચિત્તના ચોકમા,
મોઘો માનવજન્મ આ સફળ છે, શાને રહુ શોકમા?

सत्यमूर्ति महाराजा हरिश्चंद्रनी सत्यता.

(સબંધ પાને ૧૦૯ થી)

આ પ્રમાણે હરિશ્ચંદ્રનું વચન સાંભળી વિશ્વામિત્રે હસીને તે સમયે તેને કહ્યું કે-" હે ભાગ્યશાળી રાજા ! આ તીર્થ પુણ્યકારી, પવિત્ર અને પાપનો નાશ કરનાર છે; માટે અહી સ્નાન કરો અને પિતૃઓનું તર્પણ કરો. આજ ઘણો પવિત્ર સમય છે; માટે આ પવિત્ર તીર્થમાં નાહીને તમારી શક્તિ પ્રમાણે દાન દીઓ. ' જે ધણી મહાપવિત્રતીર્થમાં આવીને નાહ્યાવિના જાય, તે જન્માંતરમાં આત્મહત્યા કરે એમ સ્વાયંભુવ મનુએ કહ્યું છે; એટલા માટે આ ઉત્તમ તીર્થમાં નાહીને તમારી શક્તિ પ્રમાણે' પુણ્ય કરો પછી હું તમને માર્ગ દેખાડીશ એટલે તમે નગરમાં જજો. હે સૂર્યવંશી રાજા ! તમે દાનથી રાજી કર્યો એટલે પછી માર્ગ દેખાડવા સારૂ હું તમારી સાથે આવીશ."

આ પ્રમાણે મુનિનું કપટ ભરેલું વચન સાંભળી રાજા લુગડાં ઊતારીને નદીમાં વિધિ સહિત નાહવા સજ્જ થયો. મુનિના વચનથી મોહ પામી ઘોડાને ઝાડની સાથે બાંધીને અવશ્ય ભાવિ પદાર્થના યોગને લીધે રાજા તેમને વશ્ય થઇ ગયો. રાજાએ સ્નાનવિધિ કરી પિતૃ તથા દેવતાઓનું તર્પણ કરીને વિશ્વામિત્રને કહ્યું કે "હે સ્વામિ! હવે હું તમને દાન આપીશ. ગાય, પૃથ્વી, સોનું, હાથી, ઘોડા, રથ, વાહન કે બીજું પણ જે કાંઇ લેવાની તમારી ઇચ્છા હોય તે હમણાં આપું. મારે ન દેવા જેવી કોઇ વસ્તુ નથી એવો મારો પેહેલાંનોજ નિયમ છે. એ નિયમ મે રાજસૂય નામના ઊત્તમ યજ્ઞમાં મુનિઓની સમક્ષ પણ લીધેલો છે. એટલા માટે, આ ઊત્તમ તીર્થમાં તમે મળ્યા છો તો હવે જે તમારી ઇચ્છા હોય તે કહો તમે જે કેહેશો તે હું આપીશ."

વિશ્વામિત્ર કેહે છે.—હે રાજા! પૃથ્વીમાં પ્રથમ મે તમારી મોટી કીર્ત્તિ સાંભળી છે અને વસિષ્ઠે પણ મારી પાસે વાત કરી છે કે 'હરિશ્ચંદ્ર જેવો બીજો કોઇ પણ પૃથ્વીમાં દાતા નથી. સૂર્યવંશનો હરિશ્ચંદ્રરાજા સર્વ રાજાઓમાં ઊત્તમ છે. તેના જેવો દાતા થયો નથી અને થશે પણ નહીં. ત્રિશંકુના પુત્ર હરિશ્ચંદ્ર જેવો પૃથ્વીમાં કોઇપણ મોટો ઉદાર નથી.' એટલામાટે હે રાજા! આજ હું તમારી પાસે માગુ છું કે મારા દીકરાનો વિવાહ કરવાનો છે તો તેનેવાસ્તે ધન આપો.

હરિશ્ચંદ્ર કહે છે—હે બ્રાહ્મણોમા ઉત્તમ ! સુખેથી વિવાહ કરો તમા રા માગવા પ્રમાણે આપીશ તમે જેટના ધનને ઇચ્છતા હશો તે હુ અ વશ્ય પુરતી રીતે આપીશ

આ પ્રમાણે રાજાના વચન સાભળી ઠગવામા તત્પર થએના વિશ્વામિત્ર મુનિએ ગાન્ધર્વી માયા પ્રકટ કરીને રાજાને એક સુન્દર પુત્ર અને નવયના કન્યા દેખાડયા દેખાડીને કહ્યુ કે "હે રાજાઓમા ઉત્તમ ! આ વર કન્યાનો હમણા વિવાહ કરવાનો છે તમે કે જે ઉત્તમ ગૃહસ્થ છો, તેમને આજ બ્રાહ્મણના કરાકરીનો વિવાહ કરી દેવાથી રાજસૂય કરતા પણ અધિક પુણ્ય થશે " આ પ્રમાણે વિશ્વામિત્રનુ વચન સાભળી તેમની મા યાથી મોહપામેલો રાજા 'હા હુ આપીશ' એટલુજ બોલ્યો, બીજુ કાઇપણ બોલ્યો નહીં પછી વિશ્વામિત્રે માર્ગ દેખાડતા રાજા પોતાના નગરમા ગયો વિશ્વામિત્ર પણ રાજાને ઠગીને પોતાના આશ્રમમા ગયા પછી વિવાહને વિધિ પુરો કરી વિશ્વામિત્ર અયોધ્યામા આવીને તે સમયે અગ્નિહોત્રની શાળામા ઉભેલા રાજાને કહ્યુ કે "હે રાજા ! આજ આ અગ્નિહોત્રની વેદિ માત્ર મને જે જોઇએ છે તે દાન આપો " રાજાએ કહ્યુ કે "હે બ્રાહ્મણ ! તમારે શુ જોઇએ છે તે કહો જે જોઇતુ હશે તે ન દેવા જેવુ હશે તોપણ આપીશ હમણા આ સસાર મા યશ મેળવવાની મારી ઇચ્છા છે જે માણસ વૈભવ પામ્યા છતા પણ પરલોકમા સુખ આપનાર શુદ્ધ યશને મેળવે નહીં તેનુ જીવવુ વ્યર્થ છે "

વિશ્વામિત્ર કહે છે—'હે મોટા રાજા ! આ અત્યત પવિત્ર વેદિના મધ્યમા વગરે હાથી, ઘોડા, રથ અને રત્નોથી ભરપૂર સઘળી સામગ્રીઓ વાળુ તમારુ રાજ્ય આપો "—મુનિનુ વચન સાભળી તેમની માયાથી મોહ પામેલા રાજાએ દૈવયોગને લીધે કાઇપણ વિચાર કર્યા વગર 'આપુ ' એમ કહ્યુ અને અતિ કઠોર વિશ્વામિત્રે 'લીધુ ' એમ કહ્યુ પછી વિશ્વા મિત્રે કહ્યુ કે "હે રાજેન્દ્ર ! હે મોટી બુદ્ધિવાળા ! આ દાનમા જેવી જોઇએ તેવી દક્ષિણા આપો જે દાન દક્ષિણા વગરનુ હોય તે નિષ્ફળ થાય છે, એમ મનુએ કહ્યુ છે, માટે દાનને સફળ કરવા સારુ શાસ્ત્રમા કહ્યા પ્ર માણે દક્ષિણા આપો " વિશ્વામિત્રનુ વચન સાભળી બહુજ વિસ્મય પા મેલો રાજા બોલ્યો કે "હે સ્વામિ ! હમણા મારે કેટલુ ધન આપવુ તે કહો હે મહારાજ ! દક્ષિણાના નિશ્ચયનુ જે પ્રમાણ હોય તે કહો હે

તપસ્વી ! તમે નિશ્ચિંત રહો. દાનને પરિપૂર્ણ કરવા સારૂ હું પુરતી દક્ષિણા આપીશ." રાજાનું વચન સાંભળીને વિશ્વામિત્ર બોલ્યા કે "હમણાં અઢી ભાર સુવર્ણ રૂપ દક્ષિણા આપો." રાજાએ 'આપીશ' એમ કહ્યું. પછી પોતાની પાસે ધન નહીં હોવાથી 'આ મે શું કરયું' એમ રાજાને મોટો વિસ્મય થયો. આ સમયેજ એ રાજાની સેનાવાળાઓ કે જેઓ માર્ગ ભુલાઇ જવાને લીધે વનમાં રાજાથી છુટા પડયા હતા તેઓ શોધતા શોધતા આવ્યા અને ત્યાં વ્યગ્ર થએલા રાજાને જોઇ મળવાના આનંદથી ભાગ્યનાં વખાણ કરવા લાગ્યા. સેનાવાળાઓની વાત સાંભળી કાંઇ પણ શુભ અશુભ નહીં બોલતાં પોતે કરેલા કામનો વિચાર કરતો રાજા પોતાના અંતઃપુરમાં ગયો. 'જેમાં આ સર્વસ્વ આપી દેવું પડયું એવા દાનનો મેં કેમ સ્વીકાર કરયો. વગડામાં જેમ લુટારાઓ ઠગી જાય તેમ બ્રાહ્મણે મને ઠગી લીધો. તપસ્વી બ્રાહ્મણે સહસા મને ઠગી લીધો. દૈવના કૃત્યની ખબર પડતી નથી. હાય દૈવ ! હવે શું થશે' એવી ચિંતામાં પડેલો રાજા વિકલ થઇને ઘરમાં આવ્યો. પતિને ચિંતામાં પડેલો જોઇ રાણીએ તેના કારણ વિષે પુછ્યું કે "હે સ્વામી ! તમે કચવાએલા કેમ જણાઓ છો. હમણાં શી ચિંતા છે તે કહો. આપણો દીકરો વનમાંથી આવ્યો અને વળી તમે રાજસૂય પણ કરી લીધો; તે છતાં શા માટે શોક કરો છો. શોકનું જે કારણ હોય તે કહો. તમારો ક્યાંય દુબળો કે બળવાન્ કોઇ પણ શત્રુ નથી. વરૂણ દેવ પણ સંતોષ પામ્યા છે. પૃથ્વીમાં તમે સઘળાં કામ કરી લીધાં છે તે છતાં શા માટે શોક કરો છો. ચિંતાથી દેહની ક્ષીણતા થાય છે અને ચિંતા સમાન કોઇ પણ દુઃખ નથી, માટે હે રાજાઓમાં ઉત્તમ! હે વિચક્ષણ ! ચિંતા છોડી દીઓ અને સ્વસ્થ થાઓ" આ પ્રમાણે સ્ત્રીનું પ્રીતિ ભરેલુ વચન સાંભળ્યું તો પણ રાજાએ પોતાની ચિંતાનું કાંઇપણ શુભ કે અશુભ કારણ કહ્યુ નહીં. ચિંતાથી ઘેરાએલા રાજાએ ભોજન કર્યું નહીં અને શયનમાં સુતો તોપણ તેને નિદ્રા આવી નહી. સવારમાં ઉઠીને એ ચિંતાથી પીડાએલો રાજા સંધ્યા આદિ ક્રિયા કરતો હતો તેટલી વારમાં વિશ્વામિત્ર આવ્યા. એ સર્વસ્વ હરી લેનારા મુનિએ દ્વારપાલ પાસે ખબર કેહેવરાવી. અંદર આવીને, વારવાર પ્રણામ કરતા રાજાને કહ્યું કે "હે રાજા ! તે વચનથી આપવા સ્વીકારેલું રાજ્ય અને તેની દક્ષિણારૂપ સુવર્ણ મને દે. હવે તારૂં વચન સત્ય કર" રાજા બોલ્યો કે "હે સ્વામી ! હે વિ-

સ્વામિન! રાજ્ય કે જે હમણા મે તમને આપી દીધુ છે તે છોડી દઇને હુ બીજા સ્થળમા જઇશ તમે ચિંતા નહીં કરો હે મહારાજ! તમે મારૂ સર્વસ્વ શાસ્ત્ર રીતિ પ્રમાણે લઇ લીધુ છે, માટે દાન ઉપરની સુવર્ણરૂપ દક્ષિણા આપનામા હમણા હુ અશક્ત છુ હમણા સઘળુ રાજ્ય તમને આપી દઉ છુ, પણ તેના ઉપરની દક્ષિણા તો કાળના યોગથી જ્યારે પાછુ મારી પાસે ધન આવશે ત્યારે આપીશ" રાજાએ મુનિને એ પ્રમાણે કહીને પછી પોતાના પુત્રને અને રાણીને કહ્યુ કે "આ બ્રાહ્મણને વેદીમા ઉભીને મે મારૂ હાથી, ઘોડા, રથ, રત્ન અને સુવર્ણોથી ભરપૂર મોટુ રાજ્ય આપી દીધુ છે ત્રણ શરીર વિના બીજુ સઘળુ આપી દીધુ છે માટે હુ અયોધ્યા છોડીને કોઇ ઘાટા વનમા જઇશ સઘળી સમૃદ્ધિવાળા આ રાજ્યને વિશ્વામિત્રમુનિ ભલે સારીરીતે ભોગવે" વિશ્વામિત્રને માન આપતો એ મહાત્મા હરિશ્ચંદ્ર રાજા પોતાના પુત્રને અને સ્ત્રીને એ પ્રમાણે કહીને પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો રાજાને જતો જોઇ ચિંતાથી આતુર થએલા અને રાંક મોહોડાવાળા તેના સ્ત્રી અને પુત્ર, બન્ને તેની પછવાડે ચાલ્યા તેઓને જતા જોઇ નગરમા મોટો હાહાકાર વ્યાપી ગયો અયોધ્યામા રહેનારા ન ઘણા પ્રાણિઓ કોલાહલ કરવા લાગ્યા કે "હાય હાય! હે રાજા! તમે શુ કામ કર્યું આ કલેશ ક્યાથી આવ્યો પોતાનુ નારેનુ કરનારા જે તમને ઠગ્યા છે" રાજાને રાણી અને મહાત્મા પુત્રની સાથે એ સ્થિતિમા જતો જોઇ ગામમા સર્વ વર્ણો તે સમયમા દુ:ખ પામ્યા દુ:ખથી પીડાએલા બ્રાહ્મણ આદિ વર્ણો વિશ્વામિત્રને 'દુરાચાર અને ક્રૂર છે એમ કહીને ધિક્કારવા લાગ્યા એ નગરમાથી બાહાર નીકળીને વિશ્વામિત્રે વનમા જતા રાજાને મળીને કઠોર વચન કહ્યુ કે 'હે રાજા! મને સુવર્ણરૂપ દક્ષિણા આપીને પછી જજે" જો તુ એમ કહે કે 'હુ દેવા સ્વીકારેલુ સોનુ નહીં આપુ' તો હુ એ સોનું છોડી દઉ છુ તારા હૃદયમા લોભ હોય તો સઘળુ રાજ્ય પાછુ લે અને તુ આપી દીધેલુ છે એમ માનતો હોય તો દક્ષિણા દેવાનુ જે સ્વીકાર્યું છે તે પણ દે" અત્યંત રાંક ચિત્તવાળા હરિશ્ચંદ્ર રાજાએ, ઉપર પ્રમાણે બોલતા વિશ્વામિત્રને પ્રણામ કરી સામા હાથ જોડીને નીચે પ્રમાણે કહ્યુ

હરિશ્ચંદ્ર કહે છે—હે મુનિઓમા ઉત્તમ! હે સારા નિયમોવાળા! હુ પ્રતિજ્ઞા કરૂ છુ કે તમને સુવર્ણ આપ્યા વિના અન્નનુ ભોજન નહીં ક-

ચિંતા છોડી દ્યો. હે સ્વામી ! હું કે જે સૂર્યવંશમાં ઉત્પન્ન થએલ, રાજસૂયનો કરનાર અને મનુષ્યોને મનવાંછિત આપનાર ક્ષત્રિય રાજા છું તે યદૃચ્છાથી આપીને પછી ના કેમ પાડું. મારા ઉપર જે ઋણ છે તે મારે અવશ્ય આપવું છે. તમે નિશ્ચિત રહો. તમે મનથી ઇચ્છેલું સુવર્ણ હું આપીશ પણ મને ધન મળે ત્યાં સુધીના સમયની વાટ જુવો.

વિશ્વામિત્ર કેહે છે—હે રાજા ! તારાં રાજ્ય, ભંડાર અને સૈન્ય કે જે ધનનાં સાધન હતાં તે ગયાં તો હવે પછી તને ધનની પ્રાપ્તિ ક્યાંથી થશે? તને હવે ધનની આશા વૃથા રેહે છે. હું શું કરૂં. તું કે જે નિર્ધન છે તેને લોભથી પીડતાં મને લાજ થાય છે, માટે હમણાં તુ 'નહી આપું' એમ કહી નાખ્ય એટલે હુ મોટી આશા છોડી દઇને જ્યાં મને ગમે ત્યાં જાઉં.

ચાલ્યાજતા રાજાએ આ પ્રમાણે વિશ્વામિત્રનું વચન સાંભળી તમને ઉત્તર આપ્યો કે "હે મહારાજ ! ધીરજ રાખો. હુ ગમે તેમ કરીને પણ આપીશ. મારો, મારી સ્ત્રીનો અને મારા પુત્રનો દેહ હજી સ્વાધીન છે તો દેહોને વેચીને પણ હુ તમને ઋણ આપીશ. હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! અયોધ્યા પુરીમાં કોઇ અમારો ગ્રાહક થતો હોય તો જુવો. નહીંતર હુ કાશીમાં જઇ ત્રણે દેહને મૂલ્યથી આપીને દાસ થઇએ એટલે તમે અઢીભાર સોનુ લઇને સંતુષ્ટ થજો.' આમ બોલતો હરિશ્ચંદ્રરાજા પોતાની સ્ત્રી અને પુત્ર સહિત કાશીપુરીમાં ગયો કે જ્યાં પાર્વતીજીની સાથે સાક્ષાત્ સદાશિવ રહ્યા છે. મનને આનંદ આપનારી તે નગરીમાં જઇને રાજાએ કહ્યું કે "આ સુંદર નગરીનાં દર્શન થવાથી હુ કૃતાર્થ થયો છુ." પછી ગંગાજીની પાસે આવી નાહી દેવઆદિનું તર્પણ તથા દેવપૂજન કરીને તેણે જવાને વાસ્તે માર્ગ જોવા માંડયો. દિવ્ય કાશીપુરીમાં પ્રવેશ કરીને તે રાજાને વિશ્વાસ આવ્યો કે 'આ નગરી કોઇ મનુષ્યની નથી પણ સદાશિવની છે; માટે અહીં કાંઇક સારૂં થશે' દુઃખથી પીડાએલો એ રાજા સ્ત્રીની સાથે કાશીમાં પગે ચાલ્યો જતો હતો. ત્યાં દક્ષિણા લેવા સારૂ પાછળ આવેલા વિશ્વામિત્ર તેના જોવામાં આવ્યા. તેમને આવેલા જોઇ વિનયથી નમી હાથ જોડીને હરિશ્ચંદ્રે કહ્યું કે "હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! આ મારા પ્રાણ, મારી સ્ત્રી અને મારો પુત્ર છે તેઓમાંથી તમારે જેનું કામ હોય તેને લીઓ. બીજું પણ જે કાંઇ અમારૂં કામ હોય તે આપે કેહેવું જોઇએ.

વિશ્વામિત્ર કહે છે—તમે મને દક્ષિણા આપવાની એક મહિનાની અવધિ કહી હતી, માટે જો તમારા વચનનું તમને સ્મરણ હોય તો આજે એ અવધિ પૂરી થવાને લીધે મને દક્ષિણા દેવી જોઇએ

હરિશ્ચંદ્ર કહે છે—હે મહારાજ! હે જ્ઞાન તથા તપના બળવાળા! હજી અવધિ પૂર્ણ થઇ નથી પણ તેમાં અર્ધો દિવસ બાકી છે, માટે તે પૂરા થવાની વાટ જુવો વધારે વાટ જોવાની નથી

વિશ્વામિત્ર કહે છે—હે રાજા! ત્યારે ઠીક હું આવતી કાલે આવીશ પછી જો તે સમયે તું નહીં આપે તો હું તને શાપ દઇશ

આ પ્રમાણે કહીને વિશ્વામિત્ર ગયા પછી રાજા ચિંતા કરવા લાગ્યો કે "મેં જે સ્વીકારી છે તે દક્ષિણા હું વિશ્વામિત્રને શી રીતે આપી શકીશ મને ધન આપે એવા સંપત્તિવાળા મિત્રો મને આ નગરીમાં ક્યાંથી મળે અને બીજી રીતે મને હમણા ધન ક્યાંથી મળે રાજાને પ્રતિગ્રહ કરવાનો દોષ છે, માટે માગવાથી માગવાનું પણ શી રીતે બની શકે ધર્મશાસ્ત્રોમાં દાન, અધ્યયન અને યજન એ ત્રણજ રાજાઓની વૃત્તિઓ છે એમ નિશ્ચય કરેલો છે દક્ષિણા આપ્યાવિના જો હું એમજ પ્રાણ છોડી દઉં તો બ્રાહ્મણનું ધન ન આપવાના પાપને લીધે મારે નિરયમાં નીચ કીડો થવું પડે, અથવા પ્રેત થવું પડે, માટે તે કરતાં શરીરને વેચવું એજ સારૂં છે" આ પ્રમાણે રાજાને વ્યાકુળ, શોક, ચિંતા કરતો અને મોઢાડું નીચું કરી ઉભેલો જોઇને તેની આંખો આંસુથી ગદ્ગદ્ વાણીવડે તે સમયે કહ્યું કે "હે સ્વામી! ચિંતા છોડી દ્યો અને સ્વધર્મ પાળો સત્યથી રહિત થએલો મનુષ્ય, પ્રેતના પેઠે ત્યાગ કરી દેવા યોગ્ય થાય છે હે પુરૂષોમાં સિંહ તુલ્ય! પુરૂષોને સત્ય પાળવાથી અધિક બીજો કોઈ પણ ધર્મ નથી એમ વિદ્વાનો કહે છે જેનું વચન મિથ્યા થાય તેની અગ્નિહોત્ર, અધ્યયન અને દાન આદિ સઘળી ક્રિયાઓ વ્યર્થ થાય છે સત્ય બોલનારા બુદ્ધિમાન પુરૂષો સંસારમાંથી અત્યંત તરે છે, અને ખોટું બોલનારા અજિતેંદ્રિય પુરૂષો નરકમાં પડે છે, એમ ધર્મશાસ્ત્રોમાં કહેલું છે એક રાજા રાજસૂય તથા સો અશ્વમેધ યજ્ઞ કરીને સ્વર્ગમાં ગયો હતો પણ એકવાર ખોટું બોલવાને લીધે ત્યાંથી ભ્રષ્ટ થયો હતો" આ પ્રમાણે સ્ત્રીના વચન સાંભળી રાજા બોલ્યો કે "આપણા વંશની વૃદ્ધિ કરનારો આ એક પુત્ર છે તેથી તેને વેચવો એ શાસ્ત્રવિરૂદ્ધ છે અને સ્ત્રીને પણ વેચવી નહીં એવી શાસ્ત્રની આજ્ઞા છે, માટે હે પ્રિ'

તું ડાહાપણની વાતો કરે છે પણ આવા સંકટમાં મારે શું કરવું તે તુંજ કહે." સ્ત્રી બોલી કે "હે રાજા! તમારૂં વચન મિથ્યા નહીં હોવું જોઈએ એટલામાટે મને વેચીને બ્રાહ્મણને દક્ષિણા આપો. પુત્ર ઉત્પન્ન થાય એજ સ્ત્રીઓને રાખવાનું ફળ છે તો એ ફળ તમને થઇ ચુકુ છે; માટે હવે મને રાખવાનું ફલ નથી." આ વચન સાંભળી રાજા મૂર્છા પામી ગયો. પાછી સજ્ઞા આવતાં અત્યંત દુઃખથી વિલાપ કરવા લાગ્યો. કે 'હે પ્રિયા! તું મને આમ કહે છે એ મોટું દુઃખ છે. હું કે જે પાપી છું તે પ્રેમ ભરેલાં મંદહાસ્ય સહિત તારાં ભાષણોને ભુલી ગયો એમ તું માને છે કે શું. હાય હાય. હે સ્વચ્છ હસવાવાળી! તારે આવું બોલવું જોઇએ કે? તું આ ન, બોલવાનું વચન કેમ બોલે છે" સ્ત્રીને વેચી નાખવાનું જેને મન થતુ ન હતુ એવો રાજા એટલા વચન બોલી મૂર્છાથી અત્યંત ઘેરાઇને ધરતીપર પડી ગયો. મૂર્છાથી ધરતીપર સુતેલા તે રાજાને જોઇ બહુજ દુઃખ પામેલી તેની રાણી દયામણી રીતે વિલાપ કરવા લાગી કે "હે મોટા રાજા! હાય. આવુ સંકટ કોના કોપથી આવ્યું કે જેને લીધે, ઉત્તમ શયનમાં સુવા યોગ્ય તમે આ સમયે રાંકની પેઠે ધરતીપર પડયા છો. જે રાજાએ બ્રાહ્મણોને કરોડો ધન આપેલાં છે તે મારો પતિ આજ ધરતીપર સુતેલો છે હાય હાય. હે દૈવ! આ રાજાએ તારૂં શુ ભુંડું કર્યું છે કે જેને લીધે ઈંદ્ર તથા વિષ્ણુ સરખા રાજાને તે આવી નીચ દશામાં પોહોચાડેલો છે." પતિના દુખના અસહ્ય ભારથી દબાએલી તે રાણી આટલાં વચન બોલીને ધરતીપર પડી ગઇ. એ જોઇ મહા દુઃખ પામેલો અને ભૂખથી વ્યાપ્ત થએલો તેઓનો બાલક પુત્ર બોલ્યો કે "હે બાપ! હે બા! મને અન્ન આપો. હે મા! મને જમવા આપો. મને બહુજ ભુખ લાગી છે. મારી જીભની અણી બહુજ સુકાય છે. (અપૂર્ણ.)

चर्चापत्र.

મેહેરબાન તંત્રી સાહેબ.

સાથેનું ચરચાપત્ર આપનાં પ્રૌઢ માનપત્ર ચોપાનીઆના આવતા અંકમાંજ કૃપા કરી દાખલ કરશો. એ ચરચાપત્ર માર્ચ માસનાં પ્રિયંવદામાં આવેલા શાસ્ત્રી શંકરલાલનાં રચેલ ચંદ્રપ્રભા ચરિત્રના વિવેચન ઉપર હોવાથી વ્યાજબી રિવાજ મુજબ તેજ ચોપાનીઆના તંત્રીને મે પ્રથમ મોકલેલુ હતું. પણ તેમણે તે દાખલ કરવાનું કબૂલ ન કરવાથી

આખગ આપના ઉપર મોકલવાની જરૂર જણાઇ છે તેમને મેં જે નકલ મોકલી હતી, તે તેમણે પાછી પણ કેમ જાણે શા કારણથી ન મોકલી તેથી આ નકલ મારી પાસે પ્રથમની એક અપૂર્ણ નકલ હતી તે પરથી તથા સ્મૃતિથી તૈયાર કરવી પડી છે માટે બનેના અક્ષરે અક્ષર મળતા નહીં આવે, તોપણ મતલબ બની એની એજ છે

પ્રિયવદાના તત્રીએ મણિલાલ નભુભાઇ હોવાથી તથા વિવેચનને અતે બીજી કઇ સૂચના ન હોવાથી તે વિવેચન પણ તેમનુજ કરેલ હોવુ જોઇએ, એમ ધારી આ ચર્ચાપત્ર પણ તેમનેજ સબોધીને લખવામા આવેલ છે, અને કેટલાક કારણથી તે અક્ષરે અક્ષર આજ પ્રમાણે છાપવાની જરૂર છે, માટે તેમ કરવા હુ આપને વિનતિ કરૂ છુ

નિ ચરચાપત્ર લખનાર

રા રા પ્રિયવદાના તત્રી સાહેબ,

આપના ગયા માર્ચ માસના ચોપાનિઆમા ગિરધરકવિ શાસ્ત્રી ગઉરલાલના રચેલા ચન્દ્રપ્રભા—ચરિત્ર નામના પુસ્તકપર જે વિવેચન આવેલુ છે, તેના સબધમા મારે થોડુ લખવાનુ છે, તે કૃપા કરી આપના માન પામેલ ચોપાનિઆના આવતા અકમા સ્થાન કરશોજી

આપે તે પુસ્તકવિશે કરેલી ટિકામાની કેટલીક તો અગીકાર કરવામા કઇ હરકત નથી, પણ કેટલીકની સત્યતા માટે બહુ વાંધો લેવો પડશે પ્રથમ તો આપે તે પુસ્તકવિશે ટીકા કરતા જે ભાષા વાપરેલી છે, તે અયોગ્યરીતે સખ્ત છે, અને આપના જેવા, હાલના કેટલાક ઉછાછળા ગ્રંથકારોમા નહી ગણાતા, પ્રૌઢ વિદ્વાનને ન શોભે તેની છે આપ લખો છો કે, "પ્રખ્યાત બાણકવિના ગ્રન્થનુ આપણા વિદ્વદ્વર રા છગનલાલ પડ્યાએ અપૂર્વ ભાષાતર કર્યું, ત્યારપછી, લોકોમા એવોજ વા વાયો છે કે બધાજ બાણ બની જઇએ " ત્યાર પછી એની મતલબનુ લખો છો, કે ક્ષુદ્ર લેખકો જે એની રીતે અનુકરણ કરીનેજ રહે છે, તેમના હવાતિઆવિશે અમે મૌનજ ધારણ કરી રાખ્યુ હતુ, "પણ પડિતવર ગિરધરકવિને પણ તે માર્ગે જવાનો વિચાર થયેલો જોઇ કાઇક બોલવા ઇચ્છીએ છીએ " આવી રીતે લખીને, રા છગનલાલના કરેલ કાદમ્બરીના ભાષાતરપરથી તેનુ અનુકરણ કરનાર વર્ગમા કવિશ્રીને ગણી કાઢીને આપે એક મોટી ભૂલ કરી છે એટલુજ નહીં પણ આ અને ત્યારપછીનુ

પણ કેટલુંક વક્રોક્તિ ભરેલુ લખાણ, કે જેમાં આપ ઉપરથી એમ બતાવવાને પ્રયત્ન કરો છો કે આપ તે આ કવિને લાગુ પાડવાને નથી ઇચ્છતા, તે એક સભ્ય અને વિચારવંત લેખકથી ન લખાય તેવું છે.

આપ જાણતા નહીં હો, કે ચંદ્રપ્રભાચરિત્ર કાદમ્બરીનું એ ગુજરાતી ભાષાંતર પ્રસિદ્ધ થયા પહેલાં છપાયલું છે. અને **આર્યધર્મપ્રકાશ** ચોપાનિઆંમાં તે છૂટક છૂટક લખાઇને આવતુ. એ તો ગુજરાતી છે. અને શાસ્ત્રીજીના રચેલ મૂલ સસ્કૃતનું તેમના બે મુખ્ય વિદ્યાર્થીઓએ કરેલ ભાષાંતર છે; માટે તે મૂળ સંસ્કૃત તો કાદમ્બરીના ભાષાંતર પહેલાં કરેલું વહેલુ લખાયલું હોવું જોઇએ, એ આપજ વિચાર કરો. ત્યારે આપરથી આટલું તો નિઃસંશય સિદ્ધ છે, કે **ચંદ્રપ્રભાચરિત્ર** આપના લખાણપરથી સૂચવાય છે તેપ્રમાણે, કાદમ્બરીના **ભાષાતરપરથી** થયેલ તેનું અનુકરણ નથી. હવે આપ કદાચ એમ કહેવા માગતા હો, કે કાદમ્બરીના **મૂલસંસ્કૃતપરથી** થયેલ એ અનુકરણ છે તો તેના જવાબમાં કહેવાનું નીચે મુજબ.—આપ પ્રથમ લખો છો, કે "વસ્તુનુંજ અનુકરણ કર્યું છે એટલુંજ નથી પણ ભાષાનું એ અનુકરણ કરેલું છે" આ વિચાર પ્રમાણે પ્રથમ ભાષાના અનુકરણ માટે બોલી, પછી વસ્તુના અનુકરણ માટે હું બોલીશ.

ભાષાના અનુકરણ માટે પ્રથમ તો એ કે, આપે ચદ્રપ્રભા ચરિત્ર મૂલ સંસ્કૃત હજુ છપાઇ બહાર પડેલ ન હોવાથી તે વાંચેલ નહી હોય, એટલે તે વિષે ભાષાંતર ઉપરથીજ એકદમ વિચાર આપી દેવો એ દીર્ઘદૃષ્ટિનું કામ નથી. તોપણ, ભાષાંતર ઉપરથી મૂલની શૈલીનો વિચાર આવી શકે છે, એમ ધારીએ, અને તેથી મૂલ સસ્કૃતની ભાષા પણ કાદમ્બરીની ભાષાને મળતીજ છે, એમ કદાચ એક વાર કબૂલ રાખીએ. તોપણ આમ શા માટે ન હોય, કે કવિ શ્રીશંકરલાલજીને બાણ, કાલીદાસ, દન્ડી, માઘ આદિ બીજા સંસ્કૃત મહાકવિઓના રચેલા ઉત્તમ સંસ્કૃત ગ્રન્થોનો ઘણો પરિચય અહર્નિશ હોવાથી, તેમની પોતાની સંસ્કૃત ભાષા પણ સંસ્કારને લીધે ઘણે દરજ્જે તે પ્રાચીન સંસ્કૃત કવિઓની ભાષાના જેવી સ્વાભાવિક રીતેજ થઇ ગઇ હોય? અને જો એમ હોય તો આ પુસ્તકમાં જણાતું ભાષાનું મળતાપણું એ ખાસ **અનુકરણ** ન જ કહેવાય; તથા તે કોઇપણ રીતે દોષ પાત્ર નથીજ; પણ ઉલટુ કેટલીક રીતે માનને પાત્ર છે; કારણ કે. આવી ઉત્તમ ભાષાનો સંસ્કાર મેળવો બહુ મુશ્કેલ છે; અને આ કવિના બહાર પડેલા

સંસ્કૃત ગ્રન્થો, સાવિત્રી ચરિત્ર નાટક, અનુભવાભ્યુદય અને ભોગવતી ભાગ્યોદય, સેવ્યસેવક ધર્મ ઇત્યાદિ, એ એમના સંસ્કારના નમુના છે, તથા તેમાંનો કોઇ પણ ગ્રન્થ (મૂળ સંસ્કૃત) લઇ વાંચી જોવાથી સહેજજ જણાઇ આવે છે, કે એ સંસ્કૃત વિદ્વાનની ભાષા શૈલી કેવી સરલ, છટાદાર, અને સહજ માધુર્યવાળી છે. અમે તો એમજ કહીએ છીએ, કે એક ચંદ્રપ્રભામાંજ નહીં, પણ એમના દરેક પુસ્તકમાં એમની સંસ્કૃત ભાષા પુરાતન સંસ્કૃત લેખકોની ભાષાનું અનુકરણ છે, એટલે કે એના જેવી છે. એ એમનો દોષ નથી, પણ એક ખુબી છે. તે છતાં એ બાબત પર યોગ્ય ધ્યાન ન આપતાં એકદમ પોતાનો ગમે તેવો મત આપી દેવો એ લાંબા વિચારવાળાનું કામ નથી. આવા અનુભવી અને વિદ્વાન લેખકના વિશે વિચાર આપતાં ખુબ તપાસવાનું છે.

આપનો બીજો વિચાર, જેમાં આપ જણાવો છો, કે ચંદ્રપ્રભા ચરિત્રના વસ્તુમાં પણ કાદમ્બરીનું અનુકરણ છે, તેની સાથે અમે એક રીતે મળતા છીએ, અને વળી કહીએ છીએ કે માત્ર વસ્તુમાંજ નહીં પણ વસ્તુના સંકલનામાં પણ કાદમ્બરીનું અનુકરણ છે. પણ જોવાનું એ છે, કે કાદમ્બરીના ગહન વસ્તુ સંકલનાનું એટલી ફતેહમંદ રીતે અનુકરણ કરવું એ કંઇ સહેલું કામ નથી. હાલના કેટલાક ખરા વિદ્વાન વર્ગમાં ગણાતા લેખકોમાંના પણ ઘણાખરાથી તો એ કામ બનવું લગભગ અશક્ય છે. અમે તો જોઇને ખુશી થઇએ છીએ, કે એ વસ્તુ સંકલનાનું એટલી ફત્તેહથી અનુકરણ કરવાનું એવું દુર્ઘટ કામ સારી રીતે પાર ઉતારવામાં તો કવિ શંકરલાલને બીજાના કરતાં શક્તિની કાંઇક વિશેષતા અને વખાણવા લાયક કુશળતા બતાવી છે. અનુકરણ કરવું એ કાર્ય પોતેજ જો દોષ પાત્ર હોય, તો દુનિઆના વ્યવહારના ઘણા ખરા કાર્યો આગળ બનેલાના અનુકરણો હોવાથી એવા દોષને પાત્રજ થશે. વ્યાવહારિક કાર્યો એક તરફ મૂકતાં, અને ફક્ત લેખો સંબંધીજ બોલતાં પણ જો ખરી તપાસ કરીશું તો પાછળથી થયેલા ઘણા લેખકોના લખાણો ઘણું કરીને આગળ થઇ ગયેલા લેખકોના અનુકરણોજ માલમ પડશે. બીજા તો શું પણ બાણકવિના પોતાના વિષેજ બોલીએ, તો તેની કાદમ્બરી પણ બીજા તેની અગાઉ થયેલ એક સંસ્કૃત લેખકના ગ્રન્થનું અનુકરણ છે એમ મનાય છે અને તેમાં પણ 'માત્ર "વસ્તુનુંજ અનુકરણ કર્યું છે એટલું નથી, પણ ભાષાનું એ અનુકરણ

કરેલું છે." તેમ છતાં પણ એજ કાદમ્બરી ગ્રન્થને લીધે બાણ એક કુશળમાં કુશળ કવિ ગણાઇ ગયો છે, અને તેનું એ પુસ્તક સંસ્કૃત ભાષાના ઉત્તમમાં ઉત્તમ પુસ્તકમાંના એકનું માન ધરાવે છે, અને તે યોગ્યજ છે કેમકે તેમાં જોવાનું એ છે, કે એક ઘણી મુશ્કેલ અને ઉમદા ચીજ અથવા કૃતિનું અનુકરણ કરવામાં તે કરનારે કેટલું ચાતુર્ય વાપરેલું છે, અને તે કરતાં વખતોવખત તેના પોતાનાજ ઇશ્વરદત્ત અથવા યત્નથી પ્રાપ્ત કરેલ કૌશલ્યવડે આખી કૃતિને તેણે કેવી શોભાવી દીધી છે! અનુકરણનું કાર્ય પોતેજ દોષપાત્ર નથી; જે દોષપાત્ર છે, તે તો તે અનુકરણનાં પરિણામરૂપ કૃતિની અયોગ્યતા અપૂર્ણતા, અથવા નિર્માલ્યતા છે આ કાંઇ પણ વિચાર ન કરતાં એકદમ કોઇપણ અનુકરણનેજ અયોગ્ય રીતે નિન્દી કાઢવું એ આપના જેવા લાંબા વિચારવાળાનું કામ નથી.

આપ લખોછો કે "અમને આશ્ચર્ય લાગે છે, કે કવિપદ ભૂષિત શ્રીશંકરલાલજી કથા રચવામાં લાંબાં લાંબાં ભાષણ, તથા શુષ્ક બોધ, અને પ્રાચીન સમયની વાત કરવા છતાં અર્વાચીન સંગતિઓનો સેળભેળ એમ કેમ કરી બેઠા હશે!" પણ આ પુસ્તકમાં એવી રીતે અર્વાચીન સંગતિઓનો સેળભેળ અયોગ્ય રીતે કેમ અને કયે ઠેકાણે થયો છે, એ બતાવવું મુશ્કેલ પડશે. શું આપ એમ ધારો છો, કે પ્રાચીન સમયમાં લાંબાં ભાષણો નહી થતાં હોય, કે ભાષણોથી બોધ નહી અપાતા હોય? કે શું પ્રાચીન સમયમાં વિદ્યાદાન નહીં અપાતાં હોય, કે પાઠશાળાઓ અને કન્યાશાળાઓ નહીં સ્થપાતી હોય? અથવા એવું શું એ પુસ્તકમાં છે, કે જે પ્રાચીન સમયમાં નજ હોય, પણ માત્ર અર્વાચીન કાળમાંજ દાખલ થયું હોય? અમને તો એવો કોઇ અયોગ્ય સેળભેળ જોવામાં નથી આવતો, કે જેને માટે આપને ખાસ એટલું લખવું પડયું છે. કોઇપણ જાતની ભૂલજ શોધવી, અથવા ગુણને પણ દોષ રૂપે બતાવવા એ નિષ્પક્ષપાત પરીક્ષાથી વિરૂદ્ધ છે. દોષ બતાવતાં પહેલાં તેને માટે પુરાવા આપવાની મુખ્ય જરૂર છે; અને કોઇ પણ બાબતવિષે કંઇ પણ નિશ્ચય બાંધતાં તેમાં ઊંડા ઉતરીને તથા નિષ્પક્ષપાત રહીને પૂરેપૂરી તપાસ કરવાની બહુ આવશ્યકતા છે.

આપના એ પુસ્તક સંબંધી એક વિચારની સાથે મળતા આવી, અમારે કબૂલ કરવું જોઇએ, કે એ ગ્રન્થકારે પુસ્તકમાં વચ્ચે વચ્ચે લાંબાં લાંબાં ભાષણો જોઇએ, તે કરતાં વધારે મૂકેલાં છે, અને તેથી વાર્તાના રસમાં ઘણી-

નાર ભગ પડે છે આનુ કા ।। ચ્યમને તો એમ લાગે છે કે, નાતાનો રસ જાળવવાની આકાક્ષાના કરતા કોઇ પા । ગીત જનસમૂહને ગોર આપવાના આતુરતાનુ જે કવિમા વધારે ટોનાથીજ ગામ થયુ હશે, અને તો ગો તાની આ નેમ પાર પાડતા નાર્તાના રસ માટે મગાગર ગ્કાર ।।। ધો પા બોધ આપવાની ઇચ્છા રાખનાર માપામે આટલુ પણ જોવાનુ , કે કેવી યુક્તિથી અપાયનો ગોધ વધારે અસરકારક થઇ પડગે બોધ ગાપવો એજ માત્ર કર્તવ્ય નથી ખરૂ કર્તવ્ય તો બોધ કેવી ગીતે અમ કારક કરવો એજ છે કેવળ ભાપણોથી જે ગોધ થાય છે, તેના કરતા નાર્તાનો રસ જાળવાઇ રહીને પાત્રોની વતણુકથી જે ગોધ થાય છે, તે વધારે અમરકારક નીવડે છે અમારૂ કહેવુ એમ નથી, કે ભાપણો કેવળ નિરસજ હાય છે, અથવા તેથી અપાયલો ગોધ લાગતોજ નથી ભાપણોમા પણ અમુક રસ તથા બોધકશક્તિ છે પણ તે ભાપણો કોઇ કોઇ વખતેજ, જેમ મને તેમ ટુકા અને ખગ અમરકારક શબ્દોમા લખાયલા હોવા જોઇએ નાગા લાગા ભાપણો કેટલીક વાર ગહુ કટાળો ઉપજાવનારા અને શુષ્ક જેવા લાગે છે તથા વાર્તાના રસને તોડી પણ નાખે છે આ પુસ્તકના ઘણા ભાપણો તો એવા છે, કે જે એક અમુક કલીમ ઢબ પ્રમાણે ગોઠવાગના હોઇને તેમા રસ તથા સ્વાભાવિક જુસ્સો ક્વચિતજ જોવામા આવે છે એવા ભાપણો માણસના મનપર ઘણાજ થોડા અસર કરી શકે છે, અથવા નથીજ કરતા એમ કહીએ તોપણ કઇ ખોટુ નથી આમ છતા કવિના સ્વાભાવિક વાકચાતુર્યથી તથા કેટલીક ચાતુર્યયુક્ત વાક્યરચનાથી કોઇ કોઇ વાર એ ભાપણોની નિરસતા ઓછી થાય છે ખરી પણ એ સિવાય કોઇ કોઇ ભાપણો આ પુસ્તકમા એવા છે, કે તે જેટલા જોઇએ તેટલા ટુકા હોઇને, બોધમા એવા પૂર્ણ અને કેટલેક દરજ્જે અસરકારક પણ છે, કે કાદમ્બરીના સર્વ ઉપદેશક ભાગોમા શ્રેષ્ઠ જે શુકનાસનો ઉપદેશ મનાય છે, તેની બરોબરી કરે અથવા વખતે તેનાથી ચડે પણ ખરા પણ ઇગ્રેજી અને બીજી ભાષામા આવી મતલબની કેહેવતો સાધારણ છે, કે શબ્દો જે અસર કરે છે, તેના કરતા આચરણો વધારે કરે છે માટે બોધ આપવાનો ઉત્તમ રસ્તો આચરણોજ છે એ રસ્તાનો ઉપયોગ પણ આ પુસ્તકમા ઠામઠામ કરેલો છે તેમા જુદે જુદે વખતે જૂદા જૂદા પાત્રોની જે પ્રસગાનુસાર વર્તણુક બતાવવામા આવી છે, તે ખરેખરી માનને પાત્ર છે, અને તે દ્વા

રાએ વાંચનારાઓને બોધ આપવાનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે, તે જેટલો અસરકારક અને સુધારક થઇ પડશે, તેટલો ભાષણોથી બોધ આપવાનો કરેલ પ્રયત્ન કદી નહીંજ થાય. બાકી તો એ પુસ્તકનું લગભગ દરેક વાક્ય કાંઇક શુભ ફળદાયક જણાય છે.

આ શિવાય કોઇ પણ જાતનો બોધ આપવા માટે રચાયેલ વાર્તામાં બીજી એક આવશ્યકતા એ છે. કે તેમાંના પાત્રો, તેમની વર્તણુકો, અને તે વડે ગોઠવાયલી વાર્તાએ આધુનિક કાળમાં લભ્ય અથવા આધુનિક બુદ્ધિને સંભવિત લાગે એવી હોવી જોઇએ; એમ હોય તો અસર વધારે થાય છે. એટલુંજ નહીં પણ જો તે વાર્તા, પાત્રો અને આચરણો સઘળાં ખરેખરાં બનેલાંજ હોય, તો અસર સર્વેથી વધારે થવાનો સંભવ છે; જોકે તેમાં પણ લખનારનાં ચાતુર્યપર અને વાંચનારની પાત્રતાપર ઘણો આધાર છે. જોડી કાઢેલી વાર્તામાં અને તેમાં પણ મુખ્યત્વે આવી પુરાતન કાળની વાર્તામાં તેનું કાલ્પનિકપણું માણસના મનમાં વારંવાર તરી રહીને, અથવા તેમ નહીં તો છેવટના વખતમાં પણ ધ્યાનમાં ચડી આવીને, તેના બોધદાયક ભાગની અસર મન પર થોડી થવા દે છે, અને તેથી એવી કથાઓને એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાખવા જેવુંજ થાય છે. પણ એથી ઉલટું દુનિઆંના ઈતિહાસમાં પ્રખ્યાત થઇ ગયેલા અથવા દુનિઆમાં જીવતા હોઇને જેમની વર્તણુક ખરેખરી બનેલી હોય, તેવા પુરૂષો અથવા તેવી સ્ત્રીઓનાં જીવનચરિત્રો જે અસર કરે છે, તેના દાખલા કેટલીક વખત નજરે જોવામાં આવે છે.

માટે પુરાતની અસંભવિત લાગે અથવા કાલ્પનિક વિષયોપર લખી લખીને બોધ આપવામાં પોતાની કુશળ કલમને નિરર્થક શ્રમ આપવાના કરતાં, આધુનિક બુદ્ધિને સભવિત અથવા ખરેખર બનેલી એવી બાબતો લઇ તેપર પોતાની નિપુણતા અને મહેનત વાપરી તેને સફળ કરવી એ વધારે સારૂં અને ડહાપણનું કામ છે, અને આવીજ સલ્લાહ જો આપ શંકરલાલ કવિને આપતા હો તો અમે તેમાં આપને વધારે એકમત થઇશું.

ઉપર બતાવેલી આ પુસ્તકની ખુબીઓ તથા ખામીઓ ઉપરાંત તેમાં બીજી નાની મોટી ખામીઓ કેટલીક છે, કે જે સાધારણ વાંચનાર જાણી શકે તેમ નથી. તેની સાથે તેમાં બીજી કેટલીક નાની મોટી ખુબીઓ પણ એવી છે, કે જેની કીંમત સાધારણ વાંચનાર સમજી શકે તેમ નથી. આ સર્વ-

માંથી જેટલી બને તેટલી બતાવવાનો મારો વિચાર હતો પણ તેને માટે આ પ્રસંગ ન હોવાથી તથા તેમ કરતાં એક વિસ્તૃત વાર્તિક થઇ જાય, એની ધાસ્તીથી તે મુલતવી રાખવું પડે છે. વિચાર તો આ સર્વે ટૂંકું કરવાનો હતો, તે છતાં, જેમ બને તેમ કામ ખાત્રી ભરેલું અને પૂર્ણ કરતાં, તે પણ આટલું લાંબુ થઇ ગયું છે, એ દરગુજર કરશો

વિ. પ્રવેશક

प्रारब्धनी विचित्रता उपर एक वात

(સબંધ પાને ૧૦૪ થી)

હરિદત્તને ભીમભાએ કેદમાં રાખ્યા તે વાત પ્રજાને ગમતી ન હતી. તેજબાનું ઉત્તરકાર્ય થઇ રહ્યા પછી રાજ્યાભિષેક થવાને દિવસે સભા મળી તેમાં પ્રજાએ એવો અભિપ્રાય જણાવ્યો કે, મંત્રી હરિદત્ત, મહારાજા ભૂપતસિંહના માનીતા, અનુભવી અને ચતુર માણસ છે, માટે એ કેદમાં હોય એમાં શોભા નહિ. એને છોડવાથી જો આપને કોઇ પ્રકારનું તેના તરફથી, નુકશાન થાય તો અમે તેના જામીન થઇએ છીયે. આ રની વાત થાય છે ત્યાં એક માણસે આવીને ભીમભાના હજુરમાં કાગળ આપ્યો, જેમાં રીતે પ્રમાણે અક્ષર હતા

"ભાગ્યશાળી ભાઇ શ્રીભીમભાની ચીરંજીવી ઘણા હોજો. ના બાશ્રી વખતુબાની આશીશ વાચશો. મોજુ મારી તબીયત સારી નહિ હોવાથી બાલુભા વિગેરે સર્વેને અહીં રોકેલ છે, અને વધારે તમારી પાસે એ માગું છું કે, કાકા હરિદત્ત મળીને અહીં તરત મોકલાવશો. હું આશા રાખું છું કે બેનનું ઘણે દિવસે આટલું કામ તમો વિસારશો નહીં.

મારીપર માયાળુ તેજબાના દેહ થયાના ખબર સાંભળી અમને સર્વેને ઘણો ખેદ થયો. મા વગરના અમે ભાઇબેનના એજ માતા હતા. એમના લાડ સંભારતાં આંખોમાંથી પાણી સુકાતું નથી અને બાલુભાતો મારા કરતાં પણ વધારે શોકમાં બુડેલા છે. એ સહુ તરતજ આવવાના હતા પણ હવે તે મારી સાથે આવશે. આ ટાણે રાજ્યના મહોબતની ઘણી જરૂર છે, માટે આપણે જ્યાંસુધી લેણા દેવા હતી ત્યાંસુધી લીધી, એમ ધારી શોક દૂર કરી, પ્રજાને રાજી રાખશો, એટલે હું રાજી છું. આપને અત્રે પધારવા જરૂર નથી. આપ રાજા થયા એ વાતથી હું બહુ રાજી થઇ છું, માટે મારા આશીર્વાદ રૂપે જે હું ખુશાલીથી મોકલું છું તે કબુલ રાખશો."

આ વાંચી ભીમભા વિચારમાં પડી ગયા. રામવર્માને પત્ર વંચાવી સંમતિ લીધી. છેવટ એમ ઠેર્યું કે, હરિદત્ત મંત્રીને કેદ કરવામાં આપણે ઉતાવળ કરી છે, તે ભૂલ થઇ છે; કેમકે એણે કાંઇ આપણું અહિત કર્યું નથી. જે ચીઠી પકડાઇ છે તે માજી તેજબાએ પોતાનાજ મનના ફેરફારથી લખી છે, પણ હરિદત્ત મહારાજની કાંઇ આપણે તેવી વર્તણુક જોઇ નથી. તો હવે પ્રજાને રાજી રાખવા, તથા કશળીબાને ન ખબર પડે તેની અગાઉ છોડી દેવા એ વધારે સારૂં છે. એવો ઠરાવ થતાં હરિદત્તને કેદમાંથી કાઢીને દરબારમાં બોલાવ્યા. થયેલા પશ્ચાત્તાપથી તેને પાગડી બંધાવવા વિચાર ભીમભાએ કર્યો; પણ હરિદત્તે કહ્યું કે, હવે હુ ઘરડો થયો છુ માટે દરબારના કામને યોગ્ય રહ્યો નથી. જો હુકમ હોય તો, અહીથી માગે મારાં બાલકોને લઇ જાત્રા કરવા જવા વિચાર છે. આના જવાબમાં એવો ખુલાસો થયો કે, હમણા એક વર્ષસુધી દરબારની ક્યાંઇ પણ જવા દેવાની મરજી નથી; માટે તમારે ઘેર રેહેવું. જરૂર પડશે ત્યારે દરબાર તમારી સલ્લાહ લેશે. આ હુકમ પ્રમાણે હરિદત્ત પોતાને ઘેર ગયા. પછી ભીમભાએ વખતુબાને એવો જવાબ લખી મોકલ્યો કે, "આપની તબીયત બગડવાના ખબર સાંભળી દીલગોર થયો છું. રાજ્યનો સઘળો નવો બંદોબસ્ત ચાલે છે; માટે હરિદત્ત કાકાને રજા આપી નથી. થોડા દિવસ પછી તેને મોકલીશ. બાલુભા ભાઇ અને જમનાંબા કાકી ત્યાં છે, એટલે હુ નિશ્ચિત છું. આપના ખુશી ખબર વખતો વખત કેહેવરાવતાં રહેશો. બાકી ખબર પછી લખીશ."

આ ચીઠી કશળીબાને માણસે પોચાડી નહિ, તે પેહેલાં તો બાલુભાને કશળીબાના સ્વાધીનમાં સોંપી દેવશંકર છાની રીતે આવીને પોતાના પિતાને મળ્યો. હરિદત્ત પુત્રને જોઇ ગદગદ થયા, પણ દેવશંકરે ધૈર્ય રાખી કર્તવ્ય કર્મ પુછ્યુ. હરિદત્તે કહ્યું કે ભીમભા કરતાં પાસવાન માણસો ઘણા ક્રૂર છે માટે બાલુભાને યોગ્ય સમય વગર અહી લાવવા નહી તેમ તમારે પણ ત્યાંથી અત્રે આવવું નહીં. હુ ગમે તે યુક્તિથી બે ચાર મૈને પણ ત્યાં આવીશ અને ત્યાંથી પછી જે વિચાર સુજે તે ખરો. પણ વારૂ ગોરજીને મોકલવાનું શુ કર્યુ? દેવશંકરે કહ્યું કે એ વિષે ચિંતા ન કરો. ગોરજીને બીજી સખાવત સાથે પાંચ હજાર મોર આપી રવાના કરી દીધો છે અને તે પરબારો આપણે છિયેં ત્યાંજ આવશે. તમે, મારો વિચાર એમ છે કે ખબર ન

પડે તેમ અહીંથી આપણા ભાઈઓને વડ માર્ગે ચાલો હરિદત્તે કહ્યું કે, એ વાત ખરી છે પણ હજી કોરપણ આપવા. આપણીપર આ વખાનો છે તેમા જો હુ એની ભરજર નીકળુ તો તે વાતમા તે નકારે માની જાય તોપણ એટલુ છે કે તેના હુ કાઇ બીતો નથી અહીંથી મ-ર્દને તુ ચડ જા અને ખજીના તથા અન્ન રોકડ પણ ત્યા લઇ જા ત્યાર પછી માગથી બાબત બેનાય તેમ છે આપ્રમાણે વાતચિત કરી દેવનકર સુલતાન પુર ગયા ત્યા ભીમભાનો કાગળ આવી પોહચ્યો હતો કનકીબાએ તે કાગળ દેવનકરને વચાવ્યો પછી દેવનકરે કહ્યુ કે કેદખાનામા હતા ત્યાથી નો ગડેવા છે કારભારની પાવડી તેમણે મારી ઘરથી ગને કેટલોક સામાન અહીં લાવવાનો છે ને આવી ગયા પછી મારા પિતાજી અહીં આવશે આ વાત કનકીબાને ગમી દેવનકર બહુ સમજુ અને ચતુર હતો ક-નકીબાએ પોતાના પતિને વિનતી કરીને ત્યાનો નાયબ કારભારી બનાવ્યો અને બાલુભાને કેળવણી આપવાનુ કામ ચલાવ્યુ અને પિતાની આજ્ઞા પ્રમાણે સર્વ ગોઠવણ ઉતાવળથી કરાવી સુલતાનપુરમા સઘળી ગોઠવણ થઇ ગયા પછી દેવનકરે પોતાના પિતાને કહી મોકલ્યુ હરિદત્તે રાજ નગરથી નીકળવામાટે એવી યુક્તિ કરી કે ભીમભાને તરત રજા આપવી પડી હરિદત્તે ભીમભાને સમજાવ્યા કે મને રાણીએ તેડાવ્યો હતો પણ આપે રજા નથી દીધી તેથી તેને દુખ લાગ્યુ હશે માટે આપના તરફથી હુ ખુશી ખબર પુછવા જઉ અને બાલુભા નગરે સર્વને તેડી લાવુ ભીમભાએ તે વાત ગમતી હતી તેથી રજા આપી એટલે હરિદત્ત રાજી થતા સુલતાન પુર આવ્યા કનકીબાએ ઘણા માનથી તેમનુ સન્માન કર્યુ અને સર્વને આનંદ થયો હરિદત્ત માત્ર હવે રાજનગરની આશા છોડી અહીં રહ્યા માત્ર મનુભાના સમરણ શિવાય તેને બીજુ કાઇ સાભરતુ ન હતુ કંસ જેમ શત્રુભાવથી શ્રીકૃષ્ણને સદા દેખતો હતો તથા પ્રહ્લાદ હજી જેમ ભક્તિભાવથી ઇશ્વરને સદા દેખતા હતા તેમ હરિદત્ત વાત્સલ્યભાવથી સદા મનુભાને દેખતા હતા અને બીજા સર્વ પ્રશ્ન ચાહી તેનો ગ્રહસ્થાશ્રમ સારો ચાલતો હતો પુત્રની કુશળતા, અને આજ્ઞા-કારીતા જોઇ એને વારવાર આખમા હડા પાણી આવી જતા હતા અને મનુભાને ભારી સ્થિતિમા જોઇને પોતે નિરંતર મરવાની ઇચ્છા કરતા હતા એક દિવસ પોતે સભામા સ્વચ્છંદ ફરતા હતા ત્યા જમનાબા હાથમાં

માળા લઇ તુલસીને ફેરા ફરવા લાગ્યાં. સો એક ફેરા ફરાયા ત્યાં એકાએક ફેર આવવાથી તે પડી ગયાં કે જ્યાંથી ફરી ઉઠયાંજ નહિ. હરિદત્ત પછ ડાટ સાંભળી દોડી આવ્યા અને જુવે ત્યાં જમનાંબાને મૂર્છિત દીઠાં. એટલામાં દેવશંકર બીજા ભાઇઓ અને અનુજીવી વર્ગ દોડી આવ્યા. દેવશંકરે માતાને ખોળામાં લીધાં અને થોડી વાર ખમી પડશાળમાં લીધાં. તરતા તરત કસ્તુરી અમર વિગેરેની માત્રાઓ આપવા માંડી પણ તે માત્રાઓ રાખમાં ઘી રેડવા પ્રમાણે નિષ્ફળ થઇ. અને સર્વને જમનાં બાને ઉઠવા નિશ્ચય જતો રહ્યો. એટલા વખતમાં દાસી દરબારમાંથી આવીને બોલી કે જમના બા ક્યાં છે બાને ચેન પડતું નથી તેથી બોલાવે છે જમના બા ઉપર માતા વગરનાં કશળીબાને બહુ મમતા હતી કેમકે તેના હાથ નીચે તે ઉછર્યા હતાં. હરિદત્તે જાણ્યું કે આ ટાણે કશળીબાને પ્રસવ થવાને વખતે જો આમની સ્થિતિની ખબર પડશે તો પરિણામ વિપરીત બનશે, માટે બાનડી સાથે કેવરાવ્યું કે એમને પગમાં વાનું જોર થઇ આવવાથી વેદના ઘણી છે માટે તેમને બદલે દેવશંકરની સ્ત્રી હમણાં આવે છે. અહીં એવી સંભાળથી કામ લીધું કે ઘરમાં ઝાઝી રડાકુટ થવા દીધી નહી અને બહાર પણ કોઇ ચાકરમાણસ ગુજરી ગયેલ છે એવી વાત બહાર પાડી જમનાબાનો ઉત્તરસંસ્કાર કર્યો.

કશળીબાને પ્રસવનો સમય અને આનીકોરે જમનાબાનું જવું એ હર્ષ શોકસાથે આવી પડયા. દેવશંકરનાં સ્ત્રી અવસ્થાએ નાનાં પણ આચરણે પીઢ હતાં. તેમ કશળીબા સાથે સમાન વય તથા નવો પરિચય હતો તેથી કશળીબાને કાંઇ જમનાંબા ન આવ્યાં તેનો અસંતોષ ન થયો. કશળીબાની વૃત્તિમાં સુખ ન હતુ. તેથી દેવશંકરનાં સ્ત્રી દુર્ગાકુવર વગેરે બીજા સ્ત્રીજનોએ સાવધાનતા રાખી. થોડા સમય પછી કુવર જન્મ્યા એવાં વધામણાં પડયાં. રાજા—પ્રજા—અને બાલુભા આદિ સર્વ હરિદત્ત મંત્રી સહિત પ્રસન્ન થયા. મહારાજાએ દાન પુણ્ય કર્યાં અને આનંદ મગળવાદ્યો વાગ્યાં. દુર્ગાકુંવરે કશળીબા પાસેજ ઘણો વાસ રાખ્યો. આમ કરતાં બે માસ ગયા પછી કુંવરના મુખપર હાથ ફેરવી મરકતે મુખે આનંદ પામતાં કશળીબા પોતાના પલગને પડખે બેઠાં હતાં તે સમયે દુર્ગાકુવરે પરિચયથી કેહેવાઇ ગયું કે બાસાહેબ ઇશ્વર કૃપા અને આપનો આશીર્વાદ હોય તો હું પણ થોડા સમયમાં આપના જેવી આનંદિત દશાનો અનુભવ કરૂં.

એટલો બોલ બોલતા તો પોતાને ઘણીજ શરમ લાગી તેથી કશળીબા તેનો મનોભાવ જાણી ગયા તેમણે દુર્ગાકુંવરને કહ્યું કે ભાભી! હું તમારા વચનથી ઘણું રાજી થઇ છું એમા કશુ તમે અમર્યાદવાળુ વચન કહ્યુ નથી મા વૃદ્ધ માણસ એવા રાગ નિમિત્તે જુવે એવી બીજુ નથી શુ છે? હવે હું આ વિષે પ્રસંગ થશે ત્યારે જમના માસીઆને સૂચવીશ દુર્ગાકુંવરે તે વાત જવા દઇ જમનાભાભીના મરણના ખબર કેહેવા માટે વિઠ્ઠલ માની કશળીબાનું હૃદય તપાસ્યુ દુર્ગાકુંવર બોલ્યા કે બા! એવી જગતની રચના છે કયાઇ સંયોગથી હર્ષ થાય છે, કયાઇ વિયોગથી શોક થાય છે (અપૂર્ણ)

ગ્રંથાવલોકન

([illegible])

શ્રીમાન છે—જેઓ તેને શ્રીમાન કહે છે તેની પાસે એ કલ્પિત સ્થિતિનો અનુકૂળ વ્યવહાર કરાવે છે પરંતુ તે સર્વમાં એવી કોઇ એક વિચિત્ર છાયા પડી રહે છે, કે વિચાર કરનારા મન જીભને ખોટી પાડે છે વિચાર દર્શાવતા સરસ્વતીચંદ્ર એવા કાંઇ ઉદ્ગાર કહાડે છે કે જાણે કોઇ સામાન્ય સ્થિતિનો મનુષ્ય બનાવટથી આવી ગયાથી ઉચ્ચ સ્થિતિને યોગ્ય વ્યવહાર કરતો હોય! શ્રીમાન્, વળી મલ્હાર અઢાર વરસની ઉમરમાં એમ એ, એલ એલ. બી, બારિસ્ટર, ને, વળી મોટા શહેરમાં રહેતા પિતાનો પુત્ર અને તે વળી જુવાન, ઘરનો! વાચનાર શું તમને આ અતિશયોક્તિ લાગતી નથી? જરા વિચાર કરીને વાંચીએ તો આ પ્રકરણનો આટલો ભાગ કેટલાક માણસોની કલ્પનાઓ જેવો લાગે છે ગ્રંથકર્તા લેખકો કહાણી ગ્રંથકારોમાં એવો સ્વભાવ હોય છે, કે જેને તે કહેવું તેને પરિપૂર્ણ સાધુ કહે તેને મુકતા ગુણ વિશે સાગ્રસ્થનું શ્રેષ્ઠ નામ કહેવાતાં પણ તેને નકા માનતી નથી વિષયમાં પણ એમજ થાય છે અર્થાત્ જેની કનિષ્ઠતા દેખાડવી તેને સર્વ નિકૃષ્ટ ગુણોનું સ્થાનક બનાવી દે છે સરસ્વતીચંદ્રના કર્તાનો આ સ્થાનકનો લેખ માત્ર તેવો થઇ જાય છે

કુમુદ સુંદરી પણ સ્વરૂપ અને ગુણની મૂર્તિ છે કુમુદ સુંદરી વિષે વિશેષ બોલવું યોગ્ય નથી તેમ સરસ્વતીચંદ્ર વિષે વિવેચનમાં એટલુંજ જણાવવાનું આવશ્યક છે, કે જો તેને મહાલક્ષ્મીનાથ ન કર્યો હોત તો તેમાંના કલ્પાઓના ગુણો ઉચિત નિયોજિત છે એમ તો નજ કહી શકાય

કે એ બનવું અશક્ય છે; પરંતુ એમ હોવુ સ્વાભાવિક નથી એમ તો કહી શકાય.

કુમુદનો પત્ર આવતાં, ચંદ્રકાંતની આગળ અને તે ગયા પછીની, નાયકની સ્થિતિ ઘણી સારી રીતે લખાઇ છે શુદ્ધ, પવિત્ર પ્રેમ કેવો હોય. તેની અસર કઇ સીમા સુધી થાય, અને બન્ને પ્રેમીનાં આચરણ અન્યોન્યપ્રત્યે કેવા પ્રકારનાં હોય એનો કાંઇક વાસ્તવિક વિચાર આ સ્થાનકમાં જણાવાય છે. પ્રેમને ન જાણતાં, કેવળ ભોગ ભોગવવામાં લીન થએલાઓ, ભોગ્ય પદાર્થને, સ્વાર્થને પરતંત્ર થઇ, પોતાના પ્રેમનું સ્થાનક માનનારા પુરૂષોએ આ પ્રકરણ વાંચતાં જરા ઉંડા ઉતરી અત્યંત વિચાર કરવાની જરૂર છે. સ્ત્રીનેજ સંસાર માનવામાં કેટલી ભુલ છે તે ઘણાજ થોડા મનુષ્યો સમજે છે. ખરો વિચાર સરસ્વતીચંદ્રનોજ જણાય છે. વિચાર કરતાં તેમાં શંકાસ્થાન જણાતું નથી.

"અંતઃકરણ વિના શરીર નકામું છે. પણ અંતઃકરણ વિના શરીરને બીજા ઘણાક ભાગ છે. સ્ત્રી ખરી પણ એના શિવાય ઘણો સંસાર બાકી રહે છે, તો સ્ત્રીમાં આખાં ભાગ્યની પર્યાપ્તિ કેમ થાય?"

પ્રેમવાહક જનદ્વય, સ્ત્રી અને પુરૂષજ હોવાં જોઇએ એમ શા માટે? પ્રેમનો ઉપભોગ અમુક રીતેજ થવો જોઇએ એમ નિયમ થવાની જરૂર શી? અને એવી આવશ્યકતા ન હોય તો બે પ્રેમી, સ્ત્રી પુરૂષ હોય તો વિવાહિત થવાંજ જોઇએ એમ માનવાનું પ્રયોજન શુ? ચાલતી રીતિ પ્રમાણેજ માનીએ તો એક નિસ્વાર્થ વસ્તુને સ્વાર્થની સાથે મિશ્રિત કરી દેવાથી તેને દોષિત કરવા જેવું થાય છે. પ્રેમ વસ્તુ વસ્તુતઃ નિષ્કારણ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થાય છે એમ કહેવું પણ કદાચિત્ અયોગ્ય લાગશે એ સ્વતઃ સિદ્ધ છે; પરંતુ અજ્ઞાનિઓને આત્મસ્વરૂપ છે, તેમ એ પણ આવરણથી ઢંકાઇ રહેલ છે; અને જરા પણ દ્વાર મળતાં બહાર આવી પ્રકાશે છે તે વ્યાપક તો નથીજ; પરતુ તેનું દર્શન અમુક હૃદયમાંજ થાય છે. ત્યાં તેનો પ્રવેશ કેવી રીતે થયો એ સમજવું મહા કઠિન છે. લૌકિક કારણોથી તેની ઉત્પત્તિ માનવી એ તેના મહત્વને હલકું કરવા જેવુ ભાસે છે. પૂર્વકાળમાં પ્રકાશ પામતો પ્રેમ, સાંપ્રતમાં તે કાળને સાદૃશ્ય સંયોગોનો પ્રાદુર્ભાવ થવાથી, તેજ પ્રેમ પાછો પ્રજ્વલિત થાય છે. કવિવર કાલિદાસ જ્યારે પોતાની શ્રેષ્ટ કૃતિના નાયકના મુખમાં:—

> रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्
> पर्युत्सुकीभवति यत्सुखितोऽपि जन्तुः ।
> तच्चेतसा स्मरति नूनमबोधपूर्वम्
> भावस्थिराणि जननान्तरसौहृदानि ॥

એ શ્લોક મુક્યો છે ત્યા તનો પ્રેમ અથવા સૌહૃદ વિષે ઉપર પ્રમાણેજ આશય હોય એમ જણાય છે આ પ્રકારના પ્રેમનું મઇક ગાન મેળવવું હોય તો મે ૧ સ્નતીચદ્ર અને કુમુ સુ ીમાથી મેળવી નકાય અવિવાહિત આશાને, અનાથાર્ધ નામ શ્રનગ થતાજ, ા નમા આકર્ષ થયુ કેનમ એક નાની પત્રિકાએ એક દ્દ ક યને ગન્તવ્યસ્ત કરી નાખ્યુ આ ગનનુ કા રણ શુ? શુ ાઝ નાજ્ઉિ મ ણે આ પ્રેમના મૂન પ થયા હતા' સુના વસ્થામા મનો વેગ ગગમન ાનના મામિજનો આદિ પ્રાદુર્ભાવ ન હતો "તેના (સરસ્વતીચદ્રના) વિચાર પ્રમાણે તો માણસના જીવનને સ્રી આવશ્યક નહોતી વગન આખા જન્મા ામા પાનરૂપ હતુ, નિર્વંશ થવામા વ ાગ્યની ઉત્પત્તિ હતી, સ્નેહ માનસિક ઉપનોજ ઉચિત ગણતો, ગણી સૌન્દર્ય મૂર્ખનુજ મોહક હતુ, મન્મથ મનમાથી દૂર રાખ્યો અ સને કાને નકય હતુ

ભવભૂતિને પણ કહેવું પડ્યું છે કે સ્નેહોત્પત્તિમા મૂળભૂત કોઈ બાહ્ય કારણ નથી

> व्यतिषजति पदार्थानान्तरः कोपि हेतु
> र्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

નિષ્કારણ, અકલ્પિત પ્રસગોથી ઉત્પન્ન થતા આ અલૌકીક સબંધનુ ખરુ સ્વરૂપ સમજવુ એ અત્યત વિચારવાનપણાનુ કામ અને તેને ખ ા રૂપમા લોકસમૂહને સમજાવવ એ વિદ્વત્તાનુ કામ છે આવા નિર્મળ, નિષ્કારણ, નિઃસ્વાર્થ, પ્રેમનુ ચ્થા ા કુમુ સુ ી અને સરસ્વતિચદ્ર બને છે,

---

૧ જોઈ પદાથ રમણીય સૂર શમો
સુણી અધીર સુ થાય સુખી જનો ના
ચિત્તે સ્મરે જરૂર કાઇ અબોધ રૂપ
જન્માતર પણ હૃદ યે ર નાન

૨ પદા ા જોડાયે, અગમ મ્રણે અતર તણો
ા બાહ્ય ાધીથી, કદિ પણ ન પ્રેમ ગડકે

અને બનેજ. પાશ્ચિમાત્ય દેશોમાં થતાં પ્રીતિલગ્નને આ વસ્તુ સાથે કાંઇ સંબંધ હશે ખરો? યૂરોપીયનો આર્યોને જંગલી કહે છે; કારણ તેમના કહેવા પ્રમાણે આર્યોમાં પ્રીતિલગ્નની રીતિ નથી. ત્યારે શું આ કુમુદસુંદરી તે કોઇ પાશ્ચિમાત્ય કુમારીકાનું ચિત્ર છે? કેમ હોય, નજ હોય. પાશ્ચિમાત્ય કુમારીકાની પ્રીતિ બહુશઃ બાહ્યોપાધીનો આશ્રય કરે છે. પશ્ચિમદેશના ન્યાયાસન આગળ પતિથી જુદાં થવાની અર્જીઓ કેટલી આવે છે, તે લોકવિદિત છે. આર્યાવર્તમાં પ્રીતિલગ્નનું નામ માત્ર નથી, પરંતુ તેની છાયા ઘણે ઠેકાણે જણાય છે. પતિ મરતાં સહગમન કરવું અથવા સૈભાગ્ય ચિન્હનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળવું એ શુ પ્રીતિલગ્નનાં ચિન્હ નહિ? બ્રહ્મચર્યાદિક પળાવવાનો દોષ કહેવાતા સુધારકો પુરૂષો માથે મેલશે. વાસ્તવિક રીતે જોતાં તેમને એક વ્યક્તિને દુઃખી કરી આવો દોષ માથે વ્હોરી લેવાનું પ્રયોજન નથી. તેમાં તેમને સ્વાર્થસિદ્ધિ નથી. બ્રહ્મચર્યાદિક પુરૂષોને લીધે નહિ પરંતુ પતિવ્રતા સ્ત્રીઓની પ્રીતિને લીધેજ પોતાનું મહત્વ રાખી રહ્યાં છે પુનરૂદ્વાહ, વાસ્તવિક પ્રીતિનો અસંભવ દર્શાવનારી ક્રિયા, તે પણ સ્ત્રીના મસ્તકમાંથી ઉત્પન્ન થયેલ નથી. તેનો દોષ ખરૂં જોતાં સ્વાર્થી પુરૂષોને માથે આવે છે.

જરૂર જણાતાં પ્રસ્તુત વિષયને મુકી બીજા વિષયમાં ઉતરવું પડયું. હવે પાછું મુળ વસ્તુ સ્મરણમાં લાવી બોલીએ. સ્નેહથી બંધાએલાં પ્રાણીની એક જોડીમાંનો એક, પોતાના સાથીની ઉપર નિષ્કારણ કલંક આવતાં, કલંક દેનાર અને કલંકનાં સ્થાનને, તે કાળ અથવા સ્થિતિ તથા તેની સાથે સંબંધ રાખનારી સર્વ વસ્તુઓને છોડી, વૈરાગી થઇ ચાલ્યો જાય છે. વિદ્વાન્, શ્રીમાન, વિશેષ ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ અર્થાત્ અત્યંત વિચારશીલ એવો એક મહાત્મા, પ્રેમને ન ગણકારતાં. પોતાના સંબંધનાં સર્વનું દુઃખનું સ્થાન થઇ પડે એ કેવુ આશ્ચર્ય! પ્રેમી પ્રેમના સ્થાનને છોડી દે, પણ પ્રેમનું સ્થાન તેને છોડતુ નથી. તેમાં પણ ઉભય પ્રાણી એક બીજાંનાં પ્રેમી ને પ્રેમનાં સ્થાન હોય, તો પછી શું કહેવું. સરસ્વતિચંદ્રે કુમુદસુંદરીને છોડી, કુમુદસુંદરીએ તેને છોડયો નહિ કુમુદે લાચાર થઇને ચંદ્રને છોડયો પણ ચંદ્રના અંતઃકરણે તેને છોડી નહિ. શરીર છુટાં થયાં પરંતુ અંતઃકરણમાં બંધાએલી સ્નેહગાંઠનું વધારે આકર્ષણ થયુ. તેજ આંતરીય આકર્ષણ અજાણતાં તેને સુવર્ણપુર ખેંચી ગયું. તેજ સ્નેહે, તેજ મટી

ગએલા પતિને, બેન ભાઇને કે તેમ, કુમુદે ચંદ્રને ઉપદેશ કર્યો શું ઉભય પ્રેમી સ્ત્રીપુરૂષે વિવાહિત થવું જોઇએ? ન થતાં પણ કુમુદસુંદરીના પ્રેમે પોતાને યોગ્ય કાર્ય કર્યું.

પ્રેમ સર્વ સ્થાનમાં સમાન હોતો નથી. યથાક્રમ વિવાહ થવાના તત્પૂર્વ સ્થાનમાં સ્નેહ ભાક્તરૂપે રહે છે. પોતાથી કનિષ્ઠ સ્થિતિમાં વસતા જન પ્રત્યે તેજ પ્રેમ વાત્સલ્યરૂપે રહે છે. આ ગ્રન્થમાં વાત્સ

પ્રેમ સ્નેહ, મમતા, વાત્સલ્ય ઇત્યાદિ શબ્દ પર્યાય છે. પ્રેમ તથા સ્નેહ એ સ્વમનમાં કોઇ શબ્દ વપરાય ગણાતા નથી એ નિશ્ચય શું આવતું તેમ કહીએ છે. જે ધાતુ ઉપરથી એ શબ્દો થાય છે તે પ્રમાણે જોતા સ્નેહ શબ્દ વધારે મહત્ત્વનો જણાય છે. પ્રેમ શબ્દમાં કાંઇક પ્રેમાત્મક જણાઇ પ્રમત્ત ગણનાનો ભાવ આવે છે. પ્રેમી પ્રેમથીજ દુઃખી થતા પોતાની શરીરસંપત્તિ તથા માનસ શક્તિ ક્ષીણ કરી નાખે, રખે તે આટલેસુધી કે પ્રેમનું રૂદન દુઃખ પણ શુષ્ક થઇ જાય. આ અવસ્થામાં જાય. આવી અવસ્થામાં પ્રેમીને પ્રસન્નતા સ્થાન ક્યાં રહ્યું? કેટલાએક વાંચનારા આ અવસ્થાને પણ પ્રેમીની ઈષ્ટાવસ્થા લેખે છે તેમના વિચાર પ્રમાણે પ્રેમી પોતાના સ્નેહનાએજ વિકસે થાય છે. તેઓ કહે છે કે એમની પ્રેમથી વાંછીત વસ્તુમાત્ર થાય છે.

આ વિષે વિશેષ વિચાર કરતાં આપણા મનની વૃત્તિઓમાં બહુ ઉંડા ઉતરવું પડે છે. પ્રાચિન તેમ કેટલાક આધુનિક વિદ્વાનો આ પ્રેમ શબ્દને સ્નેહમાં ગણે છે. કવિરાજ ભવભૂતિ ઉત્તરરામચરિતમાં નીચે પ્રમાણે કહે છે—

स्तंभित प्रेम्णा तव हृदयमस्मिन् क्षण इव

(મિત્ર, પ્રેમ તે તારા હૃદયમાં આજ ક્ષણ જેવો.)

વળી તે ગ્રન્થમાં કહે છે—

प्रसाद इव मूर्तस्ते स्पर्श स्नेहार्द्रशीतल

(પ્રસાદ મૂર્તિમાન્ જાણે સ્પર્શ આર્દ્ર શીતલ)

પ્રથમ શ્લોકમાં પ્રેમ શબ્દનો ઉપયોગ થયાનો ગમમાં ન વસતના હોય તેમ જણાતું નથી. દ્વિતીય શ્લોકમાં સ્નેહ ગ પ્રેમ શબ્દથી કાંઇ જુદો ભાવ દર્શાવતો નથી. પ્રેમમાંથી પ્રસન્નતાનો ભાવ છુપો રહે તો આનંદ આ રસ માત્રજ રહે છે. સ્નેહ શબ્દમાં આકર્ષણ નગર બીજો વિશેષ ભાવ રહ્યાનો જણાતો નથી. તેથી સ્નેહ શબ્દ પ્રેમ શબ્દ કરતાં અધિક મહત્ત્વનો જણાય છે. ઘણું કરીને વિદ્વાનોના તે પ્રમાણે વ્યાખ્યાથી સંસ્કૃત કવિઓના સમયમાં તે બે શબ્દ સમાન થઇ રહ્યા. પછી કાળાનુક્રમે ફેરફાર થતાં સાંપ્રતમાં કેટલાક લખે છે પ્રેમ અને સ્નેહ એના પણ વિશેષ મહત્ત્વ ગણે છે, હવે તરફ થતા આકર્ષણને ભક્તિભાવ એ શબ્દ યોગ્ય છે. તેનું પોતાથી કનિષ્ઠ તરફ થતા આકર્ષણને સ્નેહ શબ્દ જોડવો એ વિચારવા યોગ્ય છે. પ્રેમ તથા મમતા એ બે શબ્દોનો સાથે ઉપયોગ થઇ શકે. ભગવાન્ શંકર તથા વિષ્ણુ એ ભક્તવત્સલ કહેવાય છે. મમતા શબ્દ તો ભક્તિભાવ સ્નેહ અથવા તેવા બીજા કાંઇ પણ નામનો પર્યાય થઇ શકે. કારણ મમત્વ સમાન વડીલ અને કનિષ્ઠ સર્વમાં રહી શકે છે. વાત્સલ્ય જ શબ્દ ઉપરથી થયો છે તે શબ્દ જેમના માટે વપરાય છે તેનું વાત્સલ્યની નિરતિ જણાય છે. આમ હોવા છતાં વાત્સલ્ય પ

લ્યનું વિવેચન બહુ જુજ જોવામાં આવે છે. સરસ્વતીચંદ્રનાં તેના પિતા પ્રત્યેનાં આચરણ તેનો ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. ભક્તિભાવ ઘણી વખત ભય, આકાંક્ષા, અને જો તેની (ભાવની) ઉત્તરાવસ્થા આવે તો, ઉદાસીનતા સાથે સંબંધ રાખે છે. આ સર્વ તેના ભિન્ન ભિન્ન ભેદ સરસ્વતીચદ્ર પોતાનાં મન, વચન અને કર્મથી સ્ફુટ કરી દેખાડે છે આટલી વિદ્વતાવાળાને ભક્તિભાવમાં ઉદાસીનતાનું મિશ્રણ થાય તો અન્યનું શું કહેવું! વિદ્વત્તાનું એક ફલ સારૂં થયું કે પોતાની અપકીર્તિ કરાવી, પરંતુ લીન થતા ભક્તિભાવ લોકસમૂહમાં ઉઘાડો પાડયો નહિ.

લક્ષ્મીનાજ સંબંધી લક્ષ્મીનંદન તથા મૂર્તિમાન્ ગુમાન. ગુમાનનો સ્વભાવ યથાસ્થિત ચિતરાયો છે. મધ્યે ઉદાહરણમાં બાપુની વાર્તા પણ ઠિક સમયાનુસાર ગોઠવાઇ છે. અહિઆં પણ વળી સરસ્વતીચંદ્રની વિચાર કરવાની ઉચ્ચ પદ્ધતિ બહુજ આનંદ આપે છે. આવી રીતે સર્વને દુઃખી કરવા કરતાં કોઇ અન્ય માર્ગ વિશેષ લાભકારી થવા સંભવ હતો. તે સર્વ માર્ગ અનુક્રમે ચંદ્રકાન્તે સરસ્વતીચંદ્રને દર્શાવ્યા; પરંતુ તે સર્વ તેને હાનિકારક ભાસ્યા. સરસ્વતીચંદ્રનો ભક્તિભાવ ઔદાસ્યમિશ્રિત થયો હતો; નિઃશેષ ગલિત ન થયો. વિદ્યાએ આપેલાં જ્ઞાને આ સમયે અગ્રાહ્ય માર્ગોમાંનો નિર્દોષ તો નહિજ, પરંતુ થોડા દોષવાળો માર્ગ ગ્રહણ કરાવ્યો. પ્રેમી છુટો થયો. થતાં થતાં સ્નેહ સાંકળ તોડવા યત્ન કર્યો; પરંતુ તેમાં એક ગાંઠ વિશેષ બધાઇ. પત્રદ્વારા વચન આપ્યાવગર ચાલ્યું નહિં કે "હું તને નહિ ભૂલું. પ્રસગે ફરી પ્રત્યક્ષ કે પરોક્ષ રહી જણાઇશ. હું તને છોડું, પણ હૃદય કેમ છોડશે?"

શબ્દ વાપરવામા વિદ્વાનોએ કાઇ નિયમ રાખ્યો જણાતો નથી. ભવભૂતિ સીતાને પોતાનું રામ પ્રત્યેનો વાત્મલ્ય બોલાવે છે. કાલિદાસ કુમારસભવના પાચમા સર્ગમા

न पुत्रवात्सल्यमपाकरिष्यति ।

એમ લખી વાત્સલ્યને, બાલકોપ્રત્યે પ્રીતિ, એ અર્થમા જોડે છે. વળી એજ કવિ રઘુવંશના પંદરમા સર્ગમા


अन्वित. पतिवात्सल्यात् ।

એમ લખી શ્રેષ્ઠ જનપ્રત્યે પ્રીતિમા જોડે છે. આ પ્રમાણે બાળકોપ્રત્યેજ પ્રીતિ દર્શાવનાર કોઇ એકાર્થી શબ્દ નથી વાત્સલ્ય જો એજ અર્થમા વપરાય તો ભાષામા અતિ સુલભતા થઇ પડે.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મું. જ્યેષ્ઠ-આષાઢ, સંવત્ ૧૯૮૫ અંક ૮-૯ મો.

॥ यतो धर्मस्ततो जय ॥



सासारिक बोध

सृग्धरा छंद

કાકા મામા ફઈના પરિચય પણ તે કાંઈ કામે ન લાગે,
સ્નેહી સંબંધિઓના વિનયવચનથી ભૂખ લેશે ન ભાગે;
વિદ્યા વાણી વિનોદે ઘડિક રમી રહે સ્વાર્થમાં સર્વ શૂરા,
મોટા મોટા વિચારો અતિપરવશતાથી રહે છે અધૂરા
પ્રેમી મિત્રો પવિત્રો વન જન બધ જો હોય તો સર્વ થાય,
આવે આપત્તિ કોઈ સકલ સમયથી દેખતા દૂર જાય,
અંતે છે કોણ કોનું તનપણ તજતા લાજ લેશે ન રાખે,
આ સંસારે અસારે અનુભવ સર્વનો થાય છે એક આંખે

अते काई न होवा विषे

साकी (मराठी चाल)

આખર કાંઈ નથી, મન તું જાય મ ન મથી,
કામ કશા ધન ધામ ન આવે, હાથી હયરથ હાડી,
બાગ બગીચા મેલ મજાના, વગ્ગી ઘોડા ગાડી, આ
પુત્ર કલત્ર મિત્ર માયાળુ, સગા સહોદર શાણા,
ચાકર શેઠ રંક ને રાણા, તાગથી ઉભરાણા, આ
કલ્પિત વિષય બ ાની તેમાં, પરવશ થઈ પરવર મા,
ભવના ભાનવિષે શું ભટકે, મર તાગ મહિમા, આ
સાચું જે સમજાય જગત આ, તે મૃગજલના જેવું,
સગપણ બગપણ શું સમજવું, નનડે મીડે નેવું, આ
મૂળ વગર મોટી મમતાએ, આ સંસાર રચાયો,
શોધ્યા કર સો વરસો તોપણ, પ્રકટ જણાય ન પાયો, આ

વાયુના બાચકા ભર્યાથી, કાંઇને કરમાં આવે,
મારા તારામાં મરડાઇ શું ધમસાણ મચાવે? આ.
શોક હર્ષને શોક હઠીલાં, રાચ ન રાગ તરંગે;
કેશવ હરિને ભજ ભાવેથી, સચરતાં સત્સંગે; આ.

संसारमां सार विचारवा विषे.

माढ अथवा मेवाडो.

સંસારમાં શો સાર તે વિચાર તો કરો,
ફસાઇને આ ફંદમાં શું ફૂલતા ફરો; સં-ટેક૦
ધન જન જોબન કામ ન આવે, આ ધરણી ને ધામ,
કરિયે ક્રોડ ઉપાય તથાપિ, કોય ન સુધરે કામ; રે વિચા૦
સંબંધે સંતાપ અને સંકોચે મન મૂઝાય,
ધાર્યું થાય ન કાંઈ બરાબર, કાલ વૃથા વહિ જાય; રે વિ૦
જન્મ અમૂલ્ય મળ્યો તે જાતે, ખાંતે અફલ કરાય;
તરણી તૂટે તો શી રીતે, ભવસાગર ઉતરાય; રે વિ૦
મારૂં તારૂં એવી મમતા, બહુ મારે છે માર,
પ્રાણ પરોણા થાય ભલે પણ, કોઇ કરે નહિ વાર; રે વિ૦
ધસડાયા બહુ અંધ બનીને, વૃદ્ધ તરૂણ ને બાલ,
નજરે જોતાં પણ નહિ સૂજે, કેવી થાશે કાલ; રે વિ૦
અજર અમર કો કોણ રહ્યું છે, કોની રહિ છે વાત,
ધામ ધરાદિક હોત અચલ તો, શોક શું કરવા થાત; રે વિ૦
સુખ સંતોષ વધારો વાલા, મેલી મનનું માન,
ધીરજ કેમ રહે છે તમને, આ તન રાંધ્યું ધાન; રે વિ૦
ક્ષણભંગુર તન શું લઇ જાવું, સાચી એક સુવાસ,
તેમ છતાં અવળા જાશો તો, થાશે નરકનિવાસ; રે વિ૦
સારૂં માઠું સર્વ બતાવે, નજરે સઘળો લોક,
જે કરવું તે પોતે કરવું, શું કરિ આપે કોક; રે વિ૦
શોધો શાણા કેશવ હરિને, દૂર કરીને દોષ,
સાર સમજશો તો અંતરમાં, થાશે સુખ સંતોષ. રે વિ૦

सत्यमूर्ति महाराजा हरिश्चंद्रनी सत्यता

(સંગવ પા ૧૨૮ થી)

આ સમયમા મહાતપસ્વી વિશ્વામિત્ર કાળ જેવો ક્રોધ કરી મનમા પોતાનુ ધન આગનાની ઇચ્છા કરી ત્યા આવ્યા એમને જોઇ હરિશ્ચંદ્ર રાજા મૂર્છા પામીને ધરતીપર પડી ગયો એ રાજાના શરીરપર પાણી છાંટીને વિશ્વામિત્ર બોલ્યા કે "હે મોટા રાજા ઉઠ ઉઠ તેં કહેલી દક્ષિણા મને દે ઋણ ન આપનારાઓને દિવસે દિવસે દુ ખ વધતુ જાય છે" હિમ જેવુ ટાઢુ પાણી શરીરપર પડતા તે સમયે રાજાને ચેતના આવી પણ વિશ્વામિત્રને જોઇને પાછો મૂર્છા થઇ ગયો પછી જેને ભારે ક્રોધ ચડયો એવા વિશ્વામિત્રે સચેત કરીને પાછુ કહ્યુ કે, "હે રાજા ! મારી ધીરજ સામુ જોઇને હવે તુ મને મારી દક્ષિણા દે સૂર્ય સત્યથી તપે છે પૃથ્વી સત્યથી સ્થિર રહે છે અને સ્વર્ગ પણ સત્યમાજ રહેલો છે સત્ય પાળવામા મોટો ધર્મ કહેલો છે હજાર અશ્વમેધને અને સત્યને કાંટામા મુક્યા હતા તેમા હજાર અશ્વમેધથી સત્ય વધી ગયુ હતુ અથવા મારે આ બોલવાનુ શુ પ્રયોજન છે ? કશુ પ્રયોજન નથી હે રાજા ! તુ જો મારી દક્ષિણા નહિ આપે તો સૂર્ય આથમ્યા પછી હુ તને અવશ્ય શાપ આપીશ"

આ પ્રમાણે કહીને વિશ્વામિત્ર ત્યાથી ગયા વનમા દુ ખ પામેલો, નિર્ધન અને ક્રૂર લેણદારે સતાપેલો રાજા ભયથી આતુર થયો આ સમયમા વેદનો પાર પામેલો કોઇ બ્રાહ્મણ ઘણા બ્રાહ્મણોની સાથે પોતાના ઘરથી બાહાર નીકળી ચાલ્યો આવતો જોવામા આવ્યો એ તપસ્વીને આવતો જોઇ રાણીએ રાજાને ધર્મ તથા અર્થથી અવિરુદ્ધ વચન કહ્યુ કે "બ્રાહ્મણ ત્રણે વર્ણનો પિતા કહેવાય છે અને પિતાનુ દ્રવ્ય પુત્રે લેવુ જોઇએ એમા કશો સશય નથી, એટલામાટે ધનનેવાસ્તે આ બ્રાહ્મણની પ્રાર્થના કરવી એવો મારો મત છે" રાજા બોલ્યો કે "હે સુંદરિ ! હુ ક્ષત્રિય છુ તેથી પ્રતિગ્રહ લેવાને ઇચ્છતો નથી માગવુ એ બ્રાહ્મણોનો ધર્મ છે પણ ક્ષત્રિયોનો નથી બ્રાહ્મણ સઘળા વર્ણોના ગુરૂ છે માટે તેની તો સર્વદા પૂજા કરવી જોઇએ પણ તેની પાસે ક્ષત્રિયોએ માગવુ નહિ જોઇએ વિશેષેકરી યજન, અધ્યયન, દાન, શરણાગતોને અભયદાન અને પ્રજાઓનુ પાલન એજ ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે 'આપો'

એવું કંગાલ વચન તો મારાથી બોલાયજ નહિ. મારા હૃદયમાં તો 'દઉં' એ વચન ગોઠી રહ્યું છે. કોઇ સ્થાનકમાંથી પણ દ્રવ્ય મેળવીને હું બ્રાહ્મણને આપવા ધારૂં છું." આ વચન સાંભળી સ્ત્રીએ કહ્યું કે સમતા, વિષમતા, પરાભવ અને સન્માન કાળથીજ થાય છે. પુરૂષને દાતા બનાવનારો અને યાચક બનાવનારો પણ કાળજ છે. વિશ્વામિત્ર કે જે મોટા જ્ઞાની છે તેમણે પણ ક્રોધથી ભારી બળ વાપરીને તમને રાજ્યથી અને સુખથી ભ્રષ્ટ કર્યા એ સ્વધર્મનો ત્યાગ કર્યો તો હવે તમે સ્વધર્મનો ત્યાગ શામાટે કરતા નથી? કાળની ગતિ જોઇને સઘળું કામ સમયાનુકૂલ કરવું જોઇએ.

રાજાએ કહ્યું કે.—તીક્ષ્ણધારવાળી તરવારથી જીભના બે કટકા કરી નાખવા એ સારૂં છે પણ માન છોડી દ..ો 'દીયો' એમ બોલવું સારૂં નથી. હું ક્ષત્રિય છું માટે કોઇની પાસે માગું તો નહીં... હું તો મારા બાહુબલથી મેળવેલું ધન નિરંતર આપ્યા કરૂં એમ ઇચ્છું છું.

સ્ત્રીએ કહ્યું કે.—હે સ્વામી! માગવામાં તમારૂં મન અટકતું હોય તોપણ હું તો ન્યાયમાર્ગથી ઇંદ્રાદિક દેવતાઓએ પણ તમને આપેલી છું અને શિક્ષા કરવી અથવા મારૂં રક્ષણ કરવું એ તમારૂંજ કામ છે માટે મારૂં મૂલ્ય લઇને બ્રાહ્મણને દક્ષિણા આપો.

આ વચન સાંભળી હરિશ્ચંદ્ર રાજા 'હાય હાય ભુંડું થાય છે' એમ કહીને મહા દુ:ખથી વિલાપ કરવા લાગ્યો. વળી ફરીવાર સ્ત્રીએ કહ્યું કે "આ મારૂં વચન માનો નહિતર તમે બ્રાહ્મણના શાપરૂપ અગ્નિથી બળી જઇને નીચપણું પામશો. મને કાંઇ જુગાર, મદ્યપાન, રાજ્ય કે ભોગને વાસ્તે વેચવી નથી પણ બ્રાહ્મણનેવાસ્તે વેચવી છે માટે કશી અડચણ નહિ ગણતાં વેચો અને બ્રાહ્મણને દક્ષિણા આપો. મને વેચીને તમારા વચનને સફલ કરો."

આ પ્રમાણે સ્ત્રીએ વારંવાર પ્રેરણા કરતાં રાજા બોલ્યો કે "હે ભલી સ્ત્રી! ત્યારે હું નિર્દય થઇને તને વેચું છું તને આવું બોલવાનો ઉત્સાહ આવ્યો તો હું હવે ક્રૂર પુરૂષોથી પણ ન થઇ શકે એવું નિષ્ઠુર કામ કરૂં છું." આ પ્રમાણે બોલી આતુર થએલા રાજાએ નગરમાં જઇ સ્ત્રીને બજારમાં મુકીને આંસુથી ગળગળા કંઠવતે કહ્યું કે "હે સઘળા નગરના લોકો! મારૂં વચન સાંભળો, આ મારી પ્રાણપ્યારીને દાસી કરીને રાખવાનું કોઇને કામ હોય તો હું જેટલું કહું તેટલું ધન આપવાની જેની

શક્તિ હોય તે તુરત બોલો " ડાહાપણવાળા નગરના લોકો બોલ્યા કે "અરે ! સ્ત્રીને વેચવા આવેલો તું કોણ છે " રાજાએ કહ્યું કે "મને તું કોણ છે એમ શું પુછો છો હું માણસ નથી પણ ક્રૂર છું અથવા કઠણ છાતીવાળો રાક્ષસ છું માટે પાપ કરૂ છું " એ શબ્દ સાંભળી તુરત વિશ્વામિત્રે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરીને હરિશ્ચંદ્રને કહ્યું કે "આ સ્ત્રી મને દે હું ધન આપીને ખરીદનાર છું મારા પાસે ઘણું નાણું છે મારી સ્ત્રી સુકુમાર હોવાથી ઘરના કામ કરી શકતી નથી એટલામાટે હું સ્ત્રીને ખરીદું છું તને કેટલું ધન આપું " વૃદ્ધ બ્રાહ્મણ આ પ્રમાણે બોલતા હરિશ્ચંદ્રનું મન દુઃખથી ફાટી ગયું તેથી તેણે કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ પછી એ વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો કે " તારી સ્ત્રીના કામ, અવસ્થા, રૂપ અને શીલના પ્રમાણમાં ધન લે અને મને તારી સ્ત્રી દે સ્ત્રીના અને પુરૂષના મૂલ્યવિષે ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે બત્રીસ લક્ષણોવાળી, ચતુર અને શીલ તથા ગુણવાળી, સ્ત્રી હોય તો તેનું કરોડ સોનામોહોર મૂલ્ય છે અને પુરૂષ તેવો હોય તેનું દશ કરોડ સોનામોહોર મૂલ્ય છે " આ પ્રમાણે એ બ્રાહ્મણ બોલતા મોટા દુઃખથી ઘેરાએલા હરિશ્ચંદ્ર રાજાએ તેને કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ પછી એ બ્રાહ્મણે હરિશ્ચંદ્ર રાજાની સામે વલ્કલ ઉપર ધન મુકીને તેની રાણીને ચોટલો ઝાલીને ખેંચી રાણી બોલી કે " રે ભલા બ્રાહ્મણ ! હું મારા દીકરાને જોઇ લઉં તેટલીવાર મને મુકી દ્યો, મુકી દ્યો ફરીથી આ બાળકનું દર્શન મને દુર્લભ થશે " એમ કહીને તેણે પોતાના પુત્રને કહ્યું કે " હે પુત્ર ! હું તારી મા કે જે અહીં દાસીપણું પામી છું તેને જો હે રાજકુમાર ! તું મને અડીશમા, હવે હું સ્પર્શ કરવાને યોગ્ય રહી નથી " પછી પોતાની માને ખેંચાતી જોઇ જેના નેત્રમાં આંસુ આવી ગયાં એવો એ બાળક તુરત 'મા મા એમ બોલતો બોલતો દોડ્યો પડી જતો એ જલકાવાળો બાળક માના વસ્ત્રને હાથમાં લઇને ખેંચવા લાગ્યો ત્યારે એ બ્રાહ્મણે ક્રોધથી તેને થપડ મારી આમ થયા છતાં પણ 'મા—મા' એમ બોલતો એ બાળક પોતાને છોડતો ન હતો, તેને જોઇને રાણીએ બ્રાહ્મણને કહ્યું કે "હે પાલક ! મારાપર કૃપા કરીને આ બાળકને પણ ખરીદો મને ખરીદી તોપણ એ વિના હું કામ કરીશ નહીં એટલામાટે હે મહારાજ ! હું કે જે અલ્પભાગ્યવાળી છું તેના ઉપર આટલી કૃપા કરો " સ્ત્રીના વચન સાંભળી બ્રાહ્મણે હરિશ્ચંદ્રને કહ્યું કે " આ બીજું પણ ધન

લે અને તારો બાલક મને દે. ધર્મશાસ્ત્ર જાણનારાઓએ સ્ત્રી અને પુરૂષના ગુણોની ન્યૂનાધિકતા ઉપરથી સો, હજાર અને લાખનું મૂલ્ય ઠરાવેલું છે. બીજા વિદ્વાનોએ સ્ત્રીનું કરોડનું મૂલ્ય પણ કહેલું છે. સ્ત્રી જો બત્રીશ લક્ષણવાળી, ચતુર અને શીલ તથા ગુણોવાળી હોય તો તેનું એક કરોડનું મૂલ્ય થાય અને પુરૂષ તેવો હોય તો એક અર્બુદનું મૂલ્ય થાય." આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણે આગળની પેઠે બાલકનું મૂલ્ય પણ હરિશ્ચંદ્રની પાસે વસ્ત્રમાં નાખ્યું. પછી બાલકને લઇ તેની માની સાથે એકઠો બાંધ્યો. બન્નેને લઇ રાજી થઇને બ્રાહ્મણે તુરત પોતાને ઘેર જવા માંડયુ ત્યારે આંસુથી વ્યાકુલ થએલી રાંક રાણીએ હરિશ્ચંદ્રને પ્રદક્ષિણા કરી ગોઠણભર રહીને પ્રણામ કરતાં કહ્યું કે "મેં કાંઇ દાન કરેલ હોય, હોમ કરેલ હોય અને બ્રાહ્મણોને તૃપ્ત કરયા હોય તો તે પુણ્યથી પાછા હરિશ્ચંદ્રજ મારા પતિ થજો." પ્રાણ કરતાં પણ પ્યારો એ રાણીને પગમાં પડેલી જોઇ 'હાય હાય' એમ બોલતો રાજા વ્યાકુલ થઇને વિલાપ કરવા લાગ્યો કે "વૃક્ષની છાયા કે જેમાં સત્ય, શીલ કે ગુણ કાંઇ પણ નથી તે પણ વૃક્ષને કદી છોડી દેતી નથી ત્યારે આ સ્ત્રી કે જેમાં એ સઘળા ગુણો છે તે મારાથી કેમ છુટી પડી." આ પ્રમાણે સ્ત્રીવિષે બોલીને તેણે સ્ત્રીના શરીરની સાથે બંધાએલા પુત્રને કહ્યું કે "મને છોડી દઇને તું કયાં જશે ? હું હવે કઇ દિશામાં જાઉં ? મારા દુઃખનું નિવારણ કોણ કરે ? મને રાજ્યના ત્યાગથી કે વનવાસથી જેવું દુઃખ થયું ન હતું તેવું દુઃખ પુત્રના વિયોગથી થાય છે." વળી તેણે સ્ત્રીને કહ્યું કે લોકમાં જે સારો પતિ હોય તે તો સર્વદા સ્ત્રીનો ત્યાગ કરે નહિ હે કલ્યાણિ ! મેં તો તને છોડી દીધી છે અને દુઃખમાં નાંખી છે. હું તારો પતિ કે જે ઇક્ષ્વાકુના વંશમાં ઉત્પન્ન થએલ અને રાજ્યનાં સઘળાં સુખ ભોગવવાનો અભ્યાસી છતાં આવો અભાગીઓ છું તેને પામીને તું બીજાની દાસી થઇ છે. આવા અત્યંત મોટા શોકરૂપી સમુદ્રમાં હું ડુબું છુ. તેને હવે બોધનાં વચનો સંભળાવીને એ સમુદ્રમાંથી કોણ બાહાર કાહાડે." આ પ્રમાણે વિલાપ કરતો રાજા જોતાં છતાં એ બ્રાહ્મણ પેલી સ્ત્રીને તીક્ષ્ણ ચાબખા મારીને લઇ જવા લાગ્યો. સ્ત્રી અને પુત્રને લઇ જવાતાં જોઇ બહુ દુઃખથી પીડાએલો રાજા વારંવાર ઉના નિસાસા મુકીને વિલાપ કરવા લાગ્યો કે "પૂર્વે જે મારી સ્ત્રીને વાયુ, સૂર્ય, ચંદ્ર અને બીજા પણ કોઇ લોકો જોવા પામતા નહિ તે આજ દાસીપણું પામેલી છે. સૂર્યવંશમાં ઉત્પન્ન

વએલા અને ફુરી ફુરી આગળીઓવાળો આ બાળક પણ વેચાયો, માટે હું કે જે અત્યંત દુર્બુદ્ધિ છું તેને ધિક્કાર છે હે પ્રિયા! હે બાળ પુત્ર! હું કે જે દુષ્ટ છું તેના અપરાધથી તમે દુઃખી થયા છો હું દૈવાધીન થઇને આવી નીચ દશાને પામ્યા છતાં પણ મુવો નહિ માટે મને ધિક્કાર છે” આ પ્રમાણે રાજા વિલાપ કરતો હતો ત્યાં પેલો બ્રાહ્મણ કે જે તેની રાણીને અને પુત્રને લઇને ઉતાવળથી જતો હતો તે દૂર નીકળી ગયો અને ઉંચા ઉંચા વૃક્ષો તથા ઘરો આદિ આડા આવી જવાથી દેખવામાં પણ આવ્યો નહિ આ સમયમાં મુનિઓમાં ઉત્તમ, મહાતપસ્વી, કઠોર અને ક્રૂરરૂપવાળા વિશ્વામિત્ર બીજું રૂપ ધરી પોતાના શિષ્યોસહિત રાજાની પાસે આવીને બોલ્યા કે “હે રાજા! જો તારે તારૂં સત્ય પાળવું હોય તો મને રાજ્યના દાનની દક્ષિણા દે અને તેની સાથે, તેં મને યજ્ઞમાં જેટલી જોઇએ તે દક્ષિણા આપવાનું પણ પ્રથમ કહેલું છે તે પણ દે હું યજમાન થઇને રાજસૂય કરૂં તેમાં મારે બ્રાહ્મણોને જેટલી દક્ષિણા દેવી જોઇએ તેટલી દક્ષિણા રાજ્યના દાનની દક્ષિણા ઉપરાંત તારે દેવી પડશે” વિશ્વામિત્રના વચન સાંભળીને હરિશ્ચંદ્ર બોલ્યો કે “હે રાજર્ષિ! મારી પાસે અગીઆર સોનાથી નવારે ધન આવેલું છે તો તે સઘળું લઇને તમે મારા કહેવા પ્રમાણે રાજ્યના દાનની દક્ષિણા તથા રાજસૂયની દક્ષિણા પણ આપને મળી ચુકી માનો” વિશ્વામિત્ર બોલ્યા કે “હે રાજેન્દ્ર! આ દ્રવ્ય કે જે તું દક્ષિણાનેવાસ્તે આપે છે તે તને ક્યાંથી મળ્યું તેં કયી રીતે દ્રવ્ય મેળવ્યું તે મને કહે” રાજા બોલ્યો કે “હે ભાગ્યશાળી બ્રાહ્મણ! એ વાત કહેવરાવવાનું તમારે શું પ્રયોજન છે? એ વાત સાંભળવાથી તમને પણ ખેદ થશે” વિશ્વામિત્ર બોલ્યા કે “જે દ્રવ્ય કુમાર્ગથી આવેલું હોય તે હું લેતો નથી મારા માર્ગથી આવેલું હોય તેજ લઉં છું એટલામાટે આ દ્રવ્ય તારી પાસે શી રીતે આવેલું છે તે તું યથાર્થ રીતે કહે” રાજા બોલ્યો કે “હે મહારાજ! મેં મારી રાણીને કરોડ સોના મોહોરથી અને રોહિત નામના દીકરાને દશ કરોડ સોના મોહોરથી વેચી નાખેલ છે તો આ અગીઆર કરોડ સોના મોહોર તમે મારી પાસેથી લીઓ” રાજ્યના દાનની દક્ષિણા પૂરી થવા ઉપરાંત જે વેચાણનું દ્રવ્ય વધ્યું તે રાજસૂયની દક્ષિણાનેવાસ્તે થોડું એમ જોઇ ક્રોધ પામેલા વિશ્વામિત્રે રોકડી બાબતના રાજાને કહ્યું કે “આ દક્ષિણા રાજસૂય યજ્ઞનેવાસ્તે પૂરતી નથી એટલામાટે જેટલાથી એ પૂરી

હૂં સર્વદા તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ એમાં સંશય નથી. મને આજ્ઞા કરે. હું તમારૂં શું કામ કરૂં." આ પ્રમાણે રાજાનાં વચન સાંભળી વિશ્વામિત્રે પેલા ચાંડલને કહ્યું કે "હે ચાંડાલ! તુ મારી પાસે આવ. તુ આ મારા દાસનું કેટલું મૂલ્ય આપીશ? હમણા મૂલ્ય લઇને હુ આ મારો દાસ તને આપું છું. માટે આને તું લે. મારે કાંઇ દાસનું કામ નથી. મારે તો ધન લેવાની આશા છે." વિશ્વામિત્ર આ પ્રમાણે બોલતાં રાજી થએલા ચાંડાલે તુરત સમીપમાં આવીને વિશ્વામિત્રને કહ્યું કે "હે બ્રાહ્મણોમાં ઉત્તમ! દશયોજનના વિસ્તારવાળાં પ્રયાગના મંડલમાં રત્નની પૃથ્વી કરીને હું તમને આપીશ. આ દાસને વેચીને તમે મારી પીડા મટાડી છે" પછી એ ચાંડાલે હજારો રત્ન, સોનામોહોર, મણિ અને મોતી આપ્યાં તે વિશ્વામિત્રે લીધાં. આ પ્રમાણે થતાં હરિશ્ચંદ્રના મુખમાં કાંઇ પણ વિકાર દેખાયો નહિ. તેણે તો ધીરજથી એમજ માન્યું કે "વિશ્વામિત્ર મારા ધણી થયા છે; માટે તે જે કામ કરવાનું કેહે તે મારે કરવું." એ સમયમાં તુરત આકાશવાણી થઇ કે "હે રાજા! તું ઋણમુક્ત થયો અને રહેલી દક્ષિણા આપી ચુકો." આકાશવાણી થયા પછી રાજાને માથે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ અને ઇંદ્ર સહિત મોટામોટા દેવતાઓ રાજાને વાહવાહ કેહેવા લાગ્યા. મોટા હર્ષથી વ્યાપ્ત થએલા રાજાએ વિશ્વામિત્રને કહ્યું કે, "હે મોટી બુદ્ધિવાળા મુનિ! તમે મને છોડાવ્યો અને ક્ષણમાત્રમાં ઋણમુક્ત કર્યો તેથી તમેજ મારાં માતા-પિતા અને બંધુ છો. હું હવે શું કરૂં? તમારૂ વચન માનવામાં મારૂં કલ્યાણ છે." આ પ્રમાણે રાજાનાં વચન સાંભળી વિશ્વામિત્રે તેને કહ્યું કે "હે રાજા! આજથી તારે ચાંડાલનું કહ્યું કરવું. તારૂં કલ્યાણ થાઓ." આમ કહી ચાંડાલની પાસેથી ધન લઇ હરિશ્ચંદ્રને ચાંડાલના હાથમાં આપીને વિશ્વામિત્ર ત્યાંથી ગયા.

ધન લઇને વિશ્વામિત્ર ગયા પછી રાજી થએલા ચાંડાલે રાજાને બાંધી 'હવે ક્યાં જશે,' એમ કહીને લાકડી મારી. લાકડી વાગવાથી સંભ્રમ પામેલા, અત્યંત વ્યાકુલ ઇંદ્રિયોવાળા અને પ્યારાં બંધુઓના વિયોગથી પીડાએલા રાજાને પોતાના પરામાં લાવી લોઢાની બેડી નાખીને પોતે નિશ્ચિંત થઇ સુઇ રહ્યો. બેડીમાં પડીને ચાંડાલના પરામાં રેહેતો હરિશ્ચંદ્ર રાજા અન્ન પાન છોડી દઇને સર્વદા શોક કરવા લાગ્યો કે "દુઃખથી ઘેરાએલી અને રાંક મોહોડાવાળી મારી સ્ત્રી પોતાની પાસે રાંક મોહોડાવાળા

બાલકને જોઇ મને સભારતી હશે કે ' રાજા નાણું કમાઇ, બ્રાહ્મણને જે દેવા કહેલુ છે તે આપીને અમને છોડાવશે અને પુત્રને તથા મને રોતા જોઇને આશ્વાસના કરશે બાપની પાસે જવુ છે એમ કહીને રોતા અને બાપ બાપ કરતા બાલકને સારી રીતે થડો પાડશે ' અહો ! મૃગના બ ચ્ચાના સરખા નેત્રવાળી એ પ્યારી મને ચાડાલ થએનો નહિ જાણતી હોય અહો હુ રાજ્યથી ભ્રષ્ટ થયો, મળતીઓથી છુટો પડયો, સ્ત્રી તથા દીકરો વેચવા પડયા અને જેથી વારે આ ચાડાલપણુ પ્રાપ્ત થયુ અહો મારા ઉપર એક પછી બીજુ અને બીજા પછી ત્રીજુ એમ ઉપરાઉપર દુ ખોજ આવી પડયા " આ પ્રમાણે સ્ત્રી તથા પુત્રને નિરતર સભારતો અને દૈવે પીડેલો એ ચતુર રાજા ચાડાલના ઘરમા રહીને દિવસ કાહાડવા લાગ્યો પછી પાંચમે દિવસે એ રાજાને બેડીમાથી છોડી દોની ચાડાને કઠોર વચનોથી વારવાર તરછોડીને મુવેલા માણસના વસ્ત્ર લેવાનું કામ કરવાની આજ્ઞા કરીને કહ્યુ કે " કાશીના દક્ષિણ ભાગમા મોટુ મસાણ છે, તેનુ તુ યોગ્ય રીતે રક્ષણ કરજે અને ક્યારે પણ એ સ્થાનકને છોડીને બાહાર જજે મા આ જુનો ઘોકો લઇને તુ તે સ્થલમા તુરત જા અને આ ઘોકો વીરબાહુનો છે એમ ચારેકોર બોલજે રાજ્યથી ભ્રષ્ટ થયા પછી કેટલેક કાળે હરિશ્ચદ્ર રાજા આ પ્રમાણે ચાડાલના હાથમા આવીને મસાણમા મુવેલા માણસોના ખપણ લેવાનુ કામ કરવામા જોડાયો ખપણ લેનારો એ વીરબાહુ નામના ચાડાલોના પટેલની આજ્ઞાથી રાજા મસાણમા ગયો એ ભયાનક મસાણ નગરીથી દક્ષિણ ભાગમા હતુ એ સ્થલમા ભારે દુર્ગંધી ધૂમાડો ફેલાઇ રહ્યો હતો ચારેકોર શબના ઢગ પડયા હતા માંસખાનારા પશુઓ ભયકર નાદ કરી રહ્યા હતા સૈકડો કાગડા, ગરજ, શીઆળીઆ અને કુતરા ચારેકોર ફરતા હતા હાડકાઓના ઢગ પડયા હતા ઉગ્ર દુર્ગંધ વ્યાપી રહ્યો હતો અગ્નિમા પડેલા અને અરધા બળેલા શબના મોહોડા ખુલ્લા થએલા દાતની પક્તિઓથી જાણે કાયાની એવી સ્થિતિ જોઇને હસતા હોય એવા લાગતા હતા મરણ પામેલા અનેક મા ણસોના સગાંઓનો ઉગ્ર કોલાહલ થઇ રહ્યો હતો 'હાય દીકરા, હાય મિત્ર, હાય બધુ, હાય ભાઇ, હાય પ્યારી, હાય ભત્રીજ, હાય મામા, હાય દાદા, હાય નાહાના, હાય બાપ હાય પૌત્ર ! તુ મને છોડીને ક્યા ગયો આન આવ' એવી રીતના સર્વ પ્રાણીઓને ત્રાસ આપનારા શબ્દો

ચારેકોર સાંભળવામાં આવતા હતા. બળતાં માંસ, વસા અને મેદના છમછમાટ થઇ રહ્યા હતા. અને અગ્નિમાંથી મહાભયંકર ચડચડાટી નિકળતી હતી. પ્રલયકાલ સરખા એ દારૂણ મસાણમાં ગએલો હરિશ્ચંદ્ર રાજા દુઃખથી શોક કરતો હતો કે “ હે સેવકો ! હે મંત્રીઓ ! તમો ક્યાં છો ? કુલપરંપરાનું રાજ્ય ક્યાં ગયું ? હે પ્યારિ ! હે બાલક પુત્ર ! બ્રાહ્મણના કોપથી હું કે જે મંદભાગ્ય છું તેને છોડીને તમો ક્યાં દૂર ગયાં ? કોઇ સ્થળમાં પણ ધર્મવિના માણસોનું શુભ થતું નથી. માટે માણસે યત્ન કરીને ધર્મનેજ સાચવવો જોઇએ. ” આ પ્રમાણે વિલાપ કરતાં વળી ચાંડાલનું કહેલું સંભારીને વારંવાર મુડદાં જોવા જતો હતો. સઘળાં અંગોમાં મેલથી ખરડાએલો અને સુકાઇને લાકડી જેવો થઇ ગએલો અને મુડદાં શોધવાવાસ્તે આમ તેમ દોડયા કરતો એ રાજા ‘આ શબનું આટલું મૂલ્ય મળ્યું, હવે બીજાનું સો શિક્કા મૂલ્ય મળશે. તેમાંથી આટલું મારૂં, આટલું રાજાનું અને આટલું મારા ધણી ચાંડાલનું’ એમ વિચાર કર્યા કરતો હતો. દુસ્તર દશાને પામેલા એ રાજાએ જુના એકજ લુગડાની ગાંઠયો વાળીને કંથા પેહેરી હતી. તેના હાથ, પેટ, મોહોડું અને પગ ચિતાના ભસ્મથી અને રજથી ખરડાએલાં હતાં. હાથની આંગળીઓ અનેક જાતનાં મેદ, વસા અને મજ્જાથી ખરડાએલી હતી. અનેક શબોને વાસ્તે મુકાએલા ચોખાના પિંડો ખાઇને ઉદરનો નિર્વાહ કરતો હતો. શબોને પેહેરાવેલાં ફુલો ભેળાં કરીને તેણે માથે પેહેરવાની ટોપી બનાવી હતી. રાતે કે દિવસે તેને નિદ્રા આવતી ન હતી. અને વારંવાર નિસાસા મુકીને ‘હાય હાય’ એમ બોલ્યા કરતો હતો. આ પ્રમાણે એ રાજાએ સો વર્ષ જેવા બાર મહિના કાહાડયા.

એક દિવસે રોહિત નામનો એ રાજાનો કુવર કાશીથી થોડેક છેટે બાલકોની સાથે રમવા સારૂ બહાર ગયો. રમીલીધા પછી તેણે કોમળ અને નાહાનાં મૂળવાળા અણીઓ સહિત દર્ભ પોતાથી ઉપડે તેટલા લેવા માંડયા. ‘ મારા ધણી બ્રાહ્મણને રાજી કરવા સારૂ લઉ છું ’ એમ કહી યત્નપૂર્વક અગ્નિમાં હોમનેવાસ્તે બન્ને હાથથી સારાં સારાં સમિધ, દર્ભ, કાષ્ઠ અને ખાખરાનાં લાકડાં લઇ માથે ભારી ચડાવીને ત્યાંથી ચાલ્યો. પગલે પગલે ખેદ પામતો હતો પણ પ્રેમથી ચાલ્યો જતો હતો. ત્યાં માર્ગમાં તરસ લાગતાં પાણીનું ઠેકાણું આવ્યું એટલે ત્યાં તેણે ધરતીપર ભારી ઉતારીને પાણી પીધું. પાણી પી જરાવાર વિસામો લઇ રાફડાપર ભારી

મુકીને ઉપાડવા લાગ્યો એટલી વારમા વિશ્વામિત્રની આજ્ઞાથી મહા ઝેરી અને મહાભયકર એક કાળોતરો નાગ રાફડામાથી નીકળ્યો એ નાગે કરડવાથી તે સમયેજ એ બાલક પડી ગયો રોહિતને મરી ગએલો જોઇ તેની સાથેના બાળકોએ ભય પામી ઉતાવળથી બ્રાહ્મણને ઘેર જઇને તેની માને કહ્યુ કે "હે દાસિ! તારો પુત્ર ક્રીડા કરવાસારૂ અમારી સાથે બાહાર આવ્યો હતો ત્યા સર્પ કરડવાથી મરી ગયો છે" આ પ્રમાણે તે ઓનું વજ્રપાત જેવુ વચન સાભળી મૂર્છા પામેલી રાણી કાપી નાખેલી કેળના પેઠે ધરતીપર પડી ગઇ એને જોઇ ક્રોધ પામેલા બ્રાહ્મણે તેનાપર પાણી છાટ્યુ એટલે તેને થોડીવારમા ચેતના આવી પછી બ્રાહ્મણે તેને કહ્યુ કે "હે દુષ્ટા! સાયકાળે રોવુ એ અલક્ષ્મી કરનાર અને નિંદિત છે, એમ જાણતા છતા તુ કેમ રોય છે? તારા હૃદયમા લાજ છે કે નથી?" આ પ્રમાણે બ્રાહ્મણે કહ્યુ પણ તે રાણી કાઇપણ બોલી નહિ શોક, પુત્રના શોકથી પીડાએલી, આસુ ભરેલા મોહોડાવાળી અને રજથી ખરડાએલી તે રાણી દયામણી રીતે રોતી હતી પછી કોપ પામેલા બ્રાહ્મણે તેને કહ્યુ કે "તુ મારી પાસેથી તારૂ મૂલ્ય લઇને મારા કામને બગાડે છે માટે તને ધિક્કાર છે તુ અશક્ત હતી ત્યારે મારૂ ધન શામાટે લીધુ?" આ પ્રમાણે તે બ્રાહ્મણે કઠોર વચનોથી વારવાર તરછોડેલી રૂદન કરતી રાણીએ ગદ્ગદ્‌વાણીથી દયામણી રીતે તેને કહ્યુ કે "હે પાવક! મારો બાલક પુત્ર સર્પ કરડવાનેલીધે ગામ બહાર મરી ગયો છે મને આજ્ઞા આપો હુ એને જોવાસારૂ જાઉ. હે સારા નિયમોવાળા! મારે હવે એ બાલકનુ દર્શન દુર્લભ થયુ છે" આમ કહીને એ રાણી કગાલની પેઠે રોવા લાગી કોપ પામેલા બ્રાહ્મણે ફરીવાર તેને કહ્યુ કે "હે દુષ્ટ આચારવાળી! હે ખદી! તને પાપની ખબર નથી કે શુ? જે માણસ ધણીની પાસેથી મૂલ્ય લઇને તેના કામમા અડચણ કરે છે તે માણસ મહારૌરવ આદિ નરકોમા રધાય છે એક કલ્પસુધી નરકમા રહ્યા પછી પાછો તેને કુકડાનો અવતાર આવે છે અથવા તારી પાસે આ ધર્મની વાતો કરવાથી મારૂ શુ વળશે? જે માણસ પાપમા લાગેલ, મૂર્ખ, ક્રૂર, નીચ, ખોટુ બોલનાર અને શઠ હોય તેની પાસે ઉપદેશનુ વચન, ખારી ધરતીમા વાવેલા બીજની પેઠે નિષ્ફળ થાય છે તને જો કાઇપણ પરલોકનો ભય હોય તો ઘરનુ કામ કરવા આવ્ય" બ્રાહ્મણ એ પ્રમાણે બોલતા તે રાણીએ ધ્રુજતા ધ્રુજતા તેને

કહ્યું કે 'હે મહારાજ! મારાપર કરૂણા કરો. ક્રોધ છોડી દીઓ અને પ્રસન્ન થાઓ. હુ બાલકને જોઇ આવું એટલીવાર મને જવા દિઓ." આ પ્રમાણે કહી પુત્રના શોકથી પીડાએલી તે રાણી બ્રાહ્મણના પગમાં માથું મુકીને રાંકની રીતે રોવા લાગી. ક્રોધ પામેલા અને તેનેલીધે જેનાં નેત્ર રાતાં થઈ ગયાં એવા તે બ્રાહ્મણે રાણીને કહ્યું કે "તારા દીકરાનું મારે શું કામ છે? તુ મારા ઘરનું કામ કરય. મારા ક્રોધમાંથી તને ચાબકા વાગવાનું ફળ જડશે, એ તું જાણતી નથી?" બ્રાહ્મણે આ પ્રમાણે કહ્યું તેથી તે રાણી ત્યાંજ રહીને ધીરજથી ઘરનું કામ કરવા લાગી. પગને તેલ ચોળવા આદિ કામ કરતાં તેને અધરાત વીતી ગઇ. પછી બ્રાહ્મણે કહ્યું કે "હવે તું તારા દીકરાની પાસે જા તેને બાળવા આદિ કામ કરીને પાછી તુરત આવજે કે જેથી સવારે કરવાના મારા ઘરના કામમાં કશી અડચણ આવે નહીં." આ પ્રમાણે બ્રાહ્મણની આજ્ઞા મળતાં તે રાણી રાતે વિલાપ કરતી કરતી એકલી બાહાર ગઇ. ટોળામાંથી છુટી પડેલી હરણીની પેઠે અને વાછડા વગરની ગાયની પેઠે શોકથી અત્યંત પીડાએલી તે રાણી કાશીથી બાહાર જઇ પોતાના પુત્રને મરણ પામેલો અને રાંકની પેઠે કાષ્ટ, દર્ભ તથા ખડ ઉપર પૃથ્વીમાં પડેલો જોઇ ઘણા દુઃખથી મોટી ચીસ નાખીને વિલાપ કરવા લાગી કે "હે પુત્ર! મારી પાસે આવ્ય. હમણાં તને શાથી રીસ ચડી છે તે કેહે. રોજ તો તું હે મા! હે મા! એમ વારંવાર બોલતો મારી પાસે આવે છે અને આજ કેમ આવતો નથી." આમ વિલાપ કરતી તે રાણી લથડતી લથડતી તેની પાસે જઇ મૂર્છા પામીને તેની ઉપર પડી. પછી સંજ્ઞા આવતાં બાલકને બન્ને હાથથી છાતીમાં લઇ તેના મોહોડાં પર પોતાનું મોહોડું રાખીને પીડા ભરેલા શબ્દોથી રોવા લાગી અને બન્ને હાથથી પોતાનું માથું તથા પેટ કુટવા લાગી. "હે પુત્ર! હે બાલક! હે પ્યારા! હે કુમાર! હે સુંદર! હવે મારી શી ગતિ થાશે? હે રાજા! તમે ક્યાં ગયા? પ્રાણ કરતાં પણ વધારે પ્યારો આ તમારો પુત્ર મરણ પામીને ધરતીપર પડ્યો છે તેને જુવો." આવા વિલાપ કરતાં વળી જીવતો હશે એવી શંકાથી તેણે તેનું મોહોડું જોયું. જોઇને મડામોહોડું થએલું જાણવામાં આવતાં મૂર્છા પામીને પડી ગઇ. વળી દીકરાનું મોહોડું હાથમાં લઇને કેહેવા લાગી કે "હે બાલક! સુવું છોડી દે. તુરત જાગ. આ મહા ભયકર અધરાતનો સમય છે. આ સમયે સૈકડો ફ્યાવડીઓ, ભૂત, પ્રેત, પિશાચ અને ડાકણો આદિનાં ઘણાં યૂથ નાદ કરે

છે સૂર્ય આથમતાં તારા સઘળા મિત્રો જતા રહ્યા તે છતાં તું એકલોજ અહીં શા માટે રહ્યો છે?" આમ બોલીને વળી દયામણી રીતે રોવા લાગી 'હે બાળક! હે પુત્ર! હે રોહિત કુમાર! હે દીકરા! તું મને ઉત્તર કેમ દેતો નથી હું તારી મા છું તેને તું જાણતો નથી કે શું? મારી સામું જો હે પુત્ર! હું દેશનો ત્યાગ થતાં, રાજ્યનો નાશ થતાં, ધણીના હાથથી વેચાતાં અને દાસીપણું પ્રાપ્ત થતાં પણ જે જીવું છું તે તારૂં મોંહોડું જોઇનેજ જીવું છું તારા જન્મના સમયમાં બ્રાહ્મણોએ ભવિષ્ય કહ્યું હતું કે 'આ દીકરો લાંબા આયુષ્યવાળો, સઘળી પૃથ્વીનો રાજા, શૂર, ઉદાર, વીર, માતા પિતાને રાજી કરનાર, સત્યવાદી, જિતેંદ્રિય અને ગુરૂ દેવ તથા બ્રાહ્મણોને પૂજનારો થશે' તો એ સઘળાં વચનો આજ મિથ્યા થઇ ગયાં ચક્ર, મત્સ્ય, છત્ર, શ્રીવત્સ, સાથીઓ, ધ્વજા, કલશ, ચામર તથા બીજાં પણ જે લક્ષણો તારા હાથની હથેળીમાં છે તે સઘળાં આજ ખોટાં પડી ગયાં હે રાજા! હે પૃથ્વીનાથ! તારૂં રાજ્ય, મંત્રીઓ, સિંહાસન, છત્ર, ખડ્ગ, અપાર ધન, અયોધ્યા, મોહોલ, હાથી, ઘોડા, રથ અને પ્રજા ક્યાં ગયાં? હે પુત્ર! એ સઘળાંને તથા મને પણ છોડી દઇને તું ક્યાં ગયો? રે પતિ! હે હરિશ્ચંદ્ર રાજા! આવો અને આ પોતાના પ્યારા દીકરાને જુવો જેણે કેસરના લેપનવાળી તમારી મોટી છાતીને રીખતાં રીખતાં પોતાના શરીર ઉપરની રજના ગંધથી મેલી કરી નાખી હતી અને જેણે ખોળામાં બેસીને તમારા કપાળમાં રહેલા કસ્તૂરીના ચાંડલાને બાળકપણાથી ભુંસી નાખ્યો હતો, તે બાળકની આ દશા થએલી છે તે જુવો જે મુખને માટીથી ખરડાએલું છતાં પણ સ્નેહનેલીધે હું બચી લેતી હતી, તે મુખ આજ માખીઓથી ઘેરાએલું અને કીડાઓએ દૂષિત કરી નાખેલું છે તે જુવો હે રાજા! આ પુત્ર મરણ પામીને રાંકની પેઠે ધરતીપર પડ્યો છે તેને જુવો હે દૈવ! પૂર્વજન્મોમાં મેં તારૂં શું ભુંડું કર્યું હતું કે જે કર્મના ફળનો અહીં છેડોજ જોવામાં આવતો નથી હે પુત્ર! હે બાળક! રે વત્સ! રે દીકરડા! હાય હાય" આવી રીતના એ રાણીના વિલાપ સાંભળી જાગી ગએલા નગરના ચોકીવાળાઓ બહુજ વિસ્મય પામીને તેની પાસે આવ્યા એ લોકોએ તેને પુછ્યું કે "તું કોણ છે, અને આ બાળક કોણ છે? તારો પતિ ક્યાં છે? અહીં રાતના સમયમાં તું એકલી છતાં બીતી કેમ નથી અને શા માટે રોય છે?" આ પ્રમાણે તેઓએ પુછ્યું પણ તે રાણીએ કાંઇ ઉત્તર

દીધો નહિ. વળી બીજી વાર તેઓએ પુછ્યું પણ તે રાણી સજ્જડ રહી, કાંઇ પણ ઉત્તર નહિ દેતાં ઉગ્ર દુઃખની પીડાથી વિલાપ કરવા લાગી અને આંસુની ધારાઓ ચલાવવા લાગી. પછી તેના ઉપર વિપરીત શંકા આવતાં ત્રાસ પામેલા અને જેઓનાં રૂવાડાં ઊભાં થઇ ગયાં એવા એ લોકો હાથમાં હથીઆરો લઇ પરસ્પરમાં બોલવા લાગ્યા કે "આ કાંઇ બોલતી નથી તેથી અવશ્ય સ્ત્રીજાતિ તો નથી. આ તો કોઇ બાલકોને મારનારી રાક્ષસી છે; માટે યત્નપૂર્વક આને મારી નાખવી યોગ્ય છે. જો રાક્ષસી ન હોય તો અધરાતને સમયે અહીં ગામથી બાહાર શામાટે બેસે ? અવશ્ય આ રાક્ષસી ખાઇ જવાનેવાસ્તે કોઇના બાલકને લાવી છે." આ પ્રમાણે બોલીને તેઓએ તુરત ઘણી દૃઢતાથી તેનો ચોટલો પકડ્યો. કેટલાએકે તેના હાથ ઝાલ્યા અને કેટલાએકે ગળું પકડ્યું. આ આકાશમાં ફરનારી છે તેથી ઉડી જશે એમ કહી દૃઢ રીતે પકડી ખેંચી ખેંચીને એ શસ્ત્રધારી ઘણા લોકો તેને પરામાં લઇ ગયા અને ચાંડાલના હાથમાં સોંપી. એ લોકોએ ચાંડાલને કહ્યું કે "હે ચાંડાલ ! આ બાલહત્યા કરનારને અમે ગામબહાર દીઠી તેથી પકડીને તારી પાસે લાવ્યા છીએ માટે આને તુરત બહારના સ્થલમાં લઇ જઇને તારે મારી નાખવી" ચાંડાલે એ સ્ત્રીને જોઇને કહ્યું કે "આ લોકપ્રખ્યાત રાક્ષસીને હું જાણું છું; બીજા કોઇએ જોએલી પણ નથી. આ રાક્ષસીએ લોકોનાં અનેક છોકરાંઓને લાવી લાવીને ખાધાં છે. એને પકડવાથી તમોએ આજ મોટું પુણ્ય કર્યું અને આ પુણ્ય કરવાથી જગતમાં તમારૂં નામ અવિચળ રહેશે. હવે સુખેથી જાઓ. જે પ્રાણી બ્રાહ્મણ, સ્ત્રી તથા બાલકની હત્યા કરનાર, સોનાની ચોરી કરનાર, અગ્નિ મુકનાર, વાટપાડુ, મદ્ય પીનાર, સાવકી માનો સંગ કરનાર કે ઘણા લોકોનો વિરોધી હોય તેનો વધ કરવામાં પુણ્ય થાય છે. આવાં કામ કરનાર બ્રાહ્મણ કે સ્ત્રી હોય તો પણ તેને મારી નાખવામાં દોષ નથી. આનો વધ કરવો મારે યોગ્યજ છે." એમ કહીને એ ચાંડાલે તે રાણીને દૃઢ બંધનોથી બાંધી, ચોટલો ઝાલીને રસીઓથી પ્રહાર દીધો. પછી તેણે કઠોર વચનથી હરિશ્ચંદ્રને કહ્યું કે "અરે દાસ ! આ દુષ્ટ સ્ત્રીને મારી નાખ્ય. આમાં તારે કાંઇ પણ વિચાર કરવો નહિ." વજ્રપાતસરખું ચાંડાલનું વચન સાંભળી ધ્રુજતા અને સ્ત્રીની હત્યાથી શંકા પામેલા હરિશ્ચંદ્રે તે ચાંડાલને કહ્યું કે "આ કામ મારાથી થઇ શકશે નહિ; માટે બીજો કોઇ સેવક આપો એટલે તે આનો વધ કરશે આ વિના બીજું અસાધ્ય કામ કરવાનું તમે કહેશો તોપણ હું કરી આપીશ." (અપૂર્ણ.)

प्रारब्धनी विचित्रता उपर एक वात

(અનુસંધાન પાને ૧૩૯ થી)

ક્યાઇ સુખચેનમા દિવસો ગળાય છે, અને ક્યાઇ દુ:ખમા દાડા ગળાય છે લોક સર્વ પ્રકારે ક્યાઇ સુખશાંતિવાળો જણાતો નથી કશળીબા બોલ્યા કે, ભાભી ! જગતની રચનાવિષે વિચાર કરતા કોણ જાણે કેટલો કાળ જતો રહ્યો તોપણ કોઇએ અંત લીધો નથી તો આજે આપણ જેવા સ્ત્રીજાતિ એવિષે શુ વિચાર કરી શકિયે ? જેમ ઇશ્વરનુ સ્વરૂપ મનવાણી પોચે નહિ તેવુ છે, તેમ જગતનુ પણ તેવુજ સ્વરૂપ છે આ જગત, આ મનુષ્યો અને આ સંયોગ વિયોગ અથવા આ સુખી દુ:ખી એ સર્વ આપણી કલ્પના છે. તોપણ તે વાત જાણે બહુ ઊંડી છે માટે ઉપરથી એટલુજ સમજવુ જોઇએ કે જે વખતે જેમ સંયોગ વિયોગ થવાનો હોય અને જેમ સુખદુ:ખ થવાના હોય તે કાળના યોગે થયાજ કરે છે એમા મનુષ્યનુ જોર ક્યા ચાલે છે ? જુવોને (કાઇક ખેદ દર્શાવતા) મનુભાજેવા ભાઇનો વિયોગ સ્વપ્નમા પણ સંભવે ? અને તે વળી કેવી દશામા !! દુર્ગાકુંવરે વચમા ખમા જેણે વિયોગ કરાવ્યો છે તેજ સંયોગ કરાવશે એમ ધીરજ દેતા કશળીબા બોલ્યા કે, હા, એમજ સર્વ સ્થળે મન વાળવુ જોઇએ એ અંત:કરણનો ધર્મ છે તેથી સમજુ અને અણસમજુને હર્ષ શોક તો એકજ પ્રકારના થાય પણ તેના પરિણામમા ઘણો ફેર પડે છે સમજુએ હર્ષ શોકમા સામાન્ય સ્થિતિમાજ રહેવુ જોઇએ તેથી હર્ષમા કે શોકમા હાનિ થાય નહિ એ વાત પણ ભાભી બહુ ઝીણી છે મને પોતે સઘળુ કલ્પેલુ છે અને તે કલ્પીને પાછુ તદ્રૂપ થઇ ગયુ છે તો પણ મને તો ઇશ્વરકૃપાથી એ વિષય ધારૂ છુ કે ઠીક નિશ્ચય થઇ ગયો છે હાલ પણ મને એમ થાય છે કે હર્ષ શોકનો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે કોમળ પ્રકૃતિવાળાને બહુ લાગે છે અને વખતે જે નિશ્ચય આપ કરો છો તે વિસ્મરણ થઇ જાય છે કશળીબા બોલ્યા કે લાગે છે કે નહિ એતો તે તે સ્થિતિને સમયે જણાય પણ દુ:ખ એમા વાંધો લેતી નથી કેમકે શુ જાણિયે કે અમુક સમયે આવીજ મનોવૃત્તિ રહેશે તોપણ ભાભી, અભ્યાસથી શુ નથી બનતુ ? કદી દુ:ખ સુખ લાગે તોપણ તેના ઉપાયો અથવા વૈરાગ્યના વિચારો આવે તો તે તેનુ ઓસડ છે સુખ દુ:ખ વૃત્તિમા ખેંચખેંચ લાગી

જાય એમાં પણ અનુભવથી થતો કાંઇક આનંદ રહ્યો છે એટલે એ વાત પણ બહુ ઝીણી છે. આપણે તરતમાં સમજવાનું એ છે કે સર્વપ્રકારે ધૈર્ય રાખવું એજ માણસનું કર્તવ્ય છે. ઊંચા પ્રકારની સ્થિતિમાં મદોન્મત્ત ન થાવું અને નીચી સ્થિતિમાં હારી ન જવું. કેમકે એ સઘળી સ્થિતિ મનુષ્યને માટેજ છે. અને કર્માધીન સઘળો લોક હોવાથી સઘળી દશા આવ્યાવગર રહેતી નથી માટે જે જે યોગ્ય સ્થિતિમાં આવેલ હોય તેમણે સત્કર્મથી પોતાનો જન્મ સુધારવો. એવિષે તમે ક્યાં નથી જાણતા? દુર્ગાકુવર બોલ્યાં કે હા બા, સારી રીતે વર્તવું એજ મનુષ્યજન્મની યોગ્યતા છે અને તેમ ન બને તો પછી મનુષ્યજન્મમાં અને પશુમાં શું ફેર. પણ એવી બુદ્ધિ ઈશ્વર નિરંતર રખાવે તેનાં મોટાં ભાગ્ય. બા, આપના વિચારથી મને બહુ સંતોષ ઉપજે છે. કશળીબા બોલ્યાં કે ભાભી! પ્રસંગે વાત નીકળે અને સરખાં સરખાં પાત્ર હોય તોજ તે સાંભળવા કહેવાનો સ્વાદ આવે. તમારી સાથે મારે પરિચય થયો એપણ ઇશ્વરે બહુ યોગ્ય કર્યું. મારાં જમનાબા આપ જેવાં વૌને પામી કેટલાં બધાં ભાગ્યશાળી થયાં. દુર્ગાકુવરે કહ્યું કે એ આપ આપનીજ મોટાઇ દર્શાવો છો એટલે શું બોલું! આ પ્રસંગ એક કારણસર કાઢ્યો હતો તે પછી કહીશ. હમણા એક આપણા સ્નેહી માણસનું મરણ થયું છે તે આપ કુવરને પોઢાડો એટલે કહું. કશળીબાએ કુવરને પોઢાડ્યા અને ફરીને પુછ્યું એટલે દુર્ગાકુવરે એક ચીઠી કશળીબાના હાથમાં આપી, તેમાં લખેલા પોતાનાં માતાતુલ્ય જમનાબાના સ્વર્ગવાસના ખબર વાંચી કશળીબા એકદમ સ્તબ્ધ બની ગયાં અને અરે એકદમ આ શું થયું એમ બોલતાં દુર્ગાકુવરની અને તેની આંખો ભેળી થતાં કશળીબાનું હૃદય ભરાઇ આવ્યું અને આંખમાંથી ચોધારાં આંશુ પડવા માંડ્યાં. આ સમયે પોતાનાં માતાપિતાનું મરણ અને મનુભાનો વિયોગ તેને આ કારણથી તાજો થઇ આવતાં તેનાથી રોતું રેહેવાયું નહિ, અને તેમાં દુર્ગાકુવર પણ સાથ પૂરાવવા લાગ્યાં. થોડી વાર પછી દુર્ગાએ માંડ માંડ વેગ રોકી કહ્યું કે બાસાહેબ! આ શું કરો છો? જરા ધીરજ રાખો નીકર પછી મારાથી રેહેવાશે નહિ. આમ કરવાથી કાંઇ તે આપણને મળવાનાં નથી. આટલા અક્ષરથી કશળીબાએ વેગ કાંઇક રોકવાનું પ્રયત્ન કર્યું અને દુર્ગાએ થોડી વાર મોરથી થયેલી વાતનો પ્રસંગ દૃઢતાથી થોડોક ચલાવી તેનો વેગ બંધ કર્યો. હીબકાં ભરતાં કશળીબાને નવરાવીને દુર્ગાએ તેને હરિ-

દત્ત ઉપર ખરખરગનો પત્ર લખવામા ઉતાયા લખવાના સાધનો મેળા કરી નીચે પ્રમાણે લખ્યુ

કૃપાળુ શ્રુ કાકા! આજે મને ઉછેરીને મોટી કરનાર માતુશ્રી જમનાબાના સ્વર્ગવાસની વાત સાભળી હુ અત્યત ખેદ પામુ છુ મારા માતા પિતા સ્વર્ગવાસી થયા છે એનુ દુ ખ આજસુધી મને લાગ્યુ નથી એ એની માયાથીજ આજે એના જવાથી મારા માતાપિતા જવાનું દુ ખ ઉભરાઇ આવે છે ઇશ્વરની લીલા કેવી અકલિત છે ને જણાતુ નથી હુ આપની મમતાવિશે પણ શુ વધારે લખુ ? કેમકે મને દુ ખ થાય એટલામાટે એના ખબર પણ મારા સુવી આવવા દીધા નહિ તમારી મમતા તમારામાજ છે

આપ તો અનુભવિ છો, કાલગતિ અને જગતના ધર્મો જાણો છો, ત્યા મારે વધારે આપને લખી સ્મરણ આપવુ પડે તેવુ નથી કેમકે सपत्सु महत्ता चित्त कमलादपि कोमळ । विपत्सु महतां चित्त पाषाणादपि कर्कश ॥ (સપત્તિમા મહાત્માઓના મન કમળ કરતા પણ કોમલ હોય છે પણ વિપત્તિમા તો તેઓના મન પાષણ કરતા પણ કઠણ હોય છે) આ શ્લોક ઘણીવાર આપ સ્મરણમા લાવ્યા કરો છો તો આ સમયે પણ સ્મરણમા હોવોજ જોઇએ આમ છતા પણ જેને પોતાનુ માન્યુ હોય અને જેના અતિ પરિચયથી અને અનેક ગુણોથી સદૈવ સુખમા દિનસો ગયા હોય તેવા ઉપયોગી સ્નેહી માણસના વિયોગથી ગમે તેના દૃઢ નિશ્ચયવાળાને એકવાર હૃદયમા તાપ થયા વગર રહે નહિ અને એમ ન થાય તો હૃદયનુ હૃદયપણુ સભવેજ કેમ ? આટલામાટે આપને પણ શોક થવાનો સભવ જાણી યાદ આપુ છુ કે નલ યુધિષ્ઠિર જેના રાજાઓ પણ દુ ખ મટાડી શક્યા નથી માટે એમ જણાય છે કે જે થવાનુ હોય તેમા કાઇ મિથ્યા થતુ નથી અને તે આપણે નજરે પણ દેખિયે છિયે ઘણુ જીવો મનુભા તેનો વિયોગ પણ સરજેલો હશે નિકર આજ તે રાજનગરની પ્રજાને અને આપણને સતોષ આપતા કેમ ન હોત અને બાલુભાને તથા આપને તે નગર છોડવાનો સમય શામાટે આવત હશે જેમ બનનાર હતુ તેમ બન્યુ ગઇ વાતનો અફસોસ જોકે પ્રસગે થયા કરે એ સ્વાભાવિક છે તોપણ તે કરવાથી આગે આવતો નથી તેથી વર્તમાન કર્તવ્ય ઉપર લક્ષ લગાડયાવિના છુટકો નથી

મનુષ્ય જાણે હુ કરૂ, કરનારો છે કોય,
આરભ્યા અનતર રહે, હરિ કરે તે હોય

સુ. કાકા ! આપ ધારણા રાખી મારા ભાઇઓને ધારણા આપજો. અને ફુરસદે હોઢિએ પધારજો; મારી ચિંતા કરશો નહિ.

આ પ્રમાણે લખેલી ચીઠી બાનડી સાથે હરિદત્તને મોકલી, જે વાંચવાથી હરિદત્તનું મન ભરાઇ આવ્યું, સર્વ સ્થિતિનું સ્મરણ થઇ આવ્યું અને તે સાથે કશળીબાના ડાહાપણના સ્મરણે પ્રેરણા કરતાં આંખમાંથી પાણી પડાવ્યાં. હરિદત્ત તરત સ્વસ્થ થયા અને કેહેવરાવ્યું કે દીકરા ! હોઢીએ જરૂર આવીશ. ભાઇ ખુશીમાં છે. ચિંતા કરશો નહિ. તમારા કાગળથી મને ઘણો સંતોષ થયો છે. મને લખેલું સઘળુ તમે પણ સ્મરણમાં રાખજો. એટલી મારી ભળામણ છે.

કશળીબાએ ધારણા રાખી અને દુર્ગાકુવરના સહવાસનો લાભ લેવા માંડયો. દુર્ગાકુવરે કશળીબાને સુશીલ સ્વભાવથી વશ કરી લીધાં. અને પોતાના ઘરનો સઘળો કારભાર પોતાને માથે લઇ લીધો. કશળીબાએ જમનાબા ગયાં છે જાણીને પોતાનાં સર્વ સ્નેહીઓની વારંવાર સંભાળ લેવા માંડી. હરિદત્તને દુર્ગાકુવરના સદ્ગુણથી ઘણો સંતોષ થયો હતો તો પણ ઘરમાં પીઢ માણસ કોઇ ન હોવાથી પોતે સચિંત રેહેતા હતા. એક દિવસ હરિદત્ત બજારમાં ચાલ્યા જતા હતા ત્યાં કોઇ આધેડ સ્ત્રી ઠીક ઠીક સાદા પેરવેશમાં ડુસકાં ભરતી અને આંસુ પાડતી જોવામાં આવી. હરિદત્તે દયા ભરેલી રીતે તેની પાસે જઇ તેને તું કોણ છે અને શા કારણથી રડે છે એવું કેટલુંક પુછ્યું, જેના જવાબમાં તેણે જણાવ્યું કે હું જમનાબાની વિશ્વાસુ દાસી છું. હું છાની રીતે આટલા દિવસ ભીમભાના દરબારમાં રહી હતી પણ થોડા દિવસથી તેનીપાસે મારાવિષે કોઇએ ચાડી ખાતાં મને કાઢી મેલી છે. હવે મારો કોઇ આધાર નથી. કશળીબા મને ઓળખતાં નથી અને મારાથી બીજે જીભ ઉપડતી નથી માટે જો આપને દયા આવતી હોય તો મને તમારે ઘેર રાખો. હરિદત્તને કાંઇક સંદેહ તો થયો પણ દયાનું પ્રબળ વિશેષ થવાથી તે બાઇને પોતાને ઘેર તેડી ગયા. કેમકે દુર્ગાકુવરના સીમંતના સમયમાં તો એકાદ માણસની જરૂર હતીજ. હરિદત્ત અને દેવશંકરના મનમાં મનુભાવિષેની વાત ક્ષણવાર પણ વિરામ પામતી નહિ હતી; પણ શુભ પ્રસંગ થઇ ગયા પછી ગોડજી ગયો તે માર્ગે જવાનો વિચાર રાખ્યો હતો. વસંત ઋતુના રળિયામણા દિવસો શરૂ થઇ ચુકા હતા. સવારમાં શીતલ પવન, બપોરે આકરો તડકો અને સાંજે

સતપ પવનની લેહેરો ઝુકી રહેલા ઝાડોના ઝુંડમા અતિ મનોહર લાગતી હતી । શ્રીમત લોકો વાડિયો અને બગાચાઓમા તૈયાર કરાવેના હોજમા ક્રીડા કરતા હતા ઉડતા ફુવારાની શીતનતાથી ઠડા થયેલા પવનની લેહેરો લેતા હતા ઝાડના જુ ।। પાન ખરી જઇ નવા પાનનો આવિર્ભાવ થવા લાગ્યો હતો બગલામા બાધેલી હીંડોળાખાટોના મધ્યાન્હ વખતે થતા શબ્દો સભળાઇ રેહેતા હતા બારીયોમા બાધેલી વાળાની ટૃટીયોમાથી ઝીણા ઝીણા પાણીના કણ ઉડીને ઠડક આપતા હતા કોયલો ।। મધ્યાન્હ વખતના શબ્દો અતિ મનોહર લાગતા હતા માર્ગમા અને ઘરોના આગણામા સુગધી જલ સવારસાજ છટાઇ રહેતા હતા અને આનદી ગમ્મી લોકો રાત્રીના સમયમા કોઇ કોઇ ચદ્રમાને અજવાળે શીતલ પવનની લેહેરો લેવા નીકળી પડ્યા હતા, અને કોઇ કોઇ રાગરગમા રચી પડ્યા હતા આવા દિવસોમા ચૈત્ર શુદ ૯ નો દિવસ હરિદત્તને ઘેર અતિ મગલિક થઇ રહ્યો હતો ચોતરફ આબાના પાનડડાના તોરણો બાધી દીધા હતા નોબતા શરણાઇઓના શબ્દો થઇ રહ્યા હતા આગણામા ચોરસ વેદી પર બ્રાહ્મણો અગ્નિમા દેવશકર પાસે હોમ કરાવતા હતા અને શણગારેલી સુવાસણો આમતેમ જોતી ફરતી હતી તથા કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ આ પ્રસગ જોવાને બેઠી હતી હોમ સમાપ્ત થઇ રહ્યા પછી સીમતિની નાવણમાટે ગયા અને બીજા લોકો આઘાપાછા જરા આરામ લેવા લાગ્યા દિવસના પાચ બજવાને ટાણે પિયર તરફના ઉતારામાથી નાહી શણગાર સજી દુર્ગાકુવર સાસરે આવવા રથમા બેઠા । સવ સ્ત્રીમડળ ગીત ગાતુ પાછળ ચાલ્યુ અને ઢોલ શરણાઇ તાસા વિગેરેના અવાજે અને ઘુઘરીયાળા રથના ઝણકારા સાથે ચાલવા લાગ્યા એટલામા એક ડકો અને આરબની બેરખ સાથે ખીનખાબના માફાવાળા સોનેરી રથમા કશળીબા દુર્ગાકુવરના રથની સાથે થઇ ગયા અને એ સનારી સુધા સર્વ લોકો હરિદત્તજીના આગણામા આવ્યા । એક તરફ પુરૂષવર્ગ બેઠો અને એક કોરે ગીત ગાતો સ્ત્રીવર્ગ બેઠો એક કોરે કનાતની મર્યાદા કરી કશળીબા રાજમર્યાદા અને દબદબા સહિત બેઠા લોકોની ભીડમા થોડીવાર સર્વ બેઠા એટલામા સીમતનો વિધિ સમાપ્ત થયો । દુર્ગાકુવરના પિયર તરફની પેરામણી થઇ કશળીબા જોકે કોઇ વાતે જુદાઇ ન હોતા રાખતા તોપણ મોતીની કોરવાળી જરીયનની સાડી તથા તેનીજ એક ચોળી

પછીથી તમે જાણશો હમણા મને તે કેહેવાનો વખત નથી આનંદમા રહી ઘરની સભાળ રાખજો હુ જાઉ છુ એમ કહી દેવશંકર બહારની બેઠકમા આવી લુગડા પેરી હથીયાર બાધી તૈયાર થયા, એટલામા એક સીપાઇ ઘોડો લઇ આવ્યો તે ઉપર સવાર થઇ નીકળી ગયા એક ટાણે બ્રહ્મભોજ ચાલતો હતો અને બીજી ટાણે દેવશંકરને એકદમ જવુ પડયુ દુર્ગાકુવર એમનુ અચાનક જવુ કેમ થયુ હશે વિગેરે વિચાર કરે છે ત્યા હરિદત્તે રાખેની પેલી સ્ત્રી લાછુ પાસે આવીને એકદમ બોલી દુર્ગાકુવર! ભાઇ આહીં આવ્યા હતા? ઉતાવળા સવાર થઇને ગયા તે તો ખબર હશે દુર્ગાકુવર બોલ્યા કે કેમ લાછુ બાઇ! દર્શન તો થયા હતા પણ હુ કાઇ વધારે તેવિશે જાણતી નથી, પણ તમે કાઇ જાણતા હો તો કહો લાછુ બોલી કે આજ જે ટાણે કશળીબા આપણે ત્યા પધાર્યા તે ટાણે બાલુભા ઘોડેસ્વાર થઇને દેવશંકર ભાઇને સલામ દેવા ઘરમા નહિ પધારતા પરબારા ફરવા નીકળી ગયા અને રાતના નવ દસ વાગી ગયા તોપણ હજી પધાર્યા નથી દુર્ગાકુવર એ શુ કેહેવાય? એ તો કૌતુકની વાત, વિગેરે વચનો બોલ્યા હા એમજ તો વિગેરે લાછુએ જવાબ દીધો અને ત્યારપછી વાળુ પાણી કરીને બેય જણા તેજ વિચાર કરતા પથારીયે સૂતા

બાલુભા હવે મોટા થયા હતા તે ઉછરતા હતા હરિદત્તની છાયામા અને દેવશંકરનો તેને સહવાસ બહુ રેહેતો હતો તોપણ તેને કાઇ કોઇ એકાતના પ્રસગમા અવળો વિચાર આપનાર માણસ મળી જતુ મનનો એવો ધર્મ છે કે સારી વાતો કરતા તે અવળી વાતોને જલદી લઇ લે છે અને તેમા પણ પોતાના કરતા બચા બાપા કરીને પારકા લોકોજ કહે તે બાળક મન ઉપર વધારે અસર કરે છે બાલુભાને કાઇક એમજ થયુ હતુ. તે આગળ પાછળ વિચાર કર્યા વિના તે દિવસે દેવશંકર કામકાજમા રોકાવાથી એકલાજ બહાર નીકળી ગયા હુ કોણ, કોનો પુત્ર, આ વખતે કેવો નિરાધાર, હવે મારે શુ કરવુ અને કેનો આશ્રય કરવો, બેનને આશરે કેટલાક વર્ષો કાઢવા, હરિદત્ત કાકા શુ કરવાના હશે? એણે પાળી પોશી મોટો કર્યો તે ઠીક પણ મારા લાભ માટે તે શુ કરે છે તે કેમ ખબર પડે? કેટલાક લોકો કહે છે તેમ જો હોય તો પછી મારે તેને આધારે પડી રહી જીવવુ તે મરવા જેવુ છે ભીમભા રાજગાદિના માલેક થયા તો થયા પણ ૯૭ તેઓ હિત વચનો કેહેવરાવે છે તેને હુ માનતો નથી એતો આઘડિયે

મને પરણાવીને થોડો ગરાસ આપવા ધારે છે પણ હરિદત્તકાકા કોણ જાણે શા કારણથી શાંત થઇ બેઠા છે. આજ તો મારે આંહી રેહેવું નહિ. જો ઇએ હવે શું થાય છે. આમ વિચાર કરતા બાલુભા એકલાજ ઘોડે ચડી બહાર નીકળ્યા. બાલુભાને નઠારી સંગતથી આ વિચારો આવ્યા હતા. તેનું આવી રીતે ભાગવું ભીમભા તરફના ગુપ્ત ચારોના જાણવામાં હોવાથી થોડે દૂર જતાં તેઓએ એક ઝાડીમાં બાલુભાને ઘેરી લીધા. એકદમ ઘેરાઇ જવાથી ચમકેલો તે રાજપુત્ર જરા થોભ્યો અને થોભતાં વેત મનમાં આવેશ આવ્યો કે એકાએક તેણે બંદુકનો અવાજ કર્યો કે જેમાંની ગોળી ફરી વળનારા લોકોમાં જે મુખી હતો તેને વાગવાથી તે પડી ગયો. એ પડેલાને જોવામાં સર્વે રોકાયા તેટલામાં એક કેડીને માર્ગેથી બાલુભા ઘોડો દોડાવી પસાર થઇ જતાં પેલા લોકો તેની પાછળ દોડયા, પણ તેઓ અંધારાનેલીધે તેને પોચી ન શકવાથી પાછા વળી ગયા. બાલુભાએ પછી આજનો વિચાર ફેરવી શેહેર તરફ આવવાનું મન કર્યું, પણ પોતાના મનમાં લાગેલી શરમથી તેનો પગ ભારે થઇ જતો હતો. કાકા પુછશે ત્યારે શું જવાબ દઇશ વિગેરે વિચારથી પશ્ચાત્તાપ પણ થવા લાગ્યો તેથી એક ઝાડ નીચે ઉતરી વિચાર કરતાં જરા આરામ લીધો.

એક કોઇ વટેમારગુએ બાલુભાની બંદુકથી એક માણસ ઘવાણેલો તે વાત ગામમાં કહી કે તરત દેવશંકરને કાને આવી તેથી અને આજ સવારના બાલુભા પૂરું જન્મ્યા નથી તથા એકલા ફરવા ગયાં છે તે નવ બજ્યા સુધી આવ્યા નથી તે વાત તેના પટાવાળા પાસેથી સાંભળી તેથી તરત દેવશંકરનું ચડી નીકળવું થયું હતું. માહારાજા ઉદયસિંહજી પણ દેવશંકર તરફની ખાનગી ચીઠી મળતા [illegible] ખાનગી ૧૬ સવારોને સાથે લઇ ગામ બહાર દેવશંકરની ભે[illegible] આ [illegible] ઘોડાના પગને સગડે થોડે દૂર જતાં ઘણાં ઘોડાંના પગ [illegible] મુખ[illegible] ડાગલા જોઇને સર્વને કાંઇક નવા-જુનીની શંકા પેઠી. રા[illegible] કરવો અતિ કઠણ હોવાથી ચાર ચાર જણ ચાર માર્ગ[illegible] જે કેડીયે બાલુભા ભાગ્યા હતા તે કેડીયે દેવશંકર અ[illegible] યા. આઘેરા જતાં ઘોડાના ડાગલાપરથી આ રસ્તે બાલુ[illegible] આશા બાંધી પરસ્પર મનુભાની, બાલુભાની અને ભીમભા[illegible] બેય જણે માર્ગ કાપવા માંડયો.

(અપૂર્ણ.)

पुनरुद्वाहविषे विचारनो एक पत्र.

જ્યારે ચારે કોરથી એકજ જાતિની લાગણી કરાવવામાટે મને લો કોની અને મુરબ્બીઓની ભળામણ તથા ઉપદેશાત્મક આજ્ઞાઓ એકાએક થવા લાગી છે ત્યારે પરમાર્થવિયોગને પડતો મેની વ્યવહાર ઉપર દૃષ્ટિ રાખી આ વિષય લખવાની જરૂર પડી છે

ગૃહસ્થાશ્રમ જવાથી પુરૂષ કાઇક અમગળ ગણાય, જગતના અપ વાદનુ કાચિત્ પાત્ર થાય, પરાધીન થઇ રહે, સાજે માઠે તેનુ કોઇ કરે નહિ, પાછળથી વૃત્તિ બગડી જાય, ગૃહસ્થાશ્રમમા ફરીને ન પડે તો સમધીઓને ઓછુ લાગે, લોકો નિદા કરે, દુર્જનો રાજી થાય, પ્રથમની પ્રજા રખડે કે દુખી થાય, મુરબ્બીઓ આજ્ઞા ભગ થવાથી ઉદાસ રહે, અને આ લોક પરલોક બગડે, એ વિગેરે અસખ્ય દુઃખોની ગણતરી જુના ઇતિહાસોના દૃષ્ટાતો સહિત મારી આગળ મેલવામા આવે છે આ સઘળામાટે લોકો જે કહે તે મઘળુ ખરૂ હોય એમા કાઇ વાધો લીવા જેવુ ન હોય, પરતુ બીજી બાબત ઉપર પણ નિષ્પક્ષપાતપણે ધ્યાન પોચાડવુ જોઇએ ઉપરની બાબતમા ટુકામા એટલુ બોલવાનુ કે—ગૃહસ્થાશ્રમ જવાથી શરીર અમગળ ગણનારઓ ઘણુ કરી વિવેકી હોવા કઠણ છે, નહિ તો તેમણે એવો ભેદ રાખવો જોઇએ નહિ, કેમ કે તેનીપેહેલા પણ આ શરીરમા મગળપણુ કયે સ્થળે દીઠામા આવે છે? જ્યા જોશુ ત્યા હાડકા ચામડા માસ રૂધિર વિના બીજુ કશુ જોવામા આવશે નહીં એથી બીજુ કયુ અમગળપણુ છે? આમ છે તો લોકો ગમે તેમ ગણે ગામને મોઢે કાઇ ગરણુ બધાય નહીં

જગતના અપમાનનુ પાત્ર ન થયો હોય એવો કોઇપણ માણસ નહિ હોય તો પછી સારૂ કરતા છતા ડરવા જેવુ શુ છે? મહાજનોપણ દુર્જનોના અપવાદપાત્ર થઇ ગયા છે તો આપણે કોણ માત્ર? જુથી બીને વસ્ત્ર નાખી દઇએ તો કેમ ચાલે?

પરાધીનપણુ વિચારીઓ તો તો જન્મ ધર્યો ત્યારથી પરાધીનપણુ તો જીવતા સુધીનુ છેજ ગૃહસ્થપણામા તો વળી વધારે પરાધીનપણુ છે કે જેમા દેદીના કરતાપણ વધારે દુખ થાય છે એ કાઇ વિવેકીઓથી અજાણ્યુ નહિ હોય

સાજેમાંદે અડચણ ગૃહસ્થને નથી થતી અને એને સહુ કામ લાગે છે એમ કેમ મનાય ? ક્યાંઇ મુસાફરીમાં કોઇને ખબરે ન પડે એવી જગામાં મંદવાડ આવે કે શરીર પડે તો કુટુંબ શું કામ લાગે? કામ તો ન લાગે પણ ઉલટું ગળે વળગે. કોઇ સમય તો એવો હોય છે કે છતે કુટુબે લેણા દેવી ન હોય તો ચાકરી થતી નથી ત્યારે ખોટી આશા શી રાખવી?

પાછળથી વૃત્તિ બગડે એ વાત વિશ્વાસ લાવવા જેવી નથી કેમ કે ભવિષ્યની વાત છે માટે આગળથી ડરવું ન જોઇએ. ડરીએ તો કોઇપણ કામ થઇ શકે નહીં. અવળે માર્ગે લઇ જનારૂં માત્ર મન છે. તેને સન્માર્ગે શામાટે વાળી ન શકાય ? શ્રીભગવાન્ કે છે કે **यतो यतो निश्चरति मनश्चचलमस्थिरम्। ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत्॥** (ચંચળ મન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાંથી પાછું વાળી લઇને આત્માને વશ કરવું) આ પ્રકારે મનને નિત્ય વાળ્યા કરિયે તો સુમાર્ગમાં વળી શકે એમ સિદ્ધ થાય છે.

સંબંધીઓ ઓછું લગાડે તે ઠીક નહિ કેમ કે આપણા સ્વાધીનની કશી વાત નથી. આજે આમ વિપરીત થયુ તો હવે પછી સારૂંજ થશે એમ ખાતરી કેમ થાય ? માટે ઇશ્વરે જેમ કર્યું તેમ ઠીક એમ ધારીને ઓછું ન લગાડવું જોઇએ. મારાથી બનશે તે સેવા કરવામાં હું પાછળ નહિ રહું.

દુર્જનોની નિંદા કે તેની સ્તુતિથી આપણે કશું થવાનું નથી; કેમકે તેથી તો આપણાં ઉલટાં પાપ ઓછાં થાય છે. તેઓનો તો એવો સ્વભાવજ હોય છે એટલે ગમે તે રીતે પોતાની રૂચિ પ્રમાણે બોલે તેમાં આપણે નજર ન રાખવી જોઇએ.

પેલી પ્રજા રખડે કે દુઃખી થાય તે ગૃહસ્થ થયા પછી ન થાય એવી ખાતરી કેમ રહે ? એતો દૈવાધીન વાત છે. પ્રજાના કર્મમાં સુખ હોય તો પછી આવી દશા આવેજ શામાટે ?

આ લોક પરલોક ગૃહસ્થાશ્રમ ન હોવાથી બગડે એ વાત માનવા જેવી નથી. કેમકે તેતો આપણાં સંચિત અને કૃત્ય ઉપર આધાર રાખે છે. ગૃહસ્થ થયા પછી આ લોક પરલોક નથી બગડતા એવો ક્યાં નિશ્ચય છે ? કેટલીક વાત કાઢી નાંખવા જેવી નથી તે ખરૂં પણ તે તો ઇશ્વરેચ્છાથી અવસર નથી એમ ધારી મન વળવું જોઇએ. સંસારમાં સુખ લેખનારાઓની દૃષ્ટિમાં કાંઇ હાસ્ય કરવા જેવું લાગશે પણ તેઓ જો કાલગતિ અને ઇશ્વરગતિને જાણતા હશે તો સઘળું મનમાં સમજી જશે, બાકી બીજાની કાંઇ વાત નથી.

ઇશ્વરેચ્છાથી સદ્ગુણી માણસની સાથે સબંધ થયા પછી કર્મયોગથી તેનો મહાવિયોગ થયો અને મંદવાડથી ઉપાધિયો ભોગવી તેમાં કોઇને દોષ દેવા જેવું નથી ગયું તેને માટે પરિચય તથા અપૂર્વ ગુણનેલીધે તનમનને લાગણી થાય તેનું કાંઇ નહિ એમ કાળની પ્રબળતાથી ગણીએ, પણ હવે પોતાના ક્ષણિક સુખને માટેજ વિચાર કરવો એ વાત કેવળ મને અન્યાય ભરેલી લાગે છે એમજ જ્યારે છે ત્યારે પરસ્પરમાં બધાઓનો પ્રેમ, પરિચય અને સદ્ગુણોનું અજાણપણું એની મેળે સિદ્ધ થઇ જાય છે અથવા તો એ પ્રેમ પરિચય અને સદ્ગુણો એ કાંઇજ નહિ પણ આપણું સ્વાર્થીપણું જ સિદ્ધ થઇ જાય છે આપણે સુખી થઇએ તો મરનાર માણસને સંતોષ ઉપજે એ કદી સાચું માનિયે પરંતુ એમાં એમની ઉત્તમ યોગ્યતા અને આપણી સ્વાર્થપર લક્ષને લીધે અપૂર્વ અયોગ્યતા પ્રસિદ્ધ દેખાઇ રહે છે

આપણા જેવા ઉચ્ચ વર્ણમાં પુરુષશરીર જતાં સ્ત્રીની મનોવૃત્તિ કરતી નથી અને કદી હલકો વિચાર બાની "કર્યા વિના ન રહે" એમ લાગે તોપણ લોકવ્યવહારથી વૃત્તિને દાબી રાખવી પડે એ પ્રસિદ્ધ છે આમ છે ત્યારે સ્ત્રીશરીર જતાં તેથી ઊલટુંજ ધોરણ લાગુ પાડિયે એમાં આપણો એક મોટો અન્યાય કેમ ન કહેવાય ? કેમકે અગ્નિસાક્ષિક કરેલા કોલકરારો એના પળે છે પણ પુરુષવર્ગના ક્યાં પળે છે ?

(૬) અનાદિ કાળના બંધારણથી પુરુષ ભોક્તા અને સ્ત્રીઆદિ ભોગ્યપદાર્થ લેખીને પણ ઉપદેશ કરવામાં આવે તે પણ સંતોષ કારક નથી એમાં પણ પક્ષપાત જેવું પ્રત્યક્ષ દેખાય છે ઇશ્વરે સ્ત્રીને કાંઇ પુરુષના કરતાં ઓછા અધિકારવાળી કરી નથી અને કરી છે એમ માનવું તો તે માત્ર પુરુષવર્ગની કલ્પના શામાટે નહિ ? (આ વચન ઉપરથી સ્ત્રીવર્ગની વ્યવસ્થા અને મર્યાદા છે તેને અયોગ્ય લેખવાનો મારો હેતુ નથી તે તો અતિ ઉત્કૃષ્ટ છે પરંતુ માત્ર મારી દલિલને ટેકો મળવામાટેજ આ માત્ર મારૂં બોલવું છે વિદ્વાનોના વિચારોને ઘણી ગંભીર નજરથી હું જોઉં છું) ગએલી વસ્તુ પાછી નથી આવતી માટે શોક ન કરતાં વ્યવહારને જેમનોતેમ રેટવા દેવાની સનની ભળામણ છે, પણ વ્યવહારમાં શું સુખ છે ? તેપર વિચારવું જોઇએ અંધારા કુવાને કાંઠે ઝાડની ડાળ ઝાલીને લટકી રહેલો કોઇ લોભી બબ્બે ઘડિયે ઉપરથી પડતા મધના ટીપાને ચાખવાની લાલચે

ટાઢ તડકો સહન કરતો મરવું કબુલ કરી તેમાં સુખ માને છે, તેમ આપણે સંસારના વિષયોમાં સુખ માનિયે છિયે. વિષયો ભોગવ્યા ન હોય ત્યાંસુધીજ સારા લાગે છે એ આપ જાણો છો. ખરૂં વિચારિયે તો તો સુખ અને દુઃખ બંને ખોટાં છે. સો વર્ષસુધી વિષયાદિકનાં સુખ ભોગવ્યાં હોય પરંતુ એક ક્ષણવાર દુઃખનો ભાસ થાય તો પ્રથમ ભોગવેલું સર્વ સુખ ભુલાઇ જવાય છે. તેમજ હજાર વર્ષ દુઃખ ભોગવ્યું હોય અને એક ક્ષણ સુખનો ભાસ થાય તો તે પ્રથમ ભોગવેલું દુઃખ ભૂલાઇ જવાય છે. આ બેય છેવટ સ્વપ્નસમાન મિથ્યા છે ત્યારે પછી સુખનેમાટે શામાટે દુઃખરૂપ પ્રયત્ન કરવું? વળી રાત-દિવસની પેઠે સુખ-દુ.ખ એનીમેળે આવ્યા કરે છે ત્યારે ઇશ્વરેચ્છાથી પડેલાં દુઃખને દુર કરવા કોશેષ કરવી એપણ મિથ્યા છે.

વિષયોને આપણે પ્રીતિથી ગ્રહણ કરિયે છિયે. તે વિષયો નિરંતર રહવાસી છતાં શું આપણને નથી છોડતા? સમય થયો એટલે ગમે તેટલા પરિચયને છોડીને ચાલતા થાય છે અને તે સમયે પછી અત્યંત દુઃખ થાય છે. ભર્તૃહરિ કહે છે કે—

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून्।
व्रजतः स्वातंत्र्यात्परमपरितापाय मनसः
स्वयं मुक्त्वा ह्येते शमसुखमनंतं विदधते ॥

(ઘણા કાળ રહીને પણ વિષયો જરૂર જનારા છે તેનો વિયોગ થવામાં શો ભેદ છે કે તેને માણસ પોતે છોડતો નથી? વિષયો પોતાની મેળે જાય છે તો મનને તાપ ઉપજાવે છે અને આપણે પોતે તેને મેલી દઇએ તો અત્યંત શાંતપણારૂપ સુખને આપે છે.) આવા કારણથી એ જાતે જનારાને આપણેજ આદર ન આપતાં મેલી દઇએ તો દુઃખ થાય નહિ. ન મેલીયે તો તેઓ જ સમયે આપણને છોડી દે તે સમયે દુઃખ થયાવિના ન રહે.

વિષયભોગ વિષેની શાંતિ થયાવિના મન વિરક્ત ન થાય એવી શંકાનો ખુલાસો આ ઘડિયે એટલોજ છે કે વિષયભોગની તૃષ્ણા જેમ જેમ ભોગવતા જઇએ તેમ તેમ ઉલટી વધતી જાય છે પણ ઘટતી નથી; કેમ કે ભોગવવા માંડે એટલે પ્રતિ દિવસ અભ્યાસ એનોજ વધે અને અભ્યાસ વધતાં પછી તે તૃષ્ણાને ઓછી થવાનો ઓછો સંભવ છે. કદી અશક્તિથી ઇંદ્રિયો શિથિલ થઈ જાય તો ભલે બાકી મન તો દિવસે દિવસે બાળક થતું

જાય છે તેથી ઈંદ્રિયો શાંત થતી નથી આ વાત સર્વત્ર પ્રસિદ્ધ છે અને વિદ્વાનોપણ તેને અનુસરતો સિદ્ધાંત લખી ગયા છે આપને નીચેનું વાક્ય સ્મરણમાં હશે તોપણ લખું છું —

न जातु काम कामानामुपभोगेन शाम्यति।
हविषा कृष्णवर्त्मेव पुनरेवाभिवर्धते ॥

(કોઇપણ પ્રકારની ઇચ્છા તે તે વિષયોના ઉપભોગથી શમન થતી નથી, પરંતુ અગ્નિમાં ઘી નાખિયે ને જેમ તે વૃદ્ધિ પામે તેમ ઉલટી વૃદ્ધિ પામે છે) આથી બીજું શું પ્રમાણ આપું

*ઈંદ્રિયોને વિષયોનો સંયોગ ન થવો એજ મનને શાંત થવાનું કારણ છે, કેમકે સંગ થયો એટલે અનુક્રમે ઉતરતુંજ જવાય છે શ્રીભગવાન્ કહે છે કે सगात्सजायते काम कामात् क्रोधोभिजायते। क्रोधाद्भवति समोह समोहात् स्मृतिविभ्रम । स्मृतिभ्रशात् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ (સંગથી કામ થાય, કામથી ક્રોધ થાય, ક્રોધથી મોહ થાય, મોહથી સ્મૃતિનો ભ્રંશ થાય, સ્મૃતિનો ભ્રંશ થતાં બુદ્ધિ બગડે અને બુદ્ધિ બગડવાથી પોતે નાશ પામે) આમ સ્વાભાવિક થયાવિના રેહેતું નથી માટે વિષયોના સંયોગથી દૂર રેહેવું જોઇએ ઋષભદેવ જેવા સિદ્ધદશાને પોંચેલા પુરૂષોએ પણ આપણ જેવાને દાખલો લેવા તેજ પ્રમાણે કરી દેખાડયું છે કેમ કે મહા નીચમાં નીચ અને ઘડીમાં મરી જનારા મનનો એવાઓ વિશ્વાસ કરતા નથી મનને માટે અર્જુને કહ્યું છે કે चचल हि मन कृष्ण प्रमाथि बलवद्दृढ। (હે કૃષ્ણ! ચંચળ મન ખરેખર ઇન્દ્રિયોને ક્ષોભ પમાડનાર, દૃઢ અને બળવાન્ છે

અને એટલાજમાટે મારે વિનવવું જોઇએ કે મેં જે સિદ્ધાંત માગ મનમાં ધાર્યો છે તે લોકવ્યવહારથી ઉલટો એટલે હું એક અને મારા સિદ્ધાંતને ખોટો કેહેનારા ઘણા તેથી સર્વના શબ્દ વિષયથી મારા કર્ણ ઇન્દ્રિય દ્વારા મનને ક્ષોભ થવાનો સંભવ છે માટે ક્ષોભ થાય તેવી વાતોજ અળગી રાખવી જોઇએ કેમકે ભગવાન્ વ્યાસજી કહે છે કે बलवानिंद्रियग्रामो विद्वासमपि कर्षति। (ઈંદ્રિયો બળવાન્ છે તેથી વિદ્વાનને પણ ખેંચે છે) એટલામાટે વિષય ઈંદ્રિયોનો પ્રથમ યોગજ ન થાય એ પણ એક જાતિનું

* આ ઈંદ્રિય આ વિષયો ઇત્યાદિ જો કોઈ અવધૂતતેજ ન રહતો હોય તો કેણું જાણે બાળ ઓીજાને તો શરીર હોય ત્યાંસુધી રેહેવો જોઇએ

શ્રેષ્ઠ સાધન છે. મહા પુરૂષો પણ આમ કહે છે ત્યારે હું કાંઇ મારૂં નિર્બળપણું જણાવુ છું એમ માનવું ન જોઇએ. આ વાત ગંભીરતાથી વિચારવા જેવી છે.

અરધી અવસ્થાએ પોચ્યા પછી નાના બાળક સાથે પરિચય બાંધવો એ બહુ વિપરીત છે. આપણી અવસ્થા છોકરાંનાં છોકરાં રમાડવા જેવડી અને ઇશ્વર ભજવા જેવી થાય ત્યારે ઘરમાં આણેલું માણસ સંસારસુખ ભોગવવાને લાયક થાય. હવે એકબીજાંને પછી શું સુખ આવે? અને જોડ કેવી જામે? ઘરડે ઘડપણે તેની પ્રીતિ આપણી ઉપર ઉપજાવવાસારૂ બાળકના જેવાં શરમ ભરેલાં આચરણો આચરવાં પડે એ કેટલું બધું હસવા જેવું વિપરીત? એનેમાટે લાંકલાજ અને વ્યવહારમાં પણ વખતે ઘણી અડચણો આવે છે કે જેનો લખવા બેસતાં પાર આવે નહિ. કાલની કોને ખબર છે? કાળીદાસજી કહે છે કે **मरणं प्रकृतिः शरीरिणाम् विकृतिर्जीवितमुच्यते बुधैः** (મરણ છે તે શરીરિઓને સ્વાભાવિક છે, જીવવું એ સ્વાભાવિક નથી, એમ વિદ્વાનો કહે છે.) સારાંશ એ કે મરવું એમાં કાંઇ આશ્ચર્ય નથી. આમ છે માટે નહિને પાણિગ્રહણ કર્યા પછી થોડા કાળમાં કાંઇ વિપરીત થાય તો પછી કેવો ભવાડો થાય? બાર કે પદર વર્ષની તે બાળક સ્ત્રીને અથવા કદિ ૨૫ વર્ષની હોય તો તેને પછી જન્મવારો શી રીતે કાઢવો? અને એનું તથા (થયાં હોય તો) નાનાં બાળકોનું કોણ કરે? તથા તે ન્યાયને માર્ગે ચાલે એવો તેને બોધ કોણ આપે! બીજાં મુરબ્બીઓ સંભાળ રાખનારાં હોય તોપણ તેની દશા બહુ દુઃખદાય થાય છે તે કોઇથી અજાણ્યું નથી. (એનું વર્ણન કરવામાં વખત નથી રોકતો) આપણા મનમાં મારી સ્ત્રી અને મારાં છોકરાં આવાં સુખ ભોગવનારાં થવાં જોઇએ એવો આગ્રહ પણ પછી કેમ રહે? અને આગ્રહ ન રહે તો પ્રજા થઇ તેપણ ન થયા જેવી.

પ્રજાનેમાટે ગૃહસ્થાશ્રમ જોઇએ પણ જ્યારે આજ દિવસ સુધી પ્રજા ન થઇ અને થઇ તો મરી ગઇ ત્યારે હવે પછી પ્રજા થશેજ એવી શી ખાતરી? કદિ થાય તો પણ તે પ્રજા સદ્ગુણી અને પ્રથમની ધારણાને પાર પાડે તેવી થાય એનો શો ભરોસો? તેમ થયા પછી પણ આપણે એને મેલીને મરિયે એવું ભાગ્યશાળી થવાનું પણ કાંઇ આપણા હાથમાં નથી. (ઇશ્વરે પાછળ પાડયા તો હવે આગળ શીરીતે થવાય?) કાળનો મહિમા

વિચિત્ર છે, ઇશ્વરગતિ જાણવામા આવતી નથી અને કોઇ કોઇને કાઇ કામ આવતુ નથી કદિ સઘળી વાતે વિપરીત બન્યુ તો પછી આપણુ શરીર કેટલુ દુખી થાય ? જાણે એક નાટકનો વેશ ભજાવ્યા જેવુ મને પ્રજા હોય તો પણ શુ અને ન હોય તો પણ શુ ? એ સારી નીવડે તો સ્વર્ગ જવાય એવી કાઇ ખાતરી નથી અને એ સેવા કરે એવી ખાતરી કે સબબ પણ નથી છતી પ્રજાએ આપણે દુખ થતા ઘણા દુખી થઇએ છિયે નામ બોળે કે પોતે કગાળ સ્થિતિમા રખડે એવી પ્રજાથી પણ શો લાભ છે ? બાપનો વશ ન રેહેતો હોય નો વળી લોકોનો વધારે આગ્રહ હોય તો ઠીક પરતુ તેમ કાઇ નથી ઇશ્વરકૃપાથી ભત્રીજાઓ ઘણા છે અને તેને ઘેર સતતી થવાનો પણ સમય પાસે આવ્યો છે તેથી પિતૃવર્ગને કશો અસતોષ થાય તેવુ નથી ગહસ્થ થયા છતા પણ પ્રજા ન થાય તો પિતૃવર્ગ કેમ રેહેતા હશે ? ઇશ્વરની કૃપાથી પિતૃઓને અસતોષ રહે તેવુ નથી

સ્ત્રી અને ધન એ મુખ્ય કુસપનુ કારણ છે ભાઇઓના અતકરણો ઘણુ કરીને એકજ હોય છે, પરતુ સ્ત્રીઓ ગમે તો ભણેલી હોય કે ગમે તો અભણ હોય પરતુ તેની નિરતરની હ્રદયભેદક વાતોથી તે અતકરણો મલીન જેવા થઇ જાય છે અને તેવા કરી સપીને જપીને બેસવાનો વારો આવતો નથી, પરતુ ઉપાધિમા રાતદિવસ શરીર સુકાતા નિશાસા ન ખાતા દુખમા દિવસો જાય છે જજાળની જાળની કેટલીક વાત કહુ ? ખરી વાત શુ છે તે પ્રપચમા જાણવામા આવતી નથી અને સ્ત્રીની તથા પોતાના બાળકોની મમતા મેલાતી નથી, તેવીપણ સદૈવ કચેરાજ રહે છે કે જે કલેશ કરતા સસારમા આ શરીરની હૈયાતી ન હોય તોજ સારૂ એમ માનવામા આવે છે એનુ વિશેષ વર્ણન કરવામા કાઇ લાભ નથી એનો અનુભવ સારી રીતે આ શરીરે લીધો છે હુ સપની ઇચ્છા કરૂ છુ માટે ફરીને ગૃહસ્થ ન થવાય તોજ સપ રહે એવી મારી ધારણા છે કેમકે મારે સ્ત્રી કે પ્રજા ન હોય એટલે ભાઇઓની પ્રજા ઉપર વૃત્તિ ખેંચાય તેમ કરતા તેઓ મારી તરફ ન ખેંચાય તો સસારથી વિરક્ત પણ થવાય સસારમા રહી સબધીઓના મર્મભેદક વચનો સાભળવા કરતા મરણનુ દુખ અધિક નથી ગમે તેવા જ્ઞાનીને પણ મેણાના વચનો વશમા લાગ્યાવગર ન રહે આમ થવાનુ મૂળ કારણ સ્ત્રી છે માટે પરિગ્રહજ ન કરવો એટલે પછી શુ ? એક વાર દાન લીધાનો દોષ ન ટળ્યો હોય ત્યા બીજીવાર દાન લઇને બીજો દોષ શામાટે લેવો ?

ગયેલા માણસે પોતાના સદ્‌ગુણથી પોતાની ઉપર જે આસક્તિ બંધાવી હોય તે આસક્તિ બીજા માણસ ઉપર બંધાતી નથી અને કદાપિ સ્વાર્થને લીધે બંધાતી હોય તો પછી ગયેલા માણસ ઉપર રાખેલી આસક્તિ મિથ્યા થાય છે. આવી રીતના સંસારના સ્વાર્થથી થતો સંબંધ જોઇને મને બહુ આશ્ચર્ય અને ખેદ થાય છે. હવે પછી નવા માણસના સદ્‌ગુણો પ્રથમના માણસના જેવા થશે. તેના જેટલાજ તે સંતોષ ઉપજાવી સદ્‌ગુણી થશે એમ શા ઉપરથી ધારવું? અને એમ થયું તો પણ પ્રથમનાં પવિત્ર માણસને આપણી હૈયાતીમાં જે લાભ મળવો જોઇએ તે લાભ તેને ન મળ્યો. તેનો શોધ હૃદયમાંથી જીવતાં સુધી જઇ શકે નહી. પ્રેમને જો કાંઇક રૂપકમાં લાવિયે તો તે જેની ઉપર બંધાયો તેના વિયોગથી જે ખેદ થાય છે તે અનિર્વચનીય છે. પછી બીજે સ્થળે બંધાય તો તે પ્રેમજ ન કહેવાય. તો પણ એકવાર તેને પ્રેમ કહિયે તો તેનું આપ્રમાણે થાય છે.

दृढप्रेमाभग्नः सदसिरिव संधिं न लभते
लभेद्वापि प्रायः स्खलति बहुयत्नैरपि धृतः।
स्खलन्नोचेत्साम्यं न भजति भजेद्वा यदि पुन
क्षमः कार्ये नस्यात्स्मृतिमुपगतः संव्यथयते॥

(મજબૂત પ્રેમ ભાગી ગયો એટલે સારી તરવારની પેઠે ને પા... સંધા તો નથી, સંધાય તો ઘણા યત્નથી રાખ્યા છતાં તુટી જાય છે, ...તેનું નહિ તો ગાંઠ પડી જાય છે, અને કદી ગાંઠ ન પડે તો ધારેલું ... ન ઉતારી શકે, અને કદિ તેમપણ બને તો જ્યારે પૂર્વસ્થિતિનું ... ત્યારે ત્યારે અંતઃકરણને ખેદ આપે છે.) પ્રેમના સંબંધમાં આ... પ્રેમવસ્તુને માનતો નથી. તેને હું સ્વાર્થરૂપેજ માનું છું. આને અનુ... બોલિયે તો સર્વની સ્વાર્થ સધાવવા પ્રેરણા થાય છે. પરંતુ હું અધમ સ્વાર્થ સાધવા ઇચ્છા રાખતો નથી. ઉત્તમ સ્વાર્થ સાધવાની ઇચ્છા રાખું છું. એ ઉત્તમ સ્વાર્થ સાધવા જતાં પ્રેમ તો બંધનરૂપ બને છે. જેમ કે—

बधनानि खलु संति बहूनि प्रेमरज्जुदृढबंधनमन्यत।
दारुभेदनिपुणोपि षडंघ्रिर्निष्क्रियो भवति पंकजकोषे॥

(બંધનો ઘણાં છે પરંતુ પ્રેમની દોરી (સ્વાર્થના પરિચયની ગાંઠ) નું બંધન કાંઇ જુદાજ પ્રકારનું છે. દાખલા એ કે લાકડાંને કોરી નાખવામાં ચતુર ભ્રમર કમળના મધ્ય ભાગમાં કાંઇ પણ કરી શકતો નથી.) ત્યારે હાથે કરીને પગમાં બેડી નાખવા જેવું શામાટે કરવું? (અપૂર્ણ.)

मणिरत्नमाला

(सबंध पाने १२ थी)

अविचार के स्त्री अथवा पुरुषने आ कामांधपणानेलीधे शु पाप करिये छिये ते जाणवामा आव्युज नहि आवी रीते खोटी कामनाओनेलीधे घणा कामांधपुरुषो स्त्रीओना ध्यान धरे छे अने तेवी दुष्टस्त्रीओ कामाधोना ध्यान धरे छे अने महापाप करीने नरकयातनाना तथा पशु आदिना अवतारोना पात्र थाय छे अने आपणी शी गति थशे तेनो तेने क्षणवारपण विचार आवतो नथी अरेरे ! आ समजणवाळो मनुष्य देह शा सारू छे? त्यारे तो पशु पक्षीनो देहज योग्य हतो के जेमा सारा माठानी खबर पडती नथी खरू जोता विचारिये तो स्वकीयास्त्रीसग पण आसक्तिनेलीधे बंधनरूप थाय त्यारे तेने मेली बीजे पापदृष्टि करनाराना पापनी अने बंधननी तो वातज शी करवी? जगतमा अपकीर्ति थाय, व्याधियो वधि पडे, उपाधियो आवी पडे, अने कागडा कुतराना जेटलु मान पण तेवा माणसनु रहे नहि अने छेवट रखडी रझळी भुंडे हाले मरण पामता यमराजाना मार खावाने अने नरकनी उग्र यातना सेवाने पात्र थाय छे परस्त्रीनो सग करनार भडवाओना जे सोबती होय तेनो सहवास पण नरकमा नाखे तो पछी प्रत्यक्ष सग करनारनी तो वातज शी करवी? हजारो प्रकारनी पूजा, पाठ अने दान ध्यान के तप कया होय ते आवा पापी लोकोना क्षणवारमा बळी जईने तेने बदले मोटा पापना ढगला थइ रहे छे अने ते पापना ढगलाना प्रतापे करोडो वर्षसुधी नरकना दु ख भोगवतो रड्या करे छे आवु छे तेनो विचार नथी करतो अेटला माटे कामी माणस देखता छता आंधळो छे आथी जे आधळो होय ते तो कामांध करता लाख वाते देखतो छे केमके ते पोताना हृदयचक्षुथी जोइने पापमार्ग छोडीने पुण्यने मार्गे चाले छे अेटलामाटे आ उपरथी अेवो बोध लेवानो छे के कामांध थवु नहि अने परस्त्रीओने कुदृष्टिथी जोवी पण नहि अेटलूज नहि पण तेवे पापने मार्ग चालनारा पापीनी सगतिपण करवी नहि आवीरीते असग रहीने जे अे मोहिनीरूप मदिराना मोहमा फसायो नहि ते खरे खरो भाग्यशाळी अने परम सुखनो अधिकारी छे अेटलामाटे ते विषे निरतर काळजी राखवी

पोतानो अपयश अेनु नाम मृत्यु छे जगतमा सारे मार्ग चाले छे तेनी कीर्ति गवाय छे अने सारो मार्ग मेली नठारे मार्गे चाले छे तेनी अपे

કીર્તિ ગવાય છે. એ અપકીર્તિ એનું નામજ અપયશ કેહેવાય. પોતાનાં સારાં આચરણ અને મહાન કાર્ય કે ઉદાર અંતઃકરણનેલીધે કે પ્રૌઢ પ્રતાપને લીધે જેઓ આ પંચભૂતના સઘાતરૂપ શરીર પડી ગયા છતાં પણ જગતમાં ગવાય છે તેઓ મુવેલા સમજવા નહિ. કેમકે તેનુ સ્થૂલ શરીર અદૃશ્ય થયુ પણ કીર્તિરૂપ શરીર સદાકાળ અજર અને અમર છે. અને એથી ઉલટાં નઠારાં આચરણ તથા હલકાં કાર્ય કે ક્ષુદ્ર અંતઃકરણનેલીધે કે દુર્ભાગ્યનેલીધે આ પચભૂતના સંઘાતરૂપ શરીર જીવતાં છતાં પણ જગતમાં નિંદાય છે તેને કોઈ જોવા ઇચ્છતુ નથી, તેઓ જીવતા સમજવા નહિ; કેમકે તેનું સ્થૂલ શરીર કદિ દેખાતુ હોય તોપણ તે ન દેખાયા વરાવર અથવા મરી ગયા વરાબર છે. ખરૂ જીવવું એ કીર્તિજ છે. કેમકે શરીર તો કોઈ દિવસ પણ ક્ષણભંગુર હોવાથી પડી જાય પણ કીર્તિ તો અજર અમર રહે છે. એટલામાટે કીર્તિથી જીવવું એજ ખરૂં જીવવું છે. એથી ઉલટું તો મરણ ન હોય તોપણ મરણ બરાબરજ છે.

स जीवति यशो यस्य कीर्तिर्यस्य स जीवति ।
अयशोऽकीर्त्तिसंयुक्तो जीवन्नपि मृतोपमः ॥

જેની કીર્તિ છે તે જીવે છે અને યશ હોય છે તે જીવે છે પણ જેનો અપકીર્તિ સહિત અપયશ હોય છે તે જીવતો હોય તોપણ મુવા જેવો છે.

જેમ મરેલાં શરીરને ગમે તેવું સગપણ હોય, ગમે તેવો સવધ હોય, ગમે તેવી ઉચી જાત હોય, ગમે તેવું રૂપ હોય પણ કોઈ સ્પર્શ કરતું નથી કે ઘરમાં રાખતુ નથી તેમ અપકીર્તિ કે અપયશવાળાં શરીરને ગમે તેવું સગપણહોય, ગમે તેવો સબંધ હોય, ગમે તેવી ઉચી જાત હોય, ગમે તેવું રૂપ હોય, પણ કોઈ સ્પર્શ કરતુ નથી એટલુજ નહિ પણ પાસે વેસવા પણ દેતું નથી. દેશનું કલ્યાણ કરનારા વિચારવાન વિવેકી લોકો મરવું અંગીકાર કરીને પણ કીર્તિ મેળવવામાં ઉત્સાહ રાખે છે પણ જગતમાં પશુ સમાન મૂર્ખ લોકો શિવાય કોઈ વીજા એવા નથી કે અપકીર્તિની ઇચ્છા કરે. મૂર્ખ લોકોને તેની સમજણ નથી હોતી પરંતુ જે જાણે છે તેને તો મોત કરતાં પણ અપયશ છે તે વધારે દુઃખ દાયક છે. જગતમાં એક જન્મવારામાં મોતનું દુઃખ તો એકજ વાર ખમવું પડે છે પણ અપયશનું દુઃખ તો ઘડિયે ઘડિયે અને ક્ષણે ક્ષણે મોત કરતાં પણ અધિક ખમવું પડે છે. જગતમાં જીવવાની

आशा अति बलवान छे अने तेनेमाटे लोको बने तेटलो धन माल विगेरेनो उपयोग करे छे ए जीवतरने पण नहि सभारी मरणने अपकीर्ति करता विवेकीओ सारू गणे छे एवा दाखला कांई थोडा नहि मळ आपणी कीर्ति थाय, लोक आपणने सारा कहे, ए जो अपकीर्तिमा मरण तो शु पण मरण करता अधिक दु ख छे तोज लोको माने छे घणाने मोढे आपणे 'ईश्वर लाज आबरुमा अन्न-वस्त्र आपे एटले बस छे' एवा वाक्यो साभळिये छिये माणसो जेम जावबामाट अनेक मयत्न करे छे तेम कीर्तिनेमाटे पण अने क मयत्न करे छे मरणनेमाटे जेम कोई मयत्न करतु नथी तेम अपकीर्तिने माटे पण कोई मयत्न करतु नथी मरण पामेलामा तेज बल के मताप रेहेता नथी तेम अपकीर्तिवाळामा पण तेज बल के मताप रेहेता नथी बोध वान माणस जेम जीवता बधनमुक्त केहेवाय छे तेम अपकीर्तिवाळो माणस जीवते मुवो केहेवाय छे एटलामाटे मृत्युथी बीनारा माणसे पोतानो अप यश थवा देवो नहि मृत्यु छे ते तो शरीर क्षणभगुर होवाथी मनुष्य मा णीना स्वाधीनमा नथी एटले अेने अटकावी शकातु नथी, परतु अपकीर्ति पोताना नठारा आचरणोथी थाय छे तथी अटकाववी ए पोताना स्वा धीनमा छे, माटे पोताने स्वाधीन वात होय तेमा बुद्धिमान माणसे भूल खावी नहि मृत्यु जेम आ कुलवान छे, विद्वान छे, धनवान छे, रूपवान छे, ओथवान छे, वाळक छे, वृद्ध छे, जुवान छे, के सवना आधाररूप के कीर्ति मान छे एम आवे छे सारे जोतु नथी, तेमज अधम, अविवेक अने अपवित्रताना आचरणथी थयेली अपकीर्ति पण आवे छे सारे उपर ममाणे गुण शील वय आदिने जोतीज नथी अेक वार तेणे पोतानो पग माडयो के ते कडवी वेलनी पेठे वधतीज जाय छे मृत्यु जेम जेनी उपर पडे छे ते दुनिया ताग जाय छे तेम जेनी उपर अपयश के अपकीर्ति पडे छे ते दुनिया ताग जाय छे मरेलाने कांइ ससारव्यवहार रेहेतो नथी पण अपकीर्तिवाळाने ससारव्यवहार रहे छे अने ते अेवी दशामा सिद्ध थइ शकतो नथी तेथी ते करता मृत्यु वधारे सार लागे छे घणा घणा स्त्री पुरूषोअे मरणनेज मिय गण्यु छे ते अपयशना दु खनी बीकथीज अप यश होय तो मृत्युनु शु मयोजन छे? केमके भर्तृहरि पण कहे छे के अपयशो यद्यस्ति किं मृत्युना ॥ आम छे अेटलामाटे यशने वधारनारा सदाचरणो अने सत्कर्मो करवा जोईअे जो बीक राखवी तो मृत्युनी नहि

पण अपयशनीज राखवी, केम के मरणनो मारेलो नरकमां पडतो नथी परंतु अपयशनो मारेलो नरकमां पडे छे. अपयशवाळो अपयशथीज मरेलो छे तेने मोततो नाममात्र मरण छे.* आ संसारमां सर्व अनित्य छे माटे कीर्तिथी जीववानुंज प्रयत्न राखी अपकीर्तिरूप मरणथी बची जवुं जोइए. केम के—

चलं वित्तं चलं चित्तं चले जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिर्यस्य स जीवति ॥

चित्त चंचल छे, वित्त चंचल छे, जीवित अने जुवानी चंचल छे तथा चरअचर सर्व जगत् आखुं चंचल अर्थात् नाशवान् छे; पण जेने कीर्ति छे ते जीवे छे, अर्थात् सदैव अमर छे. सारांश के एवी चल वस्तुनेमाटे अपकीर्ति नहि करतां सर्वने नाशात्मक जाणी कीर्तिरूप कायाने अजर अमर करवी.

को वा गुरुर्यो हि हितोपदेष्टा
शिष्यस्तु को यो गुरुभक्त एव ।
को दीर्घरोगो भव एव साधो
किमौषधं तस्य विचार एव ॥ ७ ॥

अर्थ

शिष्य—गुरू कोण केहेवाय ?
गुरु—जे हितनो उपदेश आपे ते गुरू.
शिष्य—शिष्य कोण केहेवाय ?
गुरु—जे गुरूनो भक्त होय तेज शिष्य.
शिष्य—हे साधो ! मोटो (असाध्य) रोग कयो केहेवाय ?
गुरु—संसार छे ते मोटो (असाध्य) रोग केहेवाय.
शिष्य—[तेनु] औषध शु केहेवाय ?
गुरु—ते [संसार] नो विचार करवो ते औषध केहेवाय.

---

* आ शिवाय रसने नहि जाणनारनी आगळ कविता कहेवी के पोताने मोढे पोताना वखाण करवा विगेरे मृत्युरूप कह्या छे. तेमा पण पोताने मोढे पोतानागुण गावा अे अपयशनु कारण होवाथी तेपण ते प्रमाणेज समजवु

टीका

उपदेश करनार होय तेम गुरु केहेवाय सुखने आपे अने दुःखने मटाडे तेनु नाम हितनो उपदेश केहेवाय चोराशी लाख जीवयोनिमा जन्म अने मरण धर्या करवा अे जेवु अेके दुःख नथी अने कैवल्य मुक्तिने पामवु ते जेवु अेके सुख नथी अे सुखनो लाभ अने अे दुःखनो नाश वेदात शास्त्रना श्रवणथी थाय छे अधिकारी, विषय, सबध अने प्रयोजन अे प्रमाणे वेदातशास्त्रना चार अनुबध छे चार साधनथी युक्त होय ते अधिकारी, जीव अने शिवनी अेकता ते विषय, ब्रह्मनु प्रतिपादन करनारू प्रकरण ते सबध अने आनद थाय ने क्लेश जाय ते प्रयोजन अेम समजवु आवा अनुबधवाळा वेदात शास्त्रना प्रमाणथी उपर कहेला दुःखने मटाडी सुख पमाडे अर्थात् मुक्त करे ते हितोपदेश केहेवाय कोईने शका थाय के गुरु होय ते तो अेवोज उपदेश करे त्यारे अेम केहेवानु शु कारण अने कैवल्य मुक्ति अेम कह्यु त्यारे बीजी मुक्ति हशे के नहि ? तो तेनो खुलासो आ प्रमाणे समजवो मुक्ति घणा प्रकारनी छे तेमा सालोक्य,[1] सामिप्य,[2] सारूप्य,[3] अने सायुज्य,[4] अे चार प्रकारनी मुक्ति श्रेष्ठ केहेवाय छे आ चारमा पण सायुज्य श्रेष्ठ छे परतु छेवट तेथी पण पाछु पडवु पडे छे जेमा गया पछी पाछु नथी आववु पडतु अेवु जे धाम छे ते कैवल्यमुक्ति छे श्रीभगवान् कहे छे के

यद्गत्वा न निवर्तते तद्धाम परमं मम ।

ज्या गया पछी फरीने पाछु आववु नथी पडतु ते मारू धाम छे

आ परम धामरूप कैवल्य मुक्तिने छते देहे जीवन्मुक्त दशा थई जाय त्यारे पमाय छे

जगतमा गुरु पद धारण करनाराओ पण घणा होय छे केटलाक मोटा मोटा शास्त्रो भण्या होय छे ने बुद्धिमान् होय छे पण इद्रियोना विषय भोगववानी इच्छा गई न होय अने ज्ञाननो अनुभव थयो न होय तेथी पोताना शिष्योने विषय भोगववानो उपदेश करे छे अने उपदेशना वाक्यो फेरवीने तेनो उलटो अर्थ समजावे छे

---

१ भगवानना लोकमा रेहेवाय २ भगवानना पास रेहेवाय, ३ भगवानना जेवी आकृतिनु थवाय ४ तेमा लीन थई जवाय

आत्मानं सततं ब्रह्म जानीहि जगदीश्वरं ।
यद्वेत्ति तत्स कुरुते न भयं तस्य कुत्रचित् ॥

आ श्लोकनो अर्थ आम छे के आत्माने निरंतर ब्रह्मरूप अने जगतनो ईश्वर जाणवो. अम जे जाणे छे तेने क्यांई पण भय नथी अने ते गमे ते करे छे

'गमे ते करे' एम कह्युं तेनेमाटे उदाहरण के जेम कोई राजानो कुवर बाळक होय तेने चोर उपाडी गया होय तो ते चोरना सहवासथी चोरी करवा शीखे पण मोटो थया पछी कोई भाट-चारण आवीने पोताना बाप-दादानी वंशावळी संभळावे तो चोरनो सहवास मेली तथा चोरनो धधो मेली पोतानुं राज्य भोगवे अने पछी गमे तेम करे. अर्थात् बीजा राजाओने जीतीने पोतानो देश आबाद करे ने चोरने पकडीने दंड दे. तेम आ जीवरूप एक राजकुमार अज्ञानरूप बाळकपणाथी अविद्यारूप देशमां पड्यो छे. ते चोररूप इंद्रियो जेम चलवे तेम चाले छे, पण विवेकरूप मोटाई आवे छे त्यारे वेदशास्त्ररूप भाट-चारणो पासेथी ब्रह्मस्वरूपरूप वंशावळी सांभळी ब्रह्मस्वरूपरूप पोतानुं राजापणुं पामीने गमे तेम करे. अर्थात् इंद्रियोना विषयोमां अज्ञान दशानी पेठे पछी कदीपण इच्छा करे नाहि, परंतु माया, अविद्या अने कर्मनो नाश करी ब्रह्मरूप एक ईश्वरज छे एवो निश्चय करे.

आवा सवळ अर्थ मेलीने तेनो उधो अर्थ समजावी दे छे के जेणें हूं आत्मा ब्रह्म छुं अम जाण्युं ते परमेश्वर थयो माटे तेने कोईनो भय नथी माटे जेम गमे तेम करे अर्थात् विषयो भोगवे.

जेओ विषयोमां बुडी रह्या छे अवा गुरुओ विषयोने प्रमाण करे छे ने शिष्योने भोगवावे छे, अने जे शिष्यो अज्ञानमां बुडेला होय छे तेओ तेवा उपदेशो प्रमाण करे छे. आवा अज्ञानियोनी शी दशा थाय छे ते-विषे योगवासिष्ठमां लखे छे के "गुरू होय छे ते ज्ञानविना कर्मनो नाश नथी थतो तेथी अने शिष्यने खोटो उपदेश कर्यो होय तेथी कुतरो अवतरे अने शिष्य होय छे तेने ज्ञानविना कर्म टळ्यां न होय तेथी गीगोडो अवतरे अने पेले अवतारे जे गुरुअे हरामनुं खाधु होय तेने चुसी ले छे. त्यारपछी गुरुते झाडनो अवतार आवे छे अने शिष्यने वाघोलनो अवतार आवे छे.

आवा उलटा बोध आपनारा गुरु होय ते गुरु केहेवाय नहि जे गुरु ज्ञाननी मूर्ति होय, पोते विषयोने त्याग कया होय तेम शिष्योना त्याग करावतो होय, अने जे शिष्योने मोक्षना उपदेश करतो होय ते गुरु केहेवाय बाकी बीजा नामना गुरु छे अने अेटलामाटेज हितनो उपदेश करनारने गुरु कह्यो

आ उपरथी समजवानु अे छे के जे ससारना बधनथी छोडावे अेवा ज्ञानी होय तेनेज गुरु करवा कागळना वाणथी दरियो तराय नहि तेम खरा बोधवान गुरु विना ससारसागर तराय नहि

जे गुरुनो भक्त होय ते शिष्य केहेवाय गुरनी आज्ञा मानवी, ते कहे ते उपर विश्वास राखवो, तेने परमेश्वरनी मूर्तिनी पेठे पूजा करवी इत्यादि भक्ति करे ते भक्त केहेवाय बीजा देवताओनी पूजा करवी ते तो सेहेली अने गमे तेवी छे, केमके तेमा तो ठाकोरजीने नामे मनगमता भोग भोगववा मळे छे अने गुरनी भक्ति करवी ते तो कठण अने न गमे तेवी छे केमके तेमा तो गुरु कहे तेम करवु पडे, तेने आधीन रेहेवु पडे अने विषय मनगमता मळे नहि गुरुना भक्त होय अेवा शिष्यो आ जगत्मा घणा थोडा होय छे जेने माथे परमेश्वरनी दया होय छे तेज तेवा गुरभक्त थाय छे गुरू गीतामा कहे छे के —

देवकिन्नरगधर्वा पितरो यक्षचारणा ।
मुनयोऽपि न जानति गुरुशुश्रुपणे विधि ॥

देव, किन्नर गधर्व, पितृ, यक्ष चारण, अने मुनियो, अे कोइपण गुरनी पूजा करवानी रीति जाणता नथी अर्थात् तेओपण गुरुभक्ति करी शकता नथी

आवी कठण गुरुभक्ति थवी ते ईश्वरकृपाबगर शी रीते प्राप्त थई शक

गुरुए जे ज्ञान आप्यु होय तेनो बदलो कोई रीते वळी शकतो नथी एवो तेनो महिमा छे ते वाणीथी वर्णवो शकाय तेम नथी माटे गुरनी भक्ति करवी जोईए गुरुभक्ति कर्याविना परमेश्वर मळता नथी कह्यु छे के-

गुरुभक्तिस्थिता विद्या गुरुभक्त्या सुलभ्यते ।
त्रिलोकेशैर्न वक्तव्या देवाद्यै सुरपुगवै ॥

गुरुभक्तिमां रहेली जे ब्रह्मविद्या छे ते गुरुनी भक्तिथीज प्राप्त थाय छे. त्रिलोकीना ईश्वर मोटा देवताओथी पण ते विद्या केहेवाती नथी.

गुरुभक्ति अभिमान वगरनो जे मुमुक्षु होय ते करे छे. अभिमानवाळाथी कदीपण थती नथी. अवाओ तो संसारमां भटक्या करे छे. कह्युं छे के—

महाहंकारवेगेण तपोविद्याबलान्विताः
संसारकुहरावर्ते भ्रमंति घटियंत्रवत् ॥

घटमाळ जेम कुवामां वारंवार भराय छे अने ठलवाय छे तेम तपवाळा, विद्यावाळा अने बळवाळा होय तोपण अति गर्वथी संसारनी गुफामां जन्ममरणरूप गोथा खाया करे छे.

माटे अभिमान वगर गुरुभक्ति करवी. गुरुभक्ति करे छे तो परमेश्वर पामे छे गुरूने मेलीने अकला परमेश्वरनी भक्ति करे छे तो ते भक्ति निरर्थक थाय छे. ब्रह्मा, विष्णु, महादेव आदि देताओ, देवर्षि, पितृ किंनर, सिद्ध, चारण, यक्ष, मुनि अने बीजा माणसोने अने तीर्थने, गुरूने मेलीने सेवे तो ते वृथा छे. माटे गुरूने मेलीने तेने न सेववा. गुरू तो ईश्वर करतां पण सरस छे.

शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे शिवो नहि ।

जो शंकरनो कोप थयो होयतो गुरु रक्षा करे छे पण जो गुरुनो कोप थयो होय तो शिव रक्षण करता नथी.

माटे जे शिष्य होय तेणे गुरुने एक भावे भजवा. गुरुने मेलीने बीजाने भजे छे तो नरकमां पडे छे. जेम कोई झाडमां फळ थयुं ते पाणी तथा पृथ्वीना बळथी पाके छे अने पाक्या पछी पृथ्वीउपर के पाणीमां पडे छे तो सुकाई जाय छे के सडी जाय छे. तेम अहीं समजवुं. ते ए रीते के, गुरु छे ते झाड छे, शिष्य छे ते तेनु फळ छे, परमेश्वर छे ते पाणी छे, शास्त्र छे ते पृथ्वी छ, अने अभिमानथी गुरुने उपर दोश मेलवो ते तेनु सुकावु छे अने गुरुनो कोप थाय ते तेनु सडवुं छे. सारांश के गुरुने मेलीने शास्त्रनु बळ लेवा जाय छे तो अभिमान आवे छे, अभिमान आववाथी नरकमां पडवुं पडे छे. कदी ईश्वरने भजवा जाय तो ईश्वरपण कोप करे छे केम के ईश्वरना स्वरूपथी पोते अळगो छे. जेम मांखी आंख शरीर मेलीने क्यांई गुमडु थयुं तो ते जग्याएज आवीने बेसे छे तेम नठारो शिष्य गुरुना

घणा गुण होय ते विसारी मेलीने दोषनेज जोया करे छे अपार गुण गुरुना होय तेने जे सभारे पण नहि ते खरेखर कृतघ्नी केहेवाय चारणी जेम सार सार काढी नाखीने कचरो होय ते राखे छ, तेम नठारा शिष्यो गुरुना गुण सघळा मेली दईने दोषनेज ग्रहण करे छ जे वचनरूप हथियार गुरुए आप्या होय एज वचनरूप हथियारथी गुरुने वध करवो एथी बीजु कयु पाप छे ? अने एवा दुष्ट पापीउपर परमेश्वर केम कोप न करे ? जेणे गुरुना वचननु अपमान कर्यु तेण वेदशास्त्रना वचननु, परमेश्वरना वचननु, श्रीभगवानना वचननु अने सत्पुरुषोना वचनोनु उल्लघन कर्यु एम समजवु एना जेवो कोई दुष्ट बीजो न समजवो प्रतिमा तो जड छे अने सद्गुरु तो चैतन्य छे माटे पहेली सद्गुरुनी सेवा करवी अने ते पण तेवा सद्गुरु ओळखीने करवी जे पोताने वावरवा धन मागे नहि, पै एक पण पासे राखे नहि, गृहस्थ होय तो अन्न वस्त्र राखे अने गृहस्थ न होय तो ते पण न राखे, वेहेवारे जेने नड तो न होय अने जे सस्कृत तथा प्राकृत सघळू जाणता होय तेवा गुरु शोधनेमाटे करवा योग्य छे कह्यु छे के

सस्कृतै प्राकृतैश्चैव गद्यपद्याक्षरैस्तथा ।
शिष्य यो देशभाषाभिर्बोधयेत्स गुरु स्मृत ॥

सस्कृत अने प्राकृत गद्य अने पद्योना वाक्योथी अने देशनी भाषाथी जे बोध करे ते गुरु केहेवाय

शिष्यना सदेह टाळे एवो विद्वान, भाषा जाणनार, पूर्ण त्यागी, वैरागी, अने स्वप्नमा पण स्त्रीसामी नजर न करे तेवा सारा शीलनो गुरु जोईए कह्यु छे के

निर्वासनो निरालम्ब स्वच्छदो मुक्तबधन ।
क्षिप्त सस्कारवातेन चेष्टते शुष्कपर्णवत् ॥

जेने क्याईपण वासना नथी ते, जे पोतानी मुक्तिनो आधार पोता उपर राखे छे, ससारनु जेने बधन नथी अने बध अने मोक्षने जे मानत नथी ते प्रारब्धथी प्रेरता, पवनथी जेम सुकल पान फरे तेम फर्या करे छे

माटे आदर रहित, अभिमान रहित, काम रहित, क्रोध रहित, लोभ रहित अने उपाधिरहित अने बोधवान होय ते सद्गुरुपदने योग्य छे श्रीभगवान् कहे छे के

संसारदीर्घरोगस्य सुविचारो महौषधं ।
कोहं कस्य च संसारो विविकेन विलीयते ॥

संसाररूप मोटा रोगनुं सारो विचार करवो एज ओसड छे. हुं कोण अने संसार कोने छे एवो विवेक थयो के तेज विवेकथी संसार टळी जाय छे.

हुं कोण? जो हुं नाम होऊं तो ते नाम तो माता पिता के फइ होय ते जन्म थाय ते पछी जोतिषने आधारे पाडे छे तेथी ते नाम तो हुं नहिज. त्यारे हु कोण! शुं पृथ्वी ते हुं छुं, शुं जल ते हुं छुं, शुं तेज ते हुं छुं, शुं वायु ते हु छु, शुं आकाश ते हुं छुं, शु चौद इंद्रियो ते हु छुं, शुं सोळ अंग ते हुं छुं, शुं सात धातु ते हुं छुं के शु त्रण गुण ते हुं छुं, ना? ए सर्व नामरूप दृश्य ते हुं केम होऊ? हुं तो ते सर्वनो द्दष्टा साक्षी तेथी न्यारो छुं माटे ए हुं नहि. तथा जगत् एटले शु? शु मनुष्य ए जगत् छे, शुं पशु पक्षी ए जगत् छे, शुं स्थावर ए जगत् छे, के शुं चौद लोक ए जगत् छे? आ जगत् ते शुं अने तेने ने मारे शो संबंध छे? आ जगत न केहेवाय अने तेनी साथे मारे कशो सबंध नथी. आम विचार करीने पछी लक्ष उपर नजर करवी. अपरोक्षामां कह्यु छे के—

नाहं भूतगणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षणं किंचिद्विचारः सोयमीदृशः ॥
अज्ञानप्रभवं सर्वं ज्ञानेन प्रविलीयते ।
संकल्पो विविधः कर्ता विचारः सोयमीदृशः ॥
एतयोर्यदुपादानमेकं सूक्ष्मं सदव्ययं ।
यथैव मृद् घटादीनां विचारः सोमीयदृश ः ॥

पचमहाभूतना समूहरूप आ देह हुं नथी तेम तेमां रहेलो इंद्रियोनो समूह पण हुं नथी. तेनाथी जुदुं जे कांई छे तेज हुं छु एम विचारवु अर्थात् त्वंपदनुं लक्षण जाणवु एज विचार केहेवाय छे. देह इंद्रियो आदि जे भासे छे ते मारा संकल्पे करीने भासे छे अने ते अज्ञानथी थयेल छे, ते सर्व ज्ञान थवाथी टळी जाय छे एम जाणवुं तेज विचार केहेवाय छे. अने घडानुं उपादान कारण जेम माटी छे तेम अज्ञान अने संकल्पनुं उपादान कारण सूक्ष्ममां सूक्ष्म सत्‌रूप सर्वव्यापक एक ब्रह्मज छे ने ते ब्रह्म हुं छुं

अर्थात् जेम मारे सकल्पथी पिंड साचो तेम ईश्वरने ब्रह्माड साचु, मारे अत करण छे तेम ईश्वरने तीर्थयात्रा छे, मारे प्रजा साची तो ईश्वरने जगत् साचु, मारे सकल्पथी जगत् हतु ते टळी गयु तो ईश्वर निर्विकल्प छे तेथी तेने जगत् नथी, जेम जीवनु नाम छे तेमज ईश्वरनु नाम छे देहमा जेम थोडी उपाधि छे तेम ईश्वरना जगत्मा मोटी उपाधी छे जेवो देहमा हु छु एवोज जगत्मा ईश्वर छे, एम जाणवु अर्थात् तत्पदनु लक्षण जाणवु ए विचार केहेवाय जेम देवतामा लाकडा घणा नाख्या एटले ते भडको केहेवाणो अने रुनी वाट सळगावी एटले ते दीवो केहेवाणो पण ते भडको पण नथी अने दीवो पण नथी, पण खरु जोता ते बेय अग्निज छे, तेम ब्रह्म एक अखड छे ते अत करण आदिनी उपाधिने योगे जीव केहेवाय अने चौद लोकनी उपाधिने योगे ईश्वर केहेवाय पण जीव ने ईश्वर काई नथी पण एक ब्रह्मज छे, एम जाणवु अर्थात् असिपदने ओळखवु आनु नाम विचार केहेवाय

आ विचारथी पोतानु स्वरूप ओळखता ससार टळे छे माटे विचार छे तेज ससार टळवानु औषध छे एम कह्यु माटे सद्विचार करीने ससार टाळवानु प्रयत्न करवु

किं भूपणाद्भूपणमस्ति शील
तीर्थं पर किं स्वमनो विशुद्ध ।
किमत्र हेय कनकं च कांता
श्राव्य सदा किं गुरुवेदवाक्य ॥ ८ ॥

अर्थ

शिष्य—सारामा सारु घरेणु शु छे ?
गुरु—शील छे तेज सारामा सारु घरेणु छे
शिष्य—उत्तम तीर्थ शु केहेवाय ?
गुरु—पोतानु मन निर्मळ होय तेज उत्तम तीर्थ केहेवाय
शिष्य—आ जगतमां त्याग करवानु शु छे ?

गुरु—सोनु अने स्त्री ए त्याग करवा योग्य छे.

शिष्य—सांभळवा योग्य शुं छे ?

गुरु—गुरुनां अने वेदनां वचन सांभळवा योग्य छे.

गमे तो स्त्री होय के पुरुष होय परंतु तेओनुं शील एज सारामां सारुं भूषण छे. ए वाक्यमां एम समजवानुं छे के सोनानी सांकळीओ, मोतीना हारो. जडाउ कांपो, अने जडाउ ठोळियां तथा रत्नथी जडेला चंदनहारो, ए सर्व खरां भूषणरूप नथी पण खरुं भूषण तो शील छे केम के एक शील न होय तो ए बधां भूषणो धूल पड्या बरोबर छे पुरुष सारां शीलनो होय तो पोते पोताने ने पोताना वंशने उजाळे छे अने स्त्री सारां शीलवाळी होय तो पोते पोताने, पीरीयांने अने सासरांने उजाळे छे.

शील शब्दमां एटली बधी गभीरता रही छे के तेनुं पूरे पुरुं विवेचन करतां विस्तार थई जाय पण टुकामां तरत तो एटलुं समजवानुं के कोईपण पुरुष के स्त्रिये खराब भावथी मन, वाणी के शरीरनी क्रिया न करवी अने पोताने योग्य जे जे धर्मो शास्त्रमां लखेला छे ते प्रमाणे वर्तवुं ए शील केवाय छे. सारां शीलवाळी स्त्रीविषे कोई कहे छे के.

पदन्यासो गेहाद्बहिरहिफणारोपणसमो;
निजावासादन्यद्भवनमपरद्वीपतुलितं ॥
वचो लोकाऽलभ्यं कृपणधनतुल्यं मृगदृशः
पुमानन्यः कांताद्विधुरिव चतुर्थीसमुदितः ॥

पतिव्रता स्त्रीओने पोताना घरनी बहार एक पगलुं भरवुं ते पण सर्पनी फणा उपर पगलुं मुक्या बरोबर छे, अने पोतानी रेहेवानी जगोथी बीजानु घर पतिव्रता स्त्रीने एक बिजा द्वीप जेटलु दूर लागे छे; अने जेम लोभीनुं धन लोकोने मळी शकतुं नथी तेम पतिव्रता स्त्रीनां वचनो पण कोई बीजा लोकोने काने पडतां नथी; अने भादरवा मासना शुक्लपक्षनी चोथ मनुष्यो कोईपण जोतां नथी तेम पतिव्रता स्त्री परपुरुषनु मुख लेवुं मानी कोई दिवस पण जोती नथी.

सारांश घरमांथी ते बहार नीकळती नथी, पार के घेर जती नथी, तेनुं वचन कोई सांभळतु नथी अने बीजुं कोई तेने देखतुं पण नथी.

स्वभावथीज सारा शीलवाळी पतिव्रताओ एवीज रीते वर्ते छे अने पोताने अमुल्य एवो मळेलो देह सदाचरण, सारो स्वभाव अने पतिसेवाथी सफल करे छे

आवी सद्गुणी स्त्रियो आ कलिकालमां क्याकज जोवामा आवे छे सत्युग जेवा युगमा पण तेवी स्त्रियो विरल हती सारे अनर्थरूप कलिकालमा विरल होय एमा कांइ संदेहनी वात नथी आज काल केटलीक स्त्रिया तो कुतरीयोनी पेठे घेर घेर बारणे भटक्या करे छे ने पगवाळीने घरमा बेसती नथी, जेम कोई पारका छोकराने लुगडु ओढाडवु होय तो अरधु उघडु रहे तेम ओढाडे छे तेम पोतानु अरधु मोढु ढाकीने अरधु उघाडु राखे छे अने पोतानु माढु काक जुवे ने पोत कोकनु जुवे छ, पातनु शरीर काई काम करतु होय न मन क्याक होय छे, पोते काम काइक करती होय छे ने आंख क्याक होय छे, कोईनो दुगुण गावा बेसे त्या थाकेज नहि, पगपर पग चडावी पारकी चावटमाज चार पहोर गाळी नाखे छे; भुंड बोल्ता गाळो भाडता, खोटु बोलना के साहस करता जरा पण शरमाती नथी धणी तो जाणे ढींगली जेवो समजे छे, घर साफ राखवानु समजती नथी, पोतने प्रसन्न राखवानु अने इश्वरनी पेठे पूजवानु समजती नथी, रात दिवस वेहेमनी ने वहेमनीज वातो कर्या करे छ, पोताना शरीर ने मन पण मला राखे छे, रसोइ केम करवी छोकरा केम साचववा, काम काज कम करवु, आवरू केम वधारवी, कल्याण केम थाय, पुण्य शु केहेवाय, ते कशु विचारती नथी, जो काई लागमा आव्यु तो तेना परियाना परियाने पण गोथी नाखे छे अने कुवाक्यरूप बाणथी सामाना कलेजा कापी नाखे छे, भणी होय तो भणतरने धूळ मेळे छे, कदी अनेक पापथी पस्तावो थाय तो खोटा खोटा व्रत के जात्रा करे छे, पण मोटा तीर्थरूप पोताना स्वामीने तो सामु पण जोती नथी धिक्कार छ आवी स्त्रिओने ! आवी स्त्रियो चोराशी लाख योनिमा भटकी भटकी पोताना करेला पापने भोगवे छे अने दुःख पामे छे सद्गुणी स्त्रियो आज क्याथी होय ? कोई कहे छे के—

कृतयुगे रेणुका कृत्या त्रेतायां चैव जानकी ।
द्रौपदी द्वापरे कृत्या कलौ कृत्या गृहे गृहे ॥

सत्युगमां एक रेणुका सती हतां; त्रेतायुगमां एक जानकी सती हतां; द्वापरमां एक द्रौपदी सती हतां, पण आ कलियुगमां तो घेर घेर सती स्त्रियोज छे.[1] भावार्थ के असती स्त्रीयोज छे.

आम छे माटे जे जगत्मां सारी स्त्रियोए के पुरुषोए तेवी स्त्रियो साथे संभाषण पण करवुं घटतुं नथी. एथी पण विशेष विचार करिये तो पुरुषोए तो पोतानी बेन के माता आदि नजीकना संबधनी स्त्रियो साथे पण सामुं उभी बोलवु नहि तेमज स्त्रियोये पण पोताना भाई बाप के काका मामा सामु उभी बोलवु नहि ए सारुं छे श्रीमद्भागवत एकादशस्कंधमां कहे छे के—

मात्रा स्वस्त्रा दुहित्रा वा न विविक्तासनो वसेत् ।
बलवानिंद्रियग्रामो विद्वांसमपि कर्षतिः ॥

माता, पिता, के दीकरी साथे एकांतमां बेसवुं नहि; केमके इंद्रियोनो समूह बळवान् छे अने ते विद्वानने पण खेंचे छे.

कलियुगमां स्त्रियोज असती छे एम नथी पण पुरुषो पण तेवा मेळना घणा छे.

---

1 सत्युगमा एक रेणुकाज असती हता (केमके तेना पुत्रे तनु म थु जमदग्निना केहेवाथी कापी नाख्यु हतु तेवा दोषने पात्र त थया हता,) त्रेता युगमा जानकीजी एक असती हता (केम के रावणे हरि लई जई लंकामा तेने राख्या हता अने लोकना अपवादने पात्र थया हता,) द्वापरयुगमा एक द्रौपदीज असती हता (केमके लोकनी रीतिथी विपरीत पाच प ति तेमने थया हता ने भरिसभामा दुष्टोने हाथे वस्त्र खेचाया हता,) पण आ कलियुगमा तो घेर घेर बारणे असती स्त्रियो छे, (केम के उपरनी त्रण स्त्रियोना निंदित काम जेवा हजारो कामने आजनी स्त्रियो क्षणे क्षणे करे छे)


आप्रमाणे अर्थ पण थाय छे परंतु पूर्वे थई गयेली महापवित्र सतीयोने तेवो अर्थ करवाथी दूषण देवा जेवू थाय छे ते अघटित जाणी उपरनो अर्थ अमे योग्य गण्यो छ अथवा कृत्या शब्दने पूर्वना पदमा जोडेलो राखीए तो अकृत्या अर्थ अर्थात् सती एवो अर्थ थाय अने चोथा पदमा जुदो राखवाथी कृत्या शब्द रहे तेनो असती अर्थ थाय. साराश जेम योग्य लागे तेम समजुए ग्रहण करवु दाढमाथी घेर घेर सतीयो छ एम कह्यु होय तो ते पण खरु तेनो मतलब घेर घेर असती स्त्रीयो छे एवो आवे छे. दाढमाथी बोलेला शब्दथी सारा वचनोनो घणीवार एथी उलटो अर्थ थाय छे ते व्यवहारमा सर्व कोई जाणे छे चारे पद दाढमाथी बोलायेला नहि गणता छेल्लुज तेप्रमाणे गणवु जोईए पेहेला त्रण युगनीने पोताना सतीव्रतथी देवना जेनी दुर्धर्ष अने कलियुगनी सर्वने पापादिकथी दुर्धर्ष केहेवानी मतलब होय तो पग होय. कृत्यानु वर्णन भयकर देवतारूप करवामा आवे छे.

(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૦ મું. શ્રાવણ, સંવત્ ૧૯૪૫ અંક ૧૦ મો

॥ यतो धर्मस्ततो जयः ॥



भविष्य न मटवा विषे इन्द्रविजय

જે કરિયે સુખરૂપ ઉપાય ન તે સુખરૂપ થઇ સુખ આપે,
સકટના હરનાર નિરતર તે પણ સકટ કોય ન કાપે,
લાભ અને યશ હાથ રહે નહિ નિષ્ફલ યત્ન સમગ્ર જવાનું,
કોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહી મટવાનું, ૧

કોય કરે ઉપવાસ અને શુભ ભોજન કોય અનેક જમે છે,
કોય વને રખડે રઝળે વળિ, કોય સદા સુખમાહિ રમે છે,
કોય કરે સુખપાલસવારિ મહાયક પ્યાદલ કોય થવાનું,
કોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહીં મટવાનું, ૨

કોય સુવે સરદાર બની શુભ છત્રપલંગવિશે પરવારી,
કોય કરે ધરતીપર ફાટલ ચાયડ માકડમાહિ પથારી,
કોય હસે સુખસંપતથી બહુ દુઃખ રૂવે વળિ કોય દશાનું,
કોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહીં મટવાનું, ૩

કોયનિ પાસ બદામ ન હોય અને કદિ કોય બને ધનવાળો,
કોય બને ગુણથી અતિ ઉજ્વલ કોય પડે બહુ પાપથી કાળો,
ચિત્ર વિચિત્ર બધી રચના છવરાઇ રહી નહિ તે પણ છાનું,
કોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહી મટવાનું, ૪

કોય દયાળુ કરે ઉપકાર અને વળિ કોય બને અપકારી,
કોય બને નરનાયક લાયક કોય બને વળિ ભક્ત ભિખારી,
કોય લહે અપમાન અપાર અચાનક કોય સુમાન મજાનું,
કોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહી મટવાનું, ૫

અંતર કોમલ હોય નિરંતર રોજ રિબાઇ રિબાઇ રડે છે,
આધિ ઉપાધિ અનેક વિવેક છતાં છડ ઊપર આવિ નડે છે,
ક્યા ધન યૌવન પુત્ર કલત્ર પવિત્ર અને સુખ માતપિતાનું,

* કાંઈ ળ ને કોઈ શબ્દ ગમે તો તે બોલવો

ક્રોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહીં મટવાનું; ૬
આથડવું પડવું રમવું મરવું ડરવું સહુને શિર આવે,
સદ્ગુણ દુર્ગુણ ભાવ અભાવ વિવેક વિચાર ન કાંઇ બતાવે;
ડાપણ બાપણ ખાપણ લાયક હોય ન ઓસડ કોય કવાનું,
ક્રોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહીં મટવાનું, ૭
અંતરમાંહિ રખાય નિરંતર જે સુખની અતિ અદ્ભુત આશા,
તે સુખ સ્વપ્નવિષે પણ દુર્લભ આખર સાર ઘણાય તપાશ્યા;
કાલ અરે વિકરાલ ધરે કર ફોકટ ત્યાં બલ દેવ દવાનું,
ક્રોડ ઉપાય કરો પણ કેશવ ભાવિ ભવિષ્ય નહીં મટવાનું; ૮

सत्यमूर्ति महाराजा हरिश्चंद्रनी सत्यता.

(સબંધ પાને ૧૯૦ થી)

હરિશ્ચંદ્રનું વચન સાંભળી ચાંડાલે કહ્યું કે “ તું ભય નહિ રાખતાં હાથમાં તરવાર લે. આને મારી નાખવામાં પુણ્ય થશે. આ સ્ત્રી બાલકોને ત્રાસ આપનારી છે અને આને કદીપણ બચાવવી નહિ જોઇએ. ” ચાંડાલનું વચન સાંભળી રાજા બોલ્યો કે “ સ્ત્રીઓની તો ઘણા યત્નથી રક્ષા કરવી જોઇએ. કદી પણ મારી નાખવી નહિ જોઇએ. ધર્મમાં તત્પર રેહેનારા મુનિઓએ સ્ત્રીને મારવામાં પાપ કહેલું છે. જે પુરૂષ જાણતાં કે અજાણતાં સ્ત્રીનો વધ કરે તે પુરૂષ મહારૌરવ નામના નરકમાં રંધાય છે.” ચાંડાલ બોલ્યો કે “તું એમ નહિ બોલ અને વીજળી જેવી ચમકતી આ તીક્ષ્ણ તરવાર લે. જે એક જણને મારી નાખવાથી ઘણાં જણને સુખ થતું હોય તેને મારી નાખવામાં ઘણુ પુણ્ય છે. આ દુષ્ટ સ્ત્રી લોકોનાં ઘણાં બાલકોને ખાઇ ગઇછે, માટે આને તુરત મારી નાખ. આમ કરવાથી લોકો સુખી થશે ” રાજા બોલ્યો કે “હે ચાંડાલોના પટેલ! સ્ત્રીની હત્યા ન કરવી એ મારૂં જન્મભરનું પાકું વ્રત છે માટે હું સ્ત્રીનો વધ નહિ કરૂં. ” ચાંડાલ બોલ્યો કે “ હે દુષ્ટ! ધણીના કામથી ઉપરાંત બીજું કયું કામ છે? તું મૂલ્ય લઇને આજ મારા કામને કેમ બગાડે છે? જે માણસ ધણીની પાસેથી મૂલ્ય લીધા છતાં તેનું કામ ન કરે તેનો હજારો કલ્પે પણ નરકમાંથી છુટકારો થતો નથી. ” રાજા બોલ્યો કે “ હે સ્વામી! હે ચાંડાલોના પટેલ! બીજું ભારે કામ આવે તો

તે પણ મને સોપજો એટલે હું કરી આપીશ, પણ આ કામ મારાથી થશે નહી તમારો કોઇ શત્રુ હોય તો તેનું નામ આપો એટલે હું અવશ્ય તેને મારી નાખીશ અને મારીને પૃથ્વી તમારા સ્વાધીનમા આપીશ દેવ, દૈત્ય, નાગ, સિદ્ધ અને ગન્ધર્વોસહિત ઇંદ્ર તમારો શત્રુ થયો હશે તો તેને પણ સજ્જના બાણો મારીને જીતી લઇશ આ પ્રમાણે હરિશ્ચંદ્ર રાજાનું વચન સાંભળી કોપ પામેલા ચાંડાલે એ ધ્રુજતા રાજાને કહ્યું કે 'હે દાસ! તેં જે વચન કહ્યું તે ઘટિત નથી. તું ચાંડાલનો દાસ થઇને શૂરવીરનું વચન બોલે છે એ યોગ્ય નથી, હે દાસ! હું ઝાઝું શું કહું? મારી વાત સાંભળ હે લાજ વગરના! તારા મનમા જો કાંઇ પાપની બીક હતી તો તું ચાંડાલના ઘરમા દાસ શામાટે થયો! તું મારો દાસ છે એટલામાટે આ તરવાર લે અને આ સ્ત્રીનું માથું કાપી નાખ " આમ બોલીને પછી એ ચાંડાલે હરિશ્ચંદ્રના હાથમા તરવાર દીધી

૨૨ પછી હરિશ્ચંદ્રે નીચું મોહોડું કરી ઉભા રહીને રાણીને કહ્યું કે "હે સુંદરિ! હું કે જે પાપી છુ તેની આગળ આ સ્થળમા બેસ જો મારો હાથ ઉપડશે તો હું તારૂં માથું કાપી નાખીશ " એમ કહી ખડ્ગ ઉગામીને રાજા મારવા ગયો રાજા એ પોતાની સ્ત્રીને ઓળખતો ન હતો અને રાણી એ રાજાને ઓળખતી ન હતી બહુ દુઃખથી પીડાએલી અને પોતીના મરણને ઇચ્છતી રાણી બોલી કે " હે ચાંડાલ! મારી કાંઇક વાત સાંભળ જો તું હા પાડે તો મારો પુત્ર મરી ગયો છે અને ગામથી બાહાર દૂર નથી માટે તેને તારી પાસે લાવીને બાળું એટલાવાર તું ખોભારી જા પછી તરવારથી મને મારી નાખજે " હરિશ્ચંદ્રે હા પાડીને તેને બાળકની પાસે જવાનું કેહેતા અત્યંત દુઃખ પામેલી અને દારૂણ વિલાપ કરતી તે રાણી બાળકની પાસે ગઇ સર્પે કરડેલા બાળકને 'હે પુત્ર! હે વત્સ! હે બાળક!' એમ વારવાર બોલાવતી, દુબળી, ઝાંખી થઇ ગએલી, મેલી અને જેના કેશ ધૂળથી ભરાઇ રહ્યા હતા એવી તે રાણી બાળકને લઇ સ્મશાનમા આવી તે બાળકને નીચે મુકીને ધરતીપર બેઠી પછી પતિનું સ્મરણ કરીને વિલાપ કરવા લાગી કે "હે રાજા! પોતાના મિત્રોની સાથે રમતા દુષ્ટ સર્પે કરડવાથી મરણ પામીને આજ આ ધરતીપર પડેલા મારા પુત્રને દેખો છો કે નહી?" તેના વિલાપનો શબ્દ સાંભળી હરિશ્ચંદ્રે શબની પાસે આવીને તે શબને જોવાસારૂ તે શબ ઉપરનું વસ્ત્ર ખેંચ્યું રૂદન કરતી

પોતાની અબળા સ્ત્રી કે જે લાંબા દિવસના પ્રવાસથી તપી રહેલી અને જાણે જન્માંતર પામેલી હોય એવી થઇ ગઇ હતી તેને રાજા ઓળખતો ન હતો. રાણી પણ સુંદર કેશવાળા, જટાધારી અને સુકેલા ઝાડની છાલ જેવા થઇ ગએલા રાજાને તે પાસે ઉભેલો જોતાં છતાં પણ ઓળખતી ન હતી. ઝેરથી મરણ પામીને ધરતીપર પડેલા તે બાલકને રાજલક્ષણવાળો જોઇને તે રાજા વિચાર કરવા લાગ્યો કે "આનું મોહોડુ પુનમના ચંદ્રમા જેવું સુંદર, ઊંચી નાસિકાવાળું, વ્રણ વગરનું અને બે અરીસા જેવા ઊંચા ગાલથી શોભી રહેલું છે. કેશ શ્યામ, વળેલી અણીઓવાળા, સરખા, લાંબા અને વાંકા છે. નેત્ર કમળ સરખાં છે. હોઠ ઘોલાં જેવા રાતા છે. છાતી મોટી છે. આંખો લાંબી છે. હાથ લાંબા છે. ખભા ઊંચા છે. પગ વિશાલ અને કમળના નાળ સરખા કોમળ છે. આંગળીઓ ઝીણી છે. નાભિ ઊંડી છે અને ડોક ઊંચી છે. અહો! આ ખેદની વાત છે. આ કોઇ રાજાના કુળનો બાલક છે તેને દુરાત્મા કાળે પોતાના પાશમાં લઇ લીધો છે." પછી માએ ખોળામાં સુવાડેલા તે બાળકને એવી રીતે સારી પેઠે જોઇ સ્ફુરણ આવવાનેલીધે "હાય હાય" કરીને રાજા આંસુ ખેરવા લાગ્યો. રાજા મનમાં બોલ્યો કે "રખેને આ, દુષ્ટ કાળે પોતાના તંત્રમાં લઇ, આવી દશાને પમાડેલો મારો પુત્ર હોય. વિચાર કરીને હરિશ્ચંદ્ર રાજા એમને એમ ઊભો હતો ત્યાં દુઃખના આવેશથી રાણી વિલાપ કરવા લાગી કે "હે પુત્ર! ક્યા દુષ્ટ પુરૂષના કોપથી આ મોટું ભયકર દુઃખ આવી પડયુ છે તે જણાતું નથી. હે સ્વામી! હે રાજા! હું કે જે દુખણી છું તેને છોડી દઇને તમે ક્યા સ્થાનકમાં નિશ્ચિંતપણાથી રહ્યા છો? અને ક્યા કારણથી રહ્યા છો? હે દૈવ! તેં આ તે શું કર્યું? હરિશ્ચંદ્ર રાજાને રાજ્યથી ભ્રષ્ટ કર્યા, સંબંધીઓથી છુટા પાડયા અને છેલ્લી વારે તેની પાસે સ્ત્રી તથા પુત્રને પણ વેચાવ્યાં." આ પ્રમાણે સ્ત્રીના વિલાપનાં વચન સાંભળી સ્થાનભ્રષ્ટ થએલા હરિશ્ચંદ્ર રાજાએ એ રાણીને તથા મરણ પામેલા પુત્રને ઓળખ્યાં કે આ સ્ત્રી પણ મારી છે અને બાલક પુત્ર પણ મારોજ છે. બહુ ભુંડું થયું. ઓળખીને સંતાપ પામેલા રાજાને બહુ મૂર્છા આવી ગઇ. પીડા પામેલી તે રાણી પણ એ અવસ્થાને પામેલા રાજાને કાંઇક ઓળખી મૂર્છાથી ચેષ્ટા રહિત થઇને ધરતીપર પડી. પછી બન્નેને સાથે સંજ્ઞા આવતાં તાપ પામેલાં અને શોકના ભારથી દબાએલાં તે

રાજા અને રાણી વિલાપ કરવા લાગ્યા રાજા બોલ્યો કે "હે પુત્ર! તારા સુકુમાર અને વાંકા કેશવાળા મુખને આ સમયે હું રાંક થએલું જોઉં છું તે છતાં મારી છાતી કેમ ફાટી પડતી નથી હવે 'બાપુ! બાપુ!' એમ બોલતા પોતાની મેળે આવેલા ક્યા બાલકનું આલિંગન કરીને હું સ્નેહથી બચ્ચા બચ્ચા કરી બોલાવીશ હવે કોના ગોઠણથી ચોપડાએલી નરતીની પીળી રજથી મારૂં વસ્ત્ર, ખોળો તથા અંગ મેલાં થશે? હે મનને તથા હૃદયને રાજી કરનાર પુત્ર! મને હજીસુધી પુત્રનું પુરૂં સુખ મળ્યું નથી તું મારા જેવા બાપને પામીને સાધારણ વસ્તુની પેઠે વેચાયો છે ભાગ્યના દોષને લીધે બાંધવ તથા ધન સહિત મારૂં સઘળું મોટું રાજ્ય ગયું હું જે દુષ્ટ છું તેણે આવી સ્થિતિમાં સર્પે કરડેલા પુત્રનું મુખ દીઠું તેથી વળી હમણાં સંતાપરૂપી ઉગ્ર ઝેરથી પીડાઉં છું" આમ બોલી ને મરણ પામેલા બાલકને લઇ આલિંગન કરી આંસુથી ગળગળો થઇને મૂર્છા આવવાથી પડી ગયો એને પડેલો જોઇ શૈબ્યા રાણીએ વિચાર કર્યો કે "સ્વર ઉપરથીજ જણાય છે કે પુરૂષોમાં સિંહતુલ્ય, અને વિદ્વાન્ લોકોના મનને ચંદ્રની પેઠે આનંદ આપનાર આ હરિશ્ચંદ્રજ છે આની નાસિકા ઉંચી તથા તલના ફુલ જેવી સુંદર છે અને દાંત પણ કળી જેવા છે તેથી આ પ્રખ્યાત કીર્ત્તિવાળો મહાત્મા હરિશ્ચંદ્રજ છે, પણ જો એજ રાજા હોય તો મસાણમાં શામાટે આવેલ હશે" પછી એ રાણી પડેલા પતિને પુત્રનો શોક ઓછો કરીને જોવા લાગી ત્યાં નિશ્ચય થવાથી વિસ્મય પામી અને રાંક રાજી થઇ રાંક અને પતિ તથા પુત્રના શોકની પીડાથી દબાએલી તે રાણી જોતા જોતા મૂર્છા આવવાથી ધરતી પર પડી ગઇ ઘણી વારે ચેતના પામીને તે ગદ્ગદ્ વચન બોલી કે "હે દૈવ! હે નિર્દય! હે મર્યાદા રહિત! હે દુષ્ટ! તું કે જેણે આ દેવસરખા રાજાને ચાંડાલપણું આપ્યું છે તેને ધિક્કાર છે રાજ્યનો નાશ કરી, સંબંધીઓનો ત્યાગ કરાવી, સ્ત્રી તથા પુત્રને વેચાવીને તેં છેલીવાર આ રાજાને ચાંડાલ પણ કર્યો હે રાજા! આજ તમારી પાસે છત્ર, સિંહાસન કે ચામર જોવામાં આવતા નથી તો આ તે ભાગ્યનો કેવો ફેરફાર થયો!! પૂર્વે જે રાજા ચાલતા, સેવક થએલા રાજાઓ પોતાના વસ્ત્રોથી પૃથ્વીને રજ વગરની કરતા હતા, તે રાજા આજ માણસોની ખોપરીઓ, છાણના ઘડા અને ખપણોથી સંકીર્ણ થએલા અપવિત્ર સ્મશાનમાં ફરે છે!!! આ દારૂણ સ્મશાન કે જેમાં મુડદાઓને પેટેરાવેલી

ફુલોની માળાઓના ઉડતા દોરાઓની અંદર વાળનાં ગુંચળાં લાગી રહેલાં છે; જેમાં સઘળી ધરતી સૂર્યની કિરણોથી સુકાએલા ચરબીના ઝરાઓથી વ્યાપ્ત છે; જેમાં ભસ્મ, અંગારા, અધબળેલાં લાકડાં અને માંસની ગલગીચથી ત્રાસ વરતી રહ્યા છે; જેમાં ગરંજ અને શીઆળીઆંઓના નાદ વ્યાપી રહ્યા છે; જેમાં માંસ ખાનારાં પક્ષીઓ પુષ્ટ થએલાં જોવામાં આવે છે; જેમાં સઘળી દિશાઓ ચિતાઓના ધુમાડારૂપી લાંબાં લુગડાંઓથી શ્યામ થઇ રહેલી છે અને જેમાં શબોને ભક્ષણ કરવાના આનંદથી રાક્ષસો ખેંચાયા આવેછે; તેમાં આ મોટો રાજા દુઃખથી પીડાઇને ફર્યા કરેછે; એ કેવા ખેદની વાત છે!!" આ પ્રમાણે બોલી રાજાના ગળામાં વળગી રહીને તે શોકથી ઘેરાએલી રાણીએ પીડા ભરેલા શબ્દથી રાજાને કહ્યું કે 'હે રાજા! આ સ્વપ્ન છે કે સાચું છે? આપ જેવું ધારતા હો તેવું કહો. મારૂં મન મુંઝાય છે. હે ધર્મને જાણનાર! જો આ વાત સાચી હોય તો ધર્મ સત્ય અને બ્રાહ્મણ તથા દેવ આદિનાં પૂજનો કાંઈ પણ સહાયતા કરતાં નથી એમ નિશ્ચય થાય છે. ધર્મમાં તત્પર રહેનારા તમે પણ પોતાના રાજ્યમાંથી ભ્રષ્ટ થયા તેથી સિદ્ધ થાય છે કે ધર્મ, સત્ય, સરલતા અને સૌમ્યપણામાં કાંઇપણ સાર નથી." આ પ્રમાણે રાણીનાં વચન સાંભળી રાજાએ ઉના નિસાસા મુકી ગળગળા કંઠથી તેની પાસે પોતાને ચાંડાલપણું પ્રાપ્ત થયાની વાત કહી દેખાડી. દુઃખ પામેલી રાણીએ પણ ઘણીવાર રૂદન કરી ઉના નિસાસા મુકીને પોતાના પુત્રનું મરણ થયાની સઘળી વાત તે રાજાને કહી સંભળાવી. સ્ત્રીનું વચન સાંભળીને રાજા ધરતીપર પડી ગયો અને સુવેલા પુત્રને પોતાની પાસે લઇને તેને જીભથી વારંવાર ચાટવા લાગ્યો. પછી એ શૈબ્યા નામની રાણીએ ગદ્ગદ્ વાણીથી હરિશ્ચંદ્રને કહ્યું કે "હે રાજા! મારૂં માથું કાપી નાખવાની તમને તમારા ધણીની આજ્ઞા છે તે પાળો. તમારે સ્વામીના દ્રોહના પાપમાં અને અસત્યમાં નહિ આવવું જોઇએ. અસત્ય અને સ્વામીનો દ્રોહ કે જે પાપરૂપ છે તે તમારા હાથથી નહિ થવો જોઇએ.' આ વચન સાંભળી રાજા મૂર્છા પામીને ધરતીપર પડી ગયો. થોડીવાર પછી સંજ્ઞા આવતાં તે રાજાએ અતિ દુઃખથી વિલાપ કર્યો કે "હે પ્યારિ! તે આ અત્યંત કઠોર વચન કેમ કહ્યું? જે કામ કહી શકાય નહિ તે કામ કરી તો કેમજ શકાય?" રાણી બોલી કે "મે જગદંબાની તથા બ્રાહ્મણોની પૂજા કરી છે તો તેનાં ફળથી મારા બીજા જન્મમાં પણ તમેજ પતિ થશો." સ્ત્રીનું વચન

સાભળીને રાજા ધરતીપર પડી ગયો અને મરી ગએલા પુત્રના મુખનુ ચુબન કરવા લાગ્યો રાજા બોલ્યો કે " હે પ્રિયા ! હવે લાબા કાળસુધી ક્લેશ ભોગવવો મને ગમતો નથી પણ મારૂ શરીર મારા હાથમા નથી મારા કેવા દુર્ભાગ્ય છે તે જો ચાડાલની આજ્ઞા વિના હુ જો અગ્નિમા પ્રવેશ કરૂ તો ફરી પણ બીજા જન્મમા મારે ચાડાલનો દાસ થવુ પડે અને ઉગ્ર નરકમા પડીને દારૂણ પીડા ભોગવવી પડે મહારૌરવ નામના નરકમા પડીને મારે દુ ખ ભોગવવુ પડશે, પણ હમણા હુ દુ ખરૂપી સમુદ્રમા એવો ડુબી ગયો છુ કે નરકના દુ ખને નહિ ગણકારતા પ્રાણ છોડી દેવા સારા લાગે છે મારો એકજ એક દીકરો કે જે વશ રાખે એવો થયો હતો તે પણ મારા દુર્ભાગ્યના ઉગ્ર યોગને લીધે મરી ગયો હુ દુ ખીઓ છતા પણ પરાધીન છુ તેથી પ્રાણનો ત્યાગ કેમ કરૂ એમ મારા મનમા થાય છે, તો પણ દુ ખ ઘણુ હોવાને લીધે હુ દેહનો ત્યાગ કરીશ જેવુ પુત્રના મરણનુ દુ ખ છે તેવુ બીજુ દુ ખ ત્રૈલોક્યમા પણ નથી અને અસિપત્ર વન કે વૈતરણી નામના નરકમા પણ નથી એટલામાટે હુ પુત્રના શરીરની સાથે હમણા પ્રદિપ્ત અગ્નિમા પડીશ હે સુન્દરિ ! અવિવેકે મારાઉપર ક્ષમા કરવી અને તારે કાઇ પણ શોચનુ નહીં મારા વચનને માન આપી મનને શાત રાખીને તુ બ્રાહ્મણને ઘેર જા હુ તને આજ્ઞા આપુ છુ મેં જો દાન અને હોમ કરેલ હશે અને ગુરૂઓને પ્રસન્ન કર્યા હશે તો તારી સાથે અને પોતાના પુત્રની સાથે મને પરલોકમા સમાગમ થશે આ લોકમા તો એ મારી ધારેલી વાત ક્યાથી પાર પડે ? હે પ્રિયા ! મેં હસતા હસતા એકાતમા જે કાઇ તને કહ્યુ હોય તે સઘળાની આ મારા પ્રયાણના સમયમા તારે ક્ષમા કરવી હે દેવતાઓનુ પૂજન કરનારી ! તારે રાજપત્નીપણાના ગર્વથી તારા પાલનાર બ્રાહ્મણના કદી પણ અનાદર કરવી નહીં પણ સર્વ પ્રકારના યત્નથી તેને રાજી રાખવો " રાણી બોલી કે ' હે રાજર્ષિ ! મારાથી પણ દુ ખનો ભાર ખમી શકાતો નથી તેથી હુ અહી અગ્નિમા પડીને તમારી સાથેજ આવીશ તમારી સાથે આવવુ એ મારૂ સારૂ છે બીજી કોઇ રીતે જવુ યોગ્ય નથી હે માન આપનારા ! હુ તમારી સાથેજ સ્વર્ગ અથવા નરકને ભોગવીશ આ પ્રમાણે રાણીના વચન સાભળીને તે સમયે રાજાએ કહ્યુ કે હે પતિવ્રતા ! ત્યારે ભલે એ પ્રમાણે કરવુ

પછી સ્ત્રી સહિત હરિશ્ચંદ્રરાજા ચિતા ખડકી તેમાં પોતાના પુત્રને નાખી હાથ જોડીને તે સમયે મહા સમર્થ અને જગતના પરમ કારણરૂપ પરમેશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. પાંચે કોશમાં વ્યાપક, શ્રુતિમાં પ્રતિપાદન કરેલા બ્રહ્મરૂપ, કરૂણારસના સમુદ્રરૂપ, અનેક આયુધો ધરનારા અને જગતના પાલનમાં તત્પર રેહેનારા પ્રભુનું ધ્યાન કરવાથી ઈંદ્રિ સહિત સઘળા દેવતાઓ ધર્મને અગ્રણી કરીને તુરત ત્યાં આવ્યા. સઘળાઓએ આવીને કહ્યું કે "હે મોટી ધીરજવાળા રાજા! સાંભળો. આ સાક્ષાત્ બ્રહ્મા છે. આ પોતે મહાત્મા ધર્મ છે. સાધ્ય, વિશ્વેદેવા, મરૂત, લોકપાલ, ચારણો, નાગ, સિદ્ધ ગંધર્વો, રૂદ્ર, અશ્વિનીકુમાર અને બીજા પણ ઘણા ઘણા દેવતાઓ તમારી પાસે આવ્યા છે. આ વિશ્વામિત્ર છે કે જે પોતે ધર્મની રીતિથી ત્રણે લોકની સાથે મૈત્રી કરવાની ઇચ્છાને લીધે એ નામ પામેલા છે. આ વિશ્વામિત્ર સારી રીતે તમારૂં મનવાંછિત કરી આપવાને ઇચ્છે છે." પછી બોલ્યા કે "હે રાજા! સાહસ નહિ કરો. તિતિક્ષા, જિતેંદ્રિયપણું અને ધૈર્ય આદિ તમારા ગુણોથી રાજી થઇને હું પોતે ધર્મદેવ-તમારી પાસે આવેલો છું." પછી ઈંદ્રિ બોલ્યા કે "હે ભાગ્યશાળી હરિશ્ચંદ્ર રાજા! હું ઇંદ્ર તમારી પાસે આવ્યો છું. તમે તમારી સ્ત્રીએ અને તમારા પુત્રે સનાતન લોકની પ્રાપ્તિ થવા યોગ્ય ધર્મ કરચો છે માટે સ્ત્રી તથા પુત્ર સહિત સ્વર્ગમાં પધારો. એ સ્વર્ગલોક બીજા મનુષ્યોને મળવો બહુ કઠણ છે પણ તમોએ પોતાનાં કર્મોથી તેને હસ્તગત કરચો છે."

તે સમયમાં ઈંદ્રે ચિતામાં પડેલા બાલક ઉપર દુર્મરણનો નાશ કરનારી અમૃતની વૃષ્ટિ આકાશમાંથી કરી, પુષ્પોની ઘણી વૃષ્ટિ થવા લાગી અને દુદુભિઓ વાગવા લાગ્યાં. તુરતજ એ મહાત્મા રાજાનો મરણ પામેલો પુત્ર જીવતો થઇને ચિતામાંથી ઊઠયો. સુકુમાર શરીરવાળા, સ્વસ્થ અને પ્રસન્ન મનવાળા એ પુત્રનું આલિંગન કરીને હરિશ્ચંદ્ર રાજા તથા તેમની રાણી, બન્ને રાજી થયા. એ રાજા, રાણી અને તેમના પુત્રને સ્વાભાવિક શોભા, દિવ્ય પુષ્પ અને દિવ્ય વસ્ત્રો પણ પ્રાપ્ત થયાં અને તેઓ સ્વસ્થ તથા સંપૂર્ણ હૃદયવાળાં થઇને પરમ આનંદમાં મગ્ન થયાં. પછી તુરતજ ઈંદ્રિ રાજાને કહ્યું કે "હે ભાગ્યશાળી રાજા! તમે, તમારી રાણી અને તમારા પુત્રની સાથે પોતાનાં કર્મોના ફલરૂપ સ્વર્ગલોક કે જે પરમ સદ્ગતિ કેહેવાય છે તેમાં આવો."

હરિશ્ચંદ્રે જવાબ આપ્યો કે હે દેવતાઓના રાજા ! મારા ધણી ચાંડાળની આજ્ઞા વિના અને તેનો બદલો આપ્યા વિના હું સ્વર્ગલોકમાં નહિ આવું ત્યારે ધર્મે કહ્યું કે તમને એ પ્રમાણે હરેગ થવાનો જાણીને હુંજ મારી માયાથી ચાંડાળ થયો હતો અને મેંજ તમને એ ચાંડાળનું પદ દેખાડયું હતું પછી ઈંદ્ર બોલ્યા કે હે હરિશ્ચંદ્ર ! પૃથ્વીમાં ઉત્પન્ન થએલા મનુષ્યો, જે ઉત્તમ સ્થાનની પ્રાર્થના કરે છે અને જે સ્થાનને પુણ્ય કરનાર મનુષ્યોજ પ્રાપ્ત થાય છે તે સ્થાનકમાં પધારો

હરિશ્ચંદ્રે કહ્યું કે હે ઈંદ્ર ! હું તમને પ્રણામ કરૂં છું. મારી એક વાત સાંભળો અયોધ્યા નગરીના લોકો કે જેઓના મન મારા શોકમાંજ મગ્ન થઇ ગયા છે તેઓને છોડીને હું સ્વર્ગલોકમાં કેમ આવું ? ભક્તનો ત્યાગ કરવાનું જે પાપ છે તે પાપ બ્રહ્મહત્યા, સુરાપાન, ગોવધ અને સ્ત્રીવધના જેવું મોટું છે એમ કહેવાય છે પ્રીતિ રાખનાર ભક્ત કે જે ત્યાગ કરવાને યોગ્ય નથી તેનો ત્યાગ કરનારને સુખ કેમજ મળે ? એટલામાટે હે ઈંદ્ર ! હું અયોધ્યાના લોકો વિના એકલો નહિ આવું તમે સુખેથી પાછા સ્વર્ગમાં જાઓ એ સઘળા લોકો મારી સાથે આવતા હોય તો હું સ્વર્ગમાં કે નરકમાં જ્યાં જવું હોય ત્યાં જવા રાજી છું

ઈંદ્રે કહ્યું કે હે રાજા ! એ લોકોના અનેક પુણ્ય અને અનેક પાપ નોખનોખા છે માટે સર્વની સાથે તમે સ્વર્ગલોકને ભોગવવાનું કેમ ઇચ્છો છો ?

હરિશ્ચંદ્રે કહ્યું કે હે ઈંદ્ર ! રાજા પ્રજાઓના પ્રભાવથીજ રાજ્ય ભોગવે છે, મોટા યજ્ઞ કરે છે અને વાવ કુવા આદિ કરાવે છે મેં પ્રજાઓના પ્રભાવથીજ એ સઘળું કરેલું છે, માટે જે લોકોએ મને કર આપેલા છે તે લોકોને હું સ્વર્ગની ઇચ્છાથી કેમ છોડી દઉં ? હે ઈંદ્ર ! મારી આ પ્રમાણે ઇચ્છા છે માટે દાન, યજ્ઞ, અને જપ આદિ જે કાંઇ મારૂં સત્કર્મ છે તથા એ લોકોનું જે સત્કર્મ હોય તે સઘળું અમો સર્વનું મજમુ થાય એમ કરો કદાચ એ લોકોનું કાંઇ પુણ્ય નહોય અને ઘણા કાળસુધી ભોગવવાનું મારૂં એકલાનુંજ પુણ્ય હોય તો એ મારૂં પુણ્ય સઘળા વચ્ચે વેંહેચાઇ જઇને ભલે એક દિવસમાંજ ભોગવાઇ જાય આવી રીતની કૃપા કરો તો મારાથી સ્વર્ગમાં આવી શકાય

ત્રૈલોક્યના રાજા ઈંદ્રે, ધર્મે અને ગાધિરાજાના પુત્ર વિશ્વામિત્રે પ્રસન્ન થઇને કહ્યું કે " તમારી ઇચ્છા પ્રમાણે થશે " પછી તે સઘળાઓએ તુર

તજ કાશીમાંથી અયોધ્યામાં જઇને ત્યાંના લોકોને સ્વર્ગમાં જવાનેવાસ્તે હરિશ્ચંદ્રની પાસે બોલાવ્યા. ફરી અયોધ્યામાંથી હરિશ્ચંદ્રની પાસે જઇને ઈંદ્રે કહ્યું કે "અયોધ્યાવાસી લોકો મહાદુર્લભ સ્વર્ગલોકમાં આવવાસારૂ તમારી પાંસે આવે છે. ધર્મની કૃપાથી તમો સઘળાઓને સ્વર્ગનું સુખ મળશે." અયોધ્યાવાસી લોકોને આવેલા જોઇ ધર્માત્મા હરિશ્ચંદ્રે પણ તેઓને કહ્યું કે 'સ્વર્ગમાં ચાલો.' ઈંદ્રનું તથા એ રાજાનું વચન સાંભળીને સર્વે લોકો રાજી થયા. એ લોકોમાં જેઓ સંસારમાંથી વિરક્ત થયા હતા તેઓ પોતપોતાનાં કામ પોતાના પુત્રોને સોંપી દઇ રાજી થઇને સ્વર્ગમાં ગયા. સર્વે લોકો દિવ્ય દેહવાળા થઇ પરમ આનંદથી વિમાનમાં બેસીને હરિશ્ચંદ્રથી પેહેલાંજ સ્વર્ગમાં ગયા. પછી મોટા મનવાળો હરિશ્ચંદ્રરાજા પોતાના રોહિત નામના પુત્રનો હૃષ્ટપુષ્ટ માણસોવાળા અયોધ્યા નામના રમણીય નગરમાં રાજ્યાભિષેક કરી, સંબંધીઓનું પૂજન તથા સત્કાર કરી પુણ્યના યોગથી દેવતાઓને પણ ન મળે એવી મોટી કીર્ત્તિ મેળવીને ઇચ્છા પ્રમાણે સર્વ સ્થળમાં પોહોચે એવા ઘુઘરીઓવાળા વિમાનમાં બેઠો. એ જોઇને સર્વ શાસ્ત્રોના અર્થના તત્વને જાણનારા મહાભાગ્યશાળી શુક્રાચાર્યે નીચે પ્રમાણે અર્થવાળો મંત્રરૂપ શ્લોક કહ્યો

અહો ! દુઃખને સહન કરવાનું માહાત્મ્ય અને દાનનું ફલ મોટું છે કે જેનેલીધે હરિશ્ચંદ્ર રાજાને ઈંદ્રના લોકની પ્રાપ્તિ થઇ.

આ સઘળી હરિશ્ચંદ્રની કથાનું આખ્યાન સાંભળવાથી સંસારમાં મહાત્માઓ અને મહારાજાઓને પણ કેવી કેવી વિપત્તિયો આવી પડે છે અને તેમાં તેઓ કેવી રીતે સત્યને જાળવી પાર ઉતરે છે તે પ્રત્યક્ષ જણાઇ છે.

पुनरुद्वाहविषे विचारनो एक पत्र.

(સંબંધ પાને ૧૭૬ થી)

શોક શાનો કરૂં? જે જન્મે છે તે નકી જવાનું છે. સુખ-દુઃખ કંઇ આપણા હાથમાં નથી. આપણે પણ એજ ધર્મવાળા હોવાથી અંતે એજ થવાનું છે. પરંતુ સંસારના વિચિત્ર વેહેવારથી તો ખેદ થયા વિના રેહેતો નથી. આપણી આગળ હજારો સંબંધીઓ દુઃખી હોય તેને તે દશામાં

જોતા છતા તેની લાગણી કાઇ પણ ન લાગતા આપણે બાળક બની વરઘોડે ચડી ફરીને નાળક થવુ એ થોડુ બેઅકારક નથી એક વિદ્વાન્ કહે છે કે "બૂઢા થાતા બેન, બાર વરસની બાળકી, ખોટા કરવા ખેન, વરનાર ન-રકે જશે " આ પ્રમાણે નરકના અધિકારી થવા જેવુ થાય છે

અનેક જન્મ ભોગવ્યા પછી આ નરતનુ આવે છે એમ શાસ્ત્રો કહે છે, તેમ છતા તેને વિષયભોગમા ગાળી નાખવુ એ અતિ અવિચારીપણાનુજ કામ છે ! ગ્રહસ્થાશ્રમની ઉપાધિ એવી છે કે તેમા ઈશ્વર ભજાતા નથી જ્યારે હવે ઇશ્વરે તે ઉપાધિથી મુક્ત કર્યા ત્યારે ફરીથી કરી-તેમા પડીને શામાટે કર્તવ્યને ઠારે કરવુ ? અરધા આયુષ્ય પછી ગ્રહસ્થ થઇને ઇશ્વર ભજે એવા ભાગ્યવાન્ કોકજ હોય, કેમકે પોતાનુ પેટ ભરવુ એ પણ ક ઠણ છે તો સ્ત્રી બાળકોના પેટ ભરવાના પ્રપચના પડેલો બિચારો ક્યારે ઇશ્વરને ભજે ? અને કદિ ભજે એમ ધારિયે તો દેવ જોડાના દાખલા પ્ર માણે ભજે ગ્રહસ્થાશ્રમ ગયા પછી પણ તેમજ બને છે એમ લોકો કહે છે તે વાત ખરી હશે, પણ સગથી દૂર રહી અભ્યાસ કરનારાને તેમ થવુ સભવતુ નથી મન જો વિષયાસક્ત હોય તોજ તેમ બને છે, બાકી વિષયથી મુક્ત થયેલુ મન બધન આપતુ નથી જગતમા બીજાના દાખલા ઉપરથી ઉલટો અનુભવ થાય પરતુ તેમાં કાઇક તેઓની સમજણની ન્યૂનતા લાગે છે અને અભ્યાસનુ પ્રબળ ઓછુ ભાસે છે બાકી ભાવિ વિષે કાઇ કહી શકાતુ નથી ન જાણિયે કે ઘડી પછી પ્રારબ્ધ શુ કરાવે ? આટલામાટેજ दशा हि निंद्या पुरुषो न निंद्य (દશા નિદા કરવા યોગ્ય છે પણ પુરુષ નિદા કરવા યોગ્ય નથિ) આમ કહેલુ જણાય છે પણ તેથી શુ પેહેલાથીજ ડરીને અટકી જવુ ?

'જ્ઞાની તો એનુ નામ કે જે વ્યવહારમા રહી પરમ પદ પામવાના સાધનો સપાદન કરે, તથા સસારના સુખ દુ ખ વેઠયા છતા તેના અત ક રણમા કશો ભેદ ન થાય ' આમ કહીને જનક રાજાના જેવા ઘણા દાખલાઓ સ્નેહિયો આપે છે તે માનવા જોઇએ પણ વિષયોનુ અને કલિકાળનુ પ્રબળ એવુ છે કે તેવી સ્થિતિ રેહેવી ઘણી કઠણ છે ગારામા પડયા પછી નિર્લેપ રેહેવુ એ બનવુ અસભવિત છે બને તોપણ જગત માને કેમ ? કમ ળનુ પાન પાણીમા રહ્યા છતા પાણી તેને અડતુ નથી એટલે એના જેવી ઉપમા જ્ઞાનીઓને અપાય છે પણ હુ તો વિષયોને ગારા જેવાજ લેખુ છુ

ગારામાં કમળનું પાન પડે તો પછી તેની શી દશા થાય? સડી જઇને ગારારૂપ થઇ જાય.

લોકોની વૃત્તિ સંસાર તરફ વળે છે તેનું કારણ મને એમ લાગે છે કે અનાદિકાલથી સઘળા જન્મોમાં તેજ પ્રવૃત્તિ ચાલી આવે છે. દિવસ ઉગે-આથમે એમાં આયુષ્ય નિરંતર ચાલ્યું જાય છે અને સસાર-વ્યવહારનાં કામોથી કાળ અજાણ્યા ચાલ્યો જાય છે તથા જન્મ, જરા, વિપત્તિ વગેરે નજરે જોયા છતાં પણ ત્રાસ ઉત્પન્ન થતો નથી તેથી ભર્તૃહરિ કેહે છે કે—**पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत्** ॥ (મોહરૂપી ભૂલ ખવરાવનારી મદિરાને પીને જગત્ ઉન્મત્ત થઇ ગયું છે,) આમ હોવાથી દુઃખ છતાં પણ લાગણી થાય એ સ્વાભાવિક છે. આ વાત આપણે જાણતાં છતાં પણ અફીણીની આંખ્યો જેમ ઉઘડે નહિ તેમ આપણું હૃદયકમલ ઉઘડતું નથી. વિશેષ ભર્તૃહરિ કહે છે કે—

अज्ञानन्माहात्म्यं पततु शलभो दीपदहने
स मीनोप्यज्ञानाद्बडिशयुतमश्नातु पिशितम् ।
विजानंतोप्येते वयमिहविपज्जालजटिलान्
न मुंचामः कामानहह गहनो मोहमहिमा ॥

(મહાત્મ્યને નહિ જાણનારો પતંગીઓ દીવાની શગમાં પડો, અને મત્સ્ય પણ અજ્ઞાનથી બડીશ સહિત માંસ ખાઓ, પરતુ એવિશે જાણિતા એવા આપણે પણ વિપત્તિની જાળથી વિટાયેલા વિષયોને છોડતા નથી માટે અરેરે! મોહનો મહિમા બહુ ભારે છે.) સારાંશ એ કે એ અજાણ્યા જન્તુઓ તો મરે પણ આપણે તો જાણીતા છતાં એકને બદલે પાંચ પાંચ વિષયોને ગ્રહણ કરિયે છિયે અને દુઃખ પામિએ છિયે એ કાંઇ થોડુ આશ્ચર્ય નથી. આમ દેખતાં ભૂલાય એનું નામજ હું જાણું છું માયા હશે. મનુષ્યજન્મમાં કદી તેથી ઉલટી ઇશ્વરભજનમાં પ્રવૃત્તિ થઇ હોય તો તે પાંચ પચીશ વર્ષના અભ્યાસની પ્રવૃત્તિ અનેક જન્મની પ્રવૃત્તિ આગળ કયા હિસાબમાં છે? કાળા પાણામાં નિરતર દોરડાં ઘસાવાથી ઘસારો પડે છે. આમ પથ્થર પણ ઘસાય છે ત્યારે માણસનું મન ગમે તે પ્રકારના નિરંતરના અભ્યાસથી તેવા વિષયમાં વળે એ કાંઇ આશ્ચર્ય નથી. હું ઇશ્વર પાસે માગું છુ કે મને સારો સમાગમ અને સદ્વિચાર આપે કે જેથી જરાય ભૂલ ખાવાનો સમય આવેજ નહિ.

વ્યવહારથી સાવ હુ ઉલટો નથી આ ઘણે પુણ્યે મળેલા અમૂલ્ય શરીરને રિબાવી નાખવાથી કાઇ કેવળ કલ્યાણ થાય છે એમ માનતો નથી અને આવા કારણથીજ મને વધારે દુ ખ થવાનો સભવ છે બીજાનો ઉપકાર કરવામા આ નાશાત્મક શરીર કામ ન લાગ્યુ તોપણ તે નિરર્થક છે આ સસારના જે જે ધર્મો હોય તે પાળવા જોઇએ આ ઘડિયે કોઇ કહેતુ હોય કે ગયેલુ માણસ ઋતુધ્વજની મદાલસાની પેઠે અમે જીવતુ કરિ આપિયે છિયે તો ઘણા હર્ષથી હુ ગ્રહસ્થાશ્રમ ચલાવવા ખુશી છુ પરતુ તે વાત તો સોણે પણ થવી સભવતી નથી ત્યારે શુ બોલવુ ? મુરબ્બીઓની આજ્ઞા પાળવી, તેની સેવા કરવી, અપનુ સુખ લેવુ, નીતિથી ચાલવુ અને મન-વચન કર્મથી પરોપકાર કરવો એ વાત હુ કલ્યાણવાળી માનુ છુ, પણ હવે તે આ એકલા શરીરથીજ જેટલુ બને તેટલુ ઘણુ છે એમ સમજી લેવામા મને કાઇક ડાહાપણ લાગ્યુ છે

પ્રેમની મહત્તા અને ગભીરતા અનિર્વચનીય છે અને તે વાત બીજાના અતરમા ઉતારવી એ પણ કઠણ છે તે સાથે પ્રેમ શબ્દનો અર્થ કાને પડતાજ લોકો ઉડો વિચાર ન કરતા હસી કાઢે છે એવા પ્રસગમા એનુ મહાત્મ્ય, એની લાગણી કે એની સત્યતાવિષે બોલવુ તે મને પોતાને શરમ ઉપજાવે છે જે જે વિષય ઉપર દૃષ્ટિ કરિયે તે તે વિષયમા નિર્દોષપણુ તો દેખાતુજ નથી જેટલો જે જે વિષયમા ગુણ હોય તેટલોજ તેમા દોષ હોય છે એ સામાન્ય વાત આપથી અજાણી નથી વધારે અજવાળુ કરવા મશાલ કરિયે તો ધુવાડ પણ વધારે થાયજ શ્રીભગવાન્ પણ કહે છે કે— **सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृता** - (સર્વ આરભો અગ્નિથી ધુમાડાની પેઠે દોષોથી ભરેલા છે) અને આમ છે એટલે કોઇપણ જાતિનો નવો આરભ ગુણવાળો લાગતો નથી

હુ દુનિયામા દેખાડવામાટે આ કરતો હોઉ એમ ઠેરે તો તેમા કાઇ મને દુ ખ નથી, કેમકે આપણે લુગડા પેહેરિયે છિયે તે સુવાત બધુ દુનિયાને દેખાડવામાટે છે અને દુનિયામા જેણે કીર્તિ મેળવી તેજ પરલોકમા ગતિ પામ્યો કહેવાય છે તો આપ્રકારે પણ દુનિયા મને સારો કહેશે તો હુ મારા મનને કૃતાર્થ માનીશ જગતમા એવુ કોઇ માણસ નથી કે જેને સઘળા વખાણે વખાણવાનો આધાર લોકોને પોતાની અનુકૂળતા ઉપર છે, એટલે વખાણનારા ભલે વખાણે અને નિદા કરનારા ભલે નિદા કરે, પરતુ હુ જે

કરૂં છું તે મારા હિતનું છે એમ મને લાગવાથી તેમ કરૂં છું. મને સ્મશાન વૈરાગ નથી એતો ઘણા લોકો જાણે છે. આ જગત્ અને તેનો વ્યવહાર જ્યારથી હું સમજણો થયો ત્યારથી મને દુઃખરૂપ લાગવા માંડેલ છે. એટલે ગમે તે સ્થિતિમાં એ અંતઃકરણમાં પડેલી છાપ ટળવાની તો નથીજ. આજ દિવસ સુધી વ્યવહાર ચલાવ્યો તે કેમ ચાલ્યો? એમ જો શંકા થાય તો તેનો ઉત્તર એ છે કે સમજીને પણ પ્રાપ્ત થયેલો વ્યવહાર યથાર્થ ચલાવવો જોઇએ એમ વિચારી લીધેલો વેશ અધિક યોગ્યતાથી ભજાવવામાં મને કેહેટલુંક ડાહાપણ લાગ્યું. પ્રાપ્ત થયેલો વ્યવહાર સમજુ અને અણસમજુને સરખો છે, પરંતુ તે ચલાવવામાં બનેનું પરિણામ ઘણું જુદું હોય છે, કે જેનો કાંઇક આભાસ આ મારા લખવા ઉપરથી પડી આવશે. ખરૂં સ્વરૂપ ઓળખવામાં જે કાંઇ લાભ છે તે અનિર્વચનીય છે.

મારા મનમાં કશો વિકાર હતોજ નહિ. હું એમજ સમજી રહેલ કે જે સ્થિતિ ઈશ્વરે આપણને આપી તેજ સ્થિતિ આપણી છે અને તેજ ઠીક છે. પ્રભુએ એક જાતની યોગ્યતા દેખાડવા સારો સમય દીધો છે. એવા દૃઢ નિશ્ચયવાળા મનમાં ફરીને ગ્રહસ્થાશ્રમ કરવાની વાતનો જ્યારે આઘાત લાગ્યો ત્યારે એક અપરાધીને મોટી સિક્ષા પમાડવાનો હુકમ સંભળાવતાં જેવી ગતિ થાય તેવી મારી ગતિ થઇ જતાં મને આશ્ચર્ય થયું કે આ હું શું સાંભળુ છું? મરનારના મરણ સમયે મને જરા પણ દુઃખ થયું ન હતું, પણ આ વખતે કોણજાણે ક્યાંથી મારા અંતરમાં અકથનીય દુઃખ થવા લાગ્યું અને મને એક ખરાબ કામ કરવું અને ફરીને પાણિગ્રહણ કરવું એ બેય વાતમાં ઘણો અંતર લાગ્યો નહિ. નીતિથી ચાલનાર માણસને આમ વિચાર આવે એ અસભવિત નથી એમ સહુ કોઇ કહી શકે. (અને કેટલાક મશકરી પણ કરે.) એક આબરૂદાર ગ્રહસ્થને જંગલ જવાનો લોટકો ફુટી જતાં તે રોયો અને બીજા લોકોના પૂછવાથી તેણે જણાવ્યું કે હું લોટકાને નથી રોતો પણ હવે પછી મારી એબ બીજો લોટકો જોશે એને રોણ છું. આ વાત સર્વના સાંભળવામાં છે. જ્યારે જડ પદાર્થનેમાટે આવો દાખલો છે ત્યારે મનુષ્યનેમાટે વિચિત્ર પ્રકારના માણસને ક્ષોભ થાય એમાં હસવા જેવું કશું નથી.

(અપૂર્ણ)

પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત

(સબંધ પાને ૧૬૮ થી)

થોડા દૂર જતા જે સ્થળે બાલુભા આરામ લેતા હતા તે વૃક્ષ આગળ આવ્યા ત્યા ખડખડાટથી બાલુભા જાગી ઉઠયા અને ઘોડા વાર જોઇ પડકારો કર્યો પડકારાથી તેઓ બન્નેએ ભાઇનો સ્વર ઓળખી 'એ તો અમે ક્રિયે ભાઇ,' એમ જવાબ આપ્યો કે જે ઉપરથી બાલુભા પણ તેને સાદ ઉપરથી ઓળખી ગયા તે બે જણ પાસે આવ્યા ન આવ્યા ત્યા તો બાલુભા સ્વાર થયા પાસે આવતા 'બાપુ કેમ વખત લાગ્યો?' એમ પ્રશ્ન થતા 'વચમા કોઇ હરામખોરો મળતા તેનાથી બચા જઇ અહીં જરા આરામ લેવા ઉતર્યો ત્યા આંખ મીંચાતા અસુર થઇ ગયુ,' એમ જવાબ વાળતા બાલુભા તેની સાથે ચાલતા થયા ઉદયસિહજીએ 'આમ જ્યા ત્યા ફરવાનુ ત્યા એકલુ ફરવાનુ નહિ અને આજે આરામ કરતા ગફલત કરી તેમ કરવી નહિ કેમકે તમારૂ શરીર રાજનુ છે' એમ કહ્યુ તે બાલુભા સાભળી રહ્યા અને ત્રણે સ્વાર બાર બજતને સુમારે ગામમા આવ્યા તેટલા વખતમા કાને કાને વાત પસરતા સઘળે ઠેકાણે ભારે ચર્ચા થઇ રહી હતી તે સર્વથી ત્રણ જણા ગામમા આવતા બધ પડી ગઇ અમે બાલુભા શિકાર કરી પધાર્યા એવી વાત ફેલાવી તોપોના બહાર કર્યા આજના બનાવ ઉપરથી આગળ જતા શુ થશે એવી શકા થવા લાગી પણ બાલુભા કાઇ એવુ અનિષ્ટ માણસ નહતા તેને આ ઠોકર ઉપરથી કેટલોક બોધ મળ્યો અને તેમા પણ રાણીમાએ આપેલી શીખામણે વધારે હતાશ ખાવી તે દિવસ પછી બેચાર દિવસ થોડા દિને બાલુભાને સેનાધિપતિની પદવી આપી ઉદયસિહજીને નવરા નહિ રહેવા દેવાની આ ગોઠવણ કરી કે જે હરિ મને અને રાણીજીને અનુકૂળ લાગી કેમ કે માત્ર નિરૂદ્યમી રહેવુ એ અવળા વિચારને ઉત્પન્ન થવાનો અવકાશ થઇ પડે છે બાલુભાની બદુકની ગોળીથી જે સવાર પડ્યો તે રાજનગરના રાજા ભીમભાનો માનીતો હજુરી અને રામવર્મનો પુત્ર હતો તેના પાસવાન તેને રાજનગર લઇ જતા ચોતરફ ટોબાર થઇ ઘો ભાગમા અને રામવર્મના મનમા બીક અને વેરભાવે પ્રવેશ કર્યો અને જેમ બને તેમ વેર વાળવાનો ઉપાય તરત કરવાનુ ઠરાવ્યુ એ પુત્ર ભાટની સાથે ઉદયસિહરાજને કહેણ મોકલ્યુ કે, તમારા કોઇ જુવાન અમને અમારા એક બારવટીયાને ગોળીથી પાડ્યો છે તે વાત અમારા જાણવામા આવી છે માટે તેથી અમે ખુશી થયા છીયે અને તેનેમાટે અહીં એ મારા ભરી તેમા તેને ઇનામ આપવાનો વિચાર કર્યા છે તો તે શૂરા અમને રાને અ

મારી તરફ મોકલી દેવો. તેની સાથે કુમાર શ્રી બાલુભા અને ભાઇ દેવશંકર વિગેરેને મોકલશો તો બહુ સારૂં લાગશે.'

આ કેહેણ કપટથી કેહેવરાવ્યું હતું અને તેનો આદર પણ તેવોજ થયો. ભાટને એવો જવાબ વાળ્યો કે, એ શૂરો અમલદાર જે દિવસ મહારાજા ભૂપતસિંહની ગાદિયે તેનો ખરો હકદાર આવશે ત્યારે તે રાજનગરની દરબાર જોશે માટે તે ઇનામની દરકાર કરે તેમ નથી.

આવા ઉત્તરથી ભીમભાને બહુ માઠું લાગ્યું. તેણે જાણ્યું કે હવે જાહેર રીતે તેઓ શત્રુભાવ દેખાડે છે તો હવે આપણે પણ તેની સાથે તેવું દેખાડવામાં શી હરકત છે? જ્યાંસુધી હરિદત્ત, દેવશંકર અને બાલુભા સાથે છે અને ઉદયસિંહના આશરા નીચે છે ત્યાંસુધી આપણું રાજ્ય સુખસંતોષકારક નથી. આમ વિચાર કરીને રામવર્મની સાથે વિચાર કર્યો. રામવર્મ પુત્ર ધવાયાથી ઉદાસીમાં હતા, સિરબંદીનો કાંઇ બંદોબસ્ત ન હોતો અને ભીમભાનામાં પોતામાં બહુ કૌવત નહતું તેથી પાધરે પાધરૂં વેર લેવાઇ શકે એવો ઘાટ ન સુજવાથી એક બીજી કપટભરેલી યુક્તિ તેણે રચી. તે એ કે સુલતાનપુરમાં કશળીબા ઉપરની એક આ પ્રમાણે ચીઠી લખી.

સદા સૈભાગ્યવંતા વિવેકસાગર પરમ કૃપાળુ બા શ્રી વખતુબાની હજુરમાં. સ્વ૦-સુલતાનપુર૦ રાજનગરથી તમારા ભાઇ ભીમસિંહજીના પગે લાગણ વાંચશો. વિશેષ આપનો કાગળ ઘણા દિવસથી નથી તે લખશો. બીજું ઘણે દિવસે શોધ કરતાં એક મુદ્દો હાથ લાગ્યો છે. માટે તેનો ઘટતો ઉપાય લેવાનો મારો વિચાર છે. આપ ભોળા સ્વભાવનાં છો તેથી આજ દિવસ સુધી ખરી વાત આપના જાણવામાં આવી નથી, પણ મારૂં તો લોહિ તપી જાય છે, અન્ન ભાવતું નથી અને ઊંઘ આવતી નથી. જે હરિદત્તને તમે પૂજ્ય પિતા બરાબર આજ દિવસ સુધી ગણતાં આવ્યાં છો તેણેજ આપણા મોટા ભાઇ મનુભાને અદૃષ્ય કર્યા છે અને રાજ્યનો અધિકાર પોતાને સ્વાધીન રહે માટે બાલુભાને વશ કરી લીધા છે. બાલુભાવિષે બોલવું છે તે પછી બોલીશ પરંતુ આવો રીતે અહીં કેટલીક તપાસ ઉપરથી ચોકસ સિદ્ધ થયું છે માટે જો આપ મનુભાઉપર પ્રેમ ધરાવતાં હો તો અને મારી ઉપર વિશ્વાસ હોય તો તે હરિદત્તને આંહી મોકલી દેશો તે સાથે બાલુભાને પણ મોકલજો. આ રાજ્યમાં તે ખુશીથી રહે તેમાં શી હરકત છે. ઉદયસિંહરાજ મહારાજની મારી ઉપર બરાબર મેહેરબની નથી જણતી માટે બેન જાણીને આ વાત તમારી આગળ ખુલ્લી કરી છે. પછી જેવી મરજી.

લા૦ ભીમસીંહજીના પગેલાગણ વાંચશોજી૦ સહી.

(અપૂર્ણ.)

मणिरत्नमाला

(अनुसंधान पाने १९२ थी)

वानराना जेवा विकल, गधेडा जेवा बेअक्कल अने कुतराना पेठे बारे घाटे भटकनारा एवा दुष्ट दुराचारीओ अंतरने बाळी नाखे एवी आधियोने, भारमां दाबीने भों भेळा करी दिये एवी उपाधियोने अने पळे पळे अनहद पीडा करे एवी व्याधियोने पेट भरी भोगवीने छेवट घोरमा घोर नरकना पात्र थई पोताना करेला पापना फळोनो अनुभव करे छे. मनुष्यजन्मने धारण करी आवी रीते अफल फेरो करनारा मनुष्य छतां पशु जेवा पुरुषोने धिक्कार छे. एना जेवा जगतमां कोईपण दुर्भागी न समजवा. खरी समजणवाळा पुरुषो तो तेज केहेवाय के सारु शील पाळीने पोताना क्षणभंगुर शरीरने, पोताना वंशने, पोतानी जातने उजाळे छे. आ हाडका चामडाना घर जेवा देह उपर गमे तेटला हीरा मोती के माणेकना जडेला घरेणा घाल्या होय के गमे तेटला जरियानना पोशाक पेर्या होय पण एक सारा शीलविना ते सर्व धूळ बराबर छे. एक जो शीलरूपी उत्तमोत्तम घरेणु धारण कर्युं होय तो बीजा सघळा घरेणाने पण उलटु वधारे शोभा आपे छे अने एक शीलरूप घरेणु न होय तो बीजां बधां घरेणां खरेखरा भाररूप छे, माटे जे खरेखरु घरेणु शील छे तेने साचववा माटे सहुए तनमनथी प्रयत्न राखवु. भर्तृहरि पण कहे छे के—

> ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो
> ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः।
> अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता
> सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥

संपत्तिनु घरेणु सुजनता छे, शूरातननु घरेणु बहु बोलवु नहि ते छे. ज्ञान थवानु घरेणु शांति छे, शास्त्र सांभळवानु अथवा विद्वत्तानु घरेणु विनय छे, धननु घरेणु पात्र जोईने आपवु ए छे, तपनु घरेणु क्रोध न करवो ए छे, मोटाईनु अथवा अधिकारनु घरेणु क्षमा राखवी ए छे, धर्मनु घरेणु कपट न राखवु ए छे, ए सर्वनु अने सुजनता आदि सर्वना कारणरूप आ शील छे तेज उत्तम घरेणु छे.

सुजनताविना संपत्ति वृथा छे, बहु वाचालपणाथी शूरातन वृथा छे, शांति न होय तो ज्ञान वृथा छे, विनय न होय तो विद्वानपणु अथवा बहु

श्रुतपणुं वृथा छे, पात्रने जोईने अपाय नहि तो धन मळ्युं ते वृथा छे, क्रोध थाय तो तप कर्युं ते वृथा छे, क्षमा न होय तो मोटाई अथवा अधिकार होय ते वृथा छे, निष्कपटपणुं अथवा निर्मलपणुं न होय तो धर्माचरण वृथा छे, अने शील न होय तो ए सर्व स्थिति अने सुजनता विगेरे ते सर्व पण वृथा छे. आटलामाटे ए शीलरूपी घरेणुं ससारमां सर्व स्त्रीपुरुषोए यावज्जीवित धारण करवुं जोईए. बीजां घरेणां तो अहींज काम लागे छे अने काम लागीने पण मात्र भाररूप थाय छे अथवा तो वखते जीवने जोखममां नाखनार थई पडे छे. पण शीलरूपी घरेणुं तो आ लोकमां शोभा तथा कीर्तिने वधारी परलोकमां पण सुख आपवामां उत्तम सहायक बने छे. तो जगतमां कोण एवुं मूर्ख होय के तेने प्राणसमान गणी पाळे नहि.

पोतानुं जे मन छे ते निर्मल होय तो तेज उत्तम तीर्थ छे. आ पृथ्वी उपर समुद्र आदि लइने घणां तीर्थो छे, अने पावन करनारां क्षेत्रो पण घणां छे. ते पवित्र क्षेत्रोमां अने तीर्थोमां घणा घणा दिवसो सुधी अपवास करीने अणवाणे पगे फर्या करे तो पण जो मन निर्मल न होय तो एके तीर्थ के क्षेत्र माणसने पवित्र करतुं नथी. मन निर्मळ थयाविना पवित्र थवातुं नथी तो पछी ते मननी निर्मलताथी मळनारा मोक्षनी तो आशाज शानी राखवी? तीर्थमां के क्षेत्रोमां फर्याविना पण जो एक ठेकाणे बेशीने अथवा घेर बेठां काम-क्रोधादिक शत्रुओने जीतीने शास्त्रविचार करी अभ्यासथी मनने निर्मळ कर्युं होय तो ते तीर्थ कर्या जेटलुं फल आपे छे अने परमपदनी प्राप्ति पण मननी निर्मलताथी थाय छे. मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः [मनज माणसने बंधनुं अने मोक्षनुं कारण छे.] एम जे महात्माओए सिद्धांत कर्या छे तेनुं कारण पण तेज छे. मन जो काम-क्रोधादिकथी मलीन थई बंधाय तो ते खरेखर बधाय छे अने काम क्रोधादिकथी अने राग-द्वेषथी रहित थई निर्मळ थई छुटे तो छुटे छे. मनना बंधनथी बंधन अने मनना मोक्षथी मोक्ष छे, केम के बंधमोक्ष सर्व एना करेला छे. जे पदार्थ के वस्तु उपर जेवी आसक्ति मन करे तेवो तेमां तेने भाव आवे छे. जे शरीरथी बेन-भाईने मळवामां आवे छे तेज शरीरथी पतिपत्नीने मळवामां आवे छे परंतु बेन-भाईने मळतां वात्सल्यभाव आवे छे अने पति-पत्नीने मळवाथी नीच विकार उत्पन्न थाय छे ए सर्व मननी क-

ल्पना शिवाय बीजुं शुं छे ? मननुं महात्म्य बहु मोटुं छे सर्व जे काई सृष्टि छे तेनुं कारण पण मन छे मन होय तो सर्व छे मन न होय तो काईपण नथी कोई आपणी आगळ वात कही जाय पण जो तेमां मन न होय तो ते वात वृथा थाय छे अने बीजीवार केहेवी पडे छे एनुं कारण शुं ? आटलामाटे जे काई करे छे ते मनज करे छे वासिष्ठमांपण साक्षी आपे छे के—

मनो हि जगतां कर्ता मनो हि पुरुषः स्मृतः ।

मनः कृतं कृतं लोके न शरीरकृतं कृतम् ॥

त्रिलोकीने करनारू मनज छे, अने पुरुष पण मनज केहेवाय छे लोकमां मननुं करेलुं तेज करेलुं छे शरीरनुं करेलुं ते करेलुं नथी

सर्व जगतनी कल्पना मननी करेली छे मन होय तो ते कल्पना होय मन छे तोज पुरुष छे पुरुष होय पण मन न होय तो तेनुं पुरुषपणा मां लेखुं थतुं नथी गांडा थई गयेला माणसने माणसमां कोण गणशे ? कोई नहि गणे माटे माणसपणुं पण मनने आधीन छे मननुं करेलुं तेज करेलुं केहेवाय ज्यांसुधी गमे तेटला हानि लाभ थया होय ते मनमां आव्यां न होय त्यांसुधी ते थयेलाज नथी मनमां आव्या पछीज ते हर्ष शोकने आपे छे आ शरीररूपी रथ अने इंद्रियोरूपी घोडाओ मनरूपी सारथीना चलाववाथीज चाले छे मन जो न चलावे तो ते अटकी पडे छे माटे शरीरादिकनी क्रिया पण मनथी थाय छे मननी इच्छाथी थाय ते थयुं केहेवाय शरीरथी अजाणतां थाय ते थयुं केहेवाय नहि अने मन वगर जाग्रतमां शरीरनी क्रिया थायपण नहीं आम सर्वनुं कर्ता अने संसारने आपनार मन छे माटे ते मनने निर्मल करीने परपदना पात्र थवुं मन जो विषयोने कल्पीने तेमां लपट थाय तो पोतानी मेळेज बंधाय छे अने सर्वत्र आत्मभाव करीने विषयथी विमुख रही पोते पोताना कारणमांज समाई रहे तो पोतानी मेळेज मुक्त थाय छे आम छे माटे मनने विषयोनी कल्पनामां पडवा देवुंज नहि अने एनेमाटे अभ्यासनी अने वैराग्यनी जरूर छे 'आ हुं आ मारूं' विगेरे ममत्वथी पोतानुं काई नहि छतां पोतानुं मानीने वधाई बेठेलुं मन अभ्यासथी नहि जेवुं थई जाय छे ते छे त्यांसुधी, जेवडुं कहिये तेवडुं मोटुं छे जे वखते अभ्यासथी ओछुं थयुं ते वखते ते काई नथी. मननुं स्वरूप जोईए तो अयं सोऽहमिदं तन्मे एतावन्मात्रकं मनः [एटले

'आ ते हुं तथा आ अने ते मारूं' एम थवुं एटलुंज मननुं स्वरूप छे.] अने ते प्रत्यक्ष छे. मननो स्वभाव कल्पनानो छे अने कल्पना उपरथी मननी सत्ता समजाय छे. कल्पना विराम पामतां आ मारूं तारूं विगेरे न रहे एटले मन जणातुं नथी, केम के तद्भावनमात्रेण ज्ञानेन प्रविलीयते। [आ हुं-मारूं विगेरे ममत्वनो अभाव आपनारू जे ज्ञान छे ते ज्ञानथी मननो लय थाय छे.] आटलामाटे मनने निर्मल करीने बोधना पात्र थवु हुं-मारुं विगेरे टळी जतां राग-द्वेष जेमां रेहेतो नथी एवुं मन बोधरूप थई जतां पछी विशेष कर्तव्य नथी रेहेतुं. एटला माटेज मनने परम तीर्थरूप कहेल छे निर्मल मन होय ते तीर्थ करे तो ते वधारे सारूं छे, केम के ते मननी निर्मलताने वधारी आपनार बने छे, परंतु मन जो मेलुं होय ने तीर्थादिक करे तो पछी ते गमे तेटलां करे तोपण अफल जाय छे. आविषे मननी निर्मलतानो दृढाव करनारू एक एवुं दृष्टांत छे के.—

कोई नगरमां बे भाईयो रेहेता हता ते पोते श्रीमंत हता. मोटो भाई कर्मवादी अने संसारी हतो ने बीजो नानो भाई महापुरुषना सत्संगवाळो ने विवेकी हतो. ते बेयजणानो वृद्ध पिता वृद्धावस्थानेलीधे काळना योगे मरण पाम्यो. पिताने मोक्षे मोकलवाने मोटा भाईए कह्युं के काशीए जवुं अने गयाश्राद्ध सारवुं जेथी मरनार पितानुं अने आपण बेयनुं कल्याण थाय. नाना भाईए मनमां विचार कर्यो के मोटा भाईनो विचार ठीक छे खरो पण सर्प मारवा माटे तेनुं दर बुरवा जेवुं अने पाडाने रोग थयो होय तेने बदले खीलाने डामवा जेवो छे आ वखते एने दृढ आग्रह व-धार्यो छे माटे हुं ना पाडीश तो पण ते तेम कर्याविना रहेशे नहि. एनी इच्छा होय तो ते भले पूर्ण करी आवे. आटलुं विचारी एवुं कह्युं के खुशीथी तमे पिताजीने सद्गति पमाडवा यात्राए जाओ अने मारा बदलामां हुं आ मारी तुंबडी आपुं छुं तेने ज्यां ज्यां तमे जाओ त्यां त्यां स्नान करावजो. आना खर्चना बदलामां तमने जे खर्च थासे तेमां हु अरधो खरच वरती आपीश. मोटा भाईए नाना भाईना केहेवा प्रमाणे तुंबडी साथे लई गया सुधीनी तीर्थयात्रा करी अने ते तुंबडीमां नाना भाई सारू गंगाजळ भरीने आठ दस मासे पाछो घेर आव्यो. तुंबडीमां भरेलुं गंगाजल नाना भाईने पायुं, पण ते प्रथमथी साफ नहि करेली तेथी मीठुं पाणी कडवुं झेर जेवुं लाग्युं, तेथी नाना भाईए कह्युं के, भाई! तुंबडी तमारी साथे आटलां बधां

तीर्थ करी आवी तो पण हजी तेनी कडवाश टळी नहि अने तेथी गंगाजळ कडवु झेर जेवु थई गयु पण हवे तेमां बीजु पाणी, राख ने काकरा नाखी बे दिवस पलळवा दई सारी पेठे धोई साफ करी पछी पाणी भरो तो ते अ दीनु पाणी हशे तो पण मीठो साकर जेवा स्वाद आपशे मोटा भाईए तेना केहेवाप्रमाणे कर्युं तेथी तुवडीनी अदरनी कडवाश मटी गई अने तेमां जे पाणी भर्युं ते सुदर शीतळ ने मीठु लागे तेवु थई रह्यु

ज्यांसुधी तुवडी माहीथी साफ न होती त्यांसुधी उपरनी साफाईसुधी नकामी हती पण माहीथी ज्यारे साफ थइ त्यारे उपरनी साफाईनी कशी जरुर रही नाहि

८ सिद्धांतमां एम समजवु के मन छे ते कडवी तुवडी छे कायिक वाचिक अने मानसिक कर्म ए काकरा छे, तप ए राख छे अने संयम ए पाणी छे, वैराग्य ते तेनु पलाळी राखवु छे अने धावु ते ज्ञान छे सारांश के मन रूपी तुवडीने कायिक वाचिक मानसिक कर्मथी, संयमथी एटले इंद्रियो वश राखवाथी, वैराग्यथी अने ज्ञानथी शुद्ध करवु ए प्रमाणे शुद्ध ज्यांसुधी न थाय त्यांसुधी बीजु जे काई करवु ते वृथा छे मननो मेल धोवाइ गयो एटले जे कांई करवु ते सफळ छे एटलु तो खरू के मनने निर्मळ करवामाटे जे बेहारनी क्रिया होय ते तो करवी जोईएज मन निर्मळ थवा जे बहारनी क्रिया नथी करता ते टळी गयेला, वेहेकेला अथवा भ्रांतिथी भरेला समजवा बेहारना तीर्थ अने पवित्र धाम घणां छे पण ज्यांसुधी गुरूरूप तीर्थना प्रतापथी मन पवित्र नथी थयु त्यांसुधी ते शा कामनां? श्रीभगवान् कहे छे के—

आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः।
तत्राभिषेकं कुरु पांडुपुत्र, न वारिणा शुद्ध्यति चांतरात्मा॥

हे अर्जुन! संयमरूप पाणीथी भरेली, सत्यरूप प्रवाहवाळी शीळ रूप कांठावाळी, अने दयारूप लेहेरोवाळी मनरूप नदी छे, ए नदीनेविषे तु स्नान कर केम के तेविना बीजा पाणीथी अतरात्मा शुद्ध थतो नथी)

वळी विश्वेश्वरी पद्धतिमां लखे छे के —

ज्ञानह्रदे ध्यानजले रागद्वेषमलापहे।
यः स्नाति मानसे तीर्थे स याति परमां गतिं॥

जे पुरुष ज्ञानरूप जेमा प्रवाह छे, ध्यानरूप जेमा पाणी छे, जे राग-

द्वेषरूप मेलने टाळे छे, एवां मानस तीर्थ एटले मनरूप तीर्थमां न्हाय छे ते परम गतिने पामे छे.

आप्रमाणे प्रथम तो मन एज मोटुं तीर्थ छे के जेनां उपर कहेलां साधनोथी थयेलां निर्मळपणांथी सर्व साधनो सफळ थाय छे अने एटला-जमाटे मनने परम तीर्थ कह्युं छे. ते मनने तीर्थरूप करवाने सद्गुरू अने शास्त्रसंग आदि तीर्थसेवननी जरूर छे.

कनक अने कांता ए त्याग करवा लायक छे, केम के ए बे पदार्थज बंधन करनारा छे. कनक-कांताना संयोगथी चोराशी लाख अवतारमां भटकवुं पडे छे अने ते टळी जवाथी चोराशी लक्ष अवतारनो भय दूर थई उत्तम ज्ञान साधी शकाय छे. जेओने श्रुतिस्मृति आदिनुं ज्ञान होय छे अने जेओ सन्यासी थया होय छे तेओ जो कनक-कांतानो संयोग करे तो अति अधम अने अति दुःख पामनारा समजवा. अद्वैतामृतमां लखे छे केः—

पदापि युवतीं भिक्षुर्न स्पृशेद्दारवीमपि ।
इति वृद्धोक्तयः संति तत्कुतः स्यात्सहास्थितिः ॥

लाकडांनी पूतळीने पण भिक्षुके (सन्यासीए) पगथीपण स्पर्श करवो नहि एवी वृद्धोनी वाणी छे,त्यारे स्त्रीओ होय तेवा स्थानमां तो केमज रेहवाय?

लाकडां विगेरे पदार्थथी बनेली स्त्रीनी आकृति संयमवाळा योगीने पण दर्शनथी क्षोभ करे छे; केम के इंद्रियोनो समूह महा बळवान छे, ए आगळ पण कह्युं छे; तो पछी ए मोह करनारी स्त्रीओ जे स्थळमां रे[illegible] हेती होय त्यां तो एवा यतिथी जवायज केम? आटलामाटे कल्याण[illegible] अपेक्षा राखनाराए स्त्रीओनी आकृति के चित्रो पण नजरे नपडे एवे [illegible] काणे रेहेवुं जोईए. केमके विषय अने इंद्रियोनो संयोग छे तेज क्षोभ [illegible] माडनार छे, माटे साधनकालमां ते योग थवा देवो न जोईए. आ वा[illegible] स्थानमां न राखीने संयमी जो स्त्रीओनो सहवास राखे तो तेथी ते भ्रष्ट थाय छे. केमके—

निमृष्टघृतमप्याज्यपात्रं संनिधिमुष्मिणः ।
प्राप्य द्रवत्येव यथा योषितां संन्निधौ यतिः ॥

घीवगरनुं साफ करेलुं घीनुं ठाम जो ते सुरज के अग्निनी नजीक रहे छे तो ते द्रवे छे एटले तेमांथी घी नहि छतां घी नीकळे छे तेम इंद्रियोने

दमन करनारो यति होय ते स्त्रियोनी नजीक रहे तो ते पीगळ्या वगर रहे नहि

आटलामाटे सयम करनारा यतियोनें स्त्रीयोनो सहवास दूर कराववा महात्माओ आज्ञा करतां कहे छे के—

जिताहारोथवा वृद्धो विरक्तो व्याधितोपि वा ।
यतिर्नगच्छेत्त देव यत्रस्यात्प्रतिमा स्त्रिय ॥

जेणे आहार जीतेलो होय, अथवा वृद्ध होय, अथवा वैराग्यवाळो होय, अथवा रोगवाळो होय, तेवा यतिए पण जे ठेकाणे स्त्रियोनी पूतळीओ होय तेवा देवना मदिरमा पण जावु नहि

आवी स्थितिनो यतिपण जो दशनना हेतुथी पण प्रतिमावाळा मदिरमा जाय तो व्याकुळ थयाविना न रहे, अने व्याकुल थयो एटल ज्ञान जतु रहे छे अने ज्ञान गयु एटले अधर्म थाय छे सहुना जाणवामा हशे के पाराशर ऋषि केवा समर्थ हता पण तेनी केवी स्थिति थई ? विश्वामित्र जेवा महातेजस्वी ऋषिनी शी स्थिति थई ? एम निश्चय जाणवु के गमे तो सो वर्षनो पुरुष ने सो वर्षनी स्त्री होय तोपण सहवासथी विकार थया विना रहेज नहि परमार्थविचारमा के ईश्वरभक्तिना विचारमां पण स्त्री पुरुषनो सहवास अने एकात थवाज न जोईए स्त्रीना सहवासमा दूरथीज दु ख देखवु जोईए केमके—

विषवल्लीमरुद्विध्ये वाधते प्राणिना यथा ।
योषित्स्पर्शी तथा वायुर्वाधते मस्करीश्वर ॥

विंध्याचळ पर्वतमाथी झेरना वेलाने स्पर्श करीने आवतो वायु जेम प्राणियोने बाध करे छे तेम स्त्रीनो स्पर्श करी आवतो वायु मोटो योगीश्वर होय तोपण तेने बाध करे छे

विंध्याचळमा जे झेरनो वेलो थाय छे तेने कोइ माणस देखतु नथी पण तेनी उपर थई आवता पवनथी पण माणसनु मोत थाय छे, तेम स्त्री छे ते पण झेरना वेला जेवी समजवी तेनो स्पर्श के दर्शन तो दूर रह्यां पण तेनो पवन पण पासे आववा न देवो, नहि तो जरूर ते झेरना वेलानी माफक असर कया वगर रेतो नथी तेनो पवन एवो पराक्रमी छे सारे तेनु दर्शन के सहवास माणसनु मोत उपजावे एमा शो सदेह छे ? आटलामाटे सर्वदा तेनो त्याग करवो जोईए, ते विना अनर्थ मटे नहि, केम के –

योषिन्मूला बुधैः प्रोक्ताः सर्वेनर्थाः शरीरिणां ।
अपि ब्रह्मेंद्रचंद्राणां काः कथा इतरन्नृणां ॥

ब्रह्मा इंद्र अने चंद्रादिक देहधारीओने पण जे सर्व अनर्थो आवी पड्या छे तेनु मूळ स्त्री छे. एम विद्वानोए कह्यु छे तो बीजा माणसोनी शी वात करवी ?

स्त्रियो शुं करनार छे एम अभिमान कोईए राखवुं नहि, केमके तेनां दर्शनमात्रथी पण ब्रह्मादिक भान भूल्या छे तो मनुष्य प्राणी विचारूं कोण मात्र छे? जेओने पोतानु कल्याण करवानी इच्छा होय छे तेओ तो स्त्रियोना सहवासथी अने दर्शनथी दूर रहे छे, परंतु जेओने पोतानुं कल्याण शुं छे एम खबर नथी पडती अने संसारना आंधळा कुवामां पड्या छे तेओनाथी तेम थवु घणुंज कठण छे. सहवासादिकमां रेहेतां छतां जेओ आप्रमाणे रही शके एवा पुरूषो तो पृथ्वीउपर विरला होय छे.

अपि राज्यं नरकवत् स्वर्णं पश्येच्च लोष्ठवत् ।
स्त्रियं कुणपवत्पश्येत् यस्ताद्दुर्लभो यतिः ॥

जे राज्यने नरकरूपज जुवे, जे सोनाने माटीनां ढेफारनी पेठे जुवे, अने जे स्त्रीने मांसरूप जुवे तेवो यति दुर्लभ छे.

वासिष्ठसारना जीवन्मुक्तना प्रकरणमां लखे छे केः—

दूरे मुंचाति बंधुमंधमिव यः संगात्भुजंगादिव
त्रासं यो विदधाति वेत्ति सदृशं रागं च भोगं च यः ।
स्त्रैणे यस्तृणवत्घृणां प्रकुरुते मित्रेष्वमित्रेष्वपि
स्वांतं यस्य समं स मंगलमिहामुत्रापि मर्त्योश्नुते ॥

आंधळाने छोडी दे तेम जे बंधुने छोडी दे छे सर्पथी डरे तेम जे संसारीना संगथी डरे छे, संसारना रागने अने भोगने जे सरखा जाणे छे, दुधमां खड आव्युं होय तेने जेम काढी नांखे तेम जे स्त्रीओना संसर्गवाळाने काढी नाखे छे एटले कल्याणनां साधनमां विघ्न करनारा समजी तेने त्याग करे छे अने मित्र अने शत्रुने विषे जेनुं अंतःकरण सरखुं रहे छे ते पुरुष आ संसारमां अने परलोकमां कल्याण पामे छे.

---

१ ब्रह्माए देहत्याग कर्यो इंद्रने शरीरमा छीद्रो पडी गया अने चंद्र क्षयवाळो थयो.

(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ. ભાદ્રપદ, સવત્ ૧૯૮૫ અંક ૧૧ મો

॥ यतो धर्मस्ततो जय ॥

अंतःकरण ओळखवा विषे

वसततिलका

વાણી ક્રિયા અવરથી પ્રકટે અનેક તેનો વિચાર કરતા વિસરે વિવેક,
અત્યત સૂક્ષ્મ અતિ ચચલ છે સદાય, શી રીતિથી સુજન અતર ઓળખાય?
હાથે ગ્રહાય નહિ આકૃતિનો અભાવ, આકાશની સદૃશ નિર્મલ છે સ્વભાવ,
આંખે અદૃશ્ય નહિ કાનવડે સુણાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
જો હોય ગધ ગુણ નાકવડે તણાય, જો સ્વાદુ હોય રસ તો મુખથી ચખાય,
ક્યા રગ રૂપ ગુણ જાતિ વળી જણાય? શી રીતથી સુજન અતર ઓળખાય?
ઝૂરે ચકોર પણ ચદ્ર કશુ ન જાણે, જ્યા પ્રેમ માન જન ત્યા પણ એ પ્રમાણે,
દીઠી વિચિત્ર રચના ન ગણી ગણાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
વિશ્વાસ હોય કદિ તો અનુકૂલ આવે, લાગે સદૈવ વિપરીત અહો અભાવે,
સર્વે વિચાર સહુના મનમા સમાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
માની લહે ઉપરથી જન સર્વ એવુ, જાણે ક્રિયા ઉપરથી નિજ ચિત્ત જેવુ,
ખોટુ ખરૂ અરર તે પરથી વદાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
મોટા જનો અરર કૈક ગયા મરાઇ, જામ્યા પરસ્પર કુસપ અને લડાઇ,
અત્યત બુદ્ધિબળ તો પણ ભૂલ થાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
પ્રેમી જણાય પણ અતરમાહિ વેર, માહી મિઠાશ પણ ઉપર હોય ઝેર,
આ ઇદ્રજાળ અતિ અદ્ભુત હાય હાય, શી રીતથી સુજન અતર ઓળખાય?
છે એમ તોય ગુણ દુર્ગુણના પ્રભાવે, વાણી સદા ચપળ ભાવ અને વિભાવે,
અભ્યાસ રોજ વધતો વધતો કરાય, એ રીતથી સુજન અતર ઓળખાય

કઠણ વાત છે તોય પણ, પરિચય પૂરા થાય,
કુશળ અનુભવ અન્યથી, અતર સહજ જણાય

પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત.

[સંબંધ પાને ૨૦૮ થી.]

આ પ્રમાણે લખી બંધ કરીને એક સવારને બોલાવી ઓઢણી વિગેરે સામાન અને ચીઠી તેને આપી કહ્યું કે 'સુલતાનપુરમાં કશળીબાની ડોઢીયે જઇ આ સામાન તેને મોકલાવવો અને લાછુની સાથે આ ચીઠી પણ મોકલાવવી.' 'જો હુકમ ખુદાવિંદ, બોત અચ્છા.' કહી સવાર સલામ લઇ ચાલતો થયો અને ભીમભાએ સૈન્યનો વધારો કરવાની કોશેશ કરવા માંડી.

આ સમયમાં ચોમાસાના દિવસો ચાલતા હતા. ચારેકોર લીલાં ખડ ઉગી ગયાં હતાં. ઝાડ પાન સર્વ લીલાં થઇ જવાથી રમણીય લાગતાં હતાં. નદી સરોવરો ડોળા પાણીથી છલકાઇ જતાં હતાં. ધરતી પાણીથી પલળી રહી હતી. આકાશ વાદળાંથી ઘેરાયેલું રેતું હતુ. આવામાં એક દિવસ ઘેરાં વાદળામાંથી ચોધારો વરસાદ વરસવા લાગ્યો તે વેળા મોટાં મોટાં વૃક્ષો અને લતાઓમાંથી પાણી ટપકતાં હતાં. ચોતરફ ચાલતાં પાણીનો ખડખડાટ અને ખળખળાટ થઇ રહ્યો હતો. પક્ષીઓ ઘરોના ઓથ અને માળાના ઓથમાં પલળેલી પાંખે છાનાં માનાં લપાઇ બેઠાં હતાં. પવન જરાપણ સ્પર્શ કરતો ન હતો. નદીનાળાંઓમાં ભારે પૂર વહ્યાં જતાં હતાં. નાના નાના રોપાઓ પાણીના ભારથી નમી જતા હતા. ભીતોના મૂળમાં અળશીયાંઓ ચાલ્યાં જતાં હતાં. માર્ગે ચાલનારા લોકો એક હાથે કપડાં અને બીજે હાથે છત્રી પકડી ઉઘાડે પગે અને કેટલાક ગરીબો માથે સાદર નાંખી ચાલ્યા જતા હતા. ચાલવાના રાજમાર્ગો પણ માણસવિના શૂન્ય લાગતા હતા. છોબંધ ભીતોપર સેવાળ જામી ગયા હતા. શેહેર માહે ઘરો પાણી પાણી થઇ રહ્યાં હતાં. હાટમાંહેના લોકો અરધ કમાડ ભીડી બેશી ગયા હતા. ઉંચાં ભવનોની અગાશીયોમાંથી ધોરીયા પડતા હતા. ક્યાંઇ ક્યાંઇ મલ્લાર અને દેશ રાગની છાયાઓ સંભળાતી હતી. કાંઇ જરૂરી કામે નીકળેલી સ્ત્રીઓ પલળેલાં વસ્ત્રો અંગે ચોટી જવાથી લજાતી લપાતી ચાલી જતી હતી. આ વખતે સાંજ છે, સવાર છે, કે બપોર છે તે સમજવું ઊંઘી ઉઠેલાને કઠણ પડે તેવું હતુ. કોઇ કોઇ ઠેકાણેથી અગરના ધૂપો આવતા હતા. મંદિરોની ધજાઓ પલળીને વાંસડાઓને ચોટી રહી હતી. માટીયાર

ઘરોના પડખાના ભાગો પડી જતા હતા પાણીની પીઠમા અનાજનો સોડ થવાથી ભારે ગંધ ઉઠી રહી હતી સાકડી ગલીઓમા ગરીબના ઘરો આગળ ભારે બદબોઇ ઉઠતી હતી છાજાપર ઘાસ ઉગી ગયા હતાં રેતી પાથરેના સુંદર ચોક સ્વચ્છ દેખાતા હતા પાણી ઝીલવા મેલેના વાસણો ભરાઇ રહાને છલકી જતા હતા આકાશમા કોઇવાર ભારે કડકડાટ અને તેની સાથે વિજળીના ઝમકારા પણ થતા હતા અને પાણી શિવાય બીજુ કશુ જોવા સાભળવામા આવતુ ન હતુ સુલતાનપુરના રાજમેહેલના અંતઃપુરની પછવાડે એક બેઠકમા રૂપાના સળીયાવાળી ખાટ બાંધી હતી તેની ઉપર ખીનખાબના ગાદી તકીયા ઉંચા પ્રકારની જગન્નાથીના ગલેફવાળા પાથરેલા હતા તેની ઉપર રંગે ગોરા, અંગે પાતળા, કાઠે કાંઇક ઉંચા, અને મહાલક્ષ્મીજીની પેઠે શોભતા એક સૌભાગ્યવતી બાઇ આનંદિત મુખે જરા પગ હલાવીને હીંચકતા હતા હાથમા હીરાના બંબે કંકણ, પગમા સોનાના જડાવ ઝાંઝર, લલાટમા લીલમનો ચાંદલો, નાકમા માણિકયનુ ફુલ, કાનમા સાચા મોતીના ઝુમખા, સેંથા પાસે મોતીની તાત અને કંઠમા એકાવળી હાર દુગદુગી સાથે ધારણ કર્યો હતો કેસરી રંગનુ, વચમા ઝીણી સોનેરી બુટીઓવાળુ અને લાલ રંગના કોર છેડા પર સોનેરી ઝીણી કોરવાળુ ઓઢણુ મર્યાદાથી ઓઢ્યુ હતુ બે હાથ ખાટની કોર ઉપર ટેકાવેલા હોવાથી આંગળીમાની હીરાની વીંટીઓ ચળકતી હતી ઝાંઝરની ઘુઘરીઓ અણવટોની સાથે કાંઇ કાંઇ શબ્દ કરતી હતી હીંડોળાખાટના હલવાથી ઘડીમા ખુપડાન છેડાનો આગનો ભાગ હાથપર આવતો જતો હતો તેમાંથી લીલા ખીનખાબની ચોળી હાથપર જણાતી હતી લક્ષ્મીની લેહેરોમા અને સ્વતંત્ર સ્થિતિમા મર્યાદાદેવી ક્યાંઇ દેખાતાજ નથી એ આપણી આંખ આગળનીજ વાત છે, પણ અહીં અંતઃપુર હોવા છતાં પણ તેમ ન હતુ આકૃતિ અને વેશમા પ્રૌઢતા દેખાતી હતી આ બાઇ મેહેલના ગોખને માર્ગેથી ઝુકી રહેના ઝાડપાનની શોભા જોતા જોતા ઝીણે સ્વરે—

(સીતાના મહિનાના રાળમા.)

કેવી અદ્ભુત રચના અનેક દેખુ આજ દૃષ્ટિયે,
લીલાલેર થઇ બહુપેર, વારનાર વૃષ્ટિયે
કેમ આવ્યા નહીં હજી નાથ, સખી સુખધામમા,
વર વીરજ મેલ ઉચાટ, * * * *

ત્યારે આપણજેવાં જોડાઇ ગયેલ મનવાળાંને કાંઇ સારો નિશ્ચય ફરી જાય એવું કારણ બની આવે તો ? હા, વખતે કારણ બની આવે ખરૂં, પણ તેના ખરા ખોટાપણાવિષે ખાત્રી કરી લેવી એ બહુ કઠણ કામ છે. ઉદાર દિલની તો એ નિશાની છે કે કદિ કારણની કશી સાચી ખોટી ખબર ન પડે તો સર્વ વાત દરગુજર કરવી. ભાભી, વાત તો વિકટ ખરી. હા બા સાહેબ! વિકટ ન હોય તો જગતમાં મોટા મોટા ફેરફારો થઇ જાય છે તે કેમ થાય ? અંતઃકરણ એવું તો નિર્મળ છે કે તેને જેવો પાસ લાગે તેવું તરત બની જાય. તેમાં પણ કોઇનાવિષે સારા ભાવ કરતાં નરતા ભાવની ભાવના કોઇ કરાવનાર મળે તો જોઇ લ્યો પછી !! ભાભી, ત્યારે વિવેકી તે વખતે શું કરતાં હશે. વિવેકી હોય તે સાંભળેલી વાતનો અને અંતઃકરણનો વિશ્વાસ નહિ કરતાં વખતને જવા દઇ જો સાર કાઢવામાં તત્વ હોય તો કાઢે નીકર મરી ગયેલાં માણસની પેઠે વાતને વિસારે મેલે. ભાભી, આ વિચિત્ર સંસારમાં સ્નેહથી સકળાયેલાં જો ભૂલ ખાય તો તો બહુ દુઃખ થાય. હા બા સાહેબ, એ દુઃખમાં પછી શી ઓછ રહે ? મને તો એ બાબતમાં એમ સૂજે છે કે માણસે વિવેકથી દૃઢનિશ્ચય રેહેવું જોઇએ. ભાભી, દૈવગતિ આગળ તો સર્વ પરતંત્ર લાગે છે. પરતંત્રતા અંગીકાર કરવી પડે એ પણ કારણસર છે. કોઇ કોઇ સ્થળે જ્યારે માણસનું ધાર્યું ઉતરે છે ત્યારે દૈવ પાસે સર્વ પરતત્ર છે એ વાત કયાં ઉભી રહે છે? માણસે પરમેશ્વર પાસે શુભ પ્રસંગ માગવો અને સદ્વિચારથી વરતવું એજ મનુષ્યજન્મનું સફલપણું છે. ભાભી! જેઓ માણસજાતના દેહને પામીને એ વાત સમજે નહિ તો ગમે તેવા ઊંચા કુલનાં કે ભણેલાં હોય પણ તે શું કામનું? વિગેરે વાતચિત ચાલતી હતી. ત્યાં લાછુબાઇ એક પલળેલો કાગળ અને બીદડી લઇને આવ્યાં અને કશળીબાની પાસે મેલી કહ્યું. બા સાહેબ! કોઇ રાજનગરનો સ્વાર વરસાદમાં પલળતો આ લઇ આવ્યો છે. તે દોઢીયે આપ્યાં હતાં અને માણસોએ મને લઇ આવવા કહ્યું તેથી લાવી છુ. કશળીબાએ ઠીક, એ માણસને ખાવા પીવા વિગેરે બરદાસમાટે કોઇ સાથે કેહેવરાવી દેજો. એમ કહી દૂર્ગાકુવર સામું જોયું ત્યાં તેણે કહ્યું. બા સાહેબ, શું હશે ? ગમે તે હોય. એમ કહી પોટકુ ખુરશીપર ફગાવી નાખ્યું, અને કાગળ પલળેલો હોવાથી એક અભરાઇ પર મેલી દીધો. હવે સાંજ પડી ગઇ. દિવાનો સમય થઇ ગયો. દીવાબત્તિ થઇ ગયાં. દરબારમાં નોબત

ગડગડવા માંડી ગાપાઓની ચીચીયારી સંભળાવા લાગી તે વખતે દુર્ગા કુમરે રજા માગી અને લાછુની સાથે સિગરામમાં બેસી ઘેર ગયા કુશળીબા કુંવરનો શબ્દ સાંભળતાં બીજા ઓરડામાં પધાર્યાં દીવાનો પ્રકાશ ચારે કોર ઝળકી રહ્યો હતો બાનડિયે કુંવરને તેડ્યા હતા તે પ્રસંગે કેસરી ઓઢણું ઉતારી લીલા ખીનખાબનું ઓઢણું ઓઢી જળપાન કરી સુવાસિત થઇ કુંવરને લઇને રમાડવા બેઠાં એટલામાં મહારાજા ઉદયસિંહજીની સવારી પધારી સાંભળી ઉભાં થયાં ત્યાં તરત મહારાજા પધાર્યા તે મહારાજા એક સોનેરી કોચપર બિરાજ્યા અને તેનીજ આજ્ઞાથી કુશળીબા લાજ અને મર્યાદા સહિત કુંવરની સાથે બેઠાં કુંવરને લઇને મહારાજ રમાડતા કેટલાક અંતઃપુરના પ્રસંગના વચનો બોલ્યા ગાદ વાતપર વાત ચાલતાં કુશળીબાએ પુછ્યું કે ત્યારે કેટલાક વખતસુધી વાટ જોવી એમ ધાર્યું છે? ઉદયસિંહે કહ્યું કે વાટ વળી શેની જોવી હોય? આપણા સંગુપ્તી વૃદ્ધ હરિદત્તને એ કામસંબંધી સઘળી વાત કરી દીધી છે બાલુભા સારેગ હવે મોટા થયા સદાય મારો સંગ રહે એમ શી ખાતરી? તે દિવસે એકલા જતા રહ્યા ત્યારથી મને તેનાવિષે વધારે ચિંતા રહે છે સેનાધિપતિ નીમવાનું કારણ કાંઇક એ પણ છે કુશળીબાએ કહ્યું ત્યારે તો હવે હું થોડા દિવસમાં એક રાજકન્યાની નણંદ થાઇશ મહારાજે કહ્યું હા ઈશ્વરકૃપાથી મનું થઇ રહેશે પણ ત્યાં હજી એટલુંજ કામ છે? ગોડજીની પછવાડે ૯જી ઘોડા માણસો સાથે જવાસારૂ પણ હરિદત્તનેજ મોકલવાના છે અને તે કામને પણ હવે વિલંબ કરવાનો નથી ગોડજી તરફનો એક માણસ પણ આંહીં આવી ચુક્યો છે તો હવે આપણે સારા દિવસ જોવાને ભાગ્યશાળી થશું કુશળીબા બોલ્યાં કે આપ પ્રતાપી મહારાજના વચન સફળ જોવાને હું આતુર છું આંહીં બાલુભા એકલા રહી શકે તો દેવશંકરને પણ સાથે મોકલ્યા હોય તો સારૂં, કેમકે કાકાનું શરીર હવે વૃદ્ધ છે એ ખરૂં પણ અહા બાલુભાને પછી એકલા ગમશે નહિ, અને તેના ઘરની સંભાળપણ તમારાથી રાખી નહિ શકાય માટે તે તો અહીં રહે તેજ સારૂં હું સાટે હરિદત્તજીને બહુ સારા ભરોસાના માણસો આપીશ મહેમતો ત્યારે એમ કરિયે કે બાલુભા સાહેબ એની સાથે યાત્રાના મિશથી અટાડે દેશાટન કરશે તો કાકાની સોબતમાં વધારે ડાહ્યા થશે એ વાત મેં મરણ વિચારી હતી કેમ કે તેનું નામ દેવશંકર કરી રાખ્યું તેમ છે પણ

સત્સંગ શિવાયનો સંગ તો મહા બંધન કારક છે. ભગવાન્ વસિષ્ઠ પણ કહે છે કે—

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

(પરિચય અથવા પ્રસંગને વિદ્વાન લોકો આત્માના બંધનરૂપ કહે છે. તેજ પરિચય કે પ્રસંગ સાધુજનોસાથે કરવામાં આવે તો તે સ્વર્ગનાં બાર ઉઘાડી આપનાર છે.) આથી એમ જણાય છે કે વિષયોનો સંયોગ ઇંદ્રિયોને થવા ન દેવો જોઇએ. વનમાં જનારાઓને પણ દૃષ્ટશ્રુત વિષયોના સ્મરણથી સ્થાવરના સંગવડે પણ વિકાર ઉત્પન્ન થવાના દાખલાથી મને આશ્ચર્ય થાય છે અને એમ થતું હોય તો જેને તેવું થાય તેને હું મહાદુર્ભાગી ગણું છું. આવા ઉદાહરણોથી હું તો એવો બોધ લેવાનું સમજ્યો છું કે સર્વ વાતે સાવધાની રાખવાની જરૂર છે પણ નિર્ભય થઇ અસાવધાન રેહેવામાટે આ ઉપદેશ છે એમ માનવા જરૂર નથી. વિકારોની પ્રબળતા દુર્ભાગ્યથી કબુલ કરવી એ સદ્વિચારનું નિર્બળપણું દેખાડે છે પણ તે વાતપર આપણે લક્ષ રાખવાનું નથી.

મારી આ અવસ્થા હું નવી અવસ્થા લેખતો નથી, આ કલિકાલમાં બહુતો ૪૫ કે ૫૦ વર્ષનું માણસનું આયુષ્ય ગણાય ત્યારે જોદ છે તો ક્ષણભંગુર શરીર તોપણ આયુષ્યનાં કાંઇ ઘણાં વર્ષ રહ્યાં ન ગણાય. એટલાં વર્ષ માટે ખોપ ખોદવો એ પણ યોગ્ય ગણી શકાય નહિ. કદિ અશક્તિમાં વધારે વર્ષ જીવાય તો પણ શું? જો અસંખ્ય ધન હોય તો કોકટાણે વળી એવી ઇચ્છા થાય કે તે કોણ ભોગવશે? જોકે ધનની આવડે તો ઘણીએ વ્યવસ્થા છે તો પણ તેનેમાટે સંતતિની ઇચ્છા થાય. પરંતુ તે તો કાંઇ છે નહિ એટલે તેપાતીની કાંઇ ચિંતા રહે તેવું નથી. કદી બે પૈસા હશે તો વ્યવસ્થા કરનારાઓને શોધવા પડશે નહિ.

સમજણા થયા ત્યારથી આજસુધીના એકરંગી વૈરાગના વિચારો શું ખોટા હતા? એ ખોટા ન હોતા એમ કહો તોપણ શું વૈરાગ્યની વાત કરનાર માણસ સંસારમાં પડે તેથી અપકીર્તિ ન થાય? એક વાર કીર્તિ મેળવ્યા પછી અપકીર્તિ થાય તે મોત બરાબર છે. શ્રી ભગવાન્ કહે છે કે संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते । સંભાવિતની અપકીર્તિ થાય તે મોત કરતાં વધારે છે.) ત્યારે તો વૈરાગ થયો તે ન થયા બરાબર. એ કદિ પ્રબળ કારણોથી

ન ગણિયે અને કર્માધીનપણુ અનાયાસે થાય તેમ થવા દઇએ તોપણ વ્યવહારમા પડયા પછી થયેનો પશ્ચાત્તાપ ઉડા નિસાસા નખાવ્યા વિના કેમ રહે? આમ સર્વ વાતે ચારેકોર દુ ખ અને ઉપાધિ વગર બીજુ કશુ છે નહિ ગૃહસ્થ ન થવામા પણ અખડ આનદ છે એમ કહેવાનો મારો આગ્રહ નથી મન સ્થિર ન રહે તો તેમા પણ દુ ખ હશે પરતુ મનને વાળવાના ઉપાયો યોજી રાખનારને તેવી સ્થિતિ અખડાનદ ઇશ્વરને મળવામા ઉપયોગી તો ગણી શકાય કયા પ્રકારે મનને વાળવુ તેના ઉપાયમા ભગવાન્ કહે છે કે— अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥ (અભ્યાસથી અને વૈરાગથી મન વશ કરી શકાય છે) મન વશ થયા પછી ક્રમે ક્રમે શાત દશા પ્રાપ્ત થાય ત્યારે અખડ સુખ મળે છે માટે આ મનુષ્યદેહથી એ સુખનેમાટેજ પ્રયત્ન કરવુ યોગ્ય છે, જેથી કશો ભય રહે નહિ કેમકે—

अकिंचनस्य दातस्य शातस्य समचेतस ।
सदा सतुष्टमनस सर्वा सुखमया दिश ॥

(અકિચન, દાત, શાત, સમચિત્તવાળા અને સદૈવ સતોષિત મનવાળાને સર્વ દિશા સુખમય છે) સાગશ કે શાત ચિત્ત થયા વિના કોઇ પણ પ્રકારમા સુખ નથી

જો ઈશ્વર યોગ્ય સમય આપે તો * * * સભાનો ધર્મબોધક થઇ થોડો અભ્યાસ વધારી દેશાટણ કરતા ભાષણોથી લોકોને બોધ આપવો એવી ધારણા ઘણા સમયથી છે બીજો યોગ્ય રીતે તો યોગ ન બન્યો તોપણ તે યથાયોગ્ય માની તેમા પ્રયત્ન કરવા ઇચ્છા છે, તે ઇચ્છા જો ફરીને ઉપાધિમા પડુ તો નિષ્ફળ જાય એમા શો સદેહ? બહુ વિવેક વિચાર કરતા એમજ મનમા આવ્યા કરે છે કે આધિ વ્યાધિ ઉપાધિથી સસારમા કેટલી બધી પીડા સહન કરવી પડે છે ઉઠતા બેસતા, ખાતા, પીતા રાતદિવસ દુ ખ વગર જાતા નથી જેજે વસ્તુ વિગેરે સુખના સાધનો ધારિયે તેમાથી દુ ખ પેદા થાય છે કોઇપણ નાત ધારી ઉતરતી નથી આ નામરૂપાત્મક તો નાશાત્મક હોવાથી મિથ્યાજ છે સઘળુ ખોટુ છે અને ખોટા હર્ષ શોક કરાવે છે આ શરીર પણ ક્ષણભગુર અને કાળને આધીન છે સ્વાર્થ શિવાય સસારમા કોય કોયનુ નથી આમ છે ત્યારે હુ કરવુ? જગન્નાથ કવિ કહે છે કે—

अखिलं जगदेवनश्वरं पुनरस्मिन्नितरां कलेवरं ।
अथ तस्य कृते कियानयं क्रियते हन्त जनैः परिश्रमः ॥

(આખું જગત્ નાશવાળું છે તેમાં શરીર નિરંતર નાશવાળું છે, ત્યારે તેનેમાટે થઇને માણસોએ આ (અનેક પ્રપંચવાળો) પરિશ્રમ કેટલોક કરવો ?)

અર્થાત્ જે પરિશ્રમ કરવો તે મિથ્યા છે અને આમ હોવાથી આ જન્મ પણ અકારો થઇ જાય છે. સંસારમાં જન્મ પ્રીતિવાળો ક્યારે બને કે જ્યારે સર્વ વાતની સ્વાધીનતા થાય ત્યારેજ. એક કવિ કહે છે કે.—

यदि जन्म जरा मरणं न भवेत् यदिवेष्टवियोगभयं न भवेत् ।
यदि सर्वमनित्यमिदं न भवेदिह जन्मनि कस्य रतिर्न भवेत् ॥

(જો જન્મ, જરા અને મરણ ન થાય, જો પ્રિય વસ્તુના વિયોગનો ભય ન રહે, અને જો આ સર્વ જગત્ અનિત્ય ન હોય તો આ જન્મમાં પ્રીતિ કોને ન થાય ?)

આમ હોય તો સર્વને આ જન્મમાં પ્રીતિ થાય પરંતુ તેમ ન હોવાથી પ્રીતિ થવાને કશું કારણ નથી. આપ્રમાણે વિચાર થવાથી મતિ ભ્રમિત થઇ થાકી જાય છે એટલે શું બોલવું ? આમાં તો કોઇ જગન્નિયંતા હોય તે લાજ રાખે તોજ રહે.

સંસારમાં પડવાથી પ્રથમના જેવું સદ્ગુણી સંતોષ ઉપજાવનારૂં માણસ મળતાં સંસારમાં કર્તવ્ય અને સઘળા પુરુષાર્થો કદિ સંપાદન કરાશે તથા સર્વનું મન રેહેશે એમ માની આગળ લખેલી અડચણો થોડીવાર મનમાંથી કાઢી નાંખિયે તોપણ એક અંતઃકરણને અટકાવનાર એજ વિચાર છે કે એમના પ્રેમને અનુકૂલ આપણે કશું કર્યું નહિ. તે સાથે એક પત્નીવ્રત કે જે પુરૂષોનો વ્યવહારમાં ઉત્તમ ધર્મ છે તે અને અગ્નિસાક્ષિક આપેલા કોલકરારો જે અવશ્ય પાળવામાં ઉત્તમ શ્રેય છે તે ફરીને ગ્રહસ્થ થવાથી નાશ પામીજાય છે. એ નાશ પામ્યા એટલે સઘળા ધર્મો ઝાંખા થયા હું સમજું છું. અને એનો ખુલાસો પણ જગતમાં કાંઇ હું દેખતો નથી. ઈશ્વિરાવતાર રામચંદ્રજીએ અને શ્રીકૃષ્ણે જેમ તારા અને દ્રૌપદીને સતીપદ આપી દીધું તેમ કોઈ રીતથી મારૂં એકપત્નીવ્રતનું ફૂલ સચવાતું હોય અને વિવાહ વખતે આપેલાં વચનો અથવા કોલકરારો પળાતા હોય તો તે રીતે જાણીને મારે વિચાર કરવો જોઇએ. પુરૂષ એક

સીમા અનુરક્ત રહે અને તેમ રહિને ઈંદ્રિયો જ્ઞાન રાખી નીતિથી વર્તે એ એનુ એકપત્નીવ્રત કેહેવાય એમ કેટલાક કહે છે ત્યારે ગયેના માણસનુ પારોક્ષ્ય સૌહૃદ શુ સચવાય ? આમા પણ પક્ષપાત જાણી મને સતોષ થતો નથી શાસ્ત્રોનુ બધારણ પણ એવી રીતને અનુસરતા વ્યવહારને અનુકૂલ હોવાથી સતોષ થતો નથી, એજ ખેદનુ કારણ છે જ્ઞાની હોય તેને સર્વાત્મભાવપણાથી આટલુ બધુ થાતુ નથી, એમ શકા થાય પરતુ જ્યાસુધી આખ નાકનુ અને મારા તરતાનુ ભાન છે ત્યાસુધી મઘળુ થવાનો સભવ છે અને તેનેલીધે અતકરણને તેના ધર્મ પ્રમાણે ઉપરના વિચારો ઉઠયા છે

એટલા માટે આવિષે પૂર્ણ વિચાર કરીને ઉત્તર લખવો અને પછી હુ કયા પક્ષ ભણી વળુ છુ તે આપે જોવુ આપ મારા શિરછત્ર છો, આપની આજ્ઞા મેં ઉલ્લઘન કરી નથી, માટે હુ જેમ સસારથી ઉદાસ છુ તેમ આપે મારાથી ઉદાસ ન થવુ, એટલી વિનતિ કરી રોકાયેલા આપના અમૂલ્ય ક્ષણમાટે માફ માગી પત્ર બધ કરૂ છુ ગયેલા અગે ભોગવેલી વ્યાધિ તેના અલૌકિક ગુણો અને સસારનુ સ્વરૂપ વારવાર ચિત્તને ડોળી નાખે છે ત્યા વિશેષ લખવાનુ સાભરતુ નથી વળી કાઇ સાભરશે તો ફરીને ખુલાસો માગીશ * * * વિ૰ આપનો

ગ્રંથાવલોકન

(સબધ પાને ૧૪૮ થી)

એક નાશીગએલા મિત્રની શોધમા બીજો મિત્ર નિકળે છે સ્વાર્થ સિદ્ધિ માટે વિદ્યાચતુર પાસે જઇ સર્વ વાત નિવેદન કરે છે કાઇ તેની મદદ, તેના મિત્રની શોધમા, જોઇએ છીએ એવુ જણાતા, આ અનુભવાભિમાની કારભારી શરમને અધીન થઇ, બનતી મદદ આપે છે, અને ત્યાથી નિકળેલો મિત્ર સુવર્ણપુર જાય છે એ સુવર્ણપુર પોહોચે, તે પેહેલાજ સર્વવાત સરસ્વતીચદ્રને જણાવે છે નહાની બેન કુસુમસુદરી પણ કુમુદસુદરીને પત્ર લખી સર્વવાત નિવેદન કરે છે સરસ્વતીચદ્રને દેશાટણ પોતાને લીધે અગીકાર કરવુ પડયુ એ વાત અનુભવતા કોમળ હૃદયની બાળા કપે છે કઇ કઇ દુ.ખદ વિચારો મનમા લાવી અનુભવે છે બિચારીને

સરસ્વતીચંદ્રને કયે નામથી બોલાવવો, એ વિચાર થઇ પડે છે. પરંતુ નિવેડો બહુ સારો આવે છે. "તમે મ્હારા વીતીગયા ભવમાં પ્રિય હતા, ઇશ્વરને હું પ્રિય કહું છું, પિતાને પ્રિય કહું છું, તેમ સરસ્વતીચંદ્રને પ્રિય કહેવામાં શો બાધ! હવે તે મારા પતિ નથી; હવે મારૂં શરીર મ્હારા પતિનેજ સોપ્યું છે, મનમાં પણ પતિજ પતિ છે, પરંતુ હું ઇશ્વર, માતા, પિતા અને સ્નેહી વર્ગને પ્રિય કરી તેમનું રટણ કરૂં તે અયોગ્ય ન હોય તો, સરસ્વતીચંદ્ર, તમારૂં રટણ કરૂં તેમાં અયોગ્ય શું?...." અહા નિર્મળ પ્રેમ! આવાં જોડાં કોઇ પણ પ્રકારથી કોઇ પણ સંબંધે નિસ્વાર્થ જોડાય તો તેમાં લાભ લાભજ છે. પરંતુ કાંઇ પૂર્વ જન્માદિકનાં કર્મોથી કે શાથી, તેમ નથી થતું એ આપણે ઘણે પ્રસગ અનુભવીએ છીએ. એક બીજા સાથે સંબંધ જેનો નિશ્ચિત થયો છે, તેનો તેવો સંબંધ દૈવયોગે તુટતાં એક બીજાને શાં શાં કષ્ટ થાય છે, એનું ચિત્ર જો વિચારીને અનુભવીએ તો આ પત્રમાં સારી રીતે ચિત્રાણું છે. પ્રથમ પ્રદર્શિત પ્રેમને આચ્છાદિત કરવો એ મહા કઠિન કામ છે. અને તે દૃઢ મનવાળા પુરૂષથીજ થાય. નિર્બળ, અર્થાત્ જે જન, મનરૂપી ઘોડાને બરાબર કાયદામાં ન રાખી શકે એથી, એ બનવું બહુ દુર્ઘટ છે. તેમાં પણ જ્યારે પ્રતિકુળ પ્રસંગો તેને આચ્છાદિત કરવા પ્રયત્ન કરે ત્યારે તો આચ્છાદન બહુજ કઠણ છે.

Love he comes, and love he tarries,
* * * * *
Longest stays, when sorest chidden,
Laughs and flies, when pressed and bidden.

T. Campbell.

તેમાં પણ પ્રતિકુળ પ્રસંગોના આઘાતથી જર્જરિત થએલ અને તેથી જેમાં પ્રેમ અતિગૂઢ પાયો નાંખી રહ્યો છે, એવા જર્જર હૃદયમાં તેને આચ્છાદિત કરવો એજ બહાદરીનું કામ છે. જીર્ણ થયેલ ગૃહાદિકમાં આંતર્વસ્તુઓ ન દેખાવા તેમાં પડેલાં છીદ્રને સમા કરવા જતાં, બીજાં છિદ્રો પડે છે. અને તેમ થતાં ગમે તેવો સબળ પ્રયત્ન વ્યર્થ જઇ તેની સ્થિતિ તેવીને તેવીજ રહે છે. પરંતુ એક બહુ મજબુત ગૃહમાં પડેલા છિદ્રને સાંધતાં વાર નથી લાગતી; કારણ તેની સ્વસ્થતા તે સાંધવામાં પણ સહાયભૂત થઇ પડે છે.

Love first leaves the well built nest
The weak one is singled,
To endure what it once possest

P B Shelly

પ્રકરણ ૧૬ અને ૧૭ એક બીજા સાથે કાઇ અદ્દભુત સબધ રાખે છે આટલા વખત સુધી જે જે સરખામણી થઇ તે જુદા જુદા કુટુબના જુદા જુદા મનુષ્ય સાથે થઇ પણ આ છેની સરખામણી એકજ કુટુબના બે જોડા વચ્ચે થાય છે એક તરફ પિતા અને પુત્ર અને બીજી તરફ સાસુ વહુ પિતાપુત્રમા કેટલો ભેદ! દુર્ગુણથી ડરનારો, કાર્ય સાધવામા કુશલ, એક મોટા રાજતત્રને ચલાવનાર, હલાવનાર અને અસ્તવ્યસ્ત થએલાને સારી સ્થિતિમા લાવનાર, આ સર્વ કાય માટે શક્તિધરાવવા ઉપરાત તેની ઉદાર વૃત્તિ મરતાને પણ મરવા ન કહેવુ, ગમે તેવા અપકાર કરનારને પણ ઉપકારથીજ મારવો, એ સર્વ સાધુ ગુણવાળા બુદ્ધિધનનો, પુત્ર પ્રમાદધન તેનાથી કેવળ ઉનટો રાજખાની સાથે થએલ આકસ્મિક એક પ્રસગથી પણ પોતાને અશુદ્ધ માનતા પિતાનો પુત્ર પદ્માની સાથે આનદ માનવામા પોતાને કૃતાર્થ માને છે કેવી જગત્‌ની રચના રાજકાર્યમા થોડા સમયથી પડ્યા છતા પણ પોતાના કાયથી કેવલ અજ્ઞ, પરતુ એ અજ્ઞતામાજ મોટાઇ મારી, એક વિદ્વાન્ મર્મજ્ઞ સ્ત્રી આગળ હલકો પડે અતિ વિદ્વાન્ નહિ પરતુ વિદ્યાના અભાવથી પોતાના કાર્યમા દૂષણ ન આવવા દેતો, અને તેમ છતા પોતામા તેટલી ખામી છે એમ સમજતો, સમજીને વળી તે ન્યૂનતા રહિત જનોને પ્રસગમા રાખવાની ઇચ્છા કરતો પિતા ક્યા? અને વિદ્વાન્ નહિ પણ તે ન્યૂનતાથી પણ અજ્ઞ, એ અજ્ઞતામાજ શ્રેષ્ઠત્વ માનતો, વિદ્વાન્‌નો સદા સગી છતા તેના તે ગુણમાટેજ તેને અવગણતો, મૂર્ખ પતિત પુત્ર ક્યા? "દિવા પછનાડે અધારૂ" એ કહેનતનો યથાર્થ અનુભવ બુદ્ધિધન અને પ્રમાદધનમા મળે છે

સાસુ અને વહુની સરખામણી વળી જુદોજ આનદ આપે છે સ્વચ્છ નિર્ભય અતઃકરણની ધાર્મિક સાસુ અને તેવીજ વધૂ આ તેમનો સામાન્ય ગુણ હોવા છતા ભિન્નતા પોતાનુ પ્રાકટ્ય તેમનામા જોરથી આણે છે સૌભાગ્યદેવીએ, દુર્ગુણ, દુરાચાર વિગેરે નિષ્ઠ ભાવો શુ છે? તે જાણ્યુજ

નથી. પાસે આવતાં છતાં તે તેમને ઓળખી શકી નથી; કે તેનો અનાદર કરે. આવી રીતે તેમનો અનાયાસેજ મહાઅનાદર થવાથી તેઓ તેનાથી દૂરના દૂરજ રહે છે. તેનો સ્પર્શ કરી શકતા નથી. તેમની ઉપર પોતાનું પ્રબળ અજમાવી શકતા નથી. સૂર્ય અંધકાર શું છે તે જાણતોજ નથી. અને તેનો ગુણ કંઇ એવો છે કે તે તેને કાંઇ જણાય નહિ. એમ હોવાથી સૂર્ય કદીપણ અંધકારમાં વિલેપિત થતો નથી. ચંદ્રની સ્થિતિ કંઇ ભિન્ન પ્રકારની છે. જે સમય અંધકાર પોતાનું પ્રાબલ્ય દર્શાવી શકે તે સમયે તેને પરાસ્ત કરી પોતાનું પ્રાબલ્ય, ચંદ્રને દેખાડવું પડે છે. કુમુદસુંદરી-ચંદ્રથી પ્રફુલ્લિત થતું કુમુદ-તે ચંદ્રનોજ અંશ છે. દુર્ગુણાદિક અંધકારને તે જુએ છે. પોતે તેનામાં લેપાયમાન ન થાય તે માટે સાવધાન રહે છે. બીજા વિલેપિત હોય તેને ઉજવળ કરવા પ્રયત્ન કરેછે અને ઉજવળ કરેછે. તેમાં પણ પૂર્ણિમાનો ચંદ્ર અંધઃકારને પ્રાદુર્ભાવ થવાના વખતેજ બરોબર આવી ઉજવળ પદાર્થોને અંધકારથી મલિન થતા અટકાવે છે. ઉદાહરણ **અલકકીશોરી**ની ઉન્મત્તતાના પરિણામને **કુમુદ** અનાયાસે એકદમ અટકાવે છે. તેમજ મલિન થએલા પતિને પણ થોડા કાળને માટે સદ્ગુણરૂપી કિરણોથી પ્રકાશે છે.

એક જનસ્વભાવને પરિપૂર્ણ દર્શાવવા તેથી પ્રતિકુળ જનસ્વભાવનું પ્રતિબિંબ દર્શાવવું એ કવિઓની એક યુક્તિ છે. કદાચિત્ એવા પ્રસંગો જનસ્વભાવને ઉત્તેજિત કરવા માટેજ હોય; નહિં તો આ પ્રકરણમાં કૃષ્ણ-કલિકા અને **નવીનચંદ્ર** અથવા **સરસ્વતીચંદ્ર** તથા **પ્રમાદધન**ની ચર્ચાનું શું પ્રયોજન હતું? જનસ્વભાવ ઉત્તેજિત કરવા માટે હોય; પણ આથી અમારા ધારવા પ્રમાણે કુમુદમાં કુમુદનો સ્વભાવ ઉત્તેજિત થતો નથી. તેથી તો સામાન્ય સ્ત્રિનો સ્વભાવ પ્રદર્શિત થાય છે, તેમાં પણ એક ખંડિતા નાયિકાનો, આટલા ભાગમાં, આ પ્રકરણ સુધી, કુમુદ પોતાને માટે જે મોભો રાખી રહી હતી તે વિશેષ નહિ તો એક લેશમાત્રજ ઓછો કરે છે. "ન રહે વાયું અને કુમુદસુંદરીએ ભોંયપર માથું પછાડયું;" આમ થતાં કુમુદ અને બીજી સામાન્ય સ્ત્રિઓમાં શો ભેદ રહ્યો.

मणिरत्नमाला

(सवंग पान २१८ थी)

आम जेनु सत्रमा समान अंत करण थयु होय ते खरेखर कल्याण नाज पात्र छे आवा बोधवान प्राप्त विषयोमा आसक्त थइ मलिन थता नथी तेविषे श्री अष्टावक्र त्रीजा प्रकरणमा लखे छे के—

श्रुत्वापि शुद्धचैतन्यमात्मानमतिसुंदरम् ।*
उपस्थेऽत्यंतसंसक्तो मालिन्यमधिगच्छति ॥

शुद्ध चैतन्यरूप सुंदर आत्माने सांभळीने एटले गुरुमुखे अने शास्त्रद्वारा स्वरूप जाणीने पण पासे आवेला विषयोमा अति आसक्त थइने शु मलिनता पामे छे? नथी पामतो

आ रीते परिपूर्ण बोधवान् आसक्त न थता मलिनता न पामता थी सदैव मुक्तस्थितिमा रहे छे क्षोभ थवाना कारणो समीप छता पण परिपूर्णता तथा आत्मविचारथी, आसक्त न थता जे मलिनता न पामे तने पछी बंधन वस्तु काइ छेज नहि केमके—

सानुरागां स्त्रियं दृष्ट्वा मृत्युं वा समुपस्थितम् ।
अविह्वलमना स्वस्थो मुक्त एव न संशय ॥

प्रीति देखाडती स्त्रीने अने पासे आवी उभेला मृत्युने देखीने व्याकुल मनवाळो नहि थई जता स्वस्थ रहे छे ते मुक्तज छे एमा संशय नथी

जेओने प्रथम वैराग्य थई परिपूर्ण बोध थवाथी सर्वात्मकभाव थई गयो होय तेओ आवा प्रसंगोमा विह्वल थाय नहि ए स्वाभाविक छे आवा महात्माओ दुर्लभ छे आ उपरथी मुमुक्षुए समजवानु ए छे के मनने क्षोभ करे एवा विषयोनो प्रसंगज दूर राखवो मृत्यु शिवायना बाकीना प्रसंगो थवा न थवा देवा ए परस्वाधीन नथी, माटे स्त्रियादिकना प्रसंग

---

* एनो आवोपण अर्थ थाय छे के सुंदर चैतन्यस्वरूप आत्माने शास्त्रद्वारा अने गुरुमुखथी स्वरूप जाण्या पछीपण ते प्राप्त थयेला विषयोमा अत्यंत आसक्त थतो ते मलिनताने पामे छे अर्थात् पतनने पामे छे

आत्मज्ञानीने शास्त्रो असंग अथवा इंद्रिय अने विषयोनो संयोग न थाय तेम रहेवानी भलामण करे छे पण समाधान एम पण छे के जेओने खरो आत्मबोध थयो छे ते मात्र विषयोमा पण भियपणाथी आसक्त थता नथी एटले पछी मलिनता कम संभवे? परंतु आवा समदर्शी बहु मळवा कठण

थाय एवो समयज आववा देवो नहि. जेम मरणथी माणस बीये छे तेम तेने पण जन्म-मरणना फेरामां नाखनार महा दोषरूप जाणी तेनाथी डरतां रेहेवु, केम के एनी प्रबळता केवी छे ते आगळ केहेवाई गयुं छे. ए प्रमाणे जोतां सघळा अनर्थोनुं मूळ एक एज छे माटे तेनाथी दूर रेहेवु जोईए. व्यासजी कहे छे के तमोद्वारं योषितां संगिसंगं (स्त्रीयोनो संग करनार लोकोनो संग थाय ते पण नरकने आपनार छे.) त्यारे पछी प्रत्यक्षनी तो वातज शी करवी ? इंद्रियनिग्रह करनार यतिए अने मुमुक्षुए ते देवमायानां प्रत्यक्ष दर्शन तो शु पण तेनी प्रतिमानां दर्शनथी पण दूर रहेवूं घटित छे अने ते लाकडांनी पूतळीने पण स्पर्श न करवाना प्रथमना प्रसंगथी सुचवाई गयुं छे. *

सोनुं पण संग करवा योग्य नथी. एक सोनुं कह्युं ते उपरथी रूपुं त्राबु विगेरे धातुओ पण समजवी, केमके ए सर्व धातुओमांथी जे सिक्का विगेरे बने छे ते द्रव्य केहेवाय छे, माटे सोना साथे सोना विगेरेथी बननारा द्रव्यनो पण संग करवो योग्य नथी. ए पण सोनुज छे. ए द्रव्य ज्यां आवे छे त्यां तेने पछवाडे अनर्थो आव्याविना रेहेता नथी. श्रीमंतोमां मद, अभिमान, अनाचार, दुराचार, मूर्खता विगेरे दोषो आवे छे तेपण तेथीज. द्रव्यथी माणस देखतां छतां आंधळो, सांभळतां छतां बेरो अने जागतां छतां उंघता जेवो थई जाय छे. ए धनथी मेळवाता स्त्री, अलंकार अने वस्त्रादिक पदार्थोमां सदायकाळ चित्त चोटी रेहेवाथी तेविषेज रातदिवस लागणी रहे छे. ज्यां धन त्यां तेनी साथेज सघळा अनर्थो आवे छे. जेम कोई तळाव होय तेमां ज्यांसुधी चोमासानुं पाणी न भरायुं होय त्यांसुधी तेमां कांई होतुं नथी, पण जे वखते तेमां पाणी भराय ते वखते डेडकां, माछलां, पुरा, सर्प, जळो आदि जंतुओ एनीमेळेज उत्पन्न थाय छे, तेम निर्धन होय तेवाने पण धन आवे त्यारे तेने अनेक जातना विकल्पो अने उपाधियो वळगी पडे छे क्षणवार पण तेने निवृत्ति मळती

* गृहस्थे पाणिग्रहण करी अर्धांग करेलीनो व्यवहारकार्य जेटलो प्रसग अने अतरथी अनासक्ति राखता तेवी योग्य स्थितिए साव असग रेहेवा विगेरे विचारी लेवु, सन्यासी यति विगेरेने स्त्रीयोना दर्शनादिकनो निषेध छेज. नीतिनान गृहस्थने परस्त्रीयोपर मातृभाव विगेरे उपदेश छे ते पण घरमा अति आसक्तिनो निषेध अने बहार दर्शनादिकनो निषेध विगेरे देखाडे छे. सर्व स्थले पात्रप्रमाणे योजना करवानु विचारी लेवु.

नथी आ मारु छे एने हु भोगवीश विगेरे लालसाथी आशा तृष्णामा बुडी रही अमूल्य जन्मने अमथोज गाळी नाखे छे एवा सुखभोगमाज आसक्त रहेलानी शी गति थाय छे तेविषे भगवान् व्यासजी कहे छे के —

योषिद्धिरण्याभरणाम्बरादिद्रव्येषु मायारचितेषु मूढ ।
प्रलोभितात्मा उपभोगबुध्या पतगवन्नश्यति नष्टदृष्टि ॥

स्त्री, सोनाना घरेणा अने लुगडाआदि पदार्थो के जे मायाथी रचायेला छे तेमा उपभोगनी बुद्धिथी जेनु मन लोभाय छे एवो मूढ पतग जेम दीवाथी अजाई जई नाश पामे छे तेम नाश पामे छे

आवा नाश करनारा स्त्रीआदि पदार्थोमा जे उपभोग करवानी बुद्धिथी आसक्त थई पतगनी पेठे नाश पामे छे तेने ए पदार्थो अति बधन कारक छे स्त्री अने धननी आसक्ति सव करता अधिक बळवाळी छे ते लोढानी साकळ वगरनु अने हालवा चालवानी छुटी वाळु पण मोटामा मोटु बधन छे केम के —

लोहदारुमयै पाशैर्दृढबद्धो विमुच्यते ।
स्त्रीधनादिषु ससक्तो मुच्यते न कदाचन ॥

लोढानी बेडीमा के लाकडानी दृढरूपी पाशमा जे बधायो होय ते कोई दिवसपण छुटे छे परतु जे स्त्री अने धनरूप बेडीथी बधायो होय ते कोई दिवस पण छुटतो नथी *

आवी रीते ते दृढ बधनरूप थाय छे, अने बधनमा सुख होतुज नथी माटे मायाथी मोह पामी बधनने बधनरूपे नहि देखवामा आवता ते खरा बधनरूप छे माटे जेम कष्ट कारक कामिनीनो सग तजवा योग्य छे तेमज ते द्रव्यनो सग पण तजवा योग्य छे

आ प्रमाणे मुमुक्षु के यतियाने स्त्री धनादिकनो सग बधन कारक छे तेनो त्याग करवो एम निश्चय थाय छे परतु आश्रमनो विचार करता ते निश्चय एकसरखो लागु न पडवानेलीधे समजनारने शका रहे माटे

* लोढानी अने लाकडानी बेडीमा आसक्ति नथी होती तेथी ते तेनु बधन तरत मटे छे स्त्री धनादिकमा तो आसक्ति होय तेथी ते केम मटे? लोढाना बेडी जेवी अणगमनी होय छे अने तेमा पडवाना साधनोथी दूर रेवामा आवे छे तेमज आ स्त्रीआदि विषयोनी आसक्तिरूप बेडी अणगमनी होय अने तेमा पडवाना साधनोथी दूर रेहवातु होय तो बधन तरत मटे छे

हमणां आ प्रसंगमांज तेनो खुलासो करवामां आव्यो छे तेथी प्रसंग प्रमाणे समजी लेवूं.

ब्रह्मचर्य, गृहस्थ, वानप्रस्थ, अने संन्यास ए चार आश्रम केहेवाय छे तेमां ब्रह्मचर्याश्रम प्रथम गणाय छे. ए आश्रममां स्त्रीना पडछाया सामु-पण जोवुं नहि अने द्रव्यनी वात पण करवी नहि.

बीजो गृहस्थाश्रम केहेवाय छे. ब्रह्मचर्य वानप्रस्थ अने संन्यास ए त्रणे आश्रमने आश्रय आपनार ए गृहस्थाश्रम छे माटे ते आश्रममां स्त्रीनो अने द्रव्यनो संग्रह करवो. जो तेम न करे तो गृहस्थाश्रम चाले नहि, अने बीजा त्रण आश्रम छे तेने क्यांई आश्रय मळे नहि. गृहस्थाश्रमवाळा ए विचारवुं जोईए के त्रणे आश्रम मारे आधारे छे माटे स्त्री नहि होय तो रसोई करीने अभ्यागतने शी रीते जमाडी शकीश अने द्रव्य नहि होय तो तेनेमाटे अन्न वस्त्र क्यांथी पूरां पाडी शकीश? आम विचारी गृहस्थनो आश्रम पाळवा माटे स्त्रीनो अने धननो संग्रह करवो ए जरुरनो छे. कल्याणनां अने धर्मनां काम करवा माटे स्त्रीनो अने धननो उपयोग छे एम जाणीने तेनो संग्रह करवामां आवे छे तेथी कल्याण थाय छे, पण स्त्रीने मात्र भोग भोगववामाटे अने धनने नाच तमासा आदि नकामा खर्चने माटे संग्रह करवो तेथी कांईपण कल्याण थतुं नथी. कदी शका थाय के स्त्री त्रणे आश्रमने आश्रय अपाय तेमाटे अने गृहस्थाश्रम पाळवा माटे करी होय पण पछी तेमांथी प्रजा थाय अने धन पण त्रणे आश्रमने आश्रय आपवाने, गृहस्थाश्रमनो धर्म पाळवाने, दानधर्म करवा उद्यमथी संपादन कर्युं होय ते थयेली प्रजाने लाड लडाववामां अने तेना वराववा परणाववामां खरचाय तो तेथी केम कांय बाध न थाय? आनुं समाधान एज छे के जो समजणथी थतुं होय तो तेमां गृहस्थने कशो बाध नथी. ध्यान एटलुज राखवानु छे के पोतानुं जे लक्ष होय ते लक्षथी चूकवु नहि. जो ए लक्षथी चूक्या तो तेथी बंधन थाय छे. शास्त्रनी आज्ञाप्रमाणे गृहस्थाश्रम पाळवानी इच्छा राखनारे स्त्री करवी पण हाडकां चामडांना पुतळामां आसक्तिथी बंधाई जावुं नहि पण तेनी सहायताथी थतां गृहस्थाश्रमनां धर्मनां काम करवां. आम करतां जे प्रजा थाय तेने उद्यम करी सन्मार्गमां वावरवा मेळवेलां धनथी वराववा परणाववामां पण जो तेमां तल्लीन न इर्थ जवाय तो बाध नथी. छेवट लक्ष जे परमार्थनो छे ते भूलवो नहि. ए लक्ष

भलीने स्त्रीपुत्रना स्नेहमा लपटाइ जई कल्याणनी वात भूली एश आराम मांज मात्र नाणु नाखी दे ने क्षण मात्र पण पोताना आश्रमना धर्मनो के कल्याणनो विचार न करे तो ए आ संसाररूप आधळा कुवामा उडी मुवो अने तेने छुटवानु कई साधन नथी एम समजवु जे एमा आसक्ति नथी पामतो ने लक्ष नथी चूकतो तथा पोताना धर्म प्रमाणे चाल्यो जाय छे तेने ससारनी क्रिया करता छतां पण बधन थतु नथी परतु आवी रीते पाळी शकवु घणु कठण छे अने कनक ने कांता मोह उपजावी बधन कर्या वगर रेहेता नथी, माटेज कह्यु छे, के कनक ने कांता छ तेज त्याग करवा योग्य छे केमके एने त्यागे सघळानो त्याग थाय छे त्याग एटले उपरनो नेहि पण अतरनो खरो केहेवाय उपरनो ने अतरनो बेय साथे होय ते वळी सर्वोत्तम कहेवाय

गृहस्थाश्रमविषे कइक बोल्या त्यारे वचमां वानप्रस्थविषे पण थोडु बोली नाखिये वानप्रस्थ आश्रम आ कलिकाळमा साचवी शकाय तेवो नथी केमके एनो धर्म पाळवो घणा कठण छे[1]

वानप्रस्त आश्रमनो धर्म एवो छे के स्त्री अने पुरुषे पोताना पुत्रने घर सोपीने बेय जणाए वैरागथी चाली निकळवु साथे एक कोडी मात्रपण राखवी नहि बेय जणाये साथे रेहेवु फरवु, बेसवु, अने खावु पण जेवो गुरु शिष्यनो नातो होय तेवी रीते व्यवहार राखवो स्त्रीए पतिने गुरुरूप समजवो अने पतिए स्त्रीने शिष्यरूप समजवी कोईपण जग्याए स्थिर ठरीने बेसवु नहि निरतर फर्या करवु अने नवा नवा तीर्थ कर्या करवा चित्तवृत्ति परमेश्वरमां राखवी ज्या गया ने ज्या जेवु मळे तेवु खावु तीर्थाटन करता जेवा माणसो मळे तेवा साथे तेवु बोलवु एम सघळी कामनाथी मुक्ति थई स्त्रीमा शिष्यबुद्धि राखी बेय जणे साथे अनेक प्रकारना व्रत अने तीर्थ करता फर्या करवु ते वानप्रस्थ आश्रमनी रीति छे आप्रमाणे वानप्रस्थ आश्रम पाळवामां पण कांचन अने कामनीनो त्याग थाय छे

सन्यासी विषे पण जरा वचमा विचारी लइए सन्यासीए स्त्रीनो सग न करवो ए वात तो प्रथम आवी गई छे तेविज रीते कांचननो पण सग करवो नहि विश्वेश्वरी पद्धति प्रमाणे सन्यासीए वरतवु जोईए जेणे सर्वनो त्याग कर्यो होय अने मनमां कशी वासना न होय ने विरक्त थई गयु होय

---

1 कलियुगमा आ आश्रम निषेध छे

ते सन्यासी केहेवाय. जेने कनक अने कामिनीनो संग होय ते संन्यासी होय तो पण पूरो संसारी केहेवाय. जे माणस सन्यासीने द्रव्य आपे ते नरकमां पडे छे अने संन्यासी जो ले तो ते सन्यासी नहि पण कोई पामर प्राणी समजवो. एवु लखायेलुं छे के संन्यासी जेटलु कांचन लई तेटली ज्यारे विष्टा खाय त्यारे ते सोनुं लीधानो दोष टळे अने फरीने पाछो ज्यारे संस्कार थाय त्यारे शुद्ध थाय. कदी एम शंका थाय के एक सोनु न लेवाय पण बीजो कांई पदार्थ तो लइने संघरातो हशे तो तेनु समाधान एज के एम करवामां पण सन्यासीने दोष लागे छे. जो वेचवानी बुद्धिथी अन्न, वस्त्र, के कंई बीजुं संघरे तो तेनी किमतना जेटला पैसा थाय अने ते पैसानुं जेटलुं सोनु आवे तेटलुं सोनु संघरवानो दोष तेने लागे तेथी तेटली विष्टानु भक्षण कर्ये शुद्ध *थाय. संन्यासीने जे मळ्युं ते पोताना प्राणने आहुति आपी अने शरीरने वस्त्रथी ढांकी बाकीनुं बधु तजी देवुं. जो कदी वे पैसा पासे राखे तोपण ते पैसानु जेटलु सोनुं आवे तेटलो तेने दोष लागे. माटे सर्वनो त्याग करवो जोईए. आटला माटेज छे कह्युं छे के—

यतीनां कांचनं दद्यात् तांबुलं ब्रह्मचारिणे ।
दस्युनामभयं दद्यात् स दाता नरकं व्रजेत् ॥

सन्यासीने जे सोनुं आपे, ब्रह्मचारीने जे बीडु आपे, माव मने, चोरने जे अभय आपे, ते सघळा देवावाळा नरकमां जाय छे.

आवी रीते कहेलुं छे. तेमां पण एज समजवानुं छे के सन्यासी अने ब्रह्मचारीए कनक कामनी तजवां जोईए अने ग्रहस्थाश्रम तथा वानप्रस्थाश्रमवाळाए जो कह्याप्रमाणे राखी शकाय तो राखे नहि तो तेपण त्याग करे केम के अनर्थनुं मूळ एजपदार्थ छे. एनाथी जगत्‌मां केटला केटला अनर्थ थाय छे तेथी कोईपण अजाण्युं नथी

निरंतर गुरुना मुखथी वेदवचन सांभळवां एज सांभळवानु छे. वेदचन एटले ब्रह्मना निश्चयनां जे वचन होय ते वेदवचन केहेवाय छे. तत्वसारमां लख्यु छे केः—

ब्रह्म चिद्रूपतो नित्यं महाबीजं निरामयं ।
अवाग्जं प्रणवस्याद्यं सवेदमचलं ध्रुवं ॥

* साराश तेने सोनु अने विष्टा बराबर छे.

ब्रह्म चिद्रूपथी नित्य छे, महाबीजरूप एटले सर्वना बीजरूप छे, निरामय एटले मायाना मेल रहित छे, वाणीथी बोलातु नथी, प्रणव एटले ओंकारनुपण आदि छे, वेदसहित छ चळे नहि तेवु छे अने निश्चय रूप वेद छे

साराश ए समजवो के आवा सत्पुरुपना सारो बोध आपनारा वचन सारे मार्गे चलावे छे अने निर्मळ मन करे छे ब्रह्मस्वरूपने ओळखावे छे माटे ते वदवचन जेवा समजवा अने तेवा सत्पुरुपोना सारो बोध आपनारा वचननेज निरतर साभळवा बीजा बधनकारक ससारीओना वचन के विपयादिकना गीतो साभळवाथी कशु कल्याणा थतु नथी कल्याण करनारा ब्रह्मवेत्ता खरा ज्ञानी सत्पुरुषोनाज वचन छे अने एटला माटेज ससारसबधी वातोनो अनादर राखी निरतर ते साभळवा योग्य छे

के हेतवो ब्रह्मगतेस्तु संति
सत्संगतिदानविचारतोपा ।
के संति सतोऽखिलवीतरागा
अपास्तमोहा शिवतत्वनिष्ठा ॥ ९॥

अर्थ

शिप्य—हे गुरु! ब्रह्मगतिना हेतु कोण छे?

गुरु—सत्सगति, दान, विचार, अने सतोप ए चार ब्रह्मगतिना हेतु छे

शिप्य—हे गुरु! सत कोण केहेवाय?

गुरु—जेओनी सर्वमाथी आसक्ति उठी गइ होय ने वैराग्य थई गयो होय, जेओए मोहने मटाडी नाख्यो होय अने जेओ शिवतत्व एटले परब्रह्म इश्वरमा निष्ठा राखनारा होय ते सत केहेवाय

टीका

ब्रह्म गतिना हेतु चार कह्या तेमा पेहलो सत्सग छे जे ठेकाणे रूडा पुरुपोनी ससारनतु बधन कापनारी अध्यात्मशास्त्रोनी कथा थती होय अने ए कथाना उपदेश प्रमाणे पोते वर्त्तता होय अने बीजाने वर्त्तावता होय त सत्सग

केहवाय. एवा सत्संगथी अपूर्व कल्याण एटले पोतानां शुद्धस्वरूपनु ज्ञान थाय. ईश्वर पार्वतीना संवादमां कह्युं छे के:—

सत्संगश्चविवेकश्च निश्चलं नयनद्वयं ।
यस्य नास्ति नरः सोधः कथं न स्यादमार्गगः ॥

सत्सग अने विवेकरूप कोई दिवस न खसे एवां दृढ नेत्र जेने न हाय ते आंधळो केहवाय छे अने जे आंधळो थयो ते अवळे मार्गे जनारो केम न थाय?) अर्थात् सत्सगने विवेक वगरना आंधळा पुरुषो अवळे दुःख-दायक रस्ते चडी जाय छे.

कोई एक आंधळो होय ते घणुं धन खरची कारीगर पासे सुंदर घर बंधावे ने तेमां खीलीयो मूके ते खीली तेमां रेहेनार आंधळाने वागे तेथी बीजो जे देखतो होय ते खीली न वागवानी संभाळ राखवानु आंधळाने कहे अने पोते तो देखतो होय एटले वागेज शानी? विवेक वगरनो ते आंधळो. बुद्धि ते द्रव्य. शास्त्रजाणनार ते कारीगर. शास्त्रजाणनार पासे अभ्यास करवो ते इमारत. अभ्यासमां अनेक प्रकारनां स्थळ ते भीतमांनी खीलीयो. अने एक स्थळनी वात बीजे स्थळे थाय ते वागवुं. सारांश एके गमे तेटलुं भणेलो होय ने भेद जाणतो होय तो पण विवेक वगरनो होय तो आंधळाने जेम पोतानां घरमां पोते नखावेली खीलीयो पोताने वागे छे, तेम पोतानी विद्या पोताने दुःख दे छे. ने जे सत्सगवाळो ने विवेकी छे तेने बोध करे छे अने पोते विवेकी छे तेथी तेमां भूल खातो नथी. माटे सत्संगनो महिमा मोटो छे. केमके—


जाड्य धियो हरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्ति
सत्संगतिः कथय किं न करोति पुसाम् ॥

आ हुं आ मारू एवा प्रमाणना बुद्धिना जडपणाने मटाडे छे, वाणीमां सत्य बोलवापणु मेले छे अर्थात् वाणीनी कठोरता मटी जई पोताना जेवा बीजाने जणावी परने पीडा थवाथी दोष लागवानी समजण आपी मारुं अने प्रिय बोलवानुं शीखवे छे, देहबुद्धि मटी आत्मबुद्धि थवारूप मोटाइना उदयने देखाडे छे; आम थवा कायिक वाचिक विगेरे पापने दूर करावे छे; चित्तमांथी काम क्रोधादिक मेलने दूर करावी निर्मळ करावे छे; अने एवा शुभ मार्गमां प्रवर्त्त थवाथी दिशाओमां कीर्ति करावे छे माटे सत्सगति शुं शुं नथी करती?

(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૭ મુ. આશ્વિન, સંવત્ ૧૯૬૫. અંક ૧૨ મો.



॥ यतो धर्मस्ततो जय ॥

व्यवस्थाविना काम एके न थाय

भुजंगप्रयात

સદુદ્યોગની વાત શાને વિસારો, વળી શું કરો સાન ખોટા વિચારો?
સુવિધાવિના ભૂત ઝાઝાં ભરાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
ભણે કોણ કયાં એક વિદ્યા વિવેકે, રહે કોણ સત્કર્મમાં એક ટેકે,
કુંપે કડાકૂટમાં કાલ જાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
જમે ને રમે કે ભમે વાટ ઘાટે, થશે શું ન તેનો લગારે ઉચાટે,
ગયો કાળ જો તો પછી શું કરાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
ભણ્યા ભાષણો ભાર રાખી સભામાં, લઈ લાકડી હાથને ટેકનામ,
ભલે લોકના ચિત્ત ચોપે હરાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
ભલે હોય પાસે વધારે રૂપૈયા, ભલે બારણે બેસતા હોય ભૈયા,
ભલે બુદ્ધિએ યોગને પૂગાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
ભણાવાય ભાને ભલે સ્ત્રીજનોને, ગણાવાય જ્ઞાનીજનોમાં ગુણોને,
ભલે ધર્મની વાત ધારી વદાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
ભલે કાલ કે દેશ સારા તમારા, ભલે બાલિયે બાલકાકાજ ધારા,
ઘણા વાટ સાગ નઠારા ઘડાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
સુધારો કરો સંચરો કાં વિદેશે, ઝિઝાવો ભલે લોકને કૈક વેશે,
ભલે ઢોરડા રાત દાડો તણાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
વ્યવસ્થાવડે સૃષ્ટિ આવી રચાઈ, વ્યવસ્થાવડે બાઇ ભોજન ભાઇ,
ખગ લાભનું પાત્ર એથી થવાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય
વ્યવસ્થાવડે પક્ષિયો માળ બાંધે, વ્યવસ્થાવડે ઈશ સમત સાધે,
વ્યવસ્થાવડે સર્વનો જન્મ થાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય

અહો પૃથ્વી પાણી અને આભ એવાં, જુવો વસ્તુઓ ચંદ્રસૂર્યાદિ જેવાં;
વ્યવસ્થાવડે લોક સર્વે રચાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભણો કે ગણો કે ઘણો ડોળ ઘાલો, બની ને ઠની માર્ગમાં મોજ માલો;
નથી કામનું કોય સાચું સહાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ભુખે જાય છે પ્રાણ ને દુઃખ દાડી, નથી બુદ્ધિને કામમાંહી લગાડી;
અરે હાયરે નીર આંખે ભરાય, વ્યવસ્થા વિના કામ એકે ન થાય.
જુવો યંત્રતંત્રો વ્યવસ્થાસ્વરૂપે, વ્યવસ્થાવિના કાં પડો અંધકૂપે?
વ્યવસ્થા કરો તો સુખેથી તરાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ગયાં રાજ્ય ને પાટ ક્યાં ઠાઠ એવા, થયા આપણે કાષ્ઠની નાર જેવા;
રહો શું હવે શેષમાં રંક-રાય, વ્યવસ્થાવિના કામ એકે ન થાય;
અરે દેશની દાઝ તો લેશ લાવો, તમારૂં તમે માન મોટું નભાવો;
સુવો કાં હવે સોડ તાણી સદાય? વ્યવસ્થાવિના કામ એકે ન થાય.
ફરે સર્વ તે પથ્થરે જેમ પાણી, વ્યવસ્થા વિના સર્વ છે ધૂળધાણી;
પગે કેશવાધીશને જો પડાય, વ્યવસ્થાવિના કામ તો સર્વ થાય.

अंतःकरणपरीक्षणविषे.

અંતઃકરણ એ કોઇ વિચિત્ર પ્રકારનીજ અદૃશ્ય વસ્તુ ઈશ્વરે સ્થૂલ શરીરને હાલતું-ચાલતું કરવાને બનાવી તે શરીરમાં મનુષ્યમાત્રનેવિષે મેલેલ છે. એ સમયપરત્વે જુદું જુદું કાર્ય કરી શકવાનેલીધે તેનાં મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર એવાં ચાર નામ પડેલાં છે. જાતે પ્રથમથી શુદ્ધ છે પરંતુ પારસની પેઠે જેવો સંગ થાય તેવો તેમાં રંગ દેખાયછે. એ સ્વભાવે શુદ્ધ અંતઃકરણ નિર્મળ હોય તેમાં પ્રથમથી જે છાપ પડે છે તેજ પડેછે. સારી છાપ અને નઠારી છાપ એવા બે ભેદ છે. સારી પડી હોય તો કસુંબાના રંગની પેઠે તેને ઉપટી જવાની બીક ખરી, પરંતુ નઠારી છાપ પડી હોય તો ગળીના રંગની પેઠે તેને ઉપટવાની બીક નહીં. અંતઃકરણ પ્રથમ શુદ્ધ રૂપમાં હોયછે. ક્રમે ક્રમે મનનપણું, નિશ્ચળપણું, ચિંતવનપણું, અને અહકારપણું પોતામાંજ ધારણ કરેછે. પછી હર્ષ-શોક આદિ દ્વંદ્વધર્મ અને કામક્રોધાદિક દોષો તથા દયા મૈત્રી આદિ ગુણો પોતે પોતામાંથી પ્રકટાવેછે. જે ગુણ-દોષ પોતે પ્રકટાવેછે તે ગુણ-દોષરૂપ પોતે થઇ જાય એવું તે નબળુંછે. સારૂં માઠું હર્ષ શોક

પાપ પુણ્ય એ સઘળુ અંતઃકરણની લાગણી ઉપર છે બંધન મોક્ષ એ પણ અંતઃકરણના ભાનથી થાય છે આવુ સમર્થ અંતઃકરણ છે તોપણ તેની પરીક્ષા કરવી એ અવગામા અઘરૂ કામ છે અંતઃકરણની પરીક્ષાનુ સાધન શરીર અને વાણી વિગેરેની ક્રિયા છે ઉપરની ક્રિયા ઉપરથી અંતઃકરણનું લોકો પ્રમાણ બાંધેછે સાધુ પુરૂષના મન વચન ક્રિયા એક હોયછે તે પ્રમાણે તો સત્પુરૂષોનુ અંતઃકરણ ઓળખાઇ જાય ખરૂ તોપણ ઘણા વિરાગી પુરૂષો ગુપ્ત રેહેવાનેમાટે ઉપરથી ઉન્મત્તના જેવા આચરણ રાખેછે તેથી તેવા સમયમા માણસો ભૂલ ખાઇ જાય છે વ્યવહારમા પણ અનેક પ્રકારના આશયોનેલીધે અનેક પ્રકારની ક્રિયાઓ, મનમાથી, મન વગર અથવા માત્ર ખોટી પણ કરવી પડેછે તો તે વખતે અંતઃકરણને ક્રિયા ઉપરથી પારખતા મહા અનર્થ થઇ જાયછે સુજનોના મન વાણી ક્રિયા એક હોવાથી અંતઃકરણ ઓળખવાનુ બનેછે તેમ દુર્જનોના પણ તેથી વિપરીત વિષયમા મન વાણી ક્રિયા એક હોવાથી તેના અંતઃકરણની પણ પરીક્ષા થઇ જાયછે, પરતુ સુજનોમા ખપવાને હેરછતા દંભી દુર્જનો, ઉપરથી સદાચરણ દેખાડેછે તેથી લોકોના નિશ્ચયમા અને પરીક્ષામા ઘણો ભુલાવો થઇ જાયછે એક મુઝાએલા વિવેકીએ કોઇને પુછ્યુછે કે —

સજ્જનો ને દુર્જનોનુ સારૂ ને નરતુ અરે,
અંતઃકરણ શી રીતે, ઓળખી કાઢવુ કહો ?

આ ઉપરથી સુજનતાની, દુર્જનતાની કે સારા માઠા અંતઃકરણની ગભીર વિષયમા ખબરજ નથી પડતી એમ જણાય છે જો ખબર પડતી હોય તો ઘણા ઘણા પ્રસગમા એવી મોટી ભૂલો પ્રતિષ્ઠિત ચતુર અને વિશ્વાસુ માણસને થાય છે કે બીમા કોઇ કોઇ કાર્યના પ્રસગથી "આ તો દુર્જન છે" અથવા "આ તો સજ્જન છે" એવો લોકો બીજાની ઉપર આરોપ મેલીને તેને દૃઢ માની બેસે છે અને માન્યા પછી જે જે પ્રસગ જોવામા આવે તે અનુકૂળ હોય તોપણ પ્રતિકૂલ લાગવાથી, કરી રાખેલો નિશ્ચય દૃઢ થતો જાય છે આ તો સામાન્ય વાત છે પણ સગા, સબધી, મિત્ર, પુત્ર, કે કલત્રના અંતઃકરણનેમાટે પણ એજ વાંધો આવે છે અંતઃકરણની પરીક્ષા નહિ થઇ શકવાનેલીધે ઘણીવાર માણસોએ કાચમા મણીપણુ દીઠુ છે અને મણીમા કાચપણુ દીઠુ છે આમ બેય રીતે ઠગાવાનુ કારણ અંતઃકરણની ગભીરતાજ છે પાર આવે તો આવનારને આવી જાય, નિકર

સમુદ્રનો પાર આવે તોપણ મનુષ્યના અંતઃકરણનો પાર આવતો નથી એમ કહીયે તોપણ કહેવાય. શુદ્ધ અંતઃકરણવાળા માણસો પોતાનું પવિત્ર અંતઃકરણ બીજાના જાણવામાં નહિ આવતાં વિચિત્ર પ્રકારના અપવાદો સાંભળી ઘણીવાર ખેદ કરે છે, તેમજ મલિન અંતઃકરણવાળા માણસો પોતાનું અપવિત્ર અંતઃકરણ બીજાના જાણવામાં નહિ આવવાથી કોઇ કારણસર મળેલા યશથી રાજી થાય છે. આવો પ્રસંગ પણ ઘણી વાર બને છે. ઘણી વાર એકથી વધારે માણસમાં એકબીજાના અંતઃકરણની પવિત્રતા જણાઇ ગયેલી દેખાય છે; તેનું કારણ એકબીજાએ પરસ્પર પોતાના સુખમાટે માની લીધેલી જડતા છે કે જે જડતા અતિ સુખરૂપ દેખાય છે. આવા પ્રસંગમાં પણ કોઇ દુર્જન વચમાં લીલા કરનાર મળી જાય તો એ એકબીજાને નિશ્ચયે રહેલાં અંતઃકરણો માંહિથી ઉદાસ થઇ જાય છે તે જો ઓળખવામાં આવતાં હોય તો ઉદાસ કેમ થાય? નલરાજા જેવા પુણ્યશ્લોકને દમયંતી ભૂખનેલીધે ખોટું બોલી એવો વેહેમ કેમ આવે? મર્યાદાપુરૂષોત્તમ શ્રીરામચંદ્રજીજેવા અને લક્ષ્મણજેવા ઈશ્વરાવતારો મારીચના કૃત્યથી કેમ અજાણ્યા રહે? અને શ્રીરામ પોતાનાં અર્ધાંગરૂપ સિતાજીને કેમ તજી દે? ઘણે ઘણે ઠેકાણે અંતઃકરણની પરીક્ષા નહિ થવાનેલીધે જ્યારે કાંઇ વિપરીત બનાવ બને છે ત્યારે મહા અવિશ્વાસ ઉત્પન્ન થાય છે. અને એ કારણનેલીધેજ મહા પવિત્ર અને નામાંકિત કુટુંબો તથા રાજ્યો ઉધાંવળી ગયાં છે અને વળી જાય છે. અંતઃકરણ કાંઇ નિરંતર અવિચ્છિન્ન એક રંગીજ રેહેતું નથી. તેમાં ઉત્પન્ન થતા સારા માઠા વિકારોથી અનેક રંગે થાય છે. અને તેમાં કાર્યની વિચિત્રતા ભળવાથી વિશેષ વિચિત્રતા થાય તે વળી જુદી. માણસમાં માણસપણું, દેવપણું અને રાક્ષસપણું એપણ અંતઃકરણની શુદ્ધતા ઉપર આધાર રાખે છે. અને શુદ્ધતા ઓળખવાનું સાધન જો શોધવા જાઇએ તો ઉપરની ક્રિયા શિવાય આખા જગતમાં કોઇપણ બીજું સાધન બતાવી શકતું નથી. અને આમજ છે ત્યારે લોકોને જે ઉદ્યમ કરવો તે કેટલો બધો સંદેહવાળી દશામાં આવી પડે? પણ એમ તો બનતુંજ નથી. જન્મ થયો એટલે આજ કે સો વરસે મૃત્યુ અવશ્ય છે તોપણ લોકો વ્યવહારની ક્રિયાઓ કરવામાં પાછું વાળી જોતા નથી તથા અંતઃકરણ ઓળખાતું નથી તોપણ તે વાતને નહિ ગણકારતાં પોતે પ્રકટ સ્વાર્થમાટે જાણવાની અને જણાવવાની ઇચ્છા કરી છે. સારૂં માઠું હર્ષ શોક

કરતા કોઇ કોઇ મહા સંતોષસુખને પામેછે પણ બીજી રીતે એ ની વાત એ છે કે જેજે ક્રિયાઓ પવિત્ર મનના મહાત્માઓ કે પ્રેમી માણસો કરેછે તે ક્રિયાઓ બીજી નીચ લોકો અને કોસનાવી ફોની ખાનારા લોકો પણ કરેછે, ત્યારે પછી પરીક્ષા તે શી રીતે થઇ શકે? સમાન શીલ અને વ્યસનવાળાને મિત્રાઇ થાયછે એમ ઘણા કહેછે પરતુ તે પરીક્ષા પણ પરસ્પર ઉપરથી થતા આચરણોથી માની લેવાનીજ હોય છે ધન વિદ્યા અવસ્થા અને વયમા સમાનતા લાગે એટલે આપણને સમાન છે એમ માનવામા આવે છે; લોકોપણ એવા ઉપરના દેખાવથી સમાનતા માની લે છે સાધારણરીતે તો વિદ્વાનોએ એવો નિશ્ચય કર્યો છે કે मन सलक्ष्यते पुंसा वागाचार क्रियादिभिः (માણસનું મન વાણી આચાર અને ક્રિયા આદિ ઉપરથી જાણવામા આવે છે] આ વાત ભૂત કાલના અને વર્તમાન કાલના મહાપુરૂષોના ચરિત્રરૂપ ખ્યાલાથી માન્યાનગર પણ ચાલતી નથી તોપણ ઘણીવાર ઘણા પવિત્ર ગણાએલા માણસોના વાણી, આચાર અને ક્રિયા વિગેરે સર્વમાન્ય હોય તોપણ તેના અંતરવિષે કેટલાકો જુદી કલ્પના કરે છે તેનુ કારણ શુ? કારણ એજ કે અંતઃકરણ ઓળખાતુ નથી એવો એક સાધારણ નિયમ છે કે જે જે પદાર્થો ઈંદ્રિયગોચર હોય તે પદાર્થોનીજ પ્રત્યક્ષ પ્રમાણથી પરીક્ષા થાય છે સાકાર પદાર્થ માત્રજ ઈંદ્રિયગોચર હોય છે જે નિરાકાર છે તે ઈંદ્રિયગોચર શી રીતે થાય? આખ દેખે, કાન સાભળે, હાથ સ્પર્શ કરી જુવે, જીભ ચાખી જુવે, અને નાસિકા સુઘી જુવે તે સર્વ આકારવાળી વસ્તુનીજ પરીક્ષામાટે છે અંતઃકરણ તો એવો પદાર્થ છેજ નહિ કે કોઇરીતે તેની પરીક્ષા થાય અને એમ પણ જણાય છે કે એવી અંતઃકરણની પરીક્ષા જો જગતમા થતી હોત તો આજે જે કાઇ પણ સુખશાંતિવાળો વ્યવહાર ચાલે છે તે ચાલત નહિ, કારણકે અંતઃકરણના મેલ પરસ્પર દેખાઇ જવાથી કોઇ કોઇનો વિશ્વાસ કરત નહિ અને પરસ્પર સ્નેહ બંધાત નહિ મનુષ્યને સર્વ શક્તિ આપીને પરમેશ્વરે જેમ મરણની બાબતમા પરતંત્ર રાખ્યુ છે તેમ અંતઃકરણ ઓળખવાની બાબતમા પણ પરતંત્ર રાખ્યુ છે આપણને ખબર છે કે ક્ષણભંગુર શરીરનો ક્ષણવાર પણ ભરોસો નથી તેમ છતા માયા બાંધીને સો વર્ષ દીઠુ છે અને મરણ આશાએ સઘળો વ્યવહાર કરીએ છિયે તેમજ અંતઃકરણની ગંભીરતા તોપણ તેને ઓળખવાને અને વ્યવહાર કરવાને

આપણે પશ્ચાત રેહેતા નથી અને પરિચયથી સ્વાર્થ પ્રમાણે સારૂં નરતું માની લઇ જેમ ગમે તેમ વરતિયે છિયે અને અંતઃકરણ ઓળખાચું માની લઇએ છિયે. પણ શું પવિત્ર અંત કરણ હોવાની ખાત્રી છતાં પણ કાંઇ ભ્રાંતિ થાય તો એ પવિત્રનેમાટે આશંકા નથી આવતી? આવ્યાવિના રહેજ નહિ. એનું કારણ એની નિરાકૃતિજ છે. આકાશ પોતે નિર્મળ છતાં અનેક રંગ પોતામાં દેખાડે છે તેમ અંતઃકરણ નિર્મળ છતાં અનેક રંગ દેખાડે છે. 'જેવે પ્રસંગે જેવો રંગ જેના અનુભવમાં જે પ્રકારે આવ્યો તેવા રંગથી સામો માણસ સામાનું તેવું અંતઃકરણ માની લેછે અને રંગ બદલાઇ જતાં પણ તેનેમાટે થઇ ગયેલો નિશ્ચય ફરતો નથી. પોતાનું અંતઃકરણ જેને મલિન હોય, તે પોતાની મલિનતા ઢાંકવાને સામાન્ય પ્રયત્ન કરે છે પરંતુ તેમાં કદી તે બહુ સફલ ન થાય તો તેને વધારે ખેદ થતો નથી. જેનું અતઃકરણ નિર્મલ હોય તે પોતાની નિર્મલતા દેખાડવાને વધારે પ્રયત્ન કરે છે કેમકે જેવું હોય તેવું બીજાને ન જણાય તો અત્યંત ખેદ થઇ જાય છે. એમ ઘણીવાર વ્યવહારમાં બને છે. જેઓને લોકૈપણા હોય છે તેને તેમ થવાનો સંભવ છે. શુકદેવજી જેવી સ્થિતિવાળાને તો કોય જાણે તો પણ શું અને ન જાણે તોપણ શું? પોતા શિવાય જગતમાં બીજું કાંઇ દેખતોજ ન હોય તેને પછી જાણવા જણાવવાનું શું રહ્યું? કાંઇ રહ્યું નહિ. જે કાંઇ છે તે વ્યવહારનેમાટેજ છે. આપણું પોતાનું અંતઃકરણ આપણે સારી રીતે જાણી શકિયે એ લાભ એક મોટામાં મોટો છે. આપણે જેવું આપણું ધાર્યું હોય તેવું અંતઃકરણજ લોકોના જાણવામાં આવે એવી કાળજી રાખિયે છિયે અને તેમાંનો કોઇ બીજો રંગ ઉઠેલો અન્યના જોવામાં આવતાં તેઓ તેવુંજ ન માની બેસે તેનેમાટે કાળજી રાખિયે છિયે. પરંતુ બીજાના અંતરનો નિશ્ચય કરવા વખતે તેવો નિશ્ચય નથી રાખતા. સામાં એકાદ રાખતો હોય તો કોણ જાણે. કેટલીકવાર એમપણ થાય છે કે કોઇપણ કારણપરત્વે કોઇની ઉપર સ્નેહભાવ બંધાયો હોય તો તેના ગમે તેવા અંતઃકરણની પવિત્રતાજ માનવામાં આવે છે. વળી ક્યાંઇ ક્યાંઇ એવુંપણ અનુભવાય છે કે અંતઃકરણ જગતમાં પરિચયમાં આવનારાં મનુષ્યને અનુકૂલતા પ્રમાણે પાત્ર કલ્પે છે અને તેમ કલ્પ્યા પછી તે એક પાત્રમાટે અતિ પવિત્ર ભાવ રાખેછે અને બીજા પ્રતિકૂલ પાત્રમાટે અપવિત્ર ભાવ રાખેછે. આમ કરતાં છતાં પણ સામાં પાત્રોને પાછું તે પ્રમાણે સુજી આવતું એ નિશ્ચયવાળુ

હોતુ નથી । પણ એમ તો વખતે થાયછે કે દૈવયોગથી મજેના પાત્રો પોત પોતાના મનમા પરસ્પર એકબીજાઉપર પવિત્રતા વરાને તો કોઇ અલૌકિક સબન અથવા સ્નેહ બધાઇ અનિર્વચનીય સુખ મળે છે પણ આમ થાય છે કે નહિ એની પણ ખાતરી અનુમાન શિવાય બીજી એક રીતે કેમ થઇ શકે ? કોઇવાર એમ બનેછે કે પોતાના અંતઃકરણનો ભાવ જણાવવા, હોય તે કરતા હજારગણુ વાણીથી વધુવે તોપણ સામાને તે સમજાતુ નથી અને કોઇવાર હોય તે કરતા દશાશ દેખાડે તોપણ સામાને સોગણુ લાગેછે આ વી રીતે દેખતભુલીના દાખલાની પેઠે અંતઃકરણની પરીક્ષાનુ ઘણી વાર બનેછે કોઇવાર એમ બને છે કે પોતે મલિન છતા તે મલિનતાને જો ગુણરૂપ ગણવામા આવતી હોય તો બીજાની શુદ્ધતા મલિનતાવાળાને મલીન લાગેછે કોઇવાર એમ પણ બનેછે કે પોતે શુદ્ધ અંતઃકરણવાળો હોય તો બીજાના અંતઃકરણની કોઇ એક વિષયમા શુદ્ધતા માનવામા વિલંબ કરતો નથી જગતમા સર્વ મનુષ્યોનો બે પ્રકારનો નિશ્ચય હોયછે । એક સારો અને બીજો માઠો પછી દેશ કાલ જાતિ સ્વભાવને અનુસરીને સૌ પોતાને અનુકૂલ તે સારુ અને પોતાને પ્રતિકૂલ તે નરતુ એમ ધારો એમ તે વાત જુદી મારા માઠા વિષયમા અંતઃકરણ એવી વલણ પકડેછે કે । કોઇનેમાટે નઠારો નિશ્ચય બાંધી દેવો હોય તો એકતરફી ન્યાયની પેઠે જરાએ વાર લગાડતુ નથી, પણ સારો નિશ્ચય બાંધવો હોય તો દીર્ઘસૂત્રીના પેઠે બહુ વાર લગાડેછે અને તેમા પણ કોઇનેમાટે નઠારો નિશ્ચય થઇ ગયો હોય તો તો પછી સારો થવાની આશાજ શાની? અંતઃકરણ પોતે પોતામાથીજ કેટલાક ગુણોને પેદા કરીને તે ગુણોનો રગ પોતે લઇ લે છે અને પછી તે પ્રમાણે ક્રિયા કરાવે છે એમ ઘણીવાર બને છે અને કોકવાર એમ પણ બને છે કે અંતઃકરણમા હોય તેના કરતા વિપરીત ક્રિયાપણ થઇ જાય છે । આનો ગોટાળો હોવાથી લોકસુધારકને ઘણીવાર અપાર ચિંતા થાય છે અથવા કોઇ પ્રેમપાત્રને પણ ઘણીવાર એનીએજ ચિંતાથી સસાર અસાર લાગે છે આવા વિચિત્ર ગોટાળામાપણ સામાન્ય રીતે સૌ અંતઃકરણ ઓળખવા જાતુ પ્રયત્ન ચાલુ રાખે છે, કેમકે તે વગર આ દેખાતો વ્યવહાર ચાલી શકતોજ નથી અંતઃકરણ સ્વાધીન રાખવાની વસ્તુ છતા તે સ્વતંત્ર થઇને પોતાનાજ કોશને કોઇવાર દેવ, કોઇવાર મનુષ્ય, કોઇવાર બદ્ધ, કોઇવાર મુક્ત, કોઇવાર મૂર્ખ, કોઇવાર વિદ્વાન, કોઇવાર અવિચારી,

કોઇવાર સુવિચારી, કોઇવાર વિવેકી, કોઇવાર અવિવેકી, કોઇવાર પશુ, કોઇવાર રાક્ષસ, કોઇવાર સર્વોપરી અને કોઇવાર દીનમાં દીન બનાવી દે છે. આમ પરમેશ્વરની પેઠે વિચિત્ર વેશ લેવરાવનારને પરમેશ્વરની પેઠેજ ઓળખવું કઠણ પડે એમાં આશ્ચર્ય નથી. નોખા નોખા વેશ લેવરાવતું અંતર પણ જ્યાંસુધી મર્યાદાની સીમામાં હોય છે ત્યાંસુધી માણસ મનુષ્યની ગણતીમાં ગણાય છે. અને જે સમયે મર્યાદા મેલીને અંતઃકરણ સાવ સ્વતંત્ર થાય છે, ત્યારે પછી માણસની ગણત્રી માણસ છતાં પણ માણસમાં થતી નથી. માણસનું માણસપણું અંતઃકરણનેજ આધીન છે. અંતઃકરણને સાવ વશ કરી દઇ સ્વાધીન રાખનાર અથવા મારી નાખનારની જેવી સ્થિતિ દેખાયછે, તેવીજ સ્થિતિ સ્વતંત્ર અંતઃકરણ થઇ જવાથી વિકલ થયેલાની દેખાય છે. તે પ્રસંગે વિકલ કોણ અને સિદ્ધ કોણ એ કળી શકવું બહુ કઠણ પડે છે. જડભરતને ચોરના રાજાના ચાકરોએ નરપશુ ગણીનેજ દેવીનુ બલિદાન કરવાની આશાએ પકડયા હતા પણ છેવટ તે સિદ્ધ પુરૂષને કુશળ રાખી જગદંબા તેને લઇ આવનાર લોકોનેજ ભોગ લેવા તૈયાર થઇ ગયાં. જો ભરતજીનું અંતર જાણવામાં આવ્યું હોત તો એ લોકો એને ઓછાયે પણ ઉતરત નહિ. પરીક્ષિત રાજાએ ઋષિના ડોકમાં મરેલો સર્પ નાંખ્યો તેથી પોતાને તક્ષક નાગ કરડવાનો શાપ લાગ્યો અને સાત દિવસમાં રાજ્યપાટ મેલી મરવુ પડયું. અંતઃકરણ ઓળખાતું હોત તો એમ બનત નહિ. અંતર નથી ઓળખાતું તેથીજ વાણીની ઉપર સત્ય ભરોસો રાખી લોકો વ્યવહારની લેવદેવ કરે છે અને પરસ્પર સંપ સ્નેહ બાંધે છે. એક કોઇ ગૃહસ્થને વૃદ્ધાવસ્થાએ બે પુત્ર કિશોર અવસ્થાના હતા. નાનો ભણવાના અને વ્યવહારના કામમાં કુશળ હતો અને મોટો તે કામમાં મંદ હતો. પ્રસંગોપાત્ત મોટાને શીખામણમાટે બે વચન કહેવાની જરૂર લાગી, કેમકે પુત્રનું કલ્યાણ જોવાને માવતર ખુશી હોય છે. આ ઉપરથી મોટા પુત્રે પિતાજીનું પવિત્ર અતઃકરણ છતાં તેને એક તરફ વળેલું અને અપવિત્ર માન્યુ. આથી પરિણામ એ આવ્યું કે પિતાને અસંતોષ રહ્યો અને પુત્રની સ્થિતિ નબળી આવી ગઇ. આવી ભ્રાંતિયો ભાઇઓમાં, સ્ત્રી-પુરૂષોમાં અને સગા સંબંધીયોમાં ઘણીવાર ઉઠેછે એ અંતર નહિ ઓળખાવાથીજ. અંતઃકરણ ઓળખાતું હોત તો જગતમાં લુચ્ચા લોકોની લુચ્ચાઇ ચાલત નહિ અને ખરા હિતપી ઉપર કોઇ દિવસ

ભ્રાંતિ થાત નહિ તથા સત્પુરૂષ ઓળખાઇ જવાથી સર્વ લોકો તેની સેવા કરત, આજે સારા માઠાની દશા ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા જેવી થઇ ગઇ છે તે અંતરની પરીક્ષા હોત તો થાત નહિ. 'વિભગ દિવ' એમ ઘણી વાર માણસો બોલેછે પરંતુ ખરું તપાસતાં તેની પણ વિપરીત દશા થાયછે. જો રામચંદ્રજી મને છોડી દેવાના છે એમ સીતાએ જાણ્યું હોત તો લક્ષ્મણ સાથે વનની શોભા જોવામાટે પતિએ આપેલા વચનને અનુસારે શું કરવા વનમાં જાત? એક સારા કુળમાં જન્મેલી સ્ત્રી સમાનશીલ પતિને પામીને ભક્તિથી પરિચર્યા કરવા લાગી અને પરસ્પરની અનુકૂળતાથી સુખસંતોષનો વધારે થતાં દિવસો આનંદમાં જવા લાગ્યા. આમ છતાં પણ સ્ત્રીના ભક્તિની પૂરું પરીક્ષા નહિ થવાથી ભ્રાંતિ દેવીએ પતિના મનમાં પ્રવેશ કર્યો અને તેથી જેમાં ભ્રાંતિએ પ્રવેશ કર્યો તે પાત્ર જીવતાસુધી અચિંત સ્થિતિમાં અસંતોષ પામતું રહ્યું. જગ તેણે ભક્તિભાવ જાણ્યો નહિ તેમ સામા પાત્રે પણ તેને ભ્રાંતિ થવાનું કારણ તથા અંતઃકરણ જાણી શકાયું નહિ કે જેથી તેનો અસંતોષ દૂર કરવા પ્રયત્ન કરે. અંતઃકરણ જુદે જુદે પ્રસંગે જુદાં જુદાં રૂપ ધરે છે અને પ્રસંગે જેવું અનુભવે તેવું પણ થઇ જાય છે. એ સર્વ પણ બીજાના અંતઃકરણ ઉપરથી પરીક્ષા કરવી તે અનુમાનથીજ થાય છે. કોઇ કોઇવાર તો પોતે પોતાનું અંતઃકરણ પણ જાણવું અશક્ય થઇ જાય છે, તે છાતીપર હાથ મેલી વિચારવાથી સહુ જાણી શકશે.

વાત આવી અટપટી છે તોપણ શુદ્ધ ભાવનાળા પાત્રોએ કશો ખેદ રાખવાની જરૂર નથી. ખરો હીરો કદી ધૂળમાં દટાએલો રહે તો પણ તેની સત્યતા તેથી જતી રહેતી નથી. જો અંતઃકરણની પરીક્ષા થાય તો સંતોષ માનવો અને ન થાય તો એવા અપરીક્ષક જનોપાસે પરીક્ષા થઇ તોપણ શું અને ન થઇ તોપણ શું? સમજુ માણસે પોતે પવિત્ર અંતઃકરણ રાખી સુખસંતોષ વધારવો અને પોતાના અંતઃકરણના સદ્ભાવનો પ્રસંગમાં આવેલાને લાભ આપવો. સર્વ વાતે પરિચય છે તે ગમે તેવી અગમ્ય પરીક્ષા પણ કરી શકે છે અને તેમાં કાળ છે તેપણ મુખ્ય કારણ છે. એ કાળના અંગમાં વાણી અને ક્રિયા એ સહાયભૂત થાય છે. આ માગથી બીજાનું અંતઃકરણ ઓળખવું અને પોતાનું ઓળખાવવું પ્રયત્નથી કરવું. વતું નથી એમ માનવુંજ નહિ. મહાપુણ્યવાન લોકો પરમેશ્વરને ઓળખો

છે. બીજાં હજારો બલ હોય પરંતુ ભાઇરૂપ બલ જો ન હોય તો બીજાં સઘળાં બલો નકામાં છે. હાથ વગર જો ઘડીવાર ચાલે તોજ ભાઇ વગર ચાલે છે. નિર્નિમિત્ત સ્નેહવાળા જો કોઇ જગત્‌માં હોય તો તે ભાઇઓજ છે. નિમિત્તને લઇને સ્નેહનું પાત્ર ગણાયેલી અથવા પ્રેમ દેખાડનારી સ્ત્રીઓનાં સાચાં ખોટાં મલિન વચનોથી છેતરાએલા જેઓ એવી વસ્તુની યોગ્યતા નથી જાણતા અથવા તેને ભારરૂપ જાણી સ્વતંત્ર થવા ઇચ્છા રાખે છે તેઓ ખરેખરા દુર્ભાગી અને સદાયનેમાટે પરતંત્ર રેહેનારા સંસારના સુખમાં કાંઇ સમજતાજ નથી. જગતમાં શું લઇ જવું છે ? પોતાનો ધર્મ અને સુવાસ છે તેજ આખર કલ્યાણ કારક છે. મારામાં કાંઇ વાક આવવાથી મને કદિ તેઓ વઢશે તો હું નીચું માથું કરી હાથ જોડી સાંભળી રહીશ. એ વખતે મારી યોગ્યતાથી તેઓ કેટલો સંતોષ પામશે? મારી બાલબુદ્ધિથી કદિ હું કોઇ સેવામાં ચુકી જાઇશ કે કાંઇ અપરાધ કરીશ તો તેઓ હસી કાઢીને શીખામણથી મને વિવેક સમજાવશે ત્યારે હું કેવો ભાગ્યશાલી થઇશ. એમની કૃપાથી મને કોઇ આંગળી પણ ચીંધી શકશે નહિ. મોટા મોટા રણસંગ્રામમાં એમની કૃપાથી હું નિશ્ચિંતપણે જય મેળવીશ. આખા રાજ્યનો ભાર કદિ મારા ઉપર નાંખશે તોપણ તે મને ફૂલના ભાર જેટલો લાગશે. અને કદિ કાંઇપણ ભાર નહિ નાંખે તો હું ઉપાધિ વિનાનો જે બનશે તે સેવા કરી આનંદમાં રહિશ. જીવતર આનંદમાં ગાળવું એજ સર્વ ઉદ્યમોનું પરિણામ છે તો પછી મારા જેવું બીજું કોણ ભાગ્યશાળી ? રાજનગરની પ્રજા પ્રતાપી પિતાજી ભૂપતસિંહના પાટવી કુવરને અસંભવિત રીતે ઘણે કાળે પાછા દેખશે ત્યારે તેઓ હર્ષમાં ઉભરાઇ જશે અને ગાંડી ઘેલી થઇ જશે ત્યારે બીજા હિતૈષીની શી વાત કરવી ? હું મારા આર્યભાઇ આગળ ભીમભાને ક્ષમા અપાવીશ ત્યારે તેપણ મારી ઉપર કેવા રાજી થશે ? કોઇની પણ પ્રસન્નતા મેળવવી એ ઇશ્વરપૂજનની બરાબર છે. આટલેસુધી આ પરિણામ આવવાની આશાનું મૂલ પ્રમાણિ કાકા હરિદત્ત છે. એટલામાટે મારે તો શું પણ મનુભા ભાઇને પણ તે પિતાતુલ્ય માનવા યોગ્ય અને કુલપરપરા પાળવા યોગ્ય છે." આમ વિચાર કરતા બાલુભા નિદ્રા દેવીને સ્વાધીન થયા. આમ હવે ભવિષ્યના સુખસંબધી વિચારોમાં સર્વના દિવસો જતા હતા. હરિદત્તે ઘરમાં બાઇ માણસની આવશ્યકતાથી જે લાછુબાઇને રાખ્યાં હતાં તેનું આ સ્થળે રેહેવું એ ભીમભા તરફના પ્રપંચથી

બહાર ન હોતુ એ એક દાસી જો સુલતાનપુર તરફના સર્વ ખબર આપ્યા કરે અને સર્વને વશ કરી લે તો તેને ભારે ઇનામ આપવાની સરતે બીજા રૂપમા અત્રે મોકલવામા આવી હતી તેણે ચાકર રહ્યા પછી જેટલા મળી શક્યા તેટલા ખબર મોકલ્યા અને છેવટ મામુભાને લાલચો આપી ભમાવી દેવાની યુક્તિ કરી તેમા તે ફાવી નહિ અને ઉલટો સર્વનો વિશ્વાસ પોતા ઉપરથી ઉઠના માડ્યો, તેથી તેને મનમા વિચારો ઉઠવા લાગ્યા કે " આટલી અવસ્થાસુધી મેં આ શુ કર્યું રાજનગરની ખટપટ હુ જાણુ છુ રાજનગરની ગાદીનો કોણ અધિકારી છે તે મારા સમજવામા છે તેમ છતા લાલચના પાશમા બનાઇને મેં ક્યાઇ પગ વાળ્યો નહિ અહીં આવીને પણ એજ કામમા મેં મન દીધુ પણ અહિં કાઇ મારી કારી ફાવે તેમ નથી હવે આવી એમ થશે કે અહીંથી પણ મને કાઢી મેલશે અને ત્યાના સ્વાર્થી લોકો સ્વાર્થમા પાર નહિ પડવાથી તેઓ પણ મને ગણશે નહિ મેં કેવી આજ દિવસસુધી ભૂલ કરી છે! હુ ગમે તેવો ડોળ કરીશ પણ મારુ કપટ અતર્યામી સાક્ષી બહાર જણાવ્યા વગર કેમ રહેશે? બાલુબા તો હવે મને મેડાયે પણ ચડવા દેતા નથી દુર્ગાકુવર બહુ રાખે છે તેનુ શુ જાણિયે શુ કારણ હશે? હવે શુ કરવુ? દેશાટણની વાતની ખબર મેં ભીમભાને ન આપી હોત તોપણ સારૂ હતુ હવે છેવટ કાઇ ઉપાય નથી હરિદત્તના પગમા પડીને તેની માફી માગીને કોઇ દિવસ તે છોડે નહિ તેમ કરવુ પછી તો રાજ્ય પણ એનુ થશે એટલે ભીમભાની કાઇ આપણે બીક નહિ રહે હુ સેવા કરવામા બહુ ડાહી છુ પરતુ મન મારૂ ચચળ છે તેથી તે સેવાનુ ફળ થવાને વખતે કાઇ અવળુ કરી બેસુ છુ ધિક્કાર છે આ અવતારને એક તો દાસીપણુ ભોગવુ છુ તેમા વળી આઘા પાછા કરૂ છુ હવે મારે એકમાર્ગી થવુ એવો વિચાર છે અહીંનુ અનાજ ખાઇને કદિપણ તેનું બુરુ કરવુ નહિ, તેમ તેની છાની વાત પણ બહાર પાડવી નહિ * ભીમભા આપી ને કદિ આપી નાખત તો શુ આપત? થોડુ જીવવુ તેમા આવડી ખટપટ શામાટે જોઇએ? દુનિયા તો સ્વાર્થી છે જ્યાસુધી હુ કાઇક તેને ખબર પોચાડીશ એવી આશા છે ત્યાસુધી તે મારી બે હાથે સલામ કર્યા જેટલુ કરે છે, પણ કામ થઇ રહ્યુ ત્યારે તેઓજ પાછા મારો વિશ્વાસ નહિ કરે અરે જીવ, પ્રથમથીજ આવો વિચાર આવ્યો હોત તો કેવુ મારૂ

* નઠારા જનસ્વભાવથી લાભને બ તે હાનિ થાય છે લોકોને રુચ આવે ન આવે તેની દરકાર નહિ કરતા સદ્ભાવ ઉપર વધારે લક્ષ રાખવુ એજ નરાસનીય છે

હતું ? પણ આમાં હું અફસોસ શામાટે કરૂં છું ? જગતમાં એમ પણ થાતું આવ્યું છે તો મે નવું શું કર્યું છે?" આમ વિચારમાં મુઝાયેલી લાછું હવેપછી પોતે પ્રમાણિકપણું મેળવવાને મથન કરતી હરિદત્તના ઘરમાં કામ કરતી હતી.

અનાદિથી ચાલતો કાલનો પ્રવાહ સર્વ પ્રાણીઓના દિવસોને ઘડી પહોર એમ કટકે કટકે ગમે તેવડા લાંબા હોય તોપણ તેને તાણનો જાય છે. તે પ્રવાહમાં ગમે તો એક ક્ષણ ગયો હોય કે ગમે તો હજારો વર્ષ વીતી ગયાં હોય પણ તે વીત્યાપછી એક સ્વપ્નના તરંગ જેટલાંજ જણાય છે. ક્યાં દિવસ ઉગ્યો અને ક્યાં રાત પડી તે વ્યવહારનાં અનેક પ્રપંચ ભરેલાં કાર્યોમાં ગુંથાયેલાં પ્રાણીઓના જાણવામાંજ આવતું નથી. આ આટલું કર્યું, હવે આટલું કરવાનું છે, આમ કરશુ તો આમ ઉદય થશે, વિગેરે વિચાર કરતાં કરતાં આયુષ્યનો અંત આવે છે ત્યાંસુધી પણ વિચારની પરપરાનો અંત આવતો નથી. જે જે થઇ ગયું તે તો જાણે વર્તમાનમાં હતુજ નહિ એવું થઇ જાય છે અને જેટલું વર્તમાનમાં હોય તેટલુંજ માત્ર સ્મરણમાં અને દેખવામાં આવે છે. જતા આવતા ક્ષણો, દિવસો, ઋતુઓ અને વર્ષો ચક્રની પેઠે અનુક્રમે કલ્પેલા હોવાથી એનાએ હોય એમ પાણીના પ્રવાહની પેઠે જાણવામાં આવે છે. પણ એનાએ હોય તો પદાર્થોની વૃદ્ધિ અને ક્ષય જોવામાં આવે છે તે કેમ સંભવે તેનો વિચાર પ્રવૃત્તિવાળા મનમાં ક્ષણવાર પણ આવતો નથી. જેમ પાણીનો પ્રવાહ ક્ષણવાર પણ એનોએ નહિ છતાં નિરંતર જીવતાંસુધી એનોએ લાગ્યા કરે છે કેમકે તેનો અવિચ્છિન્ન રીતે તેનેતે રૂપમાં ચાલ્યા કરે છે. તેમજ કાલપણ તેનેતે રૂપમાં અવિચ્છિન્ન પ્રવાહવાળો હોવાથી એનોએ લાગ્યા કરે એમાં આશ્ચર્ય જેવું નથી એ કાલમાં થયેલા પ્રાણી-પદાર્થોની ઉત્પત્તિ, વૃદ્ધિ અને નાશને અનુસારેજ કાળના પ્રવાહનું વેહેવું અંગીકાર થાય છે, પણ તે પ્રવાહ કેમ ચાલ્યા કરે છે એવી શંકા કોઇ કરે તો તે સાવ નિષ્ફળ છે કેમકે એ વાતનો ઉત્તર અતર્ક્ય છે. આગળ આવી ગયેલાં પાત્રોના દિવસો પણ સારા માઠા એ કાલના પ્રવાહમાંજ ચાલ્યા જતા હતા અને નવા પ્રાપ્ત થતા હતા, એટલે શરદ્‌ના દિવસોને શી વાર લાગે ? પૃથ્વી ચારે કોર ક્રૂરના અંતઃકરણની પેઠે સુકાઇને કઠણ થવા લગી હતી. ઝાડ-પાન સર્વ યુવાવસ્તાની પેઠે પ્રફુલ્લિત થઇ રહ્યાં હતાં. નદી-સરોવરનાં પાણી યોગીઓના મનની પેઠે નિર્મલ થવા લાગ્યાં હતાં.

(અપૂર્ણ.)

मणिरत्नमाला

(संबंध पाने २४० थी)

सारांश ए के सत्संगतिथी सघळु थाय छे माटेज सत्पुरुषो सत्संग करवानो उपदेश करे छे भगवान् व्यासजी कहे छे के—

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।

स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

जगतमां प्रसंग रेहेवो एज कोई दिवस न तुटे एवो पाश छे एम विद्वानो कहे छे तेज प्रसंग जो सत्पुरुषोनेविषे थाय तो खुलु मोक्षनु द्वार छे

एटलामाटे संसारना विषयोनो अने तेने भोगवनारा विषयी लोकोनो आदिथी अनुभवातो आवतो प्रसंग छोडी दइने सत्पुरुषनो प्रसंग राखवो एकादवार परिचयमां आववु ते संग केहेवाय अने निरंतर परिचयमा आववु ते प्रसंग केहेवाय सारांश के निरंतर सुजनसमागम राखवो श्री शंकर भगवान् पण कहे छे केः—

क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।

क्षणवार पण जो सत्संगति रहे तो भवसागर तरवामां वाणरूप थायछे

आटलामाटे उत्तम बोधवाननो परिचय राखी तेनी पासेथी सारा बोध लेवो सद्बोध आपनारा गुरुनां वचन सांभळवानो अभ्यास ए प्रसंगरूप सत्संगति छे तेनु पात्र थवा विवेक ए मुख्य साधन छे विवेक न होय तो आ साचु अने आ खोटु तथा आ योग्य अने आ अयोग्य एम जाणवानुज पेहेलां सुजे नहि एटलामाटे सत्संगनी पेठे विवेक पण उत्तम पदनी प्राप्तिनु श्रेष्ठ साधन छे केमके सत्संगाच्च विवेकाच्च लभते ज्ञानमुत्तम (सत्संग अने विवेकथी उत्तम ज्ञान मळे छे) माटे विवेक सहित सत्संगति थाय तेज ब्रह्मगतिना हेतुरूप प्रथम साधन छे

दान ए ब्रह्मगतिनो बीजो हेतु छे दान एटले पात्र प्रमाणे धनादिक आपवु ते पोतापासे होय तेवी धनादिक वस्तु बीजाना उपयोगमाटे आपवा तेउपरथी पोतानु स्वामित्व निवारण करी जेने आपवु होय तेनु स्वामित्व कल्पाय छे मुख्यत्वे करी धन वस्तु दानविषयमा उपयोगी छे ए धन शब्दमा पशु, धान्य, पैसो, पृथ्वी, घर अने विद्या ए शब्दोनो समावेश थाय छे, माटे जेने जेनो उपयोग होय तेने ते ईश्वरप्रीत्यर्थ आपवु

ते दान केहेवाय. जेओ संपत्तिवान थइने आपता नथी अने भोगवता नथी तेनी त्रीजी गति एटले नाशज थाय छे, माटे दैवयोगथी पोतानी पासे होय ते पात्रने आपवुं अने आपीने अर्थीनो आशीर्वाद लेवो. दान आपवुं ए अति कठण काम छे केम के उदारता वगर दान अपातुं नथी. उदारताने अगे दयापण साथेज आवी जवानो संभव छे. माटे धन विद्या विगेरेनुं सारी पेठे दान करवुं. जेम जेम दयाथी दान वधतुं जाय तेम तेम अंतःकरण निर्मल थतुं जाय छे अने ब्रह्मगतिमां प्रेम वधतो जाय छे. रजोगुणी, तमोगुणी अने सत्वगुणी प्रकृति प्रमाणे दान पण त्रण प्रकरनां छे. कोईए आपणुं काम कर्युं होय तेनो बदलो वाळी देवा माटे आपवामां आवे अथवा स्वर्गादिकनुं फल पामवामाटे देवामां आवे अथवा मनमां कांइ क्लेशपूर्वक आपवामां आवे छे ते दान राजस केहेवाय छे. सारो देश काल विगेरे न होय तेमां आपवामां आवे, अथवा भाट चारणोने के नट लोकोने आपवामां आवे अथवा पात्र मळ्या छतां पण अश्रद्धा विगेरेथी सत्कार विना अविवेकथी आपवामां आवे ते तमोगुणी दान केहेवाय छे. देवानो निश्चय थया पछी जे दान सारो देश काल अने पात्र जोईने परार्थमाटेज प्रेमथी आपवुं ते सात्विक दान केहेवाय. त्रण दानमां सात्विक दान श्रेष्ठ छे, राजस मध्यम छे, अने तामस दान हीन छे. अर्थात् सर्व प्रकारथी सात्विक दान श्रेष्ठ छे माटे सत्वगुणी दान करवुं. उपनिषद् तो श्रद्धाथी देवुं अने अश्रद्धाथी पण देवुं एम आज्ञा करे छे ते उपरथी एम मनाय छे के आपवुं ए श्रद्धाथी अपाय तो बहु सारूं पण साव नज अपाय एना करतां अश्रद्धाथी पण अपाय ए कांई खोटुं नहि. व्यवहारमां पण दृष्टांत छे के नहि मामा करतां केहेणो मामो सारो. तो आ उपरथी समजवानुं ए छे के श्रद्धाथी धन विद्या विगेरेनुं अर्थीने दान आपवुं ए ब्रह्मगतिनुं हेतु छे, माटे ते गति पामवाने इच्छनाराए दानपर प्रीति राखवी.

मूलमां दानने ठेकाणे दांति शब्द पाठ फेरे देखाय छे तेनो अर्थ विचारतां ते पण ब्रह्मगतिनु साधन योग्य छे. मोक्षद्वारना चार द्वारपाल ज्यां कह्या छे त्यां शम, संतोष सत्संग, अने विचार ए चार कह्या छे. तो तेमप्रमाणे दांति शब्द पण बंध बेसतो छे. दांतिनो अर्थ तप अथवा दम एटले इन्द्रियोनो निग्रह एम थाय छे. ब्रह्मगति एज मुक्ति अने मुक्ति एज ब्रह्मगति छे. तेनी प्राप्तिमाटे तपनी अने तपरूप इंद्रियनिग्रहनी घणीज जरूर, छे

काणा घडामा जेम पाणी रहे नहि तेम अजितेंद्रिय माणसमां बोधनी वात रेहेतीज नथी सर्व प्रकारनी शक्ति आपनार इंद्रियोनो निग्रहज छे अने ते इंद्रियनिग्रह मनना निग्रहथी थाय छे श्रोत्र आदि इंद्रियो बाहारना शब्दादिक विषयोमा अति आसक्त न थई जता ते इंद्रियो सद्विचारमां अथवा स्वस्वरूप जाणवाना प्रयत्नमा लागे अने मनने मथी न नाखे तेनु नाम निग्रह केहेवाय ए मोटामा मोटु तप छे अने ते ब्रह्मगतिना त्रीजा हेतुरूप छे माटे कल्याण इच्छनाराए दांति एटले इंद्रियोनु दमन करवु जोइए जेओ इंद्रियोनु दमन करी नथी जाणता तेओ ब्रह्मगतिने कोई दिवस पण पामता नथी

विचार ए त्रीजो हेतु छे एविषे आगळ पण लखाई गयेल छे विचार अने विवेक ते एकज केहेवाय अने तेनो अर्थ ए के नित्य अने अनित्य वस्तुनो समजीने निश्चय करी अनित्यनो त्याग करवो ने नित्यनु ग्रहण करवु अपरोक्षानुभूतिमा कह्यु छे के—

नित्यमात्मस्वरूप हि दृश्य ति तद्विपरीतग ।

एवं यो निश्चय सम्यक् विवेको वस्तुन स वै ॥

आत्मस्वरूप छे ते नित्य छे बाकी जे नजरे देखाय छे ते अनित्य छे एवी रीते जे निश्चय थाय तेज वस्तुविवेक केहेवाय

आम नित्यआत्मस्वरूप अने अनित्य दृश्य सर्व नाशवत जे काइ छे तेनो सारी रीते निश्चय करवो बे वस्तु भेळी थई होय तेमां एकने जुदी करीए एटले बीजी एनीमेळे जुदी थई जाय छे दाळचोखा एकठा थई गया होय ते माथी दाळ काढी लईए एटले चोखा एनीमेळे जुदा थई जाय छे घरमा अंधारु होय ने कांई प्रकाश थाय तो अंधारु एनीमेळे शमी जाय छे आंबानो रस अने गोठलु माथे होय तेमाथी रस जुदो पाडिये एटले गोठलु एनीमेळे जुदु पडी जाय छ एम एकना निश्चयथी बीजानो निश्चय थाय छे सिद्धात ए समजवो के आत्मा अरूप छे एटले ते ओळखातो नथी ने व्यापक छे तेथी कढातो पण नथी माटे जेटलु नामरूप जोवामा आवे छे तेटलु बधु जाणीने अळगु करी नाख्यु एटले आत्मा पछी सहेजे जड्यो, केम के पछी जे अवशेष रहे ते आतमाज छे जेम फोतराने साळ एक होय ते वखते जो चोखाने जाणवानी इच्छा करिये तो जणाय नहि, पण साळ

उपरनां फोतरांने समजीने पछी तेने दूर करिये तो चोखो एनीमेळे जडे. तेमज जो अनित्य नामरूप एम ने एम राखी आत्माने गोतिये तो ते जडे नहि, पण अनित्य नामरूप तजी दईए तो पछी आत्मा गोतवोज पडतो नथी, केम के अनित्य नामरूप तजतां जे कांई छे ते आत्मज छे. आटला माटे निरंतर नित्यानित्यनो विचार करवो. साळ उपरथी फोतरां उतारवाने उलूखल, मूशल, सुपडुं, अने हाथ, ए चार साधनो जोईए छिये, तेम आत्मस्वरूप जाणवा ने नामरूप दूर करवाने सत्सग, सुविचार, सत्शास्त्र, अने सद्गुरु ए चार साधनो जोईए छिये. साळनी उपर त्रण छाल होय छे ते त्रणेय छाल उतरे त्यारे ते शुद्ध चोखा थाय छे. जो कदी त्रण छाल न उतरे तो ते उगे नहि पण तेमां स्वाद थाय नहि. तेम अहीं त्रण देह अने ते त्रण देहनुं अभिमान तजे तो जीवन्मुक्त थाय छे. अने एक बे रहे छे तो जन्म तो न आवे पण अहीं सुख थाय नहि. अर्थात् छते देहे स्थूळ, सूक्ष्म अने कारण ए त्रण देह अने जाग्रत स्वप्न अने सुषुप्ति ए त्रण अवस्था तजे तो सुख पामे. ते तजवानी रीत एवी छे के

आ स्थूळ देहनी स्थूळ देह, जाग्रतअवस्था, अने विश्व अभिमानी ए त्रिपुटी छे; सूक्ष्म देहनी सूक्ष्मदेह, स्वप्नावस्था अने तैजस अभिमानी ए त्रिपुटी छे; तथा कारणनी कारण शरीर, सुषुप्ति अवस्था अने प्राज्ञ अभिमानी ए त्रिपुटी छे. ए त्रणे देहनी त्रिपुटी माराथी अळगी छे अने हुं तेनाथी अळगो छुं तथा तेनो साक्षी तुर्य छु तथा तुर्ये आव्यो एटले तुर्यनो पण साक्षी हुं छु, केम के जेम त्रण देह ने तेनी त्रिपुटी जाणी तेम तुर्यपद पण जाण्यु. आवी रीते जाणवाथी जीवन्मुक्त दशा थाय छे.

उपरनी त्रण त्रिपुटी त्रण देहनी छे. पोताना स्वरूपनी नथी. जाग्रत अवस्थामां हुं जागुं छुं, आ काम बधां हुं करू छुं, एम जाणी सर्व दृश्य पदार्थ पोताना करी मानवामां आवे छे, पण ज्यारे निद्रा आवे छे त्यारे सर्व टळी जाय छे; माटे ए कृत्यो सर्व स्थूळ त्रिपुटीनां आपणे अज्ञानथी आपणामां मानी लीधां छे. जे कांइ वस्तु पदार्थ आदि छे ते सर्वे स्थूळत्रिपुटीनांज छे. आपणे जागता होइए त्यारे पेटीमां द्रव्य वस्त्र अलकार भेली ताळु दई कुंची पासे राखी आ सघळुं मारू छे एम मानी सुइ जईए. पाछळथी कोइ चोर आवे ते जे कांई मांही मल्युं होय ते सर्व काढीजाय छे. तेनी खबर केम नथी पडती? नथी पडती तेनु कारण एज के ए समये स्वप्न

त्रिपुटीनो व्यवहार शरू थयो हो छे अने स्थूल त्रिपुटीनो वध थयो होय छे ज समये स्वप्नत्रिपुटीनो व्यापार चालतो होय त्यारे स्थूल सबधी कशु जाणवामा आवतु नथी आपणे उघमा सुता होईए ते वखते कोइ वखाण करे, कोई मशकरी करे के कोई गाळ दई जाय, तोपण खबर पडती नथी शु आ समये आपणी इद्रियोनो नाश थई गयो छे? इद्रियो तो एनीए छे पण स्थूळत्रिपुटीनो ए समये अभाव होवाथी जाणवामा नथी आवतु जे काळे स्वप्न थयु होय ते काळे ते स्वप्नमा जे देखे छे ने जे व्यवहार करे छे ते सत्य माने छे परतु व्यवहार करू छु ते सर्व जुठो छे एम जाणी शकातु नथी, केमके स्वप्ननी त्रिपुटीनो जेटलो व्यवहार देखवा करवामा आवे छे ते जोके स्वप्नत्रिपुटीनो छे तोपण अज्ञानथी पोतामा मानी लेवामा आवे छे जे वखते सुषुप्ति व्यापे छ ते वखते स्वप्नत्रिपुटीनो पण अभाव थाय छ ए सुषुप्तिमा नकिंचिदवेदिश एम जागिय त्यारे जाणिये

छिये पण 'हु काई नथी जाणतो' एम जे स्वप्नना अभावथी जाणवामा आव्यु ते सुषुप्ति अवस्थानो अनुभव जाग्या पछी जणायो अहीं पण मे काईपण जाण्यु नहि ए सुषुप्तिनी त्रिपुटी पण अज्ञानथी पोतानामा मानी लेसे छे माटे अज्ञानने मेली स्थूळ सूक्ष्म अने कारण तथा ए त्रण शरीरना भोगने अळगा करी जाग्रत स्वप्न अने सुषुप्ति ए अवस्थाने अळगी करीने तुर्यावस्थामा आववु अने पछी ए अवस्थाने पण मेली तेनो द्रष्टा हु शुद्धरूप बाकी नाम रूप दृश्य जे काई छ ते मारा नथी एम जाणवु ए विवेक केहेवाय ए विवेक थवा माटे ब्रह्मविट् सद्गुणसपन्न गुरुने शरणे जवु जोईए जेथी आ लक्ष चोराशीनो फेरो टळी जवानो उपाय हाथ लागे

चोथु साधन सतोष छे जे कोई व्यवहार करवामा आवतो होय ते शातपणे करवो अने अनेक अन्न वस्त्र इच्छा प्रमाणे खावा पेहेरवामा आवता होय तेथी तृप्त रहेवु परेच्छाथी काई मळे ते भले पोताने काई लोलुपता राखवी नहि कह्यु छे के —

> लब्ध वापि न वा लब्धमल्प वा बहुल तथा ।
>
> निष्कामेनैव भोक्तव्य सदा सतुष्टमानसै ॥

कोईवार मळे, कोईवार न मळे, थोडु मळे, के घणु मळे, ते सतोष पामेला मनवाळाए भोगववु अने काई पण कामना न राखवी

कोई सारो पदार्थ मळ्यो होय ते पोते तरत खाई जाय ने बाकी वधे ते वेची नांखे अथवा कोई सारो पदार्थ होय ते मारे काम लागशे एम जाणी राखी मेले ने कोईने आपेपण नहि. एम पोतानेमाटे भोगववामाटे करवुं ते कामना केहेवाय ने तेवी कामना न होय तो निष्काम केहेवाय. एम निष्काम थई मळे तोपण ठीक ने न मळे तोपण ठीक एम चित्तमां थाय ते संतोष केहेवाय. श्री भगवाने पण कह्युं छे के.—

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।

सुख दुःख जेनां टळी गयां छे अने जे मत्सर विनानो छे ते पुरुष जे मळे छे तेथी संतोष मानीने रहे छे.

संतोषीने सुख दुःख थतां नथी, मत्सर थतो नथी अने जे मळे तेमां तृप्त रही लोलुपता राखतो नथी.

आवी साक्षीओ अनेक छे माटे समजवानु ए छे के न मळे तो खेद न करवो ने मळे तो जे मळे तेथी संतोष राखवो. एवी श्रेष्ठ वृत्ति विना ब्रह्मप्राप्ति थई शकती नथी के जेनाथी महान मुमुक्षुओ अक्षय पद पाम्या छे. आटलामाटे आ चोथा साधननी घणी जरुर छे.

आगळ कह्युं के जेओनी सर्वमांथी आसक्ति उठी गई होय ने वैराग्य थई गयो होय, जेओए मोहने मटाड्यो होय अने जेओ शिवतत्व एटले परब्रह्म ईश्वरमां नेष्टा राखनार होय ते संत केहेवाय तेमां प्रथम वैरागविषे विवेचन आ प्रमाणेः—

मंद वैराग्य, साधारण वैराग्य, उन्मुनि* वैराग्य, तीव्र वैराग्य, अने निर्मळ वैराग्य, एम पांच प्रकारनो वैराग्य केहेवाय छे. ए वैराग्यने साधु मुमुक्षु जिज्ञासु अधिकारी अने विवेकी ए पांच पुरुषो साधी शके परंतु एमां पण स्थळभेद छे. जे संत अने ज्ञानी होय तेने खरो वैराग्य वसी जाय छे. जेने पांचेय वैराग्यनी प्राप्ति थइ होय ते परम वैरागी केहेवाय. जेने पांचेय वैराग्य थया न होय ते भले सन्यासी होय तोपण चारे कोरे टपला खाय अने शांति पामता नथी. आपणने कमाणी थोडी होय अने खरच झाझुं होय तेथी व्यहारमां आवी पडती अनेक पीडाथी

* आ नामनी दशा केहेवाय छे तेने अहि वैराग्य नामथी लेखेली छे.

वळ्यो आ ससार' आ करता वैरागी थइ चाली नीकळिये तो सारू एम मनमा कटाळो आवी जाय छे-ए वैराग्य ज्यासुधी द्रव्य न मळ्यु होय त्या सुधी रहे, पण ज्यारे द्रव्य मळे अने खावा पीवानो व्यवहार बराबर चाले एटले टळी, जाय छे वळी कोई समये स्त्री पुरुषने क्लेश, थयो होय तो तेनी पीडाथी मनमा वैराग आवी जाय, ते ज्यासुधी ए क्लेश न मट्यो होय अथवा तेने मटवानु बीजु कारण न बन्यु होय त्यासुधी रहे छे, अने क्लेश मट्यो के ते टळी जाय छे वळी कोई वखते अनेक उपायो करी करीने थाकी जईए पण प्रजा उत्पन्न थाय नहि तेथी ससार उपर अभाव आवी वैराग्य आवी जाय छे, ते ज्यासुधी प्रजा न थई होय त्यासुधी रहे छे, पण प्रजा थई के तरत ते टळी जाय छे एवा अनेक प्रकार थी ज मनमा क्लेश आवी वैराग्य थाय छ ते मद वैराग्य केहवाय ए वैराग्य ज्यासुधी कई दु.ख होय ते न मट्यु होय ने साभर्या करतु होय त्यासुधीज रही शके छ स्वर्गादिकना अनेक सुख आपनारा वैभवोनी वात साभळीने अहींना सुखमा अभावो आवीने वैराग्य थाय तथा पृथ्वीउपर कोई महालक्ष्मी वाननां सुख ने वैभव जोई आपणने आपणा थोडा सुख अने थोडा वैभव उपर अभावो थई वैराग्य थाय छे ए साधारण वैराग्य केहे वाय ज्यासुधी साभळेला अने जोयला सुखनी अने वैभवनी प्राप्ति नथी थती त्यासुधी ते वैराग्य रह्याज करे छे कालातरे तेवो योग बने तो ते वैराग्य टळे आ साधारण वैराग्य मद वैराग्य करतां वधारे वखत सुधी रही शके छे पण ते उलटो वधन करे छे आ वाणीथी लवलव कर्ये काई वळवानु नथी काईपण स्वरूपनो साक्षात्कार थाय तो आपणो अर्थ सरे जे काई नजरे जोवामा आवे छे ते तो जोता जोतामा टळी जवानु छे इ त्यादि आपणा मनमा वैराग्य आवे ते उन्मुनी वैराग्य केहेवाय मन हारी जाय त्यारे आ उन्मुनी वैराग्य थाय छे जेम के—

वाग्वादेन निर्निर्मुक्त सतुष्टो येन केनचित् ।
अस्थिर मनुते सर्व निरक्तो निर्भेनरकभाक् ॥

पोते भण्यो होय तेनु अभिमान करीने कोईने साथे वाद न करे, सतोषथी वरते अने जगत् सर्व नाशवाळू छे एम देखे तेने उन्मुनी वैरागवाळो समजवो।

सहज सूचना.

ઈશ્વરકૃપાની અનુકૂલના એ ઉદયની પરંપરા ઉપરથીજ ઓળખાય છે. કલિકાલના ભારે પ્રવાહમાં ધર્મ કર્મ ન્યાય નીતિ ઉપરની આસ્થા પ્રતિદિવસ લોકોના હૃદયમાંથી ઓછી થતી જાય છે. તેવા સમયમાં સમુદ્રમાં સાથવા જેટલું આ પુસ્તક પણ પોતાનું યથાયોગ્ય કામ કરતું ઉદય પામતું જાય છે એ થોડા આનંદની વાત નથી. એ સમય પ્રાપ્ત થવાનું સન્માન માનવંતા વેદધર્મ સભાના ભાવિક સભાસદોને અને કેટલેક અંશે તેના ગ્રાહકજનોને છે. ઈશ્વર એઓને દીર્ઘાયુષ્ય અને તત્વપર પ્રીતિવાળા રાખે કે જેથી આ પુસ્તક પોતાનો ધર્મ બજાવવામાં પૂર્ણ સમર્થ થાય.

ગયા વર્ષમાં સુબોધક ૪૨ વિષયો આવ્યા છે તેમાં પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત અને મણિરત્નમાળા એ બે ચાલુ વિષય હોવાથી આ વર્ષમાં પણ આવશે. એ પૂર્ણ થવા પછી બીજા વિષયો સમય અને ચોપાનિયાની યોગ્યતા ઉપર દાખલ થશે. ચોપાનિયું અવસ્થા પ્રમાણે ચાલ્યું જાય છે, પાઠશાળા પણ ચાલી જાય છે અને તે શિવાય પુસ્તકો જે છપાયેલાં છે તેની ફરીને આવૃત્તિ થાય છે. ભગવદ્ગીતાની બીજી આવૃત્તિ થઇ છે, શ્રીમદ્ ભાગવતની બીજી આવૃત્તિ થોડા દિવસમાં બહાર પડશે અને યોગવાસિષ્ઠનું ચોપાનિયું ચાલ્યા કરે છે. આ માર્ગેથી જે કાંઇ કરવાનું છે તે એ કે આર્યબાલકો ધર્મભ્રષ્ટ ન થતાં સ્વધર્મ પાળે તેવા ઉપાયો થાય. થોડાક ખેદની વાત એક એ છે કે સભાનો હેતુ વારંવાર પોકાર કરી જણાવ્યા છતાં લોકોનું મન તે તરફ હજી ખેંચાયું નથી. નાચતમાશા કે શૃંગારાદિકની વાતોમાં ભમી ગયેલાનાં ચિત્ત ખેંચાવાં પણ કઠણ. જે જાણે તેવા હોય છે તેમાંના પણ પુસ્તકો વાંચી પૈસા ગાળી ખાય તેવા થઇ બેસે તેમ હોય એટલે પછી વાતજ શી કરવી ? હશે. ઈશ્વર સર્વનું કલ્યાણ કરે અને સેઓ સ્વધર્મને ઓળખે એજ છેવટ કર્તવ્ય છે. જો સભા ધાર્યા પ્રમાણે દ્રવ્ય મેળવી શકે તો આર્યધર્મપ્રકાશ ઓછે મૂલ્યે અથવા મફત આપવાનો સમય પણ આવે, પરંતુ આપણામાં લોકોને ધર્મવિષય ઉપર એટલો બધો આગ્રહ હોય એમ જણાતુ નથી. ઘરનાં પાંચ માણસ સાથે દોટ દોટ રૂપીયાની ટીકટ લઇને બાર મહિનામાં ઓછામાં ઓછાં બાર વાર નાટક જોનારા અને બિભત્સ ખેલો છોકરાંઓને બતાવી નીતિનો નેજો હાથમાં આપ્યો એમ

સમજતા શાણા શેઠીયાઓ તેનુ કશીયા નાખી કે એમજ નહિ, પણ બીજું તેના માન ન રમા કામો તેમને ખાતર બનાવેલા હોવાથી તે તે કામો કરતા નથી વધારે નાણાનો વ્યય કરતા હો, પરંતુ તેવાઓને ખાતર તેને માટે કરીયા ધર્મસભાની નિમિત્તના ખરચવાનું કાંઈ કહે તો, ઘણા એમ માગે, કારણ કે તે કામજ તેઓનું માનેલુ નથી કીર્તિના લાભ માટે ઇચ્છે નાણા નાખે પણ કીર્તિ ન મળે તેમ હોય તો તો પૈસા પણ નાના ઠીક છે આપણે એ વિચાર કરતા નથી તેઠા ઈશ્વર એમનેજ કાંઈ નિયમ સદ્વિચાર આપને અને તેઓ ધર્મપર પ્રીતિવાળા થાય અમાને દ્રવ્ય ઉપાર્જન કરવાનું પુસ્તકોના વેચાણ ઉપર છે તે માગેથી તેના લોકો ભાવે કમાવે પણ પ્રન્તુ લઈને આશ્રય આપતા જાય તો તે પણ ઘણું

જેમ ધનિક વર્ગની તરફથી સંતોષ થતો નથી તેમ વિદ્વાન વર્ગ તરફથી પણ સંતોષ થતો નથી, કેમકે તેઓ પણ ધનની વૃદ્ધિ કરતા પૈસાની વૃદ્ધિ ખાતર કામ કરવું હોય તો વધારે યોગ્ય ગણે છે પણ તેમા એઓ નિરપરાધી છે, કારણ તેમની વિદ્યાની પરીક્ષા આ સ્થાન બહુ કઠણ થઈ પડી છે પરંતુ અમે તેઓને પણ અભિનંદન આપીને તેજ માર્ગેથી ધર્મનો ઉદય વધારવું ઇચ્છીયે છીયે સર્વ પ્રકારે આનંદ છે સમયપરત્વે જે આશ્રય ધનિક અને વિદ્વાનવર્ગનો મળે છે તે પ્રમાણે વે ધર્મસભા પોતાનું કાર્ય મંદ ગતિથી કરે છે તો આશા રહે છે કે ટીપે ટીપે સરોવર ભરાય એ રીતિ પ્રમાણે કાંઈ દિન પણ પુરુષાર્થ સફલ થાય પર આવેલું આપણું જોઉં [તથાસ્તુ]

प्रारब्धनी विचित्रता उपर एक वात

(અનુસંધાન ગયા વર્ષના પાન ૨૫૬ થી.)

દીપથી મુક્ત થયેલો સ્વતંત્ર સિંહ ગુફા માંહેથી જેમ બહાર નીકળે તેમ સ્વચ્છ આકાશમાં વાદળાંના મેઘથી મુક્ત થઈ ચંદ્ર નીકળ્યો હતો અંધારી રાતમાં સ્વચ્છ દેખાતા તારાઓ મોતીની બુટ્ટીવાળી સાડીના જેવી શોભા આપતા હતા અંધારાની રાતમાં આત્મસ્વરૂપની પેઠે આકાશના વર્ગના સર્વ દિશાઓ મુક્તતા દર્શાવી પેઠે આકાશ માંથી કૃતાર્થ કરતા હતા લોકોના મન આનંદના પુષ્પની પેઠે ખીલી રહ્યા હતા

હતાં. પશુઓ નવીન ઘાસ ચરીને રૂષ્ટ પુષ્ટ બની ગયેલાં હતાં. લોકોનાં ઘરોનાં જાળીયાંમાંથી ધૂપ-દીપનો સુગંધ ચાલ્યો આવતો હતો. આ સમયમાં કશળીબા સવારના પહોરમાં નિત્યકર્મ પોહોચી પોતાના વાસમાં બેઠાં ઉંડો વિચાર કરતાં હતાં. "અહો જગન્નિયંતાએ કેવી રચના કરી છે! માણસના અંતઃકરણ ઉપર જ્યાં વિચાર કરિયે ત્યાં મન બુદ્ધિ જેમ ઈશ્વરસ્વરૂપનો વિચાર કરતાં હારી જાય તેમ હારી જાય છે. જગતમાં જપ-તપાદિક ઘણાં ઘણાં સાધનો હશે પણ કોઇ પણ સાધન બીજાનું અતઃકરણ ઓળખવાને કામ લાગતું નથી. આમ હોવાથી ઘણી ઘણી વાર જલમાં સ્થલ અને સ્થલમાં જલની ભ્રાંતિ જેમ દુર્યોધનને થઇ હતી તેમ માણસને હિતૈષીમાં અહિતૈષી અને અહિતૈષીમાં હિતૈષીની ભ્રાંતિ થઇ જાય છે. તે થયેલી ભ્રાંતિપણ ભ્રાંતિ છે કે ખરી વાત છે એનો નિશ્ચયપણ પ્રસગને અનુસરતો સર્વ માની લેછે. અહો, મોટાં મોટાં રાજ્યો પાયમાલ થઇ ગયાં, સસાર દુઃખરૂપ થઇ પડયો અને સારાં કુટુંબો વનમાં રખડી રઝળી મુવાં તે અંતઃકરણની પરીક્ષા નહિ થવાથી થતી ભ્રાંતિનેલીધેજ. અંતઃકરણની પરીક્ષામાં મોટા વિદ્વાન, ઝવેરીઓ અને કળાકૌશલ્ય જાણનારા પણ થાકી જાય છે. આ ઉપરથી એવી અદ્ભુત રચનાના કર્તાની કેવી અગાધ શક્તિ છે તે પ્રત્યક્ષ જણાઇ રહે છે. જેવી વાણી અને ક્રિયા કરવામાં આવે તે ઉપર અતઃકરણની પરીક્ષા રહી છે, કેમકે એમ કેહેવાય છે કે બીજ હોય તેવું ઝાડ થાય, અથવા હૈયે હોય તેવું હોઠે આવે. પણ આ પરીક્ષા પણ અનુમાન પ્રમાણથી કરી શકાય તેવી છે. આવો પ્રસંગ છે છતાં સમજુએ ઉદાસ થઇને બેસવાનું નથી. નહિ ઓળખાતું અંતઃકરણ પણ ઘણો કાળ જતાં અને ઉપરના આચરણથી એનીમેળે ઓળખાઇ જવુંજ જોઇએ એમ માની વ્યવહારનાં કાર્યો પ્રસંગને અનુસરીને કર્યા કરવાં જોઇએ. આપણને એમ લાગે છે કે અંતઃકરણ ઉપરનાં વાણી- ક્રિયાથી ઓળખાય છે પણ તે વાણી-ક્રિયા દંભભરેલાં હોય તો ભૂલ થાય છે; પણ આંહી એમ માનવું કે સાચો અને ખોટો સીકો જોકે રગ વિગેરેથી સરખો લાગે છે તો પણ તે પારેખની આગળ તેના ઘણા કાળના અભ્યાસનેલીધે આ ખોટો અને આ ખરો એમ જુદો પડી રહે છે તેમજ પરીચયમાં આવેલાં અને નહિ આવેલાં અતઃકરણની પણ પરીક્ષક પરીક્ષા કરી શકે એમ માનવાને પણ ઘણાં કારણો મળી આવે છે. કેમ કે એમ ન હોય

તો જગતમા કોઇનુ કોઇ વિશ્વાસસ્થાન થાયજ નહિ અને વિશ્વાસ સ્થાન ન થવાથી જગતમા મહા અવ્યવસ્થા થઇ જાય કેમકે સઘળા કાર્યો અને સમયો વિશ્વાસથી થાય છે અને બનાય છે અત કરણ ઓળખવામા બહુ વિવેકબુદ્ધિ રાખવી જોઇએ તેને ઓળખવાના સાધન ઉત્પન્ન થતા તે સાધન ઉત્પન્ન થવાનુ કારણ અને પ્રસગ સુધાત સર્વે જાણવાની જરૂર પડે છે માટે તેનો અનુભવ લેતા લેતા સાધનો સારા જણાય તો અત કરણ સારૂ અને નરતા જણાય તો નરતુ ઠરાવતા પેહેલા એવો નિશ્ચયપણુ રાખવો કે ઘણા સાધનોથી પવિત્ર મનાયેના અત કરણને એક મ અપવિત્ર મા ની દેવુ નહિ અને અપવિત્ર મનાયેલાને પવિત્ર માની દેવુ નહિ એ ઉતાવળનુ કામ છે ચમત્કાર એવોપણ વખતે થાય છે કે એકજ સાધન કારણ પરત્વે અથવા ભ્રાતિનેલીધે સારૂ હોય તોપણ તે નઠારૂ લાગે છે માટે ઉપરનુ જે સાધન છે તેનીજ પેહેલા ખરી પરીક્ષા મુન સહિત કરતા શીખવુ જોઇએ પરિચયવાળા સમુદાયમા સુખસપનો લાવ અત કરણ ઓળખવાથીજ આવે છે જ્યા અત કરણની ઓળખાણ નહિ ત્યા સુખસતોષનો આશાજ શાની? અહો ઇશ્વર! આ ચમત્કારિક અત કરણો તુ સર્વના પવિત્રજ રાખજે કે જેથી દુ ખ શોકનો સમયજ કોઇને આવે નહિ "આમ વિવિધ તરગો ઉપરા ઉપર આવતા હતા ત્યા ચોમાસામા પવળેવી ચીઠી જે અભરાઇ ઉપર રાખવામા આવી હતી તે આ વખતે અભરાઇ સાફ કરનાર બાનડીએ આવી દેખાડીને પુછ્યુ બા સાહેબ ! આ કાગળ કામનો છે ? કશળીમાએ કહ્યુ જોઉ બાનડીએ ચીઠી હાથમા દેતા ભાગ્યા તુટા અક્ષરો વાચીને ઉડો નિશાસો નાખી કહ્યુ જા હમણા, એ કાગળ ભલે રહ્યો માગી પાસે બાનડી ગયા પછી વખતુબાનુ મન બધી વાત સ્મરણ આવતા બહુ ઉભગાઇ ગયુ અરે ! જેણે પાળી પોષી મોટા કરી આ સારી સ્થિતિએ પોચાડ્યા તેનેમાટે આ કેવો આરોપ ? આ કાગળ લખનારે એમ પણ ન જાણ્યુ કે જેની ઉપર આ પત્ર છે તેને હુ લખુ છુ તે સારૂ અને ખરૂ કેમ લાગશે ? પણ તે શામાટે જાણે? કેમકે ભ્રાતિ ઉત્પન્ન કરાવીને સ્વાર્થ સાધવો એ તો તેનો સિદ્ધાત છે ગમે તેવા વિશ્વાસમા પણ જરા ભ્રાતિ થાય તો પછી તે વિશ્વાસને શિથિલ કરી નાખે છે તે વાત તેના જાણવામા હોવી જોઇએ તેથીજ આમ લખ્યુ છે એ મૂર્ખ તો હજી મનુબાનુ અ હીંનજ માને છે પણ થોડા સમયમા શો ફેરફાર થશે તે તે શુ

આખોનાં પાણી હું બ્રાહ્મણ હોવાથી પૂજ્યતરીકે ચરણપૂજન કરતાં હોય તેમ ડશે તે વખત કેવો અવર્ણનીય થશે. એમને વખત જવા દઇ તે દિવસથી આજસુધીની વાત પુછતાં હું સર્વ પ્રસંગો કહેવા માંડીશ ત્યારે દિવસ-રાત ખુટી જશે તો પણ તે વાતો પૂરી નહિ થાય. અને પ્રસગોના વિચારમાં ભોજનસમય અને શયનસમય પણ ચકી જવાશે. (અપૂર્ણ.)

સ્વાર્થવિષે.

સ્વાર્થ એ શબ્દનું ઉચ્ચારણ કરતાં એનો જે અર્થ જગતમાં મનાયેલો છે તે લોકોના જાણવામાં તરત આવીજ જાય છે. એ શબ્દની વ્યાકરણની રીતે વ્યાખ્યા આપવા કરતાં અથવા તેનો ખરો અર્થ સમજાવવા કરતાં લોકો જેમ સમજે છે તેમ સમજવા દેવાથી આ ઠેકાણે લખવાની વાત સમજવાને ઠીક પડેછે. પ્રાણી તો મનુષ્ય પણ કેહેવાય અને બીજાં પશુ પક્ષી પણ કેહેવાય. એ સર્વે જંગમ જાતિનાં પ્રાણીઓ પોતપોતાના સ્વાર્થમાં તત્પર હોય છે. મનુષ્ય શિવાયનાં જે પ્રાણીઓ છે તે આ આપણો સ્વાર્થ છે એમ જાણ્યાવિના પ્રયત્ન કરે છે તેમાં તેનો સ્વાર્થ સધાય છે અને મનુષ્ય પ્રાણીઓ આ આપણો સ્વાર્થ છે એમ માની પ્રયત્ન કરે છે તે પણ સ્વાર્થ સાધે છે. કોઇપણ માણસ આ જગતમાં સ્વાર્થ વગરનું નથી મનુષ્યો સમજણ પ્રાપ્ત થયા પછીથી જીવે ત્યાંસુધીના કાલમાં અનેક કાર્યો કર્યા કરે છે તે ગમે તો જગતમાં સર્વને સારાં લાગે કે ગમે તો નરતાં લાગે પણ તેના કર્તાઓ તે કાર્યો પોતાના સ્વાર્થરૂપ હોવાથી બેધડક કર્યે જાય છે. કેટલુંક પરાણે અને કેટલુંક પોતાની મેળે પણ સઘળુ વર્તન સ્વાર્થમાંજ સમાઇ જાય છે. સુવું, બેસવું, ખાવું, પીવું, મિત્રો સાથે વાતો કરવી, એ આદિ જે કાંઇ મન-વચનાદિકની ક્રિયાઓ થાય તે સ્વાર્થ શબ્દના અંગથી જુદી પડી શકે તેમ છેજ નહિ. ચોરી, મારામારી, કૂડકપટ, છલભેદ, દુરાચાર અને ઉન્મત્તતા એ સર્વ સ્વાર્થના સપાટા છે. ત્યારે શું સદાચાર, સરલતા, સુજનતા, વિનય, વિવેક, દાન, દયા, વિગેરે સર્વ કાંઇ સ્વાર્થથી જુદાં છે ? ના, એ પણ સ્વાર્થનોજ પરિણામ છે. સંપ અને કુસંપ, રાગ અને દ્વેષ, પ્રિય અને અપ્રિય, તેમજ સારૂં અને નરતું સર્વ સ્વાર્થના ચક્રપર ચડેલા લોકો ગમે તેમ ઠોકી બેસારે છે. સ્વાર્થનું પરિણામ સર્વનું એક હોય

છે તેમ છતા તેના રૂપ અનેક પ્રકારના ભાસે છે તેનુ કારણ એ છે કે કર્મ યોગથી નોખા નોખા મનુષ્યોના નોખા નોખા સ્વભાવ હોવાનેલીધે નોખે નોખે સમયે નોખા નોખા કાર્ય કરે છે સ્વાર્થનુ બીજુ કાઇ સ્વરૂપ છેજ નહિ, માત્ર કરવામા આવતી ક્રિયા ઉપરથીજ તેને ઓળખાય છે સ્વાર્થની સીમા જો જોઇએ તો પોતાના પિંડ સુધીનીજ સર્વત્ર દેખાય છે એથી દૂર એની સીમા જઇ શકતી નથી બહુ દૂર જાય તો સ્ત્રી અને પુત્ર સુધી વખતે જાય તેથી દૂર તો જઇ શકતીજ નથી સ્ત્રી પુત્રાદિક સુધી પણ તેની સીમા પોચે છે તે પણ ક્યા ખરેખરી છે? કેમ કે પોતાના પિંડની સાથે તેઓ અનુકૂલ ન હોય તો તેપણ જુદા પડી જતા સીમા પોતા સુધીજ પાછી આવી જાય છે ખરૂ જો તપાસી જોઇએ તો અંતઃકરણના જ્ઞાનની ન્યૂનતાથીજ સ્વાર્થ એક મુઠી જેટલો દેખાય છે જો એમ ન હોય તો પાળી પોષીને મોટા કરેલા છોકરાઓ બીજો વચમાથી સ્ત્રીમિત્રાદિકનો આધાર મળતા જુના પરિચયવાળાને 'તે હવે મારા નથી' એમ માની બેસે છે એ સમજણ તે ક્યા પ્રકારની? 'હુ અને મારી સ્ત્રી, હુ એનો અને તે મારી, તે શિવાય જગતમા કોઇ આપણુ છેજ નહિ ' એમ માનીને બીજા સગા સમગીઓનો વિચાર મેલી એક બીજા એક બીજામા લોટ પોટ થઇ રહે છે સૌની ચિંતાનો એકને માથે ભાર હોત તો એકલો માણસ બધાનુ શી રીતે કરી શકત? માટે એકેકની ચિંતા એકેકને થાય એવી સકલના જગદીશ્વરે કરી દીધેલી જણાય છે તેવી જેના જે સ્ત્રીપુત્રાદિક હોય તેની તેણે પોતાના ગણી સભાળ રાખવી અને તેઓ પોતાની રાખે એ સ્વાભાવિક છે, પરતુ અતિમૂઢતા અને અતિઅજ્ઞાનતાથી બીજુ સગુ સબધી કોઇ છેજ નહિ એમ માની સર્વનુ અપમાન કરનારા જાણે પરમાર્થની વાત પોતેજ એક સમજી બેઠા હોય એમ જાણે છે, પણ એઓ કશુ સમજતા નથી અને એમ હોવાથી તેઓ મુઝવણને પ્રસગે છાનામાના ખુણે બેસીને રડવાનાજ અધિકારી રહે છે એઓનુ અંતઃકરણ અતિ સકોચિત હોવાથી ઉદારતા તેમા સમાતી નથી સ્વાર્થનો ગભીર અર્થ તેઓને સોણે પણ આવતો નથી અર્થ તે શુ, તે કેમ સાધવો અને તેની સીમા કેટલે સુધી છે એમ જેઓ વિચારે છે તેઓ 'મારૂ કોઇ નથી' એમ જાણતાજ નથી પણ આવા વિચારના લોકો થોડા હોય છે આજ તો જ્યા જોઇએ ત્યા હુ ભણીને કમાઉ અને મારા બાળબચ્ચાની રક્ષા કરૂ એટલુજ સમજવામા આવ્યુ છે મૂર્ખ હોય તે પણ ચોરી લુટીને પણ હુ

પેટ ભરીને મારાં બાલબચ્ચાને પણ પોષણ કરૂં એટલી સમજણ હોય છે. આ કેવી અદ્ભુત ઈંદ્રિજાળ કે સહુ પોતપોતાનુંજ કરી બેસી કુશળતા માને છે; અને પોતે લીધેલો માર્ગ સારો છે કે વિપરીત છે તેનો વિચારજ કરવામાં આવતો નથી. કોણ જાણે કેવી ઇશ્વરની માયા છે કે સર્વ પાપપુણ્યવાળા અને સદાચાર દુરાચારવાળા લોકો જે કાંઇ આચરણ કરે છે તે સર્વ પોતપોતાના મનમાં યોગ્ય માની બેસે છે અને તેથી અકલ અધારે વેચાણાનું કેહેવત બહુ બંધબેસતું આવી જાય છે. તેમાં પણ કાંઇક ભાષાજ્ઞાનને પ્રાપ્ત થઇ જુના વિચારના લોકોથી અવળી રીતે આગળ પડવાનું શીખેલો તો જાણે પોતે જે જાણે કરે છે તેજ સર્વમાન્ય હોય એમ સમજે છે અને એ એમ માનીલીધેલા સંતોષને લેવા જતાં બીજા ઘણાઓના અસતોષનું પાત્ર થઇ પડે છે. સ્વાર્થનું રૂપ કોઇના જોવામાં નથી આવતું પણ તેને વાસ્તે કોઇએ જંગલમાં જઇ પોતાના અમૂલ્ય શરીરોનો નાશ કર્યો છે. કોઇએ શસ્ત્રોના પ્રહાર સામે પગલે સહન કરી પોતાના પ્રાણ ખોઇ પોતાનાં શરીરોને ગીધ પક્ષીઓપાસે ઢોલાવ્યાં છે. કોઇ વસ્તીનો સગ છોડી એકાંતવાસને સેવે છે. કોઇ જનસમુદાયમાં વસી તેને અનુકૂલ વર્તે છે. કોઇ મોટા મોટા પરદેશોમાં વિદ્યા અને ધન મેળવવા કાજે આયુષ્યનો અરધો ભાગ કાઢી નાંખી હસ્તે મોઢે કે રોતે મોઢે ઘેર આવે છે કોઇ માર્ગનાં વિકટ વિઘ્નોથી દરિયામાં કે વિકટ વનોમાં અચાનક મરણ પામી કાગડા કુતરાના ભોગ થયા છે. કોઇએ પોતાનાં સ્ત્રીપુત્રો કે જેને શરીરની પેઠે પોતાનાં ગણેલાં તેનો પણ ઘણા કાળ સુધી વિયોગ સહન કર્યો છે. કોઇ મરતાં સુધી ન છોડાય એવાં ઘરબાર અને ધનસપત્તિને છોડી દઇને ભૂંડે હાલે ભટક્યા કરે છે. કોઇ ઉચ્ચ વર્ગના છતાં નીચ અને મૂઢ લોકોની સેવામાં યત્ન કરે છે. કોઇ અકલ વગરના મૂર્ખ ધનિકને કે ભણેલા અવિચારીને પ્રસન્ન રાખવા મીઠું મીઠું બોલે છે. કોઇ પોતાને પોતાથી બલવાન તરફથી થયેલા અપરાધો કે સ્ત્રીધનાદિકનું હરણ થયું હોય તો તે સહન કરે છે. કોઇ સમર્થ છતાં પણ બીજાઓના અપરાધોને સહન કરે છે. કોઇ સ્ત્રીઓનો વેશ પેહેરી નટડા થઇ નાટકશાળામાં નાચે છે. કોઇ કથા વાંચે છે, કોઇ વેપાર કરે છે, કોઇ વૈદું કરે છે, કોઇ ખેડ કરે છે, કોઇ ટાઢ તડકો સહન કરી તપ કરે છે, કોઇ વાત વરસાદ સહન કરી ધણીની નોકરી બજાવે છે, કોઇ પુત્રોના રમકડાં જેવા થઇ રહે છે, કોઇ મિત્રોના માનીતા થઇ તેઓમાં મૂંઝાઇ રહે છે, કોઇ શિષ્ય બને છે, કોઇ આચાર્ય બને છે કોઇ ગૃહસ્થ બને છે, કોઇ સન્યાસી

બને છે, જેમકે કોઇ દુષ્ટ બને છે અને કોઇ સારા બને છે, એ સર્વ શાને માટે અને શાથી? એ સર્વ જાણે અજાણે પણ સ્વાર્થથી અને સ્વાર્થનેમાટેજ બુદ્ધિની બક્ષીસ અને શરીરસંપત્તિ તો સર્વને ઘણુંજ સરખી હોય છે પરંતુ તેના વર્તનમાં કોણ જાણે કેમેય ફેર પડી જાય છે આખા જગતના લોકોનું બજાર તું જ્યાં જોઇએ છિયે ત્યાં સ્વાર્થની સત્તાનાંવીજ ચાલતું જોવામાં આવે છે કોઇપણ વ્યવહાર એવો નહિ હોય કે જે સ્વાર્થ વગરનો હોય

આવા બહુરૂપી સ્વાર્થ શબ્દને માટે મોટો વિદ્વાનવર્ગ તેના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ ભેદ કલ્પે છે અને તે પ્રમાણે વર્તતા લોકોને તેના તેવા સ્વાર્થવાળા માનવામાં આવે છે ધન, માલ, સ્ત્રી, પુત્ર ઘરબાર અને બીજા કશાની દરકાર નહિ રાખીને બીજાઓને સુખ કરવામાં દેશનો ઉદય કરવામાં, અને અન્યના દુખ કાપવામાં તન મન ધન વાપરે અથવા બીજા કઠણ કાર્યો કરી લોકમાં જનાયામે કીર્તિ વધારે તેવી મન વાણી અને શરીરની ચેષ્ટા થાય તે ઉત્તમ સ્વાર્થ કહેવાય સત્વગુણપ્રાધાન્ય હોય તેવા માણસમાં આ ઉત્તમ સ્વાર્થ નિવાસ કરે છે પોતાના ધન માન વિગેરેના યોગક્ષેમમાટે બીજાઓનો તન મન ધનથી આદર રાખવો તથા પોતાનું કરાવવામાટે પહેલાથી કોકનું કામ કરવું, અથવા કોઇ પોતાનું કરતું હોય માટે પોતે કોકનું કરવું વિગેરે મન લોકનો વ્યવહાર લેવું દેવું, વેપાર રોજગાર, જમવું જમાડવું, તેડવું તેડાવવું વિગેરે પોતાને કોઇપણ નુકશાન નહિ થતા દઇને કરવામાં આવે તે મધ્યમ સ્વાર્થ કહેવાય છે એ મધ્યમ સ્વાર્થ રજોગુણપ્રાધાન્યવાળા માણસમાં નિવાસ કરે છે લુચ્ચાઇ, દોગાઇ, ચાડી, ચોરી વિગેરે નઠારા કાર્યોથી અને વાણી ક્રિયાથી બીજાને સંતાપ ઉપજાવી, બીજાઓનુ ભુંડુ થતું હોય તોપણ તેવી દરકાર નહિ કરી અપકીર્તિ થાય તેવા આચરણ કરીને પોતાનું પેટ ભરવું અને પોતાનું મન રાજી રાખવું, તેમજ પોતાના મનાયા હોય તો સ્ત્રીબાળકનું પણ તેજ રીતે ભરણ કરવું એવા મન વાણી અને ક્રિયાની હિસામાં મચેલા લોકો જે આચરણ કરે તે અધમ સ્વાર્થ કહેવાય તમોગુણપ્રાધાન્ય માણસમાં આ અધમ સ્વાર્થ નિવાસ કરે છે જેઓ બીજું તો શું પણ સર્વે સુખના સાધનરૂપ ઘરબાર સ્ત્રી ધન કે પોતાના શરીર સુધાની પણ દરકાર ન રાખી પરોપકારાર્થે કાર્ય કરી કીર્તિ સંપાદન કરનાર હોય છે તેઓ મનુષ્ય છતા દેવની બરાબર ગણવા યોગ્ય છે (અપૂર્ણ)

ગ્રંથાવલોકન.

સરસ્વતીચંદ્ર.

(સંબંધ પાને ૨૩૨ થી.)

પ્રકરણ ૧૮, સ્વદેશી રાજ્યોમાં નવાસવા પ્રવેશ કર્તા અને ન્યાયથ-ચાલવા વિચાર રાખતા વિદ્યાર્થિઓને, એક ઉત્કૃષ્ટ અધ્યયન પાઠ છે. કેવલ શાળાની કેળવણી લઇને પોતાને કૃતકૃત્ય માનતા જ્ઞાનલવદુર્વિદગ્ધ વિદ્વાનોએ આ પ્રકરણ વાંચતાં ઉંડા ઉતરી નવીનચંદ્રની આ સમયની સ્થિતિનો અનુભવ કરવો. પ્રજાપાલન એ સર્વ રાજ્યપદ્ધતિનો મુળ ઉદ્દેશ હોવો જોઇએ, એ વિચાર સુવર્ણપૂરની નવીન રાજ્યપદ્ધતિમાં કેટલે અંશે સિદ્ધ છે, એ બહુ વિચારવા જેવું છે. નવીનચંદ્ર જેવો એમ્. એ; એલ. એલ. બી; બેરીસ્ટર એટ લૉ; પણ આમાં મુંઝાઇ જાય તો આપણે આશ્ચર્ય પામવા જેવુ નથી. મોટાં મોટાં રાજતંત્ર ચલાવનારા વીરપુરૂષો શાળાની કેળવણીથીજ આવા પરાક્રમી થયા, એમ માનવું અયોગ્ય ગણાય. કેટલા-એક દેશોમાં કાળા અક્ષરને કૂટી મારનારા જનોએ પણ રાજતંત્રના ભાર માથે ઉપાડયા છે. તેઓ લક્ષણ સિદ્ધાંતાદિને સમજ્યા ન હતા; પરંતુ તેમનો ઉદ્દેશ સત્ય હોવાથી, તે ઉદ્દેશની સત્યતાજ તેમને યોગ્ય માર્ગે ખેંચી જતી હતી. રાજતંત્રનું શાળામાં અધ્યયન કર્તા વિદ્વાનો, ન્યાયાદિક શાસ્ત્રથી તે ઉદ્દેશિત પદાર્થોનાં લક્ષણો, અને પ્રમાણાદિકથી તેમાંથી નિકળતાં બીજાં સિદ્ધાંતો, સિદ્ધ કરવા જતાં, મુળ ઉદ્દેશનેજ ભુલી જાય છે, અને તેમ થયા પછી પાછલનાં સિદ્ધાંતોને ભ્રમથી ઉદ્દેશ સમજી, તે આધારે ચાલતાં અનર્થરૂપ પરિણામ લાવી મુકે છે.

અન્યના અનુભવને સાંભળી મેળવેલાં જ્ઞાન કરતાં સ્વાનુભૂત વિષયનું જ્ઞાન પ્રબળ અને સદા સતેજ રહે છે. અન્યના અનુભવ સાથે સ્વાનુભવનું મિશ્રણ થાય, તો વિશેષ લાભ છે, એ વાત તો નિઃસંશય છે. ‘ અલૌકીક શક્તિ ધરનાર ’ એવું ઉપનામ ધરનાર મહાત્માઓમાં, સાંસારિક વિષયોનું રટણ કરતાં, આ અનુભવદ્વયના પરિણામ શિવાય અન્ય કાંઇ દેખાતું નથી. ગ્રન્થકર્તાએ આ સ્થાનકે વિદ્યાવિલાસે અન્ય-અનુભવ-શિક્ષિત તથા સ્વાનુભવ-શિક્ષિત, એ બે પુરૂષોનું યથા-

સ્થિત ચિત્ર આપી, એક બીજાની અન્ય પરત્વે ન્યૂનતા અને આધિક્ય દર્શાવવામા સફલ પ્રયત્ન કર્યો છે

કુમુદસુન્દરી એક કુલીન કુટુમ્બની પુત્રી, વિવેકી, નમ્ર,સહનશીલ અને વિદ્વાન્ પ્રૌઢ યુવતી છે એની વિદ્વત્તા અગાધ કલ્પાઇ છે અંગ્રેજી ભાષા જ્ઞાનજ નહીં, પરન્તુ તે સાથે અત્યુત્તમ અને ગૂઢ કાવ્યોને સમજનારી, સમજીને તેમા વર્ણવેલા વિષયોનુ મનન કરી અનનુભવે અનુભવ કરનારી સ્ત્રી, તેમજ ગીર્વાણ જ્ઞાનમા કાવ્યનાટકાદિકનેજ નહીં,પરન્તુ ન્યાય, વેદાન્ત,મિમાંસાના ગ્રન્થોનો અભ્યાસ કરી, તેમા ઉડી ઉતરી, તેના મર્મ સમજનારી પંડિતા તથાપિ વિચારવતી,શીલવતી,સદ્ગુણવતી એવી એક કુલવધૂનુ ચિત્ર પાડવાનો પ્રયત્ન થયો છે તે પ્રયત્ન કેટલે અંશે સિદ્ધ થયો છે તે જોવાનુ છે કથારંભમા કુમુદસુન્દરી વાચકના મનમા બહુ ઉચ્ચ ભાવ ઉત્પન્ન કરે છે અને જો તે સ્ત્રી ઉપર ચિંતકજન ચિંતવન કરે તો કુમારી અવસ્થામાંથી યુવાવસ્થામા આવતી કુમુદમા, તે, કાઇ અમાનુષ શીલ, સદ્ગુણ અને મહત્ત્વ જોવાની આશા રાખે ગમે તેવી ઉચ્ચસ્થિતિમા ગએલો પણ મનુષ્ય અનાયાસે એક સમયે નીચ વર્તન કરે, તે કેટલાકોને સ્વાભાવિક લાગતુ હશે, અને લાગેજ તેમા આશ્ચર્ય નથી પરન્તુ એવા પ્રસંગમા એવી ઉચ્ચ સ્થિતિને પહોચનાર મન અથવા બુદ્ધિને દોષિત ઠરાવવા, તે કરતા તે સમયના એકીભૂત પ્રસંગોને દોષિત ગણવા એ સારો પક્ષ છે આ સ્થાનમા પણ આપણે કુમુદસુન્દરીના ચિત્તભ્રમમા પ્રસંગને દોષ દઇ શકિયે પરન્તુ વિમાર્ગે લઇ જનાર પ્રસંગો પણ, જેની ઉપર પોતાને અમર કરવી છે, તે મન અથવા બુદ્ધિને તુલ્ય અથવા અધિક પ્રબલ હોવા જોઇએ ઘૃતને દ્રવીભૂત કરવા એક સામાન્ય દીપની ઉષ્ણતા પણ પરિપૂર્ણ છે, પરન્તુ લોહને જરા લેશમાત્ર પણ ગાળવાને એક મોટી ભઠ્ઠીની જરૂર છે કુમુદસુન્દરીનુ અતિ કઠિન મન – વિશેષે શાસ્ત્રાદિકના અધ્યયને થએલ વજ્રમય મન – તેને ચળાવવાને પ્રસંગ પણ તેવો મહત્ત્વવાન જોઇએ કેવળ સરસ્વતીચંદ્ર અતિથિરૂપે ઘેર આવ્યો, પતિના દુર્ગુણનો એકાદ પ્રસંગ નજરે પડયો, સખી વર્ગમાની એકાદની નીચ વૃત્તિ જાણી એક પતિવ્રતા સખીના સુખનુ ચિંતવન થયુ, આવા આવા તુચ્છ પ્રસંગોથી કુમુદસુન્દરીનુ મહા સમર્થ મન ચલિત થાય, એ ખરેખર અયોગ્ય ને અસંભવિત કહેવાય

૧ સામાન્ય ટુંકા અર્થાઓ કુમુદસુન્દરી ગમનો ન હતો એમ તેની વર્ણન ઉપરથી સૂચવાય થઇ જાય છે

સામાન્યજનનને એ સંભવિત લાગે,પરંતુ કુમુદસુંદરીના મનમાં ઉંડા પેશેલ, તેના મનને જાણનાર, તે મનની વૃત્તિઓનું અવલોકન કરનાર, વિશેષ શું! તે મનને ઘડનારને તો તેમ નજ લાગવું જોઇએ. કેટલો વિરોધ! અધઃપાત સમયે પણ કુમુદની વિચાર શ્રેણી તેનું મહત્વ દેખાડે છે. એક નાના દીપવાળા ખંડમાં અંધારામાં પણ તેની વિદ્યા પ્રકાશ પામી રહે છે. પ્રતિકુળ પ્રસંગો ઉત્પન્ન થયા હોય તો,તેનો નાશ કરવાને યોગ્ય પ્રસગે પતિવ્રતા **વનલીલા**ની પતિ સેવા, તે સમયે કુમુદના ખંડમાં સદ્ગુણરસ છાઇ દે છે. અપવિત્ર–પણ પવિત્ર મને અપવિત્ર ન લેખેલા–પતિ પ્રમાદધનની છબી આ ચલિત થતી કુમુદની દૃષ્ટિ આગળ પડેલી છે. આટલા આટલા દુર્ગુણના પ્રતિકુળ અને સદ્ગુણના અનુકુળ પ્રસગો છતાં. કેવળ એકાંત અને પૂર્વસ્થિતિનો સ્નેહ, નિર્મળ સ્નેહ, પવિત્ર સ્નેહ, અકલંકિત સ્નેહ, શું કુમુદને દુષ્ટ માર્ગે લઇ જાય? નહિ, નહિ. કદિ નહિ.

અમારા વિચાર પ્રમાણે તાણી તોડીને ઘટાવેલ આ પ્રસગમાંથી પવિત્ર હૃદયને મુક્ત કરવા, બીજો પ્રસંગ બહુ સારી રીતે અણાયો છે. શુદ્ધમતિ,સદ્ગુણ અને શીલને ધરનારી કુમુદની માતાનું સ્મરણ તેને તે માર્ગથી પાછી વાળે છે. પાછો પ્રેમ, નિષ્કલંક–કલંકિત થવા જતાં અટકી નિષ્કલંક રહેતો, નિર્મળ–મલિન થવા જતાં અટકી નિર્મળજ રહેતો; શુદ્ધ–અશુદ્ધ થવા જતાં ઠોકર ખાઇ શુદ્ધજ રહેતો, નિઃશ્વાર્થ–સ્વાર્થે થવા જતાં પાછો પડી નિઃશ્વાર્થજ રહેતો; પુનઃ પૂર્વ રૂપેજ પ્રાદુર્ભૂત થાય છે. કલાક અથવા અર્ધા કલાકનું સ્વપ્ન, અયોગ્ય પણ કર્તાએ યોગ્ય રૂપેજ ઘટાવેલી નિર્મળ મન પરની મલિનતા, એક ક્ષણમાં નાશ પામે છે.

ગમે તે રીતે, શુદ્ધિથી અથવા અશુદ્ધિથી,તે સ્ત્રીપુરૂષનો ભેટો તો કરાવવોજ; વિચારવચ્ચે આવતી આચરણ-જવનિકાનું છેદન થવુંજ જોઇએ, એમ કર્તાનો વિચાર જણાય છે. અને શુદ્ધિથી થયું એ વિશેષ સારૂં થયું. હવે સદ્ગુણનો અભેદ્ય દુર્ગ પોતાની આસપાસ બાંધી, દૃઢતાને સાથે રાખી, મલિનતાનો નાશ કરી,એક સ્ત્રી નિર્વિકાર મનથી,પોતાના પતિ નહિ એવા પુરૂષના ખંડમાં, નિઃશંકપણે ચાલી જાય છે. સાથે એક ઉપદેશાત્મક પત્ર લેતી જાય છે. કુમુદસુંદરીનો પત્ર પણ તેની વિદ્વતાને પૂર્ણરૂપમાં પ્રકાશે છે.

"અવનિપરથી નભચઢ્યું નારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં
ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સરજેલું આ ધરતીમાં ૧
* * * * *

પણ ઉંચા નભના સંચારી પક્ષિરાજ, તું આવ્યો આ,
ધરતીપર ત્યાંથી ઉડ્ય પાછો, પક્ષહીનનો દેશ જ આ ૨
* * * * *

સુવર્ણ પક્ષની જાગે ભભક ભળી, તે સમય તુજ કીર્તિને
જોઇ જોઇ પૃથ્વીપરથી પૂજું શું–ઉરમર્મથી અનુમોદીને ૩
નહીં ઉડાયે પોતાથી પણ પ્રિયની વિમાન ગતિ જોઇ,
ગવવું એટલું રહ્યું ભાગ્ય તે ગણ્યું! નિકર રહીશું રોઇ' ૪

આટલા નાના પત્રમાં પણ કુમુદસુંદરીએ પોતાના સ્નેહીની શક્તિનું ઘણું સરસ ચિત્ર આપ્યું છે. વિશેષ આશ્ચર્યકારક એ છે કે, જે વિચાર નવીનચંદ્ર અથવા સરસ્વતીચંદ્ર પોતે એક થોડા સમય આગાઉ, કેટનાક પ્રસંગોનો અનુભવ કરી પોતાના મનમાં સિદ્ધ કરવા જતો હતો, તેજ વિચારને અનુમોદક મત તેના પ્રમાણ પ્રસંગોનો અનુભવ કર્યા વિના કુમુદસુંદરી ઉચ્ચારે છે. જેમ આ પત્ર કુમુદની શક્તિ દર્શાવે છે, તેમ તેજ સમયે સરસ્વતીચંદ્રથી લખાએનો પત્ર સરસ્વતીચંદ્રના મનના તરંગ બતાવે છે. સરસ્વતીચંદ્રે આ સ્થાન પોતાને યોગ્ય નથી એમ નક્કિ કર્યું હતું, પણ કુમુદ પોતાને યોગ્ય છે એમ એને લાગતું નહોતું તેમ, તેને, પોતે જેને પ્રિય ગણેલી તેવાને તેની શક્તિની પરિક્ષા કરવામાં અસમર્થ જનમંડળમાં પડેલી જોઇ, ખેદ થતો હતો. તેના વિચારથી પણ કુમુદસુંદરી

"ઉંચા નભનો સંચારી પક્ષિરાજ * * *"

હતો. ભિન્નતા માત્ર એટલીજ હતી કે તે તેને

"* * * તું આવ્યો આ"

ધરતીપર, ત્યાંથી ઉડ્ય પાછો

"* * * એમ કહી શકતો ન હતો. તેને તો"

"પ્રિયની વિમાન ગતિ જોઇ ગવવું એટલું * * ભાગ્ય"

નહતું. એને તો સદા કુમુદની સ્થિતિ જોઇ, પતિવ્રતા કુમુદ પોતાની સ્થિતિમાં ગમે તેટલી આનંદમગ્ન રહે તો પણ રોઇ રહેવાનુંજ હતું. અને તેનો લખેલ પત્ર તે પણ રૂદનજ છે. કુમુદ બેયમાં વિશેષ ભાગ્યશાળી છે કે, તે

નવીનચંદ્રને કાંઇપણ ઉપદેશાત્મક વચનો કહી, તેની આગલી સ્થિતિ તેને સંભારી આપી, તેને કોઇ પણ માર્ગ દેખાડી આપે છે. **સરસ્વતીચંદ્ર** તે પણ કરી શકતો નથી. **કુમુદ** તેના કરતાં કાંઇ જુદાજ પ્રકારની સ્થિતિમાં છે. વિશેષમાં બહુ ઉંડા ઉતરી જોઇએ તો કુમુદની હાલની સ્થિતિની પરીક્ષા કરવામાં **સરસ્વતીચંદ્ર** કાંઇક ઠગાયો હોય તેમ તેના પત્ર ઉપરથી જણાય છે **કુમુદ**, તેના વિચારથી, પોતાની સ્થિતિમાં અસતુષ્ટ છે. કુમુદ પોતે, પોતાને ઇશ્વરનિર્મિત સ્થિતિમાં સતુષ્ટ માનવાનો પ્રયત્ન કરે છે. આ સ્થિતિમાં કયો માર્ગ લેવો તે વિચાર કરતાં, **સરસ્વતીચદ્ર** પોતે ધારેલો માર્ગ **કુમુદને** પણ અભિનદનીય જણાશે એમ ધારવામાં ઠગાય છે. પોતાને દુઃખી ન માનવાને પ્રયત્ન કરતી પણ દુઃખી, ઉદાર વૃત્તિવાળી **કુમુદ સરસ્વતીચદ્રને** દુઃખી કરવા ઇચ્છતી નથી. તે ધર્મભ્રષ્ટ થાય એવું જોવા ચહાતી નથી. તે પોતાના કર્તવ્યનો ત્યાગ કરે એ કુમુદને ગમતુ નથી. ગમે તેવાં પણ ગુરૂજનની શુશ્રૂષા કરવીજ જોઇએ, એવો મર્મ કુમુદનો જણાય છે. વિદ્વત્તાને અધારામાં રાખી તેનો ઉપયોગ કેવળ અરણ્યરૂદનમાં કરવો એ એના મનથી મહા પાપ છે. એતો એમજ ધારે છે જેઃ—

नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
मूर्ध्नि स्थितिर्न चरणैरवताडितानि ॥

આ સર્વ વિષયમાં **સરસ્વતિચંદ્ર** તેનાથી જુદોજ પડે છે. **ચંદ્રને** કુમુદ વગરનું જગ શૂન્ય ભાસે છે. વનવાસ, સન્યાસ, પ્રચ્છન્નસ્થિતિ એ એના મનથી વિશેષ સુખદાયક જણાય છે. ગુરૂજનની શુશ્રૂષા ત્યાગ કરવામાં, તે ગુરૂજનને પોતે સુખી કર્યાં એમ ધારે છે. જગતને પ્રકાશ કરવાની તેની ઇચ્છા છે, પરંતુ **કુમુદ** વગરના જગતને પોતાના કિરણોથી ઉજવલિત કરવાની તેની ઇચ્છા નથી. બહુ બહુ વિચાર કરી આ નિર્મળ પ્રેમમાં લીન થએલા, મહાસમર્થ વિદ્વાને તાત્પર્ય એજ કહાડયું કે

"જહાંગિરી—**ફકીરી** એ ! લલાટે છે લખાવીમ્હે'".

સંન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છા કરે પણ સંન્યાસ ગ્રહણ થતો નથી; કારણ જગતના સન્યાસની સાથે કુમુદનો સન્યાસ કરી શકતો નથી. માટેઃ—

"હવે સ્વચ્છંદચારી હું! યદૃચ્છાવેશધારી હું !
પતગો ઉડતી જેવી—હવે મારી ગતિ તેવી !"

એમજ ધારી, એમજ નિશ્ચય થાય છે. **સરસ્વતીચંદ્રનો** પત્ર વાંચ્યા પછીની કુમુદની સ્થિતિ સ્વાભાવિક છે.

मणिरत्नमाला

(संबंध पान गया वर्षने २६४ थी)

अपरोक्षानुभूतिमा श्रीशंकर भगवान् कहे छे के—

ब्रह्मादिस्थावरांतेषु वैराग्यं विषयेष्वनु ।
यथैव काकविष्ठायां वैराग्यं तद्धि निर्मलम् ॥

ब्रह्मलोकथी मांडीने खडना तुखडा सुधी जे विषयो होय तेनेविषे जेवो कागडानी विष्टामा वैराग्य थाय तेवो थाय तेनुं नाम निर्मळ वैराग्य केहेवाय

आवो निर्मळ वैराग्य थाय तेने कोईपण विषयमा आसक्ति थती नथी अने जगतमा देखाता अनेक विषयो तेने बाध पण करता नथी, केम के सघळा पदार्थो उपर तेने समान रीते निस्पृहपणुं थयुं होय छे निरंतर तत्त्व शोधवामांज तेनी वृत्ति रहे छे ब्रह्मलोक सुधीना वैभवोने ते तुच्छ गणे छे तो पछी संसारना विषयनी तो वातज शी करवी ?

शिवगीता अध्याय तेरमामां लख्युं छे के—

विरज्य सर्वभूतेभ्य आविरंचिपदादपि ।
घृणां वितत्य सर्वत्र पुत्रमित्रादिकेष्वपि ॥

ब्रह्माना लोकथी मांडीने सर्व भूतप्राणीमात्रथी विराग पामी अने पुत्रमित्रादिकमा विराग पामीने सर्वत्र दयानो विस्तार करी (रेहेवुं)

आम सर्व लोक, पदार्थ अने संबंधमा पण आसक्ति वगरना थईने मात्र सर्व प्राणी उपर दयाभाव राखी निर्मळ वैरागी उदासीन थई फरे छे संसारसंबंधी कोईपण आधि उपाधि नहि पडता, संसार उपर अने तेमांना भोग्य विषयो उपर एनीमेळे राग उडी जई तेने ग्रहण करवानी इच्छाज रेहेती नथी अने सर्व अनुपयोगीज अथवा दुःखरूप के उपाधिरूपज लागे छे आवा निर्मल वैराग विना परम पदनी प्राप्ति थती नथी कोई माणस अमदावादथी सुरत जवासारु नीकळे तेने सुरतनी वात कोई करे तो तेथी सुरत न आवे ने मार्गमा गाम आवे तेमां रहे तो पण सुरत न आवे जे जे गाम मार्गमा आवे ते मूकी दई चाल्यो जाय तो ते सुरत आवे तेमज आ वैराग्यमा पण वचमां अटकी जाय तो परम पदनी प्राप्ति न थाय, पण निर्मळ वैराग्य सुधी पोचे तो परम पदनी प्राप्ति थाय स्त्री आदिना के बीजा क्लेशथी जेने मंद वैराग्य थयो होय तेने कदाच सुख मळे

छे एटले तेनो वैराग टळी जई जेम कोय काशीए जवा नीकळे ने बे कोस जई अटकी जाय तेम अटकी जाय छे; साधारण वैरागी पण इन्द्रादिकनां सुख सांभळवाथी आ संसार उपर अभाव आवतां वैराग्य पाम्यो होय ते पण जेम कोई काशीए जवा नीकळीने पांच कोस जई अटके तेम तेटलेज अटकी जाय छे; उन्मुनी वैरागी मंद अने साधारण वैरागी करतां आगळ जाय छे. अने तेमने विनाकारणे संसारमांथी मन पाछु वळी वैराग्य थयो होयछे तेथी ते आ लोकमां आवतो नथी.

तीव्र वैरागी मंद साधारण अने उन्मुनी करतां आगळ वधीने वैकुंठ लोक, सत्य लोक अने कैलास सुधीमां अटके छे, केमके तेमने द्वैतभाव सहित वैराग थयो होयछे एटले जे देव उपर निष्ठा होय ते देवना लोकमां जाय छे, निर्मळ वैरागी मंद, साधारण, उन्मुनी अने तीव्र वैरागीथी आगळ वधीने सत्यलोक वैकुंठलोक कैलासने मेलीने जाय छे ते एवे ठेकाणे जाय छे के ज्यांथी ते कोई दिवस पाछो आवतो नथी. माटे एवी रीते जे पांचेय वैराग्य साधीने परम पदने पोचवानुं पात्र थयो होय ते वैरागी केहेवाय. ए पद एवु छे के जेमां गया पछी जगतमां जन्म लेवो पडतो नथी. श्रीभगवान् पण कहे छे के—

न तद्भासयते सूर्यो न शशांको न पावकः।
यद्गत्वा न निवर्त्तते तद्धाम परमं मम ॥

जे धामने सूर्य चद्र के अग्नि देखाडी शकतो नथी अने ज्यां जईने पाछु पडातुं नथी ते मारूं परम धाम छे.

पांचेय वैराग्यने प्राप्त थई आवां धामने पामवाने जे पात्र थयो होय ते वीतरागी (सर्ववैरागी) केहेवाय.

जे नामरूपवाळु छे तेनो नाश छे अने जेने नामरूप नथी तेनो नाश तो ज्ञानेज होय[2] आम जेने स्वरूपनो निश्चय थई गयो होय ते अपास्तमोह (मोह मटाडेलो) केहेवाय. खरूं होय तेने खोटुं जाणवु ते मोह अने खराने खरू जाणवु ते मोहनी निवृत्ति.

जेने वाणी पोचती नथी, जे श्वेतादि वर्ण रहित छे, जे शब्दादि विषय रहित छे जे सत्वादिक गुण रहित छे, जे कामादिक षड्वर्ग रहित छे; जे आकाश आदि पंचमहाभूत रहित छे, जे मन आदि अगियार इंद्रियो रहित

छे, जे स्थूल सूक्ष्मादि लिंग रहित छे, जे क्षर अक्षरथी[1] अळगो छे, जे अव्यक्त[2] थकी उत्तर छे, अने जे छत्रीश[3] तत्त्वथी अळगो छे छतां जे जुदो जणातो नथी ते परमात्मा शिवतत्त्व केहेवाय

शिव, ब्रह्मा, परमात्मा ए सर्वे एज तत्त्वने सूचवनारां नाम छे ए तत्त्व कोईथी प्रकाशित नथी, पण सर्वने ते प्रकाश करनारू छे, चन्द्रसूर्यादिने प्रकाश अने गति आपनार एज छे एनीज सत्ताथी जगत देखाय छे अने एमांज लय थाय छे ए सर्वमां रहेलु छतां तेने कोई अडी शकतु नथी ते निर्विकार निरूप अने कोई पण तेने पराभव करी शकतु नथी परमात्मानु स्वरूप वर्णवतां श्रीभगवाने अर्जुनने कह्यु छे के —

।अच्छेद्योयमदाह्योयमक्लेद्योऽशोष्य एव च।
नित्य सर्वगत स्थाणुरचलोयं सनातन ॥

शस्त्रोथी छेदी न शकाय, अग्निथी बाळी न शकाय, पाणीथी सोडवी न शकाय, वायुथी सुकवी न शकाय एवो परमात्मा नित्य छे, सर्व व्यापक छे, स्थाणु छे, अचल छे, अने अनादि छे

आवा सर्वव्यापक सनातन परम कल्याणरूप आत्मस्वरूप तेज शिवतत्त्वमां प्रीति राखवी ते सत्यस्वरूप जाणी तेनी साथे लक्ष्यार्थथी आत्मानी एकता करी तेमांज वृत्ति जोडी देवी तेनु नाम निष्ठा केहेवाय जेने परमात्मतत्त्व साथे एकता थई होय तेने भेद सर्व टळी जाय छे एवाओने आवाहन पूजन विगेरे लोकसंग्रहमाटेज होय छे जेने परब्रह्ममां एकनिष्ठा थई तेनु सत्य स्वरूप समजायु होय अने सर्व प्रकारनो मोह जेनो टळी गयो होय तेज संत केहेवाय मोह मटी जवाथी सुखदु ख रागद्वेष हर्षशोक जेने नथी आवतां एवो आत्मवेत्ता सत्पुरुष पोते कल्याणरूप थईने अन्यनी संसारसबंधी आधि व्याधि उपाधिरूप रोगोने मटाडी तेने पण कल्याणरूप करे छे शास्त्रो आवा पुरुषनोज संग करवानु कहे छे

---

१ क्षर एटले मनना कल्पेला पचास अक्षरो अने अक्षर एटले प्रणव (ओंकार) २ व्यक्त एटले चौद लोक अने अव्यक्त एटले ईश्वर ३ पांचभूत पांच तन्मात्रा, दश इन्द्रिय दश वायु चार अंत करण एक प्रकृति अने एक पुरुष एम छत्रीश थया अने साडत्रीशमा शिव एम पण कोई लेखे छे एक मते सत्तावीस तत्त्व पण गणाय छे

नह्यंमयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।
ते पुनंत्युरुकालेन दर्शनादेव साधवः ॥

पाणीवाळां तीर्थो पवित्र नथी करतां तेम नथी, माटी अने शिलामय देवताओ पवित्र नथी करता एम नथी, तेओ घणे काळे पवित्र करे छे अने साधु पुरुषो तो दर्शनमात्रमां पवित्र करे छे.

आवी रीते सत्पुरुषनुं महात्म्य छे. कांइ वेश बदलो करवाथी, राख चोळवाथी, के टीलां टपकां करवाथी संत थवातुं नथी. संत थवुं एतो तरवारनी धारपर चालवा करतां पण कठण छे अने ते उपर कह्युं ते प्रमाणे सर्वमां विराग, मोहरहितपणुं अने आत्मरूपमां निष्ठा विगेरे महान प्रबल साधनोथी थवाय छे. एवी रीते जे संत थया होय तेज संत केहेवाय.

को वा ज्वरः प्राणभृतां हि चिंता
मूर्खोऽस्ति को यस्तु विवेकहीनः ।
कार्या मया का शिवविष्णुभक्तिः
किं जीवनं दोषविवर्जितं यत् ॥१०॥

अर्थ.

शिष्य—प्राणीमात्रने ज्वर शु केहेवाय?
गुरु—खरेखर चिंता छे तेज प्राणिमात्रनो ज्वर छे.
शिष्य—मूर्ख कोण केहेवाय?
गुरु.—जे विवेकहीन होय ते मूर्ख केहेवाय.
शिष्य—मारे शुं करवुं?
गुरु—तारे शिवनी अने विष्णुनी भक्ति करवी.
शिष्य—जीववू कयुं केहेवाय?
गुरु—जे दोष वगरनुं जीवाय ते जीववू केहेवाय.

टीका.

चिंता छे ते सर्व प्राणीमात्रने एटले मनुष्योने ज्वररूप छे. सुखनो नाश अने दुःखनी प्राप्ति ते ज्वर केहेवाय. अज्ञान एटले दुःख अने ज्ञान

एटले सुख एम समजवु जे कई चिंता अथवा दु ख थाय छे ते अज्ञान थीज थाय छे ज्ञानने आवरण थवाथी अज्ञान थाय छे अने अज्ञान थयु एटले सुख जाय, रूप जाय अने विद्या पण जाय कोईए कह्यु छे के —

चिंता चितासमाप्युक्ता चिंता च बिंदुनाधिका ।
चिता दहति निर्जीवं चिंता सा तु सजीवक ॥

चिता अने चिंता बेय सरखा छे, मात्र चिंतामा एक मींडु वधारे छे ए मींडाना अधिकपणाथी एटलो बधो एमा फेर थई जाय छे के चिता तो मात्र जीव वगरनानेज बाळे छे पण चिंता तो जीवता माणसने पण बाळी नाखे छे

अष्टावक्रमा पण चिंताविषे लख्यु छे के —

चिंतया जायते दु ख नान्यथेहेति निश्चय ।
तया हीन सुखी शात सर्वत्र गलितस्पृह ॥

चिंतावडेज दु ख पेदा थाय छे, बीजा कशाथी अहीं दु ख नथी थतु ए निश्चय छे जेने चिंता नथी ते सुखी छे, शात छे अने तेने कोई वातना तृष्णा अथवा इच्छा रेहेती नथी

चिंता उपजे छे तेनी साथे अनेक दु ख साथे थाय छे चिंता मट्या पछी पण ए दु ख तरत मटी जता नथी जेम कोईए उबाडियु (सळगतु लाकडु) शरीर उपर नाख्यु होय तो तरत बळतरा थाय छे ते उबाडीयु उपाडी लीधा पछी पण तरत शामी जती नथी पण केटलेक दिवसे ओसड वेसड करवाथी टळे छे तेम चिंता छे ते लागे छे के तरत बळतरा थाय छे ने मेली दीधा पछी पण पाछु चित्त वारवार त्या जाय छे एटले पीडा थया करे छे पण ज्यारे शास्त्रना बोधरूप ओसडनु सेवन थाय अने गुरुरूप ज्यारे वद मळे त्यारे ते पीडा टळे छे आवी रीते चिंता महा दु ख

---

1 भाषामा पण कोइए कह्यु छे के

चिंताए चातुर्य घटे, घटे रूप गुण ज्ञान,
लाज काज विद्या घटे, चिंता चिता समान

दायक छे. मारे केम द्रव्य नथी, मारे केम दारा नथी, मारे केम घर नथी, मारे केम गरास नथी, मारे केम पुत्र नथी, मारे केम मान नथी, मारे केम मोटाई नथी अने मारे केम काम नथी? इत्यादि अनेक वळतरा करवी ने इच्छा करवी तेज चिंता केहेवाय. माटे तेवी दुःखद चिंताने तजी देवी जोईए. हायवोय करी अनेक प्रकारे इच्छा करवी ए मुर्खाईनुं काम छे, केमके तेम करवाथी कंईपण मळतुं नथी. मळवुं न मळवुं ते कोईना हाथमां नथी. मात्र ते ईश्वरना हाथमां छे एम विचारीने सदैव निश्चित रहेवुं.

जेनामां विवेक न होय ते मूर्ख केहेवाय. ए विवेकविषे आगळ विस्तारथी लखाई गयु छे ते अहीं स्मरणमां लाववाथी सरस समजाशे. सारांश एज के साचुं खोटु ओळखवुं एज विवेक छे ने ते न ओळखे ते मूर्खज छे.

शिवनी अने विष्णुनी भक्ति करवी ए कर्त्तव्य छे. कोईने एम शंका थाय के शिव ने विष्णुनी भक्ति करवानुं तो ठीक पण परमेश्वर शु बे छे? तो तेनुं समाधान एज छे के परमेश्वर कांई बे नथी. ते तो सदैव एकज छे. पछी इच्छामां आवेतो शिव कहो के इच्छामां आवे तो विष्णु कहो. श्रुतिमां, पुराणमां अने सर्वेना अनुभवमां ईश्वर एकज छे. जेओ ईश्वर एक नथी मानता ने नोखां नोखां नाम उपर मतभेद ताणीने मरे छे ते निंदा पामे छे ने छेवट तेनु कल्याण थतु नथी. शिवनी भक्ति करतो होय ने विष्णुने निंदे तो शिवनीज निंदा थाय छे, केमके ईश्वर एक छे अने विष्णुनी भक्ति करे ने शिवने निंदे तो विष्णुनी निंदा थाय छे, केमके ईश्वर एक छे. जे मूर्ख होय छे ते एवा खोटा वादमां ममत्व बांधीने गुचवाई मरे छे. समजु माणसे तेवो ईश्वरमां भेदभाव राखवो जोईए नहि. कोई एम शंका करे के तमे देवने एक कहोछो परंतु शिवरहस्यमां तो—

विभूतिर्यस्य नो भाले नांगे रुद्राक्षधारणं ।
नहि शंभुमयी वाणी तं त्यजेदंत्यजं यथा ॥

जेना कपाळमां विभूति न होय, जेणे अंगे रुद्राक्ष धारण न करी होय अने जेनी वाणीमां शंकरनु नाम न होय ते माणसने (ब्राह्मणने) नीचनी पेठे एटले चांडाळनी पेठे त्याग करवो.

आवी रीते लख्यु छे तेविषे शु समजवु? वळी विष्णुपुराणमा एम लख्यु छे के 'जे ब्राह्मण उर्ध्वपुंड्र (उभु टीलु) न करे ते अधम छे' वळी शिवरहस्यमां एम लख्यु छे के 'पोते तो विष्णुनु नाम लेज नहि ने सांभळे पण नहि पण बीजो कोई जो ले तो तेनी जीभ कापी नांखे तेज खरो शिवभक्त केहेवाय' आम घणे ठेकाणे लख्यु छे साक्षात् शंकरे पार्वतीप्रत्ये एवा वचन कहेला छ तेवीज रीते विष्णुना मतमा पण तेवाज विरुद्धताना वचनो आवे छे तेनु शु करवु? आनु समाधान ए छे के ईश्वरना एक स्वरूपमां ए वात संभवतीज नथी अने ते नीचे दृष्टांतरूप वातथी समजाशे

कोईएक राजा हतो तेणे पोताना भाई साथे लडाई मांडी सभा बेठी होय तेमां सारी पेठ वखाण करे अने मनगमता वचन बोले पण मनमां एम जाणे के मारे तेने मारवो छे गमे तो छेतरीने मारवो के झेर दईने मारवो आम रोज राजा तो मोढेथी तेना वखाण करतो हतो ते कोईए सांभळीने राजाना भाईने कही दीधा तेथी ते मनमा बहुज हरखायो राजाए पोताना वखाण कर्या तेथी पोते हरखभर्यो राजापासे गयो ने राजाने भेट आपी राजाए तो महाशुरवी छे, महाशास्त्र छे, मने घणो वहालो छ, माटे तेने शीरपाव आपवो मारे पेहेरवानो अमुल्य वाघो छ ते कोईने न अपाय पण आ मारा वहाला भाइने आपो एम कही प्रधानने सीरपाव आपवा कह्यु राजानो भाई तो शिरपाव जाण्यो तेथी ते पेहेरीने प्रसन्न तो थयो पण माइला दगानी खबर नहि हती तेथी घेर आवतामेंत मरण थशे ते वार्ताने जाणतो न हतो

अहीं शिवने अने विष्णुने राजा ठेकाणे समजवा, द्रोही भक्त होय ते राजाना शुरवीर भाईने ठेकाणे समजवा अने प्रधानने ठेकाणे पार्वती समजवा शिवे ए द्रोही भक्त छे एम जाणी पार्वतीनी साथे छानी वात करी ते कोईना जाणवामां न आवी ने उपरथी खोटा खोटा वखाण करीने अने आम करे ते मारो भक्त एवी दगाबाजी राखीने विष्णुनो द्रोही छे माटे भक्ति ताणी लेवी एम विचार कर्यो आवा उपरथी कहेला वचनने खरा मानीने प्राकृत जीव समज्याविना एमने एम लइ भागा, पण कांई विवेकथी विचार कर्यो नहि एथी जेम राजाना भाइनो झेरी वाघाथी नाश थवानो संभव छे तेम आवी भक्तिथी पण नाश थवानो (नरकमां

पडवानो) संभव छे. द्रोही भक्तोनुं कल्याण थतुं नथी. देह छूटतां वेंत ते पापनु फळ तेने भोगववुं पडे छे. शिवरहस्यमां कह्युं छे ते देखीतु विरुद्ध लागतुं होय तो एम समजवुं के ते आगळ द्रोही भक्त थशे एम धारीने तेने शिक्षा थवा माटे आ वचन शंकरे कह्यां छे. जेओ मुर्ख छे ते एवी द्रोही भक्ति करे छे ने तेवां वाक्योथी प्रसन्न थाय छे. ते पोताना मूढ हृदयमां कशो विचार करता नथी. पेहेला राजाना भाईए एटलुं न विचार्युं के मारे ने तेने कजीयो छे तेम छतां मारां वखाण केम करे छे ने मने शीरपाव शामाटे आपे छे? तेम द्रोही भक्तोपण एटलुं नथी विचारता के शिवने अने विष्णुने एवडो शो वांधो छे ने एक बीजाए परस्पर शुं भूडुं कर्युं छे, के ते शिव विष्णुनी निंदा करे. मात्र वगर विचारेज आंख्यो विची दीधे जाय छे. शिव विष्णुनी भक्ति करनाराओए सदाय समजवु जोईए के, त्रिगुणात्मक स्वरूप तो एकज छे. तेम छतां विवेक वगर जे एकने भजे छे ने वीजाने निंदे छ ते नरकमां पडे छे. शिवसंबंधी शास्त्रमां एम लख्युं छे के विष्णु शिवना भक्त छे अने विष्णुसंबंधी शास्त्रमां एम लख्यु छे के शिव विष्णना भक्त छे, पण एक वात सांभळीने एक वातने पडी मेले छे ते एटलुं पण नथी विचारता के पोताना गुरूनो जे भक्त होय ते गुरुभाई थाय माटे पण तेनो द्वेष न करवो जोईए. जे संप्रदायमां पोते होय तेमां बीजो कोई होय तो ते संप्रदायी भाई गणाय, तो तेमपण शिवनी के विष्णुवी निंदा करवी घटतीज नथी. एक संप्रदायमां रहीने वीजानी निंदा करनारा द्रोहि प्राकृत जीवने एवी भक्ति तेना कर्मनुं फळ आपवाने माटेज परमेश्वरे तेने आपी छे एम समजवुं जेम एक गुरुनो कोई शिष्य होय ते घणां वरसथी सेवा करतां होय तेमां कोई बीजो नवो शिष्य थाय तो, ने ते जो प्रथमना साथे वेर बांधे तो गुरूने गमतु नथी तो ईश्वरने एवो द्रोह केम गमे? केमके ते तो वेय एकजरूप छे. निराकार शिव विष्णु एकज अने सर्वव्यापक छे. विष्णु पंजरमां लख्युं छे के—

जले विष्णुः स्थले विष्णुर्विष्णुः पर्वतमस्तके ।
ज्वालमालाकुले विष्णुः सर्वं विष्णुमयं जगत्॥

जळमां विष्णु छे, स्थळमां विष्णु छे, पर्वतनी टोंचउपर विष्णु छे, अग्निनी ज्वाळामां विष्णु छे. एम सर्व जगत् विष्णुमय छे. (अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ   માર્ગશીર્ષ, સવત્ ૧૯૮૯.   અંક ૭ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

प्रभुप्रार्थना

राग आशा ताल दीपचदी

માવવ ધાર ધગે કર મારો, ઓથ અહર્નિશ એક તમારો,—મા૦
દાન દયા કે ધ્યાન ન જાણુ, પૂજન અર્ચન મૈ ન કરાણુ,—મા૦
માન મમત્વ અને મદમાહી, માનન નાથ થયુ નહિ કાહી,—મા૦
ભૂધર ભૂપર હુજ અભાગી, રોજ રહ્યો વિષયોપર લાગી,—મા૦
આ ભવસાગરમા અથડાયો, પામર કેનવ પાપ કમાયો,—મા૦
સાર અસાર વિચાર ન સૂઝે, કેમ થશે એમ અતર ધ્રૂજે,—મા૦
માર કરો ચૂર મારી મુરારિ, આપની આપ વડાઇ વિચારી,—મા૦
શરણ કરૂ છુ ચરણ તમારૂ, કેશવ હરિ નહિ કયાય વિસારૂ,—મા૦

स्वार्थनिषे

(સબધપાને ૧૧ થી)

પોતાનુ ક્ષેમકુશળ જાળવવામા લોભનેલીધે બીજાનુ કરનાર અને કીર્તિમાટે સદાચરણ વિગેરે આચરનાર મનુષ્ય તે મનુષ્યપણામા ગણવા યોગ્ય છે અને બીજાનુ બગાડી માત્ર પોતાના શરીરના પેટનેસારૂ અધમ કરીને કુટુબનુ પોષણ કરનાર કે જેની ઘણુ કરી અપકીર્તિજ થાય છે તેવા મનુષ્યો તે મનુષ્ય છતા પણ પુછડા વગરના પશુ જેવા ગણવા યોગ્ય છે જે દેવજેવા હોય તે અહી અથવા પરલોકમા દેવજેવા થાય, મનુષ્યજેવા હોય તે અહીં અથવા પરલોકમા મનુષ્યજેવા થાય અને જે પશુજેવા છે તે આહી અને બીજા જન્મમા પશુજેવાજ થાય 'આમ

જુદી જુદી સ્થિતિને આપનાર સ્વાર્થનું જો બીજું કાંઇરૂપ જોવા જઇએ તો દેખાતું નથી. માત્ર જેવાં જેવાં આચરણ મનુષ્યવર્ગ કરે તેવાં તેવાં આચરણ ઉપરથી તે કયા વર્ગના સ્વાર્થવાળો છે એમ વર્તાય છે. રોગાદિકની પરીક્ષા જેમ તેના ચિન્હઉપરથી સાધ્ય, કષ્ટસાધ્ય અને અસાધ્ય એમ કરવામાં આવે છે; ગુણની પરીક્ષા જેમ સ્વભાવ અને વર્તનથી કરવામાં આવે છે, ભણતરની પરીક્ષા જેમ જવાબઉપરથી કરવામાં આવે છે; દોષ કયો કોપ્યો છે તેની પરીક્ષા જેમ વિકારઉપરથી કરવામાં આવે છે; તેમ સ્વાર્થની પરીક્ષા પણ મન વાણી અને ક્રિયાના વર્તન ઉપરથી કરવામાં આવે છે. આમ હોવાથી વખતે વખતે થોડા વર્તન ઉપરથી નિશ્ચય બાંધી બેસવામાં કાંઇક ભૂલ પણ થઇ જાય છે અને કોઇવાર ખરેખરૂં પણ હોય છે. સઘળા વ્યવહારો, કાર્યો અને સંબંધો સ્વાર્થમાં સમાઇ જાય છે એ સાવ ઉઘાડુંજ છે; પણ આવી રીતે સ્વાર્થનું રૂપ સમજીને વર્તનાર મનુષ્યપ્રાણી હજારમાં એકાદ હોવો કઠણ છે. જો એમ ન હોય તો પછી અધમ સ્વાર્થી કોઇ થવોજ સંભવે નહિ અથવા ગુણની સત્તાથી સભવે તો તેનું સ્વરૂપ કાંઇક જુદુંજ હોય. ઉત્તમ અને મધ્યમ સ્વાર્થી પણ જો પોતાનું સ્વરૂપ સમજીને વર્તન રાખે તો તેથી તે વધારે લાભ પામી શકે છે, પણ તે વાત સમજાવી બહુ કઠણ છે. સ્ત્રીપુરૂષ વિગેરેના પ્રેમ કે મમત્વને પરમાર્થ માની બેસનારા પણ મધ્યમ સ્વાર્થમાંજ સમાઇ જાય છે અને દેશદાઝનેમાટે કે પરોપકારનાં બીજાનાં ભલાના કાર્યો કરનારા પણ ઉત્તમ સ્વાર્થમાં સમાઇ જાય છે. ઉત્તમ મધ્યમ અને અધમ એ અનુક્રમે ઉતરતાં જતાં એક બીજા કરતાં હલકો છે અને છેવટથી ઉપર ચડતાં જતાં અનુક્રમે વખાણવા યોગ્ય છે. જગતમાં જેમ ઉત્તમ અને મધ્યમ સ્વાર્થી વધારે હોય તેમ સુખશાંતિ વધારે જળવાય છે. અધમ સ્વાર્થીઓથી જગતનાં સઘળાં પ્રાણીઓને ઘણી પીડા થાય છે, અને બીજા ઉત્તમ-મધ્યમ સ્વાર્થીઓને પણ તેઓ વિઘ્નરૂપે નડી પડે છે. સ્વાર્થ શબ્દનું જ્યાંસુધી રૂપ નથી ઓળખતા ત્યાંસુધી વિચાર વગરના લોકો પોતાની મેળે પોતાની હાનિ કરનારા થાય છે એ ઘણા દાખલા ઉપરથી આપણે જાણિયે છિયે. પોતાના સ્વાર્થથી બંધાયેલા પ્રેમ-પરિચયવાળું એક માણસ મરી જાય કે તેનો વિયોગ થાય અથવા ધનાદિકનો નાશ થાય તો બીજું માણસ પોતાના દેહત્યાગસુધાંતની ક્રિયા પણ સુખરૂપ માની કરવાને આગળ દોડે છે.

કેટલાક કાર્યો અવિચારીને આગળથી સારા લાગે છે પણ પરિણામે સારા હોતા નથી, પણ તે સમજાવું કઠણ હોય છે, કેમકે જેવા ગુણની પ્રબલતા તેવા વર્તનમા સુખ મનાઇ ગયુ હોય છે જે કાર્ય કે જે વિચારમા જેણે સુખ માન્યુ તે કાર્ય અને તે વિચાર ગમે તેનો દુસાધ્ય અને દુખરૂપ હોય તો પણ તેને સાધવાને સર્વ એકાગ્રખી રીતે પ્રયત્ન કરે છે, પછી તે સત્વના વધારાવાળો હોય તો તે પ્રમાણે, રજના વધારાવાળો હોય તો તે પ્રમાણે અને તમના વધારાવાળો હોય તો તે પ્રમાણે કરે છે જે આરભમા ઝેર જેવુ પણ પરિણામે અમૃત જેવુ સુખ હોય તે સાત્વિકી સ્વભાવનાને ગમે છે, જે આરભમા અમૃત જેવુ મીઠુ પણ પરિણામે ઝેર જેવુ હોય તેવુ સુખ રાજસી સ્વભાવનાને ગમે છે અને જે આરભમા નિષ્ફળ અને પરિણામે ઝેર જેવુ છતા કેવુ છે તે ખબર ન પડે એવુ હોય તેવુ સુખ તમોગુણીને ગમે છે આમ હોવાથી પોતાના સ્વભાવપ્રમાણે સુખ માની લેનારા તેને અનુસરતુ વર્તન કરે એટલે તેમા વિદ્વાનો હસે અને દુર્જનો નિદે એવા કાર્યો કરનારા પણ નજરે દેખાય એમા શુ આશ્ચર્ય ? સ્વાર્થને અનુસરતા કાર્ય ઉપરથીજ આ ઉત્તમ, મધ્યમ, અધમ એમ વિદ્વાનો ગણના કરે છે ભતૃહરિનો એનો મત છે કે,—

एते सत्पुरुषा परार्थघटका स्वार्थान् परित्यज्य ये
सामान्यास्तु परार्थमुद्यमभृत स्वार्थाविरोधेन ये ।
तेमी मानुषराक्षसा परहित स्वार्थाय निघ्नति ये
ये निघ्नति निरर्थक परहित ते के न जानीमहे ॥

જેઓ પોતાનો સ્વાર્થ મેલી દઇને પારકાનો સ્વાર્થ સાધી આપનારા છે તેઓ સત્પુરૂષ કહેવાય છે, જેઓ પોતાના સ્વાર્થને અડચણ ન પોહોચે તેમ બીજાના સ્વાર્થમાટે ઉદ્યમ કરનારા છે તેઓ સામાન્ય પુરૂષ કહેવાય છે અને જેઓ પોતાના સ્વાર્થમાટે થઇને બીજાનુ હિત થતુ હોય તેનો નાશ કરે તેઓ માણસજાતના રાક્ષસ કહેવાય છે, પરતુ પોતાનો સ્વાર્થ નહિ છતા પણ બીજાનુ ભલુ થતુ હોય તેનો નાશ કરે તેઓને કયા પ્રકારના કહેવા તે અમે નથી જાણતા

આ ઉપરથી સ્પષ્ટ જણાયુ કે પોતાના સુખનો આદર નહિ રાખી પરના સુખમાટે પ્રયત્ન કરનાર સત્પુરૂષ તે ઉત્તમ સ્વાર્થી, પોતાના સુખમા વિરોધ ન આવે તેવી રીતે બીજાને સુખ કરવાનુ પ્રયત્ન કરનાર તે મધ્યમ

સ્વાર્થી; અને પોતાના સુખમાટે થઇને બીજાના હિતમાં કે લાભમાં બાધો નાંખનાર તે અધમ સ્વાર્થી; પરંતુ પોતાને સુખ નહિ થયા છતાં પણ બીજાનું બગાડનારને કહેવો કહેવો એમાં તો આપણે પણ વિચારમાં પડવા જેવું છે. જેઓ પોતાના સુખ-દુઃખનો અનુભવ કરીને જેવું પોતાને થતું હોય તેવું બીજાને થાય એમ સમજી પોતાના સુખનું પ્રયત્ન પડતું મેલી બીજાના સુખમાટે પ્રયત્ન કરે છે અને જેઓ બાનનું સુખ જોઇ પોતાના સુખથી પ્રસન્ન થાય એટલા પ્રસન્ન થાય છે, તેઓને જગત પરમાર્થી કહે છે. તેને સ્વાર્થી કહેવાનો હેતુ પાડેલા ભેદપરથી સમજાય તેવો છે તોપણ જણાવિયે છિયે કે એ પ્રમાણે પ્રયત્ન કરનારને પણ ઇચ્છા વગર અને અનાયાસે પુણ્યફલની પ્રાપ્તિ થાય છે તે કોઇથી અજાણ્યું નથી અને એ પ્રમાણે વર્તીને પણ પોતે પોતાના મનમાં કૃતાર્થતા માની લઇ સંતોષ પામે છે તે તેમનો સહુથી સરસ સ્વાર્થ થયો. આટલામાટે તેને ઉત્તમ સ્વાર્થી ગણીએ તે અયુક્ત નથી. પોતાના સુખને વિરોધ ન આવે એમ પ્રયત્ન કરીને બીજાને સુખ આપનારનો પણ હેતુ પોતાના સુખને જાળવી રાખવાનો તથા બદલો પામવાનો હોય છે અથવા કાંઇ નહિ તો કીર્તિ અથવા પુણ્ય મેળવવાનો હોય છે તો એટલો તે તેનો સ્વાર્થ થયો, માટે એમ બીજાના સુખમાં સહાય કરનારને મધ્યમ સ્વાર્થી ગણવામાં બાધ નથી. બીજાનું બગાડીને પણ પોતાનું કામ સાધી લેનાર મહા અનર્થી છે તેને પણ પોતે યોગ્ય ધારેલા કાર્યાદિકથી સુખ મેળવવાની ઇચ્છા હોય છે, તેથી તેને અધમ સ્વાર્થી ગણવા યોગ્ય છે. તે શિવાયના લોકો કે જેઓ પોતાને કશો લાભ ન છતાં મન-વાણી-ક્રિયાથી પરપ્રાણીઓનું ભુંડું કરનારા છે તે તો અધમાધમ અને મહાઅનર્થી રાક્ષસજેવાજ ગણવા યોગ્ય એનીમેળે કલ્પાઇ ગયા કે જેનું નામ લેવામાં પણ વિદ્વાનો બહુ બીહે છે.

આ વિચિત્ર જગતમાં આમ ચાર ભેદના મનુષ્યોમાંથી જો અનુમાન બાંધિયે તો તેના પેહેલા બે વિભાગ પાડતાં અરધમાં ઉત્તમ મધ્યમ અને અધમ એ ત્રણ અને અરધમાં બાકીના જે રહ્યા તે આવી જાય છે. ત્યારે સ્વાર્થમાં અરધો ભાગ આવ્યો તેના અનુમાનથી ભાગ પાડીયે તો તે અરધનો અરધ અધમ સ્વાર્થીમાં સમાઇ જાય છે. બાકી જે ચતુર્થાંશ લોકો રહ્યા તે ઉત્તમ અને મધ્યમ સ્વાર્થીના ભાગમાટે રહ્યા એનો ભાગ પાડતાં એ બધા ચતુર્થાંશમાં ઉત્તમ સ્વાર્થી તો હજારમાં એકાદ માંડ નીકળે,

બાકી તો જે રહ્યા તે મધ્યમ સ્વાર્થીમાંજ સમાઇ જાય છે આ ઉપરથી જણાયુ કે જગતમા ઉત્તમ સ્વાર્થી એટલે પોતાનુ ભુડુ થતા પણ બીજાનું ભલુ કરી દેનાર અર્થાત્ પરોપકારમાટે પોતાનુ સર્વસ્વ દેહસુધાત વાપરી નાખનાર મહા દયાલુ સત્પુરૂષ તો વિરલજ તેથી ઉતરતા મધ્યમ પુરૂષ કે જે પોતાનુ હિત નહિ બગાડીને બીજાનુ ભલુ કરે અને પરસ્પર વખતે ઉપયોગમા આવે તેઓ ઉત્તમના કરતા ઘણા વધારે છે તેથી ઉતરતા અધમ કે જે બીજાનુ બગાડીને પોતાનુ સુખ સાધે એવા નિર્દય હોય છે તેઓ મધ્યમ કરતા ચોગણા વધારે, અને તેથી ઉતરતા પોતાનુ કશુ પ્રયોજન ન હોવા છતા વિનોદની પેઠેજ પારકુ અહિત કરનારા તો પછી અસખ્યજ ઉભરાય છે આવી રચનાનો જ્યા વિચાર કરવા બેશીયે ત્યા બુદ્ધિ બેહેર મારી જાય અને મન મુઝાઇ જાય એવુ છે જે ખરેખરા પરોપકારી હોય છે તેઓ પોતામા અને બીજામા રહેલુ ચૈતન્ય એક સમજે છે એટલે તેઓને પરોપકાર કરતા પોતાના સુખનુ સાધન કરવામા જેટલી પ્રીતિ રહે તેટલીજ રહે છે, કેમકે એવાઓ સર્વાત્મભાવને અને સમદૃષ્ટિને પામ્યા હોય છે તેઓ પરને પોતારૂપેજ જાણે છે અને પોતાને પરરૂપ જાણે છે એટલામાટેજ તેઓ ઉત્તમ પદના અધિકારી છે પોતાનુ હિત કરનારા અને આપણુ કોઇ કરે માટે પારકુ આપણે કરવુ અથવા પારકુ આપણે કરિયે તો તેઓ આપણુ કરે એવા હેતુથી સમાન વ્યવહાર રાખનારામા આ હુ અને આ બીજો એવો ભેદભાવ રહીને પછી દયાભાવ ઉપજે છે તેથી તે મધ્યમ પદના અધિકારી છે અને અધમ તો પરના અહિતરૂપ પાપકર્મથી અધમ પદના અધિકારી હોય એમા પુછવુ શુ? અને બાકીના તો અધમાધમ અને નીચમા નીચ ગણતીમા ગણવાજ રહ્યા મનુષ્યશરીર, ઉત્તમસ્થિતિ, સર્વ ઇંદ્રિયો, તેની શક્તિ વિગેરે મળ્યાની સફલતા છેવટનાએ તો કાંઇ કરી નહિ, તેથી ચડિયાતા અધમે સ્વમ સમાન, તેથી ચડતા મધ્યમે સામાન્ય અનિંદિત અને તેથી ચડતા ઉત્તમે તે સર્વ રીતે કરી છે એમ જગતપ્રસિદ્ધજ છે। જેઓ મધ્યમ પદને લાયક છે તેઓને ધન્યવાદ આપવો જોઇએ કે અનર્થકારક અધમ વર્ગનો સહવાસ છતા તેઓ તેવા રહી પોતાનુ અને પરનુ કુશળ કરે છે તે કરતા પણ ઉત્તમ સ્વાર્થી પરોપકારીને સર્વોત્તમ ધન્યવાદ આપવો જોઇએ કે જે પોતાનુ પારકુ મેલી દઇને, પોતાનુ સુખ તે પરના સુખમા સમાયેલુ સમ-

જીને પોતાનું સર્વસ્વ તેને અર્થેજ વાપરે છે. અહો એવાનો નો ઓછાશો પણ આપણા જેવાના તાપ મટાડનાર થાય છે. તેવાઓને મનુષ્ય છતાં દેવપણાને યોગ્ય ગણવામાં કશો બાધ નથી. અહો એની બરોબરી કરનાર બીજા પ્રાણીયોમાં ઉદ્‌ભિજ્જ પ્રાણીઓ કેવા ભાગ્યશાળી કે જેઓને પોતાનું જીવિત પરોપકાર કરવામાંજ જાય છે. ટાઢ તડકો વરસાદ અને તે શિવાય માણસો અને પશુઓએ નિર્દયતાથી દુઃખ દીધા છતાં, આશ્રય લેનારને આરામ આપે છે, ખાવાને ફલ. સુંઘવાને પુષ્પ અને પાથરવાને પાદડાં આપે છે; તથા ઔષધમાટે છાલ કે પચાંગ પણ આપે છે. એટલુંજ નહિ પણ સુકાઇ ગયા પછી તેનાં કાષ્ટપણ લોકોને બાળવાના કામમાં આવી તેના પરોપકારીપણામાં વધારો કરે છે. આવો પરાધીન અને ઇંદ્રિયજ્ઞાન વગરનો મનાતો એ ઉદ્‌ભિજ્જ જાતિનો અવતાર પણ અતિ ધન્યવાદ આપવા યોગ્ય છે. પરોપકારી મહાત્માઓ પણ એમજ અન્યને સુખ આપનારા થાય છે. તેઓને કામક્રોધાદિક તથા લોકૈપણા વિગેરે વિકારો બાધક થતા નથી. એવા પરોપકારી અપમાન પણ માનરૂપ અને અપરાધ પણ સેવારૂપ લેખે છે. એમ જો ન હોય તો પરમપદનું પાત્ર કેમ થવાય? પરમપદ કાંઇ માર્ગમાં નથી પડયું કે ઉપાડી લઇ ગજવામાં નખાય.

સ્વાર્થમાં બે શબ્દની જોડણી છે, જેવા કે સ્વ અને અર્થ સ્વનો અર્થ પોતે અથવા પોતાનો એવો થાય છે અને અર્થનો અર્થ મતલબ અથવા કામ કાઢી લેવું એવો થાય છે. સર્વ પ્રયત્ન જગતમાં સુખનેમાટે છે માટે પોતાના સુખનેમાટે પ્રયત્ન તે સ્વાર્થ. અહી પોતે એટલે સ્થૂલ સૂક્ષ્મ અને કારણ તથા જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી વ્યતિરિક્ત દ્રષ્ટા ચૈતન્ય પોતાનું સ્વરૂપ કે જે સદૈવ સુખરૂપ છે તે સમજવું. એ સુખરૂપ સ્વરૂપના ચલનરૂપ મનમાં ઉપાધિદ્વારા થતાં સાધનો સુખજનક લાગે તે. તે ઉપાધિયોથી થતો અર્થ છે. બોધવાન માણસ પોતે પોતાના સુખમાટેજ સર્વ સ્ત્રી-પુત્રાદિક ઉપસ્કર સમજીને તેઓથી સુખનો અનુભવ કરે છે અને આત્મરૂપે તેઓના ચૈતન્યને અભિન્ન માની તેમજ ઉપાધિરૂપે પોતાને સેવ્ય અને તેઓને સેવક જાણી યથાયોગ્ય રક્ષણ કરે છે. અને એમજ સર્વ સંબંધ અને પદાર્થોમાં નિરાસક્તિથી મમત્વ રાખી વિચિત્ર રીતે વ્યવહારને શોભાવે છે. અન્ય વર્ગ સ્વાર્થ શબ્દનો અર્થ એમ સમજે છે કે સ્વ એટલે

પોતે જે સ્થૂલ સૂક્ષ્મ શરીર છે તે અને તેને સુખ થાય તે તેનો અર્થ જે જે પોતાના શરીરને સુખ કરનાર પદાર્થો લાગે છે તેને સુખ કરનાર માની તેની પર મમત્વ અને તેનુ ક્ષેમકુશળ આદરે છે તેઓ સુખકર કેમ છે? તેનો વિચાર તેઓને નથી આવતો આત્મા પોતે પ્રેમાસ્પદ અને સુખરૂપ હોવાથી તેઓના ઉપરના સાનનો સુખરૂપ લાગે છે પણ તે પદાર્થો કાઇ સુખદુ ખ અપનાર નથી આત્માના ચેતનરૂપ મન જ્યારે સ્વરૂપ વિસ્મરણથી કાઇ ઉપાધિનેવીષે વ્યગ્ર હોય ત્યારે જે એકવાર સુખરૂપ લાગતા હતા તે પદાર્થો દુ ખરૂપ કેમ લાગે છે? જે જે સુખરૂપ હોય તે દુ ખરૂપ થવુ જોઇએ નહિ, તેમ છતા થાય છે તેમાટે તેનુ સુખરૂપપણુ શાશ્વત નહિ હોવુ જોઇએ પોતે એક ભોક્તા અને તે શિવાયના સર્વે ચર અચર પદાર્થો સ્ત્રી, ધન, પુત્ર મબ ધી વિગેરે પોતાના સુખનેમાટે છે પોતે તેઓના સુખમાટે નથી એ સ્વાનુભવથી જણાય તેમ છે માટે સ્વાર્થની મર્યાદા ખરા અર્થ પ્રમાણે પણ પોતામાજ રહી છે ખરો અર્થ સમજીને સ્વાર્થની મર્યાદા પોતામા સમાયેલી સમજનારને પોતાથી વ્યતિરિક્ત વસ્તુ પણ પોતારૂપજ લાગે છે એટલે તે ઉદારપણામા અવધિરૂપ સ કોચજ મભવે નહિ સ્વાર્થનો ખરો અર્થ નહિ જાણનારને સ્વાર્થની મર્યાદા પોતાસુધીજ હોય છે, કેમકે પોતાશિવાય જે કોઇ હોય તેને પોતાથી જુદા દેખે છે સ્ત્રી પુત્રાદિકમા માત્ર મમતાથી સ્વાર્થની મર્યાદા વધારે છે અને તેમા, તેમાથી સુખ મળતુ જાણી આસક્ત થઇ રહે છે તેનુ અત કરણ સ્વરૂપના લાભ વિના સંકોચિત રહે એટલે સર્વાત્મભાવ કરનારી ઉદારતા તેને સોણે પણ ક્યાથી આવે? જેઓ સ્વાર્થ શબ્દને ખરેખર સમજે છે તેઓજ સર્વાત્મભાવને ભજે છે અને જેઓ સ્વાર્થ શબ્દને નથી સમજતા તેઓ ભેદદૃષ્ટિથી અભિમાનની જાળમાજ ગુથાયા રહી મમતાથી મનાયેલા સ્ત્રી મિત્રાદિક વગર મારૂ કોઇ નથી એમ માની લહી સુખદુ ખના મનમાથી પ્રકટ થતા હીલોળામા અથડાયા કરે છે તેઓને જીવિત પર્યંત શાતિની શી આશા? કેમકે સ્વાર્થ એ પરાર્થ અને પરાર્થ એજ સ્વાર્થ એવી ભેદભરેલી સમજણથી તેઓ હીન રહેલા હોય છે

જ્યા જોઇએ ત્યા ત્યા સર્વ સબધ સ્વાર્થથી બધાયેલો અને રૂપાતરે બીજા નામને જન્મ આપનાર જણાય છે એમા પણ બુદ્ધિમાને સ્વાર્થનો સબધ જાણી સ્વાર્થે બધાયલા સર્વનો સ્વાર્થ કેમ સરે તેનો વિચાર કરી

પોતાનો સ્વાર્થ સાધવા પેહેલાં તેનો સાધવાને પ્રયત્ન રાખવું જોઇએ. એ માર્ગેથી પોતાનો પછી એનીમેળે સધાય છે. સમજુ નહિ છતાં સમજુનું અભિમાન ધરાવનારા સ્વાર્થથી સંબંધની વાત જાણતા નથી. જાણ્યા પછી પણ પોતાનો સ્વાર્થ પેહેલાં સાધવાના પ્રયત્નમાંજ લક્ષ રાખે છે અને પોતાની સાથે સ્વાર્થથી બંધાયલાને અસંતોષ આપે છે. એમ એઓને અસંતોષ આપે તે બીજાનું શું ભલું કરે? કદિ સ્ત્રીઆદિકમાં તેઓનો અર્થ પૂરો પાડી આ પ્રવા પોતાના સુખને દૂર કરી પ્રયત્ન કરતા હોય તો તે ગુપ્ત સ્વાર્થના બલને લીધેજ બને છે, પણ અજ્ઞાનની અંધતાથી તેઓનાં નયનો અંજાઇ જવાથી ઉપર રાખવામાં આવતી મમતા પરમાર્થરૂપ ગણી ફૂલાતા કરે છે; અને તેથીજ કલેશ વિશ્લેષ તથા કુસંપ વિગેરેના કારણરૂપ થઇ પોતે અનુભવી બીજાને અનુભવાવે છે.!! મમત્વથી માની લીધેલામાં આપણે બંધાઇ રહિએ તેમ તેઓ પણ આપણમાં બંધાઇ રહે તે એકબીજાના તરફથી થતી અથવા થવાની સુખપ્રાપ્તિ સારૂજ. એમ છે ત્યારે સર્વમાં સમાનતા નહિ રાખનારા કાંઇ જેવીતેવી ભૂલ કરતા નથી. ભૂલ કરીને પણ તેઓ પોતાને નહિ અનુકૂલ આવેલામાં ખોટા ગુણદોષ આરોપે છે. પોતાના અજ્ઞાનનું પડલ પોતે દેખી શકતા નથી. ખરો સ્વાર્થ જો વિચારવા જાઇએ તો પદાર્થોથી સુખ મેળવવું એ નથી. ક્ષણિક સુખ દુઃખોનો અને તેને નહિ દેનારા છતાં દેનારા માનેલા સ્ત્રી આદિક પદાર્થોનો ઉપયોગ અને સત્યતાનું રૂપ સમજી તેને વિસારી પોતાના સ્વરૂપભૂત અખંડ સુખનો અનુભવ કરવો એજ સ્વાર્થ છે કે જેથી અહિંથી આધિ ઉપાધિ અને વ્યાધિઓથી થતા તાપ ટળી જતાં જન્મ-મરણની બેડીમાં ફરી પડવું પરંતુ નથી. આ વાત કોણ સમજે છે? જેઓ ઉત્તમ અધિકારીઓ હોય છે તેઓ અને થોડે અંશે મધ્યમ અધિકારીઓ સમજે છે. બીજાઓ સમજી શકતા નથી અને તેથી પ્રિયમાં પ્રિય સુખદ વસ્તુ જે પોતાનું સ્વરૂપ એ જેમ ઉત્તમ પદ પામેલાને મળે છે તેમ બીજાઓને મળતું નથી. માટે વિષયના રાગથી રંગાઇ ગયેલાઓને ખોટા પદાર્થમાંથી સુખ માની લેવાનું અને જેઓમાં સુખદપણું ન માન્યું હોય તેઓ ઉપર ક્રૂર દૃષ્ટિથી જોવાનું પ્રયત્ન નરમ પાડીને ખરૂં આત્મસુખ સંપાદન કરી સ્વાર્થ સાધવાની અમે ભળામણ કરીયે છિયે કે જે સાધવાથી પછી આ સુખરૂપ કે આ દુઃખરૂપ એમ રેહેતુંજ નથી; અને જે કાંઇ મન-વાણી-ક્રિયા થાય છે તે સ્વાર્થરૂપજ થાય છે.

ઉપરાંત જુદા જુદા રૂપે દેખાતા સ્વાર્થ વગરનો સંસારમાં કયો ભાગ ખાલી છે? કોઈપણ નથી. જો કોઈને કોઈથી કશો સ્વાર્થસંબંધ ન હોય તો પછી સંસારની ઘટમાન જેવા વેગમાં ચાલ્યા કરે છે તેવા વેગમાં ચાલવાનો સંભવજ નહિ. કોઈપણ સંબંધ, કોઈપણ ઉદ્યોગ, કોઈપણ શ્રમ છેવટ સ્વાર્થમાં જઇને ઉભો રહે છે. પરંતુ જેઓ ઉત્તમ મધ્યમ સ્વાર્થને અનુસરનારા છે તેઓનેજ ધન્ય છે. અધમ અને અધમાધમમાં વર્તનારાઓ તેવાજ હોવાથી ધન્યતા પામતાજ નથી. પરમદયાળુ પરમેશ્વર કે જે હજારો આંખવાળો કહેવાય છે તે આવું કેમ દેખી શકતો હશે એ વિચાર કરતાં મનવાણી અટકી જાય છે અને તેથી સાચી ખોટી કલ્પના કરી લઈ મન વાળવું પડે છે.

સામાન્ય વિચાર ઉપર આવતાં પણ સહુએ સમજવાનું છે કે ખાઈ પીને સ્ત્રીપુત્રાદિકનું સુખ જોઈને બેઠા એથી સ્વાર્થ સધાઇ રહેતો નથી. પોતા સુધીજ જેની મર્યાદા છે એવા સ્વાર્થનેમાટે વિવેકથી વિચાર કરતાં માત્ર અંતઃકરણની ક્ષુદ્રતા એજ પોતાની ઉદારતાને દબાવનાર દેખાય છે. ધર્મ અર્થ કામ અને મોક્ષ સુધીના પ્રયત્નો સિદ્ધ ન થાય તો પછી ગમે તેવા સુખરૂપ સ્વાર્થ સધાયો હોય તે સ્વાર્થજ નથી. જેમણે સદ્વિચાર અને સદ્વિવેકથી સદાચરણ અને નીતિપર ચાલી આ લોક અને પરલોક અબાધિત રીતે સુધાર્યા હોય તેજ ખરા સ્વાર્થને સમજનાર સમજવો. બાકીના પેટ ભરવા કે વિષયસુખવાસ્તે યત્ન કરતા લોકો જેઓ અન્યનું અહિત થતું જોતા નથી તેઓ તો અનર્થીજ કહેવા યોગ્ય છે, કે જેઓનું જીવિત અને ધારેલું સુખ પાણીના રેલાની પેઠે વહી જતાં છેવટ દુઃખ પામવાનુંજ પ્રાપ્ત થાય છે.

અમે એવું ઇચ્છિયે છિયે કે સર્વે લોકો ઉદાર અંતઃકરણવાળા, કુટુંબમાં સંપ રાખનારા, સર્વમાં સ્નેહ રાખનારા, સેવ્યસેવકભાવને જાણનારા, પુણ્યમાં પ્રીતિવાળા, વ્યવહારમાં ઉત્તમ રીતે વર્તનાર, પરમાર્થને પોષવાની પ્રવીણતા મેળવનાર, વર્ણાશ્રમોના ધર્મ પાળનારા, સર્વાત્મભાવ રાખનાર થાય. અને એમ થાય તોજ સ્વાર્થ સમજ્યાપણું ખરૂં થાય છે. ઉત્તમ સ્વાર્થ આગળ કહ્યો તે પારમાર્થિક છે અને મધ્યમ કહ્યો તે વ્યાવહારિક છે. એ બે સ્વાર્થને સમજનારાજ ભાગ્યશાળી છે. આવા સ્વાર્થના અધિકારમાં આવેલા પણ કેટલાક પોતાનું સ્વરૂપ નહિ સમજીને, કુળમદ,

હશે ? એણે દાનર અને મારી ઉપર પ્રેમભાવથી જોતો જણાતો હતો પણ એકાએક પોતાને માર્ગે મળી જતા નાસી ગયો તે મારૂં શું કરશે? ચીઠી તેને આપી એ પણ ન આપ્યા જેવી શું જાણિયે કે તે કોણ હતો અને શું કરી શકે તેવો હતો પણ નહિ સાવ અવિશ્વાસ રાખવાનું કશું કારણ નથી કદાપિ તે કરશે તો ભવિષ્યમાં એનીમેળે આગળ આવી રહેશે હમણાં ક્યાં હું એની વાટ જોઈ બેઠો છું? જો મારામાં સામર્થ્ય છે અને દૈવ અનુકૂળ છે તો હુંજ બીજાને સહાય કરનાર કેમ નહિ થાઉં? અને જો તેમ નહિ હોય તો બીજાની સહાયતાથી શું થવાનું હતું?" બંદીખાનાની ભીંત પડવાના અને એક કાવતરે કેદી નાસી જવાના ખબર પ્રસરી જવાથી અમલદારો અને કેટલાક સીપાઇ લોકોનો ત્યાં જ આવવું થયું અધમ સ્વાર્થથી નિષ્કારણ વેર વહીને મનુભાને કેદમાં નખાવનારા પણ એને તેજ નાસી ગયો હોય એવી બીકથી જોવા ભરાયા! પાંજરે પડેલા વાઘને બહાર ઉભેલા માણસો કે નાના જ બાળકો જુવે તેમ સર્વ લોકો મનુભા તરફ ટગમગીને જોતા હતા મનુભા તો પોતાના ધ્યાનમાં ને ધ્યાનમાં વિચાર કરતા હતા "વિધાતાની રચના તે કેવી વિચિત્ર! નહિ ધારેલા પરિણામો કેટલું કેટલું કષ્ટ આપે છે? હું એક રાજ્યકુમાર છતાં આ ટાણે કરમના બાને ભોગવું છું!! ક્યાં સુખરૂપ દશામાં ઉછરવું, ક્યાં માતાપિતાનું માન, ક્યાં કોઈના હાથમાં ચો ગઇને અહીં આવવું અને ક્યાં અહીં આવી પ્રારબ્ધ અજમાવતાં પાર આ કેદખાનામાં પડવું!! હોય છે જેમ સર્વ પ્રસંગો ચાલ્યા ગયા તેમ આ પણ કાંઇ રહેવાનો નથી જે કારણ આ બનાવ આપનાર છે તેજ પ્રસંગે છોડવનાર થશે" આમ વિચાર કરે છે તેટલામાં મહારાજ વીરસેન અંતઃપુર સહિત હાથીની સાંઢ માગી જોવા બીરાજ્યા છે એવા ખબર આવતા અમલદારો અને સીપાઇઓ સર્વ એક પછી એક નાસી ગયા બે ચાર માણસોજ માત્ર ચોકી વાસ્તે રહ્યા મહારના એક નાયકે મનુભાનું રાજ્યતેજ તેની ભવ્યતા અને કાંઇ પણ અપરાધ નહિ હોય એમ જોઈ તેના સાથે કાંઇ વાતનો પ્રસંગ ચલાવ્યો ઘણા મનુભાએ બીજું કશું નહિ જણાવતા પોતે કોઈ સાધારણ સ્થિતિના મનુષ્ય તરીકે તે રાજ્ય મારે એના વિચાર જણાવ્યા પછી તેણે એક ચીઠી નાણસો આપીને કહ્યું કે આ 'ચીઠી' વીરસેન મહારાજને હમણાં પોંહચી જાય એટલું બનમન તારાની ખાતર તું કરી

द्रोमां, राखमां, लाकडामां, माटीना ढेफामां, पृथ्वीमां, पाणीमां. पवनमां असुर अने देवताओना पतिओमां, ओषधीओना बीजमां, पुष्पनी पाखडी-मां, खडमां, अने सर्व स्थावर-जंगममां आ एक शिव व्यापक छे. बीजो कोई देव नथी. एम हरि कहेछे.

आ उपरथी जाणवामां आव्युं के आखु जगत् शिवमय छे एनाथी नोखुं कांइ नथी, अने एम थयुं त्यारे जे व्यापक तत्वने विष्णु कहिये छिये तेज शिव छे अने जेने शिव कहिये छिये तेज विष्णु छे. एटलामाटे ते एक स्वरूपमां भेदकल्पना करवी ए तो केवळ मूर्खाईनुंज परिणाम छे. विष्णु एवुं नाम लीधुं तोपण तेज छे अने शिव एवु नाम लीधुं तोपण तेज छे. साकारने माननाराने पण सर्वव्यापकपणुं तो मान्यावगर नथी चालतु तो जुदा मानेला हलका भारे पदार्थो पोताना ईष्टदेवरूप थई जतां पण शिव-विष्णुनी एकता एनीमेळे थई जाय छे ते झीणी नजर करवाथीज समजाय तेम छे. जेओ विचार कर्यावगर नामना भेदपर भुलावो खाईने क्लेश करे छे तेने छेवट क्लेशज रहे छे: माटे बुद्धिथी विचार करी भेदकल्प-ना छोडी दईने भक्ति करवी जोईए. जेम जगतमयपणुं अने व्यापकपणु शिव विष्णुनुं सरखुं छे तेम तेनुं निर्गुण स्वरूप पण सरखज छे ते नीचेना श्लोक जेवां उदाहरणोथी जाणी शकाय छे. जेम के—

व्यक्ताव्यक्तगुणोत्तरं सुसुखदं शट्त्रिंषतत्वाधिकम्
तस्मादुत्तरतस्तदक्षरमिति ध्येयं सदा योगिभिः ।
वंदे तामसवर्जितेन मनसा सूक्ष्मातिसूक्ष्मं परम्
शांतं पंचममीश्वरं प्रतिदिनं खव्यापि तेजोमयम् ॥

देखाता अने नहि देखाता गुणोथी उत्तर (तेथी पण पर), सुखने आप-नार, छत्रीश तत्वथी वधारे एटले जेने ३७ मुं तत्व गणे छे ते, ते तत्वोथी पर अक्षर ए नामथी, योगीयोए ध्यान करवा योग्य, सूक्ष्म अने अति सूक्ष्मथी पण पर, शांत, चार अवस्थाने लईने पाचमा ईश्वररूप, आकाशनी पेठे व्यापक, तेजोमय, ते तत्वने निर्मल मनथी प्रति दिवस प्रणाम करुछुं.

आवीरीते शिव अने विष्णुना निर्गुण स्वरूपमां ज्यां ज्यां जोईए त्यां एकरूपपणुज जोवा-अनुभववामां आवे छे. ते उपरथी, सिद्ध थाय छे के ना-ममात्र शिवाय तेनां शुद्ध स्वरूपमां कशो भेद छेज नहीं. भेद नहि छतां

पण भेदकल्पना करी राग द्वेष बाधे छे तेने सुखने बदले दुःखज पेदा थाय छे. एम जोईए तो ते एकज स्वरूप छे तेम छता बनी कल्पना करनारा पोतानी मेळेज भ्रममा पडे छे तेने सुख शी रीते थाय? आपणने समजवानी शक्ति छे अने प्रसग पण योग्य आव्यो छे माटे अनुभवथी जाणवु जोईए के नामरूप रहित अने मनवाणीने अगोचर शिवनु रूप छे अने तेवुज विष्णुनु छे अर्थात् ए बेमा कशो पण भेद छ नहि, माटे खोटो भेद मानवो नहि कोइने शका थाय के सारे जगत् सर्व केम शिव अने विष्णु एवो भेद राखे छे तो तेनु समाधान ए छे के जगतूनी रीति जुदी छे जगतना अने ज्ञानीना अथवा मुमुक्षुनी रीति एक होय नहि जगतूना बोल्या उपर आवी सिद्धातनी वातनो आधार रखाय नहि आ काई व्यवहारनी वात नथी, माटे आ विष जगतनु जोवाथी परवडे नहि जगतूनी रीति तो साव उलटी बुद्धिने भ्रम उपजाव तेवी होय छे योगवासिष्ठमा श्रीवसिष्ठजीए रामने सारी रीने सिद्धात समजावेल छे आपण एम कह्यु छे के "हे राम! हवे तमारे बाकी काई पुछवानु रह्यु हशे नहि जो कदी काई पुछवानु रह्यु होय तो जगतनी रीति के अनुभव विषे पुछशो मा एविना जे पुछवु होय ते पुछजो जगत् आम केम करे छे एम पुछशो तो तेनो उत्तर आपी शकाय एम नथी जगत हारेलु छे (छतरायेलु छे) माटे जगतूना कृत्य साम्रु जोव नहि अने शुद्ध चित्त तल्लीन थइने हरिहरनी भक्ति करवी ईश्वरनी यथार्थ भक्ति करवी एज करवानु छे हरि अने हर एकज छ माटे निर्मळ भक्तिथी भेद टाळी नाखी भजन करवु शिव विष्णु नाम मात्र छे जेम कोई विकल्पभर्या सुतो होय तेने स्वप्नमा तेवा विकल्प थाय छ, तेम जेवा भाव ने जेवो विकल्प होय तेवा दर्शन ईश्वर आपे छेवट तो एक शुद्धरूपज छे माटे एक भावथीज भक्ति करवी जो ए नेय स्वरूपमा भेदृष्टि थाय तो जेनी सेवा करता होइए तेज देव आपणी उपर कोप करे छ ते उपर हरिहरनु एवु वचन छे के —

परात्परतर याति नारायणपरायणा ।
न ते तत्र गमिष्यति ये द्विषति महेश्वरम् ॥

जे नारायणने परायण छे अर्थात् जेना इद्रियो एक ईश्वरनेज परायण थयेल छे ते आदिमाया थकी पर एवा चैतन्यस्वरूप ब्रह्मने पामे छे जे शिवनो द्वेष करे छे ते, ते उत्तम पदने पामता नथी

गमे तो विष्णु कहो के गमे तो शिव कहो परतु प्रकृतिथी पर जे परब्रह्म परमात्मा केहेवाय छे ते एकज छे नामना उच्चारमात्रथी तेमां कशो भेद थतो नथी. माया उपाधि ग्रहण करीने साकार स्वरूपपर विचार करतां पण एकज स्वरूपना वे विभाग ते एकज केहेवाय. आपणु डावुं अने जमणु अंग एम बोलवामां वे देखाय छे तोपण वस्तुताए ते बेय अंग ते एकज शरीररूप छे तेमज शिव अने विष्णु अथवा हरि अने हर ते बेय एकज स्वरूप छे. मायावडे गुणनो आश्रय करीने उत्पत्ति स्थिति अने लयना निमित्तरूप परमेश्वर ब्रह्मा, विष्णु अने शिव एवा नामथी केहेवाय छे. एनो विचार करतां जणाय छे के गुणना आश्रयथी थयेलां एकज परमेश्वरनां कार्यांतरनेलीधे ए नाम कल्पायेलां छे. मूल वस्तुताए प्रभु एकज छे. अवतारोना प्रकरणमां पुराणांतरोनेविषे उमा गौरी विगेरे देवियो विष्णु, कृष्ण विगेरे रूप थाय छे एम लखेलुं छे. एवा प्रसंगोमा पण समजवानुं छे के कार्यनेलीधे कल्पायेली उपाधिना नाम मात्रमां भेद छे. बाकी परमेश्वरमां कशो भेद नथी. साकार स्वरूपमां पण भेद नथी. ए भेद भजन करनाराए पोतानी मूर्खाईथी कल्पी लीधो छे. साकार स्वरूपमां ज्यारे भेद नथी त्यारे निराकारमां तो ते कल्पना सभवेज केम? जाडी नजरे जोतां ज्यां ज्यां शिव विष्णु ए वे कल्पनाथी वातो लखायेली छे त्यां पण शिव विष्णुनी सहायता करी छे अने विष्णुए शिवनी सहायता करी छे एम प्रत्यक्ष जणाय छे. आवी रीते एकबीजाने सहायता करतां बेय देव मित्रभावे वरततां छतां भजन करनाराओ द्वेषभाव राखे तो ते पण अणसमजण केहेवाय. गमे ते नामथी भक्ति करवी परंतु एक नामनी भक्ति करतां बीजा नामनो द्वेष करवो नहि केमके एम करवाथी एकनी करेली भक्ति पण नाश पामे छे. साकार-निराकारनी सर्व वातो विचारी जोतां एमज निश्चय थाय छे के माया जेने आधीन छे अने चित्शक्ति लक्ष्मीना पति छे ते विष्णु अने शिव एकज छे माटे एक भावे तेनी भक्ति करवी. परमेश्वरनो कांई आकार नथी. जेवो भक्तना मननो भाव तेवुं रूप परमेश्वरनुं भासे छे. जेम पाणीनो आकार पात्रना आकार प्रमाणे भासे छे, अग्निनो आकार लाकडांनी आकृति प्रमाणे भासे छे, तेम निराकार ईश्वर भक्तनां मन प्रमाणे भासे छे. जेम समुद्रमां परपोटा थाय ते परपोटा पाणीरूप थई गया पछी ते जुदा देखाता नथी तेम कदी ईश्वरनुं स्वरूप भासे, पण पोते अरूप

छे एटले भासेलुं रूप पण अरूपमां लीन थई जाय छे. माटे मुख्य अरूप ईश्वर उपरज एकाग्रता राखवी. कोई सोनीने सां डाकना घडावो, हाथना कडां के पगना तोडा लईने वेचवा जाओ तो ते आपण लई गया छतां ते घाट उपर नजर नहि राखे पण ते प्रत्येक घाटमां जे सोनुं के मान हशे ते उपर ध्यान राखीने खरीद करशे. एवीरीते आपणे उपरना घाट उपर नहि पण शुद्ध निराकार उपर दृष्टि राखवी. भागवतमां पण कह्युं छे के "जे पोताना इष्टदेवने सर्वव्यापक जाणे ते उत्तम भक्त केहेवाय, परमेश्वरना भक्तनी सेवा करे अने ते उपर आस्था राखे ते मध्यम भक्त कहेवाय, अने जे प्रतिमामां एकदेशीज ईश्वर माने ते अधम भक्त कहेवाय" आ शिवायना जे मूढ भक्ति नथीज करता ते तो पामर प्राणी कहेवाय. सारांश ए के एकरूप ईश्वरने उत्तम भक्तनी रीतिए भजवा एज कर्त्तव्य छे. ए कर्तव्य जेणे नथी कर्युं तेणे संसारमां गमे तेटलां महाभारत काम कर्यां होय, कीर्ति मेळवी होय, धन मेळव्युं होय के वरनी मेटरा होय ते सर्व वृथा छे. आ सर्व नहि मेळवतां पण जेणे एक भावथी परमेश्वरनी भक्ति करी होय तेणे सर्व मेळव्युं छे.

दोष रहित उद्यम करीने जे जीववुं तेज जीववुं केहेवाय, केमके दोषवाळो उद्यम करीने जीव्या तोपण शुं अने न जीव्या तोपण शुं. आ संसारमां अनेक असत्यना कपटना ठगाबाजीने लुचाइना काम करीने घणा लोको जीवे छे, पण एओनुं जीववुं न जीववा सरखुं छे, केमके एना पापरूप उद्यमनुं फळ एने छेवट भोगववुं पडे छे अने ते वखते एम थाय छे के आवो उद्यम करीने जीव्या ते करतां न जीव्या होत तो सारूं हतुं. जेओ कइपण जेमां दोष न होय एवो निर्मळ उद्यम करीने जीवे छे एने कशुंपण बंधन थतुं नथी अने एवाओनुं जीववुं पोते पोताने कल्याणने मार्गे चाले तेथी अने बाजाओने कल्याणने मार्गे चलावे अने तेओनुं भलुं करे तेथी सफळ छे. आ क्षणभंगुर देहनी खबर नथी के कये क्षणे ते पडी जशे, माटे जेम बने तेम सारो उद्यम करी जीववुं ने जीवाय त्यांसुधी सारे मार्गे चालवुं अने सारे मार्गे चालीने ईश्वरनुं स्वरूप ओळखवुं.

वळी बीज ए पण व्यवहारदृष्टिथी समजवानुं छे, के जे माणस पोते जीवे त्यांसुधी निर्दोष रहे, कोईपण जातनो आरोप के कलंक जेने न लागे, जेने काम क्रोधादिके बाध न कर्यो होय अने जेणे चोतरफ कीर्ति

करी होय तेनुंज जीवतुं खरूं केहेवाय. ते शिवाय जे जीवे छे ते जीवते न जीवता जेवा छे. श्वासोच्छ्वास लेवा ए जीवतुं केहेवातुं होय तो धमण पण जीवती केहेवाय. सारांश के उत्तम कार्यो करी निर्दोष रही जे कीर्तिमान थाय छे तेज जीवतो छे केम के—

चलं चित्तं चलं वित्तं चलं जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिर्यस्य स जीवति ॥

चित्त चंचल छे, वित्त चंचल छे, जीवित एटले आयुष्य अने यौवन एटले जुवानी चंचल छे. अने आ सर्व जगत् चल अने अचल छे माटे जेने कीर्ति छे तेज जीवतो छे.

आम नाशात्मक जगतमां देहसुधांन सर्व चंचल छे त्यारे कीर्तिवालानुं जीववुंज खरूं जीवतुं छे. ते वगरनुं जीववुं ते न कामुं छे. आ संसारमां घणा जन्मे छे, घणा मरे छे अने घणाए जीवे छे परंतु जे विनय विवेकथी परम कीर्तिना अने परम सुखना पात्र थया होय छे अने जेओ परोपकारमाटे पोतानां बल-बुद्धि विगेरे संपत्ति वापरवामां उदार रहे छे तेज जीवता छे, पछी तेनां शरीर हयात होय तो पण शुं अने न होय तो पण शुं ? केम के—

यज्जीव्यते क्षणमपि प्रथितं मनुष्यै—
र्विज्ञानविक्रमयशोभिरभज्यमानम् ।
तन्नाम जीवितमिह प्रवदंति तज्ज्ञाः
काकोपि जीवति चिरं बलिमेव भुंक्ते ॥

विशेष ज्ञान, पराक्रम अने यश खंडित न थाय तेम क्षणवार पण सख्याति थाय तेरीते मनुष्योए जीवाय तेनुं नामज जीववुं एम ते ते विषय जाणनाराओ कहे छे. कागडो पण बलिखाय छे अने घणुं जीवे छे (पण ते काई जीववुं केहेवाय नहि).

आटलामाटे सारां कुल जातिमां जन्म आव्या पछी. विद्या, पराक्रम अने सुबोधने ग्रहण करी जीववुं सफल करवुं फरी फरीने आ शरीर अने आ समजण नथी आववी माटे गयेलो समय पाछो नथी मळतो एम जाणी जीववुं सफल करी लेवुं.

निर्दोष रीतिए उद्यम थाय अने निर्दोष रहेवाय एम जीवाय तेज जीववु केहवाय एनु कारण ए छे के माणसने यौवन, समृद्धि, धणीपणु अने अविवेक ए चारमानु एक होय तो पण अनेक अनर्थने करनारु साधन छे त्यारे ए चारवाना जेने होय तेनी तो पछी शी वात केहवी' आवा सा धनवाळा पुरुषो कोइपण रीते पोतानु जीवित निर्दोष रीते जाळवी शकता नथी अने ते आधळा बनी अनेक अनर्थना पात्र थाय छे पहेलाना त्रण पदार्थथी तो उत्तममा उत्तम कल्याणनु साधन करी शकाय, पण ए त्रणेयनो निशो एवा तो नठारा छे के कल्याणविषेनी वाततो स्वप्नमाथी पण दूर जती रहे छे । आवी दुर्लभताथी निर्दोष उद्यम करी निर्दोष पणामा जीववु ते जीव्यु कहवाय छे सदोष उद्यम करी सदोष थई जीववु मरवा करता पण नठारु छे अर्थात् ते मरण जेवुज छे जेणे व्यव हारमा स्त्री धन पुत्रादिकथी पूर्ण सतोष लइ सुखभोगवी कीर्ति संपादन करी सुमार्गे चाली, दया उदारता विगेर गुणोथी लोकनी प्रीति मेळवी ते नुज जीववु सफळ छे अने परमार्थमा वर्णाश्रमना धर्म प्रमाणे चाली शम दम पाळीने ईश्वरभक्ति करी छेवट आत्मस्वरूप ओळखी जेणे जन्म सफळ कर्यो तेनुज जीववु ते जीववु केहेवाय ते शिवाय कागडानी पेठे कोइए आपला अन्नना कोळीया खाइ जीववु ए तो नाममात्र जीववु केहेवाय

विद्या हि का ब्रह्मगतिप्रदा या
बोधो हि को यस्तु विमुक्तिहेतु ।
को लाभ आत्मावगमो हि यो वे
जित जगत् केन मनो हि येन ॥ ११ ॥

अर्थ

शिष्य—विद्या कयी केहेवाय?
गुरु—जे ब्रह्मगतिने आपे तेज विद्या
शिष्य—बोध कोने कहिए?
गुरु—जेथी मुक्ति मळे तेनु नाम बोध.

शिष्य—लाभ कोने कहिये ?

गुरु—आत्माने ओळखवो तेज लाभ.

शिष्य—जगत् कोणे जीत्यु ?

गुरु—जेणे मन जीत्युं तेणे जगत् जीत्युं.

टीका.

बीजी गमे तेटली विद्या जाणतो होय परंतु जेथी ब्रह्मगति प्राप्त थाय तेज खरी विद्या केहेवाय.

चार वेद जाणतो होय, छ शास्त्र जाणतो होय, अढारे पुराण जाणतो होय, महाभारत आदि मोटा इतिहासो जाणतो होय अने व्याकरण शास्त्र के काव्य कोशादि जाणतो होय तोपण जो ब्रह्मविद्यानी प्राप्ति थाय नहि तो ए एके विद्याने विद्या केहेवाय नहि.

जो ब्रह्मविद्यानी प्राप्ति न थई होय तो बीजी जेटली जेटली विद्या शीखवामां आवे ते वेठ कर्या बरोबर छे

जेम कागडो पोताना माळाउपर बेशी उडी जाय छे तेम ब्रह्मविद्यानी प्राप्ति वगरनी सघळी विद्या जराय स्थिर ठरती नथी मात्र ते विद्या तो केहेवामात्र छे. केम के.—

वेदागमपुराणज्ञः परमार्थं न वेत्ति यः ।
विडंबनं तु तस्यैव तत्सर्वं काकभाषितम् ॥

वेद जाणतो होय, शास्त्र जाणतो होय अने पुराण जाणतो होय परंतु जो परमार्थ एटले ब्रह्मने न जाणे तो तेनुं जाणवुं बधुं जुठुं छे अने तेनुं बोलवुं कागडाना बोलवा जेवुं (निःसार) छे.

सर्व विद्यानो अभ्यास परमार्थने जाणवामाटे छे. कुवो खोदवा माटे करेलो श्रम जो पाणी न नीकळे तो ते वृथा थाय छे तेम परमार्थ जाणवामां न आवे तो सघळो अभ्यास फोकट जाय छे. अभ्यासमात्रथी कांई परमार्थ जणातो नथी. बोधथी परमार्थ जणाय छे, ते प्रत्यक्ष छे. जेम के.—

नवेदाध्ययनान्मुक्ति र्न शास्त्रपठनादपि ।
ज्ञानादेव हि मुक्तिः स्यान्नान्यथा वीरवंदिनी ॥


वेद जाणी जवाथी के शास्त्रोनो पाठ करी जवाथी कांई मुक्ति थती नथी. हे पर्वती ! मुक्ति तो ज्ञानथीज थाय छे.

(अपूर्ण)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મું. પોષ, સંવત્ ૧૯૪૬ અંક ૩ જો.

॥ यतो धर्मस्ततो जय ॥



मनने सुबोधविषे पद

(ભૈરવ.)

મન વિગમમા[1] વનમાળી, મન વિસર મા વનમાળી,[3]
નટવરનાથ વગરની વાતો, કરમા કુટિલ નમાલી મન૦
જેની સત્તાવગર જગતમા, કોઈ ન વસ્તુ વહાલી,
ક્ષણપણ જેના વગર લગારે, હોય ખુણો નહી ખાલી મન૦
ધામ નગર વન જન મેલીને, ચતુર જવુ છે ચાલી,
સ્વારથનો સામાન બનાવ્યો, તે આખર છે ખાલી મન૦
વિષય ભોગ સયોગ વિષમ છે, તજ તે સાચે તાલી,
કેશવ હરિ ભજવાનુ ભૂલી, શીદ કુચરણી ઘાલી[2] મન૦

वेदधर्मसभा

આ સભાની એક બેઠક તા ૧-૧૨-૮૯ રવિવાર સવત્ ૧૯૪૬ ના માર્ગશીર્ષ શુદી ૯ ને રોજ બપોરના ત્રણ વાગાને સુમારે પંડિતજી જયકૃષ્ણ જીવનરામના ઘરમા મળી હતી તે પ્રસગે રા રા ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક, શેઠ દામોદર ઠાકરશી, શેઠ દામોદર ગોકુળદાસ, રા રા ભાઈશંકર નાનાભાઈ વકીલ, શેઠ લીલાધર જેરામ, શેઠ વસનજી ખીમજી, શેઠ દામોદર લક્ષ્મીદાસ, શેઠ રાજા વસનજી, રા રા અનત પ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ, રા રા પ્રભુરામ જીવનરામ વિગેરે ગૃહસ્થો તેમજ મહામહોપા

૧ આરંભ અંતમા ૨ નાખતો દોર તોડી ૩ વિશ્વ રચના રૂપ વનનો માળી=રક્ષક—પાલક—પરમેશ્વર

ધ્યાય શાસ્ત્રી ભીમાચાર્ય, મહામહોપાધ્યાય શાસ્ત્રી રાજારામ, અને શાસ્ત્રી ભોળાનાથ વિગેરે પંડિત લોકો પધાર્યા હતા. થોડીક વાતચિત ચાલ્યા પછી સભાની સમતિથી આરંભમાં રા. ભાઈશંકર ભાઈએ જણાવ્યું કે આપણે આંહી આજે જે હેતુથી એકઠા થયા છીયે તે હેતુ વેદધર્મસભાની પાઠશાળાનો વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ ઈનામ [પારિતોષિક] આપવાનો છે. કે જે આપણે હવે પછી જોઈશું. સર્વને ધર્મની કેલવણીની બહુ જરૂર છે અને તે સંસ્કૃતના જ્ઞાન વગર મળી શકતી નથી. જે જે કાંઈ આપણે જાણીએ છીએ તે સર્વેનું મૂલ અને રહસ્ય એ ભાષાના ગંભીર લેખોમાં સમાયેલું છે. હાલમાં જે કેલવણી અન્યભાષામાં આપણને મળે છે તે જુદાજ પ્રકારની છે. તેથી આપણને આપણા ધર્મ વિષે કશો બોધ થતો નથી; પણ તેને બદલે કોઈ કોઈ તો કોઈ જૂદાજ પ્રકારના માર્ગ ઉપર ચડી જાય છે, કે જેથી આપણને ખેદ થયાવિના રહે નહિ. આટલા માટે ધર્મ સંબંધી કેલવણીની ઘણી જરૂર છે. આપણા દેશની ઉત્તમ સ્થિતિ ધર્મસંબંધી વિચારથીજ જળવાઈ છે અને જળવાશે, પરંતુ ખેદ થાય છે કે ધંધો કરીને કમાવાની લાલચમાં પડી જતા લોકો ધર્મસંબંધી કેલવણીમાં પાછળ પડી જાય છે અથવા તેવિષે સાવ અજાણ રહેછે. કેમકે તેવી કેલવણી મળવાનું કોઈ દ્વાર તેને નજીક હોતું નથી. સરકારી કેલવણી ખાતા તરફથી તેવી આશા રાખીજ શકાતી નથી, કેમકે તે કામથી તે અલગ રહે છે તેમ વળી હવે કેલવણી સંબંધી જે કાંઇ કરવું તે આપણી મેળેજ કરવું જોઇએ એવા હેતુથી આખું કેલવણી ખાતુંજ મ્યુનિસિપાલીટીના હાથમાં સોંપીદે છે એટલે આપણને પોતાને માથેજ તે સુધારણાનો આધાર રહે છે. કેટલાક ચાલતી કેલવણી લઈને ચોરી ન કરવી ખોટું ન બોલવું વિગેરે દુનિયાના સામાન્ય ધર્મને ધર્મ સમજી લઈને પણ સંતોષ ઉપજાવનાર નીવડતા નથી. કેમકે તેઓ વિશેષધર્મથી અજાણ્યા હોય છે અને અજાણ્યા હોય તેમાં નવાઈ નહિ. કારણ કે વીશ પચીશ કે ત્રીશ વર્ષ સુધી તેમને તે વિષયનો બોધ મળેલો હોતો નથી અને તેમણે લેવા માટે પ્રયત્ન પણ કર્યું હોતું નથી. આવા કારણથી ધર્મસંબંધી જ્ઞાન આપણા વર્ગમાંથી પાતળું પડી જાય છે. જુવોને ઇંગ્રેજી અને ગુજરાતી આ શેહેરમાં કેટલી બધી નિશાળો છે ? તો એને સામે સંસ્કૃત વિદ્યા કે જેમાં આપણા ધર્મસંબંધી બોધ મળી શકે છે તેની માત્ર, એક શેઠ ગોકલદાસ તેજપાલની સ્થાપેલી. બીજી ગટ્ટુલાલજીની

અને ત્રીજી આ વેદધર્મસભાએ સ્થાપેલી, એમ ત્રણ ચાર પાઠશાળાઓજ છે એમા પણ જોરો તો અભ્યાસ કરનારાઓની સખ્યા આ શેહેરના પ્રમાણમા ઘણીજ થોડી હોય છે તેનુ કારણ એમ છે કે સસ્કૃત વિદ્યા વ્યવહારમા ઉપયોગી નથી એ કાનયોગથી ઠેરી ગયુ છે એટલે કોઈને પૂરે પૂરી પ્રીતિ વતી નથી છે તો સર્વને સમાન તોપણ બ્રાહ્મણુનીજ સસ્કૃત વિદ્યા મનાઈ ગયા છતા પણ તે વર્ગ તેમા પૂરેપૂરો ઉતરતો જણાતો નથી એ વાત પ્રત્યક્ષ જણાઈ રહેછે ગયા વર્ષ કરતા વિદ્યાર્થીઓ કાંઈક ઓછા લાગેછે તેનુ કારણ તેજ હોવુ જોઈએ આવા પ્રસગમા આવી રીતે પાઠશાળા સ્થપાઈને વિદ્યાને ઉત્તેજન મળે એ બહુ સતોષ કારક વાત છે અને આશા રાખવામા આવે છે કે ક્રમે ક્રમે આપણે આ વિદ્યાને અને આપણા ધર્મને ઉદય પામતો જોશુ માગ સાભળવામા આવ્યુ છે કે કોઈ પરમાર્થી ગૃહસ્થ તરફથી કાંઈ અન્નની ગોઠવણ થવાની છે એમ હોય તો એ વાત બહુ સતોષકારક છે ધર્મ વિષેની આવશ્યકતા જણાયા વિના આવી ખોટો પૂરી પાડવાનુ આપણા મનમા આવતુ નથી એટલા માટે હુ આશા રાખુ છુ કે પડિતજી જયકૃષ્ણ મહારાજ ધર્મ શુ છે, અને તેની કેની મહત્તા છે તે વિષે આપણને સભળાવશે

રા ભાઈશકરભાઈનુ બોલવુ સપૂર્ણ થતા આજનો દિવસ ગામમા લગ્નનો હોવાથી ધર્મસબધી વિષય કોઈ બીજા પ્રસગે સાભળવાનો સર્વનો નિશ્ચય થયો અને તેજ પ્રસગ ઉપર કેટલીક વાતચિત ચાલ્યા પછી વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ સર્વ મડળને ઉતાવળ હોવાને લીધે થોડાક વ્યાકરણના સવાલ પૂછીને પડિતજીને હાથે ઈનામો વેંચાવવામા આવ્યા પેહેલા વિદ્યાર્થીને રૂપૈયા ત્રણની ચોપડી તથા રોકડા રૂપીયા ૪, બીજાને રૂપીયા ત્રણની ચોપડી અને રૂપીયા ૩, ત્રીજાને રૂપીયા એક ની ચોપડી અને રૂપીયા ૩, અને તે શિવાયનાને યથાયોગ્ય પુસ્તકના ઈનામો આપવામા આવ્યા ત્યાર પછી રા પ્રભુરામ ભાઈએ "ખ્રીસ્તિ ધર્મખાતા તરફથી પુનામા ચાલતી શાળાઓના છોકરાઓને ઈનામ આપવાનો મેનાવડો—દશીઓની જાણમાટે કેટલીક હકીગત ' એ મથાળા હેઠનનો મુબઈ સમાચાર પત્રનો ફકરો વાચી સભળાવ્યો હતો જેમકે—

"પુના મધ્યે આગના અઠવાડીયામા ત્યાની ખ્રીસ્તી ધર્મખાતાની નિશાળોના છોકરાઓને ઈનામો આપવા માટે થયેલા મેનાવડાની હકીકતમાથી, દેશીઓએ જાણવા જોગ ખીના કેટલીક મળી આવેછે સ્કાટલાડ

દેશનાં ખ્રીસ્તી ધર્મખાતાને હસ્તક તથા તેના ખરચે તે શાળાઓ પુનાખાને તથા તેની આસપાસનાં ગામડાંઓમાં ચાલેછે અને તેઓમાં ૭૦૦ છોકરીઓ અને ૧૦૦ છોકરાઓ કેલવણી લેછે. ઘણો મોટો ભાગ તેઓમાં દેશી છોકરાંઓનો છે. મોટી સંખ્યાને પાંચમા ધોરણ સુધીની દેશી ભાષાની એટલે મરાઠીનીજ કેળવણી આપવામાં આવેછે. અને થોડાઓને ઈંગ્રેજી શીખવવામાં આવે છે તેઓનું ધોરણ પણ પાંચમું જ રાખ્યું છે. તે શાળાઓમાં શિક્ષકો તૈયાર કરવાની એક જુદી શાળા રાખવામાં આવેલી છે જેમાંથી દરવર્ષે ત્રણ ચાર શિક્ષકો તેરાં અગત્ય કરીને સ્ત્રીશિક્ષકો બહાર પડે છે. ઉપરાંત એક 'બોર્ડિંગ' સ્કુલ રાખીછે, જ્યાં થોડાંક છોકરાંઓને કેલવણી જોડે ખાવા પીવાનું પણ રાખવામાં આવેછે. દેશી તથા ઇંગ્રેજી ભાષામાં અભ્યાસ કરાવવા ઉપરાંત, સઘળી શાળાઓમાં દરરોજ અરધો કલાક ખ્રીસ્તિ ધર્મનો બોધ આપવામાં આવે છે. આ સઘળી હકીકત ઉપરથી જણાશે કે તે શાળાઓએ મોટો વિસ્તાર રોક્યો છે, અને તેઓ મોટા પાયા ઉપર ચાલે છે અને તેઓ ખ્રીસ્તીધર્મખાતા તરફથી ચલાવવામાં આવતી હોવા સાથે તેઓમાં દરરોજ ખ્રીસ્તીધર્મની કેલવણી અપાયછે. તોપણ ત્યાં સેકડો દેશી છોકરાંઓ ભણવા જાયછે અને તેનો ઘણો મોટો ભાગ વળી છોડીઓનો છે. એમાંથી પરિણામ કેવું આવવું જોઈએ તે વાત દેશીઓએ વિચારવા યોગ્યછે અને અમે માનિયે છિયે કે ઘણા દેશીઓ એ બનાવ તરફ મોટી ગભીરાઈથી જોશે. પણ નિશાળોના રિપોર્ટમાં તેઓના ધારવા કરતાં જુદીજ વાત જણાવવામાં આવી છે. સઘળી હકીકત જોતાં સ્વાભાવિક રીતે એવું ધારવામાં આવવું જોઈએ કે આવી શાળાઓમાં જ્યારે આટલાં બધાં છોકરાં ભણવા જાય છે ત્યારે તેઓમાંથી ઘણાં ખ્રીસ્તી ધર્મમાં વટલી જતાં હશે, પણ રીપોર્ટમાં ખુલાસો જોતાં અત્યાર સુધીમાં ત્રીશથી વધારે છોકરાંઓ વટલ્યાં નથી. દેખીતી આ વાત ધીરજ આપનારી છે તોપણ સમજુઓ આટલું સમજ્યા વિના રહેશે નહિ કે વટલી ગયેલાં શીવાય બીજાં ઘણાં છોકરાંઓ ખ્રીસ્તી ધર્મની અસરની છાપ દિલ ઉપર લઈને પોતાને ઘેર જતાં હશે અને તેઓ મોટપણ સુધી તેનો ઉપયોગ જાહેર રીતે નહિ તો ખાનગીથી પણ કરશે. તેમાં છોકરીઓ આવી છાપ સાથેનાં દિલ ધરાવીને માતાઓ થયા પછી પોતાનાં ઉછરતાં બચ્ચાંઓ ઉપર તે છાપના પડછાયા કેવી રીતે નાખવાને

શક્તિવાન થને તે વળી જુદાજ વિચાર કરવાની બીના થઈ પડે છે. પ્રાસ્ની ધર્મને વગના એવા ખાતા આ દેશમા ઘણા છે અને તેઓ ની નેમ તેમના ધર્મનો ફેલાવો કરવાની હોવા છતા ખુલ્લી રીતે વટલી જનારાઓની સખ્યા તેઓના તરફથી હમેના બહુ થોડી જાહેરનામા આવતી દીસે છે અને થારના કરતા ઘટી રીતે તેટલા ઉપર સતોષ બતાવીને તેઓ પોતાના કામને ચાલુ રાખે છે, તથા ચાલતા તના ના ધ્ય છે તેનો ખુલાસો જો જોતા બેસીએ તો એટલોજ જણાય છે કે તેઓ પોતાની નેમ બીજી રીતે પોતાને સતોષ મળે તેમ પાર પડતી સમજતા હશે દેશીઓને વિચાર કરવાનો સાર ખોરાક આપે એવા આ બાબત છે તેમા કાંઈ શક નથી આવા પ્રકારના શાળાઓને સર ર તરફથી મ , જે "ગ્રાંટ ઈન એડ" ને નામે ઓળખાય છે તે પણ મળે છે અને એ વાત પણ ધ્યાના જોગ છે વધારે જાણવા જેવુ એ છે કે તે મ અવુ ી પડ ાની રીપોર્ટમા કરવામા આવી છે તેમા જણાવ્યુ છે કે સર રી શાળાઓ પાછળ એક ર ી ામા જેટલો ખ ચ કરવાના આવે છે તેટલા પ્રમાણની રકમ તેમને એક વરસે આપવામા આવે છે આ ર ેશા ઉપર ધ્યાન આપ્યા પહેલા આટલુ નકી કરવુ ઘટે છે કે સરકારી તથા બીજી ખાનગી શાળાઓના માફક એવી શાળાઓને પણ મદદ આપી શકાય કે હિંદી સરકારી મ દ મેળવવા તથા તે ચાલુ રખાવવા માટે છોકરાઓને સના ળથી કેળવણી આપીને તેની પરીક્ષા સરકારી ઇન્સ્પેક્ટરોને લપાવી જો ઈએ છિયે અને તેઓને ઠરાવેલા ધોરણો પ્રમાણેનોજ અભ્યાસ ચલા વવો પડે છે સરકારી કેળવણી ખાતા તરફથી ઠરાવવામા આવેલા ધોરણો ઠીક છે, અને તેઓમા કેટલીક બાબત વગર જરૂરની અથવા થોડી જરૂરની હોય છે તેનો અભ્યાસ કરાવીને પરીક્ષા સરકારી ઇન્સ્પેક્ટરોને આપવામા ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે ને જેઓ તે કામમા પડેલા છે તેઓ સારી રીતે જાણે છે તેના દેશીઓ બાપડા મુગે મોઢે સઘળુ ચલાવ્યા કરે છે, પણ આ શ્રેષ્ઠ શાળા ચલાવનારાઓ તેમ કરતા નથી તેઓને જે કાંઈ ખમવુ પડે તે ા ર ીયાદ તેઓ પોતાના રીપોર્ટની મારફતે નજર મા લાવવાને બનતુ કરવાના કે કેળવણી ખાતાના વાંધ તથા ફરિયા દ તા નવી ઉપની શાળાના કાર ભારીઓએ પણ એમ કર્યું છે સર- કારી ધોરણમા કેટલીક બાબતો નકામી અને શીખવનારના કામની મેહે

નતમાં નાહક વધારો કરનારી છે એવું તેઓએ પોતાના રીપોર્ટમાં ખુલું જણાવ્યું હતું. અને તે મેલાવડાના પ્રમુખની ખુરશી નામદાર ગવર્નર લાર્ડ એ લીધેલી હોવાથી, પોતાનાં ભાષણમાં બે શબ્દો તેના ખુલાસામાં તેને બોલવા પડ્યા હતા. પણ તે શબ્દો વગર અર્થના નથી તેની અસર એ શાળાઓ ઉપરાંત બીજી તરફ પણ થશે તો તેમાં મોટો ફાયદો થશે. તે નામદારે જણાવ્યું હતું કે અભ્યાસનાં ધોરણોમાં ખામીઓ જોવામાં આવતી હોય તો તે કેલવણી ખાતાના ઇન્સ્પેક્ટરોને લખી જણાવવી. જેઓ તેમાં સુધારો કરવા વગર રહેશે નહીં. પુના જીલ્લાના ઇન્સ્પેક્ટરની જગા ઉપર જ્યાંસુધી મી૦ કરકહામ સરખો ગૃહસ્થ છે ત્યાંસુધી કાંઈક સુધારો થયેલો જોવાની આશા રખાશે; પણ તે પછીની વાતમાં તથા બીજા વિભાગો માટે તેટલી સૂચના ઉપરાંત કાંઈ વધારે પણ કરવાની અગત્ય છે, અને તે અગત્ય દેશી ભાષાનાં તથા અંગ્રેજીના ધોરણોમાં તરત વેળા સુધારો કરવાને લગતી છે." (તા૦ ૨૯-૧૧-૧૮૮૯)

આટલું વાંચી રહ્યા પછી તેમણે જણાવ્યું કે પરદેશી લોકો પોતાના ધર્મની વૃદ્ધિ માટે આપણા દેશમાં આવી કેટલું કેટલું કરે છે. અને તે કેવી રીતે ઉંડાં મૂલ નાખે છે તે આ વાત ઉપરથી જણાઈ રહે છે. ત્યારે આપણે તો આપણાજ દેશમાં આપણાજ ધર્મને માટે પ્રયત્ન કરવાનું છે માટે ધર્મની વૃદ્ધિને માટે પાઠશાળાઓ સ્થાપવી જોઇએ અને તેમાં ધર્મનો બોધ કરી શકે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા જોઈએ. એમ કરવાની આ કાળમાં જરૂર છે.

આટલું થઈ રહ્યા પછી રા. તંત્રીએ પોતાની રહી ગયેલી વાત ઉતાવળથી નિવેદન કરતાં જણાવ્યું કે—હું જણાવવાની રજા લઉં છું કે વેદધર્મ સભાને સ્થપાયે આજે ૧૮ મું વર્ષ ચાલે છે. આર્યલોકો સ્વધર્મ પાળે એજ એ સભાનો મુખ્ય હેતુ છે. આમ કરવાને માટે જે જે ઉપાયો લેવા જોઈએ તેમાં ધનની ગરજ પેલી પડેછે. લોકો ગમે તેમ બીજા શુભ પ્રસંગોમાં ખુશીથી કે વગર ખુશીથી નાણું ખરચેછે પરંતુ ધર્મસંબંધી કાર્યમાં નાણું નાંખવાનો બહુ પરિચય આપણામાં નથી. આવા કારણને લીધે સભા તરફથી આર્યધર્મપ્રકાશ ચોપાનિયું અને ત્યાર પછી બીજાં પુસ્તકો કાઢવામાં આવ્યાં છે. એમાં બે હેતુ જળવાયાની આશા રાખવામાં આવીછે. એક તો આપણા લોકોને ધર્મવિગેરેનો બોધ થાય અને બીજું

એક પુસ્તકો ખરીદનારાઓ તરફથી પૈસા મળે જગ ખેદની વાત છે કે ધર્મ કે નીતિ સબંધી વાતોમા બાળકથી માંડીને વૃદ્ધ સુધી લોકો થોડો આદર આપેછે અને તેથી કરીને સભા તરફથી નીકળતા આર્યધર્મપ્રકાશના ખર્ચ જેટલી પણ તેમા પેદાશ નથી થતી ૧૯૪૪ ના વૈશાક માસથી યોગવાસિષ્ઠ રામાયણનુ ચોપાનિયુ કાઢવામા આવે છે એવા બોધરૂપ ગ્રથમા પણ લાભને બદલે તોટાનોજ સભવ રહે છે આનુ કારણ શુ ? એનુ કારણ એજ કે એના વિષયો ઉપર આપણા લોકોની પ્રીતિ ઓછી પ્રીતિ ઓછી થવાનુ કારણ જોઈએ તો ધર્મની મહત્તાનુજ અજાણપણુ છે સર્વ કરતા ધર્મની મહત્તા મુખ્ય છે તેને બદલે ધર્મસબધી વિષય તો લોકોને બહુજ ભારે પડતો થઈ પડે છે પણ અમને એમ થાય છે કે હવે ધર્મના ઉદયનો વખત ચાલ્યો આવે છે અને લોકોનુ થોડુ થોડુ વલણ તે તરફ થવા લાગ્યુ છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ સભાનુ સ્થાપન અને તેમા વધતી જતી મેંબરોની સખ્યા છે પેહેલી બેઠક વખતે જે સખ્યા હતી તેમા દશનો વધારો થયો છે, તેમ હજી પણ થવાની આશા રહે છે એ લોકો જે ઈશ્વરપ્રીત્યર્થે રકમ આપે છે તે અને ચોપાનિયા શીવાય ભગવદ્ગીતા વિગેરે પુસ્તકોમાથી જે આવે છે તેથી પાઠશાળા વિગેરેનુ ખર્ચ કાઢવામા આવે છે વિદ્યા એ શી વસ્તુ છે તે વિચાર નહિ આવવાથી ભણાવનાર છતા એ બ્રાહ્મણના છોકરા ભણવામા મન લગાડતા નથી પણ તેઓ ભીખમાથી પરવારે નહિ એટલે શુ કરે ? આમ છતા પણ જે થોડા વિદ્યાર્થીઓ ભણે છે તેમણે કૌમુદીનો આરભ કર્યો છે અને આશા રહે છે કે ક્રમે ક્રમે તેમાથી શાસ્ત્રીઓ પાકશે અને એમ કરીને પણ છેવટ ધર્મવૃદ્ધિજ કરવાની છે કામ ઘણુ મોટુ છે હજી તો તેનો આરભ છે પરતુ જેમ સભાસદો અને ગ્રાહકજનોના આશ્રયથી આટલે સુધી કાંઈક સતોષ મેળવવાનો સમય આવ્યો છે તેમ હવે પછી વિશેષ સતોષપણ મેળવી શકશુ, અને આર્યધર્મના આગ્રહીઓએ પણ તે સતોષ લેવાને ઉત્સાહ રાખવો જોઈએ કારણ કે ધર્મથીજ આલોક પરલોક સુધરે છે દેશની કાંઈ દુર્દશા, મટવાનો, સપત્તિ વધવાનો, ઉત્તમ સુખ મળવાનો, અને મન માનતા સુખ મેળવવાનો માર્ગ સ્વધર્મનુ રક્ષણ કરવુ એજ છે માટે આર્ય લોકોને યોગ્ય છે કે સ્વધર્મ ઉપર પ્રાણસમાન પ્રીતિ રાખવી જોઈએ સભા જે કાંઈ કરી શકે છે તે સર્વ સભાસદોએ આપેલા આશ્રયનુ પરિણામ છે, માટે તે સારા કામનો બદલો

મળે છે. ઘણીવાર આપણા શાસ્ત્રોમાંથી સાંભળીએ છિયે કે દુઃખ જેમ વિના પ્રયત્ને એની મળેજ આવે છે તેમ સુખ પણ એની મેળે આવે છે. આમ છતાં પણ લોકો સુખને માટે પ્રયત્ન કરવાનું છોડતા નથી. છેવટ સુખનાં સાધનોમાંથી પણ ઉલટું દુઃખ થઈ પડે છે, બીજી બાજુ જોઈએ તો દુઃખનાં સાધનો (અજાણતાં) કરનારા અથવા સુખની ઇચ્છા નહિ રાખનારાઓને અણધાર્યું અદ્ભુત સુખ આવી પડે છે. તે સમયે તે ખેલ જોનારને એક નિશ્ચય ઉપર વળી જવાનું સુઝતું નથી. ઘણા ઘણા ભીખારીના છોકરા કે ગરીબસ્થિતિનાં બાલકો ઓચિંતા રાજ્યાધિકારપર ચડી બેસે છે. એણે શું પ્રયત્ન કર્યું એમ જો વિચારીયે તો કાંઈજ નહિ. કઈ સ્થિતિ સારી અને કઈ ખરાબ એનો નિશ્ચય માણસની પોતાની મનોવૃત્તિ ઉપર છે તોપણ ઘણોભાગ ધનિકસ્થિતિને અને પ્રખ્યાતિવાળીને સારી માને છે તો તેવી અનાયાસે જેને પ્રાપ્ત થાય તે અભિમાનથી વર્તે છે અને જેને આયાસે પણ ન પ્રાપ્ત થાય તે દીનતાથી વર્તે છે. ઘણા ઘણા ડાયાપણામાં ડુબેલા ઉદ્યમથી સઘળું બને છે એમ કહે છે, કેમકે વાવ્યાવિના કાંઈ લણાતું નથી. એ તો કેહેનારા જાણે એમ કાંઈ નથી. જગતમાં સહુએ જાણેછે, અને સહુ કરેછે પણ ખરા, પણ એક સરખું ફળ કોને મળે છે, અને મળે તો એક રાજા થાય તો બીજો પાલખી ઉપાડનાર ક્યાંથી કાઢવો? એમ તો વ્યવહારની અવ્યવસ્થા થઈ જાય. આસ્તિક વર્ગને તો સંચિતનું અંતર્પટ વચમાં મેલવાનું હોય છે તેથી તેમ કરીને સંતોષ માની લેછે પણ વિચારવાનને તેથી સંતોષ થતો નથી. બધા ખેડુતે ખેતર ખેડીને ઘઉં વાવ્યા હોય છે, પરંતુ વરસાદ ક્યાં એક સરખો પડેછે, ક્યાંઈ ઝાઝો પડે. ક્યાંઈ થોડો પડે, ક્યાંઈ ન પડે અને ક્યાંઈ અનુકૂલ પડ્યા છતાં પણ ગેરુ આવે તો ઘઉંની પેદાશનાં તે તે ધણીને લાભ નુકશાન થાય છે. આમ ઉદ્યમ છે તે મૂલ વગરનો થાય છે અને હાથે પગ હલાવ્યાવિના ક્રિયા થતી નથી વિગેરે ઉદાહરણો ઉદ્યમનો પક્ષ પણ કરે છે. એક માબાપના બે દીકરામાં એક ગાડી ઘોડાવાળો હોયછે અને બીજો ફેરી કરનાર હોય છે. વળી ફેરી કરનાર લક્ષાધિપતિ થઈ જાય છે અને લક્ષાધિપતિ ફેરી કરવા લાગી જાય છે આમ છતાં પણ ફાવી ગયેલા લોકોને બહુ અભિમાન રહેછે. તેઓ બીજાની હાંસી કરે છે. પોતે પોતાના મનને ભાગ્યશાળી ગણે છે, વિદ્વાનને આદર આપતા નથી, પણ આનાં

તેઓ દુર્લભ અને આશ્ચર્ય જેવુ શુ સન' ॥ ડેલ ' કેમકે એવુ કયુ અમુક સાધન તેઓના હાથમા હોય છે કે તેવીજ અભિમાન કરવા યોગ્ય પોતાની સ્થિતિને તે પોગ્યા છે તપાસીયે તો કાઈ નથી ? સાન ભૂ વગગનુ ગાડ છે નીચેથી ઉત્તમ મ ાાયેવી સ્થિતિમા આવવુ એ બહુ કઠણ છે અને ઉચે થી નીચે જવુ એ સેહેલ છે આમ જગતમા મનાય છે અને અનુભવાય પણ છે પણ કોઈ કોઈ વાર ઉદય પામના ઓ એના ગડપથી આગળ નીકળે છે કે આપણે આપણો નિશ્ચય વડાના મા ફેરવી નાખીયે છિયે શુ જાણીયે ના કારણ માટે આવી વિચિત્રતા ઉભગતી હશે એક કોઈ ખાનદાન માણસના કુળનુ માન સન ધનાદિકના નાશ થતા ભીખારી બની ગયેલુ અને માગી ભીખી તે પેટ ભરતુ, લુગડા વગરનુ અને ગડગુબડથી માખીયો મમપાતુ રસ્તામા ભટકે છે અને રુવે છે અને એક કોઈ જાણે કયા કુળનુ માણસ સોને રૂપેથી મઢાઈ ગ ા ઘોડા ગાડીમા બેસી દીનની સામી નો ાજરપણ નહિ કરતા એશ આરામ કરે છે એ તે શુ ? શરીરના પદાથો બન્નેનાના સરખા નથી ? શુ સમજવા ાા શક્તિ બન્નેમા નથી ? બધુ બન્નેમા સરખુ છે પણ આવી ી ા માપાસે બે કરવાનુ કશુ નથી, અને તવગર રાજી થવાનુ પણ નથી, કેમકે તમા બેયની પરતન્ત્રતા દેખાય છે એક ગરીબ માબાપને ત્રણ છોકરા હતા ત્રણમાથી બે વિદ્યા ભણ્યા અને ત્રીજો લાકડાને પાણા વિણવાને ચાળે ચડ્યા વૃદ્ધ માતા પિતાને મરતી વખતે એવી ચિંતા રહી કે બે છોકરા પેટ ભરી શકે એવા થયા પણ ત્રીજો તો ભીખ માગતો રહેશે આવી કરી મોટા બે ભાઈને ભળામણ આપી માતા પિતા સ્વરગમા સધાવ્યા, પણ ના ાના ભાગ્યની કોને પરીક્ષા હતી ? ગાડો વેવો ગણાતો અને ભાભિયોના મેણા ખાતો એ નાનો ભાઈ કોઈ કોઈ ઉદ્યમ શોધવા લાગ્યો અને લાકડા પથરા ભેળા કરવાના શોખમાથીજ તેણે કોઈ સારો આશ્રય મેળવ્યો કે જે આશ્રયથી તે થોડી વિદ્યામા પણ એક નામાંકિત દેશહિતેચ્છુ ગણાયો, અને બીજા મોટા ભાઈને પણ તે આશ્રય આપનાર થયો જોઈ વિચિત્રતા ? શુ ઉદ્યમ કરવો, દેવી સહાય મેળવવી એ કયા કોઈના હાથમા છે, જેને જેમ ભાવતુ આવે તેને તે હાથમા કહેવાય અને ન આવે તેને હાથમા નઈ નહિ જે કરે તેમા લુનાડાના બાચકાજ છે જેને અનુકૂળતા આવી તે ડાહી ડાહી વાતો કરે અને ન આ ાા તેનુ કોઈ ન સાભળે કોઈ દેશમા કીર્તિને C ય માને છે, કોઈ જ્ઞાતિમા પ્રતિષ્ઠિત થ

વામાં ઉદય માને છે અને કોઈ કુટુંબની સેવા કરવામાં ઉદય માને છે. તેને અંગે વિદ્યા તો જોઈએજ; નથી માનતા તે એકને નથી માનતા. કેમકે ઉદય અને અસ્ત એ બેયને તેઓ કલ્પિત લેખે છે. આમ છે તોપણ માણસે પહેલાં ઘર, પછી, ગામ, પછી દેશ અને ત્યાર પછી વિદેશને લાભકારી થવાય તેમ વિદ્યા ભણી ઉદય કરવો અને એમ કરતાં જો અભીષ્ટ ફળ મળે તો ઘણું સારૂં અને ન મળે તેમાં કશો ધોખો કરવા જેવું નથી. કોઈપણ ઉદય મેળવે તે અહંપદની એકતાથી આપણુજ રૂપ હોવાથી તેથી સંતોષ માનવો યોગ્ય છે. એક યંત્રમાં નાંખેલા બુંદદાણા યંત્ર ફેરવતાં કોઈ નીચે કોઈ ઉપર, કોઈ વચમાં, કોઈ પડખે, કોઈ કાચો રહી ગયેલો, કોઈ બળી ગયેલો, કોઈ અરધો બળેલો એમ યંત્ર ચાલે ત્યાં સુધી ફર્યા કરે છે. યંત્ર બંધ થતાં ઉપર તે ઉપર, નીચે તે નીચે, વચમાં તે વચમાં, બળેલો તે બળેલો, કાચો તે કાચો, અને અરધો બળેલો તે અરધો બળેલોજ રહે છે. આવીજ રીતે ઉદયના અને અસ્તના સંબંધમાં મનુષ્યની સ્થિતિ દેખાય છે. આ એક કાળરૂપી મોટો યંત્ર છે તેમાં પ્રાણીઓ છે તે બુંદ બરાબર છે તે ઉદય અસ્તરૂપ ઉપર હેઠ થયા છે. કોઈ વિદ્વાન, કોઈ અર્ધબળેલ અને કોઈ સાવ મૂર્ખ એ ત્રણ તેઓ હોય છે. અને આયુષ્ય પૂર્ણ થતાં જે જેમ તે તેમ સ્થિતિ દેખાડતા સંસારમાં ફરતાં અટકે છે. માટે જેને ઘેર ત્રાબાળુ ગડગડતાં હોય, હાથીઓ ઝુલતા હોય, સોનાની થાળીયોમાં મિષ્ટાન્ન જમાતાં હોય, લોકો આવીને સ્તુતિ કરતા હોય કે વિદ્યાના બલથી મહાકીર્તિ મેળવી હોય તેણે પોતાની સ્થિતિનું કશું અભિમાન કરવું નહિ. કેમકે તે તેની સ્વતંત્રતાનું નથી અને દેખાય છે તે પણ ચંચલ છે. તેમ તે વગરનો હોય તેણે ખેદ પણ કરવાનો નથી કેમકે તેવી સ્થિતિ એ પોતાની સ્વતંત્રતામાં નથી, અને આવ્યા પછી પણ નિરંતર નથી. કોઈ દિવસ પણ તેનો અંત છે. નિદ્રાદિક અવસ્થામાં તો પ્રત્યક્ષ અંતરોજ દેખાય છે. જગતમાં જેટલું અનાજ પેટમાં જાય અને જેટલી જગામાં બેસાય એટલુજ પોતાનું છે બાકી તો મમત્વથી પોતાનું માની લીધું એટલુંજ છે. કેમકે તે પોતાના ઉપભોગમાં આવતું નથી. આવા ખેલમાં સમજવાનું એ છે કે લક્ષ્મીથી અને વિદ્યાથી ઉદય પામેલાએ અભિમાન છોડી દઈને કુટુંબમાં, અને બીજા જે ઉતરતી સ્થિતિનાં માણસો હોય તેની ઉપર દયા રાખવી અને બને તેટલી સહાયતા કરી તેને સુખી કરવાં. અને ગરીબ હોય તેણે અઘટિત ઘટનાનો વિચાર કરી

સમાન બુદ્ધિથી સંતોષ રાખવો બાકી સ્વમ જેવા વ્યવહારમાં બીજું શું થઈ શકે તેમ છે ? કોઈ માળીએ પાણી પાઈ તૈયાર કરેના સુંદર બાગમાંથી કોઈ એકાદ સુગંધી ફૂલ મનુષ્યના ઉપયોગમાં આવ્યું તેથી શું બીજા ફૂલોની સત્તા લુપ્ત થઈ જાય છે ? નથી થતી પરંતુ તેમાં એટલુંજ કે અનાયાસે એક ફૂલને પોતાની યોગ્યતા દેખાડવાના પ્રસંગમાં આવી શક્યું અને બીજાઓ સરસ હોય કે સાધારણ હોય તોપણ તે એમને એમ સુકાઈજ ગયા પ્રસંગ આવી જવો એ બહુ સુભાગ્યની અથવા વિચિત્ર વાત છે કાચનો કટકો પણ સોનાનો યોગ પામનાથી હીરા કરતા પણ અધિક માન વખતે પામે અને હીરાઓ દબાઈ રહે એટલે કોઈએ અભિમાન કે ખેદ કરવા જેવું છેજ નહિ, પણ આટલું તો નકી છે કે ગમે તો જાહેરમાં આવો ન આવો અથવા ગમે તો ઉપયોગમાં આવો ન આવો કે ગમે તો કીર્તિ પામો ન પામો પણ કાચ તે કાચજ છે અને મણિ તે માણિ છે માટે કોઈ એકજ પ્રખ્યાતિ પામેલા ને માટે માણસે અપ્રખ્યાતિમાજ અસ્ત થઈ ગયેલા તેથી પણ સરસ પાત્રોને અપમાન આપવું યોગ્ય નથી સર્વવાતે કાળયોગ છે તેજ બલવાન્ છે સારૂ, નરસ, યોગ્ય, અયોગ્ય, સદ્ગુણી દુર્ગુણી, નામાંકિત, અનામાંકિત કોઈ અપૂર્વ રીતે કાળ બનાવે છે અને વખતે એમ પણ બનાવે છે કે અસંભવિતને પણ સંભવિત બનાવી સંભવિતને ખાણમાં નાખી દે છે ધન્ય છે કાળની અનિર્વચનીય મહત્તાને ! !

प्रारब्धनी विचित्रता उपर एक वात

(અનુસંધાન પાને ૩૭ થી)

મહારાજાએ પોતાની પાસે બેસાડી તેનો વાંસો થાબડ્યો અને સંતોષના વચન કહી કાંઈ ઈનામ આપવાનું જણાવ્યું ત્યારે મનુભાએ જણાવ્યું કે હું કાંઈ ખેલાડી નથી, પણ આપનુંજ બાળક છું અને આપના ઉપકારના ભારમાં દબાયેલોજ છું આપ પ્રસન્ન થયા એજ મને ઈનામ છે એમ કરતા પણ જો આપ ઈનામ આપવાના હો તો એટલુંજ ઈનામ આપો કે મારી વર્તણુંક વિષે આપ સદાય વિશ્વાસુ રહી કૃપાદૃષ્ટિ રાખ્યા કરો મહારાજા આટલા વચનથી બહુ રાજી થયા અને પોતાની હમેલ ઉતારી તેની ડોકમાં પરાણે નાખતા કહ્યું કે તમે જે ઈનામ માગો છો તે હું આપું છું ' તેના ચિ

હૂન રૂપ આ હમેલ તમારે હમેશાં રાજ સભામાં પેરી આવવું. મનુભાએ માનપૂર્વક તે અંગીકાર કર્યું એટલામાં મશાલ આવી અને કચેરી બરખાસ્ત થઈ.

સાઠમારીમાં મનુભાએ દેખાડેલી હુશાયારીથી તેની ઉપર પ્રથમ આરોપ મેલનારાઓ બહુ પ્રસન્ન થયા નહિ પરંતુ તેઓને એવો સદ્ભાવ આવ્યો કે આપણે શામાટે પ્રપંચ કરિયે છિયે. જેના નસીબનું જેટલું હોય છે તેથી તેટલુંજ ખવાય છે. રાજાની તેની ઉપર અત્યંત પ્રીતિ થઈ છે તેથી જો આપણે તેની વિરુદ્ધ છિયે એમ ખબર પડશે તો ઉલટું દુઃખ થઈ પડશે. આ સદ્ભાવથી તેઓ અનુકૂળ વર્તવા લાગ્યા. વીરસેન મહારાજાને પુત્રપ્રજા નહિ હોવાથી અને મનુભામાં અતિ ચંચલતા જોવાથી તેની ઉપર બહુ માયા બંધાણી, તે એટલેસુધી કે વખતે તેને રાજ્યના અધિકારી બનાવી દે. નિરતર ખાવું, પીવું, ફરવા જવું અને રાજસભામાં બેસવું વિગેરે પ્રસંગોમાં મનુભાની બહુ સભાળ રાખવા માંડી, તેમ મનુભાએ પણ બહુ અનુકૂળ રહેવા માંડયુ અનુકૂળતા એ કઠણ હૃદયના માણસને પીગળાવી દેછે તો કોમળ હૃદયનાની તો વાતજ શી કરવી. પોતાના ઔરસ પુત્રો પણ જ્યાં આજ્ઞાંકિત ન થતા હોય ત્યાં કોણ જાણે કેનો ઔરસ પુત્ર કોઈ ભાગ્યશાળીની આગળ આજ્ઞાંકિત થઈ રહે એ વાત વિચારતાં કાંઈ થોડો આનંદ થાય નહિ. પુત્રપ્રાપ્તિવિના નિરંતર વીરસેન મહારાજાનો શોક શમે તેવો નહિ હતો તો પણ મનુભા તરફ દૃષ્ટિ કરવાથી વિસરી જવાતો હતો. માણસને જ્યારે અમુક સુખની ઇચ્છા પરિપૂર્ણ થાય તેમ ન હોય એટલે પ્રાપ્ત થયેલાથીજ સંતોષમાની લીધા વગર ચાલતુંજ નથી. મહારાજા વીરસેન પણ ભવિતવ્યતા ઉપર આધાર રાખી પુત્ર સુખની આશા છોડીનેજ બેઠા હતા. સંસારની ઘટમાળ કેવી છે તે સમજવું બહુ કઠણ છે. જે ઠેકાણે પૂરૂ અન્ન પણ ખાવા જડતું ન હોય ત્યાં જોઈએ તે કરતાં અધિક પ્રજા થઈ પડે છે, અને જેઓ લાખોને પાળનારા હોય છે તેને ત્યાં કરોડો પ્રયત્નથી પણ એક પણ પ્રજા પ્રાપ્ત થતી નથી. થાય ક્યાંથી? શુચીનાં શ્રીમતાં ગેહે એ ભગવદ્વચન પ્રમાણે જો કોઈ યોગભ્રષ્ટ કે ઉત્તમ સાધન કરનારા મુવેલા હોય તો આવા સ્થળમાં જન્મે કે? નિરંતર પાપ કર્મ કરી મનુષ્યજન્મને નિષ્ફળ કરનારા પામર પશુ જેવા લોકો નરકયાતનાના અને પશુ પક્ષીના અવતારના અધિકારી હોવાથી આવા સ્થળમાં ક્યાંથી જન્મે? રાજકુલમાં જન્મ અને તે સાથે સાચી સમજણ એ થોડા પુણ્યનું કે થોડા

તપનુ ફલ નથી એવા પુણ્યવાળા નહિ હોવાથીજ ગજપત્નીઓ રાજ માતાનુ પદ ધારણ કરવાને અધિકારી થતી નથી જેઓ સમજુ અને વિચારવત હોય છે તે સાર સમજીને તે વિષયનો પરિતાપ છોડી દે છે જગતમા ઘણા લોકો પુત્રવાળા હોવા છતા તેઓને તેવો સતોષ ન થતા ઉલટા રાત દિવસ ભારે પીડા ભોગવે છે અને છેવટ તે પુત્રોની ખોટી સ્વતત્રતાથી, તેના અપમાનથી અને તેની ઉપર રાખેલી આશાઓ નિષ્ફલ થવાથી પરમેશ્વર પાસે પોતાનુ મરણજ માગ્યા કરે છે, અથવા તો પરમેશ્વરે પ્રજા આપી ન હોત તો સારુ હતુ એમ વિચારી નિસાસા નાખે છે કોઈ કોઈને પુત્ર પ્રજા થાય અને અનુભવ રહેલો સતોષ ઉપજાવે તો માટે તે ટુકા આયુષ્યની હોવાથી વડપણમા ઘાણનાળી ચાલી જાય છે કોઈ પણ પદાર્થ સુલભ હોયજ નહિ તો તેનો માણસને બહુ ખેદ થતો નથી, પરતુ એક પદાર્થ આવીને અને તે વળી સતોષ આપીને નાશ પામી જાય એ વજ્રાઘાત કરતા પણ અધિક દુ ખ આપે છે તેમા પણ સ્ત્રી પુત્ર અને ધનની હાનિથી તો વખતે મરણ પણ અણસમજુને થઈ જાય છે, તો આમા પણ ક્યા સુખ છે? કેટલીકવાર એમ પણ બને છે કે પુત્ર પ્રજા પોતાની હયાતી હોય ત્યાસુધી સુખી રહે છે અને પોતે ગયા પછી દીનદશા પામી દુ ખી થાય છે તેથી આપણી પ્રજાનુ કોણ જાણે શુ થશે એવી ચિતા પણ પુત્રવાળાને રહે છે પુત્ર પ્રજા નહિ થવાને લીધે અસતોષથી રોયા કરતા કેટલાક તો સસારના પ્રાપ્ત વૈભવોનો ઉપયોગ પણ સુખેથી લઈ શકતા નથી આવા પ્રસગમા સમજુ માણસ તટસ્થની પેઠે અનુભવ કરતા પોતે પ્રજાવાળો હોય કે પ્રજાવગરનો હોય તો પણ તે કશો હર્ષ શોક ધરતો નથી વીરસેન મહારાજાને પણ એમ હતુ અને તેમા વળી મનુભા ઉપર તેની દૃષ્ટિ ઠરતી હતી એટલે પછી અપ્રજાપણાનો જરા પણ ભાવ દેખાયજ શાને? આ પુત્ર, આ પુત્ર નહિ વિગેરે મત્વ માનવા ઉપરથીજ બને છે અન્યશરીરમા પુત્રપણુ માનવાથી પુત્ર જેટલોજ સતોષ લઈ શકાય છે તે પ્રમાણે વીરસેન મહારાજાએ તો મનુભાથીજ પુત્રપણાનો સતોષ લેવા માડ્યો, અને મનુભાએ પણ પોતાના રાજ્યની પેઠે સઘળા કામકાજમા ભાગ લેતા પ્રેમ અને પરિચયના વધારા સાથે મહારાજાને સતોષ ઉપજાવવા માડ્યો કોઈ પણ કામ, કોઈ પણ વિચાર, કોઈ પણ વાત અને કોઈ પણ સ્વપ્ન મનુભાથી અજાણ્યુ રહ્યુજ નહિ તે પોતાના પ્રૌઢગુણોની સહાયતાથી

અને વીરસેન મહારાજની ઉદારતાથી યુવરાજ પદ ભોગવવા લાગ્યા. યુવાવસ્થા, ધનસંપત્તિ, અધિકાર અને અવિવેક એ એકેકી વસ્તુ અનર્થનું સ્થાનક છે ત્યારે જ્યાં ચાર ભેળી થાય ત્યાં તો કાંઈ કહેવાનીજ વાત નહિ. મનુભાને તે ચારે વસ્તુની પ્રાપ્તિનો સંભવજ છે પરંતુ તેમાં ત્રણ વસ્તુની પ્રાપ્તિ તેને જન્મથી છેજ અને ચોથી વસ્તુ અવિવેકજન્મથીજ નથી એટલે પહેલી ત્રણ વસ્તુઓ અવિવેકને ઠેકાણે સુવિવેક ચડી બેસવાથી અનર્થ કરનારી થવાને બદલે ગુણ કરનારીજ થઈ પડી. આમાં તેમને પડેલી વિપત્તિ એ કોઈ અપૂર્વ બોધ આપનાર અને ઉત્તમ શિક્ષા આપનાર થઈ પડી. અને તે એમજ જોઈએ. મનુષ્ય એ મણિ છે અને વિપત્તિ એ શરાણ છે. વિપત્તિનીશરણના ઝપાટા લાગ્યા શીવાય મનુષ્ય મણિ નિર્મલ થતો નથી. એ નિર્મલ થાય તોજ તેનું મણિપણું માન પામે છે, જો નિર્મલ ન થાય તો તે મણિ પણ કાકરાના તોલનોજ સમજવો. મનુષ્ય સોનું છે અને વિપત્તિ અગ્નિ છે. અગ્નિથી જેમ સોનું તપાઈને શુદ્ધ થાય છે તેમ વિપત્તિથી મનુષ્ય શોધાઈને વિવેકી થાય છે. એમાંપણ સમજવાનું એ છે કે બધાં મનુષ્યો કાંઈ મણિ નથી અને બધાંએ સુવર્ણ નથી, એટલે જે મણિ હોય તેજ મુલ્યવાન્ બને છે અને સુવર્ણ હોય તેજ શુદ્ધ બને છે. જેઓ મોટા કુલમાં ગર્ભશ્રીમંતપણામાં જન્મ્યા હોય તેને વિપત્તિ બહુ સંપત્તિનું કારણ થઈ પડે છે. ઘણા ઘણા ઇતિહાસોથી આપણે અનુભવ કર્યો છે તેમાં વિપત્તિથીજ મહાત્માઓનાં માહાત્મ્ય અમર થયાં છે. વિપત્તિ છે તેજ સંપત્તિનું સુખ દેખાડી આપે છે અને સદ્‌ગુણને શીખવે છે. મનુભાને પણ વિપત્તિની દશા ભારે શિક્ષક રૂપજ થઈ પડી હતી. તેથી તેને કોઈપણ સ્થિતિમાં વિશેષ સંકોચ પામવાનું કારણ જો હતુ કોઈ વિચાર આવ્યો કે તે ઉપર ગુણગ્રહણ કરી લઈ તે વિચારને વિસારી દેવાનોજ તેણે અભ્યાસ પાડ્યો. જ્યાં બેસે ત્યાં ઘર અને જે પાસે તે કુટુંબ અને ખરૂં જોતાં એમ છે તે પ્રમાણે મનુભાને થઈ ગયું હતું. આ બધું વિપત્તિથીજ થાય છે એમ ન માનવું પણ વિવેકઉદયથી થાય છે. એના વિવેક તેને સર્વનાં અંતઃકરણ પોતામાં ખેચી લીધાં. અને એમાં આશ્ચર્યપણ નહિ. વિવેકથી પરમેશ્વરને વશ કરી શકાય છે તો મનુષ્યો વશ થાય એ કાંઈ વધારે નહિ. એક દિવસ પોતાના આવાસમાં બપોરે જમણ જમીને આરામ લેતાં કોઈ ઇતિહાસની ચોપડી હાથમાં લીધી. થોડો પ્રસંગ વાંચતાં તેને પો-

તાની પૂર્વસ્થિતિ સાંભરી આવી જેમ ચિત્રમાં આળેખેલા હોય જમીનમાં કોતરેલા હોય કે જડ બનીગયા હોય તેમ થોડી વાર હાલ્યા ચાલ્યા વગર એક નજરે સામી ભીંતપર ટાંગેલી તાન તસ્વીર ઉપર નજર ઠેરાવીજ ગયા તેને વિચાર આવ્યો, હું કોણ? મારી કેવી સ્થિતિ! આમ રખડતા રઝળતા આયુષ્ય કાઢવું પડે તે કરતાં આવી ઉત્તમ જાતિમાં અવતારજ ન હોય તે સારૂં મેં જન્મ લઈને માતાને પીડા આપી, પીતાનું નામ વગોવ્યું, સ્વદેશીપ્રજાના હૃદય દુખાવ્યાં, ક્ષત્રીયજાતને લાજ લગાડી અને પોતાના પિંડને નિષ્ફલ કર્યો મેં શું કર્યું? અહીં આવીને પારકું અન્ન ખાઈ ખાઈ આળસુ થઈ જઈને આળસમાંજ પડ્યો રહ્યો મારૂં કોણ છે, મારા રાજ્યનું શું થતું હશે પ્રતિપક્ષીઓએ શા શા અનર્થ કર્યા હશે, મને સભારીને સમંત્રીઓના હૃદય કેવા કપતા હશે? એ મેં વિચાર્યું નહિ અરે સિંહ થઈને પાડો કેમ બની ગયો પરમેશ્વરે આ મહારાણાના આશ્રયરૂપ સહાય આપીને પણ ઉદ્યોગ કરવાની સૂચના આપ્યા છતાં એશઆરામમાંજ મેં તો દિવસો ગુમાવ્યા અહો કેટલા જાતનો ભુલાવો કેટલું બધું ભુલાવી દે છે પેલો ચીઠ્ઠી લઈ ગયેલા માણસ પણ ગયો તે ગયોજ, અને બીજાઓ તો મને ગુમાવેલોજ ગણીને ભુલી ગયા હશે એટલે આટલે સુધી ક્યાંથી પોચે ન પોચે તો શું થયું? હવે હુંજ તેની સંભાળ લઈ એક વાર અનાથદેશને સનાથ કરું સર્વને સંતોષ આપી, જાતને ઉજાળું અને પછી વનવાસ ભોગવું તે પણ યોગ્ય છે મહારાજા મને પુત્ર પ્રમાણે માને છે, તો હવે કોઈ કાયના કે વાતના પ્રસંગમાં તેની સલાહ માગવી એ અયોગ્ય નથી પરોપકારી રાજાજીના મોટી ઓથ અનાયાસે મને મળી છે, તો હવે એકવાર દબદબા ભરેલી રીતે દેશની સંભાળ લેવી અને જેણે કપટથી મારૂં અહિત વિચાર્યું છે તેઓને પણ અભય વચન આપવા પરમેશ્વરની પ્રસન્નતા મેળવવી મારી યોગ્ય વય થવાને લીધે કોઈ બીજો વિચાર પણ મહારાજાને મનમાં થાય છે તેમાં કાંઈ મારે અભિપ્રાય આપવાની જરૂર છેજ નહિ, પણ તે ગોઠવણ દેશની સંભાળ લીધા પછી નિશ્ચિત પણે થવી યોગ્ય છે પણ હવે મારે પ્રસિદ્ધિમાં કેમ આવવું ખબર ભેદ ભાગનાથી વિજ્ઞાન થાય કે સંતોષ થાય એ આગળથી ખબર પણ ન પડે વિનાકારણે વેરી થનારઓ પણ વાંસે લાગ્યા છે, પણ હું નથી ધારતો કે જે મારા ભાગ્યનું સુખ છે તે તેઓ છીનવી લે હું જો

ઝુડાઈ કરૂં તો એ ક્યારનાએ આહીં ન હોય. પણ મારે શુ કરવાને કોઈનો વિરોધ કરવો જોઈએ. એ પણ એના ભાગ્યનું હશે ત્યાંસુધી ખાશે, તેમાં મારૂં શું જાશે. આ રાજ્ય મારૂં નથી, હું માથે ઉપાડીને લાવ્યો નથી, જે તેનું અભિમાન ધરાવે છે તેનું પણ નથી, અને કોઈને સાથે એ જવાનું પણ નથી. પણ મૂર્ખ લોકો તેમાં ખોટી આશાઓ રાખી ઉંધાચિતા વિચારો કર્યાજ કરે છે. એ સ્વપ્નનો વિલાસજ છે સ્વભાવ એ વિચિત્રજ વસ્તુ છે. જે પાત્રમાં જેવો પડ્યો તેવો પડ્યોજ. એ સ્વભાવેજ કોઈને ઉત્તમ, કોઈને મધ્યમ અને કોઈને અધમ બનાવી દીધા છે. શી અદ્ભુત ઈંદ્રજાળ છે. દિવસે દિવસે નવા નવા ખેલો અનુભવાતા જાય છે અને જુના નવા થતા જાય છે. તેમાં એક જોઈએ ત્યાં બીજો વીસરી જઈએ છિયે. આ અદ્ભુત ખેલોજ સંસારમાંના કર્તવ્યને ભુલાવનારા થાય છે અને વખતે વિઘ્નરૂપ થઈ પડે છે. આમ વિવિધ વિચારો કરતાં કરતાં તેને ઉંઘ આવી ગઈ. ઉંઘમાં જાણે પોતે કોઈ શીખર ઉપર ચડીને પહાડ પાણીની શોભા જોતા હતા ત્યાં કોઈ દેવીએ આવીને તેને ડોલરની સુગંધી માળા પેહેરાવી અને હાથમાં કમળપુષ્પ આપ્યું. પોતે તેને નમન કરી માન આપવા જાય છે, તે પાત્ર દૂર થઈને જાણે પોતાના આવાસમાં આવીને કોઈ રાજ્યમાતાની બાનડી બોલાવે છે એવો ભાસ થયો કે તરત આંખ ઉઘડી. એટલામાં તો માણેકને આવતી દીઠી. સાવધ થઈ પૂછ્યું કેમ આટાણે? માણેકે કહ્યું કે માતાજીએ આપને સાંજ વખતે પોતાના આવાસમાં બોલાવ્યા છે, માટે ક્યારીમાંથી પરબારા ત્યાં પધારજો એમ વિનતી કરવા આવી છું, મનુભાએ કહ્યું, ઠીક માતાજીને કહે કે હું જરૂર દર્શન લેવા આવીશ માણેક ઉત્તર લઈ ગયા પછી મનુભાના વળી વિવિધ વિચારો થયા. શું કામ હશે? સવારમાં રોજ દર્શન લેવાનો પરિચય છે. તેમ છતાં બીજીવાર કેમ બોલાવ્યો હશે? પણ અરે! એમાં હું શું વિચાર કરૂં છું? (અપૂર્ણ.)

ગ્રંથાવલોકન.

(સંબંધ પાને ૪૦ થી.)

પૂર્વદેશના વિદ્વાનો અને પાશ્ચિમાત્ય વિદ્વાનોની, જનસ્વભાવ પાડવાની પદ્ધતિ એક બીજાથી ભિન્ન ભિન્ન છે. પશ્ચિમ દેશમાં સર્વશ્રેષ્ઠ જનસ્વ-

ભાવ વર્ણવનાર ઈંગ્રેજી મહાકવિ શેક્સપીઅર ગણાયો છે એણે સેંકડો ચિત્ર પાડ્યા છે તેની રસિકતા અને શક્તિને અનુભવનારા જનો એમ કહે છે, કે તેણે સેંકડો જનસ્વભાવ વર્ણવ્યા છે, પરતુ તેમા કોઈ પણ બે એક બીજાની બરાબર નથી તેની ખુબી ભાવ વસ્તુઓમા છે અમુક જનસ્વભાવ જગતમા મળે છે, એમ દર્શાવવાની તેની રીતિ હોય એમ જણાય છે આર્ય કવિઓની રીતિ તેથી જુદીજ છે જગતમા અમુક પ્રકારનો જનસ્વભાવ હોવો જોઈએ, એમ બતાવવાની તેમની પદ્ધતિ હોવી જોઈએ અને તેમ હોવાથી હલકા જનસ્વભાવ દર્શાવવા કરતા ઉચ્ચ જન સ્વભાવ બતાવવામા તેમનો ઉદ્યોગ વિશેષ રહે ઉદાહરણ જોઈએ શેક્સપીઅર કૃત "ઓથેલો" નુ પાત્ર "ઇએગો" શેક્સપીઅરના ઉપાસકોને બહુ શ્રેષ્ઠ લાગે, પરતુ આર્ય પદ્ધતિપર રમણ કરતા વિદ્વાનોને તે રૂચે નહિ તે પાત્રમા સ્વભાવો ક્તિ ઘણી સરસ છે તેના મુખમાથી નિકળતા શબ્દો તેની દુષ્ટતાને યોગ્યજ સુઝ્યા છે તેનો અભિનય તેના ભાષણોને હમેશ શોભા આપતો રહે છે, છતા તે સર્વમા આર્યપદ્ધતિ મનની દુષ્ટતારૂપી એક મોટો દોષ જુએ છે, અને તે સહન કરી શકતી નથી તેમજ "રીચર્ડ ધી થર્ડ' મા રાજા રીચર્ડ અથવા "જુલીઅસ સીઝર"નો "કેશીઅસ," કે 'એનટોનિ અને કલીઓપેત્રા"નો "એનટોનિ" એ પણ આર્ય રીતે સાનુકુલ થઈ શકે નહીં તે પાત્રોમા જનસ્વભાવની ખુબીઓ છે ખરૂ જોતા ખરોખરો જનસ્વભાવ તેમા દેખાય છે, પરતુ આર્યપદ્ધતિને તે યોગ્ય લાગેજ નહિ, કારણ આ પદ્ધતિનો ક્રમજ જુદો છે આર્યરીતીને ખરેખરા જનસ્વભાવ દર્શાવવા એ વાત સાનુકુલ છે, પરતુ તેમા દુષ્ટભાવ કોઈ નજ આવવો જોઈએ મહાકવિ કાલીદાસને દુષ્યતનો જનસ્વભાવ વર્ણવતા, વચ્ચે દુષ્ટભાવ અર્થાત્ વિસ્મૃતિરૂપ તેનો દોષ વર્ણવવો ઠીક ન લાગ્યો ધીરોદાત્તનાયકમા એવો દોષ ઘટેજ નહિ, એવી આર્ય પદ્ધતિ છે આટલાજ માટે તેને મહા ક્રોધી દુર્વાસાને વચમા લાવવા પડ્યા દુર્વાસાનો સ્વભાવ પણ જુઓ! ક્રોધ એ તેમા દોષ, તે કાલીદાસે દર્શાવી દીધો, પરતુ એવો દોષ એ મહાઋષિમા યોગ્ય ન ગણાય એમ ધારી શાપોપશાતિ બીજે માર્ગે ન કરાવતા તેની ક્ષાતિ માર્ગેજ કરાવી મહાકવિ ભવભૂતિથી સીતાત્યાગ રૂપ દોષ રામમા સહન ન થયો અને તેથી તેનો પરિહાર કરવા તેમા તેણે પ્રજાપાલનરૂપ મોટા ગુણનો આવિર્ભાવ કર્યો એ મોટા પાત્રોમા તેમ કરવુ ઉચિતજ હતુ, પરતુ ભવભૂતિથી તો સામાન્ય

પાત્રમાંપણ એ વિકૃતિ સહન નથી થતી. સીતામાં કહેવાતાં દૂષણની ખબર આપવા આવનાર દૂતનું નામ કવિએ દુર્મુખ રાખ્યું. પણ ઉચ્ચભાવની છાયા કવિમાં એવી જડ બેશી ગઈ હતી કે એ દુર્મુખના મુખમાં પણ સુમુખના જેવાં વચનો મુક્યાં. શૂદ્રકે વસન્તસેનાને, એક વેશ્યાને, મહાસતી જેવી કરી છે. અને તેમ કરતાં તેના સ્વભાવના ચિત્રમાં જરાપણ ખામી આવવા દીધી નથી. વિશાખદત્તે મહા ક્રોધી ચાણક્યમાં, તેના રાજનીતિને અંગે કાપટ્ય આદિ દોષ પ્રદર્શિત કર્યા; પરંતુ તે તેટલા માટેજ કે પાછળથી આવતા તેના રાજ્યભક્તિ આદિક મહાગુણે આ અવગુણોનું આચ્છાદન કરાય. અતિ નીચ પાત્રોમાં જોઈએ તો ત્યાં પણ ઉચ્ચભાવજ. શાકુન્તલમાં આવતો માછી પણ સ્વધર્માભિમાની થઈ,

शहजे किल जे विणिन्दिए ण हु दे कम्म विवज्जणीअए

पशुमालणकम्मदालुणे अणुकम्पामिदु एव्व शोत्तिए ॥ १ ॥

એ શબ્દોથી પોતાની યોગ્યતા દર્શાવે છે. શૂદ્રકના મૃચ્છકટિકમાં ચોરી કરવા નીકળેલો શર્વિલક પણ પોતાનાં એ કનિષ્ઠ વર્તનનું પ્રતિપાદન કરતો, ચૌર્યકર્મનું મૂલ દ્રોણાચાર્યના પુત્રથી શોધી કાઢી પોતાનું મહત્ત્વ દેખાડવા જાય છે, તથા પોતાના કાર્યમાં કરવાં પડતાં કૃત્યો માટે શાસ્ત્રનાં પ્રમાણો દેખાડે છે.

આ રીતે જોતાં સદા ઉચ્ચભાવજ દર્શાવવાની ઉત્કંઠા આર્યકવિઓમાં કેવુ ઉંડું મૂળ નાખી રહી હતી તે સ્પષ્ટ જણાઈ આવે છે. મહાકવિ શેક્સપિયરના ડેસ્યો, ઇયેગો, રીચર્ડ થી થર્ડ, એન્ટોનિઓ વિગેરે પાત્રો પોતાની નીચતામાંજ મગ્ન રહે છે. શર્વિલક જેવાં આર્યપદ્ધતિનાં પાત્રો તેમ કરતાં નથી. ઉપર લખેલાં ઈંગ્લિશ કવિનાં પાત્રો પોતાની મહત્તા નીચતામાંજ બતાવે છે. આર્ય પાત્રો નીચસ્થિતિના હોવા છતાં પણ નીચતાનો અંગીકાર કરતાં નથી. આ વિષયમાં વિશેષ ઉંડાં ઉતરવુ એ સમય અને સ્થળના સંકોચને લીધે અશક્ય છે. આરંભમાં કહી ગએલા એક વાક્યમાંજ મતલબ આવી જાય છે કે પાશ્ચિમાત્ય કવિયોના પદ્ધતિ એમ દર્શાવવાની દીસે છે કે અમુક જનસ્વભાવ જગતમાં મળે છે. આર્યપદ્ધતિ એવુ દર્શાવે છે કે અમુક પ્રકારના જનસ્વભાવ જગતમાં હોવા જોઈએ.

સરસ્વતીચંદ્રમાં આવેલા જનસ્વભાવ આ બેનાથી કોઈ એક અમુક પદ્ધતિપરજ પડ્યા હોય એમ કહેવાય નહિ. એનાં તો બે પદ્ધતિનું મિ-

મણ થયું છે, અને તે એટલા મોટા પ્રમાણમાં થયું છે કે બહુ વિચાર ક ર્યાશિવાય અમુક સ્વભાવ કટ્ટને અને એ પદ્ધતિનો ભેદ સમજવું કઠિન થઈ પડે સૌભાગ્યવશાત્ તો બાબત ગંભીર છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી તેમજ બુદ્ધિધન જેવા પાત્રો માટે પણ બહુ વિચાર કરવો પડે એમ નથી પરંતુ સરસ્વતીચંદ્ર, કુમુદસુંદરી વિગેરેના જીવન વૃત્તનું પૃથક્કરણ કરવું એ કઠિન કામ છે મેરૂલો, જમાલ આદિ નીચ પાત્રોને આર્યપદ્ધ તિનો મળતા નથી, પણ પાશ્ચિમાત્ય પદ્ધતિ પણ મળતી નથી એ સમજ વાળી વાત છે

આ ગ્રંથના કર્તા માત્ર કથાના લેખક (નૉવેલિસ્ટ) નહિ પરંતુ તે સાથે એક સારી પ્રતિના કવિ છે તેમનામાં સ્વાભાવિક કવિત્વશક્તિ છે પ્રાસાનુપ્રાસ મેળવી, હ્રસ્વ દીર્ઘ અક્ષરનો નિયમ ન રાખતા, કેવળ પિંગળની રીતિ ઉપર આધાર રાખી, અર્થ ગૌરવને ધ્યાનમાં ન રાખી, છંદ માત્ર કરવા એનું નામ કવિતા આ મત ઘણા વર્ષો સુધી જેમ બીજે તેમ ગુજરાતમાં પણ રહ્યું આ સમયમાં કેટલાક, જેને આપણે આજ કવિ કહેતા શરમાયે તેવા પુરુષો મહાકવિ ગણાઈ ગયા, પરંતુ નાદ કવિત્વ યુક્ત ઇંગ્રેજી અને ગીર્વાણ કવિતાઓનું અધ્યયન થવાથી હવેના લોકોમાંથી કવિતા વિષેના ખોટા વિચાર બદલાઈ ગયા છે

> Poesy is a part of learning
> and doth truly refer to the
> imagination
>
> *Francis Bacon*

આ રીતે જોતા કવિતાનો મુખ્ય આધાર કલ્પનાશક્તિ ઉપર છે પ્રાસાદિકથી સામાન્ય જનો ખુશી થાય, પરંતુ વિદ્વાનોને આનંદ આ- પવા કવિતા ઉચ્ચ પ્રકારની કલ્પનાયુક્ત હોવી જોઈએ આ રીતે દશ અથવા બાર વર્ષ અગાઉ જેના ઉપર આ પ્રકારની કવિતા બાંધેલી જોવામા આવતી પ્રેમાનંદાદિક ગુર્જરદેશના પ્રાચીન કવિઓ માટે આ અમારૂ બોલવું નથી કે પ્રાચીન કવિઓમા જેઓના આપણે નામો લઈએ છીએ તે કલ્પનાશક્તિમા ચાતુર્ય પડતા છે, અગર તો ભલી શકાય તેમની કલ્પનાશક્તિ ઇંગ્રેજી અથવા સંસ્કૃત કવિઓ સાથે

કોઈપણ રીતે ખરાબરી કરી શકે તેમ નથી; તથાપિ તેમનામાં પણ કાંઈક કલ્પના શક્તિનો અંશ છે ખરો. તેઓએ કેવલ શબ્દાલંકાર ઉપરજ પોતાનો આધાર રાખ્યો નથી. મધ્યમાં, શબ્દ ઉપરજ આધાર રાખનાર કવિયો થઈ ગયા. પણ હવે વીશ વર્ષ ઉપર જે કવિઓ વખણાતા તેઓ તરફ જન સમુહનો બહુ આદર નથી. હાલમાં નવિનજ વર્ગ ઉભો થયો છે. તેમણે પ્રાસ વિગેરેને હવે દેશવટો આપવા માંડ્યો છે. અર્થ ગૌરવે હવે તેમાં પ્રધાન પદ લેવા માંડયું છે. આ નવિન વર્ગ હજી બહુ જનપ્રિય થયો નથી; કારણ કલ્પના શક્તિ જે તેમનો મુખ્ય આધાર છે, તેમાં પ્રવેશ કરવા યોગ્ય લોક પણ થોડો છે. રાજેથી ગોવર્ધનરામ આ નવીન વર્ગ માહેલા કવિ છે. આ વર્ગે આરંભ ભાષાંતરોથી કર્યો છે. આ ગ્રંથમાં પણ કવિતા, વિદ્વાન્ ઇંગ્લિશ તથા સંસ્કૃત કવિયોના કાવ્યોનાં ભાષાંતર રૂપે બહુ થઈ છે. પણ તેથી પોતાની રચેલી કવિતાઓ ઉપલી કવિતાઓ આગળ કલ્પનામાં કંઈ હલકી પડતી નથી. આ કવિતાનું એકાદ ઉદાહરણ અમે આગળ લખી આવ્યા છીએ.

જેમ કવિતામાં તેમજ ભાષામાં તથા શૈલીમાં પણ આ પંદર વર્ષમાં બહુજ ફેરફાર થઈ ગયો છે. પ્રેમાનંદ, અખો વિગેરે ગુજરાતના કવિયો કલ્પનામાં તથા વિચારમાં ગમે તેવા સારા હતા પણ તેમની ભાષા કંઈ સંસ્કૃત (સંસ્કાર પામેલી) ગુર્જર કહેવાય નહિ. તે ભાષામાં ઘણો ફેરફાર થયા શિવાય તે તેવીને તેવીજ ચાલતા શતકમાં લગભગ બીજા દશકસુધી ચાલી આવી. આ સમયે નવિ પદ્ધતિની કેળવણીનો પ્રચાર શરૂ થતાં તેના ઉપાસકોની ભાષા તથા શૈલી કાંઈક સંસ્કાર પામવા માંડી. અને તે સંસ્કારનું ફલ આપણે કરણ ઘેલો, તથા તેના વખતમાં નિકળેલા ગ્રંથોમાં જોઈએ છિયે. આટલો સંસ્કાર હજી પરિપૂર્ણ ન હોતો. ગીર્વાણભાષાનું અધ્યયન વધતાં આ સંસ્કાર પણ વધવા માંડ્યો. તે સંસ્કારને ક્રમેક્રમે વધવા ન દેતાં કેટલાક વિદ્વાનોએ પોતાના સસ્કાર ઉપરજ આધાર રાખી સામાન્ય જન સમૂહની દરકાર ન કરતાં અતિ ઉચ્ચ સંસ્કારવાળી ભાષા લખવા માંડી. આ ભાષાનું નામ કેટલાક ટીકાકારો એ "સસ્કૃતમય ગુજરાતી" પાડયું; અને તેની ઉપર બહુ ટીકા થઈ. તે સંસ્કૃતમય ભાષાએ એક ફાયદો કર્યો. સામાન્ય લેખકોમાં જે સંસ્કાર બહુ

ધીમે ક્રમે ચાલતો હતો તે નવેજ થઈ, હાલ આપણી ભાષાને બહુશ સંસ્કૃત કરી મુકી આ ગ્રંથના લેખક આ છેલા ક્રમ ઉપર ચાલનાર છે તેમની ભાષા કેવલ સંસ્કાર વિનાની તો નથીજ તેમ અત્યંત ગીર્વાણમય પણ નથી સરસ્વતીચંદ્રની ભાષા સંસ્કૃત, ગુર્જર, રમણ, મધુર અને સરલ છે સંસ્કૃત (ગીર્વાણ) નો સંસ્કાર પામેલ જનને તે ભાષા બહુ આનંદ આપે તેવી છે વળી નવલ કથામાં જે પાત્રના મુખમાં જેવી શોભે તેવીજ ભાષા મુકી, કર્તાએ પોતાનો સાર્વજનિક સ્થિતિનો અનુભવ પ્રદર્શિત કર્યો છે વિષયની કઠિનતાને લીધે ભાષા ન સમજાય તો તેમાં પણ ભાષાનો દોષ કાઢવાની વાચકવર્ગને ટેવ પડી છે કર્તાનો દ્વિતીય પ્રયત્ન તેમજ આ પ્રથમ ગ્રન્થમાં કેટલાક સ્થાનક એવા પણ છે કે ભાષા સરલ હોવા છતાં અનભ્યાસી જનનો તેમાં પ્રવેશ ન થઈ શકે તેમાં કઠિન વિષય છે, ભાષા નહિ એજ પ્રકારની ભાષા સરલ વિષયમાં વાપરી હોય તો વાચનાર જન તેને કઠિન સમજતો નથી વળી કેટલાક શાસ્ત્રીય વિષયો એવા છે, કે તેમાં તો વિષયનું ગૌરવ રહેવા તથા અર્થ અનર્થ ન થાય તે સંભાળવા અમુક પ્રકારનાજ શબ્દો વાપરવા જરૂર પડે છે અને તેમ થતાં ભાષા કઠિન થાય તો તેમાં લેખકને દોષિત ન ઠરાવવો જોઈએ તેમાં દોષપાત્ર તો વાચકની એ વિષયમાં અજ્ઞતાજ છે

આ ગ્રંથમાં કર્તાએ પોતાના કેટલાક સિદ્ધાંતોનું પણ વિવેચન કર્યું છે, પણ તે બહુ ટુંકામાંજ સરસ્વતીચંદ્રના જનસ્વભાવમાં કર્તાના મને પોતેજ પ્રવેશ કર્યો હોય એમ લાગે છે, અને તેથી કર્તાના ઘણા ખરા સિદ્ધાંતોનો સમાવેશ એ પાત્રના વિચારમાંજ થયો છે, એવિષે વિશેષ વિવેચન કરવાને કર્તાએ પણ આ ગ્રંથ યોગ્ય નથી ધાર્યો, તો આપણે પણ એ સિદ્ધાંતને પ્રતિપાદન કરનાર બીજા ગ્રંથનું વિવેચન કરિયે ત્યાસુધી એ વિષયને પડતો મુકશુ

એક પ્રશ્ન રહે છે આ ગ્રંથનું વસ્તુ કેવલ કલ્પિત છે કે કોઈ અન્ય વાતમાં કલ્પનાનું મિશ્રણ થયું છે? ટીકાકારો બહુ કરીને ગ્રંથકારોના વસ્તુને કોઈ સત્ય વાત ઉપરથી ઉદ્ભાવિત ઠરાવવા હમેશ પ્રયત્ન કરે છે એવી કોઈ સત્ય વાત આ વસ્તુ માટે મળી શકે। કર્તાને રાજ્યખટપટનો પૂર્ણ

અનુભવ છે, દેશી રાજ્યોમાં જ્યાં આવી ખટપટો પ્રાધાન્ય ભોગવે છે ત્યાં તેમણે પોતાની વિદ્યાર્થી અવસ્થાનો કેટલોક ભાગ ગાળ્યો છે. આમ હોવાથી તે સમયમાં સાંભળેલી ખટપટોનો સંસ્કાર તથા પોતાના દેશમાં અનુભવેલી સામાજિક સ્થિતિ, એ બે મળી આ વસ્તુ ઉત્પન્ન થયું હોય તો કંઈ અયોગ્ય નથી. તેમજ **સરસ્વતીચંદ્ર**ના જનસ્વભાવમાં, આપણે ઉપર લખી આવ્યા તેમ, કર્તાએ પોતાનો જનસ્વભાવ ચિતરવાનો પ્રયત્ન કર્યો હોય તો તે સંભવે છે. એથી વિષેશ, આ વિષયમાં બોલવા અમે ઇચ્છા રાખતા નથી.

લેખકે નહોતું ધાર્યું કે આ વિવેચન આટલું વિસ્તૃત થશે. હવે આ વિવેચન પૂર્ણ કરતાં છેવટ કહ્યા શિવાય ચાલતું નથી કે વિવેચિત ગ્રન્થ પોતાના વર્ગમાં પ્રથમ ગણાવું જોઈએ. આજ સુધી ગુર્જર ભાષામાં જનસ્વભાવનું વિવેચન કરનાર આવો અથવા આથી સારો ગ્રંથ નિકળ્યો નથી. એના લેખની સરસાઈ જોઈને વિવેચકને તેનું વિવેચન કરવા ઇચ્છા થઈ. એક અથવા બે માસમાં અર્થાત્ આઠથી દશ પૃષ્ઠમાં પૂર્ણ થશે એમ જાણી આ માસિક પત્રે એ સ્વીકાર્યું; પરંતુ લેખકને જેમ જેમ વિષેશ વિચાર થતા ગયા, અવલોકન વિશેષ થતું ગયું, તેમ તેમ વિવેચન વિસ્તૃત થતું ગયું. આ પ્રમાણે આ લેખ ધારવા કરતાં લગભગ પાંચ ગણો મોટો થયો લેખકે આ ગ્રન્થમાં, જે વિષય વિવેચનયોગ્ય લાગ્યો તેનુંજ પૂરેપુરૂં વિવેચન કરવાની આશા રાખી છે. તથાપિ

विचित्ररूपाः खलु चित्तवृत्तयः ॥ भारवि.


એ પ્રમાણે વિવિધ પ્રકારની મનોવૃત્તિ એક વસ્તુમાંથી સ્વાનુકૂલ વિષય ગ્રહણ કરે છે. આ પત્રમાં દર્શાવેલ વિચારોથી ભિન્નવિચારવાળા પણ ઘણા હશે; અને હોય તેમ વિશેષ સારૂ. એટલુજ કે એ મત પ્રૌઢ વિચાર થઈ મનમાં નિશ્ચિત થવો જોઈએ. જો એમ થાય તોજ એ મત કાંઈક વિશ્વસનીય ગણાય.

सन्तः परीक्ष्यान्यतरद्भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ॥ कालिदास.

વિદ્વજ્જનની પ્રૌઢ કૃતિઓને સ્ફુટ કરવા સર્વ શક્તિમાન્ પરમેશ્વર એવા ઘણા સન્તને ઉત્પન્ન કરો.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ   માઘ, સવત્ ૧૯૮૯   અંક ૪ થો



॥ यतो धर्मस्ततो जय ॥

वगे सगे काम थवा विषे

उपजाति

વિદ્યા કળા કામ ન લેશ વાગે, રને જને ભીડ ન ભાઇ ભાગે,
શુ કામ આવે બળ બુદ્ધિ કાય, વગે સગે કામ સમગ્ર થાય
શા કામના ન્યાય અને સુનીતિ, પડી રહે છે શુભ સર્વ રીતિ,
સબધથી કાંઈ નહીં સધાય, વગે સગે કામ સમગ્ર થાય
ન રૂપ રગે પણ લાભ ભાઇ, વાસે રહે વાનપ ને વડાઇ,
સદૈવ શૂરાતન દૂર જાય, વગે સગે કામ સમગ્ર થાય
સૂતુ રહે સૌહૃદ સર્વ વાતે, પોઢી રહે પ્રીતિ વળી નિરાતે,
લાખો રૂપૈઆ મગ લાચ ખાય, વગે સગે કામ સમગ્ર થાય
ન નાસિકાએ સ્વર સભળાય, ન કાનથી કામ કશુ કરાય,
આખે થકી અન્ન નહીં ખવાય, વગે સગે કામ સમગ્ર થાય
હાથે થકી થાય ન હાવ ભાવ, મુખે ન દેખાય જગદ્વિશાન,
પગે કરી ગધ નહીં પમાય, વગે સગે કામ સમગ્ર થાય
ઉતાવળે આમ્ર ફલો ન આપે, ચડે નહીં ખીચડિ સૂર્યતાપે,
સીડીવિના ઊપર શુ ચડાય, વગે સગે કામ સમગ્ર થાય
વિના હલેસે નહિ હોડિ હાલે, ચક્રોવિના યત્ર કદી ન ચાલે,
ગધેડિયે ભાર વધૂ તણાય, વગે સગે કામ સમગ્ર થાય
બીતો રહે સોદર બાગ બેશી, નવેઢમા શાવક જાય પેશી,
શકાવિના સાકડમા દૃગાય, વગે સગે કામ સમગ્ર થાય
કેશવ હરિની હોય જે દયાદૃષ્ટિ સુખરૂપ,
તો વગ સગ સમ વને, શુ દેવો છે ધૂપ?

શ્રીમંતપણું અને ગરીબાઈ.

અરેરે ! ગરીબાઈમાં અથવા સાધારણ સ્થિતિમાં શું સુખ છે ? રોજ રોજ ગમે તેવાં મિષ્ટાન્ન ખાવાને મળતાં નથી, ખાઈપીને ખુરશીયે બેશી ગપાટા મારવાનું મળતું નથી. હીરા મોતી માણેક તો રહ્યાં પણ સોના-રૂપાનાં નમુનદાર આભૂષણો અંગપર પેહેરવાને મળતાં નથી, મલમલ ખીનખાબ કે વિચિત્ર રંગદાર ભાતભાતનાં મખમલનાં વસ્ત્રો અંગપર નાંખવા મળતાં નથી, વાપરવા સોના-રૂપાનાં વાસણ મળતાં નથી, કોઇની સાથે મિત્રતા થતી નથી, મોટા માણસમાં ગણાવાતું નથી, કીર્તિ કરાતી નથી, ધારેલાં કાર્યે સઘળાં ધૂળધાણી થાય છે, આશ્રય કોઈ આપતું નથી, બળિયા લોકો વિનાકારણે બાળે છે, મંદવાડમાં મરિયે તોપણ કોઈ આંગણે આવતું નથી, પોતાની આજ્ઞા કોઈ ઉપાડતું નથી, પારકી આજ્ઞાઓ અનેક પ્રકારે ઉઠાવવી પડે છે, કામ કરીને કાઇ જતાં છતાં પણ ઉપરથી અપયશજ મળ્યા કરે છે, એક સાંધવા જાઈએ ત્યાં તેર તુટ્યા જેવુ થાય છે, બુદ્ધિમાન છતાં ગમારમાં ગણાવાય છે અને પોતાનો લાભ વચમાંથી કોક લુટી જાય છે. આમ છતાં પણ વિવેકીઓ ગરીબાઈને વખાણે છે, અને શ્રીમતપણાને ધિઃકારે છે તેનું શું કારણ હશે ? એવો કયો દોષ શ્રીમંતપણામાં હશે કે અતિ દુઃખથી ભરેલા ગરીબપણાના કરતાં પણ તે હલકી સ્થિતિનું ગણાય છે. શ્રીમંતપણું એ અતિ યોગ્ય સ્થિતિ અને ગરીબપણું એ અતિ અયોગ્ય સ્થિતિ છતાં ગરીબપણાને છોડી દઈ શ્રીમંતપણાને વિદ્વાનોએ શા માટે વગોવ્યું હશે ? શું ન થઈ શકે એવાં મહાભારત કામો શ્રીમંતપણા વગર થઈ શકે છે ? નથીજ થઈ શકતાં. ખાવું, ખવરાવવું, પેહેરવુ, પેહેરાવવુ, મોટાં બાંધકામો કરાવવાં, વાવ કુવા વગેરે નવાણો ખોદાવવાં એમ જે કહિયે તે શ્રીમંતથી થઈ શકે છે. ગરીબ બિચારાથી શું થાય ? જ્યાં ત્યાંથી પેટ જેટલુ અન્ન મેળવી ધનવાનના ઘરને પરથારે કે પોતાના નાના સરખા ઝુપડામાં સુખની નિદ્રા લેવાય. બીજું શું થાય ? કુલ, જાત, પ્રતિષ્ઠા, મોટાઇ, સઘળું ધન ઉપર આધાર રાખે છે. મનનું સ્ફુરણ પણ ધનના જોરનેલીધે વધારે થાય છે; માટે શ્રીમંત જે કાંઈ કરે તેનાથી ગરિબ સામે હિસ્સે પણ ન કરી શકે એ દેખીતુંજ છે. પરમેશ્વરને ઘેર શ્રીમત અને ગરીબ સરખા હો પરતુ મનુષ્યની દૃષ્ટિમાં અને માનવામાં શ્રીમંત

તે શ્રીમંતજ લાગે છે અને ગરીબ તે ગરીબજ લાગે છે પરંતુ પરતંત્રતાના સ્વભાવથીજ નિર્દય લોકો પણ શ્રીમંતથી ડરી જાય છે અને ગરીબને વિનાકારણે સતાવે છે પાંચ આગમોનું ભણતર પોતાનું કોઈ શ્રીમંતને ત્યાં થવાનો સંભવ છે ગરીબને બિચારાને પેટનું પણ પૂરૂં થતું ન હોય ત્યાં બીજાઓને શું આપે? દેખવામાં આવતી સ્વાધીનતા પણ શ્રીમંતને છે ગરીબ બિચારા નિરંતર પરાધીનજ દેખાય છે શ્રીમંત દૂધ ચોખા ને સાકર જમે છે અને ગરીબ બાજરાજુવારનો રોટલો ને રાબ ખાય છે શ્રીમંત તે શ્રીમંતજ અને ગરીબ તે ગરીબજ, તેમ છતાં પણ વિવેકીએ ગરીબાઈને જ્યારે વખાણી અને શ્રીમંતપણાને હલકું જોયું ત્યારે કાંઈ પણ તેમાં ગુણ અને બીજામાં દોષ હોવો જોઈએ દોષરહિત જગતમાં કાંઈ છેજ નહિ એટલે ગમે તેવા સાર શ્રીમંતપણામાં પણ દોષ સંભવે છે કાદંબરી રચનાર મહા કવિ બાણ ભટ્ટે જગતની જીવનસત્તારૂપ લક્ષ્મીને મહા અનર્થરૂપ ગણી કાઢીને શ્રીમંતોની અવગણના કરી છે તેમ બાળકો પણ ધનિક વર્ગને વગોવે છે તે તેના કોઈ મહાન દોષને લીધેજ ધન અને વિદ્યા વિગેરેના સંપત્તિથી સંપન્ન થયેલા વર્ગમાં થોડાક ભાગ શિવાય બાકીનો વર્ગ બહુજ ઉચ્છૃંખલ બની જાય છે અને પોતાને મળેલી શક્તિનો અનર્થકારકજ ઉપયોગ કરે છે આવા કારણને લીધેજ **यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकता । एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥** આવા સિદ્ધાંત બાંધીને વિદ્વાનો ધનવાનના સાથે ધનનો પણ તિરસ્કાર કરે છે અને કરે તેમાં નવાઈ પણ નહિ કેમકે ધન એ કાંઈ અદ્ભુતજ શક્તિની વસ્તુ છે તેનો યોગ થતાં વેંત સાંભળતો હોય તે બહેરો થઈ જાય છે, દેખતો હોય તે આંધળો થઈ જાય છે ચાલતો હોય તે લુલો થઈ જાય છે, હલકો હોય તે ભારે થઈ જાય છે, માયાળુ હોય તે નિર્દય થઈ જાય છે, ચાકર હોય તે શેઠ બની જાય છે, પરતંત્ર હોય તે સ્વતંત્ર થઈ જાય છે અને પોતાના સુખમાં પારકું દુઃખ જોતાજ નથી આમ હોવાથીજ **विद्या विवादाय धनं मदाय** એમ ખલના સ્વભાવની ક્રૂરતાને લીધે વિદ્વાનોએ વદાઈ ગયું છે સાધુપુરુષો તેથી કાંઈ જુદોજ ઉપયોગ એ વસ્તુનો કરે છે પરંતુ તે વર્ગ બહુ થોડો હુન્નર અને ખાગનો યોગ, અગ્નિ અને દારૂનો યોગ જેમ થતાં વેંત જુદુંજ રૂપ પકડે છે તેમ પુરુષ અને લક્ષ્મીનો યોગ થતાં તરત જુદું રૂપ પકડે છે ગમે તેવા સંપીલા કુટુંબમાં પણ લોકો શ્રીમંતાઈને લીધે કુસંપી થઈ જાય છે ત્યાં શ્રીમંત

સંપ વધારે છે, કયો ધનવાન ધર્મને વધારે છે, કયો લક્ષ્મીવાન પરમાર્થ કરે છે? જો કાંઈ આવડતું હોય તો નાચ તમાસા નીરખવાનું, ગાડી ઘોડા દોડાવવાનું અને છાની છપીયો પડાવવાનુંજ કર્મ આવડે છે. તેઓ ગરીબાઇના દુઃખને જોતા નથી, પોતાની મગરૂરીમાંજ મસ્ત રહે છે, ખાઇ પીને પથારીમાં પડી ઘોઘરા ઘરડવામાં જન્મસાફલ્ય ગણી લેછે અને ધનના રક્ષણમાટે અનીતિ કરવાનું પણ અયોગ્ય લેખતા નથી. આવાં અનેક દૃઢ કારણોનેલીધે શ્રીમંતપણાને હલકું ગણ્યું જણાય છે. જેઓ ગરીબ હોય તેને શ્રીમંતપણામાં ઉપર ઉપરથી મોહ થશે પરંતુ તેમાં સુખ કેવુંક છે તે તેના અનુભવિયોજ જાણે છે. કેમકે **धनानामर्जने दुःखं तथैव परिपालने । नाशे दुःखं व्यये दुःख धिगर्थान्क्लेशकारिणः ।** એનો અનુભવ શ્રીમંત લોકોનેજ હોય છે. ધનિકને રાત દિવસ ધન વધારવાની, તેને રક્ષણ કરવાની અને ઓછું થઇ જવાની ચિંતા રહ્યાજ કરે છે. આકાશને અડે એવાં ભવનો તેને ભડકા જેવાં લાગે છે, સોનાનો પલંગ કે મશરૂની તળાઇ કે મખમલનાં ગાલમશરૂયાં તેને કાંઈ સુખ કરતાં નથી, મોતીની ઝાલરવાળો સુગંધી જલ સીંચેલો પંખો તેને રૂચતો નથી, શીતોપચાર સઘળા વિરહી જનની પેઠે ઉષ્ણ લાગે છે અને સુખે ઉંઘ તેને આવતી નથી. ગરીબ બિચારો ફાટલ તુટલ પથારીમાં કે સાદરી ઉપર મંદ મંદ પવન લેતો સુખેથી ઘસઘસાટ ઉંઘે છે. કહો ત્યારે સુખ તે કઇ સ્થિતિમાં? આંખ વીંચાયા પછી તો બન્નેને અંધારૂંજ છે. ધનિકને કાંતો સ્ત્રી અનુરાગી નથી હોતી, કાંતો પુત્રનું સુખ નથી હોતું. કાંતો જ્ઞાતિ સાથે વિરોધ હોય છે, કાંતો પોતાથી બલિયાની બીક હોય છે અને કાંતો આશા તૃષ્ણાઓથી બળતો હોય છે. ગરીબ બિચારો પોતાનાં જેવાં તેવાં કુટુંબસાથે વિનોદ કરતો ઝાડ નીચે કે માટીનાં ઝુપડામાં આગળ-પાછળની ચિંતા વગરનો થઇ બાલકોના કાલા કાલા કોમલ શબ્દો સાંભળતો પરમેશ્વરનું ભજન કરે છે. કહો ત્યારે સુખી કોણ? સંપત્તિમાં જેમ સુખ વધારે તેમ તેની ઉપાધિ પણ વધારે. ગરીબાઈમાં સંપત્તિ ઓછી તો ઉપાધિ પણ ઓછી. શ્રીમંતને પ્રજા થતી નથી, થાય તો વિદ્યાભ્યાસ કરતી નથી, વિવેકી થતી નથી, આજ્ઞાનુયાયી થતી નથી, અને તેને દુઃસંગ થતાં પણ વાર લાગતી નથી. જાતે ગર્ભશ્રીમંત એટલે ગરીબાઇથી આવવા જોઇતા નમ્રતા વિગેરે ગુણો તે તેમાં જરાય આવતા નથી, તેને પોતાનું ધારેલુંજ સત્ય સમ-

જાય છે, વિદ્વાનને તે મૂર્ખ ગણે છે અને નમ કર્મ ઉપર તેને આસ્થા રેતી નથી ગરીમ બિચારો પ્રજાને પરાણે ભણાવે છે, તેને વિનય શીખવે છે, આજ્ઞા પાળતા શીખવે છે, અને તેને દુમગ થવા દેતો નથી ગરીમ સ્થિતિને લીધે કેટલાક નમ્રતા વિગેરે ગુણો તેમા સહજ આવે છે અને ઈશ્વરની આસ્થા પણ વધે છે સુખ કે સપત્તિમા પરમેશ્વર સાભરતા નથી પણ વિપત્તિ કે ગરીબાઇમા સાભરે છે મોટા મોટા વિદ્વાનો ગરીમ સ્થિતિના માણસોમાજ થઈ ગયા છે સદાચાર, ધર્મ વિગેરે ગરીમ સ્થિતિના વિદ્વાનવર્ગથી બધાયા છે અને તેનુ રક્ષણ થયુ છે શ્રીમતોના જીવનનો આધાર ગરીમ સ્થિતિનોજ વર્ગ છે ગરીમ પરાધીન છતાએ સ્વતત્ર છે અને ધનવાન સ્વાધીન છતાએ પરાધીન છે શ્રીમત અનખ્ય ધનવાન છતાએ અધિક આશાવાન હોય છે અને ગરીમ પેટપૂરતા અન્નથીજ સતોષિત હોય છે આવા અનેક કારણોને લઇનેજ શ્રીમતપણાને વિવેકીઓએ વગોવ્યુ હોવુ જોઇએ શ્રીમતો જે કરી શકે તો ધનમાત્રથી કરી શકે તેટલુજ કરી શકે છે અને ગરીમો તો મન વચન અને ક્રિયા એમ ત્રણે પ્રકારથી સત્કર્મ અને પરોપકાર કરે છે આખા જગતનો ઉપકાર ગરીબોથીજ થાય છે શ્રીમતો પણ ગરીમનાજ ઉપકૃત છે લાખો કારખાનામા બનતા ઉપયોગી પદાર્થો, યત્રો, અનાજો અને સોનારૂપાઓ ગરીબોને હાથેજ બને છે કોઈ વસ્તુ કે કોઈ વસ્ત્રાદિકની રચના અને કોઈ શેહર વિગેરેની બાનણી એ ગરીબના હાથથીજ બને છે શ્રીમતથી શુ બને છે ? ઘોડાના કે બળદોના વાહનમા બેશી ફરવા જવાનુજ, બીજુ શુ ? શ્રીમત ધનની સપત્તિવાળા હોય છે અને ગરીમો સદ્ગુણની સપત્તિવાળા હોય છે સસારમા છેવટ જય સદ્ગુણની સપત્તિવાળાનોજ છે એટલામાટે વિવેકીઓ ગરીમાઇને વખાણે છે સદ્ગુણનો વિચાર કરતા ગરીમાઇ છે તેજ શ્રીમતપણુ છે અને શ્રીમતપણુ છે તેજ ગરીમાઇ છે એ વાત વિવેક વિચારથી ઉઘાડીજ છે સાભળવાની, ટાઢુ ઉનુ પરખવાની, જોવાની, ચાખવાની, અને સુઘવા વિગેરેની શક્તિ ગરીમ અને તવગરને સરખીજ છે તે પદાર્થોને ગ્રહણ કરવાના સાધનો અને પદાર્થો ગરીમ તવગરનેમાટે એક સરખાજ ઉપજે છે સ્વાદ અથવા સુખદપણુ એ પણ બન્નેનેમાટે સરખુજ છે, એટલે તવગર અને ગરીબ બન્ને સરખાજ છે અથવા ગરીમને કાંઈક અધિક કહેવાને પણ હરકત નથી, કેમકે જગતમા માનવામા આવતુ તવગરપણુ ગરીબની ગરીબાઇથીજ શોભે છે

ધનિકો પોતાની સંપત્તિથી મગરૂર રહે છે, ગરીબને તે હલકા જુવે છે, અને જાણે આકાશમાંથી ઉતરેલા હોય તેમ મરડાતા રહી, ગરીબોને જોતા નથી, તેને મદદ કરતા નથી અને ઉલટા આધીનમાં આવેલાને સિક્ષા કરવાને પણ ચુકતા નથી. એના બદલામાં ગરીબો સદા નમ્રતાવાળા રહે છે, ધનિક પાસે ઓછા ઓછા થાય છે, તેને માનની નજરે જુવે છે, અને મર્યાદાથી ચાલીને તેઓને બે હાથે નમે છે, તેને મદદ કરે છે. અને પોતા ઉપર થતા પ્રહાર વિગેરેને પણ તે સહન કરી લઇ તેનું માન રાખે છે. એ ગરીબોને ! ધન્ય છે એજ એની સંપત્તિ છે કે જે પરલોકમાં પણ સાથે આવી શકે છે. ધનિકની ધનસંપત્તિ તો જીવતાં પણ ચંચલ છે તો શરીર પડી જતાં પછી તો તે કામનીજ શી ! ગરીબવર્ગે હમેશાં સંતુષ્ટ રેહેવું જોઇએ કેમકે જે ગુણ ગરીબ સ્થિતિમાં છે, જે સુખ ગરીબ સ્થિતિમાં છે અને જે જન્મનું સાફલ્ય ગરીબ સ્થિતિમાં કરી શકાય છે તે તેથી વિપરીત સ્થિતિમાં સંભવિતજ નથી. ગરીબ સ્થિતિ તો ઠીક પણ તેવી સ્થિતિમાં પણ સમજુ લોકો વધારે સંકટો માગે છે તેનું કારણ શું ! શું તેને સુખના દિવસો નહિ ગમતા હોય ? ન ગમે કેમ ? પરંતુ તેઓ સંસારના ક્ષણિક સુખમાં લલચાતા નથી પણ કોઇ અપૂર્વસુખમાટેજ સંસારના સુખનો અનાદર કરે છે. કુંતાએ શ્રીકૃષ્ણ પાસે નિરંતર વિપત્તિજ માગી એ શામાટે ? પરમેશ્વરનું નિરંતર સ્મરણ દર્શન થાય અને સત્કર્મમાં અને સદ્ભાવમાં મતિ રહે તેમાટેજ. આટલામાટે ઇચ્છવી તો ગરીબાઇનેજ ઇચ્છવી. તવંગર લોકો પણ કાયર થઇ જાય છે તે વખતે તે સ્થિતિનેજ માનભરેલી જુવે છે, ત્યારે જેને ઈશ્વરેચ્છાથી તે સદ્ગુણની સંપત્તિના અધિકારવાળી ગરીબાઇ મળી હોય તેણે સદૈવ આનંદિતજ રેહેવુ. લાજ, મર્યાદા, આચાર, વિગેરે કે જે શ્રીમંતપણાથી શરમાય છે તેજ સઘળાં ગરીબાઇને પગે પડવા આવે છે માટે અમે પણ વિવેકીઓના મતને મળી ગરીબાઈનેજ વખાણિયે છિયે ગરીબ અને તવંગર એ ભેદ કાંઈ ઐશ્વરી નથી. એ માણસના કરેલા ભેદ છે. માટે એમાં કશું માનાપમાન ધારી બેસવુંજ વૃથા છે. તવંગરનું અભિમાન અને ગરીબની દીનતા મિથ્યાજ છે. કોઇના કરવાથી કે કેવળ પોતાના પ્રયત્નથી તવંગરપણું આવી જાય છે એમ પણ નથી. એનો કાંઇ ક્રમ છેજ નહી. કોઇ તવંગર થઇ જાય, કોઇ ગરીબ થઇ જાય એમ પાણીમાં તણાતાં લાકડાંઓના જેવીજ મનુષ્યોની ગતિ છે. તે કાલક્રમ

બધાનેમાટે સરખો છે આવી પ્રારબ્ધ ક્રિયમાણની વિરૂદ્ધ અમારૂ જવુ નથી એ બન્ને કર્મ સ્થિતિને બનાવનારા છે તોપણ તે સ્થિતિ બનાયા પછીજ ઓળખાય એવા છે અને એથી પણ ઉદાસ થવાનુ કશુ કારણજ નથી કેમકે જગતમા ગરીબ કોઇ છેજ નહિ સર્વ પોતપોતાના મનમા તવંગર અને પોતપોતાના ઘરના ધણી છે સર્વનેમાટે સંતોષનુ રાજ્ય સ્થાની નમા છે અને સહુએ કાલકર્મના યંત્ર ઉપર લાકડાની પૂતળીની પેઠે નાચનારા છે તેની આગળ તો અધિરાજ કે મહારાજા પણ પરતંત્ર અને દીન છે તો સાધારણ ધનવાળાની તો વાતજ શી કરવી ? ગમે તો ગરીબાઇ હોય કે ગમે તો શ્રીમંતાઇ હોય પરંતુ જે સ્થિતિમા વિનય, વિવેક, સરળતા, સત્ય, દીર્ઘદૃષ્ટિ, દયા, દાક્ષિણ્ય, ઉદારતા, ગભીરતા નમ્રતા, પરોપકારિતા, વિગેરે ગુણો સહજ પ્રાપ્ત થતા હોય તેજ સ્થિતિ ઉત્તમ છે અને તેજ સુખ કરનારી છે માટે તવંગરપણુ કે ગરીબાઇ એ ધનના સબંધથી બો લાતા શબ્દો ઉપર કાઇ આધારજ રાખવો અયોગ્ય છે ગુણનો આધાર રાખવો એજ મનુષ્યની મનુષ્યતાને ઉજાળનાર છે

लोकनु उभराई जवु

કોણ જાણે કાળયોગથી કે કોણ જાણે દેખાદેખીથી કે કોણ જાણે સ્વતંત્રતાથી કે કોણ જાણે સાધનોની અનુકૂળતાથી પણ કાઇ લખીને પ્રકટ કરવાની હોશ લોકોમા બહુ વધી પડેલી જણાય છે નિશાળના ૪ થા ધોરણમાથી નીકળીને પેહેલા એજ વાત યાદ આવે છે કે હવે કોઈ ચોપાનિયુ કે ચોપડી બહાર પાડીને નામાંકિત થઇએ તો ઠીક લખવાનો વિષય શો છે, લખવાની શક્તિ કેવી છે, અને તેથી પોતાને અને પરને શો લાભ છે તે વિચાર તો સ્વપ્નમા પણ નથી આવતો જેમ જેને કાંઈ નહિ આવડે એવા ભાગ્યુ તુટ્યુ ભણેલા કેટલાક ઉટવૈદુ પકડી લે છે તેમ હમણા લેખકવર્ગ પણ એ પ્રકારનો વધારે થયો છે સારા લખનારા હવે આપણે શુ લખીયે એમ ધારી શરમાય છે પણ હમણાના લેખકવર્ગને શરમાવાનુ કાઇ છેજ નહિ નામ અને પૈસાની આશા પરિપૂર્ણ હોવાથી અને અકલ અ ધારે વેચાણની હોવાથી સૌને થોડુ ઝાઝુ જે કરે તે પોતાના મનમા સારૂજ લાગે છે વળી લોક વિચિત્ર પ્રકૃતિનો તથા જુદા જુદા અધિકારવાળો હો

વાથી જેવું જે બહાર પડે તેવું તેના ગ્રાહકો તેને ખરીદે છે. આથી કરીને વિદ્વાનવર્ગના લેખની અને વિદ્વાનોની પોતાની પરીક્ષા નાશ પામતી જાય છે. લખવાનો વિષય કેવો પસંદ કરવો, તેમાં રચના કેવી લાવવી, જનસ્વભાવો પણ સઘળા કેવા ઉપયોગી છે, વેહેમ કે રીતભાત જે ટળવામાટે કેહેવામાં આવે તે સંભવિત છે કે અસંભવિત, વિગેરે વિચાર કેટલાક લેખકો કરતાજ નથી. કરે ક્યાંથી ! કુવામાં હોય તેટલુંજ અવેડામાં આવે. આ પ્રકારની પોતાની અલ્પ શક્તિને લીધે ખબર જેને નથી એવા મેહેરબાનો “ અમે કાંઇક છિયે ” એવું અભિમાન ધરી લેછે. જગત પ્રથમથીજ પ્રપંચરૂપ છે એટલે તેમાં સઘળા પ્રપંચો સમાઈ શકેછે. કોય, કવિ કોઇ સભાનો મંત્રી કોઈ મંડળીનો વ્યવસ્થાપક, કોઇ એડીટર અને કોઇ કુંપનીરૂપ થઇ બેસે, એમ ગમે તે રૂપે થઈ બેસી લોકોને ભુલાવે તેને કોણ પૂછે કે તમે શું કરો છો ? આમ કરવાથી પોતાના લાભ શીવાય જગતને કશો લાભ થવાનો સંભવ નથી, પરંતુ વખતે હાનિ થવાનો તો સંભવ છેજ. પણ જગત સ્વતંત્ર થયું એટલે કોઇ કોઇને કહી શકે તેવું નથી. આનેમાટે મોટા વિદ્વાનવર્ગે પરીક્ષક થઇને તેમજ ગ્રંથકર્તા થઇને દેશના હિતમાટે બહાર પડવું જોઇએ તથા પતંગીયાની પેઠે પ્રકટ થતાં પુસ્તકના રૂપના કાગળીયાનો અને હજારગણી જુઠાઈવાળાં હેડબીલોનો જેમ ઘટાડો થાય તેમ પ્રયત્ન કરવું જોઇએ. પણ વિદ્વાનો શું કરે? એપણ બિચારા જંજાળમાં પડેલા હોવાથી અને પ્રતિસ્પર્ધા વધી જવાથી ગુપચૂપ થઇ ગયા છે; તેમ તેને ઉત્તેજન આપનારા કોઈ હોતા નથી. નિરંતર અતિ વિદ્વાનવર્ગ આળસુ અને પોતાની વિદ્યામાં મગ્ન રહે છે. તે લોકોપકારમાટે કાંઇ કરે તોપણ તે મેં કર્યું છે એમ માનતા નથી અને એમાં કાંઇ અધિક કર્યું સમજતા નથી. તેઓ રખેને પ્રજાને આપણું પ્રયત્ન નિરૂપયોગી થાય એમ જાણે છે પણ સાધારણ વર્ગ એમ જાણતોજ નથી. એ તો એમજ જાણે છે કે જે દોડીને આગળ ગયો તે ગયો. પાછળ રહ્યો તે પાછળજ સમજવો. એમાં વિદ્યા શું કરવાની હતી ? પરંતુ વિદ્વાન, અવિદ્વાન વિગેરેની પરીક્ષા ક્યાં પ્રથમ થઈ શકે છે? તેમ સાધારણ અસાધારણની કે સારા માઠા જ્ઞાનની પણ ક્યાં પરીક્ષા થઈ શકે છે? કેમકે એ તો નીવડે ત્યારે જણાય છે અને તે જણાવું એ પણ વળી પરીક્ષક વર્ગ ઉપર જાય છે. એટલે આખર તો ક્યાં ગયા હતા કે ક્યાંઇ નહિ એવું છે. વાઃ ! કેવી અદ્ભુત રચના.

ઠીક છે ત્યારે થાના ચો જે થાય તે આને જોયા કરો પ । એટનું તો ઈશ્વર પાસે માગે ઇચ્છવુ જોઇએ કે ધર્મ, નીતિ, આયુષ્ય અને ઉદ્યમને હાનિ ા પહોચે તેવી ગીત કરવાની સદ્બુદ્ધિ બહાર પડનારાઓને આને એટલે ગસ વિદ્વત્તાની પરીક્ષા નથી અને અભિમાનનો અકુર અતિ દૃઢ જામેલો હોય તેથી પોતપોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરી શકતા ના પણ પોતાનુ ાય સર્વોત્કૃષ્ટ માને છે આમ , નિશ્ચયવાળા એનેએ રસ્તે લાગી રહેનારી માનારણ વર્ગના કે વિશેષ વર્ગના વખાણના પાત્ર કોઈનાર થઇ જાય છે એ એક નિશ્ચિન્તતા છે બહુ વિચારવાન કે જુના વિચારના વિવેકીઓ ભને ચિતા કર્યા કરે પણ જગતનો અમાનિત પ્રવાહ જે વહ્યા કરે છે તે મનુષ્યપ્રયત્નથી તો ગ ન પડનારોજ નથી કાળયોગથી કોઈ પક્ષની પ્રબળતા કે નિર્બળતા થાય તો ભને, પરંતુ વિદ્યા અવિદ્યા, તેમ દભ અને સત્યતા એમ ગરણુ સાથે ને સાથે ચાલન કરવાનુ આમ ઈશ્વરની સૃષ્ટિમાજ આપણે વિચિત્રતા લાગે છે તો આગળ શુ વાત કરવી ? ધર્મનેમાટે ગળ્યો નાખતા બોગાએ ગુપચુપ બેસી રહેવાનુ છે, કેમકે ધર્મ એ તો હવે રોગ ઢચાગરૂપે સર્વને ભાસે છે કુનજાતિ વિગેરેના ગોતભાતનેમાટે મથન કરનારાએ નિશ્વાસ નાખતા બેસી રહેવા જોઇએ, કેમકે પોતે પોતાની ઇચ્છાવાળા નાગરી કુનજાતની ગોતભાતજ સત્ય સમજવામા આવી છે મન વચન કર્મની હિસા ન થવાનેમાટે દાયનોય કરનારાએ હવે આસુ લાવીનેજ બેસી રહેવુ જોઇએ, કેમકે મનુષ્યશરીર વગરના પ્રાણીમાત્ર હવે સર્વત્ર મનુષ્યને ઉપયોગીજ ગણાવામા આવ્યા છે હવે તો કાળનીજ વાટ જોવી રહી કેમકે એ કાઇ કોઇના તાબામા નથી તે કાળ જેવો દેખાવ આપે તેનો સર્વને જોવો પડે છે અને જે કાળે જેનો ગનાવ બને છે તે કાળે તેવા તેવા સ્વભાવના લોકોને તે બહુ પ્રિય લાગે છે વિવેક એટલે શુ એ તો હવે વિસ્મરણ થતુ ગયુ છે ખાવુ પીવું, સુવું અને કમાવુ એમા પછી ગમે તેમ કરવુ એટલુજ માત્ર સામાન્ય રીતે સમજાયુ છે ભેદભાવ માત્ર અણબનાવ એટનોજ રહ્યો છે બીજો ભેદભાવ જોવામા આવતો નથી તથા કેટલાક તો કળિયુગને સત્યુગનુ નામ આપી કૃતાર્થ થાય છે પણ સત્ એ નામને અનુસરતા મનુષ્યપ્રાણીમાં સદ્ગુણો છે કે નહિ તે તો ભોળાભાવબુદ્ધિમા વિચાર કરેજ શાનો ? જ્યારથી સૃષ્ટિ થઈ હશે ત્યારથીજ લોકનુ ઉભરાવુ થવા માડ્યુ હશે પણ હજી તેનો અંત આવ્યો નથી અને હવેપછી ક્યારે આવશે તે નિશ્ચય નથી એટલા

માટે પરમેશ્વર પાસેજ હવે માગવાનું રહ્યું કે સર્વનાં અંતઃકરણ નિર્મળ કરીને સર્વને યોગ્ય ઉદ્યમપર ચડાવે અને વિદ્યા વિવેકઆદિની વૃદ્ધિ કરે.

प्रारब्धनी विचित्रता उपर एक वात.

(સંબંધ પાને ૬૬ થી)

માવતરને પોતાના બાલકોને જોવાનું વારંવાર મન થાય છે એ સ્વાભાવિક છે. માટે મારે હવે રોજ બે વખત દર્શન લેવા જવું જોઇએ. રણાનુબંધથી હુંજ આટાણે એનું સર્વસ્વ અને એના સુખનું સાધન છું. પણ અરે, હું હવે કેમ પડ્યો છું? મહારાજાએ મને આજે વેહેલું આવવાને ફરમાવ્યું હતું તે તો હું ભૂલીજ ગયો. આમ વિચારી મનુભા ઉઠયા. એટલામાં એક અનુચરે આવીને ખબર કહ્યા કે રાવજી મળવાને આવેછે તેથી મનુભા સ્વસ્થ થયા અને રાવજી અંદર આવ્યા. મનુભાએ રાવજીની નીચે ઘણા દિવસ નોકરી કર્યા છતાં રાવજી તેને યુવરાજ જેટલું માન આપતા હતા અને મનુભા પણ તેને હિતૈષી વડિલ તરીકે સમજતા હતા. પરસ્પર યોગ્ય સન્માન પૂર્વક ગાદીપર બેઠા પછી વાતનો પ્રસંગ ચાલતાં રાવજીએ જણાવ્યુ કે મહારાજાની વૃત્તિ હમણાં વિક્ષેપમાં આવી પડી છે. તમને હું જણાવી ચૂકો છું કે સ્વાર્થી લોકોએ તમારી ઉપર અપ્રીતિ લાવવા મહારાજા પાસે ઘણાંએ પ્રયત્ન કર્યાં છતાં તેઓ પોતાના પ્રયત્નમાં ફાવ્યા નથી, તેથી હું તમારાં સારાં ભાગ્ય સમજું છું. સઘળો કામકાજનો ભાર તમારી ઉપર મહારાજાએ નાખી દીધો છે. એ પણ કાંઈ થોડા સતોષની વાત નથી. રાજ્યની સંભાળ સંબંધી ચિંતા મહારાજાને હવે કશી રહી નથી. માત્ર કુમારી ચંચલાનેમાટે ઠેકાણું શોધ્યું નથી એટલીજ ચિંતા બાકી છે. સ્વાર્થી લોકોએ લાગ જોઇનેજ એક ઓઠું ઉભુ કરી રાખ્યું છે અને મહારાજાની પ્રથમ તેમાં અનુમતિ હતી, પણ તમારા ગુણ જાણ્યા પછી મહારાજાને તે અપ્રિય થઈ પડેલ છે. સ્વાર્થી લોકોનો વિચાર જેમ તેમ કરીને ચંચલા કુમારીનો સંબંધ કોઈ સાથે કરાવી રાજ્યસુખ માણવાનો છે, પણ તેમાં તે નિષ્ફળ થવાનાજ. તોપણ તમારે મહારાજાથી જરાપણ જુદું પડવું નહિ. એકાંતવાસમાં અથવા બગીચામાં પડ્યા રેહેવાનું હવે છોડી દેવું એમાં વધારે લાભ છે. મનુભાએ કહ્યું

કે તમે મારા હિતૈષી છો, અકારણ સ્નેહી છો પરન્તુ આપ જે ભય ગણા વો છો તેવો ભય મને કાંઈ છે / નહિ અનુગ્રહે મને જ પેટે પૈંચાડ્યો, જેણે તમ સરખા સ્નેહીઓને મેળવી-આપ્યા અને જે મહારાજની છાયા તળે સુખ આપ્યુ તેને શુ મારી ચિતા નથી? સ્વાર્થી લોકો ગમે તે ખટપટ કરે તેની સાથે કાંઈ આપણે નમન નથી મહારાજને સતોષ ઉપજાવવો એટલુજ મારૂ કામ છે એવા પ્રીતિથીજ હુ બધાયો છુ માતાપિતાની સેવાનુ સુખ નથી અનુભવાયુ તે અહીં અનુભવતા ગ કાયો છુ બાકી કોઈપણ પ્રકારની મારે આશા નથી અહીં મારૂ શુ છે અને બીજા લોકો શુ લઈ જવાના છે? રાવજીએ કહ્યુ કે તમારૂ નિસ્પૃહ પણુ હુ જાણુ છુ તકરાર કરવાનો આ વિચાર નથી પણ જ્યારે મને ખરે હિતૈષી લેખ્યો હોય ત્યારે મારી વાત ઉપર થોડુંક ધ્યાન તો આપવુ જોઈએ કે નહિ? મનુભાએ કહ્યુ કે થોડુ કેમ? પૂરૂ ધ્યાન આપવુ જોઈએ રાવજીએ કહ્યુ, ત્યારે હુ કહુ છુ કે બચના કુમારીના નરપતિનુ નક્કી થઈ જાય ત્યાસુધી તમારે મહારાજની પાસેજ રહેવુ એ કુમારીનુ કલ્યાણ કરવામા તમે પણ બધાયેનાજ છો મનુભાએ કહ્યુ કે એ વાત ખરી છે હુ ઘણા વર્ષના સહવાસથી કહી શકુ છુ કે તમને ઉદ્વેગ રહે એવુ કાંઈપણ નહિ થાય સ્વાર્થનેમ પોતાના પ્રયત્નમા ભલે તત્પર છે / નહિ તોપણ હુ તમારી વાત ઉપર ધ્યાન આપીશ રાવજીએ કહ્યુ કે મારે એટલુજ કહેવાનુ હતુ એમ કહી તરત રાવજી ઉઠયા મનુભાએ પુછ્યુ, કેમ? રાવજીએ કહ્યુ, મહારાજ સાથે મારે બહાર જવુ છે મનુભાએ કહ્યુ ત્યારે આપણે ભેગા સાથે જઈએ છિયે એટલામા ચોપદાર બોલાવા આવ્યો તેમાથે મનુભા અને રાવજી સાથે બહાર નીકળ્યા

શ્રીનગરની શોભા રળીયામણી હતી ગામને ફરતો કિલ્લો હતો મોટા દરવાજા ચાર હતા કિલ્લાને ફરતી ખાઈ હતી અને ચારે બાજુ નાના મોટા બગીચાઓથી શોભા જામી રહી હતી રામરાજ્યની પેઠે સર્વ રીતે સુખ ભોગવનારી પ્રજા અત્યત આનદમા નિર્ભયરીતે જીવિતનું સાફલ્ય કરતી હતી ઉગમણી કોરને દરવાજે ભૂતનાથ મહાદેવની એક જગા હતી તેમા એક કોરે વડની છાયા નીચે બાવાઓની જમાત ઉતરી હતી સાજ સવાર દર્શન કરવા આવતા લોકોમાના કેટલાક લોકો ખાખી બાવાને દૂરથી નમન કરી જતા હતા અને કેટલાક ખાખી બાવાની આગળ

ધખતી મોટી ધૂણી પાસે આવી ગાંજો ફુકતા હતા. વીરસેન મહારાજાને સાધુ સન્યાસી વિગેરેપર ઘણો ભાવ હતો તેથી તેનો તપાસ રખાવી પ્રસંગે તેઓની પાસે જતા એટલે આ સ્થળમાં આ અતીતો પાસે મહારાજાનું આવવુ થાય એ સ્વાભાવિક હતું. રાવજી અને મનુભા સાથે મહારાજાની સવારી આવી. ગાડી અને સવારો બહાર રાખી મહારાજા મહાદેવનાં દર્શન કરી જમાત પાસે ગયા. ગલીચા નખાયા અને કચેરી બેઠી. ક્યાંથી આવો છો? ક્યાં જવાનું છે? કેટલી મૂરત છે, સિધાપાણીનું કેમ ચાલે છે? વિગેરે વાતો ચાલી. સૌથી મોટો ખાખો તો મનુભા સામુ ટગટગ જોયા કરતો હતો પણ તે કાંઇ બોલ્યો નહિ. ખાખી બાવાનો બંદોબસ્ત કરી થોડીવારે મહારાજ ઉઠયા અને ચોપદાર પોકાર્યો. ગાડીમાં બેસી સવારી ચાલવા માંડી અને મશાલો પ્રગટાઇ એટલામાં પોલીસના સોપાઇએ આવી ખબર દીધા કે ઉત્તર તરફના દરવાજા આગળની ધર્મશાળામાં કોઈ બૂઢા સન્યાસી આવેલા છે. અને કોઈ હરામખોર તેને હમણાં મારીને જતો રહ્યો. સંન્યાસી કોણ? તેને શામાટે કોઈ મારે? મારનાર કોણ હશે? વિગેરે થોડીવાર વિચારો થયા મહારાજાની સવારી દરબારમાં પધારી અને રાવજી તથા મનુભા તેની તપાસ માટે ગયા. મસાલો સળગાવી હાજર રાખી. ગામ બહાર જે જે નવાં માણસો અને સાધુ સન્યાસીઓ આવ્યા હોય તેને જવા ન દેવાને તથા શક પડતા માણસોને પકડવાને હુકમ કરીને રાવજી તો માણસોની ભીડ દૂર કરી સન્યાસી પાસે ગયા. તેની સાથેના બે ચાર જણા સન્યાસીને મૂર્છાવસ્થામાં ઝાલી બેઠા હતા. થોડીવાર રાવજી ટગટગ જોઈ રહ્યા એટલામાં સન્યાસીને શુદ્ધિ આવી પોતાની સામે ઉભેલા રાવજી અને મનુભાને જોઇ તેણે હાથને સનકારે પાસે બોલાવ્યા. તે પાસે આવ્યા તેની સામુ એકનજરે જોઈ ફરીને સન્યાસીએ આંખ વીચી. તેમાંથી પાણી ચાલ્યાં રાવજી અને મનુભાને આશ્ચર્ય થયું. સન્યાસી મહારાજ અશક્તિ અને અપરિચયનેલીધે કાંઈ બોલ્યા નહિ. મનુભાને તેને દેખી કાંઈ કાંઈ પ્રેમભાવ આવવા માંડ્યો પણ તે પોતે સમજી શક્યા નહિ. થોડીવાર આ સર્વ પ્રસંગ જોઈ માણસની જુબાની લઇ તેને અન્ન ઔષધની ગોઠવણ કરાવી દઇ ને રાવજી તથા મનુભા નગરમાં ગયા. કોઇ સન્યાસીને કોઇ મારીને નાસી ગયાના ખબર અતીતની જમાતમાં પોચ્યા તેથી તેમાંનો મુખી અને બેચાર બીજા જણ દોડતા ગયા. તે ગયા તે વખતે સંન્યાસી બાવા શુદ્ધિમાં આવ્યા. ખાખી બાવાએ પગે

લાગી પુછ્યુ કેમ મહારાજ ! શી આજ્ઞા છે? સન્યાસીએ ખોખારો મારી સામુ જોયુ કાઇક આકૃતિ અને સ્વરથી ઓળખી વધારે નિશ્ચય થવા ઉત્તર આપ્યો કે તમારા દર્શન થયા એટલે મન નાને શાંતિ વશે મારી માયેના માણસો વિગેરે ને મહારાજે ખાખી બાવાએ પણ સ્વર કાઇક ઓળખ્યો અને વધારે ઓળખવા તેને નાગણા આપી કહ્યુ કાઇ ચિંતા નહિ આપ અમારી જમાતમા પધારો તો ઠીક સન્યાસી બાવાએ કહ્યુ કે એમ ઠીક નહિ પડે અહીં ઉપચાર ઠીક ચાને છે ખાખી બાવા, પાસે કોઈ નવુ નહિ દેખવાથી બોલ્યા કે મને ઓળખ્યો? સન્યાસી બાવાએ કહ્યુ, હા ખાખી બાવા બોલ્યા કે ત્યારે હવે શુ કહો છો ? સન્યાસી બોલ્યા કે જીવીશ તો ઘણુએ કહીશ તરતમા એટલુજ કે અહીં આવેના બે જણને મેં અનુમાનથી ઓળખ્યા છે રાજકુમાર જેવો હતો તેજ આપના અન્નદાતા કે નહિ? ખાખી બાવો બોલ્યા હા એજ પણ બીજુ કોણ છે? સન્યાસી બોલ્યા કે એ પણ મારી ધારણા ખરી પડે તો સતોષકારક નીકળશે ખાખીએ પુછ્યુ કે એવુ એ કોણ છે? સન્યાસીએ કહ્યુ કે એ મારો બાળમિત્ર ક્ષત્રિયપુત્ર લાગે છે પણ ફરી જોવો જોઇએ ખાખી બાવા ખુશી થતા અને ખે કરતા બોલ્યા કે આપની તબીયત વિષે આપને ભરોસો ન હોય તો તેને બોલાવિયે સન્યાસી વિચારમા પડી ગયા ઉતાવળ કરવાથી કાઇકનુ કાઇક થઈ જાય તો ઠીક નહિ આપણુ ધારેલુ ખરુજ ઉતરે એની કેમ ખબર પડે મને નથી લાગતુ કે મારુ શરીર પડી જાશે માટે વારણાથી કામ લેવુ તે સારુ આ ખાખી બાવાજ કદિ ગોડજી ન હોય તો પછી એક કરતા બીજુ થઈ પડે માટે વાત ઉડાવી દેવી ત સારી એમ વિચારી સન્યાસી બોલ્યા કે બાવાજી ! હુ વેદનામા શુ બોલુ છુ તે સ્મરણ નથી રહેતુ માટે મને સુખ થવા દો અને હમણા ઘણીવારથી આપ આવ્યા છો માટે સુખેથી પધારો કામ પડશે તો બોલાવીશ ખાખી બાવા ઉઠયા પણ તેના મનમા શકા પેઠી તેથી વિચાર કરવા લાગ્યા કે એને શકા કેમ આવી હશે? શુ મને તેણે નહિ ઓળખ્યો હોય ! શુ એ હરિદત્ત નહિ હોય? ના એમ તો બનેજ નહિ આકૃતિ અને બોલી ઉપરથી તો તે ખરેખરા તેજ લાગે છે પણ સન્યાસી કેમ થયા હશે ! કોઈ લોકો તેને મારી ગયા તે ઉપરથી સન્યાસનુ કારણ પણ જણાઇ રહે છે જેમ હુ ખાખી તેમ તે સન્યાસી પણ મારી જનારા કોણ હશે? એમા શકા

શી કરવી ? એ તો ભીમભાનાંજ માણસો હોવાં જોઇએ પણ રખેને હું ભુલ કરતો હોંશ. કોઇને બદલે કોઇ હોય તો શુ ખબર પડે? પીડા માત્ર એટલી છે કે જો હરિદત્ત હશે ને જીવશે નહિ તો આજસુધીની સઘળી મેહેનત માથે પડશે. હશે. જે હશે તે ધીરેધીરે જણાઈ રેશે. આથમ્યા પછી અસુર શું અને લુટાણા પછી ભય શું ? આમ વિચાર કરતા ખાખી બાવા ભૂતનાથમાં ગયા. સન્યાસી બાવાને પણ એવોજ વિચાર આવ્યો કે મારી પાસે આવેલો ખાખી રખે ને કોઇ ભીમભાનો માણસ હોય. નાના એ તો ન હોય. આકૃતિ અને સાદ તો ગોડજી જેવોજ લાગે છે. પણ ત્યારે તે ખાખા કેમ હોય ? અહીં તેને શી બીક હતી ? પણ નહિ, મને જેવી બીક તેવીજ તેને હોવી જોઇએ. આવે વેશેજ કુમારને સહાય કરી શકાશે. આવા વિચારો કરતાં કરતાં ઉંઘી ગયા.

રાવજી તો સન્યાસી બાવાને મેલીને મારનારાઓની તપાસમાં પડ્યા હતા. અતીતોના સ્મશાનની પડી ગયેલી દેરીયોમાં ગોડગજાણીયા ઉતર્યા હતા. તેઓ પોતાનો ઉચાળો લઇ ત્યાંથી નીકળી જવાની ઉતાવળમાં દોડ દોડ કરતા હતા એટલામાં પોલીસના સોપાઇઓએ આવી તેને રોકયા. અને એટલામાં સગડ પણ તે જગા ઉપર આવી અટકયો. આજીજી કરતાં અને સમજાવતાંએ છુટકો ન થયો એટલામાં રાવજી આવ્યા અને તેમાંના મુખ્ય મુખ્ય ૪ માણસને પકડી પેગમાં મોકલી દઈ ઘેર ગયા. રાવજીને આ બનાવ આશ્ચર્ય ભરેલો લાગ્યો. ગોડબજાણીયાઓ સન્યાસીને શામાટે મારે? સંસારથી વિરક્ત થયેલાને કોની સાથે વેર હોય કે આમ મારી જાય. વાત કાંઈક શક પડતી તો ખરી. એણે મારી સામી નજર કરી પણ તે બોલી ન શક્યા. પણ કોઇ ઘણા કાળની પરિચિત હોય તેવી તેની આકૃતિ જણાઇ. પણ એ કોઇ પરદેશી અને સન્યાસી છતાં કોઇ પરિચિત માણસ નીકળે એમ કેમ ખાત્રી થાય? પણ હવે આમાંથી કાંઇક તો વાત ધીરે ધીરે બહાર પડશે ખરી. આમ વિચાર કરતા રાવજી ભોજન કરવા ગયા. મનુભા પણ જુદા પડી ઘેર ગયા ત્યારથી તેજ વિચારમાં પડ્યા હતા. ઘડીમાં બારીએ ઉભતાં,ઘડીમાં ખુરશીએ બેસતાં, ઘડીમાં આંટા દેતાં, ઘડીમાં ડાઢીયે હાથ ફેરવતાં, તેનું ચિત્ત વારંવાર ઘોડા ઘડ્યા કરતું હતું. એ તે કેમ સંભવે? સન્યાસીને તે વેર કોની સાથે હોય? કદી ધનની લાલચે કોઈ મારી ગયું હોય તો હોય, પણ તેની પાસે ધન પણ હોય નહિ. એની આકૃતિ અને

બોલવા ઉપરથી જાણે કોઈ પૂર્વે જોયેલો માણસ હોય એમ લાગે છે પણ શુ જાણીયે કે આશ્રમ ઉપરની આસ્થાથીજ એમ જણાતુ હોય તો કેમ ખબર પડે? એણે પાસે બોલાવીને ફરી આખ વીચી અને આખમાથી પાણી પાડયુ પણ તેથી માગની વેદના શિવાય બીજી કલ્પના કેમ થઈ શકે? કાઇક ભેદ તો હોવો જોઇએ ઘણાએ ગુપ્ત વેશે ફરે છે એમ આ પણ કોઈ હોય તો કોણ ના પાડે? પેનો બાબી તો મારા સામુજ જોઈ રહ્યો હતો એની આખ પણ જાણે કેમ મને ઓળખતી હોય તેમ હસતી હતી પણ એવો માણસ કોણ હોય ? આ સ્થિતિમા મને મળવા આહીં આવે? હશે કાલે જે હશે તે જણાઇ જશે એમ કહે છે ત્યા માણેક આવીને માજી બોલાવે છે તેના ખબર આપ્યા પોતાને ત્યા જવુજ હતુ તેથી તે ત્યાર થઇને રાણી પાસે ગયા 'આવો ભા' કહી રાણીએ આસન અપાવ્યુ તે ઉપર મનુભા રાણીને નમન કરી ઘણુ જીવો આશીર્વાદ લઇ બેઠા રાણીએ પુછયુ ભાઇ, કેમ વાર લાગી? કુમારે કહ્યુ માજી! આજે મહારાજા સાથે ફરવા ગયો હતો ત્યાથી એક સન્યાસીને કોઈ મારી ગયુ તે જોવાને રાવજી સાથે ગયો હતો તેથી વાર લાગી હવે આજ્ઞા હોય તે ફરમાવો રાણી બોલ્યા, કાઇ નહિ પણ એટલુજ કે સાજ સવાર બે વખત પધારતા જાઓ તો ઠીક કુમારે કહ્યુ, મને પણ એજ વિચાર આજે આવ્યો હતો આપના દર્શ નથી મન આનદમા રહે છે અને શીખામણો મળે છે તે જુદી રાણી બોલ્યા કે તમે હવે મોટા થયા રાજનો ભાર બધો તમારેજ માથે છે પુત્રસુખનો સતોષ પણ તમેજ કરાવ્યો છે હવે માત્ર તમારો વિવાહ કરવાનો છે તેની ગોઠવણ મહારાજાના મનમાજ છે તમે મોઢે નથી કહેતા પણ મનમા કદી વિચાર આવતો હોય એમ જાણી મહારાજાની આજ્ઞાથી ત અને આ વાત સભળાવુ છુ મનુભા નીચુ જોઇ સાભળી રહ્યા ઉત્તર આપવાનુ કાઇ સુજ્યુ નહીં રાણી સમજી ને બોલ્યા કે એવિષે વિચાર કરવા જેવુ કશુ છેજ નહિ તોપણ નિરાતે વિચારી જો જો અને કાઇ ઉત્તર દેવાનો હોય તો સુખેથી દેજો મનુભા બોલ્યા કે એમા વિચાર કશો કરવાનો છેજ નહિ પરતુ ઉતાવળ કરવા જેવો પ્રસગ નથી, અને મારા મનમા એ વાતનો અકુરજ નથી હુ માત્ર માતાપિતાની સેવાનો અનુભવ લેવાજ આપની છાયામા વસુ છુ રાણીએ કહ્યુ કે એટલામાટે મહારાજાને તમારે માટે સર્વ ચિતા છે હવે પછી શુ બને છે તે જોવાનુ છે આટલુ કહે છે'

ત્યાં કુમારી ચંચલાને વિછી કરડ્યાના ખબર બાનડી લઈ આવવાથી માજી ઉઠ્યાં અને મનુભાએ પણ ઉપાયો લાવી આપવા રજા લીધી. રાણી ચંચલા કુમારી પાસે જઇ ઘડીમાં હાથ ઝુકવા, ઘડીમાં માથે ઉનું પાણી રેડવા, ઘણીમાં વાયુ ઢોળવા, ઘડીમાં અફીણ ચોપડવા, ઘડીમાં સાકરનું પાણીપાવા, ઘડીમાં ગંધકનો ધુમાડે દેવા, ઘડીમાં ખમા બાપુ હમણાં ઉતરી જશે એમ કેહેવા અને માનતા માનવા લાગી ગયાં. ક્યાંઇથી દોરા ધાગા આવવા લાગ્યા. ક્યાંઇથી વિભૂતિઓ આવવા માંડી, અને ક્યાંઈથી મંત્રેલાં પાણી આવવા માંડ્યા તેમાંથી વિશ્વાસ લાયક સાધનને ઉપયોગમાં લઇ ઘણેએ શ્રમ કર્યો પણ તે નિષ્ફળજ. કોમળ પુષ્પ અગ્નિના તાપથી કરમાય તેમ સુકુમાર ચંચલા કરમાયાં અને વેદનામાં ને વેદનામાં અને ઔષધના નિષામાં કાંઇક બેભાન જેવી અવસ્થા થવા લાગી. દાસીયો પવન કરવા લાગી, બેચાર તેને ચાંપવા લાગી, ખમા બા હમણા મટી ગયું એમ કેટલીક કેહેવા લાગી. અને રાણી તો બાષ્પકંઠથી કાંઇપણ નહિ બોલતાં માત્ર પોતાના પવિત્ર અંકમાં તેને ધારણ કરી શોકસાગરમાં બુડી ગયાં. એ ગડબડમાં એક મુદ્રિકા માણેકે આવીને ચચલાની પાસે મેલી દઈ પછી મોટેથી રાણીને કહ્યું કે માજી! જુવોને આ બાનો મુદ્રિકા નીકળી ગઈ છે તે તેને પેહેરાવો. રાણીએ આંગળીમાં નાખતાં ઢીલી પડવાથી કહ્યું. ભલે નીકળી ગઇ. રાખ હમણાં. પછી વાત. જરા સુખતો વળવાદે. અરે કોણ જાણે ક્યારે સુખ વળશે? આમ બોલે છે એટલામાં રાવજીનાં સ્ત્રી રૂકિમણી ચંચલાને જોવા આવ્યાં. પોતે વીંછી ઉતારવાનો પ્રયોગ જાણતાં હતાં તેથી વિભૂતિ લઈને હાથ ચોળવા તથા માર્જ કરવા લાગ્યાં. આથી કરીને ચંચલાને સુખ જણાયું અને બીજા ઉપચારોની અસર પણ સાથે થઈ. રૂકિમણીએ ઘણીવાર ચંચલાને જોયાં હતાં અને આ વખતે પણ જોયાં તેમાં બહુ ફેર પડ્યો. સઘળી વખત કરતાં આ વખત તેનું હૃદય ભરાઈ આવ્યું. તેને એમજ થયું કે સમુદ્રમાં વાણ ભાગતાં ખોવાયેલી મારી પુત્રી જો જીવતી હોય તો આજ હોય. એની આકૃતિ, મુખપરની નિશાની, કેટલાંક ચિન્હો અને અંતરનો ઉભરો મને સાક્ષી આપે છે કે આ તો એજ. પણ તે વાત હૃદયમાંજ રાખવાની છે. જે મારી છે તે કાંઈ મટી નહિ જાય.

(અપૂર્ણ.)

पुनरुद्वाहविषे विचारना पत्रनो प्रत्युत्तर

તમારો વિસ્તારવાળો પત્ર આવ્યો તે વાંચીને અમને સંતોષ થયો કે તમારી સર્વ હકીગત ઉપર અમે વિચાર કરી જોતાં તેના જવાબની જરૂર જણાઇ તેથી આ પ્રત્યુત્તર સવિસ્તરમતિથી લખ્યો છે માટે તે લક્ષ પૂર્વક વાંચીને તમારા વિચારોને નરમ પાડવા એવી અમારા તરફની માગણી છે જેમ તમારૂં લખવું તમને યથાયોગ્ય ભાસ્યું છે તેમજ અમારૂં આ લખવું અમને યથાર્થ ભાસે છે માટે બેઉની યથાર્થતા મહન કરી યોગ્ય માર્ગ લેવો એ તમારી યોગ્યતા ઉપર રહેલ છે સંકલ્પાત્મક મનમાં જે જે કલ્પનાઓને અવકાશ આપિયે તે તે કલ્પનાઓ એનીમેળે વધીને વિસ્તાર પામે છે, માટે બુદ્ધિમાને નિરાગ્રહ રહી તટસ્થ થઇને સાર શોધતાં શીખવું જોઇએ અમુકજ સ્થિતિમાં કલ્યાણ થાય છે એવો પ્રતિબંધ શાસ્ત્રમાં નાખવો જોઇએ? કેમકે બીજી સ્થિતિવાળાનું અકલ્યાણજ થાય છે એવું કાંઇ પ્રમાણ નથી કોઇપણ રીતે કલ્યાણને માર્ગ ચાલવું જોઇએ પછી તે પ્રવૃત્તિવાળો હો કે નિવૃત્તિવાળો હો **नहि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति ॥** (કલ્યાણ કરનારો દુર્ગતિ પામતો નથી) એમ ભગવાને પણ અર્જુનને બોધ આપતા પ્રસંગે કહેલું છે

તમોએ, સર્વ તરફથી કહેવામાં આવતાં અમોને સમજાવવા તથા તમારા મનનો ઉભરાતો ઉભરો બહાર કાહાડવા પત્ર લખ્યો એ બહુ યોગ્ય વિચાર કર્યો, કેમકે એમ થયું તો હવે અમને આશા રહે છે કે તેનું પરિણામ સંતોષકારક આવશે રોગનું ઓસડ પણ બોલ્યા પછી થઇ શકે છે પણ તે પેહેલાં અમારે લખ્યાવિના નથી રહેવાતું કે આજકાલ વિદ્યાસંપાદન કરીને વિદ્વાન્ બનેલા તથા અવસ્થાને પહોંચેલા પણ વાનરની પેઠે વિહ્વલતાથી શિયાળના જેવી આંખો કરતા ગૃહસ્થાશ્રમી થવાને હડકાયા કુતરાની પેઠે ભટકતા ફરે છે, તેના શોચનીય સમયમાં તમારા આ ઉંચા વિચારો વાંચી અને કેટલીક હકીગત સાંભળી અમે બહુ સંતોષિત થયા છિયે અને **बहुरत्ना वसुंधरा** એ પદ અમને મનમાં સાંભરી આવ્યું છે પણ તમને તે ને તે વિચાર ઉપર નહિ રેહેવા સ્થાની અમારા મનની અધિરતાએ અમને અચિંત પત્ર કર્યા છે માટે તમારા વાક્યોનો જે પ્રત્યુત્તર

લખાય તે વિચારીને તેનો બરાબર સાર સમજવા પ્રયત્ન રાખજો; જેથી અમારો શ્રમ નિષ્ફળ ન જાય.

ગૃહસ્થાશ્રમ ગયા પછી અમુક અમુક થાય એવું જે સર્વનું કે- હેવું છે, તે વાત ઉપરથી મંડાણ કરીને ગૃહસ્થાશ્રમ જવા પછી શરીર અમંગળ કેહેનારાને તમે અવિવેકી ગણો છો. આ ગણવું તમારૂં યોગ્ય નથી. કેહેનારા કદિ અવિવેકી હોય એમ કેહેવું સંભવે પરંતુ તેનો અર્થ કાંઈ અવિવેકવાળો થતો નથી. જગતમાં જે જે પદાર્થો અધૂરા અથવા ખંડિત હોય તો તે તે અમંગળ અને અપવિત્ર ગણાય છે તેમ તેવા થયેલા તે પદાર્થો જગતના ઉપયોગના પણ રેહેતા નથી. અથવા કાંઈ નહિ તો પણ એટલું તો તમારે માન્યા વગર નહિ ચાલે કે ખંડિત અથવા અધૂરો પદાર્થ આખાના જેટલું કામ કરી શકતોજ નથી. ઝાઝું શું કહિયે? નિંદા-સ્તુતિ નહિ કરનારા દેવતાની મૂર્તિ પણ ખંડિત કે જોઈતા અંગથી અ-ધૂરી અમંગળજ ગણાય છે પછી બીજી વસ્તુની શી વાત! સઘળા પદાર્થો જેમ એક તત્વના નહિ પણ પાંચ તત્વના મિશ્રણથી બનેલા છે, તેમજ ગૃહસ્થાશ્રમ એક નહિ પણ બે દેખાતાં સ્ત્રી-પુરૂષથી બનેલો છે. એમાંનું એક અંગ ન હોય એટલે તે અશક્ત, અધૂરો અને છેવટ અમંગળ તો ખ-રોજ. કોઈ વિધવા સારે કામે જતાં સામી મળે તો તમે શામાટે પાછા વળો છો? કદી કાર્યની સફળતાની આગમચેતી ગણીને પાછા ન વળતા હો તો પણ વિવાહાદિકનાં કેટલાંક ઉત્તમ ગણાતાં કે મંગળ ગણાતાં કાર્યમાં તેને કેમ વેગળી રાખવામાં આવે છે? અમંગળ થઈ તેથીજ. તેજ રીતે સ્ત્રી જેમ સ્ત્રીના પ્રમાણમાં તેમજ પુરૂષ પુરૂષના પ્રમાણમાં અમંગળ તો ખરોજ છે. પણ એટલી ઈશ્વરની કૃપા પુરૂષપરત્વે વિશેષ છે તે અમંગળપણું અમુક હદસુધી મટાડવાને તેને સાધનો છે. તો તે સાધનો નીતિ વ્યવહાર અને શાસ્ત્રરીતિને અનુસરતાં હોવાથી તમારે માનવા યોગ્ય છે. એકાએક ફરી જઈને લોકો જે આ શરીર અમંગળ ગણે તો ભલે ગણે, એવા અભિપ્રાયને દર્શાવનારૂં "પેહેલાએ આ શરીર ક્યાં મંગળરૂપ છે" એ વાક્ય કહી વાત માંડી વાળવાનું કરો છો તો પેહેલાં તો એ વાત સર્વ વ્યવહારને લાગુ પડે તેવી નથી. શરીર હાડકાં-ચામડાંથી મઢેલું માટે અપવિત્ર માનશો ત્યારે તેજ શરીરને તમે દેવસેવાને યોગ્ય પવિત્ર શામાટે ગણો છો? અથવા કોઈ પ્રસંગે તમારી કોઈ પૂજા કરે ત્યારે તેને અપવિત્ર પદાર્થની પૂજા કરતાં ગ-

ટકાવતા કેમ નથી? તમે જાણતા હશો કે જ્યાંસુધી હાડકાં ચામડાં આ શરીરમાં પવિત્ર પ્રાણ છે ત્યાંસુધી એનું અપવિત્રપણું દૂર જતું રહે છે જ્યારે દેહથી પ્રાણ વિખુટા પડે ત્યારે તેના અપવિત્રપણું પ્રગટ થાય છે સૂક્ષ્મ નજર કરી જોશો તો કેટલાક પદાર્થોનું રૂપાંતર થતાં તે પવિત્ર હોય તો અપવિત્ર અને અપવિત્ર હોય તો પવિત્ર ગણાવામાં આવે છે જો એમ ન હોય તો જગતની મર્યાદા તુટી જાય છે માટે નારીને એક તે મલિન પદાર્થોથી ભરેલું હોય તોપણ પ્રાણસહિત હોય ત્યાંસુધી તેને અપવિત્ર ગણી યોગ્ય વ્યવહારથી અટકાવવું એ કાંઈ યોગ્ય નથી ગામને મોઢે ગરણું ન બંધાય એમ કહીને છુટી જવું એ સમાધાનની અશક્તિ છે, કેમકે આ બાબત કાંઈ એવા પ્રકારની નથી આવો ખુલાસો આપવા ભેગું એક સ્મરણ તમે ચુક્યા છો તે એ કે પ્રતિજ્ઞાના પરમાર્થને પડતો મુકી વ્યવહાર પર દૃષ્ટિ કરી ઉત્તર આપવાનું કબુલ કર્યું છે, તે છતાં આ ખુલાસામાં તમે વ્યવહારને લટકતો રાખી પરમાર્થ ઉપર જતા રહ્યા છો એ પણ યોગ્ય નથી, કેમકે વ્યવહારવિષયમાં શરીર અપવિત્ર ગણવામાં આવતુંજ નથી માત્ર અપવિત્રતા ગણવામાં જે આવે છે તે અમે ઉપર કહી તેટલી અને તે શિવાય બીજા નઠારા કર્મોથી પણ અપવિત્રતા થાય છે સ્વાભાવિક રીતે પવિત્ર મનવાળા શરીરને અપવિત્ર ગણી શકાયજ નહિ આમ જ્યારે સમજમાં આવે ત્યારે તમે ખુલાસો કરો ત્યારે અમારે પણ તેને અનુસરીનેજ બોલવાની જરૂર પડે પણ તમારે એમ ન સમજવું કે અમે તમારા હાર્દને નથી સમજ્યા તમારો શરીરને અમંગળ ગણવાનો ખુલાસો તમારા વૈરાગ્યનું નિદર્શન કરાવનાર છે અને તેને સુધી વશ થઈ જવાની તમારી યોગ્યતાથી અમે સંતોષ પામ્યા છિયે પણ અમારે આ પ્રસંગમાં તો તેને નિર્ણય કર્યા વગર ચાલશે નહિ

જગતમાં અપમાનનું પાત્ર નહિ થયો હોય એવો કોઈ નહિ હોય એ નખત્રુ તમારું ઘણું અંશે મળે છે જનસ્વભાવ અને તેને અનુસરીને થતાં કાર્યો એકબીજાને અનુરૂપ નહિ હોવાથી સારા અને માઠાને બન્નેને અપમાનનો ભેજ, પણ એ ઉપરથી નિરંકુશ થઈને જુનેમાટે વસ્ત્ર નાખી દઈએ તો કેમ ચાલે એમ હાસ્ય લખો છો પણ આ વાત એવા દાખલાને મળતી નથી આ અપમાન તો એવડું બધું મોટું છે કે કોઈ વખતે આંખમાં પાણી આવવાનો વખત પણ આવી જવાનો સંભવ ખરો પણ ત્યારે તમારો સમજ નિ

શ્ચય છે કે લોકના અપમાનથી ડરવાનો જરૂર નથી ત્યારેપછી અમે કહિયે છિયે તે ગૃહસ્થ થવાનો માર્ગજ ગ્રહણ કરવો યોગ્ય છે. અમને તો ખાત્રી થઈ જાય છે કે તમે લોકના અપમાનની દરકાર નહિ રાખવાનું જણાવો છો તોપણ તમે લોકમાં સારૂં કેહેવાવા માટેજ આ માર્ગ લીધો છે. અને તે તમારા પોતાનાજ પત્રમાં અમે આગળ ઉપર દેખાડી આપશુ. અમારૂં મત એવું છે કે તમે જે હમણાં ધારો છો તે માર્ગ પણ અનિંદ્ય છે તેમ અમે ગૃહસ્થ થવાનો જે માર્ગ કહિયે છિયે તેપણ સર્વમાન્ય અબાધિત અને યોગ્ય છે. માટે એકેયમાં તમને અપમાન થવા જેવું છેજ નહિ. અનાદિથી ચાલ્યો આવતો જુનો માર્ગ છોડી દેવામાં અપમાન છે કે તેજ માર્ગે વિવેકથી ચાલ્યા જવામાં અપમાન છે, તે તમે પણ વિચારી શકશો. આટલો બધો સૂક્ષ્મ વિચાર તમે કરી શકો છો અને નહિ જેવા અપમાનને ગણકારતા નથી ત્યારે તો અમે કહિયે છિયે તેમ કરવામાં પણ કદિ કોઈ મૂર્ખ મશકરીથી અપમાન કરે તો તેથી તમને કાંઇ દુઃખ થાય નહિ. અને એમજ છે ત્યારે તો અમે કહિયે છિયે તેમ કરવામાં કાંઈ પણ હરકત નથી. અને કદી અપમાનથી ડરતા હો તો પણ અમે કહિયે છિયે તેમ કરવામાં કાંઈ અપમાન છેજ નહિ, પણ વ્યવહારમાં ઘણે પ્રકારે તમારૂં માન વિગેરે વધવાનોજ સંભવ છે. અમારો તો વિચાર ત્યાંસુધીપણ ખરો કો વ્યવહારમાં રેહેનારે લોકના બોલવા ઉપર સારી પેઠે ધ્યાન રાખવું જોઇયે કે મહા લોકમાં જે માન પામે તેજ પરમ ગતિનો અધિકારી ગણાય છે તમારે જો તોલ કરવો હોય તો અમે ખરૂં કહિયે છિયે કે હમણાં જે પ્રસંગ ચાલે છે, અને તમારી યોગ્યતા તથા પ્રામપ્રસંગ છે તે પ્રમાણે તમે ગૃહસ્થ થશો તેમાં તમારી કીર્તિ થવાની છે અને નહિ થાઓ તો મૂર્ખના ગણાવાની છે અને તેની ખરી ખાતરી તો અનુભવ કર્યા વિના મળી શકે નહિ. આમાં અમારો વિચાર એમ છે કે મૂર્ખના ગણાવાની પરીક્ષા કરવા કરતાં કીર્તિની પરીક્ષા કરવી તે વધારે સારૂં છે घृताधार पात्रं वा पात्राधार घृतं એવી પરીક્ષા કરનાર જગતના હાસ્યનુંજ પાત્ર થાય છે એ શું તમે નથી જાણતા ?

પ્રસંગમાં અમારે કહ્યા વગર નથી ચાલતું કે સર્વ આશ્રમોમાં ગૃહસ્થ આશ્રમ બીજે નંબર છતાં તેમાં રહી સુગમતાથી કરવામાં આવતાં સાધનોથી કલ્યાણનો માર્ગ લેવાય છે તે તેને પેહેલા નંબરનો ગણાવી શકે છે.

ગૃહસ્થાશ્રમ ગઢ છે અને બીજા આશ્રમ મેદાન છે એક ગઢમા રહેનારો માણસ ચોર આદિથી જેવુ પોતાનુ રક્ષણ કરી શકે તેવુ મેદાનમા કદી કરી શકેજ નહિ કામક્રોધાદિક મહા બળવાન ચોર છે તેઓ બીજા આશ્રમને જેટલો પરાભવ કરે તેટલો વિવેકી ગૃહસ્થને પરાભવ કરી શકતા નથી શત્રુઓને જીતવામા રાજાને ગઢ છે તે ઉત્તમ સાધન છે તેમ કામાદિકને જીતવામાં ગૃહસ્થાશ્રમ છે તે સારૂ સાધન છે બીજા બધા આશ્રમો એ આશ્રમ ન હોય તો નિરાધાર થઇ જાય છે શક્તિપ્રમાણે કોઇને કાઇ આપવુ, ધર્મ દાન કરવા, અને લોકના કલ્યાણમાટે કોઈ ઉપાય કરવા તે આ આશ્રમ માજ થઇ શકે છે પરતન્ત્રતાવાળો આ આશ્રમ સ્વતન્તતા રખાવે છે પણ બીજા સ્વતન્તતાવાળા આશ્રમ તો ઉલટી પરતન્ત્રતા રખાવે છે, એટલે એમા કાઇપણ બનવાનુ નહિ આમા તમે પરાધીનપણુ માનો છો તો જન્મ વર્યો ત્યારથીજ પરાધીનપણુ સમજનાર તમારા જેવાને આમા વિશેષ પરાધીનપણુ માનવુ એ યોગ્ય નથી કોઇ કાળયોગથી દુ ખ આવી પડે ત્યારે એમ થઇ જાય એમા તમારો દોષ નથી, પણ તમે ધારો છો તેટલુ પરાધીનપણુ આ આશ્રમમા છેજ નહિ અને છે એમ કહો તો પછી બીજા બધા આશ્રમમા શરીર છે ત્યાસુધી પરાધીનપણુ તો રહેશેજ અથવા આ ને આ સ્થિતિમા રહેશો તોપણ પરાધીનપણુ તો રહેશેજ ગૃહસ્થાશ્રમનુ પરાધીનપણુ એ સ્વાધીનતાનુ દ્વાર છે અને તમે ધારો છો તેવી સ્થિતિનુ સ્વાધીનપણુ એ પરાધીનતાનુ દ્વાર છે ભાવનામા હોય તે માટી એ કેહેવત તમને યાદ હશે ગૃહસ્થાશ્રમની પરાધીનતા સ્વીકારીને પછી તમે તમારૂ સ્વતન્ત્ર સ્વરૂપ વિચારો એમાજ બહાદુરી છે તે શિવાય તો જેમ જેમ પરાધીનતાને તમે દૂર કરશો તેમ તેમ વધારે વધારે પાસે આવતી જશે કે ઇના જેવુ તમને જે દુ ખ લાગે છે તે તમારી વાતને અમે ઉડાવી નથી નાખતા દુ ખ છે ખરૂ પણ જેમ બીજી સ્થિતિમા છે તેવુજ આમા છે બીજી સ્થિતિમા જો કાઇ સુખ માનતા હો તો આમા પણ કોઇ પ્રકારનુ પણ સુખ છે સુખ દુ ખનો મર્મ એવો છે કે જે જે પ્રસગે જે જે સ્થિતિમા તમે માનો તેને સ્થિતિમા તમને ભાસશે જ્યારે પોતાનીજ ભાવના ઉપરથી સુખ દુ ખ જણાય છે ત્યારે સમય પ્રાપ્ત થયા પેહેલાંજ ચાલતી રૂઢીને શામાટે દુ ખરૂપ ગણવી ? એમા શો લાભ ? તમે વિચારવાન છો માટે જેને હમણા દુ ખરૂપ દેખો છો તેનેજ સુખરૂપ માનો

તો સહજમાં મનાય તેમ છે. અમને તો આશ્ચર્ય થાય છે કે તમારા જેવા વિવેકીને આવીરીતે સુખ-દુઃખની કલ્પના થવીજ કેમ સભવે! શોદરીમાં સાપની ભ્રાંતિ અને ઠુઠામા ભૂતની ભ્રાંતિ અણુક્રનેજ હોય. તમારા મનને તમે સમજાવો તો સર્વ સ્થિતિમાં તમે સુખજ દેખશો. અને મનને નહિ સમજાવો તો ગમે તે સ્થિતિમાં પણ તમે સુખ દેખશો નહિ. ખરૂં કેદખાનું તો જન્મમણર છે. ખરી પરાધીનતા તે પણ જન્મમરણ છે. તો એને ટાળવામાટે વિનયવિવેકથી અને ધર્માચરણથી વર્તો અને સ્વરૂપને ઓળખો તો સહજમાં દૂર થશે. બાકી અમુક સ્થિતિને તમે કેદખાનું ગણી બેસશો તેથી કાંઇ તમારૂ ખરૂં કેદખાનું મટશે નહિ. અમે કહિયે છિયે તે સ્થિતિ માત્ર વિચાર કરતાંવેતજ તે કેદખાનારૂપે ભાસે છે તે મટી જઇને સુખના સાધનરૂપ ભાસશે એવો તેમાં ચમત્કાર છે. ત્યારે અમારો મત છે કે જે બંધન વિચારથી છુટી શકે તેમ હોય તેને શામાટે છોડવું નહિ? એતો શું, પણ જન્મમરણનુ જબરૂ બધન પણ વિચારથી છુટી જાય છે તો પછી આ નાનાં સરખાં બધનનો શો ભાર છે! કાંઇ પરાધીનતાએ નથી અને કેદખાનુંએ નથી. માત્ર તમારી ભ્રાંતિ છે તેજ તમને તેરૂપે લાગે છે. આજ દિવસ સુધી વ્યવહારમાં જેને સુખ માનવામાં આવે છે તે સુખમાં તમને તમારૂં અર્ધાંગ પીડિત હોવાથી ન્યૂનતા રહી છે અથવા તો તમારા જેવા અનુકૂલ નાયક તેમ ન માને તો પણ બાજી ઉપાધિયોથી જે બંધન માનવામાં આવ્યું છે તે વાજબી છે; પણ અમારી કહેલી સ્થિતિ ઉપર તમે આવશો તો તે બંધન કે દુઃખ કશું રેહેવાનું નથી. ને સ્થિતિ ઉપર આવીને પણ પછી અંતરની અનાસક્તિમાટે બંધન અને દુઃખરૂપ માની સદ્વિચાર કરશો તો તેમાં કાંઈ પ્રતિબધ થશે નહિ. સુખદુઃખ અને સારૂં નરતું સાત મટી જાય એજ અમે તો ઉત્તમ ગણીયે છિયે, પણ કદી તે ન મટે તો સંસારમાં જે અનાદિથી યોગ્ય ગણાતી આવેલી સ્થિતિ છે તેને અંગીકાર કરીને તો તમે વધારે ભાગ્યશાળી થશો, કેમકે તેના સાંન્નિધ્યથી તમોને હમેશાં ઉપાધિ અને બંધન લાગ્યા કરશે એટલે સંસારથી તમે વિરક્ત રેશો અને તેથી આત્મવિચાર અથવા ઈશ્વરસ્મરણ કરવાનું બનશે. અને આવી ને આવી સ્થિતિમાં રેશો તો પછી અખંડિત વિરાગ્ય રેહેવાનું અસંભવિત થશે. પદાર્થમાત્રની સન્નિધિથીજ તેમાં ગુણ-દોષ આરોપાય. ત્યારે જે સ્થિતિ તમે અંગીકાર નહિ કરો તે સ્થિતિ પછી તમને વૈરાગ્ય આપ-

નારી નહિ બને અને આમ વૈરાગ્ય અવિચ્છિન્ન ન રહે ત્યારે પછી આગળ વધારે ઉત્તમ સ્થિતિને પોચવાની ખરી ખૂટી ગઈ એમ સમજવુ ત મારી સસાર ઉપર દોષદૃષ્ટિ બહુ ગુણકારક છે પણ અમે ના એટલેસુધી કહી શકિયે છિયે કે એ પણ તમારી એક જાતની અજ્ઞાનતા છે અને તે આમ એકવા રેહેવાથી નટી જાય છે તેમ નથી વ્યવહારપતિત કાર્ય કરતા જતા તેનો ઉપાય કરશો તો થઈ શકશે, પણ અટકી જવાથી થઈ શકે, તેમ નથી એમ ખાતરી સમજવી અમે તમારા કાંઈ દુશમન નથી તમારા લાભમા અમને સતોષ છે માટે કાંઈ નહિ તો એટલો વિશ્વાસ રાખીને પણ પાણિગ્રહણ કરવામા અટકવુ ન જોઈએ બીજાના માનની ખાતર માણસ ગમે તેટલુ નુકશાન સહન કરે છે માટે અમારા કથા છતા પણ તમારી બનનદષ્ટિ ટળતી ન હોય તો પણ અમારી ખાતર એટલુ વચન તમે સ્વીકાર કરો તમારા જેવા આજ્ઞા પાળનાર અને પારકાના સુખમાટે પરાધીન રહેનારને એમ કરવુ એ યશને અને સતોષને વધારના છે પછી શુ કહો છો?


અમુક કાર્યમા ઈશ્વરની અનુકૂળતા છે કે નહિ તે તેના પૂર્વરૂપથી અનુમાનમા આવે છે, તો તેનુ પણ અમે અનુમાન કરી લીધુ છે અમે સર્વેએ એકમત થઇ નિશ્ચય કરી રાખ્યો છે યોગ્ય વસ્તુ સહજ પ્રાપ્ત જેવી-જ છે તોપણ તમને સતોષ આપવામાટે ઉપરનો વ્યવહાર કરવાનુ અમુક મુદત સુધી અટકાવી રાખ્યુ છે તેટલા વખતમા અમે આશા રાખીએ છિયે કે કાલને યોગે અને અમારા ગાડા ઘેના વચન પાળવાના અભિમાનને યોગે તમે જરૂર અમારુ માન રાખશો એમ નહિ થાય તો તમને તો કાંઈ નહિ પણ અમને જીવતા સુધીનો શોક રેહેશે તમારા જેવા વિવેકીપાત્ર જેમ બને તેમ અમારી સાથે સકળાયેલા રહે તેજ વધારે સારુ અને તેમ કરવા સારુ અમે દૃઢ આગ્રહ લઈ બેઠા છિયે જન્મ વીને પેહેલા પોતાનેમાટે, પછી સગાંઓનેમાટે અને ત્યારપછી બીજાનેમાટે આ શરીર કામ ન લાગ્યુ તો પછી તેનો શો ઉપયોગ છે? અમે બીજુ કાંઈ તમારી પાસેથી માગતા નથી માટે આજ્ઞાંકિત એવો શબ્દ તમે વારવાર પત્રમા લખો છો તે શબ્દને તમે આ વખતે સાચો કરો અને તેમ નહિ તો તે શબ્દ લખીને આજસુધી તમે અમારી મશકરીજ કરી છે એમ અમને થવાથી કાંઈ થોડો ખેદ નહિ થાય તમને ખબર છે કે સુજનો અસત્ય બોલતાજ નથી

પરોપકારને તો તમે પણ માન્ય કરો છો તો આ પ્રસંગ એવો આવ્યો છે કે અમે કહિયે છિયે તે સ્થિતિ તમે અંગીકાર કરવાથી પરોપકાર થાય છે એમજ સમજવાનો આ પ્રસગ તમારે માનવો. અને એમ પરોપકાર કરતાં ઘણા વિવેકીઓએ દુઃખ વેઠયાં છે તો તમે પણ એટલું પરાધીનતારૂપ દુઃખ વેઠશો એમ અમને ખાતરી છે. કોઈ પણ જાતના શ્રમ વગર કોઈનું અંતઃકરણ પ્રસન્ન થતું હોય તો તમારા જેવો કોણ સમજુ માણસ તે તક જવાદે! જો પ્રસંગ ન હોત તો તો પછી તમારૂં અભિષ્ટજ સિદ્ધ થાય તેમ એનીમેળે હતું, ત્યાં અમારે કાંઈ વક્તવ્ય હતુંજ નહિ. માટે પરાધીનતાની વાત પડતી મુકી સંસારમાં સ્વાધીનતા આપનારી ગ્રહસ્થ-સ્થિતિને અંગીકાર કરવી એજ હમણા વિવેકદૃષ્ટિનું પરિણામ છે. કેમકે પરાધીનતા અને સ્વાધીનતા સર્વ તમે કારણપરત્વે માની લીધી છે, તે કાંઈ ખરી નથી. ખરી હોય તો સર્વને કાં નથી થતી? આટલામાટે વિવેકથી એ વિચાર દૂર કરવો. જ્યાંસુધી એ વિચાર દૂર નહિ થાય ત્યાં-સુધી જેમ લોકો કહે છે તેમ તમે સદાયનેમાટે પરાધીનજ છો; કેમકે શરીરની પરિચર્યા કર્યા વગર તમારે ચાલવાનું નથી. તેમ એવી સિદ્ધ દશાને હજી પોચ્યા નથી કે તમને કોઈ પ્રસગે કાંઈ ઉપાધિ નડેજ નહિ. જ્યારે સ્થિતિને આપણે માનિયે તેવી માની લઈ સુખ ઉત્પન્ન કરી શકાય તેમ છે ત્યારે ચાલતા વ્યવહારને અટકાવવામાં અને આવેલા શુભ પ્રસંગનો અનાદર કરવામાં વિવેકબુદ્ધિ ઉલટી અવિવેકની ગરજ સારે છે, તો તમ જેવાએ તેનો વિચાર કરવો જોઇએ. એક ચક્રથી ગાડું ચાલે નહિ તેમજ ગ્રહસ્થાશ્રમનું સમજી લેવું. તમે જગતમાં જોયું હશે કે પક્ષાઘાતવાળા રોગીનું શરીર સંપૂર્ણ છતાં પણ કશા વ્યવહારને ઉપયોગી નથી તેમ એકલા પડેલા પુરૂષનું શરીર સંસારવ્યવહારમાં તેવુજ સમજવું. કહો ત્યારે પરાધીનતા શેમાં વધારે? ખરૂં જોતાં તો પરાધીનતા અને અપરાધીનતા તમારા મનમાંજ છે, માટે હમણાં જેને પરાધીનતા માનો છો તે સ્થિતિનેજ સ્વાધીનતાવાળી માનશે. તો તમને કશી હાનિ નથી અને અમને સંતોષનો લાભ થાય છે. આવું કાર્ય કયો બુદ્ધિમાન છોડી દે? (અપૂર્ણ.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મું   ફાલ્ગુન, સંવત ૧૯૬૯   અંક ૫ મો.

॥ यतो धर्मस्ततो जयः ॥



वसन्तवर्णन

काफी

વધાવો વ્હાલા વસંતને, આ સુખરૂપ વસંત,
નીરખતાં નયને અંતરમાં, આનંદ થાય અનંત, વધાવો૦ ટેક
નવપલ્લવનાં તરુવર શોભે, બોલે વિવિધ વિહંગ,
મંદ સુગંધ પવન લઇ પ્રસંગે, ઊડે અતિશય ભૃંગ વધાવો૦
ગુલાબ સેવ કુંદ બોલસરી, જાતી જૂઈ લવિંગ,
કુસુમ કમળનાં કુંજ અલૌકિક, દેખતાં થઇએ દંગ, વધાવો૦
શીતલ જલ સંપૂર્ણ સરોવર, તેમાં મંદ તરંગ,
કોકિલ કુહુકુહુ શબ્દ સુણાવે, દોડે દીન કુરંગ, વધાવો૦
સ્ત્રીજન મગન ગાય નિરંતર, ઘર ઘર થાય ઉમંગ,
અત્તર અબિલ ગુલાલ અરગજા, ઊડે વિધ વિધ રંગ, વધાવો૦
શુભ આભૂષણ પટકુલ પેરી, સર્વ સમારે અંગ,
ખાયપિયે સુખસંપત માણે, પ્રાણસખાને સંગ, વધાવો૦
છૂટે છે ચોમેર ફુવારા, વાગે તાલ મૃદંગ,
ધૂપ દીપ પૂજન અર્ચનનો, કોઇ ન જાણે ઢંગ વધાવો૦
સમય સફળ કરવાને કાજે, તાણી ભીડો તંગ,
નહિ ખોવું અજ્ઞાનપણામાં, આ માનવતન નંગ વધાવો૦
કેશવ હરિનું રૂપ સકલ આ, કહિયે કામ અનંગ,
આ સમજુ સોનાને મેની, બનમાં વેરે બંગ, વધાવો૦
ક્ષણભંગુર તન ના પણ સહુએ, સુખની રાખે ખંત,
પણ કેશવ હરિની માયામાં, નહિ આશાનો અંત વધાવો૦

કુસંપ અને ક્લેશના કારણરૂપ ત્રિપુટી.

કોયપણ કાર્યનું કાંઈપણ કારણ હોવુંજ જોઈએ; કેમકે કારણ વગર કાર્યનો સંભવજ નથી. આવી રચનાનેલીધે જેમ સર્વનું કારણ કાંઇ કાંઇ હોય છે તેમ કુસંપ અને ક્લેશનું કારણ પણ એક ત્રિપુટી છે. સમુદાયથી થયેલું કાર્ય બહુ દૃઢ હોય છે તેમ ત્રિપુટીથી થયેલું પણ તેવુંજ હોય છે. જેમ ત્રણ દોષ કોપવાથી થયેલો રોગ બહુ દૃઢ હોય છે તેમ ત્રિપુટીથી થયેલો કુસંપ અને કલેશ બહુ દૃઢ થઈ જાય છે. જગતમાં ઘણી ત્રિપુટીઓ હશે. તેમાંથી કયી સારી અને કયી નઠારી એ સૌસૌનાં કાર્ય ઉપરથી કલ્પવામાં આવે છે. કુસંપ અને ક્લેશને આપણે નઠારા ગણિયે છિયે માટે તેનું કારણપણ તેવુંજ કલ્પી શકાય. કુસંપ અને ક્લેશના કારણરૂપ ત્રિપુટી ક્યાં ક્યાં અંગ મળીને થઈ છે તે જગતપ્રસિદ્ધજ છે. પેહેલું અંગ ધન, બીજું સ્ત્રી, અને ત્રીજું ધરતી છે. તેને કોઈ ધન દારા ને ધરણી કહે છે, કોઈ દામ દારા ને મેદિની કહે છે અને કોઈ જર જોરૂ અને જમીન કહે છે. આ ત્રણ પદાર્થો એવા તો બલવાન છે કે ત્રણ તો શું પણ એમાંનો એકેકો પદાર્થજ કુસંપક્લેશને ઉપજાવવામાં પૂર્ણ છે તો ત્રણ સાથે હોય તેની તો વાતજ શું કરવી?

પેલું અંગ ધન છે. એ ધન અસંખ્ય વિકારો કરાવે છે. જગતમાં સદ્દગુણ-દુર્ગુણ આવવાનાં ઘણાં કારણો છે એટલે કોઈ એકાદ કારણસર સદ્દગુણદુર્ગુણ આવતા નથી. તોપણ જ્યાંસુધી ધનપ્રાપ્તિ હોય નહિ ત્યાંસુધી માણસમાં દુર્ગુણો કે કુસંપક્લેશનો સંભવ થોડો અને ધન મળ્યુ એટલે કુસંપક્લેશ વધારે. મળ્યા છતાં પણ સદ્દગુણી રેહેવાય કે કુસંપક્લેશ ન થાય એનેમાટે અપવાદરૂપ દાખલાઓ હોય છે પણ સામાન્ય નિયમ તો તેથી ઉલટોજ છે. અમુકજ અવસ્થામાં કે અમુક સ્થિતિમાં ધન થાય એમ કાંઈ નિશ્ચય નથી. વરસાદનું પાણી જેમ ગમે ત્યાં પડે છે તેમ ધન પણ ગમે તે સારાં નરતાં પાત્રમાં પડે છે. સર્વ રીતે વિચાર કરતાં એમ નિશ્ચય થાય છે, કે જેવી મનુષ્યની યોગ્યતા તેવું તે ધનને યોગે થઈ જાય છે. જો વિવેકી હોય તો ધનનો સદુપયોગ કરી સુખ ભોગવે છે અને અવિવેકી હોય તો ધનનો દુરૂપયોગ થાય છે અને દુઃખ ભોગવે છે. પરંતુ જ્યારે યોગ્ય સદ્દગુણી પાત્રો પણ ધનને યોગે વિપરીત સ્વ-

ભાવના થઈ જાય છે ત્યારે તેજ અનર્થ કરનારૂ તથા સાગીનરતી પાત્રતા આપનારૂ કલ્પાય છે જગત્મા ઘણાએ પ્રાપ્યમમાન પદાર્થો છે પરતુ ધનની પ્રાપ્યમાનતા તો ઘણે ઠેકાણે પ્રત્યક્ષ દેખાય છે સુકેના તળાવમા કરો ગડમડાટ હોતો નથી તેમ ધન વગરના માણસમા જેટલે અશે ધન ઓછુ તેટલે અશે દુર્ગુણો ઓછા હોય છે । ધનથી થનારા દોષો વિચારિયે તો તેનો પાર આવતો નથી ધનને યોગે છતી આખે આનળા બને છે, છતે કાને બેરા બને છે, છતે હાથપગે લુનાપાગળા બને છે, સ્વસ્થ છતા માંદા બને છે, વિવેકી છતા અવિવેકી બને છે તથા વિદ્વાન છતા મૂખ બને છે આમ છતા પણ તે ધન વસ્તુ એવી છે કે નાનાથી તે મોટા સુધી રાગી વિરાગી સર્વને તેની જરૂર છે, કેમકે વ્યવહારમા ધનમૂલમિદ જગત્ એ પદ પ્રમાણે તેના વગર કોઈ પણ ચાલતુ નથી જગતનુ મૂળ ધનજ એટલે ચાલે કેમ ? કેમકે ધનથી કુલ વગરના કુલવાન ગણાય છે, ધનથી આપત્તિઓ મટાડી શકાય છે, અને ધન હોય તો સબધી ન હોય તેના પણ ઘણા લોકો સબધી સ્નેહી થાયછે રૂપ, રગ, આકૃતિ, પ્રતિમા એ સર્વ ધનથી વધે છે જગતના સુખ આપનારા સમસ્ત પદાર્થો એ ધનને યોગેજ સુખદ થાય છે અને ધન ન હોય તો ઘણીવાર દુ ખદ થઇ પડે છે ઉપર ઉપરથી આમ દેખાય છે એટલે તેને મેળવતા, રક્ષાકરતા અને તેની હાનિ થતા ગમે તેટલુ દુ ખ હોય તોપણ તે સર્વ સહન કરવામા આવે છે જો તેમ નહોત તો દુનિયામા ધનવાન કોઇ દેખાતજ નહિ આમ છતાએ અતિ વિવેકીઓ ધનિકસ્થિતિનો અનાદરજ કરતા આવ્યા છે તે તેના અવગુણને લીધેજ ધનવાન સાત માળને માથે ચડીને સૂતો હોય તોપણ તેના અતરમા તાપ હોય છે અને નિર્ધન વગડામા જઇને સુતો હોય તોપણ તે શાત હોય છે ધન જાતે ચચળ છે, તે જાતે ખાવાના કામમા લાગતુ નથી તેમ છતા તેનો એનીમેળે નાશ થાય તો ભલે બાકી ખોળીયામા જીવ હોય ત્યાસુધી તેની મમતા મેલાતી નથી બાપ હોય, દીકરો હોય, ભાઈ હોય કે સ્ત્રી હોય તોપણ ધનની બાબતમા કોઈના સગા હોતા નથી માતાપિતાની છાયામા નિર્દોષ સ્થિતિમા રહેતા બાળકો અવસ્થા થતા જ્યારે ધનના સબધમા આવે છે ત્યારે જે ભાઇનેમાટે જીવ આપી દેનારો તે ભાઇથી મન ચોરતા થાય છે, જેને પોતાની વાહલી વસ્તુ આપી દેતામા આવતી તેની પાસેથી સર્વ લઇ લેવાની ઇચ્છા થાય છે અને જેને ખરેખર પ્રેમપાત્ર ગણવામા આવતુ

તેને સહજ વૈરી ગણવામાં આવે છે. આ ધન મારૂં છે, એ ભાઇઓને બદલે મને રહેતે ઠીક, એનાથી છાનું રાખુ તે ઠીક, મારે મારાં સ્ત્રીપુત્રનું રક્ષણ કરી સુખ ભોગવવું છે, એ એનું કરે અને હુ મારૂં કરૂ, સસારમાં કોઇકોઈનું નથી, વિગેરે એનીમેળે વિચારો કરવા માંડે છે. અને પોતાપાસે આવેલું અને પોતે મેળવેલું છાનું છપનું પોતાપાસેજ પોતાના બાલબચ્ચાંસારૂ રાખે છે. એ તો સાધરણની વાત છે પણ રાજ્યાદિક પ્રસંગોમાં તો મા, બાપ, કાકા, મામા, કે ભાઈઓ વિગેરે અંગનાં માણસો દુશમન કરતાં પણ દુશમન થઈ જાય છે. નિરપરાધી માણસો અપરાધી બને છે, લાબા આયુષ્યવાળાં માણસો ટુકા આયુષ્યનાં થઇ જાય છે અને છેવટ જે ધનને પોતાનું માની બીજાઓનો દ્વેષ કરવામાં આવે છે તે ધનજ પાપયોગનેલીધે બીજાનું થાય છે એવો વિચિત્ર ખેલ છે. નિર્ધન સ્થિતિમાં નમ્રતા રહે છે, ભાઈ ભાડુઓ પરસ્પર ઓછાં ઓછાં થઇ રહી સંપથી રહે છે અને જે મળે તેમાંથી સર્વે વેચીને ખાય છે. પણ ધનવાન સ્થિતિમાં એવું ભાગ્યેજ જોવામાં આવે છે. અવિવેકથી આવનારા દુર્ગુણો ધનથી આવે છે, અથવા અવિવેકરૂપ વૃક્ષને વધારવાના પાણીરૂપ ધનજ છે. ગમે તેવી સ્થિતિમાં સુખદુઃખમાં સરખા ભાગવાળા ભાઇઓ એકબીજાનું એકબીજાને આપી દેતા હોય તે ધનિક અવસ્થા થયે એકબીજાનું લઇ લેતાં પણ સંતોષ નહિ માનતાં સ્ત્રીઓના ક્રીડામૃગ જેવા થઇને નિર્દોષમાં પણ દોષ આરોપણ કરી સંબંધને વિસારી મેલે છે એ કેવું સાહસ? જગતના મૂલરૂપ છતાં પણ કુસંગ અને ક્લેશને વધારનાર ધનને ધિક્કાર છે. અમે તો એને ધનજ કેહેતા નથી. જેથી સપ. સગાઈ, અને સુખની વૃદ્ધિ થાય તેજ ધન કેહવાય. તેથી વિપરીત ફળ આપનારને અમે ધન નામથી બોલાવી શકતા નથી. ઘણાએ વિવેકીઓએ વિદ્યા મુખ્ય ધનરૂપ ગણેલ છે તેનું કારણ એ કે પેહેલાં ધનથી જે અનર્થો થાય છે તે અનર્થો વિદ્યારૂપ ધનથી મટે છે. સંસારરૂપ ઇંદ્રજાળના દેખાવો જોઇને અને વિદ્યાથી વિવેક પામીને જાણીતા થયેલા વિવેકીઓએ ધનની ચચલતા અને તેના દોષોને જાણી લઇને સ્નેહ સપનો વૃદ્ધિ કરવી જોઇએ. ખરૂં સુખ એજ છે. તે શિવાયનાં સુખ છે તે બધાં દુઃખરૂપજ છે. ગમે એટલાં ધન કે કીર્તિ હોય પણ કુટુબમાં ઉદાસી, સહોદરમાં ભ્રાંતિ અને સગામાં ક્લેશ રેતો હોય તો ધન અને કીર્તિ મિથ્યાજ છે. (અપૂર્ણ)

पुनरुद्वाहविषे विचारना पत्रनो प्रत्युत्तर

(અનુ૦ પાને ૯૬ થી)

કાળની અકલિત ગતિથી સાંજમાં કોય કામ ન લાગે પણ ગળે વળગે એ કલ્પનાને અમે આ ઠાર નવા આપતા પણ તમારે વિચારવું જોઈએ કે શુ જગતમા એવાજ લખેલા ગયા બનતા હશે? જો એમજ હોય તો આ જકાન જે સ્વરૂપ આપણે જગતનુ જોઈએ છિયે તે કયાંથી દેખાત? મહા શાસ્ત્રિઓ જે પણ એવી વાત વ્યવહારમા વનમા કયા લીધી છે? જે જે કાર્ય નિરંતર કરવામાં આવે છે તેમા વાર્યું ઉતરવું સ્વાધીન છે તોપણ પેહેના બીજ તેમાથી અનિષ્ટ થવાનો સંભવ ધારી તેમનો એ વિચાર તો જગતને દાખવાર છે ગમે તો અનુકૂળતા થઈ જાય કે ગમે પ્રતિકૂળતા થઈ જાય જેવી લેણાદેના હોય તેમ બને થાય, પણ તેથી આગળથીજ ડરીને તમે પોતેજ જુને દેખીને વસ્ત્ર નાખી દેવાનો દાખલો પોતાના ઉપરજ શાને લાગુ પાડો છે? હારી જવુ એ અસ્થિર વૃત્તિનુ લક્ષણ છે વિચાર વાને આમા આગ્રહજ ન રાખવો જોઈએ ગાજસુની જેમ વેશ ભજવ્યો તેમ હવે પણ ભજવવો અને જે દશા આવે તે અનુભવવી અમારા અંત કરણો એમ સાક્ષી પૂરે છે કે તમે અતિઆગ્રહ છોડી દઈ અમારા મતને અનુસરશો તો પરિણામ બહુ સંતોષકારક આવશે તમારા જેવા સદ્ગુણ શીલની પ્રજા તેવીજ થઈ વંશવિસ્તાર થાય એ પણ નહિ જગતને અતિ લાભ, કેમકે એવા સુગુણી વંશના બાળકોનો બીજાને સંગ થાય તો તેપણ સદ્ગુણી થવા ઇચ્છા રાખે અને તમારા સુવિચારોની પરંપરા કાંઈ નહિ તો કાંઈપણ અંશે વિસ્તાર પામે વિચાર કરો કે હવે કયો માર્ગ લાભકારક છે? જો એકવાર અંત કરણ આની દોર નમાવીને વિચાર કરશો તેમો તો જેમ દોષ દેખાય છે તેમજ ગુણપણ જોવામા આવે નથી આવતા તેનુ કારણ તમારા અંત કરણથી ઘણા કારણોનેલીધે નાટો થઈ ગયેલી અપ્રીતિ છે માટે હવે એમ સમજો કે વિપત્તિનુ વાદળ ખસી ગયું છે, અને એટલામાટે કંઈપણ ભીતિ રાખ્યાવિના સમાનદૃષ્ટિ થાઓ એમ અમારી માગણી છે

પાછળથી વૃત્તિ બગડે એ વાત વિશ્વાસ લાવવા જેવી નથી એ ગ કહી કાઢી નાખવી યોગ્ય નથી જો તેને ભવિષ્યની વાત લેખીને તેમજ

થાય એમ માનતા હો તો તે ઉપરની વાત પણ ભવિષ્યની ગણીને કાઢી નાંખવી જોઇએ અને એમ થયું એટલે એવો સાર નીકળે કે વૃત્તિ બગડવાનો સંભવ ખરો, કેમકે આવા દાખલાઓ હજારો અને લાખો મળી આવશે. આ ઉપરથી તમને અમે અપમાન કરિયે છિયે એમ ન સમજવું પરંતુ માત્ર વિરૂદ્ધ દાખલામાટે લખિયે છિયે. અમારો તો મત એમ છે કે બગડે ન બગડે એવી પરીક્ષા જોવાનો સમય ન આવે એવી સ્થિતિજ પેહેલાંથી અંગીકાર કરી લેવી એટલે પછી એ ભવિષ્યની વાત એનીમેળે ભૂસાઇ જશે. ઠાલાં ફોતરાં શામાટે ખાંડવાં? એમાં શોસાર છે? તમે પોતેજ આગળ ગમે તે કારણથી પણ **बलवानिंद्रियग्रामो विद्वांसमपि कर्षति** એ વાક્ય લખીને બલવાન ઇંદ્રિયનો સમુદાય વિદ્વાનને પણ ખેંચે છે એમ દેખાડી આપ્યું છે અને છે પણ તેમજ. પણ હવે તેની પરીક્ષા કરવાની શી જરૂર છે? વૃકાસુરે પોતાને માથે હાથ મેલીને હું બળું છું કે નહિ એમ પરીક્ષા કરી તેમાં શું ફળ થયું? બળી મુવો. જૈમિનિયે **मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो वसेत्.** એ વાક્યનો અનુભવ કરવાથી શું ફળ મેળવ્યું? એ વાત ખરી છે એજ. માટે ભવિષ્યની વાતમાં પોતે ધારિયે એમજ થાય છે એમ ધારી પોતાને અનુકૂલ વાત લઈ બીજી ઉડાવી દેવી એ અયુક્ત છે. જગતમાં તો દાખલા લેવા જશો તો ગમે તે પ્રકારના મળી આવશે. પણ તેમાં શું વળ્યું? અમારૂં કેહેવું એમ નથી કે તમારી વૃત્તિ ફરેજ. અમે ખાત્રીથી એકવાર કહિયે છિયે કે નજ ફરે એવી વૃત્તિના તમે છો અને તેથીજ અમે વધારે આગ્રહ રાખિયે છિયે કે તમારા જેવા વૈરાગનો અને ધર્મવિચારનો એ પ્રસંગે વિસ્તાર વધે. આગળથી ડરિયે તો કોઈ કામ થઈ શકેજ નહિ એ તમારૂં લખવું ખરૂંજ છે અને એટલામાટે અમે પણ કહિયે છિયે કે અમારા વિચાર પ્રમાણે કરવામાં પણ તમારે આગળથી કલ્પના કરો કરીને ડરવું નહિ. મનને વાળી શકાય ન વાળી શકાય એ બધુએ, અમે સમજીએ છિયે. તમે ટાંકેલા વાક્યમાં ચંચલ અને અસ્થિર મન જ્યાં જ્યાં જાય ત્યાંથી પાછું વાળી પોતાને વશ રાખવું એવો અભિપ્રાય છે તે ખરો છે. અભ્યાસે એમ થાય પણ ખરૂં; પરંતુ એમાં આવેલાં ચંચલ અને અસ્થિર એ બે વિશેષણ શું સુચવે છે? તે તમેજ વિચારી જુવો. મન એ કાંઈ નેતરનો સોટો નથી અને કણેરની કાંબ કે કાથાની શી દરી નથી કે ગમે

તેમ વાળશો એ તો ખાડાની ધાર ઉપર ચાલવાની વાત છે નીચાણમા જતી નદીનો પ્રવાહ કોઈએ અટકાવ્યો હોય તોજ મનના વેગનો પ્રવાહ અટકે પણ આમ કહી અમે ભગવદ્વચનને આડા નથી જતા અમે પણ કહિયે છિયે કે જ્યા જ્યા મન જાય ત્યાથી પાછુ ખેચીને આત્મામા જોડવુ અને આમ કરવુ એમા પણ અમે કહિયે છિયે તે સ્થિતિને ક્યા વિરોધ આવે છે? એ સ્થિતિ તો ઉલટી કેટલીક રીતે મન સ્થિર કરવાના અભ્યાસમા ઉપયોગી છે કદી તે વાત તમને ગળે ન ઉતરે તો એટલુ તો વિચારો કે મન વશ કરવાની બાબતમા ગૃહસ્થ ન રહેવુ અથવા ફરી પાણિગ્રહણ ન કરવુ એ વાત ક્યા આવી? વ્યવહારપતિત કાર્ય કર્યે જતા ચચલ મનને વશ કરોને, તમને કોણ ના કહે છે? સુખેથી તમારૂ મન સ્વતન્ત્ર કરીને તમે આત્મસુખ લેવાને સ્વતન્ત્ર છો જે સ્થિતિ અગીકાર કરવાને તમે અનાદર કરો છો તે સ્થિતિ કાઈ મનને વાળવામા ઉપાધિ કરનાર નથી, પણ વખતે સહાય કરનાર થઇ પડે તેવી છે ત્યારે જે કામ સહજમા લોકરીતિને અનુસરતા અને સર્વને સતોષ ઉપજતા થતુ હોય તે કામ તેથી વિપરીત વિચારથી ઉલટુ કરવામા કાઇ કુશળતા કેહેવાય નહિ

સબધીઓને પણ ઓછુ કેમ ન આવે? વિનાપ્રયત્ને જે ફેરફાર થાય તેમા લોકોને થોડુ લાગે છે પણ જાણી જોઇને ફેરફાર થતો લોકો દેખે તેમા તેને ઘણુ ઓછુ આવે છે તમને અમે આજ્ઞાનુયાયી, સમજુ, કુટુબમા સતોષ આપનાર અને અમારી આશાઓને શાત રાખનાર સમજીએ છિયે તેવાને પણ સસારરીતિથી જોતા ન વટે તેવી અર્ધાંગના નાશરૂપ વિપત્તિ આવી પડી અને એમ થયા પછી પણ હવે ફરીથી બીજુ અર્ધાંગ નહિ કરવાનો આગ્રહ લઇ બેઠા છો તો એથી કરીને સર્વ મનોરથો અમારા નિષ્ફળ થાય છે કાળયોગને તો કાઇ કહિ શકાય નહિ પણ તમને કહી ન કાય તેવુ છે એટલે તમે અમારા કેહેવા ઉપર લક્ષ ન રાખો તો કેટલુ બધુ ઓછુ આવે? નિસીમજ તમારામા [illegible] પણ જાતિનો સ્વાર્થ રહ્યો હોય તો સ્વાર્થ અર્ધાંગ અગીકાર કરીને સાર થાઓ ત્યારેજ સિદ્ધ થાય તેવિના તો પછી ક્રમે ક્રમે તમારૂ મન સર્વથી દૂર દૂર નાસવા માડે અર્ધાંગ એ સર્વ વ્યવહારમા પ્રવૃત્તિ રખાવનાર અને મન સર્વોમા આધારરૂપ છે તે ન હોય તો પછી એ બધીઓને તમે શી રીતે ઉપયોગી થઇ પડો? હાથ પગ વગરનુ શરીર જેવુ નકામુ તેવુજ અર્ધાંગ વગરનુ અગ પણ છતે હાથપગે પણ પછી તો નકામા

જેવુંજ થઇ રેહે છે. હવેપછી અમે કહિયે છિયે તેમ વર્તવાથી સારૂંજ થશે એવી ખાતરી ન રાખી શકાય તે વાત જો તમે અંગીકાર કરશો તો પછી નઠારૂં થશે એવી ખાતરી ન રાખી શકાય એ વાત પણ અંગીકાર કરવીજ પડશે. માટે જે વાતનો ભાવિઉપર આધાર છે તે વાતમાં આમજ થશે એમ ધારી બેસી અથવા ઈશ્વરે કર્યું તે સારાસારૂ એમ કરી તમે અમારી વાતને ઉડાડીયો તો પછી ઓછું કેમ ન આવે? તમારાથી જે બનશે તે સેવા બજાવશો એ વાતનો તો અમને સદાયનેમાટે સંતોષ છે પણ આવો બધો તમારો ભાવ એકલા શરીરથી સફળ નહિ થઈ શકવાનેલીધે બેય પક્ષને સદાયમાટે અસંતોષ થઈ પડશે. જે સ્થિતિમાં રહીને તમે બનતું કરી શકવા બંધાઓછો તે સ્થિતિ અમે કહિયે છિયે તેમ કરવાથીજ સુખદાયક થાય તેમ છે. માટે તે માર્ગ ઉપર વળીને પછી ઈશ્વરે કર્યું તે ઠીક એમ શામાટે માની ન શકાય? જોકે ઈશ્વર તો બિચારો કાંઇ કરતોજ નથી. કાલયોગથી કર્માધીનપણે સર્વ બન્યા કરે છે; તોપણ તેમજ માનવું એ સમય વીતાડવાને બહુ યોગ્ય છે. પરતુ તે અમને પસંદ પડે છે તે રીતિ ગ્રહણ કરીને માનવા મનાવવામાં આવે તો એમાં કશો અન્યાય કે અપવાદ નથી આ સર્વ વિવાદ અને ડોલણ એક હા એમ કેહેવાથી તરત શમી જઈ ધીને ધડે ધી થઈ રેહે તેમ છે. તમે નિશ્ચય રાખો કે અમે તમને તમારા હેતુ થઈને અવળો માર્ગ નજ બતાવિયે. જે સંબંધમાં તમને જોડશું તે પણ તમારા યોગ્ય જોઇનેજ જોડશું. ત્યારપછી જે તમારે માનવું અથવા ભોગવવું એ તમારા મન ઉપર અને કર્મયોગ ઉપર છે; તો તેને આ પ્રસંગે જરા નહિ સંભારી સંબંધી સ્નેહીયોને સંતોષ આપવો એ બહુ યોગ્ય છે. જેને સમવિષમ ન હોય તેવો સમજુ સહજમાં કોઇને ઉપજતો સંતોષ શામાટે ન ઉપજવાદે? તમારા જેવા નીતિન્યાય સમજનારે ગુચવણીના વખતમાં વ્યવસ્થા કરવાનું ભુલવું નજ જોઇએ.

દુર્જનોની નિંદાસ્તુતિથી પાપ ઓછાં થાય છે માટે તેનાથી આપણને કાંઇ થવાનું નથી એ વાત અમે પણ ક્યાં નથી માનતા? તેઓનો એવો સ્વભાવ હોય છે એટલે તે ગમે તેમ બોલે તો ભલે બોલે. પણ એટલો તમારે વિચાર કરવો જોઇએ કે દુર્જનોની નિંદાસ્તુતિને દરગુજર કરી શકાય છે પણ અમારી વિનંતિ દરગુજર કરી નથી શકાતી એ શું કેહેવાય? (અપૂર્ણ)

પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત

(સબધ પાને ૮૮ થી)

આટનો વિચાર કરતા ગદગદ કંઠે પૂછ્યુ બેન હવે કેમ છે? જાણે કેમ પરિચિત સાદથી દુ ખ મટી ગયુ હોય, જાણે કેન તે સ્વરથીજ આગમ થયો હોય તેમ ચચના હવે તો સારી પેઠે સુખ જણાય છે એમ બોલતા બોલતા સાવન થયા સર્વેએ રૂક્મિણીના વખાણ કરવા માડ્યા અને રાતના બે ત્રણ વાગે અનેક પ્રકારની વાતો કરતા સો સોને ઘેર ગયા અને નિદ્રાને વશ થયા વિરૂદ્ધ પક્ષમા મળેલી માણેકને ઉઘ નોતી આવી તેણે વિચાર્યું કે માતાજીએ વીટી જોઈ નહિ અને શકા પણ કરી નહિ માટ સ્હગને ખ જાણ્યા થઈને મનુભા ઉપર અભાવ થાય તેની ગોઠવણ કરવી આ વિચાર પ્રમાણે તેણે કાને કાને મનુભા અને ચચલાવિષે રાજ રાણીને ખોટી અસર થાય તેવી વાત ઉડાડી અને તે તેનાજ રૂપમા કહેવાવા લાગી માણેક રાણીજી આગળ પ્રસગ આવતા પેની વીટી તપાસવાનુ યાદ આપતા તેમ કર્યું ત્યા મનુભાના નામની મુદ્રિકા ઠરી મનુભાનુ તેજ, તેની ચચનતા અને આઠ મારી વિગેરે પરાક્રમથી ચચનાનો મન તેની સાથે કરવાની લાગણી દૃઢ થઇ ગઇ હતી તોપણ આ આચરીતિને વિરૂદ્ધ વાત જ્યારે રાણીને કાને પડી ત્યારે તેને બહુ ક્રોધ ચડી આવ્યો, કે જે વિરૂદ્ધ પક્ષના લોકોનુ ષડ્યત્રજ હતુ પોતે પોતાનો ક્રોધ ગાત્રીને આખો દિવસ કાઢી નાખી રાતે ચચનાને તપાસવા પ્રયત્ન કર્યું માણેકે પેટીમા રાખેલી વીટી કાઢીને માતાએ પુછ્યુ? બેન! આ વીટી તમે ક્યારે ઘડાવી? ચચલા કાઈ ભેદ મા સમજ્યા નહિ પણ માણેકે ધમકી આપેલ કે તમારી છાની વાત મારે કાને આવી છે તે હુ માતાજીને કહી દઇશ આ ધમકીનેલીધે તે ચોવનાતા બોલ્યા કે માજી! મને ખબર નથી ને એ વીટી મેં દીઠીએ નથી માતાએ પૂછ્યુ ત્યારે પથારીમાથી કેમ નીકળી? ચચલાએ કહ્યુ, તેપણ હુ નથી જાણતી રાણીએ કહ્યુ બેન! તુ ગભરાઈશ નહી તને આ વીટી ગમતી હોય તો સુખેથી પેહેર પરન્તુ તે તારી હોય અથવા તને કોઈએ આપી હોય તો તે જાણવાની મને જરૂર છે વિગેરે ઘણી રીતે પૂછ્યુ તોપણ શુદ્ધ મનની ચચનાએ પોતાની શુદ્ધતા પ્રમાણેજ સર્વે ઉત્તર આપ્યો વાત ચોળાણી અને વેરેમનુ રૂપ ઉભુ

થયું તેની રાવજીને ખબર પડી. મોટા મોટાને ભૂલાવનારા મનોભવે રખેને મનુભાને કાંઈ ભોળવ્યા હોય માટે જોઉતો ખરો. વધારે નહિ બોલતાં પણ અંદરના વિકારો દેખાયા વગર નહિ રહે. એમ વિચારી સેજસાજ પ્રસંગે મનુભાની ભેટ લીધી. વાતનો પ્રસંગ ચાલતાં મનુભાને મુદ્રિકાવિષે પૂછ્યું. મનુભાએ જવાબમાં જણાવ્યું કે સોનીને ત્યાં મેં એક માસથી ઘડવા નાંખેલ છે ખરી પરતુ તેણે હજી તૈયાર કરી નથી. રાવજીએ કહ્યું. કદી તૈયાર થઈ હોય તો? મનુભા બોલ્યા. તો મારે તે તમને આપી દેવી. આમ કાંઈક બોલવું થયુ પણ મનુભા શુદ્ધ હતા. તેને કશો ભય ન હતો એટલે વાત સીધેસીધી થતી હતી. રાવજીએ કહ્યું. વીંટી મળે ત્યારે મને જોવા મોકલજો. હમણાં હું જાઉ છું. તમારે જે પ્રમાણે હમેશ વર્તો છો તેમ વર્તવું. આટલી વાતચિત થયા પછી રાવજી પોતાને ઘેર ગયા. રૂક્મિણીની આગળ પણ રાવજીને આ પ્રસંગ ચાલ્યો અને મનુભાની અમર્યાદવિષે સાંભળેલું કેટલુંક કહ્યું. એ વાત થઇ રહ્યા પછી રૂક્મિણીએ ચંચલાવિષે હકીકત કહેતાં જણાવ્યું કે મુદ્રિકાસંબંધી વાત ગમે તો સાચી હોય કે ખોટી હોય પરંતુ આગળ જતાં મનુભા અને ચંચલાનો સબંધ થાય તે વધારે યોગ્ય મને લાગે છે. એ કુમાર સર્વ વાતે યોગ્ય છે, અને જ્યારે મહારાજાની સર્વ વાતે તેની ઉપર કૃપાદૃષ્ટિ છે ત્યારે કુમારી ચંચલા તેનેજ વરવાં જોઇએ. જ્યારથી મેં તેને નિર્દોષ અવસ્થામાં જોયાં છે ત્યાંરથી તેવિષે મને નકી થયું છે કે તે આપણાં પુત્રીજ છે કે જેને આપણે સમુદ્રમાં ગુમાવ્યાં હતાં. એની આકૃતિ, વચન અને નિશાની સર્વે મળતાં આવે છે અને અંતઃકરણ પણ મારૂ ઉભરાઈ જાય છે તેથી આ વાતનો નિશ્ચય થાય છે. રાવજી હર્ષથી ગદ્‌ગદ્‌ કંઠ થઇ જતાં બોલ્યા. શું આ વાત ખરી કહો છો? રૂક્મિણી બોલ્યાં. હા પ્રાણનાથ, ઈશ્વરકૃપાથી મને એમ ભાસે છે અને તેથી મહારાજાની ઇચ્છા ન હોય તોપણ તે બેયનો સંબધ કરાવવો અને આ રાજ્યપાટની અધિકારિણી તેને થવા દેવી એમ મારો વિચાર છે. રાવજીએ કહ્યું કે હું પણ તેમજ કરવાનું પ્રયત્ન રાખું છું અને હવે વળી વધારે રાખીશ. હું એને જોતો ત્યારે મને કાંઇક અપૂર્વ લાગણી થતી પણ તે હુ જાણી શક્યો નહિ. આજ ઈશ્વરે અનુગ્રહ કર્યો. હું મહારાજા પાસે તે વાત ઉચાગીશ અને તમે મહારાણીને પ્રસગે સમજા-

વળી આટલી અને આવી વાતો રાવજીને ત્યા થઈ કુમારી ચચના યોગ્ય થતા જતા હતા તેવિષેની ચિંતા આ પ્રમાણી નવા વરના માડતા રાજા રાણી તેના વિચારમાજ પડ્યા હતા એક દિવસ બપોરના બાર વ-જ્યાને વખતે મહારાજા જમીને હીંડોળે આરામ લેતા હતા અને રાણી આવી નમન કરી પાસેના આસનપર બેઠા હતા તેને ચચના માટેની ચિંતા બહુ રહેતી હતી મનુભાસાથે મગ ન જોડવામા મહારાજા કરતા પણ તેણી વિશેષ પ્રીતિ હતી અને પોતાના હાથથી જેની વીટીનો ચચનાને સ્પર્શ ક-રાવ્યો તેજ વીટીની વાત તેને ભવિષ્યરૂપ ભાસતી હતી સે રસાજ વિચાર ચાલતા આગના દિવસની વાત સભારી મહારાજાએ પૂછ્યુ કેમ ત્યારે તમારો શો વિચાર છે? રાણીએ કહ્યુ આપનો વિચાર તેજ મારો વિચાર આપનુ મન તેના રૂપ અને પરિચયથી તેના ઉપર તણાય છે તો મને પણ તે યોગ્યજ લાગે છે ઘણા પ્રસગે મેં તેને જોયા છે પુત્ર કરતા પણ તે અધિક આજ્ઞા ઉઠાવે છે વાડ બાગીમા જોયેલી તેની ચપલતા મને હજી પણ વીસરતા નથી હુ તો જાણુ છુ કે એની સાથે ચચનાનો સબધ કરવામા કાઈ પણ અઘટિત નથી (અપૂર્ણ)

માતાવિષે બે બોલ

જગતમા માતાની માયાળુતાવિષે બહુ વખાણ થયા છે, થાય છે અને હજીપણ થતા જશે બધી માયાળુતાની અવધી માતાના માયાળુપણા આગળ આવી રહે છે માતા તે માતાજ એના જેવુ હિતૈષી આ જગતમા કોઈપણ મળતી નથી સ્વાર્થથી થતો સ્ત્રીનો પ્રેમ પણ માતાની માયાળુતા આગળ પાણી ભરે છે એમ કહેવુ અઘટિત નથી નવ માસ સુધી ગર્ભને ધારણ કરતા અનેક પ્રકારની ખાવા પીવાની અને સુવા બેસવાની સભાળથી તેનુ અબાધિત રીતે પોષણ થાય તેમ દુખ વેઠવુ એમ કરીને બાળકને જન્મ આપવો જન્મ આપ્યા પછી, તેને નવરાવવુ, ભીનામાથી સુકામા સુવારવુ, માદુ પડે તો તેનેમ તે પોતાને કડવા ઓસડ પીવા તો ઘડિયે ઘડિયે રખેને તે રડતુ હશે, રખેને તે ભુખ્યુ થયુ હશે, રખેને તેનુ મોઢુ સુકાતુ હશે એવા ફફડાથી કામકાજ કરતા, ખાતા પીતા, ઉઠતા બેસતા અવિછિન્ન એનુજ સ્મરણ, એનુજ ચીંતન અને એનુજ

ધ્યાન કર્યા કરવું. ગમે તે હાનિ થઇ જતી હોય તોપણ બાલકની સંભાળ ક્ષણમાત્ર વિસરવી નહિ. બાળક રાજી તો પોતે રાજી. બાળક રડતું તો પોતે રડતી. આમ માતા ખરેખર પોતાના બાળકની આગળ તો બાળક કરતાં પણ બાળક બની જઇને બાળકનું હિત કરે છે. ઉપદેશોમાં પુત્રવત્ પતિની પરિચર્યા સ્ત્રીઓનેમાટે લખી છે તેનું કારણ એ કે પુત્ર ઉપરનો માતાનો સ્નેહ અપૂર્વ છે અને તેની સ્મરણચિંતનાદિકથી પરિચર્યા પણ નિઃસીમ છે. રખેને તેને વાગી જાય, રખેને તેને કાંઈ થઈ જાય, વિગેરે ચિંતાથી પોતે કયું કામકાજ કરે છે તે પણ ભૂલી જાય. તેને નવરાવવું, ખવરાવવું, સુવાડવું, રમાડવું, વિગેરે અનેક પ્રકારની યુક્તિયોથી કરતાં ઘણો શ્રમ પડે તોપણ તેને કંટાળો આવે નહિ. ન કરવાનો કજિયો કરે અને ન જોઈતી વસ્તુ માગે તેનેમાટે અનેક યુક્તિયોથી સમજાવીને, સોગન ખાઇને, અને નિર્માલ્ય વસ્તુને બદલે મુલ્યવાન પદાર્થ આપીને તેને માર્ગે ચડાવે. મારા બાળકનું આ પ્રમાણે મેં કર્યું એ તો સ્વપ્નમાં પણ ન હોય. પોતાના અંગનું પોતે કાંઈ કરિયે તેમાં આટલું કર્યું એમ વિચાર આવેજ કેમ? વળી તેને સદ્ગુણી કરવા માટે ડાહી ડાહી વાતો કહેવી, થોડું થોડું ભણતાં શીખવવું, અને છેવટ યોગ્ય અવસ્થાએ કુળવાન સ્ત્રી પરણાવી દેવી એ સર્વ માયાળુપણાથી તે કર્યાજ કરે છે. તેનું માથું દુખે કે કાંઇ બીજું થાય તો અનેક માનતાઓ માને અને બાધા રાખે તેમાં પોતાના શરીરની કશી દરકાર રાખે નહિ. જેટલી પોતાના દેહપર પ્રીતિ તે કરતાં પણ સો ગણી કરતાં વધારે બાલકપર પ્રીતિ હોય છે. પોતાના દેહનો અને સુખનો ભોગ આપી ઉછેરેલું બાલક કમૂત જાગે અને અપમાન કરે કે ચાકરી ન કરે તો પણ તેવિષે મનમાં ન લાવતાં સર્વ સહન કરીને બાળકનું કલ્યાણજ કર્યા કરે છે ધન્ય છે માતાના માતાપણાને. તે બાળકની મોર મરવું પસંદ કરે છે પણ તેને દુઃખમાં જોઇ શકતી નથી. જગત્માં ઘણાં સંબંધીઓ બીજાં મળે પણ માતા તો એકજ હોય તે વાત સત્ય છે. બાળકનાં સર્વસુખ માતા ઉપરજ છે સુકેલા પાનડાના ઝુંપડામાં ભોંયપર લોટતું બાળક મોટું થતાં થતાં માતાની છાયામાં દિવસો ગાળે તે તેને રાજ્યમેહલમાં ગાળ્યા જેવા સુખરૂપ લાગે છે અને માતા વગરનું બાળક સોનાના પલંગમાં લોટતું મોટું થતાં થતાં જે દિવસો ગાળે તે તેને એક ગરીબના ઝુંપડામાં ગાળ્યા કરતાં પણ વધારે દુઃખદાયક થઇ પડે

છે અહો કેવી માતાની યોગ્યતા ! મહા મહા પ્રતાપી પુરૂષો, બાલપણના અતિ કષ્ટ અને અતિ પરાધીનતા વેઠતા પણ માતાનીજ માવજતરૂપ સહાયથી તેવી યોગ્યતાના પાત્ર થયા છે બાળકોમા આવે તો તે દોષ પોતાપર ઓઢી લઇને તેને નિર્દોષ કરવુ, તેના દોષ હોય તોપણ ગુણરૂપ ગણવા, એ માતા શિવાય જગતમા કોનાથી બને છે? સ્ત્રી, મિત્ર, ભાઇ, ભોજાઇ કે બીજા સગા ઘણાએ વહાલા હોય છે પણ માતાના વાત્સલ્ય આગળ તે કાઇ હિસાબમા નથી બીજાઓના ગમે તેવા લાડથી પણ બાળક સોસાઇ જાય છે અને માતાના હાથમા થોડી માવજતથી પણ બાળક રૂષ્ટપુષ્ટ બને છે એ શાથી ? માતાના અંતઃકરણના અપૂર્વ પ્રેમનીજ ખમા માગ ભાઇને કહિને જે વખતે જનેતા બાલકને માથે હાથ ફેરવે તે વખતે બાળકને શેર લોહી ચડી જાય છે વાકમા આવ્યુ હોય તે કદિક આખ તાણે તોપણ તેથી બાળકપર તેને અંતરમા પૂર્ણ પ્રેમ હોય એટલે જાણે કેમ તેનો ઈશ્વર સાક્ષી હોય તેમ બાળકને હાડે દુઃખ લાગતુ નથી ઘણો અપરાધ બાળકથી થઇ જાય તો ક્ષણભર રોગપર ઓસડની પેઠે આખ ચડાવીને કે હાકલ મારી રખેને તે બીહતાઇ જશે એમ જાણી પાછી હસી પડે કે છાતી સાસુ ચાપી લીયે તે એક માતાજ તેમ પોતાના સર્વસ્વરૂપ માની સર્વ લક્ષ્મીનો અનાદર કરે તે એક માતાજ બાળકને બાળપણનુ જીવન, તેનુ રક્ષણ, તેનુ પાલન પોષણ, અને તેનુ કેળવવુ માતા ઉપરજ છે અને માતા તરફથી વધેલુ વધારે અમર કરે છે એટલામાટેજ જગતમા માતાઓ સુધારવાની જરૂર છે જ્યાસુધી માતાઓ સુધરે નહિ ત્યાસુધી બાળકની દુર્દશાજ સમજવી માતાનો મહિમા જાણ્યા છતા પણ અમને અફસોસ થાય છે કે અપવાદ રૂપે ઘણી માતાઓ સ્ત્રીપણાની મૂર્ખાઇનેલીધે, પિયર સાસરામા નહિ મળેલી કેળવણીનેલીધે, પોતાનુ માતાપણુ શોભાવી શક્તી નથી પેહેલા તો ઈશ્વરે ઠાવી રહેલા ગર્ભનુજ ભૂત જેવી પોષણ કરી શકતી નથી કાચુ કોરૂ, ખાટુ ખારૂ, ટાઢુ શીળુ, વખત બે વખતે ખાય છે જ્યા ત્યા વિશ્રામાસનથી પડી રહે છે એમ કરતા દૈવેચ્છાથી પોષાયેલો ગર્ભ બાલકરૂપે જન્મ આપે તો તે પછીએ તેનુ પોષણ કેમ કરવુ તે જાણતી નથી ભીનામા બાળક ઠુગાઇ જાય તોપણ કોરૂ કરવાનુ સાભરતુ નથી ભૂખથી ગળુ સુકાઇ જાય તોપણ ધવરાવવુ સાભરતુ નથી પેટમા દુઃખતુ હોય તો ધવરાવવા બેસી જાય છે ભુખ લાગી હોય તો ઓસડ પાવા લાગી જાય છે ધવરાવતા કે ઓસડપાતા બાળ

કની શક્તિના પ્રમાણનું વજન પણ જાણતી નથી. ગલોફામાં આંગળી ઘાલીને જે હોય તેનો ગરેડો કરવામાંજ ડાપણ સમજે છે. ઘણાં બાલકો આવી મુર્ખાઇનેલીધે મરી જાય છે. મનુષ્ય છતાં અણુસમજણનેલીધે પશુ કરતાં પણ ઓછી અકલની કેટલીક માતાઓ પડખામાં સુતેલું બાળક પોતાના ભારથી દબાઇ જાય તોપણ ધ્યાન રાખતી નથી. કોઇં કોઇતો પોતાની ઊંઘ વિખાઇ ન જાય તેનેમાટે બાલકને અફીણ કે બાલાગોળી આપી રાતના ઊંઘાડી રાખે છે. આટલુંજ નહિ પણ પોતે પોતાના નીચ સ્વાર્થમાં કે ઉંઘમાં તલ્લીન હોવાનેલીધે તેને ધવરાવવાનું પણ ભુલી જાય છે. કોઇ કોઈ ધરાયેલા બાળકને જાડું થાય એમ જાણી દુધના ગરેડા કરે છે પણ પૂર્વાપર વિચાર કરતી નથી. કોઇ કોઇ પોતાના માઠા સ્વભાવથી ચડેલી રીસ પોતાના ફૂલ જેવા બાળક પર ઉતારે છે. ખાટાં ખોરાં ખાય તેથી થતા તેના વિકારો બાળકોને સહન કરવા પડે છે. બાળકનું ગમે તે થાય પણ ખાવા-પીવાનો હરામ ચસરકો ભુલતી નથી. તેથી વખતે પોતાનો અને બાળકનો પ્રાણ જવાનો સમય આવી જાય છે. બાળક ક્યાં પડ્યું આખડ્યુ કે શું થયું તેની સંભાળે નવરી હોય તોપણ રાખી શકતી નથી. આ તો પીટયો આવો છે કરીને જેનેતેને મોઢે વગોણાં કરવા લાગી જાય છે. નાનું બાળક અણુસમજણથી કજીઓ કરે તો તેને ફોસલાવી છાનું રાખવાને બદલે, મારે છે, બાંધે છે, તર છોડે છે અને જાણે પૂર્વજન્મનું કાંઈ વેર લેતી હોય તેવી કાલકાસ્વરૂપે દેખાય છે. બાળક બિચારૂં શું કરે. જેમ જેમ વધારે ભય દેખાડે ને મારે તેમ તેમ વધારે રડતુ જાય અને તેથી મૂર્ખ માતા વધારે ધાક રખાવવા ડારા દેતી જાય. મુતરી રહે, ઝાડે ફરી રહે કે હાથેપગે કાપા પડી જાય તોપણ પાંણા જેવા હૃદયની કોઈ કોઈ માતાને બાળકપર દયા આવતી નથી. કદી આવતી હોય તો ભલે પણ જોનારા વર્ગને તો દયા નથી આવતી એમજ કલ્પના આવે છે. મૂર્ખ પશુ જેવી માતાઓ પોતે બાળકપણું કેવી રીતે કહાડ્યું છે, આપણે પણ કોઈ દિવસ આવાં નાનાં અથવા કજિયાળાં હશું એમ વિચારજ કરતી નથી. અમે તો કહિ શકિયે છિયે કે અંતરમાં ચાહે તેટલો પ્રેમ હોય તોપણ આવી રીતે બાળકને બિવરાવનારી માતા તે માતાજ નથી પણ શત્રુજ છે. શું માતાથી બાળક સામી આંખ તણાય ? શું તેની સામો હાથ ઉપડે ? નાના, એમ તો સંભવેજ નહિ. ધારો કે કદિ કારણસર તેમ

થાય તોપણ તે આંખના મટકારા જેટલુજ હોવુ જોઇએ પણ કૂવ ઉપર ધણના ઘાની પેઠે બે ચાર પહોર ચાલ્યા કરે નહિ ઘણા ઘણા છોકરાઓ બહુ કજીયાળા થાય છે અને કેટલાક તો મોટા થતા સુધી પણ તેવાજ રહે છે તોપણ માયાળુ માતાની યોગ્યતા તો તે સહન કરવામાજ સમાયેલી છે બાલપણના તોફાનો અને બાળકોની અણસમજપુની સ્વતંત્રતાથી થયેલા કજિયાઓ સહન કરવાથીજ માતા ધરતી જેવી વારણાવાળી કહે વાય છે કોઇ કોઇ મુખ્ય માતાઓ આ વાત સમજતી નથી અને જેઓ સમજતી નથી તેઓ સંસારમા માતા અને બાળક વચ્ચે ઉપજતા સુખસ તોષનો ખરેખરો લાભ લઇ શકતી નથી એ વાત પ્રત્યક્ષજ છે આવી માતાઓની મૂર્ખાઇથી છોકરાઓના ગળા પડે છે, ઝાડા થાય છે, દુબળા થઇ જાય છે, આચકી થાય છે, તાવ આવે છે, ઉધરસ થાય છે અને મગજ પણ જાય છે આમ કરતાએ બાળકોને કાંઇ થાય નહિ અને પોષણ પામી જીવ્યા કરે તો તે માતાની માવજતથી નહિ પણ ઈશ્વરકૃપાથી અને મા તાના અંતઃકરણમા રહેલા માતૃભાવના ભેદની બાળકને કાંઇક ઈશ્વરે ગળથી પડેલી ખાત્રીથીજ જીવ્યા કરે છે એમ માની શકાય આમ થતુ હોય તે માતાની માયાળુતાની ખામીથી નહિ પણ તેને ઉછેરવાની માવ જતની અણખબરથી થતુ હશે એમ કેટલાકનુ માનવુ છે તો ભલે તેમ હોય પરંતુ બાળક ઉછેરવાનુ અથવા માતાપણામા માવજત રાખવાનુ કામ કેટલુ બધુ મોટુ અને જોખમવાળુ છે તે જાણવાની જરૂર હોવા છતા નહિ જાણનારી માતાઓ માતા છતા પણ માતાપણાને હાનિ પોચાડે છે માટે માતાઓને સુધરવામાટે પ્રયત્ન રાખવાની જરૂર છે આ સુધારો ભૂગોળ ઇતિહાસ કે ગણીત શીખવવાથી અથવા ગાયન કે ચિત્રકળા શીખવવાથી નથી થતો પણ સદ્ગુણ શીખવવાથી અને વિવેક શીખવવાથી થાય છે છોકરૂ જેમ જેમ મોટુ થતુ જાય તેમ તેમ સ્વાભાવિક જ્ઞાન તેમા આવતુ જાય છે અને વિશેષ જ્ઞાન માતાએ આપવુ જોઇએ, તેથી આગળ વહુ થ ઇને સાસરે જાય ત્યારે સાસુ વિગેરેએ જ્ઞાન આપવુ જોઇએ અને તેથીપણ પૂર્ણતા ન હોય તો પતિએ તેને તેસંબધી શીખવવુ જોઇએ જો તેમા મનુ ષ્યત્વ હશે તો તો પોતાના અને પારકાના અનુભવથી સઘળુ સમજી લઇ તેપણ ગ્રહણ કરશે અને મનુષ્યપણુ નહિ હોય તો પછી પથ્થર ઉપર પાણીની પેઠે જેટલુ શીખવવુ તેટલું નકામુજ છે એની બુદ્ધિનાને પછી

મનુષ્ય છતાંએ દ્વિપદ પશુ સમજવામાં કશો અન્યાય નથી. ત્યારે હવે તે વિષે વાર માત્ર સદ્બોધ અને સારો સંગ બાળકોને રહે એટલીજ છે. તેને માટે વિવેકી વિદ્વાનવર્ગે ખંત રાખવી. પછી જેવાં ઉત્પન્ન થનારનાં પ્રારબ્ધ હશે તેવી માતાઓ તેમને મળશે. સ્વભાવની વિચિત્રતા એવી વિચિત્ર છે કે તેવિષે વિચાર કરતાં બુદ્ધિ મુઝાઈ જાય છે તો પણ મનુષ્યપ્રયત્નથી ઘણો સારો ફેરફાર જોવાની આશા બાંધી શકાય છે.

વેદધર્મસભાને બક્ષીસ.

વડોદરાના રહીશ રા. રા. જેહરરાય કપીલરાય, વડનગરા નાગર ગૃહસ્થ, ડીરેક્ટર ઓફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રક્શને પોતાના ભાઈ શ્રીહરરાય કપીલરાયનો સ્વર્ગવાસ થતાં તેની પાછળ પુણ્યદાન દાખલ રૂ. ૫૦ પંચાસ આ સભાના ધર્માઉ ફંડને બક્ષીસ કર્યા છે તે મોટા ઉપકાર સાથે કાર્યભાર મંડળીએ માન્ય રાખ્યા છે. તેના વ્યાજનો સદુપયોગ થશે.

સૌ૦ મણિકુવરનો સ્વર્ગવાસ.

લખવાને દિલગીરી થાય છે કે અત્રેના જાણીતા પ્રશ્નોરા નાગર ગૃહસ્થ વૈદરાજ જટાશંકર વિઠલજીનાં સ્ત્રી સૌ૦ મણિકુવર માઘ શુદી આઠમ મંગળવારને રોજ સવારના સાત બજે કૈલાસવાસી થયાં છે.

તેઓ સ્વભાવે માયળુ હતાં, સાધારણ રીતે તેઓ ઘરકામ જેટલું વાંચી લખી જાણતાં, ઘરનાં સઘળાં કામકાજનો આધાર તેમના ઉપર હતો. જેઓની સાથે તેને પરિચય હતો તેઓ અત્યંત વખાણ કરે છે એવાં તે મળતાવડાં હતાં. ઘર તરફની ચિંતા તેમના પતિને બીલકુલ રેહેવા દેતાં નહિ. નાતજાતમાં તેનો મોભો પડતો. થોડા માસથી તેને ઝાડાનું દરદ લાગુ પડતાં છેવટ ૩૮ વર્ષની નાની અવસ્થામાં પોતાના પતિના હાથમાં નવ વર્ષના એક પુત્રને સોંપી સંસાર છોડી ગયાં છે. દૈવના ઘર આગળ કોઇનું જોર નથી અને કાળની ગતિની કોઇને ખબર નથી માટે તેમનાં કુટુંબીઓને હવે ધારણા રાખવાની ભલામણ કરિ છિયે.

कथयंत्युन्मुनीभावं स्वयं नानुभवंति हि।
हाहाऽज्ञानरताः केचिदुपदेशादिवर्जिताः॥

खेदनी वात छे के उपदेश वगेरेथी रहित अने अज्ञानमां बुडेला केटलाक उन्मुनीभावने वर्णवे छे पण पोते तेनो अनुभव करता नथी.

आम उपदेश पाम्या वगर अने अनुभव थया वगरना बोधक लोको पोते कशु जाणता नथी तो तेओ बीजाने शु बोध आपी शके अने एथी अन्यनु शुं भलु थाय? केमके.—

इदं ज्ञातमिदं ज्ञेयाश्चीति चिंतासमाकुलाः।
परं तत्वं न जानंति दर्वी पाकरसं यथा॥

आटलु जाण्युं अने आटलु जाणवानुं छे एवी चितामां आकुल रेहेनाराओ कडछी जेम अन्ननो रसने (तेमां बुडेली छतां) जाणे नहि तेम तेओ (तेमां बुडेला छतां) परम तत्वने जाणता नथी.

श्री भागवतना एकादश स्कंधमां कह्युंछे के कोई पुरुष सर्व शास्त्र भणी पंडित थईने वादविवादमां सर्वने जीते अने मोटी कीर्ति मेळवे, परतु जो परमार्थने न जाणे तो तेनु सघळुं जाण्युं वेठ कर्या जेवु छे.

श्वेतकेतु ऋषि सघळी विद्या भणीने पंडितोने जीत्या पछी काशीमां पोताना पिता रेहेता हता तेनां दर्शन करवा गया. काशीमां गया पछी एम थयुं के एमनेएम घेर जवु ते ठीक नहि तेथी काशीना पंडितोने पोते वाद करीने जीती लीधा. तेना पिताए आ वात सांभळी सारे पुत्र कुपुत्र थयो एम विचारी शोक करवा लाग्या. एटलामां श्वेतकेतुए पोताना पिता पासे आवीने प्रणाम कर्या. पिता तेने जोईने बोल्या के हे अविद्याना पात्र! भले आव्यो. आवां वचन सांभळी श्वेतकेतुए पिताने पुछ्युं के हु सर्व विद्या जाणतुं छतां आप एम केम कहोछो? त्यारे पिताए उत्तर आप्या के जे तुं विद्या जाणे छे ते विद्या नथी. विद्या तो बीजी छे. अर्थात् ब्रह्मविद्याविना बीजी सघळी विद्या अविद्यारूप छे.

छांदोग्य उपनिषद्मां पण गौतम ऋषिना पुत्रने श्वेतकेतु राजाए एवीज रीते कहेलु छे

आ उपरथी एम समजवु के जेथी ब्रह्मनी प्राप्ति थाय तेज विद्या केहेवाय. ते विना जेटली विद्या भणता होईए ते अविद्या केहेवाय. गर्भ तेवुं

सारु भण्या होईए तो पण ब्रह्मनी प्राप्ति न थाय तो ते भणतर सारु केहे वाय नहि वेदांतशास्त्रमां घणा प्रविण थाय तो पण तेना खरो हारद जाणी शकतो नथी एटले ते विद्या जाणी तोपण न जाण्या बरोबर छे माटे अनुभवी गुरु पासेथीज ते विद्यानो बोध लेवो, केमके गुरुविना ज्ञान थतु नथी

जेना चित्त भ्रांतिथी भर्यां होय छे तेओ भले वेद शास्त्रो, पुराणो मंत्रतंत्रादि विद्याओ, धर्मशास्त्रो मतभेदना प्रबंधो भणीगया होय पण ते मांज गोथा खाधा करे छे तेमज यज्ञ व्रत तप दान जप अने तीर्थ विगेरेमां पण गोथा खाधा करे छे तेओने अनुभवि उपदेशक वगर खरो मार्ग मळ तो नथी तेम उपरना वेदशास्त्रो विगेरे अनेक विद्याओ पण जो ते ब्रह्मबोध के स्वरूपानुसंधान करनारी न होय तो ते केवळ श्रममात्रज छे बकरीना गळाना आंचळो जोवामात्रज छे तेम ब्रह्मविद्या वगरनी सघळी विद्या जो वामात्रज छे अथवा बीजी सर्वे विद्या तेरूपज छे केमके तेनाथी काई बं धननी मुक्ति थती नथी पिताना आज्ञा पाळे ते पुत्र, पतिना मन वचन-कर्म प्रमाणे अनुसरी वर्ते ते स्त्री, अने खरे वखते सहाय करे तेज बंधु, तेम ब्रह्मविद्यानो बोध आपे तेज विद्या केहेवाय, माटे एवीज विद्यानो अभ्यास राखवो ए सुखकारक छे

जे मुक्तिनो हेतु छे एटले जे मुक्ति आपे छे तेनु नामज बोध केहेवाय जे शीखामणथी प्राप्त थाय ते शीखामणनु नाम बोध कहेवाय केमके जन्म मरणना अनेक दुःखो छे के जेनो लम्बता पण पार आवे तेम नथी तेवा दुःखो जो न टळे तो ते शीखामणने बोध एवं नाम अपायज नहि जे पु रुषो जन्ममरणने टाळनारी शीखामण आपता होय तेज सांभळवा योग्य छे कोई विद्वान कहे छे के —

युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मयोनिना ॥

युक्तिवाळु वचन एटले जेथी संशय टळी जाय एवु वचन बाळकनु अथवा मूर्ख माणसनु कहेलु होय तोपण ते ग्रहण करवु पण जो तेथी उ लटु वचन होय ने ते कदी ब्रह्मानु कहेलु होय तोपण तेनो त्याग करवो

जे शीखामणथी लक्ष चोराशीना फेरामां पडी अनेक दुःख भोगववां पडे तेवी शीखामण कोईनी जरा पण सांभळवी नहि. जो पिता होय ने तेवी लक्ष चोराशीमां पडवानी शीखामण आपे तो ते पिता न समजवो, जो माता होय ने लक्ष चोराशीमां पडवानी शीखामण आपे तो ते माता न समजवी; स्त्री होय ने जो लक्ष चोराशीमां पडवानी शीखामण आपे तो ते स्त्री नहि समजवी, जो पुत्र होय ने लक्ष चोराशीमां पडवानी शीखामण आपे तो ते पुत्र न समजवो अने गुरु होय ने लक्ष चोराशीमां पडवानी शीखामण आपे तो ते गुरु न समजवो. गमे तेवां सगां संबंधी के हेतु होय पण जो ते मोक्ष न मळे एवो बोध करे तो ते बधां खरेखरां शत्रुरूपज समजवां. भले सगो संबंधी के स्नेही न होय परंतु जो कोई मोक्ष मळे तेवी सारी शीखामण आपे तो तेने माता, पिता, भाई, गुरु अने परमेश्वर छे एम जाणवो. एनी आपेली मुक्तिने आपनारी शीखामणनुं नामज बोध केहेवाय.

कदि एम शंका थाय के मोक्षविना माता पिताना आदिनी शीखामण न सांभळवाने अभिप्राय अहीं आप्यो छे परंतु—

माता गंगासमं तीर्थं पिता पुष्करमेवच ।
गुरुः केदारतीर्थं च सेवेदेतान्निरंतरम् ॥

माता ए गंगा जेवुं तीर्थ छे, पिता पुष्कर तीर्थ छे अने गुरु केदार तीर्थ छे, माटे एओनी निरंतर सेवा करवी.

आवा आप्तां वचनो अने वृद्धोना उपदेशो एमनी सेवा करवानुं तथा आज्ञा पाळवानुं लखे छे तो ते शुं अप्रमाण छे? ना ते अप्रमाण नथी. ते खरेखर तीर्थरूप अने परमेश्वरसमान छ माटे तेनी मन-वचन कर्मथी सेवा निरंतर करवी जोईए. परंतुः—

आनुं समाधान एज छ के विचार करवाथी ते विरोध टळी जाय छे. जे मोक्षने आपनारो बोध करे तेज माता, पिता ने गुरु छे. अने तेथी उलटो जे बोध करे ते माता, पिता के गुरु होय तो पण शा कामनां? एवी उलटी शीखामण आपनारा होय तेवां माता पिता आदिनुं कांई अपमान न करवुं, केमके ते सर्व रीते मान्य अने पूज्य छे, पण तेनां वचन जो संसारनां जन्म-मरणनां दुःख आपे एवां ने अनेक नरकनी यातनाओ भोगवावे तेवां

होय तो ते वचन उल्लंघन करवा जोइए केमके तेम न करवाथी आ अमूल्य देह वृथा थाय छे जेमने प्रह्लादजीए जो पोताना पितानुं वचन अकल्याण करनारु हतुं तो ते पाळयु न होतु जे वचनथी अकल्याण थाय तेम होय तेवु वचन जो न पळाय तो तेथी कांइ दोष लागतो नथी वेहेवारमां पण पोताना स्वार्थमाटे अकल्याणनुं वचन कहेतो लोपवामां कंइ दोष नथी तो पछी परमार्थमां अकल्याण करे एवुं वचन लोपवामां दोष केम लागे? एक विद्वान कहेछे —

शत्रोरपि गुणो वाच्यो दोषो वाच्यो गुरोरपि ।
पुरुष प्रतिबोधाय तत्र दोषो न विद्यते ॥

माणसने बोध आपवा शत्रुना पण गुण होय तो तेने केहेवो, गुरुनो पण दोष होय तो तेने केहेवो जोईए तेमां कंई दोष नथी

साराश ए समजवानो छे के जे मोक्ष थाय तेवो बोध करे तेज सगो सबंधी अने मित्र केहेवाय आम केहेवामां कोईनुं अपमान थाय छे एम समजवु नहि

आत्माने जाणवो एविना बीजो कांई लाभ नथी, केमके बीजा जे लाभ छे ते आखरे पाछा नाश थई जनारा छे ने आत्माने ओळखवो ए रूप लाभ अविचळ रहे छे माटे तेज खरो लाभ छे ए आत्मलाभ मेळववा-माटे घणा बुद्धिमान् पुरुषोए धरा धन अने धाम आदिने छोडी दीधा छे जेमने राजा प्रियव्रते पोतानुं राजपाट आत्मलाभनेमाटे मेली दीधु ते जो बीजा लाभ करता आत्मलाभ विशेष न होय तो केम मेलाय? वळी जेओ आत्मलाभ वगरना बीजा मिथ्यालाभमां ललचाई रह्या ते अते महा दुःखने पाम्या छे जेमने सगर राजाए पुत्रलाभने खरो लाभ मान्यो हतो तो ते पण तरत टळी गया रावणे परिवारनो लाभ खरा लाभरूप मान्यो हतो तेपण तरत टळीगयो राजा नियप [नहुषे] इंद्रासनना लाभने खरो लाभ मान्यो हतो तो ते अजगर थइने पड्यो एम वचाय छे माटे आत्मलाभ वगर बीजा लाभमां लाभावुं ते खोटुं छे केमके बीजा मिथ्या लाभमां लोभायाथी आत्मा वेगळो थाय छे जेम कोई पुरुषने पूर्वदिशा तरफना गाम जवु होय तेनो विचार करी राते सूई रहे अने सवारे उतावळो उठवाथी दशमोवाढ थाय एटले उलटो पश्चिम दिशा भणी चोवथी चालवा माटे

मनमां तो एम जाणे के जेटलुं चालीश तेटलो पंथ ओछो थशे पण उलटो जे गाम जवानु होय तेनाथी तो छेटु पडतु जाय छे, कारणके दशमोवाडथी ते उंधो चाल्यो जाय छे तेम आत्मलाभविना के आत्मज्ञानविना जे जे लाभ माटे प्रयत्न करवुं ते आत्माने दूर करावनार होवाथी मोटी हानि करनारुं छे. ए हानि जेवी बीजी एके हानि नथी. आत्मज्ञाननी हानि एज खरेखरी मोटी खोट अने आत्मज्ञाननो लाभ एज खरेखरो मोटो लाभ छे अने एटला हेतुथीज आत्माने जाणवो एज लाभ छे एम कह्युं छे.

जेणे पोतानुं मन जीत्युं होय ते जगतने जीते छे. स्वर्ग आदिक जे चौद लोक छे ते जगत् केहेवाय छे जे कांई संकल्प विकल्प आपणने करावे छे ते मन छे एनुं स्वरूप आगळ केहवाई गयु छे. ए मनने प्रणवनो अभ्यास करी जीतवुं जोईए. मन जीतायुं त्यारे समजवुं के ज्यारे तेमां कांई संकल्प उत्पन्न थाय नहि. जेने उन्मुनी अवस्था व्यापी गई होय तेणे चौद लोकने जीत्या समजवा परंतु चौद लोक जीत्या छतां मन न जीतायु होय तो कांइक संकल्प उठी चिंता उपजावे, अने मनज जो बरोबर जीतायु तो पछी चौद लोकनो भासज थाय नहीं; केमके ए लोक मनना कल्पेला छे. आटलामाटे जेणे मन जीत्युं तेणेज सर्व जीत्यु छे एम समजवुं. मन जीत्याविना बीजुं सर्व मिथ्या छे श्रीभागवतमां लख्यु छे के ज्यारे हिरण्यकशिपुए पोताना पुत्र प्रल्हादजिने 'मैं चौद लोक जीत्या छे माटे हुं बळियो छु' एम कह्यु त्यारे प्रह्लादजिए कह्युं के जो तमारूं एक मनज तमे जीता तो खरा बळिया अने मन न जीताय तो महा कायर अने सहुए हरावेला छो केम के मन जीत्युं होय तो सर्व घेर बेठां बेठां जीताय छे. आटलासारु कहेलु छे के जेणे मन जीत्यु छे तेणेज जगत्ने जीत्यु समजवु

शूरान्महाशूरतमोऽस्ति को वा
मनोजबाणैर्व्यथितो न यस्तु ।
प्राज्ञोतिधीरश्च समस्ति को वा
प्राप्तो न मोहं ललनाकटाक्षैः ॥ १२ ॥

अर्थ,

शिष्य—शरवीर करतां मोटो शरवीर कोण?
गुरु—जे कामना बाणथी वींधायो नहि ते
शिष्य—प्राज्ञ अतिधीर ने सम कोण कहेवाय?
गुरु—जे ललनाना कटाक्षोथी मोह न पाम्यो ते

टीका

ज्यारे पुरुष कामातुर थाय छे त्यारे अति विह्वळ थई जाय छे* अने नीच माणसनी पासे स्त्रीननी पठ करगरे छे कोइ पण पुरुष महा बळियो होय, मोटी मोटी लडाइओमां जीत्यो होय, चतुर तरवार ने बाणना प्रहार वरसता होय तेमां सामे पगले चालनारो होय अने शरीरमां अनेक घा वाग्या होय तो पण तेनी वेदनाने नहि गणीने शूरातनथी शत्रु साथे लड्यो होय तोपण ते शूरवीर पुरुष ज्यारे युद्धमांथी घेर आव्यो होय त्यारे ते कामना बाणथी भराइने स्त्रीने आधीन थइ जाय छे आ वखते तेनुं शूरातन कोण जाणे क्यांइ उडी जाय छे ने टाढो बोळ थई जाय छे आवी रीते मोटा मोटा शरवीरोने कामना बाण विह्वळ करी नाखे छे गमे तेवुं शूरातन होय तोपण तेनी आगळ गळी जाय छे माटे खरो शूरवीर तो तेज कहेवाय के जे कामना बाणथी पण विह्वळ थाय नहीं गमे तेवो शूरवीर होय तोपण जो कामना बाणथी वींधाई जाय तो ते शरवीर न केहेवाय अने गमे तेवो शरवीर न होय तोपण जे कामना बाणथी वींधातो नथी ते खरो शूरवीर छे अने एटलाजमाटे कामना बाणथी न वींधाय ते शूरवीर छे एम कह्युं छे

जे पुरुष ललना केहेता स्त्रीना कटाक्ष केहेतां नयनरूप बाणोने देखी मोह नथी पामता ते पुरुष प्राज्ञ, तेज पुरुष धीर अने तेज पुरुष समस्त वैराग्य अने सद्गुण संपन्न समजवा श्री भर्तृहरि कहे छे के—

तावदेव कृतिनामपि स्फुरत्येष निर्मलविवेकदीपकः ।
यावदेव न कुरंगचक्षुषा ताड्यते चटुललोचनैश्चलः ॥

---

*काम ए शरीर मात्रनो अदृश्य शत्रु छे ते सर्व प्राणीओना शरीरमां व्यापी रह्यो छे बीजा बहारना शत्रु तो सेहेजमां जीती शकाय छे पण आ शरीरे रहेला शत्रुने जीतवो ए कठण छे ए जीतवाना साधनरूप आ मनुष्य देह छे तेमां बाजां साधनो जे जोइए ते विवेक वैराग्य वगेरे गणाय छे एवा कामना वश थया विना जे तेनां बाणथी पराभव न पामे तेज खरो शूरवीर केहेवाय ने तेणेज सघळुं जीत्युं केहेवाय ने तेम न थयुं तो गमे तेटला जीत मेळवनार थाय पण जीत्युं नथी


वैरागी, योगी, अने तपस्वी आदि पुरुषोनो निर्मल विवेकरूपी दिवो त्यांसुधी रहे छे के ज्यांसुधी हरण जेवां नेत्रवाळी स्त्रीए नेत्रथी झपाटो मार्यो न होय.

धीरनी, धीरता. वीरनी वीरता, गंभीरनी गंभीरता, ने विद्वाननी विद्वत्ता कामनीओना कटाक्षनी आगळ विवेक सहित कोण जाणे क्यांई उडी जाय छे मोटा मोटा प्रतापी पुरुषोनां पवित्र चरित्रने ए कटाक्षे कलंकवाळां कर्यां छे. ए झपाटामांथी बची जवाने संग तजवा शिवाय बीजो कशो उपाय नथी. जो संग रहे तो मोह लाग्या वगर रहेतोज नथी. गमे तेटलुं वांचे ने गमे तेटलुं सांभळे तथा गमे तेम बोले पण ज्यांसुधी संग नथी तजायो त्यांसुधी ते एके साव साचुं मनाय नहीं. संगनो त्याग करवो ए सत्पुरुषनो मार्ग छे. केटलाक दगलबाज पुरुषो बीजाओने संग न करवाविषे तथा स्त्रीना दोषविषे समजावे छे पण पोते संग मेलता नथी. कोई स्त्रीनो समागम होय तो ते भक्तिवाळी छे तेथी सेवा करवाने आवे छे एम कहीने उडावी दे छे. जो सेवा करवानेज स्त्रियो आवती होय तो भाववाळा पुरुषो क्यां थोडा छे के स्त्रीओ सेवा करे ? आवा उपरथी आछा पण माहीली कोर जेने खरो बोध नथी लाग्यो एवा पुरुषो संसारमां बुड्या पड्या छे एम समजवु. एवानी पासे कोई दिवस क्षणमात्रपण जावु न जोईए. लक्ष्मीथी के विद्याथी जे मोटा मनाता होय ते स्त्रीना संगी होय तो तेनी मोटाईमां मोह पामवो नहि तेम तेनी निंदापण करवी नही. एनुं कृत्य ए जाणे. एमां आपणे शामाटे नजर राखवी? सत्पुरुषनो मारग के ग्रंथ तथा शास्त्रनी परनालिका लखाय नहि. पोते पोतानी बुद्धिथी बधुं सारूं नरसुं समजी लेवु ने कोईना गुणदोष जोवा नहि. पाधरे मारगे चालवाथी ठेकाणे पोचाय छे. जेओ स्त्रीना संगी थईजाय छे ते बिचारा शु करे? इंद्रियो महाबळवान छे तेने दमन कर्या विना ते वश रेती नथी. इंद्रियोनुं दमन न थतु होय तेमां वळी महांतपणांनेलीधे मिष्टान्न खावा मळे अने स्त्रियोपण महांतपणापर मोह पामी सेवा करवाने तथा उपदेश लेवाने आवे. सेवा करावा अने उपदेश लेवा आववाणी स्त्रियोने उपदेश देतां परिचय वधे एटले पछी एकांत रेहेवा मांडे. स्त्री एकांते रही एटले महा बळीयो काम देव तरतज मनने विह्वळ करी नाखे छे अने मन विह्वळ थयुं एटले पछी अधर्म थया वगर रहेज नहि. (अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ | ચૈત્ર, સંવત્ ૧૯૬૯ | અંક ૬ ઠો

॥ यतो धर्मस्ततो जय ॥



मतिने सनाद्गत्रिप पद

(કાફી)

વશ થા મતિ વેની વેની રે–૨
જાવુ છે ધન જન મેની રે,–વશ૦ ટેક*
ધામ ધરાદિક કામ ન આવે, બાગ બગાચા બેની રે,––વશ૦
પુત્ર કલત્ર કુટુંબ કબીલો, ર ઠાલાને ઠેના રે,— વશ
અંતે રોગે અતે આ તા।, ચના નર્ક રચૈની રે,–– વશ૦
વિષ જેવા આ વિષમ વિષયમા, ખેર ઘણા તુ ખેની રે,–વશ૦
શુ આમા તારૂ તુ દેખે, હુ પામરમા પેની રે,–– વશ૦
સ્વપ્ન અને મૃગજળના જેવા, રતિરગે શુ ની રે,–– વશ૦
કેમ ચડી છે ફોકટ ફેદે, વાટે ઘાટે વેની રે,— વશ૦
જન્મમરણ મટવાની રીતિ, સમજતુ બહુ સેની રે,— વશ૦
વિનય વિવેક વિચાર વિસારી, છડ ના ઠેઠ છેકની રે,—વશ૦
મારૂ તારૂ તુ મેલીને, પ્રભુચરણે થા ચેની રે,— વશ૦
તોડી દે તુ તત્વવિચારે ડુપદ ગગ ગસેની રે,— વશ૦
શમ દમ સાધન હાથ કરી લે, ભૂન ન ભૂનભેની રે, વશ૦
કેશવ હરિને ભજ ભાવેથી, છોડ ન આ તક ઠેની રે,— વશ૦

* ટેકને આરંભે રે લઇ લઇ। પદો ગમે તે રાગમા । ગી રીતે બોનારો

કુસપ અને ક્લેશના કારણરૂપ ત્રિપુટી

(સગવ પાને ૧૦૦ થી)

આપણા આ શરીરનો પણ ભરોસો નથી તો તેનાથી મેળવેના ધન નુ મમત્વ બાની સબનમા શામાટે ડુરાપ રાખવો? કેમકે સોઇની આ ી

જેટલુંએ સાથે તો આવવાનુંજ નથી. ધન વસ્તુ કાં તો અપાય, કાં તો ભોગવાય અને કાંતો લુટાઈ જાય એવી છે. પોતાના ભાઇ ભાંડુથી છાનું રાખેલું કે પોતે મેળવી બીજાને નહિ આપતાં એકઠું કરેલું ધન છેવટ તો પારકુંજ છે ત્યારે પેલાંથીજ તેને પારકુ કરીને કુટુબમાં સપ અને સુખની વૃદ્ધિ કરવી જોઇએ. આ સ્ત્રી મારો, આ ભાઈ મારો નહિ, આ મારી પુત્રી મને અનુકૂળ છે, આ ભાઇની સ્ત્રી મારાથી વિરૂદ્ધ છે, વિગેરે ધનથી થયેલા અવિવેકથી થનારા વિકારો ઓળખીને છોડી દેવા જોઈએ. આપણે માબાપનું માન ભૂલિયે છિયે, પરોણાની પૂજ્યતા ભૂલિયે છિયે, સારાસારનો વિચાર ભૂલિયે છિયે, દુઃખીનું દુઃખ વિસરિયે છિયે, ધર્મ ઉપર ઢાકણ વાળિયે છિયે, મર્યાદાને મારી નાંખિયે છિયે, સંબધનો બધ વાળિયે છિયે, અનાચારને અંગીકાર કરિયે છિયે, દુરાચારમાં દોષ દેખતા નથી, સદુપદેશો સાંભળતા નથી. સુજનોને મળતા નથી, પાંશરે માર્ગે વળતા નથી, હરિભજનમાં હળતા નથી, ગુણ જોઈને ગળતા નથી, સેવાનુરૂપ ફળતા નથી, ઘર છોડીને નીકળતા નથી, પવિત્ર વચનમાં પળતા નથી, ભાઇ ભાંડુમાં ભળતા નથી, રાગ દ્વેષ શિવાય બીજું કશું રળતા નથી, એ સર્વે અવિવેકથી થયેલી ધનાંધતાનેલીધેજ. આવા ધનથી કુસંપ અને કલેશ થાય એમાં નવાઇ શી? ધને ઘણાયને ધૂળ ભેળા કર્યા છે, ઘણાયને ધૂડ જેવા કર્યા છે, ઘણાયને કૂડ ભેળા કર્યા છે, ઘણાયનાં સૂડ કાઢી નાંખ્યાં છે, ઘણાયને ઝુડ વળગાડેલાં છે, એ ધનથી કુસપ અને કલેશ થાય એમાં નવાઇ શી? ન આવવાના વેહેમ આવે છે, ન કરવાના વિચાર કરાય છે, અને ન થવાનાં કામો થાય છે તે ધનથીજ. ધન એટલે અમુક સખ્યાનું નાણું એમ કાંઇ નથી. એક કોડીથી માંડીને અસંખ્ય સોનામોહોરો અને તેને અંગે થયેલા વૈભવો તે સર્વ ધનજ છે. ચકમકમાંથી પડેલો તણખો પણ અગ્નિજ છે, અને કુંભારનો નિભાડો કે ચૂનાની ભઠી એ પણ અગ્નિજ છે. પણ એટલુ છે કે સખ્યાના પ્રમાણમાં તેનું જોર જણાય છે ઘણાં રાજ્યો પાયમાલ થઈ ગયાં, ઘણાં કુટુબો કુટાઈ મુવાં, ઘણા વિદ્વાનો દબાઇ ગયા, ઘણા દેશો લુટાઇ ગયા, અને ઘણાએ લોકો ધવાઇ ગયા એ સર્વ ધનનેમાટેજ આવા ધનથી ગમે તેવા સંબંધમાં, કુટુંબમાં, જ્ઞાતિમાં, દેશમાં અનુક્રમે કલેશ થાય એમાં નવાઈ નથી. ન થાય તોજ નવાઈ છે. આવી નવાઇનો અનુભવ કરનારા મનુષ્યોનેજ ધન્ય છે. અને તેઓજ મનુષ્યગણ-

નાગા ગ નાને પાન છે. વધારે આશ્ચર્ય તો એ છે કે આ વાતની ખબર છતાં પણ નગરના મુસાફરોની પેઠે મૂઢ નહિ જના મૂર્ખ થયેલા ધનથી ગ ... ના અધતાને તાબે થઈ ગયું ... મળતા નથી. ... પેઠે મમત્વથીજ મદ ... કરનાર ... પ્રાપ્તિને ... ધનપણાના અભિમાનવાળો પોતાનાને ... કરતા એમ નથી વિચાર તો કે જેને હું પોતાનું કરી માનું છું તે કેટલા ... છે? એક પળ ... તો ... ને તેની ક્યાં કશી ખબર છે? જો ખબર હોય તો કુટુંબ કે કલેશ ... શા માટે? અરે વધારે શું કહીએ! ખબર છતાં પણ ... કુટુંબક્લેશ થયા વગર રહેતોજ નથી, અને કુટુંબકલેશનો ... ને બેસવાનો વખત આવતો નથી. અહો દેવું ... ખાવે નહિ ... ગમે નહિ, કાર્યોમાં સુઝે નહિ, શરીર સુકાતું જાય, બુદ્ધિ મંદ થતી જાય, ... ઓછો થતો જાય અને સ્વાર્થીઓ કોનીને ખાઈ જાય તોપણ ... આ લોકોનો મોહ ... ઉપરથી ઉઠતોજ નથી, અને પોતાનાને પોતાના કરવાનું સમજતોજ નથી. ખબર ... પડતાં કે એટલું ... દુઃખ જોઈએ કુટુંબ અને ... ને કેમ છોડતા નહિ હોય? આવા બનાવો જોઈનેજ ... ના સમયમાં વૈરાગ્ય પામેલાઓએ રાગદ્વેષ દૂર કરવાનું કહ્યું હતું. અહો જે ધનને ... સર્વ સંસારના વ્યવહારો ચાલે છે, જે ધન ઉપર મનુષ્યો ... છે, અને જે ... વડે હજારો ... કરવા હોય તો થઈ શકે છે તેજ ... કેટલા ... અનર્થોના ખાણ છે, કે જેથી ... ગતી ... આ ... ત્રિપુટીનું એક અંગ હોય તે ત્રિપુટી કેમ સુખે રોગના હે?

બીજું અંગ આ ત્રિપુટીનું સ્ત્રી છે. સામાન્ય સ્ત્રીજાતિને ... સ્ત્રી શબ્દ લાગુ પડતો છે તોપણ મમત્વથી જેને ... લાવેલા હોય અને પાણિગ્રહણ કરી લાવેલા હોય તેને અહીંયા વિશેષ લાગુ પડે છે. સ્ત્રીઓની સત્પાત્રતા ઉપર વિચાર કરીએ તો આશ્ચર્ય થયા વગર રહેજ નહિ. સ્ત્રી છે તેજ સર્વ સુખનો આધાર છે, માતાની પેઠે માનવંત ... છે, મિત્રની પેઠે હિતોપદેશ દેનાર છે, ચાકરની પેઠે કામ કરી દેનાર છે, ... સુખભોગની વખતે તથા દુઃખભોગના વખત ... આગળ થઈ ... રહેનાર છે પરંતુ આ યોગ્યતા તો અપવાદ ... છે, કેમકે સ્ત્રી ... તે પોતા પાસે આવ્યો એટલે ... ની પેઠે ...

કરી દે છે. શાસ્ત્રોમાં એમ લખ્યું છે કે નદી જેમ સહવાસથી સમુદ્ર જેવી થઈ જાય છે તેમ સ્ત્રી સહવાસથી જેવો પુરૂષ હોય તેવા સ્વભાવની થઇ જાય છે. આમ છતાં એ એવી તો પ્રબલ છે કે પુરૂષને પોતાના જેવા સ્વભાવનો કરી નાંખે છે. એ સ્ત્રીરૂપ ભૂતને આધીન થયેલો માણસ, માબાપને ભાઈ ભોજાઇને કે ગમે તે ગુરૂજનને દેખતો નથી. બુદ્ધિનો બારદાન બની ગયેલો મૂઢ પુરૂષ, દેવાર્ચન ભૂલી જાય છે, ધર્મ કર્મ વિસરી જાય છે, અને રાતદિવસ એનાજ શ્રવણ-કીર્તનમાં આસક્ત બની રહે છે. આજ સસરાએ રાડ નાંખી, આજ કાકાજીએ કાણ કીધી, આજ જેઠે હોઠ ફફડાવ્યા, આજ દેરે દુઃખ દીધું, આજ સાસુએ સુવા ન દીધી, આજ નણંદે નાક તાણ્યું, આજ જેઠાણીએ મેણું માર્યું, આજ ભાભીજીએ ભુખી રાખી, એમ મિશ કાઢીને કાંઈ થયુ હોય ન થયું હોય તોપણ અને વાજબી થવા જેટલું થયું હોય તોપણ તે મોહની પૂતળી સઘળું પ્રસંગ મળે ત્યારે કે સુવા વખતે ધણીના કાનમાં ભરે છે. શ્રમથી થાકેલાને વિવેકવચનથી શાંત કરવો કે તેની આજ્ઞાને અનુસરી આરામ લેવા દેવો તેતો સર્વ વિસરી જઈને આવી કુથળી કરવામાં અધરાત સુધી જગાડે છે. આવી વાતો સાંભળીને સોણામાં સુતેલો માણસ જેમ જીવતો છતાં હુ મરી ગયો એમ ઉંઘથી માની લે છે તેમ મમત્વ અને અજ્ઞાનથી પોતાનું કાંઈ વિપરીત થઈ ગયેલું માની લઈ ભૂતભરાએલાની પેઠે જેમતેમ બોલવા મંડી જાય છે. માતાની મર્યાદા રાખતો નથી, પિતાનો પ્રતાપ વિચારતો નથી, ભાઇનો ભાવ જોતો નથી, અને અવિવેકનો આગાર બની નિરતર ધમસાણ મચાવે છે. અને એમ થાય એમાં નવાઈ પણ શી છે? સ્ત્રીનેયોગે, આંખ હોય તોપણ અંધ થાય છે, કાન હોય તો પણ બેરો બને છે, ચતુર હોય તોપણ મૂર્ખ બને છે, વિદ્વાન હોય તોપણ વિકલ બને છે, મર્યાદાવાળો હોય તોપણ અમર્યાદ બને છે અને અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા અને લોભાદિક સ્ત્રીઓના સ્વાભાવિક દોષો પણ પ્રેમનેલીધે જાણે કેમ પોતેજ તેના ચિન્હરૂપે ચડાણ કર્યો હોય તેમ દેખાડી આપે છે. અહો! લોહચુંબકની પેઠે ચોટી રહેનારી તે પૂતળી હજારો વખત કરેલી ચાકરી ક્ષણમાં ધૂળ ભેળી કરી નાંખે છે, પોતાના સ્વાર્થમાટે હિતાહિત વિચારતી નથી, ધણીને ઢીંગલા જેવો કરી મેલે છે, અને મીઠા મીઠા શબ્દોથી મન હરણ કરી લઇ ફોસલાવે છે તથા મહા દુઃખ આવી પડયું હોય તેમ ઘરની આડી અવળી

વાતો સમજાવી ધણીને રાગ દ્વેષ જેવો કરી મેલે છે એના અગાડી શી પ્રબળતા ! બાપ દીકરા સાથે અને દીકરો બાપ સાથે, સસરો જમાઈ સાથે અને જમાઈ સસરા સાથે, મોટો ભાઈ નાના ભાઈ સાથે અને નાનો ભાઈ મોટા ભાઇ સાથે, ઉદાસ રહે છે, કઠોર વચનો કહે છે, અને ધનને ધૂળ કરી નાખે છે રાજાઓના રાજ્ય ગયા, કીર્તિ વાળાની અપકીર્તિ થઇ, દેશની દુર્દશા થઈ, અને ધનવાન લોકો રણ વગડામા રઝળી મુવા એ સહુ એનાજ પ્રતાપે એના વચનમા લોભાય નહિ, એના પ્રપંચમા ફસાય નહિ, એના અંતરમા સમાય નહિ, એના આદરથી લજાય નહિ અને પ્રેમ દેખાડવા હરખપદુડો થઇ પથરાય નહિ એવો વીર જગતમા કઇ માએ જણ્યો હશે ? એનુ સ્મરણ, એનુ કીર્તન અને એનુ દર્શન સર્વ વિવેકવિચારને ભુલાવે છે તો પછી સહવાસની વાતજ શી કરવી નાની અવસ્થાએ જે માબાપની પ્રીતિપૂર્વક સેવા કરતા હોઈએ તેની આડુ પણ ઉતરવુ ગમે નહિ, જે ભાઇઓની સાથે યુદ્ધ અંતઃકરણે રમતા જમતા આનંદ કરતા હોઇએ તેનુ મોઢુ પણ જોવુ ન ગમે, જેના ઉપર આપણો દેહ અર્પણ કરી દેવા તૈયાર થતા હોઇએ તેને કાઇ પાણી આપવાનુ મન ન થાય, જેને પોતાના માન્યા હોય તેને બીજાના ગણાય અને જેનેમાટે પોતાનુ જન્મવુ હોય તેને ભુલી જઇ બીજાનેમાટે ગણાય, એ સર્વ સ્રીના સહવાસથીજ જાણતા હોઇએ કે તે અવિવેકી છે, બહુ મૂર્ખ છે, ખોટુ કહે છે, લોભી છે અને આપણુ હિત કરવા જતા ખમણુ બગાડે છે તોપણ તેનુ કહેલુ કરી આપવાને કુટુંબમા ગમે તેવો ક્લેશ થાય તોપણ પગલુ ભર્યા વગર નથી ચાલતુ, ત્યારે જાણતા ન હોઇએ તેનુ તો પછી કહેવુજ શુ ? એને કેમ અમુક વસ્ર નથી, એને કેમ આભૂષણ નથી, એ શોની કામ કરે ? બીજા કેમ બેસી રહે, એને કેમ કાઇથી કાઇ કહેવાય, મારા માણસનુ કેમ નામ લેવાય, એવા વિચારો કરી બાળક મતિનો પુરૂષ પણ હોય ત્યા ક્લેશનુ ઝાડ ઉભુ કરી પોતે દુઃખ વેઠે છે અને બીજાને દુઃખ આપે છે આમેય બાળક અવસ્થા કે યુવાવસ્થા એ અવિવેકનુ સ્થળ છે તેમા વળી સ્રીનો સહવાસ થાય એટલે વઢકણી વેરણે દીકરો જણ્યો એ કહેવત જેવુ થાય, પછી તે જમીન આસમાન દેખેજ કેમ ? પાણિગ્રહણના સંબંધ વગરના બીજા સ્રીજનો પણ જે જે અગાડી પોતાના વચન ઉપર વિશ્વાસ

પરાધ કરવાથી કુસંપ થાય તો તેમાં ખેદનું કારણ કાંઈ નથી. સ્ત્રીને સંયોગે કુસપ ક્લેશ થાય એમ કાંઈ છેજ નહિ. એનું પણ ધનની પેઠેજ થાય છે. જ્યાંસુધી સ્ત્રી હોય નહિ ત્યાંસુધી તેને મેળવવામાટે અનેક ક્લેશો સહન કરવા પડે છે! મેળવ્યા પછી તેની સંભાળમાટે અનેક પીડા સહન કરવી પડે છે અને આવીને ગયા પછી પણ અનેક આધિ વ્યાધિ તથા ઉપાધિ ઉપજાવે છે. એ આદિથી અંતસુધી વિચાર કરવાથી પ્રત્યક્ષ જણાઈ રહે તેવું છે. આમ ત્રણેય સ્થિતિમાં ક્લેશ કરાવનાર સ્ત્રીવસ્તુ ધનની પેઠે ધિક્કાર કરવા યોગ્ય છે તોપણ કોઈ ઇશ્વરની અદ્ભુત માયાનેલીધે ધનની પેઠેજ તેને જાણે કેમ ક્લેશના પ્રમાણમાં કાંઇ વધારે તેની પાસેથી બદલો મળતો હોય તેમ ગ્રહણ કરીએ છિએ. અને વખત આવ્યે મરિયે પણ છિએ. અહો! કેવી અનિર્વચનીય ગુંચવણી? દેખતાં ભુલાય, દીવો લઈને કુવામાં ઉતરાય અને ઝેર સમજ્યા છતાં અમૃતની પેઠે લેવાય એ ભૂલવણીમાં દેવદાનવો પણ પતંગની પેઠે ભુસાઇ ગયા પણ ફેરફાર ન થયો તો આપણે શું કરવાના હતા? નાના, એમ તો નહિ. પેલું અંગ ધન અને બીજું અંગ સ્ત્રી ગમે તેવા ક્લેશનું મૂળ છે તોપણ અભ્યાસથી વિવેકબલને લીધે તેનો સદુપયોગ અને તેની સહાયથી સુખ મેળવાય તો ખરૂં. એના પણ દાખલા કોઇ કોઇ મળશે ખરા. પણ એટલું તો નકી છે કે તેને અંગે આધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ તાપ દેશકાલ અને પાત્ર પ્રમાણે થવા સંભવિત છે તે તો ટળવાનાજ નથી. અપૂર્ણ.

वेदधर्मसभाने बक्षीस.



પ્રશ્નોરા નાગર ગૃહસ્થ રા. રા. વૈદરાજ જટાશંકર વિઠ્ઠલજીએ, પોતાનાં પત્ની સૌ. મણિકુવરના મરણ પછવાડે પુણ્યાર્થે રૂ. ૧૦ દસ આ સભાના ધર્માઉ ફંડ ખાતે બક્ષીસ કર્યા છે. તે કાર્યભાર મંડળીએ માન્ય રાખ્યા છે.

એજ ગૃહસ્થે વેદધર્મસભાની સસ્કૃત પાઠશાળામાં ભણતા વિદ્યાર્થિઓની શીઘ્ર કવિવર શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરપાસે પરીક્ષા લેવરાવી પુસ્તકનું ઇનામ વિદ્યાર્થિઓને આપ્યું છે.

पुनरुद्वाहविषे विचारना पत्रनो प्रत्युत्तर

(સંબંધ પાને ૧૪૮થી)

દુર્જનો હસે તે તો હમણાંની અને પછીની બેય સ્થિતિમાં બોલવું યોગ્ય ધારશે તેમ બોલશે, તોપણ વ્યવહારને અનુકૂળ માર્ગ તમે અંગીકાર કર્યા પછી બોલે તો તે અગાઉથી સહન થાય પણ તે પહેલાં બોલે તો તે સહન થવું કઠણ છે ભલા, ની તે વાત ન ગણકારિયે, પણ સમજુ વિદ્વાન સ્નેહી પણ તમે ધારી રાખેલા વિચારને બહુ ડાપણભરેલો નથી લેખતા ત્યારે તેને તો સારો લાગે તે માર્ગ ગ્રહણ કરવોજ જોઇએ બધાના વિચાર ખોટા અને તમારો એકનોજ વિચાર ખરો એમ માનવાનો આ કાળ નથી અને તમારી યોગ્યતા પણ નથી સાચો માર્ગ તો એજ છે કે દુર્જન કે સજ્જન કોઈ પણ નિંદે નહિ કે હસે નહિ અને તે જો વિવેકથી વિચારશો તો તમે ધારો છો તે કરતાં અમે કહિયે છિયે તે વધારે સુગમ છે ન માનો તો કરી જુવો પરીક્ષા, પછી જો તેમ ન લાગે તો તમે જે અપમાન કરો તે અમે સહન કરશું

નવી સ્થિતિ બનાયા પછી પેહેલી પ્રજા દુખી નજ થાય એવી ખાતરી તમને કાળયોગથી બનતા બનાવો જોઇને થાય નહિ એ સમજિત છે, પરંતુ આગળ પણ લખ્યું છે અને અહીં પણ લખિયે છિયે કે એ વિષે જ્યારે દુખી નજ થાય એમ ખાતરી નથી થતી ત્યારે સુખી નજ થાય એવી ખાતરી પણ શી રીતે રાખી શકાય? નજ રાખી શકાય અને એટલામાટે એ પ્રતિવચન તો અવરથી ઉડી જાય તેવો છે પ્રજના સારા કર્મ હોત તો આ દશા આવત નહિ એ વાત ખરાખર છે, પણ તેટલામાટે હવે પછીના કર્મ પણ તેવાં સારાંજ નથી એમ શી ખાતરી? એ તો ભર્યું નાળિયેર છે, માટે તેને તો સારૂંજ કલ્પવું આપણી રીતભાત વિગેરે ઉપર નજર કરવું તો નવી સ્થિતિથી પ્રજા સુખીજ થશે એમ ખાતરી થાય છે સંસારમાં બાપા બરયા તો સહુએ [illegible] અને સહુએ એકવાર બોલાવે, પણ મા વગરના બાળકની ગમે તેવી સારી સ્થિતિ પણ કેવી દયામણી છે તે તમારાથી અજાણ્યું નથી બીજી મા ગમે તેવી સાકર ખવરાવી લાડ લડાવે તોપણ તે કોઈ [illegible] નથી અને માતા સુકો રોટલો આપી રખડતા રઝળતા મેલે તોપણ તે બહુ પુષ્ટિકારક થાય

છે. એના અંતરનો પ્રેમજ તેનું પોષણ કરે છે; પણ તે માતાનો વિયોગ પડતાં તેને જો ઉપમાતા મળે તો તેપણ તેનીજ ગરજ સારે છે. અને વળી તમારા જેવા પાત્રના સંબંધમાં આવેલું માણસ પ્રથમના અંધાંગ જેવુંજ થઈ તે પ્રજામાં પોતાની મમતા બાંધે તો શું પૂર્ણ સંતોષ ન થાય! પૂર્ણ તો શું પણ વધારે પૂર્ણ સંતોષ થાય. તમે હજી કોઈ પણ જાતિની તેવી સ્થિતિ નથી ભોગવી તેથી સ્વાનુભવ નહિ હોય, પણ જગતના દાખલા ઉપરથી તો સર્વ સમજાવું જોઈએ કે બાલકને માતાની બહુ જરૂર છે; માટે સમય હોય તો તે સંપાદન કરવામાં કશો બાધ નથી. તમે તો ગમે તેમ ફર્યા કરો કે પરદેશ વેઠો પણ મા વગરનાં બાલક દીન મુખે જ્યારે આંસુ પાડે ત્યારે તેનું કોણ સાંભળે ! સાંભળે તોપણ અંતરનો ભાવ કેમ આવે અને તે પણ આવે તોપણ બાલકને એમ કેમ થાય કે અમે માતાનું સુખજ અનુભવિયે છિયે. બાલકોને બેસવા ઉઠવા રમવાનું સ્થળ માતાજ છે. તેમાંપણ પુત્રિપ્રજાને માટે તો માતાની ઘણીજ જરૂર છે. માટે તમારા સુખમાટે નહિ તો તમારી સ્વાભાવિક બાલક ઉપર દયાની ખાતર પણ ગરીબ અને નમાયાં પુત્રિમાટે માતાની જરૂર છે તે કાંઈ તમારા એકલાથી પાર પડશે નહીં. જનેતા તે જનેતાજ છે તે વાત ખોટી નથી તોપણ આપણા જેવા સુવિચારી વર્ગમાં જનકના સ્વભાવને અનુસરનારી નવી માતા પણ માતાનીજ ગરજ સારવાને યોગ્ય થાય છે અને તે સર્વ અમે પ્રત્યક્ષ જેવું જાણિયે છિયે. પેહેલાંથી દુઃખની કલ્પના કોઈપણ બાંધે નહિ. પેહેલાંથી તો સુખનીજ કલ્પના હોય. તેમ ન હોય તો કોઈ પણ સ્થિતિને માણસ અંગીકારજ કરે નહિ. તમે પણ જે સ્થિતિમાં રેહેવા માગો છો તેમાં આગળ શું થશે તે ખબર નથી તોપણ સુખની કલ્પના કરીનેજ તે સ્થિતિને અંગીકાર કરો છો. તો તેજ રીતે અમે કહિયે છિયે તે સ્થિતિને અંગીકાર કરવામાં સર્વને સુખ છે એવીજ કલ્પના કરવી એ આનંદનું સ્થાન છે.

પાશેર અન્ન ખાઇને જ્યાં જગા મળે ત્યાં આગળ-પાછળની ચિંતા રહિત થઇને સુઇ રેહેવામાં કે કોઇના ઉપયોગી નહિ રહીને જીવન ગાળી નાખવામાં અમે આ લોક સુધર્યો એમ માનતા નથી. અને આ લોક જ્યારે ન સુધર્યો ત્યારે પરલોક તો પછી શેનો સુધરે! કર્મ અને સંચિત બિચારાં શું કરે? એ સર્વ તમારે સ્વાધીન છે તેમ છતાં તમે તેને આધીન થઇ જાઓ એ તો હસવા જેવી વાત છે. જગતમાં જો કાંઇ કામના, કાંઇ ઉપ-

યોગી, કાંઇ ધર્મકર્મ કરનાર અને કાંઇ કીર્તિમાન થવું હોય તો તે સંપૂર્ણ ગૃહસ્થની સ્થિતિમાંજ થવાય છે સુગમ રીતે ધર્મકર્મ પળાઇને છેવટ જે કાંઇ થાય છે તે આ સ્થિતિથીજ થાય છે છોકરાં ક્યાંઇ રખડે, સબંધીયો ક્યાંઇ રખડે, પોતે ક્યાંઇ રખડિયે, મમત્વથી ચિંતા થાય પણ પોચી ન શકાય, ગુરુજનોની સેવા ન બને, તેને સંતોષ ન ઉપજાવાય, અને લોકોમાં મનાતા સુખમાં સર્વની બરોબરી ન કરાય એ તે શું આ લોક સુધર્યો કેહેવાય? શું મનુષ્ય જાતિમાં એમ એકના રખડી રઝળી મરવામાટેજ જન્મ આવ્યો હશે? જરા વિચાર કરો તો સર્વ દીવા જેવું જણાશે આ લોક સુધરવો એ સત્કર્મ અને પુરૂષાર્થથી સુધરે છે અને તે સત્કર્મ અને પુરૂષાર્થ ગૃહસ્થસ્થિતિમાંજ વધારે થઇ શકે છે કેટલીક વાત કાઢી નાખવા જેવી નથી એમ તો તમે પણ માનો છો પછી હવે વાંધો શું રહે છે? અવસર નથી એ તમારો ભ્રમ છે, કેમકે અવસર જેવો જોઇએ એવો છે, માટે ખોટું મન વાળવામાં આખર ખાટી જાઓ તેમ નથી આવો પ્રસંગ આવ્યો છે માટે ઈશ્વરની ઇચ્છાજ આમ થવામાં અનુકૂળ છે એમ અમને લાગે છે અને તે તક જો તમે જવા દેશો તો તમે હાસ્યાસ્પદ થવાનાજ કાળગતિ અને ઈશ્વરગતિ બેય જાણતા હોય તેઓ ન હસે એમ ન સમજવું, કેમકે કાળગતિ સબળી હોય તોપણ તમે તો અબળી માની બેસો છો તમે આ સ્થિતિને પામ્યા એ ખેદની વાત છે એમ તો અમે જાણિયે પણ હવે પછી તેનીતે સ્થિતિમાં અત્યાગ્રહથી રેવા ઇચ્છા રાખો તો એ વળી વધારે ખેદની વાત થાય, કે જેનેમાટે હમણાં ડોળાયેલા મનમાં વિચાર આવવો કઠણ છે જે સ્થિતિ લઇ બેનના ધારો છો તે કાંઇ ઉભય લોકને સુધારવાનું મુખ્ય સાધન નથી એમ તો તમારા લેખથીજ સિદ્ધ થઇ જાય છે તો પછી નિષ્ફળ સ્થિતિનેમાટે આગ્રહ છોડી દઇને જેવી સ્થિતિ પણ હતી તેનીજ અનાયાસે બની બધાય તે બનાવવા દેવી અને તેને અનુસરી આ લોક સુધારવો એટલે પરલોકપણ સુધરે સર્વ વિચાર કરતા એ પ્રમાણેજ તમારો અધિકાર છે એમ અમે નકી થયું છે રત્નની પરીક્ષા રત્નથીજ થાય નહિ પણ ઝવેરીથી થાય તેમ તમારી પરીક્ષા તમારાથી થાય નહિ અમારાથી થાય માટે એ પરીક્ષાથી તમે પાણિગ્રહણ કરવાને યોગ્ય લાગ્યા છો જે વિવેકી હોય તેણે પાછળ પશ્ચાત્તાપ ન આવવો પડે માટે કોઇપણ કામ કરતા પહેલા તેનું ફળ શું થશે તે વિચારવાની જ

ણિક સુખ આવતુ હોય તો ભલે આવે તેમા તમે આસક્તિ નહિ રાખો તો ક્ષણિક સુખ લેતા અનેક આપત્તિથી આવી પડતા દુ ખો પણ ક્ષણિકજ લાગશે તમે જો સુખ દુ ખનો વિચાર છોડી દેશો તો ...થી અખંડ સુખનો અનુભવ લેવાનો એ માર્ગેથી પણ તમને સમય આવશે તમે ક્યા નથી જાણતા કે પોતાના ક્ષણિક સુખ કે અખંડ સુખમાટે વિચાર કરવો, એતો અનાદિકાળની રીતિજ છે પોતાના સુખમાટે સૃષ્ટિના આરંભથી આજ સુધીમા કોઈ પણ પ્રાણી પ્રયત્ન નથી કરતુ એમ છેજ નહિ, પછી તે માથી ફલ ગમે તે થાય તે કાઇ કહી શકાય નહિ અને તે ફલ સુખ દાયક મનાય કે દુ ખદાયક તેપણ કહિ શકાય નહિ જો આ માર્ગ અન્યાય ભરેલો હોતતો જે મહાન પુરૂષોના ચરિત્ર ઉપર અને તેના વાક્યો ઉપર આધાર રાખી આપણે ચાલિયે છિયે તેજ તે માર્ગને તેવો કેમ ન ગણત? તમે તો પ્રયત્ન કરતા નથી ને પ્રાપ્ત થાય છે પરતુ અમે તો એમ કહિયે છિયે કે પ્રયત્ન કરીને પણ યોગ્ય સ્વાર્થ સાધવામા કાઈ અન્યાય તો કહેવાયજ નહિ એ માર્ગે વળવાથી પરસ્પરનો પ્રેમ, પરિચય અને સદ્ગુણનુ અજાણપણુ તમને લાગુ નથી પડતુ, કેમકે એ તો તમારા આજ દિવસ સુધીના વિચારો અને વર્તણુકથી અબાધિત રીતે જાણવામા આવ્યુ છે અને તે કાઈ વ્યવહાર માત્ર સાચવના અને આર્યોને પ્રસન્ન રાખવા ભરવામા આવતા પગલાથી લોપ થાય તેમ નથી બાકી ખરુ કહો તો એ પ્રેમ, પરિચય સર્વ તમારા સુખનેમાટેજ તમે માનેલ છે, બાકી તેમા કશી સત્યતા છેજ નહિ અને વધુ પૂછતા હો તો જે લાગણી તમને થાય છે તે તમારા સ્વાર્થને અનુસરતી અને અજ્ઞાનતાનેલીધેજ થાય છે તમે ગમે તેટલુ કરશો તોપણ તે પ્રેમ પરિચય સર્વ આજ નહિ તો કાળે કરીને પણ તમે ભુલશોજ, અને જ્યારે ભુલશો ત્યારે તેને તમે સત્ય માની બેસી વ્યવહારમા શામાટે વિક્ષેપ પાડો છો? પ્રેમ પરિચય કાઈ નહિજ પણ આપણુ સ્વાર્થપણુજ સિદ્ધ થઈ જાય તો તેમા તમને શી હરકત છે? કેમકે સૂક્ષ્મ નજરથી જોતા સસારચક્ર આખુ સ્વાર્થની સાકળથીજ સંકળાયુ છે અને તેથી કરી સ્વાર્થપર લક્ષ રહેનારપ અયોગ્યતા તો યોગ્યતારૂપ થઈ જાય છે મગનારને એથી સતોષ થાય કે ન થાય એ અદૃશ્ય વાત છે પણ હયાતાની સ્વાભાવિક રીતભાતથી થાય એવુ અનુમાન બાંધવાને કારણ મળે છે, તો કાર્યપ્રસગે અનુકૂળ હોવાથી ગ્રહણ કરવામા કાઈ બાધ

નથી. જો તમે તમારી ધારેલી સ્થિતિયે રેહેવા ચાહો તો તે પણ તમારો સ્વાર્થજ છે, કેમકે એમ રહીને દુઃખ વેઠવામાં પણ તમે કોઈ પણ પ્રકારનું સુખ માન્યું હોવું જોઇએ. અમારૂં તો કેહેવું છે કે સુખ પણ વિચારથી કાંઈ નથી અને દુઃખ પણ કાંઈ નથી. ત્યારે તેને કલ્પનાથી શામાટે કલ્પીને દુઃખી થવું. સ્વપ્નમાં પ્રાપ્ત થતો વ્યવહાર જેમ નથી છોડતા તેમ જાગ્રતનો પણ નહિ છોડતાં સંકળાયેલા રહીને અખંડ આત્મસુખ સંપાદન કરવું. બાકી પ્રેમ, પરિચય, સુખ, દુઃખ કાંઈ નથી. જેનેમાટે પ્રેમ પરિચયનો તમે વિચાર કરી બેઠા છો તે વસ્તુ પણ પોતાના સ્વાર્થથીજ તમારામાં અનુરક્ત હતી અને તમે પણ તેથીજ તેમાં અનુરક્ત હતા. માટે એવી બાબત ઉપર લાંબાલાંબા વિચાર કરી ધુમાડાના બાચકા ભર્યા જેવું કરવું એ તો માત્ર વિકલતા દર્શાવનારૂંજ થઈ પડે તેમ છે. કેમકે એ વિષયના સ્વપ્ન જેવા સ્મરણ શિવાય બીજું તમારી પાસે શું છે ! એમ કરતાં પણ તમને તે વિષે ધોખો રેહેતો હોય તો અમે કહિયે છિયે કે જે લાગણી આજ સુધી તમે રાખી છે તે તમારા અને તેમના પરિચયનેમાટે બહુ છે. હવે પછી પણ વ્યવહારમાં તેનું સ્મરણ પ્રસંગે કર્યા કરો એ કાંઈ થોડું નથી. એથી વિશેષ કરવું એ યોગ્યતા તો, ગયેલા પાત્રની સાથેજ ગઈ સમજવી. તમારો તે અધિકાર નથી. માટે નિરૂપાયવિષયમાં અને નકામા વિચારમાં કાલક્ષેપ ન કરવો એજ બુદ્ધિનું સાફલ્ય છે.

સ્રીવર્ગ તેથી વિપરીત રીતે સ્થિરવૃત્તિથી રહી સ્વધર્મને પાળે છે અને પુરૂષવર્ગનેમાટે તેથી વિરૂદ્ધ ચાલતું ધોરણ તમને મોટા અન્યાયરૂપ લાગે છે તેનું કારણ તમારી અજ્ઞાનતાજ છે. આ ધોરણ કાંઇ આજનું નવું નથી પણ આદિથી ચાલતું આવે છે. આ ઠીક અને આ અઠીક એમ વિચારવાને આજ તમે એ ધોરણથીજ તૈયાર થયા છો. આવું ધોરણ જો હોત નહિ તો ધર્મ કર્મ તથા જગતનો કોઇ વ્યવહાર સચવાત નહિ, તેમજ તમે જે આજે અમુકની પાત્રતામાટે ફોકટ જન્મ ગુમાવવા તૈયાર થઇ ગયા છો, તેપણ થાત નહિ. સંસારમાં મુખ્ય થડ પુરૂષ છે અને સ્રી-પુત્ર વિગેરે ડાળીયો છે. થડ એકજ હોય. ડાળીયો હયાત હોય તો તેજ, ન હોય તો નવી થાય છે. મુખ્યવસ્તુ પુરૂષ છે. સ્રીપુત્રાદિક પ્રકૃતિ છે તે તેને આધીન છે અને મુખ્યના સુખના સાધનરૂપ છે. તેઓ સાધનભૂત થઇને પોતે પણ સજીવ હોવાથી સુખ સંપાદન કરી લેછે. પણ તેથી તેનું સાધનત્વ

જતુ નથી એવો નિયમ આદિથી ચાલ્યોજ આવે છે એઓને સર્વોત્તમ સુખ આપવુ અથવા ગમે તેટલી સમાનતા આપવી એ સર્વ વાતે યોગ્ય છે, પણ સાધનોને મુખ્ય ગણી પોતે સાધનરૂપ થઈ મુખ્ય મટી જવુ એ તો જગતના ક્રમની ઉપર પગ દેવા જેવુ છે, અને પારધી મારવા આવે તે વખતે સસલુ આખ આડા કાન કરી જાય છે તેના જેવુ છે જેને તમે અન્યાય માનોછો તેણેજ તમને આવો ન્યાય દેખાડ્યો છે ત્યારે આવો સદ્વિચાર આપનારને તમે અનાદર કેમ કરશો ? જગતનુ મડાણ જોશો તો પ્રથમ પુરૂષ અને પછી પ્રકૃતિ છે પુરૂષ અનાદિ એકનો એક, માયાનો આવિર્ભાવ અને તિરોભાવ આ ક્રમથી જગતમા પણ વ્યવહાર ચાલ્યો છે કોલકરાર સ્ત્રીના અને પુરૂષના બન્નેના પળાય છે પુરૂષ સેવ્ય અને સ્ત્રી સેવક છે તદનુસારજ સ્ત્રીને પતિની હયાતિમા તેને અનુસરી મન વચન કર્મ તેને અર્પણ કરી તેને વશ વર્તી, તેનુ સુખ વધારી પોતાનુ સુખ સપાદન કરવુ અને હયાત ન હોય તો પણ તેનુજ સ્મરણ, તેનુજ કીર્તન, તેનીજ ભક્તિથી શમ દમ પાળી જીવન વીતાડવુ, અને પાછળ મેલેલી પ્રજાનુ પોષણ કરવુ પુરૂષે યાવજ્જીવિત તેનેવિષે અનુરક્ત રહેવુ, પોતાની યોગ્યતા પ્રમાણે તેનુ લાલન પાલન અને પ્રસગે સ્મરણાદિક પણ તેનુજ કરતા તેને સુખમા રાખી પોતાનુ સુખ સપાદન કરી,તેનુ જોડાઇને એકરૂપ થયા છતા પણ કાળ યોગથી તેનો વિયોગ થાય તો તેના ગુણનુ સ્મરણ અને વિયોગથી ખેદ કરતા તેથી થયેલી પ્રજાના રક્ષણમાટે તથા સસારના ધર્મકૃત્ય કરવા અને સૃષ્ટિનો ક્રમ સાચવવા બીજા પાત્રનુ અનાસક્તિથી ગ્રહણ અધિકાર હોય તો કરી શકવામા કોલકરાર તુટતાજ નથી, તેમ છતા તુટેલા માનવા એજ ઘણુ કરી અન્યાય ગણાશે જેની ઉપરથી ન્યાય અન્યાયના નામ આપણે જાણી શક્યા તે ધર્મશાસ્ત્રોજ જ્યારે આ બાબતમા વિરૂદ્ધ નથી ત્યારે પછી અફસોસથી ઉદાસ શામાટે થવુ ? અને એમ થવાથી ગયેલી વસ્તુ પાછી આવીને તમારા આ વિચારમાટે જો ઉપકાર માને તો તો હજીએ ઠીક, પણ-તેમ તો બનતુજ નથી આમ સ્ત્રૈણની પેઠે અથવા અશાસ્ત્રજ્ઞની પેઠે અથવા, અજ્ઞાનની પેઠે રોદણા રોવા જેવી વાત લઇ બેઠા છો તેથી શુ તમને શરમ નથી આવતી ? સ્ત્રીએ ગ્રહણ કરવાનો માર્ગ જ્યારે પુરૂષ લેશે ત્યારે પછી સ્ત્રીઓની અધિકતામાટે કયો માર્ગ રાખવો ? તમે જે દૃઢ વિચાર રાખ્યો છે તેની આજસુધીની અવધી વ્યવહારના ધર્મને સુધાર

નારી અમે માનિયે છિયે. કેમકે આવી આસક્તિ પણ એક તમારાથીજ રાખી શકાય, અને તે ઉપરનો ડોળ કરી દંભી થઈ પ્રેમપાત્ર ગણાવામાં ઈચ્છા રાખનારાઓને ઘણો સારો ધડો આપનારી છે. પણ હવે તેનું હંતિશ્રી કરવામાં અમે કાંપણ માનીયે છિયે. અમારૂં કેહેવું એમ નથી કે અંતઃકરણમાંથી તેમના ઉપરનો ભાવ ઉતારી નાંખવો. એ ભાવ સુજનને ઉતરે નહિ અને ઉતરે તો પરિચયજ ખોટો, પરંતુ વ્યવહારપતિત કાર્યમાં વિરોધ લાવો છો તે છોડી દઈ, પાષાણમાં જેમ દેવની કલ્પના થાય છે તેમ ગયેલાં અર્ધાંગની નવાં અર્ધાંગમાં કલ્પના કરી વ્યવહાર ચાલતો રાખી અમે સંતોષ પામિયે તેમ કરો, એટલે તમારા કોલકરારો પળાયાજ છે. જો ન પળાયા સમજતા હો તો એનો દોષ અમારી ઉપર અમે લઈએ છિયે. હૃદયચક્ષુમાં વિવેકરૂપ અંજન આંજો તો દિવ્યદૃષ્ટિથી સર્વ અનુભવાશે. ટુંકા વિચારમાં સાર નથી અને તે તમે તેવા અધિકારી છો માટેજ. અનધિકારીને ટુંકા વિચારોજ ઉપયોગી છે. દીર્ઘદૃષ્ટિના વિચારો એવાને અનર્થ કરનારા થઈ પડે છે. આમાં કાંઈ અનર્થ થાય તેવો સ્વાર્થ છે નહિ અને તેમાં અયોગ્યતા પણ સિદ્ધ થતી નથી. પરાધીન સ્થિતિમાં ઓશીયાળા રહીને સંબંધિયોને અસંતોષ આપવા જેવું પગલું ભરવામાં ગમે તેવી યોગ્યતા હોય તોપણ તે અયોગ્યતા જેવીજ અમને લાગે છે. સ્ત્રીવર્ગેજ ઉત્તમ પ્રેમ બાંધી જીવતાં અને ત્યારપછી પણ એકરંગથી પાણિગ્રહણ કરનારનુંજ સ્મરણાદિક રાખી જે ધર્મવ્યવહારની વ્યવસ્થા જાળવી રાખે છે તેના માનની ખાતર એમને ધન્યવાદ આપવો અને એમની યોગ્યતા જાળવવી તથા પારોક્ષસૌહૃદ કરવું એટલુંજ તેમના તરફ ન્યાયભરેલું છે. એકના દુઃખે બીજાએ દુઃખ થવાથી તેનું કલ્યાણ થઈ જતું હોય તો તે તમારી ભુલ છે. એથી તો ઉલટું એનુંજ અહિત થાય છે.

ભોક્તા અને ભોગ્ય એ નિયમને અનુસારે તમને ઠીક નથી પડતું તે યોગ્ય છે. એ બાબત ઉપર આવી ગઈ છે તેથી તમે સમજ્યા હશો. આ ક્રમ આજનો નથી. અનાદિ છે. સાક્ષાત્ જગતના અધિષ્ઠાનરૂપ પરમ પુરૂષમાં પણ એ નિયમ લાગુ પડે છે તેમ જગતના બોળા વ્યવહારથી પણ એમજ જણાય છે. એટલામાટે ભોક્તા એનોએ હોય તો પણ ભોગ્ય એકને અભાવે બીજું આવી શકે.

(અપૂર્ણ.)

मणिरत्नमाळा

(अनुसंधान पाने १२ थी)

कामना बाणथी घवायेलु हृदयचक्षु एटलु तो एवु आंधळु थई जाय छे के तेने खरा-खोटानो भास पण थतो नथी. क्रमे क्रमे पण जो स्त्रीनो संग थाय तो आवु परिणाम थाय छे, माटे मूळथीज संग न थाय तेम करवु केमके संग थया पछी टाळवा जाईए तो ते गळीना डागनी पेठे टळतोज नथी. आउपर एक दृष्टान्त नीचे आप्यु छे —

कोई एक गाममा सारी स्थितिना महात्यागी सत्पुरुष रेहेता हता ए गामना सघळा लोक तेनी सारी सेवा करता हता एम दिवसो जता जता एक दिवस ते महा पुरुषे तीर्थाटन करवा जवाने तयारी करवा मांडी महापुरुषनी चालवानी तजवीज जोईने लोकोए तेने जवानु कारण पुछ्यु जेना जवाबमां महापुरुषे पोतानु मन उदास रेहेतु हतु ते कांई पुस्तक वाचवाने होय तो उदास मटी जाय एम विचारी तेवु सारू पुस्तक लखावी आपवानु कह्यु गामना भक्तिवाळा लोकोए ए महापुरुषनी वृत्ति शांत थवामाटे एक पुस्तक लखावी आप्यु, जे पुस्तक वांचीने महापुरुष आनंदमा सद्विचार करता दिवसो गाळता हता. एक दिवसे ए पुस्तक वांचीने ऊंचु मेल्यु हशे त्यांथी उंदरे करडी खाधु तेथी महापुरुष मनमां दीलगीर थया हवे फरीथी उंदर पुस्तक न करडे तेनेमाटे महापुरुष विचारमां पडया ते जोईने पासे आवनारा लोकोए एक बिलाडी पाळवानु कह्यु. आ वात महापुरुषने ठीक लागवाथी पुस्तक वाचवानु तो भूली गया पण बिलाडीने पाळवामा मन लाग्यु बिलाडीने देववामाटे रोज भिक्षा मागवा जाय ते साथे दूध मागीने लई आववा मांडयु. एक उपाधि जो वळगे तो तेने पासे अनुक्रमे बीजी चाली आवेछ तेवीज रीते महा पुरुषने थयु रोज दूध मागवा जता हता ते जोईने कांई दयाळु भक्ते महाराजने गाय आपी ते मीददीने दूध पावा माटे लीधी गाय आवी एटले तेनी पाळवणनी बीजी उपाधि लागी तेने खवरावावामाटे गाममा कोई कडबना भर चालता थता होय तेमांथी एक बे पूळा मागी ले अने सांज पडे एटले वळी घेर घेर चारो उघराववा निकळे आम करता वळी थोडा दिवस थया एटले कोई एक पटेले महाराज पासे डोका सारु देवता माग्यो ते तेणे टालचथी आप्यो एटले पटेले महाराजनी गायसारु कडबनो भर एक मोकलावी दीधो कड

वनो भर जोई महाराज राजी थया ने फरीने ते पटेल आव्यो एटले त्याकर नेलीधे तेने चलम भरी आपी पटेले महापुरुषे चलम भरी आपी तेथी हरखीने एक चारो वाववा साऊ पसायतुं खेतर लेवानु कह्यु. महाराजनी तो वृत्ति गळी एटले खेतरनी हा पाडी ने लीधु पटेले तो जाण्युं के महाराज ने खेतरमां चारो पण थशे एटले उपाधि वधी मटी जशे पण महाराजने तो वळी वधारे उपाधि थई. महाराजे पटेले आपेलु खेतर ववराव्युं पण साधी राख्यो तेनो विश्वास न आववाथी खेतरनी वचोवच एक माळो बांधी तेमां रातदिवस किकियाटा करीने थाळी ठोकीने वैयां उडाडवा मांड्यां. आवी रीते पोथी पोथीने ठेकाणे रही अने महापुरुष तो महाप्रपंचमां पड्या ने ज्ञाननो डाटवळी गयो एटलामां कोई बे महापुरुषना गुरुभाई चडी नीकळ्या तेणे तेने बोध आपीने जे पुस्तकने लईने क्रमे क्रमे आटली उपाधि वधी हती ते पुस्तकनो पण संग तजावी दीधो अने पोथीनो संग तज्यो एटले एनेमाटे जे जे उपाधि हती ते वधी दूर थई.

आप्रमाणे एवा महापुरुषने मन शांत रेहेवामाटे लखावेलां पुस्तकना संगथी पण आवी दशा थई तो स्त्रियोनो संग करवाथी शुं शुं अधर्म नथाय? जेटला कहिये तेटला थाय. स्त्रीनो संग थयो के प्रजानो थाय. प्रजानो संग थयो के धननो संग थाय. एम अनुक्रमे संग अने उपाधि वधवा मांडे ने अनेक अधर्म थाय. मदालसाए अलर्कने कह्युं छे के—

संगः सर्वात्मना त्याज्यः स चेत्त्यक्तुं न शक्यते ।
स सद्भिरेव कर्त्तव्यः सतां संगो हि भेषजम् ॥

संग सर्वनो तजी देवो. पण कदी ते तजी शकातो न होय तो ते सत्पुरुष साथे संग करवो; केमके सत्‌पुरुषनो संग ए संसारना बंधनमांथी छुटवानु औषध छे.

आ उपरथी आपणे समजवु के कोइनो पण संग न करवो तो स्त्रीना संगनी क्यां वात रही. आविषे आगळ पण लखी गयाछिये माटे अहीं नथी लखता. जे बोधवान् ने समजु पुरुष छे तेनो कोइ करतां संग थई गयो होय तो तेने रागविना तरत तजी देछे पण जे मुर्ख पुरुष जाणी जोईनेज संग करे छे ते कोई तजता नथी. समजु विद्वानो तो दुध लेवा गया होय त्यां गाय ओग्वर करती होय तेने जेवी रीते देखे छे तेवीज रीते

स्त्रियोने पण जुवे छे एवा गम दृष्टिवाळा अने स्त्रीना कटाक्षथी मोह नहि पामता होय तेज महाधीर अने सम केहेवाय छे. केमके स्त्रियोना कटाक्षथी मोह न पामवो ए जेवु रक्षण बीजु काइ नथी. जे असावध माणस छे ते पडे छे ने जे सावधान छे ते पडता नथी माटे साधनथी सम्पन्न थईने सावधान रहेवु.

विषाद्विष किं विषया समस्ता
दुःखी सदा को विषयानुरागी ।
धन्योऽस्ति को यस्तु परोपकारी
क पूजनीयो ननु तत्त्वनिष्ठ ॥ १३ ॥

अर्थ

शिष्य—झेरथी पण झेर शु ?

गुरु—सघळा विषयो छे ते

शिष्य—सदाय दुःखीयो कोण कहेवाय ?

गुरु—विषयोमा निरंतर प्रीतिवाळा होय ते

शिष्य—धन्य कोण छे ?

गुरु—जे परोपकारी छे ते धन्य छे

प. शिष्य—पूजा करवा योग्य कोण छे ?

वा गुरु—तत्त्वमा निष्ठावाळो निश्चे पूजवा योग्य छे

टीका

जगतमा अनेक प्रकारना विष छे ए विष खानारो तो एकज फेरे मरे छे पण विषयरूप विषने चाखनार तो वारंवार मरे छे माटे बधा विषो करता विषय ए मोटु विष केहेता झेर छे, के जेना उपरथीज मात्र सारा लागता स्वादरूडे मोह पामी पुरुष तेमा लपटाय छे शब्द स्पर्श रूप रस ने गंध ए विषयो केहेवाय ए अति दुःख दायक छे बीजा विषने उतारवाना अनेक उपायो छे पण जेणे विषयरूप विष चाख्यु होय तेनु ते विष उतारवाने एके उपाय नथी विषयना स्वादना निशाथी कान बहेरा थई जाय छे, आख्यो आधळी थइजाय छे ने दृष्टिचक्षु भ्रमित थइ जाय

छे एटले सारो मार्ग सुजतोज नथी. आ विषयो विषेआगळ लखी गया छे माटे आंही लखता नथी. पण टुंकामां एटलु समजवानु छे के सघळां करतां विषयरूप झेर महा बळवान झेर छे माटे तेने पडखे पण चडवु नहीं

निरंतर जेने विषयोमांज प्रीति लागी होय तेना जेवो बीजो कोई पण दुःखी नथी. बीजां सघळां दुःखनो उपाय होय छे पण विषयनी कामनाथी थतां दुःखनो कोई पण उपाय होतो नथी, केम के विषयो पराधीन होवाथी इच्छा प्रमाणे न मळे तो पण दुःख थाय छे ने जो मळे तो ते भोगव्या पछी तेथी वधारे मेळववानी तृष्णा थाय एटले तेथी पण महा दुःख थाय छे. सन्निपातना रोगवाळाना करतां पण विषयमां प्रीतिवाळानी दशा बहु नठारी होय छे.

एवा पुरुषने अन्न के पाणी भावतां नथी, दिवसे चेन पडतुं नथी, राते ऊंघ आवती नथी, शरीर सुकातूं जाय छे, भान भुली जाय छे, उद्यम सूजतो नथी, विद्या सांभरती नथी, अने आमतेम हडकायां कुतरांनी पेठे हडीयो काढे छे. विषयना रागथी भराइ गयेलां अंतःकरणमां विनय विवेक पेसताज नथी. आवा पुरुषो अनेक दुःख भोगवी मनुष्य देहमां पशुनी समान वर्ती जन्मरणना फेरामां पडे छे ए जन्ममरणनां दुःखनी आगळ बीजां दुःख कशी गणतीनां नथी. आपणे अंही बोध ए लेवानो छे के विषयमां प्रीति राखवाथी महा दुःखथाय छे माटे तेमां प्रीति राखवी नहीं.

जे माणस परोपकार करे छे तेज धन्य केहेवाय छे. जेथी आत्मानो बोध थाय एवा बोधनुं नाम परोपकार केहेवाय केम के ए ज्ञानवडे करीने मोक्षरूप अलभ्यलाभ संपादन थाय छे. संसारमां अनेक व्यवहार वर्तावे ते परोपकारी केहेवाय परंतु ते परोपकारथी कांई विशेष कल्याण थतुं नथी, माटे जे पुरुष जेथी मोक्षपद मळे एवां आत्मज्ञाननो बोध करे तेज खरो परोपकारी केहेवाय. आवा अंगमां बीजा अनेक जातना कोइनुं कांइ दुःख मटाडवुं, कोईने कांइ आपवुं के कोइने कांई सहाय करवी के कोइने निर्भय करवु विगेरे जे जे उपकारो छे ते आनी आगळ हलका छे, केम के आत्मज्ञानरूप उपकारथी तो जन्ममरणनो फेरो टळी जाय छे, माटे एना जेवो परोपकार बीजो कोई नथी. एवा परोपकार करनारा जे पुरुषो छे तेज धन्य केहेवाय छे. अने एटला माटे जे परोपकारी छे तेज धन्य छे एम कह्युं छे. ए परोपकारीनां जन्म अने जीवित सफळ छे.

जे पुरुष तत्त्वमां निष्ठावाळो होय ते सेवा करवा योग्य छे, केमके बेथी कर्म करनारा छे तेना करता तपस्वी होय ते श्रेष्ठ छे तपस्वी करता जे योगी होय छे ते श्रेष्ठ छे अने योगी थकी तत्त्वने जाणनारा ज्ञानीओ श्रेष्ठ छे अने एटला माटेज सर्व करता जगतमां ते तत्त्ववेत्ता पूजवा लायक छे ए एकनी पूजाथी आखु ब्रह्मांड पूजाई जायछे श्रुतिरूमां कह्यु छे के—

अत एकेन तेनेद पूर्ण ब्रह्माडमडलम् ॥

ए एकलाथी आ ब्रह्मांड आखु भरपूर छे

आ कारणथी ए एक तत्त्वनिष्ठनी पूजाथी ब्रह्मांड पूजवा जेटलु फळ थायछे

गुरुगीतामा कह्यु छे के—

तस्य सर्वप्रयत्नेन भावभक्ति करोति य

स तत्त्वनित्तोपणेन मुक्तो भवति पार्वति ॥

हे पार्वति ! काया वाणी अने मनथी जे तत्त्ववेत्तानी भावथी भक्ति करे छे ते भक्ति करनारा ते एक तत्त्वज्ञानीना प्रसन्न थवाथी मुक्त थायछे

आवी रीते तत्त्ववेत्तानी सेवा करनार मुक्त थायछे तो तत्त्ववेत्ता पोते थाय एमा तो शु कहेवु ?

वळी एना महात्म्यविषे शीवगीतामा कह्यु छे के—

ज्ञानिभ्यो दीयते किंचित्तत्कोटीगुणित भवेत् ॥

ज्ञानीओने काई थोडुक आपिये ते पण करोडगणु थाय

आवी रीते तत्त्वनिष्ठावाळा पुरुषोनु माहात्म्य छे, अने तेमने आत्मबोध होय छे माटे ते सर्वथी पूजवा योग्य छे आवा तत्त्वज्ञानीना आचरण ओळखाई शकता नथी तेम तेनी मननी वृत्तिओ पण अदृश्य होवाथी जणाई शकाती नथी एवा पुरुषोना सारा माठा कृत्य उपर पण नजर करवी नहीं, केमके तेनो आधार वृत्ति उपर छे जे पामर पुरुष छे ते एवा महापुरुषोनी वृत्तिने जाणी शकताज नथी केमके सव ज्ञानीना कृत्य जुजवा प्रकारनां होय छे अने वृत्तियो सरखी होय छे जेम केटलाक वस्त्रना ताका जुदा जुदा रगथी रगेला होय तेना रगमा ने भातमा काई फेर होय पण तेना ओछायामा काई फेर पडतो नथी तेतो बधाना सरखो थाय छे तेवी रीते

ज्ञानीनां कृत्य सर्व जुदां अने वृत्तिअधिष्ठान एक होय छे. एनां कृत्यो एटले देहनी चेष्टाओ टळी जती नथी तेम तेने आमज करवुं एवो कांई विधि नथी ए पुरुषोने शेष प्रारब्ध रह्यां होय त्यांसुधी शरीरनी चेष्टा जेम थवी होय तेम थया करेछे देह पड्या पछी कांई पण नथी. जेम वायथी पान हालेछे तेम ज्ञानीनो देह प्रारब्ध होय त्यांसुधी रही चेष्टा करेछे विधि जेने लागतो नथी एवा ज्ञानी इच्छामां आवे तेम वर्ते छे. इच्छामां आवे तेम वर्त्ताय एवी आत्मयोगरूप विद्या ए ज्ञानियोमां रही छे. ए विद्यानी प्राप्ति थवा सारू नीचेना धर्म प्रमाणे वरतवु जोईए.

अविरुद्धमनुद्वेगं समभावश्चराचरे ।
अहंममपरित्यागः परो धर्मः स उच्यते ॥

कोईने साथे द्वेष के कजीआ करवो नहीं, मनमां कांई उद्वेग अथवा चिंता न करवी, स्थावर प्राणी अने जंगम प्राणी उपर समभाव राखवो अने आ हुं अने आ मारूं ए बेदानानो त्याग करवो, ते उत्तम धर्म केहेवाय छे.

तत्वज्ञानीयो एवा धर्म पाळे छे पण तेमनी देहनी चेष्टा प्रारब्ध योगथी कोई जुदा प्रकारनी थाय तो तेथी ते धर्म एकदम बीजाना जाणवामां आवतो नथी. जुवोने दुर्वासा क्रोधी हता, जनक रागी हता, शुक त्यागी हता, कृष्ण भोगी हता. अने वसिष्ठ कर्मी हता. आ प्रमाणे ते ज्ञानियोना देहनां कृत्य जुदां जुदां देखता हतां, आ देहनां कृत्यनो बाध नहि लागवानु कारण ए के तेओ कांई आदर सहित जाणी जोईने करता नथी. जाणी जोईने जे करे छे तेज बंधन पामे छे. भगवद् गीतामां कह्युं छे के.—

यस्त्वात्मरतिरेवस्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

जे माणस आत्मामां प्रीतिवाळा छे ते आत्माथीज तृप्ति पामेलो छे, अने आत्माने विषे संतोषित थयो छ तेने पछी कांई पण करवानुं रहेतु नथी.

आवा जे आत्मबोधवाळा ज्ञानियो होय छे तेने कशुं करवा न करवानुं रहेतुं नथी ए पोताना आत्माना आनंदमांज प्रारब्ध होय त्यांसुधी शरीरने भोगवे छे आवा जे सत्पुरुषो होय ते सर्वात्मा ईश्वररूप छे अने एटलाजमाटे तेज पूजवा योग्य छे एम कह्युं छे.

सर्वास्ववस्थास्वपि किं न कार्यं

किं वा विधेयं विदुषा प्रयत्नात्।
स्नेहश्च पापं पठनं च धर्मं
संसारमूलं हि किमस्ति चिंता ॥ १४ ॥

अर्थ

शिष्य—सर्व अवस्थामा न करवानु शु छे ?
गुरु—स्नेह अने पाप ए न करवाना छे
शिष्य—प्रयत्नथी विद्वानोने करवानु शु छे
गुरु— ब्रह्मविद्यानु अभ्यास अने धर्म ए करवानु छे

टीका

अवस्थाना भेद घणा छे पण तेमा मुख्य तो बाल्य अवस्था, युवा अवस्था अने वृद्धा अवस्था एम त्रण भेद गणवामा आवे छे ए अनुक्रमे आवती अवस्थामा कोइमा स्नेह एटले आसक्ति न बाधवी ए करवानु छे जेटला नामरूपवाळा पदार्थो होय तेटला सघळा जे वखते नाश थाय छे ते वखते अत्यत दु ख थाय छे माटे जेथी द ख थाय एवी कोइ पदार्थमा आसक्ति बाधवी नहि जेटला नामरूप छे तेमा सरखी बुद्धि राखवी ते होय तो पण शु अने नहोय तोपण शु एम मनमा रहे तो आसक्ति केहेवाय नही जे पुरुषो आसक्ति वगरना छतेने ससारना पदार्थो हर्षशोक करी शकता नथी

ससारमा अनेक जातिना पाप छे तेमा पण कोई पण प्राणीने ससारमा बधाई जाय एवो बोध करवो ते मोटामा मोटु पाप छे बीजा बधन घणा हशे पण ससारना बधन जेवु बीजु दु ख दायक एके बधन नथी अने एटलाजमाटे एवा बधनमा बधाई जवानो बोध करवो ए मोटु पाप गणाय छे

जे समजु विद्वान पुरुषो होय ते आरभथी मांडीने निरन्तर थाय त्यासुधी उपरना बे दोषने दूर करे छे एटले ससारना नामरूपमा आसक्ति राखता नथी अने कोईने ससारना बधनमा पण नाखता नथी अने ए बेने बदले बीजा बे बाना करवाना छे तेमा लक्ष लगाडेछे, ते एज के ब्रह्मविद्यानो अभ्यास करछे अने धर्म पाळेछे तत्वसारमा ब्रह्मविद्याविषे लख्युछे के—

ब्रह्मविद्या महाविद्या सर्वदु खप्रणाशिनी ।
अविच्छिन्नसुखा नित्य धार्यते ह्यात्मयोगिभि ॥

सर्व द खने नाश करनारी ब्रह्मविद्या ए महाविद्या छे अविछिन्न सुख आपनारी ए विद्याने निरतर आत्मयोगीओ धारण करे छे

ए विद्यानी प्राप्ति धर्म पाळवाथी थाय छे. धर्म एटले शुं तेविषे आगळना श्लोकमां कह्युं छे के कोई साथे वढवाड न करवी, मनमां उद्वेग न करवो, स्थावर अने जंगम प्राणियोने सरखी नजरे जोवां, अने हुं तथा मारूं एवां ममत्वनो त्याग करवा एनुं नाम उत्तम धर्म केहेवाय छे. माटे उत्तम विद्या संपादन करवाना साधनरूप आ धर्म पाळवो लायक छे. अने एटलामाटेज स्नेह तथा पाप करवा योग्य नथी पण तेने बदले विद्यानो अभ्यास अने धर्म पाळवो ए करवानुं छे एम कह्युं छे.

विद्वान्महाविद्वतमोऽस्ति को वा
नार्या पिशाच्या न च वंचितो यः।
का शृंखला प्राणभृतां च नारी
दिव्यं व्रतं किं च निरस्तदैन्यं ॥ १५ ॥

अर्थ

शिष्य—ज्ञानी करतां पण मोटो ज्ञानी कयो केहेवाय ?

गुरु—नारीरूप पिशाचीथी जे छेतरायो न होय ते.

शिष्य—सर्व प्राणिओने बेडीरूप कोण छे?

गुरु—स्त्री सर्व प्राणिओनी बेडी छे.

शिष्य—दिव्य व्रत कयुं केहेवाय ?

गुरु—जेमां दीनपणुं न होय ए दिव्य व्रत केहेवाय.

टीका.

जेओ स्त्रीरूप पिशाचीथी छेतराय छे तेओ गमे तेवा ज्ञानवाळा होय तो पण ते जगपण ज्ञानी केहेवाय नही पण जेओ स्त्रीरूप पिशाचीथी छेतराता नथी तेओ सौकरतां मोटा ज्ञानी छे. स्त्रीरूप पिशाची एवी तो बळवाळी छे के ते मोटा मोटा योगियोनां मनने छेतरी ले छे. मोढेथी मोटी मोटी शास्त्रोनी वातो करवी, मोटा मोटां शास्त्रो भणवां, अने कोई आवे तो तेने उपदेश करवो ए वात सुगम छे पण स्त्रीरूप राक्षसीथी छेतराबुं नहि ए वात घणी कठण छे. अने एटलामाटे जे तेनाथी नथी छेतराता ते मोटामां मोटा ज्ञानी केहेवाय. आविषे आगळ घणु कह्यु छे माटे आंही विस्तार कर्यो नथी.

आपूर्ण

आर्यधर्मप्रकाश.


પુસ્તક ૧૮ મુ   વૈશાખ, સવત્ ૧૯૮૬   અંક ૭ મો

॥ यतो धर्मस्ततो जय ॥

माया मेलवामाटे मनने शीखामण

होरि

મેન મૂરખ હે મન માયા, માયામાહિ મુવા ડાહ્ડાહ્યા –મેન૦ ટેક
આ ધન ધામ ધરા સુત સપત, આ જનની જન જાયા,
ભાઇ જમાઇ સગાઇ સહુની, આ સુખકારક કાયા,
માની એમ કેક મરાયા,–મેન૦
કનેશ કુસપ કરી મમતામા, અહિ આડે ધડ ધાયા,
વિનય વિવેક વિચાર વગરના, કેવલ બધ કમાયા,
ભૂલી ભાઠમાહિ ભરાયા,–મેન૦
ધન યૌવનમા ધૂળ ધાનતા, જે શઠ નહિ શરમાયા,
પાપતણા પડતા અતિતાપે, તે પામર કરમાયા,
સદા દીન દુખે દમાયા,–મેન૦
કામ ક્રોધ લોભ મદ મત્સર, તૃષ્ણાતરગે તણાયા,
ભૂખ તરશ ભય આદિક ભાવો, એ પરવશે વગાયા,
એથી કેક અતિ અકળાયા,–મેન૦
મિથ્યા મૃગજલરૂપ જગતમા, રાત દિવસ રઘવાયા,
રાગ દ્વેષ હર્ષ ને શોકે, ઘાયલ કેક ઘવાયા,
ત્રિવિધ તાપમાહિ તવાયા,–મેન૦
સપ સગતા નીતિસરોવર જે નિર્ગુણ થઇ નાયા,
વિશ્વતણા વગમા વિષજેવા જેને નથી વા વાયા,
તેઓ સુખમાહિ સમાયા,–મેન૦
મેન મમત્વ કરી નહિ આવે, આ ધન યૌવન કાયા,
કલ્પલતા કેશવ હરિ શોધી, લે શાતન સુખછાયા,
તો તો દિન સર્વ સવાયા,–મેન૦



સંગ અથવા આસક્તિવિષે.

દેહ અને આત્મા કે જેઓ પરસ્પરથી અત્યંત વિરૂદ્ધ સ્વભાવવાળા છે તેઓના પરસ્પરથી વિલક્ષણપણાનો વિચાર નહિજ કરતાં દેહમાંજ આત્માપણાનો વિશ્વાસ રાખવામાં આવેછે એ સંગ બંધના કારણરૂપ કેહેવામાં આવે છે. આત્મા કે જે દેશના, કાળના તથા વસ્તુના પરિચ્છેદથી રહિત છે તેનું એ પરિચ્છેદથી રહિતપણું ભુલી જઈ દેહનેજ આત્મા માનીને વિષયસુખોની લાલચ રાખવામાં આવેછે, એ સંગ બંધના કારણરૂપ છે. 'આ સઘળું જગત્ આત્માજ છે માટે હુ કોની ઇચ્છા કરૂં અને કોને છોડી દઉં. ઇચ્છવા યોગ્ય કે છોડી દેવા યોગ્ય કાંઈ છેજ નહિ ' એમ સમજી અસંગપણાથી રેહેવુ એ જીવન્મુક્તની સ્થિતિ કહેવાયછે. 'હુ દેહ પણ નથી અને દેહ મારાથી જૂદો પણ નથી. આમ છે એટલામાટે દેહ કે જે મિથ્યાજ છે તેમાં વિષયસુખો મળે તોપણ ભલે અને ન મળે તોપણ ભલે. હું તો અસંગજ છું. ' એવી રીતનો જેના મનમાં નિશ્ચય હોય તે પુરૂષ જીવન્મુક્ત કેહેવાય છે. જે પુરૂષ કર્મોના ત્યાગને ન ઇચ્છે. કર્મોમાં આસક્ત પણ ન થાય, સિદ્ધિમાં તથા અસિદ્ધિમાં સમબુદ્ધિવાળો રહે અને કર્મોનાં ફલોનો ત્યાગ કરે તે પુરૂષ અસસક્ત (સંગ વગરનો) કેહેવાય છે. આત્મામાંજ એક નિષ્ઠા રાખનારા જે પુરૂષનું મન હર્ષને કે ક્રોધને વશ્ય ન થતું હોય તે પુરૂષ સંગથી રહિત અને જીવન્મુક્ત કેહેવાય છે. જે પુરૂષ સઘળાં કર્મોનો તથા તેઓનાં ફળ આદિનો ક્રિયાથી નહિ પણ મનથીજ સારી પેઠે ત્યાગ કરી દીએ તે પુરૂષ સગથી રહિત કેહેવાય છે. જો એક આસક્તિને છોડી દેવામાં આવે તો અનેક પ્રકારના રાગોથી થતી સઘળી ચેષ્ટાઓનું ઓસડ વટાઈ જાયછે અને મોક્ષરૂપ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. આસક્તિનેલીધેજ ઉદય પામતા સઘળા દુઃખોના સમૂહો ખાડમાં ઉગેલાં કાંટાળાં વૃક્ષોની પેઠે સૈકડો શાખાઓથી ફેલાય છે. માર્ગમાં નાથથી ખેચાતા ઘાટા નાકવાળો પશુ ભય પામતો પામતો ભારને તાણે છે એ આસક્તિનુંજ ફળ છે. ઝાડ એક ઠેકાણેજ રેહેનારા પોતાના શરીરથી ટાઢના, વાયુના તથા તડકાના દુઃખનું સહન કરે છે એ આસક્તિનુંજ ફળ છે. કીડો ધરતીના દરમાં રહિ અત્યંત પીડાતો દુઃખમાંજ પોતાનું આયુષ્ય પુરૂં કરે છે એ આસક્તિનું ફળ છે. પક્ષી ઝાડની શિખા ઉપર રેહેતાં,

ભુખથી પીડાતા અને પાશની આદિનો નિરંતર ત્રાસ રાખતા ગધેડાઓ પોતાના આયુષ્યને પુરૂ કરેછે એ આસક્તિનું ફળ છે દુર્વાના અંકુરોનો અને ખડનો આહાર કરનારો મૃગ પારધીનું બાણ વાગવાથી પીડિત થઈને દેહનો ત્યાગ કરેછે એ આસક્તિનુંજ ફળ છે આ અનાદિ કાળના જુના જીવો વારંવાર જન્મ્યા કરેછે અને કીટ પતંગોના અનંતાઓને પ્રાપ્ત થાયછે એ આસક્તિનુંજ ફળ છે જેમ જળાશયોના તરંગો ઉત્પન્ન થઈ થઈને નષ્ટ થઈ જાયછે તેમ આ અનંત પ્રાણીઓ જનમો જનમાને મરી જાયછે એ આસક્તિનુંજ ફળ છે માણસો લતાઓ તથા તૃણો ની યોનિઓને પામે છે, વારંવાર મરેછે અને નિરૂપાય થઈ જાયછે એ આસક્તિનુંજ ફળ છે અનર્થોની પરંપરાઓ જેવા સેંકડો પદાર્થોથી ભરેલી આ સંસારરૂપી નદી વૃદ્ધિ પામેછે એ આસક્તિનુંજ ફળ છે હે રામ! વંદ્ય (વંદન કરવા યોગ્ય વખાણવા યોગ્ય) અને વંધ્યા (તાત્ત્વિક પુરૂષાર્થરૂપી ફળથી રહિત) એમ બે પ્રકારની આસક્તિ છે અજ્ઞાનીઓને સઘળા સંસારના વિષયોમાં જે આસક્તિ છે તે વંધ્યા આસક્તિ છે અને તત્ત્વવેત્તાઓ ને જીવન્મુક્ત પુરૂષોને સ્વરૂપના અનુસંધાનમાં જે આસક્તિ છે તે વંદ્ય આસક્તિ છે આત્મતત્ત્વનો બોધ નહિ થતા દેહ આદિ વસ્તુઓમાં થએલી દૃઢ આસક્તિ કે જે ફરીવાર પણ સંસારમાંજ નાખનારી છે તે વંધ્યા કહેવાયછે સાચા વિવેકનેલીધે આત્મતત્ત્વનો બોધ થતા સ્વરૂપના અનુસંધાનમાં દૃઢ આસક્તિ કે જે ફરીવારના સંસારના રોગને ટાળીજ નાખે છે તે વંદ્ય કહેવાયછે હાથમાં શાર્ઙ્ગ, ચક્ર તથા ગદાને ધરનાર વિષ્ણુદેવ વંદ્ય આસક્તિનેલીધેજ (જીવન્મુક્તપણાથીજ) અનેક પ્રકારની લીલાથી ત્રૈલોક્યનું પાલન કરેછે સૂર્યનારાયણ વંદ્ય આસક્તિથીજ પ્રત્યેક દિવસે નિરાધાર આકાશના માર્ગમાં નિરંતર ગતિ કર્યા કરેછે મોટા કલ્પને અંતે વિદેહકૈવલ્યમાં વિશ્રાંતિનેમાટે કર્મ કરતું બ્રહ્માનું શરીર વંદ્ય આસક્તિથીજ જગતનું નિર્માણ કર્યા કરેછે પાર્વતીરૂપી ચંદનના સ્તંભમાં વીંટાયેલું અને વિભૂતિથી શણગારેલું સદાશિવનું શરીર વંદ્ય આસક્તિથીજ જગતનો પ્રલય કરેછે આત્મતત્ત્વના બોધમાં દૃઢ સ્થિતિ પામેલા સિદ્ધ લોકો, લોકપાલો તથા બીજા મહાત્માઓ વંદ્ય આસક્તિથીજ જગતમાં રહ્યાછે મહર્લોક આદિ ઊંચા લોકોમાં રહેનારા ભૃગુ આદિ મહાત્માઓ વંદ્ય આસક્તિનેલીધેજ જરાથી તથા મરણથી રહિત થએલા પોતાના શરીરરૂપી યંત્રોને ધરી રહ્યા છે જેમ દીવાસળી બાકસના

ટુકડાઓની ઉપર ઝડપ નાખેછે તેમ મન રમણીયપણાની ખોટી ભ્રાંતિથી ભોગો ઉપર ઝડપ નાખેછે એ વંધ્યા આસક્તિનો પ્રભાવ છે. વાયુ આસક્તિથીજ બ્રહ્માંડની અંદર વાયછે, પંચ મહાભૂતો આસક્તિથીજ બ્રહ્માંડમાં રહ્યાં છે અને જગતની સ્થિતિ પણ આસક્તિથીજ ચાલ્યા કરેછે. બ્રહ્માંડરૂપી ઉંબરાનું ફળ કે જેમાં સ્વર્ગનો પૃથ્વીનો તથા પાતાલનો સમાવેશ છે તેમાં દેવતાઓ, મનુષ્યો, સર્પો અને અસુરો ગણગણતાં મચ્છરોની પેઠે રહ્યા છે એપણ આસક્તિનોજ મહિમા છે. જલાશયમાં તરંગોની પેઠે જગતમાં અનંત પ્રાણીઓ જન્મેછે, મરેછે, ઊંચા ચડેછે અને નીચા પડેછે એ સઘળો આસક્તિનો મહિમા છે. પ્રાણીઓ ઝરણાંઓના જલકણોની પેઠે અમથા અમથા પ્રકટ થઇ થઇને પાછા લીન થાયછે એ આસક્તિનોજ મહિમા છે. પરસ્પરના હાથથી મરણ પામતા, જડતાથી જાજરા થએલા અને ભારે ભ્રાંતિમાં પડેલા સર્વ લોકો ખરી પડેલાં પાનડાંઓની પેઠે ભ્રમણ કર્યા કરેછે એ આસક્તિનોજ મહિમા છે. હે રામ ! ઝાડમાં મચ્છરોના સમૂહની પેઠે અને પાતાલમાં જલના ઓઘનીપેઠે નક્ષત્રોનો સમૂહ આકાશમાં ફર્યા કરેછે અને આવર્તનો પામ્યા કરેછે એ આસક્તિનુંજ ફળ છે. ચંદ્ર ઉદય-અસ્તોથી તથા વૃદ્ધિક્ષયોથી જીર્ણ થએલા, કાળરૂપી બાલકને રમવાના દડા જેવા અને કાળા કલકવાળા પોતાના જલમય દેહને અદ્યાપિસુધી છોડી દેતો નથી એ આસક્તિનોજ મહિમા છે. દેવતાઓ મનરૂપી વ્રણથી દુઃખી થતાં છતાં પણ અનેક યુગોના ફેરફારોનાં દુઃખો જોવામાં આવવાથી કઠણ થઇ ગએલા એ મનરૂપી વ્રણને આસક્તિનેલીધેજ કાપી નાખતા નથી. પરબ્રહ્મરૂપી આકાશમાં કોઇએ કેવલ વાસનાનેલીધેજ આ જગતરૂપી વિચિત્ર ચિત્ર આળખ્યું છે તે જુવો. નિરાકાર પરબ્રહ્મરૂપ આકાશમાં મનની આસક્તિરૂપ એક રંગથીજ આ જગતરૂપ ચિત્ર રચાયું છે માટે તે કદી પણ સત્ય નથી. આ સંસારમાં મનથી આસક્ત રહીને વ્યવહાર કરનારા લોકોનાં શરીરોરૂપી તૃણોને તૃષ્ણારૂપી અગ્નિની જ્વાળા બાળી નાખેછે. જેનું મન સંસારમાં આસક્ત હોય તેનાં જન્મોને, સમુદ્રની રેતીઓને અને ત્રસરેણુઓને ગણી કાહાડવામાં કોણ સમર્થ છે ? કોઈ પણ સમર્થ નથી. ગંગા કે જે મેરૂપર્વતના શરીરમાં પગથી તે માથાંસુધી લંબાઇવાળી મોતીઓની માળા જેવી લાગેછે તેના તરંગો કદાચ ગણી શકાય પણ સંસારમાં આસક્ત થએલાઓના અવતારો ગણી શકાય એમ નથી. જેઓનું મન

સસારમા આસક્ત છે તેઓનેવાસ્તેજ આ રૌરવ નરક, અવીચિ નરક અને કાલસૂત્ર નરક ઈત્યાદિ નામોવાળી રમણીય અત પુરોની પક્તિઓ રચાએલી છે કે જેઓમા યાતનાઓ નામની રાણીઓ ભોગનવામા આવે છે જેઓના ચિત્તો સસારમા આસક્ત હોય છે એવા અને દુ ખોથી સુકાએલા લોકોજ પ્રજ્વલિત રેહેનારા નરકોરૂપી અગ્નિઓમા મગતણરૂપ થાય છે અને એ બળતણોથીજ તે અગ્નિઓ પ્રજ્વલિત રેહેછે જગતમા જે જે કોઈ દુ ખો છે તેઓ સઘળા આસક્તિવાળાઓનેવાસ્તેજ ઈશ્વરે ઠરાવેલા છે જેમ જલના કલ્લોલોથી વ્યાપ્ત થએલી મોટી નદીઓ સમુદ્રને પ્રાપ્ત થાય છે તેમ દુ ખોની સઘળી પરપરાઓ જેનુ ચિત્ત આસક્તિવાળુ હોય તેનેજ પ્રાપ્ત થાય છે મનના વિષયોરૂપ, જેનુ શરીર એક જાતના બોજારૂપજ છે એવી અને જીવોને જન્મ મરણની દુર્દશાઓમા નાખવાને ઇચ્છનારી અવિદ્યાએ આ સઘળુ દુ ખોનુ જાળ પાથરેલુ છે જેમ વર્ષાઋતુમા નદીઓ જલના પૂરથી અત્યત વિસ્તાર પામેછે તેમ ઐશ્વર્ય આદિ સઘળી વિભૂતિઓ ભોગોની આસક્તિના ત્યાગથી અત્યત વિસ્તાર પામેછે મનની અદર જે આસક્તિ છે તે અગોને અગારારૂપ છે અને જે આસક્તિનો ત્યાગ છે તે અગોને અમૃતરૂપ છે એમ સમજો જેમ ખડથી મિશ્રિત થએલી ઔષધિ ખડમાથી ઉઠેના અગ્નિથી બળી જાયછે તેમ જીવ મનમા રહેલી આસક્તિથી બળી જાય છે સઘળા વિષયોમા આસક્તિથી રહિત, શાત, આકાશની પેઠે નિર્લેપ રેહેનારૂ બ્રહ્મવિદ્યામા ઉત્સાહ ધરનારૂ અને અવિદ્યામા ઉત્સાહથી રહિત રેહેતુ મન સુખ આપનારૂજ થાય છે જે પુરૂષ બ્રહ્મવિદ્યાના મનનાદિકમા ઉત્સાહ ધરાવતા, સસારના વિષયોમા ઉત્સાહથી રહિત રેહેનારા અને સર્વત્ર આસક્તિથી રહિત થએલા પોતાના ચિત્તથી સસારમા વર્તે છે તે જીવન્મુક્ત છે

कुसप अने क्लेशना कारणरूप त्रिपुटी

(સબધ પાને ૧૨૮ થી)

પુરુષ સદ્ગુણશીલ અને સ્ત્રીપણ સમાગમથી સુપાત્ર થઇ હોય તોપણ એના સહવાસમા એનુ રક્ષણ કરતા, અનેક આધિ ઉપાધિયો ક્લેશ આપનાર થઇ પડેછે દ્રૌપદી જેવા સતી સ્ત્રીનેવાસ્તે પાડવોને કાઇ થોડુ સેહેવુ

નથી પડયું સીતા જેવાં સાધ્વી સ્રીનેમાટે મર્યાદાપુરૂષોત્તમ રામચંદ્રને થોડું વેઠવું નથી પડયું. મમત્વનેલીધે સ્રીનો સંયોગ અને વિયોગ અનેક વિચિત્ર પ્રસંગોનેલીધે ક્લેશનું કારણજ છે તો પછી કર્કશાના સહવાસે ક્લેશ થાય એમાં કાંઇ નવાઇ નથી. પોતાને અનુકૂલ ન રહે, મર્યાદા ન રાખે, ઘર ન સંભાળે, સદાચાર ન પાળે તો પણ સ્રી અંતઃકરણ તપાવે તેની મહાવજત ન રહે, તેની સાથે સ્વતંત્રતાથી ન વર્તાય, કે પોતાથી દૂર હોય તો પણ અંતઃકરણ તપાવે. તેનું કોઈ અપમાન કરે, તેને કોઇ આંગળી ચીંધે કે કોઇ ઈશ્વરી કોપ થાય તોપણ અંતઃકરણ તપાવે સારા ઘરની કીર્તિ જેમ સ્રીથીજ વધે છે તેમ અપકીર્તિ પણ ઘરમાંની સ્રીયોથીજ થાય છે. નોખા નોખા સંબંધે નોખું નોખુ દુઃખ આપનાર હોવાથી આજ દિવસ સુધી ધનની પેઠે નિંદાનુજ પાત્ર થયેલ છે. અને અનુભવિયો પણ यदीच्छेत्परमां मैत्रीं त्रिणि तत्र न कारयेत्। वाग्वादश्चार्थसंबधः परोक्षे दारभाषणम् ॥ આવાં વચનોથી સ્રી અને ધનનું ક્લેશ કુસંપકારકપણું દેખાડે છે. સંસારવ્યવહારમાં કુલીન છતાં સ્રી વગરનો અકુલીન થઈજાય, આપત્તિવગરનો છતાં આપત્તિનું પાત્ર થઇ જાય અને બાંધવવાળો છતાં બાંધવ વગરનો થઇ જાય એવા બધા સ્રીના ગુણ પણ કુસંપ અને ક્લેશનું કારણ થઈ પડવાથી હલકા પડી જાય છે. એક નાના સરખા ઝુપડાથી માંડીને મોટા રાજમેહેલમાં એજ રીતે ચાલે છે, અને એજ દેશ ડુબવાનું એક અંગ ગણી શકાય છે. અનાદિકાલની આ પરિપાટીમાં ફેરફાર તે કેમ થાય ?

ત્રીજું અંગ ધરતી છે. ધરતીમાં કેટલા બધા ગુણ છે? ધરતીથી ધન મળેછે ધનથી ઉદય થાયછે અને ઉદયથી સુખ થાયછે. સર્વ પ્રકારની સંપત્તિ ધરતીમાંથી મળેછે. નાનાપ્રકારના ખાવાના પદાર્થો કે જેનાવડે આપણે જીવિયે છિયે તે પદાર્થો ઉપજવાનું ઠેકાણું ધરતોજ છે. એટલુંજ નહિ પણ હીરામાણેકની પેદાશપણ એમાંથીજ થાય છે. ધરતીવગરના જેજે લોકો છે તે ધરતીવાળાને નમેછે. રાજા મહારાજા કે રાજાધિરાજા પદ ધરતીના ધણીને મળેછે. ધરતીનો ધણી વંશપરંપરા સરખી સ્થિતિમાંજ રહેછે. ઘરેણાં લુગડાં અને વૈભવો ધરતીમાંથીજ પામીયે છિયે. જે જે લોકોને ધરતી નથી તેતે લોકો પણ બીજાની ધરતીથીજ પોતાનો વ્યવહાર ચલાવે છે. આ ધરતી થોડામાં થોડી રેહેવાનાં ઘર જેટલી તો ગરીબમાં ગરીબ

હોય તેને પણ ઘણું કરીને રોયજ છે આવી ઉત્તમ ધરતી પણ ક્લેશ અને કુસંપનું મૂળ કારણ થઇ પડે છે ઉપરના બે અંગની પેઠેજ તે સઘળી સ્થિતિમાં તાપ આપે છે જ્યાંસુધી તે મળી ન હોય ત્યાંસુધી તેને મેળવવાની ચિંતા અનેક અનર્થો અને કુટુંબમાં ક્લેશો કરાવનારા પડે છે મળ્યા પછી તેને સાચવવા અને બીજા કોઇ તેનો ઉપયોગ ન કરે તેનેમાટે તથા તેના ધણીપણામાટે અત્યંત ઉપાધિ અને જેટલી ધરતી તેટલા પ્રમાણમાં બીજાની સાથે બાધવું પડે છે અને કદી પોતાની થયેલી ધરતી જતી રહે કે તેમાં કોઇ ભાગ પડાવે તો તેથી પણ અત્યંત પીડા અને અન્યસાથે કુસંપ થાય છે એ ધરતીમાટે સમજુ લોકોમાં પણ તે મને રહેનો ઠીક એવા વિચારથી બાપ, દીકરો, સસરો, જમાઇ, મિત્ર, પાડોશી, દેશી કે વિદેશી જે ધરતીમાં ભાગ પડાવનાર, તેને છીનવી લેનાર અને પોતાને ધરતી વગરનો કરનાર હોય તેની સાથે કુસંપ થાય છે, અને એજ વિચારમાં રાતદિવસ અંતઃકરણ તપ્યા કરે છે સ્ત્રી, ધન, અને હવેલીઓને ધરતીમાટે ઘણાએ ધૂળધાણી કરી નાખ્યાં છે એટલુંજ નહિ પણ પોતાના પવિત્ર પ્રાણ પણ એ ધરતીને માટે ધૂળ ભેળા કર્યા છે કેવો ધરતીનો મહિમા જે સુખની આશામાટે ધરતીની જરૂર છે તે સુખનો પૈસાથીજ કોનાનું થઇ ભોગ આપનારા કેવી દુર્દશા ભોગવે છે તે ઇતિહાસો ઉપરથી આપણે જોયું છે ધરતીનો મદ પણ ધનમદ કે સ્ત્રીના મદથી ઉતરતો નથી ધરતીનો ધણી પણ વિવેકને વેગળો કરે છે, વિદ્યાને વાળી મેલે છે, કુટુંબીને કોરે કરે છે, સજ્જનને સામું જોતો નથી, પરની પીડા વિચારતો નથી અને સર્વની સાથે વાંકો ચાલે જાણે આકાશમાંથી ઉતરેલો હોય એમ ઉંચું ને ઉંચુંજ જોયા કરે છે આમ છતાં પણ તેને શું સુખ છે, અને ક્યાં સંપ છે ? હું બધું એકલો ભોગવું એ વિચારમાં રાતદિવસ કોઇના સુખ તેને ગમતાં નથી સોનારૂપાના પલંગ, સુંદર સ્ત્રી, સારાં ભોજન અને વિદ્યાવિનોદ તેને જોઇએ તેટલું સુખ આપી શકતાં નથી એક સાવરણું પાનડાની ઝુંપડીમાં રહેનાર જેવો સુખથી ઉંઘે છે તેનાથી દશાંશ સુખ પણ મોટા મેહેલોમાં ઉંઘનારને હોતું નથી અહો પરિણામે પોતાની નહિ રહેનાર, અને કુટુંબમાં ક્લેશ કરાવનાર ધરતીથી કેવા કેવા અનર્થ થયા છે ? જેના મોઢા ઉપર માખી ન બેસે, જેનો આંકડો કોઇ ઉતરી ન શકે, જેનો હુકમ કોઇ લોપી ન શકે એવા પ્રતાપી લોકોના અમૂલ્ય મુગટ ધરવાના માથાઓ રણજગડાની ધૂળમાં રોળાયાં છે,

અને એનાં અત્તર આદિક સુગંધી લેપોનાં પાત્ર શરીરો કુતરાઓ અને ગડાઓને કામ આવ્યાં છે ત્યારે બીજાની તો વાતજ શી કરવી ! ન્યાયની કોર્ટમાં જઇને જોશું તો જેમ સ્ત્રી અને ધનના કજિયાના કેશો આપણા જોવામાં આવશે તેમ ધરતીના સંબંધના અથવા ધરતીના અંગરૂપ ઘરના કજિયાના કેશો પણ અસંખ્ય જોવામાં આવશે. બુદ્ધિ છતાં પણ બુદ્ધિ વગરના લોકો એવા કલેશો કરીને પોતાનું અથવા પોતાનાં માનેલાં સ્ત્રીપુત્રાદિકનું સુખ ઇચ્છે પણ તે તેમ કરતાં પણ ક્યાં મળેછે ! જીવતાં સુધી એને એ ઉપાધિ અને એના એ કલેશમાં રાતદિવસ આયુષ્ય ગાળવામાં આવેછે. ધિક્કાર છે આ ધરતીને. પણ ધરતી શું કરે ! એ તો જેવી છે તેવીને તેવી દેખાઇ રહેછે તેમ છતાં આપણે આંધળા થઇ ન દેખીયે એમાં ધરતી શું કરે ! આપણે અમર છિયે, બધું આપણેજ ભોગવવું છે, સાથે પણ આપણનેજ આવશે. એમ વિચારીને આપણે મુઠીયોવાળી દોડ્યાજઈએ છિયે. જેને લઇને પોતાનું અભિમાન થાય છે તે દેહજ ક્ષણવારમાં આપણો નથી તો જેનેમાટે હાયવોય કરી ધરતી અને ધન મેળવવામાં આવે છે તે સ્ત્રી કે પુત્ર આપણાં ક્યાં છે ? કાં તો આપણે તેને મેલી દઈએ અને કાંતો તે આપણને મેલી દે. આમ કોઇ જાણી જોઇને નથી કરતા પણ કાલયોગથીજ તેમ થયા કરેછે. મહાપ્રતાપી કૌરવવંશમાં મહાભારત યુદ્ધ થયું અને દાવાનલથી વન બળી જાય તેમ સર્વેનું નિકંદન થઇ ગયું તે ધરતીનાજ પ્રતાપે. મુંજરાજાને ધરતીના લોભથીજ ભોજ ઉપર અપ્રીતિ થઇ. છેવટ આવા એક બે દાખલા નથી, દેશેદેશ ગામેગામ અને ઘેરેઘેર એવા દાખલાઓજ નજરે આવશે. આમ છતાંએ એ ધરતીમાં એવો મોહ રહ્યો છે કે તેનો કોઈ અનાદર કરતું નથી. હજારો અનર્થ અંગીકાર કરીને પણ ધરતીના ધણી થવાને સહુએ પ્રયત્ન કરે છે.

આવી રીતે આ ત્રિપુટી કુસંપ અને કલેશ કરાવનાર છે તે હોય તો પણ સરખી, ન હોય તોપણ સરખી, અને આવીને જાય તો પણ સરખી, કેમ કે ત્રણે સ્થિતિમાં અધ્યાત્મ અધિભૂત અને અધિદેવ તાપને ઉત્પન્ન કરેછે. આમ છતાં એ ન હોય એવી સ્થિતિ પેહેલી બે સ્થિતિ કરતાં સારી છે, કેમકે એવી સ્થિતિમાં કોઇની સાથે વિરોધ કરવાનું બનતું નથી, વિનય વિવેક વિચાર વિગેરે એ સ્થિતિમાં આવી શકે છે અને સર્વપર દયાભાવ રહે છે. સંપથી સુખ થાય એ વિચાર પણ આ સ્થિતિમાં ભુલાતો નથી. ઉદય-

સંબંધી મેળવેલા સુખ એ ત્રણ વસ્તુમાં સમાઇ જાય છે, તેમ અસ્તવ્ય ખ[illegible]ી મેળવેલા દુખો પણ એમા સમાઈ જાય છે તે ત્રણેય વસ્તુઓ યોગ્ય રીતિએ આવી હોય, સતોષ ઉપજાવનારી હોય અને તેનેમાટે કોઈ સાથે વિરોધ ન થતો હોય તોપણ તેનુ અસ્તિત્વ છે તેજ ઉપાધિરૂપે આકુલ કરે છે સુખ આપનારી વસ્તુઓ જેટલુ સુખ આપી શકે છે તેટલુજ તેની સાથે દુખ રહ્યુ છે, તેથી નિષ્કિંચન સ્થિતિમા વિવેકીઓએ સુખ માનેલુ છે પ્રાચીનકાલમા મોટા મોટા વૈભવને ભોગવનારાઓ કોઈ જાતનો અંતરાય નહિ આવ્યા છતા પણ છેવટ સર્વ વૈભવને મમત્વ સાથે મેલી વનમા ચાલી નીકળ્યા છે તે સર્વ દુખરૂપ છે એમ જાણીનેજ જેઓ મમત્વથી ધનાદિ વસ્તુનો સહવાસ રાખે છે તેઓને સુખ મળતુ નથી ધનાદિક આવે તોપણ ભલે, જાય તો પણ ભલે, અને રહેતો પણ ભલે એવા વિચારથી તેનુ સ્વરૂપ જાણનાર જે તટસ્થ રીતે સર્વનો અનુભવ કરે છે તે અત્યત ક્લેશ પામતો નથી, અને જે આસક્ત થઇ રહે છે તેને જીવતા સુધી ક્લેશ રહે છે અને મરવા વખતે પણ તેમા આસક્તિ રહી જવાથી મુવા પછી પણ દુખનુ કારણ થાય છે જે વસ્તુ સારી છે એમ દૃઢ નિશ્ચય થઈ ગયો એટલે તે પોતાથી વપરાય તોપણ દુખ, બીજાના હાથમા જાય તોપણ દુખ, અને કાલયોગ તેને વિખુટી પાડે કે પોતાને વિખુટા પાડે તોપણ દુખ તો ખરૂજ આમ છે ત્યારે શુ કરવુ ? જે જે વસ્તુનો જેનો જેવો સ્વભાવ હોય, તેના સયોગથી, સહવાસથી કે વિયોગથી મમત્વને લીધે જે જે થવાનુ હોય તેમા તો કોઈથી ફેરફાર થઈ શકે નહિ, તો પણ વિવેકબુદ્ધિ, ઉદારતા, અને સાત્વિક વૃત્તિની સહાયતાથી જે જેમ હોય તે તેમ જાણી લઇ કેમ ક્લેશ ન થાય, કેમ કુસપ ન થાય એના ઉપાયો શોધતા પ્રાપ્ત વસ્તુનો ઉપયોગ લીધે જવો છોડી દેવાનુ કાઇ છે નહિ, અને છોડી દેવાય તેમ પણ છે નહિ માત્ર અજાણપણાથી ક્લેશ વધે છે માટે અજાણપણુ મેલીને જાણપણુ ગ્રહણ કરવુ જોઇએ જેથી કુસપ ક્લેશની નડતર ઘણે પ્રકારે ઓછી થયા વગર રહેશે નહિ વસ્તુઓને યોગે થતા વિકારો વસ્તુઓના નથી આપણા પોતાનાજ છે માટે વસ્તુઓનો અનાદર કરવો નહિ એનો અનાદર કરવાથી પણ કાઈ સુખ મળતુ નથી સુખ ગમે તે સ્થિતિમા, ગમે તે વસ્તુને સયોગે કે વિયોગે સદ્વિચારમા છે માટે સદ્વિચારથી જે જે પ્રાપ્ત થાય તેનો અનુભવ કરવો અને સર્વથી હ

ળતા મળતા રહી શાંતિથી રેહેવું જોઇએ. જે સંયોગ થયો છે તે ફરી ફ- રીને થવાનો નથી માટે સુખશાંતિથી વર્તી પરસ્પર સહુએ સતોષ લેવો જોઇએ. મોટા મનથી મેળવવામાં આવતા સંતોષમાં અને સંપમાંજ સુખ છે. તે શિવાય સુખની આશા રાખનારા ફોતરાં ખાંડે છે એમ જાણવું.

પ્રેમશબ્દવિરુદ્ધ ચર્ચા.

આજકાલ પ્રેમ શબ્દ બહુ ચવાવા લાગ્યો છે. એણે એવું તો રૂપાંતર પકડેલું છે કે તેને તેજ શબ્દમાં બોલવો કે બીજા શબ્દમાં તેની સમજણ પડતી નથી તથા મૂળ તેનું કેટલું ઉંડું છે તેપણ સમજવું ભેદભરેલું થઈ પડયું છે. ઘણા શબ્દો અર્થની ગંભીરતાવાળા છતાં તેનો એકદેશમાંજ અર્થ સમજાય છે, તેમ પ્રેમ શબ્દનો અર્થ એકદેશમાંજ સમજાતો ચાલ્યો છે અને તેની મર્યાદા સ્ત્રીપુરૂષના પરસ્પર સંબંધમાંજ આવી રહી છે. આ- ટલામાટે અમે તો કહિયે છિયે કે લોકો જેને પ્રેમ શબ્દથી બોલાવે છે તે પ્રેમ નામમાત્ર શિવાય કાંઇ છેજ નહિ. પોતાના કોઈપણ જાતિના સ્વા- ર્થમાં આંધળા બનેલા લોકો પોતાના સ્વાર્થના આકર્ષણને પ્રેમ શબ્દથી માની લઈ તેમાં પવિત્રતાનું આરોપણ કરે છે. જો એ મન હોય તો પ્રતિકૂલતા થતાં એ પ્રેમમાં ભંગ પડે છે તે પડવો કેમ સંભવે? તારામૈત્રી, ચક્ષુરાગ એ પણ લોકોને ભમાવવાનાં નામમાત્રજ છે. પરંતુ ખરૂં જોતાં તો તેપણ એક જાતના મોહલી થયેલી દીનતાનાંજ નામ છે. જગતમાં જે જે સ્થળે પ્રેમ શબ્દ વપરાય છે તે સર્વ સ્થળે આમ જોવાણાં આવે છે માટે અમારૂં કેહેવું એમજ છે કે પ્રેમ વસ્તુજ કાંઈ છે નહિ. પરતુ કાંઇ હોય તો તે સ્વાર્થજ છે. અથવા વધારે આગળ ચાલીયે તો અજ્ઞાનતાજ છે. જે જે પ્રેમનાં પાત્રો છે તે તે પાત્રોમાં જો કશો સ્વાર્થ ન હોય તો પથ્થરમાં કે લાકડામાં પણ પ્રેમની પ્રવૃત્તિ કેમ થતી નથી? જે જે વસ્તુની જેવી ગરજ, તેના થકી જેવી સુખની પ્રાપ્તિ, તેની જેવી મોંધારત અથવા સોંધારત અને તેનું જેવું સહાયકપણું તે પ્ર- માણે તેમાં આકર્ષણ થાય તેને દોષ ગોપન કરવાને પ્રેમનું નામ આપી દે છે. અને તેમાંવળી તેમ થવામાં અકારણપણું પ્રકટ કરે છે. પણ તેઓ એટલું પણ નથી વિચારી શકતા કે કારણવગર કાર્ય થાયજ નહિ. મુખ્ય બંધારણ સ્વાર્થ- મયજ છે અને તેમાં મૂર્છિત થઈ જવું એ અજ્ઞાનતાથી થયેલો મોહજ છે,

માટે અમને એમ થાય છે કે લોકો મોહથી ભ્રમિત ન થઈ જતા તત્વ જાણે તો બહુ સારૂ રાજદ્વારમા જતો મનુષ્ય જેમ ઓઠાયેજ અટકી રહે, મેડીયે ચડતો માણસ જેમ પેને પગથીયેજ જડાઇ રહે, અને સમુદ્ર જોવાની ઈચ્છા રાખનારો જેમ ખાબોચીયામાજ સતોષ માની રહે તેમ આજકાલના પ્રેમમા લોકોનુ ઠગાવુ થયુ છે અમને પ્રેમ શબ્દ મથન થતા ખરૂ ઠેરતો તેનો કશો પણ ખેદ નથી, પરતુ મનુષ્યોની મનોવૃત્તિઓ ગ્રામ્યતામા પ્રેમ શબ્દનુ આરોપણ કરી દઈ બહુ સંકોચિત અને તુચ્છ થઈ ગઈ છે તેનો શોક અત્યત થાય છે અને તેથીજ અમે વારિયે છિયે કે જ્યા જોઇએ ત્યા સ્વાર્થનીજ સકલના છે ઘણુંએ અનુભવ કર્યો, ઘણાએ શોધ કર્યો, ઘણુએ જોયુ પણ સ્વાર્થવિના કોઈ પણ દેશ ખાની દીઠો નહિ આમ છતા પ્રેમ શબ્દ ઉપર પરમાર્થતાનો ડોળ ઘાલી ડોલનારાઓ તે શુ સમજતા હશે? જેમા જેમ માનિયે તેમ લાગે એ ન્યાય પ્રમાણે તેઓ કોઈ પોતાના માનના પ્રમાણે કાઈક પણ ખરૂ દેખતા હોય તો પણ તે ઠુઠમા ભૂતના આભાસ જેવુજ ખોટુ જોઇએ શબ્દની નિરર્થકતા તો કેહેવાય તેમ નથી પણ એમ થયુ જણાય છે કે તે શબ્દ ઉપરથી અનુમાની લીધેલી સમજણની તો નિરર્થકતા ખરીજ અને જેઓ તે નિરર્થકતાને સાર્થકતા સમજ્યા છે તેઓજ લમણે હાથ દઈને રોતા, તથા રાગદ્વેષમા દિવસો ગાળતા ભાન ભુલી જઈ અવિનયનાજ આગાર બને છે આથી જવુ હોય પૂર્વમા અને દક્ષિણનો માર્ગ લીધા જેવુ થયુ અને તેથીજ સસારમાથી ઉદારતા અને ઉદયનો અત આવ્યો એમ કેહેવાને કશો સદેહ નથી રેહેતો શુ પ્રેમ? પ્રેમ શુ હાડકા ચામડા છે? શુ તે એકદેશી છે? શુ તે જાય છે? શુ તે આવે છે? શુ તેથી રાગદ્વેષ થાય છે? અહો એની સ્થિતિના પ્રેમથી તે લોકો કેમ સુખ સપાદન કરી શકે? નજ કરી શકે સઘળુ સમજીને થાય તો તેમાથી પરિણામ ઠીક આવે અને સમજ્યાવિના થાય તો તેનુ પરિણામ સરખુ આવેજ નહિ પ્રેમના સબધમા પણ એમજ છે સમજ્યાવિના લઈ ભાગતો સમુદાય પરિણામ સામુ જોતો પણ નથી, પછી તે પોતાનો લાભ ખોતો હોય તોપણ ન જાણે અને ન ખોતો હોય તોપણ ન જાણે એ સ્વાભાવિક છે ખરો પ્રેમ ક્યાઈ થતોજ નથી અને હોવાનો પણ સભવ નથી એટલામાટેજ તે મધ્યમ સ્વાર્થ ઉપર આવી ઉભો રહે છે કોઈ વિદ્વાન એની સત્યતા અથવા ખોટાપણુ

એ ને એ માર્ગેથી સિદ્ધ કરી આપે તો તે જોવાનું બાકી રહ્યું છે. જો સ્વાર્થનેજ પ્રેમ શબ્દથી બોલવામાં આવતો હોય તો પછી કશી શંકાનું કારણજ નથી. પરતુ તેમ ન હોય તો આવિષે અનેક શંકા થવાનું કારણ પ્રત્યક્ષ જણાઈ રહે તેમજ છે. અમે પણ પ્રેમનાજ પક્ષવાળા છિયે, તેને વધારવામાટે ઉદ્યોગ કરીયે છિયે; પરંતુ પ્રેમમાં પ્રેમપણું કશું જોઈ શકતા નથી; એટલામાટે આ પ્રસંગ ચરચાવવાની અમને આવશ્યકતા લાગી છે કે જેથી નવી કેળવણી અને નવી અવસ્થાવાળા બાળકોનાં સંકોચાઇને કુલ્લડી જેવાં થઈ ગયેલાં હૃદયો કાંઈક વિકાશિત થવાનું શીખે સઘળો વર્ગ જે પ્રેમને આધીન થયો છે તે પ્રેમ સ્વાર્થ અને પરિચયરૂપજ માનવો પડે તેમ છે. અમે પોતે પણ એટલેસુધીજ પોચ્યા હોઇએ અને વધારે ઊંડા ન ઉતર્યા હોઇએ તે વાત હવે જાણવાની છે. પણ એટલુ તો હમણાંથીજ અમે કહી શકશું કે જેને અમે પ્રેમ કહિયે છિયે તે પ્રેમ અને હાલમાં જેને પ્રેમ ઠરાવવામાં આવે છે તે પ્રેમમાં અત્યંત અંતર છે. અગ્નિ અને હીમને, સૂર્ય અને ચંદ્રને અને જમીન અને આકાશને જેટલો ફેર તે કરતાં પણ એમાં વિશેષ ફેર છે એમ કેહેવાને કાંઇ અડચણ નથી. અહો! પ્રેમ છેજ ક્યાં? હોયજ ક્યાંથી? જ્યાં જુવો ત્યાં સ્વાર્થમાટેનો પરિચયજ પોતાનાં મૂલ નાંખીને પડ્યો છે. એનેજ આપણે પ્રેમ પ્રેમ કહીને ઠોકી બેસાડ્યો એ કાંઈ જેવો તેવો મોહ નથી. કોઈને તેઓનું મોહવાળું વર્તન જોઇએજ અક્ષર કેહેવા જઇએ તો તેઓ પોતે પંડિતવર બની જેને જે ગમે તે યોગ્ય એમ કહી દેછે અથવા **विकसति न वसंते मालती कोत्र हेतुः** એવાં વચનો કહીને સમજણની વાત ઉડાડી દઈ પોતાની સમજણનેજ સત્ય કરવા મથે છે. પણ કોઇએ ક્યાં વિચારે છે? એનું એ નામ અને એનું એ વર્તન છતાં પણ સમજણની ન્યૂનતાથીજ આપણો અને આપણા દેશનો ડાટ વળે છે. અને હજી વળવાનો. જ્યાં જોશો ત્યાં ઉપરથી અભેદ દેખાડતાં છતાં પણ અંતરમાં ભેદબુદ્ધિ અને રાગદ્વેષ વગર કોઇ દેખાતુજ નથી. એનેલીધે સ્વાર્થ શું અને તે કેમ સાધવો એ પણ દૂર રહે છે તો પછી પ્રેમની તો વાતજ શી કરવી? જેથી હૃદય ઉદારતા વગરનું થાય, ભેદબુદ્ધિનો વધારો થાય, ઘરમાં કે દેશમાં કુસંપ વધે, હૃદય રાતદિવસ તપ્યા કરે, વિનય-વિવેક વિસરી જવાય, ઉદ્યોગને આંચ લાગે, અને અંતઃકરણ નરમ છતાં કઠોર પાણા જેવું થઇ જાય તે પ્રેમ હોય તો પણ અપ્રેમજ છે. જલ અને મીન, ચંદ્ર અને ચકોર સૂર્ય અને કમલ, પાણી અને દુધ, એક અને બીજું સારસ, સેવાલ અને

સરોવર, માલતી અને ચોમાસુ મેઘ અને મયૂર, વિગેરે જડના કે ચૈતન વાળા પ્રાણીના અથવા ગમે તે પદાર્થોના સ્વભાવના દાખલાઓ લોકો પોતાની વાતમાટે પ્રકટ કરે તે માત્ર ધુમાડાના બાચકાજ છે, કેમકે તેવા સ્થળોમા પ્રેમની કલ્પનાજ અસભવિત અને અયોગ્ય છે પ્રેમજ મનુષ્ય પ્રાણીરૂપ પદાર્થના સ્વભાવરૂપ ઠેરતો હોય તો પછી તેને સ્વભાવના ના મથીજ બોલાવવાની જરૂર છે અને પ્રેમશબ્દ ની નિરર્થકતા થાય છે સાર્થકતા હોય તો તે સ્વાર્થરૂપજ છે જે કાઇ પ્રિયપણુ તે પોતાનેમાટેજ છે, પરનેમાટ છેજ નહિ સર્વ વાતે નિશ્ચય છે કે પ્રેમમા પણ પ્રિયપણુજ હોવાથી તે પોતામાટેજ છે અને એટલામાટેજ તે એક સ્વાર્થજ છે એમ અનુમાનાય છે સઘળા લોકો પોતપોતાનો સ્વાર્થ ભલે સાચવે અને ભલે કલ્પી લાધેલુ સુખ સ્વપ્નના લાહુની પેઠે ભોગવે પરતુ તે સાથે અનર્થ પણ ભેળો થઇ જાય છે તેનુ ધ્યાન રાખવાની બહુ જરૂર છે દુધમા પાણીની પેઠે મળેલો એ અનર્થ ઓળખાઇને અનાદર પામે તો પછી પ્રેમ શબ્દ થી બોલાતો સ્વાર્થ શુદ્ધતાને પામે છે આનેમાટે વિવેકબુદ્ધિનીજ આવશ્ય કતા છે હજારો સૂર્ય જે વસ્તુને ન દેખાડી શકે તે વસ્તુને વિવેકબુદ્ધિ દેખાડે છે, ત્યારે અનર્થને ઓળખાવો દે એ કાઇ કઠણ નથી પણ ખા ટલે મોટી ખોટ કે પેના પાયોજ નહિ તેમ પેના તે વિવેકબુદ્ધિજ આનવી ક્યા માર્ગમા પડી છે? કોઇ મહાપુણ્યને પ્રતાપે અને બાળપણથી થયેના કોઇ સારા સગે વિવેકબુદ્ધિ આવે છે અને જેને વિવેકબુદ્ધિ આવે છે તેજ પ્રેમને પારખે છે અને પરમ સુખને ઓળખે છે તે શિવાય તો ભીત ઉ પરના ચિત્રોમા તદ્રૂપતા માનનારા જેમ ઠગાયેલાજ છે તેમ અવિવેકીઓ ઠાઠમાઠથી ઠગાયેનાજ છે અહો કેવી અદ્ભુત ઇંદ્રિજાળ! ધન્ય છે એના અધિપતિને પણ અરે! પ્રેમની કલ્પના અન્ય પદાર્થમા ક્યા કરીયે છિયે? આપણે આપણા અતઃકરણનો ધર્મ બીજામા આરોપીયે છિયે અને એથી પણ પ્રેમ શબ્દનો સમાવેશ અન્ય પાત્રમા નહિ થતા પોતામાજ થઇ જાય છે અને જે બીજે દેખવામા આવે છે તે પોતાનુજ અતર જોવામા આવે છે આમ માનવાથી પણ અન્યમા પ્રેમીપણુ જે લોકો માને છે તે મિથ્યા થઈ જાય છે આવા મિથ્યાભાસનેલીધે જગતને બહુ હાનિ થાય છે તે આપણે જોતા આવ્યા છિયે અને જોઇએ છિએજ માટે હવે સાવલોકન કરી સમજીને પગલુ ભરવામાજ સમજણની યોગ્યતા સમાણી છે એમ ન બને તો મનુષ્યતા વગોવાણીજ સમજવી

प्रारब्धनी विचित्रता उपर एक वात.

(સબંધ પાને ૬૦૭ થી.)

પેહેલાં તો મારૂં મન આપે ધારી રાખેલી ગોઠવણ પ્રમાણે કરવામાં વળ્યું હતું, પરંતુ હવે તો જેની ઉપર આપને પૂર્ણભાવ આવે છે એવા મનુભા તરફ વળે છે અને યોગ્ય પણ એમજ લાગે છે; પછી જેવી આપની મરજી મહારાજાએ કહ્યું કે તમારા વિચારને હું મળતો આવું છુ. એ વિચાર ઘણા દિવસથી મે ઘડી રાખ્યો હતો પરંતુ તમારી સંમતિનીજ વાટ જોતો હતો. કેમકે તમારી સંમતિ વગર થયેલું કાર્ય સંતોષકારક નીવડે નહિ. રાણી બોલ્યાં, આપ એ વચનથી મને માનવાળી કરોછો તેથી હું મને ધન્ય માનુછું. સૂક્ષ્મવિચાર કરવામાં પુરૂષની કેળવાયેલી બુદ્ધિ આગળ અમારી ગમે તેવી તોપણ ટુકી બુદ્ધિ કાંઈ વધારે કામ નથી કરતી. રાજાએ કહ્યું, એવો નિશ્ચય બાંધી બે સાય નહિ. અને કદિ ધારો કે તેમ હોય તો પણ મેં નિશ્ચય કરી રાખેલા વિચારમાં જ્યારે તમારી સંમતિ મળે ત્યારે તેથી બહુ સંતોષ થાય છે અને પરિણામ પણ સુખદ નીવડે છે. રાણી બોલ્યાં કે ત્યારે એ આપના વચનને અનુસરતો મારી સમતિ હું આપી ચુકી છું. વિશેષ એટલું કે બેયની જેમ કર્તવ્ય હોય તેમ તરત ગોઠવણ થઈ જાય તો વધારે સારૂં. રાજ્યદરબારના પ્રકરણમાં કોઈ વાતો ઉપરથી કોઇપ્રકારનો નિશ્ચય બાંધી બેસાય નહિ. તોપણ ધૂળ જેવી વાત સાંભળતાં જોકે તે ખોટી હોય વિરૂદ્ધ પક્ષની હોય તોપણ અતઃકરણને કાંઈ વિચિત્ર ઉદ્વેગ કરનારી થાય છે. મનુભાની મુદ્રિકા માણેકે ચંચલાના બીછાનામાંથી લઈને આપો ત્યારથી મને ઉંઘ આવતી નથી અને અનેક વિચારો થાયછે. હું સારીરીતે અનુમાન કરી શકુંછું કે એ પેલી પ્રપંચી માણેકનું કામ છે. પણ હમણાંતેને કાંઇ કેહેવાય તેમ નથી. વીટી તો મેં લઇને પેટીમાં મેલી છે. મહારાજા જરા રીસ કરીને બોલ્યા કે શું ત્યારે તેની તપાસ ન થાય? લાવો વીટી અને હું જોઉ કે જોઇએ શું થાય છે? રાણી બોલ્યાં કે મહારાજ! શાંત થાઓ.બાલકો બેય નિર્દોષ છે અને જેઓ દોષિત કરવાને આ આરોપ ચડાવવા ઈચ્છા રાખે છે તેઓને આપણા એકમત થયેલા વિચારે કર્મનું ફળ પ્રથમજ આપ્યું છે; માટે તેવિષે હમણાં મુગા રેહેવું એજ લાભકારક છે. આપણે જેમ કરવું ધારિયે છીયે તેમજ લોક બોલશે તો તે બહુ અપવાદરૂપ પણ નથી. હું તો આ જે

કાઈ મુદ્રિકાના સંબંધમા બન્યુ તે ભવિષ્યના શુકન તરીકે માનુ છુ મહારાજ બોલ્યા કે ઠીક છે એ વાત જવા દ્યો, હમણા સારા દિવસો આવ્યા છે માટે આપણા તરફનો શુભ વિચાર ત્રીજીને જણાવી દેઈએ એટલે નિશ્ચય થઈ જાય અને થોડા દિવસ પછી ઈચ્છા પ્રમાણે માહોત્સવ કરવુ આટલી વાત કરતા મહારાજ સુખાસનપર પોઢ્યા અને મહારાણી પખો મેની લઇને કુમારી ચચનાના આવાસમા તેની સભાળ લેવા ગયા ચચલાને માણેક કોઈ કોઈવાર હાથમા રાખવા વરતી અને આ મુદ્રિકાના સબધમા ડાગ દેવાથી તો તેની ઉપરથી ચચનાનુ મન સાવ ઉતરી ગયુ હતુ એટલે તેની સાથે બહુ પરિચય કે બોલવુ ચાલવુ નહિ રાખતા તે પોતાના થોડા માસથી થયેના સખી સરલા સાથેજ સઘળી વાતચિત અને રમત ગમત તથા વિવાદચ્યામ કરતા હતા અને કોઈવાર માતાને પોતાની અડચણો નિવેદન કરતા હતા આ વખતે પણ રાણી પોતાના આવાસમા આવતા થોડી ઘણી વાતચિત થયા પછી માણેક ધમકી આપેલી તે વાતની રાવ ખાધી રાણીએ તે સાભળીને કહ્યુ કે બેન ! એ તો એવીજ છે એને હુ વઢીશ તમે કચવાશોમા તમે હવે મોટા થયા માટે ગભીરાઇ રાખજો થોડા વખતમા તમારો વિવાહ કરવાનો પણ વિચાર તમારા પિતાજીએ કર્યો છે તમે સરલા પાસે પરણવાની વાત કરતા હતા તે હુ સાભળી ગઈ છુ અને મારા મનમા પણ એજ વિચાર છે માટે રાજી રહેજો, આટલુ કહી પોતાના ઓરડામા ગયા અને ચચના સખી સાથે ઘડીમા ગીત ગાતા ઘડીમા ખાટપર હીંચકતા, ઘડીમા વાજુ વગાડતા, ઘડીમા કૂદી ફરતા, ઘડીમા મેવો ખાતા, ઘડીમા મેના પોપટ પઢાવતા, ઘડીમા કાકા કૌવા બોલાવતા, ઘડીમા બારીયેથી બહાર જોતા ગમે તેમ વખત ગાળવા લાગ્યા

મનુભા આજ પોતાના આવાસમા બેઠા બેઠા બહુ ઊડા વિચારમા પડી ગયા હતા તેને એમ થવા લાગ્યુ કે અહો સ્વાર્થી મનના અને તેની મર્યાદા કેવી વિચિત્ર છે ? મહારાજ ધીરે ધીરે સર્વ ભાર મારી ઉપર નાખતા જાય છે અને હુ તે ઉત્સાહથી ઉપાડતો જાઉ છુ હુ તેમ ન કરૂ તો કેમ ચાલે ? કેવી પ્રારબ્ધની વિચિત્રતા ! ઘણુ કરીને તો થોડા દિવસમા આ રાજ્યનો અધિકારી થાઇશ અને એમ થાય તોપણ મારા વ-

તનની મારે સંભાળ લેવી જોઇએ. મારા રાજ્યનું શું થયું હશે? તે કોના હાથમાં હશે? પ્રજાને કેવું સુખ હશે? તે હું યોગ્ય સ્થિતિએ પોચ્યા છતાં ન જાણું ત્યારે પછી મહારાજાના પ્રીતિપાત્રપણું પણ નકામું જાય. આમ વિચાર કરતાં ઘડીમાં પિતાની પ્રૌઢતાને, ઘડીમાં માતાની માયાલુતાને, ઘડીમાં વિરૂદ્ધ પક્ષના વર્ગના અપમાનને, ઘડીમાં પોતાના એકદમ ગુમ થઇ જવાને, ઘડીમાં પોતે આટલેસુધી કેવી રીતે પોચ્યા તેને અને ઘડીમાં સંસાર સંબંધી સુખના સાધનરૂપ સ્ત્રી મેળવવાના વિચારને, સંભારતા, કોચપર બેઠા બેઠા જેવી દ્વાર ભણી નજર કરે છે ત્યાં એક જાસુસને ચોપદાર લઇ આવી નમીને ઉભો રહ્યો. મનુભાએ પુછ્યુ. કેમ આ વખતે? અને આ કોણ? ચોપદારે કહ્યું, કુમાર! બાપુએ ફરમાવ્યું છે કે આ માણસની હકીગત સાંભળી લઇને જેમ ઘટે તેમ બંદોબસ્ત કરજો. જેમ બને તેમ જલદી ધ્યાન આપવા લાયક આ બાબત છે. કુમારે કહ્યું, ઠીક. જાઓ, બાપુને કહો કે આપની આજ્ઞા પ્રમાણે કરીશ, ચોપદાર સલામ ભરી ગયો એટલે પેલા જાસુસને પુછ્યું કે કેમ ભાઈ તારે શું કહેવું છે? આટલું કુમાર બોલે છે તેટલામાં એક મોરછાપવાળો લાંબો કાગળ કાઢીને તેણે મનુભા આગળ મેલ્યો. મનુભાએ તે પત્ર અથથી ઇતિસુધી વાંચીને પુછ્યું. આમાં લખ્યું છે તેવિષે તમે કાંઇ જાણો છો? જાસુસે કહ્યું. ના સાહેબ! સર્વના કેવાથી હું જાણું છું કે કોઇ માણસ નાશી ગયેલો છે તેસંબંધી તેમાં લખેલું છે. આટલું સાંભળી મનુભા બોલ્યા કે ભાઇ! તું મારો બીજો હુકમ થાય ત્યાંસુધી આ ગામમાંથી જાઇશ નહિ. તારે ખાધાપીધાનો યોગ દરબાર કરી આપશે. જાસુસ તો બહુ સારૂં સાહેબ કહીને ઉઠયો કુમાર મનુભા વધારે વિચારમાં પડી ગયા કે રાજકુમારને મારનાર હરિદત્ત તે કોણ હશે? શું કરવા માર્યો હશે? તેમ કર્યા પછી તે કેમ છાનો રહ્યો હશે? એ વાત બહુ વિચિત્ર લાગે છે. રખે ને સંન્યાસી બાવાની ઉપર આ વાત ઉતરે, કેમ કે કાગળમાં લખેલાં એંધાણો એને મળતાં આવે છે. હમણાં આ તપાસની જરૂર નથી. પેહેલાં એને મારનારને સિક્ષા થઇ ગયા પછી બીજી તપાસ ચલાવશું. આમ વિચાર કરે છે ત્યાં માતાજીએ લીલો મેવો લઈ મોકલેલી માણેક આવી દુખણાં લઇ ઉભી રહી. મનુભાએ પુછ્યું, કેમ બાઇ માણેક, માજી શું કરે છે? માણેકે કહ્યું, આરામમાં બેઠાં છે અને આપનેવાસ્તે આ મેવો મોકલાવ્યો છે. મનુભાએ કહ્યું, ઠીક. હું પછીથી

પાસે આવીને નાગિ પુછ્યુ આપને આ કાંઈ દેવુ હોય તો આપો નહિ તો મનુભાએ કહ્યુ મારા પોતાની વાત હોય તો પુછાથી કહુ પણ કાંઈ બીજાના વાત હોય તો તે કહેવાથી જરૂર નથી. માણેક બોલી આપ સમજવાને બોલવાની બુદ્ધિમાં હોઉં તો એનામાં આપના તે બધુ ભુલી ગઇ ગયા છે, માટે તમે આપે જો પ હોય તે ઉપાય લેવા પણ નિ મારા હાથ આવ્યામાટે આટલા ખબર આપને કહુ છુ. મનુભા આશ્ચર્ય પામ્યા અને પુછ્યુ—આ તુ શુ કહે છે? માણેકે કહ્યુ હુ વાત કાંઈ જાણ- તાતા નથી, પણ કાંઈક ગડબડ તો છે ખરી. પછી આપને વિશ્વાસ ન આવે તો આપની મરજી. મનુભાએ કહ્યુ ઠીક, માણેકને માગ પોતાના કહેજે એટલુ કહી માણેકને જ આપી સોનીને તેનાવ્યો. સોની વિગત કહેતો નુ તો આવી ઉભો તેને આનંદ આપી નીચે બેસારી વાટાને માટ પુછ્યુ ત્યારે તેણે કહ્યુ બાપુ કુનો માફ કરો તો આપ કહુ. મનુ ભાએ કહ્યુ માફ છે કહે. સોની બોલ્યો આપે હુકમ આપેલા પછી તરત મુદ્રિકા પડવા માંડી હતી. એક દિવસ માણેક પોતાનો દાગીનો લેવા આવી હતી, તે વખતે તેણે તે વાટીનુ જોઈ કહ્યુ તેણે પાછા એને કહ્યુ કે મનુભાની વીંટી થઇ હોય તો માણેક જોવા માગાની છે. મે ના કહી ત્યારે ના કહેવાથી ઉલટો મનુભાનો હુકમ આવે એવુ સમજીને મે વીંટી પાસ નિનિરમા પાછી પોગાડનારા આવી નીવડ ગઇ તે પાછી આપી ગઈ નહીં અને એમ કહી ગઇ કે વીંટી તો બાપુ હજુરમા પહોચ્યા ત્યારે માણેક પાસેથી પરણી ગયા હવે તે વીંટી આપી નથી પોતાની રોમ હુ હમણા જાણુ છુ. મનુભાએ કહ્યુ ઠીક તમારે કાંઇ દોષ નથી વીંટી પોતાની હોય તો પણ પોચ્યા જેવી છે ખબર એ જ આજથી કહુ છુ કે હવે પછી તેનુ નામ કાઢો નહિ. સોની મહુ મા બાપુ કહી ઉઠ્યા. મનુભા વિચારમા પડ્યા. ...આરા સ્વાર્થમાટે નારી એનો વખત ... મા તુમો હમ ... પ્રસંગ જેઇ પ્રપંચ કરે છે તેનો આ પાઠ વાખતો થયો હુ ... નામાંથી, ભવનામાયથી, આપણા અનંતથી વધુ છુ તો પણ આ વિપરીત જ્ઞાને હૃદયનાગ નાગમો વિપરીત કરી કરવાને હૃત ... વાત બને માત્ર ... ને વખતે ગોઢ બોલા તે હુ નમજ્યો નાહ ... અને વિરુદ્ધ પમગી મનેની આ વાત ... આવતી જોઇ ન પણ આ જના દિવસનુ હુ તની ભૂમિમા ... દખતો નથી પછી તેનો ને

બહાર જણાવતા નહોય અથવા કાંતો તેવો પ્રપંચ તેના સુધી ગયો ન હોય. માણેકે કરેલું કામ આડું ઉતરવાનું હોય તો જીવના જોખમ સુધી પોચી જાય તો કોઇ આડા હાથ ન દે. હશે. હવે ચેતીને ચાલવું, અને રાવ-જીની સલાહ લઇ ફૂલવાડીએ રેહેવાને નીકળી જવું મહારાજાએ જ્યાં સુધી વિરૂદ્ધ પક્ષને દબાવ્યો નથી ત્યાંસુધી તે કોઇને સુખ લેવા દેશે નહીં અને પોતે લેશે નહિ. મારૂં પ્રારબ્ધ મને પ્રબળ લાગે છે, કેમકે ઘણુ ઘણા અપવાદો અને વિઘ્નો મને થાય છે અને એની મેળે શમી જાય છે. અને એમ ન હોય તો આટલા દિવસો સુધી હું હયાત પણ કેમ હોઉ? જોઉ છું કે વીંટી વિષે હવે શું થાય છે? વધારે ડોળાશે તો જે હશે તે એનીમેળે બહાર આવશે. મને એકે રીતે એમાં હરકત નથી. આમ વિચાર કરે છે ત્યાં થાળીનો વખત થયે એટલે જમવા પધાર્યા. અપૂર્ણ.

पुनरुद्वाहविषे विचारना पत्रनो प्रत्युत्तर.

(સંબંધ પાને ૧૩૬ થી)

આ નિયમથી સ્ત્રીવર્ગ ઓછા અધિકારવાળો થાય છે એમ શાથી તમે જાણ્યું? આથી તો એની આવશ્યકતા વિચારતાં ઉલટો અધિકાર વધે છે. કદિ ગયેલાં એકજ અંગમાટે તમે કેહેતા હો તો અમે તમનેજ પુછિયે છિયે કે અધિકારની વાત તે જીવતાં વિચારવાની કે મુવા પછી? અમારૂં કેહેવુ એમ નથી કે કોઈપણ રીતે પોતાના ઘરમાં પતિસાથે તેને કોઈપણ સુખ-ભોગવવાનો હક ઓછો છે. જો એ પાત્ર સદ્ગુણી હોય તો સ્વામીના આ-જ્ઞાવિના પણ પોતાની આકર્ષણશક્તિથી પોતાનો અધિકાર વધારીને ઘરની ઈશ્વરી થઇ બેસે છે. મર્યાદામાં રહીને એથી પણ વધારે તેનો અધિકાર જાળવવાને કોણના કહે છે? જેમ પુરૂષવર્ગને તેમજ તેને સર્વ અધિકાર પોતાના ઘરમાં સુખ ભોગવવાના સરખાજ છે, તેમ છતાં ઓછો અધિકાર જેટલો કેહેવામાં આવે છે તે તેની રીતભાત, શરીરવ્યવસ્થા, જગતનું બધારણ અને જાતિસ્વભાવથી જણાઇજ રેહે છે. એ વર્ગે પતિ ગયા પછી પ્ર-જાનું પાલન કરતાં બ્રહ્મચર્ય પાળી ઈશ્વરભજનમાં દિવસો ગાળવા એજ ઉત્તમ શ્રેયરૂપ સાધન છે તે તેના અધિકારપરત્વે બરાબર છે. અને પુરૂષે સ્ત્રી ગયા પછી યોગ્યતા હોય તો બીજી સ્ત્રી કરી તેનેવિષે પ્રથમ સ્વરૂપની

કલ્પના કરી વ્યવહાર જેટલુ તેમા અનુરક્ત રહી ધર્મકર્મ કરી કરવી પરમ પદનો માગ શોધવો આમ થાય તોજ સરખો અધિકાર કેહેવાય તેથી વિશેષ કરવુ એ તો અધિકાર વધારી દેવા જેવુ છે આ ધારો આજ નવો નથી બહુ દીર્ઘદર્શીઓએ જુના વખતથી બાંધેલો છે અને તેને તમે પણ માનની રીતે જુવો છો ત્યારે પછી શી તકરાર હોય? તમે તેને ગભીર નજરથી જુવોછો એમ અમે ત્યારે માનિયે કે જ્યારે તમે તમારો આગ્રહ છોડી દીયો એકજ અધિકારવાળી બે વસ્તુ હોય તો એક બીજાની સ્પર્ધા થાય અથવા એથી બેપણુ થતા તેમાથી બીજા દોષો પ્રકટ થાય આદિથી જોશો તોપણ બે વસ્તુ કલ્પાઇને એકનો અધિકાર ઓછો પાડી દઇ એકનોજ અધિક અને સ્વતત્ર અધિકાર વર્ણાય છે અને દેખાય છે તેજ રીતે સ્ત્રી પુરૂષમા સમજવુ તમે ધારો છો તેવી સમાનતાના ક્રમથી તો ગેરફાયદોજ છે બાકી તેને સુખી કરવાના સબધમા તો તમે જે કેશો તે અમારે અમાન્ય નથી એ પોતાને શરણ થયેલ દીન અને અમન જાતિ કે જેણે સર્વસ્વરૂપ આપણને ગણેલ હોય તેને ઓછો અધિકાર આપવાનો વિચાર પણ ક્રુરતા ભરેલોજ છે પણ ભાઇ, આ પ્રસગ શો છે? આ પ્રસગ એવા વિચારથી પાર પડે તેવો નથી અહીં તો વિવેકદૃષ્ટિથી હવે શુ કર્તવ્ય છે તેજ વિચારવાનુ છે, તો તે અમારા વિચાર ઉપર આવવાથીજ ફળીભૂત થાય છે એમ કરવાથી જો સરખો ન્યાય નહિ આપ્યાનો તમને દોષ લાગે તો તેના જમાન અમે થઇએ છિયે પછી તમને શો ભય છે? તમો તો કેશો કે ઈશ્વરે આકૃતિની સમાનતા કેમ ન કરી? તો તેનો કાઇ ફડચો આવવાનો નહિ માટે આમ ખોટા અધિકારની વાત ઉપર ડોળરુ કરવામા સારજ નથી અને એમ કરવાથી અનધિકારી વર્ગ તેનો ઊંધો અર્થ લઇ બેસવાથી કાળે કરી તમે જ ધારો છો તેથી ઉલટોજ માર્ગ પડી જવાનો અમને ભય રહે છે તો તેનો દોષ તમારા જેવા વિચારના લોકો ઉપર આવશે માટે વિવેક રાખીને પગલુ ભરવુ યોગ્ય છે પોતાના સુખના વિચાર પેહેલા જગતના સુખનો અને મર્યાદાનો વિચાર પણ લેવાની જરૂર છે, કે જેથી આપણુ જોડ કોઇ ભૂલાવો ખાય નહિ તમને યાદ હશે કે ગયેલા અગનુ સહચરીપણુ શરીરની હયાતી સુધીજ છે અને તેની હયાતી મટતા બીજી સહચરી સ્થિતિ અને આશ્રમપરત્વે કયાઇ પણ બાધિત નથી

વ્યવહારમાં કશુંય સુખ નથી એ દેખાડવા ઝાડની ડાળને વળગી રહેલા લોભીનો મધના ટીપાસાટે દુઃખ સહન કરવાનો દાખલો લખ્યો તે બરાબર છે. અમે પણ તે વાતથી ઉલટા નથી જતા. પણ તમે જો તપાસી જોશો તો ખરી રીતે જાણવામાં આવશે કે સંસાર દુઃખનો ભરેલો છે તોજ આજે તમને તેમજ બીજાને સુખ મેળવવાનો કોઈ બીજો ઉપાય શોધવાનું મન થાય છે. માટે એવાં ઉપકારક દુઃખને તમે આજ અનાદર કરશો એ કાંઈ યોગ્ય નથી. અને ટાઢ તડકો સહન કરનાર ઝાડની ડાળ ઝાલી કુવા કાંઠે લટકી રહેલો જેમ મધના ટીપાને સુખરૂપ માને છે તેમ વિષયોને આપણે સુખરૂપ માનિયે છીયે, પણ તે સુખરૂપ નથી એમ તમારો અભિપ્રાય છેઃ પરંતુ અમારૂં કેહેવુ એમ છે, કે સુખરૂપ નહિ છતાં પણ સુખરૂપ મનાય એવી જો એનામાં શક્તિ હોય તો તેને પરાણે દુઃખરૂપ માનવામાં શું લાભ? તમેપણ સુખરૂપ માનો એટલે સહજમાં દુઃખ મટી જશે ખરો માર્ગ તો એ છે કે તેને સુખરૂપ કે દુઃખરૂપ એકેય રીતે કલ્પવા નહિ; કેમકેઃ—

न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि
प्रियत्वं यत्रस्यादितरमपि तद्ग्राहकवशात् ।
रथांगाव्हानानां भवति विधुरंगारशकटी
पटीरांभःकुंभः स भवति चकोरीनयनयोः ॥

પ્રકૃતિથી કે ગુણથી કોઈપણ વસ્તુ પ્રિય પણ નથી અને અપ્રિયપણ નથી. પ્રિયપણું તેમજ અપ્રિયપણું પણ તેના ગ્રાહકને અનુસરીને હોય છે. જેમકે ચકવાકોને ચંદ્રમા અંગારાની શગડી જેવો થાય છેઃ અને તેજ ચંદ્રમા ચકોરની આંખોને ચંદનના પાણીના ઘડા જેવો થાય છે.

સારાંશ એ કે પ્રિય-અપ્રિયપણું સ્વતઃ કોઈ વસ્તુમાં કે કાર્યમાં નથી પણ પોતાના અંતઃકરણમાંજ છે. જેને દુઃખરૂપ દેખો તેને સુખરૂપ પણ માની શકો અને સુખરૂપને દુઃખરૂપ પણ માની શકો તે તમારી સ્વતંત્રતાની વાત છે. અથવા એક વસ્તુને કે વિચારને એ બેયરૂપે ન કલ્પો તો પણ તમારાજ સ્વાધીનમાં છે. અને એ પ્રમાણે પગલું ભરો તો તો સુખદુઃખ બેયનો નાશ થતાં પાછળ અખંડ સુખનો આનંદજ રેહેવાનો તેમ સુખદુઃખ તો તમારા મતમાં પણ તમે ખોટાં છે એમ માની બેયનું મિથ્યાત્વ દેખાડો છો તે યથાર્થ છે, ત્યારે પછી એવી બાબતમાં આગ્રહ રાખી જે કાંઇ અમે બતાવિયે છિયે તેને દુઃખરૂપ પ્રયત્ન શાસાટે માનવું?

જો એનીમેળે સુખદુઃખ આવે એમ ધારતા હો તો પણ અમારી વાત સિદ્ધ થાય છે અને જે તમે આગ્રહ રાખોછો તે નિરર્થક થાય છે તમારે એમજ માનવું જોઇએ કે દુઃખ કે સુખ કાંઈ છેજ નહિ અને એકેયનેમાટે હું પ્રયત્ન કરતોજ નથી એનામેળે જ સ્થિતિ આવે તે ખરી જગતનો અને તેના વિષયોનો પ્રવાહ કાંઈ સ્થિર રહ્યો કે ચાલ્યો ન જાય એ વિષયો છે, તેને આપણે ગ્રહણ કર્યા, ગ્રહણ કર્યા પછી એનામેળે ચાલ્યા ગયા એમ કલ્પનાજ શામાટે બાંધવી? કલ્પના બાંધી હોય તોજ ભર્તૃહરિના કહેવા પ્રમાણે જ્યારે આપણી આસક્તિ છતાં પણ વિષયો આપણને છોડી ગયા એમ થાય એટલે અનવધિ શોક અને એનામેળે પ્રાપ્ત થાય તો અનવધિ હર્ષ થાય છે પોતાની મેળે જો છોડી દઈએ તો અત્યંત સુખ થાય છે એ વાત તમારી ખરી છે પણ પોતાની મેળે છોડવું અને ગ્રહણ કરવું એ ક્યાં સ્વતંત્ર છે? સ્વતંત્ર હોય તો તે પણ માન માનવાપણુંજ છે ત્યારે વિષયો પોતે આપણને છોડી દે તોએ ભલે, પ્રાપ્ત થાય તોએ ભલે એમ ગણવું અને પ્રાપ્ત થયા પછી પણ તેમાં આસક્તિ નહિ હોયતો રહેશે તોપણ સુખરૂપ છે અને જશે તોપણ સુખરૂપ છે એથી પણ કાંઈ ગયું પણ નથી અને આવ્યું પણ નથી સર્વ આપણા સંકલ્પનોજ પ્રભાવ છે એમ ધારવામાં વળી વધારે ગંભીરતા રહીછે ભોગવાયા ન હોય ત્યાંસુધીજ વિષયો પ્રિય લાગે છે એ વાત તમારી સત્ય છે પણ એ સમજણથી એમ અર્થ લેવાનો છે કે પરિણામે દુઃખરૂપ વિષયોમાં લંપટ થવું નહિ વિષયો એનીમેળે છોડી દે તેવા છે માટે આપણેજ તેને આપણી મેળે છોડી દેવા એમ બનવુંજ કઠણ છે જ્યાંસુધી શરીર જીવતું હોય ત્યાંસુધી તેને વિષયોવગર ચાલતુંજ નથી ખાવું, સુવું, સાંભળવું, જોવું, સુંઘવું એનો ત્યાગ થાય તો પછી શરીરજ રહે નહિ અને એ સર્વ એનીમેળે ચાલવા માંડે ત્યારે તેને રોકાય પણ નહિ સાર તો એ સમજવાનો છે કે બહુ લોલુપતાથી આ મેં મેળવ્યું અને આ જતું રહ્યું એવી કલ્પના છોડી દેવી એજ તમારા પત્રનો હેતુ છે જે જે અબાધિત વસ્તુઓ વિષયરૂપે છે તે ગ્રહણ કરી અનાસક્ત રહી શરીરનો નિર્વાહ કરવો અને તેમાં કાંઈ ન્યૂનાધિક થાય તો તેના તે તે સ્વભાવ સમજી દુઃખિત ન થવું તથા વ્યવહારને અંગે જેમ યોગ્ય ગણાતું હોય તેમ વર્તી મનને નિર્વિષય કરી પરમાત્મવિચારમાં જોડી દેવું એનીમેળે જનારા વિષયોને છોડી દેવાથી સુખ થતું હોય તો પણ મનથીજ કરવાનું છે માટે

મનનેજ નિર્વિષય રાખવું. શરીરને નિર્વિષય કરવામાં દૃઢ આગ્રહી થવું નહિ. અમારૂં કેહેવું એમ છેજ નહિ કે તમે વિષયાસક્ત થાઓ. અમે તો એમજ ભલામણ કરિયે છિયે કે તમે વિષયોથી મુક્ત થઇ નિર્વિષયજ રહો. પરંતુ વ્યવહારના ધર્મમાંથી વિમુખ થવા કે શરીરને અબાધિત પ્રસંગ જેટલા વિષયોથી આગ્રહપૂર્વક દૂર રાખવા જે હઠ છે તેતો ઉલટો તમને વિષયાસક્ત બનાવેછે. જાતે જનારાને મેલી દઈએ તો દુઃખ ન થાય એ વાત સર્વ મનનેમાટેજ સમજવાની છે. હમણાં જે તમે આ વાત ઉપર આવ્યા છો એ પણ મનમાંથી વિષયનું રૂપ છોડયું નથી તોજ આવ્યાછો. માટે એને પ્રાપ્ત હોય, અપ્રાપ્ત હોય, આવતા હોય કે જતા હોય તે સર્વને આપણે છોડેલાજ સમજવા પછી શું દુઃખ રહ્યું ? દુઃખ થાયછે આપણી ભૂલથી અને વિષયોને માથે ઓઢાડી દઇએ એ કેમ ચાલે ? ઝાડના ઠુંઠાને ભૂત કલ્પીએ કે ચોર કલ્પીએ અને શીંદરીને સાપ કલ્પીયે અને તેથકી ભય થાય એમાં એ પદાર્થો અપરાધી નથી. તેમ વિષયોમાં બંધાયેલી ભાવના મનનાજ અવિચારીપણાથી દુઃખ દેનાર થાય તો તેમાં વિષયો શું કરે? એને આવે તોપણ સુખરૂપ માની લેવા અને જાય તોપણ સુખરૂપ માની લેવાથી સર્વ શોક દૂર થાયછે. અથવા આવે તોપણ દુઃખરૂપ અને જાય તો પણ દુઃખરૂપ માની લઇ અનાસક્ત રેહેવું તો શોક દૂર થાયછે. અથવા આવે તોપણ દુઃખસુખરૂપ નથી અને જાય તોપણ દુઃખસુખરૂપ નથી એમ માની સમય પ્રમાણે વર્તી અખંડ સુખના સાધનમાં લક્ષ રાખવું તો શોક દૂર થાયછે. અથવા સર્વ જે જેમ છે તેમ ભરેલું છે. કોઈ આવતું પણ નથી, જતું પણ નથી. સર્વ આભાસમાત્ર અને સ્વપ્નવત છે એમ માનવું તેથી શોક દૂર થાય છે. આ વિષય છે, તેણે મને છોડ્યો, હવે હું તેવા વિષયને ગ્રહણ નહિ કરૂં, એ મને છેવટ છોડવાનો છે માટે હુંજ તેને છોડી દઊં છું. એ કલ્પના સમજણભરેલી છે તોપણ પૂર્ણ નથી. પૂર્ણ સમજણમાં ભેદદૃષ્ટિજ ભુલી જવાય છે. તોપણ જ્યાંસુધી એ અધિકાર પ્રાપ્ત ન થયો હોય ત્યાંસુધી વિષયોને કલ્પવા, તેને દુઃખરૂપ માનવા અને એ છોડે તે પેહેલા આપણે તેને છોડી દેવા એ વાત યોગ્ય છે. તે કાર્ય નીતિ ધર્મ વ્યવહાર વિગેરે વિચારીને યોગ્યાયોગ્ય સમજીને મનથી કરવાનું છે. અને તેમાં ઘણી દીર્ઘદૃષ્ટિની જરૂર છે. દીર્ઘદૃષ્ટિથી કરેલું કાર્ય અતિ લાભકારક થાય છે. અને એમ થાય તો જે દુઃખ દેનારા અને બંધન કર-

નાગ વિષયો છે તે એથી વિપરીત અને આપનાર થાય તપ સ્વાધ્યાય આદિ કાઇ પણ વિષયથી બહાર જતું નથી તમારો આગ્રહ પણ વિષયરૂપજ થાય છે છેવટ જનારા વિષયોનો પોતાથીજ ત્યાગ કરવાનો ક્રમ તમારા આગ્રહરૂપ વિષયને પણ લાગુ પાડવાની જરૂર છે, કેમકે તમે જો તમારી મેળે તે આગ્રહ નહિ છોડો અને પછી પરાણે કોઇ પણ કારણસર છોડવો પડશે તો દુ:ખરૂપ થશે પ્રાણીઓના શરીરની ઉત્પત્તિ સાથેજ વિષયોની ઉત્પત્તિ થઇ છે તે બેયને બહુજ પાસે પાસેનો સંબંધ છે તેમ છતા શરીરને ઉપયોગી ગણી, વિષયોને નિરૂપયોગી ધારી બેસવું એ તો પરમેશ્વરની પણ ભૂલ કાઢવા જેવું કર્યું કેહેવાય (અપૂર્ણ)

सभाना मन्त्रीनी नेमणूक

આજસુધી વેદધર્મસભાના મંત્રીપણાનું કામ સજ્જન ગૃહસ્થ શેઠ વિસનજી ખીમજી ચલાવતા હતા તેમણે તે બાબત રાજીનામું આપવાથી તેની જગ્યાએ શેઠ દ્વારકાદાસ ધરમશીને નીમવામા આવ્યા છે અને તે મણે આ ધર્મસભાનું કામ ખુશીથી સ્વીકાર્યું છે ૧૯૪૬ ચૈત્ર

વેદધર્મ સભાની કાર્યભારમંડળી

वेदधर्मसभाने वक्षीस

ડીરેક્ટર ઓફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રકશનના ક્લાર્ક, વડોદરાના રહીશ રા રા જેહરરાય કપીલરાય નાગરગૃહસ્થે, પોતાના ભાઇ શ્રીહરરાય કપીલરાયનો સ્વર્ગવાસ થતા તેની પાછળ પુણ્યદાન નિમિત્તે ગયા માસમા રૂપીયા પચાસ આપ્યા હતા તેની પોચ અપાઇ ગઇ છે ફરીને બીજીવાર રૂા પચાસ (અંકે ૫૦) તેજ નિમિત્તે આ સભાના ધર્માદા ફંડને બક્ષીસ કર્યા છે તે કારભાર મંડળીયે માન્ય રાખ્યા છે અને તેના વ્યાજનો સદુપયોગ થયા કરશે

ગયા વખતની પોચમા ડીરેક્ટરના ક્લાર્ક લખવું જોઇએ તેને બદલે ડીરેક્ટર લખાઇ ગયા છે તે ભૂલ સુધારી વાચવા અમે ભળામણ કરીયે છીયે

શેઠજી પીતામ્બર વાલજીએ પોતાના સ્ત્રી બાઇ રાજકુવર સં ૧૯૪૫

ના ચૈત્ર વદી ૩ ગુરૂવારે સ્વર્ગવાસી થયાં હતાં. તેની પાચળ પુણ્યદાન દાખલ રૂા૦ ૨૫ અંકે પચીશ, વેદધર્મસભાના ધર્માઊ ફંડમાં બક્ષીસ આપ્યા છે તે માન્ય રાખ્યા છે. તેનો સદુપયોગ થશે ૧૯૪૬ ચૈત્ર વ. ૩

શેઠ ઠ૦ ખીમજી જીવાનો સ્વર્ગવાસ.

લખવાને ખેદ ઉપજે છે કે શેઠ ખીમજી જીવા ફાગણ શુદી ૯ શુક્રવારને રોજ સ્વર્ગવાસી થયાછે.

સંવત ૧૮૯૪ ના કારતક શુદ ૮ ને રોજ તેઓ જન્મ્યા હતા. પોતાના પિતાની દેખરેખમાં દેશમાં ઉછરી દસ વર્ષના થયા ત્યારે પોતાના પિતા જીવાશેઠ સાથે પેહેલવેલા મુંબઇ આવ્યા. મુંબઇ આવીને તેમણે સાધારણ વ્યાવહારિક ભાષાનું જ્ઞાન મેળવ્યું અને ઉમર લાયક થતાં પોતાના બાપદાદાનો લોખંડનો ધંધો જે પોતાના ભાઇ ચલાવતા હતા તે પોતે ચલાવવા લાગ્યા. સં. ૧૯૧૧ ની શાલમાં તેમનાં લગ્ન થયાં. ત્યારપછી તે પોતાના ધંધામાં વધવા લાગ્યા. સ૦ ૧૯૨૪ ની શાલમાં પોતે પોતાના ભાઇથી જુદા પડયા અને સુરતના શેઠ વોરા હેદર અલ્લી કાસમના ભાગીયા થઇ પછી મોટા પાયા ઉપર વેપાર કરવા માંડયો. અને અનુક્રમે તેમાં આજસુધી સારો લાભ મેળવતા ગયા છે. ૩૬ ની શાલમાં વાલકટ બ્રધર્સની મુકાદમી કરવા માંડી તેમાં સારી ચાલાકીથી આજસુધી કામ કર્યું છે. તેમની ધર્મ ઉપર સારી આસ્તા હતી. આઠ વખત વિઠલનાથજીની, બે વખત નાથદ્વારાની અને એક વખત ગોકલમથુરાની અને પાંચ છ વખત ડાકોરજીની યાત્રા કરી આવ્યા હતા. જબુલપુરમાં શેઠ ચત્રભુજ મુરારજીની સાથે એક ધર્મશાળા બંધાવી છે. કચ્છમાં જખૌબંદરમાં તથા દક્ષિણમાં નાશકત્રંબકમાં સદાવ્રત બાંધેલ છે. તેઓ સ્વભાવે સારા હતા. સરકાર તરફથી જસ્ટીસ ઓફ ધી પીસની પદવી મેળવી હતી તે પોતાની પાછળ પોતાનાં વિધવા સ્ત્રીને મેલી ગયા છે, તે સ્વભાવનાં સારાં છે. પોતાને પ્રજા નહિ હોવાથી પોતાના ભાણેજ ભાઇ હરિદાસ જેરામના પુત્ર ભાઇ મૂલજીને દત્તક લીધા છે. આ વખતે કાલગતિનો વિચાર કરી સર્વ કુટુંબીઓ અને સ્નેહીઓએ ધારણા રાખવી એજ કર્તવ્ય છે.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ જ્યેષ્ઠ, સંવત્ ૧૯૪૬ અંક ૮ મો

॥ यतो धर्मस्ततो जय ॥



अशक्तनो काल केम जाय?

उपजाति

અમૂલ્ય આવુ તન ખોઈ નાખે, ધોળે દિવે ઊંઘ ભરાય આંખે,
મોઢે બગાસા બરકી ખવાય, અશક્તનો એમજ કાલ જાય ૧
હિતોપદેશે નહિ હેત રાખે, ચાતુર્યતાના રસને ન ચાખે,
ભમેરતા ભ્રાંતિવડે ભરાય, અશક્તનો એમજ કાલ જાય ૨
વિવેકવિધાણવથી વિહીન, તને મને રોજ રહે મલીન,
ઓઠે બળે રીસ કરી તણાય, અશક્તનો એમજ કાલ જાય ૩
વિદ્યા કળા કામ ગમે ન લેશ, વતે વળેઠે સુખની વિશેષ,
ગુણો સદા આળસનાજ ગાય, અશક્તનો એમજ કાલ જાય ૪
હળી મળી ક્યાંઇ શકે ન હેતેં, સાખી શકે વેણ ન હોય કે તે,
મોહે અને મત્સરથી તણાય, અશક્તનો એમજ કાલ જાય ૫
લજાય જો જાય જરા બહાર, વાલો ગણે છે વશમો વિહાર,
પરાન્નથી પેટ ભરી ધરાય, અશક્તનો એમજ કાલ જાય ૬
ધુચી રહે છે ઘરમા ધનાઈ, પીડા ન જાણે પણ તે પરાઇ,
ઉપાધિના દુઃખવડે ડરાય, અશક્તનો એમજ કાલ જાય ૭
રહે નહીં ઇદ્રિય વર્ગ વશ્ય, ઘેરાય છે વ્યાધિવડે અવશ્ય,
ન પુણ્યમા પાણુ કદી અપાય, અશક્તનો એમજ કાલ જાય ૮
વિદ્વાનનુ યોગ્યપણુ ન જાણે, સતોષ માને મનમા પરાણે,
સમધ તે બધનરૂપ થાય, અશક્તનો એમજ કાલ જાય ૯
બીહે બધે બીકણ કાંઈ થાતા, રોઈ કરે કાયર નેત્ર રાતા,
નદી તળાવે જઇ રોજ નાય, અશક્તનો એમજ કાલ જાય ૧૦
કુખ્યો અરે દેશ કરો ઉપાય, આ આપણુ સર્વ તણાઈ જાય,

પડ્યાં પડ્યાં એમ સુખે વદાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૧
ચલાય બે ચાર ઘડી ન તેથી, જવાય થાકી શ્રમ થાય એથી;
ન પેટપૂર પણ તે કમાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૨
કરે નહીં પોષણ કાયનું તે, સુખીપણું નિત્ય ગણાય સૂતે;
વિચાર મોટા મનમાં સમાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૩
જ્યાં ત્યાં થકી તે અપમાન પામે, ધને જને કોય દિને ન જામે;
રહે પરાધીનપણે સદાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૪
દુર્ભાગ્યથી લોક બધા ડરાવે, વિપત્તિમાં કોય ન પાસ આવે;
વિનાપરાધે પણ માર ખાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૫
વ્યાપી રહેલા હરિને ન શોધે, બંધાય છે તે બમણો અબોધે;
નહીં સદાચાર વિષે ચલાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૬
સ્વાધ્યાય પૂજા જપ પાઠ માળા, સૂઝે નહીં માર્ગ સુધર્મવાળા;
પરાર્થે સોંણે પણ શું સધાય, અશક્તનો એમજ કાલ જાય. ૧૭

दोहरो.

એ રીતે આ લોકમાં, કાઢે કાલ અશક્ત;
સહજ સફળ તે થાય જો, કેશવ હરિ અનુરક્ત.

उदयने अवरोध करनारी एक त्रिपुटी.

ત્રણ અક્ષરનો ઉદય શબ્દ એવો ગંભીર છે કે તેમાં અનેક સુખરૂપ ઉત્તમ સ્થિતિઓના અર્થનો સમાવેશ થઈ જાય છે. તેનું શબ્દથી વર્ણન કરવું અત્યંત કઠણ છે પરતુ તેનો ઉચ્ચાર થતાં વિચારવાન વર્ગને તેનું સ્વરૂપ અંતઃકરણમાં અનુભવાઇ જાય છે. ઈશ્વર કૃપા અને પ્રારબ્ધની પ્રબળતાથી સારા કુલને વિષે ગર્ભ શ્રીમંતપણામાં જન્મ, અખંડ શરીર અને સુખરૂપ સહાય મળ્યા પછી અવસ્થાના ક્રમે વિદ્વાન થઈ ધર્મ અર્થ અને કામ પુરૂષાર્થની સિદ્ધિ પૂર્વક સુખ અને કીર્તિ સંપાદન કરવામાં અને એ સર્વ સહાયથી મોક્ષ પુરૂષાર્થરૂપ પરમ પદના અધિકારી થવામાં ઉદય શબ્દનો ટુંકો અર્થ સમાઈ જાય છે. રાજા અને રક, અથવા મોટા અને સાધારણ વર્ગના સર્વ લોકોને પોતપોતાની સ્થિતિ અને અવસ્થાને અંગે ઉદય પ્રાપ્તજ છે અને તેથીજ નિરંતર સર્વે લોકો તેની ઇચ્છા રાખ્યા કરે છે. વ્યવહાર, અને

પરમાર્થ એવા બે ભેદ અનાદિથી ચાલતા આવે છે તે પ્રમાણે આ ઉદયના વ્યાવહારિક અને પારમાર્થિક એવા નામના બે ભેદ કલ્પી શકાય છે. મનુષ્યોની ચપળતા અને પુરૂષાર્થને લઇને તેના ત્રણ પ્રકાર કર્યા છે જેમકે સામાન્ય ઉદય, કાંઇક વધારે ઉદય અને અત્યંત ઉદય. ઠીક ઠીક સ્થિતિમાં જન્મ લઇ ક્રમે કરી બાલ્ય કિશોર પૌગંડ વગેરે અવસ્થાને આનંદથી પામતા જતા મન ઇંદ્રિય અને અંગમાં અખંડિત રહી, કુળજાત અને વયને અનુસરતુ કમાઇ ખાઇ પી ખુશી રહી પ્રજાની સેવા પામતા પૂર્ણ અવસ્થાને પોંચાય તેને સામાન્ય ઉદય કહી શકાય. કે જેમાં ચાલતી યોગ્ય સ્થિતિમાં કોઈપણ સુખના અંગનો અસ્ત કે પુરૂષાર્થની હાનિ હોય નહિ. કાંઇક વધારે ઉદય એ કે સાધારણ સ્થિતિમાં જન્મ લઇ ક્રમે કરી બાલ્યાદિક અવસ્થા પામતા જતા મન ઇંદ્રિય અને અંગમાં અખંડિત રહી કુળ જાત અને વયને અનુસરતા ધાર્યા કરતા અધિક ધન અને માન મેળવતા જતા ખાઇ પી ખુશી રહી, પોતાના, ગુણ આચરણને અનુકૂળ પ્રજાની સેવા પામતા, પૂર્ણ અવસ્થાને પોંચાય. અત્યંત ઉદય એ કે ગરીબ કે સાધારણ સ્થિતિમાં જન્મ લઇ ક્રમે કરી બાલ્યાદિક અવસ્થા પામતા જતા જોઇએ તે કરતા અધિક ચપળતા રૂપ, સ્મરણશક્તિ સહિત મન, ઇંદ્રિય અને અંગમાં અખંડિત રહિ કુળજાત અને વયને અનુસરતા અધિક અધિક અનુકૂળતા મેળવતા જતા થોડા શ્રમે ઘણી વિદ્યા ઘણું ધન અને ઘણું માન પામતા જતા અથવા ગરીબમાંથી રાજા બની જતા અથવા સાધારણમાંથી મોટા અધિકારી કે મોટા ધર્મગુરૂ થતા ખાઇ પી ખુશી રહી પોતાના ગુણ કર્મને અનુસરતી રૂડી પ્રજા પામી યોગ્ય અવસ્થાએ પ્રજા તરફની સેવા પામી સુખ ભોગવમાં સ્વધામી થવાય. રાજા હોય તેની કુળ પરંપરામાં રાજાજ થાય, ધનિક હોય તેની પરંપરામાં ધનિકજ થાય. એટલે જો કે તે ગરીબના કરતા સુખી અને સ્વતંત્ર છે તોપણ ગરીબ હોઇને એટલે પોંચનારના જેટલો તેનો ઉદય ગણાય નહીં કેમકે ગર્ભ શ્રીમંતપણામાં જન્મવું એ ઉદય આ જન્મના શ્રમથી પ્રાપ્ત થયેલો નથી. જાત મેહેનતથી થયેલો ઉદય તે લોકની દૃષ્ટિમાં વધારે આવે છે. બાકી ઉદયમાન જન્મેલા ઉદયવાળા છે તેઓના ઉદય જોઈ મન રાજી રહે છે પણ તેમાં આશ્ચર્ય પામતા નથી. તેઓ અસ્તથી આશ્ચર્ય પામે છે અને ગરીબના ઉદયથી આશ્ચર્ય પામે છે. એ ક્રમને લઇનેજ ઉદયના ત્રણ પ્રકાર કહ્યા છે. અસ્ત સ્થિતિ હોય તે મટની જાય તોજ

ઉદય શબ્દ ત્યાં લાગુ પડતો જાય છે. અને ઉદય સ્થિતિ હોય તે મટતી જાય ત્યાં અસ્ત શબ્દ લાગુ પડે છે. ઉદય હોય ત્યાં ઉદય અને અસ્ત હોય ત્યાં અસ્ત ઝીણી નજરથી કોઇ જોતું નથી અને તેનેમાટે અચંબો પણ થોડો પામે છે. ઉદયને અવરોધ કરનારાં નાનાં મોટાં ઘણાં કારણો હોય. બાળપણથી કોઇ પાલન પોષણ કરનાર ન હોય, બાળપણથી કુસંગ લાગી જાય, બાળપણથી સંસારમાં પડી જવાય, કોઇ અભણ અને અનુદ્યમી લોકના સહવાસમાં રેહેવાય, આળસ આવ્યા કરે, ઉંઘ આવ્યા કરે, આહાર વધી જાય શરીરે રોગ થાય, મરણની બીક રહે, સ્નેહના બંધનથી ઘર કે ગામ ન છોડાય, જે મળે તેમાં સંતોષ રહે અને સુખ ભોગવવાની રૂચિ થાય એ સર્વ ઉદયનાં અવરોધીજ છે. અને એ શિવાય પણ આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક ઘણાં કારણો છે. આ સઘળાં કારણોનો એકત્ર સમાવેશ થઈ જાય એવી એક ત્રિપુટી કલ્પી શકાયછે જેના અશક્તિ અજ્ઞાન અને અનારોગ્યતા એ મોટાં ત્રણ અંગ છે કે જે વ્યાવહારિક ઉદયને તેમજ પરમાર્થિક ઉદયને પણ અવરોધ કરવામાં સમાનતા ધરાવે છે.

અશક્તિ એ શક્તિની પ્રતિરોધી છે એટલે શક્તિથી થવાનાં સઘળાં કામો તે થવા દેતી નથી. પેહેલવેલાં તો તે ઊંઘને અને આળસને વધારે છે. ઊંઘ અને આળસ એ તમોગુણનો પ્રતાપ છે તો પણ અશક્ત માણસને તે વધારે પરાભવ કરે છે માટે તેને અશક્તિના અંગમાં લેવાં જોઇએ. જેને ઊંઘ અને આળસ વધેલાં હોય છે, તે વેલા ઉઠી શકતા નથી. દિવસે પણ ખાઈ પીને અજગરની પેઠે ઊંઘ્યા કરે છે અને રાતના પણ સામી સાજમાં સુઈ જાય છે. કોઇ કામ કરવાનું હોય, કોઇ પાઠ કરવાનો હોય, કોઇને મળવાનું હોય, કાંઇ શોધવાનું હોય, તો બગાસાં ખાતા અને લાંબા હાથ કરી આળસ મરડતા ઘોર્યું. હવે તો કાલ વાત. હાય વોય કર્યે શું વળવાનું છે? એમ વિચારી આડે પડખે પડે છે, સમવયી લોકોમાં નકામી વાતોના ગપાટા મારવા મંડી જાયછે, ક્યાંઇ મોજ શોખમાં ચડી જાય છે, ક્યાંઇ ખાવા પીવામાં પડી જાય છે, ક્યાંઇ ફરવા નીકળી જાય છે કે પછી આડે પડખે પડ્યા પડ્યા ઘોરવા મંડી જાય છે. ઊંઘણશી અને આળસુને ભણવું ગમે નહિ, ગોખવું ગમે નહી, પાનાં પુસ્તક રૂચે નહી, મોજશોખની ઇચ્છા થયા કરે, સુખની ઇચ્છા થાય પણ તે મેળવવાના રસ્તાઓ તરફ અનાદર રહે, અને કોઇને હળવા મળવાનું ગમેજ નહિ. ક્યાં દિવસના ૬-

કાળ છે? એમ કરી પળે પળે ચાલ્યો જતો અમુલ્ય કાલ ફોકટજ જવા દે અશક્તિને લીધે, ઇંદ્રિયો શિથિલ રહ્યા કરે છે શ્રમ કરવાથી થાક લાગી જાય છે, થઇ શકે એવા કામમા પણ હિંમત હારી જવાય છે, બુદ્ધિ જડ થઇ જાય છે, તમોગુણ વધી જાય છે તેથી કાર્યાકાર્યની સમજણ રેતી નથી આમ થવાથી ભણવામા કે ભણીને કમાવામા કે જગતને ઉપયોગી થવામા પ્રીતિ થતીજ નથી અને કદિ પ્રીતિ માત્ર થાય તોપણ ક્રિયા વગરની ઇચ્છા શા કામની? આવી રીતે આળસને આધીન થયેલો બાપ દાદાના પ્રતાપથી ચાલી આવતી સાધારણ કે ઉત્તમ સ્થિતિને જાળવી રાખવાને જરાપણ સમર્થ થતો નથી તો પછી તેથી વધારે ઉદયની તો આશાજ શી કરવી વેપાર વઠી જાય, દેશ દુર્બળ અને નિર્ધન થઈ જાય વિદ્યાનો વિનાશ થાય, કળા કટાઇ જાય, અને ઉદ્યમ માત્ર ઉધાવળી જાય એ અશક્તિથી થનારા આળસથીજ દંભ, અસત્ય, કપટ, અનાચાર, એ અશક્તિને લીધેજ મનુષ્યમા આવી ભરાય છે અને છેવટ અજ્ઞાન તથા અનારોગ્યતા જે બીજા બે અંગ છે તેનુ પણ અશક્તિ કારણ થઈ પડે છે વ્યાવહારિક ઉદયને વધારનારી શક્તિજ પારમાર્થિક ઉદયમા સહાય કરે છે અને વ્યાવહારિક ઉદયનો અશક્તિથી અસ્ત થયો તો પછી પારમાર્થિક ઉદયનો ઉદય તો સદેહવાળોજ રહે છે આટના માટે શરીરની સાથે યોગ્ય શક્તિની જરૂર છે અશક્તિ વિરૂદ્ધ આહાર વિહાર અને અયોગ્ય આચરણથી, થાય છે માટે તેમ ન થવા દેતા યોગ્ય રીતે વર્તીને અશક્તિને દૂર કરી શક્તિમાન થવુ જોઇએ કે જેથી કોઈપણ જાતિનો ઉદ્યમ કરવામા અને પુરૂષાર્થ પામવામા પાછળ પડી રેહેવાયજ નહિ જેઓ જેઓ માધારણ સ્થિતિના હોઇને જગતમા પોતાની કીર્તિથી સૂર્ય ચંદ્રની પેઠે પ્રકાશે છે તેઓ પોતની અતુલશક્તિના બળને લીધેજ એટના માટે પોતાની શક્તિની ભક્તિ અવશ્ય રાખવાની જરૂર છે શક્તિ વગરનો દેવપણ પામર પ્રાણીને આધીન થઇ રહે છે તો શક્તિ વગરનુ માણસ તેવુ થઇ રહે તેમા આશ્ચર્ય શુ? માટે શક્તિથી સમર્થ થઇને ઉદયના અધિકારી થવુ એ મનુષ્ય જાતિનો ધર્મ છે ઉદયની પરંપરાથી જેઓના અમર નામ રહ્યા છે તે તેઓની અપ્રતિહત અને અમોઘ શક્તિને લીધેજ રહ્યા છે

અજ્ઞાન એ આ ત્રિપુટીનુ બીજુ અંગ છે અજ્ઞાન ઘણા પ્રકારનુ થાય છે વિદ્યા કળા અને કુશળતાના અજાનમા સઘળા અજ્ઞાન સમાઇ

જાય છે. અજ્ઞાન પણ ઘણું કરીને અશક્તિથી થાય છે તોપણ કદી અશક્તિ ન છતાં અજ્ઞાન હોય છે તો શક્તિને અવળે માર્ગે ચલાવે છે એટલે ઉદય અસ્ત થાય છે. હું કોણ છું મને શું યોગ્ય છે, મારી કેવી લાજછે, કયે માર્ગે જવાથી મારૂં કલ્યાણ થશે તે અજ્ઞાનથી જાણવામાં આવતુ નથી. વિદ્યાથી વિનય આવે, વિનયથી યોગ્યતા આવે, યોગ્યતાથી ધનાદિકની પ્રાપ્તિ અને ધનાદિકથી સુખની પ્રાપ્તિ થાય છે પણ મૂળમાં વિદ્યાનુંજ અજ્ઞાન હોય, તોપછી એ અનુક્રમથી સુખ ક્યાંથી મળે? સારા કુળના બાળકો અવિવેકી થઇ જાય છે, અનાચારી થઇ જાય છે, સ્વચ્છંદી થઇ જાયછે, બાપ દાદાનો ધંધો ચલાવી શકતા નથી અને પેટ ભરવું એ અવશ્ય પ્રાપ્ત હોવાથી પછી કોઇ તમાકુ વાટવા જાય છે, કોઇ ખેતરમાં સાથી રહેવા જાય છે, કોઇ વાસણ માંજવા રહે છે, કોઇ રાંધવા રહે છે, કોઇ કાશીદી કરવા રહેછે, કોઇ ગાડાં હાંકવા શીખે છે, કોઇ શાક વેચવા શીખેછે. અને કાંઇ ન સુજે તો જુગટુ રમવા, ચોરી કરવા કે ટોળીવાળો થઇ મારામારી કરવા શીખેછે તે પાટલા ઉપર ધૂળ નાંખીને કાંઇ વિદ્યાભ્યાસ આરંભ્યો નહી તેથીજ. કદી કાલયોગથી કે દેખાદેખીથી બે અક્ષરનો અભ્યાસ થયો હોય તોપણ કોઇપણ જાતની કળાનું જ્ઞાન તે સાથે જોઇએ એકલી વિદ્યાથી ઉદય નથી થતો. કાંઇ નહિ તો શીખેલી વિદ્યાને કોઇ કામપર લાગુ કરી દેવાની કળાનો આવડવીજ જોઇએ. એ ન આવડે તો ભણ્યા છતાં પણ ન ભણ્યા જેવું થાયછે. વિદ્યા કળાને સહાય કરે છે, અને કળા વિદ્યાને સહાય કરેછે, એટલામાટે વિદ્વાનને કળાનું અને કળાવાનને વિદ્યાનું જ્ઞાન હોવુંજ જોઇએ. કલાવાનના કુલમાં જન્મેલો વિદ્યા ભણીને કળા ભુલી જાય તેના કરતાં વિદ્યાની સહાયતાથી કળાનો અભ્યાસ રાખે તો વધારે ઉદય થાય છે. આજે અન્ય દેશનો અપ્રતિમ ઉદય કળાના પૂર્ણ જ્ઞાનથીજ થએલો છે. વિદ્યા અને કળાની સાથે કુશળતાનું પણ જ્ઞાન જોઇએ, નિકર ભણ્યા પણ ગણ્યા નહિ એ કેહેવતની પેઠે થાય. એક માણસે પાણીના પ્રવાહનો હિસાબ કર્યો તે વાત કોઈથી અજાણી નહિ હોય. તો પણ હસવા માટે લખી બતાવિયે છિયે. કોઈ લોકો થોડાં એક ગાડાં જોડી જાન લઇ જતા હશે. માર્ગમાં એક નદી આવી તેમાં સામાન પલળી ન જાય માટે પાણીનું માપ કરવામાટે બેજણ નીચે ઉતર્યા. કાંઠા આગળ કાંડાં સામુ વચમાં છાતી સામું અને સામે કાંઠે કાંડાં સામુ પાણી માપીને

કાગળના કટકાપર સીસાપેનથી આકડા માડી લીવા પછી પાછા આની વેકરમા બેસી સરાસરાનો હીસાબ કાઢ્યો તો ગોઠણ સમાણુ પાણી આવ્યુ પછી તે દેઢ ડાહ્યાના હીસાબને આધારે સઘળા ગાડા પાણીમા હકાર્યા વચમા જતા જતા ગાડાના પોટકા પાણીમા તરવા માડ્યા અને છેવટ કોઇનો સામાન ગયો, કોઇનો પલળ્યો અને પાણીમા ચાલતા બાળકો બે ચાર તણાઇ જતા બાકીના ગાડાના ઠાઠાને વળગી રેહેવાથી બહાર નીકળ્યા કાઠે આવતા સામાન સભાળવાની, કે કોણ ગયુ ને કોણ રહ્યુ તે વાત નહિ વિચારતા પેલા બે હિસાબ શાસ્ત્રી તો હિસાબ કરતા કાઇક ભૂલ થઇ હશે એમ સમજી ને તો કાગળને સીસાપેન લઇ વળી આકડા માડવાની માથાકુટમાજ પડ્યા પણ હિસાબ કયા ખોટા હતા કે ફેર આવે? હિસાબની સત્યતાથી તેઓ અભીમાનથી કાઈ બડબડ કરવા મડ્યા તેવામા તે સઘમાના કોઇ કદાવર બુઢે માણસે આવીને એવી તો બે ચાર ઠપાટ અડાવી દીધી કે પેલા બે જણતો દગ જ બની ગયા અને મર્યાદાથી કાઇ બોલી જ શક્યા નહિ પેલા બુઢાએ આખ ચડાવીને કહ્યુ કે અકલના બારદાન પાણીના હીસાબ આમ થતા હશે? ભણ્યા તો હરોળપણુ ગણ્યા નથી તેથી અભણના કરતા એ તમે તો મૂર્ખ છો આમ વાતચિત થઇને પછી સઘળો સઘ હિસાબશાસ્ત્રીની બુદ્ધિનો વિચાર કરતો ધારેલે મુકામે પોગ્યો આ વાતનો સાર એ કે તે બે હિસાબશાસ્ત્રી ભણ્યા હશે પરતુ કુશળતાનુ તેનામા અજ્ઞાન હતુ તેથી પોતાને અને બીજાને હાનિકારક થઇ પડ્યા એટલા માટે વિદ્યા કળા અને કુશળતાનુ જ્ઞાન સપાદન કરવાની જરૂર છે તેવિના સઘળા વ્યવહારોમા આગળ પડાતુ નથી જેમ અજ્ઞાન વધારે તેમ ઉદ્યમ ઓછો અને જેમ અજ્ઞાન ઓછુ તેમ ઉદ્યમ વધારે થાય છે જ્યા જ્યા વિદ્યા કળા અને કુશળતા ઓછા હોય, અથવા હોય તોપણ જોઇએ તેવુ ફળ ન આપતા હોય તો તે પેહેલુ અગ જે અશક્તિ કહી છે તેનો અને તેથી થનારા ઊઘ આળસનો દોષ સમજવો વ્યાવહારિક ઉદ્યમા શરીરસપત્તિ, ધનસપત્તિ, અને જનસપત્તિઓની સર્વ વાતે અનુકૂળતા જોઇએ તેમા પણ શરીર અને ધનસપત્તિ મુખ્ય અને તે બેમા પણ ધનસપત્તિ શ્રેષ્ઠ છે ધનવસ્તુમા એવી શક્તિ રહી છે કે તે શરીરસપત્તિ અને જનસપત્તિને મારી રાખે છે સઘળી વાત

દૈવેચ્છા કે પ્રારબ્ધ યોગ ઉપર નાંખીયે તો તો એક સંપત્તિ મેળવવાને આપણે સ્વતંત્ર નથી રેહેતા. તોપણ શરીરસંપત્તિ સારી રાખવામાં અને ધન મેળવવામાં તો છેક પરતંત્રતા રાખવા યોગ્ય નથી. જે કાંઈ બને છે તે પુરૂષોથીજ બને છે માટે અશક્તિ અને અજ્ઞાન દૂર જાય તો શામાટે ધન ન મળે અને ધન મળે તો શામાટે શરીરસંપત્તિ ન સુધરે ? ધન વિનાએ વિદ્યાથી પ્રાપ્ત થયેલા વિવેકને લીધે સંતોષ સુખવાળાને શરીરસંપત્તિ અલભ્ય નથી. ધન હોય તોજ શરીરસંપત્તિ સારી હોય એમ નથી પણ ધન છે તે શરીરસંપત્તિને ઘણીવાર સહાય કરનાર થઇ પડે છે તો જનસંપત્તિ પણ સહાય કારક થાય એ ઉઘાડુંજ છે. ઉદયનું મોટું ચિહ્ન ધન છે, પછી જેનો જેવો ઉદ્યમ અને જેની જેવી વિદ્યા. એ વધે એટલે કાંઈ કાંઈ મન પ્રસન્ન થવાથી શરીરમાં લોહી વધે અને કાંતિ વધેછે. સગાં સંબંધી પણ પાંટી વળે છે. સ્રી ન હોય તો સ્રી થાય અને સંતતિ પણ સાંપડે છે. એમાં જેટલી ન્યૂનતા તેટલી ઉદયની ન્યૂનતા તો ખરીજ. આમ ધનથી, શરીરથી અને માણસોથી થતાં સુખભોગનો અનુભવ લહી અન્ય જનોને સુખ દુઃખમાં સહાય રેહેવું. અને લોકમાં સુવાસ વધારવી એ ઉદય દશાનું લક્ષણ છે. આમ કરતાં કરતાં લોકોત્તર કીર્તિ જગતમાં ગવાઇ જાય તે ઉદયની પરાકાષ્ઠાનું લક્ષણ છે. આવો ઉદય અજ્ઞાન ન હોય તોજ થાય છે. અજ્ઞાનવાળા આ ઉદયના અધિકારી થતાજ નથી. એઓ બીચારા જેમ તેમ પોતાનું પેટ ભરી દુઃખમાં દિવસો ગાળેછે અને અપકીર્તિ તથા અપવાદથી માથું પણ ઉચું કરી શકતા નથી.

આ ત્રિપુટીનું ત્રિજું અંગ અનારોગ્યતા છે શરીર આરોગ્ય ન રહે તે અનારોગ્યતા કેહેવાય. શરીર આરોગ્ય ન રેહેવાનાં ઘણાં કારણો હોય છે. જ્યાંસુધી શરીર પરાધીન બાલ્યાવસ્થામાં હોય છે ત્યાંસુધી ઉત્પન્ન કરનાર અને પોષણ કરનારના દોષથી તથા અસંભાળથી શરીર બગડેછે અને સમજણ આવ્યા પછી આહાર વિહારની સંભાળ નહિ રાખ્યાથી શરીર બગડેછે. દેશ, કાલ, સ્વભાવ. અને શક્તિના પ્રમાણમાં સર્વ આહાર વિહાર અને વ્યવહારનાં કામ થવાં જોઈએ. તેમાં વિરોધ પડવાથી કે વ્યવસ્થા નહિ રેહેવાથી શરીર બગડે છે. (અપૂર્ણ.)

प्रारब्धनी विचित्रता उपर एक वात

(અનુ૦ પા૦ ૧૬૨ થી)

એક રૂપાના બાજોઠપર સોનાના થાળમાં ભાતભાતની રસોઇ પીરશી હતી અને એક સોનાના સીંહાસનપર બેશી મનુભા જમતા હતા, પણ તેનું મન ઘણા કર્તવ્યોના વિચારમાં પડયું હતું તેથી તેને કોઇપણ રસે ગુણી પદાર્થ ઉપર પ્રીતિ થતી નહતી ભોજન કરી ઉઠયા ત્યાં ચોપદારે સલામ કરી બાપુ વિચાર ભવનમાં આપને યાદ કરેછે કહી સલામ કરી ઉભો રહ્યો પાન બીડી ખાતા અને આરામ લેતા કુમારે પુછયું કોણ કોણ છે? ચોપદારે કહ્યું મહારાજા પોતે, અને સેનાધિપતિ સિવાય કોઇ નથી આ જવાબ ઉપરથી રખેને કાંઈ માણેક કેહેતી હતી તે વાત વિષે ભ્રાંતિ થઇ હોય અને ઠપકો દેવાના હોય આમ વિચારી સ્તબ્ધ બની જઈ કહ્યું કે જાઓ, હમણા આવું છું એવા ખબર આપો ચોપદારે આ ખબર જઇ મહારાજાને આપ્યો

કુમારી વચના કાંઇ અણસમજુ નહતા જેમ જેમ અવસ્થા થતી જાય તેમ તેમ અવસ્થાને યોગ્ય સમજણ જનસમુદાયના પરિચયથી અને સ્વાભાવિક રીતિથી આવતી જાયછે તેમ વિચાર થવા લાગ્યા હતા કે હવે તે મારા માતા મને ક્યારે પરણાવશે? વીંટી વીંટી એવી વાત બાપુકે રાજાથી મેની એ શું થયું ને શું વદે તે હું નથી જાણતી માત જીને મેં ખરી વાત કહી છે તેવિષે તેમણે જે માન્યું હોય તે ખરૂ માતાજી મારો વિવાહ કરવાનું કેહેતા હતા પણ કોણ જાણે તે ક્યારે કરવાના હશે આજ તો મા — —નીચું મોઢું કરી પુછી જોઇશ જોઇએ શું કહેછે એટલામાં પોતાની સખી સરલા માજીપાસેથી આવ્યા અને કહ્યું વચનબા ઉઠો, માજી બોલાવે છે વચના બોલ્યા હજી હમણા આવી એટલીવારમાં કેમ બોલાવે છે? સરલાએ કહ્યું પોતે બહાર પધારવાના હોય એમ લાગેછે તેથી બીજી સારી ઓઢણી ઓઢી આપને પધારવા કહ્યું છે કયો બા હું કાઢી આપું સરલાએ કબાટમાંથી સુંદર સોનેરીનય ઓઢણી કાઢી આપી તે ઓઢીને અને હીરાનો હાર તથા મોતીના કંકણ પેહેરીને સરલાનીસાથે વચના માતુશ્રીપાસે આવી બોલ્યા, કેમ માજી કયાં પધારો છો? રાણી બોલ્યા, બેન! આપના બાપુજી વિચાર ભવનમાં પધાર્યા છે ત્યાં હું જવાની છું તમે

આવશે ? ચચલાએ હા પાડી તેથી તેને અને સરલાને સાથે લઈ રૂકિમણી સહિત રાણી વિચારભવનમાં પધાર્યાં. વિચાર ભવનમાં એક મોટો પચરંગી ગલીચો પાથરી તેની ઉપર સોનાનાં સિહાસનો ગોઠવ્યાં હતાં. ભીત ઉપર તર્કતા અને વાલસર ટાંગ્યાં હતાં. ઉપર સફેત ઉલેચ અને પચરંગી ઝાલર શોભતી હતી. રંગબેરંગી ચિત્રો અને સોનેરી નકસીથી થાંભલીઓ અને સ્થભો શોભતા હતા બારીયોમાં ક્યાંઈ ફૂલની અને ક્યાંઈ વાળાની ચટીઓ બાંધી હતી. મધ્યભાગમાં એક રૂપાના બાજોઠ ઉપર ફૂલના હાર, અત્તર, ગુલાબજળ પડ્યાં હતાં મહારાજા વીરસિંહજી અને સેનાધિપતિ રાવજી કુમાર મનુભાના સ્વભાવ, શક્તિ, ગુણ અને કુલવિષે વાતો કરતા હતા. કુમારે પોતાની છુપાવેલી જાત ઉપરથી તેની દૃઢતા, અને છુપાવ્યા છતાં જણાઇ આવતું તેનું રાજબીજપણું પારખી લઇને આનંદ પામતા અને હવે પછી તે જાણી લેવાની યુક્તિઓ વિચારતા બેપર્જણ કાંઈક વાટ જોતાં આનંદમાં મગન બેઠા હતા.

દિવસના દશ બજવાનો સુમાર હતો. અને દરબારગઢની દોઢીમાં વાગતી નોબતના અવાજ સભળાતા હતા. અને પખાઓના મંદમંદ પવન આવતા હતા પડખેના બીજા ખડમાં જનાનખાનાની બેઠક ગોઠવી ચક બાધી લીધા હતા રાણી ચચલાકુમારી સહિત આવીને ત્યાં બેઠાં. આટલા વખતમાં મનુભા પોતાના સાદા પોષાકમાં પધાર્યા મહારાજાંને નમી, રાવજીની સલામ લઈ તેમણે હાથને સનકારે બતાવેલાં સિંહાસનપર બેઠા. આજ કાંઈક નવી જાતનો ડોળ દેખી તેનાથી નકી ન થયું કે આ સમયે મહારાજનું શુ કર્તવ્ય છે એટલામાં રાણીપાસે આવેલી મનુભાની વીટી રાણીએ ચચલાના હાથમાં આપી મહારાજને આપવા મોકલી. બાપુ ! લ્યો આ વીટી મારાં માજીએ આપી છે એટલું કહી સ્વભાવથી શરમાતી ચચલા રમઝમ દોડતી માજીપાસે જતી રહી. મનુભાને રખેને કાંઈ વીટીની વાત હોય એમ વળી શકા થતી હતી અને તેનું સમાધાન પણ એની મેળેજ થતું હતું કેમકે રોજ તો મનુભા ઉપર પુત્ર ભાવની દૃષ્ટિથી મહારાજા જોતા હતા પણ આજે તો તેમાં જામાતૃભાવ પણ ઉભરાતો હતો. થોડીવારે રાજ્યગુરૂ આવ્યા તેને મહારાજે હુકમ કરવાથી તે બોલ્યા કે સેનાધિપતિ મહારાજાના પરમ મિત્ર રાવજી ! આ ભાગ્યશાળી કુમાર મનુભા પેહેલવેલા આપની પાસે રહ્યા હતા, તમારા ઓથથી તે વધેલા છે

અને તમે તે ઉપર મા બાપના જેટલુજ મમત્વ ધરાવો છો. આ ટાપુ તેના માતપિતા હાજર નથી માટે તેના વાલી તરીકે તમને ગણીને મહારાજ કુમારી ચચનાનો તે સાથે સગપણ કરવાની ઈચ્છા જણાવે છે માટે તે વાત યોગ્ય ગણી આપ સ્વીકારશો. આ વચન સાંભળી મનુભાના મોઢાપર જુદા પ્રકારની નરમ બેઠી. બુદ્ધિસાગરની ગડબડ જોઈ રાનજી ચિત ક્તાભૂત થયો તથા સ્તબ્ધ બનીને વચમા પડેના ગાજેઠ સામુજ જોઈ રહ્યા. અભીષ્ટ થવાથી અંતર હસવા માંડ્યુ અને રાનજીનુ જવાબ દે છે તે સાંભળવા ઉપરજ માત્ર લક્ષ રાખ્યુ. એટલામાં રાનજી ઉભા થઈને નમન કરી બોલ્યા કે મનુભાના માતાપિતા જો કે આ આનંદના વચન સાંભળવાને હયાત નથી તોપણ તેના જેવા હુ છે ત્યા મનોરથ પૂર્ણ થયા છે. કુમાર ગુણનો ભંડાર અને મહા પ્રતાપી છે તેને હુ મોટા ભાગ્યશાળી ગણુ છુ, કે આ રાજ્યમા આની વખત પ્રમાણે ઉછરીને મને પુત્ર જેટલુ સુખ આપવાને યોગ્ય થયા છે અને તે સાથે આજે વળી બીજા નવા સગપણમા જોડાવાનો પ્રસંગ આવ્યો છે. આપે આ ઘણુ ઉત્તમ વિચાર કર્યો છે. બેય છીપના મોતી સાથે જોડાશે એના જેવો બીજો કયો આનંદ છે. આ આપના પવિત્ર વિચારને તેના માતા પિતાના વતી હુ માથે ચડાવુ છુ. તમે મને તેના વાલીતરીકે ગણીને મોટો કર્યો તેથી અતિ આભાર માનુ છુ. આટલુ બોલે છે ત્યા મહારાજની આજ્ઞાથી પેલી મુદ્રિકા અને હીરાનો હાર રાજગુરૂ મનુભાને પહેરાવવા ગયા તે મનુભાએ સુખે મોઢે નમન કરી ગ્રહણ કર્યા. રાનજીએ એક પોતાના ગળાનો ગળેગર ગુચ્છ કાઢી વધામણી તરીકે આપ્યો. રાજગુરૂએ આશીના આપ્યો અને વિચારભવનની સભા આટલુ કાર્ય કરી વિસર્જન થઈ. દુર્લભ રાનજીએ આ વિષય રૂકમિણીસાથે આ વાત કરતા વગરમાગ્યા ગઢી નાખ્યો. વખત તે ઉપર ખોયેલુ રત્ન પાછુ મળે, તે એક રાજાની પુત્રી થાય, અને તેનો એક રાજ્યાધિકારીની સાથે સગપણ થાય એ બહુ અસંભવિત બનાવ રાનજી અને રૂકમિણીની દૃષ્ટિ આગળ સંભવિત જોવામા આવ્યો પછી આનંદમા શી ખોટ રહે. મનુભાને પણ પ્રતિદિવસ વધતા જતા માનથી અને આ સમય પ્રમાણે બનાવેલા નવા બનાવથી, આ ટાપુ તો નગર સુખનો અનુભવ થતો હતો અને તેમને અહીના રાજ્યના અભિમાનીઓ નાતે પોતાનુ વતન વિસરી ગયુ હતુ. મહારાજ અને રાણીના પ્રેમવચનો કે જે બાળાને

બહુ સંતોષ પામ્યાં, કેમકે સર્વવાતે અનુકૂલ, સંતોષ આપનાર અને સદ્ગુણી મનુભા જેવો બીજો કોઈ મળે તેમ હતુંજ નહિ. કુમારી ચંચલા પણ પોતાનો સંબંધ એક સદ્ગુણી રાજકુમાર કે જેના ગુણ વિગેરેથી તે સાવ અજાણી ન હતી તેની સાથે થયો તેથી તેના મનમાં પણ એક જાતનો હર્ષ ઉત્પન્ન થયો હતો. આ દિવસ આવી રીતે અનેક આનંદના વિચારોમાં નીકળ્યો અને સહુએ રાતના મિષ્ટાન્ન જમી સુશય્યામાં પોઢી ગયાં. ઉંઘ જો ન આવી હોય તો તેના વિરૂદ્ધ પક્ષનાં માણસનેજ ન આવી હોય. આજ રાતે દરવાજા સર્વ બંધ થઇ ગયા હતા અને સર્વ મનુષ્યો નિદ્રાવશ થયાં હતાં.

માણસોને તરત ફળ આપે એવી સિદ્ધિયોમાં બહુ લાલચ હોય છે. અજ્ઞાનવર્ગમાં તથા રજવાડાઓમાં એ કારણને લીધેજ સાધુ સન્યાસીઓ માન પામી જાયછે. આ નગર પાસે આવેલા ખાખીઓની જમાત પણ એજ રીતપ્રમાણે સર્વ લોકોને ગમતી થઈ પડી હતી. ગાંજા, તમાકુ, ફૂંકનારા આળસુ અનુદ્યમી લોકો ધૂણીપાસે આવીને બહુ બેસતા, અને રાજ્યનાં માણસો પણ આવતાં જતાં થયાં હતાં. આ ખાખી બાવા કાંઈ જેવા તેવા નહતા. જે તે વિષયમાં પાસે આવે તેને પ્રસન્ન કરી દેતા હતા. લોકો વિવિધ સામગ્રી લાવે તેનો તે તિરસ્કાર કરતા અને જો આવી રીતે લોકો બહુ આદર રાખે તો પોતે ત્યાંથી નાશી જવાની બીક પણ દેખાડતા હતા. આવી રીતે ચાલતાં ચાલતાં વિરૂદ્ધવર્ગને ખાખો બાવા સાથે બહુ પરિચય થયો અને જે જે હકીગત બને તે સઘળી ખાખી બાવા આગળ આવવા માંડી. જાણે અનાસક્ત હોય તેમ દેખાડી અંતરથી વાતમાં ધ્યાન આપતા કુમાર મનુભા પણ ધીરે ધીરે કાંઈક નવીનતા, અને કાંઈક વિચિત્રતા અને સારાની આશાએ અથવા ઉદાસીનપણાથી ખાખીબાવાપાસે જતા આવતા થયા. કોઈ ગર્ભિત કારણથી પરિચય થોડા દિવસમાં વધી ગયો અને વિરૂદ્ધપક્ષ પાસેથી મળેલી વાતો અને તેની ઉમેદો ખાખીબાવાએ મનુભાને કેહેવા માંડી. મનુભાને એ સાંભળવાથી કાંઈ આનંદ નહોતો થતો પણ પોતાને કઈ યુક્તિથી નિર્દોષ રહી કોઈને દુઃખ ન થાય તેમ પોતાનો ઉદય કરવો તે યુક્તિ ગોતવાનું ઠીક પડતું હતું. અને તેમણે આપેલાં વચનોથી તે આપત્તિમાં આશ્રયરૂપ થઇ પડે એવો વિશ્વાસ રહેતો હતો. (અપૂર્ણ.)

पुनरुद्धार विषेना विचारना पत्रना प्रत्युत्तर

(અનુસંધાન પાને ૬૫૭થી)

વિચાર કરશો તો તમને જણાશે કે વિષય ખોટા હો કે સાચા હો પણ તે દુઃખરૂપ જણાય છે અથવા થાય છે તે પોતાની ભૂલથીજ થાય છે અને જો આપણે દુઃખરૂપ મટાડીયે તો મટી શકે તેમ છે, પણ તેવો ઉપાય નહિ જાણનારને તે દુઃખરૂપજ રહે છે અન્ન અમૃત છે અને આયુષ્યને વધાર નાર છે પરંતુ તેની વ્યવસ્થા ન હોય તો ઝેરરૂપ થઈ મરણ નિપજાવે છે એમા અન્નનો શો અપરાધ? અપરાધ વ્યવસ્થા કરનારનો તેમજ શરીરને માટે મરજીયેના વિષયો ભલે સુખરૂપ હોય તોપણ તેની વ્યવસ્થા ન હોય તો તે દુખરૂપ થાય છે અને દુઃખરૂપ હોય તોપણ જો તેની વ્યવસ્થા હોય તો તે સુખરૂપ થાય. विषमप्यमृतायते એ વાક્ય તો તમને યાદ હશે ઝેર પણ અમૃત થઈ જાય છે એ તેની યોગ્ય વ્યવસ્થાથીજ માટે દુઃખરૂપ, સુખરૂપ અથવા કાઇ નહિ કે જે ગણો તે આપણી વ્યવસ્થા અને આપણું માનવુંજ છે ત્યારે અમે એમ આશા રાખીયે છિયે કે પોતાનો દોષ કોઈના ઉપર નાખવાનુ પ્રયત્ન છોડી દઇ એક પક્ષનો વિચાર નિવ રી જઇ જેને તમે એની મેળે જનારા હોવાથી દુઃખરૂપ અને છેવટ અ સત્ય માન્યા છે તેની ઉપરથી તેનું કલંક ઉતારી તેઓને નિર્મળ કરો હજારો વર્ષ સુખ ભોગવીને પણ પાછળથી થોડુક દુઃખ અનુભવાય તો પે હેલુ સુખ ભૂલાઈ જવાય છે અને હજારો વર્ષ દુઃખ ભોગવીને પાછળથી થો ડુક સુખ અનુભવાય તો પાછળનુ દુઃખ ભૂલી જવાય છે આવી કાળ ગતિ છે ખરી, પણ તેથી તો દુઃખને માટે જેમ કોઈ પ્રયત્ન ન કરે તેમ સુખને માટે પણ ન કરવુ જોઇએ, કેમકે ખોટામાટે પ્રયત્ન કરવુ એજ ખોટુ છે પણ આટલામાટે વિષયોની વ્યવસ્થા કરવાનુ ભૂલી જવુ એ તો કેવળ અજ્ઞાતપણુ કહેવાય અમારૂ કહેવુ વિષયો અનર્થરૂપ કલ્પના અને કલ્પીને તેમા આસક્ત થવુ એમ નથી અમારૂ કહેવુ એમ છે કે તેને કોઈ રીતે કલ્પવાજ નહિ અને તેમા આસક્ત પણ થવુ નહિ દાન, દયા, ધર્મ, પરોપકાર, વિદ્યાકળા એ સર્વ વિષયોજ છે તેને પણ તમે તો બંધન કારક ગણના ધારો તો તમે તેમજ દેખો પણ આખુ જગત્ તેમ વર્તે તો શી વ્યવસ્થા થાય? આટલામાટે આવી ગડબડમા પડીને પોતાની

મેળે પોતે પોતાનાજ વિચારથી બંધાઈ જવું એથી બીજી એકે મોટી ભૂલ નથી. માટે અમે યાદ કરિ આપીયે છીયે વાસ્તે તમારે તમારી ભૂલ સુધારવી અને વિષયો ઉપરથી આરોપ ઉતારી નાંખવો. સુખ દુઃખ એની મેળે આવનારાં માટે ઈશ્વરદત્ત દુઃખ મટાડવાનું પ્રયત્ન મિથ્યાં ગણતા હો તો હવે પછી જે સુખ આવવાનું થયું છે તે પણ એની મેળે આવવાનું, અને ઈશ્વરદત્ત જાણી તેને જાણી જોઇને છોડી દેવું એ ખોટું કેહેવાય આટલામાટે સુખ દુઃખ કે વિષયસબંધી પોતાના મનમાં ઉઠેલા વિચારોને વિપરીત પોષણ આપવાનો ઉદ્યમ હવે દૂર કરો એટલે સર્વ ઉપાધિ શાંત થાય.

વિષય ભોગની શાંતિ થયાવિના મન વિરક્ત ન થાય એ શકાના ખુલાસામાં વિષય ભોગની તૃષ્ણા જેમ જેમ વિષયો ભોગવાતા જાય તેમ તેમ વધતી જાય એ વાત **न जातु कामः कामानां** એ પદ્યપૂર્વક સિદ્ધ કરોછો તે અધિકારીપરત્વે યથાર્થ છે. પરતુ સઘળા અધિકારીયો તેવા સ્વભાવના હોતાજ નથી. વિષયોને વિષયરૂપે માની આસક્તિથી તેમાંજ રમનારાઓને તેમ થતું હશે પણ આગળ કહ્યાપ્રમાણે અનાસક્ત રહી વ્યવસ્થાથી વરતનારાને જેમ જેમ તે ભોગવાતા જાય તેમ તેમ અતિ પરિચયથી અવજ્ઞા એ કેહેવતની પેઠે વિરાગ અને અરૂચિજ ઉત્પન્ન થતી જાય છે એટલે ભોગવાતા વિષયો તો ઉલટા સાધનભૂત થઇ પડેછે. જેઓએ પુરેપુરૂં સ્વરૂપ જાણ્યું નથી તેઓને પોતાનાજ અવિવેકથી દિવસે દિવસે ભોગલાલસા વધતી જાય છે પણ પૂર્ણ સ્વરૂપ જાણનારને તો કાંઇ વધતું પણ નથી અને ઘટતું પણ નથી. જેમ જેમ પેટમાં અનાજ નાંખતા જઇએ તેમ તેમ ભૂખ વધતી જતી નથી પણ ઘટતીજ જાયછે. વળી ભોગવાતા જાય તેમ વિષયોની લાલસા વધતી જાય એવા પ્રકારના અધિકારીને વિષયોને છોડી દેતાં છતાં પણ કશું ફલ નહિ, કેમકે તે પૂર્ણતાથી છોડાતા નથી. નભોગવાતા વિષયોમાંથી મન નિવૃત્તિ પામે એ કાંઇ બહાદૂરી નથી પણ ભોગવાતા વિષયોમાંથીજ નિવૃત્તિ પામે એજ બહાદૂરી છે માટે કામ કરવું એ તો એવું કઠણ હોય તેજ કરવું એ યોગ્ય કેહેવાય. તોપણ મૂર્ખાઇથી આસક્ત રેહેનારાને તમારૂં વાક્ય અતિ ઉપયોગી છે. સ્પષ્ટ જણાય છે કે મન ઈંદ્રિયને વશ થયેલાને તાવવાળાને જેમ ખોટી ભૂખ ઉઘડે છે તેમ તેને ઇચ્છા વધતી જતી હશે કેમકે તેણે તેમાં સુખબુદ્ધિ અને સત્યબુદ્ધિ કરી હોયછે, જેનાં મન ઈંદ્રીય વશ હોયછે તેઓને વિષયો ભોગવાતા જાય તેમ

ઉત્તરોત્તર ઓછી થતી જાયછે, કેમકે તેમણે તેમા સુખબુદ્ધિ કે ગત્યતા માની હોતી નથી મત્તવાડમા ગમે તેટલુ સુખ ભોગનનારને જેમ જેમ મત્તવાડ ભોગનાતા જાય તેમ તેમ તે ઉપરથી મન ઉઠી જાય છે પણ ગાદી થઈ સુખ ભોગવુ એમ વાતુજ થી વિષયભોગના અભ્યાસથી ઘણાને અરુચિ થઈ છે એ શાસ્ત્રના કાઈ ઇતિહાસમા ઓછા નથી માટે એ ઉપર આધાર ગ ખીને અનર્થો અર્થ ન લેવો સન્માગ જેટના વિષયો છે તે ઉપર અભ્યાસ વધારીયે તો વધારે વધારે આસક્તિ થતી જાયછે એમ સમજવાનેમાટે એ વાક્યનો અગીકાર કરવો વિશેષ અગીકાર કરવાની જરૂર નથી માત્ર માનવાની ગમવાની જરૂર છે અને તે તો તમારેમાટે કાઈ લખવાનો જરૂર નથી તમને વિષયોને માનોને તેનો ઉપભોગ કે આસક્તિ રખાવનારી અમારી ભલામણ નથી અમારી ભલામણ જેની તમને અનાસક્તિ હમણા થઈ છે તેની રાખી આદરનિના વ્યવહાર પ્રાપ્ત કાર્ય થવા દઈ તેથી જે કરવાનુ કરી શકાય તે કરીને વ્યવહાર અને પરમાર્થમા પૂર્ણકામ થવુ એવી છે અને તે ઐક્ય સ્થિતિમા આસક્તિ ન રાખો એટલે તે સિદ્ધ થાય તેમ છે બન્ધન કે દુખ અસત્યમા સત્યબુદ્ધિ માની બેસવારૂપ તે આસક્તિવીજ થાય છે તે આસક્તિ છોડી દઇ વ્યવહારપતિત કાર્ય થવામા ઉદાસી છોડી દો मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः । बंधाय वि षयासक्तं * * * * * (મન એજ મનુષ્યોને બન્ધ મોક્ષનુ કારણ છે વિષયાસક્ત બન્ધનમાટે છે) એ વાક્ય પણ એવુ સૂચવે છે કે વિષયો કાઈ બન્ધન કારક નથી પણ તેમા આસક્ત થયેલુ મન છે તેજ બન્ધનકારક છે એટલામાટે તે તે વિષયોને બન્ધનરૂપ સમજવા યોગ્ય નથી તમને દુ ખ કારક આસક્તિને વાતે લાગ્યા છે તેથી તેને દોષિત ઠરાવો છો ગ્રહણ ન ગ્રહણનો આગ્રહ છોડી દો એટલે વિષયો પ્રાપ્ત હશે તોપણ બન્ધનકારક નથી અને આગ્રહ રાખશો તો અપ્રાપ્ત હશે તોપણ બન્ધનરૂપ છે આટલુ તો નકી સમજવુ કે તમારો વિષયોનો અનાદર કરવાનો અધિકાર નથી, સમય નથી અને અવસ્થા પણ નથી, કેમકે એ કામ તો વનમા રખડનાર યતિયોનુ છે તમારે તો સસાર વ્યવહારમા રહેવુ છે માટે એનો આદર પરવડે તેમ નથી ઉદાસીનતા હજી કાઈક પરવડે ખરી એ વાત જો ધ્યાનમા રહિ રાખો તો હમણાનો અનાદર કઈક મહા બન્ધનકારક અવસ્થા દુખકારક થઈ પડવાનો ભય ખરો

ઇંદ્રિયો અને વિષયોનો સંગ ન થવામાટે ગીતાજીનું વાક્ય ટાંકી સંગથી કામ કામથી ક્રોધ વિગેરે થતાં થતાં છેવટ વિનાશ થાયછે તે વાત ખરી પરંતુ ત્યાં પણ મનની આસક્તિ હોય તો તેમ થાયછે. મનમાંથી વિષયો ગયા ન હોય તો વગર સંગે પણ સંગ મટતો નથી. તમે ટાંકેલાં વાક્યનું પૂર્વાર્ધ विषयान्ध्यायतः पुंसः संगस्तेषूपजायते (વિષયોનું ધ્યાન કરનાર પુરૂષને તેઓમાં સંગ થાયછે) આ પ્રમાણે છે તે વાંચવાથી જણાશે કે મન જો વિષયચિંતનાદિકમાં આસક્ત થાય તો સંગ થાયછે અને તેથી અનુક્રમેજ તમે લખ્યા સંસ્કાર થાય છે. પણ મન ચિંતનાદિકથી વિમુખજ હોય તો ભલે વિષયો પ્રાપ્ત હોય કે સન્નિહિત હોય તો પણ અસંગના બરાબરજ થાય છે તોપછી કામ ક્રોધનો સંભવજ ક્યાં રહ્યો? ગમે તે રીતે તમે છોડી દેવા ધારો તોપણ જ્યાંસુધી શરીર છે ત્યાંસુધી તેનાથી અસંગ શી રીતે રેવાશે અને મન શી રીતે મનન વગરનું થશે? અને જો મનન વગરનું થતુંજ હોય તો પછી છાનામાના અમે કહિયે છિયે તે માર્ગ ગ્રહણ કરી લાંબીલાંબી વાતોને વેગળી કરો. ઋષભદેવજી જેવાએ સંગથી દૂર રેહેવાનું કરી દેખાડ્યું છે તે તેવાનેજ પરવડે અને તેવાથીજ થઈ શકે તેમ છે. તમને ભરતનો દાખલો પણ યાદ હશે વિષયોનો સંગ છોડી દઇને વનમાં જઈ બેઠેલા ભરતને હરિણ બાલકનો સંગ થયો. અને તેથી ત્રણ જન્મ સુધી તેને ભટકવું પડ્યું. આટલામાટે કેહેવાનું એ કે તજી દેવાની બુદ્ધિથી તેનો અનાદર કરીયે તોપણ વિષયો આપણને ક્યાં તજેછે. ટાણું આવે ત્યારે આસક્તિ કરાવે છે. પણ એ વાંક તમારે વિષયોનો ન લેખવો, આગળ કહ્યાપ્રમાણે મનનોજ તે વાંક છે એટલામાટે વિષય ઈંદ્રિયોનો સંયોગ ન દેવા પહેલાં મનનેજ નિર્વિષય કરવાની વાત અંગીકાર કરો. પણ એ વાતજ પ્રથમ કઠણ છે. અને તે તમે ટાંકેલાં चंचलं हि मनः कृष्ण એ ગીતાના વચનથી તમેજ સિદ્ધ કરી આપોછો. ત્યાર પછી ઉપરનો સંગ ન થવા દેવાનો તમારો આગ્રહ તો ધૂળપર લીપણું કર્યા બરાબર છે. લોકવ્યવહારથી તમારો મત ઉલટો છે અને તે મતને વિરૂદ્ધ ઘણા છે. અને તેને લિધે તેઓના શબ્દવિષયોનો તમારાં કર્ણ ઈંદ્રિયને યોગ થાય તો મનને ક્ષોભ થવાનો સંભવ છે, આમ તમે પોતેજ કબુલ કરી તથા બલવાન ઈંદ્રિયોનો સમૂહ વિદ્વાનને પણ ખેંચે છે. (અપૂર્ણ.)

मणिरत्नमाला

(सबधपान १४४ था)

जेटला जगम प्राणियो छे तन स्त्री छे ते वेडीरूप छे बीजी गमे तेटली वेडियो हश पण आ स्त्रीरूप वडीना जेवी बीजी एक वडी दुःख दायक नथी ए वेडीथी घण। प्राणियाना जीवनो जोखम थाय छे हाथीने पकडवामाटे कागळनी हाथणी करीने एक ठेकाण राखी फरती खाड खोदी राखेछे हाथी हाथणीने देखीने पासे आववा जायछे के तरत खाडमा पडीने बधायछे, कबुतर उचु उडतु होय तने तेनी मादे देखाडेछ एटले तरत आवीने तेनी पासे बेसेछे एक कपोत पोतानी स्त्रीने जोइने पोते पण पारधीनी जाळमा पड्यो हतो त वात आगळ आवी गईछे, आ प्रमाण कुतरा बिलाडा, शियाळ, गर्दभ, बळद, ऊट, हाथी आदि सर्व पशु पक्षी स्त्रीने आधीन थई जायछे ए बधन जेवु दृढबधन कोई नथी माणसोने पण तेजप्रमाणे स्त्री वेडीरूप छ गमे तेटले रोजगारनेमाटे परदेश जाय तोपण पुरुषनु मन स्त्रीमा बधाइ रहेछे सुता, बेसता, खाता, पिता अन मित्रो पासे वातो करता परदेश बेठा पण पोतानु घर अने स्त्री सांभर्या करेछे स्त्रीरूप वडीनु एवु तो जबरू आकर्षण छे के पुरुष गमे त्या गयो होय तोपण तेने समय थयो के पोतानी तरफ खेंची आणेछे पुरुष पण गमे तेटलु दु ख होय तो पण स्त्रीनी पासे पडयु रेहेवाने बहु इच्छेछे लोढानी वेडियो पेहेरी होय ने खावाने अनाज न मळतु होय तोपण जो स्त्री पासे होय तो ते वेडीनु के भूखनु दु ख बहु नथी लागतु, एवी ए स्त्रीरूप वेडीमा मोहक शक्ति छे घणीवार जीवने जोखममा नाखनारा ससारमा अपयश करावनार, सगा सबधीमा क्लेश करावनार अने चोराशी लाख जन्म मरणना कारणरूप एज स्त्रीरूप वेडी छे आखु जगत् ए वेडीमा मजबूत बधाई गयु छे लोढानी वेडीमा पडेलु माणस छुटेछ पण स्त्रीरूप वेडीमा बधायेलु माणस कोई दिवस पण छुटतु नथी

शिवपार्वतीना सवादमां लख्यु छे के–

> लोहदारुमयै पाशैर्दृढबद्धो विमुच्यते ।
> स्त्रीधनादीषु ससक्तो मुच्यते न कदाचन ॥

लोढानी वेडीथी लाकडानी, हेडथी के पाजरामा मजबूत बाध्यो होय तोपण ते माणस छुटेछे पण जे माणस स्त्री अने धन आदिमा बधायो होय ते कोई दिवस छुटतोज नथी

स्त्रीरूप वेडीनुं एटलुं बधुं बळ छे. ए एक वेडीनुं बंधन होयछे तेनी पाछळ वळी बीजां जीवतां कोई दिवस न टळे एवां धन वैभव अने प्रजानी वेडीनु बंधन पण वळगेछे. ए स्त्रीरूप वेडी विषे दत्तगीतामां पण लखेछे के—

कुटिलं दंभसंयुक्तं सत्यशौचविवर्जितम् ।
केनापि निर्मितं नारीबंधनं सर्वदेहिनाम् ॥

कुटिल एटले खळपणांथी भरेलुं, दंभ एटले मिथ्या धर्मवाळुं अने जेमां पवित्रपणुं के साचाई सुदल नथी एवुं नारीरूप बंधन सर्व प्राणीओने-माटे कोणे निर्माण कर्युं हशे?

अज्ञानदशामां ए बंधनने बंधनरूपे अभागी लोको देखता नथी. बीजां बंधन तो थोडु दुःख करेछे पण आ तो देह रहे त्यांसुधी दुःखी करेछे ने त्यारपछी पण तेनो प्रताप एवो जोरावर छे के तेने लीधे अनेक जन्मनां अनेक दुःखो ने नरकनी यातनाओनां दुःखो खमवां पडेछे. आटलामाटेज नारी छे तेज प्राणीमात्रने वेडीरूप कही छे विषयभोगने आधीन थयेलुं मन जेनुं होय तेज आ वेडीमां बंधाय छे. पशुओने तो पोतानामां हिताहित विचारवानी शक्ति नथी होती पण मनुष्योने तो तेवि शक्ति छतां पण पशुनी पेठे ए बंधनमां खुशीथी बंधाई रहेछे. कोई छोडवानी इच्छा करे तो पण तेमांथी [illegible]वानुं मन थतु नथी जेम कोई कमळ होय तेमां भ्रमर बेठो होय. ते कमळ[illegible] बिडाई जतुं होय ने तेथी भ्रमरनु मोत थाय तेम होय तोपण तेने कोई खस[illegible]वे तोपण खसतो नथी ने कमळ बिडाई जवाथी तेमां मरी रहेछे. कमळमां [illegible]पूरावानु दुःख न गणकारवानुं कारण जेम तेनी सुगंध छे. ए सुगंध दुःखनुं [illegible] विस्मरण करावी देछे. तेम स्त्रीबंधनथी थतां दुःखने न गणकारवानुं कारण वि[illegible]षयभोगादिकनी इच्छा छे, ते इच्छा दुःखनुं विस्मरण करावी देछे.

आ [illegible] विषयभोगनी इच्छा मनथी थायछे माटे ए मनने वश करवाथी [illegible]वी इच्छ[illegible] न थाय. अने भोगनी इच्छा टळे एटले स्त्रीरूप बंधनथी बधावुं पण पडे नही. [illegible] मन वश करवा विषे आगळ लखी गया छिये माटे अही नथी लख्युं. तोपण [illegible]ण अही एटलु तो याद राखवानुं छे के संसारमां बीजां बंधन कही [illegible] नथी, बंधनमां खरूं बंधन छे ते स्त्रीज छे. माटे ए बंधनथी मोकळो [illegible] तेज मोकळो समजवो.

जेमां दीनपणु नथी ते मतनु नाम दिव्य व्रत केहेवाय अर्थात् स्त्रीने आधीन न थई जवु ए दिव्य व्रत छे केम के स्त्रीने आधीन जे थयो तेनु ज्ञान, कीर्ति, विद्या अने तेज नाश पामेछे, अने सहुनी गरज भोगववी पडे एवी रीते स्त्रीने आधीन थयो होय तेने बोध पण थाय नहीं ज स्त्रीने आधीन नथी थयो तेनु ज्ञान, कीर्ति, विद्या अने तेज वधेछे अने तेने सद्गुरुपना उपदेशथी सारो बोध पण थायछे माटे जेमा दीनपणु नथी एवो सदाचार अने ब्रह्मचर्य पाळवु ए दिव्य व्रत छे, अने तेथी आत्मज्ञान थता मोक्षनी प्राप्ति थई शके छे

ज्ञातुं न शक्यं हि किमस्ति सर्वै-
र्योषिन्मनो यच्चरितं तदीयम् ।
का दुस्त्यजा सर्वजनैर्दुराशा
विद्याविहीन पशुरस्ति को वा ॥ १८ ॥

अर्थ

शिष्य—कोईए पण जाणी न शकाय एवु शु छे?

गुरु—स्त्रीनु मन अने तेना चरित्र ए कोईथी जणाय नहीं।

शिष्य—कोईथी न त्याग थई शके एवु शु छे?

गुरु—भुडी आशा

शिष्य—पशु कोण केहेवाय?

गुरु—जे विद्या वगरनो होय ते

कोई बुद्धिमान् कोई मूर्ख, कोई विद्वान् अने कोई विचारवान् एवा घणा पुरुषो आ जगतमा छे पण कोईमाथी स्त्रीना मननी अने तना चरित्रनी खबर पडती नथी देव अने दानवो पण स्त्रीना मनने ने स्त्री चरित्रने नथी जाणता तो माणस तो क्याथी जाणी शके? ज्ञानी पुरुष होय छे ते पण मायाने त्रण गुणने अने चौद लोकने जाणेछे पण स्त्रीना चरित्रने जाणता नथी के जे अनर्थना मूळरूप होयछे स्त्रीनु मन अने तेना चरित्र नथी जणाता तेथी भला भला तेमा भुलावो खाई गया छे एना अवगुण विषे भागवतमा कह्यु छे के—

न हि कश्चित्प्रियः स्त्रीणामंजसा स सुखात्मकः ।
पितरं भ्रातरं पुत्रं घ्नंत्यर्थे वा पतिं त्यजेत् ॥

स्त्रियोने कोई वहालुं नथी. पोताना स्वार्थमाटे पिताने, पुत्रने, भाईने अथवा पतिने तजी देछे अथवा तेने मारी नांखेछे.

आवा दाखला पण संसारमां अनेक बनेछे ए प्रत्यक्ष प्रमाण छे. पोतामां रहेला स्वाभाविक दोषो स्त्रियोने आवी दशामां डुबावनारा छे. जेनाविषे शिवपुराणमां कह्युं छे के—

अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥

खोटुं बोलवुं अथवा ढोंग करवो, विचार्याविना कांई करी नांखवुं, खोटी माया बांधवी, मूर्खपणुं, अतिलोभ, अपवित्रपणु अने निर्दयपणुं एटला स्त्रियोमां स्वभावथीज दोष रहेला होयछे.

ए उपरना दोष कोईना शीखववाथी आवता नथी पण एनी मेळेज आवेछे. अने एथी ते स्त्री अनर्थनां पात्ररूप छे. ने तेनां चरित्र जणातां नथी. अने एटलामाटेज तेनां चरित्रने कोई न जाणे एम कह्युं छे. सारां चरित्रथी सुधरा मेळवनारी स्त्रियो जगत्मां हशे पण ते थोडी छे अने तेनी पण खबर तो पडतीज नथी. विद्वानो पण ए वातमां अभिमान राखताज नथी.

जगतमां जेटला नामरूपवाळा पदार्थो छे ते सर्वे त्यागी शकायछे, पण एक दुराशाने त्यागी शकाती नथी. जे खोटी मिथ्या आशा बांधवी ते दुराशा केहेवाय. एनुं स्वरूप आगळ आवी गयुं छे माटे अहीं विस्तार नथी कर्यो. मनमां जे जे खोटा मनोरथ करवा ते दुराशा केहेवाय. इंद्रियो अने मन वश न थयुं होय तेने ते दुराशा थाय छे. ए दुराशानो त्याग करवो कठण छे.

श्री शंकराचार्य कहेछे के—

अग्रे वह्निः पृष्ठे भानू रात्रौ चिबुकसमर्पितजानुः ।
करतलभिक्षा तरुतलवासस्तदपि न मुंचत्याशापाशः ॥

आगळ अग्नि तो होय, पछवाडेथी सूर्यनो ताप लागतो होय रात्रे गोठणीया वाळीने सुतो होय, हाथमा भीक्षा करतो होय न झाडने तळे सुतो होय तेवो तपस्वी पण आशा छोडतो नथी

माराज ए के आशा एवी बळवान छे के त्याग करीने चाली निक ळनारथी पण छोडाए शकाती नथी अने एटलामाटे ए आशा तजवी घणी कठण छे ए दुस्त्यज आशाने जे तजेछ ते पोताना स्वरूपने जाणना रा छे बीजा पशुओ तो जगतमा घणा छे पण जे विद्या वगरनो पुरुष छे ते खरो पशु छे ते भले घास नथी खातो अने भले तेने शीगडा अन पुछडु नथी तो पण ते पशु समानज छे विद्या जगतमा अनेक प्रकारनी छे ए वधी विद्यामा ब्रह्मविद्या उत्तम छे जो ब्रह्मविद्यानो बोध न होय तो बीजी जेटली विद्यानु ज्ञान होय ते निष्फळ थायछे खरी विद्या ते ब्रह्म विद्या समजवी वधी विद्या भण्यो होय पण ब्रह्मविद्या न भण्यो होय तो ते पशु समान छे आकृतिवी मनुष्यनु शरीर होवाथी पशुना जेवा देखाय नहीं पण मनुष्य समान देखाय, परंतु जे ब्रह्म विद्याने जाण-नारा छे तेमा अने जे नथी जाणता तेमा घणो फेर छे जुवो ने एक साकरनो कटको अने बीजो फटकडीनो कटको ए बेय देखवामा स रखा छे पण स्वादमा घणोज फेर छे उदरनी लींडी अने लींडीपीपर ए बेय देखावमा वईक सरखा छे पण स्वादमा अने गुणमा घणो तफावत छे हीरो अने काच सरखा देखाय पण मूल्यमा बहु फेर छ, त्रांबु ने सोपन सरखो देखाय पण तेना कार्यमा फेर छे आवी रीते विद्वानमा अने अविद्वानमा फेर छे ज्यारे ते बेयनी वाणी सभळाय त्यारे तेना खरा रूपनी खबर पडी जायछे ते वगर एकदम नथी पडती गमे तेटली विद्या भणेलो होय पण जे ब्रह्मविद्या न जाणतो होय तेने पोताना रूपनी खबर पडती नथी ने तेने समविषम दृष्टि मटती नथी ने जे ब्रह्मविद्यानो अनुभवी छ ते पोतानुरूप जाणछे ने तेने समदृष्टि थई जायछ ब्रह्मवि द्यामा लीन रहेनाराने पोताना अमूल्य रूपना आनंदनो अनुभव नथी थतो ने समजातु नथी माटे तेने अकल विनाना ढोरनु रूपक आप्यु छे जुवोने ढोर सीमे चरतु होय तेनी आगळ जईने हजारो रुपानी किंमतनो हीरो धरिये तो तेने कई थातु नथी अने तेनी किंमतने अने तेना गुणने जाणतु नथी पण जो नीरण नीरी होयतो तेमाथी एक डाळु उपाडयु ढोर तो तरत

फुफाडो नांखी धींक मारवा दोडेछे. आनुं कारण एज के ढोरने खरूं खोटुं समजवानुं ज्ञान होतुं नथी, तेमज विद्यावगरना माणसने पण खरूं खोटुं समजवानुं ज्ञान होतुं नथी ने तेने पोतानां हीरानी किंमतने पण हटावे तेवां रूपनो बोध थई शकतो नथी. अने एटलामाटेज जे विद्याविनानो होय ते मोटो पशु छे.

वासो न संगः सह कैर्विधेयो
मुर्खैश्च पापैश्च खलैश्च नीचैः ।
मुमुक्षुणा किं चरितं विधेयं
सत्संगतिर्निर्ममतेशभक्तिः ॥ १७॥

अर्थ.

शिष्य–वास अने संग कोनी साथे न करवो ?

गुरु–मूर्ख, पापी, खळ अने नीच साथे.

शिष्य–मुमुक्षुओए आचरवानुं ने करवानुं शुं छे ?

गुरु–सत्पुरुषनी संगति अने ममता वगरनी ईश्वरनी भक्ति.

ज्यां मूर्ख, पापी, खळ अने नीच पुरुषो रेहेता होय अने ज्यां सत्पुरुषोनो वास न होय ते ठेकाणे कोइ दिवस रेहेवुं नहीं. वसिष्ठ सारमां कह्युं छे के–

यस्मिन्देशे हि तत्त्वज्ञो नास्ति सज्जनपादपः ।
सफलः शीतलच्छायो न तत्र दिवसं वसेत् ॥

जे देशमां तत्त्वनो जाणनारो फळथी भरेलो अने शीतळ छायावाळो सज्जनरूप वृक्ष न होय त्यां कोई दिवस रेहेवुं नही,

जे देशमां हजारो फळने आपनारा वृक्ष होय जे देशमां हजारो शीतळ छायावाळा वृक्ष होय ते देशमां जो सज्जनरूप वृक्ष न होय तो ते बीजां वृक्षो अने वृक्षोवाळो देश कांई उपयोगी नथी. तेवा देशोमां रेहेवाथी कांइपण पोतानां कल्याणनुं साधन थतुं नथी. पण ज्यां सत्पुरुषो रेहेता होय तेवा धन्य देशमां रेहेवाथी सुखशांति मळेछे. माटे तेवे ठेकाणे रेहेवुं. कह्यु छे के–

सदा सतोऽभिगतव्या यद्यप्युपदिशंति न।
या हि स्वैरकथास्तेषामुपदेशा भवंति ता ॥

जे सत्पुरुषो निरंतर आपणने बोध आपेछे तेवा सत्पुरुषोपासे जावु केम के तेओ जो आपणने उद्देशीने उपदेश न करे तो पण जे अमथी वातो करता होय ते उपदेशरूप थायछे

सत्पुरुषोनी साधरण वातो पण बोध आपनारी होयछे, केम के आवा पुरुष कांइ राजानी, कोईनी नात जातनी के कमावा जावानी वात करता न होय ए तो सदाय कल्याण थाय तेवीज वातो करता होय माटे मूर्ख, पापी, खळ अने नीचनी सोबतथी दूर रही ज्या सत्पुरुषो वसता होय त्या जई वेसवु जे पुरुष शास्त्रनो अर्थ बरोबर जाणता होय पण तेमा लख्या प्रमाणे साधन करतो न होय ते मूर्ख केहेवाय जेने सर्व शास्त्रनु ज्ञान होय, गुरुनी पदवी लईने बेठो होय, अने शिष्यने एवा बोध करे के आटलु खोटु जाणो अने पछी करता हो ते करो, मिथ्या जाणी लेवु एटलुज काम छे, अने ते उपर दृष्टांतना श्लोक भणीने जे उधे मार्गे शिष्यने चडावे ते पापी समजवो, केम के साधन, धर्मबुद्धि अने श्रेष्ठ आचरण विना ज्ञान होय नहीं अने ज्ञान विना मोक्ष होय नहीं तथा सारा कर्म विना सारी गति होय नहि तेम छता शिष्यने तेवे सारे मार्गेथी खसवी नाखेछे अने तेनी वासनानो विराम थवा देता नथी ए कांई थोडु पाप नथी अने एटलाजमाटे ते पापी केहेवाय, जे महातपणु धारीने बेठो होय पण अंतरमां द्रव्य मेळववानी वृत्ति होय तेथी तेओनु अकल्याण थाय तो भले थाय पण आपणो तो निर्वाह चालेछे एम विचारी गृहस्थोने गमे तेवाज उपदेशो आपेछे अने एम करी धन एकठुं कर्या करेछे ते खळ केहेवाय केम के जे खळ होय ते मनमा कांई होय ने मोढे कांई बोले जे पुरुष सघळी विद्याथी संपूर्ण छता जराक जो तेमा काम होय तो ते नीच केहेवाय केम के जराक जो काम होय तो तेमाथी मेरु जेटलो मोटो थइ पडे अने पछी ए काम वधवाथी शरीना कृत्य शरीर करछे माग्ये अपणे शुं एवो नीच विचार आवे अने तेथी नीच काम थया वगर रहे नहीं एटलामाटे ते नीच कहेवाय श्री भगवाने पण त्रण प्रकारनां नरकना द्वारमा कामने प्रथम गण्यो छे जेम के—

કુકુંમમાં કે વનમાં રમે છે, જપે તપે ઇંદ્રિયને દમે છે;
આનંદમાં આખર આંખ ઢાળે, મહાજનો જીવન એમ ગાળે.
કલ્યાણ સર્વે જન જેમ પામે, જે રીતિથી દુઃખથકી વિરામે;
તેવે પ્રકારે વચને વળાવે, મહાજનો જીવન એમ ગાળે.
શોધે નિરાંતે હરિને સુખેથી, ન લાભ લેખે પર કાંઇ એથી;
નોખા રહે કેશવ ઇંદ્રિજાળે, મહાજનો જીવન એમ ગાળે.

ऐकमत्य अथवा संपविषे बे बोल.

(સબંધ ૧૬ મા પુસ્તકના અંક નવમાને પાને ૨૩૧ થી)

હવે આપણે સંપ-કુસંપના વિવાદની ખરી રણભૂમિ ઉપર આવિયે. જોકે સંપ શબ્દની વ્યાખ્યા આપણે કરીછે તે પ્રમાણે તો પ્રત્યેક સંબંધમાં સંપ અને કુસંપ શબ્દ લાગુ પડે છે; પરંતુ વર્તમાન કાલમાં સંપ શબ્દને માત્ર ભાઈઓના સંબંધમાંજ જોડેછે, અને તેથી સંપવિરૂદ્ધ ચર્ચા ચલાવનાર અમારા મિત્ર પણ ભાઈઓના સંપવિષેજ કટાક્ષ કરી લખતા હશે એમ જણાયછે તો તેવિષે વિચાર કરવો જોઈએ.

આશ્ચર્ય છે કે સંપવિરૂદ્ધ ચર્ચા ચલાવનાર મિત્ર આવડી મોટી ભીત ભૂલી જાય છે એ ભાઈ ઉત્તમ વિદ્વાન છતાં 'સંપ એ કાંઈ વસ્તુજ નથી' એમ ઉતાવળે લખી નાંખતાં કાંઈ અચકાતા નથી. અથવા એ વિષયમાં એ ભાઈ નિર્દોષ છે. હમેશાં ખોટા પક્ષને લઇ બેસનાર માણસની સ્મરણશક્તિ કુંઠિત થઈ જાયછે માટે દોષ લેખીયે તો તે ખોટા પક્ષનોજ છે હુ મારા મિત્રને સ્મરણ આપુછું કે તેમણે વાલ્મીકિરામાયણના નાયક શ્રીરામચંદ્રજી, શ્રીભરતજી, શ્રીલક્ષ્મણજી અને શ્રી શત્રુઘ્નના ચરિત્ર ઉપર દૃષ્ટિ કરવી. શ્રીરામચંદ્રજી વનમાં પધાર્યા પછી અને રાજા દશરથનું શ્રીરામવિયોગથી મરણ થયા પછી ભરતજી અયોધ્યામા આવ્યા ત્યારે પોતાનાં માતા સાથે પ્રશ્નોત્તર થતાં શ્રીરામવિયોગનેલીધે તેને કેવુ થયુછે તે આ પદ્ય ઉપરથી જણાશે—

मातस्तातः क्व यातः सुरपतिभुवनं हा कथं पुत्रशोकात्
कोसौ पुत्रश्चतुर्णां त्वमवरजनया यस्य यातः किमस्य ।
प्राप्तोसौ काननांतं किमिति नृपगिरा किं तथासौ बभाषे
मद्वाग्बद्धः फलं ते किमिति तव धराधीशता हा हतोस्मि ॥

ભરત—માતા! પિતાજી ક્યાં પધાર્યા છે?

માતા—પુત્ર! દેવલોકમાં પધાર્યા.

ભરત—(શોકથી આકુલ થઈને) અરે હાય હાય, એમ અકસ્માત કેમ થયું?

માતા—પુત્રના શોકને લીધે અકસ્માત એમ (મરણ) થયું.

ભરત—કયા પુત્રના શોકથી?

માતા—ચાર પુત્રોમાં જેનાથી તું નાનો છે તેના (રામચંદ્રના)

ભરત—એને શું થયું?

માતા—એ વનમાં ગયા.

ભરત—શા માટે તે વનમાં પધાર્યા?

માતા—રાજાની આજ્ઞાથી.

ભરત—રાજાએ એવી આજ્ઞા શા માટે કરી?

માતા—મારી સાથે વચનથી બંધાયા હતા તેથી.

ભરત—તમારે વચનમાં બાંધીને એવી આજ્ઞા કરાવવાનું કારણ શું?

માતા—તને રાજ્ય મળે એ જ.

ભરત—(આ વચન સાંભળી) हा हतोऽस्मि 'હાય હું હણાયો છું' (એમ બોલતા મૂર્છા ખાઈને પડી ગયા.)

પિતાજીના શોકથી, શ્રીરામચંદ્રના વિયોગથી અને તેમાં કેવળ પોતે નિમિત્તરૂપ થઈ પડવાથી હૃદય ભેદાયાને લીધે જેને મૂર્છા આવી હતી એવા ભરતજી ઘણીવારે મૂર્છા ઉતર્યા પછી આત્મભાનમાં ભરપૂર રોતાં રોતાં આ પ્રમાણે બોલ્યા—

हा तात मातरहह ज्वलितानलो मां
कामं दहत्वशनिशैलकृपाणबाणाः ।
मथ्नन्तु तान् विपदते भरत सहेत
हा रामचन्द्रपदयोर्न पुनर्वियोगम् ॥

હે માતા! હે પિતા! અરે પ્રજ્વલિત થયેલો અગ્નિ મને ગમે તેમ ભલે બાળી નાખે, વજ્ર ભલે મને કચરી નાખે, પર્વત ભલે મને દબાવી નાખે, તરવારો ભલે મને કાપી નાખે, અને બાણો ભલે મને વીંધી નાખે એ સઘળાં દુઃખોને સહન કરવાને આ ભરત તૈયાર છે પણ અરે હાય, શ્રીરામચંદ્રજીના ચરણના વિયોગને સહન કરવાને ભરત શક્તિમાન નથી

આવાં અનેક વાક્યો તે સ્થલમાં છે. તે શિવાય નોખાં નોખાં નાટકોમાં પણ એવાં અનેક વાક્યો આવે છે કે જેમાં રામચંદ્રજી ઉપર ભરતની કેટલી બધી ભક્તિ છે તે પ્રત્યક્ષ જણાઇ રહે છે. તુલસીદાસજી પણ એ સ્થલમાં શું કહે છે તે જુવો.

गजल.

विना सियारामके देखे, नही दिलकुं करारी है;
ऊठी रघुवंशमें अग्नि, अवध सारी प्रजारी है.—विना.
हुवा रघुवंशमें पापी, दुखी सारी अवधवासी;
जेसे जलविन मिन प्यासी, सोही गत आज हमारी है.—वि०
हमारी मातकी करणी, सकल दुनियासे न्यारी है;
नही में राजका भूखा, नहीं जननी वि प्यारी है;—वि०
भरत लोटे अहो धरणी, नयनमें नीर झारी है;
सुना जब तातका मरना, जिगर बरछी सों मारी है.—वि०
रामलक्ष्मण चले बनकुं, सिया वानुमें प्यारी है;
गहु कब रामके चरनां, एही तुलसी विचारी है;—वि०

(રામચંદ્રજી વનવાસે જતાં ભરતની ઉદાસીનાં બીજા પદો પણ ઘણાં છે, પરતુ વિસ્તાર થાય માટે લીધાં નથી.)

આવાં ભક્તજનોનાં વાક્યો શું રામચંદ્રપ્રત્યે ભરતનો ઓછો સંપ દેખાડે છે? કદિ સંપવિરૂદ્ધ ચર્ચા લખનાર મિત્ર એમ શકા કરે કે કદી ભરતજીનો રામચંદ્રપ્રત્યે પૂર્ણ પ્રેમથી સંપ હશે, પણ લક્ષ્મણજીનો ભરત પ્રત્યે સંપ હશે નહિ. તેનો દાખલો રામ વનવાસ પધાર્યા પછી ભરતજી તેની પછવાડે આવતા હતા તેને જોઈ રામચંદ્રને નીચેનાં વચનો લક્ષ્મણજીએ કહ્યાં તે પ્રત્યક્ષ છે. જેમ કે—

હે વીર! આપણો શત્રુ ભરત આવે છે માટે તે મારવા યોગ્યજ છે. ભરતને મારવામાં હું કાંઈ દોષ દેખતો નથી. પૂર્વે જેણે અપકાર કર્યો હોય તેને મારવાથી કાંઈ અધર્મ થતો નથી, તો ભરતે આપનો પૂર્વે અપકાર કરેલ છે માટે તેને મારવોજ જોઇએ. ભરતને માર્યા પછી બધી પૃથ્વીનું રાજ્ય તમે ભોગવજો. રાજ્યની ઇચ્છા રાખનારી કૈકેયી હાથિએ ભાંગેલાં ઝાડની માફક મારા મારેલા ભરતને દેખીને દુઃખથી પીડાશે. અને તે કૈકેયીને પણ તેના પરિવાર સહિત હું મારીશ (ઇત્યાદિ)

આ વચનો ભરતમાટે લક્ષ્મણે કહેલ છે ખરા, પણ અહીં થોડીક વિવેકદૃષ્ટિ રાખવાની છે લક્ષ્મણને રામચંદ્ર ઉપર અત્યંત ભક્તિ હતી અને ભરત સૈન્ય લઈને લડાઈ કરવા આવતા હશે એવી ભ્રાંતિ થઈ તેથી તેને અભક્તિમાન જાણી તેની ઉપર ક્રોધ કર્યા અહીં ક્ષાત્રધર્મનું પણ આ વાક્યો નિદર્શન કરે છે તેમ રામ તે રામજ એના જેવો વિવેક લક્ષ્મણમાં ન હોય એમ પણ આ વાક્યો સુચવે છે અને રામચંદ્ર તથા ભરતની કુશળતા જણાવનાર પણ આ વાક્ય છે આમ છતાં પણ ભ્રાંતિથી થયેલો આ ક્રોધ જન્મથી માંડીને જીવિતપર્યંત આ એકજ વાર અને તેપણ ક્ષણમાત્રજ હતો અને એટલામાટે તે વાક્યો કહેવામાત્રજ સમજવા પણ સત્ય નહિ, એમ આ નીચેના લક્ષ્મણપ્રત્યે રામચંદ્રે તે પ્રસંગે કહેલા વિવેકવચનથી સ્પષ્ટ જણાઈ રહે છે લક્ષ્મણજીના ઉપરના વચનો તો રામચંદ્રની ઉદારતા, વિવેક અને ભ્રાતૃભાવને જણાવનારા વચનો કઢાવવાના કારણરૂપ થયા છે

सुसंरब्धं तु भरतं लक्ष्मणं क्रोधमूर्छितम् । रामस्तु परिसान्त्व्याथ वचनं चेदमब्रवीत् ॥ किमत्र धनुषा कार्यमसिना वा सचर्मणा । महाबले महोत्साहे भरते स्वयमागते ॥ पितुः सत्यं प्रतिश्रुत्य हत्वा भरतमाहवे । किं करिष्यामि राज्येन सापवादेन लक्ष्मण ॥ यद्द्रव्यं बान्धवानां वा मित्राणां वा क्षये भवेत् । नाहं तत्प्रतिगृह्णीयां भक्ष्यान्विषकृतानिव ॥ धर्ममर्थं च कामं च पृथिवीं चापि लक्ष्मण । इच्छामि भवतामर्थे एतत्प्रतिशृणोमि ते ॥ भ्रातॄणां संग्रहार्थं च सुखार्थं चापि लक्ष्मण । राज्यमप्यहमिच्छामि सत्येनायुधमालभे ॥ नेयं मम मही सौम्य दुर्लभा सागराम्बरा । नहीच्छेयमधर्मेण शक्रत्वमपि लक्ष्मण ॥ यद्विना भरतं त्वां च शत्रुघ्नं चापि मानद । भवेन्मम सुखं किंचित् भस्म तत्कुरुतां शिखी ॥ मन्येहमागतोयोध्यां भरतो भ्रातृवत्सलः । मम प्राणैः प्रियतरः कुलधर्ममनुस्मरन् ॥ श्रुत्वा प्रव्राजितं मां हि जटावल्कलधारिणम् । जानक्या सहितं वीर त्वया च पुरुषोत्तम ॥ स्नेहेनाक्रान्तहृदयः शोकेनाकुलितेन्द्रियः । द्रष्टुमभ्यागतो ह्येष भरतो नान्यथागतः ॥ अम्बां च कैकयीं रुष्य भरतश्चाप्रियं वदन् । प्रसाद्य पितरं श्रीमान् राज्यं मे दातुमागतः ॥ प्राप्तकालं यथैषोस्मान् भरतो द्रष्टुमर्हति । अस्मासु मनसाप्येष नाहितं किंचिदाचरेत् । विप्रियं कृतपूर्वं ते भरतेन कदा नु किम् । ईदृशं वा भयं तेद्य भरतं यद्विशंकसे । नहि ते निष्ठुरं वाच्यो भरतो नाप्रियं वचः । अहं ह्यप्रियमुक्तः स्यां भरतस्याप्रिये कृते ॥

कथं नु पुत्राः पितरं हन्युः कस्यांचिदापदि । भ्राता वा भ्रातरं हन्यात्सौमित्रे प्राणमात्मनः ॥ यदि राज्यस्य हेतोस्त्वमिमां वाचं प्रभाषसे । वक्ष्यामि भरतं दृष्ट्वा राज्यमस्मै प्रदीयताम् ॥ उच्यमानो हि भरतो मया लक्ष्मण तद्वचः । राज्यमस्मै प्रयच्छेति बाढमित्यवमंस्यते ॥ तथोक्तो धर्मशीलेन भ्रात्रा तस्य हिते रतः । लक्ष्मणः प्रविवेशेव स्वानि गात्राणि लज्जया ॥

ભરતજી ઉપર ઉપર પ્રમાણે ક્રોધ પામેલા લક્ષ્મણને સાંત્વના કરીને તેને કહ્યુ કે હે લક્ષ્મણ! આંહી ધનુષનું શું કામ છે, તરવારનું શુ કામ છે, અને ઢાલનું પણ શું કામ છે? મહાબલવાન ભરતજી ઉત્સાહથી આપણી પાસે આવે છે તેમાં ઉપરનાં હથિયારોની જરૂરજ નથી પિતાજી પાસે મેં પ્રતિજ્ઞા કરેલ છે કે મારે ચૌદ વર્ષ વનમાં રેહેવું છે. હવે સંગ્રામમાં ભરતને મારીને અપવાદવાળાં રાજ્યનું મારે શું પ્રયોજન છે? જેમ ઝેરવાળા ખાવાના પદાર્થોને કોઇ ગ્રહણ કરે નહીં તેમ બાંધવના કે મિત્રોના નાશથી જે દ્રવ્ય મળતું હોય તે દ્રવ્યને હું ગ્રહણ નથી કરતો. હે લક્ષ્મણ! હું પ્રતિજ્ઞા કરીને આયુધના સમ ખાઇને કહું છું કે ધર્મની અર્થની અને કામની તથા પૃથ્વીની ઇચ્છા પણ તમે સર્વ ભાઈઓનેમાટેજ કરૂં છું. ભાઈઓના સંગ્રહને અર્થે અને ભાઇઓના સુખને અર્થેજ હું રાજ્યની ઈચ્છા કરૂં છું. સમુદ્રપર્યંત પૃથ્વી મને દુર્લભ નથી પરંતુ અધર્મથી ઈંદ્રપદ લેવાને પણ હું ઇચ્છા કરતો નથી. હે લક્ષ્મણ! ભરતવિના, તમારાવિના અને શત્રુઘ્નવિના મને જે સુખ હોય તો તે સુખને અગ્નિ બાળીને ભસ્મ કરી નાંખો. મારા પ્રાણતુલ્ય ભરત કે જેને ભાઇઓજ વહાલા છે તે અયોધ્યામાં આવી મુને, તમને અને સીતાને વનમાં મોકલવાની વાત સાંભળી સ્નેહથી હૃદય ખેંચવાનેલીધે શોકાકુલ થઇને આપણને મળવા આવે છે, બીજા કોઈ પ્રકારથી આવતા નથી. માતા કૈકેયી ઉપર રોષ કરીને તથા તેને ઘણાં અપ્રિય વચન કહીને મને પ્રસન્ન કરવા તથા રાજ્ય આપવા આવે છે એમ હું માનુંછું. ભરત મનથી પણ આપણું અહિત કરે નહિ. તમને ભરતથી ભયની શંકા થાય છે તે ભરતે તમારૂં કોઇ દિવસ અહિત કરેલ છે? ભરતને તમારે કાંઇપણ કઠણ કે અપ્રિય વચન કેહેવું નહિ. ભરતને અપ્રિય કહેશો તે મનેજ કહ્યું એમ સમજવું હે લક્ષ્મણ! ગમે તેવી આપત્તિઓ આવે તોપણ બાપ દીકરાને અને ભાઇ ભાઇને કેમજ મારે? કે જે પોતાના પ્રાણરૂપ છે. હે લક્ષ્મણ! જો રાજ્યમાટે તમે આવાં

વચ। બોલતા હો તો ભરત આવશે એટલે તેને મળીને હુ કહીશ કે તમે રાજ્ય લક્ષ્મણજીને આપો એટલે તે મારા વચનથીજ તમને રાજ્ય આપશે ધર્મનીષ્ઠ રામચંદ્રે ઉપરપ્રમાણે વચન કહ્યા તે સાંભળતાજ લક્ષ્મણજી લાજથી કેમ જાણે પોતાના અંગમા પેસી જતા હોય એવા થઈ ગયા

અહો કેવી ભ્રાતૃવત્સલતા લક્ષ્મણને પણ ભરતજી ઉપર ભાવ ન હોત તો આ સત્ય વચન સાંભળીને શરમાઈ જાત નહિ માત્ર રામ ઉપર ભક્તિને લીધેજ ક્રોધનો આવેશ આવવાથી આ વચનો કહેવાઈ ગયેલા છે કે જે ઉલટા પોતાને લક્ષ્મણને લાજ આપનાર થઇ પડ્યા જો આમ ન હોય તો બીજે કોઇપણ ઠેકાણે એવો અભાવ દેખાડનારા વચનો આવવા જોઈએ તે આવતા નથી, પરંતુ ભ્રાતૃભાવને દર્શાવનારા વચનોજ આવે છે અ રણ્યકાંડમા શિશિરઋતુના વર્ણનમા લક્ષ્મણજીએ ભરતજીને ઉદ્દેશી કેવા વચન કહ્યા છે તે જુવો

अस्मिंस्तु पुरुषव्याघ्र काले दुःखसमन्वितः । तपश्चरति धर्मात्मा त्वद्भक्त्या भरतः पुरे ॥ त्यक्त्वा राज्यं च मानं च भोगांश्च विविधान् बहून् । तपस्वी नियताहारः शेते शीते महीतले ॥ सोऽपि वेलामिमां नूनमभिषेकार्थमुद्यतः । वृतः प्रकृतिभिर्नित्यं प्रयाति सरयूं नदीम् ॥ अत्यन्तसुखसंवृद्धः सुकुमारो हिमार्दितः । कथं त्वपररात्रेषु सरयूमवगाहते ॥ पद्मपत्रेक्षणः श्यामः श्रीमान्निरुदरो महान् । धर्मज्ञः सत्यवादी च ह्रीनिषेधो जितेंद्रियः ॥ प्रियाभिभाषी मधुरो दीर्घबाहुररिंदमः । संत्यज्य विविधान्सौख्यानार्यं सर्वात्मनाश्रितः ॥ जितः स्वर्गस्तव भ्रात्रा भरतेन महात्मना । वनस्थमपि तापस्ये यस्त्वामनुविधीयते ॥

હે પુરુષમા સિંહરૂપ રામચંદ્રજી ! આવા શીતકાળમા ધર્માત્મા ભરતજી આપની ભક્તિથી દુઃખયુક્ત થઇ પુરમા તપ કરે છે માનનો ત્યાગ કરીને, રાજ્યનો ત્યાગ કરીને અનેક પ્રકારના ભોગનો ત્યાગ કરીને, ભરતજી નિયમિત આહાર રાખીને શીતકાળથી અતિ શીતળ થયેલા જમીનપર શયન કરે છે ભરતજી પણ આ સમયે સ્નાન કરવામાટે કાયમા પ્રજા સહિત સરયૂ નદીપ્રત્યે જતા હશે અરે અત્યંત સુખમા વૃદ્ધિ પામેલા, અતિ કોમળ શરીરવાળા, હીમથી પીડાયેલા ભરતજી પાછલી રાત્રિયે સરયૂમા કેમ પેશી શકતા હશે ? કમળના પત્ર જેવા જેના નેત્ર છે, શ્યામ જેનો વર્ણ છે, દુબળ જેનુ ઉદર છે, ધર્મના જાણનાર, સત્ય બોલનાર, ગર-

ખાતું ન હોય તેને વધારે સાધને ઉદયનાં દર્શન થાય છે. ઉદય મટીને અસ્ત થવાનો હોય તો ઘણે ઠેકાણે દેખાતાં ચિન્હો તે તેનુંરૂપ દેખાડી આપે છે. ગમે તો શ્રીમંત હોય કે ગરીબ હોય પરતુ ખાવાપીવાના સ્વાદમાં નિરંતર વૃત્તિ રહ્યા કરે, ભારે ભારે ભોગવિલાસમાં મન રહ્યા કરે, કુલનો ધર્મ ધ્યાનમાં ન રહે, સ્વધર્મ વીસરી જવાય, ખાધાપિધામાં પોતાનો કે પરનો ભેદ રાખવામાં આવે, કામ કરવુ ગમે નહિ, ઉંઘ આવ્યા કરે, થાક ચડી જાય, અવળા ધંધાપર મન દોડ્યા કરે, ઉપજ કરતાં ખરચ વધતું જાય, ગરીબને કે માગણને કરડી નજર કરી બટકાં ભરાય, બાપ-દીકરાને અસંતોષ રહે, ભાઇ-ભાઇમાં ધોખો થયા કરે, ધણી-ધણીયાણીમાં ધુધવ્યા કરે, કોઇ સાથે સ્નેહસંબંધ બંધાય નહિ, સ્નેહસંબધ હોય તે મગરૂરીમાં સચવાય નહિ, જેની તેની સાથે ક્લેશ કકાસ થયા કરે, ભ્રાંતિથી ભ્રકુટી ચડી રહે, બાપ દીકરા ઉપર પ્રસન્ન ન રહે, દીકરો બાપની આજ્ઞામાં ન રહે, ભાઇઓ પરસ્પર નિર્મળ મનથી ભ્રાતૃભાવ ભજવે નહિ, સ્ત્રી પતિની આજ્ઞાને અનુસરે નહિ, પતિ સ્ત્રીને યથાયોગ્ય સન્માન આપે નહિ, કારણવિના પણ ક્લેશ રહ્યા કરે, કારણવિનાપણ મન મુઝાયા કરે, કારણવિનાપણ, કુસંપ થયા કરે, ક્રોધમાં અંધ થઇ જવાય, કામમાં મરાઇ જવાય, લોભમાં ભમાઇ જવાય, મોહમાં હણાઇ જવાય અને મદમત્સરમાં મરડાઇ જવાય, વિનય વિવેક વિચાર વિસરી જવાય, વિદ્યામાં નિષ્ફળ થવાય ઉદ્યમમાં નિરાશ થવાય, ધંધામાં લાભ ન થાય, સ્નેહિયોનો વિયોગ થાય, પરદેશ વેઠવો પડે, સ્ત્રીનું મુખ જોઇને બેશી રેહેવું ગમે, કામ કરતાં થાકી રેહેવાય, ભાર ઉપડે નહિ, શરીરમાં રોગ થાય, સવળું કરતાં બધું ઉધું પડતું જાય, પ્રજાજ થાય નહિ, થાય તો અપંગ કે કદરૂપી થાય, અભ્યાસ કરે નહી, વિના મોતે મરી જાય, ઘરમાં માણસ ઘટવા માંડે, સ્ત્રી મરી જાય. ધન ચોરાઇ જાય, ન કેહેવાનું કેહેવાઇ જાય, ન કરવાનું થઇ જાય, અને ચોતરફ સંતાપ, ઉપાધિ અને દુઃખ જોવામાં આવે અથવા એક પેટ ભરાય એટલું મળ્યું એટલે બીજો કોઇ વિચારજ ન સુજે એવી ઉછ્રંખલ બુદ્ધિ થઈ જાય ત્યારે ઉદયની નિવૃત્તિનાં અને અસ્તનાં વાજાં વાગે છે એમ સમજવું.

ગમે તો શ્રીમંત હોય કે ગરીબ હોય પરંતુ કુછરતાંજ શરીર નિરોગી રહે, સ્મરણશક્તિ પ્રબલ રહે, વિચારશક્તિ ખુલતી રહે, વિદ્યાભ્યાસમાં વૃત્તિ લાગી રહે, ભણેલુ બહુ ભુલાય નહિ, ભોગવિલાસમાં મન ભમે નહિ, પરિણામે સુખની આશા રહે, આળસ આવે નહિ, ઉંઘ આવે નહિ, અનીતિપર અપ્રીતિ રહે. નીતિપર પ્રીતિ રહે, પરદ્રવ્યાદિકની સામુ પણ ન જુવે, સર્વને સમાન લેખે, સર્વને રાજી રાખે, સંબંધને સાચવે, ઉપજ પ્રમાણે ખર્ચ કરે કોઈપર ક્રોધ ચડે નહિ, અપરાધીપર રીસ ચડે નહિ, મા-

ખપ રી સેવા થાય, ભાઇઓમા સ્નેહ રહે, વળી ધણીયાણીમા ધોખો ન રહે સર્વની સાથે પરિચય થાય મગરૂરી થાય નહિ, વિનય વધતો જાય, ભ્રકુટી ચડે નહિ, મુખ હસતુ રહે, કારણ છતા પણ કલેશ થાય નહિ, લોભમા લાલચ ન થાય, જે કરે તે પાશરૂ ઉતરે સ્નેહીયોનો વિયોગ ન થાય, ઘરમા ધનાઇ રહેવુ ગમે નહિ, શરીર શક્તિવાળુ હે, માણુસો સત્ય મરખા સ્વભાવના થાય, સદ્ગુણી પ્રજા થાય, માણસની હાનિ ન થાય, ધનની હાનિ થાય નહિ, ગયલીવસ્તુઓ પાછી મળવા માડે, સત્યમા સુખ થાય, દયાથી હૃદય ભર્યું રહે મોટા મોટા વિચારો થાય, ખાવા ખવરાવવામા અને વાપરવામા વૃત્તિ ઉદાર રહે, મર્યાદા ગમે, સાદાઈ ગમે, કીર્તિ પુણ્ય અને પવિત્રતાનો લોભ રહે, સારો સગ થાય અને સારા શાસ્ત્રો ગમે આમ થવા માડે કે થતુ હોય ત્યા અસ્તની નિવૃત્તના અને ઉદયની પ્રાપ્તિના વાજા વાગે છે એમ સમજવુ સારા આચરણ, સારો સ્વભાવ ઉદાર વૃત્તિ, સારી સમજણ, કુટુબમા આનદ અને કાઇપણ અડચણ ન આવવી એ ચાલતા ઉદયને સ્થિર રેહેવાની નિશાની છે એમા જેટલી ખામી તેટલી ઉદય રેહેવાની ખામી કહેવાય પાડવોનો ઉદય અને કૌરવોનો અસ્ત થવાનો હતો તો એકબીજાને કેવા સારા નરતા વિચારો સુજ્યા એ જગતપ્રસિદ્ધ વાત છે રાવણાદિકનો અસ્ત થવાનો હતો તો તેને રામચદ્રનો અપરાધ કરવાનુ સુજ્યુ હિરણ્યકશીપુનો અસ્ત થવાનો હતો તો પોતાના ભગવદ્ભી પુત્રની સાથે તેણે વેર બાધ્યુ કસનો અસ્ત થવાનો હતો તો શ્રીકૃષ્ણની સાથે અને સતની સાથે તેણે દ્રોહ કરવા માડ્યો આવી રીતે અસ્ત થવાનો હોય ત્યારે તેવા અને ઉદય થવાનો હોય ત્યારે તેવા સાધનો હૈયે ચડી આવે છે એ કાઇ પૂર્વના કર્મનો કે દૈવી માયાનો ચમત્કાર છે પરતુ આથી ઉદય કરવાનો ઉદ્યમ છોડી દેવો એમ સિદ્ધ થતુજ નથી

ઉદયના પ્રથમ બે ભેદ કહ્યા છે પેહેલો વ્યાવહારિક અને બીજો પરમાર્થિક વ્યાવહારિક સિદ્ધ થઇ પારમાર્થિકને પોચાય ત્યારે ઉદયનુ અગ પુરૂ થાય છે આ ઉદયને પણ દુરાચાર, દુ સગ, અનભ્યાસ, અનીતિ, અનર્મ અને અનાસ્થા વિગેરે ઘણા કારણો હોયછે તે મરણાનો સમાવેશ આ ત્રિપુટીમા થઇ શકે છે પેહેલા આ ઉદયને પણ અવરોધ કરનાર પેહેલુ અગ અશક્તિજ છે અશક્તિથી આળસ આવે, ઊંઘ આવે, નિરાશ્વાસ થાય નહિ અને જપ, તપ, ઈશ્વરપૂજન, વિગેરેમા પ્રીતિ થાય નહિ વ્યાવહારિક ઉદય પૂરો ન થાય તો પારમાર્થિકની તો વાતજ શી કરવી? અશક્તિ હોય એટલે અજ્ઞાન આવ્યાવિના રહેજ નહિ અશક્તિથી વ્યાવહારિક ઉદયની આશા નહિ તે પરમાર્થવિષે તો પુછવુજ શુ? પારમાર્થિક ઉદયથી તો મહા શક્તિવાળા સમર્થ પુરૂષો પણ પાછા વળે છે અને એમ થાય ત્યારે

ગમે તેવી શરીરની શક્તિ પણ અશક્તિજ છે. પારમાર્થિક ઉદય પણ સાધારણ, કાંઇક વધારે અને અત્યંત એમ કરવી શકાય છે. પોતાના ધર્મ કર્મ કુલ નીતિ પ્રમાણે ચાલ્યું જતાં અને યથાશક્તિ દયા દાન આદિથી સહુનો સત્કાર કરતાં અને ઈશ્વરની પ્રતિમાદિકમાં આસ્તા રાખી પાઠ પૂજન યજ્ઞ યાગથી સ્વર્ગાદિકના સુખની ઇચ્છા તે સાધારણ ઉદય. પોતાનાં ઉત્તમ કુલજાતિને અનુસરી ધર્મ કર્મ દયા દાન અને સર્વવ્યાપક ઈશ્વરને ઓળખી તેનું આરાધન વધારે કરતાં, સર્વ વ્યવહારનું તેજ કારણ સમજાઇ ઈશ્વરપ્રીત્યર્થ પરોપકારાદિક કરતાં, અનુક્રમે આશ્રમધર્મ પાળતાં સત્સંગ અને શાસ્ત્રવિચારપૂર્વક પરમાર્થ વિષયમાંજ પ્રીતિ રહે, અને બ્રહ્મલોક વિગેરેનાં સુખની ઇચ્છા થાય તે વધારે ઉદય. પોતાનાં ઉત્તમ કુલજાત પ્રમાણે ધર્મ કર્મ કરતાં અનર્થને કરનારા યૌવનાદિકને સારે માર્ગે જોડતાં અત્યંત દયાદાનથી અને વિનય-વિવેક-વિચારથી મન-ઇંદ્રિયનો નિગ્રહ કરી સંતોષપૂર્વક સમાનદૃષ્ટિ રાખી, સર્વાત્મભાવથી સર્વાત્મક પ્રભુનું પૂજન અને સ્વરૂપનું અનુસંધાન કરતાં વર્ણાશ્રમના ધર્મને ઉજાળી વ્યાવહારિક ઉદયને તુચ્છ ગણી અનાસક્તિથી સ્વર્ગાદિક લોકના સુખની પણ આસક્તિ નહિ રાખી, ફરી જન્મમરણ ન આવે એવાં પરમ પદમાં જવાને માટે ચિત્તની એકાગ્રતા તે અત્યંત ઉદય કહેવાય. આ ત્રણમાંનો એકે ઉદય ન મેળવી શકાય તો મૂલમાં અશક્તિજ તેનું પેહેલું કારણ સમજવું. આ ઉદય મેળવવામાં જોઇતી શક્તિ વ્યાવહારિક ઉદયના જેવી બલ વિગેરેનીજ તો ખરી પણ કાંઇક જુદી જાતની પણ ખરી, કેમકે બલ તો રાવણમાં, બાણમાં અને બીજા બળીઆઓમાં ક્યાં નહતું? માટે પારમાર્થિક વિવેકબુદ્ધિ પૂર્વક શારિરિક શક્તિજ આ ઉદયમાં ઉપયોગી છે. માટે અધિકાર પ્રમાણે વ્યાવહારિક ઉદયને સિદ્ધ કરી પારમાર્થિક પરમ ઉદ્યમ કરવાને શરીર સાવધાન છે ત્યાંસુધી સહુએ તત્પર થવુંજ જોઇએ.

આ ઉદયને અટકાવવામાં પણ બીજું અંગ અજ્ઞાન કારણ છે. એ અજ્ઞાનમાં અને વ્યાવહારિક અજ્ઞાનમાં ફેર છે. વ્યવહારમાં જે ઉત્તમોત્તમ વિદ્યાકળાનું જ્ઞાન છે તે પરમાર્થવિષયમાં અજ્ઞાનજ છે. વૈરાગ્યઆદિ સાધનોથી અંતઃકરણ શુદ્ધ થઇ રાગદ્વેષ મટી જાય અને બીજા પણ દ્વંદ્વધર્મ છુટી જાય તો અજ્ઞાન મટે છે. પરંતુ એમ ન થતાં વિદ્યાથી વિવાદ કરે, ધનથી અભીમાન ધરાવે, અને પોતાની સર્વ શક્તિ રાગદ્વેષ કરી બીજાને બાળવામાં વાપરે, અને મારૂં તારૂં કરીને હાડકાં ચામડાના દેહમાં મમત્વ બાંધી બંધાઇ રેહે અને પોતાનું સ્થૂલ સૂક્ષ્મ તથા કારણ દેહથી વ્યતિરિક્ત સ્વરૂપ નહિ ઓળખીને હાડકા-ચામડાના પુતળાને હું છું એમ માની લહે તથા તેવાજ પદાર્થોને પોતાના માની લઇ તેના હાનિ-લાભમાં રાતદિવસ

રચ્યા કરે તે વ્યાવહારિક સઘળા જ્ઞાનવાળો છતા પણ અજ્ઞાનીજ છે એનુ એ અજ્ઞાન મટીને મુમુક્ષુતા પ્રાપ્ત થાય ત્યારેજ પરમ સુખની પ્રાપ્તિરૂપ ઉદય થાય છે એમા પણ જેને જે પ્રમાણે જ્ઞાન થાય તે પ્રમાણે ઉદય થાય છે બધાયે કાઇ પરમ ઉદયને સંપૂર્ણ પોચતા નથી કોઈ સદાચરણી થાય છે, કોઈ આસ્તિક થાય છે, કોઈ વૈરાગ્યવાળી વૃત્તિવાળા થાય છે અને કોઈ સર્વ સાધનોથી સંપન્ન થઈ જેને કશી ખબર નથી પડતી એવી પરમ સ્થિતિને પામે છે લૌકિકની પ્રાપ્તિ પણ તેજ પ્રમાણે જ્યાસુધી વ્યવહારમા કુશળ છતા પણ રાગદ્વેષ અને હુ મારુ નથી ગયુ, અને મન ઇંદ્રિયના સાક્ષીરૂપ પોતાનુ સ્વરૂપ નહિ ઓળખાતા સર્વાત્મભાવ નથી થયો ત્યા સુધી અજ્ઞાન ભરેલુજ છે એટલે પારમાર્થિક ઉદય પણ દૂર જતો રહે છે માટે વિવેકવિચારથી અને સત્સગથી અજ્ઞાન મટાડીને જ્ઞાનવાન થવુ એ ઉદયને ઈચ્છનારનો ધર્મ છે અને તેમ થવામાટે નિધાધ્યાસ કરી વ્યાવહારિક અજ્ઞાન પણ પહેલાથી મટાડવુ જોઈએ

આ ત્રીપુટીનુ ત્રિજુ અગ આરોગ્યતા એ તો પારમાર્થિક ઉદયને અત્યત અવરોધી છે જે કાઇ પુરૂષાર્થ કરવો તે શરીરથી થાયછે અને એટલાજ માટે તેને ચારે પુરૂષાર્થનુ સાધન ગણવામા આવે છે આ શરીર જન્મે ત્યારથીજ આરોગ્ય રહેતુ આવે તો સઘળા કામ કરવામા ઉત્સાહ રહે છે અને તેમ ન થયુ તો વ્યવહારમા પણ અડચણ આવે છે તો પરમાર્થની તો વાતજ શી કરવી ? જરાક માથુ દુખતુ હોય તો સઘળા વિચારો ઝાડમાથી પક્ષીની પેઠે મનમાથી જતા રહે છે ત્યારે મોટા રોગમા ઘેરાયેલા શરીરમા તો વિચાર આવેજ શાનો ? શરીર દુખી એટલે મન તે સાથેજ દુખવાળુ થાય છે એ દુખમા મઢાઇ ગયેલુ મન બીજા ઉદયના વિષયમા લાગતુજ નથી શરીર કદિ સ્વસ્થ હોય અને કાઇ પ્રિય અપ્રિય થઇ જતા મન અસ્વસ્થ હોય તોપણ ઉદયના સાધનો સુઝે નહિ કેમકે મન અસ્વસ્થ થયુ એટલે તેને આધીન રહેનારૂ શરીર મનનેજ અનુસરે છે એટલામાટે સમજણી સ્થિતિ આવ્યા પછી પથ્યાપથ્યનો વિવેક રાખી શરીરમા રોગ થવા ન દેવો અને વિનયવિવેક રાખી મનમા રોગ ન થવા દેવો તાવ, ઉધરસ, અપસ્માર, ક્ષય, ગ્રહણી, ઉરુસ્તભ ઇત્યાદિ અનેક જેમ શરીરના રોગો છે તેમ કામ, ક્રોધ, લોભ, મોહ દુખ શોક, ભય, દીનતા વિગેરે અસખ્ય મનના રોગ છે તે સર્વનો તનમનને પરાભવ ન થવા દેવો એ સમજણ આવ્યા પછીનુ આપણુજ કામ છે સમજણ પહેલા તો દૈવેચ્છા, કર્મયોગ કે કાળગતિના હાથમા વાત છે, એટલે તેમા આપણુ ગણિત ચાલતા નથી પરમ ઉદાર આખા જગતને આ ત્રિપુટીના ત્રણ અગ કેવુ અગત્યતામા સુધારી મેલ્યુ છે તે વીચારૂ વ્યાવહારિક કે પારમાર્થિક સામાન્ય ઉદયને

मणिरत्नमाला

(सप्तधपान १९२ था)

जेओ सत्पुरुषो होय तेओ तेवाज होय तथापि अही आम बोलवानु कारण एज छे के जगत्मां बुद्धिना बळिया पुरुषो घणी विद्या ने वेद शास्त्र भणेछे अने ए भणीने माणसोने ससारमा बोळेछे एवाने कोइ काई केहेवा जाय तो घणा श्लोको बोली जाय ने दृष्टात उपरा उपर लई आवी पडितांई देखाडी गाळी दे ने आश्चर्यो विचीने अह ब्रह्मास्मि बोले, परतु माहीली कोर तो हजारो प्रपच भर्या होय तेथी कोईनु कयु करे नहीं ने केहेनाराने मूर्खमां गणी काढीने पोते जेम करता होय तेम कर्या करे अने अज्ञानी करतां पण वेहेवारना प्रपच वधारे डोळे आवा ढोंगीयोना उपरना देखा वथी मोह पामीने भूल न खवाय एटलामाटे सत्पुरुषने ओळखाववा ने तेना सगने ओळखाववा कहेवु पडे छे कदी कोईने शका थाय के एवा खोटा ज्ञानियो हमणांथी थया छे के आगळथी चाल्या आवेछे तो तेनो उत्तर ए के एवा मिथ्याज्ञानियो पण जगत् थयु छे त्यारथी चाल्याज आवे छे जेम शरीर उत्पन्न थाय छे त्यार तेमा मुखआदि सारा द्वार तेनीसाथे उत्पन्न थाय छे अने मळोत्सर्ग करवानु नठारू पण साथेज उत्पन्न थाय छे, तेम ज्ञानियो जगत्मा थाय छे तेसाथे मिथ्याज्ञानियो पण थाय छे माटे एवा मिथ्याज्ञानियो जेओ साधनविना खोटी खोटी वातो करे छे तेनो सग तजी देवो एनो सग कल्याण करतो नथी अपरोक्षामा कह्यु छे के—

कुशला ब्रह्मवार्त्तायां वृत्तिहीना सुरागिण ।
तेप्यज्ञानतया नून पुनरायाति याति च ॥

ब्रह्मनी वातो करवामा तो महा होशीयार होय परतु सदाचार अने वर्णाश्रमना शुभ धर्म पाळता न होय तथा स्त्रीपुत्रादिकमा प्रीतिवाळा होय ते पण खरेखर अज्ञानपणाथी जन्म्या करे ने मर्या करे छे

आवा उपरथी ब्रह्मनी वातो करनारा अने अतरमा विषयोथी भरेला अज्ञानी पुरुषो सग करवा योग्य नथी

सासारिकसुखासक्त ब्रह्मज्ञोस्मीति वादिन ।
ब्रह्मकर्मोभयभ्रष्ट त त्यजेदन्त्यज यथा ॥

ससारमाना स्त्रीपुत्रादिकना सुखमा आसक्त रेहेनारो अने हु ब्रह्म छु एम मोढेथी बोलनारो छता ब्रह्मथी अने वर्णाश्रमना कर्मथी भ्रष्ट थयेलो होय तेने अत्यज केहेता चाडाळनी पेठे तजी देवो

आवा संसारमांना सुखमां आसक्ति राखनारा अने ब्रह्मज्ञानथी तथा कर्मथी भ्रष्ट थयेला पुरुषो बीजा संग करनाराओनुं शुं कल्याण करे? केमके तेओ पोतानुं कशुं कल्याण जाणता नथी अने तेथी ते अंते दुःखने भोगवे छे. कह्यूं छे केः—

यस्याभिमानं मोक्षेपि देहेपि ममता तथा ।

न वा ज्ञानी न वा योगी केवलं दुःखभागसौ ॥

जे पुरुषने हुं मुक्त थयो छु एवुं अभिमान पण होय अने देहनेविषे पण ममता होय ते पुरुष ज्ञानी पण नहि अने योगी पण नहि, ए केवळ दुःख भोगवनारज समजवो.

देहमांनी ममता जेनी न टळी होय एवा अने हुं मुक्त थयो छुं एवा अभिमानवाळा पोतानी ममतानो अने अभिमाननो नाश न करी शक्या होय त्यां बीजाने सारो बोध शुं करी शके? पोते दुःखमां पड्या होय त्यां बीजाने शुं छोडावी शके? माटे एवा पुरुषोनीपासे पण जवुं नहि. मिथ्या ज्ञानीनो डोळ घालनारा अने मोढेथी मात्र बोलनारा जगत्मां घणा छे अने खरा ज्ञानीओ कोकज वखते मळी शके छे. केमके—

बुभुक्षुरपि संसारे मुमुक्षुरिव लक्ष्यते।

भोगमोक्षनिराकांक्षी विरलोहि महाशयः ॥

जेने संसारना भोग भोगववानी आशा रही न होय एवा पुरुषो पण मुमुक्षु जेवा लागे छे परंतु जेने भोग अने मोक्ष ए बेयमां इच्छा न होय एवा मोटा मनवाळा पुरुषो जगत्मां थोडा छे.

भोग भोगववानी तृष्णा अंतरमां घणी होय परंतु ते मळता न होय ने मेळवी शकाय तेवी शक्ति न होय एवा कंगाळ पुरुषो पण मुमुक्षुना जेवा थईने फरे छे पण ते मुमुक्षु न समजवा. जे खरा मुमुक्षु होय छे तेनी संख्या घणी थोडी छे, अने तेथी सत्संग थवो पण घणो कठण छे. केमके श्रीगीतामां भगवान कहे छे के—

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।

यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः ॥

हजारो मनुष्यमा कोकज माणस सिद्धिनेमाटे यत्न करे छे अने एवा सिद्धिनेमाटे यत्न करनारा सिद्ध पुरुषोमा पण मने तत्वथी जाणनार कोकज छे

सिद्धिनेमाटे यत्न करनारा थोडा होय छे ने तेमा पण ईश्वरनु स्वरूप जाणनारो तो कोकज होय छे आवा पुरुषो चीनानी पेठे चारे कोरे रखडता नथी, माटे बरोबर ओळखीने पछी सत्सग करवो जेथी पोतानु कल्याण थाय आप्रमाणे एक सत्सग करवो ने बीजी ममत्व वगरनी भक्ति करवी जे देवनी भक्ति करता होईए ते देवप्रमाणेज बीजा देवने पण जाणवा पण एक भारे ने एक हळको एम न जाणवु ने खोटा वादविवाद न करवा केमके नामरूप तो बधा कल्पेला छे परतु तेमा जे चैतन्य रहेलु छे ते अखड अने सरखु छे माटे उपरना नामरूप उपरथी ताणाताण राखवी नहि जेने जे नामरूपउपर आस्था बेठी होय तेणे तेनी भक्ति करवी परतु हरि अने हरविना बीजा कोई देवनी भक्ति करवी ते विधिपूर्वक भक्ति केहेवाती नथी गीतामा कह्यु छे के —

येप्यन्यदेवताभक्ता यजते श्रद्धयान्विता ।
तेपि मामेव कौंतेय यजत्यविधिपूर्वकम् ॥

जे बीजा देवताओने श्रद्धासहित सेवेछे ते भक्तो पण हे अर्जुन विधिवगर मनेज सेवेछे

आवी रीते हरिहर वगर जे भक्ति करवी ते विधिवगरनी छे माटे विधिपूर्वक करनाराए हरिहरनीज भक्ति ममता वगरनी करवी शिवगीतामा पण उपरनो श्लोक रामचद्रजीने कहेलो छे त्या पण बीजा देवतानी भक्ति विधिवगरनी छे एमज कह्यु छे कदी हरि अने हर वगर बीजाज देवनी भक्ति करवानी इच्छा होय तो तेमा काई हरकत नथी परतु तेमापण ममता राखीने भक्ति करवी नहि ममताथी करेली भक्ति उलटी दुःख करे छे अने एटलामाटेज मुमुक्षुए सत्पुरुषनो सग करे तेसाथे ममता वगरनी भक्ति करवी एम कह्यु छे आजकाल एवी भक्ति करनारा थोडा देखवामा आवे छे

लघुत्वमूलं च किमर्थितैव
गुरुत्वबीजं पदयाचनं* किं।
जातोऽस्ति को यस्य पुनर्न जन्म
को वा मृतो यस्य पुनर्न मृत्युः ॥१८॥

अर्थ.

शिष्य—हलकाईनुं मूळ शुं?
गुरु—अर्थिपणुं एटले मागणपणुं ए हलकाईनुं मूळ छे.
शिष्य—मोटाईनुं मूळ शुं?
गुरु—पोतानुं पद मागवूं ते.
शिष्य—उत्पन्न थयो कोण केहवाय?
गुरु—जेनो फरीने जन्म न थाय ते.
शिष्य—मुवो कोण केहवाय?
गुरु—जेनुं फरीने मृत्यु न होय ते.

टीका.

अर्थीपणुं एटले मागवुं ए हलकाईनुं मूळ छे. गमे तेवुं तेज अने गमे तेवी मोटाई होय पण कोइ पासे कंई मागवाथी ते ओछां थई जाय छे. गमे तो तुच्छ जेवो हलको पदार्थ होय के गमे तो कांई भारे पदार्थ होय पण तेने मागवाथी हलकाई थाय छे. जेने मागवानी इच्छा थई होय तेने पछी सारूं नरतुं ठेकाणुं जाणवानी पण स्मृति रेहेती नथी. कोई सारो भणेलो ब्राह्मण होय परंतु तेने द्रव्यादिक मागवानी इच्छा थाय तो सारू नरतुं नहि विचारतां नीचमां नीच होय त्यां जईने पण याचना करे ने तेने स्तुति करी रीझवे. जो विचारीये तो सिद्ध थाय छे के ब्राह्मणना देहने मागवामाटे नीचनी स्तुति करवी ए शुं थोडी हलकाइ छे? माटे कोई पासे कंई मागवुं एमां कशी मोटाई छेज नहि. कदी कोई ब्राह्मण न होय ने तेथी उतरतो कोई वर्ण होय अथवा छेक शूद्र होय तो तेपण मागवाथी हलको थाय छे. वळी मागवुं ते कांई विषयनेमाटे मागवुं पडे छे अने एम विचारतां पण विषयाधीनपणुं होवाथी हलकाई प्राप्त थाय छे माटे मागवुं के मागवानी इच्छा ए बेय हलकाई आपनारां छे. कोई विद्वाने कह्युं छे के—

---

* यदयाचनं (मागवु नहि ते) एवो पण पाठ छे.

देहीति वचनद्वारा देहस्था॰ पच देवता ।
तत्क्षणादेव नश्यति धीश्री्हीशातिकातय ॥

आपो ए रीते वचन बोलता तेनीसाथे तरतज देहमा रहेला बुद्धि, शोभा, लाज, शाति अने काति ए पाच देवता नाश पामे छे

माटे सर्व प्रकारे मागवु ए हलकाईनु कारण छे जेओ ईश्वरावतार केहेवाई गया छे तेने पण मागवाथी हलकाई आवी छे त्यारे माणस नी शी वात करवी ? चौद लोकना धणी श्रीभगवानने पण बलीराजाने घेर मागवा जावू हतु तेथी वामनरूप धारण करी हलकु थवु पड्यु हतु आ प्रमाणे मागवु ए हलकामा हलकु छे अने एटलापाटेज तेने हलकाइनु मूळ कह्यु छे भीखने माथे भठ ए केहेवत पण एवुज सूचवे छे

आवी रीते कईपण मागवु ते हलकाईनु कारण छे तोपण गुरुपासे जईने स्वपदनी याचना करवी ए हलकाईनु कारण नथी पोतानु स्वरूप ओळखवामाटे जे याचना करवी पडे ते तो उलटु मोटाइनु कारण छे ससा-रना विषयभोगने मेलीने सत्गुरुपोपासे सद्गुण सदाचार अने आत्मस्व रूपने सपादन करवानी याचना सुखेथी करवी जोईए कोई धनवान माणसपासे घणु धन दाटेलु होय ते धन पोताने मरवाने वखते छोकरो बाळक होवाथी ते मोटो थाय त्यारे तेने ते धन देखाडजो एम कहीने पोता ना सद्गुणी मायाबाळा पाडोशीने पुत्रने पासे राखी सोपी जाय अने पछी ते धन छोकरो मोटो थइने पोताना प्रेमी पाडोशीपासे मागे तो शु ते माग्यु केहेवाय ? न केहेवाय तेवीज रीते गुरुपासे पोतानु स्वरूप ओळखाववा याचना करी स्वरूपने मागवु ते मागवु न कहेवाय अने तेथीज ते मोटाईनु मूळ छे स्वपदने जाणवाथी उत्तम मोक्षपद मळे एथी बीजी मोटाई कोई छेज नहि अने छे ते मात्र झाझवाना पाणी जेवी नाममात्र छे

पाठ फेरमा न मागवु ए मोटाईनु कारण कह्यु छे ते सत्य छे, केमके मागवाथी सर्व प्रकारनु मान घटेछे अने मान घटे एटले हलकाई एनीमेळे प्राप्त थाय छे जेओ दीन थई गया होय, अने लाचार थई गया होय तेज मागेछे मोटा पुरुषो कोई पासे मागता नथी तेओ दुर्बल स्थितिमा आवी जाय तोपण मानमाज रहे छे भुख्यो सिंह जेम खड खाय नहि तेम मोटा ईवाळो पुरुष कोईपासे मागे नहि जे मागेछे ते नथी जाणता पण नथी

मागता तेज मागवूं ए केटली हलकाई छे. ते जाणेछे. जेने परमेश्वरे मागवुं न पडे एवी धनिक स्थिति आपी छे, अथवा धनिक स्थिति होय के गरीब स्थिति होय पण जेने कोई पण विषयनी इच्छा न रहे अने तेनेलीधे ते मागवा न पडे तेवी संतोषवाळी वृत्ति आपी छे तेज संसारमां मोटो भाग्य शाळी छे. जेओ विषयनी इच्छा न थाय के मागवा न पडे तेवा संतोषी के वैरागी नथी तेओ धनथी मोटा होय तोपण ते मोटा नथी. संतोषथी अने वैरागथी अंतर्वृत्ति राखनाराज जगतमां मोटा छे अने तेज लोको बीजाने मोटाई शीखवे छे. अने मोटाई शीखवीने पण पोते मोटा बने छे तेनेज धन्य छे.

जेने फरीने जन्म न लेवो पडे ते खरो जन्मेलो केहेवाय. ज्ञानवगर पुनर्जन्म मटतो नथी माटे ज्ञानियोनुं जन्मवुं खरूं छे के जेओ निचेना जन्मादि विकार देहने छे एम निश्चे जाणे छे.

जायते अस्ति वर्द्धते विपरिणमते अपक्षीयते विनश्यति ।

जन्मे छे, छे, वृद्धिने पामे छे, जुवान थाय छे, वृद्ध थाय छे अने नाश पामे छे.

आ छए विकार शरीरमां छे. पोताना शुद्ध स्वरूप साथे तेने कशुं लागतुं वळगतुं नथी, एम अनुभव करी सुखदुःखना द्रष्टा थईने ज्ञानियो वर्त्ते छे. एवा ज्ञानियोने फरी जन्म लेवो पडतो नथी माटे तेनुंज जन्मवुं खरूं छे. जेओ एक फेरे जन्मीने वारंवार जन्म लेवा पडे तेवां साधनो करे छे तेनुं जन्मवुं साव निष्फळ छे अने जेओ एक फेरे जन्मीने फरी फरी जन्म लेवानुं टाळी देछे तेनुं जन्मवुं सफळ छे. जन्मवुं एटले माताना पेटमांथी निकळवुं ते नहि परंतु मायामांथी निकळवुं ते खरूं जनमवुं केहेवाय. ज्ञानियो मायाना पेटमांथी निकळी जाग छे अने ते शिवाय बीजा मायाना पेटमां पड्या रहेछे. जे मायामांथी नथी छुट्यो ते जन्म्यो. माना पेटमांथी जन्म्यो होय तोपण नथी जन्म्यो एम समजवुं. जेम कोई पक्षीने इंडुं अवतरे ते इंडुं जन्म पाम्युं खरूं पण ज्यांसुधी ए इंडुं फुटीने मांहीथी बच्चुं बहार न आव्युं होय त्यांसुधी ते जन्म्युं होय तोपण न जन्म्या जेवुंज छे. इंडामांथी नीकळे त्यारे ते खरूं जन्म्युं केहेवाय. आ प्रमाणे माताना पेटमांथी जन्म्यो होय ते जन्म्यो न केहेवाय पण जेथी अनेक जन्म लेवा पडे छे तेवी माया-

माथी जे नीकळे ते जन्म्यो केहेवाय, केमके तेने फरीने माताने पेटे बीजो अवतार लेवो पडतो नथी अने तेथी तेनु जनमवु निष्फळ नथी

जेने फरीने मृत्यु थतु नथी तेज खरो मुवेलो जाणवो एक फेरे जन्मीने मुवा पछी फरीने जन्मवु पडे तो वळी फरीने मरवु पण पडे माटे एम वारवार जेने मरवु पडे छे तेनु मरवु पण निष्फळ छे खरो मुवेलो तो ज्ञानी समजवो केमके ते विदेह थई जवाथी तेने फरीने जन्मवु पडतु नथी अने तेथी तेने मरवु पण होय नहि बाकीना जेटला मरे छे तेटला वधाय देखवामा मरे छे, तेने पछवाडे रडारोळ थाय छे पण ते वधा पाछा जन्म लेवा माटेज मरे छे ने प्रारब्धप्रमाणे फरीने वळी मरवामाटे देह धरे छे प्राकृतमा पण घणा माणसो कोई मरी जाय त्यारे फलाणो पाछो थयो एम बोले छे विचार करता आ वात खरी छे, केमके मरे छे ते पाछो जन्म्या वगर रेहेतो नथी

महावाक्यनो वाच्यार्थ अने लक्ष्यार्थ लक्षणथी सारी रीते जाणीने जे जीवन्मुक्त थाय छे ते छते देह देह वगरनो समजवो, केमके तेनो देह देखाय छे पण देहनु कृत्य काई थतु नथी बळेल लुगडानी राख जेम लुगडा जेवीज देखाय पण ते वापरवामा काम न लागे तेम ज्ञानीनो देह पण देखावामात्र छे, ते कांई कृत्य करतो नथी माटे खरू मरवु तो ज्ञानीनुज केहेवाय के जेने देह पड्या पछी फरीने देह धरवो पडतो नथी

मूकोऽस्ति को वा वधिरश्च को वा
युक्त न वक्तु समये समर्थ ।
तथ्य सुपथ्य न शृणोति वाक्य
विश्वासपात्र न किमस्ति नारी ॥१९॥

अर्थ

शिष्य—मुगो कोण केहेवाय ?

गुरु—समयप्रमाणे जे घटे तेवु न बोली शके ते

शिष्य—बेहेरो कोण केहेवाय ?

गुरु—जे वाक्य खरू अने हितरूप होय ते वाक्यने न सांभळे ते

शिष्य—विश्वासने पात्र कोण नथी?

गुरु—स्त्री.

टीका.

जगतमां जेने मुदल वाणी न होय एवा मूंगा घणा होय छे परतु खरो मूगो ते तेज के जेने वखत प्रमाणे शास्त्रनां प्रमाणो सहित बोलतां आवडतुं न होय. गमे तेवी शुद्ध भाषा जाणतो होय अने गमे तेवी वाणीमां चतुराई होय पण जेना मोढामांथी समयने अनुकूळ, विवेकथी भरेलुं अने सारो मार्ग देखाडनारूं वचन न नीकळे ते माणस बोलतां आवडतुं होय तोपण मूगोज छे, केम के तेनी वाणी मूगानी वाणीनी पेठे न कामी छे. एटला माटे तेवानेज मूगा कह्या छे.

जे माणस साचा अने हितकारक गुरुआदिनां वचनो सांभळतो नथी ते वेहेरो समजवो जगतमां शब्द न सांभळी शके तेवा वेहेरा घणा छे पण खरो वेहेरो तो तेज के पोताना हितनुं वचन सांभळी शकतो नथी. गमे तेटलां पुस्तको के गमे तेवी वातो सांभळवामां वखत जतो होय परंतु जेणे पोताना हितनी वातो के शास्त्रो न सांभळ्यां अने हितनां वचनो न सांभळ्यां ते छते काने पण वेहेरो समजवो. काने वेहेरा थयेला लोको बिचारा हितनां वचन नथी सांभळी शकता तेम अहितनां वचनो पण ते सांभळी शकता नथी, परंतु जेओ वेरा नथी तेओ हितनां वचन नहि सांभळतां मात्र अहितनांज वचनो सांभळे छे, माटे आवा सांभळता करतां वेहेरा लोको वधारे सारा ने भाग्यशाळी गणाय. केटलाक कांई हितनां वचनो कानथी सांभळे छे तोपण तेने कानमांथी तरत काढीनांखे छे. जेम वेरापासे जेटलुं बोलिये तेटलुं तेना कानमां रेहेतुं नथी तेम केटलाकने हितनां वचनो वेहेरानी पेठे कानमां रेहेतां नथी तेम तेवां हितनां वचनो तेमने गमतां पण नथी. शिवगीतामां कह्युं छे के.—

न गृह्णाति वचः पथ्यं कामक्रोधादिपीडितः।
हितं न रोचते तस्य मुमुर्षोरिव भेषजम्॥

कामक्रोधादिक महादोषथी पीडाएलो जीव पथ्य वचनने ग्रहण करतो नथी केमके जेम मरवा पडेलाने हितकारक ओसड गमतुं नथी तेम तेओने हितकारक वचन गमतुंज नथी. (अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ.　　શ્રાવણ, સવત્ ૧૯૪૬.　　અંક ૧૦ મો.

॥ यतो धर्मस्ततो जयः ॥



अधवच गाडु गुच्यानिषे पद

[ઢાળ ધીરાના પદ જેવો]

જાવુ છે દૂર ઝાઝુ રે, ગાડુ અહી ગૂચિગયુ,
પરમેશ્વર પાર ઉતારો રે, અધવચ આ શુ થયુ ?—જાવુ૰
હાકનાર હરજૂડ બન્યો ને, બેન રહ્યા નહિ હાથ,
ચૂકયા દિશ જાવાની ચમકી, રઝળ્યો સઘળો સાથ,
કોણ કહો અટકાવે રે, આખર આવી રહ્યુ,—જાવુ૰
હાય ભયાનક જગલ મોટુ, ભારે પક ભરેલ,
વાઘ વરૂ ને વાનર ઝાઝા, એમા કૈક મરેલ,
ચોગમ ચોર ફરે છે રે, કાઇ નહિ જાય કહ્યુ,—જાવુ૰
રાત રહી અધારી ભારે, કટક ભાગે પાય,
વરસે મેઘ વીજળી ચમકે, થર થર કપે કાય,
ભૂતાવળને ભડકે રે, હડબડ થાય હયુ,—જાવુ૰
ગારામા ગુચ્યા બે પૈડા, તુટ્યા જોતર રાશ,
બેવ કડેડી બેઠા હેઠા, કોટિ કરાવે કાશ,
આમાથી ઉગરવા રે, કરવુ કામ કયુ ?—જાવુ૰
ગાડુ ગુચે હુ ગુચાયો, કોય સહાય ન પાસ,
વિશ્વેશ્વર વગડા વીણીને, નટવર થાઉ નિરાશ,
કેશવ હરિ શુ સૂતા રે, પ્રભુપદ જાય વહ્યુ,—જાવુ૰

सहवासीओसाथे सभ्यता राखवाविषे

અહો ! માણસ એ કેવી મોંઘી વસ્તુ છે કરોડો સોનામોહોર ખરચતા પણ તે વસ્તુ મળતી નથી મોટા મોટા યત્રો બનાવનાર અને શોધ કરનાર પણ એની કારીગીરી જોઇ મોહ પામી જાય છે કોઇ દૈવયોગથી એ મનુષ્યોને સસારના સ્વાર્થમય સબધનેલીધે પરસ્પર સયોગ થાય છે એ સયોગ શુ સહજમા થાય છે? નાના, એ પણ અનેક રણાનુબધનેલીધે ૧ એકબીજાનુ માગણુ લેવાદેવાને થતો હોવો જોઇએ આમ હોય તોપણ દુર્લભ અને પાણીમા તણાતા ઓવાળની પેઠે થઈ જતો હોય તોપણ દુર્લભ તો ખરેજ જેને ભાઇ ન હોય તે ભાઇ મળવા માટે મથે છે, જેને સ્ત્રી ન હોય તે સ્ત્રી મળવા માટે મથે છે, જેને પુત્ર ન હોય તે પુત્ર મળવા માટે મથે છે, જેને મિત્ર ન હોય તે મિત્ર મળવા માટે મથે છે, જેને ચાકર ન હોય તે ચાકર મળવા માટે મથેછે, અને જેને જે ન હોવ તેને માટે તે મથે છે આમ કર્યા છતા પણ તે મથન કરનારાને ઈચ્છાનુકૂલ કોઇવાર મળે છે અને નથી પણ મળતુ આવી સ્થિતિની આગળ જેને જોઇએ તેવા સગાં સબધી અને સ્નેહીઓ આવી મળે તે બહુ ભાગ્યશાળી ગણાય વાણમા બેઠેલા ઉતારુઓની પેઠે, ધર્મશાળામા ઉતરેલા વટેમાર્ગુઓની પેઠે અને ઝાડમા રાતને સમયે ભેળા થયેલા પક્ષીઓની પેઠે આ સયોગ જેમ અનિર્વચનીય રીતે થયો છે તેમજ મટી જવાનો છે માટે એ સયોગ જ્યાસુધી બલવાન કાલ બગાડી નાખે નહિ ત્યાસુધીમા એકબીજાએ હળીમળી રહી એકબીજાને યોગ્યતા અને સબધ પ્રમાણે સતોષ ઉપજાવવો જોઇએ કાલની ખબર પડતી નથી અને મમત્વાદિકથી મરડાઇ બેસતા કાઇ હાથમા આવતુ નથી સયોગ હોય ત્યાસુધી બે ઘડી રહી મટી જાય ત્યારે રોવા બેસનાથી કાઇ વળતુ નથી વળિ આપણો કે બીજાનો સયોગ કેવી રીતે ક્યારે મટી જશે તે ખબર નથી માટે બીજા કોઇ કારણથી નહિ તો કાળના ભયથીજ સબધની યોગ્યતા પ્રમાણે હળીમળી રહેવુ જોઇએ સાથે મળેના પશુઓ કે પખીઓ પણ હળીમળી ખાયપીયે છે અને સુખ ભોગવે છે ત્યારે આપણને તો પરમેશ્વરે તેના કરતા ઉચી પક્તિના કર્યા છે તેમ છતા તે વાત ન સમજીએ તો કેવો અન્યાય થાય એ અન્યાયનુ ફલ આજ જન્મમા અથવા બીજા જન્મમા ભોગવ્યા વગર ચાલતુજ નથી ઈશ્વરદત્ત સ

પેહેલો બોલ્યો—ભલા આપણી વાતની મનુભાને ખબર પડતી હશે કે નહિ.

બીજો બોલ્યો—એને શું ખબર પડે ? એ તો પલંગમાં પડ્યા પડ્યા ઊંધતા હશે. એ સમજણ તો મહારાજાની સાથેજ ગઈ.

પેલો બોલ્યો—ધીરે બોલો. નહિ તો કોઈ ગુપ્ત ચાર ફરતો હશે તો ભોગ લાગશે. થોડો ખડખડાટ મારે કાને પડેછે.

મનુભાને આ વાક્યથી આતુરતા વધી અને ખબર પડી ગયાની શંકા થઈ એટલે તરત પાછા ફરીને નદીના કાઠા ઉપર આવેલી ધર્મશાળા ઉપર વળ્યા. અધારામાં સર્વ શાંત હતુ. ધીરે ધીરે વહી જતી નદીનો પાણામાં પછડાતો પાણીનો ખળખળાટ શરૂના ઝાડમાં પવનના સુસવાટાના જેવો સંભળાતો હતો. આકાશમાં હીરાની પેઠે ચળકતા તારાઓ કાળી સાડીમાં સોનેરી ચાંડલા જેવા શોભતા હતા. સ્વર્ગમાં જવાના માર્ગ જેવા બે ધોળા કસ જેવા વાદળાંના લીટા આકાશમાં ઉભા થઈ રહ્યા હતા કે જેને લોકો આકાશગંગાના નામથી બોલાવે છે. કાંઈ કારણથી પક્ષીઓએ તડફડાવેલી પાંખોથી હલતાં પાંદડાંનો ખડખડાટ પણ સંભળાઇ રેતો હતો. ઘોર અંધારાથી માર્ગ પણ માંડ માંડ દેખાતો હતો. કુતરૂ ઢોર કે ઝાડના ઠુઠા પરથી અજ્ઞાનીને ભૂતની શંકા થાય એવો દેખાવ દેખાતો હતો. ધર્મશાલામાં વસેલાં માણસો એક કોરે પડ્યાં પડ્યાં ઊંધતાં હતાં. બીજી કોરે એક દૂરની ઓરડીમાં બે જણા કાંઈક વાતો કરતા હતા. આ સમયે ધર્મશાળાના વંડાનાં ફાનસો ઝાખાં પડી ગયાં હતાં. એક પડખેનાં ફૂટી ગયેલાં ફાનસનો દીવો ઠરી જવાથી તેની કોર અધારૂં પડતું હતું તે અંધારામાં થઇને મનુભા પેલી ઓરડીની પછવાડે એક કાળી ગાય બેઠી હતી તેની પાછળ એકચિત્ત થઇ ઉભીને માંહિ શું બોલાય છે તે સાંભળવા લાગ્યા. ભીતના ઊંચા જાળિયામાંથી નીકળતો શબ્દ કાને તો આવતો હતો ખરો પણ ધીરે બોલાતા અક્ષરો બરાબર સમજાતા ન હતા, અને તેમાં ઊંઘતી ગાયના નસકોરાંનો શ્વાસોચ્છવાસ વિઘ્નરૂપ થતો હતો. આમ છતાં કોઇ કોઇ વેણ સંભળાતું હતું તેથી વધારે સાંભળવાની અધિરતા થાય એ તો સ્વાભાવિક છે. અહીં પછવાડેના ભાગમાં પાંચ સાત ઘડેલાં બેલાં પડેલાં હતાં. તેમાંથી ધીરે ધીરે બે ચાર એકઠાં કરી ઉપરા ઉપર ગોઠવી તે ઉપર ચડ્યા એટલે કાંઈક વધારે સંભળાય તેમ થયું તેથી આ પ્રમાણે પ્રશ્નોત્તર તેણે સાંભળ્યા.

પેહેલો—આપુઅનુ ધાર્યું બરાબર ક્યા ઉતરે છે? ભગવો વેશ કરી આટલે સુધી આવતા પણ પછવાડે પડેલા લોકોએ હાથ કર્યો કાઇક ધાર્યું થયુ હશે તેથી જીવતા રહ્યા નિકર ક્યા હતા અને શુ થયુ તે કોઇ જાણત પણ નહિ

બીજો—હવે ધાર્યું થવામા મને વાર નથી લાગતી કુમારની આસ્થા મારી ઉપર બેશી ગઇ છે આકૃતિ અને વાતચિત્ત ઉપરથી મને હવે વ ધારે સદેહ કરવા જેવુ જણાતુ નથી વળી વિરૂદ્ધ પક્ષમા થતા વાત જે મારે કાને આવે છે તે તેને હુ યુક્તિથી સમજાવુ છુ પેહેના તેની સ્થિતિ આટલી બની ચડી ગયેલી ન હતી તેથી બધાયે ખાખી થઇને રહીને તેને સહાય કરવાનો વિચાર થયો પણ એ તો હવે તેના સારા ભાગ્યે યુવરાજ પદે પોગ્યા છે મહારાજ વીરસેનના પુત્ર કહો તોપણ તે અને જે કહો તે આ ટાણે તો તે છે પછી તો જે થાય તે ખરૂ

પેહેલો—અહી આવીને આવા સુખમા અને અધિકારમા તે ઉછર્યા એ વાત સાભળીનેજ હુ જીવતો રહ્યો છુ પછવાડે જે થતુ હશે તેની હવે જે ખબર પડે તે ખરી રોજદારનો સીપાઇ વળી એવુ કહી ગયો છે કે દરબારની રજા શિવાય તમારે આ જગ્યામાથી જાવુ નહિ

બીજો—એમા કાઇ અડચણ નથી હવે સવ દુખનો અત આવ વાનો થયો છે એમ હુ સમજુ છુ

પેહેલો—હવે હકીકત થઇ થઇને શુ થવાની છે અને થાય તો પણ ક્યા ડરિયે તેમ છિયે? પણ જુબાનીમા સાચુ બોલતા જતા કાઇક બીજુ વિઘ્ન નડી પડે તો સુધરવા આવેલુ કામ વળી કથળી પડે

બીજો— ઘણા વર્ષથી રાજ્યરગમા ઉછરેલા આપને મારે એવિષે શુ કેહેવુ હોય? તમે જે વેશમા છો તે વેશમા તમારે ફરીયાદી કરવાનો ધર્મ નથી અને ફરીયાદી નહિ કરો એટલે કશુ બોલવાનુ ક્યા રહ્યુ? એમ ક રતા ખુલાસો માગે તો ડોળાય નહી તેવો દઇ દેવામા તમે ક્યા અજાણ્યા છો? કામ ચાલતા જો મારે સાક્ષીમા આવવુ પડશે તો સમયને અનુસરીને જે ઘટશે તે બોલીશ આપણે ક્યા હમણા કોઇપર વેરવાળવા બેઠા છિયે?

પેહેલો—ના એમતો કાંઇ નથી ડેડકા ડાભવાથી કાંઇ ફાયદો નહિ નિશાન ઉપર નજર રાખવાની છે અને તેથીજ વિચારમા પડી ગયો છુ કે પ્રસિદ્ધ થઈ જાવુ કે હજી કાલની વાટ જોવી?

બીજો—પ્રસંગ આવે ને પ્રસિદ્ધ થવાઇ જાય તોપણ હવે શો ભય?

પેલો—ભય કાંઈ નહિ પણ કુમારનાં કુલજાત વિગેરે બીજાના જાણવામાં આવતાં તેનેજ કાંઈ તેના ઉદયમાં વિઘ્ન આવી પડે તો એવી મને શંકા થાય છે. કદી હું મારી જાતમાટે પ્રસિદ્ધિમાં આવું તોપણ તમારે તો આજ વેશમાં તેને સહાયતા આપ્યા કરવી એવો મારો વિચાર છે. કેમકે અહીં વિરૂદ્ધ પક્ષનું જોર વધતું જાય છે. વાતચિત્તમાં કુમાર એકલા મને જાણી જાશે તો તે તો ભલે જાણે.

બીજો—કુમારને હમણાંજ પ્રસિદ્ધ થઈ લઈ જઇએ અને ત્યાં રાજ્ય; પદ આપી દઈ જાન લઈને પરણાવવા આવિયે તો કેમ?

પેલો—એમ કરવાથી અહિના તેના લાભમાં હાનિ થાય એવો સંભવ છે. વિવાહ થઈ જાય અને કુમાર પોતેજ તૈયાર થાય ત્યારેજ તેને ત્યાં લઇ જવા ઠીક પડે. વિશેષ વાતનો સુજકો કજિયાનો ચુકાદો થઇ ગયા પછી સુજે તેમ છે.

બીજો—આપણે દુઃખ તો બહુ જોયાં પણ પ્રભુકૃપાથી હમણાં ઠીક પોચ્યા છિયે. હવે પછી ઘાટ સરખો ઉતરતો આવે તો આજસુધી પડેલાં દુઃખ બધાં ભુલાઇ જવાય.

પેલો—સુંદર શય્યામાં નિશ્ચિંત થઇને ઊંઘતા કુમાર શું જાણતા હશે કે આપણી પાછળ ભેખ લઈ નીકળેલા કોઈ નિમકહલાલો સર્વ સુખ છોડીને મને શોધવા ને સહાય કરવા આવ્યા છે.

બીજો—એ તો કયાંથી જાણે પણ જાણવાનો સમય કાંઈ હવે દૂર નથી.

પેલો—જણાવીને શું કરવું છે? સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, પવન અને પરમાત્મા એ સર્વે મનુષ્યના કર્મના સાક્ષી છે. આપણે આપણા ધર્મ પ્રમાણે વર્તવું તેમાં જાણે તોપણ શું અને ન જાણે તો પણ શું? (અપૂર્ણ).

वेदधर्मसभाने बक्षीस

રા. ગાંધી પરમાણંદ રતનજીએ પોતાના પુત્ર નૃસિંહપ્રસાદ એકાએક સ્વર્ગવાસી થતાં તેની પાછળ ખેરીયાતને નિમિત્તે રૂપીયા ૧૦ અંકે દસ વેદધર્મસભાને મોકલાવ્યા છે તે પોચ્યા છે. તે સભાના ધર્માઉ ફંડખાતે જમે રહી તેના વ્યાજનો સદુપયોગ થશે. ૧૯૪૬ અ. વ. ૬

मणिरत्नमाला

[संबंध पाने २१९ थी]

जेआनु मृत्यु आव्यु होय तेओने गमे तेटलां ओसड कोई आपे तो ते गमतां नथी ने गुण पण करतां नथी तेवी रीते जेओ संसारना दुःख खमवाना पात्र थवाना होय तेओने हित वचन गमतांज नथी अने कोई पराणे कहे तो तेने ते गुण करतां नथी एटलामाटे जेओ साचा अने हितना वचन के जेथी पोताना असह्य दुःख टळी जाय तेने नथी सांभळता तेज खरा बेहेरा छे

स्त्री विश्वास करवा योग्य नथी माटे पुरुषे तेनो विश्वास करवो न जोईए एना दुष्टपणानी के एना अंतःकरणनी वात जाणवामां आवती नथी उपरथी कांई देखातु होय ने मनमां कांई होय माटे सघळी स्त्रियो विश्वासलायक नथी एविषे एक दृष्टांत नीचे आपिये छिये

गुजरात देशमां वेत्रवतीने कांठे एक शेहेर हतु तेमां धनशा नामे वाणीयानी एक बेन रेहेती हती धनशा दक्षिण देशमां वेपार करवा गयो हतो ते त्यांथी केटलुक धन कमाईने वळतां पोतानी बेनने गाम आव्यो घेर आवीने पोतानी पासे नाणांनु पोटलु हशे ते बेनने सांचववा आप्यु नाणु छे ए घणा अनर्थने करनारू छे आ नाणु जोईने बेनना मनमां भाईने मारी नांखीने नाणु लई लेवानो अनर्थ उपज्या दिवसे रसोई पाणी करी पोताना भाईने ने छोकराने जमाड्या अने राते ओशरीमां बेयने खाटला नाखी आप्या धनशा बचारो सवारमां उठीने बेननी रजा लई घेर जावानो विचार करतो हतो, पण तेनी बेन तो जो ते ऊंघी जाय तो तेने मारी नांखवानो विचार करती घरमां तेने दाटवामाटे खाड खोदती हती हवे धनशा खाटले सुतो छे ने पडखे भाणेज सुतो छे खाटलामां माकड घणा तेथी धनशाने ऊंघ न आववाथी सळवळवा मांड्यो भाणेजे ते जोई मामाने कह्यु के मामा तमने माकड करडता हशे तेथी ए खाटले ऊंघ नहि आवती होय माटे आ मारे नवो खाटलो छे ते उपर सुवो बिचारो अजाण्यो भाणेज मामाना सारामाटे मामाने खाटले पाते सुतो अने मामो ऊंघ आववामाटे भाणेजना खाटले सुतो आ वातनी खबर धनशानी बेन खाडो खोदवामां रोकाणेली तेथी समजी शकी नहि ए खाडो खोदी रही त्यां मामो भाणेज ऊंघी गया आ लाग जोईने बारणे आवीने जे खाटला उपर पो-

तानो भाई धनशाह सुवाड्यो हतो ते खाटले जईने पोतानो पुत्र छे तेने ध-नशाह समजीने मारवानो विचार कर्यो. मनमां तो ते धनशाने मारवो छे एम धारी रही छे ने ते ठेकाणे सुतो छे पुत्र तेनी तेने खबर नथी. पेहेलां धनशा मोतनी पथारीये हतो ने हवे तेनो भाणेज थयो पण दैवनी गति विपरीत छे. खोदे ते पडे ए वात पण कांई खोटी नथी पडती. जेवी ते धनशानी चंडाल बेन धनशा जाणीने पोताना पुत्रने मारवा जायछे तेवीज कोई मणिधर काळा नागे फटकावी तेथी नीचे पडी मरण पामी.

विचार करो के जो तेने सर्प करड्यो न होत तो ते पोताने हाथे धनने माटे अजाणतां पुत्रने मारत अने कदि पुत्रनो खाटलो बदली न गयो होत तो भाईनुं तो जरूर मोतज हतुं. आप्रमाणे स्त्रियोनां छानां कृत्यो होय छे के जेनो पार नथी पमातो अने जाणवामां आवतां नथी. एविषे आगळ घणुं कह्युं छे माटे अहीं टुंकामां समजी लेवुं. संबंधियोमां क्लेश करावबो, भाईओने वढाढी मारवा, पोताथी मोटेरां के नानेरां पासे काम करावी पोताने बेशी रेहेवुं, पारकी चोवट करवी, पोतानुं पारकूं एवो भेद राखवो, कोईनां कळेजां बळे तेवां वेण बोलवां, छानुं खावुं, छानुं ऊंघवुं, लुगडां के घरेणां सारूं धणीनुं लोही पीवुं, सम खावा, गाळो देवी, रातदिवस रोवुं, मर्यादा मेलीने हसवुं, लाजवगरनी वातो करवी, अंगे उघाडां फरवुं, नाने मोटे लोड व-ढाई नहि, साचुं बोलवुं नहि, कुसंप करावबो, अने बीजां अनेक दुराचरण तो घणी खरी स्त्रियोमां भरेलां छे जेनो विस्तार करतां पार आवे तेवुं नथी. आवी स्त्रियोनो समजु पुरुषो विश्वास करता नथी; केमके विश्वास-पात्र थयेली स्त्रियोथी सारूं कृत्य भाग्येज बनी शकेछे अने एटला मा-टेज स्त्रीने विश्वासपात्र कही नथी. कोईने शंका थाय के ज्यारे जगत्मां सघळी एवी स्त्रियो हशे सारे कोई सारी तो हशेज नहि? जेम जगत्मां सत्पु-रुषो थायछे तेम स्त्रियो पण पवित्र केम न होय? शुं त्यारे जगत्मां कोई स्त्री विश्वास करवानुं ठाम नहि होय? एम होय तो जगत चालेज केम? आ शंकानुं समाधान ए छे के अहि समष्टि स्त्रियोनेमाटे केहेवामां आव्युं छे. एक स्त्रीना कांई गुणदोष कह्या नथी. सघळी स्त्रियो उपर कह्याप्रमाणे अवि-श्वासनुं पात्र होयछे; परंतु तेमांपण कोई सारी सुपात्र नीकळी आवेछे. एक जण होय तेमां अनेक जाति होय छे. जेम एक समष्टि वचन मोहोर एम बोलिये तेमां रुपैयो. पैसा ने कोडी ए बधां हलकां भारे आवी जाय छे.

तेम स्त्री एम समष्टि वचन कह्यु तेमां सारी ने नरती नधी आवी जायछे माटे तेनु तारण करी ओळखी लेवी जोईए केटलीक स्त्रियो सीताना अवतार जेवी होय छे, केटलीक स्त्रियो पार्वतीना अवतार जेवी होय छे, केटलीक स्त्रियो द्रौपदीना अवतार जेवी होय छे, केटलीक सद्गुणनु पात्र होय छे, केटलीक मर्यादानी मूर्ति होय छे, केटलीक महा पराक्रमी होय छे अने केटलीक जे बाकी रही ते उपर लखेली स्त्रियो जेवी होय छे—जे स्त्रीनो धणी परमेश्वरनी भक्ति करतो होय अने पोते पोताना धणीनी आज्ञा लोपे नहि, सदाचरणथी चाले, कुटुंबमा सप राखे, पतिने ईश्वरसमान माने, तेना हितनेमाटे सदाय विचारे, सर्व वाते तेनी सेवा करे अने गुरुजननु मान राखे, पतिना सुखमां सुख माने, पतिना दु खमां दु ख माने, पोताना पतिने उदास न थवा दे इत्यादि गुणवाळी स्त्री सीताना अवतार जेवी केहेवाय जे स्त्रीने कामभोगनी इच्छा न थाय, मन सदाय परमेश्वरमां रहे, स्वामीने पण विषयसुखनी वासना मेळावी देई ईश्वरना भजनमां वळगाडे, पतिनी इच्छाप्रमाणे प्रजा उत्पन्न करवामाटे संभोग करे, भाईओमां सप रखावे, सौने जमाडीने जमे, स्वामीनी परमेश्वरप्रमाणे सेवा करे, जेवु होय तेवु पेहेरे, जेवु होय तेवु खाय अने स्वामीने सर्व वाते दिलासो आपे, इत्यादि गुणवाळी स्त्री द्रौपदीना अवतार जेवी कहेवाय जे स्त्री सदाय स्वामीनी पासे रहे, तेनी सेवा करे, सदगुणनी ने सदाचारनी वातो करे, पारकानु सारु इच्छे, क्लेश करे नहि, गमे तेवो कुरुपडो रोगवाळो के अपंग पति होय तो तेने ईश्वरसमान मानी कल्याण काजे सेवा करे, जेवु मळे तेवु खाय, मळे तेवु पेहेरे, विषयनी वासना न राखे, स्वामीनी इच्छाप्रमाणे वर्त्ते, साचु बोले सर्व वाते संतोष राखे, इत्यादि अनेक सद्गुणवाळी स्त्री पार्वती जेवी केहेवाय ए वगरनी जे बाकी रही ते उपर कहेली दुर्गुणवाळी ने नरकमा पडनारी निंदाने पात्र समजवी जेओना मनमा अनेक कामनाओ भरेली होय छे तेवी नठारी स्त्रियोथी कशु सारु थतुज नथी जुवो ने प्रधाननी स्त्रिये पुत्रीने मारी नाखी, केमके ते मदनातुर हती वाणीयाणीए पोताना भाई धनशाने मारी नाखवो ठराव्यो ने पोते मुई केमके तेने धनमां लोभ लागो दितिए पुत्रनी कामना थई तो कुवखते कश्यप साथे संयोग कर्यो माटे एवी कामनावाळी, दुष्ट स्वभावनी, इंद्रियोने वश रेहेनारी, कळियुगना कारणरूप, दुराचारना द्वाररूप अने महा नीच आचरणवाळी स्त्रियो तो सदाय

घडिये घडिये निंदा करवा योग्य छे अने ते विश्वासनुं पात्र नथी एटलुंज नहि पण ते पापणीशोनुं मोढुं पण जोवाथी पाप लागे तेवी छे. कहो भाई एतो विश्वास तो केम थाय?

तत्वं किमेकं शिवमाद्वितीयं
किमुत्तमं सच्चरितं यदस्ति ।
किं कर्म कृत्वा न च शोचनीयः
कामारि कंसारि समर्चनाख्यम् ॥ २० ॥

अर्थ.

शिष्य—एक तत्व कयुं केहेवाय?
गुरु—अद्वितीय शिव.
शिष्य—उत्तम शुं केहेवाय?
गुरु—सारुं चरित्र जे होय ते.
शिष्य—कयुं काम करवाथी पुरुष शोक करवा योग्य नथी थतो?
गुरु—शिवविष्णुनी पूजा करवी ए नामनुं काम करवाथी.

टीका.

जीव शिवनो भेद टाळी नाखीने अभेद एकरूप जाणवुं तेनुं नाम एक तत्व केहेवाय. त्रिपुटीमां मोटा मोटा पुरुषो मोह पामी गया छे. ए त्रिपुटी अद्वैत शिव जाणवाथी टळी जायछे. जेणे एकतत्वना बोधथी त्रिपुटी टाळी नांखी छे तेने जप, तप, दान, अध्ययन, यज्ञ, अने ज्ञान ए सघळां परिपूर्ण थयां छे. पछी कांइपण साधन करवानुं रेहेतुं नथी. कह्युं छे के—

किं तस्य दानैः किं ज्ञानैः किं तपोभिः किमध्वरैः ।
यो नित्यं ध्यायते देवं नारायणमनन्यधिः ॥

जे पुरुष निरंतर अनन्यबुद्धिथी नारायण देवनु ध्यान करे छे तेने पछी दान, ज्ञान, यज्ञ अने तपवडे शुं प्रयोजन छे?

एक नारायण देव एटले अद्वितीय शिवतत्वने जेणे जाण्युं होय एटले जेने अद्वैतनो बोध थयो होय तेने पछी बीजां साधनो जे दान आदि

छे तेनी जरुर रेहेती नथी केमके जे साधनवडे मेळववानु छे ते तो मळी चुकु छे जे साधनवडे शिवतत्वनी प्राप्ति थाय तेज खरा साधन केहेवाय ए तत्व काई क्रिया करवाथी प्राप्त थतु नथी पण सत्पुरुषनी कृपाथी ने तेना बोधथी मळेछे कह्यु छ के—

अद्वैत हि शिव प्रोक्त क्रियसर्वविवर्जित ।
गुरुवक्त्रेण लभते नाधीतागमकोटिभि ॥

, अद्वैत एवु शिवतत्व ब्रह्म कह्यु छे ते सर्व क्रिया वर्जित छे तेथी ते गुरुना मोढाथीज ओळखी शकाय छे अनेक शास्त्रो भणवाथी ओळखी शकातु नथी

अद्वैत ब्रह्म कोई क्रिया करवाथी ओळखातु नथी ए ब्रह्मज्ञानी गुरु अध्यारोप, अपवाद, अने न्याने करीने ओळखावे त्यारे ते ओळखाय छे ए तत्व जाणीने अनुभव थया पछी बीजु काई जाणवानु रेहेतु नथी अने कशी आशा पण रेहेती नथी केमके—

तत्वात्मबोध एवैक सर्वाशातृणपावक ।

तत्वनो बोध एज एकलो सर्वे आशारूप घासनो अग्नि छे

सारांश एके तत्वनो बोध थया पछी आशाना अकुरो बधा बळीज जाय छे अने तत्वना आनदमा निमग्न रेहेवाय छे ए अद्वैत शिव शिवाय बीजु कशु तत्व नथी

सारू आचरण करवु ते उत्तम छे काम क्रोधादिकने जीती इद्रियो अने मनने वश करीने अद्वैत शिव जाणवानी इच्छा करवी ते सारां आचरण केहेवाय ए सारां आचरणसहित अध्यात्मविचारपर प्रीति करवी, साधुनो समागम करवो, सद्गुरुनी सेवा करवी, निरतर सत्शास्त्र साभळवा, इत्यादि साधनोथी अध्यात्मविचारनो उदय थाय छे अने तेनो उदय थतांज जे ज्ञेय वस्तु छे एनी प्राप्ति थाय छे केमके दुधमा जेम मीठास रही छे तेम प्राप्त थवानी वस्तु विचारमांज रही छे कह्यु छे के—

विचारोध्यात्मविद्याना ज्ञान तत्वविदो विदु ।
ज्ञेय तस्यातरे चास्ति माधुर्य पयसो यथा॥

अध्यात्मविद्यानो जे विचार करवो तेनुं नाम ज्ञान एम तत्वने जाणनाराओ कहे छे. जेम दुधमां मीठाश रही छे तेम विचारमां ज्ञेय वस्तु रही छे.

दुध खातां जेम मीठाश मळे छे तेम विचार करतां ज्ञेय वस्तुनी प्राप्ति थाय छे. अने ए प्राप्ति थतां स्वभावे आनंदनो उदय थाय छे. ए आनंदनी अवधी नथी. ब्रह्मा, विष्णु अने शिवआदि मोटा देवताओनी उपर पण ए आनंद दया करावे छे. वासिष्ठसारमां कह्युं छे के—

विचारेण परिज्ञातस्वभावस्योदितात्मनः ।
अनुकंप्या भवंतीह ब्रह्मविष्णुशिवादयः ॥

आत्मविचारथी जेणे पोतानुं स्वरूप जाण्युं छे अने अनुभवरूप जेनो आत्मा छे एवा तत्ववेत्ताने ब्रह्मादि देवताओ पण अनुग्रह करवा योग्य जणाय छे.

जाणवानी वस्तु जेणे जाणी छे ते आत्मज्ञानीने देवताओ पण ते आनंद नहि पामता होय माटे पामे तो ठीक एम अंतरमां थाय छे. माटे एवा अद्वैत शिवना बोधमाटे जे साधनो करवां तेनुं नाम सच्चरित्र केहेवाय अने तेज सच्चरित्र उत्तम केहेवाय.

विष्णु अने शिवनी सेवा करवारूप कर्म करवाथी सारुं थाय छे माटे ते सेवा करनार शोच करवा योग्य थतो नथी विष्णु अने शिवनी सेवामां विषम भाव न राखवो पण समभाव राखवो. ए समभाव विषे आगळ कह्युं छे माटे अहीं विस्तार नथी कर्यो. व्यवहारनां जेटलां कर्म छे तेटलां बधां दुःखदायक छे अने ए कर्मथी महाबंधन प्राप्त थाय छे तेथी ते कर्मनो करनार शोच करवा योग्य छे, परंतु काम क्रोधादिकने जीती मन तथा इंद्रियोने वश राखी वर्णाश्रमना धर्मने अनुसरी शिवविष्णुनी एकभावे सेवा करे ते पुरुष शोचकरवा योग्य नथी, केमके ते कर्मथी कशुं बंधन नथी थतुं; परंतु अंतःकरण निर्मळ थईने उत्तम बोध थायछे. माटे आ प्रमाणे शिवविष्णुनी अर्चना करवाथी पुरुष शोचने योग्य थातो नथी.

शत्रोर्महाशत्रुतरोऽस्ति को वा
काम सकोपानृतलोभतृष्ण ।
न पूर्यते को विषयै स एव
किं दु खमूल ममताभिधानम् ॥ २१ ॥

अर्थ

शिष्य—शत्रुथकी पण मोटो शत्रु कोण छे ?
गुरु—क्रोध, अनृत, लोभ अने तृष्णसहित काम छे ते
शिष्य—विषयोवडे शु पुरातु नथी ?
गुरु—उपर कहेला कामादिक विकारो छे ते
शिष्य—दु खनु मूळ शु छे ?
गुरु—हु अने मारु एवु ममत्व छे ते

टीका

क्रोध, अनृत लोभ अने तृष्णासहित जे काम छे ते शत्रु करतां पण मोटो शत्रु छे मनमां जे कांई विषयादिकनी कामना उत्पन्न थाय छे तेनु नाम काम केहेवाय आगळ ए कामविष लखाई गयु छे माटे विशेष केहेवानी जरूर नथी ए काम जितायो एटले मोटामां मोटो शत्रु वश थयो एम समजवु गीतामां कह्यु छे के—

प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्ट स्थितप्रज्ञस्तदोच्यते ॥

हे अर्जुन ! ज्यारे मनमां उत्पन्न थनारी सर्व कामनानो त्याग करे छे त्यारे पोते पोतानेविषे सतुष्ट थयेलो पुरुष स्थितप्रज्ञ केहेवाय छे

सारांश के मनमां उत्पन्न थनारी कामनाओ जो तजाय नहि तो तो मोटामां मोटा शत्रु जेवी छे तेमज नाम, रूप अने इंद्रियनो भोगनी वस्तु, ए मिथ्यानेविषे आसक्ति धरवी ते राग केहेवाय अने कांई भोगनी इच्छामां प्रतिबंध थतां रोष उत्पन्न थाय ते क्रोध केहेवाय छे ए क्रोध पण मोटामां मोटो शत्रु छे—जे कांइ नाम, रूप, देह अने इंद्रिया दिक छे ते बधा अनात्म केहेवाय छे ए सघळां अनात्मनेविषे आत्म


मान बांधवो ते अनृत केहेवाय. ए अनृत पण मोटामां मोटो शत्रु छे.—तेमज जे आवे ने जाय एवुं जूठुं द्रव्य छे तेनो संचय करवो ने आसक्ति धरवी ते लोभ केहेवाय छे ए लोभ पण मोटामां मोटो शत्रु छे.—तेमज कोई नामरूपवाळा मिथ्या पदार्थमां वारंवार मन दोडे अने पाछुं वाळतां पण ते पदार्थमांथी पाछुं न वळतां लपटाई रहे तेनुं नाम तृष्णा केहेवाय. ए तृष्णापण मोटामां मोटो शत्रु छे. आप्रमाणे प्राणीमात्रने पोतानी उपर पांच मोटा शत्रु छे. जेम लोढुं ए महा कठण धातु छे पण तेमांथीज थयेलो काट ते लोढाने नाश करे छे तेम ए कामादिक पांच शत्रुओ पण पोतामांथी उत्पन्न थईने पोतानोज नाश करे छे. जेम सेवाळ जळमांथी थाय छे पण तेज सेवाळ जळने बगाडी नांखे छे तेम पोतामांथी कामक्रोधादिक छ विकार उत्पन्न थाय छे ने पोतानेज नाश करे छे. माटे ए आपणमांथी उत्पन्न थईने पाछा आपणनोज नाश करनारा दुष्ट शत्रुओ जेवो बीजो कोईपण मोटो शत्रु नथी. अने एटलामाटे तेने शमावी देवा जोईए. ज्यांसुधी ते शत्रु शमे नहि त्यांसुधी महादुःख थाय छे ने पोतानुं स्वरूप भुली जई संसाररूप आंधळा कुवामां उतरवा जेवो क्रम थाय छे. माटे सुखनी ईच्छा राखनाराए ए कामक्रोधादिकने शमावी देवा.

ए उपर कहेला शत्रुओ गमे एटला विषयो भोगवाव्या होय तोपण तृप्त थता नथी. शब्द, स्पर्श रूप, रस अने गंध ए पांच विषयो छे. ए-विषे आगळ विस्तारथी लख्युं छे. कामादिक शत्रुओ ए विषयो जेम जेम भोगवे छे तेम तेम उलटा वधे छे पण घटता नथी. विद्वानो कहे छे के अग्नि ठारवाने माटे घी रेडयुं होय तो तेथी जेम अग्नि उलटो वधे छे तेम कामादिकने शांत करवा विषयो भोगवाव्या होय तो तेथी उलटा ते वधे छे पण घटता नथी. एटलामाटे विषयोथी पूराय नहि एवा पण ए कामादिक * शत्रुओज छे. अग्नि ठारवामाटे जेम तेमांथी काष्ठ काढी लईए ने पछी मांही कांई नाखीए नहि तो एनीमेळे शमी जाय छे तेम जो कामादिकने पण विषयोथी तृप्त नाहि करतां तेथी उलटा साधनोथी क्रमे करी शमाव्या होय तो ते शमी जाय छे. अने ए कामादिक शमी गया एटले त्रिविध ताप टळीने शांति थाय छे. गीतामां कह्युं छे के— (अपूर्ण)

* काम, क्रोध, लोभ, मोह, मद अने मत्सर एम गणिये तो छ थाय छे. ने मूळ श्लोकमां लख्याप्रमाणे गणिये तो पांच थाय छे.

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ. પ્રથમ તથા દ્વિતીય ભાદ્રપદ, સંવત્ ૧૯૫૬ અંક ૧૧ મો.



॥ यतो धर्मस्ततो जय ॥

विवेकिनु जीवन केम वीते?

उपजाति

સંસારનો સાર લહે વિચારી રહે સદા ચંચળ ચિત્ત મારી,
ન થાય તે કાયર કોઈ રીતે, વિવેકિનુ જીવન એમ વીતે ૧
કામાદિથી કલેશ કદી ન પામે, વિનાશના સર્વ વિચાર વામે,
કુછંદમાં ક્યાંય કદી ન છીતે, વિવેકિનુ જીવન એમ વીતે ૨
ન રાગ કે દ્વેષવડે મરાય, ન હર્ષ શોકાદિકમાં મરાય,
સૌજન્યથી આખર જન્મ જીતે, વિવેકિનુ જીવન એમ વીતે ૩
વાણી ક્રિયા ને મન એક રાખે, કાનાદિના ધર્મ સમગ્ર સાખે,
ન ભૂટકે દુઃખ ભ્રાંતિભીતે, વિવેકિનુ જીવન એમ વીતે ૪
સ્વધર્મકર્માચરણે ચકોર, બધેય વારે સરખા બપોર,
વૈરાગ્યમાં પ્રીતિ કરે નકી તે, વિવેકિનુ જીવન એમ વીતે ૫
પરાર્થને સ્વાર્થ સમાન માને, બને નહીં બાધક કોય બાને,
ભર્યા રહે આત્મવિચારવિત્તે, વિવેકિનુ જીવન એમ વીતે ૬
આનંદમાં મંગળ રોજ થાય, ભાવો બધા અંતરમાં સમાય,
રહે હરાડા હરિનામગીતે, વિવેકિનુ જીવન એમ વીતે ૭
સદા દયા પૂજન ધર્મ દાન, કર્યા કરે સર્વવિષે સમાન,
ધારી રહે કેશવ કૃષ્ણ ચિત્તે, વિવેકિનુ જીવન એમ વીતે ૮

सोरठा

લાખ કરોડ કમાય, ખાય પિયે ખરચે ઘણું,
પણ પૈસો ન અપાય, તો સંપત્ શા કામની?
ન કરે અર્થીકાજ, પાંચ આગળ એકઠા,
લાખ દામની લાજ, રાખ બરાબર લેખવી
કરમાં પેંગ ડડા, પણ કોડી કાઢે નહી,

માનવ નહિ તે મડાં, કામ ન આવે કોયને;
ક્લેશ કરે નિર્મૂલ, વિનયવિચારે વેગળાં;
તેવાં કુલપર ધૂળ, અતૂલ્ય આપે આપદા.
ઊપરથી વૈરાગ્ય, અંતરમાં આશા ઘણી;
ત્યાગ નહીં તે રાગ, કરનારા રખડ્યા કરે.
ઉદ્યમ કરો અપાર, કર્મ કઠણ જો હોય તો;
ન મળે લાભ લગાર, અનુભવ અંતે આવશે.
ઉત્તમ લઈ અવતાર, ન ભજ્યો જે ભગવાનને,
હારી ગયો ગમાર, જીતી બાજી જોરમાં.

मोटाई विषे.

અશાઢ માસનાં વાદળાંથી ધાટા થઈ રહેલા એક દિવસે ભવિષ્યમાં ઉદય પામવાને પાત્ર થવાનો કોઈ વિચારવાન માણસ 'મોટાઇ તે શું કહેવાય ?' તેનો વિચાર કરતો એક ઝાડની ડાળ સામું જોઈ રહ્યો હતો. જગતમાં માનવામાં આવતી મોટાઇઓ તે વિચારવા લાગ્યો કે કેવું આચરણ કરવું તે મોટાઇ કહેવાય ? જગતની અદ્ભુત રીતિપ્રમાણે અને સ્વભાવની વિચિત્રતા પ્રમાણે જુદી જુદી રીતભાત લોકોમાં હોય છે તેમાં કયી રીતભાત મોટાઇમાં મળતી હશે ? ફૂલચંદભાઈ મોટા મોટા નાતવરા અને નાચતમાસામાં અઢળક ધન વાવરી ફૂલાતા ફરે છે, જયંતીલાલ મોટી મોટી મિટીંગોમાં સુધારાનાં અને સ્વતંત્રતાનાં ભાષણો કરી જય મેળવવાને જોર કરે છે, ઉડાઉશકર જે હાથમાં આવ્યું તે ઉડાવી દઇને ખાઇ પી મોઢે હાથ ફેરવી બગાસા ખાતા બેઠા રહી બાપનું નામ બોળે છે, ચતુરાંપ્રસાદ સ્ત્રીસુધારણા કે સ્ત્રીકેળવણીના કામપર મોટી મોટી કલ્પનાઓ કરી લોકોનાં મન ડોળી મારે છે, દંભીલાલ કેળવણીનો અને સદ્ગુણનો ડોળ દેખાડી બહાર ઉજળા થઇને ફરે છે, ચંદુભાઇ ચારોટમાં બેસી ચોપાટીપર હવા ખાવા જાય છે, લાલજીભાઇ લાકડી લઈ બુટ મોજા પેહેરી રોજ મોજ મારવા જાય છે, ચંદુલાલ નવાં નવાં ચસમાં ચડાવી ઉચું જોતા જોતા અને મરડાતા મરડાતા હાથમાં નહિ આવે તેવડા મુછના વાળને વળ દેતા ચૌટામાં ચાલ્યા જાય છે, સંપત્તિલાલ અંગપર સોનારૂપાનાં ઘરેણ

ધારી નગીરને શોભાવે છે, શોભાનાથ ભાતભાતના વસ્ત્રનો ભભકો મારે છે, ઇન્દિરાનાથ ઈનજી ઢપના કોટ પાટલુનમા પ્રીતિ વરાવે છે, અબાશકર અર્ધાંગને આગળીયે વળગાડી ફરવા તેડી જાય છે, સુન્દરરામ ભારે ભભકાદાર દીવાબત્તીઓ બાળી અજવાળુ કરે છે, રેશમશર્મા આખા માથામા વાળ વનારી હાથમા દાતીયો લઇને માથુ ઓળ્યા કરે છે, અવિચારીદાસ આડે પડખે અગ ખજવાળના ઉઘાડા ઢાક્યાની ખબર વિના અન્યની નિંદા અને પોતાની મોટાઈ ગાયા કરે છે, નર્મદાનદર ન્યાયાધીશ થઈ બેઠા છે, ફુલશકર ફોજદાર થઇ બેઠા છે, કામેશ્વર કારભારૂ કરે છે, મોતાલાલ મેહેતાજી થઇ બેઠા છે, ઉત્તમરામજી ઉપદેશક થઈ બેઠા છે, અવબેનાજી આચાર્ય થઈ બેઠા છે, રાજસિહજી મોટુ રાજ્ય ભોગવે છે, માનસિહજી ગાનમાજ મરડાયા રહે છે, ઉ રશકર મોટા વૈદરાજ બની ગયા છે, બિહાગીલાલ બી એ થયા છે, દડશકર ડાક્તર થયા છે, વાપુરીશકર વકીલ બની ગયા છે, મોરેશ્વર મુનસફ બની ગયા છે, ઉજમલાલ વિલાયત જઇ આવ્યા છે, વિદ્યાશકર મહા વિદ્વાન વદે છે, ઉન્મત્તલાલ બોલવામા એક્કા ગણાય છે, અને રસિહલાલ પ્રજામા હોહા વગાડે છે કોઇ કુલમદમા મુછો મરડે છે, કોઇ ધનમદમાં ધનપતિનુ અભિમાન વરાવી ધમકાવી નાખે છે, કોઇ યૌવનમદમા યુવરાજ જેવા થઈ બેસે છે, કોઇ વિદ્યામદમા, મોરછાપ મળેલી સમજી અવિદ્યામા અથડાય છે, કોઇ અધિકારના મદમા ઈશ્વર જેવા બની જેનેતેને દડી નાખે છે કે જેનેતેને અધિકાર આપી દે છે, અને કોઇ પોતાના વિચારમા આખા દેશને વાળી લે છે આમા મોટાઈ કોનામા લેખવી? જગતના વિચિત્ર સ્વભાવના લોકો જેને જે અનુકૂળ પડતુ આવે અને ઉપરથી દીઠામા સારૂ આવે તેનામા મોટાઈનુ આરોપણ કરે છે જગતની રીતે જોઇએ તો જેની પાસે ધન છે તેનેવિષે મોટાપણાનો આરોપ લોકો કરે છે, પછી તે ભણેલો હોય, મૂર્ખ હોય, કુલવાન હોય, અકુલીન હોય, વિવેકી હોય કે અતિ અવિવેકી હોય જેને લોકો મોટા ગણે છે તેવાઓતરફ જો જોવા જઈએ તો કોઇ ખાટ કે ખાટનાપર બેઠા બેઠા મોટી મોટી વાતોજ કયા કરે છે, કોઇને પારોરનો ભાર કે ભણવા વાચવાની ચોપડી ઉપાડવાને પણ ચાકર જોઈએ છિયે, કોઇની કામ કરવા સારૂ કડજ વળી શકતી નથી, કોઇ જમતા જમતા

માંખી છીંકી જાય તો ઉઠી નીકળે છે, કોય પાગડાજ મોટા મોટા બાંધે છે, કોય કાબુલી છોગાવાળી કે બીજી જાતની ટોપીઓજ પેરે છે, કોય કોટપાટ-લુનજ પેરે છે, કોય ઢસડાતાં ધોતીયાંજ પેરે છે, કોય વાત કરીએ તો કાને સાંભળતા નથી, કોયને શાક લેતાં પણ આવડતું નથી, કોય તો બહાર જતાં પણ બીયે છે, કોય વાતવાતમાં બીજાને પાછા પાડવામાંજ મંડ્યા રહે છે, કોય સહેજ કારણમાં પણ ક્રોધાયમાન થઈ જાય છે, કોય પરજાતિને પોતાના કરીને પ્રાણ પાથરે છે, કોય ટીલાંટબકાંજ તાણ્યા કરે છે, કોય અ-ત્તરની ડાબલીયો કપડામાં રાખ્યા કરે છે, કોય કુલાનવોટર છાંટી બહાર નીકળે છે, કોય અપશબ્દવાળી વાણીથીજ હાસ્યવિનોદ કરે છે, કોય હાવી ઘોડા પર બેસેછે, કોય ઘોડાગાડીઓ હાંકે છે, કોય અંગની રક્ષામાંજ પૂ-ર્ણતા માની બેસે છે, કોય ભારેભારે ભોગ ભોગવે છે, કોય ધાર્યા પ્રમાણે જોઇએ તે મેળવે છે, કોય ટેબલ ખુરશીઓ માંડી રાખે છે, કોય કારીગરી-વાળાં કબાટ શણગારે છે, કોય ગાદીતકીયા બિછાવી રાખે છે, કોય ઘરમાં પલંગ ઢાળી રાખે છે, કોઈ નિરંતર ચાપાણી પીયે છે, કોય હાંડી ઝુમ્મર કે અરીસા લટકાવે છે, કોયને ઘરના ઘાટની પણ ખબર નથી , જગ-કોયને સંપત્તિ સાચવવાની ખબર નથી હોતી, કોયને ભાતખાઉ નું આ-ચેલા ભાઇ ભાઈ કહે છે, કોય બધાથી બેદરકારજ રહે છે, કોય પંગને સ-પણ પરીક્ષા લહે છે, કોય બાપદાદાને પણ ઓછી અકલના ગણે છે તેમાં પીતાંબર પેરી ફુલની માળા નાંખી પંગતમાં ફરે છે, કોય નાવા, નાતવગ કલાક કાઢી નાંખે છે, કોય સાત આનાવાળી ગોટીવાળો ઊ લાલ મોટી સાંજ સવાર ચોળ્યા કરે છે, કોયને હુવાલ ચાંબડી વગરજ જગ મેળા-કોય સોનેરી કે હીરની કોરની પછેડીઓ ખાંધપર નાંખી ઉલટ્યુ ખાઇ પી કોય સોનાના ધુમ્મસવાળા છેડાવાળી ઘડીયાળો ખીસ્સામાં ઘાલી ચતુરાંપ્રસાદ ચાંબડાના પાકીટામાં પૈસા ભરી રાખે છે, કોય છીપનાં રૂપાનાં , કરી સો-ભાતભાતનાં બટનો બદનમાં વાપરે છે, કોય સાચા કે ખોટા લી ટોળ કે-ટીયો પેહેરે છે, કોય એવા હોય છે કે જેના પાસે જતાં હૃદય પાટીગર કોય એવા હોય છે કે જેની પાસે આખો દિવસ બેશી રેહેવું ગમે ; રોજ ગરીબ મુરબ્બીઓનું કે અજાણ સબંધીનું નામ લેતાં લાજે છે, કોય જે જેના સાથે બેસાગી નાટકો નિરખે છે, કોય મદુચારિતોને માને લઇ જઇ જાહેરના છપાવે છે, કોય પોતે તેવા ધંધા લઇ બેશી કાળ કાઢી નાંખે છે, ઠેઠ

અગે રૂષ્ટ પુષ્ટ છતા પાણી પીવાને પણ ઉઠી શકતા નથી, કોયને લુગડા ખીંટીપરથી લઇ પેરવામાટે પણ ચાકરનો ખપ પડે છે, કોયને બુટમોજા પેહેરાવવાને ઘાટી જોઈએ છીયે, કોય તો બોલાવવા જઇએ તોપણ બો લતા નથી, કોય પદાર્થની કે વસ્તુની યોગ્યતા નથી જાણતા તેથી અવળી યોજનાઓ કરે છે, કોય સમયની યોગ્યતા નથી જાણતા, કોય અભિમાનથી માબાપની ભક્તિ મેલી દેછે, કોય મુરબીઓમા દોષ આરો પણ કરે છે, કોઈ સર્વ કરતા પોતાનુ વધારે માન રાખવાને મરડાય છે, કોય તાબેના માણસોને જેતે વાતમા ધમકાવે છે, કોય બહાર ઉદારતા દે ખાડે અને ઘરમા પેટમાં પુરૂ ખાય નહિ, કોય ઘરમા મિષ્ટાન્ન ચડાવે અને બીજાને ચપટી દાણાપણ દે નહિ, કોય સગુવાલુ કે પરોણો આવ્યો હોય તેને પડ્યા મેલી પેટપુરણુ સારૂ સારૂ ખાઇ લઇ ફરતા ફરે, કોયની માટી ઘરમા હોય તેટલી વાર ચડીજ રહે, કોય પોતાના એકલામાટે ઘર ડાકાવે, કોય પોતાના અગપરથી લુગડુ કયા મેલ્યુ તે ખબર ન પડે તેવા ગયા કાર અથવા ગાલાવેના હોય, કોય મળવા આવે તો પણ ઉભા થઇ વદે હે, કોયને મુરબીઓને આડુ ઉતરવુ ગમે નહિ, કોય સવ કુટુબથી પ્રજામા થઇને એકલા રેહેવામાજ પ્રીતિવાન રહે, કોયને કોઈ સબધી ઉપર મદમાં શ્વાસજ બેસે નહિ, કાયને ઈતરજાતિસાથેજ મિત્રતાનો વ્યવહાર રહે, ગદમા રૂના સાત વાગે ઉઘતા ઉઠે, કોય નાટક તમાસા જોવામાં કાળ કાઢી સમજી આ કરે, કોય ગાનતાન શીખવા લાગી જાય, કોય કુતરાં પાળવા બની જેતે કોય મેનાપોપટ પઢાવવા લાગી જાય, કોય બગના રગવા અને પોતાના વિરવા નડી જાય, કોયને ઢોર સઘરવાનો શોખ વધતો જાય, જગતના ધનમાલ દગાવી બેસે, કોય જ્ઞાતિસબધી પટેલાઇ ડોળી ઉપરથી દ કરે, અધિકારી થયો હોય તો કોય પોતાની પૂર્વસ્થિતિ સ જગતની થોડા વાકનાળાને પણ મહા અપરાધીના જેટલી શીક્ષા અ આગેપ, અને કોય ખુમારીમાને ખુમારીમા જાણે ઉચેથી ઉતરેલ હોય તેમ અકુલીનગવી સ્નેહી કે બાવત્રાદિકને તુચ્છમાત્ર ગણી હુજ સમજુ છુ, ગણે જગતનો સાર જાણ્યો છે અને હુજ નાના મોટા વગેરેનો મર્તબો સા બેઠા, એમ માની બેસી કોય ટાણે ઉન્મત્તાઈમા અને કોય ટાણે દીનતામા ભણ્યા ગાળે આમાથી કોને મોટા કહેવો અને કેના આચરણને મોટા- ઇનુ નામ આપવુ ' તાડના ઝાડ જેમ ઉચા વધે તેમ અગે વધેલા હોય કે

અધિકારે ચડ્યા હોય તે શું મોટાઇવાળા હશે ? પાડાની પેઠે ડીલે રુષ્ટ પુષ્ટ થઇ એકલા ખાઇ પી પડ્યા રેહેતા હોય તે શું મોટાઇવાળા હશે ? આકાશને અડે એવાં ભુવનોમાં વાસ કરવાથી શું મોટાઇવાળા કેહેવાતા હશે ? રાજ્ય દરબારમાં કે સરકારમાં વગવાળા હોય તે શું મોટાઇવાળા કેહેવાતા હશે ! મૂર્ખ લોકોમાં પૂજાતા હોય તે શું મોટાઇવાળા કેહેવાતા હશે ? ક્રૂરતાથી ઘરને કે દેશને બીવરાવતા હોય તે શું મોટાઇવાળા કેહેવાય ? શાસ્ત્ર પુરાણો કે કાયદાની ચોપડીયો મોઢે બોલી જતા હોય તે શું મોટાઇવાળા કેહેવાય ! મોટી મોટી ડીગરીઓ અને ઇલ્કાબો મેળવી આશ્ચર્ય આપતા હોય તે શું મોટાઇવાળા કેહેવાય ! મોટાના કુલમાં કે ધનવાનના કુલમાં જન્મેલા હોય તે શું મોટાઇવાળા કેહેવાય ! એનો વિચાર કરતાં ગન મુઝાઇ જાય છે ત્યાં ખરૂં ખોટું શી રીતે જણાય? જગતની એવી રીતિ છે કે જેનીપાસે પૈસો હોય કે સત્તા હોય તેનેજ મોટાઇવાળો કહેછે. તે બહુ બોલકો હોય તો વક્તૃત્વશક્તિવાળો કેહેવાય, તેને બોલતાં ન આવડતું હોય તો પીઢાઇ રાખે છે એમ કેહેવાય, તે જો કાંઇ ભુલી જતો હોય કે વધુ ઘટુ બોલવાની ખબર ન પડે તેવો હોય તો ભોળો કેહેવાય, તે જો થોડું ખાય તો પૂર્વે ખાધેલું માટે તે વાસનામાત્રજ ભુખ્યો હોય એમ કેહેવાય, તે ઘણું ખાતો હોય તો તે ન ખાય ત્યારે ભીખારી શું ખાય એમ કેહેવાય, તે જો અવળાં કામ કરતો હોય તો લોકો તેમાં કાંઇક ગંભીરતા માને, તે જો પેરતો ઓઢતો હોય તો તે સ્થિતિને યોગ્ય માને અને પેરતાં ઓઢતાં ન આવડતુ હોય તો ભાઇ સાદા રહે છે એમ કેહેવાય. શું આનું નામજ મોટાઇ? શું આવી મોટાઇથી પુણ્યશ્લોકોનાં નામ અમર રહ્યા હશે? શું આવી મોટાઇથી પ્રજાને સુખ થતું હશે!

આ વિચાર કરતાં કરતાં સાંજ પડી ગઇ એટલે તે ઉદયેચ્છુ લુગડાં પેહેરી ફરવા નીકળ્યો. ગામ બહાર નદીના કાંઠા ઉપર મહાદેવના મંદિરમાં કોઇ સન્યાસી ચાતુર્માસ્ય કરવા રહેલા હતા તેની પાસે તે ગયો. ત્યાં જઇને તેણે દંડવત્ પ્રણામ કર્યા. તેનું વિચારવાળું મોહું જોઈ સન્યાસીએ પુછ્યું કે શા વિચારમાં છો ? ઉદયેચ્છુએ હાથ જોડી પ્રાર્થના કરી કે મહારાજ ! હું મોટાઇ શેનું નામ કેહેવાય એવિષેના વિચારમાં પડ્યો છુ. ઘેર ઘેર બારણે મોટાઈનું અભિમાન ધરનારા આબાલવૃદ્ધ ઘણા છે પણ તેમાં મોટાઇ કોને કેહેવી એ મોટો સંદેહ રહેછે. એ સંદેહની નિવૃત્તિ કરવા હું આપનાં દર્શન કરવા આવ્યો છું.

આ પ્રશ્ન પુછનાર ખરો અધિકારી છે એમ સમજી સન્યાસીએ કહ્યુ કે ભાઈ! જગત તો ધનિકને અને રાજ્યસત્તાવાળાને મોટાઇવાળા ગણે છે પણ એ મોટાઇ તે મોટાઇ નથી પણ કગાળપણુ છે મોટાઇને ધનનો કે સત્તાનો સબધ નથી, કેમકે તે હોય ત્યા મોટાઈ ભાગ્યેજ રહે છે, પરતુ મોટાઈનેલીધેજ પ્રાપ્ત થયેલા ધન અને સત્તા હોય તો મોટાઇથી તેનો સદુપયોગ થાય છે

ભાઈ! જેનામા મોટાઇ આવે છે, તે સ્વભાવે શાત રહે છે, મોટાઈ છતા લઘુતા રાખી રહે છે, પરધનાદિકપર તેની દૃષ્ટિજ જતી નથી, રાગ દ્વેષ તેને દુ ખ દેતા નથી, સર્વ ઉપર તેની સમાનતા રહે છે, કોય અપરાધ કરે તો તે સહન કરી ઉલટો ઉપકાર કરે છે, ઘરમા ન હોય તોપણ તે બીજાને આપે છે, તેનુ અત કરણ દયાથી ભીજાએલુ રહે છે, પોતાથી થાય તેટલુ બીજા પાસે કરાવતા નથી, બીજાને સુખીયા જોઈને સુખી થાય છે, અને દુ ખી થયા જોઇને દુખાય છે, તેનુ અશુષ્માન હૃદય આખુ બ્રહ્માડ જાણે સમાઇ જાય એવુ વિશાળ હોય છે, ક્લેશ કકાસ કુસપ અને દભ વિગેરે તેથી દૂરજ રહે છે, કોઇપણ પ્રાણીનુ હિત કરવામાજ તેની પ્રવૃત્તિ હોય છે અને ધર્મકર્મ પ્રમાણે ચાલી ઈશ્વરના પદને ઓળખે છે જો ઉચાઇથી મોટાઇ ગણવામા આવતી હોત તો તાડના ઝાડ ઘણાય ઉચા છે, જો સ્થૂલપણાથી મોટાઈ મનાતી હોત તો ઘણા પશુઓ સ્થૂલ હોય છે, જો રૂપરગથી મોટાઇ ગણાતી હોત તો ઘણા ચિત્રમા રૂપરગ હોય છે, જો ઘણા પ્રાણીઓ આવી આશ્રય કરવાથી મોટાઇ ગણાતી હોત તો પર્વતોમા ઘણા પ્રાણીઓ આશ્રય લે છે જો ખીલવવાથી મોટાઇ મનાતી હોત તો ચણુતગના ચાડીઆઓ પણ રાતના ખીલરાવે છે, જો જગતમા કોઈ પણ જાતિની પ્રસિદ્ધિથી મોટાઇ મનાતી હોત તો દુરાચારીઓ ઘણાય પ્રસિદ્ધ છે, મોટે સાદે હાકલ મારવાથી મોટાઇ મનાતી હોત તો ગર્દભાદિક ઘણાય સવારના ભૂક્યા કરે છે, જો ઉપરના સ્નાનથી મોટાઇ મનાતી હોત તો મત્સ્યાદિક નિરતર નાયાજ કરે છે, જો ટાઢ તડકાજમાત્ર સેવવાથી મોટાઇ મનાતી હોત તો ઝાડ પહાડ સદૈવ ટાઢ તડકા એવ્યા કરે છે, જો મારાનરતાનુ ભાન ન રાખીને ખાઈપી ખુશી રહેવામાજ મોટાઇ હોત તો તે પ્રમાણે પશુઓ પણ વર્તે છે, જો ધનિકપણાથી મોટાઇ મનાતી હોત તો, તે તો નીચમા નીચ પાસે પણ હોય છે,

જો ઘુરકાવવાથી મોટાઇ મનાતી હોત તો કુતરાઓ પણ પોતાની જાતીને કે પશુને ઘુરકાવે છે, જો પ્રજાના વિસ્તારથી મોટાઈ મનાતી હોત તો ભુંડને અને ભીખારીને ઘણોય વિસ્તાર વધેલો હોય છે, જો રાજ્યમાં સન્માન મેળવી મોટાઇ મનાતી હોત તો વાનરાં કુતરાં વગરે પશુઓ રાજાના પલંગમાં લોટે છે, જો ખાવાપીવાની ચિંતા ન રેહેવાથી મોટાઇ મનાતી હોત તો પાંજરામાં પડેલા પોપટને તે કશી ચિંતા હોતી નથી, વાણીની ચતુરાઇમાં મોટાઇ મનાતી હોત તો તેતર અને હાજરજવાબી જેવાં ઘણાં પક્ષીઓ હજારો પ્રકારની બોલી બોલીજાણે છે, જો લોકોમાં પૂજાવાથી મોટાઇ મનાતી હોત તો પથરાઓ ઘણાય પૂજાય છે, જો ભારે ભારે દેશાટનો કરવાથી મોટાઇ મનાતી હોત તો ઘણા ખલાસીઓ જીવતાં સુધી મુસાફરીઓજ કર્યા કરે છે; જો શાલદુશાલાઓ ઓઢવાથી મોટાઈ મનાતી હોત તો ઘણાંય રાજદ્વારનાં વાહનોપર શાલદુશાલા નંખાય છે, જો આભૂષણો પેહેરવાથી મોટાઇ મનાતી હોત તો સોનીનો ડાબલો ઘણાંય આભૂષણનો ભાર ઉપાડે છે. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે મોટાઇ એ કોઇ અંતરનો અદ્ભુત અને સ્વાભાવિક ગુણ છે. તેને બહારના આડંબર સાથે કશો સંબંધ નથી. કસ્તુરીને ઓળખવામાટે કાંઇ સમ ખાવા પડતા નથી. સૂર્ય ઉગો કે નહિ તેનેમાટે મશાલ કરીને જોવાની જરૂર પડતી નથી. ચંદ્રમાની શીતલતામાટે પરીક્ષા કરવી પડતી નથી. એ સર્વ એનીમેળે યથાર્થ રીતે પ્રસિદ્ધ દેખાઈ રહે છે, તેમ મોટાઇ પણ એનીમેળે જણાઇ રહે છે. અંગારો અંધારે પડ્યો પણ એનીમેળે ઝબકે છે. હીરો પણ અંધારામાં એનીમેળે ચમકે છે, તેમ મોટાઈ પણ એનીમેળે દેખાઇ રહે છે. એક જીવતા શરીરમાં ચૈતન્ય છે કે નહિ તે જેમ આપોઆપ જણાય છે તેમ મોટાઇવાળા મનુષ્યની મોટાઇ આપોઆપ જણાઇ રહે છે. આ અસાર સંસારમાં જે જે મહાત્માઓ મોટાઇથી અમર નામ રાખી ગયા છે તેનેમાટે કોણે શું પ્રયત્ન કર્યું હતું ? એ મોટાઇમાંજ સ્વાભાવિક એવો ગુણ છે કે તે એનીમેળે જણાયા કરે છે. બાલક જેવા કે ઉન્મત્ત જેવા લોકો તે મોટાઇનું સ્વરૂપ ન ઓળખે તો તેથી મોટાઇને હાનિ છેજ નહિ. એ મોટાઇનો દુકો શબ્દ ઉદારતા છે. ઉદારતાવાળાનું હૃદય સંકોચિત હોતુંજ નથી. ગમે તો ઇંદ્રિયોને દમન કરતો હોય, ગમે તો ઊંધે માથે લટકતો હોય, ગમે તો પંચાગ્નિ તાપતો હોય, ગમે તો ફલાહાર કરી રેહેતો હોય, ગમે તો પ્રતિ-

મા પૂજનમા અને ભજનમા ભક્તિવાળો હોય કે ગમે તો પરમહંસ કહેવાતો હોય તોપણ તે ઉદારતાથી રહિત હોય તો તેને લોકો મોટો માને તોપણ તે નાનોજ છે માણસ ઉપરના આચરણથી મોટાઇ પામતુ નથી પરતુ અદરના ગુણથી મોટાઈ પામે છે, માટે તમારે જો ઇચ્છા હોય તો ગુણને ઓળખીને ગ્રહણ કરવાનો અભ્યાસ રાખવો સપત્તિઓ સત્તાવાન થઈ મોટો થયેલો વિનયાદિકથી નાનો બને છે તોજ તે મોટો કહેવાય છે હજારો લોકોમા મનાતો હોય, મોટા શત્રુઓને જીતેલો હોય, જેના પૂતળાઓ અગ્રસ્થાનોમા મેલાયા હોય, અને મુવા પછવાડે હજારો લોકોએ જેની પછવાડે સ્વાર્થથી આસુ ખેર્યા હોય તેવો માણસ પણ જો સદ્ગુણની સપત્તિ નહિ મળવાથી સકોચિત અત કરણનો હોય તો તે મોટો નહિ પણ નાનોજ સમજવો જેના જન્મની પણ કોઇને ખબર ન હોય, જેને કોઈ ઓળખતુ ન હોય, જે જગતમા રખડતો રઝળતો હોય, જે ફળ ફુલ ખાતો હોય અને મુવા પછી પણ જેને પરિચય વગરના લોકો સભારે તેમ ન હોય તો પણ જો તેને સદ્ગુણની સપત્તિ મળી હોય અને ઉદાર થયો હોય તો તે ઈશ્વરને ઓળખવાને અત્યત અધિકારી મોટો છે અને તેમાજ મોટાઇ છે આમ ખાતરી રાખવી કે ખરેખરી મોટાઇવાળો ભલે વનમા રખડતો રઝળતો હોય તોપણ તે જગતમા પૂજ્ય તેનો થાય છે, જગતનુ ભલુ કરે છે અને જગતમા પોતાની ઉદારતાનો બાકી રહી ગયેલો લાભ પરમેશ્વર પાસેથી મેળવે છે વ્યાસજી પણ તેવો બોધ આપે છે કે महांतस्ते समचित्ताः प्रशान्ता । મહાત તેજ કે જેનુ ચિત્ત સમાન હોય અને અત્યત શાત હોય આ ટુકા વાક્યમા સઘળા સદ્ગુણો સમાઇ જાય છે અને તે ઉપરથી સમજાય છે કે સકોચિત હૃદયવાળા ક્ષુદ્ર પ્રાણીઓ ગમે તેવી સત્તાવાળા હોય પણ તે નીચાજ છે અને નીચાઇના પૂર્ણપાત્ર છે

આવા વચન સાભળી ઉદયેચ્છુઓ મોટાઇ પામવામાટે સદ્ગુણની સપત્તિ સપાદન કરવા માડી સસારમા સુખ કીર્તિ અને મોટાઇ મેળવવાની ઇચ્છાવાળાએ એવી રીતે સાર શોધક થઇને અત કરણ ઉદાર થવા સદ્ગુણનો અભ્યાસ રાખી મોટા થવુ એજ મનુષ્યજન્મનુ સાફલ્ય છે તે સિવાયની મોટાઇ તાડના ઝાડ જેવી કે અધુતરા ચાડિયા જેવી છે એ વાત માનવામા આવે તો ભલે ન આવે તો પરિણામે પ્રત્યક્ષ જણાઇ રહેશે, (શુભ ભવતુ)

पुनरुद्वाहविषे विचारना एक पत्रनो प्रत्युत्तर.

(સંબંધ પાને ૨૨૮ થી)

આજસુધી પ્રજા ન થઇ અથવા થયા પછી મરી ગઇ ત્યારે હવે પછી થશે એની જેમ તમને ખાતરી નથી થતી તેમ નહિ થાય એની પણ ખાતરી શી? માટે એ તમારી કલ્પના ખોટી છે. અને એજ પ્રમાણે આપણી ધારણા પાર પડે એવી ન થાય અને એને મેલીને ન મરાય એ પણ શંકા તમારી ખોટી છે. એ સર્વ ભવિષ્યની વાત છે ખરી પણ તેથી તેને પોતાપર નિશ્ચયથી લગાવી દેવી એ મોટી ભૂલ છે. અને તેની ઈશ્વર કૃપાથી તમે ખાતરી કરશો ત્યારે જાણશો કે તમારી શંકાઓ સર્વ ખોટીજ હતી. પાછળ પડ્યા અને આગળ પડ્યા એ પણ સર્વ તમારા મનનીજ કલ્પના છે. બાકી કાલચક્રમાં કોઇ આગળ પણ નથી ને પાછળ પણ નથી. તમે કહો તેટલા દાખલા દઇએ કે જેને આપણે આગળ ગયેલો જાણતા હોઇએ તે પાછળ રહી જાયછે અને જેને પાછળ ગયેલો જાણતા હોઇએ તે આગળ થઇ જાય છે. કાળની ગતિ વિપરીત છે અને ઈશ્વરગતિ જાણવામાં નથી આવતી આટલામાટેજ વિપરીત થવાની શંકા મેલી દેવાની જરૂર છે. ભવિષ્ય સર્વનાં આવી મળે તો વિપરીત પણ થાય અને અનુકૂલ પણ થાય. પણ યોગ્ય પ્રસંગ હોય તો સારાનોજ સંકલ્પ કરવો જોઇએ. પ્રજા હોય તોપણ શું અને ન હોય તોપણ શું એમ કેમ થાય? સર્વ જગતનું મંડાણ પ્રજાથીજ છે. શાસ્ત્ર પણ પ્રજાનેમાટે સંમતિ આપેછે. માણસને ભવિષ્યના સુખનો આધાર અને વૃદ્ધ અવસ્થાનો વિશ્રામ પ્રજાજ છે. જ્યાંસુધી શરીર શક્ત હોય ને સર્વ ભાઇ બાપા કરતું હોય ત્યાંસુધી ખબર ન પડે, પણ શરીર અશક્ત થાય અને સ્વાર્થી લોકો જ્યારે અનાદર કરે ત્યારે પ્રજાનો કેટલો ઉપયોગ છે તે ખબર પડે તેમ છે અને તે જગતમાંના દાખલા ઉપરથી જ ગુણ રૈશે. સુખમાં આનંદ વધારનાર અને દુ:ખમાં દિલાસો દેનાર પ્રજાજ છે. નિર્ધન અવસ્થામાં ધનરૂપ અને શ્રીમંત અવસ્થાની શોભારૂપ પ્રજાજ છે. પ્રજા ન હોય તો પુષ્કલ સંપત્તિ અને મોટાં મોટાં રાજભવનો પણ સ્મશાન બરાબર છે. જે ઘરમાં બાલકોના કોમલ શબ્દો સંભળાતા નથી તે ઘર ઉજાડ જંગલ જેવાં જણાય છે. એક ઘાસની બનાવેલી ઝુપડી પણ પ્રજાવાળી હોય તો તે રાજમેહેલ કરતાં અધિક સુખ આપેછે. અહીં જે સ્વર્ગ કરતાં અધિક સુખ આપેછે તે સ્વર્ગના સાધનભૂત થાય એમાં આશ્ચર્ય નથી. પ્રજાના મતા-

પથી ઘણાએ પરમ ગતિ પામ્યા છે કપિલના શાપથી બળી ગયેલા સાઠ હજાર સગરના પુત્રો પણ પોતાની પ્રજાનીજ પરમ ગતિને પામ્યા છે તે પ્રસિદ્ધ છે જ્યાસુધી પ્રજા હોય નહિ ત્યાસુધી પિતૃઓ નિશ્વાસ નાખી આપણે આપેલુ જલ ઉષ્ણ કરી નાખી ગ્રહણ કરે છે જન્મ થયો કે તરત આપણે માથે દેવ મનુષ્ય અને પિતૃનુ ઋણ વળગે છે તેમા પિતૃનુ ઋણ પ્રજા થયા પછીજ ઉતરે છે કેમકે પ્રજા શ્રાદ્ધાદિકથી પિતૃને સતોષ આપનાર થાય છે લોકમા પણ જેઓ સ્ત્રી પુત્રવાળા હોય તેનો જેટલો વ્યવહાર સચવાય અને માન મરતબો રહેછે તેવો બીજાનો રેહેતો નથી એમ નિશ્ચય છે કે આ બાબાથી આગેજ પાકનો જોઇએ, તે પ્રમાણે જેઓ સદ્ગુણી પાત્રો હોયછે તેની પ્રજા ઘણુ કરીને તેવાજ ગુણસ્વભાવવાળી નીવડે છે એટલે, સારી ન નીવડે, સેવા ન કરે, કે કગાળ સ્થિતિમા રહે એવી શકાજ અયોગ્ય છે એમ કરતા કાઇક ન્યૂનતા રહી કે ધારણા બરાબર ન ઉતરી તો તમારા જેવાને વિશેષ વૈરાગ્યનુ કારણ થઇ પડે તો તેથી પણ શુભ ગ્રહણ કરવો જોઇએ ચિત્રકેતુ અને અગરાજા પ્રજા થયા પછી પણ દુખિત થયાછે તેઓના જેવુ અને કહુ કારણ નથી છેવટ તો તેથી પણ તેમને વિરાગપ્રાપ્તિ થઇછે એ પણ કાઇ થોડો લાભ નહિ ગમે તેમ હોય તોપણ જ્યાસુધી પ્રજા થવાના સાધનો હોય અને તે યોગ્ય થવાનો સભવ હોય ત્યાસુધી તેમા ઉદાસી રાખવી એ હાથે કરીને પ્રજાનો નાશ કર્યા જેવુ છે માટે તમારા જેવા નિરાગ્રહીએ તે કાર્ય થવા દેવુ જોઇએ એમા કાઇ નાટકના વેશ જેવુ નથી અને હોય તોપણ શુ ? આ જગતરૂપ રગભૂમિમા નાટકનો વેશ ભજાવનારજ આવ્યા છિયે ત્યારે પછી હવે શરમ શેની ? બાપનો વશ રેહેતો હોય તો બીજાએ અપ્રજ રહેવુ એવી ક્યાઇ આજ્ઞા નથી જેમ જેમ પ્રજાની વૃદ્ધિ તેમ તેમ સુખનો વધારો અને પિતૃને વધારે સતોષ થવાનો સભવ છે જગતમા કેહેવાય છે કે એકથી બે ભલા ગૃહસ્થાશ્રમ થયા પછી પણ પ્રજા ન થાય તો પછી દૈવાધીન વાત રહી કેહેવાય પણ તેટલામાટે તેના સભવને મૂળમાથી ઉખેડી નાખવો એમા કોઇ જાતનુ કલ્યાણ નથી હમણા જો ભૂલ કરશો તો પછીથી પિતૃ તો પછી પણ તમનેજ નિશ્વાસ નાખવા પડશે માટે તેવો વખત ન આવવાનેમાટે જગતની અને શાસ્ત્રની રીતિનેમાટે પ્રજાની જરૂર છે અને તે યોગ્યતાવાળીજ નીવડશે એમ નિશ્ચય રાખવો નિશ્ચય સારો હોય તો પરિણામ પણ સારૂ આવે છે

સ્ત્રી અને ધન છે તે કુસપનુ કારણ છે તે વાત ખરી છે એ બે પદાર્થ અતિ મોહક છે સહોદરોના સકળાયેલા મન જુદા પાડવામા તે પથરની

વસ્તુ જાય તેથી પ્રેમનો ભંગ થયો કહેવાય નહિ. પ્રેમ વસ્તુ ગમે તે હોય પણ તે જીવતાં સુધીજ હયાત છે અને એક પાત્રનો અભાવ થતાં બીજા પાત્ર ઉપર લાગેછે એવીજ માયાની વિચિત્રતા છે. ઘડો ફુટવાથી તેમાંના જલમાં પડેલું પ્રતિબિંબ જેમ ફુટી ગયું ભાસે છે અને લુગડું ફાટવાથી તે ઉપરનું ચિત્ર જેમ ફાટી ગયું લાગેછે તેમ પ્રેમનું પાત્ર અદૃશ્ય થવાથી પ્રેમ ભંગ થયો જણાય છે, પણ ખરૂં જોતાં તેમ કાંઇ નથી. કેમકે ગયેલાં પાત્રના સ્મરણરૂપે તમને જે કાંઇ થાયછે તે તેની હયાતી સૂચવે છે, અને તેને અભાવે બીજા પાત્ર ઉપર બંધાશે એ વળી બીજો દાખલો છે. દૃઢ પ્રેમના ભંગવિષે જે શ્લોક ટાંક્યો છે તે આવાં પાત્રને લાગુ પાડવાનો નથી.* બાકી તેમાં લખેલી બાબત ઘણે અંશે મળતી આવેછે તમે પ્રેમને સ્વાર્થરૂપ ગણો કે ગમે તે ગણો તે તમારા અનુભવની વાત છે. તેથી બધનજ થાય છે એમ જણાવવા **बंधनानि खलु सांति** એ શ્લોક લખ્યો તેનો સાર એમ સમજવાનો છે કે ભ્રમર જેમ કમળમાં અતિ આસક્તિ પામી જઈ નિષ્ક્રિય થઇ જાય છે તેમ પ્રેમ થવાના પાત્રમાં અતિ આસક્ત થઇ જવું નહિ. અમને એમ ખાતરી છે કે ભ્રમર તો એક સાધારણ કીટ પ્રાણી છે એટલે તેને પોતાના હાનિ લાભની ખબર નથી. આપણે તો મહા ચતુર મનુષ્ય જાતિ તે કેમ એવી ભૂલ કરિયે? તમે જાણોછો કે પદાર્થો અથવા ગુણો બંધન કરનાર છે નહિ. માત્ર પોતાનો અવિવેક બંધન કરનારો છે. વિવેક હોય તો જે વસ્તુ હજારો બંધનથી બધાતી નથી તેને કોણ બાંધનાર છે? **नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः।** (એને શસ્ત્ર છેદતાં નથી અને પાવક બાળતો નથી) એવા ભગવદ્વચન પ્રમાણે આત્માને કશું બધન નથી; તેને તમે દેહાધ્યાસથી બંધનવાન માનોછો. વ્યવહારદૃષ્ટિમાં તો એમજ દેખાશે કે પવિત્ર પ્રેમના બંધનથી જે નથી બંધાયો તેજ બંધાયેલો છે અને જે બંધાયેલો છે તેજ બંધાયેલો નથી. વ્યવહારને અંગે આ બંધન અનુપયોગી હોય તો વ્યાવહારિક સઘળા ધર્મો પાતળા પડી જાય. માટે પરમાર્થની વાત વચમાં નાંખીને ડોળણ કરવામાં ડોળણજ છે. એ બંધનપણું જો વિચાર વગર કરવામાં આવે તો તે બંધનરૂપ થઇ જાય છે. જે ક્રિયામાં ઘણા ગુણ હોય તેમાં થોડા દોષ હોય તો તે ઉપર સમયપરત્વે નજર કરવી નહિ અને ઘણા દોષ હોય ને થોડા ગુણ હોય

---

* એકજ પાત્ર પ્રેમપાત્ર થઇને અપ્રેમપાત્ર થાય તો પાછું પ્રેમપાત્ર થવામાટે આ વાક્ય લાગુ પાડવાનું છે તો તેવો કાંઇ આંહી પ્રસગ નથી.

તો તે ઉપર કારણપરત્વે નજર કરવી જોઇએ તમે બુદ્ધિમાન અને વિચારવાન છો એટલે જ્ઞાનવાનના જેની વાતો કરોછો જેને તમે બન્ધનરૂપ વૃથા કલ્પોછો તે પ્રેમ બીજા કેટલાક બન્ધનને કાપનાર થઇ પડે છે ત્યારે તેટલે અંશે તેનો ગુણ પણ ગ્રહણ કરવો જોઇએ

અમને ખેદ એ થાય છે કે 'શોક શાનો કરૂ ' જન્મ્યુ તે જવાનુજ છે, સુખ દુ ખ આપણા હાથમા નથી' એમ લખોછો તોપણ જાણે તે ઉપરથી લખતા હો તેમજ જણાય છે, નિકર તમને વ્યવહાર વિચિત્ર લાગી ખેદ કેમ થાય ' આપણે પણ એ (વર્મનાળા હોવાથી જ ખેદ કરવો તે સાવ વૃથા છે ખેદ કરવાથી ધુમાડાના બાચકાનીપેઠે કશુ હાથમા આવવાનુ નથી અને સમજણ સર્વ મિથ્યા થાય છે શરીર ધારણ કર્યું તેને તેસબધી સુખ દુ ખ હર્ષ શોક સર્વ મમત્વથી આવ્યા કરેછે તેમા આસક્ત ન રહેવુ એજ તેનુ ઓસડ છે વ્યવહારમાત્ર સ્વાર્થપર છે માટે કયાઇ તે વિચિત્ર પણ લાગે અને કયાઇ તે બરાબર પણ લાગ પણ તેટનામાટે સ્વાર્થભગ કરવો એ તો કાઇ જેવી તેવી ભૂલ ગણાય નહિ વ્યવહારને જાણનારા તો સ્વાર્થમા તત્પરતાવાળાનેજ શ્રેષ્ઠ ગણેછે તમે નજર આગળ હજારો સબધીઓને દુ ખમા દેખી દુ ખી થઇ તેની લાગણીથી તમારૂ સસારમા રેહેવાનુ સુખ છોડી દેશો તેથી શુ ફળ થશે? તેથી કાઇ તમને થતો ખેદ શાત થશે નહિ તેમ જે સબધીઓને દુ ખ છે તે પણ મટશે નહિ એમા ઉલટુ માત્કુ કાઢતા ઉટીયુ પેઠા જેવુ પરિણામ બનશે તે એ કે જેઓનેમાટે તમે ખેદ કરો છો એવા તમારા સબધીઓ તમને સુખમા જોઇને કાઇક સતોષ પામવાના હશે તે તમને દુ ખમા જોઇ પોતાના નિત્યના દુ ખમા વધારો કરશે કેમકે તમે જે માગ લેવાના છો તે તેઓની દૃષ્ટિમા દુ ખરૂપજ લાગે છે અવગત બાળક બનવા જેવુ છે ખરૂ પણ તેમ બળીને પણ તમે તેઓને સતોષ આપનાર થશો એ થોડે પ્રયત્ને ઘણુ સારૂ ફળ છે એક દુ ખી હોય તેને પછવાડે બીજાએ દુ ખી રેહેવાથી પેલાનુ દુ ખ કાઇ ઓછુ થઇ જતુ નથી ત્યારે પછી એ દુ ખિત સ્થિતિમા બીજો શો ગુણ છે કે તેને અગીકાર કરવી? ઘડિકમા સાસારિક સ્થિતિને દુ ખરૂપ ગણો છો, ઘડીમા તેને સુખરૂપ કહી લખો છો, માટે જો દુ ખિત ગણતા હોય તો બીજા દુ ખિત છે અને તમે સુખમા પડો છો એ વાત ઉડી જવાથી ખેદ કરવાનુ કશુ કારણ નથી, અને સુખરૂપ ગણતા હો તો બીજાના સતોષ માટે શ્ર

प्रकारनुं छे. हुं छ शास्त्र भण्यो छुं, हुं बधाने हरावुं तेवो छुं, मारा जेवो कोई विद्वान नथी, मारा जेवो कोई समजु नथी, मारा जेवो कोइ हार्द जाणनार नथी, हुं गुरु छुं, हुं आचार्य छुं, हुं नाटकचेटक जाणुं छु, हुं महंत छुं, हुं मानवा योग्य छुं, हु वकील छुं, हु सोलिसीटर छु, हुं सिविलसरविस छुं, हुं मेडिकल कोलेजमां पास थयेलो डाक्तर छु, हुं जरीफ छुं, हु खगोळवेत्ता छुं, हुं भूगोळवेत्ता छुं, हुं प्रिन्सीपाल छुं, हुं एडिटर छुं, के हुं जड्ज छुं एम अहंकार आणवो ते अविद्याभिमान केहेवाय. उपर जे अभिमान शब्द कह्यो छे तेनो अर्थ पण ममताज थाय छे. आवी रीते आ ममता अने अभिमान सर्व दुःखनुं मूळ छे, माटे तेने टाळी नांखवां जोइये. कदि कोइने शंका थाय के ए ममता टळवी तो घणी कठण छे ते केम टळे? तो तेनुं समाधान ए छे के उपाय करवाथी ते पण टळी शके छे. जेम एक खाळनो नळ होय तेमां कांइ पदार्थ के जीवजंतु भराई रहेल होय ते एनीमेळे तो केमेय नीकळे नहि पण जो तेने खूब जोर लागे ने पाणीथी के लाकडीथी ठेलाय तो नीकळे तेम आ ममतारूप कार्याभिमान टाळवामाटे कारण अभिमान ग्रहण करे तो ते टळी जाय. हुं ब्रह्म छुं, मारे वर्ण के आश्रम नथी, अने इंद्रियादिकनो संग नथी तो अभिमान केम घटे? एम जे जाणवुं ते कारण अभिमान केहेवाय. कह्युं छे के—

न त्वं विप्रादिको वर्णो नाश्रमी नाक्षगोचरः ।
असंगोसि निराकारो विश्वसाक्षी सुखी भव ॥

ब्राह्मण आदि वर्ण तुं नथी, ब्रह्मचार्यादि आश्रम तुं नथी, तुं इंद्रियोथी जणातो नथी, तुं असंग छे, तुं निराकार छे, अने सर्वनो साक्षी छे माटे सुखी था.

सारांश के उपर प्रमाणे पोतानुं स्वरूप ओळखी कार्याभिमान पण उपायो करवाथी टाळी शकाय छे. सर्व विद्या भणवी, कविता करवी, चातुरी देखाडवी, ए मारो धर्म नथी पण बुद्धिनो धर्म छे एम जाणवाथी विद्यानुं अभिमान टळेछे. विद्यावडे धन आदिक मळे तो प्रारब्धप्रमाणे मळे छे एम विचार करवाथी ते वैभवनुं अभिमान टळे छे. शिष्य लोको गुरु मानेछे ते शरीरने मानेछे, तेने बोध पण शरीरवडे थाय छे, ते सेवा पण शरीरनी करेछे, एमां मारे कशो संबंध छे नहि एम विचारवाथी गुरुपणा-

आदिनु अभिमान टाळी शकाय छे एम ने एम जे काई अभिमान करवानो गुण के पदार्थ होय तेनो पोतामा आरोप न करवो ए ते अभिमान मटवानो हेतु छे

खाळना नळामा खजुरा भराणो होय ते काढवानेमाटे साणशीथी तेने ताणीने खेचीये तो तुटी जायछ पण नीकळतो नथी, पण जो दीवो के अगारो तेनी पासे धर्यो होय तो तेना तापथी एनीमेळे तरत नीकळी जाय तेवी रीते सघळा अभिमान आ खाळरूप देहमा खजुरारूपे भराई बेठा छे तेने जोर करीने ताणीये तो नीकळे नहि पण जो कारण अभिमानरूप दीवो ग्रहण कर्यो होय तो बीजा अभिमान तरत टळी जायछे कार्य अभिमान नीकळी गया पछी कारण अभिमानने पण मेली देवु, केमके तेने कार्य अभिमान काढवा माटेज ग्रहण करवामा आवेछे जेम घरमाथी कचरो काढवासारु सावरणी लेवी पडे पण कचरो नीकळी गयो एटले पछी सावरणी ने पण मेली देवी जोइए केमके ते कचरो काढवामाटेज लेवी पडेछे तेम कारण अभिमान कार्याभिमान काढवाने लेवु ने पछी ते नीकळे एटले मेली देवु आप्रमाणे जे कार्याभिमानने टाळता नथी तेमज जे विद्यानां अभिमानने टाळता नथी ते महा दु ख भोगवे छे अने एटलाजमाटे कह्यु छे के ममता छे तेज सव दु खनु मूळ छे

कि मंडनं साक्षरता मुखस्य
सत्य च कि भूतहित तदेव ।
त्यक्त्वा सुख कि स्त्रियमेव सम्यक्
देय पर कि त्वभय सदैव ॥ २२ ॥

अर्थ

शिष्य–मुखनु घरेणु शु केहेवाय ?
गुरु–साक्षरता
शिष्य–सत्य शु केहेवाय ?
गुरु–जे सर्वना हितरूप होय तेज
शिष्य–शु त्याग करवाथी सुख छे ?
गुरु–सारी रीते स्त्रीनो त्याग करवाथी

शिष्य—उत्तम दान कयुं केहेवाय ?

गुरु—जे निरंतर अभय छे ते.

टीका.

साक्षरता ए मुखनुं घरेणुं छे. अनेक प्रकारनी विद्या भणीने हुशियार थवूं एनुं नाम साक्षरता केहेवाय छे. बोलवाटाणे ते साक्षरता जणाई रहे तेथी ते मोढांने शोभा आपे छे. ए साक्षरता करतां पण ब्रह्मविचारमां कुशळ थवुं ए उत्तम साक्षरता छे. ब्रह्मना नामसहित मुखेथी अहंब्रह्मास्मि एम दृढअनुभवपूर्वक उच्चार करवो ते मोढानी शोभा छे. बाकी बीजा वाणीना विलासमां मोढानी कांई शोभा नथी. ब्रह्मविचारना उच्चार अने ते विद्याविना बीजुं जे कांई उचरवुं ते मिथ्या छे. अने एटलाजमाटे साक्षरताने मुखनुं घरेणुं कह्युं. बाकी कोई सोनारूपाना घरेणां होय तो ते शोभा नहि पण केवळ भार समजवो.

भूतप्राणीनुं जेथी हित थाय ते सत्य केहेवाय. साचुं बोलवुं ए संसारमां सत्य केहेवाय छे परंतु एथी पण उत्तम एज के जेथी प्राणीओनुं हित थाय. संसारमां कोई विषयभोग मळे के अन्नादिक मळे ते हित केहेवाय छे पण खरुं जोतां तो ते अहितरूप छे. खरुं हित तो संसारथी जेवडे मुक्त थवाय तेवा उपायनुं नाम केहेवाय. माटे संसारनां दुःखथी छुटवामाटे पोतानुं रूप ओळखी उत्तम ज्ञान संपादन करी जीवन्मुक्त थवुं एज सत्य छे. बाकी वाणीथी बोलवुं ए सत्य मिथ्या छे, केमके विचारिये तो वाणी पोते मिथ्या छे. एटलामाटे कोईने साचो बोल केहेवो होय तो मुक्ति मळे तेवो उपदेश करवो.

आगळ स्त्रीनुं रूप केहेवामां आव्युं छे. एवी स्त्रीने सारी रीते तजी देवाथी सुख थायछे. पोताने परणेली होय ने आगळ लख्याप्रमाणे दुष्ट स्त्री होय तो तजी देवी त्यारे परस्त्री तजवी एमां ते संदेह शानो ? पोतानी स्त्री सर्वगुणसंपन्न होय तोपण विषयोमां नजर राखी अति आसक्ति बांधवाथी दुःख थायछे. बाकी विषयनी वांच्छाविना गृहस्थ होय तेमणे कल्याणना मार्गमां विरोध न आवे तेम पोतानी गृहणीमां अनुरक्त रेहेवुं ग्रहस्थाश्रममां घटेछे. पण जेणे संसार त्याग कर्यो होय तेने तो स्त्रीनी आकृतिनुं दर्शन पण वरजेटलुं छे. एमने तो पोतानी होय ते पण पारकी बरोबर छे. शरीरथी त्याग कर्यो होय ते त्याग न केहेवाय, पण मनथी कर्यो होय ते खरो

त्याग केहेवाय माटे सुखनी इच्छा राखनाराए मनथीज खरो त्याग करवो जोइए मनना त्यागपछी उपरनो त्याग सफळ थाय छे

निरतर जे अभय आपवू एज उत्तम दान छे कोईपण प्राणिनो प्राण जवानो वखत होय अथवा तेने माथे कोई मोटी आपत्ति आवी पडे तेम होय तो तेमाथी तेने उगारवो अने फरीने तवी स्थितिमां न आवे तेवु करवु ए अभयदान केहेवाय छे अनेक प्रकारनी विद्या छे ते विद्या बी जाने शीखववी जेथी जीवे त्यासुधी ते ते विद्यावडे कमाइ खाय ए प्रमाणे विद्यानु दान देवू ए पण अभयदान केहेवायछे परतु ए करता पण वधारे 'आनद दायक दान मुक्तिनु केहेवाय छे, केमके मुक्ति पाम्या पछी कोई वातनो भय रेहेतोज नथी ने ससारना जन्ममरण टळी जायछे माटे जेओ अभयदान आपवानी इच्छा राखता होय तेमणे कोयथी न चोरी शकाय ने कोय दिवस न खूटे एवी मुक्तिनु दान आपवु बीजु जे कांई आपवु तेने माथे भय छे पण मुक्तिने माथे भय नथी ए सदाय निर्भयज केहेवाय छे जेने अभयदान लेवु होय तेणे पण योग्य सत्पुरुष पासेथी मुक्ति थाय तेवुज लेवु ते शिवाय बीजा दानमां सदाय भयज भरेलो छे

कस्यास्ति नाशे मनसो हि मोक्ष
क सर्वथा नास्ति भय विमुक्तो ।
शल्य पर कि निजमुर्खतैव
के के उपास्या गुरवश्च वृद्धा ॥२३॥

अर्थ

शिष्य–कोनो नाश थवाथी मोक्ष थाय?
गुरु–मननो नाश थवाथी
शिष्य–कोईपण दिवस क्या भय नथी?
गुरु–मुक्तिनेविषे
शिष्य–अति शल्य शु केहेवाय?
गुरु–पोतानु मूर्खपणु
शिष्य–उपासना कोनी करवी?
गुरु–गुरुनी अने वृद्धजनोनी

टीका.

मननो नाश थवाथी मोक्ष थाय छे केमके न होय ने न इच्छ्युं होय तेवुं पण मनज उत्पन्न करेछे. हर्ष, शोक, पाप, पुण्य, स्वर्ग, नरक, बंध, मोक्ष ए आदि अनंत विकारो मनना छे ए मन टळे एटले पछी मोक्ष कोने जोईए; केम के आत्मा तो पोते नित्यमुक्तज छे. ए नित्यमुक्त आत्माने मन पोताने बंधने बंधन माने छे बाकी आत्माने कशुं बंधन नथी. जेम कोई माणसने ज्वर आव्यो होय तेमा साकर खावा आपी होय तो ते साकर मीठी छतां पण तावना जोरथी कडवी लागेछे, पण ताव न होयतो साकर तो स्वभावे मीठीज छे. तेम मननेलीधे आत्माने बंधन जणायछे पण मन टळ्युं एटले आत्मा स्वभावे मुक्तज छे. माटे ए मनने टाळवुं जोईए. पेहेलां मनना धर्म संकल्पविकल्पने टाळवा पछी संयमन करवाथी मन वश थायछे. बार मात्रिकाए पूरक, बार मात्रिकाए कुंभक अने बारमात्रिकाए रेचक एप्रमाणे प्राणायामथी प्रणव साधवो ते संयम केहेवाय छे. एप्रमाणे संयम करवाथी एनीमेळे मन नाश पामेछे. जेम कोय सर्प होय तेना दरमां तेल उकाळीने रेडयुं होय तो ते तरत मरी जायछे तेम बार बार मात्रिकाथी पुरक, कुंभक अने रेचक प्राणायामथी प्रणव साधतां मन नाश पामेछे. पण आ वात पोतानी मेळे समजावी कठण छे तेथी कोई मनने मारी जाणनार सत्पुरुष पासेथी ते शीखवुं जोईए. संकल्प विकल्प गया एटले मन मरेलु छे. गुरुकृपाथी मनने मार्यु के पछी मोक्षज छे, अने एटलामाटे मनना नाशथी मोक्ष छे एम कह्युं छे.

मुक्तिनेविषे कांई भय नथी. ते शिवायना जेटला पदार्थ के जेटलां ठेकाणां छे तेमां भय छे. केमके जेनेविषे पामवापणुं छे तेमां भय रह्यो छे अने ए भय मुक्तिनो सिद्धांत थयेथी नाश पामेछे. जन्ममरणनो भय पण पछी रेहेतो नथी ए मुक्ति थवाने उत्तम ज्ञान संपादन थवुं जोईए. ए ज्ञान पोतानी मेळे प्राप्त थतुं नथी, माटे गुरुपासेथी तेनो बोध लेवो जोईए, केमके ए कांई क्रियाथी प्राप्त नथी थतुं. श्री भगवाने गीतामां कह्युं छे के 'यतो वाचो निवर्तंते तद्धाम परमं मम ।' जेथी वाणी विराम पामे छे ते मारुं परम धाम छे. आ प्रमाणे मन अने वाणी जेने न पोंचे ए स्वरूपने पोतानी मेळे ओळखीने ज्ञान मेळवातु नथी माटे गुरुना बोध द्वारा मेळवीने पछी जेमां कशो भय नथी एवी मुक्ति संपादन करवी.

पोतानी मूर्खता ए मोटु शल्य* छे अनेक प्रकारना संसारमा शल्य छे तेना करतां मूर्खता ए मोटामां मोटु शल्य छे केमके बीजा शल्यथी तो थोडु दु ख थाय छे पण आ मूर्खतारूप शल्यथी तो अनेक जातिना दु ख थया करे छे महा डाह्यो पुरुष सारा शास्त्र भण्यो होय इतिहास जाणतो होय, महा चतुर केहेवातो होय, रसायन जाणतो होय के विद्वान केहेवातो होय पण ज्यासुधि ब्रह्मविद्या न जाणी होय त्यासुधी ते मूर्ख केहेवाय छे ब्रह्मविद्याना ज्ञानविना पोतानु स्वरूप ओळखातु नथी तेथी अनेक दु ख अने उपाधि भोगववी पडे छे अने गमे तेवु डहापण के बीजी विद्याओ शिखवामां आवी होय पण ते तेवखते अळगी थई रहे छे माटे बीजी विद्या के चतुराईथी संसारमा डाह्यो केहेवातो पुरुष ब्रह्मविद्या भणीने पोतानु स्वरूप न ओळख्यो होय तो ते मूर्ख छे अने एवा मूर्खने पोतानी मूर्खताथी सघळे ठेकाणे दु खज जोवामा आवे छे कह्यु छे के—

अज्ञस्य दु खौघमय ज्ञस्यानदमय जगत् ।

जे अज्ञानी छे तने आ जगत् दु खना ढगलारूप छ अने जे ज्ञानी छे तेने आ जगत् आनदमय छे

आ प्रमाणे जेने ज्ञान नथी ते मूर्खताथी दु ख भोगवेछे अने ए दु खनो आरो आवतो नथी तेथी ते मोटा शल्य करता पण मोटु शल्य छ जो ज्ञान थयु होय तो ए शल्यनो नाश थई जवाथी सुख मळे छे माटे ए मूर्खता मटाडीने ज्ञान संपादन करवु जोईए पोतानी चतुराईनो के बीजी [illegible]हारनी भाषा भणवाना के बुद्धिनी चचळतानो उपयोग एज छे के जे जाणवानु छ तेने जाणी एवा तरफ पोतानी दृष्टि वाळवी जो मनुष्य[illegible]ग छता, अनेक साधनो छता अने बीजी विद्यानी तथा बुद्धिनी सहायता छतां ज्ञान तरफ लक्ष न लाग्यु तो ते सघळा निष्फळ गया बरोबर छे केमके फरी फरीने तेवो योग नहि थाय के अविद्यारूप शल्यनो नाश करी शकाय

गुरु† अने वृद्धजनोनी उपासना करवी जोईए गुरु अनेक प्रकारना केहेवाय छ पोताने उत्पन्न करनार पिता गुरु केहेवाय, वेद अने विद्यानु अध्ययन करावनार गुरु केहेवाय अने संसारना बधनथी छूटी जवाय तेवु ज्ञान आपनार गुरु केहेवाय व्यवहारनी रीतिमा अने परमार्थनी रीतिमा ए सघळानी उपासना एटले सहुसहुनी योग्य सेवाचाकरी करवी जोईए

* पाणनु फळ के गाळो के लाकडानी फास वाग अने ते नीकळे तेवु न होय ते शल्य केहेवाय

† केटलाक ससराने पण गुरुपदमा गणछे

तेमज जे पोताथी विद्यामां अधिक होय, द्रव्यमां अधिक होय, गुणमां अधिक होय, कुळमां अधिक होय, अधिकारमां अधिक होय अने वयमां अधिक होय ते सघळा वृद्ध केहेवाय. तेमने यथायोग्य स्नेह अने व्यवहारना संबंध प्रमाणे चाकरी, बरदास करवी जोइए. गुणथी, वयथी, विद्याथी, कुळथी, अनुभवथी, धनथी अने बीजा अनेक प्रकारथी एक माणस वृद्ध होय तो ते पेहेलाना करतां वधारे मानने योग्य छे. एवा अनुभवि पुरुषोना विचारो, तेनी वातो अने तेना देखावो बोध लेवालायक होयछे. अने एटला माटे गुरुओनी अने वृद्धोनी सेवा करवानुं कह्युं छे.

के के ह्युपास्या गुरवश्च वृद्धाः। आ वाक्यनो उपरप्रमाणे अर्थ विस्तारी बीजी रीते नीचे प्रमाणे लखीए छीए.

वृद्ध एवा गुरुनुं सेवन करवुं. गुरु वृद्ध कह्या तेथी एम न समजवुं के बीजा जुवान गुरु पण हशे पण तेनुं समाधान आप्रमाणे छे. एक पिता, बीजो कुळगोर, त्रीजो विद्यागुरु, चोथो मंत्रगुरु अने पांचमो, ब्रह्मगुरु [ज्ञानगुरु] एम पांच प्रकारना गुरु केहेवाय छे जेम गुरु पांच छे तेम शरीरनी अवस्था पांच छे. ते दरेक अवस्थानो पिता गुरु, पौगंड अवस्थानो कुळगोर गुरु, किशोर अवस्थानो विद्या आपनार गुरु, युवावस्थानो मंत्र आपनार अने वृद्धावस्थानो ब्रह्मने ओळखावनार गुरु. आप्रमाणे पांच गुरु केहेवाय छे. पिताए सर्व साधन करी शकाय एवो देह आप्यो अने जन्म्यापछी पण तेने पाळी पोशी मोटो कर्यो माटे ते गुरु केहेवाय छे. पण ते गुरुए देह आपीने संसारना दुःखमां नांखेछे. कुळगुरु ए अनेक कर्मना अधिकारी करी वर्णप्रमाणे कर्म करावी तेना बंधनमां नांखेछे, विद्यागुरु ए विद्या भणावी पण अज्ञान टळे एवी न भणावी तेथी अज्ञानना बंधनमां नांखेछे. मंत्रगुरु ए कान फुकीने पोताना मतमां लावीने बीजा देवमां द्वेषबुद्धि करावी आडे मार्गे अथडावेछे. एप्रमाणे ए चार गुरु तो उलटा अविद्यामां नांखेछे तेथी ते कल्याण थवा दे नहि. परंतु पांचमा गुरु जे ब्रह्मगुरु (ज्ञानगुरु) छे ते तो उत्तम ज्ञान आपी संसारनुं बंधन कापी निजस्वरूप ओळखावी मुक्त करेछे. माटे आवा गुरु तेज वृद्ध गुरु केहेवाय. माटे ते ब्रह्म जाणनार वृद्ध गुरुनी शुद्धमनथी सेवना करवी. पेहेला चार गुरुओ छे खरा पण तेनाथी संसारना बंधनथी छोडावी शकाय नहि. बंधनथी तो ब्रह्मगुरु मळे त्यारेज छोडावेछे.


(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મું.　　આશ્વિન, સંવત્ ૧૯૮૯.　　અંક ૧૨ મો.

॥ यतो धर्मस्ततो जय ॥

क्लेश-निर्लेश केम थाय?



मदाक्रांता

સારા સારા કુલ સકલ તે નાશ પામી ગયા છે,
ભારે ભારે ભુવન સઘળા ધૂળધાણી થયા છે,
પૂરે પાપે પરમ સુખના સાધનો સંકડાય
આ સંસારે અણસમજણે ક્લેશવિશ્લેષ થાય,
વિદ્યા વઠે વિનય વિસરે બોલવામાં રોષ આવે
આધિવ્યાધિ પ્રતિદિન વધે અન્ન ભાવે ન ભાવે,
શ્રીમંતાઈ સુખ કુશલતા થાય જોતાં વિદાય,
આ સંસારે અણસમજણે ક્લેશવિશ્લેષ થાય
કામક્રોધે કપટ કરતાં લોભમોહે લઢાય,
શાણા રાણા સુભગ નરની હાય તૂટે સહાય,
કાયામાંથી કનકનરખી કાંતિ ને શાંતિ જાય,
આ સંસારે અણસમજણે ક્લેશવિશ્લેષ થાય
સંભારોને યદુકુલ અને કૌરવો પાંડવોને,
એની સત્તા ધન જન વિષે હોય સંદેહ કોને?
નાના મોટા કુશલ નર જો ભ્રાંતિ ભૂતે ભરાય,
આ સંસારે અણસમજણે ક્લેશવિશ્લેષ થાય
જાણો છે આ વન જન ધરા સ્વપ્નના ખેલ જેવા,
વાડી ગાડી સરસ ભુવનો સર્વ સંબંધિ તેવા,
હું મારૂં એ પરમ મમતામાંહિ મિથ્યા મરાય,
આ સંસારે સમજણવડે ક્લેશ નિઃશેષ થાય

सोरठा

પૂજાવે નિજ કાય, પણ પૂજી જાણે નહિ,
નીચી ડોક ન થાય, તે પથ્થરના પૂતળા

ખટરસ ખાંતે ખાય, ખવરાવી જાણે નહિ;
દીઠે સિંહ ધરાય, તે અંતકને કામના.
પેરે પોતે હીર, દોરો દઇ શકતા નથી;
કરશે કોણ અમીર, તે ટેડા તાબૂતને.
ઉપરથી શણગાર, અધિક કરે છે ઓપતા;
દારાના દરબાર, ડોલા જેવા જાણવા.
પોતે પેરે ચીર, લીર ન આપે અન્યને,
શોભે ભલે શરીર, ઓડાંના અવતારનાં.
ઊચાં રાખે અંગ, જોબન-ધનના જોરથી;
સાધે નહિ સત્સંગ, સારાં તે કરતાં શરૂ;
આગળ વધવા ધાય, ધન જોબન અધિકારમાં;
કેવળ સ્વાર્થ સધાય, ઝાડ ગણો તે તાડનાં.
જુવે સાંભળે તોય, નહિ બોલે ચાલે કશું;
તે માનવ નહિ હોય, ચબૂતરાના ચાડિયા.
ભાવે ન ભજે રામ, માનવતન મળવા છતાં;
તેજ મૂર્ખના જામ, જન્મે મરવા કારણે.
કેશવ હરિની હાય, જે સેવા કરતા નથી;
સુખિયા ક્યાંથી થાય, આંહિ અને પરલોકમાં.

बे रसमां न बुड्यो ते तर्यो.

જગતમાં આપણો ઉદય થાય એવી ઈચ્છા કરનારા લોકો અસંખ્ય છે પરંતુ ઉદયને વિરોધ કરનારા શત્રુને તાબે થઇ જાય છે તેની કોઇને ખબર પડતી નથી એ આ ઐશ્વરી ઇંદ્રજાળનો કોઈ જેવો તેવો ચમત્કાર નથી. રસ શબ્દની પ્રવૃત્તિ ઘણે ઠેકાણે થાય છે. ખાવાના પદાર્થોમાંથી અનુભવાતા મધુરાદિ છ રસો, જોવા સાંભળવા વિગેરેથી અનુભવાતા શૃંગારાદિ નવ રસો, અને પ્રવાહરૂપ પદાર્થોરૂપે વપરાતા રસો શિવાય પણ રસ શબ્દની પ્રવૃત્તિ ઘણા વિષયોમાં થાય છે. એ સર્વને છોડી દઇને બે વિષયનેજ માત્ર અહીં રસ શબ્દવાચક લીધા છે કે જેની અંતરગત સઘળા રસોનો સમાવેશ કરી શકાય છે. એક જીવ્હાનો રસ અને બીજો વિષયનો રસ. એ બે

રસોથી ભીંજાઈ ગયેલા ઉદયદશાના રસથી પાછા રહે છે જીહ્વાનો રસ નાનાપ્રકારના ખાટા ખારા પદાર્થો ખાવામા મનુષ્યના મનને દોરે છે જેને તેનો હરામ ચમરકો લાગ્યો હોય તેને તેમાજ નિરતર ચિત્ત ફર્યા કરે છે લાડુ, ઘેબર, દુધપાક, પુરી, સાટા, શ્રીખંડ, જલેબી, અડદીયા પેંડા, બ ડફી વિગેરે મિઠાઇ ઉપર અને ખારી દાળ, ગાઠીવા, કચી, પાપડ, વઘારેલા શાક, લચકા દાળ, કઢી ઓસાણ, ભજીયા વિગેરે ખારા પદાર્થોમાજ મન લાગી રહેછે જ્યાસુધી પરબારૂ મળે ત્યાસુધી તો ઠીક છે, પણ પરબારૂ ન મળે ત્યારે પછી ઘરમાથી તે ખાવાનુ મન થાય છે ખાધે રાજાના ભંડાર પણ ખુટી જાય છે એ કહેવત કાઈ ખોટી નથી કેરી, ચીભડા, દાળીયા, તડબુચ, ખજુર, ટોપરૂ, ધ્રાખ, દાડમ, પેર, સીતાફળ, જાંબુ, અનનાસ, પપનસ, લીંબુ, કેળા, અજીર, બોર, સક્કરજન, આલુ, બદામ, પસ્તા, સાકર અને ભાતભાતના મુરબ્બામાનો જે જે પદાર્થ નજરે દેખવામા આવે તે પદાર્થ હવે તે ક્યારે ખવાય એવો વિચાર આવી જતા મોઢામા પાણી છુટે છે ઘણા છોકરાઓને બાળકપણથી એવુ ખાધાનો છંદ લાગે છે અને તે મોટપણે પણ છુટી શકતો નથી આથી કરીને તે અનુદ્યમી, આળસુ, રીસાળ, અને રોગી બની જાય છે અને એમ થયુ એટલે પછી પોતાની કુટેવને પરાધીન થઇને ચોરી કરવા શીખે છે ઘરમાથી જો કાઈ હાથમા આવે તો ઘરમાથીજ ધમોડી જાય છે અને ત્યાથી હાથમા ન આવે તો બીજે કોઈ ઠેકાણેથી પૈસો રૂપૈયો કે કોઈ પદાર્થ ઉપાડી જાય છે બજારમાથી તેનુ ખાવાનુ લઈ છાનુ માનુ ઓગાળી જાય છે જેટલા પૈસા આપ્યા તેના પ્રમાણમા મળ્યુ કે ન મળ્યુ તેનુ પણ ભાન રહેતુ નથી કેટલાક તો કોઇનેમાટે વસ્તુ લેવા ગયા હોય તો તેમાથી ડોઢીયુ અરધી કાઢી લઈ ખાઈ જાય છે જીભનો રસ આવી રીતે બાળકોને બગાડે છે અને મોટાને પણ બગાડે છે ખાનામાજ જેનુ મન ફરે છે એના લોકો કદી બાળપણની ટેવ ટળી ગઈ હોય તો પણ કોઈના વિવાહની કે દાડાની વાટ જોતા દિવસો ગણે છે પારકે ઘેરથી નોત્રુ આવે કે જાણે ગોળનુ ગાડુ મળ્યુ પેટને અને પગને પસારીને ફાટે મોએ જેટલુ ખવાય તેટલુ ખાય છે અને એમાથી વખતે કોલેરા વિગેરે થાય તો જમનેદ્વારે પણ જાય છે

જેટલા જેટલા અવગુણો છે તે બધા ખાવાના રસમાથી પેદા થાય છે, ખાવાના સઘળા રસોમા મધુર રસ મુખ્ય છે અને એ રસનો કુછંદજ

વધારે હાનિ કરનાર થઈ પડે છે. જે વખતે જે રસવાળો પદાર્થ મળે તે પ્રાણપોષણમાટે ખાઈ લેનારા અથવા ઈશ્વરેઈચ્છાથી મળેલા મધુર વિગેરે રસોને ઉપયોગમાં લેનારા જીભને વશ રહેલાની પેઠે દુઃખ પામતા નથી. જે જીભને વશ થયેલા છે, જેમ જીભ ન ચાવે તેમ નાચે છે, તેનું નામજ ખાવાનો રસ છે. જુવોને મત્સ્ય નામનો જલજંતુ બડીશ ઉપર રહેલા લોટને ખાવાના રસથી લેવા જતાં બડિશનો કાંટો તાળવામાં પેશી જતાં ક્ષણવારમાં મરણ પામે છે. મત્સ્યમાં અને અવિવેકી માણસમાં કાંઈ વધારે ફેર નથી હોતો એટલે તેની પણ અત્યંત આસક્તિથી મત્સ્યના જેવી ગતિ થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. મધુર આદિ છએ રસો અન્નાદિકમાં હોય છે અને તેનો પ્રતિદિવસ આહાર થવાથી બીજે ભોગવવાની શક્તિ અને ઈચ્છા થાય છે, કેમકે શરીરને શક્તિ આપનાર અન્ન છે; અને શરીર શક્તિવાળું થયું એટલે ઇન્દ્રિયો તે સાથેજ શક્તિવાળી થાય છે. ઇન્દ્રિયોના જેટલા વિષયો છે તે સર્વ અનર્થકારક છે તે વાત લિખિતપઠિત થઈ ગયેલી છે. તેમાં સ્પર્શ વિષય તો અનર્થ કરવામાં સર્વોપરિ છે. એ વિષયની આસક્તિનેજ અહીં અમે બીજા રસરૂપ લેખેલ છે. જો કે સ્પર્શ વિષયોમાં ઘણા પદાર્થો આવી જાય છે પરતુ મહા અજ્ઞાનિયો કેવળ સ્ત્રીઆદિકના સંગનેજ તે વિષયરૂપ ગણે છે અને સર્વ સુખભોગની અવધિ અથવા મર્યાદા ત્યાંજ આવી રહી એમ સમજે છે. એમ સમજનારા વાનરોને વધારે વિકલ કરવાને વળી તેવીજ વૃત્તિના ભણેલાઓએ રસઅલંકારાદિક લખીને એવા ચાળે ચડાવી દીધા કે દૈવનું ચક્ર અટકે તોજ તે અનર્થની પરંપરાના ચક્રમાં ફરતા અટકે છે. આ રસેજ સર્વ જગતને જાળથી બાંધી લીધું છે તેમાં પણ અધિક આસક્તિવાળાને તો ઉંડી ખાડામાં નાખી દીધા છે. જેમ મધુર રસ ગ્રહણ કરતાં જીહ્વાને સ્પર્શ રહે તેટલી વારજ આદિમાં માત્ર સુખરૂપ લાગે છે તેમ આ રસનું પણ તેમજ છે. એટલે તે તમોગુણી સુખદુઃખના ઝાડના અંકુરરૂપ થઈ પડે છે. ઝેરી ઝાડનો અંકુર દેખીતો તો સુંદર લાગે છે પણ તેનો સ્પર્શ પ્રાણ હરનાર થઈ પડે છે. એ વાતવિના બીજું કાંઈ દેખાયજ નહિ અને સુજેજ નહિ એજ હરામ ચસરકો છે. દેવદાનવાદિક પણ મરાઇ કપાઇ ગયા, મોટાં મોટાં રાજ્યો પાયમાલ થઇ ગયાં, જ્યાં નોબત નગારાં વાગતાં ત્યાં કાગડા ઉડવા લાગ્યા એ બધો એનોજ પ્રતાપ છે. એની આસક્તિથીજ ચોરાશી લાખ અવતારો

અને નરકની યાતનાઓ વારવાર ભોગવવા પડે છે સારા કુળના કોમળ બાળકો પણ એનો છંદ લાગવાથી વઠી જાય છે જુગટુ, ચોરી, અનાચાર, અશક્તિ, અવિવેક, વિગેરે એને અગે રહેના છે અને એ અગો બરાબર બેઠા કે અનેક રોગોના આગાર બનેલા કામીઓ મનના અને શરીરના રોગોના આગાર બની જઇ વિનામોતે મરે છે, અધ નરકમા પડે છે અને વારવાર ભવાટવીમા ભટકતા ફરે છે પણ અહો ! એ વાતનો વિચારજ એ અવિવેકીઓ કયા કરે છે? સઘળા અનર્થો અને સઘળી નરકની યાતનાઓને આકાશપુષ્પજેવા સુખનેમાટે તે કયુનજ કયા કરે છે? એના ઓને પછી તરવાની આશાજ શી? નાના પ્રકારના ઉદ્યમો કરી ધન સહિત કીર્તિ સપાદન કરી સામાન્ય રીતે વ્યવહારનુ સુખ ભોગવી વર્ધમાન કરીને નિરોગી રહી પૂર્ણ આયુષ્ય ભોગવી મરવુ એ જેમ જીહ્વાના રસવાળાને અસભવિત છે તેથી વધારે આ બીજા રસવાળાને અસભવિત છે, ત્યા પછી 'જન્મમરણ ન આવે એવી દશાને પોચવાની તો વાતજ શી કરવી? યથેચ્છ વિહાર કરનારા માકડા જેમ વગડામા તાઢત ડંકો વિગેરે સહન કરતા મરવામાટેજ જીવે છે તેમ આ રસમા અત્યત લપટાઇ રહેલા વાનરની પેઠે આમતેમ ભટકતા જીવે છે તે મરવાનેમાટેજ આ અનાદિ જગતમા કોઈ મહા બનવાન થઇ ગયા છે, કોઇ કીર્તિમાન થઇ ગયા છે, કોઇ આયુષમાન થઇ ગયા છે, કોઇ સપત્તિવાન થઇ ગયા છે, કોઇ રૂપવાન થઇ ગયા છે, કોઇ પૂર્ણ આયુષ ભોગવી મુવા છે, કોઇએ બીજાના હાથમા જતો દેશ પોતાને સ્વાધીન રાખ્યો છે, કોઇએ તરવારની મારના જોરથી મોટા રાજ્યો ભોગવ્યા છે, કોઇ ઘણા લોકોના આશ્રયરૂપ થઇ પડ્યા છે, કોઇને વિદ્વાનોએ વખાણ્યા છે, અને કોઇ નિષ્કલક ગયા છે અને આજ પણ એવા હશે તેઓ જીહ્વાના રસમા કે ઇન્દ્રિયોના રસમા મોહ પામ્યા નથી એમ સમજવુ નદીનો પ્રવાહ જેમ વળ્યો તેમ વળ્યો તેમજ મન પણ જો એ બે રસો તરફ વળી ગયુ અને યોગ્ય અવસ્થાએ પણ પાછુ ન વળ્યુ તો પછી વળતુજ નથી પછી વિનય, વિવેક, વિચાર, ઉદારતા, પવિત્રતા, મહત્તા, વિદ્વત્તા વિગેરે ક્યાથી આવે, અને એ ન આવે એટલે સાચા સુખની કે તરવાની આશાજ શી રાખવી? સઘળા સારા ઉદ્યમોનો આધાર બલ અને અનારોગ્યના ઉપર છે અને બલ તથા અનારોગ્યતા એ બે રસોની અનાસક્તિથીજ રહી શકે છે

એ રસમાં નહિ લાગેલું મન પછી બીજા સુખકર વિચારો ઉપર વળે છે અને પછી તે ધાર્યા પ્રમાણે ઉદયને મેળવે છે. તપસ્વી લોકો ઘણા વર્ષો જીવે છે, બલવાન અને રૂપવાન રહે છે, જેવું બોલે તેવું થાયછે, ભવિષ્યને જાણી શકે છે એનું કારણ એ બે રસનું જીતાવુંજ છે. ખરેખર જીતનારને તો જેમ કુતરાંની વિષ્ટા ઉપર પ્રીતિ ન થાય તેમ તે રસો ઉપર પ્રીતિજ થતી નથી શાસ્ત્રોમાં શમ અને દમ એ બે પાળવાના લખ્યા છે એમાં મનનો અને ઇન્દ્રિયોનો નિગ્રહ આવી જાય છે. સર્વનો નિગ્રહ થયો એટલે રસ પણ એની મેળે જીતાઈ જાય છે. આટલામાટે જેને એ મહા બલવાન બે રસને જીતવાની મરજી હોય તેણે મન અને ઇન્દ્રિયોને વશ રાખવાં અર્થાત્ તેને અવળે માર્ગે નહિ જવા દેતાં સારા માર્ગમાં વાળવાં. આમ કરીને જો બેય રસ જીતાય તો પછી બીજું કાંઇ જીતવું રેહેતું નથી. **जीतं सर्वं रसे जीते** આ વાક્ય પણ એમ કહેછે કે રસ જીતાયો એટલે સર્વ જીતાયું. આ વાક્યમાં રસ શબ્દથી જીહ્વાના રસને ગણ્યો છે તે યોગ્ય છે, કેમકે એમાંથી બીજા રસોની ઉત્પત્તિ થાય છે. એટલા માટે એક જીભ અથવા જીભનો રસ જીતાઓ એટલે સર્વ જીતાઇ જાયછે. સારી નરતી વાણી કે વિવેકવિનય પણ જીહ્વાથી જણાય છે માટે જીહ્વારસ અતિ પ્રબળ મનાય છે, તેમ છતાં પણ બેય રસથી બીતા રેહેવાને અમે ભળામણ કરીયે છિયે કેમકે એમાં ખુચ્યા પછી તરવાની આશા રાખવી તે ઝાંઝવાના પાણીથી તરશ મટાડવા બરાબર છે. જો કોઇ સદાકાળ સુખસંપત્તિને વધારનારો રસ જોતો હોય તો ભક્તિરસ કે શાંતરસનું રોજ સેવન કરો. જેવી પ્રીતિ અથવા લોલુપતા તમને જીહ્વાદિકના રસમાં લાગે છે તેવી આ રસમાં રાખો, પછી જુવો ચમત્કાર કે તમે કેવા સુખી અને પરાક્રમી થાઓ છે આજે જો કોઇનાં અજર અમર નામ સાંભળવામાં આવતાં હોય તો તે મન ઈંદ્રિયથી શાંત રહેનારા ઇશ્વરભક્તોનાંજ સમજવાં. જે જે જગતમાંના રસોમાં રસત્વ લાગે છે તેના મૂલ કારણરૂપ એક એવો રસ છે કે જેને ઓળખીને માણસ પરમપદનું પાત્ર બને છે. એ રસ એવો છે કે તેને ઈંદ્રિયો કે મન માપી શકતાં નથી. એ રસ તે જેને આપણે પરમાનંદ સ્વરૂપ પરમાત્મા કહિયે છીયે તેજ સમજવો. એ સર્વ રસોને રસ્તા આપનાર સમર્થ રસ છે. એ પરમાત્મા પરમેશ્વરને વશ્ય કરવા તે જ્યાંસુધી ગ્રામ્ય રસોમાં મન

પરોવાયેલુ રેહે ત્યાસુધી કરાતા નથી માટે કાચબો જેમ પોતાના અગો પોતાની અંદર સંકોચી લેછે તેમ નાના પ્રકારના વિષયોતરફ દોડતા મનને પોતાની અંદર સંકોચી લઇ પોતાના અંતર્યામીરૂપ ઈશ્વરમા જોડી દેવુ એમ કરીને ઈશ્વરસ્વરૂપને વશ્ય કરી તેનો આનંદ અનુભવવો એ આનંદ સ્વાધીન થયો એટલે આખુ જગત જીતાયેલુ થયુ એમ સમજવુ જેણે ઈશ્વરમાં મન રાખ્યુ છે અને બહારના વિષયો પરથી ઉતાર્યું છે તેણેજ જગતમા જય મેળવ્યો છે આમ હોવાથી પણ એક રસ જીતાઓ એટલે સર્વ જીતાયુ એ વાત બંધ બેસે છે પણ આ વાત બહુ ઉંડી છે ઝાડમા મળી ગયેલુ બીજ જેમ દેખાતુ નથી તેમ જગતના રસોમા ઢંકાઇ ગયેલો પરમાનંદરૂપ પરમેશ્વર સ્થૂલ દૃષ્ટિથી દેખાતો નથી માટે જાડી સમજણથીજ સમજવા ઉપર કહ્યુ તે તરત સમજવામા આવે તેવુ છે તે એજ કે ભાત ભાતના મિષ્ટાન્નો અને તીખા તમતમતા રસો ઉપર આસક્તિ રાખવી નહિ એમ જે આસક્તિ નથી રાખતો તેજ વિદ્યાભ્યાસમા અને અર્થ મેળવવામા આગળ પડે છે અમારૂ કેહેવુ એમ નથી કે જગતમા પદાર્થો થાય છે તે ખાવા નહિ ખાવા ખરા કેમકે અન્નાદિક વિના પ્રાણ રેતા નથી પણ પ્રાણપોષણમાટેજ ખાવાની રીતે ખાવુ પરતુ મારે અમુકજ વસ્તુ જોઇએ, તેવીના ચાલેજ નહિ, આટલુજ જોઇએ એવી આસક્તિ ન રાખવી અને એનેમાટે થઇને અમૂલ્ય વખત ગાળી નખાય તેમ ન થવુ જોઇએ જે ઇશ્વરેચ્છાથી આવી મળ્યુ તે ખાતેથી ખાઇ લેવુ અને પછી પ્રવૃત્તિ કે નિવૃત્તિનો જે ઉદ્યમ કરવો હોય તેમા ચિત્ત જોડી દેવુ આમ કરવાથી ઉત્તમ લાભ થાય છે લોલુપતા માત્ર અજ્ઞાન અને મૂર્ખતાનીજ છે કેમકે વિચારી જુવો તો કડવો લીંબડો પીધો હોય કે સાકરનો રસ પીધો હોય તો જીભને અડે એટલી વારજ કડવા મીઠા લાગે છે પેટમા ગયા પછી બન્ને સરખુ કામ કરે છે માટે ખોટી લોલુપતાને ઉદય ઇચ્છનારાએ તજી દેવી એવીજ રીતે બીજા રસોમા પણ લોલુપતા રાખવી નહિ કેમકે જો કોઇ જાતની ખોટી ટેવ પડી તો તે ઉદય પામનારને વિઘ્નરૂપ થઇ પડે છે અનુભવમાટે આ આખુ જગત છે તે જોઇ લેવુ અને તે ઉપરથી સદ્બોધ લઇ રસો આપણને જીતે તે પેહેલાં રસોને આપણે જીતી લેવા આમ થયુ એટલે આખુ જગત જીતાયુ એ કાંઇ બહુ કઠણ નથી જેઓ જીહ્વા આદિ રસને જીતનારા છે તેઓનેજ ધન્ય છે, અને તેઓજ જગના ગુરૂરૂપ છે

स्वार्थि लोकोने शी खबर छे ?

આખા જગતનાં પ્રાણીઓનો સર્વ કર્મના આરંભનો હેતુ તે એક સ્વાર્થજ હોય છે. સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ટ મનુષ્ય પણ સ્વાર્થનેમાટેજ સર્વ પ્રયત્ન કરે છે પછી તે સ્વાર્થ ગમે તે પ્રકારનો હોય અને તેમાંથી ગમે તે ફળ થાય. ગમે તે કામ કરીને માણસને સુખ મેળવવાની આશા હોય છે. એ સુખ મેળવતાં બીજા કોઇને દુઃખ કે અસંતોષ થતો હોય તો સ્વાર્થ સાધનારને તેની ખબર પડતી નથી અને કદી ખબર પડે તોપણ પોતાને તેનો અનુભવ નહિ થયેલો હોવાથી તે ઉપર દરકાર રેહેતી નથી. ભણ્યો હોય, ચતુર હોય, પ્રખ્યાત હોય પણ સ્વાર્થ સાધી લેવા વખતે તે તેવી યોગ્યતાનો કોઇ જુદોજ ઉપયોગ કરે છે. તેમાં વિચિત્રતા તો એ છે કે સ્વભાવના ફેરફાર પ્રમાણે નોખી નોખી રીતથી સર્વને સુખની ઇચ્છા રહે છે. અમે આગળ સ્વાર્થના ત્રણ ભેદ પાડેલા છે તે ત્રણેય સ્વાર્થવાળાને કશી ખબર રેહેતી નથી પરંતુ તેમાં ઉત્તમ સ્વાર્થવાળાને જે ખબર નથી રેહેતી તે તો અત્યંત પુણ્યરૂપ ફળને આપનારી છે માટે એ ઉત્તમ સ્વાર્થવાળને આ વિષયમાં વચમાં લેવોજ નહિ. સ્વાર્થ એટલે શું એમ જો વિચાર કરિયે તો એજ દેખવામાં આવે છે કે પોતાને અનુકૂળ પડતું આચરણ કરવું અને પોતાના સુખમાટે પ્રયત્ન કરવું એ પ્રયત્નમાં અને આચરણમાં પછી બીજાને અર્થની હાનિ થતી હોય, બીજાનું અંતઃકરણ કચવાતું હોય, ધર્મની હાનિ થતી હોય, પોતાના કે પરના યશમાં કલંક લાગતું હોય તોપણ ઉલટમાં આવી ગયેલુ મન તે જોતુંજ નથી. ઘોડાગાડી ભાડે કરીને બેસનાર માણસ અમુક સ્થળે સુખેથી પોચવાના સ્વાર્થમાં ઘોડો થાકેલો છે કે નહિ, તેને તડકો લાગતો હશે કે નહિ, તેનાથી ભાર ઉપડતો હશે કે નહિ, તેનો વિચાર કરતોજ નથી અને મુકામ આવે એટલે પૈસા આપી ઉતરી ચાલ્યો જાય છે. ઘોડાગાડીવાળો પણ પૈસા પેદા કરવારૂપ પોતાના સ્વાર્થથી આંધળો બની રાતે ઘાસ કે ચંદી પૂરૂં ખાવા આપ્યું ન હોય અને સવારમાં તેને ગાડીએ જોડી રાતના બારબજા સુધી હાકાહાક કરે છે અને ચાબુકના માર મારે છે. તે એમ નથી જાણતો કે ઘોડો ભુખ્યો થયો હશે, થાકી રહ્યો હશે, સામાન ખુચતો હશે, પીઠ તપી ગઈ હશે અને પડશે તો પ્રાણ નીકળી જાશે. એજ પ્રમાણે બધા વ્યવહારોમાં સ્વાર્થિઓ કાંઈ દેખતા નથી. स्वार्थी दोषं न पश्यति ।

એ કહેવતમા સ્વાર્થી દોષ જોતો નથી એમ કહ્યુ છે તે ખરાબર છે જોતો નથી એપણ ખરૂ અને દેખતો નથી એ પણ ખરૂ એક ધનિક કામકાજ કરનારો ચાકર રાખે તે દિવસ ઊગે ત્યારથી તે રાતના ૧૧ વાગાસુધી ધાણી ના બેલનાપેઠે કામ કર્યાજ કરતો હોય તોપણ શુ તે થાકી રહ્યો હશે, કે તેને વિશ્રામ દેવો જોઇએ તેનો વિચાર કયા કરેછે? કામ કરતા કાઇ સેજસાજ ચૂક આવી કે કહેલી જણસ ભૂલથી લેની મોડી હાજર કરી, કે શરીરમા આજારી થતા કાઇ કામ અધુરૂ રહ્યુ કે તેનાથી કાઇ ઉતાવળુ બોલાઇ ગયુ તો તેને ધમકાવી નાખેછે, પગારનો દંડ કરેછે, અથવા તો કાઢી પણ મેલેછે એ વખતે તેની પ્રાણપાથરીને કરવામા આવતી નોકરીપર જરાપણ વિચાર કયા કરવામા આવેછે? તેમા એટલો પણ બુદ્ધિમાન શેઠને વિચાર નથી આવતો કે થોડી પણ ચૂક ન આવે એવી જો અકલ તેનામા હોત તો તેજ શેઠ બનીને તમને ચાકર શામાટે ન રાખત? જેવી જેવી સ્થિતિ હોય તેવા તેવા પ્રકારના સ્વાર્થના રૂપ બધાય છે તેમ જેનો જેવો સબધ તેવા પ્રકારના પણ સ્વાર્થના રૂપ બધાય છે શેઠને ચાકર વચ્ચે, સ્ત્રી ને પુરૂષ વચ્ચે, બાપ ને દીકરા વચ્ચે મિત્ર ને મિત્ર વચ્ચે, ભાઇ ને ભાઇ વચ્ચે, અને બાકી સઘળા કામકાજના પ્રસગમા જેની સાથે જે કામ હોય તેને ને પોતા વચ્ચે જુદા જુદા પ્રકારના સ્વાર્થ હોયછે તેમા સબધપરત્વે જે સ્વાર્થ છે તે ઘણુ અશે સ્તુત્ય હોય છે સબધ વગરનો જે કાઇ કામ કરી નેનારો કે બીજો સ્વાર્થ હોય છે તેમા સ્વાર્થી કાઇ જોતો નથી કેટલાક તો સબધી સાથેના સ્વાર્થમા પણ આખ્યો મીચી રાખે છે કાકી મામી કોઇ રાધવા પેઠી હોય તેને પીરસતા વાર લાગે કે કાઇ કાચુ પાકુ થાય કે દાળમા વઘાર દેવો રહી જાય તો તરત રીસ ચડી જાય અને અકારા વચન બોલવા પડે, પણ રધાય કેમ અને પીરસાય કેમ? તેમા કેટલી કઠિનતા છે તેની તેને કાઇ ખબરજ પડતી નથી એ તો 'બસ આમ થવુજ જોઇએ' એટલુજ સમજે છે ઘરના માણસમાટે આમ હોય ત્યારે પગારદાર રાખ્યો હોય તેના શા હાલ સ્વાર્થીઓ કરે એ પ્રત્યક્ષ છે પોતાને આરામ જોઈએ, પોતાને સારૂ સારૂ ખાવાનુ જોઇએ, પોતાને વખતસર જોઇએ, પણ જેની પાસેથી પોતાને તે મેળવવાનુ હોય કે જેની પાસેથી કશુ કામ લેવાનુ હોય તેને તેમ જોઇએ કે નહિ તેનો વિચાર સ્વાર્થીઓને થતોજ નથી ગરીબ અવસ્થામા હજી પણ સુજે પણ તવગર અવસ્થામા તે કોકનેજ સુજતુ હશે એટલુ તો આપણે

કબુલ કરવું જોઈએ કે વ્યવસ્થાનેમાટે કેટલુંક રાખ્યાવિના નથી ચાલતું તો તેટલું ભલે હોય પરંતુ ગરજુ લોકોને પછી તેનો વિવેક રેહેતો નથી. આખા જગતમાંથી અહિંસાધર્મ નાશ પામ્યો તેનું કારણ પણ એજ છે. આપણે આપણી ભુખ તરશ મટાડતાં, આપણું સુખ સપાદન કરતાં, આપણું કામ કરાવતાં તે સબંધમાં આવેલાંને શું સંકટ પડેછે તે વિચાર અહિંસાધર્મનો નાશ થતાં નીકળીજ ગયો પછી સ્વાર્થી લોકો શું દેખે ? બીજાનું અપમાન થાય, બીજાને દુઃખ થાય, બીજાઓ મરાઈ જાય, કે બીજાઓને નુકશાન થાય તેની સ્વાર્થીને ખબરજ રેહેતી નથી. તે તો માત્ર પોતાનેમાટે કે બહુ. તો સ્ત્રીપુત્રનેમાટે કાળજી રાખી જોઇએ તે કામ કરાવી લે છે, અને સુખ મેળવી લે છે. તેમાં જે ન્યૂનતા રહી તેનેમાટે ન કરવાનું પણ કરેછે અને ન બોલવાનું પણ બોલેછે. મધ્યમ સ્વાર્થવાળાને જો અવિવેક હોય તો તે અધમ સ્વાર્થી જેવીજ રીતનો થઈ જાયછે. અધમ સ્વાર્થીની તો વાતજ શી કરવી. જેઓ જેની પાસેથી પોતાને સુખ લેવાનું હોય તેને તેની સ્થિતિ પ્રમાણે સુખી રાખતા શીખ્યા નથી તે મધ્યમ સ્વાર્થી હોય તોપણ અધમ સ્વાર્થી જેવાજ છે. સ્વાર્થી ગરીબ સ્થિતિનો હોય તો તેને નિરભિમાની થઈ પોતાનું દીનતાથી કામ કાઢી લેવાનું હોય, પણ સ્વાર્થી ધનિક હોય તો પોતાનાથી ઓછા ધનવાળા પાસેથી કે પોતાથી દબાતા માણસ પાસેથી કે પશુ પાસેથી ઉદ્ધતાઇથી કામ કાઢી લે છે. સ્વાર્થ સાધી આપનાર સ્વાર્થીને કેટલું દુઃખ છે તે નથી જાણતો અને સ્વાર્થી સ્વાર્થ સાધી આપનારને કેટલુ દુઃખ છે તે નથી જાણતો, એમ ઘણીવાર વ્યવહારમાં બનેછે ખરૂં પણ જો પાત્રો ઉલટ પાલટ થઈ જાય તો તેનો અનુભવ થાયછે. અહંકાર, અભિમાન અને આશા એ ત્રણ દુર્ગુણો સ્વાર્થીને દુઃખ આપેછે માટે ગમે તે કામના પ્રસંગમાં અહંકાર વિગેરે ત્રણે દોષનો ત્યાગ કરવો. જેવો જેનો સ્વાર્થ તેવી તે સ્વાર્થીની સ્થિતિ થાયછે અને તેવું તેને કામ કરવું પડેછે એ પણ સ્વાર્થની બલહારી છે. એથી એમ જણાય છે કે વિવેક વગરના માણસને અહંકાર, અભિમાન અને આશાએ ઉંચા ચડાવીનેજ લોકોને અધમતાના પાત્ર કર્યા છે. નહિ તો સારાં સારાં પાત્ર પલવારમાં કેમ વિપરિત ભાવ પામી જાય ? કૌરવોએ સ્વાર્થ સાધવામાટે છેવટ પોતાનો ઘાણ વળી ગયો એવાજ ઉપાયો કર્યા. જરાસંધને જીતવામાટે ભગવાન જેવાને પણ ભિક્ષુકનો વેશ ધરવો પડ્યો. દેવકીજીને બચાવવામાટે તેના બાલકોને

કસ પાસે વસુદેવે લઇ જવા પડ્યા એમ સ્વાર્થમાટે દેખતા છતા આધ ળુ થવુ પડેછે અને ક્યાક થઇ પણ જવાય છે કોઈ વાત, કોઈ વિચાર, કોઇ કામ, કોઈ પ્રસગ, કોઇ વખત, સ્વાર્થ વગરના છેજ નહિ પણ તેમા સ્વાર્થિએ આગળ પાછળ ધ્યાન પોચાડવાની જરૂર છે કે જે ઘણા સ્વાર્થિ- ઓના હોતુ નથી સ્વાર્થ સાધતા પણ જો વિવેકદૃષ્ટિથી જોવામા આવે તો એમાથી પરિણામે સુખ થાયછે અને તેમ ન હોય તો વ્યવહારમા ઘણી વાર દુ ખ આવી પડછે અને ધારો કે કદી ગમે તેમ કરીને અહીં ધાર્યા પ્રમાણે સુખ મેળવતા દુ ખ ન થયુ તો પરમેશ્વર પાસે તો તેનો જવાબ આપવો પડે એમ માનવુ કાઇ અયોગ્ય નથી મધ્યમ સ્વાર્થ તો બહુ સારો કેમકે જેમા કાઈક અદલો બદલો હોય છે અને કાઇ બીજાની ગરજ રે છે પણ અધમ સ્વાર્થ તો બહુજ ભુડો છે ચોરી કરનાર ચોર જેનુ ધન જાય તેને કેટલુ દુ ખ છે તે શુ જાણે ? હિસા કરનાર લોક જેના પ્રાણ જાય તેને કેટલી પીડા થાય તે શુ જાણે ? બીજાનુ ખોદી કાઢી પોતે એમ લ ાર કે શેઠ બને તેને જેનુ ખોદી કાઢ્યુ હોય તેને શુ દુ ખછે તે તેને શી ખબર પડે ? આમ ને આમ મધ્યમ સ્વાર્થમા પણ કેટલાક સામાન્ય વ્યવહારમા તેમ બનતુ જોવામા આવેછે એ ઉપરથીજ એમ કહેવાય છે કે સ્વાર્થીને કાઇ ખબર નથી ખબર પડે એટલે તો તે પરમા ર્થીજ થાયછે પણ અહો સ્વાર્થની વિચિત્રતા એવી છે કે ગધેડુ જેમ પોતા ઉપર ભરેલા ચદનને ભારરૂપજ સમજે છે તેમ સ્વાર્થથી મૂર્ખ બનેલાને પણ વિદ્યાભ્યાસ અને વિનયવિવેક ભારરૂપજ થાયછે એ ઉપરથી સ્વાર્થી મા ણસ જેવો જેવો સ્વાથ તેવા તેવા રૂપનો બનેછે કોઇપણ જાતિની પોતાની કામના તે સ્વાર્થ છે તે સિદ્ધ થાય એટલે સ્વાથ સર્યો કહેવાય છે ગુણ, સ્વભાવ અવસ્થા અને સ્વાભાવિક ધર્મપ્રમાણે અનેક પ્રકારની કામનાઓ થાયછે એ કામનાઓજ અવિવેકને શીખવે છે અને સ્વાર્થી પોતાનુ રૂપ ભૂલી જાય છે સ્વાર્થીનો સ્વાથ સિદ્ધ થવો એ દૈવાધીન હોય તો છેવટ નિરાશ થતા દીન બની જાય છે મોટા ચક્રવર્તી હોય તોપણ તે પામર પ્રાણી જેવો બનેછે જો કોઈ પણ મનુષ્યને સ્નેહી સબધી કે ચાકર પાસે થી સ્વાર્થ સિદ્ધ થવાનો હોય ને તેમા ન્યૂનતા રહે કે સિદ્ધ ન થાય તો ક્રોધ આવેછે કામનો અને ક્રોધનો વાસ થયો એટલે લોભ પણ સાથેજ આવે છે પછી મોહ કે મદમત્સરની વાતજ શી કરવી ? જગતમા જો કોઇ વિ

ચાર કરતું હોય તો ખબર પડે કે આ તે શું સ્વાર્થ કેવાય? નામમાત્ર સ્વાર્થ છે, બાકી તેનું રૂપ અને પરિણામ તો અનર્થરૂપજ છે. માટે જેથી અનર્થ થાય તેવી કામનાઓ અને તેવાં કાર્યો તજી દેવાં જોઇએ. એમ કરે તેજ પોતાનો સ્વાર્થ સાધે છે અને તેજ કદિ આંધળા હોય તોપણ દેખતા છે:

पुनरुद्वाहविषे विचारना एक पत्रनो प्रत्युत्तर.

[સબંધ પાને ૨૫૬ થી]

એ બધું આપણે આપણી મેળે કરિયે છિયે અને આપણી મેળે માનિયે છિયે. જો સમજણ હોય તો ગૃહસ્થ થયા પછી પણ ઈશ્વર ભજાય એમ છે અને વખત પણ છે. જેને સમજણ ન હોય તે પેહેલી અવસ્થામાં ગૃહસ્થ થયા પછી પણ ઈશ્વરને ભજી શકતા નથી. ઈશ્વરભજન કાંઇ સાંસારિક સ્થિતિની સાથે સંબધ નથી રાખતું. પોતાના મનનીસાથે સંબંધ રાખેછે. ઈશ્વરને ભજવાની રોજની બે ઘડી ઘણી છે. બાકીના વખતમાં નીતિથી અને પવિત્રતાથી ચાલતાં પણ ઈશ્વરભજનજ થાયછે એમ માનવું. પેટ ભરવાની પંચાત પ્રારબ્ધી હોય તેને કાંઈ પડતી નથી. અને પ્રારબ્ધી ન હોય તો એક પોતાના પેટ માટે પણ હજાર પેટ ભરવાના જેટલો શ્રમ કરે ત્યારે ભરાયછે તે તો તમે પણ નજરે જુવોછો. તમે જાણો કે માણસ આવેછે તે પોતાના પ્રારબ્ધને પણ સાથે લેતું આવેછે. માટે સંબંધમાં આવેલાનું રક્ષણ કરવું જોઇએ, પરતુ તેનેમાટે ચિતા કે હાયવોય કરવી તે અવિચારનું કામ છે. આમ રાખીને નિશ્ચિંત થઈ 'દેવ જોડાનો' દાખલો ખુશીથી રદ કરી શકાયછે. અને જો સમજણ ન હોય તો પોતાનો એક દેહ નભાવતાં પણ તેનેમાટે કરવાનાં પ્રયત્નો પણ ઈશ્વરભજનમાં દેવજોડાના દાખલાને ભુલાવતાં નથી. સંગથી દૂર રેહનારને એકલી સ્થિતિમાં તેમ નથી બનતુ એ વાત વાંધાભરેલી છે અને જો તેમ સત્ય માનતા હો તો ગૃહસ્થથી પણ સંગથી દૂર રહી તેવી સ્થિતિનો અનુભવ કરી શકાય છે. તમે પોતેજ કબુલ કરોછો કે વિષયમુક્ત મન હોય તો બધન નથી આપતું તો તેનેજ અમે અસંગપણું કહિયે છિયે ત્યારે પછી ઉપરના દેખાવમાં તમને શો વાંધો આવેછે? આપણી પણ સમજણની ન્યૂન્યતા અને અભ્યાસનું ઓછાપણું આપણને નડવાનો સંભવ છે અને તે

તમને તો હમણાજ નડવા લાગ્યુ છે ત્યારે પછી કેમ નહિ નડે ? ભાવિની ખાતરી નથી માટેજ જે સ્થિતિમા કોઈ દિવસ કોઇ કેહેણ ન આવે એવી સ્થિતિનેમાટે અમે આગ્રહ કરિયે છિયે દશા છે તેજ નિદ્રાનુ પાન છે તે ખરૂ છે પરતુ તેનેમાટે કાળજી ન રાખવી એમ કાઇ સિદ્ધ થતુ નથી કેમકે દશાની નિદ્રા છે તેજ પુરૂષની નિદ્રા છે સારા માઠાની અસર દશાને નથી થતી પણ માણુસના મનને થાયછે આ બાબતમા કાઇ અટકવાનુ પણ નથી અને ન અટકવાનુ પણ નથી તોપણ તમે તેમ માનોછો માટે અમારે કેહેવુ જોઇએ કે તમે જે સ્થિતિ અગીકાર કરવાના છો તે સ્થિતિજ 'અટકવુ' છે કેમકે તમે અટકી બેઠા છો અમે કહિયે છિયે તેજ સ્થિતિ 'અટકવુ' નથી એમા જે કરવુ હોય તે સુખસાધન થઈ શકેછે

વિષયો અને કલિકાળની પ્રબળતા દેખાડી તમે અમારી સૂચનાનો અનાદર કરોછો પણ તે ઉપરથી તમારેજ સમજવુ જોઇએ કે જ્યારે એટલી બધી તેની પ્રબળતા છે અથવા તમે માની છે ત્યારે તે એકલી સ્થિતિમા તમને સુખે રેહેવા દેશે એમ શી ખાતરી ? સમજુને બેય માગ સરખા છે અને અણસમજુને બેય માગ દુખરૂપ છે સસારના વિષયો પાણી જેવા નહિ કલ્પતા ગારા જેવા કલ્પોછો તે વાજબી છે ગારામા કમળનુ પાન પડે તો ગારોજ થઈ જાય તેપણ ખરૂ પણ તે દ્રષ્ટાત પ્રમાણે કાઈ આપણે પરતત્ર નથી વિષયોને ગારારૂપ નથવા દેવા અને આપણે પાદડારૂપ નથવુ એટલે એ સદેહ એનીમેળે નિવૃત્ત થાય વિષયને ગારારૂપ મટાડવા હોય તોપણ તે આગ્રહ રાખવાથી નથી મટતા, નિરાગ્રહ રેહેવાથી મટેછે અને તેમા માત્ર વૃત્તિના ફેરફારનીજ જરૂર છે જે કામ ડુગર ખોદના જેવુ તમને થઈ પડયુ છે તે કામ વૃત્તિની સહાયતાથી સેહેલુ થઈ પડે તેમ છે માટે હુ વ્યવહારમા હતો, હવે નથી, હવે વળી વ્યવહારમા પડુછુ, એ સવ કલ્પના મેલી દઇ પરમપદનોજ વિચાર કરવો એટલે ગમે તે સ્થિતિ તમને બાધ નહિ કરે તમે જો વ્યવહારમા નથી તો કાઈપણ સ્થિતિમા નથી અને જો છો તો ગમે તે સ્થિતિમા હશો તોપણ વ્યવહારમાંજ છો વ્યવહારમા રહી વ્યવહાર વગરનુ રેહેવામા જગત શુ માને માટે વ્યવહાર તજી દેવો એ તો તમારો સાવ ઉલટો વિચાર છે, કેમકે લોકો વ્યવહારમા લેખે કે તેથી બહાર લેખે તે બેય વાતમા કશી હાનિ નથી માટે તે પ્રમાણે રહીને બેય સ્થિતિનો અનુભવ કરશો તો થઈ શકશે જે કાઈ કરવુ

છે તે પોતાના લાભમાટે કરવું છે, કાંઇ બીજાનેમાટે કરવું નથી. તોપણ લોકોના પવિત્ર વ્યવહારને અનુસરીને પોતાનું હિત જળવાતું હોય ત્યાં-સુધી તેથી વિરૂદ્ધ થવાની જરૂર નથી. જ્યારે જડના જેવી દશા થઈ જાય ત્યારેજ આ કાળજી એનીમેળે જતી રહે તો ભલે. પણ તમે તો વ્યવહારમાં રહ્યાછો માટે તમારે સર્વ વિચાર કરવાની જરૂર છે. અને તેથી જોકે જન-કાદિક જેવા તો જનકાદિક હતા તોપણ તે દાખલા ગ્રહણ કરવા એ તમારે ઉપયોગના છે, કેમકે તેથી વિપરીત ચાલીને પણ તમે તેવી નિર્મળ સ્થિતિને પોચી શકો એનેમાટે અમને મોટો સંદેહ છે. અને તે તમારા આદ્યંત લેખ ઉપરથી જણાય તેમ છે.

લોકો તો અનાદિકાળના અભ્યાસથી અનેક ઉપાધિ અને દુઃખ છતાં વ્યવહારમાં આસક્ત થાય, કેમકે પ્રમાદરૂપ મદિરાથી તે ગાડાં બનેલા છે. આ વાતનો અમે અનાદર નથી કરતા, પણ તમને જે કેહેવામાં આવેછે તે સંસારમાં આસક્ત થવાનું કેહેવામાં આવતુ નથી, માત્ર ચાલતો વ્યવહાર ચાલવા દેવાનું કેહેવામાં આવે છે. વ્યવહારમાં દુઃખો હોય તોપણ ભલે અને ન હોય-તો પણ ભલે. દુઃખો હશે તો તેને ભોગવનાર હશે તે ભોગવશે. તમને સુખ પણ ક્યાં છે અને દુઃખ પણ કયાં છે? તમે સમજુ છતાં વ્યવહાર ઉપાધિરૂપ અને દુઃખરૂપ માની તેમાંથી તેવુંજ અનુભવવા માંડયું, તેના કરતાં તો અજ્ઞાન લોક સારા કે અણસમજુ છતાં પણ મોહરૂપ મદિરાથી ભ્રમિત થવાનેલીધે કશા ત્રાસને સમજતાજ નથી. ગમે તો અનાદિનો અ-ભ્યાસ હો કે ન હો પરંતુ આખા જગતની પ્રવૃત્તિ સંસારતરફ વળેછે એ તો તમે પણ જાણોછો. આખું જગત્ મોહને વશ છે તો તેમાં આપણે આવી જાઈએ એ તો સ્વાભાવિકજ પ્રાપ્ત છે. કેમકે નહિ તો ભર્તૃહરિનું વાક્ય પરિ-પૂર્ણ લાગુ પડે નહિ. ભાઈ! મોહ થવો મટવો એ સમજણ ઉપર છે. ક્રિયા કરવી કે મેલી દેવી તેમાં કાંઇ મોહ થતો કે મટતો નથી. ખરૂ જોશો તો વ્ય-વહારના ચક્રમાંના વેગમાં આવી જઈ ત્રાસ ન ઉપજે એવી સ્થિતિ હોય તેજ સારી કેહેવાય. એક સાવ મૂર્ખ હોય તેને ત્રાસ ન થાય અને એક સાવ સમજુ હોય તો ત્રાસ ન થાય, માટે સઘળું સમજીને ત્રાસ માત્ર દૂર કરવો એ તો વધારે સારૂં છે. તમે જાણોછો કે સમજુ ને કશું ત્રાસ પામવા જેવું નથી. વ્યવહાર અસત્ય છે, તેથી થતો ત્રાસ પણ અસત્ય છે અને જેને ત્રાસ થાય તેપણ અસ-ત્ય છે, તો એ અસત્યનેમાટે વિવાદ કરવો એપણ અસત્યજ કેહેવાય. આ વાત

પરમાર્થની છે અને પરમાર્થની સમજણ માટેજ સમજવાની તમારે જરૂર છે કે જેથી સીંદરીમાં સર્પની ભ્રાંતિનીપેઠે તમને થતો જુનાનો જે ભય આપે છે તે નિવૃત્ત થાય ભર્તૃહરિનું બીજું વાક્ય વૈરાગ્યજનક લખ્યું તે ખરેખર તેવુંજ છે ત્યાં પણ મોહની પ્રબળતાજ દેખાડી છે અમારૂં કેહેવું એ છે કે જ્યારે મોહની એટલી પ્રબળતા છે ત્યારે તે વિષયે બાથ ભીડવાથી શું વળવાનું? જુઓ વિચાર કરો કેમકે વિચારરૂપ શસ્ત્રથીજ આ ગુંચવણ ભરેલી ગ્રંથિ કપાય તેમ છે શારિરિક બળનું કાંઇ અહિં કામ નથી પતંગ દીવામાં રૂપવિષયની આસક્તિથી પડેછે ખરેખર તેને તે વિષયની આસક્તિથીજ બળી મરવું પડેછે, પરંતુ તે જીવોને આ અગ્નિ છે એવી ખબર હોતી નથી પાસે જવાથી તાપ દૂર થાય કે દૂર જવાથી દૂર થાય તેની તેને ખબર નથી અજવાળાથી અંતઃકરણને આકર્ષણ થવાનેલીધે તે તેમાં પડેછે તેમજ મત્સ્ય પણ આ પદાર્થ ખાવાનો છે, એમાં લોઢાનો કાંટો છે વિગેરે નહિ જાણવાથી લોટ લેવા જતાં બડીશ વાગતાં પ્રાણરહિત થાયછે આ સ્થિતિ અતિ અજ્ઞાનપણાનેલીધે થાયછે જો તેઓ સામાન્યરૂપ અને રસવિષયમાં લાગ્યા હોત તો તેમ મરણ નિપજત નહિ, પરંતુ સ્વભાવને નહિ જાણવાને આ તે સામાન્ય કે આ તે વિશેષ એવી ખબર ન પડે તેવી તેઓની તેવી દશા થાયજ તેઓ નથી જાણતા તેથી તેમ થાયછે અને આપણે જાણિયે છિયે તોપણ એકને બદલે પાંચપાંચ વિષયોને ગ્રહણ કરિયે છિયે અને હાથે કરિને વિપત્તિ વોરિયે છિયે એ મોહનો મહિમા છે તે ખરૂં છે અમને તો આશ્ચર્ય લાગે છે કે અનેક જન્મની વિષયતરફ વળવાની પ્રવૃત્તિ સર્વ પ્રાણીઓની છે તેમાં તમે પણ હોવા છતાં તમે સર્વના કરતાં વિરૂદ્ધ વિચારના શી રીતે થયા!! હશે પણ અમે એ તમારૂં વર્તન કાંઇક સારૂં ફળ દેખાડનાર સમજીએ છિયે આ ઠેકાણે હવે કેહેવાનું એટલુંજ છે કે તમારી વૃત્તિ આ આસક્તિવાળી છે તે તેમને તેમ રેહેવા દઇ તેનો તિરસ્કાર કરવાનું છોડી દ્યો એટલે પછી કાંઇ કરવાનું નથી અને હોય તો દયા, મૈત્રી, પરોપકાર, દાન, ઈશ્વરારાધન, વિગેરે છે તેમાં પ્રવૃત્તિ રાખવી અને તે સાધનપૂર્વક સ્વરૂપના સમજણ મેળવવી તમને ખબર છે કે શરીર ધારણ કર્યું છે તેજ વિપત્તિનું સ્વરૂપ છે તેને તમે કેમ નથી છોડતા? જો શરીર છોડાતું નથી તોજ તો ચાર પુરૂષાર્થનું સાધન માની બેશી ખેદ નથી કરતા તેમજ શરીરને અંગે વિષયો પછવાડે લાગ્યાજ છે

અને તે છોડાતાજ નથી ત્યારે તેને છોડવાનો વિચાર મેલી દઈને પુરૂષાર્થના સંબંધમાં ઉપયોગી લેખી તેનો વિચારજ છોડી દેવો એ કાંઇ રીતે અયોગ્ય નથી. એટલું છે ખરૂં કે અતિ પરિચય બંધનરૂપ છે. જો તે વાત તમારે અંગીકાર ન કરવી હોય અને વિષયોને નહિ છતાં પણ વિપત્તિની જાળરૂપ માની બેસવું હોય તો સર્વ ખાવું પીવુ આદિ વ્યવહાર છોડી ધો એટલે પછી અમારે કાંઇ કેહેવાનુંજ નથી. સંપૂર્ણ

શેઠ કરશનદાસ હલ્લુનો સ્વર્ગવાસ.

લખવાને ખેદ ઉત્પન્ન થાય છે કે શેઠ કરશનદાસ ગયા પ્રથમ ભાદ્રપદ શુદી ૧૧ સોમવારને રોજ ૭૦ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયા છે

તે ગ્રહસ્થ ૧૮૭૯ ની શાલમાં જામનગરમાં જન્મ્યા હતા. સાત વર્ષની ઉમ્મરે તેનું મુંબઈ આવવું થયું. અહીં આવીને તેમણે સાધારણ કેળવણી લે ા માંડી તે સાથે વેપારમા પોતાના પિતાનીસાથે ધ્યાન રાખવા માંડ્યુ. જામનગરમા સુંદરજી શેઠ મોટા પ્રસિદ્ધ થઈ ગયા હતા તે શેઠ કરશનદાસના દાદા થાય. હલ્લુ શેઠ સાધારણ સ્થિતિ થવાનેલીધે મુંબઇ આવ્યા. પોતાના બે પુત્રો તેમને વેપારમા મદદગાર થઈ પડ્યા. શેઠ કરશનદાસ મોટા હતા તેની ઉમ્મર ૧૪-૧૫ વર્ષની થતા કાપડના વેપારમા તેનુ સારૂ ધ્યાન લાગ્યુ. અને તેવારમા તેમના લગ્ન પણ થયા. પોતાની ૪૦ વર્ષની ઉમ્મર થતા તેમના પિતા હલ્લુ શેઠ ગુજરી ગયા. પિતા ગયા પછી બન્ને ભાઇએ સાથે માથે કામ ઉપાડી લીધું. અને સારો લાભ મેળવ ા લાગ્યા ત્યારપછી આશરે ૧૯૨૫ની શાલમા તે બન્ને ભાઇએ જુદો વેપાર પાડી દીધો અને તેથી પોતે સ્વતંત્ર વેપાર કરવા લાગ્યા તેમા પ્રતિદિવસ લાભ થતો ગયો અને તેમા તેમને પોતાનાપુત્ર ગોર્ધનદાસ પણ સહાયકારક થઇ પડ્યા શેઠ કરશનદાસ પોતે ભલા હતા, એક માર્ગી હતા. નાથદ્વારા, દ્વારકા અને વ્રજની યાત્રા કરિ આવ્યા હતા તે પોતાની ચોથી પેઢી જોઇ પૂર્ણ અવસ્થાએ સંતોષ લઈ સ્વર્ગવાસી થયા એટલા ભાગ્યશાળી કેહેવાય. તે પોતે મરણ સમયે ધર્મશાળા વિગેરે ધર્મના ખર્ચ માટે(રૂા.૨૦૦૦૦) કાઢી ગયા છે, ૪૧૬૦ રૂપીયા પોતાના કુટુંબમા લીગેસના કાઢી ગયા છે. અને ૬૦૦૦ રૂપીયા મરણ સંબંધી ખર્ચ માટે કાઢી ગયા છે. ધર્મ ઉપર તેને પ્રીતિ હતી. તેમના સ્ત્રી પોતાની પેહેલાજ ૯ વર્ષ પેહેલા ચાલી ગયા હતા તે પોતાનો વહિવટ પોતાના પુખ્ત ઉમ્મરના પુત્ર શેઠ ગોર્ધનદાસને સોપી ગયા છે. તે શાંત અને ભલા છે. ઇશ્વરગતિ અકલિત છે એમ ધારી સ્નેહી સંબંધીઓએ સદ્વિચારમા મન જોડવુ તે શીવાય બીજો માણસનો કોઇ ઉપાય નથી.

વેદધર્મસભાને બક્ષીસ.

શેઠ ગોર્ધનદાસ કરશનદાસે, પોતાના પિતાજી શેઠ કરશનદાસ હલ્લુ પ્રથમ ભાદ્રપદ શુદી ૧૧ સોમવારે સ્વર્ગવાસી થયા તેની પાછળ દાનધર્મના નિમિત્તથી રૂા ૨૫ અંકે પચીસ આપ્યા તે પહોંચ્યા છે તે અનામત ખાતે જમે કર્યા છે તેના વ્યાજનો સદુપયોગ થશે સં૦ ૧૯૪૬ બીજા ભાદ્રપદ વદી ૧.

मणिरत्नमाला

(सपधपाने २६४ था)

जेम अधारी रात चार पहोरनी होय, ते रातनु अधारु सूर्य उगे त्यारज मटे छे, तेम उपर जे चार गुरु कह्या ते अधारी रातना चार पहोर जेवा समजवा अने पाचमा जे गुरु कह्या ते सूर्य जेवा समजवा ए गुरु मळे एटले अज्ञान पछी एनीमळे नाशी जाय छे अने ते शिवाय बीजा कोई अज्ञानने मटाडी शकता नथी * जेम सूर्य उगे ने अधारु जाय ने पछी कमळ उघडे तेम ब्रह्मगुरु मळे तो तेना बोधथी अज्ञान जाय ने पछी ज्ञान रूप कमळ उदय थाय श्रीगुरुगीतामा कह्यु छे के—

सर्वश्रुतिशिरोरत्ननीराजितपदानुज ।
वेदाताबुजसूर्याय तस्मै श्रीगुरवे नम ॥

सर्व मोटी मोटी श्रुतियो जेने चरणे छे अने वेदातरूपी कमळने उघाडवामा सूर्य जेवा छे ते गुरुने हू नमस्कार करुछु

साराश ए के एवा अज्ञानने मटाडी ज्ञानने आपनारा वेदात जाण नार गुरुनी कल्याणमाटे उपासना करवी सिंदूर प्रकरणमा कह्यु छे के—

निदलयति कुबोध बोधयत्यागमार्थ
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
अवगमयति कृत्याकृत्यभेद गुरुर्यो
भवजलनिधिपोतस्तद्विना नास्ति किंचित् ॥

आपणना मनमा जे नठारा बोध पेशी गया होय तेने टाळी नाखे, शास्त्रनो अर्थ समजावे सारी गति (मोक्ष) अने नरती गति (बध) ए बे यनो मार्ग जुदो पाडी समजावे, पाप अने पुण्य ए बेयने जुदा जुदा करी समजावे तथा करवानु अने न करवानु तेनो भेद जणावी दे एवो जे गुरु छे तेनाविना ससाररूप समुद्रने तरवानु वहाण कोई नथी

समजवानु ए के जे नठारा बोधने टाळे नहि, शास्त्रनो अर्थ जे सत्य होय ते समजावे नहि, सारि गति एटले मोक्ष अने नरति गति एटले बधनो मार्ग जुदो पाडी देखाडे नहि, पाप अने पुण्यने समजावे नहि अने आ करवानु छे अने आ करवानु नथी एम जे समजावे नहि तेवा गुरु होय तो

* ए चार गुरुमानो कोइ अथवा चारेय अज्ञानने टाळनार होय तो पाचमानी अपेक्षा रेता नथी

पण ते कशा कामना नहि. केमके ते कांई संसारसमुद्रमांथी तारी शकता नथी. जेओ तेवा नथी पण उपरना श्लोकमां लख्या छे तेवा होय तो ते संसारमांथी तारी शके छे माटे तेवा ज्ञानवान गुरुनी सेवा करवी. तेवा गुरुनी सेवाथी जे बोधवान थयेला होय तेने कशुं बाकी रेहेतुं नथी. सिंदूर प्रकरणमां कह्युं छे के—

स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यंजसा
यः श्रद्धाभरभाजनं निजपतेः पूजां विधत्ते जनः ॥

उपर कह्या तेवा पोताना गुरुनी जे श्रद्धाथी सेवा करे छे ते माणसने स्वर्ग घरनां आगणां जेवुं छे, सारी चक्रवर्त्ति राज्यनी लक्ष्मी दासी जेवी छे, सौभाग्यादि गुणनी पंक्ति पोतानी मेळे देहरूप घरमां आवी रहेछे, संसार तरवो सेहेल छे अने मोक्ष वगरमेहेनते हाथमां लोटे छे.

समजवानुं ए छे के उपर कह्या प्रमाणे संसाररूप समुद्रमांथी तारनार ब्रह्मवेत्ता खरा होय तेज गुरुपदने योग्य छे. अने तेवानी सेवाथी सारी गति मळे माटे तेनी सेवा करवी एम कह्यु छे. एटलुं आ स्थळे याद राखवानुं छे के पिता आदि गुरुए जोके ज्ञान कदि न आप्यु होय तोपण ज्यांसुधी शरीर होय त्यांसुधी गृहस्थे ते तिरस्कार करवा योग्य नथी. जे तेनो तलभार पण तिरस्कार करे के सेवा न करे ते महा पापी थाय छे माटे शास्त्रोनी आज्ञा प्रमाणे अने श्रेष्ठ लोकोनी परंपरा प्रमाणे ते गुरुओ सर्व प्रकारे मान आपवा योग्य अने सेववा योग्य छे. तेओ कदि बोधवाळा न होय ने तेना विचारो सारी गतिने अनुकूळ न होय तो ते तेने दुःख न लागे तेम सांभळी लइने पेटमां शमावी देवा पण तेनुं अपमान न करवुं अने बोधना विचारो जे सर्व साधनवाळा ब्रह्मवेत्ता गुरु होय तेपासेथी लेवा. एम सर्व रीते करीने पोतानुं कल्याण थाय तेम करवुं.

उपस्थिते प्राणहरे कृतांते
किमाशुकार्यं सुधिया प्रयत्नात् ।

वाक्कायचित्तै सुखद यमघ्नम्
मुरारिपादाम्बुजमेव चिंत्यम् ॥ २४ ॥

अर्थ

शिष्य–प्राणने हरनारो काळ आवे त्यारे रुडी बुद्धिवाळाए तरत शु प्रयत्न करवु?

गुरु–सुखने आपनारां अने यमने नाश करनारा परमेश्वरना चरणारविंदनु वाणी शरीर अने चित्तवडे चिंतवन करवु

टीका

प्राणने हरनारो काळ कोईने मेलतो नथी जे जे नामरूप उत्पन्न थाय छे तेनो अवश्य नाश थाय छे मोटा मोटा महीपतिओ अने क्षुद्र प्राणीओने मोत एकसरखी रीते असर करेछे ज्यारथी शरीरनु बीज वधायु त्यारथी तेने माथे मोतनो निश्चय थई चूके छे जन्मवाळा पदार्थ ज्यांसुधी न मरे त्यांसुधीज आश्चर्य मानवा जेवु छे बाकी मरे तेमां आश्चर्य पामवा जेवु नथी केमके मोत तो जन्मनी साथेज जन्मेलु छे भागवत दशमस्कंधमां वसुदेवजीए कंसने कह्यु छे के—

मृत्युर्जन्मवतां वीर देहेन सह जायते ।
अद्य वाब्दशतान्ते वा मृत्युर्वै प्राणिनां ध्रुव ॥

हे वीर! जन्मलेनारां प्राणीओने मृत्यु देहनी साथेज उत्पन्न थाय छे आज अथवा सो वरसपछी पण प्राणिओनु मृत्यु खरेखर छेज

आ वात प्रत्यक्ष छे आपणी नजरे पशु पक्षी झाड अने मनुष्योना मृत्युनो आपणने अनुभव थायछे कोई तावथी के कोई उधरसथी मुवो एम केहेवाय छे पण ते तो मात्र निमित्तरूप छे, बाकी खरु जोता प्रारब्ध प्रमाणे काळज सहुनो नाश करे छे आ काळ ज्यारे ओचींतो आवे त्यारे बुद्धिमान माणसे वाणी मन अने शरीरथी ईश्वरनु चिंतवन करवु केम के मोतना भयथी मुकावनार अने सुखने आपनार एज साधन छे शरीर वाणी अने मनने एक करीने परमेश्वरनु जे रटण कर्यु होय ते उत्तम सुख आप्याविगर रेहतु नथी अंतकाळ आवे त्यारे वचन तथा उपाधि आपनारा व्यावहारिक स्त्रीपुत्रमित्रादि पदार्थो

अने भारे भारे वैभवो के उद्यमोने अंतःकरणमांथी काढी नांखीने मोढेथी ईश्वरनां नाम जपवां, मन ईश्वरमांज लगाडवु अने शरीरनी क्रिया पण मन-वाणीने अनुकूळज राखवी. अर्थात् सघळां इंद्रियोने मन सहित ईश्वरमां जोडी देवां. ए मरवा वखतनुं बुद्धिमाननुं तरत करनानुं काम छे, जेथी उत्तम सुख थायछे. आवी रीते जे ईश्वरनी भक्ति नथी करता अने हाय फलाणुं रही गयुं, हाय हवे बधुं पड्युं रेशे एम मोढेथी ने मनमांथी हाय वोय करेछे ने मरतां सुधी ममत्वनी शिळाने गळे बांधी राखेछे तेने मोत कांई छोडतुं नथी. आवा अमूल्य शरीरने ईश्वरनी भक्ति कर्या वगर स्त्री, प्रजा अने धननी हाय वोय करतां छोडी देनारा गमे तेवा बुद्धिमान होय पण ते बुद्धिमान न केहेवाय अने तेने ईश्वरभजन विना सुख के सारी गति पण न थाय. माटे अंतकाळे जे कांई सारो बोध सांभळ्यो होय तेनुं मनन करवुं, पोताना रूपनो अनुभव करवो, मोढेथी ने मनमांथी ईश्वरनां तल्लीनपणेथी नाम लेवां अने तेज रटण राखवुं एज कर्त्तव्य छे

आ शिवाय अनेक प्रकारनां दान आपवां अने प्राणियोने संतोष उपजाववो, इत्यादि कर्त्तव्य छे ते स्वस्थ शरीर होय त्यांसुधी करी लेवानां छे.

के दस्यवः संति कुवासनाख्याः
कः शोभते यः सदसि प्रविद्यः ।
शांतेव का या सुखदा सुविद्या
किमेधते दानवशात् सुविद्या ॥ २९ ॥

अर्थ.

शिष्य—चोर कोण केहेवाय ?
गुरु—नठारी वासना.
शिष्य—सभामां कोण शोभे ?
गुरु—अति विद्यावाळो होय ते.
शिष्य—शांतिना जेवू सुख आपनार कोण छे?
गुरु—सुविद्या.

शिष्य–दान आपवाथी शु थये छे ?

गुरु–सुविद्य।

टीका

सघळी उपाधि तजी बेठेला पुरुषने कुवासना ए फासी दईने मारी नाखनारा चोरना जेवी छे महाज्ञानी पुरुषने कोई पदार्थमा देखवाथी के सांभळवाथी वृत्ति चोटी जाय तो, होय ते देह छूटया पछी ज्यां वृत्ति गई होय सा अवतार आवे आवी रीते ज्ञानीने पण अवतार लेवरावे तेनी वृत्तिनु नाम वासना केहेवाय ए वासना मोक्ष थवो तो रह्यो परतु वचमा लटकावी राखेछे बोधवानने एम थायछे त्यारे हजारो वासनामांज खुची रहेलानी तो वात पण शी करवी अहीं एक योगीनु दृष्टांत लखिये छिये —

एक कोई मोटो योगीश्वर हतो तणे पोतानो मृत्युकाळ आव्यो जाणीने शिष्यने आसन पवित्र करवानु कह्यु शिष्ये आसन पवित्र करी आप्यु ते उपर समाधि वाधवा बेठो सा सामे एक आंबाना वृक्षमा शाख वळगेली हती सा दृष्टि पडवाथी सा वासना लइ गइ आवी रीते शाखमा वासना जवाथी ते महायोगीने देह छुटता तेमा कीडानो अवतार लेवो पड्यो

आ प्रमाणे, चोरलोको जेम घणु धन कमाईने देश लई जता होईए ने मारगमा लुटी जाय छे ने वाटमा रखडता करी मेले छे तेम दुष्ट वासना पण घणी मेहेनते प्राप्त थयेला ज्ञानने निष्फळ करी परमानंद नहि पामवा दइने वचमा अवतार लेवरावी रखडावेछे माटे एना जेवो कोई दुष्ट शत्रु नथी म२पुरुषने केरी जोरामां आटलु बधन थयु तो पछी बीजा कृत्योने ते केम करेज ? कोई एम केहे के देहनां कृत्य देह करे छे एमा आत्माने काई बाध नथी तो तेवी रीते बोलनारानी साथे वात पण करवी नहि केमके एम जे बोले छे ते खरेखरा ज्ञानी नहि पण अज्ञानी समजवा देहना कृत्य देह करे छे एवु बोलीने नरकमां पडवा जेवा ने जन्ममरणना दु ख भोगववा जेवां कर्म करनारनो मोक्षनी इच्छा वाळाए संगज करवो नहि ने एवानी वातो पण सांभळवी नहि पोतपोतानी मळे समजीने वासनामात्रनो त्याग करवो कदी वासना पराणे खेंची जाय तोपण तेने रोकी राखवी जो ते रोकाय नहि तो पछी मोक्षनेमाटे बीजो उपाय नथी केमके गमे तेटला उपायो सा

थ्या होय पण जो कुवासना थाय तो सघळा नकामा थाय छे. साथे वाद करवामां, कोईने वादे हरावी देवामां के मोटी मोटी कथाओ हेवाथी मुक्ति नथी थती पण मुक्ति तो संशय वासना अने अज्ञान टळे त्यारे एनीमेळे थाय छे एटलामाटे ते टाळीने अहंग्रंथि, कर्मग्रंथि तथा संशयग्रंथिथी छुटायुं एटले पछी मोक्षज छे. कह्युं छे के--

मोक्षस्य नहि वासोस्ति न ग्रामांतरमेव वा ।
अज्ञानहृदयग्रंथिनाशो मोक्ष इति स्मृतः ॥

मोक्षनो क्यांई वास नथी के कोई गाम पण नथी. अर्थात् मोक्ष एटले कोई रेहेवानी जग्या के गाम नथी परंतु अज्ञानरूप हृदयनी गांठ गळी जवी तेनुं नाम मोक्ष केहेवाय छे.

समजवानुं एज के हृदयमांनी अज्ञानरूप गांठ गळे एटले मोक्षज छे. माटे अहंग्रंथि कर्मग्रंथि अने संशयग्रथी टाळीने तथा वासनारूप चोरने अळगा राखीने सुखेथी मुक्त थवुं. अंतःकरणनो संशय ज्यांसुधी न मटे त्यांसुधी मुक्त थयुं केहेवाय नहि. कह्युं छे के-

न मोक्षो नभसः पृष्ठे पाताले चान्यभूतले ।
संशयस्य क्षये चित्तक्षयो मोक्ष इति स्मृतः ॥

आकाशमां, पाताळमां, अथवा पृथ्वीना पड उपर मोक्ष नथी. परंतु संशय टळी जाय अने चित्त चिद्रूपमां लय पामे ते मोक्ष केहेवाय.

समजवानु ए के संशय टळे अने मन स्थिर थाय एटले सहज मोक्ष छे. वासना थवानुं कारण पण चित्तनुं अस्थिरपणुं छे माटे वासना न उठे एम चित्तने चिद्रूपमां लय करी देवु. कोईने शंका थाय के नठारी वासना ज्यारे कही त्यारे सारी वासना पण हशे तो ते वात सत्य छे. निर्मळ ज्ञान प्राप्त थई पोताना स्वरूपनो यथार्थ अनुभव थई अहंब्रह्मास्मि एवी अखंडाकार वृत्ति रेहे तेनुं नाम सुवासना. ए शिवाय जे कांई होय ते सघळी कुवासना समजवी. अहंब्रह्मास्मि एवी अखंडाकार वृत्ति थया पछी शरीरना धर्म रहे खरा पण ते देखवामात्र छे. जेमके लोढानुं तीखा दांतानु दातरडुं होय ते नित्य घास कापे छे, पण ज्यारे तेने पारसमणि अड्यो त्यारे ते लोढानुं मटी सोनानुं थई जवाथी ते घास कापवा आदि क्रिया करतुं नथी. मात्र आकृति दात-

रडा जेवी देखाय छे, तेम ब्रह्माकार वृत्ति थई एटले पछी तेवा पुरुषने इद्रियो देह होय त्यासुधी देखवामात्र छे बीजा अज्ञानिना इद्रियोनी पेठे आवा पुरुषना इद्रियो क्रिया नथी करता केमके एवा पुरुषो तो बधु ब्रह्ममय देखे छे तेमने बीजी भावना कशी रेहेती नथी, केमके जेने साक्षात्कार थयो तेमने बेहेवारनु कार्य काई स्फुरतुज नथी जे मुमुक्षु साधक होय तेमणे तो प्रमाणमात्र प्रवृत्तिथी साधनाकारवृत्ति राखवी जोइए अने तेज प्रमाणे वाणी राखवी जोईए साधनाकारवृत्तिविना परम लक्ष्यने पोचातु नथी जेम कोई पुरुषने सेतुबधरामेश्वर जावु होय तो ते पोताना गाममा बेठो बेठो, मजल, गाम, ठाम, ठेकाणा, तळाव, नदी, डुगर आदि बधा कागळमा लख्या होय ते वाची जाय ने सभारी राखे तेथी शु दर्शननु फळ थाय? जो गाममाथी चालीने तेमप्रमाणे मजल करी करी ते बधा पाछळ मूकतो जाय तो दर्शननु फळ थाय तेम शास्त्र भण्यो होय, शब्द सांभळ्या होय, सभा जीती होय एथी ज्ञाननु फळ न थाय ज्ञाननु फळ तो ए बधा साधनोमा अवळी रीते गुथाय नाहि तो थाय साराश समजवानो ए के पुरुषे ज्ञान थवामाटे सारा साधन करवा अने ज्ञान थयु एटले प्रवृत्ति एनीमेळे टळछे कदी कोई प्रमाणमात्र प्रवृत्ति रहे तो तेपण टळी जवाने मनमा विचारवु अने मनन करवु के आटला आटला साधन करिये छिये माटे आ जरा प्रवृत्ति छे ते क्यारे टळशे? आम करता पण एटली प्रवृत्ति न टळे तो बीजो मनुष्य देह पामी तेमा तेटली प्रवृत्तिनो नाश करी मुक्त थवु जेओए अनेक साधना कर्या होय तेमने काइक न्यूनता रही होय तो ते पाछो सारा मनुष्यना सा अवतरे छे श्री गीतामा कह्यु छे के—

शुचीना श्रीमता गेहे योगभ्रष्टोभिजायते ।
अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥

योगभ्रष्ट थयेलो पुरुष पवित्र श्रीमतोने घेर अथवा बुद्धिमान योगीओना कुळमां अवतरेछे

समजवानु ए के ब्रह्माकार वृत्तिमां कांइक न्यूनता रही होय तो मुक्त नहि थता अवतार लेवो पडे छे माटे तेवी वृत्ति थई जवा प्रयत्न राखवु पूर्ण ब्रह्माकारवृत्ति न थई होय ने हु ज्ञानी छु एम कहे तेने पूर्ण

ज्ञानी समजवा नहि. एवाओने ज्ञान थतुं नथी ने अनेक अवतार धरे अपरोक्षामां कह्युं छे के—

कुशला ब्रह्मवार्त्तायां वृत्तिहीनाः सुरागिणः।
तेप्यज्ञानतया नूनं पुनरायांति यांति च ॥

ब्रह्मनी वात करवामां हुशियार होय परंतु ब्रह्माकार वृत्ति न थई होय अने संसारमां प्रीतिवाळा होय तेपण आते अज्ञानपणावडे वारंवार जन्मे छे ने मरे छे (ए आगळ पण केहेवाई गयु छे.)

समजवानुं ए छे के ब्रह्माकारवृत्ति थया पछी कुवासना रेहेवी जोईए नहि. खावुं, पीवु, वस्त्र, आभूषण, प्रजा, नात, जात आदि अनेक पदार्थो कुवासनाना छे तेनेविषे जो मृत्युकाले वृत्ति रहे तो ते कुवासना केहेवाय. ए कुवासना न थाय तेनेमाटे पूर्ण ध्यान राखवुं जोईए. शास्त्रमां कह्युं छे के मरणे या मतिः सा गतिः (मरण समये जेवी मति थाय ते मति प्रमाणे गति थाय छे) आ वात घणी सूक्ष्मबुद्धिथी समजवानी छे भणवाथी ने शीखवाथी कदी निरंतर सारी वृत्ति रेहेती होय तोपण बहु हरखाई जावूं नहि. ज्यांसुधी वासना पूर्ण रीते शमी न होय त्यांसुधी तेने शमाववानां सघळां साधन कर्या करवां, केमके ए साधनवडे जो वासना वीराम पामी होय तो देह पड्या पछी जन्ममरणनुं दुःख रहे नहि. फकत उपर उपरना बोधथी ने वातो सांभळीने हुं ज्ञानी छुं एम कहे तो तेने पछी ज्ञान थतुं नथी. योगवासिष्ठमां लख्युं छे के वासना शम्याविना जे पोताने ज्ञान थयुं छे एम माने छे ते कुतरां जेवो समजवो. केमके ज्ञानी थयो एम मानी बेसे पछी ज्ञान थवानां साधन करे नाहि अने साधन न करे पछी वासना केम टळे? ए वासना एवी तो झीणी छे के तेने टाळतां घणी मेहेनत लागे छे. ते जो रही जाय छे तो सारी होय तो सारुं फळ आपे ने नरती होय तो नरुं आपेछे. मंडनमिश्रनी स्त्रीने शंकरस्वामीए कह्यु छे के :

वासना यदि भवेत्फलदात्री किं करिष्यति पुरी मम काशी।
व्यापको भवतिचेत्परमात्मा तारकः किमपि नोपदिशेन्नः ॥

जो वासना फळने आपनारी छे तो काशी पुरी मने शुं करशे? अने परमात्मा जो व्यापक छे तो संसारने तारवाना मंत्रनो अमने उपदेश नहि करे?

(अपूर्ण.)

આર્યધર્મપ્રકાશનો વધારો

देशी वैद्यविद्यानी उन्नतीमाटे एक खानगी सभा.

તા૦ ૨૮ સપ્ટેંબર ૧૮૯૦, સ૦ ૧૯૪૬ બીજા ભાદરવા શુદી ૧૫ ને રોજ વૈદ્ય પ્રભુરામ જીવનરામના ઔષધાલયમા દેશી ડાક્તરો અને વૈદ્યોની એક ખાનગી સભા સાજના ૪॥ વાગતા મળી હતી તેમા ડા. અભા મો રેશ્વર કુતે એમ. ડી, વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામ, ડા. ભાલચદ્ર કૃષ્ણ ભાટવ ડેકર, વૈદ્યરાજ જટાશકર વિઠલજી, ડા ખેર, વૈદ્યરાજ વાસુદેવ શાસ્ત્રી, વૈદ્ય રાજ ગણપતરામ ઈચ્છાપોરિઆ, વૈદ્યરાજ કાનજી કેવળરામ, વૈદ્યરાજ મૂળશંકર પુરૂષોતમ વિગેરે કેટનાક વિદ્વાન્ ડાક્તરો તથા વૈદ્યો આવ્યા હતા સભાનુ કામ શરૂ થતા વૈદ્ય પ્રભુરામ જીવણરામે જણાવ્યુ કે આપ સવને જે કારણમાટે આજે અહીં ભેળા કર્યા છે તે કાઈ નવુ કારણ નથી હુ મુબઈમા આવ્યો છુ તે વખતથીજ તે હુ સાભળ્યા કરૂછુ અને કેટલીકવાર વતમાનમા વાચ્યા કરૂ છુ આ તે એ કે “ કેટલાક દેશી વૈદ્યો કશુ જાણતા નથી અને લોકોને ઉલગા હેરાન કરેછે ” આટનુ બોલાય છે એટનુજ નહિ પણ કોઈ ગૃહસ્થને ઘેર વૈદ્ય જતો હોય ત્યા ડાક્તરનુ આવવુ થાય તો જાણે તેને ધમકાવી ના ખશે કે શુએ કરો એવો તિરસ્કાર ભરેનો દેખાવ કેટનાક કરેછે એ ડાક્તરોને આ મૂખ છે કે વિદ્વાન છે એમ ખબર હોતી નથી તેથી તે સઘળાને મૂખજ લેખી પાડે છે પણ એમ થાય એમા કાઈ નવાઈ નથી, કારણ કે વૈદ્યકખાતુ એવુ નમાલુ પણ થઇ ગયુ છે પરચુરણ ગાંધીયાણુ કરનારા ગાંધી લોકો પણ પોતાની દુકાનોમા ઓસડો માડી વૈદ્ય તરીકે પાટીયા મારેછે અને બીજાઓ પણ એ પ્રમાણે નેભાગ્યપણે લોકોને પડીકા આપવા લાગી જાય છે આમ થવાથી સારા માઠા સવ એકપક્તિમા લેખાઇ જાયછે આટલામાટે હવે આપણે સર્વેએ એમ કરવુ જોઈએ કે આ વિદ્વાન છે અને આ મૂર્ખ છે તે લોકોના જાણ વામા આવે અને દેશી વૈદ્યવિદ્યાને માનપૂવક કેટનાક જોતા નથી તેના પણ જાણવામા આવે આપણે જેમ આજે મળ્યા છિયે તેમ મળીને સભાઓ ભરી તે ઉપર ભાષણો આપવા જોઇએ વિવેચનો આપવા જોઈએ અને એમ કરીને આયવૈદ્યવિદ્યાને ઉત્તેજન આપવુ જોઇએ જેથી થોડુ જાણનારાઓ વધારે જાણતા શીખે આમ કરતા આર્યવૈદ્યવિદ્યાનો પ્રતાપ બહાર દેખાશે ઈંગ્રેજી પુસ્તકોમા જે વિદ્યા ડાક્તરો શીખેછે તે આપણામા મુદલ નથી એમ કેટલાક આપણા વૈદ્યો જાણતા હોય તો તેમ કાઇ છે નહિ આર્યવૈદ્યકમા પણ તેવિષે કેટલુક સારૂ લખ્યુ છે એમ હુ મારા અનુભવથી જાણુ છુ હુ જ્યારે મુબઇમા આવ્યો ત્યારે મારા નાતાદાર એક ગૃહસ્થની સ્ત્રીને જલોદર થયુ હતુ એ જલોદર ફોડીને પાણી

કાઢી નાખવામાટે એક ગોરા ડાક્તરને બોલાવ્યો. અને એ ગૃહસ્થનો હુ વિશ્વાસપાત્ર હોવાથી મને તેની પાસે રાખ્યો. ડાક્તર સાહેબ શસ્ત્રક્રિયા કરવા બેઠા તે વખતે હુ મ્હોદરનું પ્રકરણ કાઢી બેઠો હતો અને જે ક્રિયા તે કરશે તેમા અને આમાં મળતાપણું છે કે ફેર છે વિગેરે તપાસતો હતો. તે ઉપરથી મારા જાણવામાં આવ્યું કે સુશ્રુતમા લખ્યું છે તે સઘળું તેને મળતુંજ છે.

ઘણા ડાક્તરો દેશી વૈદ્યવિદ્યાની વિરૂદ્ધમાંજ છે તેમ છતા આજે આંહી પધારેલા દેશી ડાક્તરો અને વૈદ્યો વૈદ્યવિદ્યાનેમાટે કાઇ કરવાનુ કહેછે અને તેનું ઉત્તેજન ઈચ્છેછે માટે આપણે જો પ્રયત્ન ન કરીયે તો આપણી ભૂલ કેહેવાય. જે વિષય અંગ્રેજીમાં છે તે આપણામા નથી એમ નથી. આપણામાં પણ કેટલુક છે પણ તેનો અનુભવ મેળવવો જોઇએ. ભુલના સબધમા કહેતા હો તો તે સામાન્યરીતે બધાને થાયછે. વૈદ્યને થાયછે ને બીજાને ન થાય એમ કાંઈ નથી. તેના ઘણા દાખલા છે તે અહીં કેહેવાની જરૂર નથી. માટે આપણે સર્વેએ ભેળા થઈને ભાષણો આપવાં જોઇએ અને એ વિદ્યાનો વિચાર કરવો જોઈએ. તેમાં પણ જેમ ભાષા ભણવામાટે પાઠશાળા વિગેરે હોય છે તેવું કાંઇક થાય તો વૈદ્યવિદ્યાને વધારે ઉત્તેજન મળે. આવી બાબતમાં દ્રવ્ય જોઇએ તો હું ધારૂંછું કે કોઇ ગૃહસ્થોને સમજાવવાથી તે પણ આપણે મેળવી શકશું. આમ જો વિદ્યાના ઉત્તેજનમાટે નહિ થાય અને તમારા જેવા દેશી ડાક્તરો અને દેશી વૈદ્યો કાઇ નહિ કરે તો પ્રાચીન વૈદ્યવિદ્યાનો અસ્તજ થવાનો છે. બીજે ઘણા વિદ્વાન વૈદ્યો હશે પરતુ અમારા કાઠિયાવાડમાં તો એક વિઠ્ઠલભટજી કે જે આહી બેઠેલા રા. જટાશંકરભાઇ અને રા. ઝંડુભટજીના પિતા હતા તે જો ન થયા હોત તો વૈદ્યવિદ્યા હોતજ નહિ. કેમકે તેમના પુત્ર રા. ઝંડુભટજી, રા. બાવાભાઈ, વૈદ્ય રૂગનાથજી ઇદ્રજી અને હુ પોતે વિગેરે શિષ્યો જે કાઇ જાણીયે છિયે તે એની પ્રસાદી છે. પણ હવે વિશેષ વિદ્યાવૃદ્ધિનેમાટે આગળ વધવાની જરૂર છે. જો કશું પ્રયત્ન નહિ કરીએ તો રાજકીય ભાષાના જોરથી આ વિદ્યા નાશ પામી જશે. માટે પ્રાચીન ખજાનો આ વિદ્યારૂપી સાચવીને તેનો જેમ વધારો થાય તેમ કરવામા આપ દેશી ડાક્તરો અને દેશી વૈદ્યોના તનમનપૂર્વક આશ્રયની જરૂર છે.

રા. ડા. ભાલચંદ્રજીએ જણાવ્યું કે પ્રભુરામભાઈએ જે વૈદ્યવિદ્યાના ઉત્તેજનમાટે કહ્યુ અને તેનો અસ્ત થવાનુ કારણ કહ્યુ તે સર્વે આપણે સાંભળ્યું છે, માટે વધારે બોલવાની જરૂર નથી. હવે આ કામ કરવાને માટે પ્રથમ આ સભામા કોઇ પણ પ્રમુખ નીમાવો જોઈએ. અને એટલામાટે ડાક્તર અન્ના મોરેશ્વર કુતેએ અધ્યક્ષસ્થાન લેવાની અને સભા તરફથી આપવાની વિનંતિ કરૂંછું-આ દરખાસ્તને વૈદ્ય ગણપતરામે ટેકો આપ્યો હતો.

ડા. અન્ના મોરેશ્વરે અધ્યક્ષપણુ સર્વેની સમતિથી સ્વીકારતાં જણાવ્યું કે-રા. પ્રભુરામભાઈ મને ઘણા દિવસોથી આર્યવૈદ્યવિદ્યાવિશે કાંઇક વિચાર કરવાનું કહ્યા કરેછે. મારૂ કેહેવુ એમ થતું હતું કે એકલાથી કાંઇ કામ થતું નથી પણ સર્વે મળીને કરે તો થઇ શકે. આ ઉપરથી સૌએ એક દિવસ એકઠુ મળવાનો વિચાર જણાવેલ તે પ્રમાણે તેમની સૂચનાથી આપણે સર્વે એકઠા થયા છીયે. પરંતુ હવે શુ કરવુ એ વિષે કાંઇ સુઝે તેમ નથી. પૂર્વની વાતો જે જે કરિયે તે તે સર્વ ખરી છે. આગળના વિદ્વાનો એવા ઉત્તમ હતા પણ હાલ આપણે જ્યાં

પરાધી। શાસ્ત્ર પઢ્યા છિયે ત્યા સૂવાની વાતો કરવી તે તો વૃથા છે વળી વૈદ્યવિદ્યામા બે ભાગ પડેલા છે જેમા એક વૈદ્યનો અને બીજો ડાક્તરોનો રોગપરીક્ષા બેયની સરખી છે ડાક્તરો જે માર્ગે ચાલેછે તે આગગાડીના માર્ગ જેવો છે અને વૈદ્યો જે માર્ગે ચાલેછે તે આડમાર્ગ (ખાડા ખઇયાવાળો પગરસ્તો) છે આડમાર્ગ થવાના બે કારણ છે તેમા એક તો એ કે જે જે ઔષધો (દવા) જોઇએ તે તે ઔષધો (દવા) તૈયાર મળી શકતા નથી ડાક્તરો તેમ નથી થાતુ કેમકે તેને જોઇએ તેવુ કે મોઘુ ઔષધ (દવા) પણ બસો પાંચ ડ જોતુ હોય તો હમણા મળી શકે બીજુ કારણ એ કે ઔષધ મળવીજ કાઇ કાર્ય સિદ્ધ થતુ નથી કેમકે તે ગ્રન્થ શાસ્ત્રમા લખ્યા પ્રમાણે ઓળખી શકાતા નથી તેથી પ્રયોગો સિદ્ધ નથી થતા वृक्षास्तुवरका नाम એ શ્લોક વાગ્ભટનો દેખાડી કહ્યુ કે આવા તુવરક એટલે શુ એ હુ તમોનેજ પુછુછુ ગામમાટે મેં શ્રમ કર્યા છે પણ કાઇ થયુ નથી આમ સિદ્ધ કરવાના પ્રયોગોમા ગોટાળો ચાલેછે વળી નોખા નોખા પુસ્તકોમા એકના એક પ્રયોગની જુદી જુદી રીત હોય છે તેનો સમન્વય થતો નથી એક હિંગ્વાષ્ટક વાગ્ભટનુ જુદુ, યોગરત્નાકરનુ જુદુ ભાવપ્રકાશનુ જુદુ શારંગધરનુ જુદુ, એમ હોય છે ત્યારે હવે આપણે તેમાનુ કયુ વાપરવુ? વૈદ્ય કયા ગ્રંથનો અનુયાયી છે તેપણ તેમાથી જણાતુ નથી કેટલાક વૈદ્ય એક પ્રયોગ એક ગ્રંથનો લે છે અને બીજો બીજા ગ્રંથથી પસંદ કરેછે આવી રીતે આયુર્વેદવિદ્યા આડમાર્ગે જેવી ગેહેલી થઈ ગઈ છે તેને તેની મટાડવાનેમાટે રા. પ્રભુરામભાઇનુ કેહેવુ છે પણ તે શી રીતે થઇ શકે એમ સમજ થાય તો તેનો ઉપાય એ છે કે આપણે ભેગા થઇને એક ગ્રંથ લઇને તે ભણવો નોખા નોખા પ્રયોગોનો સમન્વય કરી તે પત્રદ્વારા બહાર પાડવા પરંતુ આમ પણ કેટલા દિવસ ચાલી શકે? કેમકે આ તણે પરત ન પળ્યા ત્યો તેમા વળી મૂર્ખ પળ્યા ત્યા શો ઉપાય? આ વિષે આપ સર્વને યોગ્ય લાગે તે તે બોલો અને વિચાર કરો મારા બોલવાથી કોઈને અયોગ્ય લાગ્યુ હોય તો તેનેમાટે ક્ષમા માગુ છુ

રા. વૈદ્ય પ્રાણશંકર ઇચ્છાપોરીયાએ જણાવ્યુ કે આપણી જુની વિદ્યા મૃતપ્રાય થઇ છે તેને સજીવન કરવાની આ કાળમા જરૂર છે પણ તે નાના સુના પ્રયત્નથી સફળ થાય તેમ નથી

રા. વૈદ્ય જટાશંકરે કહ્યુ કે આ કામ કરવામા હમણાનો વખત ઠીક સારો છે સાત વરસ પર જે દ્રવ્ય કોઇ ખોતુ જાણતુ તે દ્રવ્ય હવે જેટલુ જોઇએ તેટલુ મળેછે પણ એ ગ્રન્થ એટલા છે કે અભ્યાસ કોઇ કરતુ નથી અને ઉદ્યમમા કોઇને પ્રીતિ નથી જો કોઈ ઉદ્યમ કરે તો સઘળુ થઇ શકે એમ છે

રા. વૈદ્ય પ્રભુરામે જણાવ્યુ કે મૃતપ્રાય થયેલી વિદ્યા પ્રયત્ન કરશુ તો ઉદરશે પણ ઉપેક્ષા કરશુ તો ઉદ્ધારને બદલે નાશ પામશે માટે મોટા નાના સહુએ પ્રયત્ન કરવુ એકલા મોટા કરે તો થાય એમ કાઇ નથી क्षणशः कणशश्चैव એ શ્લોકપ્રમાણે થોડુ થોડુ પણ કાંઇ કરશુ તો તેથી કાંઇક સારૂ ફળ થશે ટીટોડી એ નાનુ પક્ષી છે તેણે પોતાના ઉદ્યમથી સમુદ્રને શુરો દીધો હતો એ દાખલો હુ યાદ આપુછુ રોજના પ્રયત્નથી આ કાળ

જતાં જતાં જુવો અગ્રેજો કેવા હતા અને હવે આખા ભરતખડના રાજા થઇ બેઠા છે. તેમ આપણે પણ વિદ્યામાટે થોડુ થોડુ પ્રયત્ન કરશું અને આપ સર્વ જો સહાયભૂત થશો તો જરૂર તેનો ઉદય થશે અને તેમ કરવાનો આ સમય પણ છે.

રા. ડા. ભાલચંદ્રે જણાવ્યું કે— હમણા અધ્યક્ષ સાહેબે જે સૂચના કરી તે અતિ ઉત્તમ છે અને તેમણે જે અગવડ દેખાડી છે તે પણ ખરી છે. પૂર્વની યોગ્યતાની પ્રશંસા કરવી એ આપણો વખત ખોવા જેવુ છે. રાજ્યસત્તાનેલીધે ઇંગ્રેજી વિદ્યામા તેજ છે તે સર્વના જાણવામાં છે. પણ હુ ધારૂછું કે ઉત્તમ માર્ગ લેવા'થી આર્યવિદ્યામાં પણ તેજ આવી શકે તેમ છે. આપણે પરસ્વાધીન અને મૂર્ખ પડ્યા છીયે એ વાત પણ ખરીજ છે, તે શીવાય સર્વ પુસ્તકોના નોખા નોખા મતો છે તે પણ પ્રત્યક્ષજ છે. આ સર્વમાથી પરાધીનતા જે છે તે તો કાઇ ટળી શકે તેમ નથી બાકી નોખા નોખા મતભેદો છે તેની તો એકવાક્યતા થઇ શકે તેમ છે. અને દ્રવ્યાદિક સહાય પણ આ સમયમા કાઇક મળી શકે તેમ છે તે વાત પ્રથમ થઇ ગઈ છે. માટે વૈદ્યો અને ડાક્તરોની સભા મેળવીને વિચાર ચલાવવાથી તેમાથી સારો માર્ગ જડશે. અને વધારે ખાતરી તેની એ છે કે, રા. ડા. અન્નાએ આ સભાનુ અધ્યક્ષપણું કબુલ કર્યુ છે તો હવે એકે અડચણ રેહેવાની નથી. સર્વેએ ભેગા થઇ આ વાતપર લક્ષ દેવુ જોઇએ કેમકે સભાવિષે નકી થઈ ચુકુ છે એટલે હવે આગળ જે થશે તે આપણે જોશું, હું આશા રાખુ છું કે અધ્યક્ષ સાહેબ આ વાત ઉપાડી લેશે.

રા. વૈદ્ય મૂલશંકરે જણાવ્યું કે આપણી વૈદ્યવિદ્યા રાજ્યમદદ નહિ હોવાથી નિર્મૂલ થઇ છે એમ મને લાગેછે. માટે હવે આના સારા ધનવાનની મદદની જરૂર છે ધનની મદદ મળી એટલે સભા તરફથી એક વિદ્યાલય કરી શકાશે તેમા બે ચાર પરીક્ષકો અને દેખરેખ રાખનારા કેળવણીખાતાનીપેઠે નીમવા જેથી વ્યવસ્થા બરાબર ચાલે. જે વિદ્યાલય સ્થપાય તેમા પેહેલાં પ્રકરણગ્રંથોનો ક્રમથી અભ્યાસ કરાવવો અને તે થઇ રહ્યા પછી મોટા આર્ષ ગ્રંથોનો અભ્યાસ કરાવવો. તે સાથે સેંદ્રિય નિરેંદ્રિય ભેદવાળી વનસ્પતિ અથવા ઔષધીઓનું જ્ઞાન પણ તેને કરાવવુ આવા કોઇ ક્રમથી જો અભ્યાસ કરાવાશે તો આર્યવૈદ્યવિદ્યાનુ ઉત્તેજન થશે. પણ આ સઘળું એક ધનની મદદ ઉપર આધાર રાખેછે.

રા. વૈદ્ય ગણપતરામ ઈચ્છાપોરીયાએ જણાવ્યુ કે—આજકાલ આ વિદ્યાને સર્વ કહેછે તેમ મૃતપ્રાય થઇ ગઇ છે એટલે આપણે લડથડીયાં લઇએ છિયે. જે નહિ દેખતા હોય તે દેખતાને કાધે હાથ મેલીને ચાલેછે અને તે દેખતો તેને દોરે છે તે પ્રમાણે સેલા માર્ગપર ચાલનારા આપણે આડે માર્ગે ગોથા ખાઇએ છિયે તેને તે આડમાર્ગને સુધારી ચાલીયે તેવા દેખતા કરશે તો આપણો હેતુ પાર પડશે પ્રયત્નથી જે કરવુ હોય તે થઈ શકે છે. આમાં પ્રથમ સભાનુ કામ બરાબર ચાલવુ જોઈએ અને પછી તેમા જે વિચારો થાય તે પત્રદ્વારા બહાર પાડી સર્વને તેનો લાભ આપવો જોઈએ.

ડાકતર ખેરે જણાવ્યુ કે—અહી પડેલા અભિપ્રાયો ઉપરથી આર્યવિદ્યાનુ પુનરૂજ્જીવન કરવું આવશ્ય છે એમ નકી થાય છે. તેમા સભા સ્થાપન કરવાનો અને શાલા

ચનાવવાનો વિચાર ઠીક છે, પરતુ એ૨ પક્ષ ॥ જ્યાસુધી એકનાકરતા ૧થી થઇ તેમ આય વિદ્યાના પણ થયેલની એકનાપ્યતા નથી થઇ ત્યાસુધી સવ ન ામુ છે મા પેહેના તે નમાણે કરીને જે લીખવવુ હોય તે લીખવવુ માટે નનમ તો સભા ભરી તેમા આ વિષયપર વિચારે ચલાવી એકનાગતા કરી ત્યારપછી પછી શુ કરવુ તે એ બીમેજે જણાઈ રે

ગ૨ વૈદ્ય કાનજી કેવલરામે જણા વુ કે આજે જેઓ શ્રમ લઈ અત્રે સભામા બીરા જ્યા છે તે ા નયાનથી આયવૈદ્યવિદ્યાને હવે પૂપુ સહાયતા મળે આપણા આડ રતે પણ સડકના સરખો થઇ જવ નુ અહી ગજેના નિહાતોના હાથમા ૮ દેખાય છે આપ ણી વિદ્ય નુ જ્ઞાન પનુ તે એઓને છે તે નક ણે ક ીને વાપ્યો બન વે છે તેથી જપુ ય છે તો જેમ થગ ન ઠીને ૫ હાવા તેગનેતેગ જો તેઓ આ વિદ્ય ને અજવાળ મા ન નના ધારશે તો તે થઇ શકશે તેઓ જે અનુભન અને જ્ઞ ા છે તે બીજાને બતાવશે તો સશ કિરર મોટો આભાર થશે એકર કવતા વિગેરે જે કરતુ તે એના સ ાથ તે મ જે આવ્યા છે તેથી થશે ૮ દ્રવ્યની સહાયતા કાઇક જોઇએ તેવિશે ના પ્રભુરામભાઈ ઉત્સાહ દેખ ડે છે આ ટનામાટે અહી પધારેના આ વિદ્યા ા પુનરૂજીવનમાટે જરૂર નયત્ન કરશે એમ હુ આશા રાખુછુ

ગ૦ ડા૦ અમ્બા મોરેશ્વરે જણાવ્યુ કે-આપણે અત્રે મયને કરવા ા કામ માટે એકઠા થયા છીયે અને સહુએ મનીને તે કરવુ જોઈએ જે કાઇ ગોટાળો સમજફેરમા તથા વૈદ્યવિદ્યાના પુસ્તકની એકનાકપતા નહિ સમજવાથી થાય છે તેવિશે જો આપણે આના ર કરી એ તો આપણુ લાઢમ કહેવાય આટની બધી વાતની આપણે શુ કરવુ તે ડા ભાનચંદ્રે કહ્યુ છે રાજાશ્રાયવિના કાઇ ન થાય તે વાત સાચી છે ખરી પણ તે વાતે ગળે પડવાનું અત્રે કારણ નથી અને તે વાત બને તેમ પણ નથી આગળ ા રાજાઓ આશ્રય આપતા તેથી આયવિદ્યા ઉત્ત ત પામી હતી એમ પણ માની એગી હમણા વિર રા થવુ તે ખેટુ છે તે અતાચાવો કોઈએ આશ્રય નહતો આપ્યો એમ સ્તલક્ષ જણાયછે કેમકે તે વખતે મારી રાજા ઇન્દ્રપ્રસ્થ ધમ પાળતો હતો એ એના લેખથી ૮ સિદ્ધ થાય છે ચરક ઋષિ પણ મોઇ ત્યનો આશ્રય ા હતો તેણે આ શ્રગમા રહી સ્વપરાક્રમથી વિદ્ય મા સામર્થ્ય મેળ વુ હતુ તેને શામ આવાર જોઇએ? જેમ ભક્તવિના દેવ ાનિ તેમ આપણે દેઈને રાજા આપ વિના ચાલે નહિ આમ છે ત્યારે તે રાજાની વ ન મેની હને એમ મા તુ કે આપણે જે થાય તે થશે આપણુ સ્વ ા અભ્યાસનો નિયમ, ધૈય, સારા ગુણ સહનશીનના અ વિ ગુણો ગાવશે તો રાજાનું આપણને કાઇ કામ નથી માન તે ક વ કરવા ા આપણામા એકતા જોઇએ માટે સર્વેએ એકમત થવુ અ પણે આ વિષયમા એ મત થયા એટલે આપણને આપણી બુદ્ધિ એજ આપણુનો રાજા છે તેના આશ્રયથી જે કરશુ તે થશે રાજાની કાઇથ ાુ નથી જેઓ રાજા ા આ તય વગરના અથવા ધ ાી રૂ ત્વ ગના થઇ ગયા છે તેઓજ કીર્તિ કરી ગયા છે માટે રજા ા ના શ્રયથીજ થાય એમ ન માનવુ રાજ ના સ્વ મ મના એ તો ૫ ળનું કા ા છે મા ાથી મારા બોલવામા ભુલ થાય તો ક્ષમા કરશો મા ા વિચાર એમ છે કે હવે કંઈ વિશેષ નયત્ન કરવુ અફસોસ એ તો છે કે આપણે લીન થયા બધા સર ા જુદી, પરતુ તેમ છતા પણ આપણે એકવિચારી થયા એટલે આપણા કામમા આપણને સતોષ થશે

અમને ડાક્તરી કે દેશી વૈદ્યવિદ્યાનું અભીમાન નથી. આપણામાંનો કોઈ વૈદ્ય મને બે મને ; ઠેરવેલે વખતે આર્યવિદ્યાના પુસ્તકમાંથી પોતાનો અનુભવ સમજાવે અને આપણે શીખશું. ડાક્તરોને તો સેહેલો રસ્તો છે પણ દેશી વૈદ્યોને તેમ નથી કેમકે પાઠાંતરો તેમાં ઘણા છે. માટે એકેક પ્રકરણ કાઢી અમને સમજાવવા જોઇએ જેથી વિચારની એકતા કરવાનું બની આવે. ચિકિત્સાસ્થાન અને જ્વરનિદાનમાં કેટલાક ફેર આવે છે તે તમેજ અમને પુસ્તક ને અનુભવથી સરખું કરી બતાવો. એ તમારૂં જ કામ છે. જુવો લંઘનવિષે ઘણે ઠેકાણે લખ્યું છે પણ તેમાં સ્થળે સ્થળે ફેરફાર દેખાય છે ત્યારે તેનો અર્થ આપણે શો સમજવો ? મને તો એમ લાગે છે કે કોઈને કોઇ માણસ જમતી વેળા સૈંધવ લાવવાનું કહેતો તે વખતે ઘોડો લઇ આવી આપે. આ વખતે સૈંધવ શબ્દ સીંધાલુણ સમજવું તેને બદલે તે માણસ ઘોડો સમજ્યો. અર્થ તો તેપણ સાચો પણ કાર્ય પ્રમાણે અર્થની યોજના કરવી એ બુદ્ધિમાનનું કામ છે. આપણને પણ લંઘન વિગેરે વિષયમાં એમજ થતું હોવું જોઇએ. માટે વિચારીને યોજના કરવી જોઇએ. રીતિ પ્રમાણે ગુરૂમુખથી શીખી વૈદ્ય થયેલા મુંબઇમાં થોડા છે. પુરાણી લોકો પુરાણ વાચવા લાગી જાય છે અને તે ધંધો મોળો પડે કે લાગલા પડીકા બાંધવા લાગી જાય છે આવા વૈદો જ્યાં ત્યાં લંઘન શબ્દને એકસરખો ઠોકી બેસારે એમાં આશ્ચર્ય નથી. મદીરાપાનથી ટાઢ ચડતાં જો તાવ આવ્યો હોય તો તેને લંઘન માત્ર કરાવવાથી શું થાય ? તરત મરણ પામે. આમ છે માટે લંઘન એટલે શું તે કેટલા પ્રકારના છે વિગેરે જાણવું જોઈએ. તેમ જ્વરાદિકના પણ ભેદ જાણવા જોઈએ. માટે આ વિષય તમો અમને શીખવશો તો અમો ઉપકાર માનશું. કેમકે અમે તો આર્યવિદ્યા વિના ભ્રષ્ટ થયા છિયે, વિમુખ થયા છીયે, પરામુખ થયા છિયે, માટે તેવાઓને શીખવી સમજાવવા હવે તમારા હાથમાં છે. આટલામાટે રા. પ્રભુરામભાઇ તે કામ માથે લેશે અને આપણે તેમાટે ઉત્કંઠા દેખાડવી.

રા. વૈદ્ય પ્રભુરામે જણાવ્યું કે રા. ડા. ભાલચંદ્રે સભા વિષે જે વિચાર જણાવ્યા તેનેવિષે આજ હું વધારે નથી બોલતો કેમકે વખત ઘણો થયો છે. આપણા બધાને અમુક દિવસે ભેળું થવું એમ નિશ્ચય થઈ જાય તો પછી હું તેવિષે વધારે તજવીજ કરીશ. કારણ કે નિયમ વગરનું કામ ચાલે નહિ.

રા. અન્ના મોરેશ્વરે જણાવ્યું કે અમે સર્વ ઉત્કંઠાથી આવશું અને સૌએ પોતપોતાના વારા પ્રમાણે અમારા વિચાર જણાવશું. હું ધારૂં છું આપણને એકેક મેને આ પ્રમાણે મળવું થશે.

રા. પ્રભુરામભાઈએ જણાવ્યું કે હું ધારૂંછું આવા નિશ્ચયથી સર્વ પ્રસન્ન થયા હશે. દોરડું જેમ ઘણા તાતણાનું થવાથી મજબુત કામ કરે છે તેમ આપણે ઘણા જણનું એકમત થવાથી કાંઈક કરી શકશું.

ત્યાર પછી ડા. ભાલચંદ્રની દરખાસ્તથી વૈદ્ય પ્રભુરામને તથા તેમની સાથે ડા. બેરને સભાના મંત્રી નીમવામાં આવ્યા તથા દર મહિને સભા ભરવાનો નિશ્ચય થયો. આ પછી પ્રમુખનો ઉપકાર માની ૬॥ વાગે સભા બરખાસ્ત થઈ.

ओम् तत्सत् ।

आर्यधर्मप्रकाश.

ARYA-DHARMA-PRAKASHA.


पुस्तक १८ मुं   संवत् १९४६

उत्तम औषधनी पेठे परिणामे गुण करनार

नीति धर्म तथा व्यवहारसबंधी बोध आपनार

उपेंद्रवज्रा

नृदेहमाद्य सुलभ सुदुर्लभ, प्लव सुकल्प
गुरुकर्णधारम् । मयानुकूलेन नभस्वतेरित
पुमान्भवाब्धि न तरेत्स आत्महा ॥



છપાવી પ્રકટ કરનાર

वेदधर्मसभानी कार्यभारमंडळी

Bombay

SUBODHA PRAKASH PRESS

સન ૧૮૯૦ ઈસવી

मूल्य १॥ रुपियो

શાર્દૂલવિક્રીડિત.

જાતે જીવનરૂપ આ જગતમાં જે ભાવરૂપે ભર્યા,
જેને પ્રાપ્ત થઈ જરા-મરણથી યોગીજનો ઊગર્યા;
પાણીમાંહિ તરંગ તેમ સઘળે જે વ્યાપ્ત દેખાય છે,
સાચા આત્મવિચારવાન નરને પ્રત્યક્ષ તે થાય છે.

કેશવલાલ હરિરામ,
આર્યધર્મપ્રકાશ તંત્રી.

વર્ણાનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
૧ અશક્તનો કાલ કેમ જાય? (ઉપજાતિ)	૧૬૯
૨ અધવચ ગાડું ગુંચ્યા વિષે (પ૦)	૨૧૭
૩ ઉદયારતનો ગડબડગોટો	૫૬
૪ ઉ પી અવરોધ કરનારી એક નિપુણી	૧૭૦-૨૦૧
૫ ઐક્યગત્ય અથવા સંપવિષે બે બોલ (અપૂર્ણ)	૧૯૪
૬ કુસંપ અને કલેશના કારણરૂપ નિપુણી	૮૮-૧૨૧-૧૪૯
૭ કલેશનિસ્સેરા કેમ થાય? (મંદાક્રાંતા)	૨૬૫
૮ શેઠ ખીમજી જીવાનો સ્વર્ગવાસ	૧૬૮
૯ ગ્રંથાવલોકન	૧૨-૩૮-૬૬
૧૦ પરમેશ્વરને પ્રણામ (વસંતતિલકા)	૧
૧૧ પુનરુદ્ધારવિષે વિચારના પત્રનો પ્રત્યુત્તર	૮૫-૧૦૧-૧૨૯-૧૬૨-૧૮૧-૨૦૫-૨૫૦-૨૭૬
૧૨ પ્રભુપ્રાર્થના (કવિતા)	૨૫
૧૩ પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત (અપૂર્ણ)	૩-૩૪-૬૧-૮૨-૧૦૫-૧૫૮-૧૭૭-૨૨૯
૧૪ પ્રણિપાત (કવિતા)	૨૧૮
૧૫ પ્રેમશબ્દ વિરુદ્ધ ચર્ચા	૧૫૪
૧૬ બે રસમા ન ભુલ્યા તે તર્યા	૨૬૬
૧૭ મણિરત્નમાલા (અપૂર્ણ)	૧૭-૪૧-૧૩૭-૧૮૫-૨૦૯-૨૩૩-૨૫૭-૨૮૧
૧૮ મનને સુબોધ	૪૮
૧૯ સૌ. મણિકુંવરનો સ્વર્ગવાસ	૧૧૨
૨૦ મતિને મનાવવા વિષે (પદ)	૧૨૧
૨૧ મહાજનો જીવન કેમ ગાળે (ઉપજાતિ)	૧૯૩
૨૨ માતાવિષે બે બોલ	૧૦૭
૨૩ માયા તજવાવિષે મનને શીખામણ (હોરી)	૧૪૫
૨૪ મોટાઇ વિષે	૨૪૨
૨૫ લોકનું ઉભરાઇ જવું	૭૯
૨૬ વગેસગે કામ થવાવિષે (ઉપજાતિ)	૭૩
૨૭ વસંતવર્ણન (કાફી)	૯૭
૨૮ વિવેકિનું જીવન કેમ વીતે (ઉપજાતિ)	૨૪૧
૨૯ વે ધર્મ સભા	૪૫

વિષય, ... પૃષ્ટ.

૩૦ વેદધર્મ સભાને બક્ષીસ ૧૧૨-૧૨૮-૧૬૭-૨૦૮-૨૩૨-૨૫૬-૨૮૦

૩૧ સહજ સૂચના ૨

૩૨ સભાના મંત્રીની નેમણૂક... ... ... ૧૬૭

૩૩ સહવાસિયો સાથે સભ્યતા રાખવા વિષે ૨૧૯

૩૪ સુભાષિત અનુષ્ટુપ્ ૨૧૮

૩૫ સંગ અથવા આસક્તિ વિષે ૧૪૬

૩૬ સ્વાર્થવિષે ૮-૨૫

૩૭ સ્વાર્થિ લોકોને શી ખબર છે? ૨૭૨

૩૮ શ્રીમંતપણું અને ગરીબાઇ ૭૪

૩૯ સૌ. બાઈ હરિકુવર... ... ... ૨૦૮

ओम् तत्सत् ।

आर्यधर्मप्रकाश.

ARYA-DHARMA-PRAKASHA.

पुस्तक १९ मुं — संवत् १९४७.

उत्तम औषधनी पेठ परिणाम गुण करनार

नीति धर्म तथा व्यवहारसंबंधी बोध आपनार

रथोद्धता

श्रेयसेऽत्र च परत्र सौख्यद
राजचोररिपुभीतिवर्जितम् ।
मचर्यहृमपि सद्विरागिणा
मायधर्मधनमर्ज्यता जना ॥

છપાવી પ્રકટ કરનાર
वेदधर्मसभानी कार्यभारमंडळी
[तंत्री केशवलाल हरिराम भट्ट]

સુબોધપ્રકાશ છાપખાનામાં છાપ્યું
સને ૧૮૯૧ મુંબઈ

मूल्य १॥ रूपीयो
[જૂના મુંબઈ આતરવી [illegible] સામે]

वर्णानुक्रमणिका

—— o ——

આશક્તિ ॥ પરિણામવિષે [ઉપજાતિ] ૨૪૧
અથ શ્રીકૃષ્ણગર્ભિત સાધ્વસતીશિક્ષાસ્તોત્રમ્ ૨૮
આ ધાગમાં અવસર આવયા જવા વિષે [કવિતા] ૪૮
આરંભથીજ આપણી સમજણ ૧૩૫-૧૪૬
આશ્રમ શુ ? ૧૬૮
એક અદ્દભુત આ વારો ૨૨૮
કામક્રોધવિષે [કવિત] ૨૧૨
ખેતમાં બિસો ખોવાવિષે [કવિતા] ૨૬૫
ગવાયચલીમાં ભાતાભની ૮ ભની ૨૪૨
ચાકરી વિષે [કવિત] ૧ ૩
જેને લીતી હોય તે જાણે (કવિતા) ૭૫
દંપતીના સંયોગકાળ વિષે ૮૧
ધન ॥ મદ વિષે (કવિત) ૮૧
ધન વિદ્યા અને મન વાણી ॥ સદુપયોગવિષે ૨૬૯
✓ નવુ વર્ષ ૨
પરમેશ્વરસ્મરણ (વસંતતિલકા) ૧
પરમેશ્વર ઉપર મા ભીખાનો પ્રશ્નોત્તર ૩૭-૫૩
પરમેશ્વરને ભજવા વિષે (કવિતા) ૮૭
પરસ્મરણ દોહરા ૨૧૭
પુનરુદ્ધારવિષે વિચારના એક પત્રને પ્રત્યુત્તર (પૂરો) ૩૪-૫૭-૭૭-૧૦૮-૧૨૨
પુસ્તકોની પહોંચ ૧૧૫-૨૬૪
પ્રભુપ્રાર્થનાવિષે (હોરિ) ૧૨૧
પ્રકૃતિ અથવા કાયનસંગ ૨૪૯
પ્રારબ્ધ ની વિચિત્રતા ઉપર એક વાત (અપૂર્ણું) ૮૬-૧૦૮-૧૩૮-૧૬૭-૧૬૮-૨૦૮-૨૩૪-૨૪૭-૨૭૭
પ્રિયમાં પ્રિય શું ? ૧૯૪
બ્રહ્મચર્યવિચાર ૧૭૬
મણિરત્નમાળા (પૂર્ણ) ૧૭-૪૧-૬૫-૮૬
મમત્વમોક્ષનાવિષે (૫) ૨૧૭
માનવામાત્ર સુખસંતતિ ॥ સાત । ૫ મ ાની નિપુણી ૪
માનુષ્ય જીવડા વિષે ૨૦૨-૨૧૮
મૂર્ખતાવિચાર ૨૩૧

મૃત્યુ.
સૌ. નવલકુંવર. ... ૧૧૪
રા. પ્રતાપરાય કવિ ... ૧૧૫
શેઠ મેઘજી ગોકળદાસ ... ૧૪૯
બાઇ કડવીબાઇ. ... ૨૧૨
ગોળ વિસારવા વિષે બુદ્ધિને બોધ (૫દ) ... ૭૩
રાગ અને દ્વેષ. ... ૬૨-૭૪
વનવાસી અને ઘરબારી ... ૧૧
વાદવિચાર. ... ૮૯
વેદધર્મસભાને બક્ષીસ ... ૧૭-૪૦-૧૨૪-૧૪૩-૧૬૮-૨૬૪
વેદધર્મસભા. ... ૫૦
વ્યવસ્થાપત્ર ... ૧૫૩
વ્યવસ્થાવિના કામ એકે ન થાય ... ૨૨૫
શાંતવચન (કવિતા) ... ૧૯૩
સદુપદેશ સોરઠા ... ૭૩-૭૭-૧૨૧
સુબોધક કવિત ... ૧૪૫
સુજનની રીતિ વિષે (કવિત) ... ૧૬૯
સુખી કોણ ?... ... ૧૮૧
સં૫ અને સુખ વધારનાર ત્રિપુટી... ... ૨૭
શસ્ત્રવિદ્યા વિષે ભાષણ. ... ૧૯૧-૨૧૩
હાનિ શું કેહેવાય ? ... ૨૬૧-૨૬૬

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૨૯ મું. કાર્તિક, સંવત ૧૯૬૭ અંક ૧ લો.

॥ यतो धर्मस्ततो जय ॥

परमेश्वरस्मरण

वसंततिलका

આધાર જે જગતનો સુખરૂપ એક
જેના વડે જગતમાં પ્રસરે વિવેક,
જે સર્વ શક્તિ ધરનાર પવિત્ર ધામ,
તે પૂર્ણકામ પરમેશ્વરને પ્રણામ
જે આપનાર સહુને બળબુદ્ધિ આદિ,
જે નિત્ય નિર્ગુણ અરૂપ અને અનાદિ,
જાતે ચરાચરતણો શુભ સૂત્રધાર,
તે નાથને નમન નિત્ય હજાર વાર
પોતે થયો ભુવનઆગરરૂપ એક,
જે ચૌદ લોકમય માળ બન્યો અનેક,
જે સૂર્ય ચન્દ્ર ચલદીપકરૂપ પોતે,
રાખો સદા કુશળ ગોકળ તણિયો તે
પોતે અનેક ગુણ કર્મ પદાર્થરૂપ,
પોતે ચરાચર બન્યો પણ જે અરૂપ,
જાણી શકે ન જરીએ મનબુદ્ધિ જેને,
પ્રેમે પ્રણામ કરિયે પ્રિયમિત્ર તેને
જે દૃશ્ય સર્વ થકી અળગો અનંત,
જેનો જણાય નહિ રૂપ જણાય અંત,
ચૈતન્યરૂપ સુખસાગર પૂર્ણકામ,
તે પ્રાણબંધુ પરમેશ્વરને પ્રણામ

નવું વર્ષ.

નાનાપ્રકારના વિષયભોગ અને અનેક પ્રકારની અર્થ મેળવવાની ઉપાધિમાં લાગેલા લોકોને વર્તમાનકાલમાં ન્યાય નીતિ કે ધર્મ કર્મ દેખાડનારા વિષયો ઉપર સામાન્યરીતે અરૂચિજ થાયછે. બાળક જેમ ભૂત-પ્રેતથી ડરે તેમ તેવી તેવી વાતોથી આબાલવૃદ્ધ લોકો ડરેછે; અથવા તો તેને નિરસ ગણેછે. તેવા કલિકાલના પ્રસંગમાં પણ વેદધર્મસભા તરફથી નીકળતુ આ આર્યધર્મપ્રકાશ ૧૯મા વર્ષને આંપડી ગયું છે. સાધુ જેમ નવી અવસ્થામાં પણ શાંતરૂપે રહેછે તેમ આ પત્ર પણ પોતાની યુવાવસ્થા ચાલેછે તોપણ શાંતપણેજ પોતાનું કાર્ય કર્યે જાયછે. અને તેમાં વેદધર્મસભાને વાર્ષિક લવાજમથી, બક્ષીસ રકમથી અને ચોપાનિયાના ગ્રાહક થઇને જેઓએ આશ્રય આપ્યો છે તેઓને તે સબંધી સૌ સૌની યોગ્યતાપ્રમાણે સદૈવ ધન્યવાદ ઘટે છે. બહુરત્નાવસુંધરા એ કેહેવત પ્રમાણે આ પત્રમાં સમાતા વિષયોના અધિકારીઓ પણ નીકળી આવ્યા છે અને હજી નીકળતા આવશે એ થોડા હર્ષની વાત નથી.

ગયા વર્ષમાં લગભગ ૩૯ વિષયો સમાયેલા છે. તેમાં પુનરૂદ્વાહવિષે વિચારના પત્રનો પ્રત્યુત્તર, પ્રારબ્ધની વિચિત્રતા ઉપર એક વાત, મણિરત્નમાલા, એ મોટા વિષયો હજી અધુરા છે તે આ વર્ષમાં બનતાંસુધી પૂર્ણ કરાશે. ઐક્યમત્ય અથવા સંપનો વિષય પણ અધુરો છે તે હવે પૂર્ણ કરવામાં આવશે; અને ભ્રાંતિનો વિષય પણ બે વર્ષથી અધુરો છે તે આમાં પૂર્ણ કરવાને ધાર્યું છે. તે શિવાય પણ પ્રસગપ્રમાણે નવા વિષયો દાખલ કરવામાં આવશે. વિશેષ શું કેહેવુ? જે કાંઈ થશે તે વાચકવર્ગના જાણવામાં આવશે.

ગયા વર્ષમાં ભાગવતની બીજી આવૃત્તિ બહાર પડી છે અને મોહમુદ્ગર પણ તૈયાર થઈ રેહેવા આવેલ છે. બાકીનાં એક બે કામ ચાલેછે તે બહાર પડવાથી સર્વના જાણવામાં આવશે.

સારાં સારાં પુસ્તકો કાઢવાનો હેતુ આ છે કે આપણા લોકો તેનો સાર સમજે અને ખર્ચ કાઢતાં સીલક વધેતો સારાં પુસ્તકો બહાર પાડવાના ઉપયોગમાં તથા આર્યબાલકો ધર્મભ્રષ્ટ ન થતાં સ્વધર્મ પાળે તેવા ઉપાયો લેવાના ઉપયોગમાં વપરાય. કાર્ય મોટું છે, જોઇએ તેવી હજી ગોઠવણ થવાને વિલંબ લાગેછે તોપણ આશા રહેછે કે તે કામ હવે દિવસે દિવસે ઉદયમાં આવતુ જશે.

પાઠશાળાનું કામ બરાબર ચાલેછે અને નિશાળમાં ગયા વર્ષનાથી વિદ્યાર્થિઓને નિયમિતપણે અન્ન પાન મળેછે હવેપછી એ લાગણારોથી મદદ ના જે બની આવે તે ખરૂ

માજી મની રોડ નિમરાજી ખાનજીએ મગપકારાર્થે શાળાનું નવાગાનું ચનાવ્યુ એથી સભા ઘણા ઉપગારી થઈછે તેમની ઉમદાગીરી અને સમતિપૂર્વક ગેડ દ્વારકા દાસ તનજીને સભાએ તેમ પ આપ્યુ છે અને તેઓએ પણ આ ધર્મ સબંધી કાર્યમાં રાજીખુશીથી ભાગ લીધો છે એ માટે ચોડા દર્પની વાત નથી

જગન્નિયતાની ઘણા કરી વિચિત્ર છે તે કહેવાતુ ત્યથી પાણીએ આગળ રાખિયેછે કે આજ ને આજ તેણે ધર્મ, કર્મ, ન્યાય, નીતિ સમજી લઇ, પરંતુ વિદ્યા અને મૂખ મનજાઓના મન જેના વિપર્યય ણી વાતો પર વળે છે તેના ણીન કર્મા ઉપર નળતાનના એના નાચ હોય છે આજે જલસો છે, આજે નાચ માંકડાની રમત છે, આજે ઘોડાની રમત છે, આજે નાચ છે, આજે નૌતમ નાટકનો ખેલ છે, આજે ગોળીઓ ગાગગા છે, આજે વડુ ખેલ છે એમ જો કોઇ બાળકથી મોટાસુધી સાભળવામાં આવે તો સર્વ એકજ વૃત્તિથી તે તરફ દોડેછે અને ત્યાં ભારે ભીડાભીડ જામેછે બે રૂપીયાના પગારદારથી માંડીને લક્ષાધિપતિ એ એજ વતાર પૈસા નાખી દઈ ઉજાગરા વેઠવાથી થઈ મોજમજાહ માણી લેછે પણ તેઓ ના સમજે છે કે આ કુમાડા ણ માયણ અને ઔરાણ નાકુ છે કોઈને કહેવાનો ગોન નાનો અધિકાર નથી, તોપણ જે કાઇ થાય તે કરવાનું એમ વિચારી સભાએ પોતાનું પ્રયત્ન ચલાવ્યું રાખ્યું છે અને તેમાથી ઘણ ફળ મળી આવા રહેછે સભા પણ જેમ જેમ પુષ્ટ થતી જાગે તેમ તેમ તેના કાર્ય વધતી જશે એ તો આજસુધીના અનુભવોથી જણાયુ છે અને હવે પછી ઉપકારો ઘણા તેવા ગુમરાતે પોતાના નામ મજાર દષ્ટિ પાડતા પણ આ કામમાં પ્રીતિથી આશ્રય આપેછે તેઓને અમે વન્યવાદ આપિયે છીયે અને તેનો ભલ ચવાનું ઈશ્વર પાસે માગિયે છિયે

દેશકાળ એવો વર્તેછે કે વમણ કાયાનીર ધીરે ઉજે રન પામી ગતિ છે અને ટીપે ટીપે મ આચર ભરાય એ કહેવત પ્રમાણે પરિણામે પૂર્ણતા પામેછે વનામાં જેમ શ્રીમતણ આશ્રયની જરૂર છે તેમ અમના તવી નાગર ગિરમઢી વિદ્યાલયના આશ્રયણ જરૂર છે ઈશ્વર પાસથી સર્વ અનુકૂળતાઓ સિદ્ધ થાઓ (તથાસ્તુ)

मानवामात्र सुखसंपना साधनरूप मनाती त्रिपुटी.

જે ત્રિપુટી કુસંપ અને ક્લેશ આપનારી આગળ આપણે વર્ણવી ગયા છિએ તે ત્રિપુટીમાં એવો ઉપયોગ રહ્યો છે, કે ઈશ્વરકૃપા, ભાગ્યયોગ અને વિવેકવિચારથી તે કેટલીક વાતે સંપ અને સુખના સાધનરૂપ થઇ પડેછે. સ્ત્રી, ધન અને ધરતી એજ ત્રણ તેનાં અંગો આગળ કહ્યા પ્રમાણેછે. યોગ્યતા અને અનુકૂલતાપ્રમાણે તે અંગો પ્રાપ્ત થયાં હોય અને પ્રાપ્ત થયા પછી તેનો સદુપયોગ કરતાં આવડયો હોય તો તે અંગો આલોક અને પરલોકને સુધારનાર થઈ પડેછે; પરંતુ આનેમાટે ઈશ્વરકૃપા, પૂર્વપુણ્ય, શાસ્ત્રનો અભ્યાસ, સારોસંગ, અને નિરંતર વિવેકવિચારની જરૂર છે. આ ત્રણે અંગો જે કુસંપ અને ક્લેશ કરનારાં ગણાઇ ગયાં તેનું કારણ એજ કે તેમાં ઈશ્વર-કૃપા વિગેરે સહાયની ન્યૂનતા. અથવા એક વિવેક હોય તો તે સર્વે સહાય-રૂપ થઇને તે અંગને સંપ અને સુખ આપનારાં કરેછે, અને એક વિવેક નહિ હોય તો સંપ અને સુખ આપનારાં છતાં પણ કુસંપ અને ક્લેશ આપનારાં થાયછે અને આમ જગતમાં દેખાય છે ત્યારે તે અંગોથી સંપ અને સુખ સંપાદન કરવામાં પાછળ રેહેવુ ન જોઈએ.

પેહેલુ અંગ ધન છે. ધન શબ્દ ઘણા પદાર્થોને કેહેનારો છે; તોપણ મુખ્ય જે ધાતુ વિગેરેને લોકો ધન કહીને બોલાવે છે તેનેજ ધનરૂપ અહી માનેલછે. તેથી ધન એટલે નાણું એવો અર્થ સિદ્ધ થયો. ધન સુખ આપેછે એનું કારણ એ કે સઘળા વ્યવહારો ધનવડેજ સિદ્ધ થાયછે. ભાતભાતના ખાવાના પદાર્થો, પેહેરવાનાં વસ્ત્રો, અને રેહેવાનાં ભુવનો ધનવડેજ થાયછે. સોનાં રૂપાનાં વાસણો, હીરામોતીના અલકારો અને હીરાગલ જરિયાનો ધનવડે બનેછે. જગતમાં માનવામાં આવતુ સુખ રજોગુણમાંજ રહેલું છે અને તે રજોગુણ ધનવડેજ સિદ્ધ થાયછે.

કોઇટાણે લાડુ, બરફી, ભજીઆં, સેવ. દુધપાક, કે કોઇ નવિન વસ્તુ ખાવાનું મન થાય તો તૈયાર થાયછે, સુવામાટે રૂપાની ડાંડીના છત્રપલંગો અને હીચકવામાટે રૂપાની કુંડડીયોવાળી હીંડોળાખાટો મનમાં આવે તો બનાવાય છે, બબ્બે ત્રણત્રણ માળનાં છોબન ઘર કરાવી તેમાં ભાતભાતનાં ચિત્રો ચિત્રાવી હાંડી, તકતા, ઝુંમર, ટંગાય છે; અને દાંતની કારીગરીવાળાં ટેબલ તથા કબાટો નાનાપ્રકારનાં રમકડાં ભરી ભીંતભર ગોઠવાયછે; મેદીની કે બીજા કોઇ વેલાની કમાનો વાળેલા, અને સુગંધી રોપા-

ઓવી ભગ્ના બાગ બનાવી તેમા મનોહર ફુવારાઓ ચોતરફ મેલાય છે, એ સર્વ વનસ્પતિના ખ તુ ાથી જમવાના અને મીઠા પદાર્થોમાથી જોઇટાપે ફુરમા પૂરી કે ઢાઇટાપે ચ્મગોટવી કે જ્યારે ઇચ્છા થાય ત્યારે તૈયાર કરાવી ખનાય છે, પીવાના અનેક મીઠાપદાર્થોમાથી કાઇટાપે કઢેના દુધ કે ચા વિગેરે જ્યારે ઇચ્છા થાય ત્યારે તૈયાર કરાવી પીનાય છે, ખાના ના અનેક પદાર્થોમાથી પેંડા બરફી કે અડદિયા વિગેરે જ્યારે ઇચ્છા થાય ત્યારે તૈયાર કરાવી ખનાયછે, સુઘવાના અનેક પદાર્થો સુઘાય કે મોગરા વિગેરે જુદા જુદા પુષ્પો જ્યારે સુઘવા ની ઇચ્છા થાય ત્યારે મગાવીને સુઘાયછે, ચોળવાના સુગધી પદાર્થોમા અમેલી વિગેરે તેલો અને પાસે રાખવાના કે લગાડવાના સુગધી પદાર્થોમા ગુલાબનો અત્તર કે અગરબત્તીઓ અગે ચોળાય છે ને પાસે રખાય છે, શરીરે ધારણ કરવાના પદાર્થોમા ફુલની મા ળાઓ, સોનાના ગડાઓ, હીરામોતીના હાર, અથવા તો ભાતભાતના વસ્ત્રો જ્યારે જેના જોઇએ તેના તૈયાર કરાવી ધારણ કરાય છે, જોવાના આ નદ દાયક પદાર્થો કે રૂપોમાથી કાઇ કૃત્રિમ રમકડાઓ કે વિવિધ પ્રકારના તેજ કે ઘરને શોભાવનારી વસ્તુઓ જ્યારે ઇચ્છા થાય ત્યારે જેવાય છે, સાભળવાના સુખદ પદાર્થો શબ્દો કે રાગ જ્યારે ઇચ્છા થાય ત્યારે સભળાય છે, એ સર્વ વળી હોયતોજ બને ઘડી ઘડીમા મનગમતા ફેરફાર, રહે વાના ઘરમા, પેહેરવાના પદાર્થોમા ખાવાની વસ્તુઓમા થાયછે તે નવ વિધ ક્રમ બને ? આટાણે બાગીઓમા ફુલની તટીઓ કે વાળાની તટીઓ જોઇએ, આટાપે ચાપાણી હાજર જોઇએ, આટાપે ફરવા જવાને ગાડી હાજર જોઇએ, આટાણે ગોસનો અત્તર જોઇએ, આટાપે બદામ પીસ્તા કે આલુ વિગેરે સુકો મેવો જોઇએ, આટાપે આબા, જાબફળ કે જામ્રુ વિગેરે લીલો મેવો જોઇએ, એ બધા ધધા ચાળા છે કુવામા હોય તો ગવેડામા આવે એ કહેવતપ્રમાણે ધનવાળા પાસેથી કાઇ કાઇ પરિ ચય અને લાભપ્રમાણે મવને મળ્યા કરે તેથી સહુ કોઇ તેના વખાણ કરે છે તેથી સર્વ તો સુખની સામગ્રી આવી ગયો કોઇ ભાઇને ખમા ખમા કરે, કોઇ કપડા પેરાવે, કોઇ પવન નાખે, કોઇ જોડા સાફ કરી દે, કોઇ ભાઇના પગકમ ગાયા કરે, કોઇ ભાઇની વિદ્યાના વખાણ કર્યા કરે, કોઇ ભાઇના રૂપના વખાણ કર્યા કરે, કોઇ ભાઇના ગુણના વખાણ કર્યા કરે, કોઇ ભાઇના ધનવાળાના વખાણ કર્યા કરે

કોઇ ભાઇની ખુશીવાળો એવી પ્રજાનાં વખાણ કર્યા કરે, તે સર્વ ધનનોજ પ્રતાપ છે. ધનવાનના ન સગા હોય તે સગા થાય, ન હેતુ હોય તે હેતુ થાય અને નપ્રેમી હોય તે પ્રેમી થાય; અને પોતાની ઇચ્છામાં આવે તો ગમે તેવાં નજીકનાં અંગને માની લીધેલા સુખની ખાતર મેલી પણ દેવાય. દેવતાઓ પણ ધનવાનને અનુકૂલ અને આધીન રહેછે. વિદ્વાનો પણ ધનવાન લોકોથી દબાયા રહેછે ત્યારે સાધારણ માણસો તેને સ્વાધીન રહે તેમાં શું આશ્ચર્ય. સારાંશ એ કે જેટલાં જેટલાં સુખનાં સાધનો છે તે સર્વ ધનવાનની આગળ હાથ જોડી ઉભાં રહે છે. ભોગજોગે કોઇ રોગ થવાથી ખાટલે પડે તોપણ તેની વારફેર કરવાનાં માણસો અને સુવા બેસવાનાં સાધનો બધાં તૈયારજ હોયછે. ઉપર ઉપરથી લેવાનાં સઘળાં વિષયજન્ય સુખો ધનવાનનેજ હાજરાહજુર રહે છે. અને કોઇપર હાથ રાખવો હોય કે લોકોપયોગી કામ કરવું હોય તોપણ તે ધનના પ્રતાપથીજ થઇ શકેછે. કોઈ સગાઇ કરવા ધારે, કોઇ ઓળખાણ કરવા ધારે, કોઇ વેપાર કરવા ધારે, કે કોઇ મિત્ર કરવા ધારે તો તે ધનવાનનેજ શોધે છે. ગમે તેવું દુઃખ, ગમે તે વિહાનિ, ગમે તેવી ચિંતા, ગમે તેવો શોક થતો હોય પણ તે વખતે કોઇ આવીને પાંચ પચાશ મળ્યાના ખબર આપે તો દુઃખ શોક વિગેરે બધું વિસરી જવાય છે અને કાંઇક અદ્ભુત સુખ થાયછે.

ધન એ સુખ અને સંપના કારણરૂપ પેલું અંગ છે તે સાથે બીજું અંગ સ્ત્રી પણ જોઇએ .સંસારમાં પ્રીતિવાળો માણસ સ્ત્રી વગરનો હોય તો, હજારો સગાંવાલાંમાં બેઠો હોય અને હજારો સાધનો તેને સુખનાં તૈયાર હોય તોપણ વૈરાગીની પેઠે તેને કશામાં આનંદ કે આસક્તિ થતાં નથી. જે જે સાધનો સુખનાં મળ્યાં હોય અને જે જે સંબંધી સ્નેહીઓ મળ્યાં હોય તે સ્ત્રીને સંયોગેજ સઘળાં સુખ આપનારાં લાગે છે. સંસારવ્યવહારનાં કહેવાતાં સઘળાં સુખો સ્ત્રીને આધીનજ છે. ગમે તો ધન હોય કે ગમે તો ન હોય પરંતુ જે સુખ સ્ત્રીને સયોગે રહેલો એક ગરીબ નાની ઝુપડીમાં કે જંગલમાં ઝાડનાં થડ નીચે માની લહેછે તે સુખ ઈંદ્રના ભુવનમાં બેઠો હોય તોપણ સ્ત્રી વગરનો માણસ માની શકે નહિ એવીજ કાંઇ મહા માયાની ચમત્કૃતિ છે. ધન કે વિદ્યા સંપાદન કરીને પણ પોતાના સુખનેમાટે અને પ્રજાનેમાટે સ્ત્રી ગ્રહણ કરવીજ પડેછે.

તેવિના તે સઘળી સુખની પ્રાપ્તિ થતી નથી સ્ત્રી વગરના માણસ સાથે લોકો વ્યવહાર રાખે નહિ સ્ત્રીઓ કે છોકરાઓ ભને તે નજીક નો સબવી હોય તોપણ તેને ઘેર જાય નહિ, કોઇ કુટુંબના મેળાવડામા તેનાથી પૂર્ણ ભાગ લેવાય નહિ, પોતાની સારી ચાવમા પણ લોકો શકા કરે, અને ઘરકામની સઘળી ચિંતાઓ માથે ઉપાડીને ફરવુ પડે વળી સંપત્તિનો ઉપભોગ પૂરો થાય નહિ, ધર્મ કર્મ પણ થાય નહિ અને પ્રજા પણ થાય નહિ એટલે આ લોક તથા પરલોક બેય બગડ્યાજેવુ થાયછે તેને સુધાનાર એક સ્ત્રીજ છે જે જે સત્કર્મો ધનથી થાયછે તે સ્ત્રી હોયતોજ થાયછે દેવઋણ પિતૃઋણ અને મનુષ્યઋણ સ્ત્રીની સહાયતાથી ઉતરીને સુખી થવાય છે ગમે તેવી સ્થિતિમા, ગમે તેની ધનની કે મનુષ્યની હાનિમા, કે પ્રકૃતિની અસ્વસ્થતામા સ્ત્રી છે તેજ શાતિ આપનારી, સુખ આપનારી અને વિસરાવનારી છે એની સાથે વાત કરવાની અને એની સામુ જોવાથી જે સતોષ ઉપજે છે તે સતોષ જગતના એક પદાર્થમા દેખાતોજ નથી અનેક ઉદ્યમ અને શ્રમમા પડતી વિટબનાઓ પણ સુખરૂપ લાગેછે તે પેલી સ્ત્રીના પ્રતાપથીજ ગમે તેવા રગમોહોલ પણ સ્ત્રીવગરના હોય તો તે જગલજ છે એની અધીશ્વરી સ્ત્રીજ છે અને સ્ત્રીને યોગે તે સઘળા શોભી નીકળીને સુખ આપનારા થાયછે પેરવુ ઓઢવુ વિગરે સ્ત્રીવાળાનેજ યોગ્યગણાય છે, સ્ત્રી વગરનો જે કાઇ કરેછે તે દુનિયાની નજરમા ઝાડના ઠુઠા જેવોજ જણાય છે પોતાના જેવાજ સાત સ્વભાવની હોય કે સગુણી હોય તો પુરૂષની વૃત્તિને સ્થિર રાખેછે, કુટુબમા કલેશ થાય તેવી વાતો કરતી નથી, સબધીઓનુ માન રાખેછે, ઘરના નરમ ગરમ માણસોને સમજવા સરખા ચલાવે છે, અને જ્ઞાતિનો વ્યવહાર સાચવે છે કુલમર્યાદા, કુલનમ અને રીતભાત સ્ત્રીવાળા વરમાજ સચવાય છે વળીકરીને પ્રજા ઉત્પન્ન થાયછે એ પ્રજાના કાલા બોબડા શબ્દો સાભળીને, તેને ટચકીયો વગાડી ગાડાના જેવા ચાળા કરાવી રમાડીને અને તેનો સ્પર્શ કરીને જે સુખ થાયછે તેનુ મૂળ એક સ્ત્રીજ છે રાજાને રાજાનો મેહેલ અને ગરીબને પોતાનુ ઝુપડુ પ્રજાની પ્રાપ્તિથીજ સુખરૂપ થાયછે સ્ત્રીથી થતી ઔરસ પ્રજાવિના જે બીજા પ્રકારથી પ્રજા માનવામા આવે તે કોઈપણ રીતે પૂર્ણ સતોષ આપનારી મનાતી નથી પ્રજા પોતાના દેખરેખ નીચે ઉછરતા યોગ્ય અવસ્થા થયે ઉત્તમ વિદ્યા સપાદન કરી, શાસ્ત્રી, વૈદ, વકીલ, ડાક્તર, બારીસ્ટર, જડ્જ, કારભારી, કે

ફોજદાર થઇને ખુબ ધન કમાય, અને કીર્તિ વધારે તેથી જે સંતોષ થાય તેનું મૂલ પાણિગ્રહણ કરેલી પત્નીજ છે. સ્ત્રીવાળો માણસ કોઈનો પણ ઉપયોગી રહેછે અને સર્વ સંસારમાં જો ક્યાંઈ સુખ હોય તો તે એક એ માયાની પૂતળીમાંજ દેખેછે. તેવિનાનો માણસ સુખ લેવાને તનમનથી ભટકતો ફરી અસંતોષથીજ જીવન ગાળી નાંખેછે અને તે કોઇ સગાં સંબંધી કે બાંધવોના કામનો રેતો નથી. અમુકને મળું, અમુક સાથે સ્નેહ રાખું, અમુક ધંધો કરૂં, અને અમુક રીતે વરતુ એવો વિચાર સ્ત્રીવાળા વિવેકીનેજ પ્રાપ્ત થાયછે. સ્ત્રીમિશ્રિત સંસારનાં મનુષ્યોસાથે સ્ત્રીવાળાનેજ સહવાસ કે સંપ રહેછે. સંપમાં શું સુખ છે તે સંપી રહેલાં સ્ત્રી પુરૂષના અનુભવમાં આવે તેવું એકલા પુરૂષના અનુભવમાં આવતું નથી. છેવટ ક્યાંઇ નહિ તો પોતાની સ્ત્રી અને છોકરાં સાથેનો સંપ તો રહેવાનોજ. ઈંદ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ એકલા માણસની બહારજ ફરેછે અને ગ્રહસ્થને ગમે ત્યાં બહાર ગયો હોય ત્યાંથી ઘર તરફજ ફરેછે. આમ ઈંદ્રિયમાં પણ સંપ જંપ અને સુખ થાયછે. છેવટ કાંઇ નહિ તો મનાઇ ગયેલું અનિર્વચનીય સુખ તો પછી ભલેને શરીર જેવું અશાશ્વત હોય પરંતુ શરીર હોય ત્યાંસુધી તો તે મળેછે. સેવા કરવામાં ચાકરનીપેઠે વર્તનાર, વિચાર આપવામાં મંત્રીપેઠે વર્તનાર, વ્યવહારના કામમાં કારભારીનીપેઠે વર્તનાર, દયાલુતામાં અને મમત્વમાં માતાનીપેઠે વર્તનાર, સહાય કરવામાં સગાભાઈનીપેઠે વર્તનાર, સદુપદેશ દેવામાં મિત્રનીપેઠે વર્તનાર, અને અર્ધા અંગરૂપ થઈ રહેનાર સુલક્ષણી સ્ત્રી છે તેજ સુખસાધનરૂપ કેમ નહોય? ગમે તેવા ઉદાસ મનને રાજી કરવામાં, અને ગમે તેવા ક્રોધને શાંત કરવામાં તે રામબાણ જેવી નીવડે, તેનું પરિણામ સુખવિના બીજું શું હોય? રૂવાડે રૂવાડે થતી વેદના પણ સ્ત્રીના હસ્તસ્પર્શથી, તેનાં દર્શનથી અને તેની વાર્તાથી ક્ષણવાર મટેછે. અને આટલામાટેજ આખો સંસાર સ્ત્રી કરેછે. સ્ત્રીવગરના સંસારીઓ, જેમતેમ રખડી રઝળી અધવચમાં મરી જાયછે કારણકે તેને સુખ નહિ મળવાથી તેનું આયુષ્ય ટુંકું થઈ જાયછે. એમ કેટલાક માનેછે.

આ ત્રિપુટીનું ત્રીજુ અંગ ધરતી છે. આ ધરતી શબ્દમાં ઘર, ખેતર, વાડી, અને તેઓ જેમાં હોય એવી પૃથ્વીનો મોટો ભાગ સમાય છે. જેટલે અંશે જેવા પ્રકારની ધરતી જેની પાસે હોય તેટલે અંશે તેને સુખ મળેછે. સ્ત્રી ધનાદિકનું સુખ ધરતીથીજ પેદા થાયછે. ધરતીમાં અન્ન અને ફલફુલ પાકે, એ અન્નાદિક ખાઇને માણસ જીવેછે. વધારે અન્નાદિ વેચીને તેમાંથી

ધન મેળવાય છે ધરતીમા અન્નાદિ પાક શીવાય બીજા હીરામાણેક આદિ ઝવાહીર અને સોનુ રૂપુ વગેરે ધાતુઓ પેદા થાયછે તે વસ્તુઓ એક પાસેથી બીજા પાસે, બીજા પાસેથી ત્રીજા પાસે એમ ફરતી ફરતી વ્યવહારમા સુખ આપેછે જેના આધીનમા આખો દેશ હોય તે સર્વ પૃથ્વીની પેદાશનો ભાગ લઈ ભોગવે છે માટે ખરો ધરતીનો ધણી તો રાજા કે મહારાજાજ ગણાયછે ખાનાને અન્નાદિક રસ પેરવાને સુંદર વસ્ત્રો, અને રેહેવાને સુંદર ગ્રહો રાંકને રાંકના પ્રમાણમા, સાધારણને સાધારણના પ્રમાણમા અને શ્રીમતને શ્રીમતના પ્રમાણમા હોય છે તે સર્વ પ્રતાપ ધરતીનો છે બીજાઓની ગરદાશ કરવી એ ધરતીવાળાને બહુ અનુકૂળ પડે છે ખાઇએ છિયે, પીયે છિયે અને આનંદમા ફરીએ છિયે તે ધરતીનીજ બલિહારિ છે એ ધરતીને વિવેકથી કેળવીને તેમાથી અર્થની પ્રાપ્તિ થાયછે હીરા મોતી માણેક જડેલા આભૂષણો, સુખમા પોઢવાને સુંદર મશરૂ મખમલના બીછાનાવાલી શય્યાઓ, આકાશની સાથે વાતો કરનારા ભુવનો, એ ભુવનોને શણગારનારા ઝુમર અરીસા ઉવેચ વગેરે પદાર્થો, સોનારૂપાના વાસણો વગેરે પદાર્થો અને હોજ કુવારા વાડીયો ગાડીયો તથા માન મોટાઇ પૃથ્વી ન હોય તો હોયજ ક્યાથી? ધર્મના કે પરોપકારના કામોમા પણ ધરતીજ કારણરૂપ છે. કોઇ વાવ કુવા ખોદાવે, કોઇ અન્નાશ્રમ બનાવે, કોઇ સદાવ્રત આપે, કોઇ દેવમંદિર બંધાવે, કોઈ બ્રહ્મભોજન કરાવે, કોઇ યજ્ઞયાગાદિ કરાવે, કોઈ અર્થીની ઇચ્છાપ્રમાણે વસ્ત્રાદિકના દાન આપે, તે સર્વ ધરતીની કૃપાથી થાયછે એમ સમજવુ ધરતી ન હોય તો અન્ન થાય નહિ અને અન્ન ન હોય તો જીવાય નહિ જે જે આનંદ છે તે અન્નથી ધરાયેલો હોય તેનેજ મળે છે જેની પાસે ધરતી નથી તેઓપણ ધરતીને આધારે જીવેછે અને ધરતીવાળા પણ ધરતીને આધારે જીવેછે ધરતીના ધણીને સહુ કોઇ આધીન થઇ રહેછે, મૂલ્યવિના તેનુ સહુ કામ કરેછે, તેના અવગુણ પણ ગુણમા ગણાઇ જાયછે, તેનુ માથુ દુખતુ હોય તોપણ હજારો માણસો જોવા આવેછે અને તેઓ જોઇએ તેમ સ્વતંત્ર રીતે વરતી શકેછે આજકાલ અમ્મર નામ ધરતીવાળાનાજ રહેછે પાણી માગે ત્યા દૂધ મળે તે ધરતીવાળાનેજ મળે અને સ્ત્રી તથા ધન જે સંસારસુખનુ પરમ સાધન છે તે ધરતીમાથીજ થાયછે જ્યાસુધી બીજા બળવાનની નજર પડી ન હોય, જ્યાસુધી સ્પર્ધા કરનાર કોઇ જાગ્યો નહોય ત્યાંસુધી કોઇપણ જાતનુ

દુઃખ આવતું નથી. કોઇ ભાઇ કહે, કોઇ કાકા કહે, કોઇ કન્યા આપવા આવે, કોઇ ભેઠ મેલવા આવે, કોઇ વાતો કરવા આવે, કોઇ સભાના મેમ્બર બનાવે, કોઇ ઘેર પધરાવે, કોઈ કવિતામાં સ્તુતિ કરે એ ધરતી ન હોય તો બનેજ નહિ. સ્ત્રી અને ધન કરતાં ધરતી વધારે કાલ રહી શકેછે. ધરતી મળ્યા પછી વ્યવહારમાં તેનાથી થતું સુખ સંપાદન કરી છેવટ તેને પણ નાશાત્મક માની કોઇ અનંત સુખને માટે પ્રયત્ન કરવું.

આમ એકેકું અંગ સુખસંપ વધારનાર છે, ત્યારે જ્યાં ત્રણેય સાથે હોય ત્યાં તો સુખની વાતજ શી કરવી. પરંતુ આ સુખ તે કહેવા માત્ર છે. સૂક્ષ્મ દૃષ્ટિથી એની સામી બાજુ તપાસિયે તો ઉપાધિ વિશેષ છે અને સુખ તો ક્ષણિક અને નાશવંત છે. તેનું પરિણામ તો કુસંપ અને ક્લેશરૂપજ બનેછે. પ્રાપ્ત ન થયેલ હોય ત્યાંસુધીજ તે ડુંગરનીપેઠે અળોધવાનને માત્ર રળીયામણી લાગે છે. જેને પ્રાપ્ત છે તે તો માથે ઓઢીને રૂવે છે, માટે તેને સુખના સાધનરૂપ કહેવાથી કોઇએ બાથ ભીડી બેસવાનું સમજવું નહિ. વ્યવહારમાં સુખરૂપ મનાય છે અને ઉપરઉપરથી પણ એમ દેખાય છે માટે જગતના ઉદ્યમને ઉત્તેજન આપવા જે દેખાય છે તે દેખાડયું છે; પરંતુ તેથી તેના જે ખરે ખરા દુર્ગુણો છે તે કાંઈ ટળી જતા નથી. આમાં પણ પ્રારબ્ધયોગ કાંઈ વિચિત્ર કામ કરેછે. કેમકે ક્લેશકુસંપ કરાવનારાં સાધનો કોઇને છેવટ સુધી સુખના સાધનરૂપજ રહેછે અને કોઇને સુખને બદલે જીવતાંસુધી દુઃખના સાધનરૂપજ રહે છે. તેમાં પણ દુઃખના દાખલા વધારે હોયછે. મોહથી મમત્વ બધાઇ સુખ મનાય છે. તેમાં કાંઈ વિઘ્ન આવે એટલે મહા ક્લેશ થાયછે. એટલામાટે વ્યવહારમાં તે સુખરૂપ ત્રિપુટીને સુખરૂપ માની લઇ ભલે પ્રયત્ન કરો, પરંતુ છેવટ તેનું સ્વરૂપ જાણી લઇ તેનામાં લપટાઈ રેહેવુ નહિ. બોરના ફળને ઉપર ગર્ભ હોય છે તે સુંદર દેખાય છે પરંતુ અંતરમાં ઠળિયો હોય છે તેનો ઉપર દેખાવ થતો નથી. આ ત્રિપુટી એવી રીતે ઉપરના સુખને દેખાડનારી છે. તેની સાથે તે ત્રિપુટીનાં તેતે અંગોની ઉપાધિ અને બીજા બળીયાએ વિરોધ કરવાથી મમત્વને લીધે જે દુઃખ થાયછે તે ઉપર દેખાતું નથી. અથવા મમત્વનેલીધે થતું દુઃખપણ સુખની ભાવનામાં ભળી જવાથી જે કાંઇ એ ત્રિપુટીના અંગમાં હૃદયમાં લાગે તે સર્વ સુખમયજ સુખરૂપજ મનાય છે. ભલે એમ મનાઓ. એમ મનાઇને પણ જ્યાંસુધી કશો વિવેક પ્રાપ્ત ન થાય અને અંગોની સ-

હાયતાથી સુકૃત્ય ન થાય ત્યાંસુધી તો જે જે અંગ મળ્યું હોય તે મળ્યા છતા ન મળ્યા સમાન છે છેવટ તો એ પદાર્થો પણ નિરર્થક ગણે છે કેમકે સુખ દુ ખ સર્વ અંત કરણની લાગણી ઉપર આધાર રાખે છે એમ ન હોય તો એકજ વસ્તુમા બે જાતનો અનુભવ સર્વને નહિ એના કારણરૂપ મનાતો તે અધિકારી ઉપર થયછે આમ છે તો પણ વનવાસ અને ગૃહસ્વાશ્રમ અગે એ ગમે તેની નિપુટી આત્મ નિરૂપયોગી નથી માટે યથા શક્તિ મેળવવી, મેળવીને સરતાણુ કરવુ અને રક્ષણ કરીને તેનાથી જે સદુપયોગ અને સત્કાર્ય થાયછે તે તેની હયાતીમાં કરવાને ઉત્સુક રહેવુ અને છેવટ અનાસક્ત રહી ઈશ્વરમા ચિત્ત જોડી દેવુ જોઇએ

वनवासी अने घरबारी

જગતમા જન્મ લઇને પ્રાણીમાત્રને સુખ સપાદન કરવામા જે જે સહન કરવાનુ છે તે એટલુ બધુ છે કે તે ગણના બેસીએ તો પૃથ્વીના રજ કણ કરતા પણ અધિક થઇ પડે વનવાસીઓ અને ઘરબારીઓમા એકબીજાની પૃથ્વી અને આકાશના જેટલો અંતર જેવામા આવેછે તેઓ ઘણુ ઘણુ સહન કરેછે પણ એ બેમાથી સહન કરવાનુ કોને વધારે છે તેનો વિચાર કરવા બેસિયે તો તુરતમા નિરાકરણ થઈ શકવુ કઠણ પડે દેખીતી રીતે તો વનવાસીને લોકો સર્વાધીન ગણીને પોતા કરતા અધિક પુણ્ય શાળી અને પ્રતાપી માનેછે ત્યારે તેના સહનશીલપણાસાથે ઘરબારીને સહન કરવાના વિષયો ઘડિક સરખાવી જોઇએ સરખામણી કરવાની વસ્તુ પહેલા તો ટાઢ તડકો અને વરસાદ એ મુખ્ય ગણાય છે વનમા વનવાસી ઓને તે ત્રણેય સહન કરવા પડે છે શૂરવીર જેમ બાણ વિગેરેના ઘા પોતાના અંગપર ઝીલે તેમ વનવાસી વિરાગી ટાઢતડકા વિગેરેના સપાટા સમેતપણે સહન કરે છે એમ ધારે કે શરીર પડી જશે તો તેનમાટે વનનો ગુફાનો કે ઝાડની છાયાનો આશ્રય કરી નિર્વાહ કરી ને છે ઘરના તી તરફ નજર કરિયે તો તેને ટાઢ વિગેરે સહન કરવા પડે છે નહિ તે ણવામા આવે કાળકૃત દુ ખ તો ઘરબારી અને વનવાસીને સરખા જ પડે છે એટલે ઘરબારી કાઇ તેથી બચી જાય તેમ નથી એટલા કારણ જેટલો છે કે ઘરબારી તેને દુ ખોથી બચાવવાનેમાટે શક્તિપ્રમાણે રક્ષણો જોતી રાખે ટાઢમા જાડા લુગડા પેરીને કે ઊનના વસ્ત્રો પેરીને તેથી બચાવ

કરેછે, તડકામાં સુંદર ઘરનો કે છાપરાનો ઓથ લેછે અને માર્ગે ચાલતાં માથે છત્ર ઓઢેછે. અને ચોમાસામાં ઘરમાં કે છાંપરામાં ભરાઇ બેસેછે અને માર્ગે ચાલતાં તાડનાં પાનડાં કે પાણી ઝીલે તેવાં છત્રો ઓઢેછે. આવી રીતે તે કાલકૃત દુઃખોને કાંઇક તે ઓછી રીતે સહન કરેછે; પરંતું બિચારા ઘરબારીને તે શિવાય પણ તે ટાઢ તડકા તથા વરસાદ જેવાં દુઃખ અણધાર્યા આવી પડે છે ત્યારે તો વનવાસી કરતાં પણ તેને વધારે વેઠવું પડે છે એમ કહ્યા વગર ચાલે નહિ.

વરસાદના વખતમાં ઝુપડાં કે ઘર ન હોય તો તેની ધારાઓ શરીર-પર સહન કરવી તે સારી, પણ ઘરબારી રહિને અપ્રિય કે વિપ્રિય વચનના પ્રહારો સહન કરવા એ કેમ સારા ગણાય? વરસાદના પ્રહાર તો વખતે આનંદ આપનાર થાયછે પણ દુર્વચનના પ્રહારો તો તનમનને બાળનારજ બને છે. એવો કોઇ ભાગ્યશાળી નહિ હોય કે જેને બધું સર-ખુંજ ઉતરે અને કોઇનાં કઠોર વચનો સાંભળવાજ ન પડે. રાજાથી માંડીને રાંકસુધી સહુસહુના નાના મોટા વ્યવહારમાં સર્વને અપ્રિય વચનાદિક સાંભળવાં પડેજ પડે. સમુદાયમાં રેહેવાથી એ અપ્રિય વચનથી બચી જવાતું નથી. તે શિવાય પણ વ્યવહારમાં પડતાં દુઃખોનો પ્રહાર પણ ઘર-બારીને સહન કરવો પડેછે. ધન મળે નહિ, મળે તો કોઇ લૂંટી જાય, સ્ત્રી મળે નહિ, મળે તો કર્કશા નીવડે. પુત્ર મૂર્ખ થાય, ઘર તુટી જાય, રાજા દંડે, અધિકારીઓ પૈસા કઢાવવા અમથા અમથા અપરાધ માથે ચડાવે, સ્નેહી કે સંબધી કોઇ મરી જાય, ત્રેવડવિના ખરચ કરવો પડે અને ગરીબ હોય તો દુષ્કાળમાં ખાવાના પણ વાંધા થઇ પડે. એવાં દુઃખો બિચારા ઘરબારીને માથે પડે છે તેમાં કોઇ આડા હાથ દેતું નથી. તે શિવાય પણ વ્યવહારમાં રેહેનાર ઘરબારીને સઘળાં કામકાજમાં જે જે ઉપાધિયો થાય છે તેમાં કેવું દુ.ખ પડેછે તેવિશે વનવાસીને સ્વપ્નમાં પણ અનુભવ થતો નથી. ખાવુ, પીવું, ઘર બાંધવું, સર્વનો સ્નેહસંબધ સાચવવો, સર્વને રીઝા-વવાં, સર્વને મનાવવાં અને પૈસા પેદા કરવામાટે મેહેનત કે ચાકરી કરવી એમાં એકેક વાતનો વિસ્તાર કરવા બેશીયે તો પાર આવે તેમ નથી. એક બાલકજ રીસાયું હોય તો તેને મનાવતાં કેટલી ઉપાધિ થાય છે તે તેને મનાવનારજ જાણેછે એક સ્ત્રી રીસાણી હોય તો તેને મનાવતાં કેટલું સંકટ થાયછે તે તેનો મનાવનારજ જાણેછે, એક શેઠને રીઝાવતાં કેટલી વિટંબના પડેછે તે તેને રીઝાવનારજ જાણેછે. સરકાર-દરબારનો

આવેલો આરોપ ઉતારતા કેટલુ વેઠવુ પડેછે તે તેનો વેઠનાર જાણે છે કોઇપણ જાતનો અપવાદ આવ્યાવિના વ્યવહારથી પાર ઉતરવુ કેવુ કઠણ છે તે ઉતરનાર જાણેછે પેહેલા શરીરને અને ત્યારપછી શરીરના સમધીઓને સભાળથી રાખવામા કેટલો શ્રમ છે તે સભાળી રાખનાર જાણે છે કોઇપણ ક્રિયા ઉપાધિ વગરની કે સુખથી ભરેલી નથી આવી રીતે ઘરબારીને બિચારાને ઘણુ ઘણુ વેઠવુ પડેછે ત્યા વરસાદ તે બિચારો શા હિસાબમા છે? વનવાસીને એમાનુ કશુ નથી હોતુ

વનવાસીઓ ટાઢના દુ ખ વેઠેછે ઘરબારીઓને પણ તે છોડી દેતી નથીજ તોપણ તે બિચારાને તો વળી તેથી વિશેષ કાઈ સહન કરવુ પડેછે ઘરબારીને કોઇ પણ અપરાધમા આવી જવાથી કે ધનજન વિગેરેની ભારે હાનિથી જે કપ થાયછે તે ટાઢના કપ કરતા સોગણો વધારે દુ ખદાયક અને હડબડાવી નાખનાર છે ટાઢનો કપ તો સૂર્ય ઉગવાથી અગ્નિપાસે જવાથી, કે ઓથે બેસવાથી અને કાઈ નહિ તો વલ્કલ કે વસ્ત્ર ઓઢવાથી ઓછો થાય પણ ભય લાગવાથી થયેલો કપ તો કોઇપ્રકારે ગમે તે ઉપચાર કે સાધનથી ભય હોય ત્યા સુધી અથવા દેખાતો હોય ત્યાસુધી મટતોજ નથી વનવાસીઓને તેવી ટાઢ ક્યા છે? ઘરબારીઓને એથી પણ વધારે ટાઢ પડેછે વિવિધ પ્રકારના આહાર વિહારમા નિયમિત રીતે ન્હિ ચાલવાથી ટાઢીયા તાવ વિગેરેમા જે ટાઢ આવેછે તેપણ વેઠવી પડે છે વનવાસીઓ ઘણુ કરીને તેમાથી બચી જાયછે આટલામાટે એ સહનતા પણ ઘરબારીની વધારે છે બહુ ટાઢમા હિમ પડે છે ત્યારે ઘણા વનવાસીના પ્રાણ જતા રેહેછે પરતુ તે વખતે જો ઓથ મળ્યો હોય તો પ્રાણનુ રક્ષણ થાયછે પરતુ ભયના કપથી તો એવો હૃદયમા ધ્રુજારો પેસે છે કે ટાઢનિના પણ ઘરબારીના પ્રાણ નીકળી જાય છે

વનવાસીઓ તાપને સહન કરેછે, તો ઘરબારીઓને ક્યા તેવા તાપ સહન નથી કરવા પડતા? ઉનાળાના તડકા કાઇ ઘરબારીના સબધી નથી થતા કે તેને લાગે નહિ માત્ર એટલુ કે તેઓ ઓછો પરાભવ થવામાટે પ્રયત્ન કરે છે, તો વનવાસીઓ પણ ઝાડના ઝુડમા તે તાપના દિવસો ગાળી શકેછે કોઇ કોઈ વનવાસી પચાગ્નિ તાપેછે તે અતિ કઠણ કામ છે પણ ઘરબારીને પણ તેવો પચાગ્નિ હશે ખરો હાલતા ચાલતા અને વ્યવહાર કરતા સ્ત્રીની, પુત્રની, ઘરની, ધનની અને અભિજનની ચિંતા તે પચાગ્નિ જેવીજ છે અથવા તે કરતા પણ અધિક છે અગ્નિનો તાપ ઉપરની

ચામડીનેજ લાગેછે અને ચિંતાનો તાપ તો અંદરથી અંતઃકરણમાં લાગીને સર્વ અંગને તપાવે છે. એમાં પાંચની સંખ્યાનો કાંઇ નિયમ નથી. ક્ષણે ક્ષણે હજારો ચિંતા થાયછે પણ તેમાંની ઉપર કહી તે મુખ્ય છે. મેળવવાની ચિંતા, સાચવવાની ચિંતા, મરી જવાની ચિંતા એમ ચિંતા ક્યાં થોડી છે? વનવાસીઓને તે ચિંતાનો સ્વપ્નમાં પણ અનુભવ નથી થતો. કેમ કે તેને આગળ પાછળ ધરાળ ઉલાળ કશું હોયજ શાનું? આ ઉપરથી જણાશે કે વનવાસી કરતાં ઘરબારીને ઘણો તાપ લાગેછે.

વાઘ વરૂ અને વાનર વગેરેથી પીડા થવાનો સંભવ વનવાસીને હોય છે તો ઘરબારી કાંઇ તેથી છુટી જતા નથી. ઘરમાં બેઠાં પણ દુર્જનો અને લેણીયાતો વાઘવરૂની ગરજ સારેછે. અને તે શિવાય પણ ક્રૂર સ્વભાવનાં સ્ત્રી પુત્ર આદિ સંબંધીઓ ભૂતનીપેઠે ખાઉ ખાઉ કરીને વાઘવરૂના કરતાં વધારે હેરાન કરેછે.

વનવાસી પોતાના પેટનું પોષણ કરેછે તો ઘરબારી પણ પોતાના પેટનું (પ્રજાનું) પોષણ કરેછે. ઘણું ઘણું સહન કરતાં પણ વનવાસી પોતાના દેહને પડી જવા દેતો નથી તો ઘરબારી પણ પોતાના દેહને પડી જવા દેતો નથી. વનવાસી પોતાના તપને જાળવે છે તો ઘરબારી પોતાના ધનને સાચવેછે. કાલ અને સ્વભાવાદિક આગળ પરાધીન વનવાસી સ્વતંત્રજ રીતે ફરેછે તો ઘરબારી પણ ઘણી રીતે પરાધીન છતાં સ્વતન્ત્ર રીતે ફરેછે.

આમ વિચારી જોતાં ઘરબારી અને વનવાસીને સહન કરવાનાં દુઃખની સમાનતા દેખાયછે. જગતના જોવામાં વનમાં જઇ વસનાર ઘણો સહનશીલ દેખાય છે અને તેનેમાટે લોકોને ઘણું માન હોય છે પણ કેટલીક રીતે ઘરબારીને જે સહન કરવું પડેછે તે વનવાસી કરતાં પણ વધારે છે. ઘરબારી અને વનવાસીઓમાં ઘણા સારા માઠા ભેદ હોય છે તે વિષે આંહી બોલવાનું છે નહિ. પરંતુ ઘરબારીને આટલું બધું વેઠવાનું છતાં વનવાસી તેનાથી અધિક માન પામે તેનું શું કારણ એવિષે ખુલાસો થવો જોઇએ. વનવાસીઓને કોઇની કશા પદાર્થમાટે ગરજ હોતી નથી. કોઇપણ તપ કરેછે તો તે કામના વિના કરેછે. શરીર પડી જાય તોપણ તેથી તેને ભય હોતો નથી. શરીર સુધાં કોયપણ પદાર્થમાં તેને આસક્તિ હોતી નથી. કાલકૃત દુઃખો તેને માથે પડેછે તોપણ પર્વતનીપેઠેજ તે સહન કરેછે. સર્વત્ર તેને સુખરૂપજ દૃષ્ટિ હોયછે. ઐહિક સુખ સમૃદ્ધિ તેની દૃષ્ટિમાં નરકરૂપજ હોયછે અને તેની વૃત્તિ ઈશ્વરમાં તદાકાર હોયછે. ઘરબારીને એવી

વૃત્તિ રહે તો તેપણ તેના જેવોજ ગણાય, પરતુ તે બિચારાને મારૂ મારૂ કરતા મોત આપડે તે વેળા મનમા ગમતુ ન હોય તોપણ પરાણે મરે છે રાતદિવસ ધન પુત્રાદિકની કામનામા અને કામક્રોધમા હિંડોળા ખાતો હોય, જે કાઇ પોતાનુ છે તે સાથે લઇ જવાનુ હોય તેમ ધારી બેઠો હોય, દુઃખ પડે ત્યારે હાયરે બાપ વોયરે માડી કરીને રડતો હોય, એક અનુકૂળતા મેળવતા હજારો પ્રતિકૂળતા કનરાની નાખતી હોય, અને માન, અભિમાન, દભ, નિર્દયતા, મૂર્ખાઇ, ગમાર, લુચ્ચાઇ તો ભરેલીજ હોય અને કદી લુચ્ચાઇ વિગેરે ન હોય તોપણ વાસનાથી તો ભરપૂર હોયજ આવા ઘરબારી આશાતૃષ્ણામા આમતેમ અથડાતા અમૂલ્ય આયુષ્ય ઓછુ કરી નાખેછે તે ક્યાથી માન મોટાઇ મેળવે ઘરબારી કરતા પણ અનમસ્થિતિમા રહેનાર વનવાસીઓને તો હજાર વાર ધિક્કાર છે આપણે તો સારા વનવાસીઓને માટે બોલિયે છિયે ઘરબારીઓ ગમે તેટલુ સહન કરેછે પરતુ જ્યાસુધી તે વનવાસી નથી થયા અથવા વનવાસી જેવા નિસ્પૃહ નથી થયા, અને વિવેકથી સાચાખોટાનો નિશ્ચય નથી થયો ત્યાસુધી તે અપમાનનુજ પાત્ર છે વનવાસીઓ જાણી જોઇને કેટલુક કાનકૃત દુઃખ ભોગવે છે મનનુ દુઃખ તો તેને હોતુજ નથી ઘરબારીઓ જેટલા દુઃખ છે તેટલાને ઇચ્છતા નથી તેમ છતા આવી પડેછે ત્યારે પરાણે ભોગવેછે અને તેનુ મન દુઃખથીજ રગાઇ ગયેલુ હોયછે આટલામાટે વનવાસી ધન્ય છે અને ઘરબારી ધન્ય નથી સહન કરવાનુ ઘરબારીને વધારે છે કે વનવાસીને તેનો નિર્ણય કરતા સૌસૌના વિચારપ્રમાણે સૌસૌનામા અધિક છે પરતુ પ્રકારાતર હોવાથી ઘરબારીના કરતા વનવાસી ભાગ્યશાળી છે કેમ કે ઘરબારી કૃત્રિમ સુખમા કાળ કાઢેછે અને વનવાસીયો ખરા સુખમા કલ્લોલ કરેછે

ઘરબારી અને વનવાસીના સુખ સરખાવી જોઇએ તો ઘડીવાર સમાન લાગે અથવા તો ઘરબારી વધારે સુખી લાગે, પરતુ પરિણામે તો નિરૂપાધિક સુખમા વનવાસીઓ બહુ ચડેછે ઘરબારીઓ કૃત્રિમ સુખમા લલચાયછે અને વનવાસિયો સ્વાભાવિક સુખમા મગ્ન રહેછે ઘરબારીઓ બહારથી સુખની આશા રાખેછે અને વનવાસીઓ અદરથી સુખમાજ રહેલા છે ઘરબારીઓને કૃત્રિમ સુખનો નાશ થતા શોક થાયછે અને વનવાસિયોનુ સ્વાભાવિક સુખ મટતુજ નથી નાના નાના રોપાઓ કુડામા વાવીને એક વાડામા ગોઠવી દીધા હોય, સુદર બગીચો કે ચોક બનાવી તેમા

રેતી પાંથરી ચોતરફ સુંદર મોટાં વૃક્ષો વાવી દીધાં હોય, એવો બાગ જે સુખ આપેછે તેના કરતાં સ્વાભાવિક ઝરણા આગળ ઉગેલાં વ્યવસ્થા વગરનાં સુંદર વૃક્ષો અને વ્યવસ્થા વગર જેમતેમ પડેલા પથરાઓ પાણીના મુંદર શબ્દો સાથે જે સુખ આપેછે તે પેલાની આગળ હજારગણે દરજે આનંદ દાયક છે. ઘરબારીને પોતાની ડાહી સ્ત્રી જે કૃત્રિમ સુખ આપેછે તેના કરતાં સદ્ગુણવાળી વિવેકબુદ્ધિ વનવાસીને હજારગણું સુખ આપેછે. ઘરબારીને ધન જે સુખ આપેછે તેના કરતાં વનવાસીને પોતાની ઉત્તમ વિદ્યા હજારગણો વધારે સંતોષ આપેછે. જે જે સુખનાં સાધનો ઘરબારીએ માનવામાં આવ્યાંછે તે સર્વે ક્ષણિક સુખનાં સાધનો હોવાથી અને તે પણ માત્ર માની લીધેલાં હોવાથી વનવાસીનાં સ્વાભાવિક સુખનાં સાધનો આગળ કાંઇ હિસાબમાંજ નથી. પહાડની તલાટીમાં એક પાણીના ઝરણ આગળ ઝાડના ઝુંડ નીચે રેતીના ટેકરામાં પડેલી છીપર ઉપર લેવામાં આવતા પવનથી જે સુખસંતોષ ઉપજે છે તે સાત ભુવનના મેહેલમાં સોનાની હીંડોળાખાટ ઉપર પણ સંભવિત નથી કેમકે તે કૃત્રિમ છે. મમત્વથી બંધાયેલો રાગ વિઘ્ન થવાથી દુઃખ કરેછે. પરંતુ વનવાસીને તેમ થતું નથી. તેને સર્વ ઠેકાણે અનહદ આનંદ હોયછે પરંતુ શોકનો સમય તો તેને આવતોજ નથી. એક વગડામાં રહેનારો ખેડુ જો રાજાના મેહેલમાં આવ્યો હોય તો ઘડીવારમાં તે મુઝાઇ જાયછે, પરંતુ મોહોટા મેહેલોમાં રેહેનારો વનમાં આખો દિવસ ફરે તોપણ કાઇજાતો નથી. એ ઉપરથી જણાશે કે વનવાસીના કરતાં ઘરબારી સુખમાં ચડતા નથી. વિચાર કરતાં એમ જણાયછે કે સહન કરવાનાં દુઃખોમાં ઘરબારી આગળ જાયછે અને સ્વાભાવિક સુખ સંપાદન કરવામાં વનવાસી આગળ જાયછે અને છેવટ સૌસૌના અધિકારમાં સૌ સર્વોત્તમ છેજ. તોપણ વિરાગથી વનવાસી થયેલો જે પદ પામેછે તે ઘરબારીને નથી મળતુ. ઘરબારી પણ વનવાસીને આંટે એવો વિરાગી હોય તો તે વનવાસીના કરતાં પણ વધારે યોગ્ય છે પણ આવો દાખલો ક્વચિતજ બનેછે કલિકાલના પ્રસગમાં વનવાસીઓ પણ ઘરબારીઓને બગાડે એવા નીવડે એમ છે ત્યાં ઘરબરીઓની વાત શી કરવી. તોપણ બહુરત્નાવસુંધરા છે એટલે વનવાસીમાં અને ઘરબારીમાં કોઇ તેવા મહાત્માઓ થવાનો સંભવ છે કે જેઓ એકબીજાની સ્પર્ધા કરનારા અને પોતાની સ્થિતિને માન આપાવનારા હોયછે.

वेदधर्मसभाने बक्षीस.

લુવાણા ગ્રહસ્થ શેઠ ખટાઉ રવજીએ સં ૧૯૪૬ ના આશુ શુદી ૧૦ ને રોજ સ્વર્ગવાસ કરતા તેની પાછળ તેનાં ભક્તિવાળા સ્ત્રી બાઇ કેસરબાઇએ રૂપીયા ૫૦) ધર્માદા દાખલ આપ્યા છે. તે સભાના ધર્માઉ ફંડખાતે જમે કર્યા છે. ૧૯૪૬ આ. વ. ૮

(સંબંધ પાને ૨૮૮ મા)

સમજવાનુ એ છે કે ઉપરના શ્લોકમા સુવાસનાનુ રૂપ દેખાડ્યુ છે જોકે સુવાસના પણ ટળી જાય તો ઉત્તમ બ્રહ્માકાર વૃત્તિ કેહેવાય, તોપણ કદિ ન ટળે તો કુવાસનાની પેઠે દુ ખ દેતી નથી કુવાસના તો ઘણી દુ ખ દે છે અને કર્યુ કારવ્યુ ધૂ ... છ વળી એક બીજુ દૃષ્ટાંત સમજવાને લખિયે છિયે

કોઈ શહેરમા બે મિત્ર રેહેતા હતા તેમા પેહેલાના મનમા વેરભાવ હતો અને બીજો તો શુદ્ધભાવથી વરતતો હતો પેહેલે મિત્રે વેરભાવથી હુ મરીશ તો મારો મિત્ર પણ મારી વાસે મરશે એવુ વિચારી * ભેરવજપ ખાધી બીજો મિત્ર જે ખરા ભાવવાળો હતો તેણે વિચાર્યુ કે મારો મિત્ર ભેરવજપ ખાવાનો હોય તો કહ્યા વગર ન રહે માટે જરૂર તે અજાણતા લફશી પડ્યો હશે એ અચાનક મુવો તેથી તેને વાસના રહી ગઈ હશે માટે તેને મોક્ષ પમાડુ આમ વિચારી બીજા ભલા મિત્રે પણ મારા મિત્રને મોક્ષ થજો એમ બોલતા બોલતા ભેરવજપ ખાધી આમાથી એમ થયુ કે જે પેહેલો કપટી મિત્ર પોતાના મિત્રને મારવામાટે મુવો હતો તેને પોતાના મિત્રે મરીને મોક્ષ આપ્યો તેથી તેની નઠારી વાસના પડી રહી ને પોતે મોક્ષ પામ્યો અને બીજો સાચો મિત્ર મુવો હતો તેને વાસના તા મોક્ષની હતી પણ બીજાનેમાટે હતી તેથી તેને મોક્ષ ન થયો પણ પેહેલા કપટી મિત્રની વાસના તને વળગી

આવી રીતે વાસના બંધનકારક છે એ વાસના શમી જાય ' એટલે પછી અન્ન વસ્ત્ર આદિ માટે દોડવુ પડતુ નથી માટે છેવટ સમજવાનુ એ છે કે જે કુવાસના જન્મ મરણ આદિ અનેક દુ.ખ અપાવનારી ને જ્ઞાનને નિષ્ફલ કરનારી છે તેનો સમૂલ નાશ કરવો કેમકે એ વાસના શિવાય બંધનમા નાખનાર બીજુ કોઈ નથી પ્રથમથી વાસનાથી દૂર રહેવાનો અભ્યાસ રાખવો જોઈએ નીકર અંતકાલે પછી તે ટાળવી કઠણ થઇ પડે છે દેહની હયાતી હોય તે વખતથીજ વાસના ટળે તો એ જેવુ વળી બીજુ એ ... સારૂ નાહે

સત્પુરુષોની સભામા જે ઉત્તમ વિદ્યા જાણનાર હોય તે શોભે છે તે ઉત્તમ વિદ્યા બ્રહ્મવિદ્યા સમજવી બીજી સઘળી વિદ્યા કરતા તે અધિક છે ને બંધનમાથી છોડાવનાર છે માટે તે ઉત્તમ છે એવિષે આમળ લખાઈ ગયુ છે એ વિદ્યાવાળાવિના સત્પુરુષોની સભામા બીજો કોઈ શોભતો નથી ‡

* ઉંચેથી પડતુ મેલવુ તે ‡ વ્યવહારપક્ષમા સારી વિદ્યા સુખ આપનારી છે

तेवीज रीते शांतिना सरखी सुख आपनारी पण तेज सुविद्या एटले ब्रह्मविद्या छे. आत्मा सुखरूप छे, अविद्यानेलीधे ते जीव थई दुःख भोगवेछे; पण तेज आत्मा ब्रह्मविद्या प्राप्त थई के जीवबुद्धि तजीने शांति पामे छे. नाम रूप ए बधुं साचुं छे, एम प्रथम मानवामां आवतुं होय ते ब्रह्मविद्याना प्रभावथी मिथ्या भासे एटले शांति थाय छे. केम के नाम रूप खोटुं जाण्युं एटले खोटा उपर मन जाय नहि. जेम कोई आकडानुं आकोलियुं पडयुं होय तेउपर केरी छे एवुं भान थवाथी लेवानी अने खावानी लालच थाय, पण क्रमेथी जणायुं के ते आकोलियुं छे एटले पछी ते लेवानी के खावानी इच्छा सेहेज टळी जाय; तेम ब्रह्मविद्याथी सर्व मिथ्या जाण्युं एटले एम तेम धातुं टळी जाय छे. मिथ्या भान थयापछी शरीर रहे तोपण ते प्रारब्धप्रमाणे आवी मळे ते भोगवे पण तेमां सत्यबुद्धि थाय नहि.

कोई भीखारण होय ते अनेक प्रकारथी कालावाला अने चेष्टा करती होय पण जो ते राजाने गमे ने तेनी राणी थाय[1] तो पछी पोतानी पूर्व अवस्थाना चाळा ने चेष्टा तजी देछे ने अति आनंद भोगवे छे, तेम जेवी वृत्ति अज्ञानदशामां चेष्टा करती होय तेवी पछी ज्ञानदशामां करेज नहि अने परम शांतिने ब्रह्मविद्याना प्रभावथी पामे.

तेमज दान आपवाथी पण सुविद्या[2] एटले ब्रह्मविद्या वधे छे. अन्न होय पण तेमांथी आपीए तो खुटी जाय, द्रव्य होय ने तेमांथी आपिये तो खूटी जाय, वस्त्र होय ने आपवा मांडिए तो खूटी जाय, तेम जे कांई नामरूपवाळा पदार्थ आपवा मांडिये तो खूटी जाय, पण ब्रह्मविद्या तो जेम जेम आपीये तेम तेम वधती जाय छे. वासिष्ठसारमां लख्युंछे के.—

सर्वा एव कला जंतोरनभ्यासेन नश्यति ।

इयं ज्ञानकला नित्यं सकृज्जातापि वर्धते ॥

सर्व जेटली कळाओ छे ते सघळी अभ्यासविना नाश पामे छे अर्थात् तेनो निरंतर अभ्यास राखवो जोईए छिये, पण आ ज्ञानकळानुं तो एकवार उत्पन्न थाय तो पछी निरंतर वध्याज करे छे.

---

१ कामनाथी आधळा थयेलाओ तेम करे तेमा आश्चर्य न होय पण आ तो दृष्टांत छे.

२ व्यवहारमा पण सर्व विद्याओ बीजाने शीखववाथी वृद्धि पामे छे

समजवानु ए के लखवु, भणवु, चीतरवु ए आदि जटली कला के विद्या छे ते जो निरतरनो अभ्यास न राख्यो होय तो क्रमे क्रमे नाश पामी जाय छे पण तत्वज्ञानरूप उत्तम कला तो एक फेरे उदय थई के पछी क्रमे क्रमे वधती जाय छ माटे ए ब्रह्मविद्यानु दान करवु जेथी निरतर वध्या करे छे पृथ्वीने अन्न आपिये ते जेम वधे छे तेम पात्र आपेली ब्रह्मविद्या पण वृद्धि पामे छे माटे जे वृद्धि पामति जाय तेज सुविद्या अने तेनु दान तेज खरू दान छे

कुतो हि भीति सततं विधेया
लोकापवादाद्भवकाननाच्च ।
को वास्ति बधु पितरौ च को वा ।
विपत्सहाय परिपालकौ यौ ६॥

अर्थ

शिष्य—निरतर बीक कोनाथी राखवी?

गुरु—लोकोना अपवादथी अने ससाररूप अरण्यथी

शिष्य—बधु कोण केहेवाय अने मातापिता कोण केहेवाय?

गुरु—जे विपत्ति आवी पडे तेमा सहाय करे ते बधु अने जे पालन पोषण करे ते मातापिता केहेवाय

टीका

गमे ते सारी क्रिया उपर अथवा गमे ते गुण उपर, उपरथी कुतर्क बाधीने विचार वगरना लोको जूठी आळ चडावेछे तेनु नाम लोकापवाद केहेवाय ए लोकापवादथी निरतर बीक राखवी जोइए मनमा एम समजवु जोइए के आ निर्दोष काम छे तोपण रखे ने तेमा लोको खोटो अपवाद मूके एम बीक राखवानो मूल हेतु एज छे के जेथी लोकापवाद लागे तेवी कोइपण रेहेणी करणी राखवी नहि कह्यु छे के—

यद्यपि शुद्ध लोकविरुद्ध नाचरणीय नाकरणीयम् ।

आत्मानममृतं हित्वा ह्यभिन्नं मोक्षमव्ययम् ।
कुतो विद्वान् प्रवर्तेत काकवन्नरकं प्रति ॥

जे सर्वव्यापक, मोक्षस्वरूप, नाशरहित अने अमृतरूप आत्मा छे तेने मेलीने विद्वान् पुरुष कागडानी पेठे नरकमसे केम वृत्ति राखे ?

कागडानी वृत्ति जेम विष्टा अने मांस उपर जाय छे तेम जेओ ज्ञानवान नथी तेनी वृति स्त्रियो उपर जाय छे. परंतु ज्ञानिओ तो आत्माना खरा आनंदने जाणनार होवाथी तेमनी वृत्ति तेवी थतीज नथी. जेम बिलाडी आवे एटले उंदर एनीमेळे नाशी जाय छे तेम ज्ञान थाय एटले एवी नठारी वृत्ति एनीमेळे नाश पामी जाय छे. तोपण लोकना अपवादमाटे भय राखीने मारे आम करवुं न घटे एम विचारी संग तजवो जोईये. जेम भवाइओ राजानो वेश लई आवे ते राजा जेवा चाळा करे ने राजाना जेवी रीतभात देखाडे परंतु घडिक थाय के 'मावाप' कहीने पैसा मागवामाटे हाथ धरे छे, केमके ते कांई साचो राजा नथी; तेम शास्त्रने वळे ज्ञानी थईने अथवा वेश पेरीने वातोवडे ज्ञानी थई फरनारा अने अनुभव वगरना दंभीओ ज्ञानीना जेवो डोळ राखे अने ज्ञानीना जेवुं बोले पण वखत आवे के स्त्रीनो ने धननो संग करेछे, केम के तेओ खरेखरा ज्ञानवाळा होता नथी. एम जाण्यापछी कदी एम शंका थाय के सुका तळावमां जेम पाणी आवे एटले माछलां आदिक पेदा थाय तेवो द्रव्यनो संग ज्ञानियोने छे तो ते न करवो ते ठीक, परंतु स्त्रीनो संग शामाटे न करवो? शुं एमां आत्मा नथी? सत्पुरुषनो स्त्रीने समागम न थाय तो तेने बोध कोण करे? ने केम थाय? तेनुं समाधान एटलुंज छे के स्त्री आत्माथी थयले छे पण ते आत्मानो नाश करनारी छे. लोढामांथी थयेलो काट लोढाने जेम नाश करे छे अने जळमांथी थयेलो सेवाळ जळने जेम नाश करे छे तेम आत्मामांथी थयेली स्त्री आत्माने वणसाडे छे. आटलामाटे कोई पण प्रकारे तेनो प्रसंग न राखवो जोईए. झाझुं शुं केहेवुं होय ? टुकामां एज के स्वप्नमांपण स्त्रीनो संग न थवो जोईए. कदी कोई स्त्रीने बोध लेवानी इच्छा थाय ने बोध करवो होय तो पण एवो नियम राखवो जोईए के दिवसे एकलां वेसवुं नहि, प्रसिद्ध रीते बारणे बेसीने बोध आपवो अने ते पण बीजाओ जे वखते बोध लेतां होय ते वखते तेने आपवो. वधारे शुं केहेवुं ? सारांश ए के अनुभवी होय तो ए प्रमाणे तेमणे बोध कर-

वामा हरकत नथी तो पण एटला प्रसंगथी पण लोकना अपवादथी डरता रहेवु जोईए, केमके साम्हु करता लोको तेनो हेतु नठारो समजे छे, ने तेथी परिणाम नठारु नीपजे छे

जेम लोकापवादथी बीक राखवी जोईए तेम आ संसाररूप रगडाना दु ख भोगववाथी पण बीक राखवी जोईए विदेही होय तेणे एम विचारवु जोईए के जे मिथ्या वस्तु देखाय छे तेमा खोटु जगतनु भान थयु छे, किंचित् मात्रपण ते सत्य नथी, माटे मारे संसारनी वात करवी पण शामाटे अने सांभळवी पण शामाटे जोईए? ईश्वरनी माया मोह पमाडे एवी छे संसारने जोवाथी अने तेनी वातो सांभळवाथी ते खोटो छे छता मोटा मोटा पुरुषो बंधन पामी गया छे जरत्कार सरखा ऋषि संसारने सांभळीने मोह पाम्या हता, अने सौभरी ऋषि माछलांनो संगम जोईने मोह पाम्या हता, माटे एवा बंधन करनारा संसारने मारे शामाटे जोवो के सांभळवो जोईए, अने तेम करवानु मारे शु प्रयोजन छे? आवी रीते संसारमां न फसाई जवामाटे डर राखवो जोईए एवी रीते भय राखवाथी निरंतर निर्भय रहेवाय छे खरु विचारिये तो भय तो मात्र कहेवानोज छे, बाकीतो यश घटे अने वगोणु थाय माटे भय राखवो आगळ दृष्टांतमा कहेवाई गयलो भिखारी चक्रवर्ति राजा थया हता अने तेनीउपर कोईनो भय न होतो तोपण तेनाथी पेहेली अवस्थाना जेवा यश घटे ने राजापणानु वगोणु थाय माटे अयुक्त आचरण थायज नहि, तेमज विदेहीने माथे कोई शिक्षा आपनार नथी तोपण पोतानो यश ओछो थाय ने ज्ञाननु वगोणु थाय माटे अयुक्त आचरण तजी देवा जोईए अने मुक्त छता पण रखेने संसारमा बंधाई जवु एम भय राखवो जोईए

जे विपत्तिमा पोताने सहाय करे ते बंधु कहेवाय पोतानो मानो जण्यो भाई होय अने खोटा सोटा तर्कट उठावीने के स्त्रियोनी वातो सांभळीने दु ख दे के शत्रुभाव राखे तो ते भाई कहेवाय नहि एक मृगना शरीरमाथी कस्तुरी पण नीकळे अने लींडियो पण नीकळे परंतु ते बेय शु भाई कहेवाय? भाई तो तेनु नाम कहेवाय के विपत्ति आवे त्यारे आडो आवीने उभो रहे कोई वखत नाणानी भीड आवी पडे ते विपत्ति कहेवाय, कोई वखते वढवाड थाय के कोई मारवा आवे ते विपत्ति कहेवाय अने तेमा बंधु होय ते सहायता करे छे पण आ सघळी व्यवहारसंबंधी आपत्ति कहेवाय संसारना दु खनी आपत्ति आगळ उपली आपत्ति कशा हिसाबमा नथी माटे जे संसारनु दु ख

टाळे ने टळवानी सहायता करे तेज आपत्तिने टाळनारो खरो बंधु समजवो. संसारना दुःखरूप विपत्ति महाज्ञानी पुरुषोना बोधथी टळेछे माटे तेवा पुरुषोने मेळवीने उत्तम सदाचारने मार्गे चढावे ने पोने साथे चाले ते खरी सहायता केहवाय, जेथी कोई दिवस बीजी विपत्तियो नडती नथी. संसारनुं दुःख कांई साधारण नथी. पशु, पक्षी, वृक्ष, मांछलां आदि चोराशी लाख अवतार धरीने तेमां अनेक दुःखो भोगववां पडेछे के जे वखते सोय संबंधीओ कशी पण सहायता करी शकता नथी ने कामना नथी. शंकर कहेछे के–

दुःखमूलो हि संसारः स यस्यास्तीति दुःखितः।
तस्य त्यागः कृतो येन स सुखी नापरः प्रिये ॥

दुःखनुं मूल संसार छे. ए संसार जेने होय तेज दुःखियो छे. हे पार्वती, ते संसारनो जे त्याग करेछे तेना जेवो बीजो कोय सुखी नथी.

प्रत्यक्ष अनुभवनी वात छे के संसार दुःखरूप छे. पशुपक्षीआदिना अने कीडामंकोडाआदिना अवतारमां तो दुःखरूप छे परंतु जे मनुष्यदेह केहवाय छे तेमां पण अति दुःखरूप छे. सोनाना पलंगपर चडी शयन करनारा, फूल जेवां कोमळवस्त्र पेहेरनारा, हजारो लोकोने वश राखनारा अने लक्ष्मीथी भरपूर भंडारवाळा पुरुषो पण एवा तो दुःखी छे अने एवा तो दुःखी थवाना छ के जेनो विचार करतां तेनो अंत आवतो नथी. ए दुःखरूप संसार तजवा माटे फरीने पण शंकरनुं पार्वती प्रत्ये वचन छे केः–

प्रभवं सर्वदुःखानामाश्रयं सकलापदाम्।
आलयं सर्वपापनां संसारं वर्जयेत्प्रिये ॥

"हे प्रिया! सर्व दुःखोने उत्पन्न करनार, सर्व आपत्तिओनुं रेहेवानुं ठेकाणुं, अने सर्व पापोनुं घर एवो आ संसार तजवो जोईए.


जेटलां दुःखो, जेटली आपत्तियो, अने जेटलां पापो कहिए तेटलां बधां संसारमां छे. एवा ससारनो त्याग थयावगर सुखनी आशा स्वप्नमां पण राखवी खोटी छे. संसार नहि तजाय तो केवी स्थिति थाय छे ते कहे छे केः—

अबंधं बंधनं घोरं स्त्रीशरीरं महाविषम्।
अशस्त्रखंडनं देवि संसारासक्तचेतसाम् ॥

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મું. માર્ગશીર્ષ, સંવત્ ૧૯૮૭. અંક ૨ જો

॥ यतो धर्मस्ततो जय ॥



जेने वीती होय ते जाणे

(કાચબા-કાચબી ॥ ભજનનો ઢાળ)

જેને વીતી હોય તે જાણે, બીજા નજરે કોઈ ન જાણે,—ટેક
કાંટો બરાબર બે ઘડી કેરો, હાથમાં વાગ્યો હોય,
વાગ્યા વિનાનો વેદના તેની, જાણી શકે શું કોય ?
અનુભવ હોય ન જેને, શેણે સમજાવિયે તેને,—જેને૦

અગ્નિએ અંગ બળ્યુ હોય તેથી, બળતર જે બહુ થાય,
ઉનું પાણી નહિ ઓળખે એથી, કેમ કરી સમજાય ?
હૈયાની વેદના એવી, કહી નહિ જાય તેવી,—જેને૦

વેદના થાય સુવાવડમાં તે, જાણે ન વાંઝણી બાઇ,
પાસે રહી હોય તોય સુયાણી, જાણી શકે નહિ કાંઈ,
કેવું છે દુઃખ તાણે, હોય હોય તે પ્રમાણે,—જેને૦

વેદના લેશ ન જાણે શૂળીની, પાસે ઉભેલા લોક,
હાથ ધર્યામાં વેદના કેવી, કેમ જાણે તે કોક,
વખાની વાત છે એવી, નથી સમજાય તેવી—જેને૦

કેમ કમાવાય કેમ શમાવાય, ચિત્તતણા પરિતાપ,
કેમ ભજાવાય વેશ વિરોધે, કેમ છપાવાય છાપ ?
હઠીલા જાયછે હારી, જુવો તે વાત વિચારી,—જેને૦

ડંખ્યા વિના ન જણાય કદાપિ વીછીની વેદના જેમ,
મરણપથારી ઉપર પીડા, જીવતો જાણે કેમ ?
ખરેખર એક છે ખામી, નથી કોય અંતર્યામી,—જેને૦

ચાકરી કેવી આકરી છે તે, જાણી શકે શું શેઠ ?
દુઃખદબાણ સદા સમજે છે, હોય દબાયો હેઠ;
ભૂખ્યાનું દુઃખ શું જાણે, જમ્યો હોય ભાવતું ભાણે;—જેને૦
કાનમાં વેણ કઠોર પડ્યાથી, ઉપજે તાપ અમાપ,
બાણ ખુંચ્યું હોય હાય હૈયામાં, કેવો કરે છે કાપ ;
થયો હોય માવરો જેને, પૂછો ભાઈ પ્રેમથી તેને;—જેને૦
શંખણી સાંપડી હોય તે નારી, કેવો કરાવે ક્લેશ;
કર્મતણા કોય કારમે યોગે, વાદે વગોવે વેશ;
દિયે દાગ દેહમાં દારા, એથી વનવાસિયો સારા;—જેને૦
મૂર્ખ પ્રજાથી માતાપિતાનું, અંતર જે અકળાય;
લાજ પ્રતિષ્ઠા જાય લુટાતાં, ધૂળધાણી ધન થાય;
દીવાના દીકરા જેના, ભવે ભાઇ ભોગ છે તેના;—જેને૦
મૂર્ખ પ્રજા હોય હાય પનારે, પૂર્વનાં પૂરાં પાપ;
સારી પ્રજા હોય સાંપડી તેવા, તેનો ન જાણે તાપ;
બળેછે બૈ બિચારા, એવાથી વાંઝિયા સારા.—જેને૦
આંખ ફરે કોય રાયની ત્યારે, રાંક બિચારા લોક;
હાનિ હજાર ગણી થકિ હારી, કેવો કરેછે શોક;
આવે જલ હેઠલ જ્યારે, સાચું સમજાય ત્યારે;—જેને૦
બાલક રોતું હોય તો તેના, અવળાં ઓસડ થાય;
ભૂખમાં ડામ દિયે છે ધાણી, પીડ થતાં દુધ પાય;
એને થાય દુઃખ અટાણે, કહો કોણ જઇ મટાણે;—જેને૦
હોશવડે હથિયાર ખમીને, રણમાં મેલે કાય;
અંતરની બહુ કાલની આશા, અંતરમાંહિ સમાય;
કહો તે કેમ કળાશે, બીજાને દુઃખ જે થાશે;—જેને૦
વાણ ભાંગે ભર સાગરે ત્યારે, ઉપજે જે ગભરાટ,
બાલ બચાંના વાય વિલાપો, હાયરે હૈયાફાટ;
એને જે અંતરે થાશે, બીજાથી કેમ જણાશે ?—જેને૦
પુત્ર-કલત્ર-સંબંધિ વિયોગે, અતર જે અકળાય,
ધાર્યું ન ઉતરે પાધરૂં પ્યારાં, ધામ ધરા ધન જાય;
જુવો જીવતાં વરઓળા, વાગેછે ગેબના ગોળા;—જેને૦

સુખ નથી સસારમા માન્યુ, સબધનુ પણ તેમ,
કામ ધરા વન કાય । આવે આખ નિહાળે એમ,
ભાગે યશ વૈભવવાળા, રૂવે છે કેઇ રેવાળા,—જેને૦
પિંજર પખી વિયોગ થવાથી, ધન જોબન છે ધૂળ,
પ્રેમ અને પરિચય પોતાનો છે બધનનુ મૂળ,
ભલે મોજ કેશન માણે, મુના પછી સૌ મસાણે,—જેને૦

સપ અને સુખ વધારનારી ત્રિપુટી

જે ત્રિપુટી કુસપ અને કલેશ આપનારી પ્રથમ આપણે વર્ણવી ગયા છિયે તેજ ત્રિપુટી સસારમા પરમ સુખના સાધનરૂપ ગણાયછે એમ કહેવામા કરી અડચણ નથી, પરતુ સૂક્ષ્મ દૃષ્ટિ કરતા તો જે તેના દોષો વર્ણવ્યા છે તેજ ગુણના કરતા અત્યત અધિક છે એટલામાટે કોઇ એવી ત્રિપુટી અહીં કલ્પવી જોઇએ કે જેમા સર્વાશે ગુણજ રહેલો હોય અને સપ સુખને વધારતી હોય પેલો કુસપકલેશ વધારનારી ત્રિપુટીના સ્ત્રી, ધન અને ધરતી એમ ત્રણ અગ કહેલા છે તેનાજ અથવા તેજ નામના અગ આ ત્રિપુટીમા છે ઈશ્વરની કૃપા હોય, પૂર્વના પુણ્યનો ઉદય થવાનો હોય, સારા ભાગ્ય હોય, અને વિવેકવિચાર હોય તોજ આ ઉત્તમ ત્રિપુટી સસારમા સાપડેછે વિવેકવાળી બુદ્ધિ જે કામ કરેછે તે કામ જો સ્ત્રીથી થાય, વિદ્યા જે કામ કરેછે તે કામ જો ધનથી થાય અને ધીરજ તથા ક્ષમા જે કામ કરેછે તે જો ધરતીથી થાય, તો એ પ્રથમ કહેલી ત્રિપુટીજ સપ અને સુખ આપનાર કહેવી જોઇએ બહુરત્નાવસુધરા છે એટલે તેમ ક્યાક બનતુ પણ હશે પણ છેવટ તો તેમા દુ ખ તો આવવાનુજ એમ ન હોત તો આ ત્રિપુટીની જગતમા જરૂરજ શામાટે રેહેત ? માટે માણસે આ ઉત્તમ ત્રિપુટી સપા ન કરી સપ અને સુખ મેળવવા પાછળ રેહેવુ ઘટે

પેહેલુ અગ આ ત્રિપુટીનુ ધન એટલે નાણા પિતળના કે બીજા સિક્કા નહિ પણ વિદ્યાજ અખૂટ ધન છે ધાતુરૂપ ધનથી મારામારી થાય, મદાધ થઇ જવાય, અનર્થ થાય, તેને કોઇ લુટી જાય, અને વાપરવાથી ઓછુ થઇ જાય, પણ વિદ્યામા તેમ થતુ નથી વિદ્યામા મારામારી થતી નથી, તેનો ભાગ વેચવો પડતો નથી, કોઇ ચોરી જાતુ નથી અને આપવાથી ઓછી

પણ થતી નથી. જેમ જેમ વાપરાય તેમતેમ વધેછે. ધનથી આપેલું દાન તો લેનારને જ્યાંસુધી તે વપરાઈ જાય નહિ ત્યાંસુધીજ ઉપયોગી છે, પણ વિદ્યાનું દાન તો આ લોક અને પરલોકસુધી વિદ્યાર્થીને સુખ આપનાર થાયછે. ધનથી રચવામાં આવતાં મોટાં મોટાં ભૂવનો વિદ્યાથી રચેલાં ભૂવનો આગળ કશા કામનાં નથી. જાતજાતના રસોના સ્વાદ વિદ્યાના સ્વાદ આગળ તુચ્છ છે. હીરામોતીનાં કે સોનારૂપાનાં ધરેણાં આગળ વિદ્યાનાં ધરેણા અત્યંત દીપી નીકળી પેલાંને ઝાખાં પાડી નાંખેછે. મોટા મોટા ભૂપતિઓ ધરેણાંવાળાને નમતા નથી પણ વિદ્યાવાળાને નમેછે. જગતમાં ઉપભોગમાં આવતા પદાર્થો ધનથી થાયછે તે ધનને વધારનાર અને કમાવી આપનાર પણ કોઇપણ પ્રકારની વિદ્યા છે. ધનનેમાટે ક્યાંઇ ક્લેશ થતો હોય તો વિદ્વાન માણસ તેને છોડાવેછે. વિદ્યા છે તે મનુષ્યને એક સાચું ધરેણું છે. રૂપ હોય પણ વિદ્યા ન હોય તે કાંઇ કામ ન આવે અને રૂપ ન હોય તોપણ વિદ્યા હોય તો તે બહુ કામ આવેછે. વિદ્યા એજ ખરેખરૂં રૂપ છે. યશ સુખ ભોગ અને સર્વની ઉપર પદ આપનાર વિદ્યા છે. સસારમાંનાં બંધુસંબંધી કામનાં ખરાં પણ વિદેશમાં કોઇ પાસે ન હોય ત્યારે નિરંતર બંધુ વિદ્યાજ છે. બલ બુદ્ધિ પરાક્રમ સર્વ વિદ્યામાં સમાય છે. સત્તાધારી લોકો પણ વિદ્યાની આગળ ગુલામ બનેછે. જેનામાં વિદ્યા ન હોય તે પશુસમાન ગણાયછે વિદ્યાવગરનો હોય તેનામાં અનેક દુર્ગુણ આવી વસેછે. ફળમાં પડેલા કીડા જેમ ફળને ફોલી ખાય તેમ મૂર્ખ રહેલાને તેના અવગુણો ફોલી ખાયછે. મૂર્ખને રાગદ્વેષ બહુ થાયછે અને સંસારના તુચ્છ વિષયોપર બહુ આસક્ત રહેછે તેથી તેનું અકાલમૃત્યુ ઉભું થાયછે. મૂર્ખ દુર્ગુણીને સ્નેહી સંબંધી કે બાંધવો તજી દેછે. કદી તજે નહિ તોપણ તેનાથી કંટાળી જઇ અંતરમાં તપ્યા કરેછે. આટલામાટે વિદ્યા છે તેજ સુખને ને સંપને વધારનારી છે. મોટા મોટા શોધો અને સગવડ ભરેલાં સાધનો તથા કલાકુશલતા એ સર્વની જન્મભૂમિ વિદ્યા છે. એ વિદ્યા પ્રાપ્ત થયાપછી પણ દુર્ગુણ, દુરાચાર, કુસંપ વિગેરે માણસમાં રહે તો તે વિદ્યા પણ અવિદ્યાજ છે કેમકે નામને અનુસરતો ગુણ ન હોય તેને વિદ્યા કેહેવાયજ કેમ? સંપ વધે, સુખ વધે, શાંતિ થાય, ઉત્સાહ વધે, ઉદ્યોગ વધે અને ઉદયનાં સાધનો સુજતાં જાય તોજ વિદ્યા સમજવી; અને તેથી વિરૂદ્ધ દેખવામાં આવે તો ત્યાં અવિદ્યા છે એમ સમજવું. વિદ્યાથી વિવેક આવેછે, વિવેકથી યોગ્યતા આવેછે અને

યોગ્યતાથી સર્વ અર્થ સંપાદન થાયછે ધનવાનને કોઇ આશ્રય આપના જાતુ નથી પણ વિદ્વાનને આશ્રય આપવા જાયછે સઘળાં ધર્મ અને સુનાગ વિદ્વાનથી સચવાયછે આટલામાટે વિદ્યારૂપી ધન છે તેજ સર્વોત્તમ છે વિદ્યા ઘણા પ્રકારની છે અને તે સવ વિદ્યામા આત્મવિદ્યા ઉત્તમોત્તમ છે વળી વિદ્યાની સાથે કળા હોય તો વળી દૂધમા સાકર ભેળવ્યા જેવુ થાય કળાઓ પણ અસખ્ય છે વિદ્યામા મનવાણીનો ઉપયોગ વધારે છે અને કળામા હાથ વિગેરેનો ઉપયોગ વધારે છે કળા એ વિદ્યાના અગ જેવી છે જે જે સુખના સાધનોના યંત્રો કે યુક્તિઓ યો તયછે તેનુ મૂળ કળા છે એકની કળાવાળો કે એકવી વિદ્યાવાળો જે કમાય તેના કરતા બેય શીખનારો વધારે કમાયછે જેનામા વિદ્યા કે કળા નથી તે મૂર્ખ કેહેવાય છે ધનથી સ્ત્રીપુત્રાદિકની પ્રાપ્તિ સભવેછે તેમ વિદ્યાકળાથી સારી બુદ્ધિ અને તે બુદ્ધિના સદ્વિચારોની પ્રાપ્તિ સભવેછે ધનવાન જેમ પોતાના ધનનો સદુપયોગ કરે તો આ લોક પરલોકમા સુખ પામેછે, તેમ વિદ્યાકળાવાન પણ વિદ્યાકળાનો સદુપયોગ કરે તો આ લોક પરલોકમા સુખ પામેછે, પરતુ ધનથી જે અનર્થ થાયછે તે અનર્થ વિદ્યાકળાથી થતો નથી લોકો કેહેછે કે ધન વગર દેશની દુર્દશા થાયછે પરતુ તે કાઇ ખરૂ કારણ નથી દુર્દશાનુ કારણ તો વિદ્યા કળાનો અનાદરજ છે જ્યા વિદ્યાકળા છે ત્યા સનાથ દ્રવ્યજ છે ધન અન ર્થનુ મૂળ છે, વિદ્યાકળા અર્થનુ મૂળ છે ધનથી ચિતા વધેછે, વિદ્યાકળાથી નિશ્ચિતપણુ પ્રાપ્ત થાયછે ધનથી મરણ થાયછે, વિદ્યાકળાથી અમર થવાય છે ધનનો સદુપયોગ પણ વિદ્યાકળા હોય તોજ સારો થાયછે વિદ્યાકળાથીજ સર્વ પ્રાણીઓ કરતા મનુષ્ય પ્રાણી ઉત્તમોત્તમ ગણાય છે ધનને સાચવવા ભડાર જોઇએ છિયે, માણસો જોઇએ છિયે અને તેનેમાટે ઉજાગરો કરવો પડેછે,પણ વિદ્યાને પોતાના અતકરણશિવાય બીજી જગ્યા જોતી નથી, માણસ જોતુ નથી અને તેને વારણુ કરી મહાસુખની નિદ્રામા પોઢાયછે ધન જો અતરમા તાપ કરે તો વિદ્યાકળા શાતિ કરાવેછે ધનથી જો કાઇ થયુ દેખાતુ હોય તો તે નાશાત્મક છે વિદ્યાકળાના લાભના કાઇ દેવાની જરૂર નથી કેમકે તે સર્વ પ્રત્યક્ષજ દેખાયછે એટલામાટે સુખની અને સપની ઇચ્છા રાખનારે વિદ્યા અને વિદ્યા સાથે કળા મેળવના પ્રયત્ન રાખવુ

બીજુ અગ આ ત્રિપુટીનુ સ્ત્રી એટલે હાડકા ચામડાનુ હાથપગવાળુ રાતા વસ્ત્રવાળુ આપણા જેવુ પૂતળુ નહિ પણ વિવેકવાળી બુદ્ધિ છે વિદ્યાવી

સંસ્કાર પામેલી બુદ્ધિ જે સુખ આપેછે તે અનવધિ છે. નઠારી સ્ત્રીનીપેઠે તે ક્લેશ કરાવતી નથી, ઘરની કુથળીકાઢી બેસતી નથી, અને કુસંપ કરાવતી નથી; પરંતુ સારી સ્ત્રીની પેઠે તે શોક થતો હોય તો શાંત પાડેછે, માતાપિતાનીપેઠે હિતનો માર્ગબતાવેછે, મિત્રની પેઠે સારી શીખામણ આપેછે, ક્યાંઇ પણ બીજે જતી નથી અને તેની ઉપર કોઇની દૃષ્ટિ પણ પડતી નથી. સ્ત્રીઓને સાચવતાં મહા કષ્ટ વેઠવું પડેછે અને ઘણાઓને રણસંગ્રામ થયાછે. બુદ્ધિને સાચવતાં કાંઇ કષ્ટ થાતું નથી અને સંગ્રામપણ કરવા પડતા નથી. જ્યાં જઇએ ત્યાં તે સાથેને સાથે ભેળી રહેછે. અને મરણ પછી પણ તે સાથેજ આવે છે. હાડકાંચાંમડાંનું પૂતળું તો અહીંજ પડયું રહે છે. સાડાત્રણ હાથનાં એ પૂતળાંએ સમજાવેલી વાતો બુદ્ધિની આગળ ધરવામાં આવે તો તેથી થયેલો તાપ સર્વ શમી જાય છે. બુદ્ધિ તો સર્વ મનુષ્યને છે ત્યારે સંસારમાં ક્લેશકુસંપ કેમ થાય છે? એમ કોઇએ શંકા ન કરવી કેમકે બુદ્ધિ તો બધાને છે પણ કોઇને જાગતી હોયછે અને કોઇને ઉંઘતી હોયછે. ઉંઘતી બુદ્ધિવાળો સુખ પામતો નથી પણ જાગતી બુદ્ધિવાળો સુખ પામે છે. બુદ્ધિમાં વિનય વિવેક વિચાર હોય તો તે જાગતી સમજવી. સુંદર શણગારવાળી ચતુર સુલક્ષણી સ્ત્રીના કરતાં પણ સારી બુદ્ધિ જે સંતોષ આપે છે તે અમૂલ્ય છે. બહારના ક્લેશોને બુદ્ધિજ સમાવેછે. થાકીયે ત્યારે શાંતિ આપેછે, મુંઝાઈએ ત્યારે ધીરજ આપેછે અને સુખ-દુઃખમાં સાથેને સાથે રહીને પતિવ્રતાપણું સાચવે છે. સ્ત્રી જેમ પાણાના ઘરની અધીશ્વરી છે તેમ હાડકાચામડાના આ ઘરની અધીશ્વરી બુદ્ધિજ છે. પરદેશ જવાને તૈયાર થયેલો પુરૂષ જેમ પાણાના ઘરને છોડી દે તેમ પરલોક જવાને તૈયાર થયેલો પુરૂષ (જીવ) આ હાડકાંચામડાના ઘરને છોડી દેછે. પાણાના ઘરની અધીશ્વરી અહી પડી રહે છે પણ હાડકાંચામડાંના ઘરની અધીશ્વરી સહચરી થાય છે અને ક્ષણ પણ વિયુક્ત થતી નથી. કેટલાંક સત્કર્મોમાં સ્ત્રી જેમ ભાગ લેછે તેમ બુદ્ધિ સઘળાંમાં ભાગ લેછે. સારી સ્ત્રીથી ઘર શોભે તેમ સારી બુદ્ધિથી શરીર શોભેછે. સ્ત્રી તો બેજ આશ્રમમાં સાથે રહેછે પણ બુદ્ધિ તો સઘળા આશ્રમમાં સાથે રહેછે. સ્ત્રીવાળાના કરતાં બુદ્ધિવાળાનું બોલેલુ લખેલું બહુ કામ કરેછે. સ્ત્રીવાળો હોય પણ સારી બુદ્ધિવાળો ન હોય તો તેનાપર જગત વિશ્વાસ રાખતું નથી. ધનાદિકથી રચેલા વૈભવો નાશ પામી જઇ ખેદ ઉપજાવેછે પણ બુદ્ધિથી રચાયેલા વૈભવો કોઇ પ્રકારે નાશ

થતા નથી સ્ત્રીવાળાને હજાર ઠેકાણે ભય હોય છે પણ બુદ્ધિવાળાને કોઇ ઠેકાણે ભય થાતો નથી આની પેઠેના વ્યાવહારિક ભયને પણ બુદ્ધિમાન ગણકારતો નથી સ્ત્રીના અપમાનથી અંતઃકરણ તપે, તેના કઠોર વચનથી હૃદય વેરાય, તેના દુરાચરણથી અપકીર્તિ થાય, અને તેને જરાપણ કાંઇ થાય તો જીવ ગયા જેવુ થાય છે બુદ્ધિરૂપ સ્ત્રીના ભરથારને આમ થતુંજ નથી તેનુ હૃદય આનંદમા રહેછે અને જગતમા કીર્તિ થાય છે કોઇ કોઇ વખતે એના સારા વિચારો આવેછે કે જાણે કોઈ આનંદના સાગરમા હવા ખાતા હોઇએ સ્ત્રીનગરનુ ઘર ચાલે પણ બુદ્ધિનગરનુ શરીર ચાલતુ નથી મોટા મોટા ઇંદ્રભવન જેવા મેહેલો કોઇનાર સ્ત્રીવાળાને અગ્નિના ભડકા જેવા લાગે છે પણ બુદ્ધિવાળાને ખેતરના ઢેફામા બાવળની છાયા પણ ઇંદ્રપદનુ સુખ પમાડેછે ગમે તેટલી આધિ વ્યાધિ કે ઉપાધિ બુદ્ધિવાળાને કશો પરાભવ નથી કરતી હીરામોતીના અલંકારો પણ ધનવાનને કોઇવારે ભારે દુઃખ આપનાર થઇ પડેછે બુદ્ધિમાનને તે હોય તો પથરા જેવા છે અને ન હોય તો તેને એથી વધારે આનંદ રહેછે સ્ત્રીનીપેઠે બુદ્ધિ ઘરેણા માગતી નથી, વસ્ત્ર માટે વાદ કરતી નથી, ઘર મેલીને રખડવા જતી નથી કુથળી કરી કરીને કાન ભરતી નથી, રીસ ચડાવીને બેસતી નથી, નણદ જેઠાણી સામે લડતી નથી, પીયરપનોતી થતી નથી, અને ભ્રાંતિથી ભમાવી પોતાને ને પોતાના પતિને રીબાવતી નથી સ્ત્રી તો વચગાળેથી પોતાની કરવામા આવેછે અને તેને મેળવતા ધન અને ઉદ્યમ કરવા પડે છે, પણ બુદ્ધિ તો જન્મથીજ સાથે અવતરેછે તેનેમાટે ધન કે ઉદ્યમની જરૂરજ પડતી નથી વિદ્યાથી અને સત્સંગથી પરિચયનેલીધે તે પાસે રહેલી ઓળખાયછે આ બુદ્ધિરૂપ સ્ત્રી છે તેજ પુરૂષને સંપસુખ વધારનાર છે તે શિવાય હાડકા ચામડાના પૂતળા સંપ વધારતા હોત અને સુખ આપતા હોત તો જગતમા લોકો માથે ઓઢીને શામાટે રડત? લાકડા કે પાણાના ઘર જો હાડકા ચામડાનુ આ ઘર હોય તોજ થાય છે ને કામ આવેછે, તેમ ગમે તેવી સ્ત્રી પણ બુદ્ધિ હોય તોજ થાયછે અને કામ આવે છે ઘરનગરનાને જેમ સ્ત્રી સુખરૂપ છે તેમ શરીર વગરના જીવને પણ બુદ્ધિ સુખરૂપ છે પુરૂષ મદારીના માંકડાની પેઠે સ્ત્રીને વશ થઇ જાયછે તેમ બુદ્ધિને વશ થઇ જાય છે સ્ત્રીનુ વચન ફરે પણ બુદ્ધિનો નિશ્ચય ફરવો પણ કઠણ સ્ત્રીથી ઘણીવાર જુદુ પડવુ હોય પણ બુદ્ધિથી ક્ષણવાર જુદુ પડાતુ નથી ઘડીમા રમાડે,

ઘડીમાં બોધ આપે, ઘડીમાં વિનોદ કરાવે, દુઃખને દૂર કરાવે, સુખને વધારે અને પરમસુખનો ઉદ્યમ કરાવે એ બુદ્ધિજ બહુ શ્રેષ્ઠ ગ્રહણી છે. એ પણ ભાગ્યયોગે ખરાબ નીકળે તો પછી તેને બુદ્ધિ એવું નામજ નિરર્થક છે. વિવેકવાળી બુદ્ધિવાળો હોય તેજ બુદ્ધ કેહેવાયછે. તે ન હોય તો અબુદ્ધ કેહેવાય છે. આટલામાટે ઈશ્વરે આપેલી બુદ્ધિને કેળવી બહારનાં સર્વ સુખસાધનો હોય તો તેનો ઉપયોગ કરતાં સુખસંપ વધારવાં. અને એ સાધનો ન હોય તોપણ બુદ્ધિબલથી સુખ અને સપની વૃદ્ધિ કરવી. બુદ્ધિની બક્ષીસ માણસને એટલામાટેજ ઈશ્વરે આપી છે.

ત્રીજું અંગ આ ત્રિપુટીનું ધરતી એટલે જેની ઉપર અસંખ્ય ક્ષત્રિયોનાં માથાં રણમાં રોળાયાં તે પૃથ્વી નહિપણ ક્ષમા અથવા ધીરજ છે, કે જે ધરતીના કરતાં વધારે સુખ આપેછે. ક્ષમાને કોઇ લઇ જાતું નથી. તેનો વધારો જોઇને કોઇને અદેખાઇ આવતી નથી. બલવાન અને નિર્દય લોકો તેને આધીન થઇ રહેછે. તેને કોઇ દુઃખ દેતું નથી. મોટા મોટા શત્રુઓ ક્ષમાને જોઇ પાછા વળી જાય છે. બલવાન અને નિર્બલ એ બેયને ક્ષમા સુખકારક છે. નિર્બલના બલરૂપ અને સબલના શણગારરૂપ ક્ષમા કુટુંબને ક્લેશ હોય તો સ્નેહ કરાવે છે. હથિઆરવિના પણ શત્રુઓને વશ કરેછે. અંતઃકરણના તાપને શમાવી શાંતિ કરેછે. જાણીજોઇને કજિયો કરવા આવેલો પણ શરમાઈને નીચુ મોઢું કરી પાછો વળી જાયછે. ક્ષમાવાનને વગડામાં પણ ભય નથી અને ક્ષમાવગરનાને સાત માળપર ચડી બેઠા છતાં પણ ભય રહેછે. પૃથ્વી જેમ અનેક અપરાધો સહન કરેછે અને અનેક ભાર ઉપાડેછે તેમ ક્ષમાવાન અનેક અપરાધો સહન કરેછે અને અનેક ભાર ઉપાડેછે. ગમે તો ધનપતિ હોય, ગમે તો નારીપતિ હોય, ગમે તો ધરતીપતિ હોય તેઓ ને તે સ્થિતિમાં ક્ષમા હોય તોજ સુખમાં રહી શકે છે. જેને ક્ષમા ન હોય તેને રાતદિવસ ચિંતામાં અને ઉદ્વેગમાંજ ચાલ્યાં જાય છે. ધીરજવિના પણ એમજ સમજવું. હજારો કે લાખો વિટંમનાઓ પણ ધીરજવાળાને કાંઇપણ નથી. ક્ષમા અને ધીરજવાળાની સંપત્તિ, હોય તોપણ સુખ આપનારી અને જાય તોપણ વિવેક આપનારી થાયછે. પુણ્યશ્લોક ધર્માત્મા યુધિષ્ઠિરની, તેની પૂર્વેના પુણ્યશ્લોક નરોત્તમ નલરાજાની અને પુણ્યશ્લોક સત્યવાદી હરિશ્ચંદ્રની કીર્તિ પૃથ્વીપતિ હતા તેટલામાટે અમર નથી રહી પરંતુ ક્ષમા અને ધૈર્યમાટે તેની કીર્તિ અમર રહી છે, એઓએ સ્ત્રીધનસહિત રાજ્ય-

લક્ષ્મી પોતાની ક્ષમા અને ધીરજવીના પાછી મેળવેલ છે, અને એ ક્ષમા અને ધીરજ સાથે વિદ્યારૂપ ધન અને બુદ્ધિરૂપ સ્ત્રીએ જે આશ્રય આપ્યો છે તે બહુ વખાણવા યોગ્ય છે જગતમાં કોઈ નિશ્ચિત મનો હોય, જગતમા કોય સાર શોધતો હોય જગતમા કોઈ બીજીને સનાતન વચો હોય, કે જગતમા કોય દુઃખને જોવા ઇચ્છતો નહિ હોય તો તે ક્ષમા અને ધીરજવાન છે નાના પૃથ્વીપતિએ કરેલો અપરાધ મોટા પૃથ્વીપતિ સાખતો નથી, પણ થોડા ક્ષમાવાળાએ કરેલો અપરાધ વધાર ક્ષમાવાળો સાખે છે ક્ષમાવાન અજ્ઞાનિની દૃષ્ટિમા કગાન છે પરતુ વિવેકીની દૃષ્ટિમા રાજાધિરાજ કરતા ઉત્તમ છે ધરતીને ભોગવનારા મહાકુકર્મના પાપમા પડીને નરકના અધિકારી બનેછે અને ક્ષમા ધીરજરૂપ ધરતીના રાજાઓ તેથી વિપરીત સ્વર્ગસુખનો અનુભવ કરે છે પ્રાણીમાત્ર ધરતીપતિને ઇચ્છતુ નથી પણ એક ક્ષમાવાનને બહુ ઇચ્છે છે જે દેશમા, શેહેરમા કે ઘરમા ક્ષમા અને ધીરજવાન હશે ત્યા સુખશાતિમા દિવસો જતા હશે ક્ષમા અને ધીરજરૂપ ધરતીને પાણીનો વરસાદ જોઈતો નથી અન્ન પાકવાની ગરજ નથી અને તેમા ધાન્ય નીપજતો નથી તેમ છતા ધરતીનાથી અધિક સુખ આપે છે ધરતીનો પતિ સોનાના પલગમા પણ બળ્યા કરતો હોય અને ક્ષમાનો પતિ તીક્ષ્ણ તડકામા પણ હિમ જેવા શીતળ અંત કરણનો હોય આટલામાટે જેને સુખની અને સપની ઇચ્છા હોય તેણે ક્ષમા અને ધીરજને સપાદન કરી સુખી થવુ વ્યાવહારિક ત્રણ અગમા ધન અને ધરતી ન હોય તો સુખની ગણતરી ઓછી ગણાય પણ ધન ધરતીનો અભાવ દરગુજર કરાવે એવું સ્ત્રીરૂપ બાજુ અગ છે આ ત્રિપુટીમા તો સુખસપને માટે એક અગ ઓછુ જોઈએ નહિ અગ ઓછુ તો સુખ અને સપ ઓછા સમજવા વિદ્યા, બુદ્ધિ અને ક્ષમાનો પાસે પાસે સબધ છે એટલે ઘણુ કરીને જ્યા હોય ત્યા ત્રણ સાથે હોયછે અને ન હોય ત્યા એક હોતુ નથી વ્યાવહારિક સુખસપના અગો ક્યાઇ કલેશ કુસપ ન કરાવતા હોય કે સુખ આપતા હોય તો તે વિદ્યા, બુદ્ધિ અને ક્ષમા વિગેરેનોજ પ્રતાપ સમજવો

આમ છે માટે આ ત્રિપુટીનુ આર્યોએ સેવન કરવુ વ્યાવહારિક ત્રિપુટી અધર્મને, અનાચારને, ઉદ્ધતાને અભિમાનને, અવિવેકને અપવિત્રતાને વધારે છે, તો આ વિદ્યા, બુદ્ધિ અને ક્ષમાવાળી ત્રિપુટી એ સર્વને નાશ કરીને ધર્મ આચાર, સરલતા, નમ્રતા, વિવેક અને પવિત્રતાને વધારે છે આના ગુણો સુખસપ વિગેરેને વધારે એ વાત પ્રસિદ્ધજ છે આ મનુષ્ય જન્મના સ

ફલતા વિદ્યા, વિવેકવાળી બુદ્ધિ અને ક્ષમા વિગેરેની સહાયથી અનેક સદ્‌ગુણ સંપાદન કરવાથીજ થાયછે. ઉદ્યમથી ધન મળે, સ્ત્રી મળે કે પૃથ્વીપતિ થવાય તેનાથી પણ વિદ્યા, બુદ્ધિ અને ક્ષમા વિગેરે કઠણ છે. કઠણ છતાં પણ પ્રયત્નથી ન મળે તેવાં નથી. જેને લેવાની ઇચ્છા થાય તેને થોડે પ્રયત્ને તરત મળી જાય છે. ધન સ્ત્રી અને ધરતીની ઇચ્છાવાળાને પણ એ બહુ કામ આવેછે. જો આંખ્યોમાંથી આંસુ પાડવાનાં ન હોય, જો યમદૂતનીપેઠે સંબંધીઓ ઉપર વિકરાળ કટાક્ષ કરવા ન હોય, જો હૃદયમાં રહેલા લોહિના ઝરાને તપાવવો ન હોય, જો સંસારમાં કીટપતંગાદિ અવતારોના અધિકારી થાવું ન હોય, જો શત્રુઓના હાથમાં ઘાયલ થવુ ન હોય તો સદ્‌વિદ્યા, વિવેકવાળી બુદ્ધિ અને ક્ષમા-તિતિક્ષારૂપ ત્રિપુટી સાથે સદ્‌ગુણો ગ્રહણ કરવાની જરૂર છે. સુખ એટલે શું તે સમજવું બહુ કઠણ છે. કોઇએ દુઃખમાં પણ સુખ માન્યું હોયછે તેવાઓને સમજાવી શકાતા નથી. એટલે તેવાઓની આગળ જે કેહેવું તે તુબડીમાં કાંકરા બરાબર છે. પરતુ કોય અધિકારી હોય તેનેમાટે આ દિગ્દર્શન ઉપયોગી જાણી દર્શાવવું વૃથા નહિ ગણાય. પ્રથમ સુખસંપ વધારનાર ત્રિપુટી કહી તે ઉપરઉપરના સુખ સપને વધારનાર ભાસેછે અને જગતમાં તે ત્રિપુટીનાં અંગો વ્યવહારમાં બહુ આવેછે માટે તેને આદર આપવો જોઇએ. બાકી છેવટ તો જે તેમાં લખ્યુંછે તેવુંજ છે. પરંતુ આ ત્રિપુટીનો જો આશ્રય થયો હશે તો આ લોક પરલોકમાં અત્યંત સુખ થયા વગર રેશે નહિ. આ ત્રિપુટી કુસંપ ક્લેશ આપનાર ત્રિપુટીને પણ નબળી કરી દઇ પોતા જેવી કરવા તત્પર થાયછે માટે મનુષ્યશરીરને ભોગવનારે તે વાતનો વિચાર કરી જોવો એવી અમારી ભલામણ છે. વિવેકથી વિચાર કરી જોતાં યોગ્ય વાત ન લાગે તો આ લેખનો અનાદર કરવાને સર્વ કોય સ્વતત્ર છે.

पुनरुद्वाहविषे विचारना एक पत्रनो प्रत्युत्तर.

(સબધ ગયા વર્ષને પાને ૨૮૦ થી)

ભાઈ ! એ વાત થવાની નથી. તમારા સંકલ્પે તમને બાંધ્યા છે. સંકલ્પ છોડો એટલે પછી તમને કાંહી લાગશે નહિ. તમને ખબર છે કે એક સુકલ ઠુંઠામાં ભૂતની ભ્રાંતિ થઈ તો તેને વિવેકથી તપાસી મટાડવી જોઇએ. જો તેમ ન કરિયે ને બીને ભાગિયે તો ભૂત પણ પાછળ આવતું

દેખાયછે આટલામાટે વિષયો અને તેની વિપત્તિઓની કલ્પના તમે કલ્પો છો તેજ તમે ભય પામી ભાગવા જાઓ છો એટલે પછવાડે આવ્યા જેવુ થાયછે માટે વિવેકથી સ્થિર થઈ નિશ્ચય કરો તો કાઈ જણાશે નહિ વિષયોનો અનુભવ તો તમને પ્રથમથીજ હતો ત્યારે રહિરહિને આજજ તે બધનરૂપ અને તજવા યોગ્ય જણાયા તેનુ શુ કારણ ? જો સમજીને પણ 'પ્રામનો અનાદર ન કરવો એના વિચારથી જેમ ચાલ્યુ તેમ ચાલવા દીધુ હોય તો હજી પણ તેજ રીતે ચાલવા દેવુ યોગ્ય છે જો મોહથી ખબર ન પડી એમ કેહેવુ હોય તો એનોએ મોહ હજી કાઈ નિવૃત્ત થઈ ગયો નથી તે તમારા લેખપરથીજ જણાય છે. અમારૂ કેહેવુ એમ છે કે વ્યવહારની અને પરમાર્થની વાત જોડી દઇને ગમે તેમ દોડવુ યોગ્ય નથી ન્યાય શુ, નીતિ શુ વ્યવહાર શુ, એ સવળુ વિચારીને પગલુ ભરવુ તેજ યોગ્ય છે તૈલગ દેશના ભીખારીઓ જેમ કોયનો કે અડદ દેખાડવાથી ભડકીને ભાગે તેવુ તમે કરવા માડશો ત્યારે પછી બોલવાનુ કે કેહેવાનુ શુ રહ્યુ ?

જાણી જોઇને મોહના મહિમાને લીધે વિષયો નથી છોડાઈ શકાતા એમ દેખાડી તેથી દૂર રેહેવાની ઇચ્છા ગતાગતા બતાવતા તેથી નીચેના પારીગ્રાફમા વળી કોઈ બીજોજ વિચાર દેખાડી વ્યહારને અનુકૂળ થાઓ છો ત્યારે અમારે અહી તમને મોહ થયેલો લેખવો કે શી રીતે ? અમને આ ઉપરથી એમ થાય છે કે તમે વ્યવહારથી ઉલટા નથી એટલામાટેજ વ્યવહારનો અનાદર કરવાને યોગ્ય નથી સત સાધનના મૂલરૂપ શરીરને રીબાવવાથી કલ્યાણ નથી એ વિચાર તમારો યોગ્ય છે તે પણ વ્યવહારને આદર આપવાથીજ યોગ્ય રહે તેમ છે બેય વાત તમારા મનમા સમજવામા આવીછે તેથીજ તમને દુ ખ થવાનો સભવજ છે, અને અમે પણ તમે બેય વાત જાણીને એ તાપનુ પાત્ર થયા છો તેથી યોગ્ય માર્ગ બતાવી તમને શાત કરવાનુ પ્રયત્ન કરિયે છિયે માટે પ્રાપ્ત વિષયમા તેનો નિર્વાહ કરી લેવો ઋતુધ્વજને મદાલસા મળી હતી તે દેશકાલ વિગેરે વાત જુદી હતી * આજ તેવા ભક્તિવાળા અને તેવા સમર્થ કોઈ છે નહિ અને જગતમા તેમ બનતુ પણ નથી માટે એ દાખલો તમારો નિરર્થક છે ઋતુધ્વજને પણ એવુ ને એવુ શરીર પ્રાપ્ત થયુ હતુ પણ એનુએ થયુ હતુ એમ નથી

* ઋતુધ્વજ ઉપાલમા મદાલસા સદ્વૃત્તિ દુ ડુણોવી તારા થતા વિનયવિવેક નાગકુમારોએ મારૂપ પિતા પાસે એવી ને એવી પાછી ન ટાવી એમ અધ્યાત્મરૂપ કલ્પો તો બને

લાગતું તો તમે પણ તેવું ને તેવું શરીર પ્રાપ્ત થયું સમજી લઈ મનનું સમાધાન કરશો તો સર્વ ઠેકાણે થઈ શકે તેમ છે, એમાં કાંઈપણ શંકા નથી. ગૃહસ્થાશ્રમ ચલાવી સર્વને સંતોષ ઉપજાવવો હોય તો આમ બની શકે તેમ છે, બાકી વિચાર કરવો એતો ધુમાડાના બાચકા છે.

ગયું જોબન અને મુવુ માણસ પાછું આવે ત્યારે પછી જોઇએજ શું ? અમે સમજ્યા છિયે કે એ વાત બનતી નથી માટેજ અમારૂં મોઢું બંધ કરવા તમે લખી છે. પરંતુ અમે એ ઉપરથી એમ સમજ્યા છિયે કે તમારે તે પાત્ર ઉપર યોગ્ય આદર હતો કે જેને અંગે તમે હવે એકલીજ સ્થિતિ કબુલ કરવાને તૈયાર થઈ ગયા છો. તેમજ તે પાત્રે પણ પૂર્ણ યોગ્યતા દર્શાવેલી હોવીજ જોઇએ. આથી અમે સંતોષ પામ્યા છિયે અને તમે લોકૈષણાની અભિલાષાવાળા છો એમ પણ અમારા અનુમાનમાં આવ્યું છે. ઉપરની વાતથી વ્યવહારનો અનાદર તમને ન હોય એ વાત પણ સંતોષકારક છે. ત્યારે હવે અમારૂં કહેવું એમ છે કે દૈવેચ્છા કે નિયતિનેલીધે જે થયું તે થયું તેમાં કાંઈ મિથ્યા થાય એવું નથી માટે ચાલતા સમયને અનુસરી અમે કહિયે છિયે તે સ્થિતિને અંગીકાર કરો. એથી તમારી લોકૈષણાને હાનિ નથી આવતી. તમારા અંતઃકરણનો ડાગ તમે આ માર્ગેથી અને સદ્વિચારથી કાળે કરી ટાળી શકશો. તમને એકનેજ દુઃખ કે શોક થાય છે એમ નથી. અમને પણ તમારા જેટલુંજ થાયછે પણ અનિવર્ચનીય સંસારના પ્રવાહમાં સહુ નિરૂપાય અને છતે હાથ પગે કાંઈ ન કરિ શકિયે ત્યારે શું કરવું ? કોઈપણ કારણથી અમને સતોષ વાળવાનું હોત તો તમને અમે આ વિષયમાં છુટ મેલત. તમે એકલાં શરીરથી કરવા ધારશો તે કેટલુંક કરી શકશો? શરીરની સેવાથી પરવારતાં વખત મળશે ત્યારે અન્યની સેવા કરશો કે ? તમને આ વાત ડાપણવાળી લાગે છે અને અમને ભૂલભરેલી લાગે છે માટે પંચ ત્યાં પરમેશ્વર એમ માની ગમતું કે અણગમતું પણ સર્વનું વચન સફળ કરવું એ તમારા જેવી સ્થિતિના માણસને યોગ્ય છે કેમકે તમે સર્વ સમજો છો.

તમે હાંસીની બીકથી પ્રેમનું વર્ણન આપ્યું નહિ તેજ યોગ્ય કર્યુંછે. કેમકે અમે તમારા વર્ણન વિના પણ જાણીએ છિયે. તે તમારા સ્વાર્થનું એક યોગ્ય રૂપાંતરજ છે. એથી બીજું મહાત્મ્ય તમે કોઈ જાણ્યું હોય તો તે તમારે અંતરમાંજ રાખવામાં સાર છે. તેમાં કોઇપણ જાતિનું વિઘ્ન આવે તેમ કરવાનો અમારો ઉદ્દેશ નથી. અમે હમણાં પ્રસંગ ન હોવાથી નથી

બોલતા પણ હમે કરીને સિદ્ધ કરી આપશુ કે સહવાસ ને પરિચય એજ તમારા પ્રેમનુ પોષણ અને તને અભાવે તેનુ કાગે કરીને સુકાવુજ રહ્યુ ત્યારે એવા અસ્થિર પ્રેમને માટે જે પ્રપચ રચવો તેથી શુ ફળ ? જ્યારે પોતાનાજ સતોષમાટે આ સર્વ છે ત્યારે પછી પ્રેમ પરિચયની વાત કરવી તે પણ મિથ્યા આગળ અમે પ્રેમનુ નિરતરપણુ કહિ ગયા છિયે તેમા અહીંની વાતની નિશાન ન લાવવો કેમકે ગયેની વસ્તુ ઉપરથી તે ઓછો વતો થાયછે માટે તેને અસ્થિર કહીને માન તમને અમારી મરજી પ્રમાણે વાળવા એજ મુખ્ય હેતુ છે

તમને વિષયોમા નિર્દોષપણુ નથી દેખાતુ એ વાત ખરી, પણ એમા વિષયોનો દોષજ નથી દુધથી બળેનો છાશથી બીયે તેમ તમને આ વખત બનેછે અથવા તેમ નહિ તો કમળો થયનો જગતને પીળુ દેખે તેનીપેઠે છે આ ટાણે તમને વિષયો દુ ખરૂપ લાગનાજ જોઇએ કેમકે દુ ખિતે **मनसि सर्वमसह्यम्।** [મનમા દુ ખ હોય ત્યારે સર્વ અસહ્ય અથવા દુ ખરૂપ લાગેછે] પણ કોઇ એવો પણ વખત આવ્યો હશે કે તે સુખરૂપ લાગ્યા હશે કે હવે લાગશે પણ અમારૂ કેહેવુ એમ છે કે તમે એ ભેદકલ્પનામા શા માટે પડો છો સુખરૂપ પણ કલ્પોમા અને દુ ખરૂપ પણ કલ્પોમા એટલે ગુણદોષ પણ એનામેળે મટી જશે જે વાત સામાન્ય છે તેમા સામાન્ય રહીને દીઠે રસ્તે ચાલ્યા જનારાજ સમજુપણુ ગણાય છે અમે પણ જાણિયે છિયે કે સર્વે આરંભો દોષવાળા છેજ પરતુ તેપણ યાદ રાખવુ કે અગ્નિ ધૂમાડાવાળો છે તોપણ તેને પ્રકટાવવાની જરૂર પડેજછે તેમજ સસારના કાર્યનુ સમજવુ તમે નવો વ્યવહાર દોષરૂપ દેખાડવા **सर्वारम्भा०** એ ગીતાનુ વાક્ય લખ્યુ છે પણ તેનુ પૂર્વાર્ધ વિચાર્યું હોત તો તમારીમેળેજ તમને સમાધાન થઇ જાત પૂર્વાર્ધમા શ્રીભગવાન એમ કહેછે કે **सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत्।** (સહજ કર્મ છે તે દોષવાળુ હોય તોપણ તે તજવુ નહી) આ વાતનો તમે મનમા વિચાર કર્યો નથી અપૂર્ણ

परमेश्वरउपर मा दीकराना प्रश्नोत्तर

ચોમાસાના દિવસો ઉતરવા આવતા સર્વ વનસ્પતિ પ્રફુલ્લિત થઈ ભૂમડલના સર્વે ભાગો રળીયામણા થાયછે, તેમા પણ પાણી અને ઝાડ પાનથી ભરેલા પહાડો તો અત્યત રમણીય અને મનોહર લાગેછે આ

માસની આઠમને દિવસે અનુકૂલ ગુણસ્વભાવનું એક કુટુંબ કાઠીયાવાડના ગિરનાર પર્વતમાંહેના તીર્થની યાત્રા કરવા ગયું. દામોદરકુંડમાં નાહી ભવનાથના દર્શન કરી અનુક્રમે દત્તાત્રિયનાં પગલાં સુધી ઊંચે ચડેલાં તેઓ ઊંચેથી નીચે દેખાતા નાના નાના ટેકરા, પાણીનાં ઝરણાં, પાસે આવેલા જુનાગઢ શેહેરની રચના, દૂરનાં નાનાં ગામડાં, આજુબાજુનાં અને દૂરના વૃક્ષો, તેની સ્વાભાવિક આનંદદાયક રચના અને પશુપક્ષિયોના દેખાવોથી અત્યંત રાજી થઈ રહ્યાં. વિચારવાન માતાએ પોતાના છોકરાને પુછ્યું.

ભાઈ! આ પહાડનો અને પહાડપરથી દેખાતાં સ્થળોનો દેખાવ તને ગમે છે ?

પુત્ર—માતા મને બહુ આનંદ આવેછે. માતા ! આ સર્વ કોણે બનાયું હશે ?

માતા—બાપુ, એનો બનાવનાર પરમેશ્વર છે

પુત્ર—આટલા બધા અને આવડા મોટા પદાર્થો બનાવનાર તે કેવડો મોટો હશે મા ?

માતા—દીકરા! એ એવડો મોટો છે કે આજસુધી તેને કોઈ માપી શક્યું નથી.

પુત્ર—માપી કેમ ન શકે ? આપણે કેમ ખાટલાની પાટીને માપી શકિયે છિયે.

માતા—દીકરા ! એ આપણી દૃષ્ટિની મર્યાદામાં આવે એવી નાની અને સાકાર વસ્તુ છે, પરમેશ્વર કાંઈ તેવો નથી. તેવો હોય તો આવી રચનાનો બનાવનાર સંભવેજ નહિ.

પુત્ર—ત્યારે એ તે કેવો હશે માતા ?

માતા—એ કેવો હશે એમ કહી શકાતુંજ નથી. વિદ્વાનો તેને આ-કાશની પેઠે વ્યાપક, નિરાકાર, નિર્વિકાર અને અસંગ કહેછે. એ આંખેથી દેખાતો નથી, કાનેથી સભળાતો નથી, હાથેથી અડાતો નથી અને મનેથી મપાતો નથી.

પુત્ર—ત્યારે એને ઓળખાય કેમ ?

માતા—તેની ચારે કોર દેખવામાં આવતી સત્તાને યોગે વૃત્તિદ્વારા તેને ઓળખાય છે.

પુત્ર—માતા ! ત્યારે તેને આંખ નાક નહિ હોય એટલે તે સઘળું જાણી કેમ શકતો હશે ?

માતા—તેને આંખ નાક વિગેરે ઈંદ્રિયો નથી કેમકે તે તો સાકારને હોય, તેમ છતાં તે સર્વજ્ઞ સઘળું જાણી શકેછે. તેના જાણ્યા બહાર કશું

નથી ખરૂ વિચારિયે તો મનના ઇંદ્રિયો તે તેનાજ ઇંદ્રિયો છે એટલામાટે હજારો ચક્ષુઆદિ ઈંદ્રિયોવાળો તે કેહેવાય છે અને શાસ્ત્રપુરાણો તેની સાક્ષી આપેછે

પુત્ર—એ કયે ઠેકાણે રહેતા હશે?

માતા—જે સાકાર વસ્તુ હોય તેને ઠામ ઠેકાણુ જોઇએ આતો આકાશની પેઠે, સર્વ જે નામ રૂપ દેખાય છે તેને વિષે રહેછે માટે સર્વને રેહેવાનુ સ્થાન પોતે છે

પુત્ર—ત્યારે સર્વ નામરૂપના નાશે તેનો પણ નાશ થઈ જાય

માતા—સર્વનો નાશ થાય તોપણ તેનો નાશ થતો નથી ઘડો ફૂટે તો પોલાણ ફૂટે નહિ

પુત્ર—ઈશ્વરની બનાવટમા અને માણસની બનાવટમા શો ફેર હશે?

માતા—ઈશ્વર કરેછે તેવુ, તેનકુ અને તદ્રૂપ મનુષ્ય બનાવી શકતો નથી મનુષ્ય ઈશ્વરના બનાવેના પદાર્થોમાથી ઉપયોગી પદાર્થો બનાવેછે ઈશ્વર પોતાને તે તે પદાર્થરૂપે થવાનો અંકુર થતાજ તે પદાર્થો થઇ ગયાજેવા આવિર્ભાવ પામેછે તેમા વળી એમ છે કે મનુષ્યનુ બનાવેલુ હોય તેમાથી બીજુ તેવુ ને તેવુ પેદા થતુ નથી અને ઈશ્વરનુ બનાવેલુ હોય તેમાથી તેવુ ને તેવુ બીજુ પેદા થાયછે

પુત્ર—એવુ શુ બનાવ્યુ છે તેનો એક દાખલો દે

માતા—પુત્ર જે તુ હમણાં જુવેછે તે ઝાડવાઓ ઈશ્વરે બનાવેલા છે અને એનીમેળે તેમાથી બીજા બનતા જાયછે મનુષ્યના બનાવેલા ચિત્રના ઝાડમાથી બીજા ઝાડ થતા નથી

પુત્ર—માતા! એ તો મારા અનુભવમા આવ્યુ પણ બીજુ એવુ શુ બનાવ્યુ છે?

માતા—જે વન તુ જુવેછે તેનાથી ભારે વિચિત્ર વન તેણે બનાવ્યુ છે તે તુ ક્યા જાણે છે?

પુત્ર—ના માતા! નથી જાણતો તુજ કહેને કે તેમા કેવા કેવા વૃક્ષો છે? અને તેમા અને આ વૃક્ષમા કેટલોક ફેરફાર છે?

માતા—દીકરા સાભળ પરમેશ્વરના બનાવેલા વનમા અનેક પ્રકારના રંગના નાના મોટા વૃક્ષો છે તેમાના તે વૃક્ષોના મૂળ ઉપર હોયછે અને શાખાઓ નીચી હોય છે હમણા તુ જુવેછે તેવા ઝાડવાઓનાપેઠે તે વૃક્ષો એક ઠેકાણે રેતા નથી પણ આમતેમ ફર્યા કરેછે એ વૃક્ષો એકબીજાના કામમા

આવેછે. તેમાં દરેકને નવ નવ કોતર હોયછે ને તે કોતરોમાં ચાર કોતરો બે મોઢાવાળાં અને પાંચ એક મોઢાવાળાં છે. તેમાંનાં છ કોતરોના પોલાણમાં જીવતાં તેતર પક્ષીઓ વસેછે. બાકીનાં જે ત્રણ કોતર છે તે બંધ મોઢાવાળાં છે. તેમાં એકેકો માળો હોય છે તે માળામાં બે મોટા હંસ પક્ષીઓ વસેછે. તેમાંનો એ અભિમાની પક્ષી કોતરમાંનાં અને બીજાં પક્ષીઓ ઉપર દાબ રાખેછે અને પોતાના વૃક્ષનાં ફુલોને તથા કડવાં મીઠાં એમ બે જાતનાં ફલોને ચાખ્યા કરેછે. એક અભિમાન વગરનો જે પક્ષી છે તે પક્ષી તો સુખેમોઢે ખાધાપીધા વગરજ બેઠો બેઠો સર્વ જોયા કરેછે. એક ઝાડ પડે તો અભિમાની પક્ષી ઉડી જઈ બીજા ઝાડઉપર વાસ કરેછે. અભિમાનવાળો પક્ષી અભિમાન વગરનો થાય તો બન્ને એક થઇ છે. પાણી નિરંતર મળ્યા છતાં પણ કવાના વાયાથી તેમાંના વૃક્ષો નાશ પામેછે. એ વૃક્ષો સુકાયા પછીના કેટલાક શીવાય બીજા કશા કામ આવતા નથી. એ વૃક્ષોને કોઈ છેદન-ભેદન કરે તો તેને વેદના થવાથી તે બરાડાં નાંખેછે. કેટલાક ટાઢ તડકો વધારે સહેછે અને કેટલાક સહન કરી શકતા નથી. હમણાં જે વૃક્ષો જોઇએ છિયે તેના જેવા તે પરોપકારી હોતાજ નથી. તેમાંના કેટલાક છાયા આપી શકેછે અને કેટલાક આપી શકતા નથી. એ સઘળા વૃક્ષો આ હમણાં જોઇએ છિએ તે વૃક્ષો વિગેરેથી જીવતા રહેછે અને તે ઉચેથી જલપાન કરેછે અને વસંત આવે ત્યારે તે બહુ ખીલેછે. પણ આ ઝાડવાંઓમાં નજરે દેખાતાં મોટા વૃક્ષોના જેટલું આયુષ્ય હોતું નથી. કેમ ભાઈ! એ ઝાડ તે જોયાંછે !

પુત્ર—ના માતા, મે તો તે ઝાડ જોયાં નથી તે મને ક્યારે બતાવ્યાંછે?

માતા —દીકરા! તે ઝાડ તો તું રોજ જુવેછે ને ભુલી કેમ ગયો !

પુત્ર—ના માતા ! તારાસમ મેં તે ઝાડ નથી દીઠાં. તું મને જુઠું સમજાવેછે.

માતા—દીકરા, એમ ન કહેવાય. તારી સમજણમાં ફેર છે તેથી તું મને જુઠી કહેછે.

પુત્ર—ત્યારે તું હવે મને દેખાડ જોઇએ તે ઝાડ ક્યાં છે ?

માતા—બતાવુ તો તેના બદલામાં તું મને શું આપે ? અપૂર્ણ

वेदधर्मसभाने बक्षीस.

રા૦ રા૦ હેમનરામ હરખલાલ બાટવાના ન્યાયાધીશે ધર્મકાર્યમાં ઉત્કંઠાનેલીને રૂ. ૫ા. પાંચ સભાના ધર્માઉ ફંડમાં આપ્યા તે પહોંચ્યા છે. તેનો સદુપયોગ થશે ડા. ગુ. પ.

मणिरत्नमाला

(सबंध पाने २४ मा)

हे देवि ! संसारमां जेनुं चित्त आसक्तिवाळुं होय तेवा मनुष्योने स्त्रीनुं शरीर छे ते वा याविनानुं बंधन छे, महा झेररूप छे, अने हथियार वगरनुं छेदन छे

बीजां बंधन तो बधावाथी थायछे पण स्त्रीरूप बंधन तो बधवगरनुं बंधन छे स्त्रीमां आसक्तिनेलीधे क्याय जवाय नहि ने परमार्थनो विचार थाय नहि, निरंतर विषयनी ने व्यवहारनी वातोमां दिवसो चाल्या जाय अने एम करतां करतां मरण थाय अने वासना रही जाय एटले बहुवार जन्मवुं ने मरवुं पडे छे माणसने कोई शस्त्र के अस्त्र लागे छे त्यारे ते घायल थाय छे अने रडापीट करे छे पण संसारमां ममतानेलीधे थतां दुःख तो शस्त्रवगर घायल करनारां छे कोई हानि थाय के स्त्री पुत्र आदि कोई मरी जाय तो हाय हायकरीने छाती कुटेछे, पछडाटिया खाय छे अने रोई रोईने आधळो थई शरीरनुं भान भूली जाय छे आवी रीते संसारमां आसक्तिवाळाने बंधन ने दुःख छे स्त्री अने धनमां आसक्ति राखनारविषे आगळ पण कहेल छे अने अहीं पण ते लखिए छिये के –

लोहदारुमयैः पाशैर्दृढबद्धो विमुच्यते ।
स्त्रीधनादिषु संसक्तो मुच्यते न कदाचन ॥

लोढानी के लाकडानी बेडीथी के पाशथी दृढ बंधायेलो माणस कोई दिवस पण छूटेछे, परंतु स्त्री अने धनआदिनेविषे आसक्त थयेलो पुरुष तो कांई दिवस छुटतोज नथी

अर्थात् समजवानुं ए के स्त्री धनादिकमां आसक्ति राखनारने जन्म मरण टळतां नथी तेथी अनेक संसारनां दुःख समे छे कोई पण संसार थवाना साधनमां आसक्त न थतां जो संसार तजवाना साधन संपादन थाय तोज सुख छे कह्युं छे के.—

आदिमध्यावसानेषु सर्वं दुःखमयं यतः ।
तस्मात्संत्यज्य संसारं तत्वनिष्ठः सुखी भव ॥

आदिमां, मध्यमां अने अंतमां आखो संसार दुःखमय छे, माटे संसार तजीने (आसक्तिरहित थइने) अने तत्वमां निष्ठा राखीने सुखी था

जन्मथी ते मरवासुधी ममत्वनेलीधे संसार सदा दुःखदायक छे कोई

पण वखते सुख नथी अने एटलामाटे तत्वमां निष्ठा राखी संसारने तजवो जोईए. संसार ज्यांसुधी तजायो नथी त्यांसुधी महाविपत्तिमां पड्या छिये एम समजवुं. आ महाविपत्तिमांथी छुटवामां सहाय करे तेज उपर कह्या-प्रमाणे खरो बंधु छे. ते शिवाय बीजा बंधुओ तो स्वार्थना सगा अने केहेवा मात्र छे. माटे बंधु करवा तो महाविपत्तिमांथी छोडावे तेवा करवा.

जे जन्म आपीने अने अन्न वस्त्र पूरां पाडीने उछेरी मोटा करे ते माता-पिता केहेवाय. ए माता-पिता बालकना सुखनेमाटे पोताना प्राण अर्पण करवा होय तोपण करी दे तेवां दयालु होय छे. छोकरांनी पीडाथी वगर पीडाए तेओ पीडाय छे. आवां मातपितानो उपकार शरीरना चा-मडानां वगरखां शीवडावी पेहेराववाथी पण वळतो नथी; परंतु ते संसार-संबंधी लालन-पालनमां सुख देवाना माता-पिता छे. संसारीए पोतानां मातापितानी परमेश्वरनीपेठे सेवा करवी ए तेमनो स्वधर्म छे ते वात भूलवी जोइए नहि निकर नर्कना अधिकारी थवाय छे. ज्यारे सूक्ष्म नजरथी विचार करिये छिये त्यारे परमार्थपक्षमां एम दीसे छे, के जेथी अखंड सुखमां रहिये अने दुःख कशुं न आवे एवुं करी आपे तेज खरां माता-पिता छे. व्यवहारनां माता पिता वखते अनेक बंधन आपनारां थाय छे; परंतु जेथी सर्वनी उपर थई बेसिये एवुं ज्ञान आपनार मातापिता तो सदैव मुक्तज राखे छे. आवी रीते पालनपोषण करी बंधनमांथी छोडे तेम माता-पिता समजवां मातापितानो धर्म एवो छे के बालकने दुखमांथी छोडावी सुखी करवुं तो तेवी रीते संसाररूप महा दुःखमांथी छोडावनार महा सदाचर-णी ब्रह्मनिष्ठ गुरु छे. माटे खरूं जोतां बंधुपण तेज गुरु छे अने मातापिता पण तेज गुरु छे. माटे तेनो आश्रय करी संसारनी विपत्तिने तरी जवी जोइ-ए. जो संसारनी विपत्तिमांथी गुरु पण उद्धार न करे तो ते गुरु बंधुरूप के मातापितारूप नथी, परंतु शत्रुरूप छे एम समजवुं.

बुद्ध्या न बुद्धं परिशिष्यते किं।
शिवं प्रशांतं सुखबोधरूपं॥
ज्ञाते तु कस्मिन्विदितं जगत्स्यात्।
सर्वात्मके ब्रह्मणि पूर्णरूपे॥ २७॥

अर्थ

शिष्य—बुद्धिवडे न जणाय एवु छेवट शु रहेछे ?
गुरु—सुखरूप अने बोधरूप एवु जे शांत शिवतत्त्व छे ते
शिष्य—कोने जाणवाथी आ जगत् जाणवामा आवे ?
गुरु—सर्वना आत्मारूप सदैव पूर्ण परब्रह्म जाणवाथी

टीका

पोताना स्वरूपनो जे यथार्थ बोध थाय छे तेनु सुख बुद्धिथी जणातु नथी अने बुद्धिवडे ओळखातु पण नथी, केमके बुद्धि पोते जड छे बुद्धिनो धर्म अवलंबनवाळी वात ग्रहण करी शकवानो छे अने परमात्मस्वरूप निरालंब छे माटे ते बुद्धिनो विषय नथी श्रुति कहे छे के –

यतो वाचो निवर्त्तंते अप्राप्य मनसा सह ।

वाणी जेने पोच्याविना मनसहित पाछी वळे छे,

तेम श्रीभगवान् पण गीतामा कहे छे –

न तद्भासयते सूर्यो न शशांको न पावक ।
यद्गत्वा न निवर्तंते तद्धाम परम मम ॥

जेने सूर्य चद्र अने अग्नि प्रकाश करता नथी अने जेने पामीने पछी ससारमा पाछु नथी आववु परतु ते मारु परम धाम छे

परमात्मस्वरूप वाणीथी वर्णवी शकातु नथी, मनथी चिंतवन करी शकातु नथी, सूर्य तेने प्रकाश करी शकतो नथी, चद्र तेने प्रकाश करी शकतो नथी, अग्नि तेने प्रकाश करी शकतो नथी, अर्थात् सूर्यादिक तेजस्वी पदार्थ निरतर तेनी सत्ताथी प्रकाशेछे ए स्वरूपने ओळख्या पछी ससारमां जन्म मरण धरवा पडता नथी निरालंब ए आत्मानो बोध बीजा कशाथी नहि पण मात्र अनुभवथी थाय छे जेम केटलाक पुरुषोए बीजनो चद्र उगेलो दीठो ते बीजाने बतावे त्यारे कोई केहेशे जो पेहेला घरनी जोडे, कोई केहेशे के जो पेहेलां झाडनी लाबी डाळ उपर, कोई केहेशे के जो पेहेला मोटा घरना मोभारा उपर, कोई केहेशे के जो पेहेलु पक्षी उडे छे तेनी जोडे, कोई केहेशे के जो पेली ऊची आवली उपर, कोई केहेशे के जो मारी आंगळी उपर, अने कोई केहेशे के जो पेला वादळानी उपर चद्र छे विचारिये, तो ए जेटला ठेकाणा कह्या तेमां एके ठेकाणे चद्र नथी,

परंतु तेथी जुदो छे. पण बतावेला स्थळ उपर दृष्टि राखी अनुमानथी कल्पना करी, बुद्धिने वधारे प्रवेश करावे तो चंद्रने देखे अने एटलेज अटके तो देखे नहि; तेम शास्त्रो अने तेना मत जुदा जुदा छे, तेना शब्दना अर्थो उपरज दृष्टि राखवाथी वस्तुनी प्राप्ति थाय नहि जो शब्दनो वाच्य अर्थ तजीने लक्ष्यने ग्रहण करे तो शुद्ध स्वरूपनी प्राप्ति थाय. लक्ष्यनी लक्षणाविना केवळ बुद्धिथी प्राप्ति नथी थती केमके बुद्धि तो जड छे अने ते आत्मानी सत्तावडे जाणवानी शक्ति धरावे छे, पण ते आत्माने जणावी शकती नथी. जेम सूर्यवडे नेत्र देखेछे पण नेत्र सूर्यने देखतां नथी. जो सूर्य ने जोवा जाय तो तेजमां तेज समी जाय अने एकता थई जाय एटले देखाय नहि, केमके पोते सूर्यरूप थई जाय छे. तेम बुद्धि आत्माने देखती नथी अने जोवा जाय तो आत्माने सन्मुख थवाथी तद्रूप थई जाय छे तेथी तेने देखवापणुं रेहेतुं नथी. कोई नदी समुद्रने मळवामाटे समुद्रतरफ धसे छे पण दूरथीज समुद्ररूप थई जायछे एटले समुद्रने जाणवापणुं जेम तेमां रेहेतुं नथी तेम बुद्धि आत्माने जाणवा तरफ धसेछे त्यां दूरथी आत्मारूप थई जवाथी तेनामां जाणवापणुं रेहेतुं नथी; केमके एकता थइ एटले पोते पोतानुं शुं केहे? आटलामाटे शिवरूपने बुद्धिथी न जणाय तेवुं कह्युं छे. अने सघळुं दूर करतां मात्र एज एक अवशेष पूर्ण रहे छे.

सर्वात्मा पूर्णब्रह्म जाण्युं एटले पछी बीजुं कांई जाणवानुं रेहेतुं नथी; केमके जे कांई छे ते सघळुं आत्मानेविषे छे. अने आत्माने जाण्याविनाज कांई बीजुं जाण्युं होय तो ते बधुं न जाण्या बराबर छे. जेम भोजन कर्युं एटले सर्व प्रकारनी रसोई थई चूकी अने जो भोजन न थयुं तो रसोइ थई होय तोपण ते न थया बराबर छे, तेम आत्माने जाण्यो होय तो सर्व जाण्युं छे, ने तेने न जाण्यो तो कशुं जाण्युं नथी. पंच* कोशनी उपासना करवाथी ए आत्मा जाणवामां आवे छे. ए सूत्रात्मा सर्व ठेकाणे सरखा जाणवामां आवे छे. ते ब्रह्माथी मांडीने कीडीपर्यंत सर्वमां व्यापी रह्यो छे, ते हिरण्यगर्भ केहेवाय छे, तेमां जगत् अने जगतमां ते आत्मा एम ताणावाणानी पेठे छे; ते कूटस्थ छे; ते सर्वनो साक्षी छे एटलुं जाण्युं एटले सघळुं जाण्युं केहेवाय. ए आत्माना ज्ञानथी जगतनुं ज्ञान थाय छे. ए आत्मानुं ज्ञान न होय तो जगत् जाणवामां आवतुं नथी.

---

*अन्नमय, प्राणमय, मनोमय, विज्ञानमय अने आनंदमय.

किं दुर्लभं सद्गुरुरस्ति लोके
सत्संगतिर्ब्रह्मविचारणा च ।
त्यागो हि सर्वस्य निजात्मबोधः
किं दुर्जयं सर्वजनैर्मनोजः ॥२८॥

अर्थ

शिष्य—जगत्मां दुर्लभ शुं छे ?
गुरु—सद्गुरु, सत्संगति, अने ब्रह्मविचार
शिष्य—सर्वनो त्याग एटले शुं ?
गुरु—पोताना आत्मानो बोध
शिष्य—माणसोथी न जीताय एवुं शुं छे ?
गुरु—मनोज एटले काम

टीका

सद्गुरु, सत्संगति अने ब्रह्मविचार ए त्रणे वाना त्रिलोकीमां मळवां कठण छे केमके स्वर्ग अने पातालमां तो ते मळताज नथी, मात्र मृत्यु लोकमां कोकज समये अने कोकज स्थळे मळेछे अहीं एम शंका थाय के घणा लोको 'अमने गुरु मळ्या छे अने अमे ब्रह्मविचार करिये छिये' एम कहे छे ते केम केहेना हशे ? तो तेनुं समाधान एटलुंज छे के आ पृथ्वी उपर माणसो पोतानी मेळे एम मानी ले तेने कोई रोकतुं नथी, परंतु सद्गुरु मळवा अने ब्रह्मविचार थवो ए सेहेली वात नथी कोई पूर्वपुण्यना योगथीज तेवो संयोग बने छे सद्गुरुनुं स्वरूप नीचेना ध्यानमां लख्युं छे तेवुं छे एवा सद्गुरु मळे तो पछी भवनो फेरो रेहतो नथी

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वंद्वातीतं गगनसदृशं तत्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वदा साक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ।

जे सद्गुरु ब्रह्मानंदरूप छे, परम सुख आपनार छे, केवळ ज्ञानमूर्ति छे, हर्षशोक आदिथी रहित छे, आकाशना सरखा निर्लेप छे, तत्वम

सि आदि वाक्योथी जणाय एवा छे, एक छे, नित्य छे, विमल छे, अचल छे, निरंतर साक्षीरूप छे, कळवामां आवे नहि एवा छे, अने त्रण गुणथी रहित छे ते सदगुरुने हुं नमस्कार करुंछुं.

राग-द्वेष अने सुख–दुःखादि रहित तथा ब्रह्मरूप उपर लसेला गुरु क्वचितज मळे छे. एवा गुरु मळे तो पछी सारो बोध थायछे. उपरथी आछा रेहेनारा परंतु अंतरमां रागद्वेषादिकथी भरेला अने पोतानुं रूप नहि जाणनारा जगत्मां घणा वेशधारीओ गुरुपणुं धारण करे छे, पण तेवा गुरु कशुं कल्याण करता नथी पण उलटा नरकमां नाखे छे. आवा दंभी गुरुओ जगत्मां घणा नजरे देखाय छे, माटे तेवाओना ढोंग उपरथी फसाइ जवुं न जोईए. ज्यारे शुद्ध ज्ञानवान समदृष्टिवाळा संत मळे त्यारेज तेनो सद्बोध लेई ब्रह्मविचार करवो जोईए.

सारां शास्त्रो सांभळवां अने सत्पुरुषोनो बोध सांभळवो, बेसवुं उठवुं सत्पुरुषोमां राखवुं, सदैव संसारमां वैराग्यदृष्टि राखवी अने ईश्वरनो विचार क्षणे क्षणे कर्या करवो ए सत्संग केहेवाय. एवो सत्संग पण पूर्व पुण्यथी थई शके छे. सत्पुरुषोनो समागम रहे तो सत्संग थाय पण ते सत्पुरुषो पण विरला मळे एटले सत्संग दुर्लभ होय एमां आश्चर्य नथी सत्संग चिंतामणि जेवो छे. ते जेवुं जोईए तेवुं सुख आपे छे माटे निरंतर ए दुर्लभ सत्संगने ग्रहण करवो, केमके मनुष्यजन्मनुं कर्तव्य पण एज छे.

निरंतर संसारमां विरागी रहीने आत्म-अनात्म वस्तुनो विचार करी ब्रह्मनुं स्वरूप ओळखी तेनां श्रवण मनन अने निदिध्यासनमां मग्न रेहेवुं ते ब्रह्मविचार केहेवाय. अनेक पुण्यकर्म अने अनेक साधनोथी ते प्राप्त थाय छे तेथी ए दुर्लभ छे. तेम मृत्युलोक शिवाय बीजा लोकमां थई शकतो नथी तेथी पण दुर्लभ छे. पोताना कल्याणरूप ए दुर्लभ ब्रह्मविचार निरंतर करवो जोईए

उपर कहेला सद्गुरु, सत्संगति अने ब्रह्मविचार ए अतिदुर्लभ छे अने तेने मेळवनाराओ पण दुर्लभ छे, तेमां पण ईश्वरनुं खरूं रूप ओळखे एवो तो हजारमां एकाद पण निकळवो कठण छे. श्रीगीतामां भगवाने कह्युं छे केः—

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः ॥

हजारो मनुष्योमा कोइकज सिद्धिनेमाटे यत्न करे एवो होय छे अने ए सिद्धिनेमाटे यत्न करनारा सिद्धोमा पण तत्वथी मने जाणे एवो कोईकज होय छे

अनेक प्रकारनी भाषा भणवाथीके शास्त्रोना अर्थना ज्ञानथी के व्यवहारना कुशलपणाथी के शब्दादिकना ज्ञानथी तत्वज्ञान संपादन थतु नथी, परतु तेनी साथे जो अनुभव थतो होय तो तथी प्राप्त थाय छे भणवाथी जो तत्व जाणवामा आवतु होय तो तो मोटा मोटा पडितो थई गया छे ने थाय छे तेमने थई जात पण तेम नथी थतु जेमणे अनेक पुराणो कह्या हता एवा महाविद्वान व्यासजी पण केवल पोतानी विद्याथी निश्चित थया नहता ज्यारे नारदमुनि तेने बोध आपनार मळ्या त्यारे तेमने चिंता टळी आवीरीते जो विद्या होय तेमा बोध आपनार मळी जाय अने ते उपर अनुभव कराय तो बोध थता वार लागती नथी उत्तम बोध आपनार पूर्वना पुण्य अने ईश्वरकृपा होय तो मळी शके छे अने ए ईश्वरकृपा अतःकरणने निर्मळ करनारा शुभ कर्म अने उपासनादिकथी थाय छे वासिष्ठसारमा कह्यु छे के—

यावन्नानुग्रहः साक्षाज्जायते परमेश्वरात् ।
तावन्न सद्गुरुं कश्चित्सच्छास्त्रं वापि नो लभेत् ॥

ज्यासुधी परमेश्वरनो साक्षात् अनुग्रह थयो न होय त्यासुधी कोई पण सद्गुरु अथवा सारू शास्त्र मळतु नथी

आ जुठु जगत् जुठो परमेश्वर माने छे, अने असत्तने सत्य करी माने छे मायाने परमेश्वर करी मानवी तेज असत्तने सत्य मान्यु केहेवाय कोई माणसने द्रव्यनी, पुत्रनी, स्त्रीनी के बीजा कोई पदार्थनी प्राप्ति थाय तो ते परमेश्वरनी कृपा थई एम माने छे ए पदार्थो पाछा काळेकरीने नाश थई जाय छे त्यारे परमेश्वरनी अकृपा थई एम माने छे एक पृथ्वीनो राजा होय ने ते एकाद पट्टो आपे तो तेपण एकदम जतो नथी तो ईश्वरना आपेला पदार्थो केम जता रेहेवा जोईए? एम कोई पण विचारतु नथी स्त्री पुत्रादिक पदार्थो खोटी मायाना छे ए माया पोते खोटी होय एटले तेनाथी रचायेला जगतना पदार्थो साचा क्याथी होय? जेम कोई कुभार होय ते माटीना अनेक वासण करे छे, पण ज्यारे ए कुभारज जुठो

अने नाशवान् छे तो पछी तेनां बनावेलां वासण ते सत्य क्यांथी थाय? तेमज माया पोते जुठी होय एटले तेनुं बनावेलुं जगत् अने तेना पदार्थो सत्य क्यांथी होय? माटे एवी रीते जे स्त्री-पुत्रादिक मळवाथी ईश्वरनी साक्षात् कृपा थई एम माने छे ते मिथ्या छे अने तेथी करीने कांई पोताना पदने पमातुं नथी. साक्षात् कृपा तो ज्यारे सद्गुरु अने सच्छास्त्र मळे त्यारे थई एम केहेवाय. कोई माणसने मुनसफनी जग्या मळी होय ते जती रही होय ने पाछी मेळववी होय तो कामदारआदि अधिकारीयोनी केटलीक प्रार्थना करे अने ते कामदार आदिलोको पाछा राजाने वीनवे त्यारे राजा पेला मुनसफने तेनी प्रथमनी जग्या आपे छे; तेम पुरुष पोताना रूपथी खसी गयो छे ते जो व्रतनियमादिक पाळी पोताना ईष्टदेवनी उपासना करे अने ते ईष्ट देव परब्रह्मनी प्रार्थना करे त्यारे तेने सद्गुरु अने सत्शास्त्रनी प्राप्ति थई स्वपदनी प्राप्ति थाय छे. एवी रीते पोताना पदनी प्राप्ति थाय तोज साक्षात् परमेश्वरनी कृपा थई एम समजवुं. जेम एक पाणीनो लोटो भरीने नदीमां रेडिये के तरत ते पाणीनी नदीना पाणी साथे ने समुद्र साथे एकता थतां वार लागती नथी, पण तेनुं ज्ञान लोटाना पाणीने होतुं नथी; तेम अधिकारीने सद्गुरु मळे के तरत परमेश्वरमां एकता थाय छे पण ते जाणवामां आवती नथी. आवी रीते ईश्वर साथे एकता करावनारा सद्गुरु के जे घणा दुर्लभ छे ते मळे तो पछी सत्संगति अने ब्रह्मविचार कांई दुर्लभ नथी. माटे प्रथम तो तेवा सद्गुरुने माटे प्रयत्न करवुं. कह्युं छे केः—

सदा संतोभिगंतव्या यद्यप्युपदिशंति नो।
या हि स्वैरकथास्तेषामुपदेशा भवंति ताः॥

जोके उपदेश न करता होय तो पण निरंतर सत्पुरुषोनो समागम राखवो. एवाओनी साधारण वातो होय ते पण उपदेशरूप थाय छे.

निस्पृही महापुरुषो उपदेश न आपे तो पण तेनी वातो उपदेश-थीज भरेली होय छे. जेओने परमब्रह्मनी प्राप्ति थई होय, जे निरामय होय, जे निष्प्रपंच होय, जे क्रोधरहित होय, जे लोभ रहित होय, जे निराश होय. जे निष्परिग्रह होय, जे सदा संतोषी होय, जेने कशी उपाधि न होय, जेने इच्छा-अनीच्छा कांई न होय अने जेने सुख दुःख के रागद्वेष न होय एवा पुरुषो परब्रह्मने प्राप्त थयेला छे.

(अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૮ મુ   પોષ, સંવત્ ૧૯૭૯   અંક ૩ જો

॥ यतो धर्मस्ततो जय ॥

देशी

[નારૂં આપ વગર કોય છે ને, એ પ્રમાણે]

અંધારામાં આ અવસર અમથો વહિ જાય છે રે,—
જોતાં જોતાં જાણો આયુષ ઓછું થાય છે રે —ટેક

ઉત્તમ જન્મ મળ્યો છે આવો
ગાફેલ વર્તીને કેમ ગુમાવો,
સમજાવો મનને તો સૌ સમજાય છે રે,—અંધા૦

મૂર્ખપણાથી મિથ્યા મરતા,
આ મારૂં આ તારૂં કરતા,
આશામાં આથડતા અંત અપાય છે રે,—અંધા૦

માણો છો મનગમતી રીતે,
પરવશતા પામો છો પ્રીતે,
અવગુણવાળા રીતે ભૂત ભરાય છે રે,—અંધા૦

પરના ધામ ધરા ધન જોતા,
દુઃખદબાણે નિશદિન રોતા,
વઢી વેર વગોતા પાપ પરખાય છે રે,—અંધા૦

તન વન યૌવન નહિ રેવાના,
સંબંધી સઘળા સપનાના,
દુઃખ બધા દેવાના કોપ સહાય છે રે,—અંધા૦

આળકડા થઈ અંગ મરોડો,
પણ પાછળ ખાવો છો જોડો,
સમય રહ્યો છે થોડો, પૂંજી વમાય છે રે,—અંધા૦

હમણાં વાત ગણો છો વાંકી,
પસ્તાશો પાછળથી થાકી,
પાળ કરી નહિ પાકી, નરક પડાય છે રે;—અંધા૦
શમ દમ સાધન સર્વ કરશો તો,
કેશવ હરિનો હાથ ધરશો તો,
વિશ્વાધાર વરશો તો તરત તરાય છે રે.—અંધા૦

વેદધર્મસભા.

આ સભાની એક બેઠક સંવત્ ૧૯૪૭ ના માર્ગશીર્ષ શુદી ૩ રવિવાર તા૦ ૧૪-૧૨-૯૦ ને દિવસે, પાઠશાલામાં ભણતા વિદ્યાર્થિઓને ઇનામો [પારિતોષિક] આપવાના સંબંધમાં પંડિતજી જયકૃષ્ણ જીવનરામના ઘરમાં બપોરના ત્રણ વાગાને સુમારે થઈ હતી. તે પ્રસંગે ગ૦ રા૦ વજેશંકર ગૌરીશંકર ઓઝા, રા૦ રા૦ ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક, શેઠ લક્ષ્મીદાસ ખીમજી, શેઠ દામોદર ગોકલદાસ, શેઠ વિઠ્ઠલદાસ દામોદર, શેઠ દ્વારકાદાસ ધર્મશી, શેઠ ઉકરડા ખેતશી, શેઠ કાનજી ધર્મશી, રા૦ પ્રભુરામ જીવનરામ, શેઠ પરમાણંદ નરશી, શેઠ પુરૂષોત્તમ ગોધવજી, રા૦ વિશ્વનાથ પ્રભુરામ, શેઠ મોરારજી રવજી, રા૦ મહાદેવ યાગેશ્વર, રા૦ દામોદર છબારામ,— વિગેરે ગૃહસ્થો તેમજ મહામહોપાધ્યાય શાસ્ત્રી રાજારામ મહામહોપાધ્યાય શાસ્ત્રી ભીમાચાર્ય, શાસ્ત્રી ભોળાનાથ, શાસ્ત્રી શામજી, શાસ્ત્રી ભગવાનજી, શાસ્ત્રી રણછોડજી, શાસ્ત્રી કાનજી, શાસ્ત્રી પ્રાગજીવન વગેરે પંડિત લોકો પધાર્યા હતા. સભાના અધ્યક્ષનું સ્થાન પંડિતજી જયકૃષ્ણ જીવનરામે શોભાવ્યું હતું. સભાના મંત્રી રા૦ પ્રભુરામ જીવનરામ તથા શેઠ દ્વારકાદાસ ધર્મશીએ સભાસંબંધી થોડી વાતચીત કર્યા પછી કામ શરૂ થતાં રા૦ પ્રભુરામ ભાઇએ જણાવ્યું કે—આજ આપ સર્વને સભાની પાઠશાલામાં ભણતા વિદ્યાર્થિઓની વાર્ષિક પરીક્ષા સંબંધી ઇનામ આપવાનાં છે તે હેતુથી આમંત્રણ કરવામાં આવ્યું છે. તે ઉપર લક્ષ આપી આપે શ્રમ લીધો છે તેનેસાટે મુને અત્યંત હર્ષ થાય છે. આગળ ઘણી વખત કહી ગયોછું તેમ આજ પણ સ્મરણ આવતાં કહ્યાવગર નથી ચાલતું કે મૂલ આ સભાને અહીં પધારેલા શેઠ લક્ષ્મીદાસ ખીમજીએ સારો આશ્રય આપ્યો હતો

અને શેઠ ખટાઉ મકનજીએ પણ સહાયતા કરી હતી. આ સમયથી તે સભાનું મંત્રીપદ રા૦ રા૦ ભાઈશંકરભાઈ ચલાવતા હતા. ઘણાં વર્ષ સુધી ચલાવ્યા પછી બહુ કામપ્રસંગને લીધે તે પદ શેઠ વસનજી ખીમજીને સોંપવામાં આવ્યું હતું અને તેમણે આનંદથી સ્વીકાર્યું હતું. તેમણે પ્રીતિ પૂર્વક સભાનું કામકાજ ચલાવ્યા પછી તેઓ પણ અતિ વ્યવસાયમાં રહેવા લાગ્યા તેથી તેમની અનુમતિથી શેઠ દ્વારકાદાસ ધરમશીને તે પદ સોંપવામાં આવ્યું છે કે જે તેમણે આનંદથી અંગીકાર કર્યું છે. આશા રાખુંછું કે તે પોતાના અધિકારનો સારી રીતે સંતોષ આપશે. હવે આ વિદ્યાર્થીઓ સઘળા હાજર થયા છે તેમની પરીક્ષા શાસ્ત્રીજી રાજારામ તથા શાસ્ત્રીજી ભોળાનાથ એમને પરીક્ષક કરીને લેવરાવી છે. હવે માન ઇનામ આપવાનાં છે પરંતુ તે પેહેલાં શાસ્ત્રીઓ પાસે તેમની સાધારણ પરીક્ષા લેવરાવીને આપને જણાવવામાં આવે.

આટલું બોલી પેહેલા બે વિદ્યાર્થીઓ કે જેઓ વૈયાકરણ શીખતા હતા તેને બોલાવ્યા. તેમાંના એકને આસન્ન મરણાનું લક્ષણ અને બીજાને સાધ્યનું લક્ષણ વિગેરે પુછવામાં આવ્યું. તેનો સંતોષકારક જવાબ મળતાં સર્વે બહુ પ્રસન્ન થયા. તે વિદ્યાર્થીઓને સ્થાને બેસારતાં રા. પ્રભુરામભાઈએ કહ્યું કે હજી તો આ કામ ધીરે ધીરે ચાલે છે. પરંતુ મારો વિચાર એટલે સુધી છે કે ફક્ત વ્યાકરણ શીખીને બેસી રહેવું એમ નહિ પણ જો તે વ્યુત્પન્ન થાય એટલે તેને ઇચ્છાપ્રમાણે ગમે તો ધર્મશાસ્ત્ર, ગમે તો જ્યોતિષશાસ્ત્ર અને ગમે તો વૈદ્યકશાસ્ત્રના સિદ્ધાંતગ્રંથો કે જેથી લોકોમાં જ્ઞાનનો વિસ્તાર થાય તે શીખવવા. આ પ્રમાણે કરવા માટે વધારે શાસ્ત્રીઓ રાખવાની જરૂર છે. તે સભા જેમ જેમ શક્તિમાં આવતી જશે તેમ તેમ રખાશે. વેદવિદ્યા તો બ્રાહ્મણનો પોતાનો ધર્મ છે માટે આમાંના આ બે વિદ્યાર્થીને તે વિદ્યા હું શીખવું છું. જેમ જેમ વિદ્યાર્થીઓ તૈયાર થશે તેમ તેમ તેઓને તે પ્રમાણે શીખવવામાં આવશે.

ત્યારપછી થોડીવાર બીજા વિદ્યાર્થીઓના વ્યાકરણ અને રા૦ શાસ્ત્રીઓની પરીક્ષા શાસ્ત્રાર્થમાં કરી તેનાથી પરીક્ષા થયા પછી પંડિતજી જયકૃષ્ણ જીવનરામના હાથથી વિદ્યાર્થીઓને ઇનામ વેંચવામાં આવ્યાં. પેહેલા વર્ગના વિદ્યાર્થીઓને પુસ્તકના ઇનામ સિવાય પેહેલાને બે તથા બીજા પાંચને એકેક રૂપીયો આપવામાં આવ્યો હતો. તથા શેઠ મથુરાદાસ મારવાડીએ

આપેલી ચાદરો પ્રથમથી નવ નંબર સુધીના વિદ્યાર્થિઓને આપવામાં આવી હતી. તેમ શેઠ હરિભાઇ લલ્લુભાઇનાં પત્ની કંકુબાઇ તરફથી સંસ્કૃત કોષ નગ ૯ આપવામાં આવ્યા હતા. અને ત્યારપછીના સઘળા વિદ્યાર્થિ-ઓને યથાયોગ્ય પુસ્તક આપવામાં આવ્યા હતાં. આ કામ થઇ રહ્યા પછી શાસ્ત્રીવર્ગનો સત્કાર કરવામાં આવ્યો હતો.

આટલું થઇ રહ્યા પછી ગ. પ્રભુરામભાઇએ જણાવ્યું કે આ સભા ત-રફથી જે કાંઇ બનતું આવેછે તે સર્વનો હેતુ સ્વધર્મનું રક્ષણ થાય એ છે. આ વિષયમાં આપણો સમુદાય થોડો વિચાર કરતો હશે એમ હું માનુંછું. જુવોને પરદેશી લોકો એ વિષયમાં ફાવે ન ફાવે તો કેટલું પ્રયત્ન કરેછે. પોતાનો ધર્મ પોતામાં ફેલાવવાને બદલે બીજા ધર્મીઓને પોતાના ધર્મમાં વાળવા ઘણું ઘણું કરેછે. હવે તો સાધુસન્યાસીના જેવા વેશબ દલા કરીને હલકા વર્ણોને ભોળવે છે અને તેનાં ભેળા બેસીને ખાવાનું પણ ભુલતા નથી. આપણામાં ધર્મસબંધી ગુહ્ય વિચારો ઉત્તમોત્તમ છે ખરા અને સ્વધર્મવૃદ્ધિનાં પ્રયત્નો પણ ત્યાંહિં ત્યાંહિં જાગૃત છે પરંતુ દેશ-કાલને અનુસરતું પગલું આપણે હજુ ભરતા નથી! આપણે બીજાઓની પેઠ પરધર્મીઓને પોતાના ધર્મમાં લેવાનું કામ નથી, માત્ર સ્વધર્મનું રક્ષણ થાય અને બુદ્ધિહીન બાળકો પરધર્મીઓના પ્રયત્નથી ધર્મભ્રષ્ટ ન થાય એ કરવાનું છે. તે માર્ગે ચડવામાટે આપલોકો જુવોછો તેવાં પ્રયત્ન આપણી પાસે છે.

આનરેબલ ગ૦ ઝવેરીલાલ ભાઇએ જણાવ્યું કે હું બાર વર્ષથી આ સભાનું પ્રયત્ન હું જોઉંછું તેમાં પ્રતિદિવસ તેના પ્રયત્નમાં હું તેને આગળ વધતા જોઉંછું. સભા તરફથી એક માસિક ચોપાનિયું નીકળે છે, જેમાં ધર્મ અને નીતિ સબંધી ઉપયોગી વિષયો ચર્ચાયછે. તેમ બીજા શ્રીમદ્ ભાગવત ભગવદ્ગીતા વિગેરે તથા આત્મબોધ આપનાર યોગવાસિષ્ઠ વિગે-રેનાં ભાષાંતર કરાવી સભા સર્વની ઉપર આભાર કરેછે અને એ અતિસ્તુત્ય છે. આ સઘળું આશ્રય આપનાર ગૃહસ્થોના આશ્રયથી થાયછે અને હજુ પણ પ્રતિદિવસ તેમાં વૃદ્ધિ થયા કરશે એમ હું આશા રાખુંછું. પંડિતજી જયકૃષ્ણ મહારાજ અને ગ૦ પ્રભુરામભાઇના પ્રયત્નથી વિદ્યાર્થિઓને એક વર્ષથી એક પરોપકારી ગૃહસ્થ ભોજન પણ આપવા લાગેલ છે. તો આવી રીતે ધર્મવિષયમાં સર્વનો દૃઢ ભાવ જોઇ બહુ સંતોષ થાય છે.

રા૦ ગ૦ વજેશંકર ગૌરીશંકર ભાઇએ જણાવ્યું કે આજે આ ધર્મ સબંધી વિચારના મેળાવડામાં મને બોલાવવામાં આવ્યો તેથી હું બહુ સંતોષ

પામુછુ વેદધર્મસભાના પ્રયત્ન મધ્યમા સ્તુતિપાત્ર છે યોગવાસિષ્ઠ અને ભાગવત જેના ગ્રંથો કે જેમા ઉત્તમ તત્વોપદેશ સમાયેલા છે તે ખુશીથી આપણે વગર શ્રમે વાચી સંતોષ લઇએ છીયે એનુ માન સભાને છે અને મારા મિત્ર ઝવેરીલાલ ભાઇ કહેછે તેમ સભાએ પોતાનુ કામ સારી રીતે કર્યુછે મહારાજ શ્રીજયચંદ્રજી અને ગ૦ પ્રભુરામભાઇના પ્રયત્નથી સર્વ ગૃહસ્થો તેમા આશ્રય આપેછે તેથી સંતોષ ઉપજેછે અને આશા રાખુછુ કે પ્રતિદિનસ આ સભા પોતાના શુભકાર્યમા આગળ વધતી જાય અને સર્વને લાભ આપતી જાય ત્યા પછી ગ૦ વ્રજલાલભાઇએ પાઠશાળામા ભણતા વિદ્યાર્થિઓના ઉત્તેજનઅર્થ રૂપીયા ૨૫ સભાને બક્ષીસ આપ્યા તેમજ શેઠ દામોદર ગોકળદાસે રૂપીયા ૭૫) તેજ હેતુના કરીને આપ્યા છેવટ ગૌરક્ષણ સભાના સેક્રેટરી શેઠ દામોદર ગોકળદાસની પ્રશંસા કરવામા આવી અને આવી રીતે પરાનુ ભરતા માગણ ઉપર જે કાંઈ વાપરે તે સર્વ ગૌરક્ષણના હેતુરૂપ છે વિગેરે વચનોથી ગૌ બાબિપે પ્રશંસાપૂર્વક બોલવામા આવ્યુ ત્યારપછી કેટલીક વર્તમાનવિચાર સબંધી વાતો થયાપછી પાનસોપારી લઇ સભા વિસર્જન થઇ

परमेश्वरउपर मा दीकराना प्रश्नोत्तर

[સબંધ પાને ૪ થી]

પુત્ર—માતા હુ શુ આપુ ? મારી પાસે કઇ છે નહિ પણ મારા પિતાજી પાસેથી કેહે તે અપાવુ

માતા—તારી પાસે કાંઇ નથી તો મારે કાંઈ જોતુ નથી, પણ હવેથી તારે હુ જે શીખામણ આપુ તે માનવી એવો કોલ આપ

પુત્ર—લે આ કોલ આપુછુ હવે એ ઝાડ બતાવ

માતા—જો દીકરા ! જેટલા માણસો અને પશુ પક્ષીઓ છે તે સર્વને આ જગતરૂપ બગીચાના ઝાડના વેખુછુ અને તેમા માણસ મુખ્ય છે

પુત્ર—માતા ! આતે યુક્તિ કરીને મને તે બાંધી લીધો પણ તેથી મને કેટલોક બોધ મળશે વારુ કહે જોઇએ હવે તેની સમજણ કેમ લેવી ?

માતા—જો દીકરા ! માણસ વિગેરે જંગમ પ્રાણીઓ સરખા હાલતા ચાલતા છે માટે તે એક ઠેકાણે રેતા નથી એમ કહુ છુ થડ એક હોય ને ડાળીઓ વધારે હોય અને થડમાથી ડાળીઓમા રસ ઉતરે, તે

માતા—હા ભાઈ, એમજ છે. એક મકાઇનો ભોટો લઇને વિચાર કરિએ તોપણ જેની ઇચ્છાથી તે બને છે તે પ્રભુની કુશલતાનો પાર આવે તેમ નથી. તેમજ એક આંખના અવયવો તપાસવા બેસીયે તોપણ રચનારની રચનાશક્તિનો પાર આવે તેમ નથી. બનાવનાર વિષે મનવાણી નથી પોચતાં તો તેના અદ્ભુત અને અસંખ્ય કાર્યવિષે તો કેમજ પોચે?

પુત્ર—માતા શું તેનાવિષે કોઇએ શોધ નહિ કર્યો હોય?

માતા—બેટા! શોધ તો ઘણાએ કર્યો છે. જન્મથી જીવિત પર્યંત શોધ કરીને એજ વિષયઉપર લાગી રહેલા પણ આધે જઇને પાછા વળ્યા છે. તેનાથી એટલું તો થયું છે ખરૂં કે જે કાંઈ નામ-રૂપ વગરનું સર્વને દૃશ્ય કરનાર છે તેજ આ ત્રિભુવનનો માળી છે. પક્ષીઓ જેમ પોતાની શક્તિ જેટલુ ઉડે તેમ શોધકલોકો બુદ્ધિની શક્તિ જેટલો શોધ કરી કરીને અટકી પડ્યા છે.

પુત્ર—માતા! આપણે પણ એમાં આવી ગયાં કે?

માતા—હા દીકરા.

પુત્ર—ઈશ્વર એટલી બધી ખટપટ શામાટે કરતો હશે?

માતા—એ કાંઇ ખટપટ કરતો નથી. ઈશ્વરથી જુદી એ ખટપટ છેજ નહિ. નામરૂપે દેખાય એટલી વાર જાણે તેણે કાઇક બનાવ્યું છે અને તેની સત્તારૂપે તે રહ્યોછે એમ ભાસ થાય અને નામરૂપ દેખાતાં મટી જાય એટલે ભાસ આભાસ કાંઈ રહે નહિ.

પુત્ર—માતા! કયાંઈ કયાંઈ તારી વાતમાં એકબીજા વેણનો વિરોધ આવેછે.

માતા—વાણી અને મન ન પોચે તે વસ્તુની વાત કરતાં વિરોધ તો ઉપર ઉપરથી દેખાય. અને મોટા મોટાને પણ તેમ થાય. પરંતુ તેનો વિવેકથી વિચાર કરતાં પરિણામે વિરોધ રેહેતો નથી.

પુત્ર—માતા! પરમેશ્વરવિષે આટલુજ સમજવાનું છે?

માતા—ના, દીકરા! સમજવાનું ઘણું છે, પણ તેમાંનો એક સારાંશ ભાગ મને સુજ્યો તેવો અને તને ગળે ઉતરે તેવો બતાવ્યો છે.

પુત્ર—ઠીક ત્યારે, હવે રોજ મને આવી વાતો કહીને ઈશ્વરનો મહિમા ઓળખાવજે.

આવી વાંતચિત પોતાના કુટુંબમાં સાંભળી ગૃહસ્થ બહુ પ્રસન્ન થયો અને તીર્થાટન કરવાથી નિર્મલ બુદ્ધિરૂપ ફળ મેળવીને તીર્થયાત્રાથી પાછો ફર્યો અને પોતાના વિવેકી પરિવારથી સદાયનેમાટે સુખી થયો.

पुनरुद्धारविषे विचारना एक पत्रना प्रत्युत्तर

[સ ૧૪ પાને ૭થી]

તમે નવા આરંભની શંકા કરોછો તેજ ખોટી છે જે માર્ગ છે તેને તે માર્ગે ચાલ્યા જતા વચમા જે અડચણ આવે તે ખસેડીને ચાલ્યું જવું એમા નવો આરંભ કાંઇ છેજ નહિ અને તે સહજપ્રાપ્ત ધર્મ છે માટે ન દોષ હોય તોપણ ત્યાગ કરવા યોગ્ય નથી જો તમે આજસુધી ચાલ્યા આવ્યા છો તે રીતિનો માર્ગ મેલી દઈને એમ ને એમ રહેવું એ માર્ગ અંગીકાર કરો તો એ પણ એક જાતનો નવો આરંભ થશે અને નવો આરંભ થયો એટલે એ પણ સદોષ એનામેળે થયોજ આમ છે માટે દોષવાળો કે દોષ વગરનો જેવો હોય તેવો વ્યવહાર સુનીતિ અને સુરીતિથી ચાલે તેમ ચલાવ્યા કરતા હર્ષ શોક ને સહન કરી પુરુષાર્થમા પ્રવર્તતા રેહેવું નિર્દોષ એક ઈશ્વરના સ્વરૂપ સિવાય કોઈ નથી માટે સદોષ નિર્દોષનો વિચારજ યોગ્ય વ્યવહારમા છોડી દેવો જોઈએ આપણું આ શરીર જે દોષનગરનું નથી તો તેને ભોગવવાના વ્યવહારો નિર્દોષ કેમ હોય? આ વખતે એટલું કેહેવાની અમને જરૂર છે કે સદોષ અને નિર્દોષપણાના વિચાર કેવી દશામા પણ વિવેકની જરૂર છે, નિકર એ એજ વાક્યનો ગમે તેમ ઉંધો અર્થ લોકો લઇ શકે પણ તેમ કાંઈ તમને લખવું પડે તેમ નથી જે સ્થિતિમાટે અમે કહિયે છિયે તેને નવા આરંભરૂપ અથવા ચાલતા આરંભરૂપ ગણી સદોષ ગણોછો તે બાબત માટે આ વિચાર મુખ્ય છે અમારૂં કેહેવું તો એટલે સુધી છે કે અમે કહિયે છિયે તે આરંભ નિર્દોષ છે અને તમે ધારી બેઠા છો, તેજ સદોષ છે માટે નિર્દોષ આરંભમાજ રેહેવું ઉચિત છે કોઈવાર કોઈ આરંભના કારણપરત્વે ગુણ હોય તે દોષરૂપ લાગે છે અને કોઈવાર કોઇ આરંભમા દોષ હોય તે કારણપરત્વે ગુણરૂપ ભાસેછે આવા ગુંચવાડાના સમયમા વિવેકપૂર્વક પરીક્ષા કરી લેવા એજ ચતુરાઈનું કામ છે અને તે ખરી ખોટી પરીક્ષાના સંબંધમા વૃદ્ધજનોની સંમતિ મેળવી તેનો યથાશક્તિ નિર્ણય કરવો પડેછે આ પ્રસંગ પણ તેમજ સમજવો

જે કરવું તે જગતમા દેખાડવાને, તે વાતથી અમે વિરૂદ્ધ નથી તેમ તમે દુનિયાને દેખાડવા કરોછો એમ પણ અમારૂં કેહેવું નથી દુનિયાને દેખાડવાના કામો અંતરપૂર્વક પણ થાય છે તમે ધારેલી સ્થિતિપ્રમાણે તમને દુનિયા સારા કહે તેથી સદ્ગતિ મળવાનો સંભવ ગણતાની લોકરીતિને

છે. ગમે તેમ હોય. અમને એમજ સૂજેછે કે હવે આ તમારા આસક્તિ અને નીતિસંબંધી વિચારોનો અવધી થઇ રહી. અને આસક્તિ તથા સંયમના પ્રમાણમાં જેટલું કરવું જોઇએ તેટલુ કરી લીધું. માટે હવે તે યોગ્યતાના ફલરૂપજ અમે કહિયે છિયે તે સ્થિતિને માની લઇ જે માર્ગથી ચાલ્યા છો તે માર્ગથી ચાલી દુઃખનું વિસ્મરણ કરો. કેમકે જે કાંઇ સ્વાભાવિક રીતે થશે તે તમારા અધિકારપ્રમાણે, શાસ્ત્ર અને લોકરીતિપ્રમાણે તથા અમારી ઇચ્છાપ્રમાણે અયોગ્ય નથી. અને કાલેકરીને તમને પણ તેમજ લાગવાનો સમવ છે. ભલે નીતિનો માર્ગ પણ અશ્રુતપૂર્વ જેવો હોય તોપણ તેથી ક્ષોભ થવાનો સંભવ છે. પણ હવે એક વસ્તુ જવાના સંભવમાં શોક વગરના થઈ કાલબલને લીધે સર્વ પરાણે દરગુજર કર્યું તેમ હવે પણ દરગુજર કરશો એટલે કશું લાગશે નહિ.

તમે તમારા પિંડને અજ્ઞાનીમાં ગણીને વિવિધ તર્કોનું સંભવિતપણું જણાવો છો પરંતુ અમને એમ થાય છે કે તમે અજ્ઞાની અને જ્ઞાની એમ બેય વિશેષણનું પાત્ર છો અથવા તો તમને બેયમાંથી બહાર લટકતા મેળના સમજવા જોઇએ. કેમકે નિકર ત્રિશંકુના જેવી સ્થિતિ કેમ પ્રાપ્ત થાય? લોકથી વિચિત્ર વિચારનું હોય તેને પછી જ્ઞાની અજ્ઞાની એકેયમાં કેમ ગણાય? ભાઈ! લોકના કરતાં વિચિત્ર વિચાર અને વ્યવહાર જાણવાનું અભિમાન એ કાલની ગતિથી નાશ થવા બેઠાં ત્યારે હવે આપણું બલ શું ચાલવાનું છે? જ્ઞાની હોય તો બોલે નહિ પણ ચાલીજ નીકળે એમ તમને દુઃખ દેવા કોઈ કેહેતું નથી અને કહે તેનું માનવુ નહિ. એ વિષે તમારો મત ખરો છે. કેમકે ચાલી નીકળવાથી પેટ કાંઈ પાછળ નથી રેહેતું અથવા વિકારો કાંઈ પાછળ નથી રેહેતા. ખરૂં ચાલી નીકળવું મનનું છે. મન નિરાસક્ત થયું એટલે તે ચાલી નિકળ્યા બરાબર છે. કદિ કોઈ તમને વચન કેહેતું હશે તો તે અમે કહિયે છિયે તે માર્ગે તમે તરત વળી જાઓ તેનેમાટે કેહેતુ હશે. પણ તેની સાથે એમ પણ કેહેતાં હશે કે બોધવાન અપ્રાપ્ત વ્યવહારને ઇચ્છતો નથી અને પ્રાપ્ત વ્યવહારને છોડી દેતો નથી. આમ જો કોઈ કેહેતું હોય તો તે પણ સત્ય છે. કેમકે બોધવાનને મેલવા લેવાનું કાંઈ રેહેતું નથી. માત્ર પ્રારબ્ધનો ક્ષય થયાનીજ તે વાટ જુવેછે. તમે જ્યારે નિરભિમાન છો? ત્યારે તમારે સુખ દુઃખ સમાન કરી વ્યવહાર કરવો જોઇએ. सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।

ततो युद्धाय युज्यस्व (સુખદુ:ખ અને લાભ અલાભ અને જયપરાજયને સમાન કરી ત્યારપછી યુદ્ધમાટે પ્રવૃત્ત થા) એમ ભગવાને અર્જુનને બોધ આપતા પ્રાપ્ત વ્યવહારથી વિમુખ ન થવાનુ સૂચવ્યુ છે તો તમે પણ પ્રાપ્ત વ્યવહારમા બીજા સર્વ વિચારો મેલી સમાનતા રાખો સાહસમા સાર નથી એમ સમજી જેમ જતુ રેહેવામા આવ્યુ છે તેમજ વ્યવહાર વિરૂદ્ધ પગલુ ભરવાના સાહસથી પણ અટકવુ જોઈએ અને તેમા ઉપરવટ નહિ કરવાની જે બુદ્ધિ છે તેને કામે લગાડો જ્ઞાનવાનનુ લક્ષણ એજ કે જે ઉપસ્થિત કરીને ઉભા ન રહેવુ એવા ખોટા આગ્રહથી જે પોતાના મનથી સ્વતંત્ર નહી ઉલટા પોતાના તોરી સ્વભાવને વશ થાય છે તે જગતના અપમાનશિવાય બીજુ કશુ ફળ પામતા નથી તમે જ્ઞાનવાન છો એટલે તે સર્વ મર્યાદા વિચારીનેજ તમારે ચાલવુ જોઈએ અને એમ ચાલોછો તોજ તમારા આગળ અમારાથી આટલી વાત કરી શકાય છે કેમકે પાત્રને કેહેવાથી પોતાના વચનનુ અપમાન થાય તોપણ તે વચન ઠેકાણે સમજવુ તમે તો અમારા વચનનુ માન રાખશો એમજ અમારૂ માનવુ છે અમે જાણીયે છિયે કે મર્યાદા ગુણ અપૂર્વ છે તે વાત સર્વઅંશે તમારા ખરી છે એનેલીધે જે તમને કષ્ટ થાય છે તે કષ્ટ તેજ મર્યાદા દ્વારા દૂર કરવાને સમર્થ થશો એમ અમારૂ માનવુ છે તમોએ મુખ્ય મુખ્ય બાબતો સતોષકારક બતાવી તે યોગ્ય કર્યું એવો નિયમ છે કે હૃદયનો ભાર કોઈની આગળ મુખદ્વારા કે પત્રદ્વારા કાઢવાથી અરધો ઓછો થાય છે અને હવે અમે આશા રાખિયે છિયે કે વિવેકરૂપ સાધનથી તે સર્વ ભાર તમે દૂર કરી સુખનુ પાત્ર થશો જો અજ્ઞાની હશો તોપણ તમને વ્યવહાર પ્રાપ્ત છે અને જ્ઞાની હશો તોપણ નિરાગ્રહપણાથી વ્યવહાર પ્રાપ્ત છે તે સર્વ વિવેકને આધારેજ તમને જણવામા આવશે અને જ્યાસુધી વિવેકથી જાણશો નહિ ત્યાસુધી ગમે તેમ વર્તતા છતા પણ તમે સુખની સીમાને પામશો નહિ માટે જ્ઞાની નહિ બનતા અજ્ઞાની બની મર્યાદાપર મમત્વ રાખી હર્ષશોકને દૂર કરી નવી પણ નહિ અને જુની પણ નહિ એવી વ્યવહારની સ્થિતિને અનુસરતા પ્રારબ્ધનો ક્ષય કરો એ સર્વ રીતે યોગ્ય છે વ્યવહારની વાત વિચારશો તો આલસ્યના રૂપાતરરૂપ સતોષ અને અશક્તિના રૂપાતર-રૂપ બીકણપણુ એ પડતી દશા આવવાનીજ નિશાની છે અપૂર્ણ

રાગ અને દ્વેષ.

જગતના સર્વ લોકોમાં સર્વને કોઇને કોઇપ્રત્યે રાગ હોય છે અને કોઇને કોઇપ્રત્યે દ્વેષ હોય છે. સામાન્ય રીતે રાગ સારો ગણાય છે અને દ્વેષ નઠારો ગણાય છે. કોઇને કોઇપ્રત્યે રાગ થતો હોય તો તેમાં કોઇ વિઘ્ન નાંખતું નથી પણ કોઇને કોઇસાથે દ્વેષ થતો હોય તો બનતાંસુધી તે ન થવાનેમાટે ઘણા લોકો ભલામણ કરેછે. રાગ અને દ્વેષનો વિભાગ પાડતાં રાગથી સુખ થાય છે એમ મનાય છે અને દ્વેષથી દુઃખ થાયછે એમ મનાય છે. આ વાત વ્યાવહારિક દૃષ્ટાંતોથી સિદ્ધપણ થઇ શકેછે. રાગનેલીધેજ સંસારચક્રની પ્રવૃત્તિ યથાનુક્રમ ચાલી જાયછે અને સહુ કોઈ એક બીજા સાથે સંકળાઇને રહેછે. દ્વેષ થાય તો એ પ્રમાણે સંકળાવાનું સારાપણું સમજવું નહિ. જવું, આવવુ, બેસવું, ઉઠવું, અને વાતો કરવી એ રાગમાં હોય તો સર્વના અંતઃકરણને ઠારેછે અને દ્વેષયુક્ત હોય તો પોતાને અને બીજાને એમ સર્વને બાળેછે. રાગથી સુખ મનાયછે અને સુખથી તનબલ બુદ્ધિબલ વિગેરે વધેછે. દ્વેષથી દુઃખ થાયછે અને દુઃખથી પોતાનુ લોહી બળી જાય છે અને બુદ્ધિ કુંઠિત થઈ જાયછે સંસારમાં જે જે ઠેકાણે રાગ હોય છે તે તે ઠેકાણે કોઇ વિઘ્ન કરે અથવા સ્પર્ધા કરેછે એમ જાણવામાં આવે તો તે વિરોધીની ઉપર દ્વેષ થાયછે. તે શિવાય સ્વાર્થમય સુખ સંપાદન કરવાનાં જેટલાં કાર્યો અને તેના સાધનરૂપ માણસો ઉપર સર્વદા રાગજ હોયછે. તેમાં પણ અધિકારપરત્વે વધારે ઓછો એમ ભેદ હોયછે. માતા, પિતા, ભાઇ, ભગિની, પુત્ર, મિત્ર, સગાં, સંબંધી, પાડોશી, દેશી અને વિદેશી સર્વ ઉપર જો તેઓ અનુકૂલ મનાયાં હોય તો રાગ થાયછે, અને તેમાં કાર્ય તથા મમત્વપરત્વે કાંઇ ભેદપણ રહેછે. સહજપ્રાપ્ત સંબંધ વગેરેમાં તો રાગ પ્રાપ્તજ છે. સહજપ્રાપ્તવિનામાં રાગ થાય તે કાર્યપરત્વે થાયછે. દ્વેષ એ સહજ પ્રાપ્ત નથી. પણ પોતાના સુખમાં વિરોધ કરનાર અને પોતાને અનુકૂલ નહિ રહેનારની સાથે પછી તે સહજમાં થઈ જાયછે. એમાં પણ હેતુના વધારા-ઘટાડાથી તેનો વધારો-ઘટાડો હોય છે. દ્વેષ આવ્યો એટલે પરસ્પર કુસંપ કલેશ સાથેજ સમજવા. અને એમ થયું એટલે ધન ધૂળધાણી થાય છે, વિદ્યા વડી જાય છે, અને જગતમાં અપકીર્તિ થાય છે. આટલા બધા તફાવતથી રાગ તે સુખરૂપ અને ઇષ્ટ છે અને દ્વેષ તે દુઃખરૂપ અને નેષ્ટ છે. આમ રાગ-દ્વેષમાં

પૂર્ણ આકાશનો ફેર છે તોપણ જ્યારે તેનો અતિયોગ થઈ જાય છે ત્યારે તે રાગ દ્વેષના આવેગમાં તેના કાર્યો પણ ફરી જાય છે. એ રાગ પોતેજ પછી તો મહાદ્વેષને ઉત્પન્ન કરવાનું કારણ થઈ પડે છે એટલે રાગનો દીકરો દ્વેષ ગણાય છે તોપણ ગમે તે [illegible] રાગમાં અતિ આસક્ત થાય ત્યારે તે દિવસને દેખતો નથી, દુ:ખને વિસરી જાય છે, સારૂં નરસું સમજતો નથી, ભૂખતરસ ભૂલી જાય છે, ધનને ધૂળ કરી નાખે છે, તનને રોગનું ઘર કરે છે સબંધીને સંતાપ આપે છે, છતી આંખે આંધળો થાય છે, છતે કાને બેહેરો બને છે, વિદ્વાન છતાં મૂર્ખ બને છે, છુટો છતાં બંધાય છે, ધર્મને ધક્કો લગાડે છે, આચારનો અનાદર કરે છે, પવિત્રતાને પરહરે છે, અને રાગના પાનમાં તન્મય થઈ જવાથી પોતાનું રૂપ પણ ભૂલી જાય છે. જ્યારે દ્વેષમાં અતિ આસક્ત થાય છે ત્યારે પણ આજ પ્રમાણે બને છે. દ્વેષમાં ન કરવાના કાર્ય થાય છે, ન બોલવાનું બોલાય છે, અને ન વિચારવાનું વિચારાય છે. માતા પિતા ભાઈ ભગિની પુત્ર મિત્ર વિગેરેનું અહિત થતું હોય કે તેનું [illegible] થતું હોય તોપણ દ્વેષમાં દેખાતું નથી. રૂવાંડાં ઉભાં થઈ જાય, આંખ રંગાઈ જાય અને તનમન તેજ વિષયમાં એક થઈ જાય. પછી વિવેક શું, વિચાર શું, હિત શું, અહિત શું, અને પરિણામ આમાંથી શો આવશે તે સ્વપ્નમાં પણ સાંભરે નહિ. દ્વેષમાંજ આ [illegible] બને છે એમ [illegible] સમજવું. રાગના પણ માણસો એમજ ઘડાવાય છે. જેટલા જેટલા અનર્થ રાગમાં થાય છે તેટલાજ દ્વેષમાં થાય છે અને જેટલા જેટલા પાપાચરણ દ્વેષમાં થાય છે એટલાજ રાગમાં થાય છે અને દ્વેષથી થતા કાર્યોનો હેતુપણ માત્ર રાગને અખંડિત રાખવાનોજ હોય છે. જે રાગદ્વેષ થાય છે તે બાહ્ય વસ્તુમાં છેજ નહિ. [illegible] સર્વ અંતકરણનો છે. પોતાની અનુકૂળતા કે પ્રતિકૂળતા માની વસ્તુને [illegible] રાગ દ્વેષમાં પ્રવૃત્ત થાય છે, માટે રાગ દ્વેષનો મુખ્ય આધાર મન ઉપર રહ્યો. એ મન માણસને સ્વાધીન છે તેમ છતાં તેને કુવિચારથી રોકે નહિ [illegible] પણ દોષ પોતાની ઉપર છે. [illegible] આપે [illegible] આશા રાખીને બેસે છે તે મૂર્ખજ છે [illegible] જો કાંઈ પ્રયત્ન કરીએ તેજ થાય છે. પર કોની સહાયતા કામ લાગતી નથી. [illegible] કરનારથી રાગ [illegible] અને દ્વેષ પણ [illegible] થાય છે [illegible] નિત્યતાજ તેમ [illegible] સ[illegible]

ત્યેક વસ્તુમાં ક્ષણે ક્ષણે નિરંતરનેમાટે હોયજ છે. અને તે વિદ્વાન અને મૂર્ખને બન્નેને ભોળવીને પોતાના સ્વાધીનમાં કરી લહે છે એમ પ્રાચીન અર્વાચીન ઇતિહાસો તથા જગતના વિચિત્ર વ્યવહારો પ્રત્યક્ષ દેખાડી આપે છે. અહો એ બેયનાં કેવાં કેવાં કૃત્યો છે કે જે અતિયોગ વખતે એકસરખાંજ દેખાઇ રહેછે. પછી તેમાં પરિણામ ગમે તે આવે તેની લોકોને ગરજજ રહેતી જણાતી નથી. કોઇ વાવ કુવા ભરેછે, કોઇ દેશને તજી દેછે. કોઇ જ્ઞાતિનો તિરસ્કાર કરેછે, કોઇ માન્ય લોકોનું અપમાન કરેછે, કોઇ ધનવૈભવને વેગળે મેલે છે અને છેવટ આ અમૂલ્ય દેહ પણ અર્પણ કરી દઈ દુનિયામાંથી અદૃશ્ય થવામાંજ પુરૂષાર્થ સમજે છે. આમ રાગથી અને દ્વેષથી ઘણીવાર આપણે બનતાં જોયેલ છે. કેટલાંક સામાન્ય રાગનાં કાર્યો દ્વેષનાથી જુદાં પડેછે. જેમ કે બિલાડી પોતાનાં બચ્ચાંને પકડેછે ત્યારે તેને જરાપણ દાંત લાગવા દેતી નથી પણ ઉંદરને પકડે ત્યારે જરાવારમાં ઉંદરના પ્રાણ નીકળી જાય એવા તેને દાંત ભરાવે છે. દેખવામાં તો ક્રિયા સરખી છે પણ અંતઃકરણના રાગ દ્વેષથી તેના પરિણામમાં ફેર પડેછે ખરો. પણ તેવી વાતો કેટલીક અપવાદમાં જઇને ઉભી રહેછે. રાગના અતિયોગમાં તો સુખદુઃખનુંજ ભાન રેતું નથી, અને પદાર્થાદિકના ગુણસ્વભાવમાં પણ રાગનેલીધે વિપરીત ભાવના થઇ જાયછે. અગ્નિ ઠંડો થઇ જાયછે, ચંદ્ર ઉનો લાગે, દિવસ છતાં અંધારૂં લાગે, રાત છતાં અજવાળું લાગે, નબળાને બળ આવી જાય, અને આખા જગતનું ડાપણ પોતામાંજ સમજાઇ જાય. એકલો રાગીજ આવો હોય એમ ન સમજવું. દ્વેષી માણસનો પણ એજ દશા થાય છે. સંસારને અસાર ગણવામાં, ઉદ્ધત બની જવામાં, અનેક પ્રકારનાં કાળાં ધોળાં કરવામાં, કે પ્રાણને પરલોકના પરોણા કરવામાં રાગી અને દ્વેષી સરખાજ ઉતરેછે. તેઓ ક્ષણે ક્ષણે રડેછે, ક્ષણે ક્ષણે તપી જાયછે, ક્ષણે ક્ષણે રાજી થાયછે, તેનું મન ઉભરાઇ જાયછે અને આગળ પાછળ તેની નજર રેતી નથી. રાગદ્વેષ પણ ધર્મ અને અધર્મવાળા એમ બે વિભાગના હોય છે. અધર્મવાળા રાગ-દ્વેષ તો અધર્મનેજ આપનારા હોવાથી અતિશય દુઃખરૂપ અને યમયાતના ભોગવાવેછે. અને ધર્મવાળા રાગ-દ્વેષ સારાં પ્રયત્નથી વ્યવહારમાં સુખ આપનારા થાયછે. માટે ધર્મવાળા રાગ દ્વેષ વગર જગત રહી શકતુંજ નથી.

સંપૂર્ણ

मणिरत्नमाला

(सपर पाने ४८ थी)

अने ए परब्रह्मनी प्राप्तिनु नाम परमेश्वरनी प्राप्ति केहेवाय आवा ईश्वरने पामनारा पुरुषो मळे तो जरूर कल्याणने मार्ग चडावे छे अहीं एम शंका थाय के कोइ द्रव्य लावीने एवा पुरुषोनी आगळ मूके अथवा तेवो कोइ संसारनो विषय प्राप्त थाय तो शु तेने न राखे ¹ तो तेनो टुंकामा एज उत्तर छे के एवा समदर्शी पुरुषोने जगतना पदार्थो उपर कागडानी विष्टाना सरखो वैराग्य होय छे अने उपाधिमात्रथी तेनो बंधन थाय एम जाणे छे, तेथी तेवा पदार्थो एनी मेळे प्राप्त थाय तोपण तेनी सामु जोवाने पण ईच्छता नथी ए तो सदाय पोताना सद्विचारमां मग्न रहे छे माटे एवी शंका साव खोटी छे श्रीशुकदेवे परीक्षित राजाने श्रीऋषभदेवने साक्षात्कार थयानी अने साक्षात्कार थवाथी अष्ट महासिद्धिओ एनीमेळे प्राप्त थता तेने तजी दीधानी वात कही त्यारे परीक्षिते, ज्ञानीने तो आ ग्रहण करवानु अने आ त्याग करवानु एम भेद होय नहि ने तेमने कशी इच्छा पण होय नहि, मात्र एनी मेळे आवे ते भोगवे छे त्यारे ऋषभदेवे सिद्धियोने शामाटे तजी एवु प्रश्न पुछयु त्यारे शुकदेवे जवाब आप्यो के अनित्य तजीने नित्यरूप पोते थयो एटले हेयोपादेयपणु तज्यु केहेवाय तेम छतां पण जेथी अनर्थ थाय छे एवा पदार्थनो ज्ञानी संग करताज नथी माटे समजवानु ए के उपर केहेवाई गयेला परमात्मारूप थयेला गुरु उपाधिनो संग नथी करतो ऋषभदेव ज्ञानी हता, तेणे सर्व उपाधि तजी हती अने दत्तात्रेय ज्ञानी हता तेणे पण उपाधि तजी हती सारांश ए के स्त्री अने धन आदि जे अनर्थना मूलरूप उपाधि तजे तेज खरो ज्ञानी केहेवाय काई भणवाथी के शास्त्रार्थथी ज्ञानी केहेवाय नहि माटे एवा उत्तम ज्ञानी मळे तो संसारमाथी छोडाव छे अने प्रारब्ध योगथी, कोइ ढोंगी मात्र शब्द जाणनार मळे तो उपर उपरना श्लोक शीखवे अने संसारथी छोडावे नहि जेने ज्ञान थवानी इच्छा होय ते एवो वादाविवादनो धंधो छोडी केवळ ज्ञानमार्ग उतरे छे जे केवळ ब्रह्मना ज्ञानमां लीन होय ते वाद करी शकतो नथी ने ज्या सा ढोंगियो कोइ प्रश्न पूछे तो हारी जायछे अने जे वाद करवामाटेज पोपटनी पठ शीख्या होय ते अ

¹ त्यागी होय तो सर्व त्याग थवु जोइए आय तो मनमा अनासक्त एम काइक वाचनार कारणपरत्वे मन राखवा पडे तेमां पण अधिकारनी वात विचित्र छ

नेक दृष्टांत अने संमति लइ आवी सामाने हरावे छे. कोई सारो माणस घेर परोणो आव्यो होय तेने सांकळ वासी मेलीये के उभा रहो कहिये तो बिचारो उभो रहे; पण कोइ चोर खातर पाडवा आव्यो होय तो ते चोर चारेकोर जोतो आवे, नासवानो मार्ग शोधतो आवे अने खबर पडवाथी कदी घणा जण घेरीले तो पण नाशी जाय छे. तेवी रीते जे मोक्षनेमाटे भण्यो होय ते परोणा जेवो गरीब थई रहे छे अने वादनेमाटे भण्यो होय ते ढोंगी वादविवाद करी बीजाने जीते छे. पण चोरने जेम राजा पकडीने शिक्षा करे छे तेम आ मिथ्यावादी जेने अंतरमां दगो होय छे तेने परमेश्वर नरकनी शिक्षा करे छे. ढोंगी मिथ्याज्ञानी 'आपणे शुं छे ? ए तो शरीरना धर्म छे' एम कहीने समजावे छे; पण तेथी शरीरपणु रह्यु अने शरीरपणुं रह्युं एटले जीवपणुं पण रह्युं अने तेथी बधुं भणतर फोकट थयुं एम समजवुं. जेओ शुद्ध ज्ञानी पुरुषो होय तेमां पोतामां पण ते प्रपंच होतो नथी, अने पोतानी पासे आवे तेमां पण ते प्रपंच रेहेवा देता नथी. पण आवा पुरुषो जगत्मां घणाज थोडा छे. अने एटलाजमाटे सद्गुरु, सत्संगति अने ब्रह्मविचार ए त्रणे दुर्लभ कह्यां छे.

पोताना स्वरूपनो जे बोध थवो तेनुं नाम सर्वनो त्याग केहेवाय. पण ज्यांसुधी पोताना स्वरूपनो बोध न थयो होय त्यांसुधी गमे तेटला जगत्ना पदार्थनो त्याग करे तोपण ते त्याग केहेवाय नहि. कोइ एक भिक्षुक होय तेने जो राज्य मळे तो अनेक माणसोनो तेने संग थाय छे अने अनेक उपाधि वळगे छे. तेज पाछो जो भिक्षुक थई जाय तो पोताना प्रथमना रूपने पामवाथी तेने कोइनो संग थतो नथी अने कशी उपाधि वळगती नथी. राजापणुं मळे तो मोटा मोटा जानवरोना शिकार करी पाप बांधे, हाथी, घोडा अने पायदळ आदिनी मोटी फोज राखे ने वखत पडेतो लडाइ करे, अने अनेक प्रकारना विषयभोग भोगवे. पण जो भिक्षुकदशामां होय तो ते कांइ न करतां जे मळ्युं ते खाई, पाणी पीने गमे ते ठेकाणे तापरहित थई सुई रहे छे. ए प्रमाणे भिक्षुक अने राजापणांमां फेर छे. आ उपरथी समजवानुं ए छे के अनादि जे निःसंग शिव छे तेणे अनंत संग कर्या छे ते जीवपणांमां होय त्यांसुधी तजाता नथी पण पाछो शिवपणांमां आवे तो तजाय छे. देह इंद्रिय मन बुद्धि प्राण अहंकार ए षड्वर्ग, काम-क्रोधादिक छ शत्रु तथा अन्नमय आदि पंच कोश ए सर्वमां घणीपणु होय त्यांसुधी संग अने

जीवपणु केहेवाय अने ए सर्वमा कटाळा अने एम उपाधिरूप लागे अथवा ए सर्व असत्यथी हु निराळो छु एम अनुभवमा आवे त्यारे शिवपणु केहेवाय सारांश ए के जगत्ना सर्व विषयादिक पदार्थोनो तेमज आ शरीर अने शरीरसबधी पदार्थोनो त्याग थाय अने तेथी जुदु पोतानु निर्मळ स्वरूप ओळखाय तेनु नाम पोताना स्वरूपनो बोध केहेवाय जेने पोताना स्वरूपनो बोध थाय छे ते जगत्नी पेठे आचरण करता नथी जगत्मा घरबार लुटावी दे एवा उदार पुरुषो घणा हशे, परतु काम क्रोधादिकनो तथा शरीरमा बधायेली ममतानो त्याग करनारा घणाज विरला छे माटे एवी रीते ममतानो त्याग करी शरीरथी जुदु पोतानु स्वरूप ओळखी असग थइ रहे तेज खरो सर्वनो त्याग छे ते शिवाय बाकीना सर्व त्याग हल्का छे

कोइथी न जीताय एवो काम छे केमके न जीताय एवो छे तेथीज शिवरूप पोते तेने वश थइने जीवपणाने पामे छे कामने वश थवाथी आ लक्ष चोराशीमा फरता एने दु ख पामवु पडे छे कामने आधीन न थाय तो लक्ष चोराशीमा पडवु पडतु नथी पण कामने वश थवाथी पोतानु शिवस्वरूप भूलाइने जीवस्वरूप प्राप्त थयु होय एटले काइ जोर चालतु नथी जेम कोइ वाघ होय तेने कोइ माणस पकडीने तेने वश करी मेल तेथी घेर घेर बारणे नचावे तेम नाचे छे अने पीठपर लाकडियोना मार खाय छे, पण खरु जोता वाघ तो घणो मोटा मोटा हाथीने हरावी दे एवा जोरनो होय छे, तेनी आगळ कोइ पण जइ शकतु नथी, तोपण ते माणसने वश थइ जवाथी तेनु जोर जतु रहे छे तेम जीव पण कामने वश थई आशाने आधीन थता पोतानु पराक्रम अने स्वरूप भुली गयो छे पण खरु जोता तो ते जीव निर्विकार शिवस्वरूप अने चोराशीना फेराने पण नाश करनार छे मोटी मोटा वातो करनारा तो जगत्मा घणा पुरुषो छे परतु ए अनर्थरूप कामने जीतनारा जगत्मा घणाज थोडा छे केमके कामने जीती लीधो एम केहेवामा काइ वार नथी लागती पण ते कामनु फुरणु अत करणमा उगे ज नहि, एवीरीते तेने जीती लेवो ए वात घणीज कठण छे कोइ महा पुरुषोना उपदेशथी अने पूर्वपुण्यबीज तथा शास्त्रसगना शुभ विचारथीज हजारमा एकज कामने जीतनार मळे छे मनमा जे काई उत्पन्न थाय तेनु नाम काम (कामना) केहेवाय ए कामने जीतनाराओ केवा केहेवाय, ते विषे श्री भगवान् कहे छे के –

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

हे अर्जुन! ज्यारे मनमां रहेली सर्व कामनाओने तजी दे छे अने पोतावडे पोतानेविषे संतोष पामे छे त्यारे ते स्थितप्रज्ञ (स्थिर बुद्धिवाळो) केहेवाय छे.

आ प्रमाणे मनमां उत्पन्न थती कामनाओने मोटा मोटा विद्वानपणानो डोळ घालनारा पण तजी शकता नथी. अने एम न थवाथी आत्मानेविषे संतोष पामता नथी. एटलावास्ते कामनाओने न जीताय एवी कही छे. ए न जीताय एवी छे तेटलामाटेज तेने जीतवामां बहादुरी छे अने पोतानुं कल्याण छे.

पशोः पशुः को न करोति धर्मं
प्राधीतशास्त्रोपि न चात्मबोधः ॥
किं तद्विषं भाति सुधोपमं स्त्री
के शत्रवो मित्रवदात्मजाद्याः ॥ २९ ॥

अर्थ.

शिष्य—पशुथी पशु कोण केहेवाय ?

गुरु—जे धर्म करतो नथी अने जेने शास्त्र भण्या छतां पण पोताना स्वरूपनो बोध नथी ते.

शिष्य—अमृत जेवुं जणाय एवुं विष शुं छे ?

गुरु—स्त्री.

शिष्य—मित्र जेवा लागे एवा शत्रु कोण छे ?

गुरु—पुत्र आदि संबंधी.

टीका.

वर्ण अने आश्रमप्रमाणे अनेक प्रकारना मनुष्योना धर्म छे. ते धर्म प्रमाणे सदाचारथी न वर्ते ते पशु करतां पण नठारो केहेवाय. तेम जे पोताना स्वरूपने न जाणे ते पण पशुं करतां नठारो केहेवाय. धर्म प्रमाणे चा-

खवाने अने आत्मस्वरूप ओळखवाने मनुष्यशरीरमा कोइ चमत्कारिक शक्ति विशेष छे पशु आदिकना शरीरमा ते नथी एटलामाटे तेना करता मनुष्य उत्तम छे, परतु ते शक्ति जो कामे न लागे तो पछी मनुष्य देह मळ्या छता तेनु साफल्य नहि थवाथी पशु थकी पण विशेष पशुपणु प्राप्त थाय छे शिव पार्वतीना सवादमा कह्यु छे के–

निद्राभीमैथुनाहारा सर्वेषा प्राणिना समा ।
ज्ञानवान्मानव प्रोक्तो ज्ञानहीन पशु प्रिये ॥

निद्रा, भय, मैथुन अने आहार एडे तो सव प्राणियो सरखा छे मनुष्यने ज्ञान होय तो ते मनुष्य केहेवाय ने ज्ञान न होय तो ते पशुज छे

सार–मातु समजवाने, धर्म जाणवाने अने आत्मस्वरूप ओळखवाने आ मनुष्यजन्म छे तेवडे जो ते कार्य न थाय तो ते जन्म पशुना करता पण हलको छे केमके केटलाक पशुओ तो पोताना शरीरथी पारकानो उपकार पण करे छे, पण मनुष्यथी तो ते पण थतु नथी माटे धर्म पाळीने अने ज्ञान सपादन करीने मनुष्यदेह सफळ करवो जोइए अहीं एम शका थाय के ज्ञानी तो परमेश्वररूप केहेवाय छे ने अहीं ज्ञानीने मनुष्य केम कह्यो ? तो तेनु समाधान ए छे के जेने तत्त्व ज्ञान थयु होय ते ज्ञानी परमेश्वर केहेवाय ने जेने विवेकनु ज्ञान थयु होय ते ज्ञानी मनुष्य कहेवाय अने ते शिवायनु जे कोइ बीजु ज्ञान धरावतो होय ते पशुज्ञानी केहेवाय आ जे छेलु पशुज्ञान कह्यु ते सव प्राणियोमा सरखु होय छे पशु, पक्षी, हाथी, घोडा, सर्प, देडका, कुतरा, शियाळ, वाघ, नोळिया, उदर, बिलाडा, गधेडा, उट अने बीजा जे प्राणियो छे तेने
आहार, निद्रा, भय अने मैथुन ए समान छे केमके — तानु कल्याण साधतो नथी ते भय पामे
छे, मैथुन करे छे अने आहार पण — विवेकज्ञान अने तत्त्वज्ञान सपादन करवु
उपरना चार ज्ञान होय ते म न थाय तो गमे तेवी समजण होय तो
पशुज्ञानी केहेवाय छे एटला हेतुथी जेने शास्त्रनु ज्ञान होवाथी विवेक न
मारी साम कोई चाली छे अने जने शास्त्रनु ज्ञान होय ते छता आत्मबोध न
दु छे, केमके घणा ण पशु एटले ते करता पण अणसमजु कहेल छे एवा
अने तेथी कोइ दे ी शी गति थाय छे तेविषे आगळ कह्यु छे के—
माणसनु धन ने

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेप्यज्ञानतया नूनं पुनरायांति यांति च ॥

ब्रह्मनी वातो करवामां कुशल होय परंतु तदाकार वृत्ति न थई होय तथा संसारमां प्रीतिवाळा होय ते पुरुष अज्ञानीथी पण अधिक अज्ञानी छे. अने वारंवार जन्मे मरे छे.

जेम कोई न करवानुं काम अजाणतां करे तेना करतां जे न करवानुं काम जाणीने करे ते वधारे अपराधी अने सिक्षानुं पात्र थाय छे तेम जे कशुं भण्या नथी तेना करतां जे भण्या छे ने जाणे छे ते पुरुषो तत्वज्ञानने न जाणे तो ते वधारे अज्ञानी अने वधारे जन्म-मरणनी सिक्षाने लायक छे. भणेलाओ पोताना मनमां खोटुं अभिमान राखता होय पण तेमने बोध न होय तो केवा समजवा तेविषे भागवत एकादशस्कधमां श्रीभगवाने पण कह्युं छे के वेदशास्त्र अने पुराण भण्यो होय ते छतां पण जो ज्ञान न थयुं होय तो ते तेनुं भणवुं निष्फल छे. छांदोग्य उपनिषद्मां वात छे के श्वेतकेतु राजाये गौतम ऋषिना पुत्रने शुं भण्या छो? एम पुछ्युं त्यारे तेणे वेद पुराण अने शास्त्र सर्व भण्यो छुं एम कह्युं, त्यारे राजाए तेने कह्युं के ब्रह्मविद्याविना सघळुं भणतर उपाधि रूप छे. ज्ञानवगर सघळी विद्या भाररूप छे ए वात सत्य छे. कह्युं छे के—

यथा खरश्चंदनभारवाही भारस्य वेत्ता न तु चंदनस्य ।
तथा हि विप्राः खलु वेदपूर्णा ज्ञानेन हीनाः खरवद्वहंति ॥

जेम गर्दभ सुखडनो भार उपाडे छे पण ते पोताने माथे भार भर्यो छे एम जाणे छे पण चंदन भर्युं छे एम जाणतो नथी तेम वेद भणेला ब्राह्मणो ज्ञानवगर गर्दभनी पेठे केवळ भारज उपाडे छे. सारांश के तत्व न जाणे त्यांसुधी सघळुं भणतर भाररूप छे.

भणवानी सफलता ज्ञान छे. ज्ञान न थाय तो भणतर वृथा छे. मात्र वाणीना विलासथी कशुं फल नथी. जेम कोई नाणावाळो होय ते छतां पगरखां न पेहेरे ने पगे बळे तो ते दरिद्रीनो पण दरिद्री केहेवाय. केमके दरिद्री तो नाणु न होवाथी नथी पेहेरतो पण धनवाळो तो जाणी जोइने नथी पेरतो. तेमज जे भणी गणीने न समजे ते पशु करतां पण वधारे पशु समजवो. (अपूर्ण.)

आर्यधर्मप्रकाश.

પુસ્તક ૧૯ મું | માઘ, સંવત્ ૧૯૮૯ | અંક ૪ થો



॥ यतो धर्मस्ततो जयः ॥

मोह विसारवानो बुद्धिने बोध

[पद धन्याश्री त्रिताल]

માન તું ગમાર મતિ મોહ વિસાર,—
મોહ વિસાર મતિ, મોહ વિસાર —ટેક
ધન જન જાયા તન યૌવન પણ, આખર સર્વ અસાર,—મતિ૦
ઘર વૈભવ વાના સુત સેવક, તે ભામિની છે ભાર,—મતિ૦
શું લાવી તું શું લઇ જાશે, વિનયે વાત વિચાર,—મતિ૦
મારૂં તારૂં મેલ હઠીલી, કેશવ હરિ કર વાર,—મતિ૦

सार लेवामाटे सोरठा

ઉચ્છૃંખલ થઇ જાય, સેવા ન કરે સ્નેહથી,
અહીં પાણી ન પાય, તે દુર્જન કે દીકરા?
નખરા કરે અપાર, સેવાનું સમજે નહિ,
નારી નહિ તે ન્હાર, કાઢી લે છે કાળજાં
મરે ચાકરો તોય, પણ સામું જોતા નથી,
મનમાં દયા ન હોય, તે શઠ કે શેઠિયા?
પૂરૂં ન કરે કામ, સતાપે છે શેઠને,
હોઠા લે છે દામ, તે ચાકર કે ચોરટા?
કરવી કાઢી જાય, પ્રજાતણા ધન વામને,
ચોપે ચુથી ખાય, તે રાજા કે રાક્ષસો?
બને ઠને છે બેશ, પ્રજા તણા પૈસાવડે,
રાખે દુખિયો દેશ, તે રાજા કે રાજીયા?

राग अने द्वेष.

[સંબધ પાને ૬૪થી.]

આરંભથી સંસારનું મંડાણજ રાગદ્વેષવાળું ઉભું થયું છે; પરંતુ વિદ્વાનો તો રાગ અને દ્વેષ ગમે તેવા ધર્મવાળા છતાં પણ આખર પરમ સુખના વિરોધી હોવાથી તે બેયને ધિઃકારી તે બેયથી રહિત રેહેવાનુંજ ઉત્તમોત્તમ ગણે છે.

ખોટા પદાર્થ ઉપર સ્વાર્થથી થયેલો રાગ અને ખોટા પદાર્થમાટે સ્વાર્થ ભંગ થતાં થયેલો દ્વેષ, એ બેય શોકદાયક થાય એમાં નવાઇ નથી. કોઇ દીકરામાટે, પતિમાટે, પત્નીમાટે કે મિત્રમાટે બળી મરે કે પાણીમાં બુડી મરે એ રાગના અતિયોગનુંજ પરિણામ છે. તેમજ કોઇ દ્વેષનેલીધે લડાલડીમાં માર ખાઈ પ્રાણ છોડે કે સામા પક્ષનું કાંઇ નહિ થઈ શકવાનેલીધે શરમાઇને બૂડી મરે વિગેરે અનર્થો દ્વેષના અતિયોગનું પરિણામ છે. ધૃતરાષ્ટ્ર પોતાના પુત્ર દુર્યોધનાદિક ઉપર ખોટા રાગથી પાયમાલ થઇ ગયા. તેમાં પાંડવો ઉપરનો દ્વેષ પણ તેવુજ ફળ આપનાર થયો. કોઈપણ વસ્તુપર અતિષય રાગ થાય તો તેજ રાગ અતિષય ખેદનું કારણ થાય છે. ખાટા ખારા તીખા વિગેરે અનેક ખાવા પીવાના પદાર્થો ઉપર અતિષય રાગ થાય તો તેમાંથી વ્યાધિયો વળગીને મરણ નીપજે છે. તેમજ સામાન્ય ઉપયોગી તેવા પદાર્થો ઉપર અતિષય અરૂચિ થાય તોપણ વ્યાધિયો વળગી મરણન નીપજે છે. વિષયોપર અત્યંત રાગ તે બંધન છે. અને અત્યંત દ્વેષ એપણ બંધન છે. અત્યંત રાગ નર્કનું દ્વાર છે તેમ અત્યંત દ્વેષપણ નર્કનું દ્વાર છે. અંગરાજાને પુત્ર ઉપર બહુ પ્રેમ હતો પણ તે પુત્ર વેનરાજા અતિષય દુરાચારી અને અપકીર્તિ કરનાર થયો તો તેમાંથી અંગ રાજાને રાજ્યનો ત્યાગ કરી જવું પડયું. શીશુપાલને અત્યંત દ્વેષ શ્રીકૃષ્ણસાથે હતો તો ભરી સભામાં તેનું ચક્રથી માથું ઉડાડી દેવામાં આવ્યું હતું. રાગી માણસને ઉંઘ આવે નહિ, વિવિધ વિચાર થયા કરે રાગપાત્ર વસ્તુમયજ જગત લાગ્યા કરે અને એના સંબંધી કલ્પનાઓ શિવાય બીજું કશું મનમાં આવેજ નહિ. તેજ રીતે દ્વેષી માણસનું પણ સમજવું. જય-પરાજય પણ બેય પક્ષમાં રહેલ છે. રાગ અને દ્વેષ એ વ્યવહારમાં આવતા સર્વ પ્રાણી પદાર્થ ઉપર હોય છે પરંતુ મુખ્યત્વે તેની લાગણી વ્યવહારમાં આવતાં માણસોપર વધારે લાગુ

પડે છે રાગ અને દ્વેષનું નામ આવ્યું ત્યાં એ માણસને બીજા માણસની સાથે તે છે એમ તરતજ મનાઈ જાય છે અને આ એક માણસ સાધારણ ગામાસ પરના રાગદ્વેષનું અતિયોગને પ્રતાપે જે કોઇ પરિણામ આવે છે તે ઉપર નજરા પ્રમાણે સન્મુખજ આવે છે શ્રીકૃષ્ણ સાથે દ્વેષ બાનનાર* કંસરાજાની વાત જગતપ્રસિદ્ધ છે તે ખાતાપીતા ફરતા બેસતા અને ઉઠતા પણ તેનેજ દેખતો હતો, અને એમાં ને એમાં તેનો છેવટ અંત આવ્યો અને તન્મયતાને પામ્યો જેઓ ખરેખર ભગવત ભક્ત હોય છે તેઓ પણ તેજ રીતે ઈશ્વરને દેખે છે અને તન્મયતાને પામે છે પ્રહ્લાદ અને ધ્રુવજીના ઇતિહાસથી કોઈ અજાણ્યું નથી ઈશ્વર તરફ લાગેલા રાગથી તેણે બીજું કશું જાણ્યું નહિ ઈશ્વર ઉપર જે પ્રેમભાવ અને વૈરભાવની ભક્તિ થાય છે તે ઉપર આપણે બોલતા નથી આપણે મનુષ્યોમાં પરસ્પર પ્રેમભાવ કે દ્વેષભાવ હોય છે તે ઉપર બોલિયે છીયે માટે તેટલે અંશેજ એ વાત અટકાવવાની છે * કોઇને શંકા થાય કે રાગ અને દ્વેષ એ જુદા જુદા હોવા છતાં તેનાથી થતા કાર્યોમાં મળતાપણું દેખાય છે તેનું કારણ શું હશે? આનો ઉત્તર પાધરોજ છે તે એ કે માણસોને જે રાગ કે દ્વેષ થાય છે તેમાં એક કારણભૂત એક મોહ રહેલો છે એક કારણથી થતી બે જાતની ક્રિયાના ફળ કારણને મળતા આવે તો તે અસંભવિત નથી મોહનું કારણ અજ્ઞાન છે માટે અજ્ઞાનથી થયેલા કાર્યનું ફળ અજ્ઞાનને મળતુંજ થવું જોઇએ અજ્ઞાનથી મોહ થાય અને મોહ થયો એટલે વિવેક નાસી જાય છે અને આમ થવાને લીધે રાગ દ્વેષ બેય દુઃખ આપનાર અને બંધન આપનાર બને છે આવા કારણનેલીધેજ બેયથી વિદ્વાનો વિમુખ રહે છે રાગ થાય છે તે પણ સુખ ભોગવવામાટે અને દ્વેષ થાય છે તે પણ સુખ ભોગવવા માટે થાય છે પરંતુ સુખ જોવા જઇએ તો તો તેમાં ઝાંઝવાના પાણી જેટલું પણ હોતું નથી દ્વેષનું ફળ દુઃખ થાય છે પણ તેમાં અંતે સુખની આશા રહે છે, અને રાગનું ફળ સુખ મનાય છે તોપણ તેમાં અંતે દુઃખ દેખાય છે એટલે સરાસરી કરતા રાગ અને દ્વેષ

---

* હિરણ્યકશિપુ હિરણ્યાક્ષ વૃત્રાસુર કંસ શિશુપાલ રાવણાદિ અતિ દ્વેષથી પરિણામે મહામુક્તિ પામ્યા એ વિષય અપવાદરૂપ થાય તેવો છે પણ તે વિષયાંતરરૂપ લેખી છોડી દેવા યોગ્ય છે

સરખાજ નીવડે છે. રાગથી મન રહી જાય તોપણ જન્મ ધારણ કરવો પડે અને રાગથી જે જે વિકારો સંભવે તેજ વિકારો દ્વેષથી સંભવે. રાગનું કામ અધુરૂં રેહેવાથી ચેન પડે નહિ તો દ્વેષના કામમાં પણ તેમજ બને છે. એટલે ઉંટ લાંબુ તો પુછ ટુંકું એ કેહેવત પ્રમાણે દુ ખ બંધન વિગેરે સરારીથી સમાનજ દેખાય છે. રાગ કામને ઉત્પન્ન કરનાર છે અને દ્વેષ ક્રોધને ઉત્પન્ન કરનાર છે. મોહ પણ તેનું અંતરંગ કારણ પ્રત્યક્ષજ છે. આમ હોવાથી રાગ અને દ્વેષનાં પરિણામો એકસરખાં એટલુંજ નહિ પણ મહાભયાનક હોય છે તે વાત સપ્રમાણ છે. કામ-ક્રોધ આવે ત્યાં લોભ તો પાછળ હોતોજ નથી. અને એ દોષત્રયમાંનો એકેકો અનર્થનું દ્વાર છે તો ત્રણ સાથે મળે ત્યાંતો વાતજ શી કરવી ? આ સઘળા દોષો સમજણથી દૂર થાય તેવા છે. શમ-દમાદિક સાધન સંપન્ન થઇ નિર્મળ અંતઃકરણના થઈને મમત્વ છોડી દઈ સમાનદૃષ્ટિવાળા થવાય તો રાગ-દ્વેષ રેહેતા નથી અને જો રહે છે તો તે અનર્થ કરી શકે તેવા પ્રબળ રેહેતાજ નથી; પરંતુ આ સ્થિતિ ઉપર પહોચાવું બહુ કઠણ છે. રાગ તે દ્વેષરૂપજ છે કેમકે તેમાં ક્ષણમાત્રનુંજ સુખ રહેલું છે પરિણામે તેજ રાગ શત્રુનું કામ કરે છે. કોઇ કોઇ વાર તો રાગમાંથી થયેલી અરૂચિ ઉત્તમ સાધનરૂપ પણ થઇ પડે છે; પણ તેવા દાખલા ઘણા થોડા હોય છે. સંસારનાં ક્ષણિક સુખો જેમ બંધન અને દુઃખ આપનાર છે તેમ તેવાં સુખોનાં સાધનમાં ક્ષણિક રાગ અથવા અત્યંત રાગ પણ દુઃખ અને દ્વેષ આપનાર હોવાથી બંધનરૂપજ છે.

આમ છે ત્યારે શું કરવું ? એમ જો શંકા થાય તો તેનો ઉત્તર એજ છે કે રાગ-દ્વેષનાં પરિણામ એકસરખાં હોય તો દ્વેષ કરતાં રાગ છે તે અતિ ઉત્તમ છે, માટે રાગથી જે વ્યાવહારિક કાર્યો થતાં હોય તે કરવામાં અન્યાય નથી. પરંતુ તેનો અતિયોગ થાય ત્યારે ચિત્ત સ્થિર રાખવાની બહુ જરૂર છે. રાગમાં શીતલતા રહી છે અને દ્વેષમાં ઉષ્ણતા રહી છે માટે રાગ છે તે ઉત્તમ છે. જગતનો વ્યવહાર રાગથી ચાલે છે અને દ્વેષથી તુટેછે માટે રાગ ઉત્તમ છે. વ્યવહારમાં રાગ રાખતાં રાખતાં અભ્યાસ વધારી પછી પરમેશ્વરમાં રાગ રાખતાં શીખવું જોઇએ સંસારના પદાર્થોપરના રાગનો અતિયોગ હાનિ કરેછે પણ તેમાં ઉપેક્ષા થઇને પરમેશ્વર ઉપર રાગ બંધાય તો પછી તેનો અતિયોગ થઇ જાય તેમ ઉલટો વધારે સારો લાભ અથવા વધારે સુખ શાંતિ થાયછે. પરંતુ આ વાત કોઇ ભાગ્યશાળીનાજ જાણવામાં

આવે છે જે સમયે પરમેશ્વરમા રાગ થયો તે સમયે સંસારના સઘળા રાગ છોડી દેવા જોઇએ એમ કહેવાની જરૂર નથી કેમકે જેને ખરી ઈશ્વરમા આસક્તિ થાય છે તેને સર્વ રાગ દ્વેષ છુટી ગયા જેવાજ થઇ જાય છે પરમેશ્વરપ્રત્યેના રાગ શિવાય સંસારસંબંધી બીજા તમામ રાગ દ્વેષથી દૂર રહી વિરાગદશાને પોંચેલાએ એક ઉત્તમ પણ પાળવાના સાધનોમાજ અત્યંત રાગ રાખવો જોઇએ કે જે પ્રત્યે ગમે તેવો અતિયોગ પણ અત્યંત સુખ આપનાર થાય છે

पुनरुद्वाहविषे विचारना एक पत्रनो प्रत्युत्तर

[સબંધ પાને ૬૧ થી]

પણ તમારે ચડતી પડતી શા કાજ ન હોય તો એટલુ તો સ્મરણ રાખવુ જોઇએ કે તમે ધારેલી સ્થિતિ ગમે તેવી શુદ્ધ હોય તોપણ તે લોકવિરુદ્ધ હોય તો તે અશુદ્ધજ કેહેવાય કેમકે નીતિમાન લોકો એવુ કહે છે કે यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम् । [જોકે શુદ્ધ હોય તોપણ તે જો લોકવિરુદ્ધ હોય તો તે કરવુ પણ નહિ અને આચરવુ પણ નહિ] મહાત્માના દૃષ્ટાંતથી ગમે તેટલે અંશે પણ વ્યવહારમાંજ તમારે અંગીકાર છે એ વાત પ્રસિદ્ધજ છે એટલામાટે અમે જે કહિયે છિયે તે દેશકાળને અનુસરતુજ છે એકંય અંશે વ્યવહાર તમારે માન્ય ન હોત તો વળી અમે શુ લખત તે વાત દૂર રહી

મહાત્માનો દાખલો આપી અસંભવિતપણુ બતાવતા વળી પાછા તમે સંગ છોડવા ઉપર આવો છો અમેજ તમને પુછિયે છિયે કે સંગ છોડયો શેનુ નામ કેહેવાય ? કોઈપણ વસ્તુને દૃષ્ટિમર્યાદાથી દૂર કરવી અથવા તેને છોડી દેવી એ જો અસંગપણુ કેહેવાતુ હોય તો તે જગતમા સર્વને પ્રાપ્ત છે માટે સર્વને ક્ષોભ ન થવો જોઇએ પણ તેમ માનવુ એ ભૂલ ભરેલુ છે ખરૂ અસંગપણુ મનથી થાય છે કોઇપણ વસ્તુ મનથી ત્યાગ ન થઇ તો પછી તેને દૃષ્ટિથી દૂર કરવી એ તો કેવળ મૂર્ખતાજ છે પ્રત્યક્ષ વસ્તુ પણ મનથી અપ્રાપ્ત હોય તો તે અસંગપણાનુજ કામ કરે છે માટે મનથી અસંગપણુ રાખવુ એજ ઉત્તમ છે આ અસંગપણુ બહુ કઠણ છે એટલા માટે તેને સેહેલુ કરવા માટે સાધુસંગની જરૂર છે કે જે તમે ટાંકેલા વ્યાસજીના પદમા સુચવાઇ જાય છે અમે સત્પુરુષના સંગથી વિરુદ્ધ નથી એ

વિષે તો અમે પણ મળતા છિયે કેમકે સંગ-અસંગની ભ્રાંતિથી થતું દુઃખ તમને મનમાં નડેછે તે તે શિવાય મટવું કઠણ છે. ગમે તે દેશમાં કે ગમે તે સ્થળે આસક્તિ છે તેજ સંગ છે અને અનાસક્તિ છે તેજ અસંગ છે. વિષયોને દૂર કર્યા પછી પણ લલચાયાના દાખલા મળી આવે છે તેનું કારણ એજ છે. જો સંકોચ રેહેતો હોય તો સુજનના સમાગમનો આગ્રહ રાખશો એટલે તે કલ્યાણના સાધનરૂપ થશે. ઇંદ્રિય અને વિષયને જુદાં પાડી દઇને દૃષ્ટિથી દેખાતું અસંગપણું સેહેલ છે પણ તેમ નહિ કરીને મનનું અસંગપણું સેહેલું નથી. માટે પ્રયત્ન કરો તો તેનેમાટે કરો અને એમ કરીને સત્સમાગમ રાખો. એનેમાટે અમે રાજી છીયે. વિકારોની પ્રબળતા તમે આજ નવી નથી દેખાડતા. અનાદિથી તે ચાલી આવે છે એટલે તેથી તમને કાંઈ દોષ નથી. એનો એવો સ્વભાવજ છે. દૃષ્ટિથી દૂર થયેલી વસ્તુને પ્રસંગમાં દેખાડે છે અને દૃષ્ટિમર્યાદામાં રહેલી વસ્તુને અપ્રસંગરૂપ કરે છે. મન-ઇંદ્રિયોના સ્વાભાવિક તેવા વલણને લીધે તેમ થાય છે તેને માટે પેહેલાંથી એ ડોળણમાં નહિ પડતાં નિરાગ્રહ રહી સંગની અને તેના ત્યાગની વાતને વેગળી રાખો જેથી અસંગ બનતાં પ્રસંગી થઇ જવા જેવું થાય નહિ. તમારી તેવી સ્થિતિ અને અવસ્થા હોત તો અમે તમારા વિચારથી વિપરીત થાત નહિ. પરંતુ હમણા તેવો સમય નથી માટે અમે કહિયે છિયે તેજ વાત યોગ્ય છે. આ દેખીતો પ્રસંગ સમજણ હોય તેને પરમસુખની પ્રાપ્તિનું અંતરંગ સાધન થઈ પડે છે. માત્ર ઈશ્વરકૃપા અને ઉત્તમ યોજનાનીજ તેમાં આવશ્યકતા છે. ધારેલે સ્થળે પોચવાનો એક માર્ગ ઝાડ-પાણીવાળો હોઇને કાંઇક લાંબો હોય અને બીજો માર્ગ ઝાડ-પાણી વગરનો હોઇને કાંઇક ટુંકો હોય તો સમજુ માણસ ઝાડ પાણીવાળો માર્ગજ ગ્રહણ કરવામાં યોગ્યતા સમજે. મનનો ધર્મ એવો છે કે જેવી કલ્પના કરે તેવી કલ્પનારૂપ પોતે બની જાય છે. પ્રસંગ કલ્પે તો પ્રસંગ રૂપ થાય અને નિઃસંગ કલ્પે તો નિસંગ થાય. માટે એને કલ્પના કરવાનો અવકાશજ નહિ આપતાં વ્યવહાર જેવો હોય તેવો રેહેવા દઇ સત્સંગમાં જોડવામાંજ સારૂં ફળ છે. આ મે છોડી દીધું, આ મેં ગ્રહણ કર્યું. એવા અભિનિવેશથી તો ઉલટો અનર્થ થાય છે. જો તમે સર્વાત્મભાવને સમજશો તો તમારો આ આગ્રહ એનીમેળે છુટી જશે. **बुद्धेः फलमनाग्रहः ।** [અનાગ્ર એ બુદ્ધિનું ફલ છે] એ વાત ક્યાં તમારાથી અજાણી છે.

અવસ્થાના સબંધમા તમે જે કલ્પના કરોછો તે ખરીજ છે એવો કાઇ નિયમ નથી જો વિચારવા બેસશો તો જેને તમે નવી અવસ્થા જાણતા હો તે અવસ્થા પણ કાલના બળની આગલ નવી છેજ નહિ કાલની આગળ નવુ જુનુ બધુ સરખુ છે આયુષ્યની ક્ષણભગુરતા છે ત્યા પછી નવી જુની એક્યની કલ્પના તે કલ્પનામાત્રજ છે તમે ૫૦ વર્ષની આયુષ્યની અવધી બાની ને નિશ્ચિત નથી તમને પોણોસો વર્ષના માણસો વ્યવહાર કરતા દેખાડીયે તો પછી કેમ? આટલામાટે વ્યવહારમા તો લાબી આશાએજ ચાલવાની જરૂર છે, કેમકે તેમ ન હોય તો પાચ પદર વર્ષની અવસ્થા પણ ક્ષણભગુરતાતેલીધે વિશ્વાસ રાખી વ્યવહાર કરવા યોગ્ય રહેજ નહિ આગળ લખાઇ ગયુ છે તોપણ લખવુ પડેછે કે જે અવસ્થા હમણા ચાલેછે તે નવી અવસ્થાને ઉલ્લઘન કરીને ગઇ નથી જુના વખતમા તો ગૃહસ્થાશ્રમનો સમયજ આટલી અવસ્થાએ મનાતો અને તે પ્રમાણે હવેની અવસ્થા છે તેજ તે આશ્રમને યોગ્ય થઇ છે વનનેમાટે સતતીની જરૂર સમજવી એ ભૂલ છે સતતીની જરૂર પરપરાની ચાલતી રૂઢી પ્રમાણે પોતાના સુખમાટે અને પિતૃના ઋણમાથી મુક્ત થવા માટે છે માટે વન હોય તોજ ગૃહસ્થ થવાય એવો કાઇ નિયમ નથી જગતનુ બધારણ અને મમત્વનો મહિમા જોતા નિર્વન કે સવન સ્થિતિમા ઔરસ પ્રજા જે સતોષ અને સુખ આપેછે તે બીજી રીતે આવતુજ નથી તમારા જેવા વૈરાગીને કદી તેમ ન હોયઅને પૈસા હોય તો તેની વ્યવસ્થા કરનાર ગોતવા જવા પડે તેમ ન હોય તે ખુશીની વાત, પરતુ તમારા અતકરણના સદ્ભાવરૂપ ધન બીજાઓના લાભમાટે અહી રાખી જવામાટે ઔરસ પ્રજાની બહુ આવશ્યકતા છે માટે જો અનાયાસે થાય તેમ હોય તો તમારે તેમા વિરોધ કરવો યોગ્ય નથી જગતની રીત પ્રમાણે પૂછતા હો તો તો આગળથી નખ વેગળા તેટલા વેગળાજ કહેવાય, માટે પોતાનાની જરૂર છે તમારે તેવો ભેદ ન હોય તો તે વાત ખુશી થવા જેવી છે પણ એમ હોય તો પછી બીજા ભેદપણુ પડ્યા મેની નિરાગ્રહ થવુ જોઇએ અમે સસારમા હોવાથી પોતાનુ પારકુ એના ભેદવાળા છિયે, તોજ તમે સસારમા હોવાથી તમને પણ તે ભેદ રહે એવી ઇચ્છા રાખીએ છિયે તમારે તે ભેદ ન રાખવો હોય તો તેનેમાટે ઉપરની ક્રિયાના કરતા મનનો નિશ્ચયજ વધારે વખાણવા યોગ્ય છે નિર્વન સ્થિતિમા પ્રજાજ વન છે માટે